# ભાવે દીજે દાન

(દાન ધર્મનું માહાત્મ્ય દર્શાવતી કથાઓ)

- ડૉ. ભાનુબેન શાહ (સત્રા)

# ભાવે દીજે દાન

## (દાન ધર્મનું માહાત્મ્ય દર્શાવતી કથાઓ)


સંશોધક અને સંપાદક

**શ્રીમતી ડૉ. ભાનુબેન શાહ (સત્રા)**



: પ્રકાશક :

જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ

C/o. જયંતિલાલ વીરજી શાહ

૪૦૨, ૪થે માળે, ઑરબીટ હાઈટસ્, એનેક્સ-૧,

તારદેવ રોડ,નાનાચોક, ગ્રાંટરોડ(પ.), મુંબઈ - ૪૦૦ ૦૦૭.

સંપર્ક : ૦૨૨ - ૨૩૮૭૫૦૭૬

# BHAVE DIJE DAN

**(Dan Dharmanu Mahatmya Darshavti Kathao))**

卐


**Dr. Bhanuben Jayantilal Shah (Satra)**



પ્રકાશક

卐

જૈન સાહિત્ય પ્રકાશક સમિતિ

C/o. જયંતિલાલ વીરજી શાહ

ગ્રાંટરોડ(પ.), મુંબઈ - ૪૦૦ ૦૦૭.

સંપર્ક : ૯૮૯૨૪૨૨૫૩૫

: પ્રથમ આવૃત્તિ :

૧૮ ફેબ્રુઆરી, ૨૦૧૭.

પ્રત : ૫૦ (જ્ઞાન પ્રચારાર્થે)

મુદ્રક

**Apsara Copy Center**
22, Hamam Street, Raja bahadur
Comp., Opp. B.S.E Post Off.,
Mumbai - 01.
Tel.: 022 - 22666468 / 22657445

**Jumbo Xerox**
B9A, Vertex Vikas Shopping
Centre, Amdheri Kurla Road,
Andheri (E), Mumbai - 69.
Tel.: 022-26846050/5050

# અર્પણમ્... સમર્પણમ્...

મારી
શ્રદ્ધાના કેન્દ્રબિંદુ,
સત્યમાર્ગના રાહબર,
વિદ્યાપ્રેમી અજરામર સંપ્રદાયના શાસનોદ્ધારક
યુગપ્રધાન આચાર્ય ભગવંત
પ.પૂ. અજરામરજી સ્વામી તથા
એમનીપાવન પટ્ટ પરમ્પરાના પ્રભાવક,
અમારી આસ્થાના આધાર સ્તંભ
હર સમયના પ્રેરણાદાતા,
સત્રા પરિવારના સપૂત ગુલાબ-વીર સમુદાયના
લાડીલા સંત પૂજ્ય ગીતાર્થ
ગુરુદેવ નવલચંદ્રજી સ્વામીજીની પુનીત સ્મૃતિમાં
સશ્રદ્ધા - સભક્તિ સમર્પિત
વિનયાવનત
- ભાનુ શાહ

# પ્રેરણાદાયી



લીંબડી અજરામર સંપ્રદાયના સાધ્વી રત્ન
પ.પૂ. ઝરણાબાઈ મહાસતીજી

|| તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ||

**શાસન પ્રભાવિકા લઘુ ભગિની પ.પૂ. સાધ્વી શ્રી ઝરણા કુમારીજી મહાસતીજીના આશીર્વચન**

શાસનપિતા શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં ગણધર ભગવંતોએ સુયગડાંગસૂત્રના **।६:। वीरत्थुई** નામના અધ્યયનમાં અભયદાનનો મહિમા બતાવતાં કહ્યું છે કે **'दाणाणं सेट्ठं अभयप्पयाणं'** દાનોમાં શ્રેષ્ઠ અભયદાન છે... તે જ રીતે સુખવિપાક સૂત્રમાં સુપાત્રદાનનો મહિમા બતાવતાં સુબાહુકુમારનું વર્ણન કરવામાં આવ્યું છે... ઠાણાંગ સૂત્રમાં અનુકંપાદાન આદિ દસ પ્રકારના દાન બતાવ્યા છે... ઈત્યાદિ અનેક શાસ્ત્રમાં વિવિધ પ્રકારના દાનનો અનુપમ મહિમા બતાવેલ છે... ધન્ના સાર્થવાહમાંથી જો ભ. ઋષભદેવ બન્યા હોય તો દાનના પ્રતાપે... નયસાર સુથારમાંથી જો ભ. ભગવાન મહાવીર બન્યા હોય તો દાનના પ્રતાપે...

આવા મહિમાવંત દાનધર્મનું વર્ણન જે અનેક શાસ્ત્રમાં ભ.મ.સ્વામીએ ફરમાવેલ છે. તે સર્વ સંકલિત કરીને તથા ભ.મ. સ્વામીના આગમવચનોને પુષ્ટિ કરતા એવા અનેક ગ્રંથોમાંથી દાનધર્મનું માહાત્મ્ય તારવીને ડૉ. ભાનુબેન જયંતિલાલ વીરજી સત્રાએ **'ભાવે દીજે દાન'** એ પુસ્તકનું જે સંપાદન કર્યું છે તે ખરેખર અનુમોદનીય છે... ડૉ. ભાનુબેન સત્રાનો આ પ્રયાસ જરૂરથી પ્રશંસનીય બની રહેશે... કેમ કે...

**'अन्नदानं परं दानं, विद्यादानं ततोऽधिन्नं ।**
**अन्नेन क्षणिका तृप्तिर्विद्यया जीवितेन वा ।।'**

અન્નદાન એ શ્રેષ્ઠદાન છે પણ વિદ્યાદાન એનાથી પણ શ્રેષ્ઠ છે. કેમકે અન્નથી ક્ષણિક તૃપ્તિ મળે છે જ્યારે વિદ્યાથી તો જીવનપર્યંત સંતુષ્ટિનો અનુભવ થાય છે...

એવા જ્ઞાનનું દાન જે ભાનુબેન સત્રાએ **'ભાવે દીજે દાન'** પુસ્તક દ્વારા જ્ઞાનપ્રેમીઓને આપ્યું છે તે પુસ્તક વાંચકોમાં ખરેખર લોકપ્રિય બની જ રહેશે... તેવી ચોક્કસ શ્રદ્ધા છે.

ડૉ. શ્રીમતી ભાનુબેન સત્રા પોતાની આવી આગવી લેખનકળા દ્વારા હજુ વિશેષ ને વિશેષ આ શ્રેત્રમાં આગળ વધતાં રહે તથા તેમની આ લેખન યાત્રા સ્વને તથા પરને લોકાગ્ર સુધી પહોંચવામાં તથા સિદ્ધક્ષેત્રે સ્થિત થવામાં સહાયક બને...

એ જ લઘુભગિની પ.પૂ. સાધ્વીશ્રી ઝરણાકુમારીજી વતીથી શુભ-મંગલ આશીર્વાદ.

**- પ.પૂ. સાધ્વીશ્રી ઝરણાકુમારી મ.સ.**

|| તસ્મૈ શ્રી ગુરુવે નમઃ ||

**ધર્માનુરાગી જ્ઞાનપિપાસુ ડૉ. ભાનુબહેન**

તમારા દ્વારા સંશોધિત **'ભાવે દીજે દાન'** ગ્રંથનું અવલોકન કર્યું. જૈન સાહિત્યમાં દાનની જે જે કથાઓ છે તેનું સારી રીતે સંશોધન કરીને જાહેર જનતા સમક્ષ મૂકી દાનનો મહિમા ખૂબ જ વધાર્યો છે. તમારા પુરુષાર્થની અનુમોદના.

અનંતા તીર્થંકર ભગવંતોએ દીક્ષા લેતાં પહેલાં એક વર્ષ સુધી દાન આપીને જગતને દાનનો મહિમા બતાવેલ છે. દાનથી આપનાર તથા લેનાર બન્નેનું કલ્યાણ થાય છે. તેથી દાનનો

પ્રથમ નંબર છે. શીલ, તપ, ભાવથી એના આરાધકનું કલ્યાણ થાય છે પરંતુ દાન ઉભય કલ્યાણક છે.

આપણા શાસ્ત્રોમાં અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, અનુકંપાદાન આદિ અનેક પ્રકારના દાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે.

તમે Ph.D. થયા પછી ઘણાં વિષયોમાં સંશોધન કરી તમારા જ્ઞાનને વિસ્તારી રહ્યા છો. તથા સમ્યગ્જ્ઞાનની આરાધનામાં પ્રગતિ કરી રહ્યા છો તે બદ્દલ હાર્દિક અભિનંદન.

આવી જ રીતે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર માટે સમ્યક્પુરુષાર્થ કરતા રહો એ જ શુભ ભાવના સાથે હાર્દિક શુભાશીર્વાદ.

**(૨૫.૦૨.૨૦૧૭, શનિવાર)** **- આચાર્ય શ્રી પ્રકાશચંદ્રજી સ્વામી**

## દાને દીનતા દૂર હો...

એકવાર સાગરે સરિતાને પૂછ્યું, ''પાણી તો તારી પાસે પણ છે અને મારી પાસે પણ છે. છતાં તારુ પાણી મધુરું છે પણ મારુ પાણી ખારૂં શા માટે ?''

સરિતાએ અદ્‌ભુત જવાબ આપ્યો, ''સાચી વાત છે, પાણી બંને પાસે છે. પણ હું સતત તેનું દાન કરતી રહું છું એટલે મારું પાણી મધુરૂં છે, જ્યારે તું સતત પાણીનો સંગ્રહ કરે છે માટે તારું પાણી ખારૂં છે.''

અનુપ્રાસના શબ્દોમાં સરિતાની વાતને કહેવી હોય તો કહી શકાય કે જે દાન કરતો જ રહે છે, તેને દીન બનવાનાં દિવસો ક્યારેય આવતાં નથી. એટલે જ આપણા ચતુર્વિધ ધર્મમાં 'દાન' ધર્મને પ્રાથમ્ય આપેલું છે. તે પછી શીલ-તપ-ભાવ ધર્મ આવે છે.

**'ભાવે દીજે દાન'** એ દાનધર્મની મહત્તાને પ્રસારિત કરતું અદ્‌ભુત સંકલન છે. ડૉ. ભાનુબેન સત્રાએ પ્રસ્તુત સંકલન માટે જે પરિશ્રમ કર્યો છે તે ખરેખર સરાહનીય છે.

અત્યારના વિષમ કલિકાળમાં મોબાઈલ અને ઈન્ટરનેટનાં યુગમાં પુસ્તક વાંચવા માટે પણ સમય આજના માનવો પાસે નથી ત્યારે આવા અદ્‌ભુત કાર્યની અપેક્ષા જ ક્યાંથી રખાય ? છતાં ભાનુબેન સત્રાનો ઘણાં વર્ષોથી પરિચય છે. આવા અદ્‌ભુત કાર્યો દ્વારા તેઓ શાસન સેવા અને સાહિત્ય સેવા સતત કરતાં જ રહેતા હોય છે. એ જોઈ અંતરમાં અનુપમ આનંદ થતો હોય છે. બસ,

'ભાવે દીજે દાન'નાં મંગલ પ્રકાશન અવસરે અંતરથી તેમને આશીર્વાદ આપવાનું મન થાય છે કે આવા અનુપમ અલૌકિક કાર્યો દ્વારા તેઓ સતત શાસન સેવા કરતાં જ રહે અને ભગવાને તેમને જે અખૂટ શક્તિ આપી છે તેનો નિરંતર સદુપયોગ થતો રહે.

**મ.વ. ૧૪-૭૩** **કલિકુંડ તીર્થ - આ. રાજેન્દ્ર સૂરી મ.સ. નાં**

**કલિકુંડ તીર્થ** **સા. વિરાગરસાશ્રીજી,**

**સા. ધૈર્યરસાશ્રીજી**

## દાનભાવનાને ઉજાગર કરતો ગૌરવગ્રંથ

ઉપનિષદમાં એક પ્રસંગ છે. એકવાર દેવ, અસુરો અને મનુષ્યોએ બ્રહ્માને કહ્યું, ''અમને કર્તવ્યનું જ્ઞાન આપો.'' બ્રહ્માએ 'દ દ દ'નો ધ્વનિ કર્યો. દેવતાઓ તેનો અર્થ સમજ્યાકે, 'ઈન્દ્રિયોનું દમન કરો.' અસુરોએ એનો અર્થ કર્યો કે, 'જીવો પર દયા કરો.' મનુષ્યોએ બોધ પ્રાપ્ત કર્યો કે, 'દાન કરો..' અને એ પ્રતિબોધને માનવોએ આચરણમાં મૂક્યો.

જે એક હાથે દાન આપે છે તે બન્ને હાથે મેળવી શકે છે. દાનથી સમૃદ્ધિમાં ગુણકની ગતિએ વૃદ્ધિ થાય છે. દાન પ્રતિષ્ઠા કે અહંકારની તૃપ્તિ માટે નહિ પરંતુ દાનથી કરુણા, સ્નેહ, સેવા અને બંધુત્વ જેવી પવિત્ર ભાવનાનો વિકાસ થાય છે. દિવ્યતાની જાગૃતિ સાથે ઈશ્વરીય આનંદની અનુભૂતિ થાય છે. માટે જ જગતના દરેક ધર્મ કે દર્શન કે સંપ્રદાયમાં દાનભાવનાનું મહત્ત્વ છે. પરંતુ જ્યાં આવી શ્રદ્ધા નથી તેવા સમાજમાં પણ દાનની પરંપરાને ઉપયોગી ગણીને કહ્યું છે કે, ''મંદિરમાં પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં દાન દેવા માટે ઉઠેલો એક હાથ પણ વધુ મહત્ત્વનો છે.''

**'ભાવે દીજે દાન'**માં ડૉ. ભાનુબેન સત્રાએ દાનભાવનાને પ્રત્યેક પાસાનું સુપેરે વિશ્લેષણ અને વિવેચન કર્યું છે.

જૈન દર્શનમાં વિદ્વાન ડૉ. ભાનુબેન શાહ (સત્રા)એ શ્રાવક કવિ ઋષભદાસના **'સમકિત સાર'** રાસપર સંશોધન કરી Ph.D. કરેલ છે. તેઓને હસ્તપ્રત સંશોધન કાર્યમાં ખૂબ જ રસ છે. વિવિધ ગ્રંથભંડારોમાં જઈ ત્યાં સચવાઈ રહેલ હસ્તપ્રતો, જૂની ગુજરાતીમાં લખાયેલ કૃતિઓ, મધ્યકાલીન મારુ ગુર્જર સાહિત્યની કૃતિઓનું અધ્યયન કરી સંશોધન કરે છે. તેમણે જૈન સાહિત્ય સંમેલનો, જૈન સાહિત્ય જ્ઞાનસત્રોમાં આવી સંશોધિક કૃતિના સફળ શોધપત્રો પ્રસ્તુત કર્યા છે. ઉપરાંત જ્ઞાનસત્રોના ગ્રંથો અને પ્રતિષ્ઠિત સામાયિકોમાં તેમણે સંશોધન કરેલી કૃતિઓ પ્રકાશિત થાય છે. તેઓના સંશોધિત ગ્રંથો પ્રગટ થયા છે.

આપણે ત્યાં શાસન સંચાલન, સમાજજીવન અને પુણ્યોપાર્જન માટે દાનને એક અગત્યનું અંગ ગણવામાં આવેલ છે. દાન, શિયળ, તપ અને ભાવધર્મના આ ચાર સ્થંભોમાં પ્રથમ દાનનું મહત્ત્વ સ્વીકારાયેલું જ છે.

પ્રસ્તુત ગ્રંથમાં જૈન ધર્મમાં દાનનું મહત્ત્વ, જિનાગમમાં દાનભાવના, દાનનું સ્વરૂપ અને કથાનકો, સુપાત્ર દાનની કથાઓ, અભયદાન અને અનુકંપાદાની કથાઓ, જ્ઞાન દાનની કથાઓ - કીર્તિદાનની કથાઓ, ઉચિત દાનની કથાઓનું વિવિધ પ્રકરણમાં વર્ગીકરણ કરી અભ્યાસુઓ માટે સ્વાધ્યાય સરળતાનો માર્ગ કંડારી દીધો છે.

પ્રકરણમાં જૈન કથાનુયોગની આગમો અને આગમેત્તર ૨૭૫ કરતાં વધુ કથાઓ દ્વારા દાનના સ્વરૂપને અદ્‌ભુત રીતે સ્ફૂટ કરે છે.

કાશ્મિર શ્રેષ્ઠી સુગંધ ભંડારીની કથામાં એક કઠિયારા દ્વારા થયેલા પરિશ્રમ પછીના ઉત્કૃષ્ટ દાનથી શ્રેષ્ઠીનું હૃદયપરિવર્તન થાય છે તે વાત હૃદસ્પર્શી છે.

દાન આપ્યા પછી પદાર્થમાં મમત્વને કારણે હાય ! મેં આવી સુંદર વસ્તુ દાનમાં આપી

દીધી તેનો પશ્ચાતાપ કે આર્તધ્યાનનું પરિણામ જીવની કેવી દુર્દશા કરે છે તે વાત '**ઉપદેશ તરંગિણી**'માંથી મમ્મણ શેઠની વાત દ્વારા સરળતાથી સમજાવે છે.

યાચકોને ભિખારીના રૂપમાં નહીં પણ અતિથિના રૂપમાં ગણના કરવી અને મધુર વચન સાથે દાન આપવું તે ભગવાન શ્રી રામચંદ્રજીના દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કર્યું છે.

તપોમાર્ગ આબાલવૃદ્ધ બધા માટે એટલો સરળ નથી. પ્રત્યેક ગૃહસ્થ માટે દરરોજ શીલપાન પણ સરળ નથી, વ્યાપાર, વ્યવસાય, કારખાના, ખેતી વિગેરે આરંભ-સમારંભમાં રહેવાવાળા આપણા માટે શુભ ભાવનું સાતત્ય પણ મુશ્કેલ છે પરંતુ દાન એક એવો માર્ગ છે કે જે સર્વ જનો માટે સરળ અને સુલભ છે. બાળક, યુવાન અને વૃદ્ધ એટલે કે આબાલવૃદ્ધ દાન કરી શકે છે. દાન એક એવો રાજમાર્ગ છે કે જ્યાં માનવી સરળતાથી મંઝિલ સુધી પહોંચવા માટે અવિરત કૂચ કરી શકે છે. તપ, શીલ, ભાવમાં દરરોજ રહેવા માટે ઘણો પુરુષાર્થ કરવો પડે છે પરંતુ દાનભાવમાં દરરોજ સુલભતાથી રહી શકાય છે. દાન અસંખ્ય પાપોનો છેદ કરે છે તો ક્યારેક દાન પ્રાયશ્ચિતનું પાવનકાર્ય પણ કરે છે.

માટે જ દાનને આનંદની પ્રાપ્તિ અને કલ્યાણનું દ્વાર ગણવામાં આવે છે. દાનની એવી પદ્ધતિમાં વિકાસ કરવો જોઈએ કે યાચકને વારંવાર દાન લેવું ન પડે.

પ્રદેશી રાજા, ભોજ રાજા, નંદા, વીરસેન શેઠ, રત્નચૂડ કુમાર જેવાં રસાળ અને સુંદર દૃષ્ટાંત કથાઓ દ્વારા દાનના વિવિધ સ્વરૂપનું દર્શન કરાવવામાં ડૉ. ભાનુબેન શાહ સફળ રહ્યાં છે.

સુપાત્ર દાનના પ્રકરણમાં સુપાત્ર દાનના વિવિધ કથાનકો સંકલિત થયા છે. ભગવાન ઋષભદેવને શ્રેયાંસકુમાર દ્વારા દેવાયેલા દાનથી સુપાત્ર દાનના યુગના મંડાણ થયા. ૪૦૦ દિવસના ઉપવાસ પછી ઈક્ષુરસના એકસો આઠ ઘડા શ્રેયાંસના ઉત્કૃષ્ટ ભાવથી પ્રભુના કરપાત્ર દ્વારા મુખમાં સમાઈ ગયા અને નિરવદ્ય આહારનો મહિમા જગતમાં સ્થાપિત થયો. વૈશાખ માસની શુક્લ તૃતિયાના દિવસે આપેલું તે દાન અક્ષય થયું તેથી તે પર્વ 'અક્ષય તૃતીયા'ના નામથી આજ સુધી પ્રવર્તે છે. આથી અક્ષય તૃતીયા સુપાત્ર દાનનું સંદેશવાહક પર્વ બન્યું. જાણે શ્રેયાંસકુમારે સુકાતા કલ્પવૃક્ષને અમૃતપાન કરાવી નવપલ્લવિત કરી દીધું. આ કથાનક આપણને સુપાત્ર દાન, સંતોને સૂઝતો આહાર (ગોચરી) વહોરાવવાની પ્રેરણા કરે છે.

સુપાત્ર દાનની અન્ય કથાઓમાં અમરસેન-વયરસેનની કથા, અંબિકા શ્રાવિકાની કથા, પુણિયો શ્રાવક, ભદ્રક શેઠ, ભરત ચક્રવર્તી, રેવતી શ્રાવિકા, સુદર્શન શેઠ, સુભદ્રા, સૌભાગ્યદેવી અને જીનદાસની પ્રેરક કથાઓનું આલેખન થયું છે.

ભગવાને દાન અને દાનવીરને મેઘની ઉપમા આપી છે. મેઘના ચાર પ્રકાર છે. એક ગરજે છે પણ વરસતો નથી. એક વરસે પણ ગરજતો નથી. ત્રીજો ગરજે છે અને વરસે પણ છે અને ચોથો ગરજતો પણ નથી અને વરસતો પણ નથી. આમ મેઘ સમાન મનુષ્યના પણ ચાર પ્રકાર છે. કોઈ દાન વિશે બોલે છે એટલે કે ગર્જે છે, મોટી જાહેરાત કરે છે પણ દાન દેતા નથી. કોઈ દાન દે છે પણ બોલતા નથી. કોઈ બોલે છે અને દાન પણ દે છે અને કેટલાક બોલતા પણ નથી અને દાન દેતા

પણ નથી. ભગવાન મહાવીરે આ કથનથી દાનની ગરિમાને સ્પષ્ટ કરી દીધી છે. ભગવાને **'સૂત્ર કૃતાંગસૂત્ર'**માં અભયદાનને શ્રેષ્ઠ દાન ગણ્યું છે. તેને જીવનદાન પણ કહી શકાય. માટે જ જૈનો જીવદયાને કુળદેવી સ્વરૂપે માને છે. વ્યક્તિ અન્યને અભય દાન દે છે ત્યારે તે સ્વયં પણ અભય બની શકે છે. અહીં મન, વચન કે કાયાથી કોઈ પણ લેશમાત્ર ભય ન પહોંચાડવો. કોઈ ભયભીત થાય તેવું કાર્ય કરનારની અનુમોદના ન કરવી તે ખ્યાલ અભય દાનમાં અભિપ્રેત છે. અનુકંપાભાવ એ જૈન દર્શનની વિશ્વને વિશિષ્ટ દેણ છે.

દાન-ધર્મનું મહત્ત્વ દર્શાવતા આ ગ્રંથમાં વિદ્વાન ડૉ. ભાનુબેને અભયદાન અને અનુકંપા દાનની વાત અનેક કથાઓ દ્વારા કરી છે.

અરિષ્ટનેમિ ને રાજેમતીની કથા, ધર્મરુચિ અણગાર, મેઘકુમાર - સુમેરુ હાથી, મેઘરથ રાજા (ભગવાન શાંતિનાથનો પૂર્વ ભવ), સવચંદ્ર અને સોમચંદ્રની ખાનદાનીના પ્રસંગો અભયદાન - અનુકંપાદાનને ઉજાગર કરે છે.

અહીં નેમિનાથ પ્રભુના લગ્ન પ્રસંગે તે પશુઓને અભયદાન આપે છે તે અને શ્રીમદ્ રાજચંદ્ર ઝવેરાતના વેપારનો સોદો-કોન્ટ્રેક્ટના દસ્તાવેજ ફાડી નાખી રદ્ કરી સામેવાળા વેપારીને ભયમુક્ત કરે છે તે વાતનું અચૂક સ્મરણ થાય.

આત્માનો મૂળ ગુણ જ્ઞાન છે. જૈન દાર્શનિકોએ જ્ઞાનને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. જ્ઞાન એ અંધારામાં પડેલા આત્માને ઓળખવાનો દીવો છે. ડૉ. ભાનુબેને પ્રસ્તુત ગ્રંથમાં જ્ઞાનદાનની ૨૦ કથાઓ દ્વારા આપણને જ્ઞાનદાનનું મહત્ત્વ સમજાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

આભુ સંઘવી, જનક રાજા અને અષ્ટાવક્ર, ભદ્રબાહુસ્વામી, શીલવતી, સિદ્ધસેન દિવાકર અને વૃદ્ધવાદી વિગેરે કથાઓ વાંચતાં જ્ઞાન, જ્ઞાનીઓ, જ્ઞાનના ઉપકરણો પ્રત્યે અહોભાવ જાગ્યા વિના રહેતો નથી.

કીર્તિદાનની કથાઓમાં સર્જકો, કવિઓ અને કલાકારોને બિરદાવવાની ઐતિહાસિક વાતો જાણવા મળે છે.

જ્ઞાનીઓએ કહ્યું છે કે, દાનમાં સંપત્તિના વિસર્જનનો ભાવ જ દાનનું સાફલ્ય છે. શ્રદ્ધા અને ત્યાગની ભાવના દાનક્રિયામાં ભળેલી હોય તો દાન સંપૂર્ણ બને છે.

ઉત્કૃષ્ટ ત્યાગની ભાવના જ દાનનું સાફલ્ય છે. પૂર્વમાં શાલિભદ્રના આત્માએ ભાવતી ખીર ઘણા સમયે મળી હતી તે સાધુને વહોરાવી સુપાત્ર દાન કર્યું તે ઉત્કૃષ્ટ દાનભાવનાનું ઉદાહરણ છે.

અહંત્વ, સ્વત્વ અને સ્વામીત્વના વિસર્જનની ભાવના જ દાનનું સારત્વ છે.

ઉચિત દાનની કથાઓ આ ગૌરવગ્રંથનું વિશિષ્ટ પાસુ છે. અંબડદેવ, વસ્તુપાળ મંત્રી, શ્રેષ્ઠી માધવ, ભીમાશા, ભોજરાજા, સિદ્ધસેન દિવાકર - વિક્રમાદિત્ય અને દાના શેઠની વાતો દાનમાં વિનય, વિવેક અને ભાવની પુષ્ટિ કરે છે.

વિવેકહીન ભોગોપભોગ, ચોરી, લૂંટ, માયા કે છેતરપિંડી વગેરે માર્ગો દ્વારા સંપત્તિનો

નાશ થાય તે પૂર્વે ન્યાયસંપન્ન લક્ષ્મીનો ઉચિત જીવનવ્યવહાર માટે વિવેકપૂર્ણ ઉપયોગ કર્યા પછી, વધે તેનું સુપાત્રે ઉલ્લાસભાવપૂર્વક દાન દઈએ તે તે લક્ષ્મી મહાલક્ષ્મી બને છે. લક્ષ્મીનો ભોગ તેની ભવ્યતાનું પ્રતિનિધિત્વ કરે છે જ્યારે લક્ષ્મીનું દાન તેની દિવ્યતાના દર્શન કરાવે છે.

ડૉ. ભાનુબહેન શાહ (સત્રા) અભ્યાસી સંશોધક છે. અલગ અલગ ગ્રંથાલયો, લાઈબ્રેરી અને ગ્રંથભંડારોમાંથી અલભ્ય ગ્રંથો મેળવી અને વિવિધ સંદર્ભો દ્વારા **'ભાવે દીજે દાન'** ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથ વાચકોમાં દાનભાવનાની પ્રેરક પૃષ્ટિ કરશે જે જિજ્ઞાસુઓ અને વિદ્વાનોને ઉપયોગી થશે. ભવિષ્યમાં આવા મહત્ત્વનાં કાર્યો કરે તેવી શુભ ભાવના.

તેમની શ્રુતભક્તિ અને સમ્પર્ક પુરુષાર્થની આપણે અનુમોદના કરીએ.

**તા. ૧૦/૦૪/૨૦૧૭** **ગુણવંત બરવળિયા**
**સોમવાર (ચૈત્ર સુદ પૂનમ)** **૯૮૨૦૨૧૫૫૪૨**
**gunvant.barvali@gmail.com**

### દાન વિષયક કથાઓનો અમૂલ્ય સંગ્રહ

જિનેશ્વર દેવે પ્રવચનમાં ધર્મના દાન, શીલ, તપ, ભાવ એમ ચાર પ્રકારો દર્શાવ્યા છે. આ ચાર પ્રકારમાં દાન ધર્મ એ પ્રથમ ધર્મ છે. એ અત્યંત સરળ હોવાથી ગૃહસ્થો-શ્રાવકો માટે સરળતાથી આચરી શકાય છે.

દાન ધર્મનો મહિમા દર્શાવતા અનેક કથાનકો જૈન સાહિત્યમાં તેમ જ અન્ય દર્શનના સાહિત્યમાં વ્યાપ્ત છે. પોતાની પાસેની વસ્તુને અન્યની જરૂરિયાત સમજી ઉપકાર બુદ્ધિથી આપવું તેને દાન કહેવાય છે.

શ્રીમતી ભાનુબેહન સત્રા (શાહ) જૈન સંઘમાં સંશોધનરત શ્રાવિકા તરીકે સુખ્યાત છે. તેમની શોધયાત્રાનો પ્રારંભ **'સમ્મતમ્'** (શ્રાવક કવિ ઋષભદાસ કૃત સમકિતસાર રાસ - એક અધ્યયન)થી થયો હતો. ત્યાર બાદ અનેક રાસાઓના વિશાળ કથા ભંડારોમાં ગતિ કરી સંઘને કેટલાક ઉત્તમ પુસ્તકો ભેટ ધર્યા. આ પુસ્તકમાં તેમણે પુનઃ એકવાર એક શોધ પ્રબંધની રીતે અનેક જૈન કથાઓ એકત્રિત કરી છે.

આ જૈન કથાઓની સાથે જ આલેખાયેલી સગાળશા અને ચેલૈયા કુંવરની કથા સુપ્રસિદ્ધ લોકકથા છે. અને તેમાં અપાતું દાન સુપાત્રદાનની કક્ષામાં નથી. આ કૃતિના કર્તા રતનવિજયજીએ લોકપ્રસિદ્ધ કથાનકને જૈન કથાનક તરીકે ગૂંથ્યું છે, એટલી નોંધ વાચકની સ્પષ્ટતા માટે આવશ્યક છે.

કુલ ૫૦૦ થી વધુ પૃષ્ટમાં ફેલાયેલ આ શોધગ્રંથ પ્રથમાનુયોગ - કથાનુયોગનો એક ઉત્તમ ગ્રંથ છે અને સંશોધકના અપ્રતિમ પુરુષાર્થની પ્રતીતિ કરાવે છે. શ્રીમતી ભાનુબહેનને માટે સમ્યગ્દૃષ્ટિ દેવોને પ્રાર્થના છે કે તેઓ શ્રીમતી ભાનુબહેનના પુરુષાર્થમાં સહાયક બને. ભાનુ-બહેનને વિનંતી કે, તેઓ આ પાત્રોની અકારાદિ સૂચિ આપે, જેથી વાચક આ ગ્રંથ રત્નાકરમાંથી જોઈતી કથા મેળવી શકે.

અંતે ૧૪૪૪ ગ્રંથ પ્રણેતા આચાર્ય હરિભદ્રસૂરિએ અષ્ટક પ્રકરણમાં દાન વિશે જે કહ્યું છે તે વાતને આપણા સ્મરણમાં રાખી આપણા જીવનમાં પણ યથાશક્તિ દાનધર્મનું પલાન કરનારા થઈએ.

**'दानं शुभाशयकरं त्येतवाग्रहच्छेद्कारि च।**

**सदभ्युदयसारांग मनुकम्पा प्रसूति च।।'**

**અર્થ :** દાન, દાતા અને યાચક બન્નેમાં શુભાશય ઉત્પન્ન કરે છે. ધનસંપન્ન (શ્રીમંતો)ની ધન પ્રત્યેની મમતા અને અભિમાનને તોડે છે તેમ જ દાન અભ્યુદયની પરંપરાને વધારે છે. ધર્મનું સારભૂત અંગ છે અને હૃદયમાં અનુકંપાને જન્મ આપે છે.

**તા. ૧૪/૨/૨૦૧૭** **ડૉ. અભયકુમાર દોશી**

**શુક્રવાર (આંબેડકર જયંતી)**

# લેખિકા પરિચય

: જન્મભૂમિ :
ભચાઉ (કચ્છ વાગડ)



: જન્મદિન :
૨૫-૪-૧૯૫૮

## શ્રીમતી ભાનુબેન જયંતિલાલ શાહ (સત્રા)

| | |
|---|---|
| સાસુ-સસરા | : શ્રીમતી નાનબાઈ વીરજી વાલજી સત્રા (ભચાઉ-કચ્છ-વાગડ) |
| માતા-પિતા | : શ્રીમતી ડાહીબેન ભારમલ મોમાયા ગાલા (ભચાઉ-કચ્છ-વાગડ) |
| પતિદેવ | : શ્રી જંયતિલાલ વીરજી વાલજી સત્રા |
| પુત્રવધૂ - પુત્ર | : ભારતી હેમેષ સત્રા, હર્ષા અનીષ સત્રા |
| બહેન મહાસતીજી | : સાધ્વી રત્ન પૂ. શ્રી ઝરણાકુમારીજી મહાસતીજી |
| પૌત્ર-પૌત્રી | : દેવાંશ, દશાંગી, આરના |
| અભ્યાસ પ્રારંભ | : ઈ.સ. ૨૦૦૦ - ૨૦૦૫ B.A., M.A. (જૈન વિશ્વભારતી સંસ્થાન યુનિવર્સિટી, લાડનૂં, રાજસ્થાન) |
| ધાર્મિક અભ્યાસ | : સોળ(૧૬) શ્રેણીનો અભ્યાસ, વિવિધ થોકડાઓ. |
| Ph.D. ક્યારે થયા | : ૨૫-૭-૨૦૦૯ (મુંબઈ યુનિવર્સિટી) |
| પ્રથમ ગ્રંથ | : **સમ્મત્તમ્** (કવિ ઋષભદાસ કૃત સમકિતસાર રાસ) |
| સમ્મત્તમ્ ગ્રંથનું વિમોચન | : ૦૨-૦૫-૨૦૧૦, રવિવાર, ભાઈદાસ હોલ, મુંબઈ. |
| દ્વિતીય ગ્રંથ | : **રાસ રસાળ** (કવિ ઋષભદાસ કૃત શ્રેણિક અને અભયકુમાર રાસ) |
| રાસ રસાળ ગ્રંથનું વિમોચન | : ૧૫-૦૮-૨૦૧૧, સોમવાર, અજરામર જન્મ જયંતી અને સ્વાતંત્ર્ય દિન. વલસાડ-ગુજરાત. |
| તૃતીય ગ્રંથ | : **કવિ ઋષભદાસ કૃત રોહિણેય રાસ** (તમસ્‌થી સત્ત્વની યાત્રા) |
| રોહિણેય રાસ ગ્રંથનું વિમોચન | : ૨૨-૦૬-૨૦૧૨, શુક્રવાર, અષાઢ સુદ બીજ, ગ્રંબો (કચ્છ વાગડ, જી-રાપર) |
| ચતુર્થ ગ્રંથ | : **અજાપુત્ર રાસમાળા** (વિધિના લેખની કથા) |
| અજાપુત્ર રાસ સંગ્રહનું વિમોચન | : ૦૩-૦૩-૨૦૧૩, રવિવાર, (વલસાડ) |
| પંચમ ગ્રંથ | : **કયવન્ના રાસમાળા** (દાનનું માહાત્મ્ય) |
| ષષ્ઠમ્ ગ્રંથ | : **ભાવે દીજે દાન** (દાન ધર્મનું માહાત્મ્ય દર્શાવતી કથાઓ) |
| ભાવે દીજે દાનનું વિમોચન | : ૧૮-૦૨-૨૦૧૭, શનીવાર, (વલસાડ) |
| હવે પછી | : જૂની હસ્તપ્રતોના અક્ષરો ઉકેલવાનું કાર્ય ચાલુ છે. ૧. કવિ ઋષભદાસ કૃત સુમિત્ર રાજર્ષિ રાસ |

## સ્વકથ્યમ્

આ અવસર્પિણી કાળના ચોવીસમા તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીનું પાવાપુરીમાં સમવસરણ રચાયું. ભારતવર્ષના દિગ્ગજ, વૈદિક વિદ્વાન ઈન્દ્રભૂતિ ગૌતમ વિજિગીષુ બની પરમાત્માની સમીપમાં આવ્યા. પ્રાણીમાત્રના મનના ભાવોને જાણનારા પરમાત્માએ ઈન્દ્રભૂતિ ગૌતમના અંતઃકરણમાં છુપાયેલો અને ધરબાયેલો સંદેહ છતો કર્યો. પરમાત્માએ સંદેહનું નિવારણ કરવા ગૌતમના અધીત (ભણેલા) વેદ અને ઉપનિષદના વાક્યો દર્શાવી જીવના અસ્તિત્વની સિદ્ધિ કરી. ભગવાને વિષયની વિશેષ છણાવટ કરવા ઉપનિષદની કથા વિદિત કરી.

દેવો, દાનવો અને માનવોએ સ્વયંના કર્તવ્યજ્ઞાન વિષે જિજ્ઞાસા થતાં બ્રહ્મા પાસે જઈ પડપૂછ કરી. "હે જગત્ કર્તા! અમારું કર્તવ્ય શું છે? તેનું યોગ્ય માર્ગદર્શન કરો." બ્રહ્માએ પ્રત્યુત્તરમાં ત્રણવાર 'દ, દ, દ'નો ધ્વનિ ઉચ્ચાર્યો. પ્રત્યેકે તે ધ્વનિ તરાસતાં એનો જુદો જુદો અર્થ ફાળવ્યો. દૈવી સુખોમાં રાચતાં દેવતાઓએ 'ઈન્દ્રિય દમન કરો.' એવો અર્થ કર્યો. આસુરી વિદ્યામાં નિષ્ણાંત દાનવોના ચિત્તમાં ચમત્કાર થયો કે 'જીવો પર દયા (મહેર, અનુકંપા) કરો.' બૌદ્ધિકતાથી પરિવૃત્ત માનવોને એવો બોધ થયો કે 'દાન આપો અર્થાત્ વહેંચીને ખાવ.' હે ગૌતમ! જીવ વિના દમન, દયા કે દાન કોણ કરી શકે?"

ભગવાન મહાવીરે વિવિધ રીતે ગૌતમને નખશિખ જ્ઞાનદાન દ્વારા જીવત્વની સિદ્ધિ કરાવી. પ્રબુદ્ધ ગૌતમનું મસ્તક આપોઆપ ભગવાનના ચરણોમાં ઝૂકી ગયું. સર્વજ્ઞ ભગવંતની દેશનાની જાદુઈ લાકડી ફરી કે બની ગયા પરમ સાધુ! પરમાત્માના અનુગ્રહથી તેમને ગણધરપદનો વિનિયોગ થયો.

આમ, માનવજાતિ માટે દાનના ઉપદેશનું મંગલાચરણ કથાના માધ્યમે ભગવાન મહાવીર દ્વારા થયું. હા, આચરણ રૂપે દાનના શ્રીગણેશ તો પ્રાગ્ ઐતિહાસિક કાળમાં જ મંડાઈ ચૂક્યા હતા. હસ્તિનાપુરના પ્રાંગણમાં રાજવી શ્રેયાંસકુમારના પવિત્ર કરકમળો વડે ચારસો ઉપવાસના મહાતપસ્વી આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીનું ઈક્ષુરસ વડે પારણું થયું. આમ, માનવ સૃષ્ટિમાં સુપાત્રદાનના સંસ્કારનું ઝરણું વહેતું થયું.

'દાન' ફક્ત બે અક્ષરનો ટચુકડો શબ્દ, છતાં અતિમહત્ત્વનો છે. સ્વ અને પરનો અનુગ્રહ કરાવનાર છે. સંવિભાગ, સમવિભાગ, ત્યાગ, ઉદારતા, સેવા જેવા વિવિધ રૂપોમાં કથામૃતમાં પ્રયોજાયેલો છે.

જૈન ધર્મ ત્યાગ પ્રધાન છે. દાન એ પરિગ્રહ ત્યાગરૂપ હોવાથી પર્યાવરણની સુરક્ષારૂપ છે. ચાર પ્રકારના ધર્મમાં દાન આદિ બિંદુ છે. ધર્મનો શુભારંભ દાનથી થાય છે. પ્રત્યેક તીર્થંકર મહાભિનિષ્ક્રમણ પૂર્વે એક વર્ષ પર્યંત શ્રાવક જીવનના મહાકર્તવ્ય રૂપે દાનની મહાગંગા વહાવે છે. આ દાન સંપૂર્ણ માનવજાતિનો આધારભૂત તત્ત્વ છે. ફક્ત માનવ જ નહીં પશુ-પક્ષીનું પણ જીવન તત્ત્વ છે. દાન વિના પ્રાણી સૃષ્ટિની ગતિવિધિ અવરુદ્ધ છે. આમ, દાન એ જીવનનું પરોઢ છે.

દાનની લઢણને વફાદાર રહેનાર લૌકિક અને લોકોત્તર સુખના અનુભવબિંદુનો

સ્વાદ ચાખે છે પરંતુ સબૂર ! તેમાં ભાવની મુખ્ય ભૂમિકા રહેલી છે. શુભ ભાવરૂપી કસોટીની એરણે ચડેલું દાન ઠેઠ મુક્તિપુરી સુધી ખેંચી સિદ્ધિના શિખરો હાંસલ કરાવે છે; તો નિમ્નતા, અભાવતા કે ઉપરછલ્લના ભાવો દાનના ફળને ક્ષત-વિક્ષત કરી નાંખે છે. કપિલાદાસી, મમ્મણ શેઠ (પૂર્વભવ) કે ભીમસેનાના દાનનમાં ઉચાટ, કચવાટ કે રઘવાટ હોવાથી તેઓ ઈતિહાસમાં હાંસિયામાં ધકેલાઈ ગયા. આવી કથાઓ પાઠકોને ઢંઢોળી ઉચ્ચસ્તરે લઈ જવાની પ્રેરણાનું દિશાચિંધણું ઉજાગર કરે છે.

માત્ર દાનનું ગતકડું કરી, ચડસાચડસીમાં આબરુ સચાવવા, મનનો ભાર હળવો કરવા દહેશતપૂર્વક અપાયેલું નાગશ્રી બ્રાહ્મણીનું દાન સુપાત્રને આપેલું હોવા છતાં એ દાન નથી પરંતુ અણછાજતો અભદ્ર વ્યવહાર અને દાનમાં અંચઈ છે. સુપાત્ર મળવા છતાં આ દાન ભાવોની નીચતા અને દ્રવ્યની અશુદ્ધિના કારણે ધોબીપછાડ આપી. અરે ! સંસાર વેલની વૃદ્ધિનું કારણ બન્યું. નાગશ્રીએ સ્વહસ્તે સ્વનું જ અહિત કર્યું !

નંદ મણિયારનું આસક્તિ અને પ્રતિષ્ઠાની કામના પૂર્વકનું દાનનું ઊંબાડિયું તેને તિર્યંચગતિમાં ઢસડીને લઈ ગયું. દાનની પ્રક્રિયા સર્વોત્તમ હોવા છતાં ભાવની ખામીથી દાનનું અલૌકિક ફળ ભરખાઈ ગયું અને ધરમ કરતાં ધાડ પડી !

જૈનો દિવાળી પર્વમાં ત્રણ મહાન વિભૂતિઓને અચૂક યાદ કરે છે. 'ગૌતમસ્વામીની લબ્ધિ હોજો, શાલિભદ્રની સિદ્ધિ હોજો અને કયવન્નાનું સૌભાગ્ય હોજો.' શાલિભદ્ર અને કયવન્ના શેઠ આ વિરલ વિભૂતિઓના પૂર્વભવની કથામાં ઘણું ઐક્ય (સામ્ય) રહેલું છે. તેમાં દૈવી સંસ્કાર (દાન)નો ઉજળો વારસો - પીઠબળ છે.

પૂર્વે (શાલિભદ્રના આત્માએ) આહિર બાળે હીબડે ચડીને મેળવેલી અલભ્ય ખીર એક તપોનિષ્ઠ મુનિરાજને પોતાનો વિચાર કર્યા વિના જ, ઉછળતા ભાવે, માનભેર આપી દીધી. ગુપ્ત દાનની રસવર્ષામાં ભીંજાઈને એવો તરબોળ બની ગયો કે, અંધકારમય ભૂગોળને ભૂંસી સ્વહસ્તે ઉજળા પ્રારબ્ધના લેખ લખ્યા. તેનું નિર્ધનતાનું પોત કાયમને માટે બદલાઈ ગયું! તેની દાનવીરતા લોકહૃદયે અંકાઈ ગઈ. ખરેખર ! જે જળબિંદુ સમુદ્ર થવા સર્જાયું હોય તે છીપલાનું મોતી શા માટે બને ?

તેવીજ રીતે કયવન્ના શેઠના આત્માએ ગત ભવમાં, પેટમાં ખાલીપો ખખડતો હતો, ગરીબાઈએ ભરડો લીધો હતો ત્યારે પોતાની ખીર ખાવાની અદમ્ય ઈચ્છા થતાં હઠ કરી, રડી રડીને પરોપકારી પાડોશણો દ્વારા અપાયેલા પદાર્થોમાંથી સદ્‌નસીબે ખીર સાંપડી તો ખરી; છતાં તેણે એકલપેટા થઈ ખીર ન ખાધી. આવા ટાણે તેનો ઉદ્ધાર કરવા પધારેલા કોઈ તપોનિષ્ઠ મહાત્માને સંવિભાગ કરી ખીર વહોરાવી. ખીર વહોરાવતાં બાળ સહજ સ્વભાવે લગીર સ્વનો વિચાર આવ્યો. પુન: ભાવો ઊંચકાયા. પુન: દાન આપતાં સહેજ અટક્યો. આમ, વિચારસરણીની ત્રુટકતા અને ઠાગાઠૈયામાં અટવાયો, જેના કારણે બીજા ભવમાં રજવાડી સુખો વચ્ચે પણ જીવનમાં કસોકસની સ્થિતિમાં બે વાર ભરવાયો. લોકો છડેચોક તેના સૌભાગ્યની પ્રશંસા થવા લાગી. એ માટે રસિક કથા વાંચવી જ રહી.

જેમ કેલેન્ડરના ડટ્ટામાં નવું વર્ષ ઉગે છે, તેમ એકવાર શુભ ભાવ સહિત સુપાત્રદાનનો સુઅવસર હાથવગો થાય છે તેના જીવનમાં અજન્મા બનાવાનું સોનેરી પ્રભાત ખીલી ઉઠે છે. કવિ **ટેનેસી વિલિયમ્સે** સુંદર પ્રેરણાત્મક વાક્ય કહેલું, **'વહેતાં પાણી નિર્મળા.'** જે પાણી વહે છે એ નિર્મળ રહે છે. સ્થિર થઈ ગયેલું પાણી ખાબોચિયું બની જાય છે; તેમ જે સંપત્તિ સન્માર્ગે વાપરે છે. તે અમર બની જાય છે. અન્યથા લક્ષ્મી ભોગ કે નાશ રૂપ બને છે.

કૂવો એક હોય પરંતુ પનિહારીઓ અનેક હોય, તેમ દાન ધર્મ એક છે પરંતુ ભાવોની તરતમતા અને મનોવૃત્તિના આધારે તેના અનેક પ્રકાર પડે છે. મનુષ્ય જન્મનું ચરમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષસાધક મુનિરાજને અપાયેલું દાન (આહાર-પાણી-વસ્ત્ર-પાત્ર-ઔષધ-મકાન) તેમની સંયમ સાધનામાં બળવત્તરતા લાવે છે. તેમના સદુપદેશથી અનેક જીવો ધર્મના માર્ગે ચડે છે, તેથી સુપાત્રદાન અવ્વલ નંબરે આવે છે. દાનમાં અદ્‌ભુત અને નવતર ભૂષણોનું સૌંદર્ય - માધુર્ય ઉમેરાય છે, તેના ચીલે ચલાય છે ત્યારે પોતાની મહાનતા અને ગહનતા અર્પે છે. દાનની આ પૂર્વ શરત છે.

અભયદાન ભયગ્રસ્ત જીવોના પ્રાણ બચાવી દેનાર, હાસકારો અપાવનાર હોવાથી સર્વોત્તમ છે. ધર્મને ઠેબે ચડાવનારને જ્ઞાનામૃતના વારિ પીવડાવી ધર્મમાં સ્થિર કરવા તેમજ અધર્મીઓની ચેતનાનો બુઝાયેલો દીપક પ્રગટાવવામાં જ્ઞાનદાન ઘી પૂરવાનું કાર્ય કરતું હોવાથી જ્ઞાનદાન ઉત્તમ છે. પોતાના આશ્રિતોની કદરદાની અને રખેવાળી દ્વારા તેમનું દળદર ફીટી સમાજમાં મોભેદાર બનાવવા અપાતું ઉચિત દાન પણ યોગ્ય છે. કીર્તિદાન એ નામના-યશ-પ્રતિષ્ઠાપૂર્વક અપાતું હોવાથી ભલે નિમ્ન કોટિનું ગણાય પરંતુ એકાંત વખોડવાલાયક નથી. આવા દાનના ક્લેવરમાંથી પણ પ્રેરણાના પિયુષ પીને કોઈ હળુકર્મી આત્મામાં દાનની સરવાણીના ઝરણાં ફૂટી નીકળે છે.

જૈન કથાઓ એટલે સદ્‌કાર્યોની સ્મૃતિખાણ! 'ભાવે દીજે દાન' આ કથાનુયોગને અનુસરતા ગ્રંથમાં આગમ અને આગમેત્તર ગ્રંથોની દાન વિષયક ઉપદેશ પ્રધાન કથાઓનું સંકલન થયું છે. આ ગ્રંથમાં કથાનુયોગના પરબ સમાન શ્વેતાંબર અને દિગંબર પરંપરાના ગ્રંથોની હાથવગી થઈ એટલી કથાઓ નોંધી છે. સંભવ છે કે હજી ઘણી કથાઓનો સ્પર્શ ન પણ થયો હોય. દાન ધર્મની મહત્તા દર્શાવવા તેમજ સમયની સરકતી રેતીમાં કાળક્રમે ભૌતિક અને મનોરંજન તરફ ઢળતા લોકપ્રવાહના આપખુદી વલણ અને દાન પ્રત્યે ઉપેક્ષા સેવનારા માટે આ કથાઓ એક દિશાચિંધણું છે. હડફ દઈને દાન આપનારા આપણા પૂર્વજોનો અમૂલ્ય વારસો આ કથાઓમાં મોજૂદ છે. એમની ખમીરી, ખંત અને ખેલદિલી ઉડીને આંખે વળગે છે. આ કથાઓ ફક્ત માહિતી કે તાલિમ જ આપતી નથી પરંતુ સર્જનાત્મક મનને ખીલવે છે; ઉદાત્ત વર્તનની અહલેક જગાવે છે.

પ્રસ્તુત ગ્રંથની કથાઓનું ગુરુત્વ કેન્દ્રબિંદુ દાન સાથે ભાવધર્મ છે. પ્રસ્તુત કથાઓનું મનોમંથન કરતાં નવનીત પ્રાપ્ત થાય છે કે, માનવીની ગરિમા કે ગર્તા તેના ભાવોની ઉદાત્તતા કે અધમતા પર નિર્ભર કરે છે. આ કથાઓમાં જનમાનસના ભાવોનો એક્સ-રે બરાબર ઝીલાયો છે. દાનની ભાવનાત્મક તડપ જ દાનની તાજગી અને પ્રાગટય ફળ પ્રાપ્ત કરાવે છે. મોક્ષસુધીની મહાયાત્રામાં સુવિધા આપવામાં જવાબદાર ખેરાતરૂપ આ દાન છે. આમ, દાન એ પરમ મંગલ છે.

આ ગ્રંથના અવતરણ સુધીમાં એકાવતારી યુગપુરુષ પ.પૂ. શ્રી અજરામરજી સ્વામી તથા પ.પૂ. ગીતાર્થ ગુરુદેવ નવલસ્વામીના અનરાધાર આશીર્વાદ અને મારા હિતચિંતક પ.પૂ. ઝરણાકુમારીજી તથા પ.પૂ. સંસ્કૃતિકુમારીજી સ્વામીના શુભાશિષથી કાર્ય હેમખેમ રીતે પરિપૂર્ણ થયું છે.

પ. પૂ. આ. શ્રી રાજેન્દ્રસૂરિજીના સમુદાયના સાધ્વીરત્ન પૂ. શ્રી વિરાગરસાશ્રીજી તથા પૂ. શ્રી ધૈર્યરસાશ્રીજી, જેઓ અનેક કથાઓને મેળવી આપી અવસરે અવસરે પથદર્શક બની વિશેષ સહયોગી બન્યા છે.

વિદ્વાન સાહિત્યકાર ડૉ. કવિનભાઈ શાહે કથા સાહિત્યની વિવિધ માહિતી મોકલી આપી શોધયાત્રાના કાર્યમાં સુંદર સહયોગ આપી કાર્યને વધુ સરળ બનાવ્યો છે.

આચાર્ય શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર (કોબા)ના દિલાવરભાઈ, મનોજભાઈ તથા શ્રી આશાપુરણ જ્ઞાનભંડારના સુશ્રાવક શ્રીયુત બાબુભાઈ સરેમલજી શાહે (બેડા-અમદાવાદ) ઉપયોગી ગ્રંથો તરત જ મોકલી શોધયાત્રાનો વેગ વધાર્યો છે. આ ઉપરાંત ગોવાલિયા ટેંક (ગ્રાંટ રોડ) ગ્રંથાલય, મલાડ (ઈસ્ટ-વેસ્ટના) ગ્રંથાલયના સાધર્મિક ભાઈઓએ ઉદારતાપૂર્વક રાસકૃતિઓ આપી અભ્યાસની સુવિધા કરી આપી છે.

પ્રસ્તુત ગ્રંથને અક્ષરદેહ આપી સુંદર રીતે સજાવનાર ખિલેન દામજી સત્રા જેમના સહયોગથી અઢળક મુદ્રણ કાર્ય અલ્પ સમયમાં પૂર્ણ કર્યું છે.

શ્રીમતી પ્રીતિ રાજેશ ગાલા, શ્રીમાન રતનશીભાઈ બોરીચા, શ્રીમતી મંજુલાબેન વસનજી દેઢિયા અને જીજ્ઞાબેને (અમદાવાદ) પુસ્તકો મેળવવામાં જહેમત ઉઠાવી ખૂબ સુવિધા કરી આપી છે. આ ઉપરાંત મેઘજીભાઈ નીસર અને નવીનભાઈ નીસરે મુદ્રણ કાર્યમાં સહયોગ કર્યો છે.

ઉપર્યુક્ત સર્વના સધિયારાથી આ પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે. હું તે સર્વની સદા ઋણી રહીશ.

આ ગ્રંથની જ્ઞાન યાત્રામાં વિહાર કરતાં જે ત્રુટિઓ દેખાય તે મારી મંદ મતિનો જ દોષ સમજી વિદ્વાનોને તેનું પરિમાર્જન કરવા વિનમ્ર વિનંતી છે.

ગ્રંથની ઉપાદેયતામાં આશીર્વાદના ઉપહાર મોકલાવનાર સર્વ મહાનુભાવોને માટે હું ધન્યતાની લાગણી અનુભવું છું.

આ ગ્રંથનું અધ્યયન ભવ્યજીવોમાં સત્ત્વ પેદા કરાવી શિવસુખ પ્રાપ્ત કરાવે તેવી શુભેચ્છા.

**તા. ૧૫/૩/૨૦૧૭** **લી. ભાનુબેન શાહ (સત્રા)**
**સોમવાર** **(નાનાચોક - મુંબઈ)**

# -: અનુક્રમણિકા :-

**પ્રકરણ ૧ : જૈન ધર્મમાં દાનનું માહાત્મ્ય**

ભૂમિકા (૧), ધર્મની વ્યાખ્યા (૧), ધર્મનું સ્વરૂપ (૧), દાનની વ્યાખ્યા (૨), દાનનું સ્વરૂપ (3), આગમમાં દાનનું માહાત્મ્ય (૬), વ્યવહારમાં દાનની મહત્તા (૭), દાનનું ફળ (૮), દાનમાં ભાવની મહત્તા (૧૧), દાનના પ્રકાર (૧3), દાનનાં પાંચ ભૂષણ (૧૫), દાનનાં પાંચ દૂષણ (૧૬), પાત્ર-અપાત્ર (૧૬), દાનના પ્રકાર (૧૯), દાન ધર્મ ગ્રંથનો સંક્ષિપ્ત પરિચય (૨૫)

**પ્રકરણ ૨ - દાનનું સ્વરૂપ દર્શાવતી કથાઓ**

અમોઘરેખા - ઋષિદત્તા (૨૬), અમ્બુચીચ નૃપ (૨૭), અષાઢાભૂતિ (૨૭), ઈશ્વર - પાર્વતી (૩૧), ઉદાયનમંત્રી (૩૨), કપિલા દાસી - શ્રેણિક (૩૨), કર્ણક દ્વીજ (૩૩), કર્ણ - યુદ્ધિષ્ઠિર (૩૪), કર્ણ - યુધિષ્ઠિર (૩૫), કાશ્મીર શ્રેષ્ઠી અને કઠિયારો (૩૫), કાષ્ટક શેઠ (૩૬), કુમારપાળ - અભયકુમાર શ્રેષ્ઠી (૩૯), કુરંગ (૪૦), ગલંતકોઢારજ્જા (૪૨), ગુણસેન અને અગ્નિશર્મા (૪૩), ચિત્રકૂટોત્પત્તિ (૪૫), ચિલાતીપુત્ર (પૂર્વભવ - યજ્ઞદેવ)(૪૬), ચુલ્લશતક શ્રાવક (૪૬), છલરાજાની કથા (૪૮), જ્યોતિષી દેવી રણમંજરી (૪૮), જિનદત્ત (૪૯), ઢંઢણ મુનિ (૫૦), દશ પ્રકારના દાન (૫૧), દાનશીલ વિમલ શ્રેષ્ઠી (૫૧), દ્વિજ દંપતી (૫૪), દુર્ગંધા (૫૪), ધનદત્ત શેઠ (૫૫), ધનપાળ કવિ (૫૫), ધન શ્રેષ્ઠી - શ્રીમતી (૫૬), ધનિક (૫૮), ધન્ય વણિક (૫૯), ધર્મઘોષ મુનિ (૫૯), નંદા (૬૦), નાગશ્રી-સોમદેવ-સુકુમાલિકા (૬૧), નિર્ધન વણિકની કથા (૬3), પુણ્યસાર (૬3), પુત્રવધૂ (૬૪), પૂરણ તાપસ (૬૫), પ્રદેશી રાજા (૬૫), ભિક્ષુક (૬૬), ભીમ (૬૭), ભીમ વણિક અને વિક્રમાદિત્ય (૬૮), ભોજ રાજા (૬૯), મમ્મણ શેઠ (૬૯), માલી (૭૨), મિગાર શેઠ (૭3), મુધાજીવી (૭3), મૃગાંક ચરિત્ર - હંસપાલ (૭3), યતિક્ષુલ્લક (૭૫), રણ વિક્રમ (રણશૂર) (૭૬), રત્નચૂડ કુમાર (૭૬), રામચંદ્રજી (૮૦), રોહિણી (૮૧), લલિતાંગ કુમાર (૮૪), લક્ષ્મીમતી (૮૬), લુબ્ધદત્ત (૮૭), લુબ્ધક શેઠની કથા (૮૮), વણિક સુત - વણિક સુતા (૯૦), વિશ્વભૂતિ વિપ્ર (૯૦), વિક્રમ વૃત્તમ્ (૯૧), વિક્રમરાજા અને બલિરાજા (૯૨), વિક્રમ રાજા અને સમુદ્રદેવ (૯3), વીર (૯3), વીરસેન શેઠ (૯૪), વૃદ્ધ દંપતી (૯૫), વૃદ્ધ ભોજ (૯૬), વૃદ્ધા (૯૬), વૃષભસેન (૯૬), શુભંકર શ્રેષ્ઠી અને ધર્મદાસ (૯૮), સતી સુલસા (૯૮), સપ્તક્ષેત્રી દાન (૯૯), સંકલ શ્રેષ્ઠી (૧૦૦), સુમિત્ર (૧૦૦), સુમિત્ર શેઠ (૧૦૧), સેવક પરીક્ષા (૧૦૧), સોમનૃપ (૧૦૨), હર્ષવર્ધન (૧૦૨), હળધર રાજવી (૧૦3), હેમચંદ્રાચાર્ય (૧૦૪)

**પ્રકરણ 3 - સુપાત્ર દાનની કથાઓ**

અઈમુત્તા મુનિ (૧૧૨), અક્ષય તૃતીયા - આદિનાથ અને શ્રેયાંકુમાર (૧૧3) અગ્નિલા બ્રાહ્મણી (૧૧૭), અમરસેન વયરસેન (૧૨૦), અમરસેન - વીરસેન અને સુધન શ્રેષ્ઠી (૧૨3),

અનુપમા દેવી (૧૨૬), અંબિકા (૧૨૭), અકૃતપુણ્ય (૧૨૮), આરંભક દ્વીજ (૧૨૯), ઈલાતી પુત્ર (૧૩૦), ઉત્તમ કુમાર (૧૩૩), ઉદો અને લાછી (૧૩૪), કથાચૂડ (૧૩૭), કબૂતર યુગલ (૧૩૭), કર્ણભૂપ અને ચારણ (૧૪૦), કનકરથ નૃપ (૧૪૦), કરિરાજ (૧૪૩), કંસ (૧૪૪), કામકેતુ (૧૪૫), કુમારપાળ (૧૪૬), કુરુક્ષેત્ર બ્રાહ્મણ (૧૪૭), કુરુચંદ્ર (૧૪૭), કુરુચંદ્ર મંત્રીશ્વર (૧૪૮), કુલધ્વજ રાજા (૧૫૦), કુલપુત્ર ઈશ્વર અને મનોરથ શ્રેષ્ઠી (૧૫૨), કોશા ગણિકા (૧૫૨), કૃતપુણ્ય (૧૫૩), કૃતપુણ્ય શેઠ - ગોવાળ પુત્ર (૧૫૫), ક્ષેમંકર મુનિ (૧૬૧), ખરક વૈદ્ય (૧૬૨), ખેમો દેદરાણી (ખેમો હડાલિયા) (૧૬૩), ગિરિસુંદર અને રત્નાકર - વંધ્ય અને શંબર - શ્રીબલ નૃપ (૧૬૫), ઘૃતદાન (૧૭૦), ઘૃતદાન અને ધનસાર્થવાહ (૧૭૧), ચંદનબાળા (૧૭૨), ચંદ્રચૂડ (૧૭૩), ચંદ્ર વ્યવહારી (૧૭૪), ચંપક શ્રેષ્ઠી (૧૭૫), જગતસિંહ સાધુ (૧૭૬), જયંતી શ્રાવિકા (૧૭૬), જિનદત્ત વ્યવહારી (૧૭૭), જિનદાસ (૧૭૭), જિનદાસ (૧૭૮), જીર્ણ શ્રેષ્ઠી - પૂર્ણ શ્રેષ્ઠી (૧૮૨), જીવાનંદ વૈદ્ય અને ભરત - બાહુબલી (૧૮૩), તારાચંદ્ર કૌટુંબિક (૧૮૫), થાવર ચંડાળ - સ્થાવર માતંગ (૧૮૮), દંડવીર્ય (૧૯૦), દાડમિયા શેઠ (૧૯૧), દ્વિપ્રહરક રામ બ્રાહ્મણ (૧૯૩), દેવકી (૧૯૬), દેવદત્ત (પુણ્યપાલનો પૂર્વભવ) (૧૯૭), દેવદત્ત શ્રેષ્ઠી (૧૯૮), દેવશર્મા અને સોમશર્મા (૧૯૯), દોપુલીન્દ્ર / પુલીન્દ્ર (૧૯૯), ધનકુમાર અને ધનવતી (૨૦૦), ધનદેવ અને ધનમિત્ર (૨૦૧), ધનપતિ (૨૦૩), ધન શ્રેષ્ઠી (૨૦૪), ધનસાર વ્યવહારી (૨૦૫), ધનસાર્થવાહ (૨૦૭), ધનસેન (૨૦૯), ધનસેન (૨૧૦), ધન્યમુનિ (૨૧૧), ધન્ય શ્રેષ્ઠી (૨૧૨), ધન્યક - પુણ્યક (૨૧૫), ધન્ના - શાલિભદ્ર (૨૧૬), ધર્મરાજા (૨૧૯), ધારણ રાજા (દશરથ રાજા) (૨૨૨), ધ્વજભુજંગ (૨૨૩), નયસાર (૨૨૬), નરદેવ-દેવચંદ્ર (૨૨૮), નંદ અને સુંદરી, સિદ્ધાચાર્ય (૨૨૯), નંદીષેણ મુનિ - સેચનક હાથી (૨૩૦), નાગદત્ત (૨૩૨), નાગદત્ત (૨૩૩), પદ્માકર (૨૩૬), પુણ્યસાર (૨૩૭), પુણિયો શ્રાવક (૨૩૮), પુનડ શ્રાવક (૨૩૯), પુરુષોત્તમ નૃપ (૨૪૦), પુંડરીક - કંડરીક (૨૪૨), પોટ્ટીલા (૨૪૩), બળભદ્ર મુનિ - રથકાર મૃગ - હરણ (૨૪૫), બે મિત્રો (૨૪૮), બ્રહ્મદત્ત ચક્રવર્તીનો પૂર્વભવ (૨૪૮), શ્રી ભદ્રનંદી (૨૪૯), ભરત ચક્રવર્તી (૨૫૧), ભામંડળ (પ્રભામંડળ) (૨૫૨), ભીમ વણિક (૨૫૨), ભીમસેન (૨૫૪), ભીલ દંપતી અને સિંહ (૨૫૬), ભૂપ પંડિત (૨૫૭), મણિકુંડલ વિદ્યાધર (૨૫૮), મદનભૂપ અને સુંદરી (૨૬૦), મહાબલ (૨૬૦), મહાબલ નૃપ (૨૬૦), મહાચંદ્ર (૨૬૧), મંગલ કલશ (૨૬૨), મુનિપતિ ચરિત્ર (૨૬૮), મૂળદેવ રાજા (૨૭૦), મેઘનાદ-મદનમંજરી (૨૭૧), યક્ષદેવી (૨૭૩), રતિસાર (૨૭૩), રેવતી શ્રાવિકા (૨૭૫), લક્ષ્મીધર શેઠ (૨૭૬), લલિતાંગ દેવ (૨૭૬), વજજંઘ (શ્રી ઋષભદેવનો ચોથો ભવ) (૨૭૮), વજનાભ ચક્રવર્તી (૨૭૯), વત્સરાજ (૨૮૦), વરદત્ત (૨૮૧), વર શ્રાવક (૨૮૧), વસ્ત્રદાન (૨૮૩), વસતિ દાન (૨૮૩), વસુદેવ -સુદેવ (૨૮૪), વંકચૂલ (૨૮૫), વિનયંધર (૨૮૭), વિનયશ્રી (રુદ્રાસની પત્ની) (૨૮૮), વિપુલવાહન નૃપ (શ્રી સંભવનાથનો પૂર્વભવ) (૨૮૮), વિપ્ર ઈંધક - પલ્લક (૨૮૯), વિશાખાદત્ત (૨૯૦), વિસેમિરા (૨૯૧), વીરભદ્ર (૨૯૩), વીરમતિ - મમ્મણ (૨૯૮), વૃષભસેના (૩૦૦), શાંતિમતી - પદ્મલોચના (૩૦૨), શિવકુમાર (૩૦૩), શીતલાચાર્ય (૩૦૪), શૂરપાલ (૩૦૪), શ્રીકૃષ્ણ - જીવક વૈદ્ય (૩૦૮), શ્રીધર ભૂપ (૩૦૯), શ્રીદત્ત (૩૧૦), શ્રીપાલ અને

મયણાસુંદરી (૩૧૦), શ્રીષેણ રાજા (૩૧૩), શ્રેણિક નૃપ - દુર્ગંધા (૩૧૬), સકડાલપુત્ર (૩૧૭), સગાળશા શેઠ (૩૧૮), સત્પાત્રદાન (૩૨૪), સ્થાવર - વૃદ્ધા (૩૨૪), સંપ્રતિ રાજા (૩૨૫), સાતવાહન (૩૨૬),સાતવાહન રાજવી (૩૨૭), સાંતૂ મંત્રી (૩૨૯), સીતા (૩૨૯), સુકેતુ શેઠ (૩૩૦), સુજય રાજર્ષિ (૩૩૨), સુજાતકુમાર (૩૩૨), સુજાત કુમાર (૩૩૩), સુદત્ત કુમાર (૩૩૪), સુદર્શન શ્રેષ્ઠીનો પૂર્વભવ (૩૩૪), સુધાસેનભૂપ - ધરાપાલ રાજા (૩૩૫), સુભદ્રા (૩૩૬), સુમતિ (૩૩૮), સુમુખ (સુબાહુ કુમારનો પૂર્વભવ) (૩૩૯), સુમિત્રા (૩૪૦), સુરત રાજા (૩૪૧), સુંદર શ્રેષ્ઠી (૩૪૨), સુંદરી (૩૪૩), સુરસુંદર (૩૪૪), સુવાસવ કુમાર (૩૪૬), સુવિષ્ણુ (૩૪૭), સોમશ્રેષ્ઠી અને હંસપ્રભા (૩૪૭), સૌભાગ્યદેવી - જિનદાસ (૩૪૮)

**પ્રકરણ ૪ - અભયદાન / અનુકંપા દાનની કથાઓ**

અભયકુમાર (૩૫૦), અભય સિંહ (૩૫૦), અભયંકર (૩૫૧), અભયરુચિ - અભયમતિ (૩૫૩), અમરસિંહ (૩૫૫), અરિષ્ટનેમિ - રાજીમતી (૩૫૬), અવંતી સુકુમાલ (૩૬૧), આરામશોભા (૩૬૨), આરામિક - ધનમાળી (૩૬૪), અવિચારી મંત્રી/અમિતતેજ/ વિજયરાજા (૩૬૫), ઈશ્વર - પાર્વતી (૩૬૬), કનકશ્રી (૩૬૭), કવિ કાલિદાસ (૩૬૭), કાન કઠિયારો (૩૬૮), કુમારપાળ (૩૭૧), કૂરઘટ મુનિ (૩૭૪), કેસરી ચોર (૩૭૫), કૃષ્ણ (૩૭૭), ગુણસુંદરી (૩૭૮), ચંડાલ - અભયકુમાર (૩૮૧), ચારુદત્ત (૩૮૨), જગડુશા (૩૮૪), જય રાજર્ષિ (૩૮૮), જિનદાસ શેઠ (૩૯૦), જિનદાસ શ્રેષ્ઠી (૩૯૨), દાનશીલ શ્રેષ્ઠી (૩૯૩), દામનકનો પૂર્વભવ (નંદક) (૩૯૪), ધનદેવ (૩૯૬), ધનશ્રેષ્ઠી (૩૯૭), ધમ્મિલ કુમાર (૩૯૮), ધર્મરુચિ અણગાર (૪૦૫), નવયુવાન ચોર (૪૦૬), નંદિષેણ બીજા (૪૦૬), પાર્શ્વનાથ ભગવાન (૪૦૮), પુંડરીક (સર્પ) (૪૧૦), બક રાક્ષસ (૪૧૧), બલવીર કુમાર (૪૧૨), બિંબસાર (૪૧૮), ભીમ કુમાર (૪૨૦), મનોરમા (૪૨૨), મરૂત રાજા અને રાવણ (૪૨૪), મહાનામ (૪૨૬), મહાવીર સ્વામી - સોમશર્મા વિપ્ર (૪૨૮), મહેશ્વરદત્ત (૪૩૦), માળી (૪૩૧), મેતાર્ય મુનિ (૪૩૨), મેઘકુમાર - સુમેરુ હાથી (૪૩૪), મેઘરથ રાજા (ભગવાન શાંતિનાથનો પૂર્વ ભવ) (૪૩૬), મૃગધ્વજ (૪૩૮), મૃગધ્વજ (૩૩૭), મૃગસુંદરી (૪૩૯), યજ્ઞીય (૪૪૧), રાજા રતિદેવ (૪૪૩), વસંતક (૪૪૩), વિશલ્યા (૪૪૫), વિક્રમ સંવત્સર - વિક્રમાદિત્ય (૪૪૬), વિક્રમસેન (૪૪૭), શેઠ હઠીભાઈ (૪૪૮), સદયવત્સ-સાવલિંગા (૪૪૯), સવચંદ અને સોમચંદની ખાનદાની (૪૫૧), સંજય રાજર્ષિ (સંયતિ રાજા) (૪૫૪), સુથાર અને સિંહ (૪૫૫), સુરસુંદરી (૪૫૬), સૂઅર (૪૫૯), સોમશ્રેષ્ઠી પુત્ર - સોમ કથા : (ચંદ્રપ્રભ ચરિત્ર) (૪૬૦), હરિબળ (૪૬૧), હલરદા શેઠ અને તેમની દીકરી (૪૬૪)

**પ્રકરણ ૫ - જ્ઞાન દાનની કથાઓ**

અવસન્નાચાર્ય (સાવદ્યાચાર્ય) (૪૬૬), અનાથી મુનિ (૪૬૬), આભૂ સંઘવી (૪૬૯), કૌંડેશ (૪૬૯), ચતુર્વેદ બ્રાહ્મણ (૪૭૧), જનક રાજા - અષ્ટાવક્ર (૪૭૧), ધનદત્ત (૪૭૩), ધનસાર શ્રેષ્ઠી (૪૭૩), પુરંદર ચરિત્ર (૪૭૫), પેથડ શાહ (૪૭૬), ભદ્રબાહુ સ્વામી (૪૭૮), મદનરેખા (૪૭૯), મુંજ -

ભોજ (૪૮૦), યવ રાજર્ષિ (૪૮૧), વરદત્તકુમાર (૪૮૪), શાન્તુ મહેતા (૪૮૬), શીલવતી (૪૮૭), સિદ્ધસેન દિવાકર - વૃદ્ધવાદી (૪૮૯), સિંહગિરિ (૪૯૦), હરિવેગ વિદ્યાધર (૪૯૨)

**પ્રકરણ ૬ - કીર્તિ દાનની કથાઓ**

આમ રાજા (૪૯૪), ઉદયસિંહ રાજા (૪૯૪), ઉદાયી રાજર્ષિ (૪૯૪), કુમારપાળ (૪૯૫), કુમારપાળ રાજા (૪૯૫), કર્ણ રાજા (૪૯૬), જાનુદઘ્નં (૪૯૬), ધનપાળ પંડિત (૪૯૭), પદ્મ - મહાપદ્મ કુમાર (૪૯૭), ભોજરાજા અને ધનપાલ (૪૯૭), વસ્તુપાળ (૪૯૯), વિક્રમનૃપ (૫૦૧), વિશલદેવ (૫૦૨), સમરશાહ (૫૦૨), સાલિગ રાજા (૫૦૩), સિદ્ધભૂપાલ (૫૦૩)

**પ્રકરણ ૭ - ઉચિત દાનની કથાઓ**

અષ્ટ મહાસિદ્ધિ (૫૦૪), અંબડ દેવ (આમ્રદેવ મંત્રી) (૫૦૪), આભડ વસાહ (૫૦૫), આંબડ અને બાહડ (૫૦૬), ઈન્દ્રજાલિક (૫૦૭), કાલવણિક (૫૦૮), કૃપણ શેઠ (૫૦૯), ખેંગાર નૃપ (૫૧૦), ઘાંચણ અને વિક્રમાદિત્ય કથા (૫૧૧), ચાહડ (૫૧૨), તેજપાળ (૫૧૩), દશાર્ણભદ્ર રાજર્ષિ (૫૧૩) દાના શેઠ (૫૧૪), દુર્ગત (૫૧૫), નૃપ અને યાચક (૫૧૬), પંકપ્રિય કુંભાર (૫૧૬), પંચદંડ છત્ર (૫૧૭), પ્રજાપાલક નૃપ (૫૧૮), બુધસિંહ શ્રમણોપાસક (૫૧૮), બુદ્ધિશાળી ખેડૂત (૫૧૮), ભડવીર ભામાશા (૫૧૯), ભીમ વણિક (૫૨૦), ભોજ રાજા (૫૨૦), ભોજરાજા અને કમલ (૫૨૦), ભોજરાજા - માઘકવિ (૫૨૨), ભોજ શેઠ (૫૨૩), માઘ પત્ની (૫૨૩), યુધિષ્ઠિર - ભીમ (૫૨૪), લલિતાદેવી (૫૨૪), લીલાવૈદ્ય (૫૨૫), વસ્તુપાળ મંત્રી (૫૨૬), વસ્તુપાળ - તેજપાળ (૫૨૬), વિમલશાહ શ્રેષ્ઠી (૫૨૭), વિક્રમ નૃપ (૫૨૮), વિક્રમ રાજા અને સમુદ્રદેવ (૫૨૯), વિક્રમરાજા અને બલિરાજા (૫૩૦), વૈદ્ય (૫૩૦), રામચંદ્રજી (૫૩૧), શીતોદ્યુષિત દાન (૫૩૧), શ્રેણિક અને પથિક (૫૩૨), શ્રેષ્ઠી માધવ (૫૩૩), સજ્જન કોટવાલ (૫૩૫), સાલિગ સાધુ (૫૩૫), સિદ્ધરાજ અને કવિ શ્રીપાલ (૫૩૬), સિદ્ધસેન દિવાકર - વિક્રમાદિત્ય (૫૩૬), સૌવર્ણકાર (૫૩૭), હરિષેણ ચક્રી (૫૩૮), હર્ષ કવિ (૫૩૮)

# પ્રકરણ ૧
# જૈન ધર્મમાં દાનનું માહાત્મ્ય

**ભૂમિકા :**

ભારતીય સંસ્કૃતિમાં 'ધર્મ' સર્વપ્રથમ અને સર્વોચ્ચ સંસ્કાર છે. ભારતીય સંસ્કૃતિનું ઘડતર સંતો, મહંતો અને ભગવંતો દ્વારા થયું છે તેથી ભારતીય સંસ્કૃતિ ધાર્મિકતાથી પરિવૃત્ત છે. ભાતીગળ ભારતવર્ષના અનેક ધર્મ - દર્શનોમાંથી જૈન ધર્મમાં 'દાન' અંગેના ધારાધોરણોના અભિપ્રાય અભિપ્રેત છે. હા ! દાન ધર્મનો શંખનાદ જગાવવામાં સર્વદર્શનો એકમત અને એકસૂર ધરાવે છે.

**ધર્મની વ્યાખ્યા :**

'ધૃ' ધાતુ પરથી ધર્મ શબ્દ થયેલો છે. ધર્મની વ્યાખ્યા કરતાં શાસ્ત્રકારો કહે છે - **'वत्थु सहावो धम्मो'** વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે. જેમ કે - પાણીનો સ્વભાવ શીતળતાનો, અગ્નિનો સ્વભાવ ઉષ્ણતાનો, સાકરનો સ્વભાવ મીઠાશનો, કંટકનો સ્વભાવ તીક્ષ્ણતાનો, મીઠાનો સ્વભાવ ખારાશનો છે, તેમ જીવનો સ્વભાવ જ્ઞાતા-દષ્ટા (જોવું અને જાણવું) છે. અર્થાત્ જ્ઞાતા-દષ્ટા ભાવમાં રહેવું એ જ આત્માનો સ્વભાવ છે. એ જ આત્માનો ધર્મ છે.

પૂર્વાચાર્યોએ ધર્મની એવી વ્યાખ્યા પણ કહી છે - **'दुर्गीतिं प्रपतत्जंतून् धारयति इति धर्मः'** નીચેને નીચે ગબડતા જતા જીવોને જે ધારણ કરવા સમર્થ હોય તે 'ધર્મ' છે. પતનની પરંપરાથી મુક્તિ મેળવવાના મુદ્રાલેખ સાથે ધર્મનું અવલંબન સમગ્ર જીવનને મનોરમ આકાર આપી ભવપાર પમાડે છે.

ટૂંકમાં જીવને શિવ સુધીની પરમ-ચરમ વિકાસની ટોચ સુધી લઈ જવાનું સામર્થ્ય ધર્મમાં છે. માનવ જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય મોક્ષ છે, જે ધર્મ દ્વારા સાકાર બને છે.

**ધર્મનું સ્વરૂપ :**

વિષયોનો ભોગવટો જો કરોડો વાર કર્યો હોય, સંપત્તિનું સ્વામીત્વ પણ જો હજારો વાર માણ્યું હોય અને સેંકડો વાર જો રાજ્યસત્તાના સિંહાસનને શોભાવ્યું હોય, તો ભવ અટવીમાં ધર્મ પણ અનેક વાર આરાધ્યો હોવો જ જોઈએ. કારણકે ઋદ્ધિ-સિદ્ધિનો ભોગવટો ધર્મની આરાધનાની કોઠાસૂઝ વિના શક્ય જ નથી.

**सुखं धर्मात् दुखं पापत् ।** ધર્મના પ્રભાવે સુખ પ્રાપ્ત થયા વિના રહેતું નથી અને અધર્મના કારણે પાપનો વિપાક દુઃખ આપ્યા વિના જંપતો નથી. સંક્ષેપમાં, સુખનું ઉદ્‌ગમ સ્થાન ધર્મ છે અને દુઃખનું ઉદ્‌ગમ સ્થાન અધર્મ (પાપ) છે. આ દર્શાવે છે કે - **'धर्मो रक्षित रक्षितः'** અર્થાત્ જે ધર્મના શરણે જાય છે તેનું ધર્મ રક્ષણ કરે છે.

આચાર્ય **વિનયવિજયજી**એ 'શાંતસુધારસ'માં ધર્મના ચાર પ્રકાર દર્શાવ્યા છે.

**'दानंच शीलंच तपश्च भवो, धर्मश्चतुर्धाज़िन बान्धवेन ।'** વીતરાગ પરમાત્મા પ્રદત્ત દાન, શીલ, તપ અને ભાવ; આ ધર્મના ચાર પ્રકાર છે. ધર્મના ચાર અંગ છે; જે ગૃહસ્થ જીવનને સમૃદ્ધ બનાવે છે.

**दानेन प्राप्यते लक्ष्मीः शीलेन सुखसम्पदः ।**
**तपः कर्म विनाशाय, भावना भवनाशिनी ।।**

દાનથી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. શીલથી સુખ અને સંપત્તિ મળે છે. તપથી કર્મોનો વિનાશ થાય છે અને ભાવનાથી ભવ (દુઃખ)નો નાશ થાય છે.

વાસ્તવિક રીતે જોઈએ તો ધર્મના આ ચારે પ્રકારોમાં ત્યાગની ભાવના વણાયેલી છે અને જીવનના પલાખાને ઉકેલવાની સુંદર ચાવી છે. દાનમાં મમત્વનો ત્યાગ અને અપરિગ્રહ વૃત્તિનું પોષણ છે. શીલમાં અસદાચારનો ત્યાગ અને અવેદી સ્વરૂપનું પ્રાગટ્ય છે. તપમાં આહારનો ત્યાગ અને અનાહારક દશાનું ખીલવું છે. ભાવમાં અશુભ ભાવોનું વિસર્જન અને નિર્વિકલ્પતાનું સર્જન છે. આમ ધર્મ એ અપરિગ્રહ, અવેદી, અનાહારક અને નિર્વિકલ્પ દશા પ્રગટ કરવાની અત્યુત્તમ સાધના છે. ધર્મ વ્યક્તિની ચેતનાને પરમ ચેતના સાથે જોડનારું પ્રતીક છે.

ધર્મબીજના વાવેતરની અપેક્ષાએ તત્ત્વચિંતકોએ ચાર ગતિઓને વિવિધ તથા યથાર્થ ઉપમાઓ આપી છે. નરક ગતિ બળી ગયેલી ભૂમિ જેવી છે, જેમાં ધર્મબીજ ખીલવાની શક્યતા નથી. તિર્યંચ ગતિ ઉખર ભૂમિ જેવી છે. તેમાં ધર્મબીજ ખીલવાની શક્તિ નહીંવત્ છે. દેવગતિ આરસમંડિત ભૂમિ જેવી છે. તેમાં ધર્મ બીજ પાંગરતું નથી. મનુષ્યગતિ એ ચીકણી લાલ માટી સમાન ફળદ્રુપ ભૂમિ છે. તેમાં ધર્મબીજ આસાનીથી ખીલી ઉઠે છે. આ અનોખી વિશેષતાનાં કારણે શાસ્ત્રકારોએ માનવગતિને મુક્તકંઠે બિરદાવી છે.

**દાનની વ્યાખ્યા :**

ધર્મના ચાર પ્રકારોમાં દાન ધર્મ મોખરે છે. 'દાન' ફક્ત બે અક્ષરનો બનેલો શબ્દ છે, છતાં મહત્ત્વપૂર્ણ છે. એમાં સ્વત્વ અને સ્વામીત્વનું વિસર્જન છે. **'दीयते इति दानम्'** । જે આપવામાં આવે છે તે દાન છે. જરૂરિયાત મંદોને **'इदं न मम्'** ના સંકલ્પ સાથે પોતાની માલિકીની વસ્તુમાંથી આનંદપૂર્વક આપવું તે 'દાન' છે. દાનમાં ત્યાગ ભાવનાનો આદર્શ છે. જેના માટે જૈનદર્શનમાં 'સંવિભાગ' શબ્દનો પ્રયોગ થયો છે.

'તત્ત્વાર્થ સૂત્ર' (૬/૧૨)ના પ્રણેતા વાચક ઉમાસ્વાતિજીએ દાનની સુંદર વ્યાખ્યા કરી છે. **'अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम्'** । અનુગ્રહ (સ્વ પર કલ્યાણ) માટે પોતાની વસ્તુનો ત્યાગ કરવો એ દાન છે. જરૂરતમંદોને જરૂરી વસ્તુ પ્રાપ્ત થતાં પરકલ્યાણ થાય છે અને દાન આપવાથી પદાર્થ-પૈસા પ્રત્યેનું મમત્વ ઘટે છે એટલે સ્વ અનુગ્રહ થાય છે.

**ધવલાકારે** (પુ.૧૩, પૃ.૩૮૯માં) દાનની વ્યાખ્યા કઠિન અને દુષ્કર બતાવી છે :

**'रत्नत्रयवद्भ्यः स्ववित्त परित्यागो दानं, रत्नत्रय साधनदित्सा वा ।'**

રત્નત્રયધારીઓ માટે પોતાનું ધન અથવા પદાર્થનો ત્યાગ કરવો એ દાન છે અથવા રત્નત્રયના સાધન આહાર, ઔષધ, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક, પાત્ર આદિ આપવાની ઈચ્છા પણ દાન છે.

તત્ત્વાર્થ સૂત્રને કેન્દ્રિત રાખીને તત્ત્વાર્થ ભાષ્ય, તત્ત્વાર્થ રાજવાર્તિક, શ્લોકવાર્તિક, સર્વાર્થસિદ્ધિ (૬/૧૨), સૂત્રકૃતાંગ વૃત્તિ (શ્રુ.૧, અ.૧૧) તથા શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને કલ્પસૂત્ર વૃત્તિ, જૈન સિદ્ધાંત દીપિકા, ઉપાસકાધ્યયન (૭૬૬), તત્ત્વાર્થ વૃત્તિ શ્રુત સાગરીયા (૭/૩૮)માં આ સૂત્રની જ વ્યાખ્યા કરવામાં આવી છે.

આમ, દાનમાં સ્વ અને પરના કલ્યાણની ભાવના રહેલી છે. જ્યારે શીલ, તપ અને ભાવમાં

વ્યક્તિને પોતીકો લાભ થાય છે તેથી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે : **'धर्मस्य आदि पदं दानम्'**। ધર્મનો શુભારંભ દાનથી થાય છે.

ધર્મના ચારે ચરણમાં આવશ્યક ચરણ દાન છે. મનુષ્ય આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં જાય છે ત્યારે દેવશય્યામાં ઉત્પન્ન થતા દેવને સૌ પ્રથમ દાનનો પ્રશ્ન પૂછવામાં આવે છે. **'किं वा दच्चा, किं वा भुच्चा, किं वा किच्चा, किं वा समाचरिता ?'** અર્થાત્ પૂર્વે તમે શું દાન કર્યું હતું ? શું ઉપભોગ કર્યો હતો ? શું કાર્ય કરી કયા આચરણથી સ્વર્ગમાં અવતર્યા છો ? એવું નૂતન દેવને દેવીઓ સર્વ પ્રથમ પૂછે છે.

**દાનનું સ્વરૂપ :**

જૈન દર્શનમાં દાનની ગણના એક સત્કર્મમાં થઈ છે. જૈન ધર્માનુસાર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રના સમન્વયથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. જૈન ધર્મ આચાર પ્રધાન છે. જ્ઞાન ગમે તેટલું ઊંચું હોય પણ જો આચરણ ન હોય તો જીવનનો ઉત્થાન ન થઈ શકે. દાનનો સમાવેશ ચારિત્રમાં થાય છે.

**'ઉપદેશ તરંગિણી'** ગ્રંથમાં દાનની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે : **'पृथिव्यां प्रवरं दानम्'**। આ ભૂમંડળમાં દાન એ સર્વશ્રેષ્ઠ (ધર્મ) છે. મોક્ષના ચારે માર્ગમાં દાન સુલભ, સરળ અને અલ્પ કષ્ટસાધ્ય હોવાથી માનવ યાત્રી માટે સર્વશ્રેષ્ઠ રાજમાર્ગ છે.

દાનનું તાત્પર્ય ઉદારતાના અર્થમાં લઈએ તો કુદરતના તત્ત્વો છૂટા હાથે દાન કરે છે. પ્રાતઃકાળનો સૂર્ય પોતાના કિરણોનું દાન પ્રકાશરૂપે જગતને આપે છે. વાયુનો વીંઝણો વગર માંગે સૌને ટાઢક પહોંચાડે છે. નદી કોઈ પણ જાતના ભેદભાવ વગર સર્વને શીતળ જળ આપે છે. મેઘ યત્ર તત્ર સર્વત્ર વરસી જીવન આપે છે. ચંદ્રની ચાંદની શીતળતા અર્પે છે, તો વનસ્પતિ પોતાનું બલિદાન આપી પ્રાણીઓને જીવન બક્ષે છે. પ્રાકૃતિક તત્ત્વોમાં પણ ત્યાગની અને ઉપકારની છલોછલ ભાવના નિહિત છે.

દાન એ ધર્મનું સારભૂત અંગ છે. કારણ કે દાન માનવ હૃદયને કરુણા, પરોપકાર અને પર સુખ વૃદ્ધિમાં સહાયક થવા પ્રેરિત કરે છે.

**'ભાગવત પુરાણ'**માં મહારાજા રતિદેવની કથા છે. જેમણે એવી પ્રતિજ્ઞા કરી હતી કે, 'જ્યાં સુધી એક પણ વ્યક્તિ મારા રાજ્યમાં ભૂખથી પીડાતી હશે ત્યાં સુધી હું સ્વયં ભોજન નહીં કરું.' કહેવાય છે કે, મહારાજા રતિદેવ ૪૯ દિવસ સુધી નિરાહાર રહ્યા. પોતાનો અન્ન ભંડાર તેમણે ભૂખ્યા પ્રજાજનો માટે મોકળો મૂક્યો તેથી તત્કાળ દુષ્કાળનો અંત આવ્યો. આમ, મહારાજા રતિદેવનું દાન સંકટમોચન બની ગયું.

**प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते** - સમજદાર વ્યક્તિ કોઈપણ ઉદ્દેશ્યને સામે રાખીને જ કાર્ય કરે છે.

તેના સંદર્ભમાં નીતિકાર (સિંદૂર પ્રકરણ - ૮૧) કહે છે.

**पात्रे धर्मनिबन्धनं तदितरे श्रेष्ठं दयाख्यापकम्।**
**मित्रे प्रीतिविवर्धनं तदितरे वैरापहारक्षमम्।**
**भृत्ये भक्तिभरावहं नरपतौ सम्मान सम्पादकम्।**
**भट्टादौ सुयशस्करं वितरणं न क्वाऽप्यहो निष्फलम्॥**

સુપાત્રને આપેલું દાન ધર્મનું કારણ બને છે. દીન-દુઃખી અર્થાત્ અનુકંપા યોગ્ય પાત્રને દાન આપવાથી તે દાતાની પ્રશંસા કરે છે. મિત્રને દાન આપવાથી પ્રેમ વધે છે. શત્રુને દાન આપવાથી વેરભાવ વિરામ

પામે છે. સેવકને દાન આપવાથી તેના હૃદયમાં શેઠ પ્રત્યે ભક્તિનો પ્રવાહ પ્રવાહિત થાય છે. રાજાને દાન આપવાથી સમ્માન અપાવે છે. ભાટ-ચારણને દાન આપવાથી કીર્તિ પ્રસરે છે. ખરેખર! કોઈપણ ક્ષેત્રમાં આપેલું દાન કદી નિષ્ફળ જતું નથી.

**શ્રી આચારાંગ સૂત્ર** (શ્રુ-૧, અ-૮, ઉ-૨) માં આ વિષયની વધુ સ્પષ્ટતા કરતાં કહ્યું છે:

કેવળજ્ઞાની વર્ધમાન સ્વામીએ કહ્યું છે કે, ''સમોનજ્ઞ વ્યક્તિ, સમોનજ્ઞ સાધુને અશન, પાન, ખાદિમ કે સ્વાદિમ, આહાર - વસ્ત્ર - પાત્ર - શય્યા પ્રદાન કરે, તેમને નિમંત્રિત કરે, પરમ આદરપૂર્વક તેમની સેવા કરે તો તે ધર્મને ગ્રહણ કરે છે.''

આમ, ભિક્ષાજીવી અથવા ગૃહસ્થોના દાન પર આશ્રિત સાધુ મહાત્માને જીવનાવશ્યક નિર્દોષ, પ્રાસુક વસ્તુઓ દાનમાં આપી તેમના સંયમની પુષ્ટિ કરવી એ શ્રાવકનું કર્તવ્ય છે.

એક સંસ્કૃત શ્લોકમાં દાનવીરનું ગૌરવ બતાવવામાં આવ્યું છે :

**''गौरवं प्राप्यते दानात्, न तु वित्तस्य संचयात्।**

**स्थितिरुच्चैः पयोदानामुदधीनामधः स्थिति।।''**

**અર્થ :** દાન આપવાથી ગૌરવ પ્રાપ્ત થાય છે, પણ ધનનો સંચય કરવાથી નહિ. વાદળાં આપે છે તો તેનું સ્થાન ઉંચે છે, જ્યારે દરિયો સંઘરી રાખે છે તો તેનું સ્થાન નીચે છે.

ધરતીમાંથી મબલક પાક મેળવવા માટે સૌ પ્રથમ બીજનું વાવેતર કરવું પડે છે. તેને ખાતર-પાણી આપી તેની માવજત કરવી પડે છે, ત્યારે એક દાણામાંથી હજાર દાણા મળે છે. એ પ્રમાણે જગતનો અચૂક નિયમ છે કે જો પ્રાપ્ત કરવું હોય તો પ્રથમ અર્પિત કરતાં શીખો.

મેકણદાદાએ કચ્છીમાં કહ્યું છે:

**'ખારાઈંધલ ખટ્યા, મેડીંધલ મોઠા; વૈકુંઠજી વાટ તે, દીંધલ દઠા'**

ખવડાવનાર ખાટી ગયા જ્યારે ભેગું કરનારા હારી ગયા. જેઓ દાની હતાં તેમને સ્વર્ગના માર્ગે જતાં જોયાં. ખરેખર! દાન આપનારની બલિહારી છે.

**કબીરે** સાચું જ કહ્યું છે :

**'પાની બાઢે નાવ મેં, ઘરમેં બાઢે દામ;**

**દોનો હાથ ઉલેચીએ, યહી સાધુ (સજ્જન) કા કામ.'**

એનું સમર્થન કરતાં એક પાશ્ચાત્ય વિચારકે કહ્યું છે : **"They who scatter with one hand, gather with two; nothing multiplies so much as kindness"**

જે એક હાથ વડે આપે છે તે વાસ્તવમાં બંને હાથ વડે પ્રાપ્ત (ભેગું) કરે છે.

**ચાણક્યનીતિ**માં કહ્યું છે : **'दारिद्रयनाशनं दानम्।'** દાન એ દરિદ્રતાનો નાશ કરે છે.

દાનમાં અમીરી અને ગરીબીની તોતિંગ દિવાલો તોડી વિરોધાભાસની વચ્ચે સમન્વય સાધવાનો અજબગજબનો તંતુ જોડાયેલો છે. દાન એ પાર વિનાની માનસિક અશાંતિ અને ઉત્તાપો શમાવી શકવાને સમર્થ એવો રાજમાર્ગ છે.

ભારતવર્ષમાં એક એવી જ્ઞાતિ છે, જેમાં દરિદ્રતા નામની ચીજ જ નથી. મુસ્લિમોમાં 'વોહરા' એવી કોમ છે, જેમાં કોઈ વ્યક્તિની આર્થિક સ્થિતિ વણસે, આકસ્મિક સંકટ આવે, બેરોજગારી કે બેકારી આવી પડે તો જ્ઞાતિના અન્ય લોકો ધન ભેગું કરી તે નિર્ધનને સહાયતા કરે છે. તેને વ્યવસાયમાં મદદ કરે છે. તે નિર્ધન હોવાનો અહેસાસ થવા દેતા નથી.

આવી જ પરિપાટી પારસી કોમમાં પણ છે. તેઓ પોતાના જ્ઞાતિ ભાઈઓને સાધનહીન કે નિર્ધન રહેવા દેતા નથી.

પ્રાચીન કાળથી ઓસવાળ જૈન બંધુઓમાં પણ આ જ પ્રકારની દાન પરંપરા છે. એકલપેટા થઈ ન ખાનારા આ માનવો મળવા જાય ત્યારે પેંડા, શિંગ, ચણા જેવી વસ્તુઓ લઈને જતા. આ દાન પાછળનો ઉદ્દેશ્ય જ્ઞાતિમાં વ્યાપ્ત વિષમતા દૂર કરવાનો છે. તેઓ પોતાની સંપત્તિને સમાજની ધરોહર સમજે છે.

**'પંચતંત્ર'** (૨/૧૫૫)માં કહ્યું છે -

**'उपर्जितानामर्थाना, त्याग एव हि रक्षणम् ।**

**तड़ागोदर संस्थानांम परीवाह इवाम्भसाम् ।।'**

**અર્થ :** ઉપાર્જિત ધનનું દાન કરતાં રહેવું એ જ એની સુરક્ષાનું એકમાત્ર ઉપાય છે. જેમ કે - તળાવનું પાણી વહેતું રહે એ જ એની શુદ્ધતાનું કારણ છે.

દાનનો પ્રવાહ વહેતો રહે છે ત્યારે ધન અનેકના હાથમાં જઈ સુરક્ષિત બની જાય છે. દાન કરવાથી તિજોરી ખાલી થતી નથી પરંતુ સુકૃતનું અર્જન થવાથી લોકહૃદયમાં નિધિના રૂપમાં ચિરકાળ સુધી સુરક્ષિત રહે છે. આમ, દાન વ્યક્તિને અમર બનાવે છે માટે અમૃત સમાન છે.

**'તત્ત્વાર્થ સૂત્ર'** અનુસાર સમ્યગ્દર્શનની પ્રાપ્તિ બે પ્રકારે થાય છે. **'तन्निसर्गादधिगमाद वा'** । નિસર્ગ અને અધિગમ. નિસર્ગ એટલે સ્વાભાવિક, સ્વયં, જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમથી. અધિગમ એટલે આત્મજ્ઞાની ગુરુના ઉપદેશ, શાસ્ત્રોનું વાંચન, અથવા બીજા કોઈ નિમિત્તથી.

નિસર્ગ સમકિત પૂર્વજન્મના સંસ્કાર, જ્ઞાનાવરણીય કર્મના વિશિષ્ટ ક્ષયોપશમથી થાય છે. ભલે, તેમાં અન્ય કોઈની અપેક્ષા નથી પરંતુ અધિગમ સમકિતમાં બહિરંગ નિમિત્તની આવશ્યકતા રહે છે.

ઈતિહાસવિદો (આવશ્યક નિર્યુક્તિ ગા. ૧૬૮) કહે છે કે, આહાર દાનના નિમિત્તથી ભગવાન મહાવીરે નયસારના ભવમાં, મેઘકુમારે પૂર્વે હાથીના ભવમાં અનુકંપાથી જગ્યાનું દાન આપી, તથા ભગવાન ઋષભદેવના આત્માએ પૂર્વે ધન્ના સાર્થવાહના ભવમાં ઘીનું દાન આપી સમકિત મેળવ્યું હતું.

દાન એ મોક્ષનો દ્વારપાળ અને કલ્યાણનો પાયો છે. ધર્મનો શિલાન્યાસ છે. ધર્મરૂપી પ્રાસાદ આ શિલાન્યાસ પર નિર્મિત છે.

**'શ્રી ભગવતી સૂત્ર'** (શ. ૨, ઉ. ૫)માં શ્રાવકાચાર બતાવતાં કહ્યું છે :

**'उसिह फलिहे, अवंगुयदुवारे ।'** તુંગિયા નગરીના શ્રાવકોના ઘરોના દ્વારો અતિથિ, અભ્યાગત માટે સદા ખુલ્લાં રહેતાં હતાં. તેમને તેઓ પ્રસન્નતાપૂર્વક આવશ્યક વસ્તુઓ આપતાં હતાં.

આજ વાત **અભિધાન રાજેન્દ્ર કોષ** અને **પ્રવચનસારોદ્ધાર**માં સ્પષ્ટપણે કહી છે -

**'नेव दारं पिहावइ, भुंजमाणो सुसावओ ।**

**अणुकम्पा जिणं देहिं सड्ढाणं न निवारिआ ।।'**

સુશ્રાવક ભોજન ટાણે ઘરનાં દ્વાર કદી બંધ ન રાખે અને તેમને એવું કરવું છાજતું નથી કારણકે જિનેન્દ્ર ભગવંતોએ શ્રમણોપાસક માટે ક્યાંય અનુકંપાદાનનો નિષેધ કર્યો નથી.

શ્રાવકના મુખ્ય **ત્રણ મનોરથ**માંથી પ્રથમ મનોરથમાં દાનનો વિનિયોગ સમાયેલો છે. 'એ દિવસ મારા માટે કલ્યાણકારી અને ધન્ય હશે, જે દિવસે હું મારા પરિગ્રહને સુપાત્રની સેવામાં ત્યાગી પ્રસન્નતાનો અનુભવ કરીશ. મમતાના ભારથી હળવો થઈશ.'

આગાર ધર્મનું બારમું **'અતિથિ સંવિભાગ'** વ્રત ઉપરોક્ત ઉદ્દેશ્યથી જ નિયત કરવામાં આવ્યું છે. ભાણે બેસીને શ્રાવક ભોજન કરવા પૂર્વે સાધુ-સાધ્વી, સાધર્મિક અને અનુકંપા પાત્ર વ્યક્તિને પોતાનામાંથી દાન આપવાની ઉદાત્ત ભાવના ભાવે છે.

**'શ્રી ઉપાસક દશાંગ સૂત્ર'** અનુસાર ભગવાન મહાવીરના આનંદ, કામદેવ, ચુલનીપિયા આદિ પ્રમુખ ૧૦ શ્રાવકોના જીવનમાં પ્રતિદિન દાન આપવાની ઉત્કૃષ્ટ ભાવના હતી.

ભગવાન મહાવીરે સામાજિક વિષમતા અને ઉંચ-નીચના ભેદભાવ દૂર કરવા માટે જ 'અતિથિ સંવિભાગ' કે 'યથા સંવિભાગ' વ્રતની નિમણૂક કરી છે. જેથી ગૃહસ્થો પોતાની આવકનો અમુક હિસ્સો યથોચિત સંવિભાગ કરી સેવા કરનારી સંસ્થાઓ, અભાવગ્રસ્ત વ્યક્તિઓ, સાધર્મિકોને સહાય કરી શકે.

હરિભદ્રસૂરિએ **'અષ્ટક'**માં કહ્યું છે કે:

**दानं शुभाशयकरं त्येतवाग्रहच्छेदकारि च।**

**सदभ्युदयसारांगमनुकम्पा प्रसूति च।।**

દાન દાતા અને યાચક બન્નેમાં શુભાશય ઉત્પન્ન કરે છે. ધન સંપન્ન (શ્રીમંતો)ની ધન પ્રત્યે જેવી મમતા અને અર્હતાનો અભિનિવેશ છે તેને તે તોડે છે, દાન અભ્યુદયની પરંપરાને વધારે છે. ધર્મનો સારભૂત અંગ છે અને હૃદયમાં અનુકંપાને જન્મ આપે છે.

**'પંચાશક વિવરણ'**માં કહ્યું છે:

**दानात्कीर्तिः सुधा शुभ्रा दानात्सौभाग्यमुत्तमम्।**

**दानात्कायार्थ मोक्षाः स्युर्दानधर्मो वरस्ततः।।**

દાનથી અમૃત સમાન ઉજ્જવલ કીર્તિ ફેલાય છે. દાનથી મનુષ્યને ઉત્તમ સદ્‌ભાગ્ય (પુણ્ય) પ્રાપ્ત થાય છે. દાનથી કામ, અર્થ અને મોક્ષનો લાભ થાય છે માટે દાન ધર્મ શ્રેષ્ઠ છે.

દાન એ પ્રીતિવર્ધક છે, આ એક મનોવૈજ્ઞાનિક તથ્ય છે. **'નિશીથચૂર્ણિ'**માં કહ્યું છે:

**महवा वि समासेण साहूण पीत्तिकारओ पुरिसो।**

**इह य परत्थाय पावति, पीदीओ पीवतराओ।।**

દાનથી મનુષ્ય સાધુઓનો પ્રીતિપાત્ર બને છે. જેના ફળસ્વરૂપે તે દાનેશ્વરી આ લોકમાં લોકપ્રિય બને છે અને પરલોકમાં પણ અતિશય પ્રીતિભાજક બને છે.

દાનથી શત્રુ, મિત્ર જ નહીં પરંતુ વિવેક રહિત એવા કૂતરો, ગાય, ભેંસ, ઘોડા, બળદ જેવા પાલતુ પ્રાણીઓ પણ પોતાના માલિકને વફાદારીપૂર્વક સેવા કરે છે. માલિક દ્વારા ખળ ચારો, દાણા-પાણી મળતાં બળદ ખેતરમાં હળ ખેડે છે, ગાય-ભેંસ દૂધ આપે છે, કૂતરો ચોકી કરે છે.

આમ, દાનની અમોઘ વૃષ્ટિ માનવ જાતિમાં જ નહીં પરંતુ સમગ્ર પ્રાણી સૃષ્ટિમાં સદ્‌ભાવ, સફળતાની શીતળધારા પ્રવાહિત કરે છે.

**આગમમાં દાનનું માહાત્મ્ય :**

**'શ્રી આચારાંગ સૂત્ર'** અનુસાર માનવસંસ્કૃતિ અને ધર્માચરણના સંસ્થાપક, કર્મયુગના આરંભક શ્રી આદિનાથ સ્વામીથી લઈને શ્રી મહાવીર સ્વામી સુધીના સર્વ તીર્થંકરો દુન્યવી સુખો છોડી દીક્ષા પૂર્વે એક વર્ષ પર્યંત વિપુલ ધનરાશિ દાનમાં આપે છે. જગતના જીવોનું દારિદ્રય દૂર કરે છે. આ દાન 'સંવત્સર'ના નામે વિખ્યાત છે.

''तिण्णेव कोडिसया, अट्ठासीई अ होंति कोडीओ।

असियं च सयसहस्सा एयं संवच्छरे दिण्णं।।'' (આવશ્યક નિર્યુક્તિ ગા. ૨૪૨)

તીર્થંકરો પ્રતિદિન એક પ્રહર સુધી એક કરોડ, આઠ લાખ સોનામહોરનું દાન આપે છે. એક વર્ષમાં ત્રણ અબજ, અઠ્ઠયાસી કરોડ, એંસી લાખ સુવર્ણમુદ્રાઓનું દાન કરે છે.

**'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર'** (શ્રુ.૧/અ.૮/સૂ.૭૬)માં શ્રી મલ્લી ભગવતીના વાર્ષિક દાનના સંદર્ભમાં સૂત્રકાર કહે છે કે : 'તેમનું દાન લેવા સનાથ, અનાથ, પથિક, પ્રેષ્ય, ભિક્ષુક આદિ જે પણ આવતા તેમને તેઓ મુક્ત હાથે દાન આપતાં હતાં.'

આમ, અવધિજ્ઞાની એવા ભાવિના ભગવાન દ્વારા ગૃહસ્થપણે આચરિત દાન ધર્મની પ્રવૃત્તિથી એવું ધ્વનિત થાય છે કે, ગૃહસ્થાશ્રમ દાન ધર્મ પર ટકેલો છે.

**'શ્રી સ્થાનાંગ સૂત્ર'**માં કહ્યું છે :

**तिण्हं दुप्पडियारं समाणाउओ तं जहा - अम्मापिउणो, भट्टिस्स धम्मायरियस्स।** (૩/૧/૧૩૫)

ત્રણ વ્યક્તિના ઉપકારનો બદલો (પ્રતિદાન) વાળવો અતિ દુષ્કર છે. તે છે - માતા-પિતા, શેઠ અને ધર્મગુરુ.

અહીં સ્પષ્ટ થાય છે કે દાન એ સમાજ અથવા પ્રાણીઓની સહાયતાના રૂપમાં ઋણ ચૂકવવાનો એક અમૂલ્ય અવસર છે.

વૈદિક ધર્મમાં પણ ગૃહસ્થના બનેલા ભોજનમાંથી સૌ પ્રથમ ગાય, કૂતરા, કાગડા, અગ્નિ અને અતિથિનો ગ્રાસ (કોળિયો) કાઢવાનો નિર્દેશ કર્યો છે.

દાનનાં સંદર્ભમાં **શ્રી સ્થાનાંગસૂત્ર**માં મેઘના ચાર પ્રકાર દર્શાવ્યા છે. (૧) ગર્જના કરે પણ વરસે નહીં. (૨) વરસે પરંતુ ગર્જના કરે નહીં. (૩) ગર્જના પણ કરે અને વરસે પણ. (૪) નથી ગર્જતા કે નથી વરસતા.

મેઘ સમાન મનુષ્ય પણ ચાર પ્રકારના છે. (૧) કોઈક બોલે છે પણ આપતા નથી. (૨) કોઈક આપે છે પરંતુ બોલતા નથી. (૩) કોઈક બોલે પણ છે અને આપે પણ છે. (૪) કોઈક નથી બોલતા કે નથી આપતા.

ભગવાન મહાવીરના આ કથન દ્વારા દાનની ગરિમા અને મહિમા સ્પષ્ટ થાય છે.

**વ્યવહારમાં દાનની મહત્તા :**

વ્યવહાર જગતમાં ડોકિયું કરીએ તો દેશમાં દુર્ભિક્ષ, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, પ્રલય અને ભૂકંપ જેવી પ્રાકૃતિક આફતો આવી પડે ત્યારે આપત્તિનું નિવારણ એક માત્ર દાન દ્વારા જ થઈ શકે છે.

પ્રાચીન કાળમાં ભારતની ત્રણ વિશ્વવિદ્યાલયો નાલંદા, તક્ષશિલા અને વિક્રમશિલા; જ્યાં વિદેશથી વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ માટે આવતા હતાં. આ વિદ્યાલયો રાજાઓ, શેઠ-શાહુકારોના ઉદાર દાનથી ચાલતી હતી. અશોકના દાનનો ઉલ્લેખ સ્તૂપો, શિલાલેખો પર અંકિત છે. સમ્રાટ હર્ષ દર પાંચ વર્ષે પોતાની ધન રાશિ દાનમાં આપતા હતા.

આજે સમાજની ઘણીખરી સંસ્થાઓ, વૃદ્ધાશ્રમો, અનાથાલયો પ્રાયઃ સમાજના શ્રીમંતોની મળતી ધનરાશિ દ્વારા જ ચાલે છે. સમાજના અગણિત ઉપકારોનું ઋણ ચૂકવવાનો આ વિનમ્ર પ્રયાસ છે.

પ્રત્યેક ધર્મના સાધુ, સંન્યાસી, ભિક્ષુક અને બ્રાહ્મણો પરોપજીવી છે. તેઓ દાન પર જ નિર્ભર છે તેથી જ ગૃહસ્થ જીવન ધન્ય છે, જેઓ સર્વનો ભાર ઉપાડે છે. બદલામાં સંતોનો રાજીપો મેળવી માણસ ઠરે છે.

માનવમાં રહેલા ચૈતન્ય તત્ત્વને ઠારવામાં સંતો નિમિત્તરૂપ બને છે.

દાન એક અહિંસક પ્રવૃત્તિ છે. જેમ કોઈને કષ્ટ આપવું, મારવું એ હિંસા છે. એ જ રીતે શક્તિ હોવા છતાં પીડિતોનું કષ્ટ દૂર ન કરવું તે પણ હિંસા છે. એક માણસ ભૂખથી ટળવળી રહ્યો છે ને આપણી પાસે વધારાનું ભોજન હોવા છતાં એની ક્ષુધાનું નિવારણ ન કરીએ તો એ પણ હિંસા જ લેખાય. કબાટ ભરીને વસ્ત્રો હોવા છતાં કોઈની ટાઢ ઉડાડવા એક વસ્ત્ર પણ ન આપીએ, શક્તિ હોવા છતાં સેવા-શુશ્રૂષા ન કરીએ, અજ્ઞાની અંધકારમાં ભટકતો હોય અને એને પોતાના જ્ઞાન વડે માર્ગદર્શન ન આપીએ તો એક પ્રકારની હિંસા જ છે. અન્નદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન, અનુકંપા દાન, અભયદાન દ્વારા બીજાની સહાયતા કરવી એ અહિંસા ધર્મ જ છે.

ભારતીય સંસ્કૃતિમાં માત્ર ભૂખ્યા તરસ્યાને જ અન્ન આપવું એમ નહિ, પણ કીડીઓને કીડિયારૂં, કૂતરાને રોટલો, કાગડા-કબૂતર, ચકલા વગેરે પક્ષીઓને ચણ આપવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આની પાછળ એક મહાન તથ્ય સમાયેલું છે. આહાર માટે બીજા જીવો પર નભતા પશુ-પક્ષીઓ જ્યારે તેમને પૂરતા પ્રમાણમાં નિર્દોષ ખોરાક મળી રહે અને એનાથી ધરાઈ જાય ત્યારે બીજા જીવોની હિંસા કરી તેને ખાતા નથી. આમ, દાનની સાથે અભયદાન અને અહિંસાની ભાવનાનો વિનિયોગ છે. આમ કરતાં પશુ-પક્ષીઓના જીવનમાં પણ અહિંસક સંસ્કારો પડે છે અને પરિવારના સભ્યોમાં દાનની ભાવના અનાયાસે નવપલ્લવિત થાય છે.

વૈજ્ઞાનિક દૃષ્ટિએ દાનમાં પર્યાવરણની સુરક્ષા સમાયેલી છે. આ સૃષ્ટિની સમગ્ર સંપત્તિ સહિયારી છે. તે કોઈ એક વ્યક્તિ માટે નથી. પ્રાકૃતિક સંપત્તિનો બેફામ દુરૂપયોગ થાય છે ત્યારે ધરતીકંપ, સુનામી, આંધી સર્જાય છે. ભારતના દિવ્ય મહર્ષિઓએ પૃથ્વી, પાણી, વાયુ, અગ્નિ વગેરેમાં દેવત્વનું આરોપણ કરી મંત્રો બનાવીને પર્યાવરણના રક્ષણની દીર્ઘદૃષ્ટિ ખીલવી હતી. જૈન મહર્ષિઓએ જીવદયાના પાલન પર ભાર મૂકી જીવોની રક્ષા પર ભાર મૂક્યો છે જેથી વેડફાટ અટકે અને પર્યાવરણ પ્રદૂષણની સમસ્યા આપોઆપ દૂર થઈજાય. જેમ આપણે જીવવા ઈચ્છીએ છીએ એમ બધા જીવવા ઈચ્છે છે. '**सव्वे जीवावि इच्छंति न मरिजीह।**' કોઈ મૃત્યુ ને ઈચ્છતું નથી, માટે બધા 'જીવો અને જીવવા દો' એટલું જ નહીં 'મરીને પણ અન્યને જીવાડો' જેથી પર્યાવરણની રક્ષા થઈ શકે. એ જ પર્યાવરણના સંદર્ભમાં અભયદાનનું હાર્દ છે.

કુળવાન, ધૈર્યવાન, પંડિત, સુભટ, પૂજ્ય, ધર્માત્મા , રૂપવાન, સજ્જન, મહાપરાક્રમી ઈત્યાદિમાં લક્ષ્મી રાચતી નથી કારણ કે લક્ષ્મી જળતરંગ જેવી ચંચળ છે. જે પુરુષ રાત્રિ દિવસ લક્ષ્મીને માત્ર વધારવાનું ચિંતન કરે છે તે લક્ષ્મીનો દાસ બને છે. તે માત્ર પોતાના આત્માને ઠગે છે કારણ કે લક્ષ્મીનું મમત્વ-આસક્તપણું કષાય ભાવને તીવ્ર અને મલિન કરે છે; માટે લક્ષ્મીને સત્કાર્યોમાં વાપરવી એ સ્તુત્ય છે. આ વિશ્વમાં લક્ષ્મી પુણ્યના ફળરૂપે મળે છે. આ સંપત્તિ કે લક્ષ્મીનો વૈભવ ચક્રવર્તી અને દેવોને પણ શાશ્વતરૂપ નથી. સર્વ વૈભવો ઈંદ્રધનુષના રંગ જેવા ક્ષણભંગુર છે.

**દાનનું ફળ :**

પાશ્ચાત્ય વિદ્વાન '**એસોપ**'નો દાન વિષે સુંદર અભિપ્રાય છે: "**Not act of kindness, no matter how small is ever wasted.**"

કોઈપણ ભલાઈનું કાર્ય, ભલે તે નાનું હોય છતાં કદી વ્યર્થ જતું નથી. સંપત્તિ ભલે વિનશ્વર છે

પરંતુ સન્માર્ગે પ્રયોજાતિ સંપત્તિના ફળ અવિનશ્વર છે.

**'અભિધાન રાજેન્દ્ર કોષ'** (ગા. ૧૦૩)માં દાનની વિશેષ છણાવટ કરતાં પ્રશ્ન પૂછ્યો છે:

**''दंसण मितेण वि मुणिवराणं नासेइ दिणकयं पावं ।**
**जो देई ताण दाणं तेण जेह किं न सुविढत्त ?''**

જો મુનિવરોના દર્શન માત્રથી દિવસમાં કરેલું પાપ નષ્ટ થાય છે, તો પછી જેઓ તેમને દાન આપે છે, તેમને માટે આ જગતમાં એવી કઈ વસ્તુ છે કે જે તેમને પ્રાપ્ત ન થાય ? અર્થાત્ દાનવીરને સઘળું સુખ સુલભ બને છે.

**'રયણસાર'** ગ્રંથમાં સુપાત્ર દાનનું ફળ બતાવતાં કહ્યું છે:

**''मातु-पितु-मितं-कलत्र-धण-धण्ण-वत्थु-वाहण-विसयं ।**
**संसार सार सोक्खं जाणउ सुपत्तदाण फलं ।।२०।।''**

માતા-પિતા-મિત્ર-પત્ની (આદિ પરિવારનું સુખ તથા) ધન-ધાન્ય-વસ્ત્ર-અલંકાર-હાથી, રથ, મકાન આદિ સંબંધી મળેલું સંસારી શ્રેષ્ઠ સુખ સુપાત્રદાનનું ફળ જાણવું.

કોઈ પૂર્વાચાર્યે દાન ધર્મનો મહિમા અને દાનનું ફળ બતાવતાં કહ્યું છે:

**''मात्रके कीर्तिपुष्टाय, स्नेहपुष्टाय बान्धवे ।**
**सुपात्रे धर्मपुष्टाय, न दानं क्वापि निष्फलम् ।।''**

દીન-દુઃખી, કરૂણાપાત્રને દાન આપવાથી કીર્તિ (યશ-પ્રતિષ્ઠા)ને પુષ્ટિ મળે છે. બાંધવોને દાન આપવાથી સ્નેહની વૃદ્ધિ થાય છે અને સુપાત્રને દાન આપવાથી ધર્મની પુષ્ટિ થાય છે.

દાન પરોક્ષરૂપે આત્મબોધ પમાડનાર છે, એવી સ્પષ્ટતા **'પદ્મનંદિ પંચવિંશતિ'**(૨/૧૫) ગ્રંથમાં આચાર્ય પદ્મનંદિજી કરે છે.

**''प्रायः कृतो गृहगते परमात्म बोधः ।**
**शुद्धात्मनो भुवि यतः पुरुषार्थ सिद्धि ।**
**दानात्पुर्ननु चतुर्विधतः करस्था ।**
**सा लीलयैव कृत पात्र जनानुषंगात् ।।''**

આ વિશ્વમાં આત્મ સ્વરૂપના જ્ઞાનથી શુદ્ધાત્માના પુરુષાર્થની જે સિદ્ધિ થાય છે, તેવું આત્મજ્ઞાન ગૃહમાં સ્થિત મનુષ્યને ક્યાંથી પ્રાપ્ત થઈ શકે ? અર્થાત્ ન થઈ શકે પરંતુ ચાર પ્રકારના દાનથી તથા પાત્રના આનુષંગિક (સહવર્તી) ફળ રૂપ એ આત્મબોધ સહજ રૂપથી થાય છે.

મહાપુરુષોનો સંગ પારસમણિ સમાન હોવાથી જીવનમાં આધ્યાત્મિક પરિવર્તન લાવે છે. જેમ કે - નયસારે શ્રમિત મુનિવરને નિર્દોષ ભોજન વહોરાવી તેમના સંયમમાં પુષ્ટિ કરી. કરુણાશીલ મુનિવરે પ્રત્યુપકાર કરવા તેના હૃદયમાં મોક્ષમાર્ગના બીજ રૂપ સમ્યગ્દર્શનની રોપણી કરી.

દાન એ લોકોત્તર સુખનું કારણ છે. **'શ્રી આચારાંગ સૂત્ર'** (૧/૮/૨) તેની પ્રમાણતા દર્શાવે છે.

''કેવળજ્ઞાની (મતિમાન) વર્ધમાન સ્વામીએ કહ્યું છે કે, સમનોજ્ઞ (સુવિહિત) વ્યક્તિ, સમનોજ્ઞ સાધુને અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર-વસ્ત્ર-પાત્ર-શયન પ્રદાન કરે તેમને નિમંત્રિત કરે, પરમ આદરપૂર્વક તેમની સેવા-વૈયાવચ્ચ કરે તે (વ્યક્તિ) ધર્મનું આદાન (ગ્રહણ) કરે છે.''

**'શ્રી ભગવતી સૂત્ર'** અનુસાર દાન એ પુણ્યનું કાર્ય છે:

**''गोयमा ! एगंत सो निज्जरा कज्जइ, नत्थि य से पावे कम्मे कज्जई।''**

તથારૂપ શ્રમણ અથવા માહણને આપેલું દાન એકાંત નિર્જરાનું કારણ છે, પાપનું કાર્ય નથી.

સમ્યગ્દર્શન સહિતની દાનાદિ ક્રિયા કર્મ ખપાવવાનું કારણ બને છે અર્થાત્ પરંપરાએ દાન એ શિવસુખનું કારણ છે.

એતદ વિષયની પુષ્ટિ કરતાં '**શ્રી ભગવતી સૂત્ર**' (શ. ૭, ઉ. ૧)માં કહ્યું છે:

**''समणोवासएणं तहारुवं समणं वा जाव पडिलाभेमाणे तहारुवस्स समणस्स वा माहणस्स वा समाहिं अप्पाएति। समाहि कारएणं तमेव समाहिं पडिलब्भई।''**

ત્યાગી શ્રમણ-માહણોને શ્રમણોપાસક તેમની ઉપયોગી, નિર્દોષ, કલ્પ્ય વસ્તુઓનું દાન આપી તેમને સમાધિ (સુખ-શાંતિ) આપે છે.

આમ, સુપાત્રને સમાધિ આપનાર સ્વયં સમાધિ મેળવે છે.

'**તત્ત્વાર્થ સૂત્ર**'ના રચયિતા શ્રી ઉમાસ્વાતિજી કહે છે:

**''भूतवृत्त्यनुकम्पादानं सराग संयमादियोगः क्षान्तिः शौचमेती सद्वेधस्य।''**

પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા કરવી, વૃત્તિ (આજીવિકા) આપવી, યથોચિત રૂપે દાન આપવું એ સરાગ સંયમ આદિનો યોગ, ક્ષમા અને શૌચ એ શાતા વેદનીયના બંધનું કારણ છે.

અહીં સ્પષ્ટ થાય છે કે બીજાને સમાધિ આપનાર સ્વયં શાતા વેદનીય કર્મ બાંધે છે. તેને શારીરિક અને માનસિક શાંતિ (સમાધિ) પ્રદાન થાય છે.

'**શ્રી ભગવતી સૂત્ર**' (શ. ૫, ઉ. ૬)માં ભગવાન મહાવીર સ્વામી અને ગણધર ગૌતમસ્વામીનો સંવાદ છે, જેમાં દાનનું ફળ સ્પષ્ટ થાય છે.

**'गोयमा! नो पाणे अइवाइ वा, नो मुसंवाइ वा, तहारुवं समणं वा माहणं वंदिता जाव पज्जुवासित्ता जाव अन्नयरेणं पीइकारएणं असणं पाणं खाइमं साइमं पडिलाभित्ता एरां खलु जीवा जाव पकरंति।'**

ગૌતમસ્વામીએ પ્રશ્ન પૂછ્યો, ''ભગવન્! જીવ શુભ, દીર્ઘ આયુષ્ય કયા કારણે બાંધે છે?''

ભગવાને કહ્યું, ''ગૌતમ! જે વ્યક્તિ જીવહિંસા ન કરે, અસત્ય ન બોલે, સાધુ-સાધ્વીના ગુણાનુવાદ કરે, તેમને સત્કાર-સન્માન આપે, તેમને મનોજ્ઞ, પથ્યકારી ભોજન, પાણી, મેવા-મીઠાઈ, પકવાન અને મુખવાસ રૂપ ચારે પ્રકારનો આહાર આપે છે તે જીવ દીર્ઘાયુ પ્રાપ્ત કરે છે.''

નિઃસ્પૃહી સંતોને ગુરુબુદ્ધિથી દાન આપી તેમના સંયમ પાલનમાં સહાયક થવું અત્યંત લાભદાયક છે.

'**શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર**' (૨/૨/૩૯)માં સ્પષ્ટપણે કહ્યું છે કે:

**''महड्ढिएसु महज्जइएसु जाव महासुखेसु....''**

''શ્રમણ નિર્ગ્રંથોને શુદ્ધ, નિર્દોષ આહાર આદિ ચૌદ પ્રકારના દાન આપનાર શ્રમણોપાસક (ગૃહસ્થ-શ્રાવક) આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગમાં મહાન ઋદ્ધિ સંપન્ન દેવતા બને છે.''

આમ, દાનથી જ ભૌતિક અને આધ્યાત્મિક સુખો પ્રાપ્ત થાય છે. ટોચ કક્ષાની સદ્ગતિ પણ દાનને આભારી છે. ભોગભૂમિના સુખો પણ દાનથી મળે છે અને મુક્તિનું શાશ્વત સુખ પણ દાનથી જ મળે છે.

**દાનમાં ભાવની મહત્તા :**

આચાર્ય કુંદકુંદે (ભાવપાહુડ; ગા. ૪) કહ્યું છે: **'भावरहिओ न सिज्जइ।'** - ભાવ (ધર્મ) વિનાનો આત્મા ગમે તેટલા પ્રયત્ન કરે છતાં મુક્તિ પ્રાપ્ત ન કરી શકે.

આચાર્ય ભદ્રબાહુ **'આવશ્યક નિર્યુક્તિ'** (૬૫)માં કહે છે: **''वाहण विणा पोओ न चएइ महण्णवं तरिउ।''**

જેમ પવન વિના સારામાં સારા જહાજ પણ સમુદ્રમાં ચાલી શકતાં નથી, તેમ સારામાં સારો ચતુર સાધક પણ ભાવ વિના સંસાર સાગરને પાર કરી શકતો નથી. વહાણના ચાલવામાં વાયુ કારણ છે, તેમ ધર્મરૂપી નાવને સંસાર સમુદ્રમાં તારવા માટે શુભભાવ એ મુખ્ય કારણ છે.

આચાર્ય સિદ્ધસેને પાર્શ્વનાથ પ્રભુની સ્તવના કરતાં **'કલ્યાણમંદિર સ્તોત્ર'** (શ્લો.૩૮) માં કહ્યું છે:

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि।**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या।**
**जातोऽस्मि तेन जनबांधव! दुःखपात्रं।**
**यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।।**

હે! પ્રભુ ભવાંતરમાં અનેકવાર આપના દિવ્ય વચનો સાંભળ્યા, પૂજા-સત્કાર કર્યા. અરે! દેવ-દુર્લભ દર્શન પામીને પણ ભક્તિપૂર્વક તેમાં મન ન પરોવ્યું. આ કારણે તો જન્મોજન્મ દુઃખ પામી રહ્યો છું, કારણ કે ભાવશૂન્ય ક્રિયા કદી ફ્લદાયી બને જ નહીં.

ભાવસહિત સત્કર્મ અત્યુત્તમ ફળ આપે છે જ્યારે ભાવરહિત કરેલું મોટું સત્કાર્ય પણ વ્યર્થ છે; જેમ નેત્ર વિના જીવન સૂનું છે, નમક વિના ભોજન રસહીન લાગે છે, તેમ ભાવ વિનાની સર્વ ક્રિયાઓ અપૂર્ણ, અધૂરી છે.

ફળ હંમેશાં ક્રિયા અનુસાર નહીં પરંતુ ભાવ અનુસાર મળે છે. જેમ કે, આગમ અનુસાર ધર્મમાં સ્થિર, ઇરિયાસમિતિનું પાલન કરતા ઉપયોગ યુક્ત સંયમી મુનિ રસ્તા પરથી ચાલ્યા જાય છે. તેમના પગ નીચે કોઈ જીવની વિરાધના થઈ જાય છે. પ્રત્યક્ષ રીતે તો હિંસા પ્રતીત થાય છે પરંતુ વાસ્તવમાં આ સાધુ હિંસક નથી પરંતુ અહિંસક છે. તેમના ઉપયોગપૂર્વક ગતિ કરવામાં પાપનો બંધ નથી પરંતુ કર્મનિર્જરા સમાયેલી છે.

**जा जयमाणास्स भवे विराहणा सुत्तविहिस मग्गस्स।**
**सा होई निज्जरफला अज्झत्थ विसोहिजुत्तस्स।।** (આવશ્યક નિર્યુક્ત, ગા. ૭૫૮-૫૬)

જેની ભાવના શુદ્ધ છે, આગમ વિધિ અનુસાર આચરણ છે; તેના દ્વારા ક્યારેક થઈ જતી હિંસા પણ કર્મનિર્જરા રૂપ ગણાય છે કારણ કે ભાવ વિશુદ્ધ છે ત્યાં હિંસા પણ અહિંસા બને છે. પુણ્ય અને પાપ એ ક્રિયા નહીં પરંતુ ભાવ ઉપર આધાર રાખે છે.

**'શ્રી આચારાંગ સૂત્ર'** (૪/૨)માં ભાવનાની શક્તિનો પરિચય આપતાં કહ્યું છે: **'जे आसवा ते परिस्सवा।'** જે આશ્રવ (કર્મબંધના હેતુ)છે, તે ભાવનાની પવિત્રતાથી પરિશ્રવા (કર્મનિર્જરાનું કારણ) બને છે. અર્થાત્ સંસાર વૃદ્ધિનાં કારણો ભાવનાના બળથી સંસાર મુક્તિનાં કારણો બને છે.

**'યોગ વાસિષ્ઠ'**માં મહર્ષિ વ્યાસે કહ્યું છે:

**''अमृतत्त्वं विषं याति सदैवामृतवेदनात्।**
**शत्रुर्मित्रत्वमायाति मित्रसंवित्तिवेदनात्।।''**

અમૃતરૂપે ચિંતન કરવાથી વિષ પણ અમૃત બની જાય છે. શત્રુને મિત્ર જેવી દષ્ટિથી નિહાળતાં શત્રુ પણ મિત્ર બને છે.

પ્રાણી સ્નેહ-દ્વેષ કે ભયની ભાવનાથી મન પણ સ્નેહી, દ્વેષી કે ભયભીત બને છે. વીતરાગીની સમીપમાં જાતિ વૈરવાળા પ્રાણીઓ પોતાની શત્રુતા વીસરી જાય છે. વૈરનું વિસર્જન થાય છે. તેનું મુખ્ય કારણ પરમાત્માની વીતરાગ ભાવના-કરુણા ભાવના છે.

આમ, આપણા જીવનમાં આધ્યાત્મિક ઉત્થાનમાં ભાવના એક પ્રમુખ શક્તિ બને છે. ભાવના પર જ ઉત્થાન-પતન, વિકાસ-હ્રાસનો આધાર છે. નિર્મળ અને ઉજ્જવળ ભાવના વિકાસનું તેમજ અશુભ ભાવના પતનનું કારણ છે, માટે ભાવનાની પવિત્રતા સદા આવશ્યક છે.

આચાર્ય ઉમાસ્વાતિજીએ (તત્ત્વાર્થસૂત્ર, ૬/૭ માં) ભાવનાના સ્થાને 'અનુપ્રેક્ષા' શબ્દનો પ્રયોગ કર્યો છે. ''**स्वाख्यात तत्त्वानुचिन्तनमनुप्रेक्षा।**'' ધર્મ આદિ ભગવત્ કથિત વિષયોનું ચિંતન કરવું એ અનુપ્રેક્ષા છે.

અનુપ્રેક્ષા એટલે આત્મચિંતન. કોઈ એક વસ્તુને કેન્દ્ર બનાવી ચિંતન કરવું તેને અનુપ્રેક્ષા કહેવાય છે. આ જ સ્થિતિ ધ્યાનની છે. અતઃ ભાવનાનું અગ્રિમ રૂપ ધ્યાન માનવામાં આવે છે.

આમ, ભાવ એક એવી ચાવી છે, જેના દ્વારા ધર્મરૂપી દ્વાર ખુલે છે. ભાવ એક ઔષધ છે જેના દ્વારા ભવરૂપી રોગની ચિકિત્સા થાય છે. ભાવ એક એવી પરમ શક્તિ છે, જે પ્રત્યેક ધર્મ ક્રિયામાં, પ્રત્યેક વ્યવહારમાં પોતાનો પ્રભાવ દર્શાવે છે.

દાનનો મુખ્ય સંબંધ પણ ભાવ પર છે. દાનને માપવાનું થર્મોમીટર ભાવ છે. દાનમાં વસ્તુ નહીં, દાતાની મનોવૃત્તિ અર્થાત્ ભાવની મહત્તા છે.

પંડિત આશાધરજીએ '**સાગરધર્મામૃત**' (૫/૪) નામના જૈન ગ્રંથમાં સાત્ત્વિક દાનનું લક્ષણ બતાવતાં કહ્યું છે:

''**आतिथेयं हितं यत्र, यत्र पात्र परीक्षणं।**
**गुणाः श्रद्धादयो यत्र, तद्दानं सात्त्विकं बिदुः।।**''

જે દાનમાં લેવાવાળા (અતિથિ)નું હિત-કલ્યાણ થાય, જેમાં પાત્રનું પરીક્ષણ સ્વયં કર્યું હોય, જે દાનમાં શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, આત્મિયતા, અનુગ્રહ બુદ્ધિ આદિ સમસ્ત ગુણો હોય તે દાનને સાત્ત્વિકદાન કહેવાય છે. આવું સાત્ત્વિકદાન સ્વ-પર કલ્યાણક બને છે.

સંગમને સુપાત્ર દાન આપતાં અપૂર્વ આનંદ થયો. શ્રમણની 'ના'ની ઉપરવટ જઈ તમામ ખીર મુનિના પાત્રમાં વહોરાવી દીધી. તેના ફળસ્વરૂપે શાલિભદ્રના જન્મમાં સ્વર્ગીય સુખો માનવદેહે માણ્યા. એથીય શિરમોર બાબત એ બની કે પ્રભુ મહાવીરના હસ્તે સંયમ સ્વીકારી મોક્ષ નિશ્ચિત કર્યો.

વિદ્વાન પં. આશાધરજીએ '**સાગરધર્મામૃત**' ગ્રંથમાં રાજસદાનનું લક્ષણ બતાવતાં કહ્યું છે:

''**यदात्मवर्णन प्रायं क्षणिकाहार्यविभ्रम्।**
**परप्रत्ययसम्भूतं दानं तद् राजसं मतम्।।**''

જે દાન કેવળ પોતાના યશ-કીર્તિ માટે આપવામાં આવે છે, જે થોડા સમય પૂરતું સુંદર અને ચકિત બનાવે છે, જે બીજા દ્વારા અપાયેલું હોય અથવા બીજાની વસ્તુ પોતાના નામે આપેલી હોય, તે રાજસદાન કહેવાય છે.

આમ, રાજસદાન પ્રસિદ્ધિ, વાહવાહની દષ્ટિએ થાય છે. તેમાં દીન-દુઃખીઓને આપવાની ભાવના પ્રાયઃ હોતી નથી. બીજાના દુઃખમાં સહાનુભૂતિનો કોમળ સ્વર, ઉત્સાહ અને સહૃદયતાનો અભાવ

હોવાથી આવું દાન કર્મનિર્જરા ન કરાવે પરંતુ બોદું (માયકાંગલું) પુણ્ય બંધાવી શકે.

રાજસદાનમાં દાન આપવાની ભાવના મૃત:પ્રાય છે.

તામસ દાનનું લક્ષણ દર્શાવતાં **'સાગરધર્મામૃત'** (૫/૪૭)માં કહ્યું છે:

**''पात्रापात्रसमावेक्षम सत्कारमसंस्तुतम् ।**

**दासभृत्यकृतोद्योगं दानं तामसमूचिरे ।।''**

જે દાનમાં પાત્ર-અપાત્રનો કોઈ વિચાર ન કરવામાં આવે, જેમાં અતિથિનો કોઈ સત્કાર ન કરવામાં આવે, જે દાન નિંદાપાત્ર હોય અને જેમાં સેવક અને ભૃત્ય પાસેથી દાન આપવાનો ઉદ્યમ કરાવવામાં આવે, તે દાનને તામસદાન કહેવાય છે.

**'શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર'**નું નાગશ્રી બ્રાહ્મણીનું દષ્ટાંત તામસ કોટિનું દાન લેખાયું છે - નાગશ્રીએ દાન એક ઉત્કૃષ્ટ પાત્રને આપ્યું પરંતુ તેની ભાવના ઉકરડો સમજીને વહોરાવવાની હતી; જેની પાછળનો આશય એવો હતો કે પરિવારજનો સમક્ષ પોતાની બદનામી ન થાય, પોતાની રસોઈના વખાણ થાય. 'કડવું શાક ખાઈને સાધુનું શું થશે ?' એ વિચાર તેણીને અંશમાત્ર ન આવ્યો.

દાનના સાત્ત્વિક, રાજસ તથા તામસ આ ત્રણ પ્રકાર ભાવના આધારે પડ્યાં છે. વ્યવહારની દષ્ટિએ એને ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય કોટિનાં દાન કહી શકાય.

**''उत्तमं सात्त्विकं दानं, मध्यमं राजसं भवेत् ।**

**दानानामेव सर्वेषां, जघन्य तामसं पुनः ।।''** (સાગરધર્મામૃત ૫/૪૭)

સાત્ત્વિક દાન સર્વોત્તમ છે. રાજસદાન નિકૃષ્ટ (મધ્યમ કક્ષાનું) છે અને સર્વ દાનોમાં તામસ દાન જઘન્ય (ઉતરતી કક્ષાનું) છે.

ઉપાધ્યાય યશોવિજયજીએ **'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા'** ગ્રંથમાં કહ્યું છે:

**एन्द्रशर्मप्रदं दानमनुकम्पा समन्वितम् ।**

**भक्त्या सुपात्रदानं तु मोक्षदं देशितं जिनैः ।।**

અનુકંપાયુક્ત દાન ઈન્દ્ર સંબંધી સુખ પ્રદાન કરાવે છે. ભક્તિયુક્ત સુપાત્રદાન તો મોક્ષ પ્રદાન કરાવે છે; એવું જિનેશ્વર ભગવંત કહે છે.

**'કાર્તિકેયાનુપ્રેક્ષા'** (ગા. ૨૦)માં સુંદર બોધ આપ્યો છે:

**''एवं जो जाणिता विहलिय लोयणा धम्मजुत्ताणं ।**

**णिरवेक्खो तं देदि हु तस्स हवे जीवियं सहलं ।।''**

લક્ષ્મીને જે અનિત્ય જાણી નિર્ધન અને ધર્માત્મા વ્યક્તિઓને દાનમાં આપે છે, અને બદલામાં કોઈ પ્રકારની અભિલાષા રાખતા નથી તેનું જીવન સફળ છે.

માટે જ કહ્યું છે -

**ભાવે ભવના ભાવીએ, ભાવે દીજે દાન;**

**ભાવે ધર્મ આરાધીએ, ભાવે કેવળજ્ઞાન.**

**દાનના પ્રકાર :**

દાનનો દાયરો ઘણો વિસ્તૃત છે. સર્વસાધારણ, અલ્પજ્ઞ તથા છદ્મસ્થ જીવોને સમજવા માટે જ્ઞાનીઓએ ભાવના અને મનોવૃત્તિના આધારે તેના મુખ્ય દશ પ્રકાર દર્શાવ્યા છે.

**શ્રી સ્થાનાંગ સૂત્ર** (સ્થાન - ૧૦, સૂ. ૪૭૫)માં દાનના ૧૦ પ્રકાર બતાવ્યા છે:

**अणुकंपा संगहे चेव, भये कालुषितेति य।**

**लज्जाते गारवेणं च, अधम्मे पुण सत्तमें।**

**धम्मे य अठ्ठमे वुत्ते, काहीति य कतंति य।।**

દાનના ૧૦ પ્રકાર (૧) અનુકંપાદાન (૨) સંગ્રહદાન (૩) ભયદાન (૪) કારુણ્યદાન (૫) લજ્જાદાન (૬) ગૌરવદાન (૭) અધર્મદાન (૮) ધર્મદાન (૯) કરિષ્યતિ દાન (૧૦) કૃતદાન.

દાનના આ દસ પ્રકાર માનવ ભાવના અને ઉદ્દેશ્યનો પરિચય કરાવે છે. '**શ્રી સ્થાનાંગ સૂત્રની વૃત્તિ**'માં તેનો અર્થ નીચે પ્રમાણે છે.

અનુકંપા દાન અનુકંપાના ઉદ્દેશ્યથી; સંગ્રહદાન લોકસંગ્રહની દૃષ્ટિથી; ભયદાન ભયથી; કારુણ્યદાન શોક, પિતૃતર્પણ-શ્રાદ્ધથી; લજ્જાદાન શરમાશરમીથી; ગૌરવદાન ગર્વ, પ્રતિષ્ઠા, વાહ વાહ, કીર્તિ પતાકાની દૃષ્ટિથી; અધર્મ દાન હિંસા, જૂઠ, ચોરી, પરસ્ત્રીગમન, વેશ્યાવૃત્તિ ચલાવવામાં, અધર્મ કાર્યનું પોષણ કરવા માટે; ધર્મદાન સુપાત્રને તથા પતિતને ધર્મની દૃષ્ટિએ; કરિષ્યતિદાન પ્રત્યુપકારની આકાંક્ષા અને પ્રતિફળની ભાવનાથી; કૃતદાન કૃતજ્ઞતા પ્રગટ કરવાના ઉદ્દેશ્યથી આપવામાં આવે છે.

આ દસ પ્રકારના દાનમાં ધર્મદાન શ્રેષ્ઠ છે. ત્યાર પછી અનુક્રમે અનુકંપાદાન, કૃતદાન, કરિષ્યતિદાન, સંગ્રહદાન, ગૌરવદાન, ભયદાન, લજ્જાદાન, કારુણ્યદાન અને અધર્મદાન ઉત્તરોત્તર નિકૃષ્ટ છે.

'**ઉપદેશમાલા**' અને '**દાનપ્રદીપ**' ગ્રંથમાં દાનના આઠ ભેદ દર્શાવેલ છે.

(૧) વસતિદાન : સાધુ-સાધ્વી અથવા મહાવ્રતધારીને રહેવા માટે એવું સ્થાન આપવું, જે તેમને કલ્પનીય હોય.

(૨) શયનદાન : સાધુ-મહાત્માને સૂવા, બેસવા માટે નિર્દોષ, જીવજંતુ રહિત, કલ્પનીય વસ્તુઓ (પથારી, પાટ, ચટાઈ) આપવી, જે સંયમ પોષક હોય.

(૩) આસનદાન : બેસવા માટે લાકડાની વસ્તુઓ આપવી તે.

(૪) ભક્તદાન : સંયમ સાધનામાં નિરાબાધ, નિર્દોષ, એષણીય ખાદ્ય વસ્તુઓ આપવી તે.

(૫) પાનીયદાન : સંયમીને પ્રાસુક, કલ્પનીય, અચિત જળ આપવું તે.

(૬) ભૈષજ્યદાન : સંયમીને કોઈ પ્રકારનો રોગ થયો હોય, શરીરમાં અશાતા, પીડા, વ્યાધિ હોય તો ઔષધનું દાન કરવું તે.

(૭) વસ્ત્રદાન : સંયમીની આવશ્યકતા અનુસાર શુદ્ધ, કલ્પનીય વસ્ત્રો આપવાં તે.

(૮) પાત્રદાન : મહાવ્રતીઓને સંયમમાં ઉપયોગી કાષ્ટ આદિના પાત્ર આપવા તે.

'**આવશ્યક ચૂર્ણિ**'માં દાનના દસ ભેદ આ પ્રમાણે છે:

૧) યથાપ્રવૃત્તદાન (સંયમના આવશ્યક સાધનનું યોગદાન આપવું) ૨) અન્નદાન ૩) પાત્રદાન ૪)વસ્ત્રદાન ૫) ઔષધદાન (દવા) ૬) ભૈષજ્યદાન (લેપ-મલમ) ૭) પીઠદાન (પાટ, પાટલા, બાજોઠ, ખુરસી) ૮) ફલકદાન (પટ્ટા, તખ્ત, વ્યાખ્યાનાદિમાં બેસવા કામ આવે તે) ૯) શય્યાદાન ૧૦) સંસ્તારકદાન (પથારી માટે ઉન, સુતરાઉ વસ્ત્ર, ઘાસ, ચટાઈ વગેરે.)

આ ઉપરાંત શ્રી આવશ્યક સૂત્ર, શ્રી ઉપાસકદશાંગ સૂત્ર (૧/૫૮), શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર (૨/૨/૩૯) અને શ્રી ભગવતી સૂત્ર (૨/૫) આદિમાં ઉત્તમ પાત્રોને દાનમાં આપવા માટેની ૧૪ વસ્તુઓ બતાવી

છે. વસ્તુના આધારે દાનના ચૌદ (૧૪) ભેદ કહ્યા છે.

૧) અશન ૨) પાત્ર ૩) ખાદિમ ૪) સ્વાદિમ ૫) વસ્ત્ર ૬) પાત્ર ૭) કંબલ ૮) પાદપ્રોંછન ૯) પીઠ ૧૦) ફલક (પટ્ટા) ૧૧)શય્યા ૧૨) સંસ્તારક ૧૩) ઔષધ ૧૪) ભૈષજ્ય. આ ચૌદે પ્રકારે યોગદાન કરનાર સંયમીની સાધનામાં ઉપયોગી નીવડે છે.

**આચાર્ય સિદ્ધસેને** દાનનાં ચાર પ્રકાર દર્શાવ્યા છે. (૧) દયાદત્તિ (૨) પાત્રદત્તિ (૩) સમદત્તિ (૪) અન્વયદત્તિ

ભયભીત પ્રાણીને દયાપૂર્વક દાન અથવા અભયદાન આપવું તે **દયાદત્તિ** છે. મહાતપસ્વી મુનિવરોને સત્કારપૂર્વક દાન આપવું તે **પાત્રદત્તિ** છે. સમાન કોટિ અથવા સમાન સ્થિતિવાળા સાધર્મિકને દાન આપવું તે **સમાનદત્તિ** છે. પોતાના વંશના ઉત્તરાધિકારી (પુત્ર)ને સમસ્ત કુળ, જમીન-જાયદાદ સાથે પરિવારનું દાયિત્વ સોંપવું તે **સકલદત્તિ કે અન્વયદત્તિ** છે.

**શ્રી ઉપાસકદશાંગ સૂત્ર**માં આનંદ શ્રમણોપાસકે પડિમાધારી શ્રાવક ધર્મનું પાલન કરવા પૂર્વે કુટુંબીજનોને, મિત્રો અને સંબંધીઓને આમંત્રિત કરી પ્રીતિભોજ આપ્યું. પછી મોટો સમારોહ ગોઠવી સર્વની સમક્ષ જ્યેષ્ઠ પુત્રને સંપત્તિ, જમીન-જાયદાદ સોંપી તત્પશ્ચાત્ પોતાના કુળનું સમસ્ત દાયિત્વ સોંપ્યું. વળી, પોતાના પરિવારને સારી રીતે સંભાળવાનો ભાર તેના માથે મૂક્યો.

વૈદિક ધર્મગ્રંથોમાં આવો ઉલ્લેખ જોવા મળે છે. પિતા વાનપ્રસ્થાશ્રમ સ્વીકારે ત્યારે પોતાની કુળ, સંપત્તિ, પરિવાર અને આશ્રિતજનોનો ભાર કર્તવ્યથી હળવા થવા પોતાના જ્યેષ્ઠ પુત્રને વારસામાં સોંપે છે. જે ધર્મવૃદ્ધિ કરે, પિતાના ધનની રક્ષા કરે, ધર્મને પુષ્ટ કરી ધર્મરક્ષા કરે, તે પુત્ર યોગ્ય ગણાય છે.

વાસ્તવમાં દાનમાં દેય પદાર્થ કિંમતી છે કે તુચ્છ, વધુ છે કે ઓછું, શ્રીમંતે આપેલું છે કે નિર્ધને એ સર્વ બાબતોનું મહત્ત્વ નથી પરંતુ મહત્ત્વ દાન વિધિ સાથે ભાવના (હૃદયની અર્પણતા)નું છે. રાજકુમારી ચંદનબાળાએ દાસીના રૂપમાં અભિગ્રહધારી શ્રી મહાવીર પ્રભુને પારણામાં ફક્ત અડદના થોડા બાકુળા જ વહોરાવ્યા હતા. વિદુર પત્નીએ શ્રીકૃષ્ણને ફક્ત કેળાની છાલ જ આપી હતી. સુદામાએ પ્રિય સખા શ્રીકૃષ્ણને મુઠ્ઠીભર ચોખા જ આપ્યાં હતાં અને ભક્ત શબરીએ પોતાના આરાધ્ય શ્રી રામને એઠાં બોર જ આપ્યાં હતાં.

આ દાનની પાછળ દાતાઓની શ્રદ્ધા, ભક્તિ, ભાવના અને આપવાની વિધિ જ ઉત્તમ હતી એટલે વસ્તુ ભલે તુચ્છ હતી, છતાં ભાવોની સર્વોત્કૃષ્ટતાથી આ દાન વિશ્વ પ્રસિદ્ધ બન્યું.

**દાનનાં પાંચ ભૂષણ :-**

કોઈ જૈનાચાર્યે કહ્યું છે :

**"आनन्दाश्रूणि रोमाश्चो, बहुमानं प्रियं वचः ।**
**तथाऽनुमोदना पात्रे दान भूषण पश्चकम् ।।"**

૧) હર્ષાશ્રુ; ૨) સુપાત્રને જોઈ શરીર રોમાંચિત થવું; ૩) અતિથિ (પાત્ર)નું બહુમાન કરવું; ૪) પ્રિય વચનોથી સત્કાર-સન્માન કરવો; ૫) દાનની અનુમોદના કરવી.

દાનનાં આ પાંચ ભૂષણથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

**'શ્રી અંતગડદશાંગ સૂત્ર'**માં સુલસાનું દૃષ્ટાંત દાનના પાંચ ભૂષણોનું પ્રતીકાત્મક ઉદાહરણ છે.

**દાનનાં પાંચ દૂષણ :-**

દાનમાં વિવેક, સાત્ત્વિક બુદ્ધિ, નિરપેક્ષપણું ઈત્યાદિ ન હોય તો આપેલું દાન નિષ્ફળ નિવડે છે.

**"अनादरो विलम्बश्च वैमुखं विप्रयं वचः ।**

**पश्चातापश्च दातुः स्याद् दानदूषण पंचकम् ।।"**

૧) દાન આપતાં યાચકનો અનાદર કરવો; ૨) દાન આપવામાં વિલંબ કરવો; ૩) દાન આપવામાં અરુચિ બતાવવી; ૪) લેવા વાળાને અપશબ્દ કહેવા અથવા મારકૂટ કરીને-ગાળો બોલીને મરજી વિના દાન આપવું; ૫) દાન આપતાં મનમાં ખેદ કરવો. આ પાંચ દાનના દૂષણ-અવગુણ છે.

જેમ અત્તરની શીશીને વારંવાર ખોલબંધ કરવાથી તેની સુગંધ નષ્ટ થાય છે, તેમ વારંવાર પૂછતાછ કરવાથી, પાત્ર-અપાત્રનો વિચાર કરવાથી, દાનનો ઉત્સાહ, ઉમંગ ઓસરી જાય છે અને દાનના ભાવ સૂકાઈ જાય છે. દાનનો વિચાર આવે ત્યારે તરત જ આપી દેવું કારણ કે અધિક વિકલ્પોથી મન પર છવાયેલું મોહનું જાળું દાનના ઉત્સાહને ખતમ કરે છે.

ભગવાન મહાવીરે સાધના કાળમાં પોતાની પાછળ દીન-હીન બ્રાહ્મણને આજીજી કરતો, ફરતો જોયો ત્યારે તર્ક-વિતર્ક કર્યા વિના, સુપાત્ર છે કે નહીં તે જોયા વિના, અનુકંપા લાવી પોતાના ખભા ઉપર રહેલું દેવદૂષ્ય આપી દીધું.

દાનમાં વિલંબ કરવો એટલે દાતાના મનમાં દાન આપવાનો ઉત્સાહ નથી અથવા પદાર્થ પ્રત્યેનું મમત્વ છૂટ્યું નથી; એવું સમજી શકાય.

આ પાંચ દૂષણો વ્યક્તિની દાન પ્રત્યેની કૃપણતા અને વસ્તુ પ્રત્યેની ગાઢ આસક્તિનું પ્રતિબિંબ છે. આવા વ્યક્તિઓનું કમને આપેલું દાન નિષ્ફળ જાય છે.

દાનમાં સત્ત્વ, અહંત્વ, મમત્વ અને સ્વામિત્વનો ત્યાગ અત્યાવશ્યક છે.

**પાત્ર-અપાત્ર :**

**'અભિધાન રાજેન્દ્ર કોષ'**માં ત્રણ પ્રકારના પાત્ર દર્શાવેલ છે:

૧)મુનિ; ૨)શ્રાવક; ૩)સમ્યગ્દૃષ્ટિ.

**અમિતગતિ શ્રાવકાચાર** (ગા.૬૨) અને **વસુનંદી શ્રાવકાચાર** (ગા.૨૪૬-૨૪૭)માં દાનના ફળની તરતમતા દર્શાવતાં કહ્યું છે :

જે મિથ્યાદૃષ્ટિ ઉત્કૃષ્ટ પાત્રને દાન આપે છે, તે દાનનાં ફળ સ્વરૂપે ઉત્કૃષ્ટ ભોગભૂમિ (યુગલિક ક્ષેત્ર)માં જન્મ લે છે. જે મિથ્યાદૃષ્ટિ મધ્યમ પાત્રને દાન આપે છે, તે મધ્યમ ભોગભૂમિમાં ઉત્પન્ન થાય છે. જે મિથ્યાદૃષ્ટિ જઘન્ય પાત્રને દાન આપે છે, તે જઘન્ય ભોગભૂમિમાં જન્મે છે.

**હરિવંશ પુરાણ** (૭/૧૧૫)માં કહ્યું છે :

કુપાત્ર દાનના પ્રભાવે મનુષ્ય ભોગભૂમિમાં તિર્યંચપણે અવતરે છે અથવા કુમાનુષ કુળમાં ઉત્પન્ન થઈ અંતર્દ્વીપમાં ઉપભોગ કરે છે. ખરેખર ! ખરાબ ખેતરમાં વાવેલું બીજ કેવું ફળ આપે ?

તિર્ચ્છાલોકની આર્યભૂમિમાં જે દાસ, દાસી, મ્લેચ્છ, કૂતરા જેવા જીવો દેખાય છે. તેનું મુખ્ય કારણ પૂર્વે કુપાત્રને આપેલા દાનનો પ્રભાવ છે.

કુપાત્ર દાનનું ફળ કટુ છે પરંતુ જૈન શાસન એટલું નિષ્ઠુર નથી. તેનો આશય એવો છે કે જો કુપાત્રને ગુરુબુદ્ધિ, ધર્મબુદ્ધિ કે મોક્ષપ્રાપ્તિની દૃષ્ટિથી દાન આપવામાં આવે તો પાપકર્મનો બંધ થાય છે પરંતુ

જો કુપાત્ર વિષમ પરિસ્થિતિમાં હોય; રોગથી પીડાતો હોય; નિર્ધન, વિકલાંગ, અસહાય હોય; તે સુધરવા માંગતો હોય તો દાન આપવામાં એકાંત પાપ નથી. તેને અનુકંપા બુદ્ધિથી દાન આપવાથી પાપ કર્મનો બંધ થતો નથી.

**ભગવતી સૂત્ર**ની વૃત્તિમાં આ વાતની સ્પષ્ટતા થયેલી જોવા મળે છે.

**'मोक्खत्थं जे दाणं एसवियस्स मोक्खाओ।**

**अणुकंपादाणं पण जिणेहिं कहिं वि न पडिसिद्धं।।'**

મિથ્યાત્વી કે અસંયતિ કુપાત્ર (અપાત્ર)ને ગુરુબુદ્ધિથી, મોક્ષફળની બુદ્ધિથી જો શ્રમણોપાસક દાન આપે તો તેના સમ્યક્ત્વમાં દોષ લાગે છે. આ દાનનું ફળ અશુભ કર્મબંધ છે પરંતુ જે માત્ર અનુકંપા-બુદ્ધિથી દાન આપે છે, તે પુણ્યોપાર્જન કરે છે.

આ વર્ણનથી સ્પષ્ટ થાય છે કે - સંયમી, વ્રતધારીને ગુરુબુદ્ધિથી અથવા શ્રદ્ધાપૂર્વક દાન આપવું જોઈએ. સાધર્મિક, દેશવિરતિ, સમ્યક્ત્વીને વાત્સલ્યભાવથી દાન આપવું જોઈએ અને અન્ય (અવ્રતી)ને અનુકંપા બુદ્ધિથી દાન આપવું જોઈએ.

સુપાત્ર એટલે ફક્ત સાધુ-સાધ્વી. તે ઉત્કૃષ્ટ સુપાત્ર છે. વ્રતધારી સદ્‌ગૃહસ્થ એ મધ્યમ સુપાત્ર લેખાય છે. અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જઘન્ય સુપાત્ર છે. કારણકે સૂત્રકૃતાંગ સૂત્રમાં તેમને **'આર્યસ્થાન'** કહ્યા છે.

**'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'**માં સુપાત્રને **'સુક્ષેત્ર'** કહ્યા છે. તે અનુસાર હરિકેશીય અધ્યયનમાં યક્ષ અને બ્રાહ્મણોના સંવાદના રૂપમાં સુક્ષેત્ર અને કુક્ષેત્રનું લક્ષણ સ્પષ્ટ થયું છે. જે સાધક (બ્રાહ્મણ) જાતિ (ચારિત્ર) અને વિદ્યા (જ્ઞાન)થી યુક્ત છે. તે ક્ષેત્ર સુંદર છે. જેના જીવનમાં ક્રોધ, માન, હિંસા, અસત્ય, ચૌર્ય, પરિગ્રહ છે, તે ચારિત્ર અને વિદ્યા વિહીન સાધક પાપ યુક્ત કુક્ષેત્ર છે.

આ પરથી તારણ કરી શકાય કે, જે સાધક (ગૃહસ્થ કે સાધુ) સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રથી યુક્ત છે, પછી તે અણુવ્રતી હોય કે મહાવ્રતી હોય તે સુપાત્ર કહેવાય છે.

સાધુ-સાધ્વી ઉત્કૃષ્ટ સુપાત્ર છે. તેમને 'મુધાજીવી' કહેવાય છે. મુધાજીવી સુપાત્રનું લક્ષણ શું છે ? જૈનશાસ્ત્રોમાં જે ભિક્ષાવિધિ દર્શાવેલ છે, તે અનુસાર ભિક્ષા કરે છે. શાસ્ત્રોક્ત ૪૨ દોષ વર્જીને ભિક્ષા (ગોચરી) કરે. આ ઉપરાંત **આચાર્ય જિનદાસે** મુધાજીવી સુપાત્રની નિઃસ્પૃહતા દર્શાવવા **'ગોવત્સ'**નું સુંદર દૃષ્ટાંત આલેખ્યું છે.

કોઈ નગરમાં એક ધનાઢ્ય શ્રેષ્ઠી હતા. તેમણે ગાય પાળી હતી. આ ગાયનું એક વાછરડું હતું. શેઠની પુત્રવધૂ તેની સારસંભાળ કરતી, પોતાના હાથે તેને ચારો નીરતી, પાણી પીવડાવતી, એકવાર શેઠના ઘરે કોઈ પ્રસંગે (પર્વ ઉજવણી) ઘણાં મહેમાનો આવ્યાં. ઘરનાં સભ્યો મહેમાનોની સરભરામાં વ્યસ્ત થયાં. વાછરડાનો ચારો-પાણી વિસરાઈ ગયાં. શેઠની પુત્રવધૂએ સોળે શણગાર સજ્યાં. તે મહેમાનોની આગતા-સ્વાગતા કરી રહી હતી. આ બાજુ વાછરડું ભૂખથી ભાંભરવા લાગ્યું. તેનો અવાજ સાંભળી પુત્રવધૂ ચમકી ગઈ. તેને યાદ આવ્યું કે, 'આજે વાછરડાને ખોરાક-પાણી આપ્યાં નથી.' તે તરત જ દોડતી વાછરડા પાસે પહોંચી. તેના પગના નુપૂર રૂમઝુમ અવાજ કરતાં હતાં. પુત્રવધૂએ જેવો વાછરડાને ચારો-પાણી નીર્યા તેવું ભૂખ્યું વાછરડું ખાવામાં લીન બન્યું. તેને પુત્રવધૂની સુંદરતા કે સજાવટથી કોઈ મતલબ ન હતો. તેની દૃષ્ટિ એક માત્ર ભોજનમાં હતી. તેમાં જ લયલીન બની ગયું. આ દૃષ્ટાંત દ્વારા આચાર્ય કહે છે કે - સુપાત્ર સાધુ ગૃહસ્થને ત્યાં ગોચરી માટે જાય ત્યારે રૂપ, રસ, ગંધ આદિ વિષયોનું આકર્ષણ હોય, પરંતુ મુધાજીવી સાધુની

દષ્ટિ વાછરડાની જેમ શુદ્ધાશુદ્ધ આહારની ગવેષણા પ્રત્યે જ હોય. તેમને રૂપાદિ વિષયો પ્રત્યે કોઈ લગાવ ન હોય.

મુધાજીવી સુપાત્રનું બીજું લક્ષણ એ છે કે તેઓ ગૃહસ્થને પોતાના જાતિ-કુળ અથવા સંસારી સંબંધો બતાવી પરિચય ન આપે. પરિચય આપવા પાછળનો આશય સરસ ભોજન મેળવવાની લાલસા છે. મુધાજીવી સુપાત્રમાં રસલોલુપતાનો અભાવ હોય છે. તેઓ શરીરના નિર્વાહ માટે અને સંયમ પાલન માટે આહાર ગ્રહણ કરે છે.

મુધાજીવી સુપાત્રને સમજવા માટે '**શ્રી દશવૈકાલિક સૂત્ર**'ની ટીકામાં સુંદર દષ્ટાંત પ્રયોજાયું છે.

એક રાજા હતો. એક દિવસ તેના મનમાં ધર્મ સંબંધી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. 'જગતમાં વિવિધ ધર્મ છે. કયો ધર્મ શ્રેષ્ઠ હશે ?' એણે મંત્રીને પોતાની ઈચ્છા જણાવી. મંત્રીએ તટસ્થતાથી વિચારી રાજાને નિવેદન કર્યું કે, "મહારાજ ! આમ જોઈએ તો પ્રત્યેક ધર્મગુરુ પોતાના ધર્મને શ્રેષ્ઠ અને મોક્ષના સાધન રૂપ જ બતાવે છે પરંતુ આપણે તેમની કસોટી-પરીક્ષા કરવી જોઈએ. ધર્મની ઓળખ ધર્મગુરુઓ દ્વારા થાય છે. જે ધર્મગુરુ નિઃસ્પૃહ, નિષ્કામ અને દુનિયાદારીથી છેટાં અને અનાસક્ત છે. તે ઉત્તમ ગુરુ છે. તેમનો ધર્મોપદેશ સત્ય અને શ્રેષ્ઠ હશે." મંત્રીની વાત રાજાના ગળે ઉતરી ગઈ. તેમણે ધર્મગુરુઓને બોલાવવા નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે, 'રાજા સર્વ ધર્મગુરુઓનો ધર્મ શ્રવણ કરી તેમને લાડુ દાનમાં આપવા માંગે છે તેથી સર્વ ધર્મગુરુ-ઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ રાજસભામાં ઉપસ્થિત રહે.

રાજાની ઉદ્ઘોષણા સાંભળી ઘણાં ધર્મગુરુઓ રાજસભામાં પહોંચી ગયાં. રાજાએ દાન ઈચ્છુક ધર્મગુરુઓને પૂછયું, "તમે જીવન નિર્વાહ કઈ રીતે કરો છો ?" ઉપસ્થિત ભિક્ષુકમાંથી એક ભિક્ષુકે કહ્યું, "હું મારો જીવન નિર્વાહ મુખ દ્વારા કરું છું." બીજાએ કહ્યું, "હું પગ વડે જીવન નિર્વાહ કરું છું." ત્રીજાએ કહ્યું, "હું હાથ વડે નિર્વાહ કરું છું." ચોથાએ કહ્યું, "હું લોકાનુગ્રહ (લોકોની દયા)થી જીવન નિર્વાહ કરું છું." અંતે એક ભિક્ષુકે કહ્યું, "મારો કેવો જીવન નિર્વાહ ? હું તો મુધાજીવી છું." રાજાએ કહ્યું, "આપ સર્વના ઉત્તર સાંભળ્યા પરંતુ હું પૂરેપુરું સમજ્યો નથી. અતઃ સ્પષ્ટ કરી સમજાવો."

પ્રથમ ભિક્ષુએ કહ્યું, "હું કથાકાર છું. લોકોને કથા સંભળાવી મારો જીવન નિર્વાહ કરું છું. બીજાએ સ્પષ્ટીકરણ કરતાં કહ્યું, "હું સંદેશવાહ (ટપાલી) છું. લોકોના સંદેશાઓ અહીંથી ત્યાં પહોંચાડી મારું ગુજરાન ચલાવું છું." ત્રીજાએ કહ્યું, "હું લિપિકાર (લેખક) છું. અતઃ હાથ વડે ગ્રંથોની પ્રતિલિપિ કરી નિર્વાહ કરું છું." ચોથા ભિક્ષુએ કહ્યું, "હું લોકોને પ્રસન્ન કરી, મનોરંજન કરી તેમનો અનુગ્રહ મેળવું છું. તે દ્વારા મારું ગુજરાન ચાલે છે." સર્વથી અંતમાં મુધાજીવી ભિક્ષુએ કહ્યું, "હું સંસારથી વિરક્ત નિર્ગ્રંથ શ્રમણ છું. મને જીવન નિર્વાહની કેવી ચિંતા ? નિઃસ્વાર્થ બુદ્ધિથી લોકોને ઉપદેશ આપું છું. સંયમ નિર્વાહ માટે થોડો નિર્દોષ આહાર ગ્રહણ કરું છું. ભોજન પ્રાપ્તિ માટે મારે કોઈની પ્રશંસા-સ્તુતિ કરવી પડતી નથી, ન જાતિ-કુળ આદિનો પરિચય આપવો પડે, ન લોકરંજન કરવું પડે. કર્તવ્યના નાતે હિતકર પ્રેરણા અને ઉપદેશ લોકોને સંભળાવું છું તેથી હું મુધાજીવી છું." મુધાજીવી ભિક્ષુનું કથન સાંભળી રાજા અત્યંત પ્રભાવિત થયા. રાજાએ વંદન કરી કહ્યું, "વાસ્તવમાં તમે જ ખરા ધર્મગુરુ છો. મને ધર્મનો બોધ આપો." મુનિના ઉપદેશથી રાજા પ્રતિબોધ પામી તેમના શિષ્ય બન્યા.

**વસુનન્દિએ 'શ્રાવકાચાર'** (૨૪૨)માં કહ્યું છેઃ

**"जह ऊसरम्मि खेते पइण्णबीयं न किंपि रुहेइ।**
**फलावाज्जियं वियाणइ अपत्तदिण्णं तहादाणं"।।**

સુપાત્રને સમય પર આપેલું થોડું, તુચ્છ દાન પણ વિશાળ વટવૃક્ષની જેમ મનોવાંછિત મહાફળ આપે છે. પરંતુ ઉસર ભૂમિમાં વાવેલું ઉત્તમ બીજ પણ નિષ્ફળ નીવડે છે, તેમ કુપાત્રને આપેલું દાન નિષ્ફળ જાય છે કારણકે સર્પને પીવડાવેલું દૂધ આખરે તો વિષમાં પરિણમે છે; તેમ કુપાત્રને આપેલું દાન ન કર્મ નિર્જરા કરાવે, ન લૌકિક લાભ થાય, ન પુણ્યનો બંધ થાય.

**દાનના પ્રકાર :**

**(૧) સુપાત્ર દાન :** સત્પાત્રને દાન આપવું એ શ્રાવકનો મુખ્ય ધર્મ છે. પ્રતિદિન શ્રાવક ભાણે બેસી સુપાત્ર દાનની ભાવના ભાવે છે. **'રયણસાર'** (ગા.૨૨,૧૧)માં કહ્યું છે.

**जो मुणिभुत्तसेसं भुंजइ सो भुंजइ जिणचंद दिट्ठं**
**संसार सार सोक्खं कलसो जिव्वाणवर सोक्खं ।।**
**दाणं पूजामुक्खं सावय धम्मे, णशाक्यो तेण विणा ।।**

જે ભવ્ય જીવ મુનિવરોને આહાર વહોરાવ્યા પછી અવશેષ અન્નને પ્રસાદ સમજી આરોગે છે, તે સંસારના સર્વોત્તમ સુખોને પ્રાપ્ત કરી ક્રમશઃ મોક્ષ સુખ મેળવે છે.

સત્પુરુષોને યથાવિધિ આપેલું દાન સુપાત્ર દાન છે, જે કલ્પવૃક્ષ સમાન ફલદાયક છે. ગૃહસ્થએ પોતાના માટે બનાવેલો પ્રાસુક, નિર્દોષ ભોજન-પાણી હોય તે આહારાદિ મહાવ્રતધારી ગ્રહણ કરે તો દાતા અને યાચક બન્નેનું કલ્યાણ થાય છે. સુપાત્ર સિવાય સામાન્ય પાત્ર (સમ્યગ્દષ્ટિ અથવા કરુણાપાત્ર દીન વ્યક્તિ)ને અનુકંપા, વાત્સલ્યતા, ઉપકાર આદિ ભાવનાથી અન્નદાન થાય તે ભલે સંયમમાં વૃદ્ધિકારક નથી પરંતુ પુણ્યની વૃદ્ધિ અવશ્ય કરાવે છે. જો સુપાત્ર સિવાય અન્નદાન કરવાથી પુણ્ય ન થાય તો ભરત ચક્રવર્તીએ શ્રાવકો માટે ભોજનાલય અને પ્રદેશી રાજાએ રાજ્યમાં દાનશાળાઓ શા માટે ખોલાવી હોત ?

એક વર્ષના ઉપવાસી ભગવાન ઋષભદેવને પારણામાં ઈક્ષુરસનું દાન શ્રેયાંસકુમારે આપ્યું; જેનું મહાફળ પણ તેમને પ્રાપ્ત થયું.

**સુપાત્રદાનનું ફળ :** હજારો મિથ્યાદ્રષ્ટિના પોષણની અપેક્ષાએ એક અવિરતિ સમ્યગ્દષ્ટિના પોષણ (દાન)નું ફળ અધિક છે. હજાર અવિરતિ સમ્યગ્દષ્ટિના પોષણની અપેક્ષાએ એકવ્રતધારી શ્રાવકના પોષણનું ફળ અધિક પ્રાપ્ત થાય છે. હજાર વ્રતધારી શ્રાવકના પોષણથી અધિક ફળ એક મહાવ્રતધારી સાધુ-સાધ્વીના પોષણથી છે. હજારો મહાવ્રતધારીઓના પોષણની અપેક્ષાએ તીર્થંકર ભગવાનને દાન આપવું શ્રેષ્ઠતમ છે.

દૂધ એક જ પ્રકારનું છે પરંતુ સાપના મુખમાં જતાં ઝેર બને અને મનુષ્યના પેટમાં પડી અમૃત જેવું કાર્ય કરે છે, એ રીતે કુપાત્ર અને સુપાત્રને આપેલું દાનનું પરિણામ નજરે ચડે છે.

**'અભિધાન રાજેન્દ્રકોષ'** (પૃ. ૨૪૯૮)માં કહ્યું છે કે, સુપાત્રને દાન આપનાર દાતા પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે.

**'રયણસાર'** (ગા.૧૯થી૨૧)માં કહ્યું છે :

સંસ્કારી માતા-પિતા, પુત્ર, સ્ત્રી, મિત્ર આદિ કુટુંબ પરિવારનું સુખ અને ધન-ધાન્ય, વસ્ત્રાલંકાર, હાથી, રથ, મહેલ તથા મહાવિભૂતિ ઈત્યાદિનું સુખ સુપાત્ર દાનનું ફળ છે. નવ નિધિ, ચૌદ રત્ન, માલ-ખજાનો, ગાય, હાથી, ઘોડા, સાત પ્રકારની સેના, છ ખંડનું રાજ્ય, છન્નું હજાર રાણીઓ આ સર્વ સુપાત્ર દાનનું ફળ છે. ઉત્તમ કુળ, સૌંદર્ય, શુભ લક્ષણ, શ્રેષ્ઠ તીક્ષ્ણ બુદ્ધિ, ઉત્તમ નિર્દોષ શિક્ષણ, ઉત્તમ શીલ, ઉત્કૃષ્ટ ગુણ, સમ્યક્

ચારિત્ર, શુભ લેશ્યા, શુભ નામ અને ભોગોપભોગની સામગ્રી સુપાત્ર દાનથી મળે છે.

ખરેખર! સુપાત્ર દાનથી લૌકિક અને લોકોત્તર સુખ-સાધનો મળે છે.

**'શ્રી ભગવતીસૂત્ર'** (૮/૬)માં તથારુપશ્રમણ અથવા માહણને આપેલું દાન એકાંત **નિર્જરા ધર્મનું** કારણ બને છે; એવું સ્પષ્ટરૂપથી દર્શાવેલ છે.

**''समणोवासत्रस्सणं भंते! तहारुवं समणं वा, माहणं वा फासुएसणि जपेणं असण - पाण - खाइम - साइमेणं पडिलाभेमाणस्स किं कज्जइ ?''**

**''गोयमा ! एगंतसो निज्जरा कज्जइ, नत्थिय से पावे कम्मे कज्जइ।''**

''ભગવન્! શ્રમણોપાસક જો તથારુપશ્રમણ અથવા માહણને પ્રાસુક એષણીય આહાર આપે તો તેને શું લાભ થાય છે?'

''ગૌતમ! તે એકાંત કર્મ નિર્જરા (ધર્મપ્રાપ્તિ) કરે છે, પરંતુ કિંચિત્ પણ પાપકર્મ કરતો નથી.

આ છે દાનથી ધર્મ પ્રાપ્તિરૂપ ફળનું જવલંત પ્રમાણ!

**(૨) અનુકંપા દાન :** ધર્મનો પાયો સત્ય, પ્રેમ, કરુણા છે. અનુકંપા એ સમ્યક્ત્વનું ચોથું લક્ષણ છે. અનુકંપા એ દાનનો પ્રાણ છે, માનવતાનો સૂચક છે. જ્યાં સુધી દુઃખી અને પીડિત વ્યક્તિ પ્રતિ હમદર્દી-સમસંવેદના, અનુકંપા, આત્મિયતા, સહૃદયતા જાગે નહીં ત્યાં સુધી સહાનુભૂતિનો હાથ લંબાવાતો નથી. દુઃખીને જોઈ તેના દુઃખ દૂર કરવાની તીવ્ર ઉત્કંઠા જાગે તેને અનુકંપા દાન કહેવાય છે. કારણકે નાનકડો પણ પરોપકાર આત્મભોગ વિના પ્રાયઃ શક્ય નથી. જાતિ, કુળ, ધર્મ, સંપ્રદાય, પ્રાંત, રાષ્ટ્ર આદિ ભેદોથી મુક્ત થયેલો પરગજુવૃત્તિવાળો જીવ જ ખરા અર્થમાં અનુકંપા દાન કરી શકે છે.

અનુકંપા દાનમાં વિવેક હોવો અતિ આવશ્યક છે. સમુદ્ર પાણીથી છલોછલ ભરેલો છે ત્યાં વર્ષા વૃથા છે. જેણે ભરપેટ ભોજન કર્યું છે તેને ખવડાવવું વૃથા છે. દિવસે સૂર્ય પ્રકાશે છે ત્યારે દીપક પ્રગટાવવો નિરર્થક છે. જે સ્વસ્થ છે તેને ઔષધ આપવું ફોગટ છે; તેમ જે ધન, સાધન આદિથી સંપન્ન છે તેને દાન આપવું વ્યર્થ છે.

આમ, જે દાન નામના, કામના, પ્રશંસા, પ્રસિદ્ધિની લિપ્સારહિત છે તે અનુકંપાની કોટિમાં આવે છે. નિષ્કર્ષ એ છે કે દાન ત્યારે જ સફળ બને છે જ્યારે તે દીન-દુઃખી, પીડિત અને અભાવગ્રસ્તને આપવામાં આવે.

કોઈ કરુણામૂર્તિ, દયાળુ સદ્ગૃહસ્થ દાનશાળા, ધર્મશાળા કે ભોજનશાળા બનાવે છે તો તે દાનની અનુકંપા દાનમાં ગણતરી થાય છે. ગ્રંથકાર તેનું રહસ્ય પ્રગટ કરે છે.

**'पुष्टालंबनमाश्रित्य दानशालादिकर्म यत्।**
**तत्तु प्रवचनोन्नत्या बीजाधानादि भावतः।।**
**बहूनामुपकारेण नानुकम्पानिमित्त ताम्।**
**अतिक्रामति तेनाऽत्र मुख्यो हेतुः शुभाशयः।।'**

કોઈ પુષ્ટ આલંબન લઈને દાનશાળા આદિ જે કાર્ય (કર્મ) છે તે પ્રવચન પ્રભાવકના ઉદ્દેશ્યથી સાર્વજનિક હિતની દ્રષ્ટિએ બોધિબીજ પ્રાપ્તિનું નિમિત્ત હોવાથી અનેક લોકો માટે ઉપકારક થવાથી અનુકંપાના નિમિત્તરૂપ હોવાથી તેનું ઉલ્લંઘન થતું નથી કારણકે આ સર્વમાં મુખ્ય હેતુ શુભ આશય છે.

દાનશાળા, ધર્મશાળા, ઔષધાલય, વાવડી આદિ સાર્વજનિક જનહિત માટે બનાવાય છે તેથી

પુણ્યનું કારણ છે. નંદમણિયારે ઉપકાર કરવાના હેતુથી દાનશાળા, વાવડી આદિનું નવનિર્માણ કરાવ્યું, જે તેનો શુભાશય હતો પરંતુ તેના પ્રત્યે તેની અત્યંત ગાઢ આસક્તિ, નામના-કામના રહી ગઈ જેના કારણે તેનું દાન વેડફાઈ ગયું. તે મૃત્યુ પામી તિર્યંચ યોનિમાં પડયો.

ગાઢ આસક્તિ, પ્રસિદ્ધિ, યશકીર્તિપૂર્વક અપાયેલા દાનની ખૂબ પ્રશંસા કરનાર જીવ હિંસાની વાંછા કરે છે. તેનો શાસ્ત્રપાઠ આ પ્રમાણે છે - **'जे य दाणं, पसंसंति, वहमिच्छंति पाणिणो।'**

બીજી બાજુ નામના, પ્રસિદ્ધિ આદિની આસક્તિથી રહિત, સર્વહિતની દ્રષ્ટિથી અપાયેલા દાનનો નિષેધ કરનારને શાસ્ત્રકાર અંગુલિનિર્દેશ કરી કહે છે - **'जे एणं पडिसेहंति वित्तिच्छेयं करंति ते।'** જે આ પ્રકારના દાનનો નિષેધ કરે છે, તે દાનમાં અંતરાય પાડે છે, તે વૃત્તિચ્છેદ - આજીવિકા ભંગ કરે છે.

જેમ શરીરના નિર્વાહ માટે આહાર અતિ આવશ્યક છે, તેમ બીમાર વ્યક્તિ માટે રોગમુક્ત થવા જીવાદોરી સમાન ઔષધ અતીવ મહત્ત્વપૂર્ણ છે. ઔષધ દાન એ એક પ્રકારનું જીવનદાન છે. કેટલાક આચાર્યો એનો અભય દાનમાં સમાવિષ્ટ કરે છે.

કોઈ ત્યાગીના શરીરમાં પૂર્વકૃત અશુભ કર્મોનો ઉદય થતાં પીડા, અશાતા વર્તાય ત્યારે ગૃહસ્થનું કર્તવ્ય છે કે તેનો યથાયોગ્ય ઉપચાર કરે. સેવાભાવી વૈદ્ય, ડૉક્ટર, હકીમ બીમાર સંયમીની ચિકિત્સા કરે તો અનંત કર્મોની નિર્જરા કરે છે, પ્રચુર પુણ્ય ઉપાર્જન કરે છે; તેમજ સમાધિ મેળવે છે.

**'સાગરધર્મામૃત'**માં કહ્યું છે : **आरोग्यमौषधाज्ज्ञेयम्।** - ઔષધદાનથી દાતાને આરોગ્ય મળે છે.

આચાર્ય અમિતગતિએ **અમિતગતિ શ્રાવકાચાર**માં ઔષધદાનનું ફળ બતાવતાં કહ્યું છે :

**'आजन्म जायते यस्य न व्याधिस्तनु तापकः।**
**किं सुखं कथ्यते तस्य सिद्धस्यैव महात्मनः।।**
**विधानमेष कान्तीनां, कर्तीनां कुलमन्दिरम्।**
**लावण्यानां नदीनाथो, भैषज्यं येन दीयते।।'**

જેમ સિદ્ધ પરમાત્મા સર્વ વ્યાધિથી મુક્ત છે, તેમ ઔષધદાન આપનાર મહાન આત્માને જિંદગીભર શરીરમાં પીડાકારી વ્યાધિ થતી નથી. તેને સિદ્ધસમાન સુખ મળે છે. તે કાન્તિનો ભંડાર બને છે. યશકીર્તિઓનો કુલમંદિર બને છે અને લાવણ્યનો સમુદ્ર બને છે.

ઔષધ દાનના સંદર્ભમાં જૈન જગતમાં ભગવાન ઋષભદેવના પૂર્વ જન્મની ઘટના વિશ્વવિખ્યાત છે. તેવી જ રીતે ભગવાન મહાવીર સ્વામીના જીવનમાં ગોશાલક દ્વારા છોડાયેલી તેજોલેશ્યાની ઘટનાથી જૈનો સુપરિચિત છે.

**(૩) જ્ઞાન (વિદ્યા) દાન** : ભૌતિક શરીરની રક્ષા માટે આહાર, ઔષધ જેટલા મહત્ત્વના છે તેથી વધુ મહત્ત્વ ચેતનની રક્ષા, સંપુષ્ટિ અને ઉર્ધ્વગમન માટે જ્ઞાનની છે તેથી અન્નદાન એ મહાદાન કહેવાય છે પરંતુ વિદ્યાદાન એનાથી પણ મોટું દાન કહેવાય છે. કેટલાક આચાર્યો જ્ઞાનદાનને **'શાસ્ત્રદાન'** કહે છે.

જૈન શાસ્ત્રોમાં યત્ર તત્ર જ્ઞાનનું મહત્ત્વ ઉજાગર થયેલું છે. **'पढमं नाणं तओ दया।'** પ્રથમ જ્ઞાન પછી દયા અર્થાત્ વ્યવહારિક જ્ઞાન સાથે ચારિત્ર પાલન માટે જ્ઞાન આવશ્યક છે.

**'नाणस्स सवस्स पगासणाय, अन्नाणमोहस्स विज्जणाय।'**

સમસ્ત વસ્તુઓના યથાર્થ પ્રકાશ માટે અજ્ઞાન અને મોહને હટાવવા માટે જ્ઞાનથી વધુ શ્રેષ્ઠ અને મહત્ત્વપૂર્ણ વસ્તુ આ સંસારમાં કોઈ નથી.

માટે જ એક વિદ્વાને કહ્યું છે : "**Knowledge is Virtue.**" જ્ઞાન એક સદ્‌ગુણ છે. આત્માનું મહાન બળ જ્ઞાન દ્વારા જ પ્રગટ થાય છે.

પ્રજ્ઞાચક્ષુ અને મૂંગી હેલન કેલરે કહ્યું છે - "**Knowledge is Happiness.**" જ્ઞાન આનંદમય છે. લૌકિક અને લોકોત્તર સુખનું કારણ છે.

'ગીતા'માં શ્રીકૃષ્ણ કહે છે : **'नहि ज्ञानेन सद्रशं पवित्रमिह विद्यते'** । આ વિશ્વમાં જ્ઞાન સમાન કોઈ પવિત્ર વસ્તુ નથી.

આચાર્ય કુંદકુંદે **'પ્રવચનસાર'**માં કહ્યું છે : **'आगमचक्खू साहू।'** - આગમ એ સાધુનું નેત્ર છે કારણકે શાસ્ત્ર જ્ઞાનથી તત્ત્વનિર્ણય થાય છે.

**'શ્રી આચારાંગ સૂત્ર'** (૧/૫/૫/૧૦૪)માં જ્ઞાન અને આત્માની એકરૂપતા બતાવી છે.**"जे आया से विन्नाया, जे विन्नाया से आया।"**

વાસ્તવમાં આત્મા સ્વયં જ્ઞાનમય છે. આત્મા પર અજ્ઞાનનું આવરણ છવાય ત્યારે તેટલા અંશમાં જ્ઞાન ઢંકાય છે. આ ઢંકાયેલા જ્ઞાનને પ્રગટ કરવા માટે જ્ઞાનદાનની આવશ્યકતા છે. જેમ સૂર્યના પ્રકાશમાં રાત્રિનો અંધકાર દૂર થાય છે, તેમ જ્ઞાનનો પ્રકાશ થતાં અજ્ઞાન અને મોહ તિમિર દૂર થાય છે.

**'સાગરધર્મામૃત'**માં કહ્યું છે : **'श्रुतास्यात् श्रुतकेवली'** - શાસ્ત્ર (જ્ઞાન) દાન આપનાર દાતા શ્રુતકેવલી બને છે.

આચાર્ય અમિતગતિએ **'અમિતગતિ શ્રાવકાચાર'** (ગા.૫૦)માં અને આચાર્ય પદ્મનંદિએ **'પંચવિંશતિકા'** (૭/૧૦)માં જ્ઞાન દાનનું મહાન ફળ દર્શાવ્યું છે.

**'लभ्यते केवल ज्ञानं यथो विश्वाव भासकम्।**
**अपर ज्ञानलाभेषु कीदृशी तस्य वर्णना।।**
**शास्त्रदायी सतां पूज्यः सेवनीयो मनीषिणाम्।**
**वादी वाग्मी कर्विर्मान्य : ख्यातशिक्षः प्रजायते।।'**

જ્ઞાન દાતાને જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થઈ જવા પર ચરાચર વિશ્વને જાણવાવાળું કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. તેની તુલનામાં અન્ય જ્ઞાન પ્રાપ્ત થવાનું તો કહેવું જ શું ? શાસ્ત્રદાન આપવાવાળો સજ્જનો અને સંતોમાં પૂજનીય-આદરણીય બને છે. મનીષી તેની સેવા કરે છે. તે વાદી વિજેતા બને છે. પરિષદને રંજનકર્તા, વક્તા, નવીન ગ્રંથોનો રચયિતા કવિ અને માનનીય બને છે. તેની શિક્ષાઓ (ઉપદેશ) વિખ્યાત બની જાય છે. આ છે શાસ્ત્રદાની અને જ્ઞાનદાનીનું અલૌકિક માહાત્મ્ય !

અન્નદાન, અભયદાન, ઔષધદાન એક જન્મમાં શરીરની રક્ષા કરી શકે છે પરંતુ જ્ઞાનદાન તો અનેક જન્મોના શરીર અને ખાસ કરીને આત્માની સુરક્ષા કરે છે. જ્ઞાન પ્રત્યેક પ્રવૃત્તિ, પ્રત્યેક અવસર અને પ્રત્યેક ક્રિયામાં અનિવાર્ય હોવાથી અપેક્ષિત છે.

પાપી અર્જુનમાળીને ભગવાન મહાવીરે જ્ઞાનદાન આપી તેને જાગૃત કર્યો. રોહિણેય ચોરને ભગવાનના થોડા શબ્દોએ ચોર મટી સંયમી બનાવ્યો. ચિલાતીપુત્ર, દૃઢપ્રહારી જેવા હત્યારાઓને આત્મજ્ઞાની મુનિઓએ જ્ઞાન આપ્યું. સ્થૂલિભદ્રએ કોશા જેવી વેશ્યાને જ્ઞાનદાન આપી શ્રમણોપાસિકા

બનાવી. હરિભદ્ર જેવા અહંકારી રાજપુરોહિતને જ્ઞાનદાન આપી મહત્તરા નામના સાધ્વીજીએ જૈનધર્મના વિદ્વાન આચાર્ય બનાવ્યા. રાજા પ્રદેશી જેવા નાસ્તિક, અધર્મી, ખૂંખાર જીવે પણ કેશીશ્રમણના ઉપદેશથી જીવન પરિવર્તન કર્યું. તે શાંત, દયાળુ, ધાર્મિક અને દાનવીર બન્યા. કેશી સ્વામીનું જ્ઞાનદાન લેખે લાગ્યું.

મહાત્મા બુદ્ધે અંગુલિમાલ ડાકુને જ્ઞાનદાન આપી તેની તાસીર બદલી નાંખી. તે ડાકુ મટી ભિક્ષુક બન્યો.

જ્ઞાનદાન એ પરબ છે, જ્યાં અનેક જ્ઞાનપિપાસુ આત્મા પોતાની જ્ઞાન પિપાસા સંતોષે છે. જ્ઞાનદાનથી જીવન પરિવર્તન થાય છે. સુબાહુકુમાર, આનંદ, કામદેવ જેવા શ્રમણોપાસકો આદિ ઉદાહરણો શાસ્ત્રોમાં જોવા મળે છે. જ્ઞાનદાન પરંપરાથી મુક્તિનું કારણ બને છે.

**(૪) અભય દાન** : ધર્મની માતા દયા છે. 'દયા ધરમકા મૂલ હૈ.' ભય સાત પ્રકારના છે. (૧) આલોક ભય (૨) પરલોક ભય (૩)આદાનભય (૪) અકસ્માત ભય (૫) આજીવિકા ભય (૬) અપયશ ભય (૭) મરણ ભય. આ સર્વ ભયથી પ્રાણીઓને મુક્ત કરાવવા એ જ અભયદાન છે.

ભયભીત જીવોને અભય આપવું તે અભયદાન છે. આહારદાન ક્ષુધાની વ્યથા સમાવે છે, ઔષધદાન રોગ મટાડે છે, જ્ઞાનદાનથી જીવન સુંદર બને છે પરંતુ જ્યારે મનુષ્યના પ્રાણસંકટમાં હોય ત્યારે તે પ્રતિપળ પ્રાણ બચી જાય તેવું જ ઈચ્છતો હોય છે કારણ કે '**શ્રી દશવૈકાલિક સૂત્ર**' સ્પષ્ટપણે કહે છે :'**सव्वे जीवा वि इच्छंति जीविउं, न मरिज्जिउं।**' સર્વે જીવો સુખેથી જીવવા ઈચ્છે છે. મરવું કોઈને ગમતું નથી. આ દષ્ટિએ અભયદાન મહત્ત્વપૂર્ણ છે.

અન્નદાન આદિ સમય જતાં કદાચ ભૂલાઈ જાય છે પરંતુ અભયદાન કદી ભૂલાતું નથી. '**શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર**'માં એટલે જ કહ્યું છે :

'**दाणाणं सेट्ठं अभयप्पयाणं।**' સર્વે દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે.

'**મહાભારત**'માં કહ્યું છે : ''કોઈ જો સોનાનો બનેલો મેરૂપર્વત દાનમાં આપે અથવા આખી પૃથ્વી આપી દે અને બીજો વ્યક્તિ એક જ પ્રાણીને જીવનદાન આપે તો પણ અભયદાનની બરોબરી ન કરી શકે.''

'**ધર્મરત્ન**' ગ્રંથ (ગા.૫૭) માં અભયદાનનું માહાત્મ્ય દર્શાવતાં કહ્યું છે:

'**नहि भूयस्तमो धर्मस्तस्मादन्योऽस्ति भूतले।**
**प्राणीनां भयभीतानामभयं यत्प्रदीयते॥**

ભયભીત પ્રાણીઓને જે અભયદાન આપવામાં આવે છે, તેનાથી વધીને અન્ય કોઈ ધર્મ આ ભૂમંડળમાં નથી.

'**શ્રી આચારાંગ સૂત્ર**'માં અભયદાનનો પ્રેરણામંત્ર જોવા મળે છે.

''જેને તું મારવા ઈચ્છે છે, તે તું જ છે. જેને તું સતાવવા ઈચ્છે છે, તે તું જ પોતે છે. જેને તું ગુલામ બનાવી બંધનમાં જકડવા ઈચ્છે છે, તે તું જ છે. જેને તું ભયભીત કરવા ઈચ્છે છે, તે તું પોતે જ છે.''

અભયદાની બીજા પ્રાણીઓની પીડાને પોતાની પીડા ગણે છે, બીજાના દુઃખ અને ભયને પોતાના દુઃખ અને ભય સમજે છે.

જૈન ઈતિહાસમાં મેઘરથ રાજાનું, ભગવાન અરિષ્ટનેમિનું દષ્ટાંત અને વૈદિક ઈતિહાસમાં શિવિ અને મેઘવાહન રાજાનું દષ્ટાંત પ્રસિદ્ધ છે. શરણાગત કબૂતરને અભયદાન આપવા શિકારી પક્ષી બાજને

કબૂતરના વજન બરાબર પોતાના અંગનું માંસ કાપીને મેઘરાથ રાજાએ આપ્યું. કબૂતરનું વજન વધ્યું ત્યારે પોતાના આખા શરીરનો ત્યાગ કરવા તેઓ ઉદ્યમશીલ બન્યા.

ભગવાન અરિષ્ટનેમિએ લગ્નમાં માંસ ખાવાની કુપ્રથાનો પરિત્યાગ કરી લગ્નના પ્રીતિભોજન માટે વાડામાં પૂરેલા સમસ્ત પ્રાણીઓને અભયદાન આપ્યું.

**રાજા રામમોહન રાયે** સતી પ્રથાને નાબૂદ કરી અને **વૉરન હેસ્ટંગ્જે** ગર્ભવતી સુંદરીઓને જીવતાં દેવીને બલિ આપવાની ભયંકર કુપ્રથા બંધ કરાવી.

શક્રસ્તવમાં પરમાત્મા માટે 'અભયદયાણં' વિશેષણનો પ્રયોગ થયો છે. અભયદાન નિર્ભયતા પ્રદાન કરે છે. આહારદાન, ઔષધદાન, જ્ઞાનદાનનું પોતપોતાના સ્થાન પર આગવું મહત્ત્વ છે પરંતુ આ ત્રણે દાન અભયદાન વિના નિરર્થક છે.

આજનું વિજ્ઞાન પણ કહે છે કે, આ પૃથ્વી ઉપર કતલખાનામાં થતી સામૂહિક હિંસાના પરિણામે તે જીવોની સામૂહિક આહ-નિ:સાસાના કારણે ઈ.પી. તરંગો પેદા થાય છે, જે પૃથ્વીના પેટાળમાં ભયંકર હિલચાલ પેદા કરે છે. તે કારણે ધરતીકંપ જેવી વિનાશક ઘટના બને છે. ઈ.સ. ૨૦૦૧ની સાલમાં કચ્છમાં આવેલ ભયંકર ભૂપંકની કારણ શોધતા વૈજ્ઞાનિકોએ આ પ્રકારનું સંશોધન કરેલ છે. આ જ કારણે હિંસાનો ત્યાગ મહત્ત્વનો છે.

**૫) કીર્તિદાન** : કીર્તિ, યશ - પ્રતિષ્ઠા, વાહ વાહ માટે, દેખાદેખીથી કે બીજાના રવાડે ચડીને આપવામાં આવતું દાન કીર્તિદાન છે. જેમાં નામના ઈત્યાદિની કામના છે. દાનની રકમ જેટલી મોટી તેટલું દાન આપનારનું માન વધારે. તે વ્યક્તિ સમાજમાં મોભાદાર ગણાય.

ધનાઢ્ય લોકો મોટા દાન કરી ઉપાશ્રય, ધર્મશાળાઓ, પાઠશાળાઓ બંધાવે છે. અનેક સ્થળોએ દાતાઓના નામની તક્તિઓ મૂકેલી જોવા મળે છે. આવી નામાવલી તક્તિઓ સંબંધે એવી માન્યતા પ્રવર્તે છે કે, નામ કમાવવા આવા કીર્તિદાન કરતા હોય છે પરંતુ આ સંબંધે માત્ર આ જ વાત સાચી નથી ! દાનવીરોની આવી તક્તિઓ, જાહેરાતો અન્ય સાધન સંપન્ન લોકોમાં દાનની પ્રેરણા જગાડવાનું કાર્ય કરે છે.

દાન સાથે અહંકાર, અભિમાન, નામ અને પ્રસિદ્ધિનું મમત્વ આદિ વિકારો હટાવવા માટે ગુપ્તદાન રામબાણ ઈલાજ છે. જાહેરાત એ ધર્મની ઉધઈ છે. તેનું સત્ત્વ ખાય છે. તેને પોકળ અને મિથ્યા બનાવે છે.

**'બાઈબલ'**માં ગુપ્ત દાનનો મહિમા વર્ણવતાં કહ્યું છે કે, ''તું દાન-ધર્મ કરે ત્યારે જે તારો જમણો હાથ કરે તે તારો ડાબો હાથ ન જાણે.''

ગુપ્ત-ખાનગી દાનનો મહિમા ધર્મશાસ્ત્રોએ ખૂબ ગાયો છે, તેમ છતાં જાહેર દાનનો મહિમા ઘટતો નથી જ.

**૬) ઉચિત દાન** : દશ પ્રકારના દાનમાં સમાનદાન અથવા અન્વયદત્તિમાં ઉચિત દાનનો સમાવેશ થાય છે. આ દાનનું પૃથક વિશ્લેષણ કરીએ તો એવો અર્થ નીકળે છે કે, પોતાના કુટુંબીજનો, સગા-સંબંધીઓ, જાતિ ભાઈઓ, નોકર-ચાકરો, મુનીમ-ગુમાસ્તાઓ, બહેન-પુત્રીઓ, પુત્રો, જમાઈ અથવા સંસ્થા, સમાજ, નગર, રાષ્ટ્રના કોઇ સેવકને વિશિષ્ટ સુકૃત્ય, વફાદારી, ખુશી, તહેવાર, પુત્ર જન્મની ખુશાલી, ઉત્સવના ઉપલક્ષમાં, પ્રોત્સાહન વધારવા, જે ઈનામના રૂપમાં, કર્તવ્ય નિમિત્તે આપવું તે ઉચિત દાન છે. તેમાં ગુણોને પ્રોત્સાહન અને

ગુણજ્ઞનું સન્માન અને પ્રત્યુપકારની ભાવના નિહિત છે.

ભારત દેશમાં કોઈ કલાકાર, વિશિષ્ટ વ્યાપારી અથવા રાષ્ટ્ર સેવકને પદ્મવિભૂષણ આદિ પદ અથવા વીરચક્ર જેવી પદવી કે નકદ રૂપિયા આપવામાં આવે છે. સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓને દેશભક્તિ - સેવાના કારણે પ્રતિમાસ વેતન (પેંશન)ના રૂપમાં પુરસ્કાર આપવામાં આવે છે. કેટલાક અધ્યાપકોને તેમના ઉત્તમ કાર્ય માટે પદ અને પારિતોષિક પ્રદાન કરવામાં આવે છે. પુરુષ અથવા સ્ત્રીને સત્કાર્ય કરવા બદ્દલ અથવા રાષ્ટ્ર ગૌરવ વધારવા નિમિત્તે ઉચિત પદ કે સન્માન એનાયત કરવામાં આવે છે. તે સર્વ ઉચિતદાન છે.

પદવી દાન યોગ્યતાનું મૂલ્યાંકન કરવા માટે અપાતું હોવાથી ઉચિત દાનના વિભાગમાં આવે છે. વ્યક્તિની સેવા, યોગ્યતા, સત્કાર્ય, સદ્ગુણને પ્રોત્સાહિત કરવા માટે દાન આપવું યથાર્થ છે પરંતુ અયોગ્ય અને દુર્ગુણીને પદ-પ્રતિષ્ઠા આપવા તે ઉચિત નથી. જેમ કે - **'અંતકૃત દશાંગ સૂત્ર'**માં અર્જુન માળીનો પ્રસંગ, જેમાં રાજગૃહી નગરીના છ લલિતગોષ્ઠી પુરુષોનો ઉલ્લેખ થયો છે. જેમને રાજગૃહી નરેશે કોઈ કાર્યથી પ્રસન્ન થઈ ઈનામ આપ્યું હતું. વળી, તેમને નગરમાં સ્વછંદપણે ફરવાની છૂટ આપી હતી. જેથી તેઓ મનમાની કરતા હતા. આવા દાનને ઉચિત દાન ન કહેવાય. આતંકવાદી, ગુંડા, બદમાશોને દાન આપવાથી દુર્ગુણોને વેગ મળે છે. સમાજની કે રાષ્ટ્રની શાંતિ જોખમાય છે.

એવી જ રીતે સામાજિક કુપ્રથાનું પોષણ કરવા સંબંધીઓને ઔચિત્યનું ઉલંઘન કરી અપાતું દાન વિવેક વિનાનું હોવાથી ઉચિત નથી. ઉચિત દાનથી ન પુણ્ય બંધાય તેથી ધર્મના ઢાંચામાં આ દાન બેસતું નથી. આ દાનથી ફક્ત સામાજિક, જાતીય, કૌટુંબિક અથવા રાષ્ટ્રીય વ્યવહારની વ્યવસ્થા સચવાય છે.

**દાન ધર્મ ગ્રંથોનો સંક્ષિપ્ત પરિચય :**

જૈનાગમો, પુરાણો (આદિપુરાણ, ઉત્તરપુરાણ, પદ્મપુરાણ, હરિવંશપુરાણ), ત્રિષષ્ટિશલાકા પુરુષ ચરિત્ર, ધન્ય ચરિત્ર, શાલિભદ્ર ચરિત્ર, સંસ્કૃત - પ્રાકૃત ટીકાઓ, વૃત્તિઓમાં તીર્થંકરોના પૂર્વ ભવો ઈત્યાદિમાં દાનની કથાઓ પ્રચુર માત્રામાં ઉપલબ્ધ છે. જેમાં દાનની ગરિમા અને મહિમા વિશદપણે વિસ્તૃત છે.

જૈન પરંપરાના કથાત્મક નીતિગ્રંથોમાં દાનનું વિશદ વર્ણન જોવા મળે છે. મહાકવિ ધનપાલ રચિત 'તિલકમંજરી'માં મધુર શૈલી અને પ્રાંજલ ભાષામાં દાનનું માહાત્મ્ય, દાનનું ફળ, પાત્ર-અપાત્ર ઈત્યાદિનું આલેખન થયું છે.

આચાર્ય સોમદેવસૂરિ કૃત 'યશસ્તિલક ચમ્પૂ'માં પ્રસંગોપાત દાનનો મહિમા ગવાયો છે. જૈન પરંપરાના નીતિ-પ્રધાન ઉપદેશાત્મક ગ્રંથો તથા સંસ્કૃત અને પ્રાકૃત સુભાષિત ગ્રંથોમાં દાનનું બહુમુખી વર્ણન ઉપલબ્ધ છે. નીતિવાક્યામૃત અને અર્હન્નીતિ જેવા ગ્રંથોમાં વિશેષપણે દાન ઉપર પ્રકાશ પાડયો છે.

સંસ્કૃત સાહિત્યના નીતિપ્રધાન ગ્રંથોમાં ભર્તૃહરિ કૃત શ્રૃંગારશતક, વૈરાગ્યશતક, નીતિશતક. આ શતક ત્રયમાં દાનને અમૃત માન્યું છે, માનવ જીવનનો શ્રેષ્ઠ ગુણ કહ્યો છે.

આ ગ્રંથોના આધારે દાન ધર્મનું સ્વરૂપ અને તેમના પ્રકારોની ધર્મકથાઓ આગળના પ્રકરણમાં પ્રસ્તુત છે, જે દાન ધર્મનાં સૂક્ષ્મ અને સાર્વદેશિક ચિંતનને ઉજાગર કરે છે.

# પ્રકરણ ૨
# દાનનું સ્વરૂપ દર્શાવતી કથાઓ

**અમોઘરેખા - ઋષિદત્તા :** (શ્રી નેમીશ્વર રાસ નં. ૧૩૨)

**શ્રી ચંદનપુર નગરમાં અમોઘરેખા** નામે રાજાની **ચારુમતી** નામે રાણી હતી. તેમનો **ચારુચંદ્ર** નામનો કુંવર હતો. આ નગરમાં **કામપતાકા** નામની વેશ્યાપુત્રી હતી. રાજાએ યજ્ઞ કર્યો. તેમાં ઘણાં તાપસો આવ્યાં. કામપતાકા રાજસભામાં નૃત્ય કરતી હતી. તેણે ચારુચંદ્ર અને **કૌશિક મુનિ**નું મન હરી લીધું. કુમારે યજ્ઞ બાદ પતાકાને પોતાને સ્વાધીન કરી. ત્યાર પછી કૌશિક મુનિએ કામપતાકાની માંગણી કરી. રાજાએ ના પાડી. તાપસે ક્રોધિત થઈ શ્રાપ આપ્યો કે, "જે આ નારી સાથે રમશે તે અવશ્ય મૃત્યુ પામશે." આ કારણે ઓમઘરેખા રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો.

તેમણે ચારુચંદ્રને રાજ્યનો ભાર સોંપ્યો. રાજા તાપસ બની વનવાસમાં ચાલ્યા ગયા. ચારુમતી રાણી પણ પતિના પગલે ચાલી. તે સમયે ચારુમતી રાણી સગર્ભા હતી પરંતુ તેની ખબર તેને ન હતી. કેટલોક સમય જતાં ગર્ભ પ્રબળ થયો ત્યારે અમોઘરેખા તાપસને જાણ કરી. સવા નવ માસે વનમાં ચારુમતીએ એક કન્યાને જન્મ આપ્યો. તેનું નામ **ઋષિદત્તા** પાડયું. યૌવનવય પામી તે શ્રાવિકા બની. ચારુમતી મૃત્યુ પામી.

એકવાર **શિલાયુધ** નામે રાજા શિકાર કરવા વનમાં આવ્યો. તેણે ઋષિદત્તાને જોઈ. તેના પ્રત્યે આકર્ષિત થયો. તેનું આતિથ્ય સ્વીકારી રાજા ત્યાં રહ્યો. એકાંત મળતાં બાળાને ભોગવી. તે સમયે ઋતુસ્નાતા ઋષભદત્તાએ કહ્યું, "હું કુલીન કન્યા છું. જો ગર્ભ રહી જશે તો મારી શું સ્થિતિ થશે ?" જતાં જતાં રાજાએ કહ્યું, "હું શ્રાવસ્તીના **શતાયુધ રાજા**નો પુત્ર છું. જો તારે પુત્ર થાય તો મારી પાસે આવજે. તે પુત્રને હું રાજ્ય આપીશ." ઋષિદત્તાએ સવા નવ માસે પુત્રને જન્મ આપ્યો. પુત્રને જન્મ આપી ઋષિદત્તા મૃત્યુ પામી. તે **જ્વલનપ્રભ દેવ**ની અગ્રમહિષી (પટરાણી) બની. જંગલમાં ભૂખથી બાળક રડવા લાગ્યું. અમોઘરેખા રાજા બાળકના રુદનથી દ્રવિત થઈ સ્વયં રુદન કરવા લાગ્યા. જ્વલનપ્રભા દેવીએ અવધિજ્ઞાન દ્વારા પુત્રને રડતો જોયો. પુત્રને ભૂખથી વ્યાકુળ જોઈ દેવીએ મૃગલીનું રૂપ લઈ બાળકને ધવરાવ્યો તેથી તે **'એણીપુત્ર'** તરીકે પ્રસિદ્ધ થયો.

કૌશિક તાપસ મૃત્યુ પામી આશ્રમમાં દૃષ્ટિવિષ સર્પ થયો. તે ક્રૂર સર્પે અમોઘરેખા તાપસને ડંખ માર્યો. દેવીએ સર્પનું ઝેર ઉતાર્યું અને સર્પને બોધ પમાડયો. સર્પ મૃત્યુ પામી **બલ** નામનો દેવતા થયો. દેવી ઋષિદત્તાનું રૂપ લઈ શ્રાવસ્તી નગરીમાં શિલાયુદ્ધ રાજા પાસે પુત્રને સોંપવા આવી પરંતુ વિસ્મરણ થવાથી રાજાએ પુત્રને ગ્રહણ કર્યો નહીં. ત્યારે દેવીએ પુત્રને રાજા પાસે મૂકી આકાશવાણી દ્વારા આશ્રમમાં બનેલી સર્વ ઘટના યાદ કરાવી. શિલાયુદ્ધ રાજાને આશ્રમની ઘટના યાદ આવી અને ઋષિદત્તાને આપેલું વચન પણ યાદ આવ્યું. તેણે એણીપુત્રને સ્વીકારી રાજસિંહાસન પર બેસાડયો.

હવે શિલાયુદ્ધ રાજાએ દીક્ષા લીધી. એણીપુત્ર રાજ્યનું સુવ્યવસ્થિત રીતે સંચાલન કરવા લાગ્યો. તેને બધી વાતનું સુખ હતું પરંતુ સંતતિની ખોટ હતી. સંતતિની પ્રાપ્તિ માટે તેણે અટ્ઠમ તપ કરી દેવીને પ્રસન્ન કરી. દેવીની સહાયતાથી તેને **પ્રિયંગસુંદરી** નામે પુત્રી થઈ.

આ પુત્રી યુવાન થઈ ત્યારે સ્વયંવર રચાયો. તેમાં એણીપુત્ર રાજાએ ઘણાં રાજાઓને આમંત્રણ આપી બોલાવ્યા પરંતુ પુત્રી માટે એકપણ વરની પસંદગી થઈ નહીં તેથી બધા રાજાઓએ પોતાનું અપમાન થયું એમ જાણી એણીપુત્ર સાથે યુદ્ધ કર્યું. દેવીની સહાયતાથી એકલે હાથે એણીપુત્રએ બધા રાજઓને હરાવ્યા. દેવી જમાઈને લઈ આવી. **વસુદેવ** સાથે પ્રિયંગુમંજરીના ગાંધર્વવિવાહ થયા.

ઋષિદત્તાએ શિલાયુધ રાજાનો આતિથ્ય સત્કાર કર્યો. સેવા, શ્રમદાન, વિકલાંગને મદદ કરવી ઈત્યાદિ કાય પુણ્ય છે. કાય પુણ્યથી વિશિષ્ટ પુણ્ય બંધાય છે. કોઈની પાસે ધનની ખામી હોય, સાધન ન હોય, બુદ્ધિમત્તા ન હોય તો તે કાયાના દાન દ્વારા મહાન પુણ્યોપાર્જન કરી શકે છે.

કર્મયોગી શ્રી કૃષ્ણે અરિષ્ટનેમિ તીર્થંકરને વંદન કરવા જતાં માર્ગમાં એક વૃદ્ધને જોયો. તેનું શરીર ધ્રૂજતું હતું. તેના વાળ સફેદ થઈ ગયા હતા. તે ઢગલામાંથી કાંપતા હાથે એક એક ઈંટ લાવી અંદર મૂકી રહ્યો હતો. શ્રી કૃષ્ણની કરુણા છલકાણી. તેમણે સહાનુભૂતિ માટે સ્વયં એક ઈંટ ઉપાડી અંદર મૂકી. તેમનું અનુકરણ રાજ દરબારીઓએ કર્યું. વૃદ્ધનું કાર્ય ક્ષણવારમાં પૂર્ણ થઈ ગયું. વૃદ્ધે આભાર માની અંતઃકરણ પૂર્વક આશીર્વાદ આપ્યા.

**અમ્બુચીચ નૃપ** : (કથા સાહિત્યમાલા નં. ૨૨૮)

**દ્વારકા**માં **કૃષ્ણ** રાજ્ય કરતાં હતાં. પાંડવોના કાકા **વિદુર**ને તેમણે પ્રધાન બનાવ્યા. તેને હંમેશાં સોળ ગાદીયાણા સોનું આજીવિકા રૂપે બાંધી આપ્યું. એકવાર વિદુરે કહ્યું, ''તમે મને વધુ ધન નથી આપતા તેથી હવે બીજા પાસે જઈશ.'' કૃષ્ણે કહ્યું, ''તારા નસીબમાં આટલું જ છે.'' કૃષ્ણ વડે વિદુરને બીજા રાજા પાસે મોકલાવાયા. કૃષ્ણે બધાં રાજાઓને કહેવડાવી દીધું કે 'વિદુરને સોળ ગાદીયાણાથી વધુ ન આપવું.' તેવું જ થયું તેથી વિદુરે કૃષ્ણ પાસે જઈ કહ્યું, ''ખરેખર! તમારી આજ્ઞા વિના કોઈ મને અધિક ધન આપશે નહીં એવું લાગે છે.'' કૃષ્ણે કહ્યું, ''આપણે બંને જઈએ. તમે બ્રાહ્મણ થાવ અને હું બટુકનું રૂપ લઈશ. **હસ્તિકલ્પપુર**માં **અમ્બુચીચ** નામનો મહાત્યાગી, દાનવીર રાજા છે પરંતુ તે કાને સાંભળતો નથી, તરસ લાગે ત્યારે ફક્ત **'અમ્બુ'** એમ બોલે છે અને ભૂખ લાગે ત્યારે **'ચીચુ'** એટલું જ કહે છે એમ હું કહીશ.'' આ રીતે કહી બંને નગરમાં ગયા. ત્યાંના રાજાને આશીર્વાદ આપ્યા. પ્રધાને ચિઠ્ઠી નાંખેલ એક કળશ ભેટમાં આપ્યો અને કહ્યું કે, ''આમાંથી ચીઠ્ઠી ઉપાડો.'' ત્યારે વિદુરે નીચેની ચીઠ્ઠી ખેંચી જોયું તો તેની ઉપર **'સોળ ગદીયાણા'** લખેલું હતું. હવે કૃષ્ણે ઉપરની ચીઠ્ઠી ખેંચી. તેમાં **'કરોડ'** લખેલું હતું. પ્રધાને કહ્યું, ''બ્રાહ્મણનું નસીબ ઓછું છે અને બટુકનું નસીબ વધુ છે.'' કૃષ્ણે કહ્યું, ''નસીબમાં હોય તેટલું જ મળે છે.''

દરેક ઘટના પરમનો રાહ ચીંધતી હોય છે. સંક્ષેપમાં ભૂતકાળમાં જેવા ભાવે દાન કર્યું હશે તેવું જ વર્તમાનમાં તેનું ફળ મળશે. આર્થર શોપન હોઅરે કહ્યું છે કે, 'સંપત્તિ દરિયાનાં ખારાં પાણી જેવી છે, જેમ વધુ પીઓ તેમ તરસ વધતી જાય.'

**અષાઢાભૂતિ** : (શ્રી જૈન કથારત્ન મંજૂષા, પૃ.૧૭)

**વત્સપાટણ**ના રહેવાશી **કમળ** શેઠ અને **યશોદા** શેઠાણીનો **અષાઢાભૂતિ** નામે પુત્ર હતો. અગિયાર વર્ષની વયે અષાઢાભૂતિએ **ધર્મરુચિ મુનિ**ની દેશના સાંભળી. તેને વૈરાગ્ય જાગ્યો. તેણે દીક્ષા

સ્વીકારી. તેજસ્વી બાળમુનિ પ્રજ્ઞાના કારણે બાળમુનિએ અલ્પ સમયમાં ઘણો અભ્યાસ કર્યો. તે મંત્ર-તંત્રમાં પારગામી બન્યા.

**રાજગૃહી**માં ધર્મરુચિ અણગાર પધાર્યા. તેમની સાથે અષાઢાભૂતિ મુનિ પણ ત્યાં આવ્યા. તેઓ ગોચરીએ નીકળ્યા. ફરતા ફરતા એક ઊંચી હવેલીવાળા **વિશ્વકર્મા** નામના મહર્દ્ધિક નટને ત્યાં આવી ચડયા. નટ વિદ્યામાં પારંગત અને વૈભવશાળી હતો પરંતુ તેના જીવનમાં એ વિષાદ હતો કે, એની નટ વિદ્યાનો વારસો જાળવે એવો કોઈ પુત્ર ન હતો.

નટની કન્યા **ભુવનસુંદરી** અને **જયસુંદરી (વેણુ અને રેણુ)**એ પિતાની વર્ષગાંઠના ભોજન સમારંભમાં મુનિને વહોરવા પધારવા આગ્રહ કર્યો. તેમણે ભાવથી સુગંધી લાડુ વહોરાવ્યા. મુનિ લાડુ લઈ નીકળ્યા પણ રસવૃત્તિ તેમના પર હાવી થઈ ગઈ. લાડવાના સુગંધ અને આકાર જોઈ મૂર્છા જાગી. તેમણે વિચાર્યું, ‘લાડવો સરસ છે પણ એક લાડુથી શું થશે ? આ તો ગુરુને આપવો પડશે. લાવ બીજી વાર વહોરવા જાઉં ! પણ કન્યાઓ જાણી જશે કે, આ સાધુ ફરી કેમ આવ્યા ?’

અષાઢાભૂતિએ વિદ્યાના બળે રૂપ પરિવર્તન કર્યું. તેમણે યુવાન સાધુનું રૂપ બનાવ્યું અને ‘ધર્મલાભ’ કહી મહર્દ્ધિકને ત્યાં પુનઃ પ્રવેશ્યા. નટકન્યાએ બીજો કેસરથી મઘમઘતો સુગંધી લાડવો આપ્યો. મુનિ વહોરીને થોડે દૂર ગયા. ત્યાં ફરી વિચાર આવ્યો કે, ‘એક લાડવો વિદ્યાગુરુને આપવો પડશે, તો મને કંઈ નહીં મળે.’ તેમણે રૂપ પરિવર્તનનું સાતત્ય જાળવી રાખ્યું. હવે તેમણે એક આંખવાળા સાધુનું રૂપ સર્જ્યું અને ત્રીજો લાડવો વહોર્યો. ફરી પાછો નવો વિચાર આવ્યો કે, ‘આ લાડવો તો ઉપાધ્યાયના ભાગમાં જશે.’ ચોથીવાર અતિ વૃદ્ધ અને પાંચમી વાર કોઢિયાનું રૂપ સર્જી મુનિએ લાડુ વહોર્યા પરંતુ તેમને તૃપ્તિ ન થઈ. કેમકે ગુરુબંધુ અને સંઘાડાના વૃદ્ધને આપતાં છઠ્ઠા લાડુ સિવાય પોતાના ભાગમાં લાડુ આવે એમ ન હતો, આથી છઠ્ઠીવાર બાળમુનિનો વેશ સજી છઠ્ઠો લાડુ વહોર્યો અને ઉપાશ્રય આવી ગોચરી વાપરી.

ઝરૂખામાં બેઠેલ મહર્દ્ધિકે મુનિની આ નવી પ્રતિભાને બારીકાઈથી નિહાળી. મુનિએ છ લાડુ વહોર્યા તેની તેને અપ્રીતિ ન થઈ પણ મુનિની સુંદર કળાથી તે અંજાઈ ગયો. તેણે વિચાર્યું, ‘મુનિ કેવા સુંદર રૂપ ધરી શકે છે. તેઓ અભિનંદનીય છે ! એમનામાં રૂપ પરિવર્તનની કેવી સૂઝ છે ! જો એ નટ બને તો કેટલાય રાજવીઓને રીઝવી શકે અને હું પુષ્કળ લક્ષ્મી મેળવી માલામાલ થઈ જાઉં. મને ખોજ હતી તેવા જ આ મુનિ છે !’

મહર્દ્ધિક નીચે આવ્યો. તેણે પુત્રીઓને કહ્યું, ‘‘મુનિ જ્યારે પધારે ત્યારે તેમને પ્રીતિપૂર્વક વહોરાવજો અને રોજ આવે તો પણ ભાવથી આપજો. તેમને પોતાના બનાવવાની મથામણ કરજો. તેમની પાસે રૂપ પરિવર્તનની અજબ શક્તિ છે. તેઓ જીભની લાલચને કારણે જ આપણને વશવર્તી બની શકે એમ છે.’’ અષાઢાભૂતિને નટનું ઘર ગમ્યું. તે રોજ વગર બોલાવ્યે, એ જ સમયે વહોરવા આવવા લાગ્યા. તેમને મનગમતી સુગંધિત ગોચરી તરત મળી જતી. નટ કન્યાઓએ મુનિને વશ કરવા કેટલાંક રંગીન સ્વપ્નો અને વિચારો કર્યા. ગાંધર્વ કન્યા જેવી ભુવનસુંદરી અને જયસુંદરી હસીને વહોરાવતી. મુનિને વસાણાવાળા મોદક આરોગીને સંસારની સુંવાળપ દેખાવા લાગી. પછી તો ભિક્ષા લેવા જવાનો એમનો રોજિંદો નિયમ બની ગયો. સ્વાદની લાલચની સાથે સાથે ધીરે ધીરે બીજા વિકાર ભાવો જાગવા લાગ્યા. મુનિનું ચિત્ત શિથિલ બનવા લાગ્યું. નટકન્યાઓ પ્રતિદિન નવાં નવાં શણગાર સજી મુનિને ભિક્ષા આપતી. મુનિનું ચિત્ત ચંચળ બન્યું. આ છાનોછપનો ખેલ ચાલવા લાગ્યો. ધીમે ધીમે તેમની દૃષ્ટિ મળી. પ્રણયનો બહેકાવ ઉભયપક્ષે અનુભવ્યો.

એક દિવસ બન્ને સુંદરીઓએ શરમ છોડી લાડથી કહ્યું, ''મહારાજ ! વાત અચરજભરી છે. મારા પિતા વિશ્વકર્માએ નજરોનજર ઝરૂખામાંથી જોયું હતું કે, આપ રૂપપરિવર્તન કરી વારંવાર ભિક્ષા લેવા આવ્યા હતા.'' મુનિ ઝંખવાણા પડી ગયાં. આ સ્વાદવૃત્તિએ કેવી ફજેતી કરાવી ! મુનિએ કંઈક રસ્તો કાઢવા લાડવાની હકીકત જણાવી. એટલામાં હવેલીના ઉપરના માળેથી વિશ્વકર્મા નીચે ઉતર્યા અને કહ્યું, ''મુનિરાજ ! અજબ રૂપ ધરો છો તમે ! તમારી કલા માટે લાખ લાખ ધન્યવાદ. તમારા જેવા કલાકારને હું મારી કન્યાઓ અર્પણ કરવા ઈચ્છું છું.'' એકબાજુ સંયમ અને આકરી તપશ્ચર્યા તો બીજી બાજુ મનભાવતા મિષ્ટાનો અને સંસારની સુંવાળપ ! મુનિ ભાન ભૂલ્યા. તેમાં નટકન્યાઓએ મધુર શબ્દોની જાળ રચી. ''નાની વય છે, સુંદર રૂપ છે, તમે અહીં જ રહો ! અમારા પિતાની પણ એવી જ ઈચ્છા છે. અહીં ધનનો તોટો નથી. અમે કુંવારી છીએ. પિતા અમારા માટે યોગ્ય વરની શોધમાં છે. તમે જ અમારી સાથે વિવાહ કરો.'' કન્યાઓના સૂરમાં પ્રેમ છલકાતો હતો.

નશીલી નટ કન્યાઓના મનમોહક હાવભાવથી બાળમુનિ આકર્ષાયા. પ્રેમનું તોફાન જાગ્યું. તેઓ હદ છોડી બેહદ થયાં, સંયમને વિસરી ગયા અને કહ્યું, ''એ બધું તો ઠીક ! પણ ગુરુ મારી રાહ જુએ છે. હું તેમની રજા લઈને આવું તો કેમ ?'' કન્યાઓએ કહ્યું, ''મુનિ ! તમે ભોળા છો. ગુરુ તમને રજા આપશે ખરા ?'' મુનિએ કહ્યું, ''મારી ઈચ્છા જવાની હોય, તો ગુરુ શું કરશે ?''

અષાઢાભૂતિ ગુરુ પાસે પહોંચ્યા. ''ભગવંત ! આ લો ઓઘો, મુહપત્તિ અને સંયમના કપડાં. મને રજા આપો.'' યુવાનવયમાં બાળ શિષ્ય સંસારમાં લપટાય તે દેખી ધર્મરુચિ મુનિને ખૂબ લાગી આવ્યું. તેમણે હૃદયથી માન્યું કે, 'આ બધો પ્રતાપ એક ઘરે ગોચરી વહોરવા જવાનો છે. શિષ્ય નટ કન્યાના કામણથી વિંધાયો છે.' હવે તે સંબંધી ઠપકો આપવાનો અવસર ન હતો. બાજી હાથમાંથી ચાલી ગઈ હતી.

તેમણે કહ્યું, ''અષાઢાભૂતિ ! હું સંસારમાં જવાની રજા શી રીતે આપું ? તું સંસારના સ્વરૂપથી અજાણ છે. સંસાર કારમો છે. વિલાસી સ્ત્રીના હાવભાવ, તેનો અંજામ બૂરો છે.'' અષાઢાભૂતિએ કહ્યું, ''ભગવન્ ! સંસારના ખારા પાણી મને આજે આકર્ષી રહ્યા છે. આપ મને રજા આપો.'' ગુરુને થયું કે, 'હવે તે કોઈ રીતે સમજશે નહીં.' ત્યારે તેમણે કહ્યું, ''તું માંસ અને મદિરા ન લેતો અને તેના લેનારનો સંગ ન કરતો.'' અષાઢાભૂતિએ મસ્તક નમાવ્યું અને કહ્યું, ''ભગવન્ ! આપના બે વચન હું જરૂર પાળીશ.'' એમ કહી ત્યાંથી વિદાય લીધી.

અષાઢાભૂતિએ નટની હવેલીમાં પ્રવેશ કરતાં ચેતવણી આપી કે, ''હું તમારી પાસે આવ્યો છું પણ જો મદિરા અને માંસનો ઉપયોગ સદંતર ન કરો તો જ હું અહીં રહીશ. જો તમારામાંથી કોઈએ પણ તેનો ઉપયોગ કર્યો તો હું તત્ક્ષણ ઘર છોડી ચાલ્યો જઈશ.'' નટ પરિવારે આ શરત કબૂલ કરી. મહર્દ્ધિકે શુભ દિવસ જોઈ પોતાની પુત્રીના વિવાહ અષાઢાભૂતિ સાથે કરાવ્યા.

રૂપ પરિવર્તનની વિદ્યામાં કુશળ એવા અષાઢાભૂતિએ વિવિધ નાટકો ભજવ્યાં અને ઘણું ધન કમાવ્યું. મહર્દ્ધિક ધનાઢય બન્યો.

એકવાર રાજગૃહીના રાજા **સિંહરથ** પાસે પરદેશથી એક નટ પરિવાર આવ્યો. તેમણે કહ્યું, ''રાજન્ ! મેં અનેક નટોને જીત્યા છે. જીતેલા નટોના નિશાન રૂપે ચોર્યાશી સોનાના પૂતળાં મેં મારી કમ્મરે બંધ્યા છે. મેં સાંભળ્યું છે કે, તમારા રાજ્યમાં અષાઢાભૂતિ કુશળ નટ છે. તેની સાથે મારે હરિફાઈ કરવી છે. જો

હું હારું તો મારું સર્વસ્વ અર્પણ કરીશ અને જો અષાઢાભૂતિ હારે તો તેની તમામ મિલકત હું લઈશ.'' રાજાએ અષાઢાભૂતિને બોલાવી નટની શરત જણાવી. અષાઢાભૂતિએ શરત કબૂલ કરી.

નાટયારંભનો દિવસ નક્કી થયો એટલે અષાઢાભૂતિ ઘરેથી નીકળ્યો. તેણે બન્ને પ્રિયાઓની વિદાય લીધી. રાજસભામાં નાટકનો આરંભ થયો. બન્ને નટોએ વિશિષ્ટ તરકીબથી અપૂર્વ નટકળા પીરસી પરંતુ અષાઢાભૂતિ તેમાં જીત્યો. રાજાએ અને પ્રેક્ષકોએ ધનની વૃષ્ટિ કરી. આવેલો વાદી નટ સોનાનાં પૂતળાં મૂકી નાસી ગયો. અષાઢાભૂતિને વગર મહેનતે પુષ્કળ ધન મળ્યું.

અષાઢાભૂતિ ઘરે આવ્યો. બન્ને સ્ત્રીઓ માંસ ભક્ષણ કરી મદિરાપાન કરી છકેલી અવસ્થામાં ઉન્મત્ત થઈ જમીન પર સૂતી હતી. તેમનું મોઢું ગંધાતું હતું અને માંસ આગળ માખીઓ બણબણતી હતી. અષાઢાભૂતિનો હર્ષ ઓસરી ગયો. તેને તીવ્ર આઘાત લાગ્યો. તેને ગુરુના વચનો યાદ આવ્યા. તેના હૃદયમાં પશ્ચાતાપ થયો. 'હું ઉભય ભ્રષ્ટ બન્યો. સંયમથી પણ ચૂક્યો અને ગુરુ આજ્ઞાને પણ વિસર્યો.' તે સડસડાટ ઘર છોડી ગુરુ પાસે જવા નીકળ્યો.

ત્યાં નટ કન્યાઓ હોંશમાં આવી જાગી ગઈ. તેમને પોતાની ભૂલ સમજાઈ ગઈ. તેમણે દ્વારમાં આડા ઊભા રહી અશ્રુપાત કરતાં ફેરવીને કહ્યું, ''નાથ! આપને વાદમાં વાર લાગશે; એવું સમજી અમે સ્વછંદતાથી આ પાપ કર્યું છે. અમે ફરી આવી ભૂલ નહીં કરીએ. અમને ક્ષમા કરો.''

અષાઢાભૂતિએ કહ્યું, ''પ્રિયાઓ! હું તમારા પર દ્વેષ કરતો નથી પરંતુ મારી જાતને ધિક્કારું છું. ચિંતામણિ રત્ન જેવું મારું સંયમ રત્ન મેં ગુમાવ્યું. તેનો મને ભારે ખેદ છે. તમારા જેવી સ્ત્રીઓના સંગથી હું નરકનો અધિકારી થયો છું.'' સ્ત્રીઓએ નવો પાસો ફેંકતાં કહ્યું, ''નાથ! અમારો નિર્વાહ કઈ રીતે થશે? આપને સંયમ લેવો જ હોય તો એકવાર અમને ધન-ધાન્યથી પૂર્ણ કરી પછી ચાલ્યા જાઓ કારણકે અમારા માટે હવે જીવવું લોઢાના ચણા ચાવવા જેવું બની જશે.''

અષાઢાભૂતિને હવે સમજાયું કે, 'આ સ્ત્રીઓને મારો ખપ સંપત્તિ માટે જ છે. તો ભલે એકવાર એમને મનગમતી સંપત્તિ અપાવી સંતોષ પમાડું.'

અષાઢાભૂતિએ સાત દિવસમાં **ભરત ચક્રવર્તી** (રાષ્ટ્રપાળ) નામનું નાટક બનાવી સિંહરથ રાજાની સભામાં તે નાટક અજબ અભિનય કળા દાખવી ભજવ્યું. અષાઢાભૂતિ સ્વયં ચક્રવર્તી બન્યા. પાંચ રાજકુમારોને પોતાના સાથીદારો બનાવ્યા. તેમણે નાટકના પડદા પર છ ખંડ સાધ્યા. છત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓને વશ કર્યા. અરીસા ભવનમાં અષાઢાભૂતિ - ભરત ચક્રવર્તીએ પ્રવેશ કર્યો. ચક્રવર્તીની નકલ કરતાં કરતાં અષાઢાભૂતિએ એક વીંટી આંગળીમાંથી કાઢી અને કહ્યું, ''રાજા, ચક્રવર્તી, દેવ કે દાનવ દરેકના શરીર ક્ષણભંગુર છે. દેહ ઉપરનાં આભૂષણો દેહને સ્થિર નથી કરી શકતાં. દેહ વિનશ્વર છે.''

આ શબ્દો હૈયામાં ઉતરતાં અષાઢાભૂતિને નાટયમંચ પર કેવળજ્ઞાન થયું. પાંચસોએ સાથીદારોને પ્રતિબોધિ, દીક્ષા આપી તાર્યા. આ પાંચસો રાજકુમારોનો પહેરવેશ, આભૂષણો અને આખો ભવ ચાલે એટલું ધન નટ કન્યાઓને મળ્યા. તેનાથી તેમની આજીવિકાની ચિંતા ટળી. પછી મુનિનો વેશ ધારણ કરી ગુરુ પાસે આવ્યા. અત્યંત વિશાળ હૃદયના ક્ષમાશીલ ગુરુએ આવકારતાં કહ્યું, ''સવારનો ભૂલો પડેલો વ્યક્તિ સાંજે ઘેર પાછો ફરે, તો એને હું ભૂલેલો નહીં સમજું.''

નટ કન્યાઓએ ખરા દિલથી મુનિને ભિક્ષા આપી ન હતી. તેમણે દાનની પરિપાટી ભૂલી

ઔપચારિક, સ્વાર્થની પૂર્તિ માટે મુનિને ભોળવી શ્રીમંત થવાના કોડા સાથે ભિક્ષા વહોરાવી. આ દાનમાં સાત્ત્વિકતાની બિલકુલ ગુંજાઈશ ન હતી. તેમનું દાન અશુદ્ધ કહેવાય.

**ઈશ્વર - પાર્વતી** : (પ્રબંધ પંચશતી, ક.૩૮૯)

એક વખત **મહાદેવ** અને **પાર્વતી** જગતની ચેષ્ટા જોવા પૃથ્વી પર આવ્યા. પાર્વતીએ કહ્યું, "પૃથ્વી ઉપરના લોકો સર્વે દાતાર દેખાય છે." મહાદેવે કહ્યું, "તે સર્વથા સત્ય નથી. લોકોની પરીક્ષા કરવાથી જણાશે." તાપસનું રૂપ લઈ બન્ને કૃષવિલના ઘરે ગયાં. પ્રભાત સમયે તે ખેડૂતની સ્ત્રી કછોટો બાંધી ઢીંચણ પ્રમાણ ગાર (કાદવ)માં ભમતી, છાણ વાસિંદુ કરતી, દહીં વલોવતી, અસ્તવ્યસ્ત સામાનને ઠેકાણે પાડવા આદિ કાર્યોમાં ગૂંથાયેલી હતી. તેણી સહેજ પણ વિશ્રામ કર્યા વિના અવિરતપણે ઘરકામ કરતી હતી. આવી કામોઢી સ્ત્રીને જોઈ તે બંને કહેવા લાગ્યાં, "માઈ! અમને ભિક્ષા આપો." તે સાંભળી ખેડૂતની સ્ત્રીએ કટાક્ષમાં ટોણો મારતાં કહ્યું, "શું તમે શિકામાં વસતા હતા ? કે સવારના પહોરમાં જ ભિક્ષા લેવા આવી ગયા છો ? તમે કામ વિનાના છો પરંતુ મારે તો ઘણાં કામો છે તેથી હું પરવારેલ નથી."

મહાદેવે આશીર્વાદ આપતાં કહ્યું, "તારું આવા પ્રકારનું ગાય, ભેંસ સંબંધી ધન આઠ ગણું થાઓ." એ પ્રમાણે કહી તેઓ આગળ જતાં કોઈ ક્ષત્રિયના ઘરે આવ્યાં. તેઓએ ત્યાં પણ ભિક્ષા માંગી. તેણે ઉઠીને ભાવથી ભિક્ષા આપી. ત્યાંથી નીકળેલા મહાદેવે શ્રાપ આપતાં કહ્યું, "આનું ઘર બળી જાઓ." તાપસોની પાછળ આવતા ક્ષત્રિયએ આ વેણ સાંભળ્યાં. તેણે પૂછયું, "તાપસ! દાન આપવા છતાં આવાં અનિષ્ટ વચનો કેમ બોલો છો ?" મહાદેવે તેને કહ્યું, "તેનું રહસ્ય પાર્વતી પ્રત્યે આગળ કહીશ." તે ક્ષત્રિય પાછો આવ્યો. પોતાનું ઘર, પુત્ર-પત્નીને બળેલા જોઈ તેને ધ્રાસકો પડતાં તે અકસ્માત મૃત્યુ પામ્યો.

આ બાજુ મહાદેવ અને પાર્વતી સ્વર્ગમાં ગયા. એક દિવસ પાર્વતીએ મહાદેવને પૂછયું, "જેણે આપણને મુલાયમતાથી ભિક્ષા આપી તે અહીં કેમ સુખી નથી?" ત્યારે મહાદેવે પુત્ર અને પત્ની સાથે તે ક્ષત્રિયને દૈવી સુખો ભોગવતો બતાવ્યો. "દેવી! દાન વડે દૈવિક ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. મનુષ્ય લોકમાં મનોજ્ઞ સિદ્ધ થતું નથી પરંતુ દેવ પર્યાયમાં મનોજ્ઞ સિદ્ધ થાય છે." પાર્વતીની ઉત્સુકતા વધી. તેણીએ કહ્યું, "નાથ! તે ખેડૂત સ્ત્રી, જેણે દાન ન આપતાં જાકારો આપ્યો તેનું શું થયું?" મહાદેવ પાર્વતીને લઈ ખેડૂતની સ્ત્રીને ત્યાં આવ્યાં. ખેડૂત સ્ત્રીને ત્યાં ભેંસ વગેરે ધન આઠ ગણું થતાં, તે આઠ ગણું કમાવા લાગી. તે સદા કામ આટોપવામાં જ વ્યસ્ત રહેવા લાગી. લાલસા અને તૃષ્ણા એ લોભની જનની છે. લોભને રવાડે ચડવાથી તેની વિવેકશક્તિ હણાઈ ગઈ હોવાથી દાનથી વંચિત રહી. તેથી મહાદેવે કહ્યું, "દેવી! જોયું અહીંયા લાભ ખાટવાની અવઢવમાં દાનમાં એક દાણો ન આપનાર આ કૃપણ સ્ત્રીનું જીવન ડહોળાઈ ગયું. તેણી કાળ કરી નરકમાં જશે." પાર્વતીએ કહ્યું, "નાથ! આપે કહ્યું તે સત્ય છે. ભાવથી દાન આપનારા બહુ અલ્પ હોય છે."

**ગીતાકારે** પ્રસ્તુત સૂત્રમાં સુંદર પ્રેરણા આપી છે.

**"दीयतां दीयतां मह्यमदातुः फलमीदृश्यम्।"**

**અર્થ :** મને આપો, મને આપો, મેં પૂર્વ ભવમાં કૃપણતા અને રૂક્ષતા વશ કોઈને દાન આપ્યું નથી તેનું ફળ ભોગવું છું. ખેડૂત સ્ત્રીની જેમ દાન ન આપનાર ભવાંતરમાં ભિખારી, યાચક કે દુર્ગતિનો વાસી બને છે.

જેમ પ્રેમ નિભાવ્યાથી નભે, તેમ ધન આપ્યાથી જ મળે છે. દાન એ એક ધારણા, સિદ્ધાંત, ખ્યાલ કે

વિચાર નથી પરંતુ જીવંત અનુભવ છે.

**ઉદાયનમંત્રી** : (પ્રબંધ પંચશતી)

**ઉદાયન** મંત્રી અંતિમ સમયે યુદ્ધમાં ઘવાયા. તેમણે પોતાની અંતિમ ઈચ્છા પુત્ર સમક્ષ પ્રસ્તુત કરી કે, ''ઘણું દ્રવ્ય ખર્ચીને પણ **શત્રુંજય**નો ઉદ્ધાર કરવો.'' પિતાશ્રીની ઈચ્છા પૂર્ણ કરવા માટે શત્રુંજય તીર્થના જિર્ણોદ્ધારનું કાર્ય શરૂ કર્યું. બે વર્ષ પૂર્ણ થયા ત્યારે જિણોદ્ધારનું કાર્ય લગભગ પૂર્ણાહુતિના આરે પહોંચ્યું. મંત્રીશ્વર પાટણ હતા ત્યારે જિર્ણોદ્ધારના પૂર્ણાહુતિના સમાચાર લાવનાર વ્યક્તિને તેમણે સોનાની જીભ બનાવીને ભેટ આપી. બીજી જ ક્ષણે દુઃખદાયક સમાચાર મળ્યાકે પૂર્ણ થયેલું મંદિર તૂટી ગયું છે. એટલો ભયંકર પવન ફૂંકાયો છે કે ન પૂછો વાત. આવા સમાચાર લાવનાર વ્યક્તિને તેમણે સોનાની બે જીભ ભેટ આપી કેમકે 'પોતાની હયાતિમાં આ કાર્ય થયું તે સારું થયું, જેથી જિનાલયની મરામતનો લાભ પણ પોતાને જ મળશે;' એવું તેઓ હૃદયના ઊંડાણથી માનતા હતા.

શિલ્પીઓને બોલાવવામાં આવ્યા. શિલ્પીએ પ્રાસાદ પડી જવાનું કારણ ચકાસતાં જણાવ્યું કે, ''ભમતી સહિતનો પ્રાસાદ હોવાથી પ્રાસાદ પડી જાય છે. જો ભમતી રહિતનો પ્રાસાદ બનાવવાનો પ્રયાસ થાય તો તે ચિરંજીવ બની શકે. પરંતુ એવું કરતાં જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આપને સંતતિ નહીં થાય.'' ત્યારે ઉદાયન મંત્રીએ ક્ષણનો પણ વિચાર કર્યા વિના કહ્યું, ''ભલે સંતતિ ન થાય પણ પ્રાસાદ તો ચિરકાળ ટકી રહે એવો નક્કર બનવો જ જોઈએ.'' એમ કહી ઉદાયન રાજાએ જ્યોતિષોને વિપુલ ધન દાનમાં આપ્યું. કેવો અદ્‌ભુત વિચાર! જેનામાં ભેદબુદ્ધિ ટળી હોય, તેનામાં જ હૃદયની આવી ઉદારતા પ્રગટે છે.

ઉદાયન મંત્રીએ ઈતિહાસમાં એવી ઊંચાઈ હાંસલ કરી છે કે, જૈન જગત વર્ષો સુધી તેમને ભૂલી નહીં શકે. તેમને વંશ વિચ્છેદની પીડા ન હતી પરંતુ પીડા પજવી રહી હતી, જિનાલયના નિર્માણની! જેનાથી ઉદયન અને જિનાલયનો આત્મસેતુ ચિરકાળ જળવાઈ રહ્યો. એનાથી ઊંચું બીજું કયું સગપણ હોય ? તેમનો મૌલિક સંકલ્પ સર્વ વ્યાપક હતો. તેમાં આપખુદીની કે વ્યક્તિગત સ્વાર્થની ગંધ ન હતી. આમ, દાનવીર જગતમાં ચિરંજીવ બને છે.

**કપિલા દાસી - શ્રેણિક** : (ઉપદેશમાલા)

**રાજગૃહી નગરી**માં **ભગવાન મહાવીર** પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. આ સમવસરણમાં **દર્દુરાંક** નામનો દેવ કોઢિયાનું રૂપ લઈ આવ્યો. તે દેવ ભગવાનની પાસે બેસી પોતાના શરીરનો દુર્ગંધી ચેપ તેમના ચરણમાં ચોપડતો હતો. વારંવાર આવું અકાર્ય કરતો જોઈ **શ્રેણિક રાજા**ને ક્રોધ ચડયો. ''આ પાપિષ્ઠ ભગવાનની અવજ્ઞા કરી રહ્યો છે. એને પાઠ ભણાવવો જોઈએ.'' એટલામાં ભગવાનને છીંક આવી. કોઢિયાએ કહ્યું, ''તમે મરો.'' થોડીવારે રાજાને છીંક આવી. ત્યારે આશિષ આપતાં તેણે કહ્યું, ''તમે ઘણું જીવો.'' **અભયકુમાર**ને છીંક આવી ત્યારે તે બોલ્યો, ''જીવો અથવા મરો.'' **કાલસૌરિક કસાઈ**ને છીંક આવી ત્યારે તેને કહ્યું, ''મ જીવ મ મર.'' ચારે વચનોમાં કોઢિયાએ ભગવાનને મરવાનું કહ્યું તે રાજાને બિલકુલ ગમ્યું નહીં. રાજાએ ઉશ્કેરાઈને સેવકોને કહ્યું, ''આ અભદ્ર, દુષ્ટ કોઢિયાને સમવસરણની બહાર નીકળે એટલે એને પકડીને બાંધી દેજો.'' સેવકો પકડવા દોડયા પરંતુ કોઢિયો આકાશમાં ઉડી ગયો. આ જોઈ રાજા વિસ્મય

પામ્યા. તેમણે ભગવાન પાસે જઈ પૂછ્યું, ''ભગવન્! આ કુષ્ટી કોણ હતો ?''

ભગવાને સેડુકના ભવથી પ્રારંભી તેનો સઘળો વૃત્તાંત જણાવ્યો અને કહ્યું, ''હે રાજન્! તારી પરીક્ષા કરવા માટે દેવે કુષ્ટીનું રૂપ બતાવીને મારા અંગે દિવ્ય ચંદનનો લેપ કર્યો છે.'' રાજાએ પૂછ્યું, ''હે સ્વામી! આપને છીંક આવી ત્યારે તે દેવે મરવાનું કેમ કહ્યું ?'' પ્રભુએ કહ્યું, ''હે શ્રેણિક! આ પૃથ્વી પર છું ત્યાં સુધી વેદનીયાદિ ચાર અઘાતી કર્મ મને વળગેલાં છે. મારા મૃત્યુ પછી મને મુક્તિ સુખ મળવાનું છે. માટે દેવે મને મરવાનું કહ્યું. તને છીંક આવી ત્યારે તને જીવવાનું કહ્યું એનું કારણ એ છે કે, હાલમાં તું રાજ્ય સુખ ભોગવે છે પરંતુ મૃત્યુ પછી તું નરકમાં જવાનો છે માટે તને 'ચિરંજીવ રહો' એમ કહ્યું. અભયકુમાર હમણાં રાજસુખ ભોગવે છે અને પરભવમાં પણ અનુત્તર વિમાનમાં જવાનો છે તેથી 'જીવ અથવા મર' એમ કહ્યું. કાલસૌરિક કસાઈ અહીં જીવતો હોવા છતાં હિંસાદિ પાપનું આચરણ કરે છે અને મૃત્યુ પછી સાતમી નરકે જવાનો છે તેથી તેને 'ન જીવ ન મર' એમ કહ્યું.''

શ્રેણિક રાજાએ પોતાનું ભાવી અંધકારમય જાણી કહ્યું, ''હે સ્વામી! આપના જેવા ગુરુ હોવા છતાં મારે નરકે જવાનું ?'' ભગવાને કહ્યું, ''હે શ્રેણિક! સમકિત પ્રાપ્તિ પૂર્વે તેં નરકનું આયુષ્ય બાંધી લીધું છે. તે મિથ્યા થઈ શકે તેમ નથી પરંતુ ખેદ ન કર. તું આવતી ચોવીસીમાં **પદ્મનાભ** નામનો તીર્થંકર થશે.'' રાજાએ હર્ષિત થઈ નરક નિવારણનો ઉપાય પૂછ્યો. ત્યારે ભગવાને કહ્યું, ''જો તારી **કપિલા** નામની દાસી ભાવપૂર્વક સાધુને દાન આપે અને કાલસૌરિક કસાઈ એક દિવસ પશુઓને અભયદાન આપે તો તારે નરકે ન જવું પડે.''

રાજાએ કપિલા દાસીને બોલાવી કહ્યું, ''તું સાધુઓને ભાવથી દાન આપ.'' દાસીએ ટાઢાબોળ બની કહ્યું, ''તે મારાથી નહીં થશે.'' રાજાએ બળાત્કારે તેના હાથે ચાટવો બાંધી દાન અપાવ્યું ત્યારે દાસી લાચાર બની બોલી, ''આ અંગ કસરત છે. નિષ્ઠાપૂર્વક આ દાન હું નથી આપતી, મહારાજા શ્રેણિકનો ચાટવો દાન આપે છે.'' કપિલાના શબ્દોએ ભસ્મીભૂત કરી નાંખ્યા. તેમણે કાલસૌરિક કસાઈને બોલાવી કહ્યું, ''તું પાડા મારવાનું છોડી દે.'' કસાઈએ કહ્યું, ''હું પ્રાણપ્રિય હિંસાનો ત્યાગ નહીં કરું.'' રાજાએ તેને અંધ કૂપમાં નાંખ્યો. ત્યાં પણ કાદવની માટીના પાંચસો પાડા ચીતરી તેની હિંસા કરી.

ઈન્ટરનેટ અને કમ્પ્યુટરના અભ્યાસક્રમની જેમ આંતરિક પ્રતીતિ અને વ્યક્તિત્વનાં રૂપાંતર જેવી બાબતો સમયબદ્ધ અભ્યાસ શિબિરોમાં પેકેજડીલ તરીકે રજુ કરવાનો વર્તમાને વાયરો ચાલ્યો છે. જીવનની ઘણી બધી બાબતો એવી છે જે થોપી ન શકાય, અંદરથી પ્રગટે તો જ ચાલે. ગીતની નકલ શીખવી શકો પરંતુ સુરીલાપણું શીખવી શકો નહીં. પ્રવચનો આપી શકો પણ સમર્પણભાવ શીખવી શકાય નહીં, તેમ દાન આપવાની પ્રેરણા કરી શકાય પણ આંતરિક દાનની વૃત્તિ કે માનસિક ભૂમિકા તૈયાર ન હોય તો પ્રેરી પણ ન શકાય. એનું જ્વલંત ઉદાહરણ છે કપિલા દાસીનું!

કમને આપેલું દાન કે કમને પાળેલી અહિંસા નિષ્ફળ નિવડે છે. ભાવપૂર્વક આપેલું દાન દુર્ગતિનું નિવારણ કરવાને સમર્થ છે. જેમ આર્ય સન્નારી પોતાના ચારિત્ર્યનું જતન કરે છે, તેમ સુજ્ઞ દાનેશ્વરી પોતાના શુભ ભાવોનું જતન કરે છે.

**કર્ણક દ્વીજ** : (દાન સ્વરૂપ, પ્રબંધ પંચશતી)

**કર્ણક** નામનો કોઈ વિપ્ર સુવર્ણનું દાન આપી તેના પ્રભાવે સ્વર્ગમાં અવતર્યો. તે સ્વર્ગમાં પણ

સુવર્ણને જ નિહાળે છે, બીજાને નહીં.

એક વખત તેણે ગુરુને પૂછ્યું કે, ''મને સોનું જ કેમ દેખાય છે ?'' ત્યારે ગુરુ ભગવંતે કહ્યું, ''તે પૂર્વ જન્મમાં દાનમાં સુવર્ણ આપ્યું છે પરંતુ અન્નાદિનું દાન આપ્યું નથી.'' ત્યારે કોઈ શ્રેષ્ઠીએ ગુરુને પૂછ્યું, ''ભગવંત ! હું નિર્ધન રહ્યો તેનું શું કારણ હશે ?'' ગુરુએ કહ્યું, ''તારા વડે કદી પણ કર પવિત્ર થયાં નથી. અર્થાત્ તારા વડે કોઈને પણ અન્નાદિનું દાન અપાયું નથી તેથી તને જીવનમાં સુવર્ણાદિનો સુયોગ સાંપડયો નથી.'' શ્રેષ્ઠીએ ગુરુ વચનને તહત્તિ કરી એબ પૂરવા નિત્ય દાન આપવાનું શરૂ કર્યું.

**ચંદ્રપુર**ના આ શ્રેષ્ઠીએ હવે નક્કી કર્યું કે 'અન્નદાન આપ્યા બાદ જ ભોજન કરવું.' પ્રતિદિન પ્રમાણે નિત્યક્રમ બન્યો. પરંતુ એક દિવસ કોઈ યાચક ન આવ્યો. શ્રેષ્ઠી નિરાશ થયો. ખિન્ન વદને બેઠો હતો ત્યાં એક દેવ યોગીનું રૂપ લઈ શ્રેષ્ઠીની પરીક્ષા કરવા ત્યાં આવ્યો. શ્રેષ્ઠી અન્નદાન આપવા ઊભો થયો ત્યાં યોગી દેવે તોછડાઈપૂર્વક કહ્યું, ''મને અન્નની જરૂરત નથી. જો તું ખરેખર દાનેશ્વરી હોય તો મને તારા પુત્રનું માંસ જોઈએ છે.'' યોગી દેવની ઈચ્છાપૂર્તિ કરવા શ્રેષ્ઠીએ પુત્રનો વધ કરી તેનું માંસ આપ્યું. હવે શ્રેષ્ઠીએ કહ્યું, ''મને સ્વર્ગમાં લઈ જાવ.'' ત્યારે દેવધારી યોગીએ કહ્યું, 'અપુત્રિયાને સ્વર્ગમાં સ્થાન નથી.''શ્રેષ્ઠી આ સાંભળી હતાશ થયો. ત્યારે દેવ મૂળ સ્વરૂપે પ્રગટ થયો. તેણે શ્રેષ્ઠી પુત્રને પ્રગટ કર્યો અને તેમના દાનની ખૂબ પ્રશંસા કરી. હવે શ્રેષ્ઠી વિશેષ પ્રકારે કરી અન્નનું દાન આપવા માંડયો.

આ કથાનકનો લહેકો કહે છે કે દાનવીરના દાનની નોંધ સ્વર્ગવાસી દેવો પણ બેધડક લે છે.

**કર્ણ - યુધિષ્ઠિર** : (પ્રબંધ પંચશતી)

ગૃહસ્થ જીવનમાં દાન-ધર્મ મુખ્ય છે. આવા દાનધર્મીઓમાં **યુધિષ્ઠિર** અને **કર્ણ** રાજાની ખ્યાતિ વધુ છે, છતાં બન્નેમાં વધુ દાન ધર્મ કોનામાં પરિણમ્યો તેનું દષ્ટાંત પ્રસ્તુત છે.

યુધિષ્ઠિર રાજા સત્યવાદી અને દાનવીર હતા. તે હંમેશાં દાન કરતાં હતાં. તે અચલ હતા, છતાં બન્ને વચ્ચે મોટો તફાવત છે એટલે જ કહ્યું છે કે,

**''कर्णभूमिपतिर्दत्ते, दानमभ्यर्थिते सदा।**
**युधिष्ठिरस्तु पूर्वाहने, ना पराहेन कदाचन।।''**

**અર્થ :** કર્ણ રાજા અર્થીઓને હંમેશાં દાન આપે છે અને યુધિષ્ઠિર તો ચડતા પહોરે દાન આપે છે, ઢળતા પહોરે દાન આપતા નથી.

એવી ખ્યાતિ સાંભળી બે દેવો વેશ પરિવર્તન કરી પરીક્ષા કરવા મૃત્યુલોકમાં આવ્યા. દેવો સાધર્મિકનું રૂપ બનાવી પ્રતિહારી પાસે આવ્યા. તે સમયે યુધિષ્ઠિર રાજા દાન આપી વિશ્રામ કરી રહ્યા હતા. પ્રતિહારીએ જઈને સમાચાર આપ્યા કે, ''કોઈ સાધર્મિક આવ્યા છે.'' ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, ''દિવસભર દાન આપવાનો સમય હોતો નથી અર્થાત્ દાન આપવાનો એક નિયત સમય હોય છે.''

ત્યાર પછી તે બંને દેવો ત્યાંથી નીકળી કર્ણ રાજાના દ્વારે આવ્યા. ત્યારે કર્ણ રાજા સ્નાન કરવા માટે બેઠા હતા. 'સાધર્મિકો યાચના કરવા આવ્યા છે' એવા સમાચાર સાંભળતાં જ કર્ણ રાજા ખેડથી ખરડાયેલી કાયા હોવા છતાં સ્નાનાગારમાંથી બહાર આવી બંને યાચકોને બોલાવી દાન આપ્યું. ત્યારે દેવોએ પૂછ્યું, ''દાન આપવામાં આટલી ઉતાવળ શા માટે ? નિત્યક્રમ પૂર્ણ થાય પછી પણ દાન આપી શકાય છે.'' ત્યારે કર્ણ

રાજાએ કહ્યું કે,

**''चलं चित्तं चलं वित्तं, चलं जीवितमावयोः।**
**विलम्बो नैव कर्तव्यो, धर्मस्य त्वरिता गतिः।।''**

**અર્થ :** ''ચિત્ત ચંચળ છે, આયુષ્ય ચંચળ છે અને આપણા બન્નેનું જીવન પણ ચંચળ છે તેથી સુકૃત્યમાં વિલંબ ન થવો જોઈએ. કારણકે ધર્મની ગતિ વેગવાળી છે. અર્થાત્ (દાન) ધર્મ પ્રતિપળ પ્રમાદ વિના ત્વરિત ગતિએ થવો જોઈએ.''

આ પ્રમાણે કર્ણનું વચન સાંભળી દેવોએ પ્રગટ થઈ કહ્યું, ''અમે કર્ણ અને યુધિષ્ઠિરની દાનવીરતાની પરીક્ષા કરવા આવ્યા હતા. તેમાં તમારી દાનવીરતાની તોલે કોઈ ન આવે. કર્ણ આ પૃથ્વી ઉપર તારા જેવો કોઈ દાનવીર નથી.''

બૌદ્ધ શાસ્ત્ર 'અંગુત્તરનિકાય' (૧/૧/૩૨)માં કહ્યું છે કે, **''मच्छेराच प्रमादाच एवं दानं न दीयति।''** - માત્સર્ય અને પ્રમાદથી દાન ન આપવું જોઈએ કારણ કે તેમાં અવિવેક છે. કર્ણના દાનમાં સરળતા, નમ્રતા અને નિરાભિમાનતા દષ્ટિગોચર થાય છે, તેથી તે અજોડ દાનવીર કહેવાયા.

**કર્ણ - યુધિષ્ઠિર** : (ભારતીય સંસ્કૃતિમાં દાન ભાવના, પૃ.૪૭)

**શ્રીકૃષ્ણે** યોગ શક્તિથી **અર્જુન**ને બ્રાહ્મણનું રૂપ આપ્યું અને સ્વયં પણ બ્રાહ્મણના રૂપમાં પરિવર્તિત થઈ મહારાજા **યુધિષ્ઠિર** પાસે પહોંચ્યા. ત્યાં જઈ શ્રીકૃષ્ણે કહ્યું, ''અમને એક મણ ચંદનના સૂકાં લાકડાં જોઈએ છે. અત્યારે વરસાદ હોવાથી બીજે ક્યાંય મળે એમ નથી. તમારા જેવા દાતા પાસેથી જ જોગવાઈ થઈ શકે એમ છે.'' યુધિષ્ઠિરે કહ્યું, ''અત્યારે ? આવા વરસાદમાં સૂકાં લાકડાં ક્યાંથી લાવવા ?'' શ્રીકૃષ્ણે કહ્યું, ''અમને યજ્ઞ માટે સૂકાં લાકડાં જ જોઈએ.'' યુધિષ્ઠિરે કહ્યું, ''એકાદ શેર જોઈતા હોય તો આપી શકત પણ એક મણ લાકડાં માટે રાહ જોવી પડશે.''

યુધિષ્ઠિરની પરીક્ષા લીધા બાદ બંને બ્રાહ્મણ વેશમાં **કર્ણ** પાસે પહોંચ્યા. કર્ણની પાસે પણ સૂકાં લાકડાંની યાચના કરી. કર્ણે કહ્યું, ''થોભો, ભૂદેવ ! મારા મહેલના દરવાજાના લાકડાં ચંદનના છે. હું તમને હમણાં જ આપું છું.'' આમ કહી કર્ણે મહેલનાં દરવાજા, પલંગ આદિ જે કંઈ ચંદનમાંથી બનાવેલું રાચરચીલું હતું તે કાઢી આપી બ્રાહ્મણની ઈચ્છાપૂર્તિ કરી. ત્યારે બ્રાહ્મણ વેશધારી શ્રીકૃષ્ણે કહ્યું, ''કર્ણ! અમારી ઈચ્છા માટે મહેલનાં દરવાજા શા માટે કાઢી આપ્યાં ?'' કર્ણે સુકૃતની બળકટતા બતાવતાં કહ્યું, ''બ્રાહ્મણ દેવતા ! કોને ખબર કાલે હું જીવતો હોઈશ કે નહીં તેથી આજે જ આ હાથ વડે જેટલું સત્કર્મ થાય એટલું સારું. વિરોધાભાસથી ભરેલી જિંદગીમાં કોને ખબર કાલે અણધાર્યું મોત આવી જાય તો ? આ માતા મારી જીવાદોરી બની શકે એમ છે.' તિરસ્કારપૂર્વક ઉપેક્ષા ભાવથી, વિલંબથી, ક્રોધથી, રોષપૂર્વક, કટુવચન કહીને અથવા પશ્ચાતાપથી આપેલું દાન નિષ્ફળ નિવડે છે. કર્ણની ભૂગોળમાં માનવતાનું આંતરવિશ્વ છે. દાનની ખુમારીનો ઢોળ ચડાવીને આવેલી પરમાર્થવૃત્તિ છે.

**કાશ્મીર શ્રેષ્ઠી અને કઠિયારો** : (ભારતીય સંસ્કૃતિમાં દાન ભાવના)

કઠિયારો રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો તેવે ટાણે એક હવેલીની બહાર માણસોનું ટોળું

જોયું. કુતૂહલવશ તેણે લોકોને પૂછ્યું, ''લોકોની ભીડ કેમ જામી છે?'' એક વ્યક્તિએ પૂછ્યું, ''તને અહીં સુગંધનો અનુભવ થાય છે?'' કઠિયારાએ કહ્યું, ''હા. દિવ્ય, અલૌકિક સુગંધ હું અનુભવી રહ્યો છું. આ શેની સુગંધ છે?'' પેલા વ્યક્તિએ કહ્યું, ''સામેની હવેલીમાંથી સુગંધ આવે છે. **કાશ્મીર શ્રેષ્ઠી સુગંધભંડારી**ની હવેલી છે. તેના ઘરમાં ભાત બને છે. એ ભાત જમતા હોય ત્યારે તે ભાતની સુગંધ ચારે બાજુ પ્રસરી જાય છે. તે દિવ્ય સુગંધ અનુભવવા લોકોનાં ટોળાં હવેલીની બહાર ઉભાં રહે છે.''

કઠિયારાને ભાત ખાવાની તીવ્ર ઉત્કંઠા જાગી. તેણે શ્રેષ્ઠીના આંગણે જઈ ભાતના એક કોળિયો આપવા વિનંતી કરી. ભંડારીએ તિરસ્કૃત કરતાં કહ્યું, ''મફતમાં એક કોળિયો તો શું એક દાણો સુદ્ધાં નહીં મળે.'' કઠિયારાએ ભાતની કિંમત પૂછી. શેઠે રુઆબભેર કહ્યું, ''તારા જેવા નિર્ધન, કંગાલ મારા ભાતની કિંમત ચૂકવવા સમર્થ નથી. પરંતુ જો તું એક મહિનો મારી ગુલામી કરે તો હું તને થાળી ભરીને ભાત આપીશ.'' કઠિયારો મંજૂર થયો.

એક મહિના સુધી શેઠને ત્યાં કાળી મજૂરી કરી. મહિનાના અંતે શેઠે થાળી ભરીને ભાત આપ્યા. ભાત જમતાં પહેલાં હાથ - મોં ધોવા ઉભો થયો. મુખારવિંદ ઉપર ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત કર્યાનો અપૂર્વ આનંદ હતો. એટલામાં તેણે એક સંતોનું વૃંદ શેઠની હવેલીમાં આવતું જોયું. સંતો ભિક્ષા ગ્રહણ કરવા આવ્યા હતા. શેઠે સંતો પ્રત્યે અણગમો રચી તેમને ભિક્ષા આપવાની ના પાડી. સંતો પાછા ફરી રહ્યાં હતાં. તેમના મુખ ઉપર ઉદાસીનતા ન હતી પરંતુ પ્રસન્નતા અને સૌમ્યતા વર્તાતી હતી.

કઠિયારાએ સાધુઓને પોતાની પાસેથી ભિક્ષા ગ્રહણ કરવા વિનંતી કરી. પોતાની ભાતની થાળી સાધુઓને ધરી. એટલામાં સુગંધભંડારી ત્યાં આવ્યો. તેણે મોટેથી બરાડો પાડતાં કહ્યું, ''આ તું શું કરે છે? આ તો પાગલપન કહેવાય. એક મહિનાની કાળી મજૂરી, લોહી - પસીનાની કિંમતથી મેળવેલી વસ્તુ કંઈ દાનમાં આપી દેવાય?'' કઠિયારાએ હરખાતાં કહ્યું, ''શેઠજી! મને ભાત ખાવા કરતાં ખવરાવવામાં વધુ આનંદ આવશે.'' એમ કહી કઠિયારાએ આખેઆખી ભાતની થાળી સાધુના પાત્રમાં ઠાલવી દીધી. સુગંધભંડારી આશ્ચર્યચકિત થયો.

એકલપેટા થઈને ખાવું તે વિકૃતિ છે, વહેંચીને ખાવું તે પ્રકૃત્તિ છે. પોતે ખાવાનું ત્યાગી બીજાને ખવડાવવાનો આનંદ મેળવવો એ સંસ્કૃતિ છે. આ દ્રશ્ય જોઈને સુગંધભંડારીની વિચારધારા બદલાઈ ગઈ. તેના હૃદયનું પરિવર્તન થયું. હવે પોતાના કોઠારમાંથી શેઠ અન્નદાન કરવા લાગ્યા. કઠિયારાનો ત્યાગ અમૂલ્ય બની ગયો.

પંચતંત્ર (૨/૧૫૫)માં કહ્યું છે,

**''उपार्जितानामर्थानां त्याग एव हि रक्षणम् ।**
**तडागोदरसंस्थानां, परीवाह इवाम्भसाम् ।।''**

**અર્થ :** સંચિત ધનનું દાન કરતાં રહેવું એ જ એની સુરક્ષાનો એકમાત્ર ઉપાય છે. તળાવના પાણીનું વહેતા રહેવું જ એની શુદ્ધતાનું કારણ છે.

**કાષ્ટક શેઠ :** (મહિપતિ ચરિત્ર, પૃ.૮૫)

**રાજગૃહી** નગરીમાં **કાષ્ટક** નામનો એક શ્રીમંત શ્રેષ્ઠી રહેતો હતો. તેની **વજ્રા** નામની સ્ત્રી અને

એક **સાગરદત્ત** નામનો પુત્ર હતો. આ શેઠની હવેલીમાં **તુંડિક** નામનો શુકરાજ, ઉત્તમ લક્ષણવાળી **મદના** નામની સારિકા, એક કૂકડો અને ધાવમાતા એ ચાર વફાદાર હતા, જેઓ કાષ્ટક શેઠના પડછાયો બનીને સાથે રહેતા હતા.

એકવાર ઘરની સંપૂર્ણ જવાબદારી વજા શેઠાણીને સોંપી શેઠ પરદેશ વ્યાપાર કરવા ગયા. મોકળાશ અને એકાંત મળતાં વજા પરપગી બની. હવે તેને કોઈ રોકટોક કરનાર ન રહેતાં તે **પુષ્પબટુક** નામના પરપુરુષ સાથે સ્વછંદી બની વિષય સુખો ભોગવવા લાગી. પુષ્પબટુક પણ વિના સંકોચે, નિર્ભયપણે શેઠાણી પાસે અવરજવર કરવા લાગ્યો.

દુરાચારી પુષ્પબટુકને વેળા કવેળાએ આવતો જતો જોઈ હોંશિયાર સારિકાએ મોટેથી શોર મચાવ્યો. તેણે કહ્યું, ''અરે મૂર્ખ ! તું અમારા સ્વામીના ઘરમાં વારંવાર કેમ આવ્યા કરે છે ? જો તું જીવિત ઈચ્છતો હોય તો હવેથી અહીં આવીશ નહીં.''

સારિકા આ પ્રમાણે પુષ્પબટુકને જોર જોરથી કહેતી હતી ત્યાં શુકરાજે તેને ચેતવતાં કહ્યું, ''પ્રિયે ! તું મૌન રહે. જે થાય છે તે જોયા કર કારણકે આ પુષ્પબટુક શેઠાણીને અતિશય પ્રિય છે. તેના વિરુદ્ધ બોલતાં તારા જીવનું જોખમ છે માટે તું જો જીવિત ઈચ્છતી હોય તો આ પરપુરુષને પિતા સમાન જાણ અને વજાની સ્નેહપાત્ર બન અન્યથા વજા તને મારી નાંખશે.''

પોપટનાં આવાં વેણ સાંભળી સારિકાએ કહ્યું, ''અરે પાપિષ્ટ શુકરાજ ! તું ખરેખર કૃતઘ્ની છે, તું અહેસાન ફરામોશ છે. શું તું પિતા સમાન શેઠના ઘરમાં થતાં અનાચારની ઉપેક્ષા કરે છે ? તું માલિક કરતાં પોતાના જીવિતને વધુ પ્રિય માને છે ? જેના ઘરનાં ભોજન-પાણી લે છે, તેને તું વફાદાર નથી.'' આ પ્રમાણે શુકરાજ અને સારિકા વચ્ચે મીઠો ઝઘડો થતો હતો. તે સંવાદ સાંભળી વજાને ભયંકર ક્રોધ ઉત્પન્ન થયો. સારિકા પોતાનું કૌભાંડ શેઠને કહી ન દે તેથી તેણે ક્રોધાતુર બની સારાકાને ગળાથી પકડી, ગળું મરડીને મારી નાંખી. આ દશ્ય જોઈ શુકરાજ ભયથી કંપવા લાગ્યો. પોતાને મોતના મુખમાં કોળિયો બની જતાં આબાદ બચાવવા હવે શુકરાજ મૌન બની ગયો. વજા નિર્ભયપણે પેલા પુરુષ સાથે ક્રીડા કરવા લાગી.

એકવાર કોઈ બે સાધુઓ ગોચરી માટે નગરમાં ગવેષણા કરતા વજાના ઘરે આવી ચડયા. તેણીના ઘરમાં પ્રવેશતાં કૂકડાને જોઈ એક જ્ઞાની સાધુએ બીજા સાધુને કહ્યું, ''આ સુલક્ષણવાળા કૂકડાનાં મસ્તકનું માંસ જો કોઈ માણસ ખાય તો તે થોડા દિવસોમાં રાજ્યલક્ષ્મી પ્રાપ્ત કરશે પરંતુ આ વાત ગુપ્ત જ રહે તેમાં સાર છે, અન્યથા કૂકડાની હિંસા થશે.'' આ પ્રમાણે બન્ને મુનિઓનો વાર્તાલાપ સંતાઈને રહેલા પુષ્પબટુકે સાંભળી. બન્ને મુનિઓ આહાર વહોરી પોતાના સ્થાનકે ગયા.

પુષ્પબટુકે વજાને કહ્યું, ''પ્રિયે ! જો તું મારી સાથે દીર્ઘકાળ સુધી ભોગ ભોગવવા ઈચ્છતી હોય તો કૂકડાને મારી તેનું માસ મને ખવડાવ.'' નિર્દયી અને કામલોલુપી વજાએ વિચાર્યા વિના જ કૂકડાને તરત મારી નાંખ્યો. તેનું માંસ રાંધી જાર (આશિક) માટે તૈયાર કર્યું.

એવામાં નિશાળે ગયેલો શેઠનો પુત્ર સાગરદત્ત ઘરે આવ્યો. તેને કકડીને ભૂખ લાગી હતી. અતિશય ભૂખ લાગવાથી તે રડતો રડતો માતા પાસે આવી ભોજન માંગવા લાગ્યો. વજાએ તૈયાર કરેલ કૂકડાના મસ્તકનું માંસ પુત્રને ખાવા આપ્યું. ત્યાં પેલો પુષ્પબટુક સ્નાન કરીને ભોજન કરવા બેઠો. તેણે કૂકડાના મસ્તકનું માંસ થાળીમાં પીરસાયેલું ન જોયું. એટલે વજાને પૂછયું. વજાએ સર્વ હકીકત જણાવી.

પુષ્પબટુક આ સાંભળી ક્રોધથી ધૂંવાફૂંવા થઈ ગયો. તેણે વજાને ગુસ્સામાં કહ્યું, ''જો તું તમને પ્રેમ કરતી હોય તો તારા પુત્રને મારી તેના ઉદરમાંથી કૂકડાનું માંસ કાઢી મને ભોજન કરાવ. કામાંધ અને અવિવેકી વજા પુત્રને મારવા તૈયાર થઈ ગઈ.

સાગરદત્તની ધાવમાતાને આ વાતની ગંધ આવી ગઈ હતી કારણકે તેણીએ પુષ્પબટુક અને વજાનો વાર્તાલાપ સાંભળ્યો હતો. ધાવમાતા કોઈને પણ કહ્યા વિના નિશાળે ગઈ. ત્યાંથી સાગરદત્તને લઈ **ચંપાનગરી**માં જતી રહી. તે વખતે ચંપાનરેશ મૃત્યુ પામ્યો હતો. તેનો કોઈ વારસદાર ન હતો. સર્વ સામંતોએ મળી ઠરાવ કર્યો કે, 'જેના ઉપર હાથણી કળશ ઢોળશે, તે અહીંનો રાજા થશે.' હાથણી પાંચ દિવસ નગરમાં ફરતી રહી. છઠ્ઠે દિવસે તે નગરની બહાર આવી. તે સમયે ધાવમાતા સાગરદત્તને લઈ આવી રહી હતી. ત્યાં હાથણીએ સાગરદત્ત પર કળશ ઢોળ્યો. પ્રધાનાદિ સર્વ સામંતોએ ધાવમાતા સાથે સાગરદત્તનો સહર્ષ નગરપ્રવેશ કરાવ્યો. તેને શુભ દિવસે સિંહાસન પર બેસાડયો. તેનું **ધાતૃવાહન** નામ પાડ્યું.

આ બાજુ વજાએ કુસંગથી સર્વ ધનનો વ્યય કર્યો. તેણે નોકર-ચાકરોને છૂટા કર્યા. કેટલાક વર્ષ પછી કાષ્ટક શેઠ પરદેશથી વ્યાપાર કરી ઘરે આવ્યા. પૂર્વવત્ ઘરની જાહોજલાલી ન જોતાં શેઠે પૂછ્યું, ''આપણો લાડકવાયો સાગર કેમ દેખાતો નથી. વળી, ધાવમાતા, કૂકડો અને સારિકા ક્યાં છે ? શુકરાજ કેમ મૌન છે ?'' શેઠે વારંવાર પૂછ્યું છતાં વજા મૌન રહી. એટલે શેઠે શુકરાજને પૂછ્યું. તે વખતે વજાએ પોતાના વસ્ત્રોને વળ દઈ શુકરાજને ત્રાંસી આંખ કરી ઈશારો કર્યો કે, 'જો તું સાચું કહીશ તો, સારિકાની જેમ તને પણ ડોક મરડી મારી નાંખીશ.' શુકરાજ ગભરાયો. તેની એક પણ શબ્દ બોલવાની હિમ્મત ન થઈ. શેઠે શુકરાજને વારંવાર પ્રેમથી પૂછ્યું એટલે મથામણના અંતે શુકરાજે ગંભીર બની ગમગીન ચહેરે કહ્યું, ''શેઠજી ! હું તમારો વફાદાર સેવક છું. તમે મને જો આ પાંજરામાંથી મુક્ત કરો તો હું સામેના વૃક્ષની ડાળી પર બેસી સર્વ વૃત્તાંત કહીશ કારણકે મને વજા શેઠાણીનો બહુ ડર લાગે છે.'' શેઠે શુકરાજનું પાંજરું ખોલ્યું. તે ભયથી કંપતો હતો. શેઠે તેના માથે હાથ ફેરવી, પંપાળી, સ્નેહથી ભીંજવી દીધો. શુકરાજ તરત ઉડીને વૃક્ષની શાખા ઉપર ચાલ્યો ગયો. ત્યાં બેસીને તેણે વજા શેઠાણીની કરતૂત અથથી ઈતિ સુધી રજૂ કરી. ત્યાર પછી તે ઉડીને વનમાં જતો રહ્યો.

શુકરાજના મુખેથી સંબંધોની વિચિત્રતા અને સ્વાર્થતા સાંભળી કાષ્ટક શેઠનું સસાંર પરથી મન ઊઠી ગયું. કમાયેલું ધન વિવિધ ક્ષેત્રમાં વાપરી તેમણે દીક્ષા ગ્રહણ કરી. વજા પુષ્પબટુક સાથે નાસી ગઈ. તે ચંપાનગરીમાં રહેવા ચાલી ગઈ.

કાષ્ટક મુનિ વિહાર કરી ચંપાનગરીમાં આવ્યા ત્યાં દૈવયોગે વજાના જ ઘરે ગોચરી માટે આવ્યા. વજા તેમને ઓળખી ગઈ. તેણે વિચાર કર્યો, 'આ મારો પૂર્વનો પતિ છે. મારા સઘળાં અપકૃત્યોને જાણે છે. જો એ કોઈની સમક્ષ પ્રગટ કરશે તો લોકમાં મારી નિંદા થશે. લોકો મને હીન નજરે નિહાળશે. હું એવી યુક્તિ રચું કે, નગરનો રાજા તેમને દેશનિકાલ કરે.' એમ વિચારી ઈર્ષાળુ વજાએ મોદકની અંદર સુવર્ણના અલંકાર નાંખી મુનિને વહોરાવ્યા. મુનિ મોદક ગ્રહણ કરી ઘરમાંથી બહાર નીકળ્યા ત્યાં વજાએ શેરીમાં જઈ બૂમાબૂમ કરી, 'અરે નગરજનો ! દોડો, દોડો. આ કપટી મુનિએ મારા ઘરમાંથી અલંકારો ચોર્યા છે.' તમાશાને તેડું ન હોય. ક્ષણવારમાં નગરજનો એકઠાં થઈ ગયાં. કોટવાલ પણ પહોંચી આવ્યો. મુનિને રાજા પાસે લઈ ગયો.

તે સમયે સાગરદત્ત રાજાની ધાવમાતા ત્યાં આવી. તે મુનિને ઓળખી ગઈ. તપશ્ચર્યાથી શરીર

કૃશ થવાથી સાગરદત્ત પિતા મુનિને ન ઓળખી શક્યો. ધાવમાતાએ મુનિને વંદન કર્યા. તે રડવા લાગી. સાગરદત્તે પૂછ્યું, ''માતા ! તું શામાટે રડે છે ? ધાવમાતાએ કહ્યું, ''હે પુત્ર ! આ તારા પિતા છે. તેમને મેં લાંબા સમયે દીઠા તેથી મને હર્ષ સાથે દિલગીરી થાય છે.'' સાગરદત્ત રાજાએ પિતા મુનિને પ્રણામ કરી કહ્યું, '' તાત ! આ રાજ્ય ગ્રહણ કરો. મુનિને કહ્યું, ''વત્સ ! સાધુને રાજ્ય ન ખપે. રાજ્ય, લક્ષ્મી, પુત્ર, સ્ત્રી વિનાશી છે.'' સાગરદત્ત રાજા મુનિના વચનો સાંભળી ધર્મપરાયણ થયો. આ સર્વ હકીકત સાંભળી વજા અને પુષ્પબટુક દેશાંતર ચાલ્યા ગયા. સાગરદત્ત રાજા બારવ્રતધારી શ્રાવક બન્યા. મુનિ ચાતુર્માસ માટે ચંપાનગરીમાં રહ્યા. રાજાએ મુનિની પ્રેરણાથી જૈન ધર્મની પ્રભાવના કરી. જિનાલયો, ઉપાશ્રયો બંધાવ્યા. સ્વામિવાત્સલ્યાદિ ધાર્મિક કાર્યો કરી જૈનધર્મનો મહિમા વધાર્યો. આ જોઈ બ્રાહ્મણો ઈર્ષાથી બળવા લાગ્યા. મુનિને દોષિત ઠરાવવાનો ઉપાય શોધવા લાગ્યા.

ચાતુર્માસ પૂર્ણ થતાં મુનિએ વિહાર કર્યો. ત્યારે રાજા સહિત શ્રાવકો તેમને વળાવવા નગરની બહાર ગયા. તેઓ પાછા વળતા હતા ત્યારે કોઈ બ્રાહ્મણીએ મુનિને કહ્યું, ''તમે ગર્ભવતી કન્યાને ત્યજીને ચાલ્યા જશો તો મારું રક્ષણ કોણ કરશે ?'' બ્રાહ્મણીનાં વચનો સાંભળી લોકો સાધુની નિંદા કરવા લાગ્યા. જૈન ધર્મને કલંક લાગે, એ કાષ્ટક મુનિને બિલકુલ મંજૂર ન હતું. તેમણે કહ્યું, ''અરે દુષ્ટાત્મા ! જો આ ગર્ભ મારાથી રહેલો હોય તો તે તારા ઉદરમાં રહેજો અને જો તે બીજા કોઈથી રહેલો હોય તો તારું ઉદર ભેદીને બહાર નીકળજો.'' મુનિરાજના મુખેથી શ્રાપજન્ય વચનો નીકળતાં જ બ્રાહ્મણીનું પેટ ચીરાયું. ગર્ભ બહાર પડયો. બ્રાહ્મણી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડી. આ ચમત્કાર જોઈ નગરજનો આશ્ચર્ય પામ્યા. થોડીવાર પછી બ્રાહ્મણી સચેતન થઈ. તેણીએ ખુલાસો કરતાં કહ્યું, ''મુનિરાજ ! મને માફ કરો. આ નગરનાં ઈર્ષાળુ વિપ્રોએ મને ધનની લાલચ આપી આપને કલંકિત કરવાનું કહ્યું હતું તેથી મેં આ કૂડું કાર્ય કર્યું છે.'' આ સાંભળી સાગરદત્ત રાજાએ વિપ્રોને નગરમાંથી બહાર તગડી મૂક્યા. મુનિના અદ્‌ભુત પ્રભાવથી નગરજનો જૈનધર્મી બન્યા. કાષ્ટક મુનિ શુદ્ધ ચારિત્ર પાળી અંતે મોક્ષ પામ્યા.

કાષ્ટક શેઠે વફાદાર શુકરાજને અભયદાન આપી સંસારની અસારતા જાણી તેથી વૈરાગ્ય ભાવમાં ભરતી આવતાં દીક્ષિત થયા. તેમણે સાગરદત્ત રાજાને જ્ઞાન દાન આપી જૈન ધર્મી બનાવ્યો. તેની સંપત્તિને અનેક ઉચિત ધાર્મિક કાર્યોમાં ઉપયોગ કરાવી મહાલક્ષ્મી બનાવી. લોકો તેમને મૂક નમસ્કાર કરતા રહ્યા. એ જ છે જીવનની ખરી સાર્થકતા !

ઉદારતાને આડે આવે છે પરિગ્રહ વૃત્તિ અને બીજાને ઠોકર મારવાની વૃત્તિને આડે આવે છે પ્રેમ, લાગણીનો અભાવ અને મદદરૂપ થવા પ્રત્યેની ઉદાસીનતા ! દાનથી જીવતરનું પોત વણાય છે અને તેમાંથી પરોપકારનાં પરિધાનનો ઉન્મેશ ફૂટે છે.

**કુમારપાળ - અભયકુમાર શ્રેષ્ઠી** : (પ્રબંધ પંચશતી, ક.૩૪૮)

એકવાર શ્રી શ્રીમાળ જ્ઞાતિમાં શિરોરત્ન મુકુટતુલ્ય **નેમિનાગ**નો પુત્ર **અભયકુમાર**, જે એક રાજા વડે શ્રેષ્ઠી તરીકે નિમાયો. તે અવસરે **શ્રીપાળ**ના પુત્ર **સિદ્ધપાળ** કવિએ એક શ્લોક કહ્યો,

**''क्षिप्तो तोयनिधेस्तले मणिगणः रत्नोत्करः रोहणे ।**
**रेण्वावृत्य सुवर्णमात्मनिदृढं बद्धवा सुवर्णाचलः ।**

**क्ष्मामध्ये च धनं निधाय धनदो विभ्यत्परेभ्यः स्थितः ।**
**किं स्यातैः कृपणेः समोऽयमखिलार्थिभ्यः स्वमर्थं ददत् ।।''**

**અર્થ :** મણિનો સમૂહ સમુદ્રના તળીયે, રત્નોના રાશિ રોહણાચલ ડુંગરે, સુવર્ણને ધૂળથી ઢાંકી મેરુ પર્વતે પોતાનામાં મજબૂત રીતે બાંધીને રાખ્યું છે અને ધનને ધરતીમાં નાંખી (દાટી) ધનદત્ત કુબેર યાચકોના ભયથી આ રીતે ધન છુપાવીને રહ્યો છે. તો શું તે કૃપણ સાથે બધા અર્થીજનોમાં છૂટા હાથે પોતાના ધનને વહાવતા એવા સાથે તારી (રાજાની) સરખામણી થાય ખરી ?

અર્થાત્ સમુદ્રને તળીયે મણિનો સમુહ રહેલો છે. રોહણાચલની નીચે રત્નોનો સમુહ છે. મેરૂ પર્વત સોના વડે મઢેલો છે. યાચકોથી ડરતો એવો ધનકુબેર પૃથ્વીમાં ધનને સ્થાપીને રહ્યો છે. બધા અર્થીઓને દાન આપતા કર્ણ રજા, આ કૃપણોથી શ્રેષ્ઠ છે.

**''ता जुत्तं देवकयं तुमए जं इत्थ धम्मठाणंमि ।**
**अभयकुमारो सिट्ठी एसो सव्वेसरो ।।''**

**અર્થ :** '' હે દેવ ! આ ધર્મસ્થાનમાં તમે અભયકુમારને શ્રેષ્ઠી તરીકે નિયુક્ત કર્યો તે યોગ્ય કર્યું છે કેમકે તે કુબેર જેવો ઐશ્વર્યવાળો અને ઉદાર હોવાથી બધાં ધર્મસ્થાનોને દાન દ્વારા પોષશે.''

**''वत्थाइं पसत्थाइं, कुटबनेत्थामत्थं तु ।**
**एवं सत्तागारं, कयं नरिंदेण जिणधम्मे ।।''**

**અર્થ :** રાજાએ જૈન ધર્મમાં એ પ્રકારે દાનશાળા કરી હતી કે, જેમાં સાધર્મિકોને કુટુંબના નિર્વાહ માટે ધન અને શ્રેષ્ઠ વસ્ત્રાદિ મળતાં હતાં.

રાજા કુમારપાળ પારણાનાં દિવસે ત્રિભુવનવિહાર ચૈત્યમાં ઘણાં સાધર્મિકોની સાથે જમતાં હતાં. રાજા ભોજનના અવસરે પ્રથમ ગુરુમહારાજને વહોરાવી પડહ વગડાવી દીન, દુઃખીઓને દાન આપતા. ત્યાર પછી સ્વયં ભોજન કરતા અને ભોજનની વેળાએ ઘરનાં દ્વારા ખુલ્લા મૂકતા.

**''नेव दारं पिहावेइ, भुंजमाणो सुसावओ ।**
**अणुकंपा जिणिंदेहिं, सड्ढाणं न निवारिया ।।''**

**અર્થ :** સુશ્રાવક જમતી વેળાએ ઘરનાં દ્વારા બંધ કરતા નથી કારણકે જિનેશ્વર દેવોએ અનુકંપા દાનનો નિષેધ કર્યો નથી. આ પ્રમાણે રાજાનું ઓઠિંગણ લઈ બાહડ આદિ બીજા મંત્રીઓએ પણ દાનનું વલણ અપનાવ્યું.

**કુરંગ :** (ચંદ્રપ્રભ સ્વામી પરિત્ર, પૃ. ૩૦૧)

**સુશર્મા** નામે નગરીમાં **મૃગાંકમંડન** નામના દાનવીર રાજવી હતા. તે જ નગરીમાં શ્રીમંત કુળમાં ઉછરેલ **કુરંગ** નામનો વણિકપુત્ર અશુભ કર્મોદયે નિર્ધન બન્યો. તેના પિતરાઈ ભાઈઓ પ્રમાણિક, દાનવીર અને રાજમાન્ય હતા. કુરંગના લગભગ બધા સ્વજનો લોકમાં ખ્યાતિ પ્રાપ્ત હતા પરંતુ કુરંગ વેપાર કરવા છતાં બે પાંદડે ન થયો. તે વારંવાર જ્ઞાતિજનો પાસે યાચના કરવા લાગ્યો. તેને જોઈ તેમણે ઉપેક્ષા કરવા માંડી. લોકોએ કંટાળીને તેને આવતો બંધ કર્યો. સ્વજનોના તિરસ્કારથી તે અત્યંત ખેદ પામ્યો. અહીં રહેવું યોગ્ય નથી એમ વિચારી તે ભાગ્ય લઈ જાય ત્યાં જવા નીકળ્યો.

માર્ગમાં તેને એક સાધુ મળ્યા. તેમને વંદન કરી પોતાનો પૂર્વ ભવ જાણવાની જિજ્ઞાસા પ્રગટ કરી. જ્ઞાની સાધુએ કુરંગના વૈરાગ્ય નિમિત્તે તેને કહ્યું, ''**સુસીમ** નામનું સમૃદ્ધ ગામ હતું. ત્યાં પ્રેમાળ અને શ્રીમંત એવા **ધનદ** અને **ધનપુંજ** નામના બે પડોશી મિત્રો રહેતા હતા. એકવાર તેઓ પરદેશ ગયા. બપોરના સમયે કોઈ ગામમાં આવ્યા. તેમણે એક વૃદ્ધ સ્ત્રીને રસોઈ બનાવી આપવા સામગ્રી આપી. વૃદ્ધાએ રસોઈ કરી તેમને પ્રેમથી ભાણે બોલાવ્યા. વૃદ્ધાએ પૂછયું, ''તમારે ક્યાં જવું છે ? શું વ્યાપાર કરશો ?'' તેમાંથી એક મિત્રે કહ્યું, ''હું **શ્રીકુલ** નગરથી ઘી લેવા જઈશ.'' બીજા મિત્રએ કહ્યું, ''હું તે જ નગરમાં જઈ ચામડાની ખરીદી કરીશ.''

વૃદ્ધાએ ઘી લેવા જનાર મિત્રને પ્રેમથી ઘરમાં બેસી જમાડયો. બીજાને બહાર ઓસરીમાં બેસાડી અનાદરથી જમાડયો. બન્નેને વૃદ્ધાનું વિચિત્ર વર્તન સમજાયું નહીં. તેઓ વિચાર કરતા શ્રીકુલ નગરમાં આવ્યા. એકે ઘી અને બીજાએ ચર્મ લીધું. પુન: તેઓ પેલી વૃદ્ધાને ત્યાં આવ્યા. રસોઈનો સામાન મળતાં વૃદ્ધાએ રસોઈ બનાવી પૂર્વની જેમ જ એકને ઘરમાં અને બીજાને ઓસરીમાં જમાડયા.

આવો ભેદભાવ જોઈ મિત્રોથી રહેવાયું નહીં. તેમણે પૂછયું, ''હે માતા ! જતાં આવતાં અમને બન્નેને જમવા ભિન્ન સ્થાને કેમ બેસાડયા ?'' વૃદ્ધાએ કહ્યું, ''હે વત્સો ! જે પૂર્વે ઘી લેવા ગયો તેની એવી ધારણા હતી કે જ્યાં હું ઘી લેવા જવાનો છું ત્યાં ગાય-ભેંશ હૃષ્ટ-પુષ્ટ હોય તો મને ઘી પુષ્કળ અને સસ્તું મળે. એ શુભ આશયથી મેં સારી સરભરા કરી. ચર્મના વેપારીનો એવો ભાવ હતો કે, પશુઓ મરે તો ચામડું સસ્તું થાય અને પુષ્કળ મળે. અશુભ આશય સમજી તેને ચંડાળ સમાન જાણી ઓસરીના બારણે બેસાડી જમાડયો. લોકમાં પણ ચંડાળને કોઈ ઘરમાં પેસવા ન દે. અત્યારે તમે માલ ખરીદી કરી પાછા આવ્યા ત્યારે તમારા બન્નેના વિચારો વિપરીત થયા છે. ઘી વાળાનો વિચાર અપવિત્ર અને ચામડા-વાળાનો વિચાર પવિત્ર થયો છે. તેથી તમારા બન્નેની મેં વિપરીત સરભરા કરી.''

પોતાની મન: સ્થિતિ સમજી બન્ને મિત્રો માલ લઈ આગળ આવ્યા ત્યાં એક કેવળી ભગવંત દેશના આપતા હતા. બન્ને તેમને વંદન કરી દેશના સાંભળવા બેઠા. કેવળી ભગવંત દાન વિશે દેશના આપતા હતા. દેશના પૂર્ણ થતાં ધનદે પૂછયું, ''ભગવાન્! મને લાભ થશે કે નહીં ?'' જ્ઞાનીએ કહ્યું, ''તને ધર્મનો લાભ નહીં થાય પણ અર્થનો લાભ થશે.'' ત્યાંથી બન્ને સ્વસ્થાને આવ્યા.

ગામની નજીકના ઉદ્યાનમાં કેટલાક સાધુ ભગવંતો પધાર્યા હતા. કોઈ તપસ્વી સાધુને કોઈ દુષ્ટે પ્રહાર કર્યો હતો. આ ઘા પાકીને સડી ગયો હતો. અસહ્ય પીડા થવા છતાં મુનિ ઉપશાંત અને પ્રશાંત હતા. તેવામાં કોઈ વૈદ્ય શ્રાવકે તે સાધુને જોયા. તેણે કહ્યું, ''હું શ્રાવક વૈદ્ય છું પરંતુ દરિદ્ર છું. મારા ઘરે ઘૃત ઔષધ નથી પરંતુ ધનદના ઘરે છે. તમે માંગી લાવો તો હું ઘૃત-મિશ્રિત ઔષધથી ચિકિત્સા કરી શકું.'' આચાર્યે બે મુનિઓને મોકલ્યા.

ધનદને ત્યાં જઈ ઔષધ માટે ઘૃતની યાચના કરી. કૃપણતા, નિ:દાક્ષિણ્યતા તથા દાન વિમુખ દુર્ગુણના કારણે ધનદે મુનિઓને કહ્યું, ''મારી પાસે ઘૃત નથી. અહીંથી ચાલ્યા જાવ.'' ધનદને ગ્લાન, રોગી સાધુ પ્રત્યે અનુંકપા ન આવી. તેણે દાન ન આપ્યું. ધનદે પોતાના જીવતરમાં કદી કીર્તિદાન કે ધર્મદાનમાં ધનનો વ્યય ન કર્યો. તે પાપોદયથી કુરંગ થયો.

કુરંગને પોતાનો પૂર્વભવ જાણી ખૂબ પસ્તાવો થયો. 'અહો ! છતી શક્તિએ મેં દાન ન આપ્યું તેથી સાંપ્રાત ભવમાં હું થોડું પણ સુખ ન પામ્યો. સ્વજનોથી પરાભવ પામ્યો. સર્વત્ર અપમાનિત થયો. હવે ધન નથી તો

દાન ક્યાંથી થઈ શકે ? માટે હું વ્રત લઈ દુષ્કર્મોનો ક્ષય કરું.' એમ, ધારી કુરંગે સંયમ સ્વીકાર્યો. તે સુખદાયક તપ આચરવા લાગ્યો.

**ગલંતકોઢારજ્જા** : (ઉપદેશ પ્રાસાદ)

**ભગવાન મહાવીર સ્વામી**એ એક વખત દેશનામાં કહ્યું કે, ''સુંદર તપ, જપ અને ધ્યાન હોવા છતાં બોલવામાં વિવેક ન કરે તે **રજ્જા સાધ્વી**ની જેમ સંસાર વૃદ્ધિ કરે છે.

**ગૌતમ સ્વામી**એ ભગવાનને પૂછ્યું, ''એ રજ્જા સાધ્વી કોણ હતા ? તેમણે શા માટે સંસાર વધાર્યો ?'' ભગવાને કહ્યું, ''ગૌતમ ! ઘણાં વર્ષ પૂર્વેની વાત છે. પૂર્વે **ભદ્ર** નામના આચાર્યનો મોટો સમુદાય હતો. તેમની આજ્ઞામાં છસ્સો સાધુઓ અને બારસો સાધ્વીઓ હતા. આ બારસો સાધ્વીજીના ઉપરી રજ્જા આર્યા હતાં. તે તપ-જપ-ધ્યાન અને પઠન-પાઠનમાં પ્રવીણ હતાં પણ કોઈ પૂર્વ કર્મના ઉદયથી તેમને પાછળની જીંદગીમાં શરીરે કોઢ ગયો તેથી તેમને અસહ્ય વેદના થવા લાગી.

રજ્જા સાધ્વીજીને બીજી સાધ્વીઓએ પૂછ્યું, ''તમને આ વ્યાધિ અચાનક ક્યાંથી આવી ? આપને શું આહારમાં કંઈ ખાવામાં આવ્યું તેથી આ વ્યાધિ થયો કે પછી કોઈ કર્મદોષથી થયો ?'' રજ્જા સાધ્વીજીએ કહ્યું, ''ખાવામાં હું ખૂબ ચોકસાઈ રાખું છું તેથી ખાવામાં કાંઈ આવ્યું નથી અને અજીર્ણ પણ થયું નથી. મને તો લાગે છે કે, આ રોજ ઉકાળેલું પાણી પીવામાં આવે છે તેથી આ કોટ મારે શરીરે નીકળ્યો છે. આજથી મેં ઉકાળેલા પાણીનો ત્યાગ કર્યો છે.'' બીજી ભોળી સાધ્વીઓને રજ્જાની વાત સાચી લાગી કારણકે 'રજ્જા સાધ્વીજી આહાર વાપરવામાં અને શરીર સંભાળવામાં ખૂબ કાળજી રાખતા હતા, છતાં આ રોગ થયો તેમાં ઉકાળેલું પાણી જ કારણભૂત હશે.' એવું માની એક પછી એક ઘણી સાધ્વીઓએ ઉકાળેલું પાણી પીવું છોડી દીધું તેથી ઘણાં સંયમમાં મંદ પરિણામવાળા બન્યા.

આ ગચ્છમાં એક સાધ્વી મજબૂત મનનાં હતાં. તેમણે વિચાર કર્યો કે, 'રજ્જા સાધ્વીજી કહે છે તે સત્ય નથી. ઉકાળેલું પાણી પીવાથી કોઢ થાય નહીં. કોઢ તો તેમને કોઈ પૂર્વ કર્મના ઉદયથી થયો હશે. ઉકાળેલું પાણી પીવું એ સાધુ જીવનનો આચાર છે. તેને છોડવામાં જિનાજ્ઞાનો ભંગ થાય. આપણે પાંચ મહાવ્રત ઉચ્ચર્યા, ભગવાનની આજ્ઞા માથે ચડાવી અને હવે તેને ઉથાપાય જ કેમ ? કોઢ શું ભલેને આખું શરીર નાશ પામે પણ જિનાજ્ઞાનું ઉલ્લંઘન કેમ થાય. આ શરીર નષ્ટ પામવાના સ્વભાવવાળું છે. કોની સાથે શરીર આવ્યું છે ? ભગવાનની આણા એ આણા જ. એમાં બીજો વિકલ્પ ન હોય.' આ સાધ્વી સંયમ શ્રેણિએ ચડયાં. તેમને કેવળજ્ઞાન હાંસલ થયું.

રજ્જા સાધ્વીએ કેવળી ભગવંતને વંદન કરી પૂછ્યું, ''ભગવંત્ ! મને કોઢનો રોગ શાથી થયો છે. હું માનું છું કે, ઉકાળેલું પાણી પીવાથી થયો છે પરંતુ મારું જ્ઞાન છદ્મસ્થ છે. તેમાં ખોટું પણ હોઈ શકે.'' કેવળીએ કહ્યું, ''રજ્જા ! તને રક્તપિતનો રોગ થયો છે. આ રોગવાળાએ મિષ્ટાન ન ખાવા જોઈએ, છતાં તેં ધરાઈને મિષ્ઠાન ખાધું. વધુમાં તે મિષ્ટાન કરોળીયાના લાળથી મિશ્રિત હતું તેથી તને કોઢનો રોગ થયો છે. ઉકાળેલું પાણી દ્રવ્ય અને ભાવ રોગોને હરનાર છે.'' રજ્જા સાધ્વીએ કહ્યું, ''હું પ્રાયશ્ચિત લઉં તો મારું રોગ મટે ખરું ?''

કેવળીએ કહ્યું, "રજ્જા ! તું શરીરના રોગને મટાડવા આટલી તલસે છે. પણ તને ભવ રોગ મટાડવાની ચિંતા નથી ? આ રોગ પ્રાયશ્ચિત કરવાથી કદાચ મટશે પણ તેં 'ઉકાળેલા પાણીથી આ કોઢનો રોગ થયો છે;' તેવું કહી ઘણાને સંયમથી ભ્રષ્ટ કર્યા છે તેથી તે ભયંકર સંસાર વધાર્યો છે."

*કેવળી ભગવંતનો ઉપદેશ સાંભળી બીજી સાધ્વીઓ સંયમમાં સ્થિર બની. તેમણે રજ્જા સાધ્વીના કહેવાથી ઉકાળેલું પાણી છોડયું હતું તેનો તેમને ઘણો પશ્ચાતાપ થયો.

**ગુણસેન અને અગ્નિશર્મા** : (સમરાદિત્ય કેવલી ચરિત્ર)

**ગુણસેન** અને **અગ્નિશર્મા** બન્ને સમાન વયના હતા. ગુણસેન **ક્ષિતિપ્રતિષ્ઠિત** નગરના રાજા **પૂર્ણચંદ્ર** અને રાણી **કુમુદિની**નો પુત્ર હતો. જ્યારે અગ્નિશર્મા રાજપુરોહિત **યજ્ઞદત્ત** અને **સોમાદેવી** બ્રાહ્મણીનો પુત્ર હતો.

અગ્નિશર્મા કદરૂપો અને બેડોળ હતો તેથી તેને પુરોહિત બાળકોની પજવણીના ભયથી ભાગ્યે જ બહાર જવા દેતા. એકવાર અગ્નિશર્મા ગમે તે કારણે બહાર નીકળ્યો. ગુણસેન કુમારે તેને જોયો. તેને કલાવવા માંડયો. શરૂઆતમાં ટપલી મારી મદારીની જેમ તેને કૂદાવી નચાવ્યો પરંતુ પછી તો રાજસેવકો દ્વારા ગધેડા ઉપર બેસાડી, પીંછાનો મુગટ માથે મહેરાવી, તેની આગળ ફૂટેલો ઢોલ રાખી આખા ગામમાં ફેરવ્યો.

યજ્ઞદત્ત જનપ્રિય હતો. તેને કુમારનું અભદ્ર વર્તન સાલ્યું. તેણે એક-બે વાર કુમારને કહ્યું પણ ખરું કે, 'પરભવના કર્મદોષથી તેને બેડોળ શરીર મળ્યું છે. તેને પજવશો નહીં.'' કુમારે બહુ ધ્યાન ન આપ્યું. તે ઘડી નવરો પડે કે તરત અગ્નિશર્માને બોલાવે. કુમાર માટે અગ્નિશર્મા ક્રીડા કરવાનું રમકડું થઈ પડયું. અગ્નિશર્માની બુદ્ધિ શુદ્ધ હતી. તેને કુમાર પ્રત્યે દુર્ભાવ ન ઉપજતો. તેણે વિચાર્યું, 'હું દુષ્કર તપ દ્વારા મારા પૂર્વ કર્મોનો ક્ષય કરું.'

અગ્નિશર્મા **વસંતપુર**ના તપોવનમાં પહોંચ્યો. ત્યાં જઈ તાપસ **આર્જવ કૌડિન્ય**ને મળ્યો. પોતાની વિગત સંક્ષેપમાં કહી. તાપસે કહ્યું, "આ તપોવન જીવોના વિસામારૂપ છે. અહીં હિંસક પશુઓથી ત્રાસેલા મૃગલા વસે છે અને દુઃખથી કંટાળેલા માનવો પણ આશરો લે છે. અહીંનું વાતાવરણ શુદ્ધ છે." અગ્નિશર્માએ તપ ઉપર તપ કરવા માંડયું. મહાતપસ્વીમાં તેની ગણના થવા લાગી. લોકોના ટોળેટોળાં દર્શન માટે ઉમટવા માંડયા.

રાજકુમાર ગુણસેન **વસંતસેના** નામની રાજપુત્રીને પરણ્યો. પિતાએ દીક્ષા લીધી. ગુણસેન રાજા થયો. એકવાર દિગ્યાત્રા કરતાં તપોવનની પ્રશંસા સાંભળી ત્યાં આવ્યો. તે પ્રમુખ તાપસને મળ્યો. તેમને વિનંતી કરી કે, "રોજ તાપસોને મારે ત્યાં ભિક્ષા માટે મોકલો અને મને કૃતાર્થ કરો." પ્રમુખ તાપસે કહ્યું, "રાજન્! રોજ તાપસોએ રાજાને ત્યાં જવું ઉચિત નથી પરંતુ મારા આશ્રમમાં એક મહિનાના ઉપવાસી મુનિ છે; જે એક ઘરે ભિક્ષા લઈ ફરી મહિનાના ઉપવાસ કરે છે. તે તમારે ત્યાં ભિક્ષા માટે આવશે. એક ઘરેથી આદરપૂર્વક જે મળે તે એક મહિનાના અંતે લે છે અને ન મળે તો બીજા મહિનાના ઉપવાસ કરે છે." રાજાને

---

* એકવાર ધનાવહ વણિકના પુત્રનું મુખ અન્નથી ખરડાયેલું હતું ત્યારે રજ્જા સાધ્વીએ સચિત્ત પાણીથી તેનું મુખ ધોવડાવ્યું હતું તેથી પ્રવચન (શાસન દેવતા) કુપિત થયા. તેમણે જમતી વખતે તેના ભોજનમાં ચૂર્ણ નાંખ્યું તેથી રજ્જાના શરીરે કોઢ થયો. (કથાકોશ પ્રકરણાનુસાર)

તપસ્વી પ્રત્યે અહોભાવ ઉત્પન્ન થયો.

રાજા ગુણસેન આમ્રવૃક્ષ નીચે બેઠેલા મહાતપસ્વી પાસે ગયો. તેમને વંદન કર્યા. રાજા તેમને ઓળખી ન શક્યો. મુનિએ ધ્યાન પારી રાજા તરફ જોયું. તરત જ રાજકુમારને ઓળખી લીધો. રાજાએ પૂછયું, ''ભગવંત્! ઉગ્ર તપશ્ચર્યા કરવાનો હેતુ શું છે?'' મુનિએ કહ્યું, ''રાજન્! તપનો હેતુ મારું શરીર અને મારો કલ્યાણ મિત્ર ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો રાજકુમાર ગુણસેન છે.'' રાજા પોતાનું નામ સાંભળી ચમક્યો. તે કાંઈ બોલે તે પહેલાં જ તપસ્વી મુનિએ કહ્યું, ''મારા કલ્યાણ મિત્રે મને પજવ્યો ન હોત તો હું તપ માર્ગે કદી વળ્યો પણ ન હોત. આ બધો પ્રતાપ કલ્યાણ મિત્ર રાજકુમારનો છે.'' રાજાને બાલ્યચેષ્ટા યાદ આવી. અગ્નિશર્માની પજવણી ચક્ષુપટ સમક્ષ સ્ફુરવા લાગી. નાદાનિયતમાં કરેલી ભૂલથી આંખમાં આંસુ આવ્યા. રાજાએ માફી માંગી. માસક્ષમણના પારણે ભિક્ષા માટે આવવાની હૃદયપૂર્વક વિનંતી કરી.

ગુણસેનને અપાર શિરોવેદના ઉપડી. વૈદ્યો ઉપચાર કરતા હતા. કોઈ ચંદનનો લેપ કરતા, કોઈ તેલ ઘસતા હતા. ચારે બાજુ દોડાદોડ થવા લાગી. તે વખતે '**ભિક્ષાં દેહિ**' કરતો એક સુકલડી તાપસ આવ્યો. હાથમાં ભિક્ષાપાત્ર હતું. દોડાદોડ કરતા પરિજનોમાંથી કોઈએ સામું ન જોયું.

તાપસ સમજ્યો કે, 'રાજાનો શો દોષ ? તે બિચારો મરણ પથારીએ પોઢયો છે.' તાપસ તપોવનમાં પાછો ફર્યો. તાપસે સમતા ભાવ રાખ્યો. ત્યાં રાજા બે અનુચરો સાથે આશ્રમમાં આવ્યા. રાજાએ કહ્યું, ''ભગવંત્! હું વેદનામાં ભાન ભૂલ્યો. પરિજનોએ કાળજી ન રાખી. તપસ્વી હું તમારો પરમેશ્વર વિડંબક જ રહ્યો.'' તપસ્વીએ કહ્યું, ''હે રાજન્! પરિતાપ ન કરો. ભિક્ષા ન મળી તેથી મારું કાંઈ બગડયું નથી. મારી તપવૃદ્ધિ થઈ છે.'' રાજાએ ફરી પાછા ભિક્ષા માટે પધારવાની વિજ્ઞપ્તિ કરી પરંતુ તપસ્વીનો નિર્ણય અફર હતો. બીજા પારણે પધારવાની વિનંતી કરી રાજા કચવાતે મને પાછો ફર્યો.

બે મહિનાના ઉપવાસી અગ્નિશર્મા તપસ્વી ફરી ગુણસેનના મહેલના દરવાજે આવ્યા. શરીર સૂકાઈ ગયું હતું. આંખો ઊંડી ઉતરી ગઈ હતી. માંડ માંડ ડગ ભરતો હતો. તે સમયે રાજમહેલમાં ધમાલ હતી. અશ્વદળ, હાથીદળ તૈયાર થઈ શત્રુ સૈન્ય સામે ધસતું હતું. રાજા યુદ્ધ કરવા નીકળી પડયો હતો. તેથી ભિક્ષાનો યોગ ન સાંપડયો. તપસ્વીનું મન રાજા તરફ દુભાયું પરંતુ નજરોનજર ધમાલ જોઈ તે ચિત્ત વાળી તપોવનમાં આવ્યો. તેણે ત્રીજા માસના ઉપવાસનો નિશ્ચય કર્યો.

રાજા નગર બહાર થોડેક દૂર ગયો ત્યાં તેને પારણાનો દિવસ યાદ આવ્યો. તે તરત જ રાજમહેલમાં આવ્યો. ત્યાં સેવક દ્વારા જાણ્યું કે, 'તાપસ ભિક્ષા માટે આવ્યા હતા પરંતુ કોઈએ ધ્યાન ન આપ્યું તેથી પાછા ફર્યા.' રાજા ખૂબ શરમાયો. તે ગળગળો થઈ તપસ્વી પાસે ગયો. તપસ્વીએ બહુ વાત ન કરતાં કહ્યું, ''રાજન્! મેં ક્યાં ધમાલ નિરખી નથી ? અમને તપોવૃદ્ધિ થઈ. ફરી પારણાને દિવસે આવીશું.'' રાજ શરમિંદો થયો. કુલપતિને મળ્યા વિના જ રાજમહેલે આવ્યો.

અગ્નિશર્માનું શરીર હવે તપ કરે તેવું રહ્યું ન હતું. તે પારણાને ઝંખતો હતો. ત્રણ માસ પૂર્ણ થયા. પારણા માટે તે રાજમહેલે આવ્યો. તે વખતે મહેલમાં પુત્ર જન્મની ખુશાલીમાં સૌ નાચગાનમાં વ્યસ્ત હતા. કોઈને મુનિની પડી ન હતી. અગ્નિશર્માની આંખો લાલ થઈ ગઈ. તે બોલ્યો, ''આ ગુણસેન દુષ્ટ છે. મારો બાળપણનો ખરેખરો શત્રુ છે. બાળપણમાં તેણે મારી કદર્થના કરી તેથી હું તેનાથી કંટાળીને તપાસ થયો. અહીં પણ ત્રણ માસથી મને ધક્કા ખવરાવે છે. મારા તપનું ફળ હો તો ભવોભવ તેની શત્રુતાનો બદલો લેનારો થાઉં.'' આમ

બોલી ક્રોધથી સળગતો તે તપોવનમાં આવ્યો. આમરણાંત ઉપવાસ શરૂ કર્યા. કુલપતિને ખબર પડી. તેમણે સમજાવ્યું કે તમે, ''ક્રોધથી તપનું ફળ હારી જશો. રાજા ભૂલકણો છે. તેનો અપરાધ નથી. તમે નિયાણું ન કરો.''

થોડીવારે દાસીએ આવી ગુણસેન રાજાને કહ્યું કે, ''તપકૃશ તાપસ આવીને ચાલ્યા ગયા.'' રાજાના બળાપાને પાર ન રહ્યો. હવે તાપસ પાસે જવું તે અગ્નિમાં ઘી હોમવા જેવું થશે તેથી ધીર ગંભીર એવા **સોમદેવ** વિપ્રને તાપસ પાસે મોકલ્યો. સોમદેવે અગ્નિશર્માને સમજાવવા ઘણાં પ્રયત્નો કર્યા છતાં કંઈ ન વળ્યું. સોમદેવ નિરાશ વદને પાછો ફર્યો.

રાજા પરિવાર સાથે કુલપતિને મળ્યો, કરગર્યો, ક્ષમા માંગી. કુલપતિએ પણ અગ્નિશર્માને સમજાવ્યો છતાં તે એકનો બે ન થયો. તેણે કહ્યું, ''મારે એ કાળમુખ વૈરીનું મુખ જોવું નથી.''

અગ્નિશર્મા મૃત્યુ પામી **વિદ્યુતકુમાર** દેવ થયો. ગુણસેન રાજવીની દેવ બની ખૂબ પજવણી કરી. રાજાએ સમતા ભાવ રાખ્યો. અરિહંતનું શરણું સ્વીકારી, સર્વ જીવો સાથે મૈત્રીભાવ રાખી શુભ ભાવનામાં પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. ગુણસેન રાજા **સૌધર્મ** દેવલોકે દેવતા થયા.

પૂર્ણભક્તિ, પ્રેમ અને લાગણી છતાં પ્રમાદના કારણે ગુણસેન રાજા તારક સુપાત્ર દાનથી વંચિત રહ્યો. અગ્નિશર્માને લાગ્યું કે, ગુણસેન મારો શત્રુ છે અને પારણા માટે ઘડી ઘડી આમંત્રણ આપે છે પરંતુ પારણું કરાવતો નથી. આ વૈર બીજ હૃદયમાંથી ખસ્યું નહીં અને સોળ ભવ સુધી અગ્નિશર્માના ક્રોધનો કવલ ગુણસેન બન્યો !

**ચિત્રકૂટોત્પત્તિ** : (કથા સાહિત્ય માલા)

**મધ્યમા** નામે નગરીમાં **ચિત્રાંગદ રાજા** રાજ્ય કરતો હતો. **સુમતિ** નામનો પ્રધાનમંત્રી હતો. એકવાર રાજ સભામાં **ભૂતાનંદ** નામે યોગી આવ્યો. પ્રતિદિન રાજાને અદ્‌ભુત ફળની ભેટ આપી તે ચાલ્યો જતો. આવું છ માસ પર્યંત ચાલ્યું. એક દિવસ રાજાએ યોગીને પૂછ્યું, ''તમે પ્રતિદિન કિંમતી નજરાણુ કેમ ધરો છો ?'' યોગીએ કહ્યું, ''મેં મારાં ગુરુ પાસેથી સુવર્ણ પુરુષ સિદ્ધ કરવાનો મંત્ર પ્રાપ્ત કર્યો છે પરંતુ ઉત્તરસાધક તરીકે મને તારી જરૂર છે. તને ખુશ કરવા હું વિવિધ ભેટ આપું છું.'' ચતુર મંત્રી યોગીની વર્તણૂંક સમજી ગયો. તેણે રાજાને સમજાવતાં કહ્યું, ''રાજન્ ! આપનામાં બત્રીશ લક્ષણો છે તેથી સુવર્ણ પુરુષની સિદ્ધિ માટે યોગી સ્વાર્થવશ આપની યાચના કરવા આવ્યો છે. તેની ચાલચલગત પરથી જણાય છે કે, તે આપનો હોમ કરશે. આખા દેહનું દાન તો ન જ અપાયને ?'' પરંતુ રાજામાં રાજભક્તિ હતી તેથી તેણે કહ્યું કે, ''મારું વચન અફર છે.'' મંત્રીએ કહ્યું, ''સારું, મને તમારી સાથે લઈ જજો.'' દુષ્ટ યોગીએ મંત્ર ભણી જ્યારે રાજાને હોમવાની તૈયારી કરી ત્યારે સમયજ્ઞ મંત્રીએ યોગીને ઉપાડી અગ્નિકુંડમાં ઝીંક્યો. યોગી બળીને સુવર્ણપુરુષ બન્યો. હવે તે સુવર્ણ વડે રાજાએ નગરીને સુશોભિત બનાવી અને પુષ્કળ ધન દાન-પુણ્યમાં ખર્ચ્યું.

એકવાર ચિત્રાંગદ રાજા પોતાના કોષનાં સંરક્ષણ માટે કિલ્લો બનાવવા યોગ્ય સ્થળની શોધમાં હતો ત્યાં ચિત્રગિરિ નજીક **કૂટ** નામે પર્વત જોયો. ત્યાં કિલ્લો બનાવવાનું શરૂ થયું. તે કિલ્લો દિવસે ચણે તેટલો ભાગ રાત્રે પડી જતો. છ માસ સુધી આ રીતે થયું. ત્યારે અધિષ્ઠાયક **કૂટદેવ** પ્રત્યક્ષ થયા અને કહ્યું, ''રાજન્ ! અહીં કિલ્લો બાંધવાનો આગ્રહ ન રાખ.'' નીડર રાજાએ કહ્યું, ''પ્રાણના ભોગે પણ અહીં જ કિલ્લો બાંધીશ.''

રાજાના સાહસથી દેવ પ્રસન્ન થયો. તેણે કહ્યું, ''ચિત્ર પર્વત ઉપર કિલ્લો બંધાવ પરંતુ ત્યાં મારું નામ રાખજે.'' કિલ્લાનું કાર્ય પૂર્ણ થયું. રાજાએ આ કિલ્લાનું નામ **ચિત્રકૂટ** પાડયું.

એકવાર **શંભલીરાય** નામે રાજા ચિત્રાંગદ **રાજાની બર્બરિકા** નામની ગણિકાને ત્યાં ગયો. તક જોઈને શંભલીરાયે ચિત્રકૂટ દુર્ગ ઉપર વિજય મેળવવાની યુક્તિ ગણિકાને પૂછી. ગણિકાએ કહ્યું, ''દુર્ગ મેળવવો અશક્ય છે. આ શૂરવીરનું કાર્ય છે, કાયરનું નહીં.'' ગણિકાના કટાક્ષયુક્ત તીખાં વચનો સાંભળી શંભલીરાયનું અહમ ઘવાયું. તેણે ગણિકાને અખૂટ લક્ષ્મી આપી ફોડી નાંખી કહ્યું ''ગમે તેમ કરીને મને દુર્ગ ગ્રહણ કરવાનો માર્ગ બતાવ.'' ગણિકાએ કહ્યું, ''ચિત્રાંગદ રાજા હંમેશાં દિવસમાં એકવાર નગરનાં દરવાજા ખોલી સર્વ ક્ષુધાર્તને અન્ન આપી પછી જ ભોજન કરે છે. હું તે વખતે મારા માથાનાં વાળ છૂટા મૂકીશ ત્યારે મારા સંકેતને તમે સમજી દુર્ગમાં પ્રવેશ કરજો.'' ગણિકાની યોજના અનુસાર શંભલીરાયે દુર્ગમાં પ્રવેશ કર્યો. તેણે ચિત્રાંગદ રાજા સાથે યુદ્ધ કર્યું. ચિત્રાંગદ રાજા કોષાગારમાં પહોંચ્યો. તેણે સુવર્ણ પુરુષને લઈને કૂવામાં ઝંપલાવ્યું. સેવકોએ કૂવામાં સુવર્ણ પુરુષ શોધ્યો પરંતુ કંઈ ન મળ્યું કેમકે સુવર્ણ પુરુષ દેવતાથી અધિષ્ઠિત હોવાથી અદશ્ય થઈ ગયો. ચિત્રાંગદ રાજા મૃત્યુ પામ્યો પછી પોતાના પુત્ર **વરાહગુપ્ત**ને રાજ્ય સોંપી શંભલીરાય પોતાના દેશમાં ગયો.

**ચિલાતીપુત્ર (પૂર્વભવ - યજ્ઞદેવ)** : (ઉપદેશમાલા, પૃ. ૧૨૪)

**ક્ષિતિપ્રતિષ્ઠિત** નગરમાં **યજ્ઞદેવ** નામે બ્રાહ્મણ વસતો હતો. તે વેદમાં પારંગત હતો. તેણે ઘણાં પ્રતિવાદીઓને હરાવ્યા હતા. એક દિવસ નાના સાધુએ તેને જીતી લીધો. યજ્ઞદેવે નાના સાધુ પાસે દીક્ષા લીધી. તે જાતિગુણના કારણે દેહ-વસ્ત્ર આદિની મલિનતારૂપ પરિષહને નીંદવા લાગ્યા. 'અરે ! આ માર્ગમાં બધું સારું છે પરંતુ સ્નાનાદિનો અભાવ છે, તે મોટું દુર્ગંછાનું સ્થાન છે.'

એક દિવસ ઉપવાસના પારણે ભિક્ષા માટે પોતાની સ્ત્રીના ઘરે ગયા. સ્ત્રીએ સ્નેહવશ પતિ ઉપર કામણ કર્યું. તે કામણથી મુનિ શરીરે અતિ ક્ષીણ થયાં. કેટલાક દિવસ પછી તેઓ વિહાર કરવામાં અસક્ત થયાં તેથી અનશન વ્રત ગ્રહણ કરી, કાળધર્મ પામી સ્વર્ગમાં દેવ થયાં. પેલી સ્ત્રીએ પણ ચારિત્ર ગ્રહણ કરી ઉગ્ર તપ કર્યું. પાપકર્મોની આલોચના કરી તેણી સ્વર્ગે ગઈ.

બીજા ભવમાં યજ્ઞદેવનો જીવ ચારિત્રની દુર્ગંછા કરવાથી નીચ ગોત્ર વડે **રાજગૃહી** નગરીના **ધનાવહ** શેઠનાં ઘરે **ચિલાતી** નામની દાસીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. માતાના નામ પરથી તેનું નામ **ચિલાતીપુત્ર** પડયું. તેની પૂર્વભવની સ્ત્રીનો જીવ દેવલોકથી ચ્યવી તે જ શેઠની પત્ની **ભદ્રા** શેઠાણીની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. તે કન્યાનું નામ **સુસમા** પાડવામાં આવ્યું.

ઉજળા વિચારોની ખામીના કારણે યજ્ઞદેવની સ્ત્રીએ જે ભિક્ષા આપી તે વિકૃત સ્વરૂપવાળી હતી.

**ચુલ્લશતક શ્રાવક** : (શ્રી ઉપાશકદશાંગ સૂત્ર, અ.૫)

**ઉત્તર ભારત**માં **આલભિકા** નામની નગરી હતી. ત્યાં **શંખવન** નામનું ઉદ્યાન હતું. **જિતશત્રુ** નામના રાજા હતા. તે નગરીમાં **ચુલ્લશતક** નમના સમૃદ્ધ ગાથાપતિ નિવાસ કરતા હતા. તેને **બહુલા** નામની પત્ની હતી. ચુલ્લશતક ગાથાપતિ પાસે તેના ભંડારમાં છ કરોડ સોનામહોરો સુરક્ષિત હતી. તેટલી જ વેપારમાં

અને તેટલી જ ઘરના વૈભવમાં હતી. તેને ત્યાં દસ દસ હજાર ગાયોનાં છ ગોકુળ હતાં. પૂર્વકૃત પુણ્યના યોગે સુખી અને સમૃદ્ધ હતા. તેઓ આદર્શ ગૃહસ્થ જીવન વ્યતીત કરતા હતા.

**ભગવાન મહાવીર** એક વખત આલભિકા નગરીમાં પધાર્યા. જનમેદની સાથે ચુલ્લશતક પણ પ્રભુના દર્શન કરવા ગયા. પ્રભુની ધર્મ દેશનાની પ્રેરણા ઝીલી લીધી. જિનવાણીથી પ્રભાવિત થઈ શ્રાવકના વ્રત સ્વીકાર્યા. ગૃહસ્થ ધર્મી હોવા છતાં ચુલ્લશતક વ્રતોની આરાધના, ધર્મની ઉપાસનામાં તલ્લીન હતા. લોકવ્યવહાર અને અધ્યાત્મનો સુંદર સમન્વય તેમના જીવનમાં હતો. જ્યારે સમય મળતો ત્યારે વ્રત સાધનાનું યથાવિધિ પાલન કરતા હતા.

એક દિવસ પૌષધશાળામાં બ્રહ્મચર્ય અને પૌષધ ગ્રહણ કરી ધર્મ ધ્યાનમાં લીન હતા ત્યારે પૂર્વાર્ધ રાત્રિના સમયે અચાનક એક દેવ તેમની સામે પ્રગટ થયો. આ દેવ ચુલ્લશતકને સાધનામાં વિઘ્ન પાડવા આવ્યો હતો. દેવે ચુલ્લશતકના ત્રણે પુત્રોને તેની સમક્ષ લાવી તેમના દેહના સાત સાત ટુકડા કરી મારી નાંખ્યા. તેમનું લોહી અને માંસ ચુલ્લશતક પર છાંટયું. પુત્રમોહ કે દેવપ્રકોપથી ચુલ્લશતક અંશમાત્ર ચલતિ ન થયા. તેઓ ધર્મધ્યાનમાં તન્મય રહ્યા.

હવે દેવે વિચાર્યું, 'મારી આ તરકીબ નિષ્ફળ નીવડી છે. હું બીજી રીત અપવાનું. આ સંસારમાં પ્રત્યેકને લક્ષ્મી પ્રત્યે ગાઢ અનુરાગ હોય છે. મનુષ્ય કદાચ બીજું સહન કરી શકે પરંતુ ધન નાશનો ધક્કો સહન કરી શકતો નથી. માટે હું હવે તેની સાથે તે પ્રકારનું વલણ અપનાવું.'

દેવે અત્યંત ક્રોધિત થઈ કર્કશ અવાજમાં ચુલ્લશતકને સંપૂર્ણ ધન નાશની ધમકી આપી. ચુલ્લશતક સાધનામાં સ્થિર અને પોતાના ભાવોમાં દઢ હતા. ત્યાં અચાનક તેમના આખા શરીરમાં વીજળી જેવો સંચાર થયો. દરિદ્રતાનું ભયાનક દશ્ય નજર સમક્ષ ખડું થયું. તે જોઈ ચુલ્લશતક ગભરાઈ ગયા. તેમના મનમાં વારંવાર વિચાર આવવા લાગ્યો કે, 'આ જગતમાં ધન જીવન છે, ધન પ્રાણ છે, ધન સર્વસ્વ છે. વિશ્વની પ્રત્યેક વસ્તુ ધનથી પ્રાપ્ત થાય છે, જેની પાસે ધન છે તેના જ મિત્રો, તેના જ ભાઈ હોય છે. ધન વિનાના મનુષ્યની કોઈ કિંમત નથી. જેની પાસે ધન છે, તે જ મનુષ્ય દાન કરી શકે છે, તે જ મનુષ્ય બુદ્ધિમાન ગણાય છે.'

વ્યાકુળ મનોસ્થિતિમાં ચુલ્લશતકને વ્રતનું ભાન રહ્યું નહીં. તે ધનની આસક્તિએ માર્ગભ્રષ્ટ થયા. તે ક્રોધિત થઈ દેવને પકડવા ગયા પરંતુ દેવ તત્ક્ષણ અદશ્ય થઈ ગયો. ચુલ્લશતકના હાથમાં રાત્રિના અંધકારમાં પૌષધશાળાનો થાંભલો આવ્યો. ચુલ્લશતક કિંકર્તવ્ય મૂઢ જેવા બની ગયા. તે પરિસ્થિતિને સમજી શક્યા નહીં. ગભરુ અને મૂંઝાયેલા ચુલ્લશતકને દિશા સૂઝી નહી. સૂધબૂધ ભૂલાઈ ગઈ. તે વ્યાકુળ બની બૂમાબૂમ કરવા લાગ્યા ત્યારે તેમની પત્ની બહુલા ત્યાં આવી. જ્યારે તેણે પતિ પાસેથી સર્વ હકીકત સાંભળી, ત્યારે પતિને સત્ય તત્ત્વનો બોધ કરાવ્યો. ઋજુ મનવાળા ચુલ્લશતકે પ્રભુ પાસે જઈ આલોચના કરી.

ચુલ્લશતકનું ઉત્તરવર્તી જીવન ચુલનીપિતા શ્રાવકની જેમ વ્રત આરાધનામાં ઉત્તરોત્તર પ્રગતિશીલ બન્યું. તેમણે અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતની સમ્યક્ આરાધના કરતાં વીસ વર્ષ સુધી શ્રાવકધર્મનું અને શ્રાવકની ૧૧ પ્રતિમાનું પાલન કર્યું. અંતે એક માસનો સંથારો કરી, સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો. **સૌધર્મ** દેવલોકમાં **અરુણસિદ્ધ** વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

લોકવ્યવહારમાં ધનને અગિયારમો પ્રાણ કહ્યો છે. પુત્ર મોહ કે દેવ પ્રકોપ ચુલ્લશતકને ડગાવી ન

શક્યા પરંતુ ધનની મમતા-આસક્તિથી ચલિત થયા.

**છલરાજાની કથા :** (પંચશતી પ્રબંધ, ક.૩૬)

એક સમયે ઝાલાવાડ દેશમાં **છલ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પાસે ઘણી સંપત્તિ હતી પરંતુ દાન દેવામાં ઘણો જ અરુચિવાળો હતો તેથી તે કૃપણ તરીકે પંકાયો. તેનું લગભગ બધું આયુષ્ય કૃપણપણામાં પસાર થયું હતું. અંત સમયે દાન દેવાની ભાવના થઈ તેથી તેણે મૃત્યુ સમયે પોતાના પુત્રોને બોલાવીને કહ્યું કે, ''અત્યાર સુધી મને દાનભાવના પેદા ન થઈ અને મારું પૂરું જીવન એળે ગુમાવ્યું. લક્ષ્મી ચંચળ છે અને ઘણું જ અનર્થ કરનારી છે પરંતુ દીન-દુ:ખીયા આદિનો ઉદ્ધાર કરવામાં જ ધનની સફળતા છે અને પુણ્યબંધ થવાથી પરલોકમાં પણ કલ્યાણ થાય છે. મને એવી ઈચ્છા જાગે છે કે છેલ્લે છેલ્લે પણ દાન આપું માટે તમે આટલી ગાયો, આટલા ઘોડા, આટલા રથો અને આટલી લક્ષ્મી યોગ્ય વ્યક્તિઓને દાનમાં આપજો.'' ત્યારબાદ મંત્રીઓ અને પુત્રોએ વિચાર કર્યો કે, 'હમણાં જો આ બધું આપવામાં આવશે, તો દાનની તાસીરવાળો આ રાજા બધું રાજ્ય લૂંટાવી દેશે માટે એમના મરણ પછી બધું અપાશે.' એમ રાજાને તેઓએ ઉત્તર આપી ધરપત આપી. ત્યારબાદ રાજા મરણ પામ્યો. તેના પુત્રોએ રાજાના મરણ બાદ કંઈપણ દાનમાં આપ્યું નહિ.

એટલા માટે જ કહેવાય છે કે - **હાથે તે સાથે**. પોતાના હાથે દાન કરવાથી પોતાને દાનનો લાભ મળે છે અને તેની અનુમોદના પણ થાય છે. માટે પોતાના હાથે જ દાન આપવું શ્રેયસ્કર છે. ધનના મોહથી મરણ સમયે હિતકારી પુત્રો પણ જડભરત બની દાનની ભાવનાને હડસેલો મારે છે.

**જ્યોતિષી દેવી રણમંજરી** : (કથાકોશ પ્રત ૭૬, મલધારી રાજશેખરસૂરિ)

**ધોળકા**માં **સિદ્ધ, વીર** અને **હરિચંદ્ર** નામના ત્રણ જૈન ધર્મી ભાઈઓ રહેતાં હતાં. તેમણે કોઈ મુનિ ભગવંતની દેશના સાંભળી પરિગ્રહ પરિમાણ વ્રત લીધું. તેમના નિયમની ગૂંજ ગગનમાં ગૂંજતી હતી. યોગાનુયોગ નિયમ લીધા પછી રાત્રિના સમયે **રણમંજરી** નામની જ્યોતિષીદેવી પરીક્ષા કરવા માટે ત્યાં આવી. સિદ્ધે પૂછયું, ''તું કોણ છે ?'' દેવીએ કહ્યું, ''હું લક્ષ્મી છું. તારા પુણ્યથી આકર્ષાઈ હું તારા ઘરે આવીશ. આ જ નદીના કાંઠે નિધાન ચતુષ્ટયરૂપે અમે રહીએ છીએ.'' એમ કહીને દેવી અદશ્ય થઈ ગઈ. હવે સિદ્ધે આ વાત પોતાના બન્ને ભાઇઓને જણાવી. ભાઈઓએ કહ્યું, ''આપણે વ્રતધારી છીએ તેથી જો લક્ષ્મીને આવવું હોય તો સ્વયં ભલે આવે અથવા જાય.'' બીજે દિવસે રાત્રે ઢોલિયાની નીચે ચાર નિધાન (ચરુ) આપોઆપ આવી ગયાં. સવારે પ્રતિક્રમણ બાદ ભાઈઓએ આ નિધાન જોયાં. પોતાને પરિગ્રહની મર્યાદા હોવાથી આ ચરુ રાજાને આપવાનો તેમણે નિશ્ચય કર્યો. રાજા વડે સવારે ઉત્સવપૂર્વક, ઠાઠમાઠથી આ લક્ષ્મી રાજ-ભંડારમાં લઈ જવામાં આવી પરંતુ રાત્રે તે લક્ષ્મી પાછી સિદ્ધના ઘરે આવી ગઈ. આવું લક્ષ્મીનું આવાગમન નવ દિવસ સુધી લગાતાર ચાલ્યું. રાજાએ ભાંડાગારિકાને આ સંદર્ભમાં પૂછયું. તેણે કહ્યું, ''રાજન્! પ્રતિદિન લક્ષ્મીનું સ્થળાંતર યથાવત્ છે.'' હવે રાજાએ સિદ્ધને કહ્યું, ''આ લક્ષ્મીની પ્રાપ્તિ તારા પુણ્યના પ્રતાપે થઈ છે તો તું જ તેને ગ્રહાણ કર અને ઉપભોગ કર. હું તેને સાચવવાને શક્તિમાન નથી.'' ત્રણે ભાઈઓએ લક્ષ્મીનો સદુપયોગ કરી મહાલક્ષ્મી બનાવવાનો નિશ્ચય કર્યો. સિદ્ધે ૧૧ અંગસૂત્રો લખાવ્યાં. વીર વડે ધોળકાથી **શત્રુંજય**ની ધજા બંધાવાણી અને

હરિચંદ્ર વડે ઉપધાન કરાવાયું.

આમ, ત્રણે ભાઈઓએ પરિગ્રહ પરિમાણ નિયમનો ભંગ ન થાય તે હેતુથી વધારાની લક્ષ્મીને ધર્મ માર્ગે વાપરી પુણ્યનું વાવેતર કર્યું. ખરેખર ! જ્યાં દાન આપવાની વૃત્તિ છે ત્યાં જ લક્ષ્મીનો નિવાસ છે.

**જિનદત્ત** : (પ્રાકૃત વિજ્ઞાન કથાઓ, પૃ.૧૯૨-૧૯૬)

એકદા **ભોજ** રાજાએ રાજમહેલના બાંધકામ માટે નિમિત્તિયાઓને ખાતમુર્હૂત માટે શુભમુહૂર્ત પૂછયું. જ્યોતિષિઓએ **અખાત્રીજ**નો શુભ દિવસ જણાવ્યો. તે દિવસે નગરમાં અગ્રગણ્ય શ્રેષ્ઠીઓને તેમજ રાજમાન્ય પુરુષોને બોલાવવામાં આવ્યા. જ્યોતિષિઓએ પાયાવિધિમાં પાંચ ઉત્તમ રત્નો મૂકવા માટે રાજાને કહ્યું, જેથી રાજમહેલ વર્ષો અખંડિત રહે. રાજા રાજભંડારમાંથી રત્નો આપવા તૈયાર થયા પરંતુ આ ધન ગરીબો પાસેથી કર પેટે લેવાયેલું હોવાથી તે ધન ન્યાયોપાર્જિત ન ગણાય. રાજાએ શ્રીમંત વેપારીઓની સામે જોયું. ત્યારે શ્રેષ્ઠીવર્યોએ શરમથી આંખો ઢાળી દીધી. કોઈ કંઈ ન બોલ્યું. રાજાએ પૂછયું, ''શું મારા નગરમાં ન્યાયોપાર્જિત ધનવાળો એક પણ વણિક નથી ? શું બધા વેપારીઓ અનીતિપૂર્વક વ્યવસાય કરે છે ?'' ત્યારે આ નગરમાં '**જિનદત્ત** નામના શ્રેષ્ઠીવર્ય ન્યાય-પૂર્વક વ્યાપાર કરે છે' એવું રાજાએ લોકમુખેથી જાણ્યું.

ભોજ રાજાએ જિનદત્તને તેડાવવા રથ મોકલ્યો. 'રાજદ્રવ્ય અશુદ્ધ હોય' એવું વિચારી જિનદત્ત રથમાં ન બેસતાં પગપાળા રાજાની સભામાં આવ્યા. રાજાએ પૂછયું, ''શ્રેષ્ઠીવર્ય ! તમારી પાસે ન્યાયોપાર્જિત ધન છે ?'' જિનદત્તે હા પાડી. રાજાએ તેની પાસેથી પાંચ રત્ન માંગ્યાં. જિનદત્તે કહ્યું, ''હું પાપકાર્યમાં મારી લક્ષ્મી આપતો નથી.'' રાજાએ ક્રોધિત થઈ કહ્યું, ''જો નહીં આપો તો બળાત્કારે પણ ધન આંચકી લઈશ.'' જ્યોતિષીએ કહ્યું, ''રાજન્ ! જબરદસ્તીથી મેળવેલું ધન અનીતિ જ કહેવાય. તેવું ધન ન ખપે.'' રાજાએ કહ્યું, ''એમાં શું થાય ?'' જિનદત્તે કહ્યું, ''રાજન્ ! પરીક્ષા કરો ?'' રાજાએ પરીક્ષા કરવા પોતાની અને શેઠની એક એક સોનામહોર લઈ નિશાની કરી મંત્રીને આપી. રાજાએ કહ્યું, ''મારી સોનામહોર કોઈ પવિત્ર પુરુષને આપજો અને શેઠની સોનામહોર પાપીને આપજે. તેનું કેવુ પરિણામ આવે છે. તે મારે જાણવું છે.''

બીજે દિવસે મંત્રીએ પ્રાતઃકાળે સર્વથી અધમ, પાપિષ્ટ માછીમાર છે; તેવું જાણી શેઠની સોનામહોર માછીમારને આપી. આગળ જતાં મંત્રીએ પંચાગ્નિ સેવતા તાપસ પાસે જઈ છૂપી રીતે રાજાની સોનામહોર મૂકી દીધી. રાજા વૃક્ષ પાછળ છુપાઈને જોવા લાગ્યા. તાપસ ધ્યાન રહિત થયો. તેણે પોતાની પાસે સોનામહોર જોઈ વિચાર્યું, 'ઈશ્વર કૃપાથી સોનામહોર મળી છે, તો મારા ભોગસુખો માટે વાપરું.' અશુદ્ધ દ્રવ્યના નિમિત્તથી તાપસ વ્રત છોડી અવ્રતી - અબ્રહ્મચારી બન્યો.

માછીમારના વસ્ત્રો ફાટેલાં હોવાથી સોનામહોર ખોવાઈ ન જાય તે માટે તેણે મુખમાં મૂકી. શેઠની સોનામહોરના રસાસ્વાદથી માછીમારને શુભ વિચારો આવવા માંડયા. 'કોઈ ધર્મિષ્ઠ વ્યક્તિએ ધર્મ માટે મને સોનામહોર આપી છે. તે વટાવતાં પંદર રૂપિયા મળશે. માછલા પકડવાનો ધંધો કરતાં મને એક દિવસનો પરિવાર નિર્વાહ થઈ શકે તેટલી પણ આવક થતી નથી. હવે હું માછલાઓને અભય દાન આપી પૈસામાંથી અનાજ ખરીદી પરિવારનું ભરણ-પોષણ કરીશ.' માછીમારે ક્ષણવારમાં જાળમાં પકડાયેલાં માછલાને માછલાંને અભયદાન આપ્યું. તેણે નગરમાં જઈ એક રૂપિયાનું અનાજ ખરીદ્યું. ધાન્યનો થેલો લઈ ઘરે ગયો ત્યારે પત્નીએ પૂછયું, ''અનાજ ક્યાંથી મેળવ્યું ?'' તેઓ કાચું અનાજ ખાવા લાગ્યા. શુદ્ધ દ્રવ્યના આહારથી

તેમને શુભ પરિણામ થયા. બાકીના ચૌદ રૂપિયામાંથી બે માસ સુધી કુટુંબનો નિર્વાહ કરી માછીમારે હિંસાનો ત્યાગ કર્યો.

આમ, ન્યાયોપાર્જિત દ્રવ્યના લાભ અને ગેરલાભની સંતાકૂકડી જોઈ રાજા પણ નીતિપૂર્વક ધન મેળવવા ઉદ્યમશીલ થયાં. ન્યાયોપાર્જિત ધનનું દાન જો કોઈ સુપાત્રને મળે તો પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરાવે છે.

**ઢંઢણ મુનિ** : (ઉપદેશમાલા, પૃ. ૧૨૮)

**ઢંઢણ કુમાર**નો જીવ પૂર્વભવમાં **મગધ દેશ**માં **ધનપુર** નામનાં નગરમાં **જિતશત્રુ રાજા**નો **પરાશર** નામનો સામંત હતો. તે ખેડૂતો પાસેથી કામ કરાવી તેનું વેતન આપતો હતો.

એકવાર ચોમાસાની ઋતુમાં રાજાએ રાજ્યની માલિકીનાં ખેતરોમાં ખેતી કરાવવાનું નક્કી કર્યું. ખેતી અંગેની તમામ વ્યવસ્થા સંભાળવાનો અધિકાર પરાશરને સોંપવામાં આવ્યો. ખેતમજૂરોને ભેગા કરી પરાશરે ખેતી શરૂ કરાવી. સૌ મજૂરોને રાજ્ય તરફથી ભોજન મળવાનું હતું. દરેક મજૂરો પોતાના પગાર મુજબનું નિયત કરેલું કામ કરતાં, એ પછી ભોજન માંગતાં. ત્યારે નિષ્ઠુર અને લોભી પરાશરે મજૂરો ઉપર જોહુકમી કરી કે, ''પહેલાં ખેતરોમાં છ - છ વાર દરેકે હળ ખેડી આપવા પડશે પછી જ ભોજન મળશે.'' વિવેકનો દીપક ઓલવાતાં પરાશરે મજૂરો પાસે બળાત્કારે ખેતરો ખેડાવ્યાં. એ પછી જ તેમને ભોજન આપ્યું. ભૂખ્યા - તરસ્યાં મજૂરો પાસે છ - છ વાર ખેતર ખેડાવ્યું એટલા સમય માટે એમણે અન્ન જળનો અંતરાય કર્યો. તેના કારણે ગાઢું અંતરાય કર્મ બંધાયું.

પરાશરનો આત્મા મૃત્યુ પામી ઘણાં ભવોમાં પરિભ્રમણ કરી **દ્વારિકા** નગરીમાં **શ્રી કૃષ્ણ વાસુદેવ**ને ઘેર **ઢંઢણા** નામની રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થઈ **ઢંઢણ કુમાર** નામે પ્રસિદ્ધ થયો.

યુવાન વયમાં **પ્રભુ અરિષ્ટનેમિ**ની દેશના સાંભળી દીક્ષા અંગીકાર કરી. દીક્ષા લીધા પછી પૂર્વનું અશુભકર્મ આળસ મરડીને બેઠું થયું. મુનિ નિત્ય દ્વારિકા નગરીમાં ભિક્ષા માટે ફરતાં. તેમને શુદ્ધ ભિક્ષા મળતી ન હતી અને સંયમ જીવનમાં અશુદ્ધ ભિક્ષા તેઓ ગ્રહણ કરતાં ન હતાં. નેમિનાથ પ્રભુએ કહ્યું, ''ઢંઢણ! તેં પૂર્વે પ્રબળ અંતરાય કર્મ બાંધ્યું છે. તે ઉદયમાં આવેલું હોવાથી તને શુદ્ધ આહાર મળતો નથી.'' ઢંઢણ મુનિએ મક્કમતાથી કહ્યું, ''પ્રભુ! જ્યારે મારું અલાભ અંતરાય કર્મ તૂટશે ત્યારે જ મારી લબ્ધિથી મળેલો શુદ્ધ આહાર હું ગ્રહણ કરીશ. એવી હું પ્રતિજ્ઞા કરું છું.''

એક દિવસ નેમિનાથ પ્રભુને વંદન કરવા શ્રી કૃષ્ણ આવ્યાં. તેમણે પૂછ્યું, ''ભગવન્! આપના અઢાર હજાર સાધુઓમાં દુષ્કર તપ કરનારા સાધુ કોણ છે?'' પ્રભુએ કહ્યું, ''સર્વ સાધુઓમાં વિશેષ દુષ્કર તપ કરનારા ઢંઢણ મુનિ છે.'' શ્રી કૃષ્ણએ પૂછયું, ''ભગવન્! કયા ગુણથી તે અનોખા છે?'' પ્રભુએ ઢંઢણ મુનિનો ચોટદાર અભિગ્રહ જણાવ્યો. શ્રી કૃષ્ણ અહોભાવથી છક થઈ ગયા. તેઓ ઢંઢણ મુનિનાં દર્શન કરવા ઈચ્છાતા હતા પરંતુ તે સમયે ઢંઢણ મુનિ ભિક્ષા માટે નગરમાં ગયાં હતાં. શ્રી કૃષ્ણએ દ્વારિકાની બજારમાં ઢંઢણ મુનિને સામેથી આવતાં જોયાં. શ્રી કૃષ્ણે હાથી પરથી નીચે ઉતરી વંદન કર્યાં. તે સમયે સોળ હજાર રાજાઓએ પણ મુનિને નમસ્કાર કર્યાં. આ દૃશ્ય બારીમાં બેઠેલા વણિકે જોયું. 'આ મુનિ મહાનુભવ લાગે છે.' એવું વિચારી વણિક ઢંઢણ મુનિને પોતાના ઘરે તેડી લાવી ભાવથી લાડુ વહોરાવ્યાં.

ઢંઢણ મુનિએ ગોચરી લાવી પ્રભુને દેખાડી. પ્રભુએ કહ્યું, ''ઢંઢણ! હજી તારું અંતરાય કર્મ ખપ્યું નથી. કૃષ્ણ વાસુદેવની લબ્ધિથી તને આ આહાર મળ્યો છે.'' પ્રભુના વચનો સાંભળી ઢંઢણ મુનિ નિરાશ ન થયા. ખેદ કે ઓરતા ન કરતાં આહારને શુદ્ધ ભૂમિમાં પરઠવા ગયાં. ત્યાં લાડવાનું ચૂર્ણ કરતાં ઢંઢણ મુનિએ સ્વદોષ દર્શન કરતાં શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે ઘાતી કર્મનો ચૂરો કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેઓ ઘણાં કાળ સુધી કેવળી પર્યાયમાં રહી શિવપદ પામ્યાં.

પ્રસ્તુત કથાનકમાં કર્મ વિચાર અને શુદ્ધ આચરણ (વિવેક) અગ્રસ્થાને છે. કરોળિયો સ્વયં જાળ બનાવે અને પોતે જ તેમાં ફસાય છે, એ જ રીતે આત્મા પોતે કર્મ કરી તેનું ફળ સ્વયં ભોગવે છે.

ઢંઢણ મુનિ જેવા મોટા દરજ્જાના સુપાત્રને દાન આપી વણિક તો ધન્ય જ બની ગયો. અરે! આ અન્નદાને સંતની ઉમદા ભાવનાને વધુ ક્રાન્તિકારી બનવાનું કૌવત જગાવી પૂર્ણ જ્ઞાનીનો પારસ સ્પર્શ કરાવ્યો.

**દશ પ્રકારના દાન** : (ાબંધ પંચશતી)

**કમલપુર** નગરમાં **ભીમ શ્રેષ્ઠી**એ ગુરુદેવને પૂછયું કે, '' હે ગુરુવર્ય! દાન કેટલા પ્રકારના છે?'' ગુરુએ કહ્યું, ''દાન દશ પ્રકારના છે.

**दय, संग्रह, भय, कारणिय, लज्जा, गारव, अधम्म, धम्मेय।**
**काहीइ कयमाणेणं, दाणमेयं भवे दसहा।।**

(૧) દયાથી રોગીને (૨) સંગ્રહથી ભિક્ષાચરોને (૩) ભયથી દુર્જનોને (૪) પુત્રાદિ વિયોગના કારણે (૫) લોકલજ્જાથી ભાટ-ચારણોને (૬) ગૌરવથી-વટ પાડવા માટે (૭) અધર્મથી હિંસા કરનારાઓને જીવદયા માટે (૮) ધર્મથી સાધુ વગેરે સંઘને (૯) પુણ્યાર્થે (૧૦) ઉપકારી પ્રત્યે પ્રત્યુપકારની ઈચ્છાથી. એમ દશ પ્રકારનાં દાન છે.

આ પ્રમાણે દશ પ્રકારે દાનનું સ્વરૂપ સાંભળી ભીમ શ્રેષ્ઠી દાન ધર્મમાં પ્રયુક્ત થયાં. તેથી તેમને સ્વર્ગનાં સુખો મળ્યાં. ક્રમે કરીને તે સર્વ કર્મથી મુક્ત બની મોક્ષે જશે.

દાન એટલે જીવનનો એવો ખૂણો છે, જે વાદળછાયા આકાશ (જીવન)ને મેઘધનુષમાં પલટી નાખે છે.

**દાનશીલ વિમલ શ્રેષ્ઠી** : (પ્રાકૃત વિજ્ઞાન કથાઓ. પૃ. ૭૭/૭૮)

એક મોટા નગરમાં ઘણાં શ્રીમંતો રહેતાં હતાં. **વિમલ** શેઠ તેમાંના એક હતાં. એમને ત્યાં લક્ષ્મીની છોળો ઉછળતી હતી. તેમના પરિવારમાં પ્રેમાળ સ્ત્રી અને વિનીત પુત્ર હતો.

શેઠ દાન આપવાના સ્વભાવવાળા હતા. 'પરલોકમાં એક પુણ્ય સિવાય કંઈ સાથે આવશે નહીં' એવું માની શેઠે એક મોટી દાનશાળા (અન્નસત્ર) ખોલી. તેમની દાનશાળામાં સેંકડો અભાવગ્રસ્ત વ્યક્તિઓ ભોજન કરતી હતી. વળી, કેટલાક લોકો લોટ આદિ ભોજન સામગ્રી મેળવી સ્વયં પોતાના હાથે રાંધતા હતા. આખા પંથકમાં શેઠની પ્રશંસા થવા લાગી. લોકો દાનનો લાભ લેવા ઉમટયા. લોકોની ભીડ જોઈ અને પોતાની તારીફના શબ્દો સાંભળી શેઠનું શેર લોહી ચડી જતું.

શેઠનો અનાજનો ધીકતો વ્યાપાર હતો. ગોદામમાં જૂનું સડેલું ધાન્ય પડી રહેલું હતું. તે જોઈ

શેઠજીને પુણ્ય કમાવવાનો અને પ્રશંસા સાંભળવાનો અભરખો જાગ્યો. તેમણે અભિભૂત થઈ અસંખ્ય ગરીબોને દાનમાં છૂટે હાથે જુવાર આપવા માંડી. પણ જુવાર હતી હલકી અને સડેલી! લક્ષ્મીની પ્રબળ મૂર્છા એકાદ સારું કામ પણ સારી રીતે ન થવા દે. દાનશાળા મોટી ખોલી પણ એમાં અપાતી હતી સડેલી જુવાર! ભોળા લોકો તેમને '**દાનવીર**'નું બિરુદ આપવા લાગ્યા. શેઠ દાન આપી ગૌરવ અનુભવવા લાગ્યા.

તે અરસામાં શેઠના મોટા પુત્રના લગ્ન થયા. સંસ્કારી અને ધર્મપરાયણ પુત્રવધૂ ઘેર આવી. તેણી વિનીતા, વિચક્ષણ અને ધર્મમર્મજ્ઞ હતી. તેણે થોડા સમયમાં જ ઘરનું સંચાલન વ્યવસ્થિત રીતે સંભાળી લીધું. તે પરિવારમાં પ્રિય બની ગઈ. તેણીએ એક દિવસ અન્નસત્ર (દાનશાળા)ની મુલાકાત લીધી. તેણીએ નિરીક્ષણ કરતાં જાણ્યું કે, 'સસરાજી તરફથી મોટી દાનશાળા ચાલે છે પરંતુ તેમાં અપાય છે સડેલી જુવાર!' આ વાત પુત્રવધૂને બહુધા ખટકી.

તેણીએ અન્નસત્રના પ્રબંધકને બોલાવી તેનું કારણ પૂછયું. ચિઠ્ઠીના ચાકર એવા પ્રબંધકે ધીમા સ્વરે કહ્યું, ''અમે શું કરીએ ? શેઠજી સ્વયં ગોદામમાંથી આવો જ માલ મોકલે છે.'' પુત્રવધૂનું હૃદય ચીરાઈ પડયું. તેના મનમાં ઘમાસાણ મચ્યું. 'સડેલી જુવારનું દાન, એ કોઈ દાન છે ? એમાં કેટલા જીવોનો સંહાર! દાન જેમ ઉદાર હાથે આપવાનું છે, તેમ શુદ્ધ અને ઉત્તમ વસ્તુનું આપવાનું છે. દાન ધનની મૂર્છા ઉતારવા આપવાનું છે. સસરાજી પાસે અઢળક ધન છે. ઉત્તમ વસ્તુનું દાન કેમ ન અપાય ?' પ્રતિષ્ઠાની ઘેલછાએ સસરાજીને કુબુદ્ધિ સૂઝી છે. તેમની વિચારધારાને બદલ્યા વિના હું જંપીને બેસીશ નહીં.

'સડેલી જુવાર બંધ કેમ કરાવવી ?' એનો વિચાર પુત્રવધૂને સતત આવ્યા કરતો. લાંબા મંથન પછી પુત્રવધૂએ એક ઉપાય શોધી કાઢયો. બીજે દિવસે તેણે રસોઈયાને બોલાવીને કહ્યું, ''આજે મોટા શેઠ માટે આપણી દાનશાળામાંથી ગરીબોને અપાતી જુવાર લાવી તેના રોટલા કરજે અને શેઠ જમવા આવે ત્યારે એ જ રોટલા પીરસજે.'' નવા શેઠાણીની વાત સાંભળી રસોઈયો ચમક્યો. 'ખાંડવા કે ભાલીયા ઘઉંની સુંવાળી અને ઘીથી તરબતર રોટલીને બદલે જુવારનો લૂખ્ખો સૂકો રોટલો પીરસું તો શેઠ ગુસ્સે જ થાય અને મને નોકરીમાંથી પાણીચુ આપે તેથી આ કામ આપણું નહીં.' એવું વિચારી રસોઈયાએ નવા શેઠાણીને કહ્યું, ''ભાભી! આવું કરતાં પહેલાં મને નોકરીમાંથી રૂખસદ મળશે, માટે આ કામ મને ન સોંપો.'' પુત્રવધૂએ કહ્યું, ''તું ગભરાઈશ નહીં. શેઠ કંઈ પૂછે તો મારું નામ દેજે. ગુસ્સે થાય તો કહેજે કે, ભાભીએ બનાવવાનું કહેલું.''

રસોઈયાને તો 'સૂડી વચ્ચે સોપારી' જેવું થયું. ઘરમાં ચલણ નવા શેઠાણીનું હતું એથી એમની આજ્ઞા પ્રમાણે વર્તવું જરૂરી હતું. એણે કમને પણ સાહસ કરી જુવારના રોટલા બનાવ્યા.

શેઠ દુકાનેથી બાર વાગ્યે જમવા આવ્યા. ભાણું માંડેલું તૈયાર હતું. શેઠ ભાણા પર બેઠાં. રસોઈયાએ જુવારનો રોટલો પીરસ્યો. એના દિલમાં ભયની આછી ધ્રૂજારી તો હતી જ. ત્યાં શેઠે ભાણામાં જોવો ન ગમે એવો જુવારનો રોટલો જોઈ ઉંચી નજર કરી. રસોઈયા સામે જોઈ શેઠે કહ્યું, ''શું ઘઉં ખૂટી ગયા છે ? તને રોટલા બનાવવાનું કોણે કહ્યું હતું ?'' શેઠનો પ્રકોપ જોઈ રસોઈયો ધ્રૂજી તો ગયો પણ હિંમતથી તેણે કહ્યું, ''શેઠ! આજે નવા શેઠાણીએ રોટલા બનાવવાનું કહેલું.'' રસોઈયાનો જવાબ સાંભળતા જ શેઠ થંડા પડયા. કારણકે પુત્રવધૂનું ઘરમાં માનભર્યું સ્થાન હતું. તે ઘરકામમાં ઘણી કુશળ હતી. ખાનદાન કુળમાંથી આવેલી હતી. વિનય-વિવેકથી તેણે બધાનાં દિલ જીત્યા હતાં. શેઠને ખાત્રી હતી કે, 'કારણ વિના પુત્રવધૂ આમ કરે નહીં.'

શેઠે પુત્રવધૂને બોલાવી કારણ પૂછ્યું. પુત્રવધૂએ મૃદુ વાણીમાં ધીમા સાદે વિનયપૂર્વક કહ્યું, ''પિતાજી! આજે ખાસ આપને માટે જુવારના રોટલા બનાવ્યા છે કારણ કે પરલોકમાં આપને એ જ ખાવા મળવાના છે. અહીં થોડી ટેવ પડી હોય તો ત્યાં મુશ્કેલી પડે નહીં.'' શેઠ વિચારમાં પડ્યા કે, 'શાણી અને સમજુ વહુ આ શું બોલે છે ?'

શેઠને વિચારમગ્ન જોઈને પુત્રવધૂએ ખુલાસો કર્યો કે, ''પિતાજી ! આપ મોટી દાનશાળા ચલાવો છો. આ સુકૃત્ય પણ પરલોકમાં સુખી થવા માટે જ આપ કરી રહ્યા છો. પણ એમાં સડેલી જુવારનું દાન આપો છો તેથી પરલોકમાં આપને એવું જ અન્ન મળશે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, 'જેવું વાવીએ તેવું ફળ મળે' અને લોકમાં પણ કહેવત છે કે, 'વાવે તેવું લણે' તેથી મને એમ થયું કે, પરલોકમાં આવું ભોજન જમવામાં ઘણી જ મુશ્કેલી પડશે, માટે અત્યારથી જ ટેવ પાડવા ખાતર આ રોટલા બનાવ્યા છે.'' કસ્તુરીની સુવાસ આપમેળે છતરાંય થઈ જાય, એમ પુત્રવધૂની જ્ઞાનની સુગંધ શેઠને છબી ગઈ.

શેઠ ચકોર હતાં. એમની શાણ ઠેકાણે આવી ગઈ. પુત્રવધૂની વાણીમાં નમ્રતા, નિપુણતા અને નક્કરતા હતી. આવી વાણીમાં જ પથ્થર હૈયાને પીગળાવી દેવાની તાકાત હોય છે. પુત્રવધૂએ સમયસૂચકતા વાપરી શેઠના પાટલા પરથી થાળી ઉપાડી લીધી અને ઘી નીતરતી સુંવાળી રોટલી પીરસેલી તૈયાર થાળી શેઠના ભાણા પર ગોઠવી દીધી તેમજ બીજી વાનગીઓ પીરસવી શરૂ કરી.

શેઠ જમીને ઉઠ્યા. તેમણે તરત જ દાનશાળામાં અપાતી સડેલી જુવાર બંધ કરાવી દીધી અને યાચકોને સારું અન્ન દેવાનું ચાલુ કરાવ્યું. સદ્બોધ આપવાની કેવી સુંદર કળા ! અને સત્ય સ્વીકારવાની શેઠની કેવી નમ્રતા !

માનવ માનવ સાથેના વ્યવહારમાં તો સભ્યતાના નાતે પણ દાનમાં પદાર્થ શુદ્ધિ આવશ્યક છે. જૈન શાસન પરિણામના વિશ્લેષણને આવકારે છે, અન્યથા અનુષ્ઠાનનું સમકક્ષ ફળ નષ્ટ જશે. જીવનનું સૌંદર્ય અમાપ હાથવગું કરવામાં નથી પરંતુ અપેક્ષા વિના વહેતું કરી દેવામાં છે.

દાન આપવાની વસ્તુ ગંદી, મેલી, તૂટેલી-ફૂટેલી અથવા જીર્ણ-શીર્ણ થયેલી હોય, કોઈના કામમાં ન આવે તેવી નકામી વસ્તુ આપવી એ નિંદનીય છે, દાનમાં કલંકરૂપ છે. '**કઠોપનિષદ**'માં તેના સંદર્ભમાં એક એવી જ [૧]**નચિકેતા**ની કથા છે.

---

૧. **નચિકેતા**ના પિતા **વાજિશ્રવા** ઋષિને એકવાર દાન આપવાનો વિચાર આવ્યો. તેમણે વિચાર્યું, 'આ વૃદ્ધા ગાયો જે ન તો દૂધ આપે છે, ન તો વાછડા-વાછડી પેદા કરી શકે છે, ન તો કોઈ કામમાં આવે છે; ઉલટું એના માટે ચારા-પાણીની વ્યવસ્થા કરવી પડે છે. આ ગાય ઋષિઓને દાનમાં આપું જેથી પુણ્યોપાર્જિત થાય અને તેને ચરાવવાની કે સંભાળવાની કળાકૂટમાંથી છૂટકારો મળે.' આવું વિચારી વાજિશ્રવાએ વૃદ્ધ ગાયો ઋષિઓને આપવા માંડી. બીચારા ઋષિ ફોગટમાં મળેલી ગાય શા માટે છોડે ? તેઓ પણ ગાયો લેવા માંડ્યા. નચિકેતા સમજદાર બાળક હતો. તેણે પિતાને વૃદ્ધ ગાય દાનમાં આપતાં જોઈ કહ્યું, ''પિતાજી ! આપ આ શું કરી રહ્યા છો ? આ વૃદ્ધ ગાયો શા માટે દાનમાં આપી રહ્યા છો ? દાન આપવું જ હોય તો દુધાળુ ગાયો દાનમાં આપો.'' આવું સાંભળી નચિકેતાના પિતા ક્રોધિત થયા. તેમણે નચિકેતાને ફટકારતાં કહ્યું, ''પુત્ર ! તને આવી વાતોમાં સમજ ન પડે. આ ગાયો આમે એક દિવસ મરી જવાની છે, એ પહેલાં જ હું દાનમાં આપી દઉં જેથી પુણ્યની કમાણી થાય અને તેમના પાલન-પોષણની ઝંઝટમાંથી મુક્તિ પણ મળે.'' નચિકેતાના ગળે આ વાત ન ઉતરી. તેણે હિંમત કેળવી કહ્યું, ''પિતાજી ! તમે મને કોને સોંપશો'' પિતાએ કહ્યું, ''તને હું યમને સોંપીશ.'' નચિકેતા પિતાની વાતથી જરાય નારાજ ન થયો. તે સીધો યમરાજના દ્વારે પહોંચ્યો. (આગળની કથા લાંબી છે અને તેનો કોઈ અહીં પ્રયોજન નથી.) સંક્ષેપમાં નચિકેતાના પિતા દ્વારા વૃદ્ધ ગાયોનું દાન વાસ્તવમાં તામસદાન છે કારણકે અનુપયોગી વસ્તુ લઈ બલા ટાળવાના ઈરાદાપૂર્વકનું હોવાથી દાનમાં અભિશાપરૂપ છે.

**દ્વિજ દંપતી** : (પ્રબંધ પંચશતી)

કોઈ એક નગરમાં એક વૃદ્ધ વેશ્યા રહેતી હતી. તેનો એક પુત્ર હતો. તેણીને એવો વિચાર આવ્યો કે, 'મેં પુત્રને જન્મ આપ્યો તે ખોટું થયું છે પરંતુ જો તેને મારી નાખું તો પણ પાપ લાગે.' પાપનાં પ્રાયશ્ચિત રૂપે વૃદ્ધા ગંગા નદીનાં કાંઠે મઠ બાંધીને રહેવા લાગી. અહીં રહી તે દાન-પુણ્ય દ્વારા સુકૃત્ય કરવા લાગી. નિત્ય બ્રાહ્મણના મુખે વેદ-પાઠ રૂપી જ્ઞાનના ઝરણાં સાંભળી યાચકોને તે દાન આપતી. ક્રમે કરીને **મુકુંદ** નામના બ્રાહ્મણે વેશ્યા પુત્રને હોંશિયાર અને બુદ્ધિમાન જાણી તેની સાથે પોતાની પુત્રીના વિવાહ કર્યા. પુત્ર અને પુત્રવધૂને ખભા ઉપર બેસાડી વૃદ્ધા પોતાની કથની ગીત દ્વારા વ્યક્ત કરતી નાચવા લાગી.

વેશ્યાના ગીત ઉપરથી મુકુંદ બ્રાહ્મણને ખ્યાલ આવ્યો કે, 'મારી પુત્રીને મેં વેશ્યાપુત્ર સાથે પરણાવી છે પરંતુ ખેદ કરવા જેવું કંઈ નથી કારણકે ઉત્તમ પુરુષો ક્યારેક નીચ કુળમાં પણ ઉત્પન્ન થાય છે.' મુકુંદ બ્રાહ્મણે આવું વિચારી મન ઉપશાંત કર્યું.

નીચ કુળમાં જન્મ થવા છતાં મઠવાસી વૃદ્ધાનો પુત્ર દાન-શીલાદિ સુકૃત્યો દ્વારા અશુભ કર્મોનો નાશ કરે છે. આમ, તે મઠવાસી પુત્ર સર્વ બ્રાહ્મણોમાં શ્રેષ્ઠ અને વેદ-વિદ્વાનોમાં શિરોમણિ થયો.

હલકા કુળનો માનવી પણ જો દાન-ધર્મમાં પ્રવૃત્ત થાય તો સર્વત્ર પૂજનીય બને છે.

**દુર્ગંધા** : (જૈનકથાયેં, ભા.૬૯ અથવા શત્રુંજય માહાત્મ્ય)

**પૃથુ** રાજાને **દુર્ગંધા** નામે પુત્રી હતી. હળવા થવા માટે યોગ્ય વયે તેના લગ્ન **સોમદેવ** નામના કોઈ વ્યક્તિ સાથે કર્યા. દુર્ગંધાના શરીરમાંથી ભયંકર ગંધ આવતી હતી તેથી સોમદેવ તેને પ્રથમ રાત્રિએ જ છોડીને ચાલ્યો ગયો. સોમદેવની જેમ અન્ય વ્યક્તિઓ પણ તેને છોડી ચાલ્યા ગયા. દુર્ગંધા અત્યંત ખિન્ન બની ગઈ. તેણે જીવતર ટૂંકાવવાનો વિચાર કર્યો. તે **રૈવતાચલ** પર્વત ઉપર ગઈ. ત્યાં તાપસોએ દુર્ગંધાને આપઘાત કરતાં વારી. તાપસોએ દુર્ગંધથી મુક્ત થવાનો ઉપાય બતાવ્યો. રૈવતાચલ પર્વતના ગજપદ કુંડના પાણીમાં સ્નાન કરવાથી તે સુગંધી બની ગઈ.

દુર્ગંધાને એક જ્ઞાની ભગવંતનો ભેટો થયો. તેણે મુનિને પોતાનો પૂર્વભવ પૂછ્યો. જ્ઞાની ભગવંતે ખુલાસો કરતાં કહ્યું, "હે વત્સે ! તું પૂર્વે **પદ્મપુરી** નગરીમાં **મુકુંદ** નામના બ્રાહ્મણની **પદ્મિની** નામે પ્રિયા હતી. તને તારા રૂપનું ભારે અભિમાન હતું. તું બીજાને તુચ્છ સમજતી હતી. એક વખત શ્વેતાંબર મુનિ ભિક્ષા માટે પધાર્યા. તેમને ભિક્ષા આપી પરંતુ તેમના દેહની દુર્ગંધ પ્રત્યે અણગમો કરી તેં તેમનો ઉપહાસ કરતાં કહ્યું હતું કે, 'તેઓ વનમાં રહે છે, સ્નાન કરતાં નથી. તેથી શ્વેત વસ્ત્રોને શરીરના મેલથી મલિન કરે છે.' તેમને મેલા-ઘેલા જોઈ તેં મુખ-નાક મરડ્યું. આવું કરતાં ભયંકર કર્મબંધ થયો. તું આલોચના કર્યા વિના મૃત્યુ પામી નરક, શ્વાન, ચંડાલ, ડુક્કરી થઈ ઘણાં ભવો સુધી ચારે ગતિઓમાં પરિભ્રમણ કરી મનુષ્ય ભવ પામી છે. તું આ ભવમાં દુર્ગંધ શરીરવાળી રાજપુત્રી થઈ."

પોતાના પૂર્વભવની અકળવાતો સાંભળી દુર્ગંધાએ ચતુર્વિધ સંઘની સેવા (કાયપુણ્ય) કરતાં થોડા જ ભવોમાં સંસારનો છેદ કર્યો.

**ધનદત્ત શેઠ** : (ઉપદેશ પ્રાસાદ, ભા.૨, પૃ.૨૭૩)

**ધનદત્ત** નામનો એક મિથ્યાત્વી શ્રેષ્ઠી હતો. તે અવિવેકી હોવાથી પાત્રાપાત્રની વિચારણા કર્યા વિના જે બ્રાહ્મણ હોય તેને દાન આપતો, જ્ઞાતિજમણ કરતો. તેણે કન્યાદાન, ગૌદાન, ભૂમિદાનમાં લાખો રૂપિયા ખર્ચી નાંખ્યાં. તેનામાં ધર્મની ઘેલછા હતી તેવી જ કામુકવૃત્તિ પણ હતી. જેના કારણે પુષ્કળ ધનનો વ્યય થયો. તેણે આવક અને જાવકમાં હિસાબ ન રાખ્યો, તેથી થોડા સમયમાં નિર્ધન થયો. હવે નગરમાં લોકો નિર્ધનને હડધૂત કરતાં, મેણા-ટોણા મારતાં. છેવટે કંટાળીને તે પોતે કરેલો ધર્મ વેચવા નીકળ્યો. પરદેશ જતા તેણે ભાતામાં સાથવો લીધો ને આગળ વધ્યો.

કોઈ ઉપવન આવ્યું ત્યારે તે સાથવાના લાડુ બનાવી જમવા બેઠો. સદ્‌નસીબે ત્યાં માસક્ષમણની ઉગ્ર તપસ્યા કરનારા તપસ્વી મુનિ આવી ચડયા. મુનિના તપોબળથી તે સ્થાનની વનદેવી પણ પ્રસન્ન થઈ મુનિની ઘણી ભક્તિ કરતી હતી. તપસ્વીને જોઈ ધનદત્તને અપૂર્વ ઉલ્લાસ જાગ્યો. તેણે મુનિને લાડવા વહોરાવ્યા.

આગળ જતાં નગરમાં કોઈ સગાને ઘરે ગયો. ત્યાં જઈ તપસ્વી મુનિના લાભની વાત તેણે જણાવી. આ ઉપરાંત દરિદ્રાવસ્થાને લીધે પૂર્વે કરેલા દાન-પુણ્યને વેચવા આવ્યો છું; એ મૂળ મુદાની વાત સગાને જણાવી. તે શેઠે કહ્યું, ''ભાઈ! તમારી વાત સાચી છે પરંતુ મુનિને જે દાન આપ્યું એ જ સાચું દાન છે, એવું પૂર્વજોના બોધથી હું જાણું છું તેથી મુનિ દર્શન અને સુપાત્ર દાનનું ફળ મને આપો તો તમે કહો તેટલું ધન આપવા તૈયાર છું.'' ધનદત્ત પળવાર નિરૂત્તર રહ્યો. એ ત્યાંથી પાછો ફર્યો.

ધનદત્તના મનમાં મંથન શરૂ થયું. મુનિનું તેજ નજરમાં રમી રહ્યું. 'એ સાધુ કેવા પ્રશાંત હતા. તેમના દર્શન માત્રથી મને અપાર શાંતિ અને અદ્‌ભુત આનંદ ઉત્પન્ન થયો છે. તેવો આનંદ મેં કદી પૂર્વે મારા જીવનમાં અનુભવ્યો નથી. એવા અપૂર્વ દાનનું ફળ કેમ વેચાય ? ' માર્ગમાં જતાં જ્યાં મુનિને લાડુ વહોરાવ્યા હતા તે સ્થાન પહોંચ્યો. પુનઃ પૂર્વની સ્થિતિનું સ્મરણ થતાં તાજુબીમાં તરબોળ થયો. તે જગ્યાએ ઉંબરાના સુંદર ફળો પડયાં હતાં. 'ઘરે કંઈક લઈ જવું જોઈએ,' એમ ધારી ફળોની પોટલી બાંધી. વનદેવી સુપાત્રદાનની ભક્તિથી ધનદત્ત પર પ્રસન્ન થઈ. દેવીએ ઉંબરાના ફળને સોનામાં પરિવર્તિત કરી દીધાં. ઘરે જઈ ધનદત્તે પોટલી ખોલી. તેના આશ્ચર્યની કોઈ સીમા ન રહી. ત્યાગી મુનિરાજના સંપર્કમાં આવતાં તે પરમ શ્રાવક બન્યો. હવે આવક પ્રમાણે ખર્ચ કરવાથી તે સુખી થયો.

પ્રસ્તુત કથાનક પરથી તારણ કરી શકાય કે, શ્રાવકે વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી પોતાની આવકનો એક ભાગ ભંડારમાં, એક ભાગ વેપારમાં, એક ભાગ ધાર્મિક કાર્યો (દાન)માં અને એક ભાગ જીવનાવશ્યક ખર્ચ માટે વાપરવો જોઈએ.

**ધનપાળ કવિ** : (પ્રબંધ પંચશતી, ક.૫૧૯)

**અવંતિ** નગરીમાં **લક્ષ્મીધર** નામનો બ્રાહ્મણ હતો. તેને બે પુત્રો થયા. પ્રથમનું નામ **ધનપાળ** અને બીજાનું નામ **શોભન** હતું. એક વખત તેના ઘરે નિધાન ભંડારેલ હતું. તેની તપાસ ઘણી કરવા છતાં ન મળ્યું. ત્યારે તેણે તે નિધાનની હકીકત ગુરુદેવ પાસે જણાવી અને કહ્યું જો નિધિ મળશે, તો હું એક છોકરાને આપની પાસે દીક્ષા અપાવીશ, ત્યારે ગુરુએ નિધાન બતાવ્યું. ત્યાર બાદ શોભનને દીક્ષા આપી. શોભન ચારિત્રની

આરાધના સાથે જ્ઞાનાભ્યાસમાં આગળ વધતાં વિદ્વાન થયા.

અનુક્રમે પિતામરણ પામ્યે છતે ધનપાળ પાંચસો પંડિતોમાં અગ્રેસર થયો. પોતાના ભાઈની જૈનધર્મની દીક્ષા સાંભળી, તે સાધુઓ પ્રત્યે દ્વેષી બન્યો. અને મિથ્યાત્વથી મોહિત થયેલ તે સાધુઓનો પરાભવ કરવા લાગ્યો તેથી સાધુઓ અવંતિ નગરીમાં જતા ન હતા.

આ બાજુ એક નગરમાં ગુરુમહારાજ પધાર્યા. તે વખતે તેઓ યાત્રા કરવા યોગ્ય તીર્થોનું સ્મરણ સાધુઓને કરાવે છે. તે તીર્થોની યાદીમાં અવંતિનું નામ ન આવ્યું ત્યારે શોભન મુનિ બોલ્યા, ''હે ભગવન્! અવંતિનું નામ કેમ ન આવ્યું ?'' ગુરુએ કહ્યું, ''તારો ભાઈ દુષ્ટ છે. તે સાધુઓનો પરાભવ કરે છે.'' તેથી શોભન મુનિ ગુરુની આજ્ઞા લઈ પોતાના ભાઈને પ્રતિબોધવા માટે અવંતિ નગરી તરફ ચાલ્યા.

જ્યારે તેઓ અવંતિ નગરીના દરવાજે પહોંચ્યા ત્યારે તેમનો ભાઈ ધનપાળ સામે મળ્યો. ધનપાળે મશ્કરીમાં તેમને કહ્યું, ''ગધેડા જેવા દાંતવાળા હે ભગવન્! તમને નમસ્કાર હો.'' કારણકે શોભન મુનિના બે દાંત બહાર હતા. ત્યારે શોભન મુનિએ પણ ધનપાળનું મુખ કાળું હતું તેથી કહ્યું કે, ''હે વાંદરા જેવા મુખવાળા! તને સુખશાતા છે ને ?''

તેમની ચાતુરી જાણી ધનપાળ બોલ્યો, ''કોના મહેમાન છો ?'' સાધુએ કહ્યું, ''તમારા જ.'' તેથી ધનપાળે તેમને પોતાના ઘરે જ ઉતાર્યા અને તેમની સાથે વાર્તાલાપ કર્યો. મુનિના વચનથી ખુશ થયેલ તે બોલ્યો, ''હે મુનિ! તમારો સંસારી વર્ગ ક્યાં છે ?'' સાધુએ કહ્યું, ''અહીં જ છે.'' તેથી ધનપાળે તેમને ભાઈ તરીકે ઓળખી લીધા. પછી તે મુનિને પોતાના રસોઈ ઘરમાં વહોરવા લઈ ગયો અને લાડુઓ વહોરાવવા લાગ્યો. સાધુએ અકસ્માત મરેલી માખીઓ જોઈ કહ્યું, ''આ લાડવા અમારે કલ્પાત નથી.'' ધનપાળે કહ્યું, ''શું એમાં ઝેર છે ?'' તેમણે કહ્યું, ''હા, તેમાં ઝેર રહેલું છે.'' ધનપાળે પરંપરાથી શત્રુએ લાડવામાં નાંખેલ ઝેર જાણ્યું તેથી તેણે દહીં આણ્યું. સાધુએ તેને પૂછ્યું, ''કેટલા દિવસનું છે ?'' પંડિતે કહ્યું, ''ત્રણ દિવસનું છે.'' સાધુએ કહ્યું, ''આ પણ કલ્પતું નથી.'' પંડિતે પૂછ્યું, ''શું તેમાં પણ જીવડાઓ છે ? સાધુએ અલતો નાંખવા દ્વારા સફેદ સૂક્ષ્મ જીવો દહીંમાં તરતા બતાવ્યા. ત્યાર બાદ પંડિતે સાધુને જે પ્રાસુક આહાર હતો તે વહોરાવ્યો.

પંડિત વિચારવા લાગ્યો, 'મેં ઘણા ગ્રંથો ભણ્યા પરંતુ જીવો કેવી રીતે ઉત્પન્ન થાય છે તે ન જાણ્યું પરંતુ આ જૈન સાધુ સર્વ જાણે છે.' તેથી ધનપાળ પંડિતે સમ્યક્ત્વને ગ્રહણ કરી શ્રાવકધર્મ સ્વીકાર્યો. ત્યારબાદ શોભન મુનિની પાસે શોભનમુનિએ બનાવેલ શોભનસ્તુતિ વિગેરે ગ્રંથો તેમજ બીજા પણ સિદ્ધાંત વિગેરેના આધારે બનાવેલ ગ્રંથો ધનપાળ પંડિત ભણ્યો. ધનપાળ પંડિતે પણ જૈનધર્મનું સ્વરૂપ જાણી **'जय जंतुकप्पपायव'** ઈત્યાદિ ગ્રંથો બનાવ્યા.

સુપાત્રના માધ્યમે ધનપાળ પંડિત પ્રતિબોધ પામી શ્રાવક બન્યા.

**ધન શ્રેષ્ઠી - શ્રીમતી** : (વિક્રમ ચરિત્ર ભા.૧, પૃ.૧૧)

સુરમ્ય **લક્ષ્મીપુર** નગરમાં **ધન** નામના શ્રેષ્ઠીની **શ્રીમતી** નામની પત્ની હતી. તેણે સુસ્વપ્ન સૂચિત એક પુત્રીને જન્મ આપ્યો. આ પુત્રીનું નામ **સુકર્મા** રાખ્યું. ધનશ્રેષ્ઠીએ વ્યાપારાદિ દ્વારા ઘણું ધન એકઠું કર્યું હતું. ધનવાન હોવા છતાં કૃપણતાના કારણે પુણ્યથી વંચિત રહેતા. મહાપાપના ઉદયે પોતાના શરીર માટે થોડું પણ ધન ખર્ચતા ન હતાં. પૌષ્ટિક ખાવા-પીવાનું પણ ન લેતા. તેઓ ઘી-તેલ વિનાનું લૂખ્ખું ભોજન કરતાં.

કુટુંબીજનોને સારા વસ્ત્રો પહેરવા ન આપતાં, જિર્ણ અને મેલાં વસ્ત્રો આપતાં.

એક વખત શ્રીમતીએ કહ્યું, ''સ્વામી! દીન-દુ:ખીના ઉદ્ધાર માટે પુણ્ય કાર્ય કરો. ધર્મ કાર્યમાં ચંચળ લક્ષ્મીનો ઉપયોગ કરી માનવ ભવ સફળ બનાવો કારણકે નરકમાં જવાવાળા લોકો ધનનો સંચય કરી પૃથ્વીમાં દાટે છે જ્યારે સ્વર્ગમાં જવાવાળા દેવ-ગુરુની ભક્તિમાં લક્ષ્મીનો સદ્‌વ્યય કરે છે. દાન આપવાથી લક્ષ્મી ઘટતી નથી. કૂવામાંથી પાણી કાઢવા છતાં તેનું પાણી કદી ખાલી થતું નથી ઉલટું વધે છે. ઉદ્યાનમાંથી ફળ-ફૂલ લેવાથી પુન: નવા ઉગે છે. ગાયને દોહવાથી તેનું દૂધ વધે છે, તેમ શુભ કાર્યમાં ધનનો વ્યય કરવાથી લક્ષ્મી સદા વૃદ્ધિ પામે છે. સમુદ્રમાં પુષ્કળ પાણી છે પરંતુ ખારું હોવાથી ઉપયોગમાં લેવાતું નથી. એના કરતાં નાનો કૂવો કે વીરડો ઉત્તમ છે, જ્યાં લોકો ધરાઈને પાણી પીવે છે.''

પત્નીનાં અમૃત જેવા વચનો લોભી ધન શ્રેષ્ઠીને ક્રોધાવેશમાં પરિણમ્યા. તે પત્ની સમક્ષ લાકડી ઉગામી મારવા દોડયો. ભયભીત થયેલી પત્ની પિતૃગૃહે ચાલી ગઈ. ત્યાં કેટલોક સમય રહી. ધન વણિકને પત્ની વિના ઘરકામ-ભોજન ઈત્યાદિમાં આપદા પડવા લાગી તેથી તે શ્વસુરગૃહે આવ્યો. મહાધૂર્ત ધન શેઠ મીઠાં વચનો બોલી, ફોસલાવી પત્નીને સન્માનપૂર્વક ઘરે લાવ્યો.

એકદા શ્રીમતી પોતાની સખીઓ સાથે ગુરુ દર્શન કરવા ગઈ. ત્યાં તેણે એક પૈસો ભંડારામાં નાંખ્યો. આ જાણી ધન શ્રેષ્ઠી બેહોશ થઈ જમીન પર ઢળી પડયો. શીતોપચાર કર્યા ત્યારે તે સ્વસ્થ બન્યો. તેણે દાંત પીસી પત્નીને અતિ કઠોર વચનો કહ્યાં. ''અરે પાપિણી! તું આ પ્રમાણે જો ધનનો દુરુપયોગ કરતી રહીશ તો થોડા દિવસોમાં હું દરિદ્રી થઈ જઈશ. મેં પૂર્વે પણ કહેલું હતું, તે તું ભૂલી ગઈ લાગે છે. ગડદાપાટુ અને લાકડીના માર વડે તને ફરી યાદ કરાવું ?'' શ્રીમતી સમસમીને બેસી ગઈ.

એક દિવસ પુત્ર સુકર્માએ જિનપૂજામાં એક પૈસો ખર્ચ્યો. આ સાંભળી ધન શ્રેષ્ઠીના હોંશકોશ ઉડી ગયાં. તે પુન: મૂર્છિત થયો. શીતોપચાર કરતાં સચેતન થયો ત્યારે પુત્રને વઢી નાંખ્યો. પિતાની કૃપણતાની તાસીરથી પરિચિત પુત્રે છૂપી રીતે ધર્માદિ કાર્યોમાં ઘણી સંપત્તિ વાપરી.

એકદા શ્રીમતીએ ગુરુ મુખેથી સંત દર્શનનું મહાન ફળ જાણ્યું. તેથી તેણીને દર્શનયાત્રાએ જવાની અભિલાષા જાગી. શ્રીમતીએ પતિને પ્રાર્થના કરી કે, ''સ્વામિન્! ઘણાં લોકો દર્શનયાત્રામાં જોડાયા છે. જો આપની આજ્ઞા હોય તો હું પણ જવાની તૈયારી કરું.'' આ સાંભળી ધન શ્રેષ્ઠી ઉકળી ઉઠયો. ''ખબરદાર છે, જો ખર્ચની વાત કરી છે તો! તું મને ભૂલી ગયેલી વાતો યાદ કરાવી શૂળની જેમ વીંધે છે ?''

પતિના લોભી સ્વભાવથી કંટાળેલી શ્રીમતી રજા ન મળતાં એક રાત્રિએ ચૂપચાપ ઘરમાંથી નીકળી સંઘ સાથે દર્શનયાત્રા કરવા ચાલી ગઈ. તેણીએ શુભ ભાવથી દર્શનયાત્રા કરી. તે પ્રસન્નતાપૂર્વક ઘરે પાછી આવી ત્યારે કૃપણ શ્રેષ્ઠીની આંખો રાતીચોળ થઈ ગઈ. તેણે કહ્યું, ''અરે અધમ સ્ત્રી! તેં ઘણું ધન વેડફ્યું છે. તેનું ફળ હમણાં જ તને ચખાડું છું. આમ કહી નિર્દયી બની લાકડાના દંડ વડે પત્નીને ધીબવા લાગ્યો. અસહ્ય મારથી શ્રીમતી ત્યાંને ત્યાં જ મૃત્યુ પામી. દર્શનયાત્રાના શુભ ધ્યાનથી મૃત્યુ પામી તેણી **ચંપાપુરીમાં મધુ** રાજાની **પદ્માવતી** નામની રાજકુમારી થઈ.

ધનશ્રેષ્ઠી જેવા ધન ચાહકો આ દુનિયામાંથી વિદાય લે છે ત્યારે સંગ્રહખોર વલણથી ખાલીહાથે જાય છે તેથી તેમની કોઈ નોંધ લેતું નથી. જ્યારે શ્રીમતીએ દાનના પ્રભાવે ક્ષત્રિયકુળ મેળવ્યું.

**ધનિક** : (દાનનું સ્વરૂપ, જૈન ધર્મમાં દાન)

એક નગરમાં એક શ્રીમંત રહેતો હતો. તેણે પોતાની પુંજી ત્રણ કોઠારમાં ભરી ભોંયરામાં મૂકી દીધી. એક કોઠારમાં સુવર્ણ, બીજામાં ચાંદી અને ત્રીજામાં તાંબાના સિક્કા હતા. યોગાનુયોગ એકવાર વિદેશીઓનું આક્રમણ થયું. વિદેશીઓ દેશ પર કબ્જો કરશે એવું જાણી ધનિકે દેશ છોડી ભાગી જવાનો નિશ્ચય કર્યો. તેણે ધનના કોઠાર ઉપર મીણના થર ચોપડી ભોંયરામાં મૂકી દીધાં. તે ભોંયરાને તાળું લગાવ્યા વિના જ ખુલ્લું મૂકી સપરિવાર દેશ છોડી ચાલ્યો ગયો.

શત્રુ સૈન્યએ દેશ પર વિજયનો વાવટો ફરકાવ્યો. સેનાપતિને ધનિકના ઘરમાંથી ત્રણ કોઠાર હાથવગા થયા. સેનાપતિએ તે પોતાના કબ્જામાં લીધા. તેણે સૈનિકોને સૂચન કર્યું કે, 'આ મીણથી ભરેલા કોઠાર છે, એટલે તેનો માલિક છોડીને ચાલ્યો ગયો છે. આ કોઠારો કોઈને યોગ્ય દામ આપી વેચી નાખો.' ઘણા સમય સુધી આ કોઠારો પડી રહ્યા. તેને ખરીદનાર કોઈ મળ્યો નહીં.

અંતે એક ગરીબે મીણના કોઠાર જોઈ કહ્યું, "જો સસ્તામાં આપો તો હું ખરીદવા તૈયાર છું કારણકે હું મીણબત્તી બનાવી મારું ગુજરાન ચલાવું છું." બલા ટાળવા ગરીબે જેટલા પૈસા આપ્યા એનાથી સૈનિકોએ સંતોષ અનુભવી, ગજવામાં મૂક્યા અને કહ્યું, "ભાઈ! જેમ બને તેમ જલ્દી આ કોઠારો અહીંથી લઈ જાવ. તેનો ચોકીપહેરો કરતાં અમે થાકી ગયા છીએ." મીણબત્તીવાળાએ ત્રણે કોઠારો ઉપાડી ઘરભેગા કર્યા.

મીણબત્તી બનાવવા મીણની જરૂર પડતાં ગરીબે એક કોઠારમાંથી મીણ કાઢવાનો પ્રયત્ન કર્યો. ત્યારે તેને મીણને બદલે કઠોર વસ્તુનો સ્પર્શ થયો. તેણે હાથમાં લઈ જોયું તો સોનાના સિક્કાઓ હતા. તેની આંખો ચકળચકળ થઈ. તે ગરીબે બીજા અને ત્રીજા કોઠારની મીણ દૂર કરી. તેમાંથી ચાંદી અને તાંબાના સિક્કાઓ નીકળ્યાં. તેણે ત્રણે કોઠારો સુરક્ષિત જગ્યાએ મૂકી તાળું મારી દીધું. યદ્યપિ તેને ગરીબીનો હાવ ન હતો, તો અમીરીનો છલકાવ કે દેખાડો કરવાની તમન્ના પણ ન હતી. તે આરામથી જીવન પસાર કરવા લાગ્યો. સમય સરકતો ગયો પરંતુ તેનો ખજાનો ખાલી ન થયો.

એકવાર પોતાના ભાઈબંધ દરજી પાસે તેણે કપડા સિવડાવ્યાં. તેણે સિલાઈના પૈસા રૂપે મુઠ્ઠીભરીને સોનાના સિક્કાઓ આપ્યાં. દરજી આ જોઈ વિસ્મય પામ્યો. તેણે કહ્યું, "હું આટલા પૈસા નહીં લઉં. મને મારા મહેનતાણાના પૈસા જ આપો." મીણબત્તીવાળાએ બનાવટ ન કરતાં ભોળા ભાવે કહ્યું, "મારી પાસે સોનાનો કોઠાર ભરેલો છે, હું એ બધાનું શું કરીશ? તું પણ ક્યાં શ્રીમંત છે! માટે રાખી લે." દરજીને વિશ્વાસ ન બેઠો. તેણે ઉલટતપાસ કરતાં પૂછ્યું, "ભાઈ! તમારી પાસે આટલું સોનું ક્યાંથી આવ્યું?" મીણબત્તીવાળાએ કથાનું રહસ્ય ખોલતાં કહ્યું, "મારી સાથે ચાલ. તારી સગી આંખે તું જો."

મીણબત્તીવાળો પોતાના ભાઈબંધ દરજીને લઈ ઘરે આવ્યો. સોના, ચાંદી અને તાંબાના ભરેલા કોઠાર બતાવ્યા. અંતે કહ્યું, "મિત્ર! હું આટલી સંપત્તિનું શું કરીશ? એમ કર, તું પણ અડધી સંપત્તિ લઈ લે." સંતોષી દરજીએ બે મુઠ્ઠી ભરી સોનામહોર લેતાં કહ્યું, "મને આટલી જ આવશ્યક્તા છે. આટલી સંપત્તિથી મારી આખી જીંદગી સુખેથી પસાર થઈ જશે. હું તને એક સલાહ આપું છું તે સાંભળ. આટલું ધન તું હજાર વર્ષમાં ખર્ચી શકીશ નહીં માત્ર જોઈ જોઈને ખુશ થવા કરતાં તેને ચુપચાપ (ગુપ્ત રીતે) ગરીબોમાં વહેંચી દે, જેથી તેઓ આ ધનનો ફાયદો લઈ શકે. વળી, ધનનો સદુપયોગ પણ થશે."

મીણબત્તીવાળાને દરજીની આ સલાહ ગળા નીચે ઉતરી ગઈ. દરજીના તર્કમાં દમ હતો. તેણે તેની

પીઠ થાબડી. મીણબત્તીવાળાએ દરજીની સલાહ અપનાવી લીધી. તેણે સઘળી સંપત્તિ ગરીબોને દાનમાં આપી દીધી. તે પોતાની કમાણી દ્વારા સુખેથી જીવન જીવવા લાગ્યો.

આખી ઘટનાની ફલશ્રુતિ એ છે કે, કોરું દાન અને ત્યાગયુક્ત દાનની પ્રક્રિયામાં સ્પષ્ટપણે અંતર છે. પ્રથમ મીણબત્તીવાળાએ પોતાની પાસે અધિક રાખી થોડું પોતાના મિત્ર દરજીને આપ્યું. તેમાં દાનની મરજી ન હતી પરંતુ ધનને સગેવગે કરવાની ચિંતાના કારણે મિત્રને કંઈક આપવાનો આશય હતો. જ્યારે બીજી પ્રક્રિયામાં મિત્રની સલાહથી સઘળું ધન છૂટા હાથે ગરીબોમાં વહેંચી દીધું. આ સમયે ધન પરથી સ્વામિત્વ, મમત્વ, અહંકાર છોડી ચુપચાપ ગરીબોને આપ્યું અને સ્વયં પરિશ્રમ પર નિર્વાહ કરી જિંદગીનો આનંદ લૂંટવા લાગ્યો. આમ, બીજી પ્રક્રિયા જ ત્યાગયુક્ત પ્રમાણિક પ્રયત્ન હોવાથી દાનની કોટિમાં બેસી શકે છે.

**ધન્ય વણિક** : (પાર્શ્વનાથ ચરિત્ર)

**પ્રતિષ્ઠાનપુર**માં **નંદક** અને **ભદ્રક** નામના બે વણિકો રહેતાં હતાં. બન્નેની દુકાન હતી. ભદ્રક સવારે ઉઠીને દુકાને જતો, નંદક સવારે ઉઠી જિનદર્શન કરતો. ભદ્રક વિચારતો કે, 'નંદકને ધન્ય છે, સવારે ઉઠીને પ્રથમ પ્રભુ દર્શન કરે છે. જ્યારે હું ધન મેળવવામાં આસક્ત છું તેથી પામર જનોના મુખને જોઉં છું.' ભદ્રક શુભ ભાવથી અશુભ કર્મો ખસેડી રહ્યો હતો અને અનુમોદના કરી નવું પુણ્ય ઉપાર્જન કરી રહ્યો હતો.

જૈન ધર્મી હોવા છતાં નંદકની એવી માન્યતા હતી કે, 'મેં નિયમ લીધો છે તેથી મારે જિનપૂજા કરવા પરાણે જવું પડે છે. દેવદર્શનનું શુભ ફળ મળવું તો દૂર રહ્યું પરંતુ જિનપૂજા કરવાથી વેપારમાં ખોટીપો થાય છે.' આવા કુવિકલ્પોથી તે દેવદર્શન કરવા છતાં પોતાનું પુણ્ય ધન હારીને મૃત્યુ પામી વ્યંતર થયો. જ્યારે ભદ્રક ભલો હતો, એ જિનપૂજાની અનુમોદના કરી **સૌધર્મ** દેવલોકમાં ગયો.

આ જ નગરમાં **ધન્ય** નામનો વણિક પણ રહેતો હતો. તે વ્યાપાર માટે દુકાને બેઠો હતો. તે હંમેશાં મુનિને ઘીનું દાન આપતો હતો. કોઈ તપસ્વી અણગાર ભિક્ષા લેવા નીકળ્યા. ધન્ય વણિકે ભિક્ષા માટે ફરતાં મુનિને બોલાવી તેમના પાત્રમાં અખંડ ધારાએ ઘી વહોરાવ્યું. ઘી વહોરાવતાં ઉચ્ચ ગતિનું આયુષ્ય ઉપાર્જન કર્યું. ત્યાં તેના મનમાં એવો નિકૃષ્ટ વિચાર આવ્યો કે, 'આટલું ઘી એકાકી મુનિ શું કરશે ? તેઓ ઘી લેતાં અટકતા નથી.' મનના ટપોટપ પડતા હીયમાન પરિણામને જાણનારા જ્ઞાની મુનિએ કહ્યું, 'હે મુગ્ધ ! તું ઉચ્ચ ગતિ બાંધતાં નીચે ન પડ.'' તે બોલ્યો, ''આવું અસંબદ્ધ કેમ બોલો છો ?'' મુનિએ કહ્યું, ''જો તારા શુભ ભાવ પ્રવર્ધમાન હોત તો તું ઉચ્ચગતિનું આયુષ્ય બાંધત. કુવિકલ્પ કરવાથી તું અધોગતિ તરફ સરક્યો છે.'' વણિકે કહ્યું, ''હું ફરીથી ઘી વહોરાવું ?'' મુનિએ કહ્યું, ''લોભથી ફરી તેવા ભાવો નહીં ઉંચકાય.''

અનુક્રમે મૃત્યુ પામી ધન્ય વણિક આઠમા દેવલોકમાં દેવતા થયો. ત્યાંથી ચ્યવી મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરી. ત્યાં વિકલ્પરહિત સુપાત્રદાન આપવાથી તે મુક્તિધામે પહોંચ્યો.

દાનની પૂર્ણતાને બુદ્ધત્વ લાભનું એક મુખ્ય કારણ માનવામાં આવ્યું છે.

**ધર્મઘોષ મુનિ** : (આરાધના કોશ ૩, પૃ.૩૦૭)

એક દિવસ **ચંપાપુરી**માં માસખમણના તપસ્વી ધર્મમૂર્તિ **શ્રી ધર્મઘોષ મુનિ** કોઈ મહોલ્લમાં પારણું કરી તપોવન તરફ જઈ રહ્યા હતા. તેઓ માર્ગ ભૂલ્યા. ઘણું ચાલ્યા તેથી અધિક પરિશ્રમ થતાં થકાવટને કારણે

તેમને પાણીની તૃષા લાગી. તેઓ **ગંગા નદી**ના કિનારે એક ઘટાદાર વૃક્ષની છાયામાં બેસી ગયા. તેમને તૃષાથી વ્યાકુળ જોઈ **ગંગા દેવી** પવિત્ર, ઠંડા જળનો લોટો લઈ તેમની પાસે આવી બોલી, ''યોગીરાજ ! હું આપના માટે અચેત ઠંડુ પાણી લાવી છું. આપ પાણી પીને તૃષા શાંત કરો.'' મુનિએ કહ્યું, ''દેવી ! તમે તમારું કર્તવ્ય અદા કર્યું છે. તે ઉચિત છે પરંતુ અમે દેવ પ્રદત્ત આહાર-પાણી ગ્રહણ ન કરી શકીએ, એવો અમારો આચાર છે.'' આ સાંભળી દેવી આશ્ચર્યચકિત થઈ ગઈ. દેવી તે જ સમયે તેનું કારણ જાણવા **મહાવિદેહ ક્ષેત્ર**માં ગઈ. ત્યાં સર્વજ્ઞ ભગવાનને નમસ્કાર કરી તેણે પૂછ્યું, ''ભગવન્! એક તૃષાતુર મુનિને પાણી પીવડાવવા ગઈ પરંતુ તેમણે મારા હાથનું પાણી ગ્રહણ ન કર્યું, તેનું શું કારણ છે ?'' ભગવાને કહ્યું, ''દેવીનો દીધેલો આહાર મુનિ ગ્રહણ ન કરી શકે.'' ભગવાનનો ઉત્તર સાંભળી દેવી નિરુપાય બની. તેના મનમાં અદ્‌ભુત વિચાર પ્રગટયો. તેણે મુનિને દૈહિક શાતા પહોંચાડવા ચારે બાજુ સુગંધિત અને શીતલ વાતાવરણ નિર્માણ કર્યું. વળી, અચેત જળની વર્ષા શરૂ કરી તેથી મુનિને અપાર શાંતિ મળી.

ત્યારપછી મુનિને શુક્લધ્યાન દ્વારા ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ત્યારે કેવળ મહોત્સવ ઉજવવા સ્વર્ગના દેવો ત્યાં આવ્યા. અનેક જીવોની ધર્મી બનાવી અંતે તેઓ નિર્વાણ પધાર્યા.

ઉદાત્તમના ગંગા દેવીએ ચમત્કારિક, ઠંડકમય વાતાવરણનું આયોજન કરી નિષ્પ્રાણ તપસ્વી મુનિરાજને શાતા પહોંચાડી માનવતાનું મધુર કાર્ય કર્યું છે.

**નંદા** : (આરાધના કથા કોષ ૩, પૃ.૩૦૭)

**બનારસ**ના રાજા **મેઘધ્વજ** પ્રજાવત્સલ અને બુદ્ધિમાન હતા. તેમની **વસુમતી** નામની સુંદર રાણી હતી. તે રાજાને અતિશય પ્રિય હતી.

ગંગા તટ પર **પલાસ** નામનું એક ગામ હતું. ત્યાં **અશોક** નામનો ગોવાળિયો રહેતો હતો. આ ગોવાળ રાજાને કર પેટે પ્રતિ વર્ષ એક હજાર ઘીના ઘડા આપતો હતો. તેની પત્નીનું નામ **નંદા** હતું. તેને સંતાન ન હોવાથી નંદા પ્રત્યે પ્રેમ ન હતો. તેનું જીવતર બોજરૂપ બની ગયું હતું.

પોતાની પ્રથમ પત્ની નિઃસંતાન જાણી અશોકે બીજા લગ્ન કર્યા. તેની નવી પત્નીનું નામ **સુનંદા** હતું. થોડા દિવસ આ બન્ને શોક્યોમાં લોકલાજે પ્રેમ રહ્યો. ત્યારપછી બન્ને વચ્ચે ઝઘડા થવા લાગ્યા. સ્ત્રીઓની પજવણી વધી. રોજની કડાકૂટથી કંટાળી નરક યાતનામય જીવન વેંઢારવાથી છૂટકારો મેળવવા અશોકે પોતાની સંપત્તિ બન્નેને અડધી અડધી વહેંચી આપી. નંદાને ઓશિયાળા બની અલગ ઘરમાં રહેવું પડયું જ્યારે સુનંદા અશોક સાથે રહેવા લાગી.

નંદા સ્વભાવે સમજદાર અને કામોઢી હતી. વળી, દૂધના વાસણો વગેરે સ્વચ્છ રાખતી. તેને ચોખ્ખાઈ પ્રિય હતી. તેનો એક નોકર હતો. તેને તે પ્રેમથી રાખતી હતી. તેને નોકર ન સમજતાં પોતાના ઘરનો સભ્ય જ સમજતી હતી. તેને કદી હડધૂત ન કરતી કે ન તેનું અપમાન કરતી. નોકરને પણ પોતાની માલકિન પ્રત્યે આદર હતો. કોઈ પણ પર્વ આવે એટલે નંદા મોકો જોઈને તે નોકર સહિત ગોવાળિયાઓને બોલાવી તેમને બક્ષિસ આપી ખુશ કરતી. આમ, એકલવાયી નંદા ગોવાળિયાઓની પ્રિય થઈ ગઈ અને ગોવાળિયાઓ પણ તેણે ચીંધેલું કાર્ય હોંશે હોંશે પોતાનું સમજી કરતા હતા.

જ્યારે એક વર્ષ પૂર્ણ થયું ત્યારે જુદી રહેતી નંદા કર પેટે એક હજાર ઘીના ઘડામાંથી પાંચસો ઘડા

પોતાના હિસ્સાના પોતાના સ્વામીને આપતી. આમ, નંદા કુશળ વ્યવહારુ હતી પરંતુ સુનંદામાં આવા કોઈ ગુણો ન હતા. તેને પોતાની સુંદરતાનું ભારે અભિમાન હતું. આ ઉપરાંત તે શોખીન હતી. નિત્ય શરીરની સજાવટમાં સમય પસાર કરતી હતી. તેને કામ કરવું બિલકુલ ગમતું ન હતું. તે આળસુ હોવાથી બધું જ કામ નોકરો પાસેથી કરાવતી હતી. તે વટકણી હોવાથી નોકરો સાથે દાસ જેવો વ્યવહાર કરતી. નિત્ય તેમના કાર્યમાં એબ દેખાડી તેમની સાથે કર્કશ વચનો બોલી લડતી - ઝઘડતી રહેતી. તેનામાં વાત વાતમાં અપમાનિત કરવાની, અપશબ્દો બોલવાની અને ઉતારી પાડવાની હલકી મનસા હતી. તેના આવા સ્વાર્થી વલણના કારણે નોકરોમાં અપ્રિય થઈ પડી. નોકરો તેના પ્રત્યે અંશમાત્ર કુણી લાગણી ધરાવતા ન હતા. તેઓ મોકો જોઈને સુનંદાને વ્યવસાયમાં ખોટ પહોંચાડતા. એટલું જ નહીં ગાયોને ચરાવવા જંગલમાં જતા ત્યારે ગાયોને દોહી તેનું દૂધ તેઓ પી જતા. તેથી સુનંદાને ત્યાં પ્રથમ વર્ષે ઘી ઘણું ઓછા પ્રમાણમાં એકઠું થયું. તે રાજ્યના કરનો અડધો હિસ્સો પણ ન આપી શકી. તેનો અડધો હિસ્સો પણ ભલી નંદાએ ચૂકવ્યો. સુનંદાના આવા સ્વભાવથી તંગ આવી અશોકે તેને ઘરમાંથી કાઢી મૂકી. નંદાને પોતીકો અધિકાર પાછો મળ્યો. તે અશોકની પ્રિય પાત્ર બની. નંદા હવે ધન-સંપત્તિની સ્વામીની બની.

નંદાએ અવસરોચિત દાન આપી અનુચરોનાં હૃદય જીતી લીધાં તેથી તેને વ્યાપારમાં ખૂબ નફો થયો અને તે પતિની પ્રિયતમા બની.

ખરેખર ! સ્વભાવની ઉદારતા અને પરોપકાર (દાન)ની તાસીરથી માનવી લોકપ્રિય બને છે.

**નાગશ્રી-સોમદેવ-સુકુમાલિકા** : (શ્રી જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર)

અતીત કાળે **ચંપાનગરી**માં **સોમદેવ, સોમદત્ત** અને **સોમભૂતિ** નામના ત્રણ બ્રાહ્મણ બંધુઓ રહેતા હતાં, તેઓની અનુક્રમે **નાગશ્રી, ભૂતશ્રી** અને **યજ્ઞશ્રી** નામે ગૃહિણીઓ હતી. આ બ્રાહ્મણ બંધુઓ મહા-ઋદ્ધિવંત હતા. ત્રણે ભાઈઓએ કુટુંબ સહિત હંમેશાં એકઠું ભોજન કરવાનો નિર્ણય કર્યો. ત્રણે ભાઈઓ વારા પ્રમાણે સાથે જમતા.

નાગશ્રી દેખાવમાં સુંદર અને સુઘડ પરંતુ હૃદયથી માયાવી હતી. તે અવિવેકી અને આળસુ હતી. એકવાર નાગશ્રીને ત્યાં જમવાનો વારો હતો. તેણે અન્ય દેરાણીઓ કરતાં ચતુર કહેવડાવવા સ્વાદિષ્ટ રસોઈ બનાવી. તુંબડીનું ઘણાં મસાલા નાંખીને સ્વાદિષ્ટ અને સુગંધી શાક બનાવ્યું. જ્યારે તેણે હાથમાં લઈ જરાક શાક ચાખ્યું ત્યારે ખારું ઝેર જેવું પ્રતીત થયું. આ શાક ખવાય એવું ન હતું પરંતુ નાગશ્રીએ ભયભીત થઈ વિચાર્યું કે, 'આ શાકને ફેંકી દઈશ તો મારી બદનામી થશે, પરિવારના વડીલનો ઠપકો સાંભળવો પડશે. આના કરતાં જો કોઈ લઈ જાય તો તેને બધું શાક આપી દઉં.' નાગશ્રીએ તરત જ કડવી તુંબડીનું શાક સંતાડી દઈ મધુર તુંબડીનું શાક બનાવી પરિવાર જનોને જમાડયાં.

નાગશ્રીના નસીબે એ જમીને ઉઠી ત્યાં **ધર્મઘોષસૂરિ**ના શિષ્ય **ધર્મરુચિ અણગાર** માસખમણના પારણે ભિક્ષા માટે ફરતાં ફરતાં ત્યાં આવી ચડયા. ધર્મરુચિ અણગારને જોઈ નાગશ્રી અત્યંત હર્ષિત થઈ. નાગશ્રીની મુનિરાજ પર કોઈ શ્રદ્ધા ન હતી. તેની સૂધબૂધ ભુલાઈ ગઈ. તે શાકને સગેવગે કરવાની પેરવીમાં જ હતી તેથી તેણે મુનિની ખૂબ આવભગત કરી. એમનો સત્કાર કરી રસોઈ ઘરમાં લઈ ગઈ. મુનિએ જેવો આહાર લેવા પાત્ર નીચે મૂક્યું તેવું જ નાગશ્રીએ મુનિરાજ ''બસ બસ'' કહેતા રહ્યાં અને કડવી તુંબડીનું શાક પાત્રમાં

ઠલાવી દીધું. નાગશ્રીએ વિચાર્યું, 'ઉકરડા પર નાખવાથી તો સારું થયું મેં સાધુના પાત્રમાં નાંખ્યું. કોણ કોને કહે છે ? જો સાધુને કંઈ થઈ જશે તો પણ સાધુ કોઈનું નામ લેતા નથી તેથી મારો બચાવ પણ થઈ જશે. સાધુનું તો થવાનું હશે તે થશે. હું શું કરું ?' અકૃત્ય કર્યા પછી પણ કેવું પોરસ ! દાનનો ચણેલો મહેલ ધારાશાયી થઈ ગયો. મુનિવર ગોચરી લઈ ઉપાશ્રયે આવ્યા.

ધર્મરુચિ અણગાર ગોચરી લાવી ગુરુ પાસે આવ્યા. વિનયપૂર્વક ગોચરી ગુરુને બતાવી. તુંબડીની ગંધથી ગુરુએ જાણી લીધું કે આ શાક વિષમય છે તેથી શિષ્યને આજ્ઞા કરી કે, "વત્સ ! આ કડવી તુંબડીનું શાક છે. તેને ગામની બહાર જઈ નિરવદ્ય સ્થાનમાં પરઠવી આવ." ધર્મરુચિ અણગાર પરઠવા ગામની બહાર ગયા. નિરવદ્ય સ્થાન જોઈ શાકનું એક ટીપું ભૂમિ ઉપર મૂક્યું. તેની ગંધથી હજારો કીડીઓ ત્યાં આવી. મુનિવરે વિચાર્યું, 'અહો ! આ તો મોટો અનર્થ થશે. મારા નિમિત્તે આ કીડીઓ મરી જશે. એનાથી તો ઉત્તમ છે કે, આ વિષમય આહારને હું જ ઉદરસ્થ કરું. મારા ઉદરથી શ્રેષ્ઠ નિરવદ્ય સ્થાન બીજું કયું હોઈ શકે ?' જીવદયાના ભાવથી પ્રેરાઈને નિરવદ્ય સ્થાન એવા પેટમાં કડવી તુંબડીનું શાક પધરાવી દીધું. મુનિવરના શરીરમાં વિષનો પ્રભાવ વર્તાયો સમતાભાવથી અસહ્ય વેદના સહન કરી, અનશન કરી મુનિ સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા.

અહીં યદ્યપિ નાગશ્રીએ ઉત્કૃષ્ટ પાત્રને દાન આપ્યું હતું પરંતુ ભાવના શુદ્ધ ન હતી, વસ્તુ દૂષિત હતી. મુનિરાજને ઉકરડો સમજી દાન આપ્યું હોવાથી તેનું દાન તામસ લેખાયું. '**સાગરધર્મામૃત**' (૫/૪૭) માં કહ્યું છે -

**"उत्तमं सात्त्विक दानं, मध्यमं राजसं भवेत् ।**

**दानानामेव सर्वेषां जघन्य तामसं पुनः ।।"**

**અર્થ :** સાત્ત્વિક દાન સર્વોત્તમ છે. એનાથી નિકૃષ્ટ દાન રાજસદાન છે અને સર્વ દાનોમાં તામસ દાન નિમ્ન કોટિનું છે. સાત્ત્વિક દાનમાં ફળની આકાંક્ષા હોતી નથી. તે સ્વયં ઉત્તમ ફળ દાયક છે. રાજસ દાનથી પુણ્ય બંધાય પણ કર્મ કાપવામાં સહાયક થતું નથી. તામસ દાન સહુથી હલકી કક્ષાનું દાન છે. તેનું ફળ પ્રાયઃ દુર્ગતિ કે અધોગતિ છે.

'કડવી તુંબડીના વિરુદ્ધ દાનથી મુનિનું મૃત્યુ થયું છે;' એવા સમાચાર વાયુવેગે નગરમાં પ્રસરી ગયા. સોમદેવે નાગશ્રીની દુષ્ટતા જાણી તેણીને ઘરમાંથી કાઢી મૂકી. નાગશ્રી સોળ સોળ રોગોની પીડા પામી છઠ્ઠી નરકમાં ઉત્પન્ન થઈ. તેણી સાતે નરકમાં ગોશાલકની જેમ બબ્બે વાર ભમી, તિર્યંચ યોનિમાં ઉત્પન્ન થઈ. ત્રસ અને સ્થાવર ગતિમાં જન્મી. અકામ નિર્જરાથી કર્મો પાતળાં થતાં મધ્યમ ગુણોથી મનુષ્યનું આયુષ્ય બંધાયું. ત્યાંથી નીકળી મનુષ્ય થઈ **દ્રુપદ** રાજાને ત્યાં **દ્રૌપદી** થઈ. પાંચે પાંડવોને વરી.

એક વાર ચારણ મુનિ આવ્યા ત્યારે **કૃષ્ણ** વગેરે રાજાએ પૂછયું કે, "દ્રૌપદીને પાંચ પતિ કેમ થયા ?" ચારણ મુનિએ દ્રૌપદીનો પૂર્વભવ કહ્યો.

"પૂર્વે **ચંપાનગરી**ના **સાગરદત્ત** શ્રેષ્ઠી અને **ભદ્રાવતી (સુભદ્રા)** શેઠાણીની **સુકુમાલિકા** નામે પુત્રી હતી. તેના **જિનદત્ત** શેઠના પુત્ર **ગુણસાગર** સાથે વિવાહ થયા. સુકુમાલિકાનો અંગારા જેવો અંગસ્પર્શ સહન ન થતાં ગુણસાગર તેણીને છોડી ચાલ્યો ગયો. પિતાએ તેને **દ્રમક** (ભિક્ષુક)ને સોંપી. તે પણ નાસી ગયો. ત્યાર પછી **ગોપાલિકા આર્યા** ગોચરી લેવા આવ્યા. તેમણે ધર્મ શ્રવણ કરાવ્યો. તેમના સંગથી વૈરાગ્ય ઉત્પન્ન થયો

અને સુકુમાલિકાએ દીક્ષા લીધી. દીક્ષા લીધા પછી સૂર્ય સામે દૃષ્ટિ કરી ઉદ્યાનમાં આતાપના કરવા માંડી. ત્યારે **દેવદત્તા** ગણિકાને પાંચ પુરુષોથી સેવાતી જોઈ મૂઢ સુકુમાલિકા આર્યાએ નિયાણું કર્યું. 'મારા તપ અને સંયમનું જો કોઈ ફળ હોય તો આવતા ભવમાં મને પણ પાંચ પતિનું સુખ પ્રાપ્ત થાવ.' સુકુમાલિકા આર્યાજી મૃત્યુ પામી **ઈશાન** દેવલોકમાં નવ પલ્યોપમના આયુષ્યવાળી દેવી થઈ. ત્યાંથી ચ્યવી દ્રુપદ રાજાની પુત્રી દ્રૌપદી થઈ. પૂર્વે કરેલા નિયાણાથી પાંડુ રાજાના પાંચ પુત્રોને વરી. દ્રૌપદી મૃત્યુ પામી પાંચમા **બ્રહ્મ** દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં મનુષ્ય બની સિદ્ધગતિ પ્રાપ્ત કરશે.''

આમ, અયોગ્ય-વિષમ-વિરુદ્ધ અને નિકૃષ્ટ દાન આપી નાગશ્રી સંસારમાં ઘણું દુઃખ પામી.

આચાર્ય **કુંદકુંદે** 'ભાવપાહુડ' (ગા.૪)માં કહ્યું છે - ''**भावरहिओ न सिज्जइ।**'' - ભાવધર્મ વિનાનો આત્મા (વિકલાંગ હોવાથી) ગમે તેટલા પ્રયત્નો કરે છતાં મુક્તિને ન આંબી શકે.

**નિર્ધન વણિકની કથા :** (પાઈય વિન્નાણ કહા-પૃ. ૬૮)

કોઈ ગામમાં નિર્ધન નિર્ભાગી માણસ રહેતો હતો. તે કષ્ટ પૂર્ણ જીવન ગુજારતો હતો. એકવાર વિદ્યાધર અને વિદ્યાધરી વિમાનમાં બેસી ફરવા જતાં હતાં ત્યાં તેમની નજર નિર્ધન પર પડી. વિદ્યાધરીએ કહ્યું, ''સૌ પ્રથમ આ ગરીબ માણસ દૃષ્ટિગોચર થયો છે, તો જરૂર સુખી થવો જોઈએ.'' વિદ્યાધરે કહ્યું,''દેવી ! મને પાકી ખાત્રી છે કે, આ નિર્ધન ભાગ્ય વિનાનો છે. દ્રવ્ય આપવા છતાં પણ તે દુર્ભાગ્યપણાથી તે નિર્ધન જ રહેશે.'' વિદ્યાધરી કહે, ''સ્વામીનાથ ! તમે કંજૂસ છો તેથી એવું કહો છો.'' વિદ્યાધરે કહ્યું,''હું સાચું કહું છું. તને વિશ્વાસ ન હોય તો પરીક્ષા કરીએ. આ નિર્ધન જે રસ્તે જાય છે તેનાથી આગળ જઈ રસ્તામાં કરોડ મૂલ્યવાળું આ કુંડળ હું મૂકીશ. જો તે કુંડળ લેશે તો તેની માલિકીનું થશે તેથી તેનું દારિદ્રય ફીટશે.''

એમ કહીને વિદ્યાધરે અદૃશ્યપણે તે નિર્ધનથી ન અતિ દૂર અને ન અતિ નજીક એમ એક કુંડળ રસ્તાની વચ્ચોવચ્ચ મૂક્યું. નિર્ધન કુંડળની નજીક આવ્યો ત્યારે ભાગ્યહીનતાથી તેને એવો વિચાર આવ્યો કે, 'આંધળો કેવી રીતે ચાલે છે તેમ હું પણ ચાલું.' એમ વિચારી નિર્ધન આંખો મીંચીને ચાલવાની તજવીજમાં રહ્યો, જેથી કુંડળને ઓળંગી ગયો. કુંડળ માર્ગમાં જ પાછળ રહી ગયું. નિર્ધન સન્મુખ રહેલું કુંડળ નિર્ભાગ્યતાથી તેને ન મળ્યું. તે કુંડલ વિદ્યાધરે લઈ લીધું. આમ, ભાગ્યહીન પુરુષો સન્મુખ રહેલા દ્રવ્યને ખાંખાંખોળા કરતાં પડખું ફેરવતાં પ્રાપ્ત કરી શકતા નથી. તેના મૂળમાં દાન પ્રત્યેની સૂગ અને પૂર્વે દાન આપવાથી અરેપરે રહેવું જ મુખ્ય હોય છે.

**પુણ્યસાર :** (પ્રાકૃત વિજ્ઞાન કથા, પૃ.૧૦૧; શાંતિનાથ ચરિત્ર)

એક નગરમાં **પુણ્યયશ રાજા**નો **પુણ્યસાર** નામનો પુત્ર હતો. એ જ નગરમાં **વિક્રમ વણિક**નો **વિક્રમસાર** નામનો પુત્ર હતો. બન્ને તરુણાવસ્થા પામ્યા. બન્નેએ વિચાર કર્યો કે, 'આ યુવાન વયમાં જ લક્ષ્મી ઉપાર્જન કરવાનો પ્રયત્ન કરવો શ્રેષ્ઠ છે. દાનાદિ કાર્યમાં લક્ષ્મી વાપરવાથી ક્યારે ખૂટે નહીં એવો પ્રયત્ન કરવો જેથી લક્ષ્મી સ્વયં વરે.'

પરદેશ માટે પ્રયાણ કરતાં ભાગ્યયોગે પુણ્યસારને મોટો નિધિ (ચરુ) પ્રાપ્ત થયો અને તેથી તે ઘરે પાછો આવ્યો. વિક્રમસાર પરદેશ જઈ પુરુષાર્થ કરી, જીવને હોડમાં મૂકી લક્ષ્મી કમાવી પાછો આવ્યો. નગરમાં

એવી વાત વાયુવેગે વહેતી મૂકાણી કે, 'એક પુણ્યશાળી પુરુષ સમગ્ર મનોવંછિત સમૃદ્ધિ મેળવી સુખી થયો છે અને બીજો પુરુષ સમુદ્રની લાંબી મુસાફરી, અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી પોતાના બંધુઓમાં પ્રિય બની વિષયસુખો ભોગવે છે. આ બેમાં પ્રથમ ભાગ્યશાળી છે અને બીજો પુરુષાર્થવાળો છે.' રાજાના કાને આ વાત પહોંચી.

રાજાએ તેમને રાજસભામાં બોલાવી પૂછયું કે, "લોકપ્રવાદ સત્ય છે કે અસત્ય ?" પ્રત્યુત્તર મળ્યો કે, "લોકપ્રવાદ સત્ય છે." રાજાએ ઋદ્ધિની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. પુણ્યસારને જમવાનું નિમંત્રણ આપ્યું. રસોઈયાને કહ્યું કે, "આજે મારા માટે ભોજન ન બનાવતાં, એનાં પુણ્યથી જ હું ખાઈશ." ભોજનનો સમય થયો એટલે દેવીએ મુખ્ય પુરુષને મોકલાવી રાજાને કહ્યું, "આજે પોતાના નગરથી જમાઈ પધાર્યા છે. તેમના માટે વિવિધ રસવતી તૈયાર થઈ છે. તો હે દેવ! આપ પધારજો. તમારી સાથે ભોજન કરતાં જમાઈ સૌભાગ્ય અનુભવશે." બધાએ સુખપૂર્વક ભોજન કર્યું.

બીજે દિવસે વિક્રમસારને નિમંત્રણ આપ્યું. રસોઈયાને કહ્યું કે, "આજે સર્વ પ્રકારની રસવતીઓ તૈયાર કરો." રસોઈ તૈયાર થઈ ગઈ. ભોજનની વેળાએ ભાણા ઉપર આવી પંગતમાં બેસી ગયા. પીરસવાનું શરૂ થયું તે સમયે રાજકન્યાનો મોટા મોતીનો અઢાર સરવાળો હાર તૂટી ગયો. તેણીનો જીવ હારમાં વળગેલો હતો. તે રડતી રડતી રાજા પાસે આવી. તેણીએ કહ્યું, "પિતાજી! પ્રથમ હાર પરોવી આપો. તે સિવાય હું ભોજન કરીશ નહીં." રાજાએ વિક્રમસાર સામે જોયું. વિક્રમસારે ભોજન છોડી નવા સૂતરના દોરા વડે ક્ષણવારમાં હાર પરોવી દીધો. ત્યારપછી બન્નેએ સુખપૂર્વક ભોજન કર્યું. રાજાએ વિચાર્યું કે, 'જનપ્રવાદ સાચો નીકળ્યો.'

આ કથાનક પુણ્ય કે પુરુષાર્થના ફલીકરણમાં દાનની ખાસિયતનું ભાથું બંધાવે છે.

પુત્રવધૂ : (વિશ્વવાત્સલ્ય)

એક સુખી કુટુંબમાં મુનિરાજ વહોરવા પધાર્યા. શેઠના પુત્રના તાજેતરમાં વિવાહ થયાં હતાં. પુત્રવધૂ રસોડામાં હતી તેણે મુનિરાજને વહોરાવ્યું. વહોરીને જતાં જતાં મુનિરાજે પૂછ્યું, "ધર્મધ્યાન કરો છો ?" પુત્રવધૂએ કહ્યું, "ગુરુદેવ! વાસી ખાઈએ છીએ અને ઉપવાસી રહીએ છીએ." દીવાન ખાનામાં બેઠેલાં સસરાએ આ સાંભળી મિજાજ ગુમાવ્યો. તેઓ તાડૂક્યા, "વહુ, તમને ઘરમાં એક દિવસ પણ વાસી ખાવાનું મળ્યું છે? શું તમારે ઉપવાસ કરવો પડયો છે? તમે મહારાજને સાચો જવાબ આપવાને બદલે જૂઠું બોલી કુટુંબની આબરૂ પર પાણી ફેરવ્યું છે."

મુનિરાજે કહ્યું, "શેઠ! ઉતાવળા ન થાવ. તમારી પુત્રવધૂ જ્ઞાની અને સમજુ છે. એણે બરોબર જવાબ આપ્યો છે." મુનિરાજે પુત્રવધૂના બોલવાનો મર્મ સમજાવતાં કહ્યું, "શેઠ! અમો વાસી ખાઈએ છીએ એનો અર્થ એ છે કે અત્યારે જે સુખ-સંપત્તિ મળ્યાં છે, તે પૂર્વભવના પુણ્યના પ્રતાપે છે. તેનો તમે ઉપભોગ કરી રહ્યા છો. પૂર્વભવના પુણ્યનો ભોગવટો કરવો તે વાસી ખાવા જેવું છે! આમાં પુત્રવધૂએ શું ખોટું કહ્યું છે!" શેઠે કહ્યું, "ઉપવાસી રહીએ છીએ એનો અર્થ શું ?" મુનિરાજે ખુલાસો કરતાં કહ્યું, "આ ઘર સુખ સાહ્યબીમાં આળોટે છે પણ ધર્મ-દાન-પુણ્ય પરમાર્થના કાર્ય દ્વારા નવું પુણ્ય ઉપાર્જન કરાતું નથી. નવું પુણ્ય ઉપાર્જન ન થાય તે જીવાત્મા માટે ઉપવાસી રહેવા બરાબર છે. શેઠ! ધર્મધ્યાન કરો છો. એવા પ્રશ્નનો સીધો-સાદો ઉત્તર આપવાને બદલે તમારી પુત્રવધૂએ માર્મિક જવાબ આપ્યો છે."

શેઠના હૃદયને મુનિરાજના શબ્દો સ્પર્શી ગયાં. તેમણે કહ્યું, "ગુરૂદેવ! પુત્રવધૂએ મારાં જ્ઞાનચક્ષુ ખોલી નાખ્યાં છે. મને સમ્યક્ સમજણ પ્રાપ્ત થઈ છે." શેઠે હવે માનવ રાહત, માનવતા, જીવદયાના અનેકવિધ

સત્કાર્યો કરી જીવનને ધન્યાતિધન્ય બનાવ્યો.

શાસ્ત્રકારોએ અન્નપુન્ને આદિ નવપ્રકારના પુણ્ય કહ્યા છે. આ પુણ્યમાં સુકૃતનો વિનિયોગ છે, જે દાન તરફ અંગુલિનિર્દેશ કરે છે.

**પૂરણ તાપસ** : (શ્રી ભગવતી સૂત્ર ભા.૧, સ.૩, ઉ.૨)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **વિંધ્યાચલ પર્વત**ની તળેટીમાં **બેભેલ** નામનો સન્નિવેશ હતો. ત્યાં **પૂરણ** નામના ગાથાપતિ રહેતા હતા. તેઓ ધનાઢય અને પ્રતિભાવંત હતા.

પૂરણ ગાથાપતિએ દાનામા નામની તાપસ પ્રવજ્યા અંગીકાર કરતી વખતે ચાર ખાનાવાળું કાષ્ઠપત્ર તૈયાર કરાવ્યું હતું. તેણે વિપુલ અશન, પાન, ખાદિમ, સ્વાદિમ આદિ ચારે ચારે પ્રકારનો આહાર તૈયાર કરાવી સ્વજનોને જમાડયા. સ્વયં ચાર ખંડવાળું પાત્ર ગ્રહણ કરી મુંડિત થઈને **'દાનામા'** પ્રવ્રજ્યા અંગીકાર કરી. પારણાના દિવસે આતાપના ભૂમિમાંથી નીચે ઉતરીને સ્વયં કાષ્ઠ નિર્મિત પાત્ર લઈને, બેભેલ સન્નિવેશમાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળમાં ભિક્ષાચારી કરતા. ભિક્ષામાં જે મળે તેના ચાર ખંડ (ભાગ) કરવાનો સંકલ્પ કર્યો. પ્રથમ ખંડમાં પ્રાપ્ત થયેલી ભિક્ષા પથિકોને, બીજા ખંડની ભિક્ષા કાગડા-કૂતરાને, ત્રીજા ખંડની ભિક્ષા કલચર જીવોને અને ચોથા ખંડની ભિક્ષા સ્વયં વાપરતા. યાવજજીવન છઠ્ઠના પારણે છઠ્ઠ તપસ્યા કરતા, પારણાના દિવસે ઉપરોક્ત વિધિથી આહાર કરતા. તપશ્ચર્યાથી શરીર અત્યંત કૃશ થયું ત્યારે પાદપોપગમન અનશન સ્વીકાર કર્યો.

તે સમયે **ચમરચંચા** રાજધાની ઈન્દ્ર અને પુરોહિત રહિત હતી. બાલ તપસ્વી પૂરણ તાપસ બાર વ્રતનું તાપસપણું પાળી, એક માસની સંલેખનાથી આત્માને ભાવિત કરી કાળધર્મ પામી ચમરચંચા રાજધાનીની ઉપપાત સભામાં ઈન્દ્રરૂપે ઉત્પન્ન થયો.

આમ, બાલતપસ્વી પૂરણ તાપસ, જેમાં દાનની પ્રાથમિકતા અને વિશેષતા હોવાથી દાનામા પ્રવ્રજ્યા અંગીકાર કરી દેવેન્દ્ર બન્યો.

**પ્રદેશી રાજા** : (શ્રી રાયપસેણીય સૂત્ર)

**કેકય દેશ**ની **શ્વેતામ્બિકા નગરી**નો **રાજા પ્રદેશી** અત્યંત ક્રૂર અને નાસ્તિક હતો. તે સ્વર્ગ-નરક, આત્મા-પરમાત્મા અને ધર્મ-કર્મમાં બિલકુલ માનતો ન હતો. તેના હાથ સદા ખૂનથી રંગાયેલા રહેતાં. તે કઠોર અને નિર્દયી હોવાથી પ્રજા ભયભીત રહેતી. બીજાને દુઃખ આપવું તેને મન મનોવિનોદ હતો. 'શરીરથી ભિન્ન કોઈ આત્મા નથી' એવી એની માન્યતા હતી. આજ સુધી એને કોઇ એવો સમર્થ પુરુષ મળ્યો ન હતો, જે તેના દષ્ટિકોણને બદલી શકે. પ્રજાજનોને મન પ્રદેશી રાજા એટલે સાક્ષાત્ યમરાજ! **શ્રાવસ્તી**ના **જિતશત્રુ રાજા** અને પ્રદેશી રાજા વચ્ચે ગાઢ મિત્રતા હતી. એકવાર પ્રદેશીએ પોતાના વિશ્વાસુ અને બુદ્ધિમાન **મંત્રી ચિત્તસારથી**ને શ્રાવસ્તી નગરીમાં પોતાના મિત્રને સુંદર ઉપહાર આપવા અને ત્યાંની રાજનૈતિક ગતિવિધિ જાણવા મોકલ્યો. તે સમયે શ્રાવસ્તી નગરીમાં **ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ**ની પરંપરાના સમર્થ **આચાર્ય શ્રી કેશીસ્વામી** પધાર્યા હતા. ચિત્ત સારથી જિનવાણી સાંભળવા બેઠો. મુનિનું પ્રવચન સાંભળી જાણે ખોવાયેલું ધન મળ્યું હોય એવો આનંદ થયો. તેણે કેશીશ્રમણ પાસેથી શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા.

ત્યારપછી ચિત્તસારથીએ મુનિને શ્વેતામ્બિકા નગરીમાં પધારવાની વિનંતી કરી. કેશીશ્રમણને પ્રદેશી રાજાની ક્રૂરતા અને અધર્મ શીલતાનો પરિચય હતો. તેમને એનો ભય ન હતો પરંતુ ધર્મ અને સંઘની અવહેલના ન થાય તેની ભારે ચિંતા હતી. એટલે તેઓ મૌન રહ્યા. ચિત્તસારથીએ પુનઃ પ્રાર્થના કરી, છતાં મૌન રહ્યા. ત્રીજી વાર વિનંતી કરી છતાં કેશીસ્વામી મૌન રહ્યા ત્યારે ચિત્તસારથીએ વિનમ્ર અને સતેજ સ્વરે કહ્યું, ''ભંતે ! તમે કોઈ પ્રકારનો વિચાર ન કરો. શ્વેતામ્બિકા અવશ્ય પધારો. આપના આગમનથી રાજા, પ્રજા અને સર્વને મોટો લાભ થશે તેમજ ધર્મની પ્રભાવના થશે.''

કેશીસ્વામી વિહાર કરી શ્વેતામ્બિકા પધાર્યા. તેઓ નગરની ઉત્તર-પૂર્વ દિશામાં સ્થિત સુરમ્ય મૃગવન ઉપવનમાં બિરાજમાન થયા. તેમની આકર્ષક પ્રવચન શૈલીથી પ્રજાજનો પ્રભાવિત થયાં. અવસર જોઈ ચિત્તસારથી અશ્વ પરીક્ષાના બહાને પ્રદેશી નૃપને મૃગવન તરફ લઈ ગયો. ત્યારે કેશીશ્રમણ જનતાને ઉપદેશ આપી રહ્યા હતા. રાજાએ ધૃણાભરી દષ્ટિથી કેશીશ્રમણને જોયાં. કેશીશ્રમણ શાંત રહ્યા. તેઓ ચાર જ્ઞાનના ધણી અને દેશ-કાળના જ્ઞાતા હતાં. તેમના સંયમ અને તપના અદ્ભુત પ્રભાવથી તથા ચિત્તસારથીની પ્રેરણાથી પ્રદેશી રાજા કેશી શ્રમણના ચરણોમાં પહોંચી ગયાં. તેમની ધર્મદેશના સાંભળી પ્રભાવિત થયા. કેશીશ્રમણ સાથે છ પ્રશ્નોની ચર્ચા કરી. તેનો તર્કપૂર્ણ અને યુક્તિસંગત સમાધાન પામી જેમ ગૌતમ સ્વામી પોતાના ગુરુ મહાવીર સ્વામી ઉપર ઓળઘોળ થયા તેમ, પ્રદેશી રાજા કેશી શ્રમણ પર ઓળઘોળ થયા. ચિરસંચિત શંકાઓનું મૌલિક રીતે સમાધાન થયું. પ્રદેશી રાજાની તાસીર બદલાઈ ગઈ. તેમણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. પોતાની રાજ્યશ્રીના ચાર વિભાગ કર્યા.

**''... एग्णं भागेणं महाभयं कूडागार सालं करिस्सामि, तत्थणं**
**वह्निं पुरिसेहिं दिन्नभत्त वेयणेहुं विउलं असणं ।।४।।**
**उवक्खडावेत्ता बहूणं समण-माहण-भिक्खूयाणं पंथिम**
**पाहियाणं पडिलाभेमाणे...।'' रायप्पसेणिय सुतं**

તેમાં એક વિભાગમાં તેમણે વિરાટ દાનશાળા ખોલી. જ્યાં શ્રમણ-માહણ, ભિક્ષુ, પથિક, દીન-દુઃખી, અનાથ આદિને સહર્ષ દાન આપવાનો સંકલ્પ કર્યો. ત્યારે કેશી શ્રમણે પ્રદેશી રાજાને કહ્યું, -

**''माणं तुमं पएसी ! पुव्विं रमणिज्जे भवित्ता पच्छा अरमणिजे भविज्जासि।''**

**અર્થ :** ''હે પ્રદેશી રાજા ! તું પ્રથમ રમણીય બન્યા પછી અરમણીય ન થજે.''

આવું કહી કેશી સ્વામીએ પ્રદેશી રાજાના દાનના સંકલ્પ ઉપર પોતાની મહોર (છાપ) લગાવી દીધી. આમ, કેશીસ્વામીએ જ્ઞાન દાન કર્યું તેથી નાસ્તિક પ્રદેશી રાજા આસ્તિક બન્યા. જ્ઞાનદાનથી વિવેક પ્રગટયો અને વ્રતધારી શ્રાવક બન્યા. શ્રાવકધર્મનું સમ્યક્ પાલન કરતાં તેઓ દાનધર્મને કદી વિસર્યા નથી.

**ભિક્ષુક :** (પ્રાકૃત વિજ્ઞાન કથા, પૃ.૧૧૫)

એક ભિક્ષુક ધર્મથી વિમુખ બની, આપખુદી વલણ સહિત, અસંતોષી બની ગામમાં ફરતો હતો. કોઈ શ્રીમંતને જોઈ તેને વિચાર આવતો કે, 'મારી પાસે ધન-ધાન્ય, ઘર, સંપત્તિ આદિનો અભાવ છે. જો હું આ ધનવાન જેવો શ્રીમંત બનું તો સંતોષી બની, પરોપકારનાં કાર્યો કરું.' આમ વિચારતો ભિક્ષા માટે નગરમાં ભમવા લાગ્યો.

તે સમયે આકાશ માર્ગેથી જતી **શ્રીદેવી** તેના મનના ભાવો જાણી તેની પરીક્ષા કરવા આવી. ''હે ભિક્ષુક ! તારા હૃદયના ઉત્તમ ભાવોને જાણી, દયાથી તને કંઈક ધન આપવા ઈચ્છું છું. તું વસ્ત્ર પહોળું કર. તેમાં હું સોનામહોરો નાંખું છું. જ્યારે તને સંતોષ થાય ત્યારે 'હવે બસ' એમ કહેજે. પરંતુ જો ફેંકાતી સોનોમહોરોમાંથી એક પણ જમીન પર પડશે તો તે કંકર રૂપે પરિવર્તિત થઈ જશે.'' નિર્ધને જીર્ણ વસ્ત્ર પહોળું કર્યું. લક્ષ્મીદેવી પહોળા કરેલા વસ્ત્રમાં સોનામહોરો ફેંકવા લાગી. અસંતોષથી ઘેરાયેલો કૃપણ ભિક્ષુક 'બસ' કહેતો જ નથી. વસ્ત્ર સોનામહોરોથી છલોછલ ભરાઈ ગયું.

લક્ષ્મી દેવીએ કહ્યું, ''શું તને આટલી સોનામહોરો પર્યાપ્ત નથી ?'' લોભી ભિક્ષુક દેવી પાસેથી વારંવાર બે-પાંચ સોનામહોરોની માંગણી કરવા લાગ્યો. અંતે સોનામહોરના ભારથી તે જીર્ણ વસ્ત્ર ફાટી ગયું. સોનામહોરનો ઢગલો જમીન પર પડયો. ભિક્ષુક હાહારવ કરતો નીચે પડેલી સોનામહોરોને જોવા લાગ્યો. બધી સોનામહોરો કંકરા રૂપે પરિણામી. ભિક્ષુક ઊંચે જુએ છે. તો લક્ષ્મી દેવી પણ અદશ્ય થઈ ગયાં. નિર્ભાગી ભિક્ષુક પોતાના ભાગ્યને કોસવા લાગ્યો.

અસંતોષના કારણે ધનલોલુપી ભિક્ષુક લક્ષ્મીદેવીની મહેરથી મળેલું ન પોતે ભોગવી શક્યો કે ન પુણ્ય ઉપાર્જન કરી શક્યો, માટે જ કહ્યું છે. **'અતિ લોભ વર્જ્યતે !**

**ભીમ :** (પ્રબંધ પંચશતી, ક.૫૭૪)

એક વખત **યુધિષ્ઠિરે ભીમ**ની સમક્ષ કહ્યું, ''લક્ષ્મી જેમ સ્થિર થાય તેમ કરવું જોઈએ.'' ત્યારે ભીમે મોટી શીલા ઉપાડી તેની નીચે લક્ષ્મી સ્થાપી. યુધિષ્ઠિર બોલ્યો, ''હે ભાઈ ! લક્ષ્મીને નીચે નાંખવાથી નીચે જવાય છે.'' ભીમ બોલ્યો, ''આવાસ ઉપર સ્થાપન કરીયે તો ?'' રાજા બોલ્યો, ''અગ્નિ વિગેરેનો ભય અહીં પણ છે.'' ભીમ બોલ્યો, ''ભાઈ ! ક્યાં સ્થાપું ?'' યુધિષ્ઠિર બોલ્યો, ''દાન આપ.'' તેથી ભીમે દાનશાળા સ્થાપી. જેમ તેમ બોલતો ભીમ કાળે કે વિકાળે અર્થીઓને દાન આપવા લાગ્યો. રાજા બોલ્યા, ''આ પ્રમાણે લક્ષ્મી સ્થિર થતી નથી પરંતુ ક્રૂર શબ્દો બોલવાથી દાન દૂષિત થાય છે. ભીમ બોલ્યો, ''એમ કેમ કહેવાય છે ?'' રાજા બોલ્યા -

**''अनादरोविलम्बश्च, वैमुख्यं विप्रियं वचः ।**
**पश्चात्तापश्च दातुः स्याद्दानदूषणपञ्चकम् ।।''**

**અર્થ :** દાન દેવામાં અનાદર, વિલંબ, પરાઙ્મુખ થવું, અપ્રિયવચન બોલવું અને પશ્ચાતાપ કરવો, એ દાતારનાં પાંચ દૂષણો - અતિચારો છે. ભીમ બોલ્યો, ''કેવી રીતે દાન આપું ?''

**''आनन्दाश्रूणि रोमाञ्चो, बहुमान प्रियं वचः**
**तथानुमोदना पात्रे, दानभूषणपञ्चकम् ।।''**

**અર્થ :** દાન દેતી વખતે આનંદનાં આંસુ, રોમરાજી ખડા થવાં, બહુમાન, પ્રિયવચન અને પાત્રની અનુમોદના એ પાંચ દાનનાં ભૂષણ છે. યુધિષ્ઠિરે ભીમને કહ્યું, ''તું **પદ્મપુર**માં **ચંદ્રયક્ષ** પાસે જઈ દાનનું ફળ પૂછ.'' તેથી ભીમ ત્યાં ગયો, વિનયપૂર્વક દાનનું ફળ તેની પાસે પૂછયું. યક્ષ બોલ્યો, ''**મહાનંદપુર**માં મેં પૂર્વભવમાં કર્કશ વચન બોલતાં દાન આપ્યું તેથી અહીંયા મારું મુખ ભૂંડના આકારનું થયું અને દેહ સુવર્ણ તુલ્ય થયું છે.''

**''स्वर्णदानं रत्नदानं, मुखेनैव सुभाषितम्।**
**तेनेयं काञ्चनी काया तेनेदंशौकरं मुखम्।।''**

**અર્થ :** મેં સોનાનું અને રત્નોનું દાન આપ્યું પરંતુ મુખથી સુભાષિત ન બોલ્યો તેથી આ કંચનની કાયા થઈ પરંતુ મોઢું ભુંડનું થયું.

ત્યારબાદ ભીમ પાંચ દૂષણનો ત્યાગ કરી પાંચ ભૂષણ યુક્ત દાન દેવા લાગ્યો ત્યારે રાજા યુધિષ્ઠિરે કહ્યું, ''હે ભાઈ! એ પ્રમાણે જો દાનની પરંપરા જળવાઈ રહેશે તો મહાફલદાયક નિવડશે.''

**ભીમ વણિક અને વિક્રમાદિત્ય** : (પ્રાકૃત વિજ્ઞાન કથા - ભા.૨)

એકવાર **વિક્રમરાજા** યાચકોને દાન આપતાં વિચારે છે કે, 'દાનનું ફળ શું હશે?' ત્યારે આકાશવાણી થઈ કે, 'એક દાનનું ફળ હજાર ગણું હોય છે. તારે જોવું હોય તો **સોપારક નગરમાં કૃપણ શ્રેષ્ઠીનું** અને દાનમાં તત્પર **ભીમ વણિકનું** ચરિત્ર જો.

વિક્રમ રાજા સોપારક નગરમાં ગયો. તેણે બે કરોડના સુવર્ણના માલિક કૃપણ શેઠના ઘરે જઈ ભોજન માંગ્યું પરંતુ તેને કંઈ ન મળ્યું અને ઉત્તર મળ્યો કે, ''જે સ્વયં ખાતો નથી, ભાઈને પર્વના દિવસે ભોજન આપતો નથી, તેનો જન્મ નિષ્ફળ છે.'' કંજુસનો કાકો જોઈ રાજા ભીમ વણિકને ત્યાં ગયો. વણિકે સ્વાગત કરી ભોજન માટે પ્રાર્થના કરી. તે વખતે વણિકનાં ઘરમાં રાંધેલું અન્ન હતું પરંતુ ઘી ન હતું તેથી દાનવીર ભીમ શેઠે કૃપણ શેઠના ઘરે જઈ કહ્યું, ''મારે ત્યાં અતિથિ આવ્યા છે. તેને મારે ભોજન આપવું છે તેથી મને ઘી આપો.'' શેઠે કહ્યું, ''તું ધન આપ.'' ભીમે કહ્યું, ''અતિથિને દાન આપતાં જે પુણ્ય થાય તે પુણ્ય તમને થશે.'' કૃપણ શેઠે કહ્યું, ''મને પુણ્યની જરૂર નથી. હું અધિક પુણ્યનો ભાર ઉપાડી શકું એમ નથી.'' ભીમે ધન આપ્યું એટલે કૃપણ શેઠે કહ્યું, ''હું તને બદલામાં ચાર ગણું ઘી આપીશ.'' ભીમે ઘી લાવી વિક્રમ રાજા, જે અતિથિ હતા તેમને આદરપૂર્વક જમાડયા.

વિક્રમ રાજા ભીમના ઘરમાં જે દિવસે જમ્યા તે રાત્રિએ અચાનક કૃપણ શેઠ અને ભીમ વણિક બન્નેનું મૃત્યુ થયું. રાજાએ તે જાણી વિચાર્યું, 'મને દાન આપ્યું તેથી તે મરી ગયો લાગે છે, તો હું પણ મરી જાઉં.' એમ વિચારી વિક્રમ રાજાએ તલવાર વડે માથું વાઢવાનો પ્રયત્ન કર્યો ત્યાં આકાશવાણી થઈ, 'રાજન્! આજથી દશમે મહીને તમારે **કાંતિપુરી**માં જવું. ત્યાં તમને દાનનું ફળ જોવા મળશે.'

રાજા નવ માસ પછી કાંતિપુરી પહોંચ્યો. ત્યાં એક ચંડાલિનીને છ પુત્રી ઉપર સાતમો ગર્ભ રહેલ. તે ગર્ભને પડાવવા મથામણ કરી રહી હતી, છતાં ગર્ભ ન પડયો. અનુક્રમે ચંડાલિનીએ પુત્રીને જન્મ આપ્યો. તે પુત્રીને તેણીએ ઉકરડામાં ત્યજી દીધી. એટલામાં ત્યાં આવેલા વિક્રમ રાજાએ ચંડાલિનીને કહ્યું, ''આ પુત્રીનો ત્યાગ કેમ કર્યો?'' તેણીએ કહ્યું, ''આ પુત્રી ગર્ભમાં આવી ત્યારથી અશુભ દોહદો ઉત્પન્ન થયા છે. વળી, ઘરમાં તો આજનું ખાવાનું પણ નથી. ત્યાં કુટુંબને ક્યાંથી પાળીશ?'' તે સાંભળી રાજાએ ઘણું ધન આપી ચાંડાલિનીને પુત્રી પાછી સોંપી.

ત્યારપછી રાજા નગરમાં આવ્યા. આ બાજુ તે નગરમાં રાજાને ત્યાં પુત્ર જન્મ્યો. તે નવજાત શિશુ સ્તનપાન કરતો ન હતો તેથી રાજાએ નગરમાં પડઘો વગડાવ્યો. 'જે રાજકુમારને દૂધ પીતો કરશે, તેને રાજા સો ગામ આપશે.' પરંતુ કોઈએ તેનો સ્પર્શ ન કર્યો. વિક્રમ રાજા તે નવજાત શિશુ પાસે આવ્યો. 'કોઈએ આ બાળકનું ગળું થંભાવ્યું છે.' એમ વિચારી વિક્રમ રાજાએ પોતાના ગળા પર તલવાર મૂકી કહ્યું, ''જે કોઈએ આ બાળકનું ગળું થંભાવ્યું હોય, તે મારી સમક્ષ પ્રગટ થાવ. અન્યથા હું મરી જઈશ.'' ત્યારે દાનનાં અધિષ્ઠાતા

દેવ બાળકના મુખમાં અવતર્યા અને બોલ્યા, ''હે રાજન્! શું તમે મને ઓળખે છો? હું સોપારક નગરનો રહેવાસી ભીમ વણિકનો જ જીવ છું. અતિથિ તરીકે આવેલા તમને દાન આપ્યું, તે દાનનાં પુણ્યથી મૃત્યુ પામી હું રાજપુત્ર થયો છું.''

રાજાએ પૂછયું, ''કૃપણ શેઠ ક્યાં ઉત્પન્ન થયો છે?'' બાળકે કહ્યું, ''પુત્રીનો ત્યાગ કરતી જે ચંડાલિનીને તમે ધન આપી તેનું રક્ષણ કર્યું છે. તે જ પુણ્યરહિત કૃપણ શેઠનો જીવ પુત્રીપણે ઉત્પન્ન થયો છે. હું દાનની અધિષ્ઠાયિકા દેવી બાળકના મુખમાં અવતરી દાનનું માહાત્મ્ય બતાવવા બોલું છું.''

એ પછી રાજપુત્ર સ્તનપાન કરવા લાગ્યો. બાળકનાં પિતાએ વિક્રમ રાજાને સો ગામ ભેટમાં આપ્યા પરંતુ વિક્રમ રાજાએ ગ્રહણ કર્યા નહીં. દેવીના મુખેથી દાનનું ફળ સાંભળી રાજાએ દાનનો પ્રવાહ વહાવ્યો. પ્રસ્તુત કથાનક વિક્રમ રાજાનું સાહસ, દાનવીર ભીમ વણિકની ગતિ અને દાનનું ફળ ઉજાગર કરે છે.

**ભોજ રાજા**: (પ્રબંધ પંચશતી, ક.૫૦૫)

**ધારાનગરી**ના **રાજા ભોજ** સાહિત્ય પ્રેમી અને દાનવીર તરીકે પ્રસિદ્ધ હતા. તેઓ લક્ષ્મીનું ચંચળપણું માની દાન આપતી વખતે આગળ-પાછળનો વિચાર ન કરતાં ઘણું ધન દાનમાં આપતા હતા. **'Give without a Thought'** એ પ્રેરણા સૂત્રનું સદા ચિંતન કરતા. ત્યારે **રોહિત** નામના મંત્રીએ વિચાર્યું, 'જો રાજા આ પ્રમાણે દાન આપતા રહેશે, તો એક દિવસ રાજભંડાર ખાલી થઈ જશે માટે કોઈપણ ઉપાયે રાજાને દાન દેતાં રોકવા જોઈએ.' મંત્રીએ ચિત્રશાળાના ભારવટ્ટ ઉપર ગુપ્ત રીતે એક શ્લોક લખ્યો. **'आपदार्थे धनं रक्षेत्'** અર્થાત્ આપત્તિ માટે ધન બચાવીને રાખવું જોઈએ. રાજાની દૃષ્ટિ આ શ્લોક પર પડી. રાજા ક્ષણવારમાં સમજી ગયા કે મને દાન આપવાની ભાવનાથી રોકવા માટે આ શ્લોક મંત્રી દ્વારા લખાયો છે. તેમણે એ શ્લોકની નીચે લખ્યું કે - **'भाग्यभाजः क्व आपदः ।'** અર્થાત્ ભાગ્યશાળીઓને આપત્તિ ક્યાંથી આવે? રાજા દ્વારા લખાયેલી પંક્તિ જોઈ મંત્રીને થયું રાજાને કોઈ અસર થઈ નથી માટે મંત્રીએ રાજાની પંક્તિની નીચે પુનઃ એક પદ ઉમેર્યું. **'दैवं हि कुप्यति क्वापि ।'** અર્થાત્ ક્યારેક નસીબ જ રુઠી જાય તો? રાજાએ આ પદ વાંચ્યું. ચહેરા પર સ્મિત લાવી તેની નીચે ફરી એક પંક્તિ ઉમેરી. **'संचितोऽपि विनश्यति'** અર્થાત્ સંચિત કરેલી સંપત્તિ પણ ભાગ્ય રુઠે ત્યારે નાશ પામી જાય છે, તેથી ધનનો સંચય ન કરતાં દાન કરતાં રહેવું જોઈએ.

રાજાનું મન દાનમાં આસક્ત જાણી મંત્રીએ રાજાને ખમાવ્યા અને કહ્યું, ''હે રાજન્! તમે ભાગ્યશાળી છો કારણકે તમારું મન દાનમાં અતિઆસક્ત છે.'' ત્યારબાદ ખુશ થયેલા રાજાએ મંત્રીને ઘણું ધન આપ્યું.

નિષ્કર્ષ એ છે કે ધનના સંચયની અપેક્ષાએ દાન કરવું સર્વશ્રેષ્ઠ છે કારણકે દાન કરવાથી પાછળથી પસ્તાવાનો અવસર આવતો નથી. સ્વેચ્છાએ આપેલું દાન મનને સંતોષ અને શાંતિ પ્રદાન કરે છે.

**મમ્મણ શેઠ** : (ઉપદેશ તરંગિણી)

એક નગરીમાં એક ગરીબ વણિક રહેતો હતો. તેણે વિવાહ કર્યા ન હતા. એકવાર નગરમાં કોઈ શ્રીમંતે કોઈ ભોજ પ્રસંગે નગરજનોને સુગંધી લાડવાની પ્રભાવના કરી. તે વણિકને પણ એક લાડવો મળ્યો.

તેણે ભૂખ લાગશે ત્યારે ખાઈશ એમ વિચારીને વાસણમાં ઢાંકીને મૂક્યો. બીજે દિવસે પંચમહાવ્રતધારી માસોપવાસી, ઘણી લબ્ધિયુક્ત મુનિરાજ તેને ઘેર ભિક્ષા માટે પધાર્યા. વણિકે વંદન કરી અત્યાગ્રહ કરતાં કહ્યું, ''હું ધન્ય બન્યો છું તેથી તમારા પાવન પગલાં મારા આંગણે થયાં છે. મને લાભ આપી કૃતકૃતાર્થ કરો.'' મુનિએ ના પાડી છતાં વણિકને ત્યાં અન્ય કોઈ વસ્તુ ન હોવાથી તેણે સ્વાદિષ્ટ સિંહ કેસરિયો આખો લાડુ વિશુદ્ધ ભાવે વહોરાવ્યો.

તે શુદ્ધ, નિર્દોષ અને પ્રાસુક આહાર ગ્રહણ કરી, 'ધર્મલાભ' આપી મુનિ ચાલ્યા ગયા. ત્યારબાદ તેના ઘરની બાજુમાં એક વ્યક્તિ રહેતો હતો, જે સાધુઓ પ્રત્યે દ્વેષી હતો. તેણે વણિક પાસે જઈ કહ્યું, ''આજ તારે ત્યાં મોટા સાધુ આવ્યા હતા. તેં એને શું આપ્યું?'' વણિકે કહ્યું, ''જરા સભ્યતાથી બોલ. તપસ્વી સાધુ ભગવંતને તુચ્છ શબ્દોથી બોલાવવા શું ઉચિત છે? મારી પાસે છે પણ શું કે હું એમને આપું? આજ સદ્ભાગ્યે લાડુની લહાણી થઈ હતી અને યોગાનુયોગ તપસ્વી સંત પધાર્યા. એથી મને સહજ લાભ મળી ગયો.'' પડોશીએ કહ્યું, ''આવો સ્વાદિષ્ટ લાડુ મેં પહેલી વાર જોયો છે. શું એનો સ્વાદ છે! તેં લાડવો ખાધો કે નહીં?''

વણિકે કહ્યું, ''મેં તો ભિક્ષા માટે પધારેલા મુનિવરને એ લાડવો આપી દીધો.'' ત્યારે પાડોશીએ કહ્યું, ''અરે મૂર્ખ! તે લાડવો અપૂર્વ, ક્યારેય ન ખાધેલો, સુરભીગંધયુક્ત, ઘીથી લચપચતો એક વાર અવશ્ય ચાખવા યોગ્ય હતો. શું તેં એ લાડવાને ચાખ્યો પણ નથી?'' પાડોશી લાડુની અતિ પ્રશંસા કરી રહ્યા હતા ત્યારે વણિકની લાડુ ખાવાની ઉત્કંઠા ઉછાળા મારવા લાગી. તેણે વાસણમાં રહેલા લાડુના ચૂર્ણને ચાખ્યો. હવે તે લાડુના સ્વાદમાં લુબ્ધ બન્યો. તેની મતિ બગડી. લાડુની મીઠાસે મુનિ દાનના રસને બગાડયો. તેનો હર્ષ વિષાદમાં ફેરવાયો. તે વિચારવા લાગ્યો કે, 'અરર! મેં આ શું કર્યું! આવી સ્વાદિષ્ટ વસ્તુ મુનિને આપી દીધી! બધી જ! કશુંય બાકી ન રાખ્યું! આ મુનિ ક્યાંથી હમણાં જ ચડી આવ્યા? આ તો સંત છે. તેમને તો રોજ રોજ ભિક્ષામાં લાડુ મળી શકે છે. મને ક્યાં રોજ લાડુ મળવાના હતા? મેં વ્યર્થ તેમને લાડુ આપી દીધો.' આ પ્રમાણે વણિક પશ્ચાતાપ કરવા લાગ્યો.

દાન ધર્મના ફળને ભૂલી જઈને લોભાંધ બની વણિકે મુનિવરની પાછળ દોટ મૂકી. તે 'મુનિરાજ, મુનિરાજ! ઊભા રહો, ઊભા રહો!'ની બૂમો પાડતો દોડયો. શ્રમણવર્યને અંબીને તેણે કહ્યું, ''મુનિરાજ! મને મારો લાડુ પાછો આપો.'' મુનિરાજે સમજાવતાં કહ્યું, ''વત્સ! સાધુના પાત્રમાં પડેલું અનાજ કદાપિ પાછું અપાતું નથી.'' આહારસંજ્ઞાએ વણિકને ભરડો લીધો. લાડુના રસમાં લુબ્ધ વણિક મુનિની એક વાત સાંભળતો નથી. તેણે ઘણી જીદ કરી. 'મોદક પાછા આપો... જો નહીં આપો તો તમને તો ખાવા નહીં જ દઉં.'

ત્યારે મુનિવરે પરિસ્થિતિ પામી જઈ કહ્યું, ''પ્રેમ વિના આપેલો આહાર અમને ન કલ્પે, તેમજ પાછો પણ ન અપાય.'' એમ વિચારી મુનિ ભગવંતે **ઢંઢણ મુનિ**ની જેમ લાડવાનો ચૂરો કરી ધૂળમાં પરઠવી દીધો. ભારે કલ્પાંત કરતો વણિક વિચારે છે કે, 'હું કેવો હતભાગી છું. કેવા મુહૂર્તમાં આ લાડવો આવ્યો કે ન મહાત્માએ ખાધો કે ન મને ખાવા દીધો.' આમ, વારંવાર અફસોસ કરતો, લાડવાનો ક્ષય થવાથી નિરાશ વદને ઘરે પાછો વળ્યો. તે મુનિવર વનમાં જઈ પુનઃ ઉપવાસ, સ્વાધ્યાય અને ધ્યાનમાં જોડાયા.

સુપાત્રદાનની અનુમોદના ન કરતાં વારંવાર પસ્તાવો કરવાથી વણિકે તીવ્ર ભોગાંતરાય કર્મ બાંધ્યું. આખરે પુણ્યબંધ કે પાપબંધની મૂળભૂત આધારશીલા તો ભાવ જ છે!

આ વણિક મૃત્યુ પામી **રાજગૃહી** નગરીમાં **મમ્મણ શેઠ** બન્યો. **મહારાજા શ્રેણિક**ની સંપત્તિ કરતાં

અનેકગણી વધુ તેની પાસે સંપત્તિ હતી એટલે કે તે નવ્વાણુ કરોડનો માલિક હતો. પરંતુ તેને ભોગવી શકે એવું શરીર ન મળ્યું.

આટલી સંપત્તિ હોવા છતાં તેની તૃષ્ણા ન મટી. તેણે પોતાના દીકરાઓને થોડી થોડી પુંજી આપી વ્યાપાર અને ગુજરાન ચલાવવા અલગ કરી દીધાં હતાં. બધા દીકરાઓ મમ્મણ શેઠની સંકુચિત વર્તણૂકથી કંટાળી પરિવાર સહિત પરદેશ ચાલ્યા ગયા હતા. હિરા-પન્ના જડિત બળદ બનાવવામાં મમ્મણે પોતાની શક્તિ લગાવી દીધી. એક બળદને જોઈ તેના મનમાં જોડીનો બીજો બળદ બનાવવાની ધૂન સવાર થઈ. તેના માટે તે ઠંડી, ગરમી, વરસાદ અને અંધારી રાતની પરવા કર્યા વિના તનતોડ મહેનત કરવા લાગ્યો.

સુપાત્રદાનથી દ્રવ્યની બહુલતા પ્રાપ્ત થઈ પરંતુ ભોગાંતરાય કર્મના ઉદયથી તેલ-ચોળા સિવાય બીજું કંઈ ખાઈ પણ ન શકતો. સૂવા માટે ઢોલિયો હોવા છતાં તેને ગાદી-તકિયા પર ઊંઘ ન આવતી, જમીન ઉપર જ સૂઈ જતો, ત્યારે નિદ્રા આવતી. ગાદી તકિયા પર સૂવે તો એના શરીરે શૂળો ભોંકાતી હોય તેવો અનુભવ થતો. શરીર પર સારાં વસ્ત્રો કે અભૂષણો પહેરી ન શકતો તેથી માત્ર એક પોતળી જ પહેરતો !

તેણે આખી જીંદગી રત્નોના બળદની જોડ બનાવવામાં વીતાવી. તલઘરના એક અંધારીયા ઓરડામાં આ રત્નોના બળદ રાખેલા હતા. કૌતુક પામેલા મહારાજા શ્રેણિક તે બળદ જોવા મમ્મણના ઘરે પહોંચ્યા. ઓરડો ખોલતાં જ રત્નોના પ્રકાશથી ઝળહળી ઉઠયો. જોયું તો બે મોટા સોનાનાં રત્નજડિત વૃષભ ઉભાં હતાં. જ્યાં જેવા ઉચિત હોય ત્યાં તેવા જ કિંમતી રત્નો તેમાં ગોઠવેલાં હતાં. શિંગડા, ખરી, મુખ, નાકનો ભાગ રિષ્ઠ રત્નોથી બનાવેલાં હતાં. આંખો તો જાણે સાવ સાચી જણાય તેવા દુર્લભ રત્નોની હતી. આ વૃષભ તેનો ઘાટ સોના-રત્નોની ઝીણવટભરી ચમત્કારી રચના જોઈ રાજા માથું ધુણાવવા લાગ્યા. રાણી ચેલ્લણાએ કહ્યું, ''આવા રત્નો તો આપણાં રાજકોશમાં પણ નથી. એવાં રત્નો આપવાં ક્યાંથી ? શક્તિ બહારની વાત છે.'' રાજાએ કહ્યું, ''ભાઈ ! આવાં બળદ તો મારું આખું રાજ્ય વેંચી નાખું તો પણ ન બની શકે. આવા બળદ ક્યાંય જોવા મળે એમ નથી. હા, મમ્મણ શેઠ ! આ કાર્ય શી રીતે પૂર્ણ કરશો ?''

મમ્મણે કહ્યું, ''સ્વામી ! આ શિંગડા માટે મારા પુત્રો વહાણવટું કરે છે. અમે ખોટો ખર્ચ કરતા નથી. સમય વેડફતા નથી. હું કોઈ વેપાર કરું તો મૂડીનું રોકાણ થાય, ખોટું સાહસ કરવું પડે. ધંધામાં ખોટ જાય તેથી રાતના નદીમાં તણાતાં લાકડાં ભેગા કરી વેચું છું. કોઈ વાર બાવના ચંદનનું કિંમતી લાકડું હાથવગું થાય તો ઓચિંતો લાભ પણ થઈ જાય. એમાં ઘણું ધન મળી રહે છે. એટલે શિંગડું તૈયાર થઈ જશે.'' મમ્મણની અસીમ કંજૂસાઈ જોઈ રાજા-રાણી વિસ્મય પામ્યાં. 'આવી કૃપણતા !'

રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને મમ્મણ શેઠની આવી વૃત્તિનું કારણ પૂછ્યું. ત્યારે ભગવાને મમ્મણના પૂર્વ ભવની ઘટના કહી.

મમ્મણ કાળી મજૂરી કરી મરીને પરિગ્રહની કાંક્ષાથી નરકમાં ગયો. તેની અદમ્ય ઈચ્છા પૂર્ણ ન થઈ. તેની સર્વ લક્ષ્મી નાશ પામી. એક જ નગરના નાગરિક **શાલીભદ્ર** અને મમ્મણના પૂર્વ ભવમાં પ્રસંગમાં કેટલી સામ્યતા છે. ફરક પડી ગયો માત્ર ધર્મ કર્યા પછીની પળોમાં ! એકે દાન આપી ધન્યતા માની અને બીજાએ ભારે ભૂલ માની. શાલીભદ્ર કરતાં મમ્મણ પાસે વધુ સંપત્તિ હતી પરંતુ દાનનાં પશ્ચાતાપના તીવ્ર ભાવે તે પાપાનુબંધ પુણ્યનો ભોક્તા બન્યો. ખરેખર ! ન્યાયોપાર્જિત ધન હોવા છતાં કૃપણનું ધન કાંકરા બરાબર બન્યું. ન તેણે આપ્યું, કે ન તેણે ભોગવ્યું.

વ્યાસ સ્મૃતિમાં કૃપણ માટે કટાક્ષમાં કહેવાયું છે કે -

**''अदाता कृपणस्त्यागी, धनं संत्यज्य गच्छति।**

**दातारं कृपणं मन्ये, न मृतोऽप्यथ मुंचति।।''**

**અર્થ :** કૃપણ માનવી વાસ્તવમાં ત્યાગી છે, કેમ કે તે ધનને અહીં જ છોડીને પરલોકમાં ચાલ્યો જાય છે. દાતાને તો હું કૃપણ માનું છું કેમ કે તે મરવા છતાં ધનને છોડતાં નથી. અર્થાત્ પુણ્યરૂપી ધન તેમની સાથે જ પરલોકમાં જાય છે.

આમ, દાનમાં પશ્ચાતાપ એ દાનનું દૂષણ છે.

**માલી :** (જૈન ધર્મમેં દાન કા સ્વરૂપ, લે. પુષ્કર મુનિ)

એક ચતુર અને ન્યાયસંપન્ન રાજા હતો. તેના રાજ્યમાં લાખો નોકરો હતાં. પ્રતિમાસ તેમને વેતન આપવામાં આવતું હતું. એક દિવસ રાજાને વિચાર આવ્યો કે, 'તેમનો ખજાનચી ઘણાં દિવસોથી બીમાર છે. હવે તે કાર્ય કરવામાં અસક્ત છે. તેથી એવા કુશળ ખજાનચીની નિમણૂક કરવી જોઈએ, જે રાજ્યની આવકનો સારી રીતે ખર્ચ કરી શકે.' રાજાએ સમગ્ર રાજ્યમાં ઘોષણા કરાવી કે, મને આ પ્રકારનો ખજાનચી જોઈએ છે. ઘોષણા સાંભળી ખજાનચી બનવાના લોભથી દૂર-દૂરથી હજારો વ્યક્તિઓ આવવા લાગ્યા. જાણે રાજા તેને જ ખજાનચી બનાવશે ! એક વર્ષ થવા આવ્યું. હજી સુધી રાજાએ કોઈ વ્યક્તિને ખજાનચી તરીકે ચૂંટયો ન હતો.

એક દિવસ એક માળી રાજદરબારમાં આવ્યો. તેણે કહ્યું, ''મહારાજ ! મને ફક્ત વીસ રૂપિયા માસિક વેતન મળે છે. હું દરબારના ઉદ્યાનમાં માળીનું કામ કરું છું. મારી અડધી આવક હું ખાવા-પીવા અને ઘર વ્યવસ્થામાં ખર્ચ કરું છું. આવકના ચોથા ભાગમાંથી હું કર્જ ચૂકવું છું. શેષ ચોથા ભાગની આવક હું ઉધાર આપું છું.'' ચતુર રાજા સમજી ગયો કે, 'આ માળી ખૂબ હોંશિયાર છે. તેની વાતમાં કંઈક રહસ્ય છે.' રાજાએ પૂછ્યું, ''તારા પર કોનો કર્જ છે ? આટલી નજીવી આવકમાંથી ઉધાર કઈ રીતે આપી શકે છે ?''

માળીએ કહ્યું, ''મહારાજ ! મારા માતા-પિતાએ મારું સારું પાલનપોષણ કર્યું છે અને સમાજે મને જ્ઞાન-વિજ્ઞાન, સંસ્કાર આપ્યા છે તેથી તેમની સેવા કરું છું. તેમના માટે જે ખર્ચ કરું છું, એ એક રીતે તો તેમનું ઋણ જ ચૂકાવું છું ને ! સાથે સાથે મારા બાળકો અને અન્ય નિર્ધન વિદ્યાર્થીઓની શિક્ષા પાછળ જે ખર્ચ કરું છું. એ પણ એક તરફથી તો ઉધાર આપવા સમાન છે. તેઓ મોટા થઈ મારી સેવા કરી તે કર્જ ચૂકવશે. આ પ્રમાણે હું પરિવાર અને સમાજને મારી આવકમાંથી ચોથો હિસ્સો આપી જૂનું કર્જ ચૂકાવું છું અને નવી પેઢીને શેષ ચોથો હિસ્સો આપી કર્જ આપું છું.'' માળીની વાત સાંભળી રાજા અતિ પ્રસન્ન થયા. તેમણે માળીને ખજાનચીના પદે નિયુક્ત કર્યો. આમ, દાન આપવાથી સમાજનું ઋણ ચૂકવાય છે. ધનનો સંગ્રહ કરવાથી સમાજ, પરિવાર, જાતિ, રાષ્ટ્રનું ઋણ માથે ચઢે છે.

**શ્રી સ્થાનાંગ સૂત્ર** (૩/૧/૧૩૫)માં સમાજના આ ઋણની તરફ સંકેત કરતાં સ્પષ્ટપણે કહ્યું છે :

**'तिण्हं दुप्पडियारं समणाउसो ! तं जहा-अम्मापिउणो भट्टिस्स, धम्मायरियस्स।'**

હે આયુષ્યમાન શ્રમણો ! માતા-પિતા, શેઠ અને ધર્માચારી આ ત્રણના ઉપકાર (દાન)નો બદલો (પ્રતિદાન) વાળવો ઘણો દુષ્કર છે. આમ, સ્પષ્ટ થાય છે કે, સમાજ કે અન્ય પ્રાણીઓ પાસેથી લીધેલી સહાયથી ઋણમુક્ત થવા માટે દાન જ કળિયુગમાં મીઠી વીરડી સમાન છે.

**મિગાર શેઠ** : (દાનનું સ્વરૂપ, જૈન ધર્મમેં દાન)

**મિગાર** શેઠ **શ્રાવસ્તી**ના અતિ ધનાઢ્ય પુરુષ હતા. તેઓ શ્રમણોપાસક હતા. મિગાર શેઠનો પુત્ર **પૂર્ણવર્ધન**, જેના વિવાહ **સાકેતપુર**ના **ધનંજય** શ્રેષ્ઠીની પુત્રી **વિશાખા** સાથે થયા હતા. વિશાખા બૌદ્ધ ભિક્ષુઓની ઉપાસિકા હતી. તેને ધનાઢ્ય શેઠની પુત્રી હોવાનું ગુમાન હતું.

એકવાર મિગાર શેઠ બપોરના ટાણે જમવા બેઠા. તે સમયે એક નિર્ગ્રંથ મુનિ ભિક્ષા માટે પધાર્યા. મિગાર શેઠે મુનિનો આદર-સત્કાર કર્યો અને આહાર ગ્રહણ કરવા કૃપા કરવા માટે નિવેદન કર્યું પરંતુ વિશાખા બૌદ્ધ ધર્મી હોવાથી તેણે જૈન મુનિને ન આદર આપ્યો કે ન આહાર આપ્યો. જૈન મુનિ માટે સ્વેચ્છાએ, સ્વત્વ, મમત્વ અથવા સ્વામિત્વના વિસર્જન સહિત આપેલી ભિક્ષા જ ગ્રહણ કરવા યોગ્ય છે. મનમાં સંકલેશ કે અશ્રદ્ધા થાય, મન ડહોળાયેલું હોય તેવી ભિક્ષા લેવી હિતાવહ નથી. એ કારણે નિર્ગ્રંથ મુનિ પાછા વળ્યા. મિગાર શેઠે ખૂબ અનુનય-વિનય કર્યો કે, ''ભગવાન ! આપ આહાર ગ્રહણ કરીને જ જાવ. પરંતુ મુનિ માટે આ આહાર અગ્રાહ્ય બન્યું કારણકે તેની પાછળ એકની મરજી હતી બીજાની બિલકુલ ઈચ્છા ન હતી. આ કારણે મુનિનું પાછા ચાલ્યા જવું ઉચિત હતું. **ગોરખનાથે** આ સંદર્ભમાં કહ્યું છે -

**''સહજ મિલા સો દૂધ બરાબર, માંગ લીયા સો પાની,**
**ખીંચ લિયા સો રક્ત બરાબર, કહ ગયે 'ગોરખ' બાની.''**

સાધુ માટે સહજભાવથી, સ્વામિત્વ, અહંત્વના વિસર્જન પૂર્વકની ભિક્ષા લેવાનું વિધાન છે. કોઈ દાતા ઉધાર લઈને કે બળજબરીથી છીનવી કે ભય બતાવી બીજા પાસેથી વસ્તુ લઈ તે વસ્તુ સાધુને આપે તો સાધુ માટે તે અગ્રાહ્ય છે. તેવું દાન અયથાર્થ લેખાય છે.

**મુધાજીવી** : (ઉપદેશ તરંગિણી, પૃ. ૩૩)

એક દિવસ **શક્તિસિંહ રાજા**નો **મુંગલરાજ** નામનો રાજકુમાર ઘોડા ખેલવવા અરણ્યમાં ગયો. ત્યાં તેને કોઈક ગોપાળે (ગોવાળિયાએ) અન્યોક્તિની કવિતાથી રંજિત કર્યો. બદલામાં રાજાએ તેને અલ્પદાન આપ્યું તેથી ગોપાળે પુનઃ વડ વૃક્ષ પ્રત્યેની અન્યોક્તિથી રંજિત કર્યો. હવે રાજાએ તેને મહેલમાં બોલાવી ભોજન કરવા બેસાડયો તથા થાળીમાં હીરા, માણેક, મોતી વગેરે અમૂલ્ય વસ્તુઓ પીરસી સંતુષ્ટ કર્યો.

**મૃગાંક ચરિત્ર - હંસપાલ** : (વિરાગની મસ્તીમાંથી)

**વારાણસી** નગરીમાં **કુસુમસાર** શ્રેષ્ઠી અને **સ્વયંપ્રભા** શેઠાણી રહેતાં હતાં. તેમની **શાલિની** નામની દાસી હતી. સ્વયંપ્રભાને ઘણાં વર્ષ સુધી પુત્રની પ્રાપ્તિ ન થઈ. દાસી દ્વારા નગરમાંથી યોગિનીને બોલાવી. તેણે ગુટિકા આપી. તેનું સેવન કરતાં પુત્રનો જન્મ થયો. તેનું નામ **મૃગાંક** રાખ્યું. મૃગાંકને મોટો થતાં વિદ્યાભ્યાસ માટે નિશાળે મોકલ્યો. તે જ ગામમાં **ધનંજય શેઠ** અને **ધનવંતી શેઠાણી**ની પુત્રી **પદ્માવતી**ને પણ એ જ નિશાળે ભણવા માટે મોકલામાં આવી. મૃગાંક અને પદ્માવતી વચ્ચે પ્રથમ મૈત્રી અને ત્યાર બાદ પ્રીતિ બંધાણી. બન્ને ભણવામાં હોંશિયાર હતા.

એકવાર વેકેશનમાં બધા પોતપોતાના ગામે ગયા પરંતુ પદ્માવતી ન ગઈ. વેકેશન પૂર્ણ થતાં

પદ્માવતી માટે તેના પિતાએ મૃગાંક સાથે ૮૦ કોડી મોકલી. મૃગાંકે પદ્માવતીને ૮૦ કોડી ન આપી પરંતુ રસ્તામાં કોળાપાક લઈને ખાઈ ગયો. પદ્માવતી ગુસ્સે થઈ ગઈ. મૃગાંકે કહ્યું, ''પદ્મા! ૮૦ કોડીનું તું શું કરવાની હતી ?'' પદ્માએ કહ્યું, ''હું તેનાં કુંડળ બનાવત.'' મૃગાંકને પોતાનો અહં ઘવાતો દેખાયો. મનમાં વૈર લેવાની ઈચ્છા થઈ. બન્ને મોટા થયાં. તેમના વેવિશાળની વાત મૂકાણી. તે વખતે **શિખર** શ્રેષ્ઠીની **સ્નેહમાયા** સાથે મૃગાંકનું વેવિશાળ થયેલું હતું પરંતુ પ્રતિશોધની ભાવનાથી મૃગાંકે સ્નેહમાયાને બદલે પદ્માવતી સાથે વેવિશાળ કરી લગ્ન કર્યા. થોડો સમય સુખેથી સંસાર ચાલ્યો.

એક દિવસ મૃગાંકે પરદેશ જવાની અનુમતિ માંગી. માતા-પિતાની અનુમતિ લઈ મૃગાંક અને પદ્માવતી પરદેશ ગયા. રાક્ષસ દ્વીપની ટેકરી ઉપર પદ્માને એકલી સૂતી મૂકીને પાલવે ૮૦ કોડી બાંધી, ચીઠી મૂકી મૃગાંક ચાલ્યો ગયો. એક **રણજિત** નામના પથિકે તેને રડતી જોઈ આશ્વાસન આપ્યું. પદ્માના સૌંદર્યને જોઈ પથિક કામાસક્ત થયો. રણજીત પદ્માને લઈ વહાણમાં આવ્યો. પદ્મા પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરવા લાગી. મધદરિયે વહાણ શિલા સાથે અફડાતાં તૂટયું. પદ્માવતી પુણ્યથી દરિયા કિનારે પહોંચી. ત્યાં પદ્માવતીને હાથીએ સૂંઢમાં ઉપાડી આકાશમાં ઉછાળી. તે વિદ્યાધરના વિમાનમાં ઉછળીને પડી. વિદ્યાધર **ચંદ્રરાજ** તેના રૂપથી મોહિત થયો. પદ્માવતીએ તેને પ્રતિબોધ પમાડયો. ભાઈ-બહેનનો સંબંધ બંધાયો. વિદ્યાધરે પદ્માવતીને ત્રણ વિદ્યાઓ આપી. અદશ્યકરણી, પરવિદ્યાનાશિની અને રૂપપરાવર્તિની.

રૂપપરિવર્તન વિદ્યાના પ્રભાવે પદ્માવતી પુરુષવેશે **સુંસુમાર** નગરમાં પ્રવેશી. રાજ્યની **સોના** નામની માલણને ત્યાં ઉતરી. પોતાનું નામ **'સહસાંક'** રાખ્યું. ૮૦ કોડીઓ ખર્ચી માલણ દ્વારા બજારમાંથી પીછાં મંગાવ્યાં. તેનો પંખો બનાવ્યો. આ પંખાની વચ્ચે **નરબ્રહ્મ** રાજાનું નામ ગૂંથ્યું. આ પંખાની કિંમત ૫૧૬ સોનામહોર રાખી. રાજાની દાસીએ અદ્‌ભૂત પંખો જોયો. તેણે ખુશ દઈ બમણી કિંમત (૧૦૩૨ સોનામહોરો) આપી. દાસીએ જઈ આ પંખો રાજાને આપ્યો. પંખો જોઈને રાજા ખુશ થયાં.

રાજાએ રાજકુમારનાં વિદ્યાભ્યાસ માટે સહસાંક કુમારને તેડાવ્યો. હવે સહસાંક જ્ઞાનદાતા ગુરુ બન્યો તથા તેણે જકાતનામું સંભાળ્યું.

એક વખત કાળઝાળ **દુર્જય ચોર** ચમત્કારી વિદ્યાના પ્રભાવથી નગરજનોને રંજાડવા લાગ્યો. ત્યારે તેને પકડવા **કૌશેયા** વેશ્યાએ બીડું ઝડપ્યું. ચોર કુબ્જા દાસીને સુંદર બનાવી અને વેશ્યાને ગધેડી બનાવી ભાગી ગયો. વળી, રાજપુત્રી **આમીની**ને ઉપાડી ગુફામાં લઈ ગયો. ચોર રાજકુમારીના રૂપથી મોહિત થયો. રાજકુમારી ત્રણ દિવસની ઉપવાસી હતી. નગરમાં નરબ્રહ્મ રાજા અને રાણીએ ઢંઢેરો પીટાવ્યો કે, ''જે દુર્જય ચોરને પકડી લાવશે તેને લક્ષ્મી સહિત કુંવરી આપીશ.'' સહસાંકે બીડું ઝડપયું. વિદ્યાના પ્રભાવથી સહસાંકે દુર્જય ચોરને પકડીને રાજા સમક્ષ હાજર કર્યો. નરબ્રહ્મરાજા અને રત્નમાળા પોતાની પુત્રી આમીનીને જોઈ ભેટી પડયાં. સહસાંકે ચતુરાઈથી દુર્જય ચોરને પણ છોડાવ્યો. દુર્જય ચોરે ખુશ થઈ પોતાની ચાર વિદ્યા સહસાંકને આપી. હવે રાજાએ શરત મુજબ પોતાની પુત્રી આમીનનો હાથ સહસાંકને આપવાનું કહ્યું ત્યારે સહસાંકે છ મહિનાની મુદત માંગી ''પછી લગ્ન કરીશ'' એવું કહ્યું.

સહસાંકને જકાતનાકું સંભાળતાં એકવાર એવા સમાચાર મળ્યા કે, 'મૃગાંક પરદેશથી માલ ભરેલા વહાણ લઈને આવે છે.' મૃગાંકે ભેટણું મોકલ્યું ત્યારે સહસાંકે અડધો કરવેરો જાણી જોઈને માફ કર્યો. એટલામાં સહસાંકના અનુચરે આવીને કહ્યું, ''સ્વામી! મૃગાંકનાં જલયાનમાં દાણચોરીનો ઘણો માલ હજુ

પડયો છે.'' મૃગાંકને પકડવામાં આવ્યો. મૃગાંકે કહ્યું, ''છૂટવાની શરત કઈ ?'' સહસાંકે કહ્યું, ''એક પાળી જેટલું ઘી રાત્રે મારા પગે ઘસી આપો તો તમને છોડીશ.'' મૃગાંક પગ ઘસતાં ઘસતાં અડધું ઘી ખાઈ ગયો ત્યારે સહસાંક ગુસ્સે થયો.

બીજી બાજુ આમિની રોજ સહસાંકને વિવાહ માટે દબાણ કરવા લાગી. અંતે સહસાંકે સ્પષ્ટીકરણ કરતાં વિસ્ફોટ કર્યો કે, ''એક સ્ત્રી શું બીજી સ્ત્રી સાથે વિવાહ કરી શકે ?'' આમિનીને આશ્ચર્ય થયું. તેણે બધી વાત માતા-પિતાને કહી. અંતે સહસાંક પોતાના મૂળ રૂપમાં આવ્યો. પદ્માને જોઈ મૃગાંક ખુશ થયો. પોતાના અપરાધની ક્ષમા માંગી. હવે આમિનીના લગ્ન મૃગાંક સાથે પદ્માએ કરાવ્યા.

એકવાર ગુરુ ભગવંત પધાર્યા ત્યારે તેમની પાસેથી મૃગાંક અને પદ્માવતીએ પોતાનો પૂર્વભવ જાણ્યો. પૂર્વે **ગુણપુર નગરમાં** [1]**હંસપાળ** નામનો ક્ષત્રિય હતો. તેની **લીલાવતી** નામની પત્ની હતી. હંસપાળે એકવાર પરદેશથી પાછાં ફરતાં શ્વેત ખાખરાનું વૃક્ષ જોયું. આ વૃક્ષની નીચે ખોદતાં નિધાન મળ્યું. લીલાવતીએ ઘેર આવી ખીર બનાવી. ત્યાં કોઈ તપસ્વી મુનિરાજ પધાર્યા. લીલાવતીએ ખીર વહોરાવી. હંસપાલને મુનિને જોઈ દુર્ભાવ ઉત્પન્ન થયો. મહાત્મા ગોચરી વહોરી ચાલ્યા ગયા. લીલાવતીને પણ પતિની વાત સાંભળી ક્ષણવાર દાન આપ્યા પછી ખોટો વિચાર આવ્યો પરંતુ સદ્‌નસીબે પાછો સદ્‌ભાવ આવતાં બન્ને પતિ-પત્ની સમકિત પામ્યાં. આ દંપતી મૃત્યુ પામી દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી બન્ને મૃગાંક અને પદ્માવતી થયાં. અહીંનું આયુષ્ય પૂર્ણ કરી બન્ને પતિ-પત્ની બારમા દેવલોકે ગયા. ત્યાંથી મનુષ્યભવ પ્રાપ્ત કરી મોક્ષપુરીના શાશ્વત સુખો પામશે.

સુપાત્રદાન ભાવપૂર્વક આપનાર સંસાર સાગર પરિત કરે છે. દાનનું ફળ અવશ્ય મળે છે પરંતુ ભાવના આરોહ-અવરોહ ઉપર તેનો મલાજો છે.

[2]**યતિક્ષુલ્લક** : (પ્રબંધ પંચશતી)

કોઈ રાજાને વૈરાગ્ય થયો તેથી તેમને ધર્મ પરીક્ષા કરવાનું મન થયું. ત્યારે કોણ અહીં કયા પ્રકારે અપેક્ષા વિના નિસ્સાર જીવે છે. તે જાણવા માટે રાજાએ નગરજનોને ભેગાં કરીને પૂછયું, ''તમારી આજીવિકા કઈ રીતે ચલાવો છો ?'' એક પુરુષે કહ્યું, ''મુખ વડે.'' બીજા પુરુષે કહ્યું, ''બે પગ વડે'' ત્રીજા પુરુષે કહ્યું, ''બે હાથ વડે.'' ચોથા પુરુષે કહ્યું, ''લોકની દયા-કૃપાથી.'' પાંચમા ક્ષુલ્લક (નાના) જૈન સાધુ હતા તેમણ કહ્યું, ''હું મુધા (ફોકટ)નો જીવું છું, કંઈ કામ કરતો નથી.''

રાજાએ ભાવાર્થ પૂછયો. તેમાં પહેલો બોલ્યો, ''રામાયણ આદિ કથા કરીને મુખેથી નિર્વાહ કરી જીવું છું.'' બીજો પુરુષ બોલ્યું, ''હું ખેપીયો (ટપાલી) હોવાથી સંદેશો લઈ જાઉં છું તેથી બે પગ વડે નિર્વાહ કરું છું.'' ત્રીજો પુરુષ બોલ્યો, ''હું લેખક છું. હું હાથથી લેખન કાર્ય કરી ગુજરાન ચલાવું છું.'' ચોથો બોલ્યો, ''હું બ્રાહ્મણ-પુરોહિત હોવાથી લોકના અનુગ્રહ-દયાથી જીવું છું.'' અંતે ક્ષુલ્લકે કહ્યું, ''હું શેઠનો પુત્ર હતો પરંતુ સંસારની અસારતા જાણી દીક્ષા લીધી. હું ભિક્ષુક હોવાથી મારા માટે જે ન બનાવેલ હોય તેવું અન્ન ગ્રહણ કરું છું.'' તે સાંભળી રાજાએ સર્વ દુખઃનાશક જૈન પ્રવ્રજ્યા અંગીકાર કરી. ત્યારબાદ તેઓ **શત્રુંજય** ઉપર જઈ આકરું તપ તપી મોક્ષે ગયા.

---

૧. હંસપાલ એ મૃગાંકનો પૂર્વભવ હોઈ શકે; ૨. પૃ.૧૮ પર રહેલી મુધાજીવીની કથા સાથે સામ્યતા ધરાવે છે.

**રણ વિક્રમ (રણશૂર)** : (અનંતનાથ જિન ચરિત્ર)

**કાંચનપુરમાં રણશૂર** નામના રાજા છે. તેમની **શ્રીકાંતા** નામની રાણી હતી. રાજા રાણીમાં આસક્ત હતા. એકવાર રાજા રાજ્યસભામાં બેઠા હતા ત્યારે સુભટે આવીને કહ્યું, ''હે રાજા! જિનધર્મ કેમ નથી કરતા ? શું તમને મૃત્યુનો ભય નથી ?'' તે સાંભળી ક્રોધિત થયેલ રાજાએ કહ્યું કે, ''મારી સાથે યુદ્ધ કર, ધર્મની વાત ન કરવી.'' પછી સુભટ વડે રાજાને વનખંડમાં મૂકાવાયો. રાજાએ વિચાર્યું, 'હું અહીં કેવી રીતે આવ્યો ? અહીં શું કરું ?'

એટલામાં આમ્રવૃક્ષ નીચે ધ્યાનસ્થ મુનિને જોયાં. રાજાએ પૂછ્યું, ''હું અહીં કેવી રીતે આવ્યો ?'' ત્યારે મુનિએ ધ્યાન પાળીને કહ્યું, ''પાંચમા દેવલોકના દેવ મને વંદન કરવા આવ્યા હતા. તેણે મને પૂછ્યું કે, 'મારા પછી અહીં કોણ દેવ થશે ?' મેં કહ્યું, 'રણશૂર રાજા તારા વિમાનમાં દેવ થશે.' તે સાંભળી તેણે કહ્યું, 'હે પ્રભુ! તે રાજા તો સ્ત્રીમાં તથા વિષયોમાં આસક્ત રહે છે, તે કઈ રીતે ધર્મ પામશે ?' મેં કહ્યું, 'જ્યારે આ વનખંડમાં રાજા આવશે ત્યારે મારા વડે પ્રતિબોધિત થશે.' તે સાંભળી દેવ તને અહીં લાવ્યો છે.''

મુનિએ રાજાને દાનાદિ ધર્મનું સ્વરૂપ દર્શાવ્યું. ત્યારથી રાજાએ શ્રાવક ધર્મ ગ્રહણ કરી દાનાદિ કાર્ય કર્યા. અંતે રાજા મૃત્યુ પામી **બ્રહ્મ દેવલોક**માં દેવ થઈ **મહાવિદેહ ક્ષેત્ર**માં જન્મ લઈ સિદ્ધગતિ પામશે.

**રત્નચૂડ કુમાર** : (વિમલપ્રભુ ચરિત્ર)

**ભરતક્ષેત્ર**માં **તામ્રલિપ્તી** નામની વૈભવશાળી નગરી હતી. ત્યાં **અજિતસેન** નામે પરાક્રમી અને લોકપ્રિય રાજવી રાજ્ય કરતાં હતાં. આ નગરીમાં **રત્નાકર** નામના પ્રખ્યાત શ્રીમંત શ્રેષ્ઠી રહેતાં હતાં, જેના ઘરમાં સંપત્તિનો કોઈ તોટો ન હતો. તેમની **સરસ્વતી** નામની શીલવાન, ગુણવાન અને ચતુર ભાર્યા હતી.

એકદા શેઠાણીએ રાત્રિના સમયે સ્વપ્નમાં રત્નરાશિ જોયો. તત્કાલ તેઓ ધર્મમાં જોડાયા. પ્રાતઃકાળ થતાં શેઠાણીએ સ્વપ્નની વાત શેઠને કહી. શેઠે સ્વપ્નવેત્તાઓને તેડાવી સ્વપ્નનું ફળ પૂછ્યું. સ્વપ્નવેત્તાઓએ કહ્યું, ''મહાશય! શેઠાણીએ રાજમાતાની જેમ સ્વપ્નમાં રત્નરાશિરૂપ તેરમું સ્વપ્ન જોયું છે. તે શુભ સ્વપ્ન છે તેથી તમારું બળવાન, શૂરવીર અને પરાક્રમી છે. એ નિઃસંદેહ છે.'' આ સાંભળી શેઠ અત્યંત ખુશ થયાં.

શેઠે સ્વપ્નવેત્તાઓની વાતનું નિવેદન શેઠાણી સમક્ષ કર્યું. ત્યારે શેઠાણીના આનંદની કોઈ અવધિ ન રહી. હવે શેઠાણી પથ્યકારી અને પુષ્ટિકારક આહાર લઈ ગર્ભનું સવિશેષ ધ્યાન રાખવા લાગ્યાં. તેમને ત્રીજા મહિને દાન આપવાનો દોહદ ઉત્પન્ન થયો. શેઠે હર્ષપૂર્વક તે દોહદની પૂર્તિ કરી. અનુક્રમે નવ માસને સાડા આઠ દિવસ પૂર્ણ થતાં શેઠાણીએ ઉત્તમ બાળકને જન્મ આપ્યો. તે બાળકનું નામ સ્વપ્ન અનુસાર **રત્નચૂડ** પાડ્યું. તે આઠ વર્ષનો થયો ત્યારે વિદ્યાભ્યાસ માટે કલાચાર્ય પાસે ગયો. ચતુર બાળક જાણે પૂર્વે ભણીને આવ્યો હોય તેમ ખૂબ જ સહેલાઈથી ગુરુ પાસેથી બધી વિદ્યા શીખ્યો. હવે રત્નચૂડ પોતાના મિત્રો સાથે સ્વેચ્છાએ નગરમાં વિહરવા લાગ્યો.

એક વખત રત્નચૂડ ગર્વિષ્ટ બની બજારમાંથી પસાર થયો. બેધ્યાનપણે ચાલવાથી **સૌભાગ્યમંજરી** નામની ગણિકા સાથે ટકરાયો. વેશ્યાએ તેનું ઉત્તરાસંગ વસ્ત્ર પકડી ટોણો મારતાં કહ્યું, ''હે ચતુર! દ્રવ્યનો આવો અહંકાર રાખે છે ? સજ્જનો દ્રવ્ય વધે તો વૃક્ષ અને વાદળની પેઠે નમ્ર બને છે. લોકમાં

કહેવત પ્રચલિત છે કે, પૃથ્વી અને વણિક આ બે જ દ્રવ્યને જીરવી શકે છે. વળી, તું તો પિતાની લક્ષ્મી ભોગવે છે, છતાં આવો અહંકાર ?'' આટલું કહી વેશ્યા ચાલી ગઈ.

વેશ્યાના વચનોએ રત્નચૂડને વિચારતો કરી દીધો. 'આ ગણિકાએ જે કહ્યું તે યોગ્ય જ છે. હવેથી મારું કમાયેલું ધન મારી પાસે હશે તેમાંથી જ હું દાન-ભોગ કરીશ. બાપ કમાઈ ન જોઈએ.' તેણે મિત્રને પૂછ્યું, ''લક્ષ્મી કેમ પ્રાપ્ત થાય.'' મિત્રએ કહ્યું, 'મોટો વ્યાપાર કરવાથી.'' આ સાંભળી રત્નચૂડના હૃદયમાં વેપાર કરવા પરદેશગમનની અભિલાષા જાગી. તે વિશેની ચિંતા કરતો તે ઘરે આવ્યો. પુત્રને ચિંતાતુર જોઈ શેઠે કારણ પૂછ્યું ત્યારે રત્નચૂડે દ્રવ્ય ઉપાર્જન કરવા દેશાંતર જવાની ઈચ્છા દર્શાવી. શેઠે તેને સમજાવતાં કહ્યું, ''તારે પરદેશ જવાની શું જરૂર છે ? આપણી પાસે અઢળક સંપત્તિ છે, તે તારી જ છે. વળી, વિદેશમાં જનારને ચોર, શત્રુ, રાજા, ઠગોનો ભય હોય છે. વત્સ ! તું સુકુમાર છે. તેં કદી દુઃખ જોયું નથી, માટે વિદેશ જવાની ઈચ્છા વિસરી જા.'' પુત્રએ અંતે કહ્યું, ''પિતાજી ! મારું વચન છે કે, હું વિદેશમાં જઈ નવો વૈભવ મેળવીશ ત્યારે જ દાન-ભોગ કરીશ.''

રત્નચૂડ કોઈ રીતે સમજ્યો નહીં ત્યારે પિતાએ કહ્યું, ''પુત્ર ! તારે વિદેશમાં જવું હોય તો હું તને કેટલીક વિશેષ ભલામણ આપું છું. તે ધ્યાનથી સાંભળ. આ સમુદ્રની અંદર સવા લાખ દ્વીપ (લૌકિક અપેક્ષાએ) છે. તેમાં **ચિત્રકૂટ** નામનો દ્વીપ, જે ઠગોનું આશ્રયસ્થાન છે. તેમાં **અનીતિપુર** નામનું નગર છે. ત્યાં **અન્યાય** નામે રાજા, **અવિચારક** નામે મંત્રી, **સર્વગ્રાહી** નામે કોટવાલ અને **અશાંતિ** નામે પુરોહિત છે. વળી, તે નગરમાં **ગૃહીત ભક્ષક** નામે નગરશેઠ, **મૂલનાશક** નામે તેનો પુત્ર, **યમઘંટા** નામે અક્કા અને **રણઘંટા** નામે ગણિકાપુત્રી છે. અહીં રાજા વગેરે પોતપોતાના નામ પ્રમાણે ગુણ ધરાવે છે. તે સિવાય ચોર, જુગારી અને ઘણાં ઠગો છે. કોઈક અજાણ્યો આવે તેનું સર્વસ્વ લૂંટી તેને બેહાલ બનાવે છે. માટે વત્સ ! તારે એ નગરમાં જવું નહીં.''

રત્નચૂડે પિતાની શિખામણ કબૂલ કરી, કોટી સુવર્ણના મૂલ્યની વસ્તુઓ લઈ વહાણમાં ભરી સમુદ્ર માર્ગે વ્યાપાર કરવા નીકળ્યો. તેને શુભ શુકન થયાં. રત્નચૂડ કેટલાક નગરો અને દ્વીપો ફર્યો. ભવિતવ્યતાના યોગે ફરતો ફરતો તે અનીતિપુરમાં જ આવ્યો. દ્વીપને જોતાં ઉતારુઓ ખુશ થઈ ગયા. તેણે એક પુરુષને પૂછ્યું, ''આ દ્વીપનું નામ શું છે ? આ નગર કયું છે ?'' તે પુરુષે કહ્યું, ''આ ચિત્રકૂટ દ્વીપ છે અને અનીતિપુર નામનું નગર છે.'' તેને પિતાની શિખામણનું સ્મરણ થયું પરંતુ હવે શું થાય ? તે દરિયા કિનારે ઉતર્યો. વાયુવેગે અજાણ્યા વેપારીના આગમનની વાત નગરમાં ફેલાઈ ગઈ.

ચાર વેપારીઓ તેની પાસે આવ્યા. ચારે ઠગ વેપારીઓએ તેનો પરિચય પૂછયો. તેમણે પરિચય જાણી અભિયતા બતાવતાં કહ્યું, ''તમે તો અમારા સ્વજન છો. તમે લઘુ વયના છો તેથી અમને ઓળખતા નથી. તમે ઘરે ચાલો.'' આ પ્રમાણે વિશ્વાસ પમાડી ઠગો રત્નચૂડને ઘરે લાવ્યા. ત્યાં સ્નાન, ભોજન માન-પાન આપી તેનું ગૌરવ કર્યું. ભોજન બાદ ધુરંધર ધૂતારાઓએ કહ્યું, ''પ્રવાસમાં શયન ન થાય તેથી તબીયત બગડે તેથી તમે શયન કરો. તમારા વહાણમાં જે કાંઈ છે તે અમને સોંપી દો. અમે ઈચ્છિત વસ્તુઓથી તમારું વહાણ ભરી દઈશું.'' રત્નચૂડે પરવાનગી આપી એટલે ચારે ઠગો વહાણની વસ્તુઓ લઈ પલાયન થઈ ગયાં.

બીજે દિવસે રત્નચૂડ રાજાને મળવા જતો હતો ત્યારે કોઈ અજાણ્યા વ્યક્તિએ બે પાદુકા ભેટ ધરી. કુમાર તે લઈ આગળ ગયો.

આગળ જતાં ધૂર્ત બુદ્ધિવાળો કાણો જુગારી મળ્યો. તેણે કહ્યું, ''પૂર્વે તારા પિતા અહીં આવ્યા

હતા. તેની સાથે જુગાર રમતાં હું એક હજાર સોનૈયા હારી ગયો હતો. ત્યારે લોકો મને પજવવા લાગ્યા તેથી મેં તારા પિતા પાસે ધનની માંગણી કરી. તેમણે મને કહ્યું, કોઈ વસ્તુ ગીરવી મૂકી ધન લઈ જા. હું જુગારના વ્યસનથી ઘર, સુવર્ણ, ઢોર આદિ બધું જ હારી ગયો હતો. બે હાથ, બે પગ વિના જીવન શક્ય ન હતું તેથી મેં એક આંખ ગીરવે મૂકી. તારા પિતા પાસેથી ધન લીધું. તારા પિતા અહીં હતા ત્યાં સુધી હું તેમને ધન પાછું આપી શક્યો નહીં. તેઓ આંખ લઈ વતન ચાલ્યા ગયા. હવે મારી પાસે ધનની જોગવાઈ થઈ ગઈ છે. તું મારી થાપણ આપી ધન લઈ લે. નેત્ર વિના મારું મુખ શોભતું નથી.'' રત્નચૂડે પિતા પાસેથી આવી વાત કદી સાંભળી ન હતી. તેણે ધૂતારાને કહ્યું, આવતી કાલે સવારે મારા ઉતારે આવજે.''

રત્નચૂડ ચૌટામાં ગયો. ત્યાં બીજા ચાર ધૂતારા વાદ-વિવાદ કરી રહ્યા હતા. એકે કહ્યું, ''સમુદ્રનું જળ, ગંગા નદીની વેળુ માપી શકાય પણ સ્ત્રીનું ચરિત્ર માપી ન શકાય.'' બીજાએ કહ્યું, ''એવું ન બોલ, સ્ત્રી ચરિત્રની જેમ સમુદ્રનું જળ અને નદીની વેળુ અમાપ્ય છે.'' ત્રીજાએ કહ્યું, ''તત્ત્વ-વેત્તાઓ પણ સ્ત્રી ચરિત્રને પારખી શકતા નથી. ચોથાએ કહ્યું, ''આ સામે બુદ્ધિમાન આવે છે. તે આપણો સંદેહ દૂર કરશે.'' ચારે વણિકો રત્નચૂડને ઘેરી વળ્યા. તેમણે કહ્યું, ''જો તું સમુદ્રના જળનું માપ કરી આપે તો અમારી બધી લક્ષ્મી તારી અને જો તું ન કરી આપે તો તારી બધી લક્ષ્મી અમે ગ્રહણ કરશું.'' એમ કહી શઠ વણિકોએ સાક્ષીઓ કર્યા. રત્નચૂડે વિચાર્યું, 'હું મારા ઉતારે જાઉં. આ નગરનો પણ રાજા પણ તેવો જ છે. નાહક તે પણ મને સંકટમાં નાખશે.' આમ વિચારી રત્નચૂડ નિવાસ સ્થાને આવ્યો.

સંકટમાંથી છૂટકારો મેળવવા તે વિચારે ચડયો. 'ધૂર્ત લોકોનો પરાભવ ધૂર્તથી જ થાય. વેશ્યાએ ધૂર્ત બુદ્ધિનું સ્થાન છે' એવું વિચારી તે તરત જ રણઘંટા વેશ્યાને તે ગયો. જુગારીએ આપેલા એક હજાર સોનૈયા વેશ્યાને અર્પણ કર્યા. તેને ચિંતાતુર જોઈ રણઘંટાએ તેનું કારણ પૂછયું ત્યારે રત્નચૂડે નગરમાં બનેલી હકીકત કહી. દાનથી ખુશ થયેલી રણઘંટાએ કહ્યું, ''પરદેશીનું ધન પડાવી લેવું આ ઠગોનો જન્મસિદ્ધ હક્ક છે. આ ધનમાંથી એક ભાગ રાજાને, બીજો મંત્રને, ત્રીજો નગરશેઠને, ચોથો કોટવાલને, પાંચમો પુરોહિતને અને છઠ્ઠો મારી માતા અક્કાને મળે છે કારણકે અક્કા સર્વ પ્રકારની બુદ્ધિ આપે છે. તમે સ્ત્રીનો વેશ પહેરી મારી સાથે માતા પાસે ચાલો. ત્યાં જઈ મારી માતાના ઉત્તર સાંભળજો.'' રત્નચૂડે સ્ત્રીવેશ ધારણ કર્યો. યમઘંટાએ રત્નચૂડને જોઈ કહ્યું, ''આ બાળા કોણ છે.'' રણઘંટાએ કહ્યું, ''**શ્રીદત્ત** શ્રેષ્ઠીની **રૂપવતી** નામની કન્યા છે. મારી પ્રિય સખી છે. મને મળવા આવી છે.''

તે સમયે રતનચૂડનો કરિયાણું પડાવી લેનારા ચાર ધૂર્ત વણિક યમઘંટા પાસે આવ્યા. યમઘંટાએ કહ્યું, ''સાંભળ્યું છે કે નગરમાં પરદેશી વેપારી આવ્યો છે. તેનાથી તમને શું લાભ થયો.'' તેઓએ પોતાનું કપટ ચરિત્ર પ્રકાશ્યું. ત્યારે યમઘંટાએ કહ્યું, ''તમે ઈચ્છિત વસ્તુથી મુસાફરનું વહાણ ભરી દેવાનું કબૂલ કર્યું છે, તેથી તમને મોટી હાની થશે.'' ધૂર્તોએ કહ્યું, ''અમારી પાસે ઘણી નકામી વસ્તુઓ છે. તેનાથી અમે વહાણ ભરી દઈશું.'' યમઘંટાએ કહ્યું, ''જો તે મચ્છરની અસ્થિથી વહાણ ભરવાનું કહેશે તો તમે શું કરશો ?'' તેઓએ કહ્યું, ''એનામાં એવી બુદ્ધિ જ ક્યાં છે ? તે હજુ બાળક છે.'' ચારે ધૂતારાઓ ચાલ્યા ગયા

થોડીવારમાં પાદુકાવાળો કારીગર આવ્યો. તેનો વૃત્તાંત સાંભળી યમઘંટાએ કહ્યું, ''તને કોઈ લાભ નહી થાય.'' કારીગરે કહ્યું, ''તે મને ખુશી કરી મારી પાદુકા લેશે તો મને ઘણો લાભ થશે.'' યમઘંટા બોલી આપણા અન્યાય રાજાને ત્યાં પુત્ર જન્મ થયો છે. જો તને પૂછશે કે રાજાને ત્યાં પુત્ર જન્મથી તને ખુશી થઈ

કે નહીં ? તે વખતે તારે ખુશી બતાવવી પડશે.'' કારીગર ચાલ્યો ગયો

હવે એક આંખવાળો જુગારી તેની પાસે આવ્યો. તેણે યમઘંટાના પૂછવાથી સઘળો વૃત્તાંત બતાવ્યો. યમઘંટાએ કહ્યું, ''તેં તારું ધન આપ્યું, તે યોગ્ય ન કર્યું.'' જુગારીએ કહ્યું, ''મેં સર્વસ્વ લઈ લેવાનો ઠરાવ કર્યો છે. આ સમગ્ર ભુવનમાં મારું ધન આંચકી શકે એવો કોઈ મનુષ્ય જન્મ્યો નથી.'' યમઘંટાએ કહ્યું, ''ભાગ્ય અને બુદ્ધિબળથી લક્ષ્મી બળાત્કારે મેળવી શકાય છે તો તું શું વિશાતમાં છે ? કર્મે તારું એક નેત્ર પૂર્વે કરી લીધું છે અને તારી ધૂર્ત બુદ્ધિથી બીજું નેત્ર પણ જશે. જો તે એમ કહેશે કે, મારે ત્યાં ઘણાં નાણા થાપણમાં મૂકેલા છે. તેમાં તમારું નેત્ર કયું છે. તે જોવા માટે તમારે બીજું નેત્ર કાઢીને આપવું પડશે. જેથી તેને તોળી, માપીને તમારું નેત્ર આપી શકું.'' યમઘંટાની બુદ્ધિ સત્ય નથી એવું માની જુગારી ચાલ્યો ગયો.

તે અરસામાં ચાર ધૂર્ત ત્યાં આવ્યા. તેમનો વૃત્તાંત સાંભળી યમઘંટા બોલી, ''તમે તમારું સર્વસ્વ હઠ કરી ગુમાવ્યું છે. તે પરદેશી તમને એમ કહેશે કે, મેં પૂર્વે સમુદ્રના જળનું માપ કરવાનું કબૂલ કર્યું છે પણ તે સાથે નદીના જળના માપની પ્રતિજ્ઞા કરી નથી . તમે પ્રથમ નદીના જળનું માપ જુદું કરી આપો પછી હું સમુદ્રના જળનું માપ કરીશ. તમે તે કરી શકશો નહીં એટલે એ પરદેશી સમુદ્રના જળનું માપ કર્યા વિના જ તમારી લક્ષ્મી લઈ લેશે.'' ધૂર્તોએ કહ્યું, ''તે બાલિશ - મૂર્ખ પૂરું બોલી શકતો નથી. તેનામાં આવી બુદ્ધિ ક્યાંથી હોય ?'' આવું કહી ચારે ઠગો સ્વસ્થાને ગયા. સ્ત્રી વેશમાં રહેલા કુમારે યમઘંટાના ઉત્તરો હૃદયમાં અંકિત કરી લીધા.

રણઘંટાની અનુમતિ મેળવી રત્નચૂડ નિવાસસ્થાને આવી નિશ્ચિંત બની સૂઈ ગયો. પ્રાતઃકાળે બધા ધૂર્તો આવ્યા. તેમને રત્નચૂડે સામા વાક્યોથી સમજાવ્યા પણ ન સમજ્યા. તેઓને લઈ રાજસભામાં આવ્યો.

યમઘંટા વેશ્યાએ કહેલી યુક્તિથી તેમને જીતી લીધા. જુગારી નાસી ગયો. પાદુકાવાળો શ્યામ વદને, ''હું ખુશી છું.'' એવું કહી ચાલ્યો ગયો. વહાણની વસ્તુ હડપ કરવા આવેલા ધૂર્ત વણિકો હાજર ન રહ્યા ત્યારે રાજાએ સેવક દ્વારા તેમને બોલાવ્યા. તે ઠગોને પણ રત્નચૂડે બુદ્ધિ વડે હરાવ્યા. રાજાના કહેવાથી તેમની પાસેથી ચાર લાખ સોનામહોર લઈ દયાળુ રત્નચૂડે તેમને મુક્ત કર્યા.

અન્યાય કરનારા રાજા તેની બુદ્ધિથી પ્રભાવિત થઈ ગયા. તેને વરદાન માંગવાનું કહ્યું. રત્નચૂડે કહ્યું, ''અનીતિને દૂર કરો અને રણઘંટા વેશ્યા આપો.'' રાજાએ કબૂલ કર્યું. રણઘંટા રત્નચૂડની ઉત્તમ પત્ની બની. રત્નચૂડ ઘણું ધન લઈ નગરમાં આવ્યો. તેને જોઈને પિતા આદિ સ્વજનો હર્ષ પામ્યા. સૌભાગ્યમંજરી મળવા આવી. તેનો ઉપકાર માન્યો કારણ તેના થકી વિદેશ જઈને ઘણું ધન પ્રાપ્ત થયું હતું. તે પણ રત્નચૂડની ગૃહિણી થઈ. રાજાએ તેને ખુશ થઈ નગરશેઠ બનાવ્યા.

એ વખતે ચતુર્જ્ઞાની **ધર્મઘોષ મુનિ** ઉદ્યાનમાં પધાર્યા. રત્નાકર શેઠ અને રત્નચૂડ તેમના દર્શન કરવા ઉદ્યાનમાં આવ્યા. તેમને વંદન કરી રત્નાકર શેઠે પૂછયું, ''કયા પુણ્યથી મારો પુત્ર રત્નચૂડ સંકટમાં પડયો છતાં તેણે ઘણી લક્ષ્મી પ્રાપ્ત કરી ?'' મુનિએ કહ્યું પૂર્વ ભવના પૂણ્યથી આવેલી વિપત્તિ સંપત્તિરૂપ થઈ ગઈ છે. **નંદીગ્રામ**માં એક નિર્ધન વૃદ્ધા હતી. તેનો **સ્થાવર** નામે પુત્ર હતો.

એકવાર તહેવારના દિવસે નગરજનોએ ઘરમાં સારું ભોજન બનાવ્યું. તે જોઈને સ્થાવરે પણ માતા પાસે સારા ભોજનની માંગણી કરી. વૃદ્ધાએ પુત્રને સમજાવ્યો પણ બાળકે હઠ મૂકી નહી. નિર્ધનતાના દુઃખથી દુઃખી થતી વૃદ્ધા રડવા લાગી. તેના રુદનનું કારણ સાંભળી પડોશણોને દયા આવી. એકે ઊંચી જાતનું

અન્ન અને બીજીએ ઘણું ઘી આપ્યું. વૃદ્ધાએ પકવાન બનાવ્યું.

સ્થાવર પકવાન ખાવા બેસતો હતો ત્યાં માસક્ષમણના તપસ્વી મુનિરાજ પધાર્યા. મુનિને જોઈને બાળકના ભાવોમાં ભરતી આવી. 'અરે! મારે ત્યાં સારું ભોજ ક્યાંથી ? વળી, તેવા ટાણે સુપાત્ર મુનિનો યોગ મળવો દુર્લભ છે. હું ભાગ્યશાળી છું કે મને તપસ્વી મુનિરાજને દાન આપવાનો અવસર સાંપડયો છે.' એવું વિચારી તેણે નિદાન રહીત દાન આપ્યું. મુનિએ શુદ્ધ આહાર હોવાથી ગ્રહણ કર્યું.

બે પડોશણોએ દાનની અનુમોદના કરી પુણ્ય ઉપાર્જન કર્યું પરંતુ તે બન્નેએ એક વખત જાતિમદ કર્યો હોવાથી તે મહા વેશ્યા થઈ. સ્થાવરના ઘરમાં કંઈક ધનની પ્રાપ્તિ થતાં તેણે બીજી વાર પણ સુપાત્ર દાન આપ્યું તેથી તે સ્થાવર આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી તમારો પુત્ર રત્નચૂડ થયો છે. દાન-પુણ્યના પ્રભાવથી તે રત્નચૂડની વિપત્તિ ટળી જતાં સંપત્તિ પ્રાપ્ત થઈ છે.''

મુનિના ઉપદેશથી રત્નાકર શેઠ અને સરસ્વતી શેઠાણીએ સંયમ સ્વીકાર્યો. રત્નચૂડે સાતે ક્ષેત્રોમાં ધનનું વાવેતર કરી અનુક્રમે સંયમ સ્વીકાર્યો. એમણે **દષ્ટિવાદ સૂત્ર**નો અભ્યાસ કર્યો. કાળ કરી તે સાતમા દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી ઉચ્ચકુળમાં જન્મ પામી છેવટે મોક્ષે જશે.

**રામચંદ્રજી :** (જૈન રામાયણ)

મર્યાદા પુરુષોત્તમ **શ્રીરામ** વનવાસથી પાછા ફર્યા. રાજ્યાભિષેકના શુભ અવસરે એક દાનશાળાનું નિર્માણ કરવામાં આવ્યું. દાનશાળાના વ્યવસ્થાપક તરીકે **હનુમાનજી**ને નિયુક્ત કરવામાં આવ્યા. શ્રીરામે કહ્યું કે, ''યાચક જે માંગે તે આપવું. દાનશાળામાંથી કોઈ પણ યાચક ખાલી હાથે પાછો ન ફરવો જોઈએ.'' પ્રાચીનકાળમાં યાચકોની ભિખારી નહીં પરંતુ અતિથિના રૂપમાં ગણના થતી હતી. અતઃ શ્રીરામે હનુમાનજીને 'અતિથિ દેવો ભવ'ની મંગલ પ્રેરણા આપી. હનુમાનજીએ આદેશનું પાલન કર્યું. રાજ્યમાં દૂર દૂરથી યાચકગણ આવવા લાગ્યો અને હનુમાનજી દિલ ખોલીને દાન આપવા લાગ્યા. યાચકોની લાંબી પંક્તિ થવા લાગી. પ્રતિદિન ભીડ વધવા લાગી. હનુમાનજી સર્વની માંગણી સાંભળી યથોચિત રૂપમાં પૂર્ણ કરવા લાગ્યા. પરંતુ પ્રતિદિન વધતી ભીડને જોઈ હનુમાનજીનું ધૈર્ય ખૂટવા લાગ્યું. મનમાં તણતણાટ વધવા લાગ્યો. થોડા દિવસો પસાર થયા, ત્યાં તણતણાટ સાથે અપશબ્દનો વરસાદ મુક્તરૂપે વહેવા લાગ્યો. તેથી યાચકોની ભીડ ઓછી થઈ ગઈ. મર્યાદા પુરુષોત્તમ શ્રીરામના કાને આ સમાચાર પહોંચ્યા. પોતાની દાનશાળાની દુર્દશા જોઈ શ્રીરામનું હૃદય ખળભળી ઉઠયું. પરંતુ પ્રિય સેવક હનુમાનજીને કંઈ કહી શકાય એમ ન હતું.

એક દિવસ સંધ્યાના સમયે શ્રીરામ વન-વિહાર કરવા નીકળ્યા. તેમની સાથે હનુમાન પણ હતા. શ્રીરામે ઝડપ વધારી, એટલે હનુમાન પાછળ રહી ગયા. આગળ જતાં હનુમાને જોયું કે એક ઝૂંપડીમાં એક સંત બેઠા હતા. તેમનું વિચિત્ર રૂપ જોઈ હનુમાનજી વિસ્મય પામ્યા. મુનિના આખા શરીરે સોના જેવી ચમક હતી પરંતુ મુખ સૂવર જેવું હતું. હનુમાનજી આશ્ચર્યચકિત થઈ મુનિની નજીક આવ્યા. મુનિને એકીટશે નિહાળવા લાગ્યા. મુનિએ કહ્યું, ''હનુમાન ! દેહને શું જોઈ રહ્યો છે ? જોવો હોય તો આત્માને જો.'' હનુમાને કહ્યું, ''મુનિ ! આવું વિચિત્ર રૂપ તો મેં પૂર્વે ક્યારેય જોયું નથી. આવું રૂપ કઈ રીતે પ્રાપ્ત થયું ?''

મુનિએ કહ્યું, ''સાંભળ ! હું પૂર્વ ભવમાં ગૃહસ્થ હતો. સમ્રાટ તરફથી દાનશાળામાં દેખરેખ માટે નિયુક્ત થયો. એ દાનશાળામાં મેં વર્ષો સુધી દાન આપ્યું. હજારો યાચકોને મેં છુટ્ટા હાથે દાન આપ્યું હતું. આ

હાથોએ લાખોના દાન કર્યા પરંતુ જીભે એક પણ મધુર વાક્ય ન ઉચ્ચર્યું. એટલું જ નહીં મેં ઘૃણાપૂર્વક દાન આપ્યું. હાથ વડે દાન અપાયું તેથી શરીર સોના જેવું મળ્યું છે પરંતુ જીભે તિરસ્કાર વરસાવ્યો તેથી મુખ સૂવર જેવું મળ્યું છે.'' તેના જ શબ્દોમાં -

**''नाना दानं मया दत्तं, रत्नानि विविधनि च।**
**न दत्तं मधुरं वाक्यं, तेनाऽहं शूकरमुखः।।''**

હનુમાનજી બધું જ સમજી ગયા. તેમણે તરત જ પોતાની ભૂલ સ્વીકાર કરી તથા ભવિષ્યમાં આવી ભૂલ ન કરવાનું વચન આપ્યું ત્યારથી હનુમાન મધુર વેણ બોલી દાન આપવા લાગ્યા. તે જોઈ શ્રીરામ સંતુષ્ટ થયા.

રામાયણમાં '**અયોધ્યાકાંડ**'માં એક પ્રસંગ છે. રાજા **દશરથ** પોતાની માનીતી રાણી **કૈકેયી**ને રામનું વ્યક્તિત્વ સમજાવી રહ્યા હતા. રામના ગુણોનું વર્ણન કરતાં રાજા દશરથે કહ્યું, ''સત્ય, દાન, તપ, ત્યાગ, મિત્રતા, પવિત્રતા, સરળતા, નમ્રતા, વિદ્યા, ગુરુજનોની સેવા આ સર્વ ગુણો રામમાં નિશ્ચિતપણે વિદ્યમાન છે.'' આ ગુણોમાં રામની દાનની તાસીરની ગણના થઈ છે. રામ ફક્ત પોતાના મિત્રો પ્રત્યે જ ઉદાર ન હતા પરંતુ શત્રુઓ પ્રત્યે પણ ઉદાર હતા. ઉદાર વ્યક્તિત્વમાં જ દાતા હોવાની ક્ષમતા હોય છે.

આચાર્ય સોમદેવે **નીતિવાક્યામૃત**માં સ્પષ્ટપણે કહ્યું છે -

**''तत् किं दानं यत्र नास्ति सत्कारः ?''** જે દાનમાં સત્કાર નથી તે દાન કેવું ?

ગોસ્વામી **તુલસીદાસે** કટુતાપૂર્વકના દાનનો નિષેધ કરતાં કહ્યું છે -

**''આવ નહીં, આદર નહીં, નહીં નૈનોમેં નેહ;**
**તુલસી વો ઘર ન જાઈએ, કંચન બરસે મેહ.''**

**રોહિણી** : (વાસુપૂજ્ય ચરિત્ર, સર્ગ ૪, પૃ.૨૦૯)

**ચંપા** નામની સમૃદ્ધ નગરી પૃથ્વીને સુશોભિત કરે છે. આ પૃથ્વી ઉપર **વાસુપૂજ્ય** રાજાનું રાજ્ય તપતું હતું. તેમના સ્વર્ગગમન પછી તેમનો પુત્ર **મઘવા** આ નગરીનો રાજા થયો. તેની ચંદ્ર જેવી શીતળ **લક્ષ્મી** નામની રાણી હતી. તેમને **જયસેન** આદિ ઘણાં પુત્રો હતાં. આ પુત્રની ઉપર **રોહિણી** નામની એક પુત્રી થઈ.

યૌવનવયે આ રોહિણી **કામદેવ**ની સ્ત્રી **રતિ** સમાન શોભી રહી હતી. રાજા પુત્રી માટે યોગ્ય વરની શોધમાં હતા. **સુબુદ્ધિ, સિદ્ધાર્થ, સમુદ્ર** અને **નયવાદ** નામના ચાર મંત્રીઓને રાજાએ પોતાની ચિંતા જણાવી. મંત્રીઓએ સલાહ આપી કે, ''સ્વયંવર કરો, કન્યા પરીક્ષા કરી પોતાના મનગમતા વરને વરશે.'' રાજાએ મંત્રીઓની વાત સ્વીકારી લીધી. રાજાએ ચારે દિશામાં દૂતો મોકલાવી વિવિધ દેશના રાજાઓને સ્વયંવર માટે આમંત્રણ પાઠવ્યું. સર્વે રાજાઓ સ્વયંવરમાં આવ્યા.

મઘવા રાજાએ તેમની ઉચિત આવભગત કરી. ત્યારપછી સર્વ આમંત્રિત રાજાઓને મંડપમાં લઈ ગયા. રોહિણીનું રૂપ સહુને મોહિત કરાવનારું હતું. રોહિણી સખીઓ સાથે મંડપમાં આવી. રાજાના કુળ, ગુણ જણાવી તેમનો પરિચય આપનારી **દક્ષા** નામની સખી આગળ આવી. રોહિણી પોતાની ત્રાંસી આંખે રાજાઓને જોતી સખીની પાછળ ચાલી. ભમરાઓ જેમ પુષ્પને છોડી દે છે, તેમ મનપ્રિય પાત્ર નહીં જોતી રોહિણી એક એક રાજાઓને છોડી આગળ ચાલી. તેની સખીએ **વીતશોક** રાજાના પુત્ર **અશોક**નો પરિચય કરાવતાં તેનાં ગુણોની

પ્રશંસા કરી. રોહિણીએ અશોકમાં દષ્ટિ સ્થિર કરી. અશોકના રૂપ અને ગુણથી આકર્ષાયેલી રોહિણીએ તેના કંઠમાં વરમાળા પહેરાવી. અશોકની બાજુમાં હર્ષથી બેઠી. તત્કાલ વાજિંત્રો વાગ્યાં, ગીતો ગવાયાં. બંદીજનોની સ્તવનાથી પ્રસંગ પ્રીતિમય બન્યો. 'ગુણજ્ઞા રોહિણી ઉચિત પતિને વરી છે.' એવું સર્વના મુખેથી સાંભળવા મળ્યું. રાજાએ હર્ષથી પુત્રીનું પાણિગ્રહણ અશોક સાથે કરાવ્યું. સર્વ રાજાઓને દાન-સન્માનથી સંતોષી મઘવા રાજાએ વિદાય આપી.

રોહિણીએ થોડા દિવસમાં પતિને જિનધર્મના અનુરાગી બનાવ્યા. બન્ને દોગુંદક દેવની જેમ ભોગો ભોગવી રહ્યા હતાં. એકવાર વીતશોક રાજાએ અશોકને બોલાવવા માટે સંદેશો મોકલ્યો. અશોક પોતાની પત્ની રોહિણી સાથે પોતાના નગરમાં આવ્યો. તેણે પિતાના ચરણ સ્પર્શ કર્યા. પિતાએ આશીષ આપી આલિંગન કર્યું. અશોકનું રાજ્યાભિષેક કરી વીતશોક રાજાએ **શ્રી સંયમધર મુનિ** પાસે દીક્ષા અંગીકાર કરી.

એકવાર રોહિણી પોતાના પતિ સાથે મહેલના ઝરૂખામાં બેઠી હતી. રાજમાર્ગ પર મરસિયા ગાતી, છાતી કૂટતી છૂટા વાળવાળી સ્ત્રીઓ જતી જોઈ. રોહિણીએ પૂર્વે આવું કદી જોયું ન હતું તેથી તેણે અચરજ પામી **વસંતતિલકા** નામની દાસીને પૂછયું, "આ સ્ત્રીઓ કયું નાટક કરી રહી છે ? ભરતાદિ શાસ્ત્રોમાં ક્યારેય ન સાંભળ્યું, ન જોવાયું હોય એવું આશ્ચર્યકારી નૃત્ય છે." દાસીએ ગુસ્સે થઈ ઠપકો આપતાં કહ્યું, "શું તમને રૂપનો, ધનનો કે પતિનો ગર્વ છે. જેના કારણે તમે આ સ્ત્રીઓની મશ્કરી કરો છો ?" રોહિણીએ કહ્યું, "તમે ગુસ્સે ન થાવ. મેં પૂર્વે આવું કદી જોયું નથી તેથી પરમાર્થથી પૂછું છું." દાસીએ કહ્યું, "હે પુત્રી ! આ સ્ત્રીઓની મધ્યમાં જે સ્ત્રી છે, તેનો પુત્ર મૃત્યુ પામ્યો છે. તેને જલાંજલિ આપવાનો દિવસ છે. પુત્રના ગુણનું સ્મરણ કરી આ સ્ત્રીઓ રડે છે. રોહિણીએ કહ્યું, "તેમને રડવાનું કોણે શીખવ્યું ?" એટલામાં રાજાએ રોહિણીના ખોળામાંથી તેનાં નાના પુત્ર **લોકપાલ**ને લઈ લીધો અને કહ્યું, "હું તારા પુત્રને નીચે ફેકું છું." રાજા બાળકને મહેલના ઝરૂખાની દિવાલની બહાર ડોલાવવા લાગ્યો. અચાનક રાજાના હાથમાંથી બાળક છટકયું. નગરજનો અને પરિવારે હાહાકાર કર્યો. "શું થયું ? શું થયું ?" એમ બોલતી ભોળી રોહિણી પર રાજાને અનુકંપા જન્મી. બાળક ભૂતલ પર પડે તે પૂર્વે નગરદેવતાએ તેને ઝીલી લીધો. રાજાએ પુત્રનો અમૃત્યુ મહોત્સવ મનાવ્યો.

તે સમયે નગરમાં ચતુર્જ્ઞાની **રૂપકુંભ** નામના મહામુનિ પધાર્યા. તેમને વંદન કરી રાજાએ ધર્મદેશના સાંભળી. રાજાએ મુનિને પૂછયું, "હે પ્રભુ ! મઘવન્ રાજાની પુત્રીએ પૂર્વભવમાં શું સુકૃત્ય કર્યું છે કે, જેથી તેને શોકનો અંશમાત્ર સ્પર્શ થયો નથી ?" મુનિએ કહ્યું, "હે રાજન્ ! આ તારા **નાગપુર** નગરમાં પૂર્વે **વસુપાલ** નામનો રાજા હતો. તેની **વસુમતી** નામે રાણી હતી. રાજાનો **ધનમિત્ર** નામનો શ્રીમંત મિત્ર હતો. તેની પત્નીનું નામ **ધર્મમિત્રા** હતું. તેમની એક પુત્રી હતી, જેનું શરીર અત્યંત દુર્ગંધમય હોવાથી તેનું **દુર્ગંધા** નામ પ્રસિદ્ધ થયું. યૌવન વયમાં તેને કોઈ પરણ્યો નહીં.

આ નગરમાં **વસુમિત્ર** નામના ધનવાન શેઠ અને તેમની પત્ની **વસુકાંતા** રહેતા હતા. તેમનો **શ્રીષેણ** નામનો પુત્ર હતો, જે સાતે વ્યસનોથી ઘેરાયેલો હતો. તે ચોરી કરતાં પકડાયો. સેવકો તેને વધભૂમિમાં લઈ ગયા. ત્યારે દયાળુ ધનમિત્રે રાજાને વિનંતી કરી તેને છોડાવ્યો. તેને ધન અને વાણીથી લોભાવી દુર્ગંધા સાથે વિવાહ કરાવ્યા પરંતુ દુર્ગંધ અસહ્ય થતાં રાતના જ તેને છોડી ભાગી ગયો. પિતાએ દુર્ગંધાને દાનશાળામાં જોડી. કોઈ તેના હાથની ભિક્ષા લેવા તૈયાર ન થયાં. સાધુ સત્સંગથી ધર્મ કથાઓ સાંભળી દુર્ગંધા ધર્મમાં લીન

બની.

કોઈકવાર ઉદ્યાનમાં **અમૃતાસવ** નામના મુનિ પધાર્યા. ધનમિત્રના કહેવાથી રાજા પોતાના અંત:પુર સહિત મુનિના દર્શન કરવા ગયા. મુનિએ જીવવિચાર અને ધર્માધર્મની ગતિ જણાવી. હવે દુર્ગંધાએ મુનિને પોતાની દુર્ગંધનું કારણ પૂછ્યું.

મુનિએ કહ્યું, ''**જંબુદ્વીપ**ના આ **ભરતક્ષેત્ર**માં **ગિરિનગર** નામનું નગર હતું. ત્યાં **પૃથ્વીપાલ** નામના રાજા હતા. તેમની **સિદ્ધિમતિ** નામની રાણી હતી. એકવાર રાજા પોતાના અંત:પુર સાથે ઉદ્યાનમાં જતો હતો ત્યારે ત્યાં **ગુણસાગર** નામના મહર્ષિ જોયા. તેણે પ્રિયાને કહ્યું, 'આ માસક્ષમણના તપસ્વી મુનિરાજનું આજે પારણું છે. તેમને વહોરાવીને જલ્દીથી આવ, અમે ધીમે ધીમે આગળ જઈએ છીએ.' સિદ્ધિમતિ રાણીનું ધાર્યું ન થવાથી અને રાજાજ્ઞા લોપના ભયથી, ક્રોધથી કમને રાણી પારણા માટે સાધુને ઘરે લઈ ગઈ. સેવકોએ ના પાડી છતાં રાણીએ ઘોડા માટે રાંધવામાં આવેલી કડવી તુંબડી બીજી રસોઈ સાથે મુનિને વહોરાવી. આવી અશુદ્ધ ગોચરી વાપરતાં તપસ્વી મુનિરાજને અસહ્ય પેટમાં બળતરા ઉપડી. મુનિ મૃત્યુ પામી દેવલોકમાં ગયા. રાજાને આ વાતની ખબર પડતાં રાણીને નગરમાંથી બહાર તગડી મૂકી.

તેણીને ઉદુંબર નામનો કોઢનો રોગ થયો. તેના કાન, નાક, હોઠ સળી ગયાં. સાતમે દિવસે મૃત્યુ પામી તેણી છઠ્ઠી નરકમાં ગઈ. ત્યાં અસંખ્ય કાળ ભયંકર દુ:ખમાં વિતાવ્યો. તેણે નરક અને તિર્યંચનાં ઘણાં ભવો કર્યા. તેણી સાતે નરકમાં ગઈ. સાંઢણી, કૂતરી, શિયાળણી, ભૂંડણ, ગિરોડી, ઉંદરડી, જળો, કાગડી, બિલાડી, ગધેડી અને ગાય થઈ. ગાયના ભવમાં અંતિમ સમયે રસ્તામાં પડી ગઈ ત્યારે, કંઈક પુણ્ય રાશિ એકત્રિત થતાં તેને મુનિઓ વડે નવકાર મંત્ર શ્રવણ કરવા મળ્યો. તેના પ્રભાવથી સમાધિ મરણે મૃત્યુ પામી ધનમિત્ર શ્રેષ્ઠીને ત્યાં તું પુત્રીપણે ઉત્પન્ન થઈ. હજી પાપકર્મ બાકી હોવાથી તું મહાદુર્ગંધથી દૂષિત થઈ.'

આવું સાંભળી દુર્ગંધાને જાતિસ્મરણ જ્ઞાન થયું. નરક આદિની પીડા જોઈ તેણી ધ્રૂજી ઉઠી. તેણીએ કહ્યું, 'ભગવંત્! મને આ દુ:ખમાંથી ઉગારો. હું પુનઃ આવી પીડાઓ ન પામું તેવું કરો.' મહામુનિએ કહ્યું, 'વત્સા! રોહિણી નક્ષત્રથી પવિત્ર થયેલ દિવસે તારે નિરંતર સાત વર્ષ સુધી ઉપવાસ કરવો. આ વ્રતની આરાધનાથી તું ભવાંતરમાં અશોક રાજાની પટ્ટરાણી થઈશ. લાંબા સમય સુધી તું શોક (દુ:ખ) પ્રાપ્ત કર્યા વિના ભોગો ભોગવીને પતિ સાથે મોક્ષમાં જઈશ. **શ્રી વાસુપૂજ્ય સ્વામી**ની ભક્તિ કરી આ તપનું ઉજમણું કરવું. તેમાં અમારિ ઘોષણા અવશ્ય કરવી. અશન, વસ્ત્ર, આભૂષણોથી સાધર્મિકનું વાત્સલ્ય કરવું. દીનની અનુકંપા, કેદીઓની મુક્તિ, યથાશક્તિ સુપાત્ર દાન આપવું. આ પ્રમાણે કરવાથી તું અવશ્ય દુ:ખ મુક્ત થઈશ.'

દુર્ગંધા નગરમાં આવી. તેણે રોહિણી તપ કર્યું. તેની દાન-પુણ્યના પ્રભાવે દુર્ગંધ ગાયબ થઈ ગઈ. તપના પ્રભાવે તે સ્વર્ગમાં ગઈ. દેવલોકમાંથી ચ્યવી ચંપાનગરીના મઘવા રાજા અને લક્ષ્મી રાણીની પુત્રી થઈ. હે અશોક રાજન્! તે આ તારી પ્રિયા રોહિણી છે. રોહિણી વ્રતના પ્રભાવે દુ:ખ વિનાના સુખને ભોગવનારી થઈ છે.''

એકવાર ચંપાનગરીમાં વાસુપૂજ્ય સ્વામીનું આગમન થતાં અશોક રાજા પ્રભુ પાસે ગયાં. તેમની ધર્મદેશનાથી રાજા પ્રશાંત થયો. તેણે પુત્રને રાજ્ય સોંપી પત્ની સહિત દીક્ષા લીધી. સંયમ અને તપની આરાધના કરી તેઓ મોક્ષમાં ગયાં.

જે માનવી સિદ્ધમતી રાણીની જેમ દાન આપવાની સુવર્ણ તક મળવા છતાં ઈર્ષા, ક્રોધ આદિથી

ગુમાવે છે; તે માનવભવને વ્યર્થ ગુમાવી ભવાંતરમાં ઘણું દુ:ખ પામે છે.

**લલિતાંગ કુમાર :** (શ્રી પાર્શ્વનાથ ચરિત્ર - અવાંતર કથા, પૃ. ૫)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **શ્રીવાસ** નામના નગરમાં **નરવાહન** રાજા રાજ્ય કરતો હતો. તેની **કમળા** નામની રાણી હતી. તેમનો ૭૨ કળામાં પ્રવીણ એવો **લલિતાંગ** નામે પુત્ર હતો. લલિતાંગ કુમાર ગુણિયલ હતો. તેની દાનમાં અતિ પ્રીતિ હતી. કથા, કાવ્ય, સ્ત્રી, હાથી-ઘોડા ખેલાવવા કરતાં તેને યાચકોને દાન આપવામાં વધુ આનંદ આવતો હતો. જે દિવસે યાચકની પ્રાપ્તિ ન થાય તે દિવસને તે ક્ષય તિથિની જેમ ગણતો હતો અને જ્યારે દાનનો લાભ થાય ત્યારે પુત્રપ્રાપ્તિના લાભથી વિશેષ અધિક માનતો હતો.

તેનો એક સેવક હતો. તેનું નામ **સજ્જન** હતું પરંતુ સ્વભાવે દુર્જન હતો. તે લલિતાંગ કુમારનું અહિત કરનારો હોવા છતાં કુમાર તેનો ત્યાગ કરતો ન હતો.

એકદા ગુણોથી આકર્ષાઈ રાજાએ પ્રસન્ન થઈ કુમારને હાર આદિ અલંકારો આપ્યાં. કુમારે તે પણ યાચકોને આપી દીધાં. સજ્જને ગુપ્તપણે રાજા પાસે જઈ નિવેદન કર્યું. રાજાએ કુમારને બોલાવી હિતશિક્ષા આપતાં કહ્યું, ''વત્સ! તું હજી બાળક છે. રાજ્ય બહુ કાર્યોથી વ્યાપ્ત છે. તેના રક્ષણ માટે રાજા પોતાના ખજાનાને સમૃદ્ધ કરે છે. દાન ગુણ તારામાં સર્વોત્તમ છે, છતાં થોડું થોડું દાન આપવું. તેમાં અતિ આસક્તિ રાખવી તે ઠીક નથી. બહુ હીમ પડે તો પાક બળી જાય, બહુ વર્ષા થાય તો અતિવૃષ્ટિ (દુકાળ) થાય, અતિ આહાર કરવાથી અજીર્ણ થાય માટે અતિ સર્વત્ર વર્જયતે; માટે દ્રવ્ય એકઠું કરવાનો પ્રયત્ન કરવો. વળી, જ્યાં સુધી ધન છે ત્યાં સુધી સ્ત્રી-પુત્ર-પરિવાર આપણો છે; તેથી જેમ તેમ ધનને વેડફી ન દેવું.'' રાજાના ઉપદેશામૃતથી ખુશ થઈ કુમારે કહ્યું, ''પિતાજી! આપની આજ્ઞા મને પ્રણામ છે.'' હવે કુમાર પિતાની આજ્ઞાથી થોડું દાન આપવા લાગ્યો ત્યારે યાચકોએ કહ્યું, ''હે દાનેશ્વરી કુમાર! અકસ્માત આ શું થયું? દાનમાં ચિંતામણિ સમાન આપ અટોલ પાષાણ જેવા કેમ થઈ ગયા છો? દૂધ વિનાની ગાય શોભતી નથી, તેમ દાન વિનાનો મહર્દ્ધિક મનુષ્ય શોભતો નથી. હે કુળદીપક! તમારી મતિ વિપર્યાસ કેમ થઈ ગઈ છે? દાન વ્રતનો ત્યાગ ન કરવો.''

એક બાજુ પિતાની આજ્ઞા ઓળંગી શકાય એમ ન હતી અને બીજી બાજુ લોકોના અવર્ણવાદ અસહ્ય થઈ પડતાં 'જેમ થવાનું હોય એમ થાય' એવું વિચારી કુમાર પુન: દાન આપવામાં પ્રયુક્ત થયો. રાજાએ ક્રોધિત થઈ કુમારને રાજસભામાં આવવાનો નિષેધ કર્યો. એક શ્રેષ્ઠ ઘોડો લઈ કુમાર રાત્રિના સમયે ઘર છોડી ચાલી નીકળ્યો. સજ્જન તેની પાછળ ગયો. કુમાર અને સજ્જન માર્ગમાં ચર્ચા-વાર્તાલાપ કરતા નજીકના ગામમાં ગયા. કુમતિ સજ્જને કહ્યું, ''અધર્મથી જ જય થાય છે.'' ત્યારે તેને સમજાવવા કુમારે શિકારીની કથા કહી.

કોઈ વનમાં એક શિકારી હરણીનો વધ કરવા તેની પાછળ દોડયો. હરણીએ કહ્યું, ''હે શિકારી! થોભો. હું ભૂખથી ટળવળતાં મારાં બચ્ચાઓને સ્તનપાન કરાવી આવું છું. હું વિશ્વાસઘાત નહીં કરું.'' હરણી પોતાના બચ્ચાઓને સ્તનપાન કરાવી પુન: શિકારી પાસે આવી. શિકારીને પૂછ્યું, ''હું તારા પંજામાંથી કઈ રીતે મુક્ત થઈ શકું?'' શિકારીએ વિચાર્યું, 'જો પશુઓ અસત્ય વચન બોલતાં નથી તો હું અસત્ય (ખોટો ઉપાય) કઈ રીતે કહી શકું?' એમ વિચારી શિકારીએ કહ્યું, ''હે ભદ્રે! મારી જમણી બાજુથી નીકળી જાય તો હું

તને છોડી દઉં.' હરણીએ તેમ કર્યું. શિકારીએ હરણીને જીવનદાન (અભય દાન) આપ્યું.

સજ્જનો કદી વિપત્તિમાં પણ ધર્મને છેટો કરતા નથી. દુષ્ટ સજ્જને પુનઃ શરત કરી કે, "ગ્રામવાસીઓને પૂછીએ કે, ધર્મથી જય છે કે અધર્મથી. અધર્મથી જય છે એવું જો ગ્રામવાસીઓ કહે તો તારે આંખ કાઢી આપવી." કુમારે તે શરત કબૂલ કરી. ગ્રામવાસીઓએ ભવિતવ્યતાના નિયોગથી "અધર્મથી જય થાય છે." એવું કહ્યું. કુમારે શરતાનુસાર છરીથી પોતાના બન્ને નેત્રો કાઢી સજ્જનને આપ્યા. કુમારનો ઘોડો લઈ સજ્જન ચાલ્યો ગયો. કુમાર આપત્તિમાં પડયો છતાં તેણે સજ્જનને દોષ પાત્ર ન ગણતાં પોતાના દુષ્કર્મોનું ફળ છે એવું માન્યું. વળી, જગતમાં જયનું કારણ એક માત્ર ધર્મ છે એવી અટલ શ્રદ્ધા કરી. સૂર્યાસ્તના સમયે વટવૃક્ષ પર **ભારંડ પક્ષી**ઓ યથેષ્ઠ વાર્તાલાપ કરી રહ્યા હતા. "ભાઈઓ ! જેણે જ્યાં આશ્ચર્યકારી ઘટના જોઈ હોય તે નિવેદન કરો." એક ભારંડ પક્ષીએ કહ્યું, "હું તમને રસપ્રદ, ચમત્કારી ઘટના કહું છું તે સાંભળો.

પૂર્વ દિશામાં **ચંપા** નામની નગરી છે. ત્યાં **જિતશત્રુ** રાજા છે. આ રાજાની પ્રાણ પ્રિય એવી **પુષ્પાવતી** નામની પુત્રી છે, જે સ્ત્રીઓની ચોસઠ કળામાં નિપુણ છે. આ પુત્રી સર્વ વાતે કુશળ છે પરંતુ નેત્રહીન છે. રાજાને આ ચિંતા કોરી ખાતી હતી. રાજાએ પુત્રીના ઈલાજ માટે નગરમાં ઘોષણા કરાવી કે, 'રાજકુમારી પુષ્પાવતીની સારવાર કરી તેને નેત્રજ્યોતિ પ્રદાન કરાવનારને રાજા પોતાનું અડધું રાજ્ય આપશે." આ સાંભળી દેશ-વિદેશથી અનેક વૈદ્યો આંખનો ઈલાજ કરવા આવ્યા પરંતુ કોઈને સફળતા સાંપડી નહીં. રાજા ચિંતાથી વ્યાકુળ બન્યો. તેણે નગરમાં દરરોજ પટહઘોષણા કરાવી પરંતુ પ્રતિકાર કરનાર ન મળવાથી રાજા-રાણીએ આવતી કાલે ચિતામાં પ્રવેશ કરવાનું વિચાર્યું છે." આ સાંભળી બાળ પક્ષીએ વિસ્મયથી પૂછયું, "તાત ! તેનાં નેત્રો સારાં થાય તે માટે કાંઈ ઉપાય છે ?" અનુભવી વૃદ્ધ પક્ષીએ કહ્યું, "વત્સ ! રાજકુમારી જન્મથી જ અંધ છે. તેને નેત્ર જ્યોતિ ક્યાંથી આવે ? તેમ છતાં મણિ, મંત્ર અને મહૌષધિઓમાં અચિંત્ય પ્રભાવ રહેલો છે." બાળ પક્ષીએ કહ્યું, "તાત ! એવું હોય તો જલ્દી ઉપાય કહો." વૃદ્ધે કહ્યું, "રાત્રિની વેળાએ મહાધૂર્તજનો વિશેષપણે ફરતા હોય છે તેથી રાત્રિએ ન બોલાય." બાળ પક્ષી જીદે ચડયું. બાળકે ખૂબ આગ્રહ કર્યો ત્યારે વૃદ્ધે કહ્યું, "આ વૃક્ષના થડમાં જે વેલડી ચારે બાજુ વીંટાયેલી છે, તેના રસમાં ભારંડ પક્ષીની ચરક મિશ્રિત કરીને આંખમાં આંજવામાં આવે તો તરત નેત્રજ્યોતિ થઈ જાય." આ પ્રમાણે બોલતાં બોલતાં પક્ષીઓ સૂઈ ગયા. આ સર્વ વૃત્તાંત વટવૃક્ષની નીચે રહેલા લલિતાંગ કુમારે સાંભળ્યો.

તેણે હાથના સ્પર્શથી તે લતાને છરી વડે કાપી. ત્યાં પડેલ ભારંડ પક્ષીની ચરકને હાથ વડે લઈ તેનું મિશ્રણ કરી પોતાની આંખમાં આંજ્યું. તેણે આંખો બંધ કરી લીધી. એક-બે ઘડી પછી આંખો ખોલી તો તેનાં નેત્રો દિવ્ય જ્યોતિવાળા થઈ ગયાં. કુમારે વિચાર્યું, 'આ બધો ધર્મનો જ પ્રભાવ છે. હવે ચંપાપુરીમાં જઈ રાજકુમારી પુષ્પાવતીની સારવાર કરું. હું આ ભારંડ પક્ષી સાથે જ તે નગરમાં જાઉં. આ પ્રમાણે વિચારી તે વટવૃક્ષ પર બેસી ગયો. ભારંડ પક્ષીની પાંખમાં (પગ પકડીને) છુપાઈ રહ્યો. સવારે પક્ષી ઉડીને ચંપાનગરીના ઉદ્યાનમાં આવ્યું. તેણે પાંખમાંથી બહાર આવી સરોવરમાં સ્નાન કર્યું. ઉદ્યાનના સ્વાદિષ્ટ ફળોનો આહાર કરી તે નગરમાં ગયો. પટહ ઘોષણા સાંભળી રાજદ્વારે આવ્યો. તેણે લોકોને કહ્યું, "રાજાને સમાચાર મોકલો કે વિદ્યાવાન સિદ્ધ પુરુષ આવ્યો છે. રાજાએ ઉત્કંઠિત થઈ કુમારને તરત રાજદરબારમાં બોલાવ્યો. રાજાએ તેના કુળ જાતિ વિશે પૂછયું પરંતુ કુમારે કહ્યું, "આપને જે કામ હોય તે ફરમાવો." રાજાએ અનુમાનથી ઉત્તમ પુરુષ

છે એવું ધારી લીધું. રાજા તેની સાથે કન્યા પાસે આવ્યા. ''હે નરોત્તમ ! મારી પુત્રીને દેખતી કરો.'' કુમારે કેડમાં રાખેલ વેલ અને ભારંડ પક્ષીની ચરકના પ્રયોગથી રાજકુંવરીને દિવ્ય નેત્રવાળી કરી. રાજાએ પ્રસન્ન થઈ લલિતાંગ કુમારે સાથે પુષ્પાવતીના વિવાહ કરાવ્યા અને અડધું રાજ્ય આપ્યું.

એક વખત નગરનું નિરીક્ષણ કરતાં લલિતાંગ કુમારની દષ્ટિ સજ્જન પર પડી. કુમારે કરુણાથી સેવકો દ્વારા તેને પોતાના મહેલમાં બોલાવ્યો. સજ્જને પોતાની દુર્દશાની બનાવટી વાતો કરી. ચતુર પુષ્પાવતીએ સજ્જનની દુષ્ટતા જાણી તેની સોબત છોડી દેવાની સલાહ આપી પરંતુ કુમારે અધમની સોબત મૂકી નહીં.

એકદા રાજાએ સજ્જનને બોલાવી કુમારના માતા-પિતા, કુળ, જાતિ વિશે પૂછ્યું. દુર્જન સજ્જને રાજાને બધું જ વિપરીત બતાવ્યું. પ્રધાન મારફતે કુમારે સત્ય હકીકત જાણી. પ્રધાનના કહેવાથી તેણે રાજાને પોતાની આપવીતી જણાવી. રાજાએ તેની સત્યતા જાણી બાકીનું અડધું રાજ્ય તેને સોંપી દીધું. જિતશત્રુ રાજા તપોવનમાં ચાલ્યો ગયો. લલિતાંગ કુમાર રાજા બન્યો. તે માતાની જેમ પ્રજાનું પાલન કરવા લાગ્યો.

એકદા નગરમાં **નરવાહન રાજર્ષિ** પધાર્યા. લલિતાંગ રાજા તેમના દર્શન કરવા ગયો. નરવાહન રાજર્ષિએ સમ્યક્ત્વ પ્રાપ્તિનો ઉપદેશ આપ્યો. રાજા બારવ્રતધારી શ્રાવક બન્યો. વૃદ્ધાવસ્થા પામતાં પુત્રને રાજગાદી સોંપી રાજાએ દીક્ષા લીધી. છઠ્ઠ - અઠ્ઠમાદિક તપશ્ચર્યા કરતાં, બાવીસ પરિષહો પર વિજય મેળવી અનશન કરી લલિતાંગ મુનિ સ્વર્ગસ્થ થયા. દેવસુખ ભોગવી, મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધપદને પામશે.

**લક્ષ્મીમતી** : (આરાધના કથા કોષ, પૃ.૨૪૬)

**મગધ દેશના લક્ષ્મી** નામના સુંદર ગામમાં **સોમશર્મા** નામનો વિપ્ર રહેતો હતો. તેની **લક્ષ્મીવતી** નામની ભાર્યા હતી. લક્ષ્મીવતી દેખાવમાં સુંદર અને યુવાન હતી. તેનામાં ઘણાં ગુણો હતાં પરંતુ એક દોષ પણ હતો. તેને પોતાની જ્ઞાતિનું ખૂબ અભિમાન હતું. તે સદા શૃંગારમાં વ્યસ્ત રહેતી હતી.

એક દિવસ ગામમાં પંદર દિવસના ઉપવાસી **શ્રી સમાધિગુપ્ત મુનિરાજ** પધાર્યા. તેઓ ઉપવાસના પારણે સોમશર્મા વિપ્રને ત્યાં પધાર્યા. સોમશર્માએ તેમને આહાર કરાવવા ભક્તિભાવથી ઊંચા આસને વિરાજમાન કર્યા. ત્યાર પછી પોતાની પત્નીને મુનિરાજને આહાર કરાવવાની સૂચના આપી પોતે કોઈ ખાસ કાર્ય માટે બહાર ચાલ્યો ગયો.

આ સમયે લક્ષ્મીવતી બ્રાહ્મણી અરીસા સામે બેસી પોતાનું મુખ દર્પણમાં નિહાળી રહી હતી. તેણી શૃંગારમાં વિક્ષેપ પડવાથી ક્રોધિત થઈ મુનિને ગાળો આપી તેમની નિંદા કરવા લાગી. ત્યાર પછી તેણે કમાડ બંધ કરી દીધાં. મુનિરાજ શાંત સ્વભાવી, તપના દરિયા, સર્વના હિતેચ્છુ અને સર્વ ગુણોથી યુક્ત ઉચ્ચ ચારિત્રના ધારક હતા. બ્રાહ્મણીના અનુચિત વલણ તરફ દષ્ટિપાત ન કરતાં તેઓ ચાલ્યા ગયા. ખરેખર! પાપીઓને ત્યાં તારક બનીને આવેલી નિધિ પણ ચાલી જાય છે.

મુનિ નિંદાના ભયંકર પાપકર્મથી લક્ષ્મીમતીને સાતમા દિવસે જ કોઢનો રોગ થયો. તેનું રૂપ નંદવાઈ ગયું. સાધુ-સંતોની નિંદા કે ટીકા કરનારને કદી શાંતિ મળતી નથી. લક્ષ્મીમતીના ચેપી રોગથી કંટાળી ઘરના સભ્યોએ તેને ધુત્કારી કાઢી મૂકી. તે અસહાય બની. તેનું મૃત્યુ આર્ત-રૌદ્ર ધ્યાનમાં થયું તેથી તે, તે જ ગામમાં એક ધોબીને ત્યાં ગધેડી બની. ત્યાં મૃત્યુ પામી સૂઅર સ્ત્રી પણે ઉત્પન્ન થઈ. ત્યાંથી મૃત્યુ પામી બે

વાર કૂતરી પર્યાયમાં જન્મી. તે અવસ્થામાં જંગલમાં દાવાનળ લાગતાં તેમાં બળી મૃત્યુ પામી ત્યાંથી **નર્મદા નદી**ને કાંઠે વસેલા **ભૃગુકચ્છ** ગામમાં એક નાવિકને ત્યાં **કાણા** નામની પુત્રી થઈ. તેનું જન્મથી જ શરીર ગંધાતું હતું. કોઈ તેની બાજુમાં બેસી ન શકતું. જાતિ મદના કારણે તેની એવી અવદશા થઈ હતી !

એક દિવસ કાણા લોકોને નાવમાં બેસાડી નદીપાર કરાવી રહી હતી. ત્યાં નદી કિનારે તપસ્વી મુનિરાજને જોયા. આ મુનિરાજ તે જ હતા જેની તેણે લક્ષ્મીમતિના ભવમાં નિંદા કર હતી. તેણે જ્ઞાની મુનિરાજને વંદન કરી પૂછયું, ''પ્રભો ! મેં આપને ક્યાંક જોયા છે.'' મુનિએ કહ્યું, ''તું પૂર્વ જન્મમાં બ્રાહ્મણી હતી. તારું નામ **લક્ષ્મીમતી** હતું. **સોમશર્મા** તારો પતિ હતો. તે ભવમાં તેં કુળમદ કરી મુનિ નિંદા કરી હતી. તે પાપ કર્મના ઉદયથી તને કોઢ થયો હતો. તે દુઃખ અસહ્ય હતું તેથી તેં અગ્નિમાં ઝંપલાવી આત્મહત્યા કરી. તે પાપકર્મથી તું ગધેડી, સૂઅરી, બે વાર કૂતરી થઈ. કૂતરીપણે મૃત્યુ પામી તું નાવિકને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થઈ છે.''

પોતાના પૂર્વ ભવોની દાસ્તાન સાંભળી કાણાને જાતિસ્મરણ જ્ઞાન થયું. ચલચિત્રની જેમ પોતાના પૂર્વ ભવોને તે નિહાળવા લાગી. તેણે પોતાના અપરાધોની ક્ષમા માંગતાં કહ્યું, ''પ્રભો ! હું પાપિણી છું. મેં મહાત્માની નિંદા કરી સુપાત્રદાનથી વંચિત રહી છું. મને ક્ષમા કરો. મારી દુર્ગતિઓનું નિવારણ કરો.'' ત્યારે મુનિરાજે તેને ધર્મનો ઉપદેશ આપ્યો. કાણા વચનામૃત સાંભળી સંતુષ્ટ થઈ. તેને વૈરાગ્ય થયો. તે ત્યાં જ મુનિરાજ પાસે દીક્ષિત થઈ ક્ષુલ્લિકા થઈ ગઈ. તેણે પોતાની શક્તિ અનુસાર ખૂબ તપશ્ચર્યા કરી. અંતે શુભ ભાવોમાં મૃત્યુ પામી તે સ્વર્ગમાં ગઈ. આ કાણા ત્યાંથી ચ્યવી **કુંડનગર**ના રાજા **ભીમ**ની મહારાણી **યશસ્વતી**ની **રુપિણી** નામની સુંદર કન્યા તરીકે અવતરી. યુવાન વયે રુપિણીના વિવાહ **વાસુદેવ** સાથે થયા.

ખરેખર ! પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે તેવા સંજોગો ચૂકી જતાં અજ્ઞાની લક્ષ્મીમતીને બોદા દાન-પુણ્યના સદ્‌ભાવમાં ભવાંતરમાં ઉચ્ચકુળ, ધન-દૌલત, રૂપ ઈત્યાદિ સર્વની પ્રાપ્તિ ન થઈ.

**લુબ્ધદત્ત** : (રત્નકંડરક, પૃ.૧૭૭)

**અયોધ્યામાં લુબ્ધદત્ત** નામનો એક વણિક રહેતો હતો. તેણે વિદેશ જઈ ધન કમાવવાનો વિચાર કર્યો અને ત્યાં જઈ પર્યાપ્ત ધન કમાઈને આવ્યો પરંતુ પાછા ફરતી વખતે તેની નાવ પાણીમાં ડૂબી ગઈ જેથી તેનું સંચિત ધન પાણીમાં ડૂબી ગયું. તે ઘણી મુશ્કેલીથી જેમતેમ કરી તરીને કિનારે આવ્યો.

થોડો સમય વિશ્રામ કર્યા બાદ તેને જોરદાર ભૂખ લાગી. કકડીને ભૂખ લાગી હતી તેથી ક્ષુધા શાંતિ માટે તે ચાલવા લાગ્યો. થોડું ચાલ્યો ત્યાં ભરવાડોની વસ્તી આવી, જ્યાં ગાય-ભેંસ, બકરીનું દૂધ, દહીં, ઘી આદિનો વ્યાપાર થતો હતો. આ ભરવાડો દહીંમાંથી નવનીત મેળવ્યા પછી બચેલી છાશને નિઃશુલ્ક વેચતા હતા. ક્ષુધાતુર લુબ્ધદત્ત જ્યારે ભરવાડની વસ્તીમાં પહોંચ્યો ત્યારે તેણે કંઈક ખાવાનું માંગ્યું. ભરવાડણોએ તેને પેટ ભરીને છાશ પીવડાવી તૃપ્ત કર્યો. લુબ્ધદત્તની મૂંછો ઘણી મોટી હતી. છાશ પીતા સમયે તેમાં રહેલું માખણ તેની મૂંછોમાં ચોંટી ગયું. તેણે છાશ પીને મૂછો પર હાથ ફેરવ્યો તો તેના હાથ માખણવાળા થઈ ગયા. આ માખણને જોઈ લુબ્ધદત્તે વિચાર કર્યો કે, 'આ માખણ જો મફતમાં મળતું હોય તો શા માટે તેને એકઠું ન કરું ?' એ વિચારથી તે ભરવાડોને ત્યાં છાશ પીતો અને મૂંછોને લૂછી માખણ એકત્રિત કરતો રહેતો. એકવાર શિયાળાની ઋતુ આવી. તે સમયે માખણ પણ ઘણી માત્રામાં છાશ ઉપર તરતું રહેતું હતું. આમ, ધીમે ધીમે તેણે એક ઘડા

જેટલું માખણ એકઠું કર્યું. તેથી ત્યાંના લોકો તેને **'શ્મશ્રુનવનીત'** અર્થાત્ **'મૂંછ મક્ખન'** કહેવા લાગ્યા.

હવે લુબ્ધદત્તે એ જ વસ્તીમાં ઘાસની એક ઝૂંપડી બનાવી, જ્યાં એ રાત્રિના સમયે વિશ્રામ લેતો હતો. રાત્રિના સમયે માખણનો ઘડો છીકા ઉપર મૂકતો હતો.

એક દિવસ તે ખાટલા ઉપર લેટતો સૂતો હતો. તેણે કલ્પનાનું સ્વપ્ન જોયું. તે શેખચલ્લીના વિચારોમાં ખોવાઈ ગયો. 'હું માખણ વેચીને ગાયો ખરીદીશ. ગાયોનું દૂધ, ઘી વેચીને ધન મેળવીશ. આ ધનથી હું મકાન બનાવીશ, પછી લગ્ન કરીશ. જ્યારે મારી પત્ની પગ દબાવતી હશે ત્યારે તેને પગ પ્રહાર કરી ગુસ્સાથી ઠપકો આપતાં કહીશ કે, બરાબર પગ દબાવ.' એવું વિચારતાં તેણે જોરથી લાત મારી. માખણનો ઘડો પગની ઠોકરથી છીકા પરથી નીચે પડયો. ઠંડી ભયંકર હોવાથી નીચે તાપણીમાં આગ બળતી હતી. ઘીનો ઘડો આ આગમાં પડયો. તેથી આગ એકદમ પ્રજ્વલિત થઈ. થોડી વારમાં ઘાસની ઝૂંપડી આગની લપેટોથી સળગી ઉઠી. તૃષ્ણાતુર લુબ્ધદત્ત બહાર નીકળી ન શક્યો. તે આગમાં સ્વાહા થઈ ગયો.

મનુષ્ય ધન એકઠું કરવાની ભાવનામાં તૃષ્ણાતુર બની અનેક સંકલ્પ-વિકલ્પ કરતો રહે છે. તે પ્રાપ્ત કરવા તનતોડ મહેનત કરે છે પરંતુ તેના ભાગ્યોદય કે પુણ્યથી અધિક પ્રાપ્ત કરી શકતો નથી. તૃષ્ણાતુર વ્યક્તિ આ જન્મમાં પુણ્ય ઉપાર્જન કરતો નથી તેથી આલોકમાં કલેશ અને પરલોકમાં દુર્ગતિ પ્રાપ્ત કરે છે.

**લુબ્ધક શેઠની કથા :** (આરાધના કથા કોષ, પૃ. ૧૨૬)

રાજા **અભયવાહન ચંપાપુરી**માં રાજ્ય કરતા હતા. તેમની **પુંડરીકા** નામની રાણી હતી. જેના નેત્ર કમળ જેવા હતા. આ નગરમાં **લુબ્ધક** નામનો એક શ્રેષ્ઠી રહેતો હતો. તેની સ્ત્રીનું નામ **નાગવસુ** હતું. લુબ્ધકના **ગરુડદત્ત** અને **નાગદત્ત** નામના બે પુત્રો હતા. બન્ને ભાઈઓ હસમુખા હતા.

લુબ્ધક શ્રેષ્ઠી ખૂબ ધનવાન હતો. તેણે ધન ખર્ચી યક્ષ, પક્ષી, હાથી, ઊંટ, ઘોડા, સિંહ, હરણ આદિ પશુઓની એક એક સોનાની જોડી બનાવી હતી. આ પશુઓનાં શિંગડાં, પૂંછડી, ખૂર આદિમાં હીરા, માણેક, મોતી આદિ બહુમૂલ્ય રત્નો જડાવ્યાં હતાં. જે લોકો આ જોડીઓને જોતાં તેઓ ખુશ થતાં અને લુબ્ધક શ્રેષ્ઠીની પ્રશંસા કર્યા વિના ન રહેતા. સ્વયં લુબ્ધક શ્રેષ્ઠી પણ આ ઝગમગતા પ્રદર્શનને જોઈ મનોમન ખુશ થઈ પોતાને ધન્ય માનતો. લુબ્ધક શ્રેષ્ઠી બધી રીતે સુખી હતો. તેને ત્યાં સુખની ગંગા વહેતી હતી પરંતુ તેને અલ્પ દુ:ખ એ વાતનું હતું કે તેણે હવે બળદની જોડ બનાવવાની શરૂ કરી હતી. એક બળદ તૈયાર થઈ ચૂક્યો હતો પરંતુ હવે સુવર્ણ ન રહેવાના કારણે બીજો બળદ તે બનાવી શક્યો નહીં. બસ, આ વાતનો તેને સદા અફસોસ રહ્યા કરતો હતો. તે ચિંતાગ્રસ્ત ન રહેતાં ખોટ પૂર્ણ કરવા પ્રયત્નશીલ રહેતો હતો. ખરેખર ! લક્ષ્મી હોવા છતાં નિરંતર તેની ભૂખ એ તૃષ્ણા છે.

એકવાર વર્ષાઋતુમાં સતત સાત દિવસ સુધી વરસાદ વરસતો રહ્યો. નદી-નાળાં ભરાઈ ગયાં. તેવા ટાણે પણ બીજા બળદની પ્રાપ્તિ માટે લાકડીઓ લેવા તે સ્વયં નદી પર ગયો. છલકાતી નદીમાંથી ઘણી લાકડીઓ ભેગી કરી તેનો મોટો ભારો બાંધ્યો. તે ભારો પોતાના માથા પર મૂકી તે ઘર તરફ ચાલ્યો.

આ સમયે પુંડરીકા રાણી પોતાના મહેલમાં બેસી પ્રાકૃતિક સૌંદર્ય નિહાળી રહી હતી. તેણે આ દશ્ય જોયું. મહારાજા અભયવાહન પણ તે સમયે ત્યાં જ હતા. લાકડીનો મોટો ભારો બાંધી માથે ઉપાડી લુબ્ધક આવી રહ્યો હતો. તે જોઈ દયાળુ રાણીએ રાજાને કહ્યું, ''પ્રાણનાથ ! લાગે છે કે આપણા રાજ્યમાં આ કોઈ મોટો

દરિદ્રી છે. જુઓ, બિચારો આવી ભયંકર રાત્રિમાં માથા ઉપર ભારો ઊંચકી આવી રહ્યો છે. તેને સહાયતા કરો; જેથી તેનું કષ્ટ દૂર થાય.''

પરોપકારી રાજાએ સેવકો દ્વારા લુબ્ધકને મહેલમાં બોલાવ્યો. તેને પૂછ્યું, ''શું તમારી સ્થિતિ સારી નથી ? મને ખેદ છે કે હું આ નગરનો ધણી હોવા છતાં આટલા દિવસોમાં મેં તારી તરફ લક્ષ્ય આપ્યું નથી. અસ્તુ, તને જેટલા રૂપિયાની જરૂરત હોય તે મારા ખજાનામાંથી લઈ જા. હું તને મારી સહીવાળો પત્ર લખીને આપું છું.'' આમ કહી રાજા પત્ર લખવા તૈયાર થયા ત્યાં લુબ્ધકે કહ્યું, ''મહારાજ ! મને કંઈ નથી જોઈતું. ફક્ત એક બળદની જરૂર છે. મારી પાસે એક બળદ તો છે પરંતુ મારે તેની જોડ બનાવવી છે.'' રાજાએ કહ્યું, ''બહુ સરસ ! મારી ગૌશાળામાં ઘણાં બળદો છે. તમને જોઈએ તેવો બળદ લઈ આવો.'' લુબ્ધકે ગૌશાળામાં જઈ બળદો જોયાં પરંતુ એક પણ બળદ પસંદ ન આવ્યો. તેણે રાજાને કહ્યું, ''મહારાજ ! મારા બળદ જેવો ત્યાં એક પણ બળદ ન દેખાયો. મને આવા બળદની જરૂર નથી.'' રાજાએ કહ્યું, ''ભાઈ ! તારો બળદ કેવો છે ? શું તું મને તારો બળદ બતાવીશ ?'' લુબ્ધકે ખુશ થઈ હા પાડી. તેણે રાજાને પોતાના ઘરે આવવાનું આમંત્રણ આપ્યું.

રાજા લુબ્ધકના ઘરે આવ્યા. તેનો આવાસ શ્રીમંતાઈની ચાળી ખાતું હતું. તેણે રાજાને સોનાનો બળદ દેખાડયો. રત્નજડિત સોનાના બળદને જોઈ રાજાને અચંબો થયો. જેને તે દરિદ્રી સમજતા હતા તે તો ચંપાપુરીનો ધનાઢય શ્રેષ્ઠીવર્ય નીકળ્યો. લુબ્ધકની સ્ત્રી નાગવસુ બહુમૂલ્ય સુંદર રત્નોથી સજાવેલો સોનાનો થાળ લાવી. તેણે પોતાના પતિના હાથમાં આ થાળ આપતાં કહ્યું, ''મહારાજાને આ થાળ ભેટમાં આપો.'' રત્નોનો થાળ જોઈ લુબ્ધકનું હૈયું બેસી ગયું પરંતુ બાજુમાં મહારાજા હતા તેથી તે થાળ હાથમાં લેવો પડયો. જેવો થાળ હાથમાં લીધો ત્યાં લુબ્ધકના બન્ને હાથ થર-થર ધ્રૂજવા લાગ્યા. જેવો તેણે મહારાજાને આપવા થાળ આગળ કર્યો ત્યાં લોભવૃત્તિના કારણે તેની આંગળિયો મહારાજાને સાપની ફેણ જેવી દેખાણી. ખરેખર ! જે પાપીઓ કદી એક ફૂટી કોડી કોઈને દાનમાં આપી ન હોય તે બીજાની પ્રેરણાથી પણ દાન આપી શકતો નથી.

રાજાને લુબ્ધકના આવા લોભી સ્વભાવ પ્રત્યે નફરત થઈ. તે એક પળ પણ ત્યાં રોકાયા નહીં. રાજાએ ત્યારથી લુબ્ધકનું નામ '**ફણહસ્ત**' રાખ્યું.

લુબ્ધકની બીજો બળદ બનાવવાની અભિલાષા પૂર્ણ ન થઈ. તે ધન કમાવવા **સિંહલદ્વીપ** ગયો. ત્યાં લગભગ ચાર કરોડનું ધન કમાયો. તે કમાયેલું ધન, માલ, વસ્તુઓ જહાજમાં લઈ સમુદ્રમાર્ગે સ્વદેશ આવી રહ્યો હતો ત્યાં ભાગ્યયોગે પ્રતિકૂળ પવન ફૂંકાયો. સમુદ્રમાં તોફાન આવ્યું. એક જોરથી આંધી આવી. જહાજનો સઢ ફૂટી ગયો. જહાજ ફંગોળાઈ ગયું. જોતજોતામાં તે વિશાળ સમુદ્રના ગર્ભમાં સમાઈ ગયું. લુબ્ધકનું ધન નષ્ટ થયું. તે આર્તધ્યાનપૂર્વક મૃત્યુ પામી પોતાના ધનનો રક્ષક સર્પ બન્યો. આ સર્પ કોઈને એક ફૂટી કોડી ઊંચકવા દેતો ન હતો.

ઘરના ખજાના ઉપર સર્પને બેઠેલો જોઈ લુબ્ધકના મોટા પુત્ર ગરુડદત્તને ક્રોધ આવ્યો. તેણે સર્પને મારી નાંખ્યો. ત્યાંથી મૃત્યુ પામી સર્પ ચોથી નરકે ગયો. ત્યાં પાપકર્મોનું ભારે દુઃખ સહન કરવું પડયું.

આમ, દાન ન આપનાર લુબ્ધક શેઠ પુણ્યહીન થતાં સંસાર સમુદ્રમાં અનંતકાળ સુધી કષ્ટ ભોગવતો રહ્યો. કંજૂસને ત્યાં ગમે તેટલી લક્ષ્મી છતાં જો તે આપે કે ભોગવે નહીં તો ઘર ફળેલું ન કહેવાય.

**વણિક સુત - વણિક સુતા :** ( ચંદ્રપ્રભ ચરિત્ર)

**અયોધ્યા નગરી**માં **ભીમ રાજા**નો **લક્ષ્મણ** નામનો મંત્રી હતો. તેને બે પત્નીઓ હતી. બે પત્નીઓને કારણે છાશવારે ક્લેશ થયા કરતો. એવામાં તે નગરમાં એક જુગારી અને એક ચોર એવો વણિકપુત્ર, જેને માતા-પિતાએ ઘરમાંથી કાઢી મૂક્યો હતો તે આવ્યો. તે નગરનાં ચોર સાથે ભળી લોકોને લૂંટવા લાગ્યો. એક દિવસ તે બહાર બેઠો હતો. તેને ખાવા પૂરતું ધન આપી બધાં ચોર બહાર રહ્યાં. વણિકપુત્ર ભાતું લઈ નગર બહાર જવા નીકળ્યો, ત્યાં ભિક્ષા નિમિત્તે નગરમાં આવતાં એક સાધુને તેણે જોયાં. તેને વિચાર આવ્યો કે, 'પાપનો છેદનાર આ સાધુને આ દાન આપું.' એમ વિચારી તેણે સાધુને દાન આપ્યું. ત્યારપછી તે ચોરો પાસે આવ્યો. ચોરોએ નગરમાં જઈ રાજાના ઘોડાની ચોરી કરી. વણિકપુત્ર નગરનાં પાદરે બેઠો હતો. તેટલામાં દ્વારપાળે તેને જોઈને કહ્યું, ''હે પ્રધાન ! આ ચોર છે. તેને કદર્થના કરો.'' કોટવાળે પૂછયું, ''તેણે શું ચોરી કરી છે ?'' દ્વારાપાળ બોલ્યો, ''રાજાનાં અશ્વો ચોર્યા છે.'' દ્વારપાળનાં આવા વેણ સાંભળવા છતાં મંત્રીએ પોતાની બે કન્યા વણિકપુત્રને પરણાવી. આથી રાજાએ ગુસ્સે થઈ કહ્યું, ''ચોરને વળી, બે કન્યા અપાય ?'' ત્યારે મંત્રીએ કહ્યું, ''હે સ્વામી ! પુરુષ બે ભાર્યાથી જેવું દુ:ખ પામે છે, તેવું બીજું એકેય દુ:ખ નથી.'' ત્યારે ચોરે વિચાર્યું, 'અહો ! હું મુનિદાનનાં પ્રભાવે આબાદ બચી ગયો. બધાં ચોરો મરી ગયાં. હું જ ફક્ત તેમાંથી આબાદ છૂટી ગયો.'

તેણે ચોરીનો ધંધો છોડી દીધો. પ્રેમાળ પત્ની સાથે સુખેથી રહેવા લાગ્યો. તેનો વંશવેલો ખૂબ વિસ્તર્યો. દાનના પ્રભાવને સંભારતો વણિકપુત્ર સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી નિરંતર સુપાત્ર દાન આપવા લાગ્યો. એકદા ત્યાં આચાર્ય આવ્યા. તેમની પાસે સર્વ પાપોની આલોચના કરી ભાર્યાઓ સહિત તે દીક્ષા લઈ દેવલોકમાં ગયો.

ભાવપૂર્વક આપેલું દાન આ લોક અને પરલોકમાં સુખદાયક નીવડે છે.

**વિશ્વભૂતિ વિપ્ર :** (અજીતનાથ ચરિત્ર (હિન્દી), લે. મુનિ શ્રી જયાનંદ વિજયજી, પૃ.૯૧)

**મહાપુર** નગરમાં **વિશ્વભૂતિ** નામનો શ્રીમંત વિપ્ર રહેતો હતો. તે કૃપણનો સરદાર હતો. તેની પાસે અપાર લક્ષ્મી હતી પરંતુ ન તે સ્વયં પણ પૂરું ખાતો કે ન પરિવારને ખાવા દેતો. ઘરના પ્રત્યેક કાર્યોમાં કૃપણતાનું સામ્રાજ્ય હતું. એક દિવસ પ્રાત: કાળે તેને સ્મરણ થયું કે, '**દેવભદ્ર** શેઠને પાંચ હજાર રૂપિયા આપ્યા હતા પરંતુ તેનો હિસાબ થયો નથી. આજે જઈ ચોખવટ કરી આવું. વ્યાજ સહિત લાવી જમા કરાવી લઈશ.' આવું વિચારી ભરબપોરે વિપ્ર ઘરમાંથી નીકળ્યો. શેઠના ઘરે આવ્યો. દ્વારપાળે શેઠને અંદર જઈ પૂછયું ત્યાર પછી વિપ્રને અંદર જવાની અનુમતિ આપી.

વિશ્વભૂતિએ વિચાર્યું, 'આ તો દેવાળીયો છે. તે દ્વારપાળને રાખી લક્ષ્મીનો વ્યય કરે છે. હું ઠીક સમય પર આવ્યો છું. હવે રકમ લઈ જવામાં જ સાર છે.' શેઠ પાસે પહોંચ્યો. તેને જોઈ શેઠ ઊભા થઈ ગયા. આદરપૂર્વક બોલાવી પોતાની પાસે બેસાડયો. કુશલ સમાચાર પૂછી આવવાનું પ્રયોજન પૂછયું. વિશ્વભૂતિએ હિસાબની વાત કરી. શેઠે મુનિમને બોલાવી કહ્યું, ''શેઠજીનો બરાબર હિસાબ બતાવજો. જો જો ભૂદેવજી છે. તેમને એક પણ પૈસો ઓછો ન જવો જોઈએ. તેઓ લેવાના સંપૂર્ણ અધિકારી છે.'' મુનીમે પૂરો હિસાબ બતાવ્યો. રકમ સામે રાખી. બ્રાહ્મણે લઈને ચાલતી પકડી ત્યારે શેઠે તેને સવાર સુધી રોકાઈ જવાનો આગ્રહ કર્યો.

વિશ્વભૂતિ રોકાઈ ગયો. શેઠે તેને ભોજન આપ્યું. બ્રાહ્મણે ભોજન કર્યું. શેઠે પોતાના ઓરડામાં તેની સૂવાની વ્યવસ્થા કરી. તે ઓરડાની સજાવટ જોઈ બ્રાહ્મણને થયું કે, 'શેઠ ઉડાઉ છે. ખોટો ખર્ચ કરતાં એક દિવસ શેઠ નિર્ધન બની જશે.' અહીં રાત્રિની બે ઘડી પસાર થઈ ત્યારે શેઠ આવ્યા. ભૂદેવજીને જાગતા જોઈ પૂછ્યું, "કેમ નિંદર નથી આવતી ?" બ્રાહ્મણે કહ્યું, "તમારી ચિંતામાં મારી ઊંઘ ઉડી ગઈ. તમે આટલો બધો વ્યર્થ ખર્ચ શા માટે કરો છો ? આમ કરશો તો ભરેલાં ભંડાર પણ ખૂટી જશે." ત્યારે શેઠે તેને સમજાવતાં કહ્યું, "લક્ષ્મી નથી ઉદ્યમથી મળતી કે ન રક્ષા કરવાથી રહેતી. એ તો ધર્મથી મળે છે. ધર્મથી જ વૃદ્ધિ પામે છે અને ધર્મથી જ રહે છે. તેનો ભોગ કરવો એ જ ફળ છે. જેમ વૃક્ષનું રોપણ કરવાથી તેના ઉપર ફળ આવે છે. તે ફળ ખાવાથી વૃક્ષનો નાશ થતો નથી, તેમ ધનનું ફળ પણ ભોગોપભોગ છે. એથી લક્ષ્મીનો નાશ થતો નથી. માટે આપ નિશ્ચિંત થઈ સૂઈ જાવ." શેઠ સૂઈ ગયા પરંતુ ભૂદેવજીની ઊંઘ હરામ થઈ ગઈ. તેઓ શેઠની વાત પર વિચાર કરવા લાગ્યા.

મધ્યરાત્રિએ લક્ષ્મી દેવી શેઠની રક્ષા કરવા માટે આવી. ભૂદેવ કુવિકલ્પમાં પડ્યા. શેઠનું ઉત્તરીય વસ્ત્ર ધૂપદાનમાં પડ્યું. દેવીએ તેને ઉપાડી, આગ બુઝાવી, યોગ્ય સ્થાન પર મૂક્યું. પલંગને ચક્કર લગાવી દેવી જવા લાગી. ત્યારે વિશ્વભૂતિએ તેને બોલાવી પૂછ્યું. દેવીએ કહ્યું, "મૂર્ખ ! કુવિકલ્પ ન કર. હું લક્ષ્મી છું. શેઠને ત્યાં વ્યવસ્થા માટે આવી છું. આ મારા સ્વામી છે માટે મારે ત્યાં જવું જરૂરી છે." વિશ્વભૂતિએ પૂછ્યું, "મારા ઘરે કેમ નથી આવતી ?" દેવીએ કહ્યું, "લક્ષ્મીને તિજોરીમાં પૂરી રાખનારના ઘરે હું રહેતી નથી. હું તો દાન-પુણ્ય કરનારના ઘરે દોડીને જાઉં છું." ભૂદેવે કહ્યું, "તો તો હું પણ દાન-પુણ્ય કરીશ." લક્ષ્મીએ કહ્યું, "તું દાન-પુણ્ય કરીશ તો તારા નવ અંગો પર દાગ અપાવીશ." ભૂદેવે કહ્યું, "હું પુણ્ય કરી તને મારા ઘરની દાસી બનાવીશ." પ્રાતઃકાળે વિશ્વભૂતિ બજારમાં ગયો. નવાં વસ્ત્રો લાવ્યો. યાચકોને બોલાવી દાન આપ્યું. નગરમાં આશ્ચર્યની લહેર ફરી વળી. લોકો વાતો કરવા લાગ્યા. અરે ! જુઓ ! વિશ્વભૂતિ દાન આપે છે." કોઈએ તેનું કારણ પૂછ્યું. ભૂદેવે કહ્યું, "ભાઈ ! આટલા દિવસ હું અજ્ઞાન હતો. આજે જ મને જ્ઞાન થયું છે કે, 'લક્ષ્મીનો ઉપયોગ દાન-પુણ્યમાં કરવો જોઈએ."

લોકોએ વિશ્વભૂતિના દીકરાને વાત કરી. ઘરના સદસ્યો અચંબો પામ્યા. તેમણે પિતાને દાન આપતાં જોઈ વિચાર્યું, "આમને કાંઈક થઈ ગયું છે." કોઈકે સલાહ આપી કે, 'પ્રેતાત્માનો વળગાડ હશે માટે શરીરના નવ અંગો પર ડામ આપો તેથી તે સ્વસ્થ થઈ જશે.' ઘરવાળાએ પકડી ગરમાગરમ સળિયા વડે શરીરમાં નવ ડામ આપ્યા. વિશ્વભૂતિને દેવીની વાત સત્ય જણાઈ. ભૂદેવે વિચાર્યું, જો હું દાન-પુણ્ય કરીશ તો ઘરનાં સદસ્યો પુનઃ મને ઘરમાં બંધ કરી ડામ દેશે." અસહ્ય પીડા થતાં તે મૂર્છિત થયો. થોડી વાર પછી સચેતન થયો ત્યારે તેણે કહ્યું, "આ નવાં વસ્ત્રો મને કોણે પહેરાવ્યાં ?" ઘરનાં સદસ્યોએ બધી વાત કરી. તે ઢોંગ કરી રડવા લાગ્યો ત્યારે લોકોને થયું કે હવે તે ઠીક થઈ ગયો છે. હવે ભૂદેવ પૂર્વની જેમ કૃપણ જ રહેવા લાગ્યો. એવી રીતે જીવન પૂર્ણ કરી તે દુર્ગતિનો મહેમાન બન્યો.

**વિક્રમ વૃત્તમ્ :** (પુરાતન પ્રબંધ, કથા સાહિત્યમાલા, પૃ. ૧૨૫)

**વિક્રમાદિત્ય રાજા**નાં રસોડે જમનારા કાર્પટિકો (કાપડી, સંન્યાસી, ચીંથરેહાલ યાત્રી, બાવો) હંમેશાં મૃત્યુ પામતા. તે અપવાદનાં દોષનાં ભયથી રાજાએ એક દિવસ છુપાઈને નિરીક્ષણ કરતાં જણાયું કે ભોગીન્દ્ર તીર્થયાત્રીઓનાં પ્રાણ હરણ કરે છે. તેટલામાં **ભોગીન્દ્ર** (શેષનાગ) ત્યાં આવ્યો. રાજાએ ભોગીન્દ્રને

કહ્યું કે, ''તું શ્રેષ્ઠ પાત્ર એવા તીર્થ યાત્રીઓની કારણ વિના કેમ હત્યા કરે છે ?'' ભોગીન્દ્રએ પૂછયું, ''પાત્ર એટલે શું ?'' રાજાએ ઉત્તર આપ્યો કે, **''भोगीन्द्र ! बहुधा''** આ સાંભળી ભોગીન્દ્રે પ્રસન્ન થઈ મનુષ્ય રૂપી પાત્રનું રક્ષણ કર્યું.

**વિક્રમરાજા અને બલિરાજા :** (વિક્રમ ચરિત્ર, ભા.૨; મધ્ય. ગુ. કથા કોશ - ૧)

**વિક્રમ રાજા** ન્યાયપૂર્વક પૃથ્વીનું પાલન કરતાં હતાં. એક દિવસ તેમની સભામાં એક વ્યાપારી આવ્યો. તેણે એક દિવ્ય મણિ રાજાને બતાવ્યું. રાજાએ પૂછયું, ''આ મણિ સુંદર છે. તું ક્યાંથી લાવ્યો ?'' વ્યાપારીએ કહ્યું, ''ખેતર ખેડતાં મળ્યું છે.'' આ મણિ ખૂબ તેજસ્વી હતું. રાજાએ અનેક રત્ન પરીક્ષકોને બોલાવી રત્નની કિંમત પૂછી. રત્ન પરિક્ષકોએ કહ્યું, ''રાજન્! આ અતિદિવ્ય તેજભર્યા રત્નની કિંમત શરીરધારીઓ કરવાને અસમર્થ છે કારણકે અમે આવું રત્ન આ પૃથ્વી પર નજરે જોયું નથી. રત્ન પરીક્ષા કરવામાં **બલિ રાજા** ખૂબ હોંશિયાર છે.'' રાજાએ કહ્યું, ''બલિ રાજા આ રત્નનું જે મૂલ્ય કહેશે તે તને આપીશ. બે દિવસ ખમી જા.'' આમ કહી વ્યાપારી પાસેથી રત્ન લઈ વિક્રમ રાજાએ પોતાના રત્નભંડારમાં તે રત્ન મૂકાવ્યું.

હવે વિક્રમ રાજા **અગ્નિવૈતાળ**ની મદદથી બલિ રાજાને મળવા પાતાળ લોકમાં ગયાં. બલિ દૈત્યના દ્વારપાળ **કૃષ્ણ**એ પૂછયું, ''તમે કોણ છો ? શા માટે આવ્યા છો ?'' વિક્રમ રાજાએ પ્રથમ નમન કરી જવાબ આપ્યો કે, ''એ કાર્ય હું બલિ રાજાને કહીશ. તું મારા આગમનનાં સમાચાર બલિને આપ.'' કૃષ્ણએ જઈને બલિ રાજાને કહ્યું, ''કોઈ આગંતુક તમને મળવા આવ્યા છે. તેમને લઈ આવું ?''

બલિએ કહ્યું, ''કૃષ્ણ ! જઈને પૂછ કે, શું રાજા યુધિષ્ઠિર આવ્યા છે ?'' દૂતે વિક્રમાદિત્યને પૂછયું ત્યારે ઉત્તરમાં તેમણે કહ્યું, ''મંડલિક આવ્યો છે.'' આ સમાચાર કૃષ્ણએ જઈ બલિને આપ્યા. ત્યારે તેણે પૂછયું, ''શું માંડલિક રાજામાં દશાનન આવ્યો છે ?'' વિક્રમાદિત્યે કહ્યું, ''રાજા રામનો ચાકર આવ્યો છે.'' ત્યારે બલિએ પૂછયું, ''શું હનુમાન આવ્યો છે ?'' વિક્રમાદિત્યે કહ્યું, ''કુમાર સ્વામી આવ્યો છે.'' બલિએ કહ્યું, ''શું પાર્વતી પુત્ર કાર્તિક સ્વામી આવ્યો છે ?'' ત્યારે વિક્રમાદિત્યે કહ્યું, ''હું વર્તમાને આ પૃથ્વીતલ પર દ્વારપાળ છું.'' ત્યારે બલિએ તેમને ઓળખીને કહ્યું, ''અહો ! વિક્રમાદિત્ય રાજેશ્વર આવ્યા છે ?'' વિક્રમાદિત્યે કહ્યું, ''હું રામ, મંડલિક, હનુમાન, કુમાર સ્વામી પણ છું.''

બલિ રાજાના કહેવાથી કૃષ્ણ વિક્રમ રાજાને દરબારમાં લાવ્યો. બલિ રાજાએ પૂછયું, ''કોણ છો ?'' વિક્રમ રાજાએ કહ્યું, ''હું **યુધિષ્ઠિર, રાવણ, હનુમાન, કાર્તિક સ્વામી, વિક્રમાદિત્ય** છું. હું મણિનું મૂલ્ય પૂછવા અહીં આવ્યો છું.'' વિક્રમાદિત્યે પોતાની પાસે રહેલું મણિ બલિ રાજાને બતાવ્યું. બલિ રાજાએ કહ્યું, ''આ રત્ન બહુમૂલ્ય છે.'' વિક્રમ રાજાએ કહ્યું, ''આ રત્ન પૃથ્વી ઉપર ક્યાંથી આવ્યું ?'' બલિરાજાએ કહ્યું, ''યુધિષ્ઠિરના સત્ય અને સત્ત્વાદિક ગુણોથી પ્રસન્ન થઈ પશ્ચિમ દિશાના લોકપાલે તેમને દશ ક્રોડ રત્નો ભેટમાં આપ્યા હતા. તેમાંથી આ રત્ન પડી ગયું છે. તારા પુણ્યથી તે તને મળ્યું છે. કોઈના વડે તેનું મૂલ્ય આંકી શકાય નહીં. અત્યારના કાળનાં પ્રમાણે આ રત્નનું મૂલ્ય અનુમાનથી ત્રીસ ક્રોડ સોનામહોર થશે.'' આ સાંભળી વિક્રમ રાજાએ નગરમાં આવી વ્યાપારીને રત્નનાં બદલામાં ત્રીસ ક્રોડ સોનામહોર, પાંચ ગામ અને શ્રેષ્ઠ, સુંદર દશ ઘોડાઓ આપ્યાં.

**વિક્રમ રાજા અને સમુદ્રદેવ** : (વિક્રમ ચરિત્ર, ભા.૨)

**વિક્રમ રાજા** દુઃખી જનોને એક હજાર, સ્તુતિ કરનારને દશ હજાર અને વાર્તા સાંભળીને ખૂબ હસાવે તે વાર્તા કથકને એક લાખ સોનામહોર દાનમાં આપતાં હતાં. લોકોને જ્યારે આ વાતની ખબર પડી કે, 'વિક્રમ રાજાએ દાન આપવાનો મહોત્સવ ઉજવ્યો છે ત્યારે અઢારે આલમના લોકો ત્યાં દાન લેવા આવ્યાં. મહારાજાએ સર્વ દેશની પ્રજાને કરમુક્ત કરી તેમને બોલાવવા દ્વારપાળને મોકલ્યો અને **શ્રીધર** નામના બ્રાહ્મણને મોકલી **વરૂણદેવ**ને પધારવા વિનંતી કરી. ત્યારે શ્રીધરે સુંદર શબ્દોમાં **સમુદ્રદેવ**ની સ્તુતિ કરી.

"હે જલદેવ વરુણરાજ! હું લક્ષ્મી લેવા માટે આપને શું વિનંતી કરું? આપ પોતે જ લક્ષ્મીનું જન્મસ્થાન છો. વળી, તમારા મહિમાનું પણ શું વર્ણન કરું? એવું સાંભળ્યું છે કે, આપ પોતે જ આ પૃથ્વીના મહિપતિ છો. વળી, આપનો ત્યાગ અને દાનવીરતા પણ અદ્‌ભુત છે. આખી વસુંધરાને જળ આપનારા તમે મેઘ છો. આપની શક્તિ સામર્થ્ય માટે શું કહેવું? જેમના ક્ષોભ માત્રથી કલ્પાંતકાળ જેવું વાતાવરણ ખડું થાય છે."

સમુદ્રદેવે પ્રત્યક્ષ થઈ આદરપૂર્વક બ્રાહ્મણને કહ્યું કે, "રાજા વિક્રમ આ રીતે અમારું સમ્માન કરી દૂર હોવા છતાં અમને નજીક લાગે છે." વરુણ દેવે ખુશ થઈને શ્રીધરને ચાર દિવ્ય રત્નો ભેટમાં આપતાં કહ્યું, "આ રત્નો અમારા પરમ મિત્ર વિક્રમ મહારાજાને આપી એમને રત્નોનો પ્રભાવ જણાવજે." સમુદ્રદેવે રત્નનો પ્રભાવ શ્રીધર સમક્ષ પ્રગટ કર્યો.

"પ્રથમ રત્ન મનોવાંછિત લક્ષ્મી આપે છે. બીજું અતિ સરસ રસવતી આપે છે. ત્રીજું ચતુરંગી સૈન્ય આપે છે અને ચોથું સર્વ પ્રકારના અલંકાર આપે છે."

શ્રીધરે આવીને તે ચારે તેજસ્વી રત્નો વિક્રમ રાજાને અર્પણ કરી તેનો મહિમા વર્ણવ્યો. વિક્રમ રાજાએ શ્રીધર બ્રાહ્મણને કહ્યું, "આ ચાર રત્નોમાંથી તને જે ગમે તે એક રત્ન તું લઈ લે." શ્રીધરે કહ્યું, "હું મારા કુટુંબને પૂછીને પછી રત્ન ગ્રહણ કરીશ." બ્રાહ્મણે ઘરે આવી રત્નની વાત કુટુંબ સમક્ષ કરી. પુત્રએ કહ્યું, "સૈન્યવાળો મણિ લાવો." પત્નીએ કહ્યું, "ભોજન આપનાર મણિ લાવો." પુત્રીએ કહ્યું, "અલંકાર આપનાર મણિ લાવો." પરંતુ બ્રાહ્મણે "ધનવાળો મણિ પસંદ કર્યો." તેથી કુટુંબમાં અંદરો અંદર ક્લેશ ઉત્પન્ન થયો. આ વાતની રાજાને ખબર પડી. તેમણે ઝઘડો સમાપ્ત કરવા તથા ચારે જણની ખુશી માટે સર્વ મણિ બ્રાહ્મણને ભેટ આપી દીધાં.

આમ, અર્થીજનોને દાન આપનાર વિક્રમ રાજા મહાદાનેશ્વરી તરીકે પ્રસિદ્ધ થયાં.

**વીર** : (પ્રબંધ પંચશતી, ક.૩૦૭)

**એકપુર** નગરમાં **દેવડ** શેઠને **ધન** અને **વીર** નામના બે પુત્રો હતા. **ધીમતી** અને **શ્રીમતી** નામની બે પુત્રીઓ હતી. સર્વને પરણાવ્યા બાદ શેઠ પરલોકમાં ગયા. બંને ભાઈઓ અલગ થયા. અનુક્રમે એક ધનવાન અને બીજો નિર્ધન થયો.

**"एकोदरसमुत्पत्रा एकनक्षत्रजातका:**
**न भवन्ति समा: शीला यथा बदरीण्टका: ।।"**

**અર્થ** : એક ઉદરમાં ઉત્પન્ન થયેલા અને એક નક્ષત્રમાં જન્મેલા બોરડીના કાંટાની જેમ સરખા સ્વભાવ-વાળા હોતા નથી.

જ્યારે બહેનોને મળવા જાય ત્યારે મોટો ભાઈ શ્રીમંત હોવાથી બન્ને બેનો તેની સારી રીતે આવભગત કરતી પરંતુ નાનો ભાઈ નિર્ધન હોવાથી તેની ઉપેક્ષા કરતી.

એક વખત નાનો ભાઈ લક્ષ્મી ઉપાર્જન કરવા માટે કોઈ સાર્થની સાથે પરદેશ પ્રત્યે ચાલ્યો. માર્ગમાં બહેનનું ગામ આવ્યું. સરોવરની પાળે સાર્થ રહ્યો.

આ બાજુ વીરની બહેન પાણી ભરવા માટે સરોવરે આવી. તેણીએ જૂનાં અને ફાટેલાં વસ્ત્રવાળા નિર્ધન એવા પોતાના ભાઈને જોયો. આવા નિર્ધન ભાઈની સામે બહેન જોવા પણ તૈયાર ન હતી. વીર વિચારવા લાગ્યો કે, 'બહેન લક્ષ્મીને ચાહે છે તેથી મારી ઉપેક્ષા કરે છે.' એવું જાણી તે આગળ ચાલ્યો. સમય જતાં તે પરદેશમાં ઘણું ધન કમાઈ પાછો વળ્યો. માર્ગમાં તે જ સરોવરની પાળે આવીને બેઠો.

ભાઈને શ્રીમંત બનેલો સાંભળી બહેને ત્યાં આવી કહ્યું, ''હે ભાઈ ! મારા ઘરે આવો.'' ત્યાર બાદ વીર બહેનના ઘરે ગયો. બહેને રસોઈ તૈયાર કરી સ્નાન વિગેરે કરાવ્યું. થાળ મૂકવામાં આવ્યો અને તે જમવા બેઠો.

બહેને જ્યારે પકવાન વિગેરે પીરસ્યું. ત્યારે વીરે શ્રેષ્ઠરત્નનાં કુંડળ, વીંટી વિગેરે ઘરેણાં થાળમાં મૂક્યાં અને તે બોલ્યો, ''હે કુંડળ, બાજુબંધ, વીંટી વિગેરે તમે પકવાન્ન જમો.'' એ પ્રમાણે ભાઈ બોલતો હતો ત્યારે બહેને કહ્યું, ''હે ભાઈ ! ફરી ફરી આવું શા માટે બોલો છો ?'' ભાઈએ કહ્યું, ''હે બહેન ! આ થાળમાં લાડું વગેરે પીરસાયા છે. તેનું મુખ્ય કારણ આ કુંડળ, બાજુબંધ, વીંટી વગેરે કિંમતી વસ્તુ જોઈને પીરસાયેલા છે. મને જોઈને નહીં. જ્યારે હું પૂર્વે પ્રવાસમાં અહીં આવ્યો હતો ત્યારે નિર્ધન હતો તેથી તમે મારી સામું પણ જોયું ન હતું. હમણાં ધન હોવાથી મારી ભક્તિ કરાય છે. એથી કુંડળ વિગેરે આગળ હું આ પ્રમાણે બોલું છું, એમાં ખોટું શું છે ?'' ત્યારબાદ ઝંખવાણી પડેલી બહેને ભાઈની ક્ષમા માંગતાં કહ્યું, ''હું ભોળી છું તમે ધન્ય છો.'' તેથી ભાઈએ ખુશ થઈ સર્વ ઘરેણાં બહેનને આપ્યાં. વીર બોલ્યો, ''જગતમાં ધન જ શ્રેષ્ઠ છે, ભાઈ વગેરે સગપણ શ્રેષ્ઠ નથી.''

જગતમાં નિર્ધનમાં કૃપણ સર્વત્ર અપમાનિત થાય છે પરંતુ શ્રીમંતમાં દાનવીર સર્વત્ર પૂજાય છે.

**વીરસેન શેઠ** : (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ, પૃ.૮૬)

**રામપુરી** નગરીમાં **વીરસેન** શેઠ રહેતા હતા. તેઓ દાનવીર અને ભદ્ર સ્વભાવી હતા. તેમનો કામદેવ જેવો સ્વરૂપવાન એક પુત્ર હતો. તેનું નામ **ચંદ્રકેતુ** હતું. તેણે ધર્મશાસ્ત્ર અને કર્મશાસ્ત્રનો અભ્યાસ કર્યો. તે પિતાની સાથે હંમેશાં ધર્મકાર્ય કરતો હતો. યુવાનવયે તેના વિવાહ **શ્રીપુર** નગરના રહેવાસી **મદનશેઠ**ની પુત્રી **ત્રૈલોક્યસુંદરી** સાથે થયા. ત્રૈલોક્યસુંદરી આદર્શ ગૃહિણી હતી. તે નિત્ય ઉભયકાળ પ્રતિક્રમણ કરતી હતી. એક વખત પુત્રવધૂએ ઘરમાં દીપક પ્રગટાવ્યો. દીવો પ્રગટ થતાં તેલનાં નવ ટીપ ભૂમિ પર પડયા. તે જોઈ વીરસેન શેઠે તે તેલ પોતાના બે જોડા ઉપર ચોપડયું. પુત્રવધૂ વિચારવા લાગી કે, 'આ કૃપણ શેઠ શું કરશે ? હું અહીં અતિથિ સંવિભાગ વ્રત કઈ રીતે પાળીશ.સાત ક્ષેત્રમાં અલ્પ ધન વાપરીશ તો મારા સસરાનું લોભવૃત્તિથી મોત થશે.' પરીક્ષા કરવા માટે પુત્રવધૂ સવારે સૂતી રહી. વણિકે પૂછયું, ''પુત્રવધૂ! શું થયું છે ? કેમ સૂતા છો ? શું તમારી તબીયત સારી નથી ? તાવ આવે છે ?'' પુત્રવધૂએ કહ્યું, ''મારું માથું ફાટે છે. મને અસહ્ય પીડા થાય છે.'' શેઠે ઘણાં ઔષધો કરાવ્યાં. પુત્રવધૂએ કહ્યું, ''આવા ઔષધોથી મારું માથું નહીં મટે.'' શેઠે કહ્યું, ''કેવા ઔષધથી મસ્તકની પીડા શાંત થશે ?'' પુત્રવધૂએ કહ્યું, '' આ ભયંકર પીડા મોતીના ચૂર્ણના લેપ વડે ઉપશાંત થશે.'' શેઠે અમૂલ્ય, જાતક્કવંત મોતી મંગાવ્યા. તેને પથ્થર વડે ખાંડી તેનું ચૂર્ણ બનાવવા

તૈયાર થયા ત્યાં પુત્રવધૂએ કહ્યું, ''પિતાજી ! હવે મોતીનું ચૂર્ણ ન કરો. મારા મસ્તકની પીડા ઉપશાંત થઈ છે.'' શેઠે પૂછ્યું, ''એકાએક મસ્તકની પીડા કેમ શાંત થઈ ગઈ ?'' પુત્રવધૂએ કહ્યું, ''પિતાજી ! તમારી ઉદારતા જોઈ મારી મસ્તકની પીડા તરત જ ચાલી ગઈ. પૃથ્વી પર પડેલાં તેલનાં બિંદુઓને તમારા વડે ગ્રહણ કરતાં જોઈ મેં તમારી ઉદારતાની પરીક્ષા કરવા માટે આ નાટક કર્યું હતું.'' શેઠે કહ્યું, ''હું જેમ ધાર્મિક કાર્યોમાં છૂટે હાથે લક્ષ્મી વાપરું છું તેમ વ્યવહારિક જરૂરી કાર્યોમાં લક્ષ્મી વાપરવામાં અંશમાત્ર કંજૂસાઈ કરતો નથી.'' પુત્રવધૂએ કહ્યું, ''પિતાજી ! તમે ધન્ય છો, પુણ્યવાન છો, વિચક્ષણ બુદ્ધિવાન છો તેથી જ સત્કાર્યો થઈ શકે છે. મૂઢ પુરુષો લક્ષ્મીનો દુર્વ્યય કરી દુર્ગતિ તરફ સરકે છે.''

ધર્મનિષ્ઠ શેઠ અને પુત્રવધૂએ જીવનપર્યંત સાતે ક્ષેત્રમાં લક્ષ્મીનો સદ્વ્યકર્યો. તેઓ મૃત્યુ પામી પ્રથમ દેવલોકમાં દેવ થયાં. ત્યાંથી ચ્યવી **ધરા** નગરીમાં **ભીમરાજા**ના પુત્રો થયા. બન્ને ભાઈઓએ સંયમ ગ્રહણ કર્યો. ઘણાં વર્ષો સુધી ચારિત્રનું પાલન કરી કેવળજ્ઞાન પામી મોક્ષે જશે.

**વૃદ્ધ દંપતી** : (પ્રાકૃત વિજ્ઞાન કથાઓ)

એક નગરમાં નિર્ધન અને નિ:સંતાન વણિક વૃદ્ધ યુગલ રહેતું હતું. વૃદ્ધા કપટમાં કુશળ હતી. વણિકે નિર્ધન હોવાથી કદી દાન-પુણ્ય કર્યું ન હતું. એકવાર વણિકે વિચાર કર્યો કે, 'દાન કર્યા વિના પરલોકમાં જઈશું તો સુખ પ્રાપ્ત થશે નહીં તેથી આ ભવમાં કંઈક સુકૃત્ય કરવું જોઈએ. મારા ઘરમાં બીજું તો કાંઈ નથી પરંતુ એક જાતિવાન અશ્વ છે તેને વેચી જે ધન મળશે તે ધર્મ માર્ગે વાપરીશ.' એમ કરતાં કેટલોક સમય પસાર થયો.

વૃદ્ધે મૃત્યુની વેળા નજીક આવી છે એવું સમજી મહાજનને બોલાવીને કહ્યું, ''મારા મૃત્યુ પછી મારી પત્ની આ જાતિવાન અશ્વને વેચીને જે ધન મેળવશે તે ધન શુભ કાર્યમાં વાપરજો, જેનાથી મને પરલોકમાં સુખ મળશે.'' થોડા દિવસમાં વૃદ્ધ મૃત્યુ પામ્યો. વૃદ્ધાએ પતિની મરણક્રિયા કરી વિચાર્યું, 'આ ઉત્તમ અશ્વ વેચવાથી સો રૂપિયા મળશે. તે સો રૂપિયા મારે મહાજનને આપવા પડશે. મારી પાસે શેષ કંઈ નહીં રહે તેથી એવું કંઈક કરું કે જેથી બધું ધન મારી પાસે રહે અને પતિની ઈચ્છા પણ પૂર્ણ થાય.'

વૃદ્ધાએ એક બિલાડો પાળ્યો. બિલાડાની વેચાણ કિંમત ૯૯ રૂપિયા રાખી અને ઘોડાની વેચાણ કિંમત એક રૂપિયો રાખી. તેણે ગ્રાહકોને કહ્યું, ''મારે ઘોડો અને બિલાડો સાથે જ વેચવા છે. જુદા જુદા કોઈને નહીં આપું. જેની ખરીદવાની ઈચ્છા હોય તેણે બિલાડાના ૯૯ રૂપિયા અને ઘોડાનો એક રૂપિયો કિંમત ચૂકવવાની રહેશે.' ગ્રાહકોને ઘોડો ખરીદવો હતો પરંતુ એકલા ઘોડાને આપવા વૃદ્ધા તૈયાર ન હતી.

એકવાર એક શ્રીમંત આવ્યો. તેણે બિલાડાના ૯૯ રૂપિયા અને અશ્વનો એક રૂપિયો એમ ૧૦૦ આપી બન્નેને ખરીદી ઘરે લાવ્યો. હવે વૃદ્ધાએ મહાજનને ઘરે બોલાવી એક રૂપિયો આપ્યો. ત્યારે મહાજને પૂછ્યું, ''આમ કેમ ?'' વૃદ્ધાએ ઠાવકાઈથી કહ્યું, ''મારા પતિએ અશ્વના વેચાણના જે પૈસા મળે તે તમને આપવાનું કહ્યું હતું. અશ્વના વેચાણથી એક રૂપિયો મળ્યો છે. હું તમને તે ધન આપું છું.''

વૃદ્ધાએ લોભીપણાથી પતિએ કહ્યા મુજબનો અર્થ જાતે જ ફેરવી નાંખ્યો. તેની સમગ્ર ચતુરાઈ ધનના રખોપા કરવાની હતી. વૃદ્ધાએ મહાજનને પણ છેતર્યા. ખરેખર ! ચમડી છૂટે પણ દમડી ન છૂટે ! મહાજન ચાલ્યું ગયું. વૃદ્ધા અતિશય લોભીપણું કરવાથી ધનનો ઉપભોગ કર્યા વિના જ અનેક પ્રકારના દુ:ખો સહન કરતી, આર્ત-રૌદ્રધ્યાનમાં પરોવાઈ મૃત્યુ પામી. ધન સંચિત કરનાર પશ્ચાતાપને આમંત્રણ આપે છે.

આ કથાનક ઉપરથી તારણ કરી શકાય કે, વ્યક્તિએ પોતાના હાથે જ દાન કરવું જોઈએ. બીજા ઉપર ભરોસો ન રાખવો જોઈએ. પોતાના હાથે કરેલું દાન-પુણ્ય પરભવમાં સાથે આવે છે.

**વૃદ્ધ ભોજ** : (પ્રબંધ પંચશતી)

**વૃદ્ધ ભોજ** રાજાએ મૃત્યુ સમયે પોતાના સેવકોને કહ્યું કે, ''મેં મારી આવરદામાં કોઈ શુભ કાર્ય કર્યું નથી તેથી તલવારથી ખરડાયેલા મારા આ પાપી હાથને કાળા કરીને તે સ્થાને સ્થાપના કરજો. જ્યારે લોકો પૂછે ત્યારે કહેજો કે, વૃદ્ધ ભોજે બે હાથે કદી સુકૃત્ય કર્યું જ નથી.'' સેવકોએ તે પ્રમાણે કર્યું. લોકો તે જોઈ પ્રતિબોધ પામી નિત્ય દાન કરવા લાગ્યા.

**વૃદ્ધા** : (વિનોદચોત્રીસી)

**કનકપુર** નગરમાં એક વૃદ્ધાના ચાર દીકરાઓ હતાં. એક વાર ઘરડી સાસુએ વહુઓને બોલાવી. દરેકને સોનાની એક એક વસ્તુ સાચવવા આપી. પહેલી વહુને સુવર્ણ સાંકળી આપી. બીજી વહુને સોનાની અંગૂઠલી આપી. ત્રીજી વહુને સાંકળું આપ્યું. ચોથી વહુને ત્રણસો સોનૈયા આપ્યાં. ચારે વહુઓને કહ્યું, ''જ્યારે મને કામ પડશે ત્યારે આપેલી વસ્તુ હું પાછી લઈ લઈશ.'' ચારે વહુઓનું ચિત્ત સોનું જોઈને ચલિત થયું. તેમણે નક્કી કર્યું કે, 'સાસુએ આપેલું ઘરેણું પાછુ આપવું નહીં.' સાસુ રોગમાં પટકાઈ. વૈદે કહ્યું, ''માજીનો રોગ અસાધ્ય છે તેથી ધર્મ ઔષધ કરો.''

ડોશી થોડીક ભાનમાં આવી ત્યારે એને થયું કે, 'મારે કંઈક દાન પુણ્ય કરી લેવું જોઈએ.' એમ વિચારી માજીએ મોટી વહુને બોલાવી સુવર્ણ સાંકળી માંગી. તે સમયે સગાંવહાલાં ત્યાં બેઠેલાં હતાં. તેઓ મોટી વહુને પૂછવા લાગ્યાં કે, ''માજી તારી પાસેથી શું માંગે છે. ?'' મોટી વહુએ કહ્યું, ''સાસુજી 'સાંગરી' માંગે છે, જે એમને પહેલાં ખૂબ ભાવતી હતી.'' આમ વહુએ સાંકળીને સ્થાને સાંગરીનું જૂઠ ચલાવ્યું. વૃદ્ધાએ બીજી વહુને બોલાવી અંગૂઠલી માંગી. બીજી વહુએ સગાંઓને કહ્યું, ''હવે જીવ જવાની વેળાએ મારું 'અંગ ઉથલી' પડે છે, એવું સાસુ કહે છે.'' ત્રીજીએ કહ્યું, ''અહીં મને 'સાંકડું' લાગે છે.'' ચોથીએ કહ્યું, ''માજી 'ટીંડશ શાક' માંગે છે.''

આમ, દાન પ્રત્યે અરુચિ ધરાવતી ચારે વહુઓએ મળીને વૃદ્ધ સાસુની દાન-પુણ્ય કરવાની આશા ફલિત થવા દીધી નહીં. માજીના મનોરથ મનમાં ને મનમાં જ રહી ગયાં. છેવટે માજી થોડા સમયમાં મૃત્યુ પામ્યા.

આચારમૂલક બ્રાહ્મણ સાહિત્યમાં આરણ્યક સાહિત્ય અને સ્મૃતિ સાહિત્યમાં કહ્યું છે - 'જગતના પ્રાણીઓ દાનની પ્રશંસા કરે છે, દાનથી શ્રેષ્ઠ અન્ય કંઈ દુર્લભ નથી.' અહીં દાનની 'દુર્લભ'માં ગણના થઈ છે કારણકે દાન કરવું સહેલું નથી. બધા પ્રાણીઓ દાન કરી શકતા નથી. સંપત્તિનો મોહ, વસ્તુની મમતા છૂટયા વિના દાન થઈ શકતું નથી. મમતાને જીતવી એ જ દાન છે.

**વૃષભસેન** : (આરાધના કથા કોષ ૩, પૃ.૩૧૦)

**ઉજ્જયિની**ના રાજા **ચંડપ્રદ્યોત** એક દિવસ ઉન્મત્ત હાથી પર બેસી ગીચ જંગલમાં હાથી પકડવા

ગયા. હાથી તેમને દૂર જંગલમાં લઈ નાઠો. તે આગળને આગળ દોડવા લાગ્યો. રાજાએ તેને થોભાવવાની ઘણી કોશિશ કરી પરંતુ હાથીને અંકુશ ન કરી શક્યા. ભાગ્યયોગે હાથી દોડતો દોડતો એક ઘટાદાર વૃક્ષ નીચેથી પસાર થયો ત્યારે રાજાને સદ્‌બુદ્ધિ સૂઝી. તેમણે વૃક્ષની ડાળી પકડી લીધી. પછી ધીરે ધીરે નીચે ઉતરી આવ્યા. ત્યાંથી ચાલી તે **ખેટ** નામના નાનકડા ગામમાં આવ્યા. ત્યાં પનઘટ પર કેટલીક પનિહારીઓ પાણી ભરી રહી હતી. ત્યાં **જિનપાલ**ની પુત્રી **જિનદત્તા** પણ પાણી ભરવા આવી હતી. ત્યાં આવી રાજાએ જિનદત્તાને પાણી પીવડાવવાની વિનંતી કરી. જિનદત્તાએ ચહેરો અને વેશ જોઈને વિચાર્યું, 'કોઈ મોટો માણસ લાગે છે.' એવું વિચારી તેણે રાજાને પાણી પીવડાવ્યું. તેણી ઘરે આવી પિતાને પ્રદ્યોતન રાજાની વાત કહી. આ સાંભળી જિનપાલ દોડતો પાદરે ગયો. તે અતિથિને આદરપૂર્વક ઘરે લઈ આવ્યો. તેમને સ્નાન -ભોજન કરાવ્યું. પ્રદ્યોત રાજા તેની મહેમાનગતિથી ઘણા જ પ્રસન્ન થયા. તેમણે પોતાનો પરિચય આપ્યો. જિનપાલ પોતાને ધન્ય માનવા લાગ્યો. તેને થયું કે, 'મારું આંગણું આજે પવિત્ર થઈ ગયું. હું ખૂબ ભાગ્યશાળી છું.' રાજા કેટલાક દિવસ ત્યાં રોકાયા. એટલામાં તેમના સેવકો તેમને લેવા આવી પહોંચ્યા. રાજા શહેર જવા નીકળ્યા.

તે પૂર્વે ગુણીયલ જિનદત્તાને જોઈ ચંડપ્રદ્યોત રાજા તેના પ્રત્યે ખેંચાયા. જિનપાલની સમ્મતિથી જિનદત્તાના વિવાહ રાજા સાથે થયા. નવદંપતી રાજ્યમાં આવ્યા.

રાજાએ જિનદત્તાને પટ્ટરાણીનો દરજ્જો આપ્યો. ખરેખર! સમય સૂચકતા વાપરી જિનદત્તાએ થોડું દાન આપ્યું, જે તેને સુખ અપાવનારું નિવડયું. તે રાજરાણી બની ગઈ. નવદંપતી સુખમાં સમય વ્યતીત કરવા લાગ્યા. તેમના દાંપત્યની વેલ ઉપર એક પુષ્પ પાંગર્યું. રાણીએ પુત્રને જન્મ આપ્યો. જે દિવસે પુત્ર જન્મ્યો તે રાત્રિએ રાજાએ સ્વપ્નમાં એક સફેદ બળદ જોયો તેથી પુત્રનું નામ **વૃષભસેન** રાખ્યું. ધર્મ કાર્યમાં રાજાને ઝોક વધ્યો. તેઓ પ્રતિદિન દાન, પ્રભાવના, સત્સંગ, ભક્તિ કરવા લાગ્યા.

વૃષભસેન આઠ વર્ષનો થયો. રાજાએ તેને કહ્યું, "વત્સ! રાજ્યનો કારભાર સંભાળ. હું પવિત્ર તપ કરવા ઈચ્છું છું કારણકે તે શાંતિ પ્રાપ્તિનું કારણ છે." વૃષભસેને કહ્યું, "તમે તપ શા માટે કરો છો ? શું રાજ્યનું સંચાલન કરતાં મોક્ષ ન થાય ?" રાજાએ કહ્યું, "પુત્ર! સાચી સિદ્ધિ એટલે મોક્ષ, એ તપ વિના ન થાય. મોક્ષનું કારણ તપ જિનેશ્વરદેવોએ કહ્યું છે. એટલે આત્મહિત માટે તપ આવશ્યક છે." વિચક્ષણ વૃષભસેને કહ્યું, "પિતાજી! તો દુઃખના કારણ રૂપ રાજ્યને હું શા માટે સ્વીકારું? મને આમાંથી મુક્ત કરો." રાજાએ વૃષભસેનને ઘણો સમજાવ્યો પરંતુ તે સમજ્યો નહીં. લાચાર થઈ રાજાએ રાજ્યનો ભાર ભત્રીજાને સોંપ્યો. પુત્ર સાથે રાજાએ દીક્ષા લીધી.

વૃષભસેન મુનિ તપસ્યા કરતા દેશવિદેશની ધરતી પર વિચરવા લાગ્યા. એક દિવસ **કૌશંબી**ની પાસેની એક ટેકરી ઉપર તેઓ ગયા. ગ્રીષ્મ ઋતુ હતી. સૂર્યનો પ્રખર તાપ તપતો હતો. મુનિરાજ એક શિલા પર બેસી તડકામાં આતાપના લઈ રહ્યાહતા. તેમની સાધનાથી લોકો જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયા.

એકવાર વૃષભસેન મુનિ આહાર માટે શહેરમાં ગયા. કોઈ જૈન ધર્મના દ્વેષી **બુદ્ધદાસ** નામના બૌદ્ધધર્મીએ મુનિરાજની ધ્યાન કરવાની શિલાને આગથી તપાવી લાલચોળ કરી. મુનિરાજ આહાર વહોરી પાછા આવ્યા ત્યારે તેમણે શિલાને અગ્નિથી તપેલી જોઈ. તેઓ ચાર શરણ સ્વીકારી શિલા ઉપર બેસી ગયા. વર્ધમાન પરિણામથી તેમને શિલા ઉપર બેઠાં બેઠાં કેવળજ્ઞાન થઈ ગયું. તે જ સમયે અઘાતી કર્મોનો નાશ થતાં નિર્વાણ પધાર્યા.

**શુભંકર શ્રેષ્ઠી અને ધર્મદાસ** : (ઉપદેશ પ્રાસાદ ૩, પૃ.૧૨૬)

**શુભંકર** શ્રેષ્ઠીએ પોતાના આયખામાં એક લાખ જ્ઞાતિબંધુઓને જમાડયા, એક લાખ કન્યાદાન કર્યા, એક લાખ ગોદાન આપ્યા અને એક લાખ બ્રાહ્મણોને ભોજન વગેરે આપ્યાં. શુભંકર મૃત્યુ પામી પોતાના જ ઘરમાં જ્યાં ધન દાટયું હતું. ત્યાં સર્પ રૂપે ઉત્પન્ન થયો. આ સર્પ પોતાનાં પૂર્વ ભવના પુત્રોને ડરાવતો હતો.

શુભંકરની પડોશમાં **ધર્મદાસ** નામનો શ્રાવક રહેતો હતો. તે શ્રીમંત ન હતો, છતાં વર્ષમાં એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક, એક શ્રાવિકાને ઉલ્લસિત ભાવે દાન આપતો. સમય જતાં તેને અવધિજ્ઞાન થયું.

એકવાર શુભંકરના પુત્રોએ ધર્મદાસને કહ્યું, ''આ સર્પ અમને ડરાવે છે.'' ધર્મદાસે અવધિજ્ઞાનના બળે જાણ્યું. તેણે કહ્યું, ''આ સાપ નથી પરંતુ તમારા પિતાજી છે. પૂર્વ ભવમાં જ્ઞાતિ ભોજન કરી તેમણે ષટ્કાયનો આરંભ કર્યો હતો. પ્રમાદથી એંઠી પતરાળીના ઢગલામાં બેઈન્દ્રિય આદિ જીવોની ઉત્પત્તિ થઈ. તેનો ઉપયોગ ન રહેતાં ઘણાં જીવોની વિરાધના થઈ હતી. ચાર લાખનું દાન કરી અવિવેકના કારણે મારા પિતાએ દેવાળું કાઢયું. તેણે મહાપાપ કર્મ બાંધ્યું. આ પાપ કર્મનો ઉદય થવાથી તે સાપ થયા છે. તેણે મારા ધર્માનુષ્ઠાનો અને ભક્તિની નિંદા કરી તેથી તે દુર્લભબોધિ જીવ છે. અહીંથી મૃત્યુ પામી નરકમાં જશે.''

ધર્મદાસ પાસેથી પિતાનો વૃત્તાંત સાંભળી પુત્રો જાગૃત થયાં. તેમણે શ્રાવક ધર્મ સ્વીકાર્યો. તેઓ યથોચિત દાન, સાધર્મિક ભક્તિ કરવા લાગ્યા.

**સતી સુલસા** : (ધર્મલોક, ૨૬ ઓક્ટોબર, ૨૦૧૫)

**નાગ**ની બહાદુર યોદ્ધા તરીકેની **રાજગૃહી**માં નામના હતી. નાગની પત્નીનું નામ **સુલસા** હતું. **રાજા શ્રેણિક**નો એ વફાદાર અંગ રક્ષક હતો. નાગ અને સુલસા ધર્મશ્રદ્ધાળુ હતાં. બન્ને **શ્રી મહાવીર સ્વામી**ના પરમ ભક્ત હતાં. સુલસાની શ્રમણ-શ્રમણીની સેવા અને અપાર સમતાની સર્વત્ર પ્રશંસા થતી હતી.

નાગ અને સુલસાને જીવનમાં એક સંતાનની ત્રુટી હતી પરંતુ બન્ને શાંતિ પૂર્વક રહેતાં હતાં. સુલસાએ પોતાનું ધર્મ કર્તવ્ય સતત અખંડ રાખીને સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા રૂપે ચતુર્વિધ સંઘમાં અદકેરું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

એકદા **સૌધર્મેન્દ્ર સભા**માં સુલસાની સમતા અને વૈયાવચ્ચના સદ્ગુણની ખૂબ પ્રશંસા થઈ તે સાંભળીને એક દેવને સુલસાની પરીક્ષા કરવાનું મન થયું. તે વૃદ્ધ મુનિવરનો વેશ ધારીને નાગ ગાથાપતિના ભવન પર પહોંચ્યો. પંચમહાવ્રતધારી મુનિવરને જોઈ સુલસા હરખઘેલી થઈ ગઈ. એણે મુનિરાજને પૂછ્યું, ''શેનો ખપ છે.'' મુનિએ કહ્યું, ''એક મુનિવર માંદા છે, તેમના માટે લક્ષપાક તેલનો ખપ છે.'' સુલસા મુનિની વાત સાંભળીને પ્રસન્ન થઈ. તેણે વિચાર્યું કે, 'પોતાની પાસે રહેલી વસ્તુ પવિત્ર સંયમ વ્રતધારી સાધુજનને કામમાં આવશે!' તે અંદરના ખંડમાં જઈ લક્ષપાક તેલનું પાત્ર હાથમાં લઈ આવી. પણ એ જ ક્ષણે દેવે લીલા રચી. સુલસા સંતુલન ગુમાવી બેઠી. હાથમાંથી પાત્ર પડી ગયું ને કિંમતી તેલ ઢોળાઈ ગયું. સમતાવંત સુલસાના મુખ પરની એક રેખા ન બદલાઈ! એ ફરી તે લેવા દોડી. ફરી પણ એમ જ થયું. એ ત્રીજી વાર દોડી. પુનઃ એમ જ થયું. મુનિ જોઈ રહ્યા. સમતાશીલ સુલસાની આંખમાં પાણી આવી ગયાં. ''મુનિવર! મને ક્ષમા કરો. મારા ઘરમાં

આવું ઉત્તમ દ્રવ્ય હોવા છતાં મને લાભ મળ્યો નહીં. તેમાં મારા અંતરાય કર્મ બાધક છે. આપને મારા લીધે કષ્ટ ભોગવવું પડયું! '' સુલસાના શબ્દોમાં અંતરની સચ્ચાઈ હતી. એ જ ક્ષણે દેવ પ્રગટ થયો. તેણે કહ્યું, ''ભંતે! તારી **ઈન્દ્ર મહારાજા** પ્રશંસા કરતાં હતાં, તેથી હું પરીક્ષા કરવા આવ્યો છું. જો, તારું બધું તેલ અને પાત્ર એમનું એમ જ પડયું છે! સુલસા વિસ્મિત થઈને જોઈ રહી. દેવે કહ્યું, ''માગ, માગ, માગે તે આપું!'' સુલસા પળવાર પછી બોલી, ''દેવ! તમે પ્રસન્ન હો તો એક સંતાનની પ્રાપ્તિ થાય તેવું કરજો. મારા પતિને તેની ખોટ ખૂબ સાલે છે!'' દેવે તથાસ્તુ કહેતાં કહ્યું, ''ભંતે! આજે તને બત્રીસ ગુટિકા આપું છું. તને બત્રીસ પુત્રો થશે. જરૂર પડે ત્યારે મને સંભારજે, હું અવશ્ય આવીશ.'' દેવ અંતર્ધ્યાન થયા. એ સમયે સુલસા ઊંડા વિચારોમાં ડૂબી ગઈ.

સુલસાને થયું કે, 'મને બત્રીસ પુત્રો મળે તેના કરતાં એક સાથે બત્રીસ ગુટિકા ખાઈ જાઉં તો એક જ પણ ઉત્તમ અને બત્રીસલક્ષણો પુત્ર મળશે!' તેણે એ વિચાર અમલમાં મૂક્યો. થોડાક દિવસ પછી સુલસાને તીવ્ર પીડા ઉપડી. એ હેરાન થઈ ગઈ. એણે દેવનું સ્મરણ કર્યું. દેવને સર્વ સ્થિતિ જણાવી. દેવે કહ્યું, ''તેં જે પગલું ભર્યું છે, અવિચારી છે. હવે તને બત્રીસ (૩૨) પુત્રો થશે. તે બહાદુર હશે પણ સર્વના મૃત્યુ એક સાથે જ થશે!'' દેવે તેની પીડા હરી લીધી. સુલસા બત્રીસ પુત્રોની માતા બની. બત્રીસે પુત્રો શૂરવીર, શ્રદ્ધાળુ અને નરબંકા જુવાન નીવડયાં. રાજા શ્રેણિકે તેમને પોતાના રક્ષક તરીકે નીમ્યા.

એકદા રાજા શ્રેણિકે **વૈશાલી**ના **રાજા ચેટક**ની સુંદર રાજકન્યા **ચેલ્લણા**નું અપહરણ કરવા યુક્તિ કરી. **અભયકુમારે** રાજગૃહથી વૈશાલી પર્વત સુધીની સુરંગ બનાવી ચેલ્લણાને અપહૃત કરી. તે વેળાએ રાજા ચેટકે શ્રેણિકનો પીછો કર્યો. તે સમયે બત્રીસ યુવાન રક્ષકોએ રાજા ચેટકનો બહાદુરી પૂર્વક સામનો કર્યો પરંતુ જ્યાં એક યુવાન હણાયો ત્યાં ધડાધડ એકત્રીસ યુવાનો ઢળી પડયાં! બત્રીસ પુત્રોનો એકસાથે મૃત્યુ થવાથી સુલસાના દિલને અસહ્ય ચોટ લાગી. નાગ વિહ્વળ બની ગયો, છતાં સુલસાએ ધૈર્ય ન ગુમાવ્યું. 'જેનો જન્મ તેનો નાશ અવશ્ય થાય છે,' એવી વૈરાગ્યમૂલક શ્રદ્ધાથી સુલસા ધર્મધ્યાનમાં પરોવાઈ ગઈ.

કેવી અજોડ હતી સતી સુલસાની દેવ-ગુરુ ભક્તિ. દેવ-ગુરુ-ધર્મની કૃપાથી જીવનમાં સંતાનનો ખાલીપો દૂર થયો. એકસાથે બત્રીસ પુત્રોનું મૃત્યુ થવા છતાં સુભદ્રા પોતાને સ્વસ્થ રાખી શકી તેમાં ગુરુના આશીર્વાદની અનરાધાર કૃપા જ હતી.

**સપ્તક્ષેત્રી દાન** : (કથાકોશ પ્રત, પૃ. ૭૬ થી૮૦, મલધારી રાજશેખરસૂરિ)

વસંતપુર નગરમાં કોઈ શ્રેષ્ઠી રહેતો હતો. તેની બે પત્નીઓ હતી. પ્રથમ પત્નીનો પુત્ર **કમલ** અને બીજી પત્નીનો પુત્ર **વિમલ** હતો. કમલ દાનવીર હતો જ્યારે વિમલ લંપટ હતો. નગરજનો કમલની દાનવીરતાની ખૂબ પ્રશંસા કરતા તો કેટલાક એવું પણ કહેતા કે આ તો પિતાની ઉપાર્જન કરેલી સંપત્તિમાંથી દાન-પુણ્ય કરે છે, સ્વયંપોર્જિત નથી.''વિમલ ધન સંચિત કરવા પરદેશ ગયો. પાછળથી કમલ પણ પરદેશ ગયો.

કમલે પરદેશમાં જઈ ઘણું ધન પ્રાપ્ત કર્યું. તેના લગ્ન યોગ્ય કન્યા સાથે થયા. જ્યારે વિમલને આ વાતની ખબર પડી ત્યારે તે ઈર્ષાથી સળગી ઉઠયો. કમલની સ્ત્રી અને લક્ષ્મીને પડાવવા તે વિવિધ કાવાદાવા રચવા માંડયો. અંતે કૂડકપટથી કમલની સ્ત્રી અને લક્ષ્મી ઉપર પોતાનો અધિકાર જમાવ્યો. કમલે રાજા પાસે જઈ ફરિયાદ કરી. રાજાએ કહ્યું, ''આ વસ્તુ તમારી છે તેનો સાક્ષી કોણ છે ? પૂરાવા આપો.'' ત્યારે કમલે કહ્યું,

''મારી વસ્તુઓ છે તેનો પૂરાવો એક માત્ર સૂર્ય સાક્ષીરૂપે હતો.'' ત્યારે વ્યંતરની સહાયથી સૂર્ય બોલ્યો,'' આ કમલની સ્ત્રી છે તથા ૫૦૦ રત્નોની પોટલીઓ પણ કમલની જ છે, વિમલ કપટી છે.'' રાજાએ ન્યાય કર્યો. કમલની સંપત્તિ અને સ્ત્રી તેને અપાવી. બધું લઈ કમલ ઘરે આવ્યો. તેણે જિનાગમ તથા ચતુર્વિધ સંઘમાં જરૂરિયાત અનુસાર લક્ષ્મી ખર્ચી પુણ્ય ઉપાર્જન કર્યું.

**સંકલ શ્રેષ્ઠી** : (કથાકોશ પ્રત-૫૯, મલધારી રાજશેખરસૂરિ)

હેમરથ નગરમાં સંકલ નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તે કરોડો સુવર્ણનો માલિક હતો પરંતુ કૃપણતામાં જાણે મમ્મણનો અવતાર! પોતાના કુટુંબને માંડ એકવાર બપોરે નીરસ આહાર જમાડે. એકવાર પરદેશથી કોઈ બ્રાહ્મણ સંકલ શેઠ પાસે આવ્યો. પરદેશીએ શેઠ પાસેથી ઉછીનું ધન માંગ્યું. શેઠે કહ્યું, ''નહીં, નહીં.'' ત્યારે બ્રાહ્મણે એક શ્લોક ઉચ્ચાર્યો. તે સાંભળી શેઠે કહ્યું , ''સવારે આપીશ.'' હવે બ્રાહ્મણ સવાર પડતાં શેઠ પાસે આવ્યો. ધન માંગ્યું પણ શેઠે એક જ રટ લગાવી કે 'સવારે આપીશ.' આવું કહી પ્રતિદિન બ્રાહ્મણને રવાનો કરતા. વાક્ય છળથી બ્રાહ્મણને હડધૂત કરાતો તેથી બ્રાહ્મણ ગુસ્સે થઈ ગયો. તેણે યક્ષની આરાધના કરી. યક્ષ પ્રસન્ન થયો. વરદાન માંગવાનું કહ્યું. યક્ષ દ્વારા બ્રાહ્મણને 'ઈચ્છિત રૂપ' ધારણ કરવાનું વરદાન મળ્યું.

એક દિવસ સંકલ શેઠ બહારગામ ગયો ત્યારે તેનું રૂપ બનાવી બ્રાહ્મણ ઘરમાં પેસી ગયો. ત્રણ દિવસ પછી સંકલશેઠ બહારગામથી પાછા આવ્યા. ત્યારે ચોકીદારે તેમને ઘરમાં પ્રવેશ ન આપ્યો.

સંકલશેઠ રાજદરબારમાં ગયા. મંત્રીને વાત કરી. મંત્રીએ કહ્યું ''સાચો સંકલ શેઠ હોય તે નાળચાથી નીકળી જાય.'' યક્ષની મદદથી કપટી(બનાવટી) સંકલ નાળચામાંથી નીકળી ગયો. લોકોએ પણ ધૂતારા સંકલને જ સાચો શેઠ માન્યો. સાચો સંકલશેઠ મૂંઝવણમાં મૂકાયો. ત્યારે ક્ષણવારમાં બ્રાહ્મણે પોતાના અસલી સ્વરૂપમાં આવી ચેતવણી આપતાં કહ્યું, ''ધનનો સંચય ન કરવો, નહીં તો ફરી આવીશ.

**સુમિત્ર** : (સુમિત્ર ચરિત્ર)

**સુમિત્ર** અને **જિનદાસ** નામના બે ભાઈબંધ હતા. સુમિત્ર અવિવેકી હતો જ્યારે જિનદાસ પરમ વિવેકી હતો. સમજાવવા છતાં સુમિત્ર પાત્રાપાત્રની વિચારણા વિના જ ઘણું દાન આપતો જે પરિણામે તેને નુકશાનકારક નીવડયું. તે મૃત્યુ પામી રાજાનો મુખ્ય ઘોડો થયો જ્યારે જિનદાસે સુપાત્રમાં ધનનો વ્યય કર્યો હોવાથી પ્રાંતે તે દીક્ષા લઇ સ્વર્ગે ગયો. અનુક્રમે જિનદાસનો આત્મા વીસમા **શ્રી મુનિસુવ્રત સ્વામી** તરીકે જગપ્રસિદ્ધ થયો.

**પ્રતિષ્ઠાનપુર**માં રાજાએ યજ્ઞ માંડયો. તેમાં આ અશ્વને હોમવાનો નિર્ણય કરવામાં આવ્યો. પૂર્વ ભવના મિત્ર ઉપર ઉપકાર કરવા માટે ભગવાન મુનિસુવ્રત સ્વામી એક જ રાત્રિમાં સાઠ (૬૦) યોજનનો વિહાર કરી ભરૂચ પધાર્યા. અશ્વને પ્રતિબોધવા દેશના આપી. આ દેશના સાંભળી અશ્વને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે અનશન વ્રત સ્વીકાર્યું. અશ્વ મૃત્યુ પામી આઠમા દેવલોકે ગયો. રાજા પણ પ્રતિબોધ પામી તે જ ભવે મોક્ષમાં ગયા.

વિવેકપૂર્વક સુપાત્રમાં આપેલું દાન તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરાવે છે.

**સુમિત્ર શેઠ** : (આરાધના કથા કોષ - ૩, પૃ. ૪૦૮)

**અયોધ્યા**ના રાજા **સુવર્ણવર્મા** અને તેમની રાણી **સુવર્ણશ્રી**ના સમયમાં અયોધ્યામાં સુમિત્ર નામના એક પ્રસિદ્ધ શેઠ થઈ ગયા. શેઠ જૈન ધર્મ પ્રત્યે અત્યંત પ્રીતિ ધરાવતા હતા.

એક દિવસ સુમિત્ર શેઠ રાત્રિના સમયે પોતાના ઘરમાં કાયોત્સર્ગ કરી રહ્યા હતા. તેમની ધ્યાન સમયની સ્થિરતા અને ભાવોની દઢતા જોઇ કોઈ એક દેવને સશંક્તિ થઈ તેમની પરીક્ષા કરવાનો વિચાર આવ્યો. દેવે વિચાર્યું, 'શેઠ ધર્મી છે કે નહીં ખાતરી અવશ્ય કરવી જોઈએ. ક્યાંક તે કોરો ઢોંગ તો નથી કરતા ને ?'

દેવે શેઠની બધી જ સંપત્તિ, સ્ત્રી, બાળકો આદિ ઉપર પોતાનો અધિકાર (કબજા) જમાવ્યો. તેમને કબ્જામાં લીધા. સ્ત્રી, બાળકો રડતાં રડતાં શેઠના ચરણોમાં ઢળી પડયાં. ''અમને છોડાવો, છોડાવો''ના હૃદય ભેદી કરુણ સ્વરે પ્રાર્થના કરતાં કરગરવા લાગ્યાં. પરંતુ દઢધર્મી શેઠે પોતાનું ધ્યાન અધૂરું છોડયું નહીં. તેઓ પૂર્વવત્ કંઈ બન્યું નથી એવું સમજી ધ્યાનમાં નિશ્ચલ રહ્યા.

તેમની આવી અલૌકિક સ્થિરતા અને અવિચલતા જોઈ દેવે પ્રસન્ન થઈ શેઠની શતમુખે પ્રશંસા કરી. અંતમાં તે પોતાના અસલ સ્વરૂપમાં પ્રગટ થયો. તેણે શેઠને એક સાંકરી નામની આકાશગામિની વિદ્યા અર્પણ કરી. દેવ સ્વસ્થાને ચાલ્યો ગયો.

શેઠ વિદ્યાના બળે આકાશમાં છૂટથી ફરવા લાગ્યા. તેમની ચારે બાજુ પ્રશંસા થવા લાગી. તેમનો પ્રભાવ જોઈ તેમના ભાઈઓએ જૈન ધર્મ ગ્રહણ કર્યો. કેટલાકે મુનિવ્રત તો કેટલાકે શ્રાવકવ્રત સ્વીકાર્યું અને કેટલાક સમ્યગ્દર્શની થયા.

જિન ધર્મ પ્રત્યે અનુરાગી સુમિત્ર શેઠ પરીક્ષામાં ઉર્ત્તિણ થયા ત્યારે દેવે ખુશ થઈ આકાશ-ગામિની વિદ્યા ભેટમાં આપી.

**સેવક પરીક્ષા** : (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ ભાષાંતર, ભા.૧, પૃ.૧૦૬)

**રમાપુર** નગરમાં **ધરાપાલ** રાજવીનો **ધન** નામનો એક મંત્રી હતો. આ મંત્રી કુશળ રાજકર્તા હોવાથી રાજા અને પ્રજાને ખુશ રાખતો હતો.

એકદા રાજવીએ કહ્યું, ''મંત્રીશ્વર ! તમે પરીક્ષા કરીને રાજ્યવૃદ્ધિ માટે સુભટો મારી પાસે મોકલો. પરીક્ષા કર્યા વિના સુભટોની નિમણૂંક કરવાથી ભવિષ્યમાં આપત્તિ આવે છે. સારી રીતે ચકાસવાથી પ્રજાજનો સુખી થાય છે.'' એટલામાં પાંચસો સુભટો આવી રાજાને મળ્યા. તેમણે કહ્યું, ''રાજન્ ! અમે તમારા સેવક બની રહીશું.'' રાજાએ તેમનું ધન આપી સમ્માન કર્યું. ત્યાર પછી રાજાએ મંત્રીને સૂચના કરી કે, ''તેમની સજ્જનતા જાણવા માટે આ સેવકોની પરીક્ષા કરો.''

મંત્રીએ સાંજે સૂવા માટે એક શય્યા આપી. 'મને જ મંત્રીએ આ શય્યા સૂવા માટે આપી છે. તું ભૂમિ ઉપર શયન કર. તારે વધુ બોલવું નહીં.'' આ પ્રમાણે કહી તેઓ આપસમાં કજિયો કરવા લાગ્યા. આખી રાત કજિયો ચાલ્યો. કોઈએ એક ક્ષણ પણ આરામ કર્યો નહીં. મંત્રીશ્વર છુપાઈને સુભટોની આ ચેષ્ટા નિહાળી રહ્યા હતા. તેમણે રાજા પાસે આવી અથથી ઈતિ સુધીનો અહેવાલ જણાવ્યો.

રાજાએ કહ્યું, ''આ સુભટો મૂર્ખ અને સ્વાર્થી છે. તેમનામાં પરોપકારની અંશમાત્ર ભાવના નથી.

તેઓનું આપખુદી વલણ છે તેથી તેઓ પરસ્પર વિખવાદ કરે છે માટે એક પણ સેવક બનવાને લાયક નથી.'' સર્વે સુભટો પરદોષ દર્શનવાળા હતા. કોઈ સ્વદોષ દર્શનવાળા ન હતા તેથી રાજાએ તેમને છૂટા કર્યા.

તેઓ બીજા રાજા પાસે ગયા. તેમણે પણ પરીક્ષા કરી પરંતુ સુભટો ઉત્તિર્ણ ન થયા. તેઓ જીવન-પર્યંત ઝઘડો કરતાં આલોક અને પરલોકમાં દુઃખી થયા.

**સોમનૃપ** : (ઉપદેશ તરંગિણી, પૃ. ૦૫)

**ચિત્રકૂટ**નાં રાજાએ **નાગદ્રહ**માં પ્રભાવશાળી પ્રતિમા સ્થાપિત કરાવી હતી. તેના વંશના **સોમરાજા** એકવાર પ્રતિમાનું પૂજન કરવા ત્યાં આવ્યા. તે સમયે **યોગિની નગર**થી શત્રુ સૈન્ય તેમની સાથે યુદ્ધ કરવા આવ્યું. સોમરાજાએ સૌ પ્રથમ પ્રતિમાનું ભાવથી પૂજન કર્યું. ત્યારપછી શત્રુ સૈન્ય સાથે યુદ્ધ કરતાં સોમરાજા વિજયી બન્યા. આ યુદ્ધમાં સોમરાજાના શરીરે નવ ઘા પડયા હતા. ઔષધ ઈત્યાદિનો લેપ કરતાં રાજાનું શરીરનું સાજું થઈ ગયું પરંતુ પ્રતિમાના નવ ટુકડા થઈ ગયા. ખંડિત પ્રતિમાને જોઈ સોમરાજાએ અઠ્ઠમ તપની આરાધના કરી દેવને પ્રસન્ન કર્યા. હવે ખંડિત પ્રતિમા અખંડ બની ગઈ.

**હર્ષવર્ધન** : (દાનનું સ્વરૂપ - શિલાદિત્ય)

રાજવી **હર્ષવર્ધન** સ્વયંને રાજા ન માની પોતાની બહેન **રાજ્યશ્રી**નો પ્રતિનિધિ માનતો હતો. રાજ્યશ્રીનું કહેવું હતું કે, 'પ્રયાગની પાવન ભૂમિ એ મહાદાન ભૂમિ છે. અહીંથી કંઈ પણ ઘરે પાછા લઈ જવું અનુચિત છે. પ્રયાગમાં કુંભમેળો ભરાતો. આ મેળાના સમયે રાજા દ્વારા મોક્ષસભાનું આયોજન થતું ત્યારે ત્યાં વિભિન્ન પ્રાંતોના સમાગત બૌદ્ધ ભિક્ષુઓ, વિદ્વાન સનાતન ધર્મી સાધુઓ, બ્રાહ્મણો અને સંન્યાસીઓના ભોજન, આવાસ આદિની વ્યવસ્થા કરવામાં આવતી હતી. એક મહિના સુધી ધર્મચર્ચાનું સત્ર ચાલતું.

ઓ રાજ્યશ્રીએ રાજવી હર્ષવર્ધન દ્વારા સર્વસ્વ દાનની ઉદ્‌ઘોષણાનુસાર લોકોને ધન, આભૂષણ, વસ્ત્ર, વાહન આદસિર્વસ્વ દાન અર્પણ કરી દીધું. અધોવસ્ત્ર સિવાય અંગ પર પહેરેલા વસ્ત્ર સુદ્ધાં રાજ્યશ્રીએ સેવકોને આપી દીધાં. જ્યારે તેનો ભાઈ સમ્રાટ હર્ષવર્ધન ઉત્તરીય વસ્ત્રાભૂષણ રહિત ફક્ત ધોતિયું પહેરી સમક્ષ આવ્યો ત્યારે તે વિસ્મય પામી.

હર્ષવર્ધને કહ્યું, ''બહેન ! હર્ષ તમારો રાજ્યસેવક છે. આ અધોવસ્ત્ર પણ હજામને આપી દેવાનો સંકલ્પ કરી ચૂક્યો છું. તમે બધા સેવકોને દાન આપ્યું, શું આપના આ સેવકને એક વસ્ત્ર નહીં આપો ?'' આ સાંભળી રાજ્યશ્રીની આંખો સજળ થઈ ગઈ. તેના પોતાના શરીર પર લજ્જા નિવારણ માટે માત્ર એક સાડી જ બચી હતી. તેણીએ આસપાસ જોયું. એક જીર્ણ-શીર્ણ વસ્ત્ર તંબુમાં પડયું હતું. તે વસ્ત્ર હર્ષે લઈ લીધું અને પોતાનું ધોતિયું હજામને દાનમાં આપી દીધું. એના પછી તો આ પરંપરા ચાલતી જ રહી. દર છ વર્ષે રાજ્યશ્રી પાસેથી માંગીને હર્ષ એક ચિંથરું લપેટી લેતો.

ભારતનો આ સમ્રાટ અનાવૃત દેહે કુંભમેળાની ભીડમાં બહેન સાથે પગપાળા વિદાય થતો. તે સમયે તે મહાદાનની શોભા દર્શનીય બનતી હતી.

સ્મૃતિકાર **વ્યાસજી**એ કહ્યું છે - શૂરવીર સો માંથી એક હોય છે, પંડિત હજારમાંથી એક હોય છે, વક્તા દશહજારમાંથી એક છે પરંતુ દાતા કવચિત્ હોય છે, કવચિત્ ન પણ હોય.

વરસાદમાં અચાનક દેડકાઓ ઉત્પન્ન થાય છે તેવી જ રીતે પુણ્યોપાર્જન અથવા કોઈ મતલબથી

દાન આપનારા હજારો દાતાઓ મળી જાય છે પરંતુ સાચો, નિ:સ્પૃહ રાજવી હર્ષવર્ધન જેવો દાતા તો કોઈ વિરલો જ હોય છે.

**ચંદ ચરિત્ર**માં દાતાનું વર્ગીકરણ કરતાં કહ્યું છે -

**"उत्तमोऽप्रार्थितो दत्ते, मध्यमः प्रार्थितः पुनः।**

**याचकैर्याच्यमानोऽपि, दत्ते न त्वधमाधमः।।"**

**અર્થ :** ઉત્તમ દાતા યાચકના માંગ્યા વિના આપે છે, મધ્યમ દાતા માંગે ત્યારે આપે છે પરંતુ અધમાધમ દાતા તે છે, જે યાચક માંગે છતાં ન આપે.

**હળધર રાજવી** : (ધર્મલોક, ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૬)

એક નાનકડા ગામમાં એક કણબી રહેતો હતો. ખૂબ મહેનત કરે, રાત-દિવસ પરસેવો પાડે, ન્યાય અને નીતિ ક્યાંય ચૂકે નહીં પણ ક્યારે બે પાંદડે થાય નહીં. તેને ઘરમાં સદા ખોટ વર્તાતી હતી. કણબીની પત્ની સંતોષી હતી, તેથી જે મળે તેમાં ઘર ચલાવતી. એકવાર કણબીને જૈન મુનિનો ભેટો થયો. કણબીએ હાથ જોડી પૂછ્યું, "મહારાજ! મહેનત તો ગધેડા કરતાંય વધારે કરું છું, પ્રમાણિકતા છોડતો નથી પણ તોય ઘરની સગવડ સચવાતી નથી. એટલા પૈસા જ મળતા નથી તો શું કરું?" સાધુ દયાળુ હતા. એ બોલ્યા, "ભાઈ! આ બધી કર્મની લીલા છે. પૂર્વ ભવના અશુભ કર્મો માનવીને આ ભવમાં પણ સુખી થવા દેતા નથી પણ જે ન્યાય નીતિથી જીવે છે, તે નવા અશુભ કર્મો બાંધતો નથી. તેથી તેને છેલ્લે તો સુખ મળે જ છે. તારે જો સુખી અને સમૃદ્ધ થવું હોય તો એક પ્રતિજ્ઞા લે, 'રોજ દેવ કે અતિથિને નૈવેદ્ય ધર્યા પછી ભોજન કરવું.' આ નિયમનું તું દૃઢતાથી પાલન કરીશ તો જરૂર સુખી થઈશ." કણબીએ નિયમ ધારણ કર્યું. સમય પસાર થયો. કણબી પોતાના નિયમને બરાબર વળગી રહ્યો.

એકવાર ઘરવાળીને ભાત લઈને આવતા વાર થઈ. કણબી ખેતરમાં તેની કાગડોળે રાહ જોતો હતો. ખૂબ ભૂખ લાગી હતી. પત્ની આવી એટલે કણબીએ તરત જ ડબ્બો ખોલ્યો અને ઝટપટ જમવા બેસી ગયો. હજુ કોળિયો મોમાં મૂકવા ગયો ત્યાં દેવ અને અતિથિ યાદ આવ્યાં. તે હાથમાં રહેલો કોળિયો લઈને દોડયો. જિનમંદિરના પગથિયા પાસે એક ગર્જના કરતો સિંહ બેઠેલો હતો. કણબી તેની સામે જોયા વિના જ, નિર્ભય બની જિનમંદિરનાં પગથિયાં ચડી ગયો. ભગવાનની સામે થાળીમાં નૈવેદ્ય ધર્યું અને તેજ ગતિએ પાછો વળ્યો. પેટમાં કકડીને ભૂખ લાગી હતી એ જમવા બેઠો. હાથમાં કોળિયો લઈ મોમાં મૂકવા ગયો ત્યાં એક જૈન મુનિ 'ધર્મલાભ' કહી પધાર્યા. કણબી રાજી થઈ ગયો. ભાતના ડબ્બામાંથી મુનિવરને વહોરાવી મુનિ આશીર્વાદ આપી ચાલતાં થયાં. બીજી વાર જમવા બેઠો ત્યાં બીજા મુનિ આવ્યા. તેમને પણ ખપ પૂરતું વહોરાવ્યું. આમ ચાર વાર બન્યું. કણબી કંટાળ્યો નહીં. તેના મનમાં કોઈ ખોટો વિચાર આવ્યો પણ નહીં. મનમાં ને મનમાં સુકૃત્યની પ્રશંસા કરવા લાગ્યો.

કણબીને ભૂખ તો લાગી જ હતી. જે થોડુંક વધ્યું હતું તે હાથમાં લઈને જમવા બેઠો. તેનું હૈયું આજે આનંદથી છલક છલક થતું હતું. એ જ ક્ષણે આકાશમાંથી દેવવાણી સંભળાણી, "હે કણબી! હું દેવ છું. તારી પરીક્ષા કરવા આવ્યો હતો. તારા નિયમની દૃઢતાથી ખૂબ પ્રસન્ન થયો છું, જે જોઈએ તે માંગ!" કણબીએ આકાશ સામે હાથ જોડીને કહ્યું, "હે દેવ! અ ગરીબીથી કંટાળી ગયો છું. મારા દારિદ્ર્યનો નાશ કરો." દેવના

પ્રભાવથી કણબીની ગરીબી દૂર થઈ. કણબીના ઘરમાં સુખ-સાહ્યબી વધવા માંડી પણ કણબી પોતાનો નિયમ કદી ચૂક્યો નહીં. તે સૌને દાન આપવા માંડયો. ચારેકોર કણબીની દાન ભાવનાની પ્રશંસા થવા માંડી. નગરની રાજકુમારીએ કણબીની વાત સાંભળી. રાજકુમારી મનથી કણબીને વરી ચૂકી. રાજાએ સ્વયંવર યોજ્યો. રાજકુમારીએ કણબીને વરમાળા પહેરાવી. એ સમયે સ્વયંવરમાં આવેલા રાજાઓ કણબીને મારવા લાગ્યાં. ત્યારે કણબીએ હળ વડે રાજાઓ સાથે યુદ્ધ આદર્યું. એમાં કણબી જીતી ગયો. ત્યારથી આ કણબીનું '**હળધર**' નામ પડયું. હવે તે રાજા હળધર કહેવાયો. રાજા બન્યા પછી પણ પોતાના દાનના સંસ્કારને ન ભૂલ્યો. આ નિયમનું પાલન તેના પુત્રોએ પણ કર્યું.

રાજા હળધર નૈવેદ્ય દાનના પ્રભાવથી આ ભવમાં અને પરભવમાં ઘણું સુખ પામ્યો. અંતે સંસાર તરીને મોક્ષમાં ગયો.

**હેમચંદ્રાચાર્ય** : (દાનનું સ્વરૂપ)

**ધંધૂકામાં ચાચિંગ** નામે શ્રેષ્ઠી રહેતા હતા. તેમની ગુણવાન અને શીલવાન એવી **પાહિની** નામે પત્ની હતી. તેણી જૈન ધર્મ પ્રત્યે નિષ્ઠાવાન હતી. એક રાત્રિએ પાહિનીએ એક સ્વપ્ન જોયું. 'તેના હાથમાં દિવ્ય રત્ન હતું. કોઈએ તેને કહ્યું કે, આ ચિંતામણિ રત્ન છે, તું ગ્રહણ કર.' પાહિનીએ સ્વપ્નમાં રત્ન ગ્રહણ કર્યું. આ રત્ન લઈ તે **દેવચંદ્રસૂરિ** પાસે આવી. ગુરુદેવને રત્ન અર્પણ કર્યું. ગુરુભક્તિ કરતાં તેની આંખમાં હર્ષનાં આસું આવ્યાં.

સ્વપ્ન પૂર્ણ થતાં પાહિની જાગી ગઈ. તે નવકારમંત્રનું સ્મરણ કરવા લાગી. સવારે નિત્યક્રમથી પરવારી તે ઉપાશ્રયમાં આવી. તે સમયે દેવચંદ્રસૂરિ ત્યાં બિરાજમાન હતા. તેમને સ્વપ્નની વિગત કહી. આચાર્યે કહ્યું, ''પાહિની ! તમને ખૂબ સારું સ્વપ્ન આવ્યું છે. તમને રત્ન જેવો શ્રેષ્ઠ પુત્ર થશે. તે પુત્ર તમે મને આપજો. એ જિનશાસનનો મહાન આચાર્ય થશે અને શાસનને શોભાવશે.'' પાહિની રાજી રાજી થઈ ગઈ. 'સાધુજીવનમાં જ સાચું સુખ છે.' એવું તે સમજતી હતી તેથી તેણે પોતાની સાડીના છેડે ગાંઠ બાંધી સ્વપ્નને બાંધી દીધું.

એ જ રાત્રિએ તેના ગર્ભમાં કોઈ ઉત્તમ જીવ પ્રવેશ્યો. પાણિની નિત્ય ધાર્મિક અનુષ્ઠાનો, પ્રભુભક્તિ, ગરીબોને દાન આપવું અને પતિ સાથે તત્ત્વજ્ઞાનની વાતો કરવા લાગી. વિક્રમ સંવત ૧૧૪૫ના કાર્તિક પૂર્ણિમાના મંગલ દિવસે પાહિનીએ પૂર્ણિમાના ચંદ્ર જેવા સ્વરૂપવાન પુત્રને જન્મ આપ્યો. એ વખતે આકાશવાણી થઈ કે, 'પાહિની અને ચાચિંગનો આ પુત્ર તત્ત્વજ્ઞાતા બનશે અને તીર્થંકરની જેમ જિનધર્મનો પ્રચારક થશે.' ફઈબાએ પુત્રનું નામ '**ચાંગદેવ**' રાખ્યું. તે બોલતાં શીખ્યો ત્યારે માતાએ પ્રથમ અરિહંતનો 'અ' બોલતાં શીખવ્યું. ધીમે ધીમે નવકાર મંત્ર શીખવ્યો.

પાહિની નિશદિન બાળકને ઉપાશ્રય લઈ જતી. ગુરુભગવંતને વંદન કરી આશીર્વાદ મેળવતો. ત્યાર પછી શૈક્ષણિક ક્ષેત્રે અસાધારણ બુદ્ધિ પ્રતિભાથી થોડા સમયમાં અક્ષરજ્ઞાન મેળવ્યું. શિક્ષકોનો લાડીલો બની ગયો.

તે પાંચ વર્ષનો હતો ત્યારે માતા સાથે આચાર્ય શ્રી દેવચંદ્રસૂરિના દર્શનાર્થે ગયો. તેમના શિષ્યોએ આચાર્ય માટે આસન પથાર્યું હતું તેના ઉપર ચાંગદેવ બેસી ગયો. તે જોતાં આચાર્ય શ્રી હસી પડયાં. ચાંગદેવ પણ

હસવા લાગ્યો. આચાર્યશ્રીએ કહ્યું, ''શ્રાવિકા! તમને યાદ છે ને તમારું સ્વપ્ન, રત્ન તમારે મને સોંપવાનું છે. આ સ્વપ્નનું જ એંધાણ છે. તમારો પુત્ર મારી આ ગાદી સાચવશે અને જિનશાસનનો પ્રભાવક આચાર્ય થશે. તમે આ પુત્ર મને સોંપી દો. સૂર્ય અને ચંદ્રને ઘરમાં ન રાખી શકાય અને જો ઘરમાં રહે તો દુનિયાને કોણ પ્રકાશ આપશે ? તમારો પુત્ર સૂર્ય જેવો તેજસ્વી અને ચંદ્ર જેવો સૌમ્ય છે. તે જિનશાસનરૂપી ગગનમાં ચમકવા જન્મ્યો છે. માટે તેના પ્રત્યેનો મોહ છોડી મને સમર્પિત કરો.'' પાહિનીએ કહ્યું, ''ગુરુદેવ ! તેના પિતા પાસે તેની માંગણી કરો.''

આચાર્યશ્રીએ ચાચિંગને ઉપાશ્રયમાં બોલાવી કહ્યું, ''તમારો પુત્ર ખૂબ ભાગ્યશાળી છે. તેનું ભવિષ્ય ઉજળું છે તેનો મોહ તમારે છોડવો પડશે. તમારે ચાંગદેવને મને સોંપવો પડશે. તેનો હું ઘાટ ઘડીશ. એ મારી પાસે રહેશે.'' ચાચિંગે 'વિચારીને જવાબ આપીશ,' એવું જણાવ્યું ત્યારે આચાર્યશ્રીએ ફરી ટકોર કરતાં કહ્યું, ''શેઠ ! પુત્ર સ્નેહથી ન વિચારતાં તેના હિતનો વિચાર કરજો. તમારો પુત્ર લાખોનો તારણહાર બનશે.''

ચાચિંગે ઘરે આવી ચાંગદેવને પૂછયું, ''બેટા ! તને ગુરુદેવ ગમે છે ?'' ચાંગદેવે તરત જ કહ્યું, ''હા, પિતાજી ! મને ગુરુદેવ બહુ ગમે છે. હું તેમની સાથે રહીશ. તેમની પાસે ભણીશ. તેઓ જેમ કહેશે તેમ કરીશ.''

ચંગદેવને ચાંચિંગ શેઠે ગુરુદેવને સોંપ્યો. થોડા સમય પછી માતા પાસે આચાર્યે પુનઃ પુત્રની માંગણી કરી. તે વખતે ચાચિંગ ફેરી કરવા બહાર ગયો હતો. ક્ષણવાર માતા ખચકાઈ પણ પછી શુભ ભાવિને ધ્યાનમાં લઈ પુત્રને અર્પણ કરી દીધો. આ વાતની જાણ ચાચિંગને ઘરે આવતાં થઈ. તે સમયે આચાર્ય વિહાર કરી ખંભાત ગયા હતા. ચાચિંગથી પુત્ર સ્નેહ છૂટતો ન હતો. તે પુત્રને લેવા ખંભાત ગયો. ત્યાં **ઉદયન** મંત્રી અને આચાર્યની સમજાવટથી તે પુત્ર અર્પણ કરીને ઘરે પાછો આવ્યો. આમ, ચાંગદેવ અને પાહિની દેવીએ સુપાત્રને પુત્ર રત્ન વહોરાવી દાનમાં આપ્યો.

માતા પાહિની અને પિતા ચાચિંગ ખંભાતથી ધંધુકા ભણી વિદાય થયા. આ પછી ચંગદેવ એકદમ નિશ્ચિંત બનીને ભણવા-ગણવામાં વધુ તન્મયતા અનુભવી રહ્યો. દિક્ષામાં અવરોધક બને એવા વિઘ્નોના વાદળ વિખેરાઈ જતાં ચંગદેવનું ભાગ્યાકાશ હવે પૂર્ણ પ્રકાશે ઝગમગી ઉઠ્યું હતું. દિવસે ન વધે, એટલો રાતે અને રાતે ન વધે, એટલો દિવસે એ વૃદ્ધિ પામી રહ્યો હતો. વયની વૃદ્ધિ કરતાં જ્ઞાનની વૃદ્ધિ વધુ પ્રમાણમાં ચંગદેવને સમૃદ્ધ બનાવી રહી હતી.

ચંગદેવના યોગક્ષેમની સંપૂર્ણ જવાબદારી મંત્રીશ્વર ઉદયને સામેથી સ્વીકારી લીધી હોવાથી 'સાધુ તો ચલતા ભલા' આ નિયમાનુસાર શ્રી દેવચંદ્રસૂરિજી અન્યત્ર વિહાર કરી ગયા. દિવસો પર દિવસો, મહિનાઓ પર મહિના અને વર્ષો પર વર્ષો વિતતા ચાલ્યા. વિ.સં. ૧૧૫૪નું વર્ષ પ્રારંભાયું. જ્યોતિર્વેત્તા શ્રી દેવચંદ્રસૂરિજીની નજર મહા મહિનાના ગ્રહ નક્ષત્ર પર પડતાં ત્યાં જ સ્થિર થઈ ગઈ.

મુહૂર્તની દષ્ટિએ મહા સુદ ચૌદસના મંગલ દિન પર એમનું અંતર ઓવરી ઉઠ્યું. આ દિવસે શનિવાર, રોહિણી નક્ષત્ર, રવિયોગ, સાતે ગ્રહના બળવાળું વૃષ લગ્ન અને શુભ ચોઘડિયાનો યોગ સધાતો હતો. આવા મંગલ મુહૂર્તે જો દીક્ષા થાય, તો ચંગદેવ બાળમુનિ તરીકે મહાપ્રભાવક પાકે અને આચાર્ય બનીને જિનશાસનની પ્રભાવના કરે, તો ઈતિહાસમાં અમર બની ગયા વિના ન રહે.

મનોમન આ મુહૂર્તનો નિર્ણય લઈને આચાર્યએ ખંભાત તરફ વિહાર લંબાવ્યો. ચાચિંગ અને

પાહિણીએ તો ચંગદેવને ગુરુ ચરણે સમર્પિત કરી જ દીધો હતો. ચારિત્ર સ્વીકારવા બધી જ રીતે સજ્જ ચંગદેવે નવમાં વર્ષમાં પદાર્પણ કર્યું હતું. આમ, ચંગદેવના ચારિત્ર માટેની પૂર્વ ભૂમિકાઓ તો તૈયાર જ હતી.

દેવચંદ્ર સૂરિજીની પુણ્યપધરામણી ખંભાતમાં થવા પામી. આચાર્યે **ગુજરાત**ના મહામંત્રી ઉદયનને બોલાવી ચાંગદેવની દીક્ષાની વાત કરી. મંત્રી જૈનધર્મી હતા. તેમણે ચાંગદેવની દીક્ષાનો બધો ખર્ચ અને મહોત્સવ કરવા રાજી ખુશીથી હા ભણી.

વાતાવરણમાં ચંગદેવ અને ચારિત્રના પડઘમ ઘૂમરાવા માંડયા. ખંભાતમાં ઘરે ઘરે દીક્ષાની ઉજવણી થવાની હોય, એવો માહોલ છવાઈ ગયો. ચંગદેવના ચહેરા પર પ્રસન્નતાનો પૂર્ણચંદ્ર ખીલતો જ ગયો. સંવત ૧૧૫૬ ના મહા સુદ ચૌદશના દિવસે મોટા ઉત્સવપૂર્વક બાળમુમુક્ષુ ચંગદેવને દેવચંદ્ર-સૂરિજીએ ધર્મધ્વજ (રજોહરણ) આપી ધન્ય બનાવ્યો. ગુરુ-પ્રદત્ત નામના જયજયારવથી ગગનનો ગુંબજ ગાજી ઉઠયો. ''જય હો ! બાળમુનિ **સોમચંદ્ર વિજયજી મહારાજ**નો !'' 'ચંગદેવ, ચંગદેવ'ના પડઘા આજસુધી જ્યાંથી પ્રતિધ્વનિત થતા હતા, ત્યાંથી હવે 'સોમચંદ્ર, સોમચંદ્ર'નો ધ્વનિ ગુંજવા લાગ્યો.

દીક્ષાવિધિ પૂર્ણ થઈ. બાળમુનિનો આનંદ તો અંતરમાં સમાતો ન હતો. ગુરુદેવની નિશ્રા પામી શ્રી સોમચંદ્ર મુનિની જ્ઞાન સાધના આગળને આગળ વધતી ગઈ. તેમના તનમાં રમતિયાળ વૃત્તિ શોધવા છતાં જડતી ન હતી. જેના પ્રભાવે જ્ઞાનવૃદ્ધિ થઈ.

જ્ઞાનાર્જન કરતાં સોમચંદ્ર મુનિને જ્ઞાની બનવા માટે માતા **શારદા**ની ઉપાસના કરવાનો વિચાર આવ્યો. એ માટે સરસ્વતીની મૂળ પીઠ જે **કાશ્મીર**માં છે, ત્યાં જઈ તેમની ઉપાસના કરવા માટે ગુરુની અનુમતિ માંગી. એક મુનિ સાથે શુભ દિવસે તેમણે **કાશી** તરફ પ્રયાણ કર્યું.

વિહાર કરતાં ખંભાતની બહાર એક **નેમનાથ ભગવાનનું** જિનાલય હતું ત્યાં આરાધના કરવા ધ્યાનમાં બેઠા. રાત્રિના છ કલાક વીતી ગયા. મુનિરાજ જાપ-ધ્યાનમાં લીન રહ્યા. દેવી સરસ્વતી સાક્ષાત પ્રગટ થયાં. દેવીએ કહ્યું, ''વત્સ ! હું તારી ભક્તિથી પ્રસન્ન થઈ છું. તું સિદ્ધ સારસ્વત થઈશ. તારે કાશ્મીર જવાની જરૂર નથી.'' સોમચંદ્ર મુનિની પ્રજ્ઞા તત્કાલ વિકસિત થઈ. તેમના મુખમાંથી સરસ્વતીની સ્તુતિનો પ્રવાહ વહેવા માંડયો.

તેઓ ગુરુ પાસે આવ્યા. ગુરુદેવે કહ્યું, ''વત્સ ! એક જ દિવસની ઉપાસનાથી તું આવી સિદ્ધિ મેળવી શક્યો એ તારું મહાન સૌભાગ્ય છે. હવેથી તું કોઈપણ વિષય ઉપર લખી શકીશ, બોલી શકીશ અને બીજાને સમજાવી શકીશ. તું રાજા-મહારાજાઓને પ્રતિબોધ પમાડી શકીશ. સોમચંદ્ર મુનિએ 'ગુરુકૃપાથી સિદ્ધિ મેળવી છે,' એવી નમ્રતા દાખવી.

દેવચંદ્ર સૂરિ વિહાર કરી **નાગપુર** આવ્યા. ત્યાં **ધનદ** નામના ધનવાન શેઠ વસતા હતા. તેમનો ભૂતકાલ ભવ્ય હતો. ધનદ શ્રેષ્ઠીને સંપત્તિ મળી હતી, એની સાથે એ જાતની સમજણ પણ સાંપડી હતી કે, 'ચાર દિવસની ચાંદનીની મોજ માણવાની પળે એ ન ભૂલવું જોઈએ કે, પુણ્યોદય પરવારી જાય, તો ફિર અંધેરી રાત પણ આવી શકે છે.' આવી સમજણથી સમૃદ્ધ ધનદ શ્રેષ્ઠી લક્ષ્મીનો સદ્વ્યય કરતા રહેતા હતા. એની સાથે સાથે ભવિષ્યનો વિચાર કરી એમણે ઠીક ઠીક સુવર્ણમુદ્રાઓ ભૂગર્ભમાં ભંડારી દીધી હતી. જેથી ભાગ્યચક્ર પલટાઈ જાય તો આજ પછીની આવતી કાલે ભૂખે મરવાનો વસમો વખત ન આવે. લાખો સુવર્ણમુદ્રાઓ જમીનમાં ભંડારી દેવાપૂર્વક હજારો સુવર્ણમુદ્રઓનું ધર્મ ઉપરાંત પરોપકાર કાજે સદ્વ્યય કરનારા એમની નામના

નાગપુર ઉપરાંત આસપાસના પ્રદેશમાં પણ ફેલાયેલી હતી.

'ભાગ્ય આપે ત્યારે છપ્પર ફાડીને આપે' આ કહેવાતની સચ્ચાઈ અનુભવતાં શ્રેષ્ઠીનું ભાગ્ય એક દિ' રૂઠયું અને 'દુર્ભાગ્ય જાગે ત્યારે થપ્પડ મારીને બધું ઝૂંટવી લે' કહેવતના બીજા પાસા તરીકે જ અંકિત આવી કઠીનાઈ વેઠવાનો સમય પણ શ્રેષ્ઠીના જીવનમાં આવી પડયો.

કર્મ સંજોગે વ્યાપારમાં નુકશાન આવતાં શેઠે દાટેલું ધન કાઢવાનો વિચાર કર્યો. સંકટ સમયની સાંકળ ખેંચવા રૂપે શ્રેષ્ઠીએ ધરતીમાં ધરબી દીધેલી સુવર્ણમુદ્રાઓ મેળવવા હસતે હૈયે પૂરા વિશ્વાસ સાથે ધરતીનો એ ભાગ ખોદવા માંડયો. થોડા ઘણા ખોદાણ બાદ જ હાસ્યનું સ્થાન રૂદને લીધું. જ્યાંથી સોનામહોરો મળવાનો વિશ્વાસ રાખ્યો હતો ત્યાં કાળા કોલસા મળી આવ્યા. તેથી કપાળે હાથ મૂકીને એમણે કરકસર પૂર્વક જીવન જીવવા મનને મનાવી લીધો. મહેલ એનો એ જ રહ્યો, પણ એના આંગણે પહેલાંની જેમ સુવર્ણ જેવા ઝગારા જોવા મળતા ન હતાં. શ્રેષ્ઠી રાય મટી રંક બન્યા.

એક દિવસ સોમચંદ્ર મુનિ ગોચરી માટે **શ્રી વીરચંદ્ર ગણિવર** સાથે શેઠને ત્યાં પધાર્યા. શેઠ અને તેમનું કુટુંબ લોટ પાણીમાં પલાળી તેની રાબ પીતા હતા ત્યાં વીરચંદ્ર ગણિવરે સોમચંદ્ર મુનિએ કહ્યું, ''શેઠ! શ્રીમંત હોવા છતાં આવો નિરસ આહાર કેમ કરે છે ? તેમના ઘરના ખૂણામાં સોનાનો ઢગલો પડયો છે.'' શેઠના કાને થોડા અસ્પષ્ટ 'સોનું' એવા શબ્દો પડયા તેથી તેમણે વીરચંદ્ર ગણિવરને પૂછયું, ''મહારાજ શું કહે છે ?'' શેઠે ખૂબ આગ્રહ કર્યો ત્યારે મુનિએ કહ્યું, ''તમે ધનવાન હોવા છતાં ગરીબની જેમ કેમ રહો છો ?'' શેઠે પોતાની કથની કહી એટલે મુનિ સોમચંદ્રજીએ કહ્યું, ''એ ઢગલો કોલસાનો નથી, સુવર્ણનો જ છે.''

મુનિ શેઠનો હાથ પકડી ઢગલા પાસે લઈ ગયા. શેઠને કોલસા જ દેખાતા હતા. શેઠે કહ્યું, ''ગુરુદેવ ! આપ આ ઢગલાને આપના હસ્તે પાવન કરો. જેથી મને પણ સુવર્ણ દેખાય !'' મુનિએ ઢગલા ઉપર નવકાર મંત્ર ગણી હાથ મૂક્યો અને શેઠના આશ્ચર્ય વચ્ચે એમને સુવર્ણ દેખાયું. શેઠે મુનિનો ઉપકાર માન્યો. શેઠ હવે ઉપાશ્રયમાં ગયા. ત્યા જઈ દેવચંદ્રસૂરિને કહ્યું, ''આ ધન હવે મારું નથી. શ્રી સોમચંદ્ર મુનિના પ્રભાવે આ ધન કોલસારૂપે હતું તે મને મળ્યું છે.''

ધનદ શેઠે આ ધન પોતાની પાસે ન રાખતાં જિનશાસનની પ્રભાવના કરવા સત્કાર્યોમાં વાપર્યું. તેમણે જિનાલય બંધાવ્યું. હવે વેપારમાં અઢળક ધન કમાયા. આમ, ધનદ શેઠે સોમચંદ્ર મુનિના પ્રભાવથી મળેલી સંપત્તિ જિનશાસનના ચરણે ધરી.

(અઘટમાન જેવી ઘટનાનું કારણ જણાવતાં **'કુમારપાળ પ્રબોધ પ્રબંધ'**માં જણાવવમાં આવ્યું છે કે, ધનદ શ્રેષ્ઠીની પુણ્યાઈ ન સાંખી શકનાર કોઈ વ્યંતરે જમીનમાં દાટેલી એ સોનામહોરોનું સુવર્ણ સ્વરૂપ ઢાંકી દઈને એને કોલસામાં પલટાવી દીધી હતી પણ મુનિ સોમચંદ્રની નજર એ કોલસા પર પડતાં જ એમના પ્રચંડ બ્રહ્મતેજને ન સહી શકતો વ્યંતર ત્યાંથી ભાગી છૂટતાં જ કોલસાનો ઢગલો પુનઃ સોનામહોરના અસલ સ્વરૂપે ઝગારા મારવા માંડયો. એમાં વળી, બાળમુનિના ચરણ સ્પર્શના પરમાણુઓ તો એવા પ્રભાવપૂર્ણ હતા કે, એ વ્યંતર ફરી ત્યાં આવવાની હિંમત જ ન કરી શકે.)

નાગપુરથી વિહાર કરી આચાર્ય **પાટણ** આવ્યા. પાટણમાં **દેવેન્દ્ર સૂરિ** નામના આચાર્ય બિરાજતા હતા. તેઓ પણ દેવચંદ્ર સૂરિના જ શિષ્ય હતા. દેવેન્દ્ર સૂરિ અને સોમચંદ્ર મુનિની મૈત્રી જામી. તેઓ સાથે જ્ઞાનચર્ચા કરતા હતા. એવા સમયે પાટણનો રહેવાસી કોઈ પુરુષ ત્યાં આવ્યો. તેણે વંદન કરી કંઈક કહેવાના

ભાવ પ્રદર્શિત કર્યા. દેવેન્દ્રસૂરિએ કહ્યું, ''વિના સંકોચે જે કહેવું હોય તે કહો.'' તેણે કહ્યું, ''મહારાજ! તમે બન્ને **ગૌડ** દેશમાં જાઓ. ત્યાં માંત્રિકો અને તાંત્રિકો છે. અનેક દિવ્ય શક્તિઓ ધરાવતા મહાપુરુષો છે. ત્યાં જઈ આપ એ શક્તિઓ મેળવો.'' બન્ને સાધુ ભગવંતોએ ગુરુ રજા આપે તો ગૌડ દેશમાં જઈએ એવું નક્કી કર્યું. ગુરુએ તેમને અનુમતિ આપી.

બન્નેએ વિહાર શરૂ કર્યો. એક સંધ્યાએ **ખેરાળુ** નામના ગામમાં આવ્યા. ઉપાશ્રયમાં રાત્રિ રોકાણ કર્યું. ત્યાં રાત્રિના સમયે એક પડછંદ, સ્વરૂપવાન અને તેજસ્વી કાયાવાળા વૃદ્ધ સાધુ આવી પહોંચ્યા. બન્નેએ તેમનું ઉચિત સ્વાગત કરી રાત્રિરોકાણની વિનંતી કરી. આ સાધુ પુરુષ કોઈ મહાન વિદ્યાસિદ્ધિ પુરુષ લાગ્યો. વૃદ્ધ મહાત્માએ પૂછયું, ''ક્યાં જવા નીકળ્યા છો ?'' બન્નેએ કહ્યું, ''અમે વિદ્યાપ્રાપ્તિ માટે ગૌડ દેશ જવા નીકળ્યા છીએ.'' વૃદ્ધ મહાત્માએ કહ્યું, ''વિદ્યા પ્રાપ્તિ માટે એટલે દૂર જવાની જરૂર નથી. હું તમને તમારી મનોવાંછિત વિદ્યા આપીશ. પણ હું ચાલી શકતો નતી. મારે **ગિરનાર** તરફ જવું છે. મને ત્યાં પહોંચાડો પછી હું તમને વિદ્યા આપીશ.''

બન્ને ગામના આગેવાન પાસે જઈ ડોલી અને ઉપાડનાર માણસની સગવડ કરી આવ્યા. વાતો કરતાં બન્ને મિત્રો ઊંઘી ગયા. બ્રહ્મ મુહૂર્તમાં ત્યારે તેઓ પહાડો વચ્ચે હતા. 'કોઈ વિદ્યા શક્તિના બળે તેઓ અહીં લાવીને મૂકાયા છે,' એવું માનવા લાગ્યા.

હજી સૂર્યોદય થયો ન હતો. એક તેજસ્વી દેહ લાલિત્યવાળી દેવીએ પ્રગટ થઈ કહ્યું, ''હું શાસન દેવી છું .તમારા ઉત્કૃષ્ટ ભાગ્યથી આકર્ષાઈ અહીં આવી છું. હું જ તમને ખેરાળુથી અહીં લાવી છું.'' મુનિઓએ કહ્યું, ''અમારી સાથે રાતવાસો કરનારા સાધુ ક્યાં છે ?'' દેવીએ કહ્યું, ''હું એ જ હતી. તમારી વિદ્યા માટેની તીવ્ર અભિલાષા જોઈ હું તમને વૃદ્ધ મહાત્મારૂપે મળી હતી. હું તમને ગિરનાર મહાતીર્થમાં લઈ આવી છું. આ પહાડ અદ્‌ભુત છે. ત્યાં અનેક દિવ્ય ઔષધિઓ છે. અહીં કરેલી મંત્ર સાધના સિદ્ધ થાય છે. હું તમને બે મંત્રો આપું છું. તે ભૂલાઈ ન જાય તે માટે આ અમૃત કુંભ પી જાઓ.'' દેવીએ અમૃતથી ભરેલું કુંભ તેમની આગળ ધર્યું. દેવેન્દ્રસૂરિએ રાત્રિનો સમય બાકી હોવાથી પીવાની ના પાડી જ્યારે સોમચંદ્ર મુનિ સમયજ્ઞ તેમ જ નિયમ અને અપવાદના જાણકાર હતા. તેઓ તરત જ બધું અમૃત ગટગટાવી ગયા. બન્ને મંત્રો તેમની સ્મૃતિમાં જડાઈ ગયા. જ્યારે દેવેન્દ્રસૂરિ એ મંત્રો ભૂલી ગયા.

શાસનદેવીએ બન્ને મહાનુભવોને ઉપાડી એમના સુરુદેવ પાસે મૂકી દીધા. આ ચમત્કારિક ઘટના સાંભળી દેવચંદ્રસૂરિ અત્યંત પ્રસન્ન થયા. તેમણે વિનમ્ર, વિવેકી, બુદ્ધિમાન, ગુણવાન, ભાગ્યવાન, રૂપવાન એવા સોમચંદ્ર મુનિને આચાર્યપદ આપવા સંઘને ભેગો કર્યો. સંવત ૧૧૬૬ વૈશાખસુદ ત્રીજના શુભ મુહૂર્તે દેવચંદ્ર સૂરિજીએ તેમના શિષ્ય સોમચંદ્ર મુનિને આચાર્ય પદવી આપી. તેમનું નામ **'હેમચંદ્ર સૂરિ'** જાહેર કર્યું. સંઘે તેમનો જયજયકાર બોલાવ્યો.

હેમચંદ્રસૂરિ પાટણના રાજમાર્ગ ઉપર ઈરિયા સમિતિનું પાલન કરતા ચાલ્યા જતા હતા. સામેથી ગુજરાતના રાજા **સિદ્ધરાજ**ની સવારી આવી રહી હતી. રાજા નગરનું અવલોકન કરવા નીકળ્યા હતા. રાજાની દૃષ્ટિ હેમચંદ્ર સૂરિ ઉપર પડી. પ્રતાપી અને પ્રભાવશાળી આચાર્યને જોઈ રાજા સ્તબ્ધ થઈ ગયા. બન્નેની આંખો મળી. રાજાના બે હાથ જોડાઈ ગયા. આચાર્યે જમણો હાથ ઊંચો કરી આશીર્વાદ આપ્યા. રાજાએ નીચે ઉતરી કંઈક સંભળાવવા વિનંતી કરી. ત્યારે આચાર્યે કહ્યું, ''સિદ્ધરાજ! તમે ગજને કેમ થોભાવ્યો ? એને

વેગથી આગળ વધવા દો જેથી એને જોઈને સર્વે દિગ્ગજો ત્રાસ પામી જતા રહે કેમકે હવે પૃથ્વીનો ભાર તમે ઉપાડયો છે, એ દિગ્ગજોની શી જરૂર છે ?''

રાજા આચાર્યની કલ્પના શક્તિથી અંજાયા. તેમણે પ્રતિદિન રાજસભામાં આવવાનું આમંત્રણ આપ્યું. આચાર્યશ્રી અનુકૂલતા મુજબ આવવાનું કહી ચાલ્યા ગયા. ત્યાર પછી અવારનવાર આચાર્યશ્રી રાજસભામાં જતા. તેમની મધુર અને પ્રભાવશાળી વાણીની રાજા ઉપર ધારી અસર પડવા લાગી. રાજા જૈન ધર્મ પ્રત્યે આકર્ષાયા.

રાજા સિદ્ધરાજે માળવા ઉપર વિજય મેળવી પાટણમાં પ્રવેશ કર્યો. ત્યાંની કલા, સાહિત્ય અને સંસ્કારોએ રાજાનું ચિત્ત ચોરી લીધું. તે બધું પાટણમાં લાવવું હતું. રાજા માળવાની ધારા નગરીથી વિશાળ જ્ઞાન ભંડાર ગાડાં ભરીને પાટણમાં લાવ્યા. તેમાંથી **રાજા ભોજે** લખેલ ગ્રંથ **'સરસ્વતી કંઠાભરણ'** તેમના હાથમાં આવ્યું. આ ગ્રંથ જોઈ રાજા સિદ્ધરાજ આફરીન થઈ ગયા. તેમને એવો વિચાર આવ્યો કે, 'શું આવો ગ્રંથ ગુજરાતનો કોઈ વિદ્વાન ન બનાવી શકે ? વળી, આવા નવતર ગ્રંથ સાથે મારું નામ જોડાય તો ગ્રંથ અને હું બંને અમર થઈ જઈએ.'

ભરસભામાં રાજાએ સરસ્વતી કંઠાભરણ ગ્રંથ હાથમાં લઈ વિદ્વાનોને ઉદ્દેશી કહ્યું, ''રાજા ભોજે રચેલું વ્યાકરણ જેવું શાસ્ત્ર ગુજરાતનો કોઈ વિદ્વાન રચી શકે ખરો ? શું આવો કોઈ વિદ્વાન વિશાળ ગુજરાતમાં જન્મ્યો નથી ?'' રાજસભામાં બેઠેલા વિદ્વાનો તરફ દૃષ્ટિપાત કરતાં રાજાની દૃષ્ટિ હેમચંદ્રસૂરિ પર પડી. વિદ્વાનોની સભામાં બેઠેલા હેમચંદ્રસૂરિથી ગુજરાતની ઝાંખપ સહન ન થઈ. તેમણે તરત જ આહ્વાન આપતાં કહ્યું, ''હું રાજા ભોજના વ્યાકરણ કરતાં સવાયા વ્યાકરણની રચના કરીશ.''

આચાર્ય દેવે વ્યાકરણના આઠ ગ્રંથો કાશ્મીરથી મંગાવ્યા. બધા ગ્રંથોનો તલસ્પર્શી અભ્યાસ કરી તેની ખૂબીઓ અને ખામીઓ પારખી લીધી. રાજા સિદ્ધરાજે જ્ઞાનમાં સહાયતા કરવા આચાર્યને જોઈતી સગવડો કરી આપી.

એક વર્ષમાં સવાલાખ શ્લોક પ્રમાણવાળા વ્યાકરણનો મહાગ્રંથ સર્જન થયો. તેનું **'સિદ્ધહેમ વ્યાકરણ'** નામાભિધાન આપ્યું. કેવું પાંડિત્ય હશે શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજીનું !

સિદ્ધરાજ આ ગ્રંથ જોઈ અત્યંત પ્રમોદિત થયા. તેઓ ગ્રંથને હાથીની અંબાડી ઉપર મૂકી વાજતે-ગાજતે રાજમાર્ગો પર ફેરવી રાજ સભામાં લઈ ગયા. ગ્રંથનું પૂજન કરી તેને ગ્રંથાલયમાં મૂકવામાં આવ્યો.

આમ, હેમચંદ્રાચાર્યે સંસ્કૃત વ્યાકરણ ગ્રંથની રચના કરી જગતના જીવો ઉપર અનહદ ઉપકાકારક છે. આજે પણ સંસ્કૃત ભાષા ભણનારા 'સિદ્ધહેમ વ્યાકરણ' ભણે છે.

તેમણે જગતને અર્પણ કરેલું જ્ઞાનદાન નોંધનીય છે. **'સિદ્ધહેમ શબ્દાનુશાસન વ્યાકરણ'** ઉપરાંત **'અભિધાન ચિંતામણિ'** દ્વારા એક શબ્દના અનેક અર્થો આપ્યાં. **'અલંકાર ચુડામણિ'** અને **'છંદાનુશાસન'** દ્વારા કાવ્ય છંદની ચર્ચા કરી અને **'દ્વાયાશ્રય'**ના ચૌદ સર્ગમાં સિદ્ધરાજના સમયની અલકમલકની વાતો કરી. ત્યાર પછી સર્ગોમાં કુમારપાળના રાજ્યકાળની વાતો ઉજાગર કરી.

સર્વ મળી કુલ સાડાત્રણ ક્રોડ શ્લોક પ્રમાણ સાહિત્યનું લેખન કરી શ્રી હેમચંદ્રાચાર્યે અદ્વિતીય જ્ઞાનદાન કર્યું છે.

સિદ્ધરાજને કોઇ વાતની ઉણપ ન હતી પરંતુ તે નિ:સંતાન હતો તે વાત તેના કાળજાને કોરી ખાતી

હતી. તે રાણી સમક્ષ પોતાનું દુઃખ વ્યક્ત કરતો. રાણી આશ્વાસન આપતાં કહેતી, ''જે વાત ભાગ્યને આધીન છે તે અંગે શોક કરવાથી શું વળે ? ગત ભવમાં કોઈ સુકૃત્યો નથી કર્યાં તેનું આ ફળ છે. હવે તીર્થયાત્રાએ જઈએ.'' સિદ્ધરાજને ગળે આ વાત ઉતરી ગઈ. તીર્થયાત્રામાં આચાર્ય દેવને સાથે લીધા. તેમની તળેટીમાં સદાવ્રત શરૂ કર્યું. તેમજ યાત્રિકોને વસ્ત્રો અને સોનામહોરો આપ્યાં.

હેમચંદ્રાચાર્યે વીસ વર્ષની ઉંમરે સાહિત્ય સર્જનનું કાર્ય પ્રારંભ કર્યું હતું. તે તેમના ચોર્યાશી વર્ષે થયેલા અવસાન સુધી (કુલ ચોસઠ વર્ષ) ચાલુ રહ્યું હતું.

સિદ્ધરાજનો પિત્રાઈ ભાઈ **ત્રિભુવનપાળ** હતો. તેની પત્નીનું નામ **કાશ્મીરાદેવી** હતું. તેના ગર્ભમાં એક ઉત્તમ જીવાત્મા આવ્યો તેથી તેને ઈચ્છાઓ જાગી. નવમાસ પૂર્ણ થતાં તંદુરસ્ત બાળકને જન્મ આપ્યો. તે સમયે દેવવાણી થઈ કે, 'આ બાળક વિશાળ સામ્રાજ્યનો ધણી થશે અને ધર્મનું સામ્રાજ્ય સ્થાપિત કરશે.' આ બાળક સૌને અતિશય વહાલો હતો. તેનું નામ **કુમારપાળ** રાખ્યું. વ્યવહારકિ શિક્ષણ અને યુદ્ધકળામાં નિપુણ થયો. તે પરાક્રમી અને શૌર્યવાન હતો. યુવાન વયે **ભોપાળદેવી** સાથે તેના વિવાહ થયા.

પિતા સાથે કુમારપાળ પાટણ અવારનવાર જતો હતો. હેમચંદ્ર સૂરિજીનો પરિચય થયો. તેણે પૂછ્યું, ''ગુરુદેવ ! સૃષ્ટિમાં વિવિધ પ્રકારના લોકો વસે છે. પ્રત્યેકમાં જુદા જુદા પ્રકારના ગુણો હોય છે. તેમાં શ્રેષ્ઠ ગુણ કયો ?'' ગુરુદેવે સત્ત્વ ગુણને શ્રેષ્ઠ બતાવી તેનો મહિમા દર્શાવ્યો.'' આડકતરી રીતે ભાવિના એંધાણનો નિર્દેશ કર્યો અને કહ્યું, ''કુમારપાળ ! તારા માથે દુઃખના ડુંગરો તૂટી પડવાના છે ત્યારે તારા સત્ત્વનો પરિચય આપજે.''

'સિદ્ધરાજના મૃત્યુ પછી ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ ગુજરાતનો નાથ બનશે.' એ વાત રાજા સિદ્ધરાજને બિલકુલ ન ગમી. તે કુમારપાળનો કાંટો કાઢવા પેંતરાઓ રચવા લાગ્યો. કુમારપાળે વતન છોડયું. તે ભાગેળુ બની લપાતો-છુપાતો ફરવા લાગ્યો. શાંતિ (આરામ) હરામ થઈ ગઈ. ખાવા-પીવાના સાંસા પડવા લાગ્યા.

એમ કરતાં કુમારપાળ એક દિવસ ખંભાત ઉપાશ્રયમાં આવ્યો. તેણે હેમચંદ્રાચાર્યને નમસ્કાર કર્યા. આચાર્યશ્રીએ કુમારપાળને ઓળખી લીધો. કુમારપાળે પોતાની વ્યથા જણાવતાં કહ્યું, ''રાજવી પરિવારમાં જન્મ લેવા છતાં વન-વન ભટકું છું. મારા અસહ્ય દુઃખોનો અંત ક્યારે આવશે ? આપ જ્ઞાની છો તેથી જણાવો કે મારા પ્રારબ્ધમાં સુખ છે કે નહીં ?'' આચાર્ય દેવે ધ્યાનસ્થ બની અંબિકા દેવીના શબ્દો યાદ આવ્યા. તેમણે આંખ ખોલી કહ્યું, ''વત્સ ! તું વિ.સં. ૧૧૯૦, માગસર વદ ચોથના દિવસે ગુજરાતનો સ્વામી બનીશ.''

તેવા ટાણે મહામંત્રી ઉદાયન ઉપાશ્રયમાં પ્રવેશ્યા. ગુરુદેવને વંદન કરી તેઓ બાજુમાં બેઠા. આચાર્ય દેવે ઉદયન મંત્રીને ભાવિના રાજા કુમારપાળની તકલીફ જણાવી તેની રક્ષા કરવાની ભલામણ કરી. ઉદયન મંત્રી કુમારપાળને પોતાની હવેલીમાં લાવ્યા. સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું અને થાક ઉતારવા નિશ્ચિંત બની સૂઈ જવા ઓરડો આપ્યો. ત્યારે કુમારપાળે બાર કલાકની ઊંઘ ખેંચી કાઢી.

ત્યાં સિદ્ધરાજના ગુપ્તચરો મારફતે કુમારપાળ ખંભાતમાં છે એવા વાવડ મળ્યા. એક સૈનિક ટુકડી રાજાજ્ઞાથી કુમારપાળને મારી નાંખવા મોકલી. ઉદયન મંત્રીને ખબર પડી. તેમણે રાતોરાત હેમચંદ્રાચાર્યના ઉપાશ્રયમાં કુમારપાળને મોકલી દીધો. આચાર્યે તેને ભોંયરામાં પુસ્તકોની સાથે સંતાડી દીધો. સૈનિકો ઉપાશ્રય ફેંદી વળ્યા પરંતુ કુમારપાળ હાથ ન આવ્યો.

આમ, કુમારપાળ હેમચંદ્રાચાર્ય દ્વારા એક મોટી ઘાતમાંથી ઉગરી ગયો. તેણે ગુરુદેવનો ઉપકાર માન્યો. ગુરુદેવે એકવાર કહ્યું -

**धर्मो जीवदया तुल्यो, नक्चापि जगतीतले।**
**तस्मात् सर्व प्रयत्ने न कुर्या ज्जीवदया नृभिः।।**

**અર્થ :** આ જગતમાં જીવદયા તુલ્ય કોઈ ધર્મ નથી, માટે માણસોએ સર્વ પ્રયત્નથી જીવદયાનું પાલન કરવું જોઈએ.

આ પ્રમાણેનો ઉપદેશ સાંભળી કુમારપાળે સ્થૂલ '**પ્રાણાતિપાત વિરમણ વ્રત**'નો સ્વીકાર કર્યો અને અઢાર દેશમાં અમારી પળાવી. જ્યાં જ્યાં લાગવગ હતી ત્યાં બીજા દેશોમાં પણ અમારિ પળાવી. કેટલીક જગ્યાએ પર્વ તિથિના દિવસોમાં કોઈ પણ જીવનો વધ કે શિકાર કરવાનો નિષેધ કર્યો. એ દિવસે ખાટકીની દુકાનો બંધ રખાવી. કૂવે-કૂવે, સર્વ જળાશયે, પાણી ગળાવવાની વ્યવસ્થા કરાવી. સાત વ્યસનો હિંસાના કારણરૂપ હોવાથી તેનો નિષેધ કરાવ્યો.

તેવી જ રીતે આચાર્ય શ્રી હીરવિજયસૂરિની પ્રેરણાથી **અકબર** બાદશાહે પર્યુષણ પર્વના દિવસોમાં બાર દિવસ સુધી અમારિ ઘોષણા કરાવી. તેમણે માળવા, અજમેર, દિલ્હી, ફતેહપુરસીકરી અને લાહોર આ પાંચ રાજ્યો અને સર્વ સાધારણ એમ છ ફરમાન શરૂ કર્યાં.

એકવાર આચાર્યશ્રીનો ઉપદેશ સાંભળી અકબર બાદશાહને ખૂબ પશ્ચાતાપ થયો. તેમણે સંસાર સાગર તરવાનો ઉપાય પૂછયો. ત્યારે આચાર્યશ્રીએ ત્રણ ઉપાય બતાવ્યા. (૧) સર્વ જીવો પ્રત્યે દયાભાવ રાખવો; (૨) સર્વ જીવોને ક્ષમા આપવી; (૩) સર્વની સેવા કરવી. આ પછી બાદશાહે પાપથી છુટવાનો ઉપાય પૂછયો ત્યારે આચાર્યશ્રીએ કહ્યું, ''કોઈ જીવને બેડીના બંધનમાં જકડવા નહીં; નદી-સરોવરમાં જાળ નંખાવી માછલીઓ વગેરેને પકડવી નહીં; ચકલીની જીભ ખાવી નહીં.'' બાદશાહે આચાર્યશ્રીની વાત કબૂલ કરી.

વર્તમાન યુગમાં ભૂદાન, સંપત્તિદાન, સાધનદાન, શ્રમદાન, બુદ્ધિદાન, સમયદાન, ગ્રામદાન, જીવનદાન, રક્તદાન, કિડનીદાન, ચક્ષુદાન, ચામડીદાન, શરીરદાન પ્રચલિત છે. આ સર્વ દાન માનવીય દષ્ટિએ, નિઃસ્વાર્થ ભાવે અપાય તો દાનની પવિત્રતા અને ગરિમા જળવાય છે. તેમાં સ્વાર્થ, પ્રદર્શન કે નેતાગીરી ભાવના આવે તો કોઈ લાભ ન થાય.

# પ્રકરણ ૩
# સુપાત્ર દાનની કથાઓ

**અઈમુત્તા મુનિ :** (દાનનું ફળ - જૈન શાસનના ચમકતા હીરા, પૃ.૬)

**ભારત દેશ**માં **પોલાસપુર** નામે નગર હતું. ત્યાં **વિજય** નામના ન્યાયી અને ધર્મી રાજા રાજ્ય કરતા હતા. તેમની **શ્રીદેવી** નામે સ્વરૂપવાન પટ્ટરાણી હતી. તેમનો **અતિમુક્તક (અઈમુત્તા)** નામે પુત્ર હતો.

લાડકોડથી ઉછરતો રાજકુમાર છ વર્ષનો થયો. એ અરસામાં **પ્રભુ મહાવીર દેવ** પોલાસપુરના ઉદ્યાનમાં પધાર્યા. પ્રભુનાં ચૌદ હજાર શિષ્યોમાં મુખ્ય શિષ્ય **શ્રી ગૌતમ ગણધર**, જેમનું છઠ્ઠનું પારણું હતું. તેઓ પ્રભુની આજ્ઞા લઈ નગરીમાં ગોચરીએ નીકળ્યા. ત્યાં રમત રમતાં બાળક અઈમુત્તાએ મુનિને જોયા.

તેણે રમત પડતી મૂકી. એ ગણધર ભગવંત પાસે દોડી ગયો. તેણે હાથ જોડી વંદન કર્યા અને પોતાને ત્યાં વહોરવા પધારવાની વિનંતી કરી. તે ગૌતમ ગણધરનો હાથ પકડી પોતાને ઘેર લઈ ગયો. રસ્તામાં તેણે કુતૂહલતાવશ બાળભાવે પૂછયું, ''આવા ભર બપોરે ઉઘાડા પગે કેમ ફરો છો ?'' ગૌતમ સ્વામીએ જૈન મુનિનો આચાર દર્શાવતાં કહ્યું, ''અમે ગાયના ચરવાની જેમ ઘરે ઘરેથી થોડી થોડી શુદ્ધ, નિર્દોષ અને અચિત્ત ભિક્ષા લઈએ છીએ. અમે પગે પગરખા પહેરતા નથી અને વાહનનો ઉપયોગ કરતા નથી.''

અઈમુત્તાનો મુનિ પ્રત્યેનો સદ્ભાવ ખૂબ વધી ગયો. તે મુનિને વિનંતી કરી મહેલમાં તેડી લાવ્યો. નાના બાળકની ભાવના જોઈ ગૌતમસ્વામી તેની સાથે ગયા. બાળકની માતાએ મુનિને વંદન કરી મોદકનો થાળ તૈયાર કરી ઉછળતી ભક્તિથી મોદક વહોરાવ્યા. તેણે પુત્રને કહ્યું, ''વત્સ ! આપણે પરમ ભાગ્યશાળી છીએ કે શ્રી મહાવીર પ્રભુના આદ્ય ગણધર શ્રી ગૌતમસ્વામી સ્વયં પધાર્યા છે.''

ગૌતમસ્વામી વહોરીને મહેલમાંથી બહાર નીકળ્યા ત્યારે અઈમુત્તો વળાવવા સાથે આવ્યો. બાળ સહજ ભાવે પૂછયું, ''ગુરુદેવ ! આપની ભિક્ષાની ઝોળીનો ઘણો ભાર છે. થોડી વાર મને આપો, લાવો હું ઉપાડું.'' ગૌતમસ્વામીએ કહ્યું, ''ના, ના, એ બીજા કોઈને ન અપાય. અમારા જેવા ચારિત્રશીલ આત્મા જ તેને ઉપાડી શકે.'' આમ, વાતો કરતાં કરતાં ગુરુ ગૌતમ તથા બાલ અઈમુત્તો પ્રભુ મહાવીર પાસે આવી પહોંચ્યા.

અઈમુત્તાએ પ્રભુને વંદન કરી તેમની અમોઘ ધર્મદેશના શ્રવણ કરી. પ્રભુની અમૃત રસ ઝરતી વાણી સાંભળી અઈમુત્તાનો આત્મા જાગી ઉઠયો. તેને જન્મ-મરણનો ભય લાગ્યો. તેને માનવ ભવનું મહામૂલ્ય સમજાયું. સંસારની જેલમાંથી છૂટી સંયમના રંગ મહેલમાં મ્હાલવાનું મન થયું.

અઈમુત્તાએ સાધુ થવાની હઠ પકડી. ગૌતમસ્વામીએ કહ્યું, ''તારાં માતા-પિતાની રજા સિવાય અમે સાધુ ન બનાવીએ.'' અઈમુત્તાએ ઘરે જઈ માતા સમક્ષ પોતાની ઈચ્છા વ્યક્ત કરી. માતાએ સાધુ જીવનની કઠોરતાનું માર્મિક વર્ણન કરી તેને સમજાવ્યો પરંતુ અઈમુત્તાનો વૈરાગ્ય રંગ ફિક્કો ન પડયો.

માતા-પિતાએ સહેજ કડક બનીને કહ્યું, ''અઈમુત્તા ! ખોટી હઠ ન કર ! હજી તું નાનો છે. તું શું સમજે સંયમમાં ?'' અઈમુત્તાએ સ્મિત કરી કહ્યું, ''હું જે જાણું તે નવિ જાણું, નવિ જાણું તે જાણું. અર્થાત્ હું જે જાણું છું, તે નથી જાણતો અને જે નથી જાણતો તે જાણું છું. માતા ! હું એ જાણું છું કે, જે જન્મે તેને અવશ્ય મરવાનું છે પરંતુ મોત ક્યારે આવવાનું છે, તે હું જાણતો નથી. કયા સ્થાને અને કઈ રીતે મરવાનું છે, તે હું જાણતો નથી. હું એ જાણતો નથી કે, કયા કર્મથી નરકાદિ ગતિમાં ઉત્પન્ન થવાય છે પરંતુ એ જાણું છું કે પોતે કરેલા અશુભ

કર્મોથી જીવ દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે.''

કુમારનો સચોટ જવાબ સાંભળી માતા-પિતા ઢીલા થયાં. તેમણે દીક્ષાની રજા આપી. દીક્ષાનો વરઘોડો પોલાસપુર નગરની મધ્યમાંથી નીકળ્યો. નગરજનોએ આશીર્વાદ આપ્યાં કે, 'તમે તપ ધર્મથી કર્મ શત્રુને પરાજિત કરજો. હે કુંવર! તમારું કલ્યાણ થાઓ. જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનાથી ઈન્દ્રિયોને જીતી સિદ્ધપદને પામો.' અઈમુત્તાએ ઉછળી ઉછળીને વરસીદાન આપ્યું.

પ્રભુ પાસે જઈ માતા-પિતાએ કહ્યું, ''ભગવન્! આ અમારો અત્યંત પ્રિય પુત્ર છે. તે ભોગરૂપી કાદવમાં ઉત્પન્ન જરૂર થયો છે પણ તેમાં લેપાયો નથી. સંસારના ભયથી ઉદ્વેગ પામીને ચારિત્ર લેવા ઈચ્છે છે. આપ તેનો સ્વીકાર કરો.'' ભગવંતે કહ્યું, ''જેમ સુખ ઉપજે તેમ કરો! પ્રતિબંધ - મમતા ન કરો! વિલંબ ન કરો!'' પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી ઇશાન ખૂણામાં જઈ અઈમુત્તાએ અલંકાર ઉતાર્યા. તેણે પ્રભુ પાસે આવી દીક્ષા ગ્રહણ કરી. ગૌતમ સ્વામીએ શ્રમણાચાર શીખવવા અઈમુત્તા મુનિને એક વૃદ્ધ સ્થવીર સાધુને સોંપ્યા.

એકવાર ઘણો વરસાદ થયો હતો. બાળકોને પાણીમાં નાવ ચલાવતા જોઈ ભદ્રક અને વિનીત એવા અઈમુત્તા મુનિએ નાનું પાતરું (પાતરી) હોડી બનાવી તરતું મૂક્યું. આ જોઈ વૃદ્ધ મુનિએ અઈમુત્તાને સમજાવ્યું કે, ''આપણે મુનિગણ આવો અધર્મ ન કરી શકીએ. પાણીમાં રમત કરવાથી છકાય જીવની વિરાધના થાય છે. આપણે સર્વ જીવોને અભયદાન દેનારા છીએ. હિંસા કરવાથી જીવાત્મા દુર્ગતિમાં સરકે છે.''

ત્યાંથી તેઓ બન્ને ભગવાન મહાવીર પાસે આવ્યા. સ્થવીર મુનિએ પૂછયું, ''પ્રભુ! પ્રભુ! આ અઈમુત્તા મુનિ કેટલા ભવે સિદ્ધપદ પામશે?'' પ્રભુએ કહ્યું, ''આ જ ભવમાં સિદ્ધિપદ પામશે માટે કુમાર શ્રમણની આશાતના ન કરશો. એ મહાત્માને ખેદરહિતપણે સહાય કરજો. તેમને ભાત-પાણી લાવી આપી સહાય કરજો.''

સરળ અને વિનયી અઈમુત્તા મુનિને પોતાની ભૂલ સમજાણી. સર્વ જીવો સાથે ખમત-ખામણા કર્યા. પાપનું પ્રાયશ્ચિત કર્યું. સમવસરણમાં આવી ઈરિયાવહિયા પડિકકમતા શુકલધ્યાનની શ્રેણીએ ચડયા. શુદ્ધ ભાવથી કરેલાં દુષ્કૃત્યોનો પસ્તાવો કરતાં તેર વર્ષની વયે કેવળજ્ઞાન પામી સિદ્ધપદને વર્યા.

સુપાત્રદાનના યોગથી અઈમુત્તા મહામુનિને કેવળજ્ઞાનની પ્રાપ્તિનું અદ્‌ભુત નિમિત્ત મળ્યું!

**અક્ષય તૃતીયા - આદિનાથ અને શ્રેયાંકુમાર :** (ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં અવસર્પિણી કાળનો ત્રીજો **સુષમ-દુષમ** આરો ઘણો વ્યતીત થયા પછી ચોરાશી લાખ પૂર્વ, ત્રણ વર્ષ, સાડા આઠ માસ શેષ રહ્યા ત્યારે **નાભિ કુલકર**ની પત્ની **મરુદેવા**ની કુક્ષિએ તેત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી ઉત્તમ આત્મા અવતર્યો. મરુદેવા માતાએ ચૌદ સ્વપ્નો જોયાં તે સમયે સ્વપ્ન પાઠકો ન હતાં તેથી સ્વપ્નનો અર્થ નાભિ કુલકર અને પછી ઈન્દ્રે કહ્યો. ચૈત્ર વદ આઠમને ઉત્તરાષાઢા નક્ષત્રમાં મરુદેવા માતાએ પુત્રને જન્મ આપ્યો. દેવ-દેવીઓએ જન્માભિષેક ઉજવ્યો. ત્યાર પછી નાભિ રાજાએ દશ દિવસનો જન્મ મહોત્સવ કર્યો. માતાએ સર્વ પ્રથમ સ્વપ્નમાં વૃષભ જોયો અને પ્રભુની જંઘામાં વૃષભનું ચિહ્ન હોવાથી બાળકનું નામ **વૃષભકુમાર** રાખ્યું.

ઋષભકુમાર મોટા થયા. કલ્પવૃક્ષો ઘટતાં અને જરૂરિયાતો વધતાં લોકોમાં વાદ-વિવાદ વધ્યા, ત્યારે લોકો ન્યાય મેળવવા પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ કહ્યું, ''ન્યાય રાજા આપી શકે માટે પિતાજી પાસે જાવ.''

નાભિ કુલકરે વૃષભને રાજા ઘોષિત કર્યા, ત્યારે ઈન્દ્રએ વસ્ત્રાલંકાર, મુગુટ, કુંડળ આપી વિધિવત્ રાજ્યાભિષેક કર્યો. કુબેરે બાર યોજન લાંબી, નવ યોજન પહોળી સુવર્ણરત્નમયી **વિનીતા નગરી** બનાવી.

પ્રજાને સમાજિક સંગઠન, ન્યાય, રાજકીય વહીવટ, શાસન - પ્રશાસન આદિ ક્રિયાકલાપની વ્યવસ્થાનું ઉચિતદાન આદિનાથ ભગવાન પ્રાસેથી પ્રાપ્ત થયું. ઋષભકુમારે **સુમંગલા** અને **સુનંદા** સાથે વિવાહ કર્યા. સુમંગલાએ **ભરત** અને **બ્રાહ્મી** યુગલને જન્મ આપ્યો અને સુનંદાથી **બાહુબલી** અને **સુંદરી** યુગલ જન્મ્યું. એ પછી સુમંગલાએ બીજા ૪૯ પુત્ર યુગલોને જન્મ આપ્યો. આમ, કુલ સો પુત્રો અને બે પુત્રીઓ જન્મી.

ઋષભકુમાર વીશ લાખ પૂર્વ કુમારપણે રહ્યા. તે પછી ત્રેસઠ લાખ પૂર્વ રાજ્ય ધર્મ નિભાવ્યો. તેમાં લેખન વગેરે ૭૨ પુરુષોની કળાઓ, નૃત્ય આદિ ૬૪ સ્ત્રીઓની કળાઓનું જ્ઞાનદાન આપ્યું. હંસલિપિ વગેરે અઢાર પ્રકારની લિપિનું જ્ઞાન જમણે હાથે બ્રાહ્મીને શીખવી અક્ષર જ્ઞાન આપી જગત ઉપર મહાન ઉપકાર કર્યો. વળી, ગણિત(અંક)નું જ્ઞાન સુંદરીને શીખવ્યું. કાષ્ટકર્મ વગેરે શિલ્પકળાઓમાં ભરતને નિપુણ બનાવ્યો. પુરુષ અને સ્ત્રીનાં લક્ષણોનું જ્ઞાન બાહુબલીને આપ્યું. લોકોને પશુધનનો સંગ્રહ અને ઉપયોગ શીખવ્યો. સમાજ વ્યવસ્થા માટે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર એમ ચાર કુળોની સ્થાપના કરી. તેમના બળ, બુદ્ધિ અનુસાર તે તે પ્રકારના કર્મમાં દક્ષ થવાનું પ્રશિક્ષણ આપ્યું.

શિલ્પકળામાં કુંભાર, લુહાર, ચિત્રકાર, વણકર, હજામ (નાપિત) આ પાંચ મૂળ શિલ્પોનું જ્ઞાન આપી. ઋષભરાજા યુગ પ્રવર્તક બન્યા. તે પ્રત્યેકમાંથી વીસ વીસ ઉત્તર શિલ્પો એમ કુલ મળી સો શિલ્ય પ્રગટ થયાં. ખેતી, વ્યાપાર, આદિનું જ્ઞાન પ્રજાના હિતાર્થે આપ્યું. પ્રભુનો દીક્ષાકાળ જાણી લોકાંતિક દેવોએ આવી દીક્ષા લેવાની પ્રાર્થના કરી. પ્રભુએ એક વર્ષ સુધી વરસીદાન આપ્યું. પછી **સુદર્શન પાલખી**માં બેસી વિનીતા નગરીની બહાર **સિદ્ધાર્થ વન**માં પધાર્યા. ઉત્તરાષાઢા નક્ષત્રમાં ચૈત્ર વદ આઠમના ચોવિહારા છઠ્ઠ તપથી સ્વયંભૂ ચાર મુષ્ઠિ લોચ કરી ચૈત્ર વદ નવમીના દિવસે "**(ૐ) નમઃ સિદ્ધેભ્યઃ**" કહી ચાર હજાર પુરુષો સાથે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પ્રભુના બન્ને ખભા પર ઉપર શેષ રહેલા કેશની વેણી સુવર્ણ કળશ પર નીલકમલની જેમ શોભતી જોઈને ઈન્દ્ર પ્રસન્ન થયા અને લોચ ન કરવા પ્રભુને વિનંતી કરી.

પ્રભુએ દીક્ષા લીધા પછી છ માસ પ્રતિમાયોગનો ઘોર અભિગ્રહ ધારણ કર્યો તેથી ધ્યાનસ્થ રહ્યા. તે કાળે લોકો અતિ સમૃદ્ધિવાળા હોવાથી કોઈ ભિક્ષા લેવા-દેવામાં સમજતાં ન હતાં. આથી પ્રભુ સાથે રહેલા ચાર હજાર સાધુઓ પ્રભુને આહાર કેવી રીતે મેળવવો તે પૂછવા લાગ્યા પણ મૌન રહેલા પ્રભુએ કંઈ જવાબ ન આપ્યો. હવે આહાર-પાણી વિના રહી શકાતું ન હતું અને ભરત રાજાની બીકથી ઘેર જવું પણ શક્ય ન હતું તેથી 'વનવાસ સેવવો હીતકારી છે' એમ વિચારી ચાર હજાર સાધુઓ ગંગા નદીના કિનારે (પ્રયાગ) પડેલાં વૃક્ષોનાં ફળો અને જળનો આહાર કરવા લાગ્યા અને કેશોન સંસ્કાર ન કરવાથી જટાધારી તાપસો થયાં.

આ બાજુ ભગવાને પુત્ર તરીકે સ્વીકારેલ **કચ્છ-મહાકચ્છ**ના **નમિ** અને **વિનમિ** નામે પુત્રો પ્રભુની દીક્ષા વખતે દેશાંતર ગયેલા તે પાછા આવ્યાં. ભરતે તેઓને રાજ્યનો ભાગ પ્રદાન કર્યો પરંતુ તેમણે તેનો અસ્વીકાર કર્યો. તેઓ પ્રભુ પાસે આવ્યા. પ્રભુ કાર્યોત્સર્ગમાં હતા. પ્રતિદિન પ્રભુની આજુબાજુ પુષ્પોના ઢગલા કરી, જળ છંટકાવ કરી તેમને નમન કરી રાજ્યનો ભાગ માંગતા રહ્યા. **ધરણેન્દ્રે** નમિ-વિનમિને કહ્યું, "પ્રભુ તો નિ:સંગમ, નિર્મમ છે. તેમની પાસે રાજ્યની માંગણી ન કરાય. તમારી પ્રભુ ભક્તિ જોઈને હું પ્રસન્ન થયો છું. હું તમને રાજ્ય આપીશ." ધરણેન્દ્રે અડતાલીસ હજાર સામાન્ય વિદ્યાઓ, ગૌરી-ગાંધારી-રોહિણી-પ્રજ્ઞપ્તિ આ

ચાર મહા વિદ્યાઓ આપી. આ વિદ્યાઓના બળે નમિ-વિનમિએ વિદ્યાધરની ઋદ્ધિ મેળવી. સ્વજનો અને પ્રજાજનોને લઈ તેઓ **વૈતાઢય પર્વત** ઉપર આવ્યા. દક્ષિણ શ્રેણિમાં નમિ અને ઉત્તર શ્રેણિમાં વિનમિ રાજા રહ્યા. વૈતાઢય પર્વત ઉપર ત્યારથી વિદ્યાધરો અને રાજધર્મનો પ્રારંભ થયો.

ભગવાન આત્મપ્રકાશ શોધવા નીકળ્યા હતા. એ શોધ માટે દેહની હસ્તિ અનિવાર્ય હતી. એ ન હોય તો એકાકી આત્મા શું કરી શકે ? કુહાડી ગમે તેટલી તીવ્ર હોય પણ હાથો ન હોય તો નકામી છે. વળી, દીપક તેલ વિના પ્રકાશતો નથી અને વૃક્ષ જળ વિના જીવતું નથી, તેમ દેહ આત્મા વિના ટકતો નથી. ભગવાનને આહારની જરૂર હતી પણ તે સમયે ખાધે-પીધે સુખી લોકો અન્ન-પાનના દાનથી અનભિજ્ઞ હતા.

દિવસો વીતી ગયા. જેવા આહારની ભગવાનને ઈચ્છા હતી તેવો આહાર ન મળ્યો. જ્યારે પ્રભુ ભિક્ષાર્થે આવતા ત્યારે કોઈ કહે, ''અરે! પૃથ્વીનાથ પગે ચાલે છે, માટે હાથી આપો.'' કોઈ કહે, ''ત્રિલોકીનાથને દેહ વિલેપન માટે અંગરાગ આપો. રત્ન, મોતી, પરવાળા ધરો. મૃગ, મયૂર ને ધેનુ અર્પણ કરો. અરે! ત્રિલોકીનાથને ઘેર કઈ વાતની કમી છે! આજે તો એ આપણું પારખું કરવા નીકળ્યા છે! રખે, આપણે પાછા પડીએ! દેહ માંગે તો દેહ આપો! જીવ માંગે તો જીવ આપો! આપણે માટે પ્રભુથી વિશેષ કશુંય આ વિશ્વમાં નથી.'' આ બધી સંપત્તિ વચ્ચેથી શરદના વાદળની જેમ, ખાલીખમ ભગવાન આગળ વધ્યા. લોકોએ પ્રચંડ પોકાર કર્યો. ''આપણા ભર્યા નગરને શું કરુણાના અવતાર પ્રભુ આમને આમ છાંડીને ચાલ્યા જશે ? એથી આપણો જન્મ શું ધિક્ નહીં લાગે ? આપણાં ઐશ્વર્ય અંગારા જેવા નહીં ભાસે ? શું ડાહ્યાઓનો દુકાળ પડયો છે.''

એ વેળાએ દેશમાં ડાહ્યો માણસ એટલે રાજવી **સોમયશ** ગણાતો. એ પ્રજાને સુવાડીને સૂતો. પ્રજાને સુખે સુખી અને દુઃખે દુઃખી રહેતો. રાજવી સોમયશ એટલે અજિતવીર્ય બાહુબલીનો પુત્ર! પ્રજા દોડી રાજવી સોમયશ પાસે. પરંતુ રાજા સોમયશ નવીન વિચારણામાં ગુંચવાયા હતાં. રાજપ્રાસાદમાં રાજકુમાર **શ્રેયાંસ**, નગરશેઠ **સુબુદ્ધિ** સાથે કંઈક વિચારણામાં પડયા હતા.

વાત એવી બની હતી કે શ્રેયાંસકુમારને રાત્રિના સમયે સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેમણે જોયું કે, 'તેમના વડે શ્યામવર્ણા **મેરૂ**ને અમૃત કળશથી અભિષેક કરાયો જેથી **મેરૂ પર્વત** અતિ શોભાયમાન થયો.'

તે જ સમયે સુબુદ્ધિ નામના નગરશેઠને પણ સ્વપ્ન આવ્યું કે, 'સૂર્ય મંડળમાંથી ખસી પડતાં હજાર કિરણોને શ્રેયાંસકુમારે પુનઃ સૂર્યમંડળમાં સ્થાપિત કર્યા જેથી ઝાંખો પડેલો સૂર્ય અતિશય તેજસ્વી બન્યો.'

રાજા સોમયશને પણ તે જ રાત્રે સ્વપ્ન આવ્યું કે, 'એક પરાક્રમી રાજા શત્રુઓથી ચારે તરફથી ઘેરાઈ ગયો ત્યારે તે શ્રેયાંસની સહાયતાથી જય પામ્યો.'

સવારે ત્રણે મળ્યા. પોતે જોયેલા સ્વપ્નોનું સવર્ણન કર્યું. ત્રણે વિમાસણમાં પડયા. એ સાંભળી રાજાએ નિર્ણય કર્યો કે, 'આજે શ્રેયાંસને કોઈ મોટો લાભ થશે. તેના હાથે પુણ્ય કાર્ય થવાનું છે!

શ્રેયાંસકુમાર ઝરૂખામાં બેસી નગરચર્યા નિહાળી રહ્યાં હતાં ત્યારે પ્રભુ ગોચરી માટે નીકળ્યા. 'પ્રભુ કાંઈ લેતા નથી,' એવો લોકોનો કોલાહલ સાંભળી શ્રેયાંસકુમાર દોડયા. ન પહેર્યા ઉપાનહ કે ન ઓઢયું છત્ર! ઉઘાડે માથે ને અડવાણે પગે એ દોડયા. પ્રભુને મંદ ગતિએ સામે આવતાં જોઈ વિચાર્યું, 'મેં આવો વેશ ક્યાંક જોયો છે.' એમ ઉહાપોહ થતાં જેમ સૂરજથી સૂરજમુખી વિકસે, તેમ પ્રભુ દર્શનથી તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. 'અહો! આ તો ભગવાન છે. મારે તેમની સાથે આઠ-આઠ ભવનું સગપણ છે. પૂર્વે હું તેમનો સારથિ

હતો. તેઓની સાથે મેં દીક્ષા લીધી હતી ત્યારે **વજસેન** પ્રભુએ કહ્યું હતું કે - આ **વજનાભ** ભરત ક્ષેત્રના પ્રથમ તીર્થંકર થશે. તે જ પ્રભુ મારા પ્રપિતામહ આજે પધાર્યા છે.' શ્રેયાંસકુમારે પ્રભુને ઓળખ્યા. એના હૃદયમાં અપૂર્વ પ્રકાશ પથરાયો. પ્રભુને પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા. તેનું હૈયું આનંદથી નાચી ઉઠયું. એની નજર પ્રભુના દેહ પર ગઈ. તે જ વખતે કોઈ એક પુરુષ શ્રેયાંસને શેરડીના તાજા રસનું ભેટણું કરવા આવ્યો. તે રસ લઈને શ્રેયાંસે પ્રભુને વહોરવા વિનંતિ કરી. પ્રભુએ અભિગ્રહ પૂર્ણ થતાં અંજલિ કરી બે હાથ ધર્યા. તેમાં શ્રેયાંસ કુમારે ઉલ્લાસ ભાવે બધો રસ નવધા ભક્તિપૂર્વક કરમાં ભરી દીધો. કરપાત્ર અફાટ મહાસાગર બની ગયું. ૧૦૮ ઘડાઓ તેમાં સમાયા. એક બિંદુ નીચે ન પડયું. ઉલટી જમીન ઉપર શીખા વધી. આ લબ્ધિ પ્રભુની હતી. આ દાન **'અક્ષયદાન'** કહેવાયું. શ્રેયાંસકુમાર ભવોભવની બાજી જીતી ગયા.

આમ, દીક્ષા પછી પ્રભુ આદિનાથે તેર માસ અને નવ દિવસે એટલે કે વૈશાખ સુદ ત્રીજના દિવસે શ્રેયાંસકુમારના હાથે પ્રથમ શેરડીના રસથી પારણું કર્યું. પાંચ દિવ્યો પ્રગટ થયાં. આકાશમાંથી પાંચ આશ્ચર્ય પ્રગટ થયાં. રત્નવૃષ્ટિ, પુષ્પવૃષ્ટિ, દેવદુંદુભિ, અહોદાનંનો જયઘોષ તથા શીતલ મંદ વાયુથી વાતાવરણ મહેકી ઉઠયું. આ દાન ભગવાન ઋષભદેવની દેહપુષ્ટિના માધ્યમે રત્નત્રયને સમૃદ્ધ કરનારું બન્યું. ત્યારથી વૈશાખ સુદ ત્રીજનો દિવસ **'અક્ષયતૃતિયા'** નામે અમર થઈ ગયો. આ દિવસ અતિ શુભ ગણાય છે.

નગરજનો અને તાપસો આવ્યાં. તે સર્વને શ્રેયાંસકુમારે સમજાવ્યું કે, "સદ્‌ગતિની ઈચ્છા વાળાઓએ નિર્દોષ, અન્ન-પાણીનું દાન મુનિને આપવું જોઈએ." આથી લોકોએ સાધુઓને દાન આપવા માંડયું. ભરત ચક્રવર્તીએ હસ્તિનાપુરમાં આવી શ્રેયાંસકુમારને **'દાન તીર્થંકર'**ની ઉપાધિથી સમ્માનિત કર્યા. આ અવસર્પિણી કાળમાં શ્રેયાંસ કુમારના હાથે સુપાત્ર દાનની ગંગા પ્રવાહિત થઈ.

લોકોએ આશ્ચર્યથી પૂછયું, "પ્રભુ સાથે તમારો પૂર્વ જન્મનો શો સંબંધ હતો ? કોઈના હાથે ભિક્ષા ન લેતાં તમારા જ હાથે લીધી તેનું શું કારણ ?" ત્યારે શ્રેયાંસ કુમારે પ્રભુ સાથેનો પોતાનો આઠ ભવનો પૂર્વ સંબંધ કહ્યો. "સ્વર્ગ અને મૃત્યુ લોકમાં પ્રભુ સાથે હું આઠ ભવ સુધી ફર્યો છું. મિત્ર તરીકે, પત્ની તરીકે, સારથિ તરીકે મેં એમની સેવા કરી છે. આ ભવથી અતિક્રાન્ત ત્રીજા ભવમાં ભગવંત **વજનાભ** નામે ચક્રવર્તી હતા. હું તેમનો સારથિ હતો. તેમના પિતા **વજસેન**ને મેં તીર્થંકર રૂપે જોયા હતાં. વજનાભે તેમની પાસે દીક્ષા લીધી. હું પણ તેમની સાથે દીક્ષિત થયો. **સ્વયંપ્રભા**દિક ભવમાં પણ હું તેમની સાથે હતો."

પ્રજાજનોએ પૂછયું, "આવા ત્રિલોકના નાથને આટલો સમય સુધી ભૂખ તરસનું દુઃખ કેમ વેઠવું પડયું ?" "ભાઈઓ ! ભગવાનના પાછલા ભવની વાત છે. **શંબલ** નામના કોઈ ખેડૂતનાં ખેતરનાં ખડામાં અનાજનાં ડૂંડાં પિલાતાં હતાં. પોતાના સોનાના કણ જેવા પાકને આ નગુણા, ભૂખ્યા બળદો વારંવાર મોં નાખતાં હતાં તેથી ખેડૂતો પરોણાથી જાતવાન બળદોને મારતા હતા. રાજા **ઋષભ** ત્યાંથી નીકળ્યાં. તેમણે રાસે રાસે માર ખાતાં બળદોને જોયાં. તેમનું અંતર કકળી ઉઠયું. તેમણે ખેડૂતોને કહ્યું, 'આ અબોલા જીવ શું સમજે ? એના કરતાં બળદના મોઢે છીંકું બાંધો, એટલે અનાજમાં મોં ઘાલશે નહીં.' ખેડૂતોએ કહ્યું, 'બાપજી ! અમે તો છીંકું બાંધવાનું જાણતા નથી. આપ બાંધી આપો.' રાજા ઋષભે પાતળી દોરી લીધી. એને આંટા પાડીને બળદના મોંએ ભરાવી શકાય એવું મોસરિયું ગૂંથી આપ્યું પછી પોતાને હાથે છીંકું બાંધ્યું. ભૂખ્યા બળદોને લાગ્યું કે, 'અરેરે ! આપણું મુખ બંધાઈ ગયું હવે આપણાથી ડૂંડાં નહીં ખવાય.' બળદોએ ભૂખના દુઃખે લાંબો નિશ્વાસ

નાંખ્યો. તે નિશ્વાસ ૪૦૦ હતા. એટલે ભગવાનને ૪૦૦ દિવસ અન્નનો અંતરાય રહ્યો.''

ઈક્ષુરસનાં પારણાનો મહિમા જગે ગવાયો. આ સુભગ દિવસને અનંત અને અક્ષય સુખ આપનાર માની લોકોએ તે તિથિનું નામ '**અક્ષયતૃતીયા**' રાખ્યું. હાલમાં આ તપ ફાગણવદ આઠમનાં દિવસે ઉપવાસથી શરૂ થાય છે.

ઋષભદેવ પ્રભુને ૮૪ ગણ; **ઋષભસેન** આદિ ૮૪ ગણધર **ઋષભસેનાદિ** ૮૪ હજાર મુનિવરો; **બ્રાહ્મી-સુંદરી** આદિ ત્રણ લાખ સાધ્વીજી; **શ્રેયાંસ** આદિ ત્રણ લાખ પાંચ હજાર શ્રાવકો; **સુભદ્રા** વગેરે પાંચ લાખ ચોપન હજાર શ્રાવિકાઓ; ચાર હજાર સાતસો પચાસ ચૌદ પૂર્વધારીઓ; નવ હજાર અવધિજ્ઞાનીઓ; વીસ હજાર કેવળજ્ઞાનીઓ; વીસ હજાર છસ્સો વૈક્રિય લબ્ધિધારી મુનિઓ; બાર હજાર છસ્સો પચાસ મન:પર્યવ જ્ઞાનીઓ તથા તેટલા જ વાદીઓ હતાં.

પ્રભુને દીક્ષા પછી એક હજાર વર્ષે કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાન થયા પછી અંત:મુહૂર્તમાં **મરૂદેવા** માતા મુક્તિ પામ્યાં ત્યારથી મોક્ષમાર્ગ શરૂ થયો. પ્રભુ વીસ લાખ પૂર્વ કુમારપણે, ત્રેસઠ લાખ પૂર્વ રાજા પણે, એક લાખ પૂર્વ સાધુપણે એમ કુલ ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી અંતે દશ હજાર સાધુઓ સાથે **અષ્ટાપદગિરિ** ઉપરથી મુક્તે પધાર્યા. મહા વદ તેરસ, અભિજિત નક્ષત્રમાં સર્વ કર્મનો ક્ષય કરી શિવપુરીમાં પહોંચી **અજરામર** પદને પામ્યા.

ચોસઠ ઈન્દ્રો નિર્વાણ કલ્યાણક મનાવવા આવ્યા. રડતી આંખે, શોકાતુર હૃદયે, પ્રભુના દેહને વંદન કરી, પ્રદક્ષિણા આપી ઊભા રહ્યા. સૌધર્મેન્દ્રની આજ્ઞા થતાં ચારે નિકાયનાં દેવો દ્વારા **નંદનવન**માં ગોશીર્ષ ચંદનના કાષ્ટ મંગાવી ચિતા કરાવી, સેવક દેવો દ્વારા **ક્ષીર સમુદ્ર**નું પાણી મંગાવી પ્રભુના દેહનું સ્નાન કર્યું, ચંદનનું વિલેપન કરી રેશમી વસ્ત્રો પહેરાવ્યાં, અલંકારોથી દેહને વિભૂષિત કર્યો. ઈંદ્રએ પ્રભુના દેહને પાલખીમાં પધરાવી ચિતા પાસે લાવ્યાં. અગ્નિકુમાર દેવે અગ્નિ પ્રગટાવ્યો. વાયુકુમાર દેવે વાયુ વિકુર્વ્યો. શેષ દેવોએ ચંદનના કાષ્ટ અને ઘી ચિતામાં મૂક્યાં. પછી શેષ હાડકાં રહ્યાં ત્યારે મેઘકુમાર દેવે ચિતાને શાંત કરી. સૌધર્મેન્દ્રે પ્રભુની ઉપરની જમણી અને ઈશાનેન્દ્રે ડાબી દાઢા ગ્રહણ કરી. નીચેની જમણી દાઢા ચમરેન્દ્રે અને ડાબી દાઢા બલીન્દ્રે લીધી. ભક્તિવશ અન્ય દેવોએ અંગોપાંગના હાડકાં ગ્રહણ કર્યા. સૌધર્મેન્દ્રે ચિતાને સ્થાને રત્નનો સ્તૂપ બનાવ્યો. અગ્નિસંસ્કારની વિધિ પૂર્ણ કરી સર્વ દેવો **નંદીશ્વર દ્વીપ**માં ગયા. ત્યાં નિર્વાણ મહોત્સવ મનાવ્યો. ત્યાંથી સ્વર્ગલોકમાં ગયાં. વજરત્નનાં દાભડામાં ઈન્દ્રએ પ્રભુની દાઢાઓ મૂકી. **(શ્રી જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર)**

ઋષભ રાજાએ લોકોને વ્યવહારિક જ્ઞાનદાન આપ્યું. શ્રેયાંસકુમારે જગતને સુપાત્રદાનની માહિતી આપી. ભગવાન ઋષભદેવે જૈન ધર્મના સંસ્થાપક બની લોકોને આધ્યાત્મનું જ્ઞાનદાન આપ્યું. દેવોએ પ્રભુના અંગોપાંગ ગ્રહણ કરી ઔચિત્ય દાખવ્યું.

આમ, સુપાત્ર દાનના શ્રી ગણેશ શ્રેયાંસ કુમારના પવિત્ર કર કમળ વડે થયાં.

**અગ્નિલા બ્રાહ્મણી** : (પુણ્યાશ્રાવક કથાકોશમ્, પૃ. ૩૩૦)

**જંબુદ્વીપ**ના **ભરતખંડ**ના **સુરાષ્ટ્ર દેશ**ના **ગિરિનગર**માં **ભૂપાલ** નામે રાજા રાજ્ય કરતા હતા. આ નગરમાં **સોમશર્મા** નામનો રાજ પુરોહિત હતો. તેની સ્ત્રીનું નામ **અગ્નિલા** હતું. તેના **શુભંકર** અને **પ્રભંકર**

નામના બે પુત્રો હતાં. શુભંકર સાત વર્ષનો અને પ્રભંકર પાંચ વર્ષનો હતો. તેઓ સુખેથી દિવસો વીતાવતાં હતાં.

સોમશર્માના ઘરે શ્રાદ્ધનો દિવસ હતો ત્યારે તેણે ઘણાં બ્રાહ્મણોને ભોજન માટે નિમંત્રિત કર્યા. તેઓ પિંડદાન આપવા જલાશય પર ગયા. ત્યારે બપોરના સમયે વરદત્ત નામના મહામુનિ માસક્ષમણના પારણે ગોચરી લેવા ગિરિનગરમાં પધાર્યા. લોકોએ તેમને જોયા નહીં પરંતુ અગ્નિલાની તેમના પર દૃષ્ટિ પડી. તેણી જૈનોના સંપર્કથી આહારદાનની વિધિ જાણતી હતી. તેણે મુનિને વંદન કરી કહ્યું, ''હે સ્વામિન્! હું યદ્યપિ બ્રાહ્મણી છું, છતાં પણ માતા માતા-પિતા જૈન છે તેથી મારી વ્રત શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ તેમજ પાત્ર શુદ્ધિ છે. હે મહાત્મન્! મારા ઉપર કૃપા કરી મારા ઘરે પધારો.'' વરદત્ત મુનિ અગ્નિલાની ભક્તિ જોઈ તેના ઘેર પધાર્યા. અગ્નિલાનો પતિ કટ્ટર બ્રાહ્મણ હતો. તે જૈનધર્મનો દ્વેષી હતો. પતિથી ભયભીત હોવા છતાં દરિયાદિલી અગ્નિલાએ મુનિરાજને ભક્તિપૂર્વક આહારદાન આપ્યું. યોગાનુયોગ તે જ સમયે આયુષ્યનો બંધ થતાં તેણીએ દેવભવનું આયુષ્ય બાંધ્યું. મુનિરાજ આહાર કરી ચાલ્યા ગયા. એટલામાં પિંડદાન (પિતૃતર્પણ) કરી બ્રાહ્મણોની સાથે સોમશર્મા ઘરમાં પ્રવેશ્યો. મુનિરાજને ઘરમાંથી નીકળતાં જોઈ બ્રાહ્મણો ક્રોધથી ધૂવાંપૂવાં થઈ ગયાં. તેમણે કહ્યું, ''સોમશર્મા! તારા ઘરની રસોઈ નાગા સાધુએ એંઠી કરી દીધી છે માટે બ્રાહ્મણોને ખાવા યોગ્ય નથી.'' એમ કહી બ્રાહ્મણો ઉઠીને જતાં રહ્યાં. ત્યારે સોમશર્માએ વિનંતી કરતાં કહ્યું, ''સ્વામિન્! હું ધનવાન છું. આપ મને ઈચ્છાનુસાર પ્રાયશ્ચિત આપો અને શ્રાદ્ધનું કાર્ય પૂર્ણ કરો.'' સોમશર્માએ ગળગળા થઈ બ્રાહ્મણોના ચરણો પકડી લીધાં.

કેટલાક બ્રાહ્મણોએ તેની ભક્તિ જોઈ પ્રાયશ્ચિત આપી બકરા અને ઘોડાના મુખનો સ્પર્શ કરાવી રસોઈ શુદ્ધ કરી ભોજન કરવાની સલાહ આપી પરંતુ કેટલાક બ્રાહ્મણોએ ભોજન કરવાનો સાફ ઈન્કાર કર્યો. આમ, આપસમાં વાદ-વિવાદ શરૂ થયો. અંતે ભોજન કર્યા વિના જ બ્રાહ્મણો રીસાઈને ચાલ્યાં ગયાં.

સોમશર્મા વિફર્યો. તેણે ઘરમાં જઈ અગ્નિલાનો ચોટલો ઝાલી તેને ખેંચીને બહાર કાઢતાં કહ્યું, ''મારા જેવા શ્રેષ્ઠ બ્રાહ્મણે અતિશય પાપિણી એવી જૈન છોકરી સાથે વિવાહ કર્યા તે શું ઓછું અનિષ્ટ છે?'' એમ કહી અગ્નિલાને લાકડીથી માર મારી અધમૂવી કરી ઘરમાંથી કાઢી મૂકી. અગ્નિલા મૂર્છિત થઈ ગઈ. એના જીવન ઉપર આફતોનું ઝોલું ત્રાટક્યું. જ્યારે તે સચેતન થઈ ત્યારે તેણે લખ લખ રડતાં લોકોને પૂછયું કે, ''મુનિ ક્યાં રહે છે?'' લોકો પાસેથી જાણ્યું કે **મુનિ ઉજ્જયંત** પર્વત ઉપર રહે છે. નાના દીકરાને કેડમાં લઈ અને મોટા દીકરાની આંગળી પકડી અગ્નિલા **ઉજ્જયંત** પર્વત ઉપર જવા નીકળી. તેની હાલાકીનો કોઈ પાર ન રહ્યો. તેને માર્ગમાં એક ભીલડી મળી. ભીલડીને ઉજ્જયંત પર્વત ઉપર જવાનો રસ્તો પૂછયો . ભીલડીએ કહ્યું, ''તું એકલી છે અને તારી સાથે બે નાના બાળકો છે. આ પર્વત ઉપર વાઘ, સિંહ આદિ હિંસક પશુઓ છે. ત્યાં તું કેવી રીતે જઈશ?'' આ સાંભળી અગ્નિલાએ નિરાશા ખંખેરી કહ્યું, ''મારા ગુરુદેવ ત્યાં વિરાજમાન છે. તેમના પ્રભાવથી સૌનું કલ્યાણ થશે. મહેરબાની કરી તમે મને ત્યાંનો માર્ગ બતાવો.'' ભીલડીના ચીંધ્યા રાહે અગ્નિલા ઉજ્જયંત પર્વત ઉપર પહોંચી. પર્વતની ગુફામાં વિરાજમાન મુનિ પાસે આવી તેમને વંદન કરી બોલી, ''સ્વામિન્! આ સ્ત્રી પર્યાય ખૂબ કષ્ટદાયક લાગે છે. તેમાંથી ઉગરવા કોઈ માર્ગ બતાવો.'' મુનિએ કહ્યું, ''માતા! તું ક્રોધવશ અહીં આવી છે. તું અલ્પ વયવાળા અબોધ બાળકોની માતા છે તેથી તને દીક્ષા ન આપી શકાય. વળી, લોકનિંદાના ભયથી તારું અહીં રહેવું પણ યોગ્ય નથી તેથી જ્યાં સુધી તારું કોઈ સંબંધી ન આવે

ત્યાં સુધી અહીંના કોઈ વૃક્ષની નીચે રહે.'' મુનિનો આભાર માનતી અગ્નિલા એક વૃક્ષની છાયામાં બેસી ગઈ. બન્ને પુત્રોએ તરસ લાગતાં પાણી માંગ્યું. જે સરોવર સૂકું હતું તે અગ્નિલાના સુપાત્ર દાનના પુણ્યથી પાણીથી છલોછલ ભરાઈ ગયું. બન્ને બાળકોને સરોવરનું પાણી પીવડાવ્યું. થોડા સમય પછી બાળકો ભૂખ્યાં થયાં ત્યારે આસપાસના સૂકાં વૃક્ષો કલ્પવૃક્ષો બન્યાં. બન્ને બાળકોએ ઈચ્છાનુસાર વસ્તુઓનો ઉપભોગ કર્યો. હવે અગ્નિલા ધર્મના ફળને જોઈ ધર્મમાં વિશેષ શ્રદ્ધાવાન બની સુખેથી રહેવા લાગી.

બીજી બાજુ એ જ દિવસે નગરમાં આગ લાગી. ગિરિનગરના રાજભવન, અંતઃપુર અને સોમશર્માના ઘરને છોડી શેષ સર્વ વસ્તુઓ અગ્નિમાં ભસ્મ થઈ ગઈ. લોકો નાસભાગ કરવા લાગ્યાં. ભળકે બળતી અગ્નિની વચ્ચે એકમાત્ર સોમશર્માનું મકાન સલામત હતું તેથી લોકોને આશ્ચર્ય થયું. લોકો ચર્ચા કરવા લાગ્યા કે, 'સોમશર્માના ઘરે ભોજન કરનાર સામાન્ય સાધુ ન હતા પરંતુ વિશિષ્ટ કોટિના દેવ હતા. જો એમ ન હોત તો સોમશર્માનું ઘર અગ્નિમાં બળીને ખાક થઈ ગયું હોત તેથી સાધુએ ભોજન કર્યા પછી શેષ રહેલી રસોઈ પવિત્ર જ છે.' આવું સાંભળી નિમંત્રિત અને બીજા બ્રાહ્મણોએ સોમશર્માના ઘરે આવી કહ્યું, ''તમે પુણ્યશાળી છો. તમારે ત્યાં સાધુના વેષમાં કોઈ દેવતાએ ભોજન કર્યું છે માટે તમારા ઘરની રસોઈ પવિત્ર છે. તે રસોઈ અમને આરોગવા આપો.'' સોમશર્માએ બધા બ્રાહ્મણોને ભરપેટ ભોજન કરાવ્યું. આ મુનિ અક્ષીણમહાસન લબ્ધિના ધારક હતા તેથી એ દિવસે દૂધ, દહીંને છોડી શેષ પીરસેલી રસોઈ અક્ષય બની ગઈ. ચક્રવર્તીનું વિશાળ સૈન્ય ભોજન કરે તો પણ આહાર ઘટે નહીં એટલી રસોઈ વધી. સોમશર્માએ નગરવાસીઓને બોલાવી પ્રેમથી ભોજન કરાવ્યું. આ ઘટનાથી પ્રેરાઈ નગરજનો મુનિદાન પ્રત્યે વિશેષ અનુરાગી બન્યા.

સોમશર્માને બીજે દિવસે પોતાના દુષ્કૃત્ય માટે પારાવાર પસ્તાવો થયો. તેણે પોતાની પત્નીની શોધખોળ કરી. ક્યાંય ન મળી ત્યારે આક્રંદ કરવા લાગ્યો. ત્યારે કોઈએ કહ્યું કે, ''તારી પત્ની ઉજ્જયંત પર્વત પર ગઈ છે.'' કેટલાક લોકો સાથે તે ત્યાં ગયો. અગ્નિલાએ તેને જોઈને વિચાર્યું, 'આ ફરીથી મને મારશે, દુઃખી કરશે.' એમ વિચારી બન્ને બાળકોને ત્યાં જ મૂકી પર્વતની ઊંડી ખીણમાં કૂદી પડી. તે મૃત્યુ પામી વ્યંતર દેવી બની. અંતર્મુહૂર્તમાં નવયૌવના બની. **શ્રી નેમિનાથ જિનેશ્વર**ની શાસન રક્ષક **અમ્બિકા** નામની દેવી થઈ. આ દેવીએ અવધિજ્ઞાનથી પોતાનું દેવગતિમાં ઉત્પન્ન થવાનું કારણ જાણ્યું. હવે તે દેવી અગ્નિલાના રૂપમાં પોતાના બન્ને બાળકો પાસે આવી. તે સમયે સોમશર્મા અગ્નિલાને મળવા ઉજ્જયંત પર્વત પર આવ્યો. તેણે કહ્યું, ''પ્રિયે ! હું પાપી છું. મેં તને ખૂબ કષ્ટ આપ્યું છે. તું મને ક્ષમા કર અને ઘરે ચાલ.'' દેવીએ કહ્યું, ''હું તારી સ્ત્રી નથી.'' એમ કહી અગ્નિલાનો પાર્થિવ દેહ બતાવ્યો. સોમશર્માને વિશ્વાસ ન બેઠો. તેણે કહ્યું, ''તું જ મારી પત્ની છે.'' એમ કહી સોમશર્મા તેણીના વસ્ત્ર પકડવા ગયો ત્યાં યક્ષી દિવ્ય શરીર સાથે આકાશમાં ચાલી ગઈ. સોમશર્માને ભારે આશ્ચર્ય થયું. તેણે પુનઃ આકાશમાં રહેલી દેવીને પૂછ્યું, ''તો તું કોણ છે ?'' દેવીએ પોતાનો પૂર્વ વૃત્તાંત કહ્યો, ''તમે બન્ને પુત્રોને લઈ ઘરે જાઓ અને સુખેથી રહો.' સોમશર્મા નિરાશ થયો. તેણે કહ્યું, ''હવે ઘરે જવાનું શું પ્રયોજન ? જે અવસ્થા તારી થઈ તે જ અવસ્થા મારી પણ થવી જોઈએ. હું પણ પર્વત પરથી ઝંપલાવીશ.'' યક્ષીએ કહ્યું, ''આ બાળકો નોંધારા થશે, મરી જશે માટે તેમને લઈ તમે ઘરે જાવ.'' સોમશર્મા બાળકોને લઈ ઘરે આવ્યો.

સોમશર્માએ બાળકોને કુટુંબીજનોના હાથમાં સોંપ્યા. તેણે હવે જૈન ધર્મની ખૂબ પ્રભાવના કરી.

સાથે સાથે પોતાની પત્નીના યક્ષી બનવાના વૃત્તાંતને સંભળાવી બ્રાહ્મણો આદિને અણુવ્રતી અને મહાવ્રતી બનાવ્યા. પરંતુ સ્વયં અજ્ઞાનતાવશ ઉજ્જયંત પર્વતની એ જ ખીણમાં જઈ પડયો. તે અંબિકા દેવીનો **વાહનદેવ સિંહ** થયો. નાનપણથી જ **શુભંકર** અને **પ્રભંકર** જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાવાન બન્યા. ગૃહસ્થધર્મનું પાલન કરી **શ્રી નેમિનાથ પ્રભુ** પાસે દીક્ષા ગ્રહણ કરી. તેઓ વિશિષ્ટ તપની આરાધના કરતાં કેવળજ્ઞાની બની મોક્ષમાં ગયા.

આમ, પતિના ભયથી વિકલ અને પરાધીન હોવા, છતાં શ્રાદ્ધ નિમિત્તે બનાવેલું ભોજન સુપાત્ર દાનમાં આપી અગ્નિલાએ દાન અને શ્રાદ્ધ બન્ને સાર્થક કર્યા.

[1]શ્રાદ્ધ સંબંધની કથા અન્ય દર્શનમાં પણ જોવા મળે છે.

**અમરસેન વયરસેન :** (કથાડમૃત સંજીવની, પૃ.૭૮)

**હસ્તિનાપુર**માં કેવલી ભગવંતનું પદાર્પણ થતાં રાજવી **શૂરસેન**, રાજકુમાર **અમરસેન**, **વયરસેન** અને **ઈન્દુસેન** તથા મહારાણી **વિમલા**, **નિરંકુશા** તથા મિત્રમંડળ સહિત બધા કેવલી ભગવંતના દર્શન કરવા ગયા. તેમની ધર્મદેશના સાંભળી રાજા શૂરસેન સમ્યગ્દૃષ્ટિ બન્યા. અંતે રાજા અને રાણીઓએ દીક્ષા અંગીકાર કરી. ત્રણે રાજકુમારોએ શ્રાવક વ્રતો અંગીકાર કર્યા. ત્યાર પછી તેમણે પોતાનો પૂર્વભવ પૂછયો.

પૂર્વે **ભરતક્ષેત્ર**ના **ઋષભપુર**ની નજીકમાં **અભયંકર** નામનો શ્રીમંત શ્રાવક રહેતો હતો. તેમની **સુમતી** નામની ધર્મનિષ્ઠ અને પ્રેમાળ પત્ની હતી. તેમના ઘરમાં **ગોપાલ** અને **કર્મકર** નામના બે સેવકો હતા. એક ગાયો ચરાવતો, બીજો ઘરકામ કરતો.

એકવાર મુનિ ભગવંત ચાતુર્માસ અર્થે પધાર્યા. નગરમાં ભક્તિનું વાતાવરણ સર્જાયું. શેઠ-શેઠાણી સાથે બન્ને સેવકો પણ મુનિનાં દર્શનાર્થે જતાં અને ધર્મોપદેશ શ્રવણ કરતાં. મુનિના ઉપદેશથી તેમના જીવનમાં અનેક પરિવર્તનો આવ્યાં, સદ્ગુણો ખીલ્યાં. શેઠ-શેઠાણી સાથે નોકરોએ ધર્મવ્રત સ્વીકાર્યાં તેમજ યથાશક્તિ તપશ્ચર્યા કરી.

એકવાર કર્મકરે આઠ ઉપવાસ અને ગોપાલે પાંચ ઉપવાસ કર્યા. પારણાનો પ્રસંગ હતો. ગૃહસેવકે (કર્મકરે) કહ્યું, 'ઉપવાસના પારણે કોઈ મુનિરાજ પધારે તો હું તેમને આહાર વહોરાવી પારણું કરું.' ગોપાલે પણ એવી જ ભાવના ભાવી. થોડીવારમાં એક મુનિરાજ પધાર્યા. કર્મકરે શુદ્ધ ભાવથી મુનિને આહારદાન આપ્યું. ગોપાલે આહારદાનની અનુમોદના, પ્રશંસા કરી.(અન્ય સ્થાને એવો ઉલ્લેખ જોવા મળે છે કે ગોપાલે

---

૧. **મહારાષ્ટ્ર**ના સંત **એકનાથ** દયાના અવતાર! ઘરના દ્વાર પર ઉભા રહી બ્રાહ્મણોની પ્રતીક્ષા કરી રહ્યા હતાં. શ્રાદ્ધના દિવસો હતાં. એટલામાં ચાર-પાંચ હરિજનો ત્યાંથી નીકળ્યા. એકનાથના ઘરમાં રસોઈ બનતી હતી. રસોઈની સુગંધથી હરિજનોનું મન લલચાયું. તેઓ આપસમાં વાતચીત કરતાં હતાં. એકનાથના કાને આ વાતો પડી. તેમનું હૃદય દ્રવી ઉઠયું. તેમણે વિચાર્યું, 'ભોજનના સાચા અધિકારી તો આ ગરીબો જ છે. તેમને ઉત્તમ ભોજન ક્યારે મળે ? કોણ આપે ?' તેમણે પોતાની પત્ની **ગિરજાબાઈ**ને બોલાવી કહ્યું, ''શ્રાદ્ધ માટે બનાવેલું ભોજન હરિજનોને આપવા માંગું છું. તેઓ ભોજન કરી સંતુષ્ટ થશે, તેમને ઉદરપૂર્તિ થતાં શાંતિ મળશે. તેઓ દુઆ આપશે.'' ગિરજાબાઈએ ઉત્સાહપૂર્વક બ્રાહ્મણો માટે બનાવેલું ભોજન હરિજનોને આપી દીધું. તેઓ ભોજન કરી સંતુષ્ટ થયાં. હવે બ્રાહ્મણો માટે પુનઃ રસોઈ બનાવી. આખા ગામમાં આ વાત વાયુવેગે ફેલાઈ ગઈ. બ્રાહ્મણો હઠે ચડયાં. તેમણે નિર્ણય કર્યો કે, 'એકનાથના ઘરનું ભોજન ન કરવું.' એકનાથને પિતૃતર્પણ નહીં થાય તેની ચિંતા થઈ પડી પરંતુ તેમના **શ્રીખંડ** નામના નોકરે કહ્યું, ''આપ નિશ્ચિંત રહો. આ પ્રકારે આપેલાં ભોજનથી પિતૃઓ અવશ્ય તૃપ્ત થાય છે.''

કહેવાય છે કે સ્વયં પિતૃઓએ આવીને થાળીમાં પીરસેલું ભોજન ગ્રહણ કર્યું. એકનાથના આત્માને પરમ આનંદ થયો. પોતાનામાંથી બીજાએ આપવું તે સંવિભાગ છે. આ સંવિભાગમાં બધા જ દાનનો સમાવેશ થઈ જાય છે.

પોતાની પાસે રહેલી પાંચ કોડીથી પુષ્પ ખરીદી જિનપૂજા કરી.)

બીજા ભવમાં આહારદાન આપનાર ગૃહસેવક કર્મકર **હસ્તિનાપુર**ના રાજા **શૂરસેન** અને **વિજયારાણી**નો જ્યેષ્ઠ પુત્ર **અમરસેન** બન્યો અને દાનની અનુમોદના કરનારો **ગોપાલ** નાનો પુત્ર **વયરસેન (વજ્રસેન /વીરસેન)** બન્યો. બન્ને પુત્રો રાજાને તથા નગરજનોને અતિશય પ્રિય હતાં. તેમની લોકપ્રિયતા સાવકી માતા ન સાંખી શકી. તેણે વિચાર્યું, 'જ્યાં સુધી આ બે પુત્રો હશે, ત્યાં સુધી મારા પુત્રને રાજ્ય નહીં મળે.'

એકવાર રાજા વસંત ક્રીડા કરવા ઉદ્યાનમાં ગયા. રાણીએ સાવકા પુત્રોને બદનામ કરવા રાત્રિના સમયે પોતાના નખ વડે શરીર પર ઉઝરડા કર્યા. રાજાએ આ જોઈ પૂછ્યું ત્યારે ઈર્ષાળુ રાણીએ કુંવરોને બદનામ કરવા કૂડું કલંક દીધું. તેણે રાજાને ચડાવતાં કહ્યું, ''તમારા બન્ને પુત્રો મદોન્મત્ત સાંઢ જેવા છે. તેઓ મને એકાએક વળગી પડયા. મેં સ્વ બચાવ કરવા પ્રયત્ન કર્યો. ઝપાઝપી કરતાં મારા શરીરે ઉઝરડા પડયા છે. હવે હું એક ક્ષણ પણ અહીં રહેવા ઈચ્છતી નથી. મને મારા પિયર મોકલી આપો.''

રાજાએ ક્રોધિત થઈ ચંડાલને બોલાવી આજ્ઞા આપી કે બન્ને કુંવરોનું મસ્તક ધડથી અલગ કરી મારી પાસે લાવજે. ચંડાલ કુંવરો પાસે ગયો. તેમને રાજાની આજ્ઞા કહી. કહ્યાગરા કુંવરોએ કહ્યું, ''રાજાની આજ્ઞા અમારે પ્રમાણ છે. તું ચિઠ્ઠીનો ચાકર છે તેથી તારું કાર્ય કર. ચાંડાલે બન્ને કુંવરોને પુણ્યશાળી માની પરદેશ મોકલી દીધાં. સાવકી માતા પુત્રના મૃત્યુથી ખુશ થઈ.

બન્ને ભાઈઓ અટવીમાં રાત્રિના સમયે વિશ્રામ કરવા એક વૃક્ષની નીચે બેઠાં. મોટો ભાઈ અમરસેન સૂઈ ગયો ત્યારે નાનો ભાઈ વયરસેન ચોકીપહેરો કરતો હતો. તે વૃક્ષ પર પોપટ યુગલ બેઠું હતું. પોપીએ કહ્યું, ''આ વૃક્ષની નીચે રહેલા યાત્રિકો પર આપણે કંઈક ઉપકાર કરીએ.'' પોપટે પૂછયું, ''તે કઈ રીતે ?'' પોપટીએ કહ્યું, ''**ત્રિકૂટ** પર્વત આમ્ર વૃક્ષ છે. આ વૃક્ષ એક વિદ્યાધરે મંત્રીને આપ્યો છે. તેમાં એક ફળ એવું છે કે, તે ખાવાથી રાજ્યની પ્રાપ્તિ થાય અને બીજું ફળ ખાવાથી નિત્ય પાંચસો સોનામહોરો મળે. આ બે ફળ લાવી આપણે યાત્રિકોની ઉત્તમ પરોણાગતિ કરીએ.'' એમ કહી કીર યુગલ ઉડયું. ત્રિકુટ પર્વત પરથી આમ્રફળ લાવી કુમારને આપ્યા.

પ્રભાતે દાતણ કરી અમરસેને રાજ્ય પદવી મળવાવાળું ફળ આરોગ્યું. વીરસેને બીજું ફળ ખાધું ત્યારે તેનાં મુખમાંથી પાંચસો સોનામહોરો પડી. તેઓ ચાલતાં ચાલતાં સાતમે દિવસે **કંચનપુર**માં આવ્યા.મોટાભાઈને નગર બહાર બેસાડી વીરસેન ભોજન લેવા નગરમાં ગયો. તે સમયે તે નગરનો રાજા અપુત્રિયો મૃત્યુ પામ્યો હતો. લોકોએ પાંચ દિવ્યની અધિવાસના કરી. અમરસેનને પાંચ દિવ્યથી રાજ્ય મળ્યું. તેને હાથી પર બેસાડી, નગરમાં લાવી રાજા બનાવ્યો. પછી વીરસેનની શોધ કરી પરંતુ તે ક્યાંય ન જડયો.

વીરસેને 'મોટા ભાઈને રાજ્ય મળ્યું છે,' તેવું સાંભળી તે કોઈક ગણિકાના ઘરે જઈને રહ્યો. ત્યાં પ્રતિદિન પાંચસો સોનામહોરો ગણિકાને આપી સુખો ભોગવવા લાગ્યો. એક વખત વૃદ્ધ અક્કાએ પોતાની પુત્રી પાસેથી વીરસેન કંઈ ન કરવા છતાં પાંચસો સોનામહોરો લાવે છે, તેનું રહસ્ય જાણ્યું. લોભી અક્કાએ વીરસેનને ઔષધ આપી વમન કરાવી ગોટલી કાઢી લીધી. પ્રભાતે વીરસેન ખોંખારો કરવા ગયો પરંતુ સોનામહોર મુખમાંથી ન પડી. તેને દ્રવ્યહીન જાણી અક્કાએ ઘરમાંથી કાઢી મૂક્યો. તે ચિંતાતુર બની વનમાં જઈ વૃક્ષની નીચે બેઠો.

ત્યાં રાત્રિના સમયે ચાર ચોર અંદરો અંદર વિવાદ કરતાં હતાં. તે જોઈ વીરસેન ચોર બની તેમની

વચ્ચે પડી ઝઘડાનું કારણ પૂછ્યું. ત્યારે ચોરે કહ્યું, ''અમને બાર વર્ષ પૂર્વે કોઈ સિદ્ધ પુરુષે ચાખડીની જોડ, દંડ અને કંથા આ ત્રણ વસ્તુ આપી હતી.'' કુમારે કહ્યું, ''તમે નિર્જીવ વસ્તુઓ માટે ઝઘડો છો ?'' ચોરે કહ્યું, ''આ વસ્તુઓ નિર્જીવ હોવા છતાં ખૂબ પ્રભાવશાળી છે. આકાશગામિની વિદ્યા માટે ચાખડી, સર્વ શસ્ત્રોનું નિવારણ કરવા દંડ તથા પ્રતિદિન પાંચસો સોનામહોરો અપાવનારી કંથા છે. આ ત્રણની વહેંચણી કરી આપો, તો અમારો કજીયો શાંત થાય.''

કુમારે કહ્યું, ''તમે દૂર જઈ બેસો. હું વિચાર કરીને તમને સુલેહ કરી આપીશ.'' વીરસેને કંથા પહેરી લીધી. દંડ હાથમાં ધારણ કર્યો અને ચાખડી પગમાં પહેરી તે ગગનમાં ઉડવા લાગ્યો. તે કંચનપુરમાં આવ્યો. સોનામહોરો મેળવી નિત્ય વિલાસ કરતો ફરવા લાગ્યો. ગણિકાએ તેને જોયો. કપટી અક્કા માફી માંગી તેને પુનઃ પોતાના ઘરે લાવી. એક દિવસ વીરસેને ભોળા બની પાદુકાનો વૃત્તાંત ગણિકાને કહ્યો અને ગણિકાએ પોતાની લોભી માતાને કહ્યો.

લુચ્ચી અક્કાએ વીરસેનને કહ્યું, ''વત્સ્! તારો વિયોગ મારી પુત્રી ખમી શકતી નથી. તારા વિયોગમાં તે વારંવાર મૂર્છિત થતી હતી ત્યારે મેં સમુદ્રમાં રહેલા યક્ષ મંદિરનાં દર્શન કરવાની પ્રતિજ્ઞા લીધી છે પરંતુ ત્યાં હું જઈ શકું એમ નથી.'' ભોળા વીરસેને અક્કાની વાત સાચી માની. તે ચાખડી પહેરી અક્કાને લઈ યક્ષ મંદિરમાં આવ્યો. મંદિરમાં જતાં પહેલાં તેણે ચાખડી ઉતારી બહાર મૂકી. એટલામાં કપટી અક્કા ચાખડી પહેરી આકાશમાં ઉડી પોતાના આવાસે આવી.

વીરસેન દ્વીપ પર અટકી રહ્યો. એવામાં ત્યાં એક વિદ્યાધર આવ્યો. ભલા વિદ્યાધરે તેને તેના સ્થાને પહોંચાડવાનું આશ્વાસન આપ્યું. તેણે કહ્યું, ''હું યક્ષ યાત્રા કરીને આવું છું. આ મોદક આપું છું તે ભૂખ લાગે ત્યારે ખાજે પણ સામેના વૃક્ષ નીચે જઈશ નહીં. એમ કહી વિદ્યાધર દર્શન કરવા યક્ષ મંદિરમાં ગયો. કુતૂહલપ્રિય વીરસેને પાછળથી પુષ્પ ચૂંટી સૂંઘ્યું. તે ગર્દભ બન્યો. પંદર દિવસ પછી વિદ્યાધર યાત્રા કરીને પાછો આવ્યો ત્યારે તેણે વીરસેનને ગધેડો બનેલો જોયો. હવે તેણે દયાથી પ્રેરાઈ બીજા વૃક્ષનું પુષ્પ ચૂંટી તેને સુંઘાડ્યું. તે પૂર્વવત્ બન્યો. કુમારે બન્ને વૃક્ષના પુષ્પો તોડી ગાંઠે બાંધ્યા. વિદ્યાધરે વિદ્યાના બળે તેને કંચનપુરમાં પહોંચાડયો.

અક્કાએ ફરી તેને જોયો. તેણે આત્મિયતા બતાવતાં ઢોંગ કરી પૂછ્યું, ''સ્વામી! તમે કેવી રીતે આવ્યા ?'' વીરસેને કહ્યું, ''દેવના પ્રભાવથી.'' પુનઃ વીરસેનને મીઠાં વચન બોલી કપટી અક્કા પોતાના ઘરે તેડી આવી. તેણે કહ્યું, ''સ્વામી! તમે મંદિરમાં ગયા ત્યારે એક દેવતાએ આવી ચાખડી સહિત મને ઉપાડી સમુદ્રમાં નાંખી. હું મહાકષ્ટે ઘરે પહોંચી.'' વીરસેને કહ્યું, ''મારા પર દેવે ખુશ થઈ ઘણું ધન અને બે ઔષધિઓ આપી છે. એક ઔષધિથી નવયૌવના થવાય છે.''

અક્કાએ તે પુષ્પ માંગ્યું. વીરસેને તે પુષ્પ અક્કાને સુંઘાડ્યું. અક્કા રાસભી બની ગઈ. વીરસેન તેના પર બેસી દંડ લઈ નગરમાં ફરવા લાગ્યો. દંડ પ્રહાર કરી તેને આકુળવ્યાકુળ કરી નાંખી. તે જોઈ ગણિકાએ રાજાને ફરિયાદ કરી. રાજાએ વીરસેનને પકડવા સૈનિકોને મોકલ્યા. વીરસેને દંડથી તેમને પરાજિત કર્યા. હવે રાજાએ મોટું સૈન્ય મોકલ્યું. વીરસેને એકલે હાથે દંડની મદદથી સર્વને જીતી લીધા.

પોતાના નાના ભાઈ વીરસેનને રાજાએ ઓળખી લીધો. નગરજનોએ પણ 'રાજાના ભાઈ છે,' એવું જાણી ખૂબ માનપાન આપ્યું. વીરસેનના મુખેથી અક્કાની કૂટણનીતિ સાંભળી લોકોએ તેના લોભીપણાની

ખૂબ નિંદા કરી. વીરસેને ગોટી, ચાખડી આદિ વસ્તુઓ અક્કા પાસેથી મેળવી લીધી. પછી તેને બીજું પુષ્પ સુંઘાડયું. તે પોતાના મૂળ સ્વરૂપમાં આવી.

કેટલોક કાળ સુધી રાજ્ય કર્યું. ત્યારપછી શૂરસેન રાજાએ તેમને કલિંગ દેશમાં બોલાવી જુદા જુદા રાજ્યો આપ્યાં. વૃદ્ધાવસ્થામાં જ્ઞાની ભગવંતોનો ઉપદેશ સાંભળી, દીક્ષા લઈ આયુષ્ય પૂર્ણ કરી પાંચમા દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી **મહાવિદેહક્ષેત્ર**માં મનુષ્યભવ પામી મોક્ષે જશે. વયરસેન મુનિ દીક્ષા લઈ (પાંચ ભવ પછી) સંસાર પરિભ્રમણ સમાપ્ત કરશે.

આમ, સુપાત્ર દાનના પ્રભાવે અમરસેન - વયરસેનના ઉપદ્રવો નાશ થયાં તેમજ રાજકુળ, યશ-કીર્તિ, પ્રાપ્ત થઈ.

**અમરસેન - વીરસેન અને સુધન શ્રેષ્ઠી** : (સુપાત્રદાનનો મહિમા યાને દાસીપુત્રને છન્નુકોટી દ્રવ્ય પ્રાપ્તિ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **ચંપાનગરી** હતી. ત્યાં **સામંતપાળ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં **વૃદ્ધદત્ત** નામનો વ્યાપારી હતો. જે છન્નુ કરોડ સોનૈયાનો માલિક હતો પરંતુ સ્વભાવે અતિ કૃપણ હતો. એક રાત્રિએ તે શયનગૃહમાં સૂતો હતો ત્યારે આકાશવાણી થઈ કે, 'આ લક્ષ્મીનો ભોગવનાર અવતર્યો છે.' શેઠ વિચારવા લાગ્યા કે, 'મારી અગણિત દોલતનો ભોગવનારો મારા અપુત્રપણાથી શું બીજો કોઈ થશે ?' શેઠ પશ્ચાતાપ કરવા લાગ્યા. હવે, તેમણે ગોત્ર દેવીની પૂજા કરી સાતમે દિવસે દેવીએ પ્રસન્ન થઈ કહ્યું, ''તારી લક્ષ્મીનો ઉપભોક્તા અવતરી ચૂક્યો છે. ભવિતવ્યતા બળવાન છે. હું તેમાં ફેરફાર ન કરી શકું. તે **કાપિલ્યપુર નગરે ત્રિવિક્રમ શ્રેષ્ઠી**ના ઘરે **પુષ્પશ્રી** નામની દાસીની કુક્ષીમાં ઉત્પન્ન થયો છે.''

વૃદ્ધદત્ત કાપિલ્યપુર આવ્યો. પોતાનો કિંમતી સામાન ત્રિવિક્રમ શેઠને વેચ્યો. શેઠે વૃદ્ધદત્તને પોતાના ઘરે આસરો આપ્યો. વૃદ્ધદત્ત ત્રિવિક્રમ શેઠના પરિવારને અને સગર્ભા પુષ્પશ્રી નામની દાસીને દાનાદિક દ્વારા ખુશ કરવા લાગ્યો. ચાર માસ પછી ત્યાંથી જવા નીકળ્યો ત્યારે ત્રિવિક્રમની વિચક્ષણ અને ચિતજ્ઞ દાસી પુષ્પશ્રીને પોતાની સાથે લઈ ઉજ્જયિની નગરી સમીપે આવ્યો. વૃદ્ધદત્તે દાસીને રથમાંથી નીચે ફેંકી, તેના ઉદરને ચોળી, શ્વાસ રુંધી મારી નાંખી. દાસી મૃત્યુ પામી. તેના ઉદરમાંથી ગર્ભ બહાર નીકળી તરફડીયા મારતું હતું. એવામાં કોઈક વૃદ્ધા ત્યાં આવી. તેણે બાળકને ઉપાડી રાજાને સોંપ્યું. રાજાએ આ બાળકનું નામ **ચંપક** પાડયું.

એકવાર ચંપક પોતાના મિત્ર વેપારીપુત્રના લગ્નમાં ગયો. કન્યાના પિતાએ આગ્રહ કરી જાનને રોકી. ત્યાં વૃદ્ધદત્ત પણ રોકાયો. વૃદ્ધદત્તે દેવકુમાર જેવા ચંપકને જોયો. તેની પાસેથી તેના નામ, કુળ, વંશ આદિ જાણી લીધા. વૃદ્ધદત્ત વિચારવા લગ્યો કે, 'જે દેવીએ મારી લક્ષ્મીનો ઉપભોક્તા કહ્યો હતો તે આ જ દાસી પુત્ર છે. દાસી તો મૃત્યુ પામી પરંતુ સદ્નસીબે ગર્ભ બચી ગયો છે. મારે હવે આને પણ ઠેકાણે પાડવો જ જોઈએ.' વૃદ્ધદત્તે કપટભાવથી ચંપકને કહ્યું, ''વત્સ ! તું મારી સાથે રહે, હું તને માલામાલ કરી દઈશ. આ નગરીમાં વસ્તુઓ વેચવાથી ઘણી કિંમત ઉપજે છે. હું તને પત્ર લખી આપું છું, તે લઈ જઈને મારા ભાઈને આપજે. તે તને બધી વસ્તુઓ અપાવશે. તેમાં આપણને એક કરોડ સુવર્ણ મુદ્રાનો લાભ થશે. તેમાં અડધો તારો હિસ્સો અને અડધો મારો હિસ્સો.'' વૃદ્ધદત્તે પોતાના ભાઈ **સાધુદત્ત**ને પત્ર લખી ચંપક સાથે **ચંપાનગરી**માં મોકલ્યો.

તેમાં લખ્યું હતું કે, 'આ દુરાત્માએ મહાજનની સમક્ષ મારી ઘણી વગોવણી કરી છે, અસત્ય અને

કટુવચનો વડે મારો તિરસ્કાર કર્યો છે. તેને ઘરના અંધારા ઓરડામાં લઈ જઈ મારી કૂવામાં ફેંકી દેજે. તેના સમાચાર કોઈ માણસ સાથે મોકલાવજે અથવા તું પોતે આવજે.' પત્ર લઈ ચંપક ઉત્સુક બની ચંપાનગરીમાં જઈ પૂછતો પૂછતો સાધુદત્તને ત્યાં પહોંચ્યો. તેણે સાદ કરી સાધુદત્તને બોલાવ્યા પરંતુ ઘરમાંથી કોઈ બહાર ન આવ્યા ત્યારે ચંપક સ્વયં ઘરમાં પ્રવેશ્યો. ત્યાં **તિલોત્તમા** નામની કન્યા દડાથી રમતી હતી. ચંપકે તેને પત્ર આપ્યો. તેણે પત્ર વાંચ્યો. તેને પિતાના ચંડાળ કર્મ પ્રત્યે ઘૃણા થઈ. તે રૂપાળા ચંપકને ભરતાર બનાવવા ઈચ્છતી હતી તેથી તેણે પિતાના જેવા જ અક્ષરોની નકલ કરી એક નવો પત્ર લખ્યો. તેમાં લખ્યું કે, 'આ ચંપકને આજે સાંજે જ આપણી તિલોત્તમા પરણાવી દેજો.' પૂર્વ પત્રને ફાડી નાંખ્યો. કૃત્રિમ પત્ર બીડી મુદ્રિત કરી માતાને આપ્યો. સાધુદત્ત ચોથા પ્રહરે વાળુ કરવા ઘરે આવ્યો ત્યારે તેની પત્ની **કૌતુક દેવી**એ એ પત્ર પતિના હાથમાં મૂક્યો. સાધુદત્તે ઊંચા સ્વરે પત્ર વાંચ્યો. તેણે અન્ય મુહૂર્ત ન હોવાથી લગ્નની સઘળી સામગ્રી એકઠી કરી નગરજનોની હાજરીમાં ચંપક અને તિલોત્તમાના વિવાહ કરાવ્યાં. વૃદ્ધદત્તને લગ્નની વધામણીના સમાચાર મળતાં તે ખેદપૂર્વક ચંપાનગરીમાં આવ્યો.

એકવાર મધ્યરાત્રિના સમયે તિલોત્તમાએ બીજે માળે આવી પિતાનો અવાજ સાંભળ્યો. તેણે કાન માંડયા. "હે પ્રિયે! મારો લખેલો પત્ર નિષ્ફળ ગયો. આ જમાઈ વંશની અશુદ્ધતાથી મને વેરી સમાન છે. કાળક્રમે તે મારી મિલકતનો સ્વામી થનારો છે તેથી તેને ભોજન-પાણીમાં વિષ દઈ મારી નાંખવો જ ઉચિત છે. પુત્રીનો મોહ ન રાખવો. શું પુત્રી વડે વંશ રહેવાનો છે?" તિલોત્તમાએ જઈને પતિને કહ્યું, "હે સ્વામીનાથ! નિમિત્ત જ્ઞાન વડે મેં જાણ્યું છે કે તમને ત્રણ માસ સુધી મોટું સંકટ છે, માટે ત્રણ માસ સુધી અહીંના સેવકાદિ દ્વારા અપાયેલું ભોજન તમારે ન કરવું." ચંપકને પત્ની પ્રત્યે અપાર વિશ્વાસ હોવાથી તેણે માન્ય કર્યું. વૃદ્ધદત્ત ચંપકને મારવાની તજવીજ કરી રહ્યો હતો.

આ બાજુ નિત્ય ચંપક સવાર પડતાં નીકળી જતો અને રાત્રિના શયન સમયે ઘરે આવતો. હવે, વૃદ્ધદત્તે સુભટોને સો-સો સોનામહોરો આપી ચંપકને મારવાનું કાવતરું રચવાનું કહ્યું. એમાં છ માસ વીતી ગયાં. એક રાત્રિએ ચંપક નાટક જોવા રહ્યો. તે મધ્ય રાત્રિએ એકાકી ઘરે પાછો આવ્યો. તકનો લાભ લઈને સુભટો ખડગ ઉગામી મારવા તૈયાર થયાં. ત્યાં તેમને વિચાર આવ્યો કે, 'સ્વામીએ આપણને ફરીને મારવાનું કહ્યું નથી. રખે! એમનું ચિત્ત બદલાઈ ગયું હોય, માટે પ્રથમ પૂછી આવીએ.' વૃદ્ધદત્તનો આદેશ મેળવી સુભટો ચંપકના શયન પાસે આવ્યાં તે પૂર્વે માંકડે ચટકાં ભર્યા તેથી ચંપક જાગી ગયો અને ત્યાંથી ઉઠીને કોઈક મિત્રના ઘરમાં જઈને સૂઈ ગયો. સુભટોએ ચારે બાજુ શોધ કરી. યોગાનુયોગ તે સમયે ચંપકના મૃત્યુનું દશ્ય જોવા પેલો વૃદ્ધદત્ત પણ ત્યાં આવ્યો. શય્યા ખાલી જોઈ તે વિચારવા લાગ્યો કે, 'સુભટો ચંપકને મારીને જંગલમાં દાટવા ગયા લાગે છે.' વૃદ્ધદત્ત સ્વયં મુખ ઢાંકીને ખાલી શય્યામાં નિરાંતે સૂઈ ગયો. સુભટો પાછા આવ્યા ત્યારે તેમણે ચંપકની શય્યામાં એક પુરુષને સૂતેલો જોઈને ચંપક સમજીને તેના પર શસ્ત્રનાં પ્રહાર કર્યા. ત્યારપછી લાશને કૂવામાં નાંખી દીધી. આ લાશ પાણી ઉપર તરવા લાગી ત્યારે સુભટોને ખબર પડી કે, આ ચંપક નથી પરંતુ વૃદ્ધદત્ત છે, જેનું આપણે ખૂન કર્યું છે. મોટાભાઈના મૃત્યુથી સાધુદત્ત આક્રંદ કરવા લાગ્યો. હવે ચંપક છન્નુ કરોડ સુવર્ણનો માલિક બન્યો. પ્રતિદિન તે દશ લાખ સુવર્ણનું દાન આપવા લાગ્યો. જૈન મુનિના સત્સંગથી તે પરમાર્હત્ (શ્રાવક) બન્યો. તેણે એક હજાર ઉપાશ્રયો બંધાવ્યાં.

એકવાર કેવળી ભગવંત પધાર્યા. ત્યારે ચંપકે પૂછ્યું, ''હે ભગવંત્! મેં એવું શું પુણ્ય કર્યું છે કે મને આટલી સંપત્તિ પ્રાપ્ત થઈ અને વૃદ્ધદત્તે એવું શું પાપ કર્યું કે બંધુ સહિત તેનો નાશ થયો ? કયા કર્મે હું અજ્ઞાત કુળમાં જન્મ્યો ? વળી, વૃદ્ધા સાથે મારે પૂર્વનો શો સંબંધ હતો ? મારા સંશયોને દૂર કરવાનો અનુગ્રહ કરો.''

કેવળી ભગવંતે કહ્યું, ''હે ચંપક! **સુમેળકાપુરી**ની સમીપના તપોવનમાં કંદમૂળ ભક્ષણ કરનારા **ભવદત્ત** અને **ભવભૂતિ** નામના બે તાપસ રહેતાં હતાં. ભવદત્ત કપટી હતો જ્યારે ભવભૂતિ સરળ હતો. બંને આયુષ્ય પૂર્ણ કરી યક્ષ બન્યા. ત્યાંથી ચ્યવી ભવદત્તનો જીવ **અન્યાયપુર નગર**માં **વંચનામતિ** નામે શ્રેષ્ઠી થયો. ભવભૂતિનો જીવ પાટલીપુત્રમાં **મહાસેન** નામે ક્ષત્રિય થયો. એકવાર મહાસેન કિંમતી દ્રવ્ય લઈ તીર્થયાત્રાએ નીકળ્યો. ચાલતાં ચાલતાં અન્યાયપુર નગરમાં આવ્યો. તેણે વંચનામતિ શ્રેષ્ઠીને ત્યાં પાંચ રત્નો અનામત મૂક્યાં. મહાસેન પરદેશ ગયો. વંચનામતિએ લાખ લાખ મૂલ્યના પાંચ રત્નમાંથી એક રત્ન કોઈ વેપારીને ત્યાં થાપણ મૂકી લાખ રૂપિયા લાવ્યો. આ રૂપિયામાંથી તેણે રહેવાનું મોટું મકાન બનાવ્યું. ચાર રત્નો ગુપ્ત સ્થાને મૂકી દીધાં. મહાસેન તીર્થયાત્રા કરી પાછો આવ્યો. તેણે પોતાના રત્નો માંગ્યાં. શેઠે કહ્યું, ''તું કોણ છે ? હું તને જાણતો નથી અને હું કોઈની થાપણ રાખતો નથી.'' વંચનામતિ શેઠે જૂઠું બોલી થાપણ ઓળવી લીધી. મહાસેને રાજાને ફરિયાદ કરવાનો વિચાર કર્યો પરંતુ અનીતિવાન રાજ્યમાં ઈન્સાફની આશા રાખવી વ્યર્થ હતી તેથી તેણે એક યુક્તિ કરી. **કપટકોશા** નામની ગણિકાને મળી પોતાની તમામ આપવીતી કહી. ગણિકાએ રત્નોની પેટી ભરી વંચનામતિ શેઠના ઘરે જઈ કહ્યું, ''શેઠ! હું **વસંતપુર નગર**માં મારી બીમાર બહેનને જોવા જઈ રહી છું. મારા પાછા આવવા સુધી રત્નોની આ પેટી તમારા ઘરે રાખો. જો મારી બહેનનું મૃત્યુ થશે તો હું પણ અગ્નિ સ્નાન કરીશ એટલે મારું બધું ધન તમારે ધર્મ માર્ગે વાપરી દેવું.''

લોભી શેઠે પેટી પોતાને ત્યાં રાખી લીધી. ત્યાં મહાસેન કુમાર આવ્યો. તેણે શેઠ પાસેથી રત્નો માંગ્યાં. શેઠે દ્રવ્યના લોભે અને વિશ્વાસ બેસાડવા મહાસેનને રત્નો પાછાં આપ્યાં. મહાસેને પાંચમું રત્ન માંગ્યું ત્યારે શેઠે પુત્રને બોલાવીને કહ્યું, ''ધનાવહ શેઠને ત્યાં જે પાંચમું રત્ન મૂકેલું છે તે તારું ઘરેણું અડાણે મૂકીને લઈ આવ.'' મહાસેન કુમારને પાંચમું રત્ન મળી ગયું. એટલામાં સાંકેતિક પુરુષે આવીને સમાચાર આપ્યાં કે, ''સ્વામીની! તમારી બહેન વ્યાધિમાંથી મુક્ત થઈ ગઈ છે.'' ગણિકાએ તરત જ શેઠના હાથમાંથી પોતાની પેટી લઈ લીધી. વંચનામતિ શેઠની લોકોએ હાંસી ઉડાડી. લોકમાં અપમાનિત થયેલા શેઠે તાપસપણું અંગીકાર કર્યું.

મહાસેન પોતાના નગરમાં આવ્યો. એક વાર બાર વર્ષનો દુકાળ પડયો. ત્યારે દયાળુ હૃદય વાળા મહાસેને દાનશાળા ખોલી, દીન - અનાથ - રંકને ભોજન આપ્યું. વ્યાધિગ્રસ્તોની ચિકિત્સા કરાવી. ચારે દિશાએ ભોજન પટહ ધાન્યાદિક મોકલાવી લોકોને દુઃખમાંથી ઉગાર્યા. એ સમયે એક નિરાધાર સ્ત્રી ત્યાં આવી. તેના શરીર પર સોજા હતાં. દાનશાળામાં આવી ભોજન કરવા લાગી પરંતુ પાચન ન થતાં તેણીને ઉલટી થવા લાગી. ત્યારે મહાસેન તેને પોતાના ઘેર લઈ ગયો. નિપુણ વૈદ્ય પાસે ચિકિત્સા કરાવી. ઔષધના સેવનથી તેણી અલ્પકાળમાં નિરોગી થઈ ગઈ. મહાસેને તેને માતાના સ્થાને સ્થાપિત કરી. મહાસેનની પત્ની **ગુણસુંદરી** પણ દાનવીર હતી. તે નિત્ય અનુકંપા દાન આપી પછી જ ભોજન કરતી અને જરૂરિયાતમંદોને ઈચ્છિત વસ્તુ આપી સંતોષ પમાડતી હતી.

હે ચંપક! અનુકંપાદાનથી મહાસેનનો જીવ તું ચંપક વેપારી બન્યો છે. ગુણસુંદરી મૃત્યુ પામી તિલોત્તમા

થઈ. વૃદ્ધ સ્ત્રીને દાનશાળામાંથી ઘરે લાવી પાલણ-પોષણ કર્યું હતું તે મરણ પામીને આ સ્થવીરા થઈ, જેણે તારું જન્મથી પાલણ-પોષણ કર્યું છે. પૂર્વના સ્નેહરાગથી તેને તારા પ્રત્યે શૈષવકાળથી જ પ્રેમ ઉત્પન્ન થયો છે. વંચનામતિ શ્રેષ્ઠી તાપસવ્રતનું આરાધન કરી વૃદ્ધદત્ત શેઠ થયો. પૂર્વ ભવમાં તારા પાંચ રત્નોનું અપહરણ કરવાની બુદ્ધિથી આ ભવમાં તેનું છન્નું ક્રોડ દ્રવ્ય તને પ્રાપ્ત થયું છે. પૂર્વે તેં વંચનામતિનો પરાભવ કર્યો હતો તેથી આ ભવમાં વૈરનું બંધન થતાં તેણે તને પરાભવ કરવાનો પ્રયત્ન કર્યો હતો. મહાસેનના ભવમાં તેં કુળનો મદ કર્યો હતો તેથી તું આ ભવમાં કાપિલ્યપુર નગરમાં ત્રિવિક્રમ શેઠના ઘરે 'દાસીપુત્ર' તરીકે જન્મ્યો.''

ચાતક જેમ વર્ષાબિંદુનું પાન કરે એમ ચંપક પૂર્વભવોને સાંભળી રહ્યો. સંસારની અસારતા, સંબંધોની સ્વાર્થતા સમજાતાં ચંપકે પોતાની પત્ની તિલોત્તમા સાથે દીક્ષા ગ્રહણ કરી. સમ્યક્ પ્રકારે ચારિત્ર ધર્મનું પાલન કરી બન્ને જીવાત્મા સ્વર્ગે ગયાં. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્ય થઈ દીક્ષા લઈ કેવળજ્ઞાન પામશે.

**અનુપમા દેવી** : (પ્રબંધ પંચશતી, પ્રબંધામૃતદીર્ઘીકા)

**વસ્તુપાળ** મંત્રીએ પોતાની પત્ની **અનુપમા દેવી**ને કહ્યું, '' તારે વિહાર કરતાં સાધુ ભગવંત અને સાધર્મિકોને અન્ન-પાન આદિ યથેચ્છ આપીને તેમની ભક્તિ કરવી.'' ખુશ થયેલી અનુપમા દેવીએ ઈચ્છા મુજબ અન્ન-પાન-ઘી વગેરે સાધુઓને આપી તથા અધિક સાધર્મિકોને યથાયોગ્ય જમાડી ગુરુને વંદન કરી જિનેશ્વરની ભક્તિ કરી તેણી જમવા લાગી. આ પ્રમાણે તેનો કાળ વ્યતીત થયો.

એક વખત ઘીના કડાયામાંથી સાધુઓને ઘી વહોરાવતી વખતે પાત્રામાંથી ઘી બહાર ઢળી જતાં અનુપમા દેવીએ પાત્રું ખરાબ થઈ જતાં પોતાના કિંમતી, નવરંગી પટોળા વડે તેને લૂછયું. પટોળું ખરાબ થયું. એક પ્રતિહારીએ આ જોઈ દ્વેષથી કોઈ સાધુનું મોટું ઘીનું પાત્ર જાણીજોઈને ભાંગી નાંખ્યું. તેની ખબર પડતાં અનુપમા દેવીએ તેને રજા આપી. તેની જગ્યાએ બીજા પ્રતિહારીની નિમણૂક કરી. એવામાં બીજા પ્રતિહારીએ અનુપમા દેવીની ગાંડી ભક્તિ જોઈને વસ્તુપાળ મંત્રીને ચાડી ખાધી કે, ''અનુપમા દેવી સાધુઓના પાત્ર ઘી થી છલોછલ ભરે છે માટે તેમની સાડી સદા ઘીથી ખરડાયેલી રહે છે.'' 'મેલા વસ્ત્રવાળી સ્ત્રી શોભતી નથી'; એવું વિચારી મંત્રીએ અનુપમા દેવીને સાધુ ભક્તિ કરવાનો નિષેધ કર્યો.

અનુપમા દેવીએ કહ્યું, ''પૂર્વે કાછી (તેલી) કે કંદોઈની પત્ની બનીને ઘણીવાર વસ્ત્રો, ઘૃત અને તેલથી બગાડયાં છે. આ તો ધર્મના હેતુભૂત સાધુઓને દાન આપતાં મારી સાડી ઘી થી ખરડાયેલી બને એવા મારાં ભાગ્ય ક્યાંથી ? ભવોભવ આવા પ્રકારનો સુયોગ મળતો નથી, તેમાં મારી સાડી બગડી નથી પણ સુધરી છે. વળી, તમારા જેવા જ ધનવાન, દયાવાન, ધર્મિષ્ઠ ઈત્યાદિ ગુણવાળા જેઠ મળ્યા છે. આવા પ્રકારની દેવ-ગુરુ ધર્મની ઉત્તમ સામગ્રી, દુર્લભ મનુષ્ય ભવ વગેરે નિમિત્તો સૌભાગ્યથી મળે છે. ભવાંતરમાં વાસના અને પાપથી દાન તો ઘણીવાર આપ્યાં પરંતુ ધર્મદાનનો વારો તો હમણાં જ મળ્યો છે. પાત્ર લૂછવાનું મોટું સૌભાગ્ય મને આ ભવમાં પ્રાપ્ત થયું છે'' આ સાંભળી વસ્તુપાળ મંત્રીએ અનુપમા દેવીની ખૂબ પ્રશંસા કરતાં કહ્યું કે, ''આ રીતે નિત્ય યથાયોગ્ય તારા વડે દાન અપાતું રહે.''

જૈનાચાર્યોએ અનુપમા દેવીની સ્તુતિ કરતાં કહ્યું છે કે, ''લક્ષ્મી ચંચળ છે, શિવા ચંડી (ક્રોધિત) છે, શચી સૌતદોષથી દૂષિત છે, ગંગા નિમ્નગામિની છે અને સરસ્વતી વાચાળ છે; પરંતુ અનુપમા તો સર્વ રીતે અનુપમ ગુણવાળી છે.''

ભાગવતના દશમા સ્કંધના પાંચમા અધ્યાયમાં દાનના સદ્‌ભાવનું વર્ણન કરતાં કહ્યું છે -

સત્પાત્રને દાન આપવાથી માનવી ધન સંપન્ન બને છે, ધનવાન થઈ તે પુણ્યોપાર્જન કરે છે, તે પુણ્યના પ્રભાવથી સ્વર્ગગામી બને છે અને પછી પુન: પુન: ધનવાન અને દાતા બને છે. આમ, દાનનું પરિણામ પરંપરાએ સુખદ અને સુંદર છે.

**અંબિકા :** (જૈન કથાસંગ્રહ ભા-૧, પૃ. ૧૦૬ થી ૧૧૩)

**રેવતાચળ**ની દક્ષિણ દિશામાં **કુબેરપુર** નામનું નગર હતું. ત્યાં **દેવભટ્ટ** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની **દેવીલા** નામની પત્ની હતી. તેમને **સોમભટ્ટ** નામે બુદ્ધિશાળી પુત્ર હતો. તેની **અંબિકા** નામની પતિવ્રતા સ્ત્રી હતી. તેના સ્વભાવમાં દાનનો ગુણ વણાયેલો હતો. તે શ્રાવિકા હતી.

એકવાર મધ્યાનના સમયે માસક્ષમણના ઉપવાસી બે ક્ષમાક્ષમણ મુનિઓ સોમભટ્ટના આવાસે પધાર્યા. અંબિકાએ ભદ્રભાવથી, ઉલ્લસિત ચિત્તે મુનિઓને આહારદાન આપી વારંવાર અનુમોદના કરી. 'આજે તો અપૂર્વ પર્વ તિથિ છે. પ્રચુર પુન્યોદય છે તેથી જ સર્વ સુખના સાધન રૂપ આ ગુરુભગવંતો મળ્યા છે. તેમના દર્શનથી નેત્ર પવિત્ર થયા અને યોગાનુયોગ આજે અનાર્ય એવા સાસુ પણ ઘરમાં નથી'. ગીતાર્થ યતિઓ નિર્દોષ આહાર વહોરી નિસર્યા. ત્યાં તો પાડોશણ પગ પછાડતી આવી જોરશોરથી બબડવા લાગી. ''હે સ્વછંદા! તને ધિક્કાર છે. શ્રાદ્ધના દિવસે પૂર્વજો અને બ્રાહ્મણોને પિંડ આપ્યાં પહેલાં જ તેં આ મેલાઘેલા સાધુઓને દાન આપ્યું ? કુળદેવીનો કોપ ઉતરશે તો ન જાણે શું કરશે ? તેં આ શું કર્યું ?'' કોલાહલ સાંભળી સાસુ દોડતી આવી. તે પણ પુત્રવધૂને ગમે તેમ ભાંડવા લાગી. ''ઓ પાપિણી ! તેં આ શું સત્યાનાશ વાળ્યું ? નીકળ, હમણાં ને હમણાં મારા ઘરમાંથી બહાર નીકળ.'' માતાનો અવાજ સાંભળી સોમભટ્ટ વિપ્રોને તેડી ત્યાં આવ્યો. ત્રણે જણાએ અંબિકાનો અસહ્ય તિરસ્કાર કર્યો. અંબિકા કુલિન સ્ત્રી હતી. તે એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના **અંબર** અને **સંભર** નામના બે બાળકોને લઈ ઘરમાંથી નીસરી ગઈ. માર્ગમાં તરસ લાગતાં કાંખમાં રહેલું બાળક પાણી-પાણી કરી વારંવાર બૂમો પાડવા માંડયું. આંગળીએ પકડેલું બાળક ભૂખ લાગવાથી રડવા લાગ્યું. અણસમજુ બાળકો સમય ઓળખતા ન હતા. બાળકોનું દુ:ખ ન જોવાતાં અંબિકાએ આત્મહત્યા કરવાનો વિચાર કર્યો. ત્યાં સુપાત્રદાનનાં પ્રભાવે ધરતીના પેટાળમાંથી પાણી ફૂટતાં ત્યાં રમણીય સરોવર અને નવપલ્લવિત આમ્રવૃક્ષ જોયું. બન્ને બાળકોને પાણી પાઈ, આમ્રફળો ખવડાવી તે આગળ વધી.

આ બાજુ સાસુ રસોડામાં ગઈ. મુનિદાનના પ્રભાવથી સોમભટ્ટને ત્યાં ભાતના દાણા મોતીના દાણા થઈ ગયા અને રસોડાનાં વાસણો સુવર્ણમય બન્યા. અંબિકાની સાસુ અને પતિ પશ્ચાતાપ કરવા લાગ્યા. સોમભટ્ટ પત્નીને તેડવા વગડામાં ગયો. શૂન્ય વનમાં બાળકો સાથે અંબિકાને જતી જોઈ સોમભટ્ટે બૂમ મારી, 'ભામિની ! ઊભી રહે.' અંબિકાએ પાછળ વળીને જોયું તો સોમભટ્ટ ઉતાવળો આવતો હતો. અંબિકાના પેટમાં ફાળ પડી. 'રખે ! મને મારી નાંખશે.' અંબિકાએ ચાર શરણ ગ્રહણ કર્યા, દેવ-ગુરુ-ધર્મ ભવોભવ પ્રાપ્ત થાવ એવી ભાવના ભાવી, **શ્રી નેમિનાથ ભગવાન**નું સ્મરણ કરી પુત્રો સહિત કૂવામાં ઝંપલાવ્યું. સોમભટ્ટ હતાશ અને નિરાશ થયો. એ પણ કૂવામાં કૂદ્યો. તેણે મનમાં વિચાર્યું, 'જેનું શરણ મારી પત્નીએ લીધું તે મારું પણ હોજો.'

ધર્મનું શરણું અંગીકાર કરી, સુપાત્ર દાનના પ્રભાવે તેણી **કોહંડ વિમાન**માં **અંબિકા** નામની દેવી બની. સોમભટ્ટ અંબિકા દેવીના વાહનરૂપ **શાર્દૂલદેવ** થયો. અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોઈ અંબિકાએ

જાણ્યું કે, 'આ સુપાત્રદાનનો મહિમા છે.' **ભગવાન અરિષ્ટનેમિ**ને કેવળજ્ઞાન થતાં તે દેવી સમવસરણમાં ધર્મોપદેશના સાંભળવા આવી.

અંબિકા શ્રાવિકાએ આનંદ અને ઉલ્લાસથી સુપાત્ર દાન આપ્યું તેથી તેની સદ્‌ગતિ થઈ તેમજ ભૌતિક સમૃદ્ધિ પણ પ્રાપ્ત થઈ.

**અકૃતપુણ્ય** : (સિરિ રઈધુ ગ્રંથાવલી, ભા.૧ અને ધણ્ણ કુમાર ચરિઉ)

**ભરત**ક્ષેત્રના, **મગધદેશ**માં **કમવચ** નામની નગરીમાં ધર્માનુરાગી લોકો રહેતાં હતાં. ત્યાં **ભોગરતિ** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેની **ભોગવતી** નામની સુંદર પત્ની હતી. તે સંતતિ સુખથી રહિત હતી તેથી મંદિરોમાં યક્ષોની પૂજા કરતી ફરતી હતી. ઘણાં સમય પછી તેના ગર્ભમાં પાપી જીવ આવ્યો, જે પૂર્વે મઠાધિપતિ હતો. તે દેવાલયનું ધન પચાવી પાડતો હતો. પાપી આત્મા ગર્ભમાં આવતાં જ સ્વજનોનો સંગાથ છૂટી ગયો, લક્ષ્મી ચાલી ગઈ, પિતાનું અવસાન થયું, માતાને અપાર વેદના ઉત્પન્ન થઈ. પુત્રને જન્મ આપ્યો. તેનો જન્મોત્સવ ન ઉજવાયો. તેને પુણ્યહીન જાણી લોકોએ **'અકૃતપુણ્ય'** નામ પાડયું. ક્ષુધા અને ગરીબીની પીડા દૂર કરવા મા-પુત્ર બીજા ગામમાં ગયાં. ત્યાં **'કૃતપુણ્ય'** નામના ઉદાર ખેડૂતને ત્યાં રહ્યા. તેના ખેતરમાં કામ કર્યું. કૃતપુણ્યએ તેની ગરીબાઈ જાણી તેને પ્રશસ્ત કનકાભરણ અને વસ્ત્રો ઉતારીને પહેરવા આપ્યાં પરંતુ પાપના ઉદયથી તે અંગારા બની શરીરને પ્રજ્વલિત કરવા લાગ્યાં. અકૃતપુણ્યએ ઉતારીને ફેંકી દીધાં. કૃતપુણ્યએ ભાગ્યહીન જાણ્યો. દયા ભાવથી પ્રેરાઈને તેને ચણાની પોટલી આપી પરંતુ તે પોટલીના છિદ્રોમાંથી એક એક કરીને ચણા પડવા લાગ્યાં.

મા-પુત્ર નગર છોડી શીશબાગમાં જ્યાં પોતાના કુટુંબીજનો હતા ત્યાં આવ્યા. **અશોક** નામના શેઠને ત્યાં રહ્યા. આ શેઠના સાત પુત્રો હતા. શેઠાણી મૃત્યુ પામ્યા હતા. શેઠે પોતાની ધર્મભગિની ગણી તેને પોતાના ઘરે આસરો આપ્યો. ભોગવતી શેઠના પુત્રોને પોતાના પુત્ર સમાન ગણી ઉછેરવા લાગી. અકૃતપુણ્યએ પશુપાલનનો વ્યવસાય સ્વીકાર્યો. બાળકોને ભોગવતી પ્રત્યે અત્યંત લગાવ થઈ ગયો તેઓ તેમને 'મા' કહીને બોલાવતા. આ અકૃતપુણ્યથી ન ખમાયું. બાળકોને પણ અકૃતપુણ્ય પ્રત્યે અભાવ હતો. તેઓ પણ તેને ધિક્કારતા હતા.

એકવાર ઘરમાં ખીર બની. બાળકો ખીર ખાતાં હતાં. તેમણે અકૃતપુણ્યને ખીર ન આપી, જમવા પણ ન બોલાવ્યો. માતા સમજાવતી રહી પરંતુ બાળકોએ એક ન માની. તેમણે ધમકાવીને અકૃતપુણ્યને ભગાવી દીધો. અશોક શેઠને ખબર પડી. તેણે ભોગવતીને કહ્યું. "આ ચોખા લઈ જા અને તેની ખીર બનાવી તારા પુત્રને આપ." ભોગવતીએ ખીર બનાવી પુત્રને પ્રેમથી બોલાવી કહ્યું, "પુત્ર ! ઘણાં દિવસ પછી ખીર બની છે, કોઈ અતિથિને ખવડાવી પછી આપણે ખાઈશું. તું અતિથિની રાહ જો. ત્યાં સુધી હું શીતલ જળ ભરી આવું." આવું કહી ભોગવતી ચાલી ગઈ. ત્યાં માસક્ષમણના તપસ્વી મુનિરાજ પધાર્યા. અકૃતપુણ્ય તેમને જોઈ દોડયો અને વિનયપૂર્વક કહ્યું. "હે સ્વામિન્! અમારા ઘરે આજે પાયસાન્ન (ખીર) બન્યો છે. આ ભોજનનો કેટલોક અંશ નિયમથી તમને ખવડાવી બાકીનો હું ખાઈશ." એમ કહી મુનિરાજને રોકી રાખ્યા. ત્યાં તો માતા આવી ગઈ. મા-પુત્રએ ઉમળકાભેર ખીરનું દાન કર્યું. મુનિરાજે ભોજન કરી 'અક્ષયદાન'ના આશીર્વાદ આપ્યા. ભોગવતીએ ખીરમાંથી પોતાના પુત્રને, અશોક શેઠ તથા તેમના પુત્રો અને નગરના અમુક લોકોને આમંત્રિત

કરી ખીરનું ભોજન કરાવ્યું. આ હતું મુનિદાનનું ફળ !

ભાગવતના દશમા સ્કંધના પાંચમા અધ્યાયમાં દાનનો મહિમાં વર્ણવતાં કહ્યું છે -

'દાન ન કરવાથી મનુષ્ય દરિદ્ર બને છે. દરિદ્ર હોવાથી પાપ કરે છે. પાપના પ્રભાવે નરકગામી બને છે. પુન: પુન: દરિદ્ર અને પાપી થયા કરે છે.' દાન ન આપવાનું કેવું ભયંકર પરિણામ !

**અકૃતપુણ્યની રૂપક કથા (પ્રબંધ પંચશતી, કથા-૩૮૬)** આ પ્રમાણે છે.

એકવાર **પદ્મપુર**ના **વજ્ર રાજા સિંહ** નામના વૈરીને જીતવા નીકળ્યા. બન્ને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. વિજયી બની પાછા ફરતાં રસ્તામાં કોઈ પુરુષનું મડદું પડયું હતું. તેને ખાવા માટે એક કૂતરો ધસી આવ્યો. ત્યારે બીજા કૂતરાએ અટકાવતાં કહ્યું - "હે ભાઈ ! મારું વચન પ્રથમ સાંભળ પછી મૃતદેહને ખાજે.

**"हस्तौ दानविवर्जितौ श्रुतिपुटौ, सारस्वतद्रोहिणौ ।**
**चक्षुः साधुविलोकने न रसिकं, पादौ न तीर्थाध्वगौ ।**
**लुञ्चालञ्चत द्रव्यपूर्णमुदरं गर्वेण तुङ्गं शिरो**
**भ्रातः कुक्कुर ! मुञ्च मुञ्च सहसा निन्द्यस्य निन्द्यं वपुः ।।"**

**અર્થ :** હે ભાઈ કુતરા ! નિંદવા લાયક આ પુરુષનું શરીર જલ્દી ત્યાગ કર કારણકે એના હાથ દાન રહિત હોવાથી અશોભનીય છે. એના કાન સરસ્વતીનો દ્રોહ કરવાથી અપવિત્ર છે. એના ચક્ષુ સાધુ-પુરુષોને જોવામાં દ્વેષી છે અને એના પગોએ તીર્થની મુસાફરી કરી નથી. એનું પેટ લૂંટી લૂંટીને મેળવેલ દ્રવ્યથી પૂર્ણ છે. એનું મસ્તક ગર્વથી ઉન્નત બનેલું છે.

આવા પાપીનું એકપણ અંગ પવિત્ર ન હોવાથી બન્ને કૂતરાઓ શબને છોડી બીજા સ્થળે ચાલ્યા ગયા. આમ, દાન વિનાનો કૃપણ અકૃતપુણ્ય માનવી પશુઓને પણ પ્રિય નથી.

**આરંભક દ્વીજ :** (પુણ્યાશ્રાવક કથાકોશમ્)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **પદ્મપુર**માં **શંખદારુક** નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેનો **આરંભક** નામનો પુત્ર હતો; જે વિદ્વાન હતો. તે અનેક શિષ્યોને ભણાવતો હતો. એકવાર તેણે ગોચરી માટે પધારેલા મહામુનિને વિધિપૂર્વક આહાર આપ્યો. આ દાનના પ્રભાવે તે યુગલિક ક્ષેત્રમાં અને ત્યાર પછી સ્વર્ગમાં ઉત્પન્ન થયો. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી **ધાતકીખંડ દ્વીપ**માં **ચક્રપુર**ના **રાજા હરિવર્મા** અને **રાણી ગાંધારી**નો **વ્રતકીર્તિ** નામનો પુત્ર થયો. ત્યાર પછી તપના પ્રભાવે સ્વર્ગમાં દેવપણે જન્મ્યો. ત્યાંથી ચ્યવી પૂર્વ **મહાવિદેહ**માં **મંગલવતી દેશ**માં **રત્નસંચયપુર**માં **રાજા અભયઘોષ** અને **રાણી ચંદ્રાનના**નો **પયોબલ** નામનો પુત્ર થયો. તે ભવમાં તપ કરી **પ્રાણત** દેવલોકમાં દેવ થયો. ત્યાંથી કાળ કરી ભરતક્ષેત્રમાં **પૃથ્વીપુર**ના રાજા **જયંધર** અને રાણી **વિજ્યા**નો **જયકીર્તિ** નામે પુત્ર થયો. **અયોધ્યા નગરી**માં **જિતશત્રુ રાજા** (**અજિતનાથ તીર્થંકર**ના પિતા)ના ભાઈ **વિજયસાગર** અને **વિજયસેના**નો **સગર** નામનો પુત્ર થયો.

આ સગર આ અવસર્પિણી કાળનો બીજો ચક્રવર્તી બન્યો. તેના ૬૦,૦૦૦ પુત્રો થયાં. તેમણે ચક્રવર્તીની આજ્ઞાથી કૈલાશ પર્વતની ચારે બાજુ દંડરત્ન વડે જળથી ભરેલી ખાઈ ખોદી. ત્યારપછી સગરનો જ્યેષ્ઠ પુત્ર **જહનુ** અને બીજો પુત્ર **ભાગીરથ** દંડરત્ન લઈ ગંગાજળ લેવા ગયા. માર્ગમાં દંડરત્નના વેગથી

ક્રોધિત થયેલા ધરણેન્દ્રે અન્ય પુત્રોને મારી નાંખ્યાં. ત્યારે પૂર્વે સગર ચક્રવર્તી દ્વારા અપાયેલ નવકાર મંત્રના પ્રભાવથી કોઈ જીવ દેવ બનેલો તેણે બ્રાહ્મણનો વેષ પહેરી સગર ચક્રવર્તીને પ્રતિબોધ પમાડયો. સગર ચક્રવર્તીએ દીક્ષા લઈ ઘોર તપશ્ચર્યા કરી મુક્તિ મેળવી.

એકવાર ભાગીરથે કોઈ સાધુને પૂછયું કે, ''મારા પિતૃઓએ કેવું સમુદાયિક કર્મ ઉપાર્જન કર્યું હતું કે તેમના પુત્રો એક સાથે મૃત્યુ પામ્યાં ?'' સાધુએ કહ્યું, ''**અવંતી** ગામમાં ૬૦,૦૦૦ ખેડૂતો રહેતાં હતાં. ત્યાં એક કુંભાર પણ રહેતો હતો. એકવાર સર્વ ખેડૂતોએ ભેગાં મળીને સાધુની નિંદા કરી ત્યારે કુંભારે ખેડૂતોને અપકૃત્ય કરતાં રોક્યાં. થોડા સમય પછી કુંભાર બીજા ગામમાં રહેવા જતો રહ્યો. ભીલોએ ખેડૂતોને મારી નાંખ્યાં. તે સર્વ દુર્ધ્યાનમાં મૃત્યુ પામી શંખ, કોડી આદિ અનેક ભવોમાં પરિભ્રમણ કરતાં **અયોધ્યા** નગરીની બહાર ક્ષુદ્ર વર્ષાઋતુના કીડા (ગિંજાઈ) થયા. આ કીડાઓ હાથીના પગ નીચે ચગદાઈને મૃત્યુ પામી બીજા ભવમાં તાપસ થયાં. ત્યાંથી જ્યોતિષી દેવમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવી સગર ચક્રવર્તીના પુત્રો થયાં. કુંભારનો જીવ કિન્નર બની અયોધ્યામાં મંડલેશ્વર બન્યો. ત્યાંથી મૃત્યુ પામી સ્વર્ગમાં ગયો. આ કુંભાર તે તું ભાગીરથ છે.''ભાગીરથને પોતાનો પૂર્વભવ સાંભળી વૈરાગ્ય ઉત્પન્ન થતાં દીક્ષા લીધી. તેમણે સંયમનું સમ્યક્પણે પાલન કરી મુક્તિપુરીના શાશ્વત સુખો મેળવ્યાં.

આમ, આરંભક દ્વીજ મિથ્યાદષ્ટિપણામાં સુપાત્ર દાન આપી ચક્રવર્તી પદ પામી મુક્તિ લક્ષ્મીને વર્યો.

માટે જ કહ્યું છે, ''**नास्ति दानात् परं मित्रमिह लोके परत्र च।**'' દાન સમાન આ લોક અને પરલોકમાં (સુખ આપનાર) કોઈ મિત્ર નથી.

**ઈલાતીપુત્ર :** (ઋષિમંડલ પ્રકરણ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **ઈલાવર્ધન** નામની નગરીમાં **જિતશત્રુ રાજા** રાજ્ય કરતા હતા. આ નગરીમાં **ઈભ્ય** નામે એક શ્રેષ્ઠી વસતા હતા. તેમની **ધારિણી** નામની પત્ની હતી. તેમના જીવનમાં સંતાનનો ખાલીપો હતો. પુત્ર પ્રાપ્તિના હેતુથી દંપતીએ નગરની અધિષ્ઠાયિકા ઈલાદેવીની આરાધના કરી. સમય જતાં ધારિણીએ પુત્રને જન્મ આપ્યો. તે પુત્રનું **'ઈલાતીપુત્ર'** એવું નામ રાખ્યું.

યૌવન વયે **લંખિકા** નામની નટ કન્યાના રૂપમાં અંજાઈ ગયો. પિતાને ઘણો પસ્તાવો થયો. પિતાએ વિચાર કર્યો, 'નટકન્યા નહીં મળે તો તે દુઃખનો માર્યો આત્મઘાત કરશે તો હું તો વાંઝીયો બની જઈશ. આ તો 'હા' કહેતાં જીભ વઢાય અને 'ના' કહેતાં નાક વઢાય એવું થયું. અંતે મમતાળુ પિતાએ પુત્રનું દુઃખ ટાળવા કુલાચારને નેવે મૂક્યો. ઈલાતીપુત્રને નટકન્યા સાથે પરણાવવા તેઓ તૈયાર થયા.

ઈલાતીપુત્રના પિતાએ **લંખિક નટ**ને બોલાવી કહ્યું, ''મારો પુત્ર તારી કન્યાને પરણવા ઈચ્છે છે, તો તું તારી કન્યા મારા પુત્રને આપ !'' લંખિક નટે કહ્યું, ''તમારા પુત્રને મારી કન્યા તો જ આપું, જો તમારો પુત્ર નટમંડળીમાં આવીને રહે, અમારી સાથે ભોજનાદિ કરે, અમારી સાથે નટકળાનો અભ્યાસ કરે. જ્યારે એ નટકળામાં નિષ્ણાંત બની ખૂબ ધન ઉપાર્જન કરશે ત્યારે હું અતિ પ્રસન્ન થઈ મારી કન્યાને તેની સાથે પરણાવીશ.'' ઈલાતીપુત્ર નટમંડળીમાં જોડાયો.

ઈલાતીપુત્ર બુદ્ધિશાળી તો હતો જ અને કામરાગે તેના ઉત્સાહને વધાર્યો. અલ્પ સમયમાં તે નૃત્ય કળામાં પારંગત થયો.

હવે, ધન કમાવવા લંખિક નટના આદેશથી નટમંડળીને લઈને ઈલાતીપુત્ર **બેનાતટ નગરે** જઈ રાજાને વિનંતી કરી કે, ''અમે આપને અમારી નૃત્યકળા દેખાડવા ઈચ્છીએ છીએ.'' રાજાએ સંમતિ આપી કહ્યું, ''જો તમારી નૃત્યકળાથી મને ખુશ કરશો તો હું તમને ઘણું ધન આપીશ.''

ઈલાતીપુત્રને જોઇતું હતું તે મળી ગયું! તેણે રાજા અને પ્રજા સમક્ષ પોતાની સઘળી કુશળતાથી વિવિધ અભિનયોથી નૃત્ય કરી બતાવ્યાં.

ઈલાતીપુત્ર નટકન્યાને પ્રાપ્ત કરવા આ બધું કરી રહ્યો હતો. નટકન્યાનો પણ જબરો સહકાર હતો. તાલ મુજબ પટહ વગાડવાનું કામ નટકન્યા જાતે જ કરતી હતી. નટકન્યા પટહને એવી તાલબદ્ધ રીતે વગાડતી હતી કે એથી ઈલાતીપુત્રને નૃત્ય કરવામાં ક્ષણે ક્ષણે નવું જોમ મળતું રહે; એથી જ પ્રેક્ષકોની નજર નટકન્યા તરફ ખેંચાયા વિના રહી નહિ.

બીજી બાજુ નટકન્યા પણ ઈલાતીપુત્રને મેળવવા ભારે ઉત્સુક હતી. બન્નેની ઉત્સુકતાની સફળતા આ નૃત્યની સફળતાને અવલંબેલી હતી. આથી, ઈલાતીપુત્રનું નૃત્ય જનસમુદાયને મનોરંજન કરવામાં અપૂર્વ હતું અને નટકન્યાનું પટહવાદન અદ્‌ભુત હતું. નટકન્યાના પટહવાદને રાજાનું મન આકર્ષી લીધું. રાજા પણ નટકન્યાને જોઈ મોહિત થયો. રાજા નટકન્યાના રૂપ લાવણ્યને જોઈ કામવિવશ બની ગયો.

રાજાને ખબર પડી કે, 'ઈલાતીપુત્ર અને નટકન્યા અપરિણીત છે. ઈલાતીપુત્ર નટકન્યાને પોતાની પત્ની માને છે. આમ છતાં જો કોઈ પણ ઉપાયે ઈલાતીપુત્ર મરણ પામે તો હું આ નટડીને ઉઠાવડાવી લઉં!' આ હેતુથી રાજા ઈલાતીપુત્રના મરણના ઉપાય શોધવા લાગ્યો. રાજાએ ઈલાતીપુત્રને એવાં એવાં નૃત્યો કરવાનું સૂચન કર્યું, જે નૃત્ય કરતાં જરાક નજરફેર થાય તો નૃત્ય કરનાર મરણ પામ્યા વિના રહે નહીં.

ઈલાતીપુત્રનું નટકન્યા પ્રત્યેનું આકર્ષણ એમાં પૂર્વભવનો રાગ જ પ્રેરક હતો. જ્યારે રાજાને નટકન્યા પ્રત્યેનું આકર્ષણ હતું તેનું કારણ માત્ર દેહસૌંદર્ય હતું.

નટકન્યાના રૂપ લાવણ્યથી જ કામવિવશ બની ગયેલા રાજાએ ઈલાતીપુત્ર મરણ પામે તે હેતુથી જ વાંસ ઉપર ચડીને કટીનૃત્યાદિ નૃત્યો કરવાનું ઈલાતીપુત્રને સૂચવ્યું.

ઈલાતીપુત્રએ વાંસ ઉપર ચડીને નૃત્યકળા બતાવી. પ્રેક્ષકો આશ્ચર્યમુગ્ધ બન્યા. ઈલાતીપુત્રને થયું કે મારા આ નૃત્યથી રાજા અવશ્ય પ્રસન્ન થશે અને મોં માંગ્યું ઈનામ આપશે.

રાજા કામની વિવશતાના યોગે ક્રૂર બન્યો હતો. કોઈ પણ પ્રકારે ઈલાતીપુત્ર મરે એમ જ ઈચ્છતો હતો. તેણે ઈલાતીપુત્રને કહ્યું, ''તું વાંસ ઉપર ચડીને વાંસનો આધાર લીધા વિના નૃત્ય કરી બતાવ.'' કામવિવશ ઈલાતીપુત્રે આકાશમાં નિરાધાર નૃત્ય કરી બતાવ્યું. તેમ છતાં રાજાએ ઈનામ આપ્યું જ નહિ. રાજાના મનમાં ખોટ હતી. 'આવું નૃત્ય કરવા છતાં ઈલાતીપુત્ર મર્યો કેમ નહીં?' રાજાએ પોતાના આશયને સફળ બનાવવાના હેતુથી બીજે દિવસે ઈલાતીપુત્રને બોલાવ્યો. બીજે, ત્રીજે દિવસે ઈલાતીપુત્રે જોખમી નૃત્યો કર્યાં પરંતુ મર્યો નહીં કે થાક્યો નહીં. રાજાએ ચોથે દિવસે બોલાવ્યો. રાજાના કુટિલ આશયની ગંધ ઈલાતીપુત્રને ન આવી. રાજા નટકન્યા સહિત તેનું બધું હરી લેવાની ધૂનમાં હતો, તેથી ઈલાતીપુત્રનો કાંટો કાઢી નાખવા તત્પર હતો.

ચોથે દિવસે ઈલાતીપુત્ર રાજાને ખુશ કરવા વાંસ ઉપર ચડવા તૈયાર થયો. તે જ વખતે તેને અચાનક વિચાર આવ્યો કે, 'ત્રણ ત્રણ દિવસો થયા છતાં રાજા ખુશ કેમ થતો નથી?' વાંસ ઉપર ચડી રાજાના મનોભાવને કળવાનો પ્રયત્ન કર્યો. કામીજનોની ઈન્દ્રિયોની કામચેષ્ટા છૂપી રહી શકતી નથી. ઈલાતીપુત્રએ રાજા ઉપર નજર નાખી. તેના મનોભાવોને પામી ગયો. 'રાજાનું મન મારી પ્રિયામાં આસક્ત બન્યું છે એથી

રાજા મારા મરણને ઈચ્છે છે.' આ પ્રત્યાઘાતે ઈલાતીપુત્રનો વિવેક જાગૃત થયો. 'અહો ! વિષયની વિષમતા કેવી છે ? ધિક્કાર છે આ વિષયને, જેની આધીનતાથી હું પણ મૂંઝાયો. આ રાજા પણ કામવિવશતાના યોગે, નીચકુળમાં ઉત્પન્ન થયેલી આ નટડીમાં આસક્ત થઈ ગયો છે તેથી મને મારી નાંખવા મારી પાસેથી વારંવાર જોખમી નૃત્ય કરાવે છે. રાજાના અંત:પુરમાં દેવાંગના સમાન ઘણી રાણીઓ હોવા છતાં રાજા પણ આ નટકન્યામાં આસક્ત બન્યો છે. ખરેખર ! કાગડો જેમ ભર્યા તળાવના પાણીને છોડીને બેડાના પાણી પીવા જાય છે, તેમ નીચ લોકો પોતાની પત્નીને છોડી પરસ્ત્રીમાં લંપટ બને છે ! ખેર, મેં કામાધીન બની માત-પિતાને તરછોડયાં. તેમની શિખામણ અવગણી હું નટમંડળીમાં ભળ્યો, નટકળા શીખ્યો, છેવટે ઈનામ મેળવવા પણ નીકળ્યો ! વિષયસુખની વાંછામાં મેં કુળને કલંક લગાવ્યું. ધિક્કાર છે મને ! મેં કારમી મૂર્ખાઈ કરી છે. મેં વિરાગને છોડી વિષયને અપનાવ્યો છે. મેં હાથીને વેચી ગધેડાની ખરીદી કરી છે ! ધિક્કાર છે મને મારા કર્મને !'

ઈલાતીપુત્ર વૈરાગ્ય વાસિત હૃદયવાળો બન્યો. તે જ વખતે તેની નજર એક મહાશ્રેષ્ઠીના ઘર ઉપર પડી. ઈલાતીપુત્રએ જોયું કે શેઠના ઘરમાં કેટલાક મુનિરાજો ભિક્ષાર્થે પ્રવેશ્યા. મુનિરાજો ઘરમાં પ્રવેશ્યા, કે તરત જ શેઠની પુત્રવધૂ મોદકનો થાળ લઈને મુનિરાજોની સામે આવી. શેઠની પુત્રવધૂ રૂપમાં રંભાને હરાવે તેવી હતી. એકાંત સ્થળ છે, છતાં મુનિરાજો એ યુવતીને જોવા આંખ ઊંચી કરતા નથી. મુનિરાજ ભિક્ષાગ્રહણ કરી ઈરિયાસમિતિનું પાલન કરતા ચાલ્યા ગયા.

ઈલાતીપુત્રે અનુપમ દશ્ય જોયું. ઈન્દ્રિયોનો અપૂર્વ નિગ્રહ સાધ્યો છે એવા મુનિરાજો ઈલાતીપુત્રના હૈયામાં વસી ગયા. મનોમન મુનિવરોને ધન્યવાદ આપ્યા. અકાર્યો કરવામાં આળસુ, પ્રાણીવધ કરવામાં પાંગળા, પરનિંદા સાંભળવામાં બહેરા અને પરસ્ત્રી જોવામાં પ્રજ્ઞાચક્ષુ જેવા આ મુનિવરો ધન્ય છે. તે વંદનીય છે. ક્યાં એ મહાત્મા અને ક્યાં હું ? હું નીચકુળમાં ઉત્પન્ન થયેલી નટકન્યામાં વિષયસેવનની ઈચ્છાથી લુબ્ધ થઈ ગયો. ધિક્કાર છે મને !'

આત્મનિંદા કરતાં કરતાં ઈલાતીપુત્ર શુભધ્યાનમાં આરૂઢ થયા. ચારે ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટ થયું. તરત જ નિકટવર્તી શાસન દેવતાઓએ પરમ પુરુષને મુનિવેશ આપ્યો. ઈલાતીપુત્ર અણગારે ધર્મોપદેશ આપ્યો. કેવળજ્ઞાની મુનિવર ઈલાતીપુત્રનો ધર્મોપદેશ વિરામ પામ્યો ત્યારે રાજાએ પૂછ્યું, ''આપને આ નટકન્યા વિષે રાગ થયો તેનું કારણ શું ?''

ઈલાતીપુત્ર મહાત્માએ કહ્યું, ''પૂર્વે **વસંતપુર** નામના નગરમાં **મદન** નામે રાજપુરોહિત હતો. તેની **મોહિની** નામે ધર્મપત્ની હતી. બન્નેને એકબીજા પ્રત્યે ગાઢ અનુરાગ હતો.

એ દંપતીને એકવાર સુગુરુનો યોગ થયો. એ સુગુરુએ તેમને ધર્મોપદેશ આપ્યો. બન્નેએ વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંસારનો ત્યાગ કરીને દીક્ષા ગ્રહણ કરી.

મદન અને મોહિની દીક્ષિત બનીને ધર્મનું પાલન કરવા લાગ્યા. તેઓ પોતપોતાની વચ્ચેની ગાઢ પ્રીતિને તોડવામાં નિષ્ફળ નીવડયાં. સંયમાચારોને સેવવા છતાં તેઓ બન્ને મરણ પર્યંત પરસ્પર પ્રીતિવાળા જ રહ્યા. વધુમાં, મોહિની સાધ્વીને કોઈએ તેની જાતિ પૂછી. ત્યારે મોહિની સાધ્વીએ મૂઢતાથી પોતાના કુળની ઉત્તમ બ્રાહ્મણકુળ તરીકે પ્રશંસા કરી. તેણે જાતિમદથી ઉત્પન્ન થતું દુષ્કર્મ ઉપાર્જ્યું.

મરતાં સુધી પોતાના ગુરુ પાસે મોહિની સાધ્વીએ પાપની આલોચના ન કરી. મદન અને મોહિની સાધ્વાચારનું પાલન કરી, ત્યાંથી મૃત્યુ પામી દેવલોકમાં ગયા. દેવલોકમાંથી ચ્યવી મદનનો જીવ ઈલાવર્ધન નગરમાં શ્રેષ્ઠીપુત્ર તરીકે ઉત્પન્ન થયો. પૂર્વ ભવમાં અમારા વચ્ચે ગાઢ પ્રેમ હતો તેથી આ ભવમાં પણ મને આ નટકન્યા તરફ અતિશય સ્નેહ થયો હતો.''

ઈલાતીપુત્ર મહાત્માના મુખેથી તેમનો આ સ્નેહવૃત્તાંત સાંભળી રાજા પણ વૈરાગ્ય વાસિત અંતઃકરણવાળો બન્યો. નટકન્યા પણ વૈરાગ્યવાસિત મન વાળી થઈ. બન્ને સંયમના યાત્રી બન્યા.

સુપાત્રને દાન આપનારું દશ્ય એક રાગીને વિરાગી બનાવી ગયું !

**ઉત્તમ કુમાર :** (જૈન કથાયેં - ૧૫)

**વારાણસી** નગરીમાં વિદ્યાપ્રેમી અને ગુણોપાસક **મકરધ્વજ** રાજાની આણ વર્તાતી હતી. તેમની **લક્ષ્મીવતી** નામની રાજમહિષી હતી, જે ઉત્તમ શ્રાવિકા હતી. તેમનો એક સદાચારી અને ધર્મ પ્રેમી **ઉત્તમકુમાર** નામનો રાજકુમાર હતો, જે બહોંતેર કળાઓમાં પારંગત હતો.

એક વાર કોઈ શ્રેષ્ઠીપુત્ર ભાગ્ય અજમાવવા પરદેશ જવા નીકળ્યો ત્યારે ઉત્તમકુમારે પણ તેની સાથે દેશાટને જવા પ્રસ્થાન કર્યું. તેઓ વારાણસીથી **ચિત્રકૂટ** આવ્યા. ચિત્રકૂટ નરેશ ઉત્તમકુમારની હોંશિયારી, સદાચારીથી પ્રસન્ન થયો. તેણે પોતાનું રાજ્ય ઉત્તમકુમારને સોંપ્યું. ચિત્રકૂટ નરેશને પાછા ફરવાનું વચન આપી ઉત્તમકુમાર **ગુજરાત**ના **ભૃગુકચ્છ(ભરૂચ)** શહેરમાં આવ્યો. **કુબેરદત્ત** નામના વ્યાપારી સાથે જહાજમાં બેસી **લંકા** દેશના **શૂન્ય દ્વીપ**માં આવ્યો. અહીં યાત્રીઓ મીઠું પાણી લેવા જહાજમાંથી નીચે ઉતર્યા. તેમને રાક્ષસે પકડયાં.

**લંકેશ ભ્રમરકેતુ** (દૈત્ય) સાથે ઉત્તમકુમારનું યુદ્ધ થયું. ઉત્તમકુમારે સર્વનો પરાભવ કર્યો. જહાજ ચાલ્યું ગયું તેથી તે એકલો રહ્યો. કુબેરદત્ત તેને છોડી ચાલ્યો ગયો. ઉત્તમકુમારને આ દ્વીપની અધિષ્ઠાયિકા દેવી મળી. તેણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ ઉત્તમકુમારને પરદારા-સહોદરવ્રત નિષ્ઠાવાન જાણી દેવી અતિ પ્રસન્ન થઈ. દેવીએ બાર ક્રોડ સુવર્ણમુદ્રા ભેટમાં આપી.

ત્યારપછી અટવીમાં તેને દેવકુમારી જેવી દૈત્યકન્યા **મદાલસા** મળી. મદાલસા સાથે ગાંધર્વ વિવાહ થયા. મદાલસાની વૃદ્ધ દાસીને લઈ ઉત્તમકુમાર સમુદ્ર તટ પર આવ્યો. ત્યારે તેને કુબેરદત્ત મળ્યો. કુબેરદત્તે મદાલસાને જોઈ. તેના રૂપ પાછળ પાગલ બન્યો. તેણીને પોતાની કરવાની દુર્ભાવનાથી ઉત્તમકુમારને સમુદ્રમાં ફેંકી દીધો. મગરમચ્છ ઉત્તમકુમારને ગળી ગયો. આ મત્સ્ય માછીમારની જાળમાં ફસાયો. આયુષ્યબળે ઉત્તમકુમાર મગરની જઠરમાં જીવિત રહ્યો પરંતુ પ્રાણવાયુના અભાવથી તે મૂર્છિત થયો. માછીમાર વડે મત્સ્ય ચીરાતાં ઉત્તમકુમાર બહાર નીકળ્યો. પ્રાણવાયુ મળતાં તે સચેતન થયો.

ત્યાંથી આગળ વધતાં રાજકુમારી **તિલોત્તમા**ને સર્પવિશથી નિર્વિશ કરી જીવનદાન આપ્યું તેથી તિલોત્તમા એ ઉત્તમકુમારને જ પોતાના ભરથાર સ્વીકાર્યા.

એકવાર ઉત્તમકુમાર ઉદ્યાનમાં સામાયિક કરી રહ્યો હતો ત્યારે કુબેરદત્તના કહેવાથી **ચપલા** નામની દાસીએ પુષ્પહાર ભેટ ધર્યો. આ હારમાં સાપ છુપાયેલો હતો. સર્પદંશથી કુમાર બેભાન થયો. મૂર્છિત કુમારને **અનંગસેના** (વારાંગના) પોતાને ત્યાં લઈ ગઈ. તેણીએ સર્પ વિષહાર મણિથી કુમારને જીવિતદાન આપ્યું. ધુતારી વારાંગનાએ મંત્રિત દોરો બાંધી કુમારને પોપટ બનાવી દીધો. દિવસના દોરો બાંધી તેણી પોપટ બનાવી રાખતી અને રાત્રિના સમયે દોરો કાપી માનવ બનાવતી. એક દિવસ પિંજરાની બારી ખુલ્લી રહી જતાં પોપટ ઉડી ગયો. તે પોપટ **રાજા નરવર્મા** પાસે આવ્યો. તેણે પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. રાજાએ દોરો કાપી નાંખ્યો. ઉત્તમકુમાર મૂળ રૂપમાં આવી ગયો.

કેવલી ભગવંતે ઉત્તમકુમારની જિજ્ઞાસા જોઈ તેનો પૂર્વભવ કહ્યો. હિમાલયની ગોદમાં **સુદત્ત** નામનું રમણીય ગામ હતું. ત્યાં **ધનદત્ત** નામનો શ્રીમંત રહેતો હતો. તેની ચાર પત્નીઓ હતી. નસીબનું પાનીયું બદલાયું અને તે નિર્ધન બન્યો. એકવાર શિશિર ઋતુની કડકડતી ઠંડીમાં તેણે ચાર જિનકલ્પી મુનિઓને કાયોત્સર્ગમાં શીત આતાપના લેતાં જોયાં. ગરીબ હોવા છતાં દયાભાવથી પ્રેરાઈ ધનદત્તે પોતાનાં ગરમ કપડાં ઉતારી મુનિઓને ઓઢાડયાં. મહાપુણ્યના પ્રતાપે ધનદત્તનો જન્મ વારાણસી નગરીના મકરધ્વજ રાજાના પુત્ર ઉત્તમકુમાર તરીકે થયો. ચાર મુનિઓને વસ્ત્રદાન આપવાથી તેને પાંચ રાજ્ય, પાંચ દિવ્ય રત્નો તથા અપાર સંપત્તિ પ્રાપ્ત થઈ. વળી, પૂર્વ ભવની ચાર પત્નીઓ આ ભવમાં તેને પુનઃ મળી.

પૂર્વભવમાં એકવાર મુનિનો વેશ જોઈ મનમાં ગ્લાનિ, ઘૃણા ઉત્પન્ન થઈ હતી. તે કર્મના ઉદયથી તેને કેટલોક કાળ સુધી મત્સ્યના પેટમાં અને માછીમારોની દુર્ગંધપૂર્ણ વસ્તીમાં નિવાસ કરવો પડયો.

ધનદત્તના જન્મથી હજાર જન્મ પૂર્વે તેણે એક પોપટને પિંજરામાં પૂર્યો હતો માટે અનંગસેનાએ તેને પોપટ બનાવી પિંજરામાં પૂરી કેદી બનાવ્યો. અનંગસેનાએ મશ્કરીમાં અદ્‌ભુત શૃંગાર સજીને આવતી પોતાની સખીને કહ્યું, ''તેં તો વેશ્યા જેવો ઠઠારો કર્યો છે!'' તેનાથી દુષ્ટકર્મ બંધાયું અને તે ગણિકા બની.

કર્મોના વિપાકને સાંભળી વૈરાગ્ય પામી રાજાદિકે પોતાના પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. તીવ્ર તપશ્ચર્યા કરી તે દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી તે **મહાવિદેહ ક્ષેત્ર**માંથી મુક્તિ પામશે.

આમ, નાનકડા દાન ધર્મની સેતુરૂપ સાંકળે મોક્ષરૂપી સિદ્ધિનો કળશ ઢોળાય છે.

**ઉદો અને લાછી** : (જૈન કથામાળા - ૧૬; પ્રબંધ ચિંતામણી)

**સોલંકી યુગ**ના રાજા **કુમારપાળ**ના રાજ્યકાળ દરમિયાન **ગુજરાત** રાજ્યની સમૃદ્ધિ ટોચ પર હતી. તે તેનો સુવર્ણયુગ હતો. રાજ્યને આ કક્ષાએ પહોંચાડવામાં તેના મંત્રીઓનો ફાળો મહત્ત્વનો હતો. સોલંકી યુગના મંત્રીઓ મોટે ભાગે જૈન હતા. રાજા કુમારપાળ રાજ્યની વૃદ્ધિ અને સફળતામાં **ઉદયન** મંત્રી અને તેના બે દીકરા **આંબડ** અને **બાહડ**નો સિંહફાળો હતો.

ઉદયન મૂળ **રાજસ્થાન**ના **ઝાલોર** શહેરની બાજુમાં આવેલા **વાઘેરા** નામના ગામનો વતની હતો. તેનું અસલ નામ **ઉદો** હતું. તેની આસ્થા જૈન ધર્મમાં હતી.

તેણે બાલ્યાવસ્થા અને યુવાવસ્થામાં કપરાં દિવસો કાઢયાં હતાં. તેની જિંદગી બહુ તકલીફો વચ્ચે પસાર થઈ હતી. નિર્ધનતાના કારણે બે છેડા માંડમાંડ ભેગા થતા. અંતે વિવશ થઈ રોજગારની તલાશમાં પરિવાર સહિત ફરતાં ફરતાં ગુજરાત રાજ્યની **કર્ણાવતી** નગરીમાં આવ્યા હતા. તેની પત્ની **સુહાદેવી**એ વેપારની દષ્ટિએ વિકસિત હોય તેવા સ્થળે રહેવા જવા સૂચવ્યું. એ સમયે ગુજરાતમાં **સિદ્ધરાજ**નું રાજ તપતું હતું અને તેની જાહોજલાલી કૂદકે ને ભૂસકે વધી રહી હતી. ઉદયને ભાગ્ય અજમાવવા ગુજરાતમાં જવાનું વિચાર્યું.

એ સમયે સિદ્ધરાજે ગુજરાતમાં પોતાના પિતા **કર્ણદેવ**ની સમૃતિમાં **કર્ણાવતી (અમદાવાદ)** નામનું શહેર વસાવ્યું હતું. કર્ણાવતી ઝડપથી વિકસતું શહેર હોઈ ટોપલો ભરાય એટલાં સપના લઈ ઉદયન પરિવાર સાથે મહાનગરમાં આવ્યો. સુખનાં સપના જોવાનો અધિકાર ગરીબને પણ છે. તે ત્યાં કોઈને ઓળખતો ન હતો તેથી ત્યાનાં જૈન મંદિરમાં ગયો. તે સમયે પર્યુષણના દિવસો ચાલતા હતાં.

જૈન શ્રાવકોની જેમ ઉદાનો એક નિયમ હતો પ્રતિદિન પ્રાત:કાળે જિનેન્દ્રદેવનું સ્મરણ-ભક્તિ કર્યા પછી જ સાંસારિક કાર્યો કરવાં. પોતાના નિત્ય નિયમાનુસાર નિર્ધન ઉદો જિનાલયમાં દર્શન કરી ઉપાશ્રયની બહાર દ્વાર પર બેસી ગયો. પર્યુષણ પર્વના દિવસો હતા. એટલે તેને એવી આશા હતી કે, 'કોઈ જૈન ભાઈ-બહેન મને સહાયતા કરે તો મારું કામ થાય.' મહાનગરમાં લોકોને ગરીબોના સપનાં પચતાં નથી. એક પછી એક ઘણાં ભાઈ-બહેનો આવ્યાં. કોઈએ તેને પૂછયું નહીં કે, 'તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? શા માટે અહીં બેઠો છે ?' બેઠાં બેઠાં ત્રણ કલાક પસાર થઈ ગયાં. તે ભવિષ્યનો વિચાર કરી રહ્યો હતો. 'શ્રીમંતાઈના શરીર ઉપર ગરીબીના ફરફોલા ઉઠયા છે. રૂપિયા કાગડના ટુકડાની જેમ ઉડાડાય છે પણ નામનામાં, ગરીબીને અહીં કોણ પૂછે છે ?' ઉગાની છાતીમાં ડૂમો બાઝી ગયો. તેના મુખ પર વિષાદ છવાયેલો હતો.

તે સમયે **લક્ષ્મી** (ગામના લોકો તેને **લાછી** કે **લચ્છી** નામથી બોલાવતા) નામની એક સુશ્રાવિકા જિનાલયમાં પ્રવેશી. લચ્છી દયાળુ સ્ત્રી હતી. તેણે ઉદાની આંખમાં આંસુ જોયાં. તે ગદ્‌ગદ્ બની ગઈ. તેણે સાધર્મિક સમજી ચિંતિત ઉદાને જોઈ પૂછપરછ કરતાં કહ્યું, "ભાઈ ! તમે કોઈ પરદેશી લાગો છો ? ક્યાંના નિવાસી છો ? ક્યાં ઉતર્યા છો ? શા માટે ખિન્ન છો ?" 'ભાઈ' શબ્દ સાંભળી ઉદાની આંખો અશ્રુભીની બની ગઈ. ઉદાએ નિરાશ સ્વરે કહ્યું, "બહેન ! હું મારવાડનો રહેવાસી છું. મારું નામ ઉદો છે. વતનમાં દુષ્કાળ પડતાં હું વખાનો માર્યો રોજગારની તલાશમાં અહીં આવ્યો છું. હું બે દિવસથી ભૂખ્યો છું. મેં વિચાર્યું કે, ઉપાશ્રયમાં આવનાર કોઈ ન કોઈ મને પૂછશે. તેથી અહીં આવીને બેઠો છું. હું તો નિરાશ થઈ પાછો જતો હતો. ત્યાં તમે મને પૂછયું." આટલું બોલતાં બોલતાં લાચાર ઉદાની આંખમાંથી આંસુ ખર્યાં.

આવનાર દંપતી જૈન છે, એમ જાણતાં શ્રાવિકાના હૃદયમાં સમ્યગ્દર્શનનું 'વાત્સલ્ય' અંગ ઉમટી આવ્યું. તેણે ડંકાની ચોટ સાથે કહ્યું, "ખબરદાર જો રડયા છો. તમે આજથી મારા ધર્મના ભાઈ છો. તમારા આખા કુટુંબને તૂટવા હું નહીં દઉં. ભાઈ! તમે મારી સાથે ચાલો, મારા ઘરે જ રહો. અજનબી ઉદો સંકોચ અનુભવવા લાગ્યો, વળી પોતાનો આખો પરિવાર સાથે હતો તેથી તે ખચકાયો. વિચક્ષણ લક્ષ્મીની નજરથી કંઈ અછાનું ન રહ્યું. ઉદો આનાકાની કરવા લાગ્યો. લાછીનો આગ્રહ વધ્યો.

અંતે લાછીના અતિ આગ્રહ અને નિશ્ચલ પ્રેમ સમક્ષ ઉદો લાચાર બન્યો. લક્ષ્મીએ તત્કાલ કહ્યું, "ભાઈ, તમારે અવશ્ય મારા ઘરે આવવું જ પડશે. *બહેનનું ઘર હોવા છતાં ભાઈ કે ભાણેજ-ભાણેજી કોઈ* બીજાનાં ઘરે આશ્રય માટે જાય તે શું રુડું લાદે ? ભાઈ સંકોચ ન કરો. ભાઈના પરિવારથી બહેનને કેવું કષ્ટ ! કેવી અનહોની વાતો કરો છો. મારી પાસે એક ખાલી મકાન છે તેમાં તમે સુખેથી રહેજો." ઉદો લાછીની વાતને ઠેલી ન શક્યો. લાછીની પરગજુતા અને આત્મીયતા સમક્ષ તેને ઝૂકવું જ પડયું. તે લાછીના ઘરે સપરિવાર રહેવા આવ્યો. લાછીએ ઉદાને સપરિવાર ભોજન કરાવી વસ્ત્રો આપ્યાં તેમજ વ્યાપાર માટે અર્થ રાશિ આપી ધર્મમાં સ્થિર કર્યો.

ઉદાએ શરૂઆતમાં નાને પાયે ઘીનો ધંધો શરૂ કર્યો. નીતિથી ધંધો કરતાં ટૂંકા ગાળામાં જ તેનો ધંધો સારો ચાલ્યો. પ્રમાણિકતા, મહેનત અને મન લગાવી વ્યાપાર કરતાં થોડા સમયમાં તેને સફળતા પ્રાપ્ત થઈ. તેની પાસે હવે થોડી મૂડી ભેગી થવાથી મોટો ધંધો શરૂ કર્યો. નીતિમત્તાને કારણે તેનો ધંધો ધીકતો ચાલ્યો.

ધંધામાં તે ઘણું કમાયો. પોતાની પાસે ધન એકત્રિત થવા પર પીઢરયુ ઘર (જૂનું મકાન) તોડી ઈંટોરી મકાન બનાવવાનો વિચાર કર્યો. જૂના ઘરનાં સમારકામ માટે લાછીની અનુમતિ માંગી. લાછીએ

કહ્યું,"ભાઈ! મેં તો તમને આ મકાન ક્યારનું આપી દીધું છે. તમારી મરજી થાય તેમ કરો. હું ખૂબ ખુશ છું કે તમારી પાસે સંપત્તિ એકઠી થઈ છે તેથી નવું મકાન બનાવવા જઈ રહ્યા છો."

નવા મકાનનું ખાત મુહૂર્ત થતાં જમીનમાંથી સુવર્ણમુદ્રાથી ભરેલો કળશ (ચરુ) નીકળ્યો. ઉદો ખૂબ જ પ્રમાણિક હોવાથી તે ધન લઈને તે ઘર લચ્છીનું હોવાથી તેને આપવા ગયો. "હવે તે મિલકત ઉદાની હોવાથી તે ધન પણ ઉદાનું જ ગણાય" એમ કહી લચ્છીએ તે ધન સ્વીકારવાની સાફ ના પાડી કારણ કે તે સમજતી હતી કે ઉદાને તેના પ્રારબ્ધથી ધનનો નિધિ પ્રાપ્ત થયો છે. જ્યારે ઉદો પણ એવું જ માનતો હતો કે 'કળશ ઉપર વાસ્તવિક અધિકાર લાછીનો જ છે કારણ કે જે જમીનમાંથી કળશ નીકળ્યો હતો તે જમીન લાછીની જ હતી તેથી તેમાં રહેલી પ્રત્યેક વસ્તુની હકદાર એકમાત્ર લાછી જ છે.'

નિઃસ્પૃહી ભાઈ-બહેન વચ્ચે લાંબો સમય સુધી ધન સંબંધી વાદ-વિવાદ ચાલ્યો. કોઈ કળશ સ્વીકારવા તૈયાર ન હતા. અંતે ઉદા વણિકે ધન રાખ્યું. તે કર્ણાવતીનો સૌથી ધનિક માણસ ગણાવા લાગ્યો. ઉદાની ઈમાનદારીની ઉમદા ભાવના જોઈ રાજાએ ઉદાને કર્ણાવતીના પહેલા નાગરિકનો દરજ્જો આપી મહામંત્રી બનાવ્યો. ઉદાને લક્ષ્મીનો ઉદય થવાથી તે 'મહામંત્રી ઉદયન' બન્યો. તેણે કર્ણાવતીના લોકોની ઉત્તમ સેવા કરી. આ ઉદયન મંત્રીને **બાહડ, ચાહડ, આંબડ** અને **સોલ્લ** નામના ચાર પુત્રો થયા.

તે સમયે **ખંભાત** (અમદાવાદથી ૯૦ કી.મી. દૂર) પશ્ચિમ ભારતનું ખૂબ જ ઉપયોગી બંદર હતું. રાજકારણીઓ તે શહેરના ગવર્નર થવા પડાપડી કરતા. ઈ.સ. ૧૧૨૦ની સાલમાં ઉદયનની યોગ્યતા અને શક્તિ જોઈને તેમને ખંભાતના રાજ્યપાલ બનાવવામાં આવ્યા. ઉદયને ઘણાં લાંબા સમય સુધી તે પદ સારી રીતે શોભાવ્યું. તેમના સેવાકાળ દરમિયાન બે મહત્ત્વના બનાવો શહેરમાં બન્યા.

(૧) રાજમાતા **મીનળદેવી**ના સૂચનથી **ભોલાદ**નો યાત્રાળુ કર માફ કર્યો.

(૨) પાંચ વર્ષના **ચાંગદેવ** નામના બાળકને જેનામાં મહાન સાધુ થવાની સુષુપ્ત શક્તિ હતી તેને દીક્ષા આપવવામાં **દેવચંદ્રસૂરિ** મહારાજને સહાય કરી. (પાછળથી ચાંગદેવ જૈનાચાર્ય **હેમચંદ્રસૂરિ** બન્યા.)

રાજા પ્રત્યેની ઉદયનની નિષ્ઠા નિર્વિવાદ હતી તેથી રાજા સિદ્ધરાજથી ગામેગામ છુપાતા ફરતા **કુમારપાળ**ને મદદ કરવામાં તેમને દ્વિધા હતી, છતાં જ્યારે આશ્રયની શોધમાં કુમારપાળ ખંભાત આવ્યા તો હેમચંદ્રસૂરિએ ઉદયનને મદદ કરવા માટે ફરજ પાડી. આચાર્ય પ્રત્યેના અહોભાવને લીધે તેમણે કુમારપાળને પોતાના ઘરના ભોંયરામાં છુપાવી દીધાં. થોડા જ સમયમાં સિદ્ધરાજનું અવસાન થયું અને કુમારપાળ ગુજરાતના રાજા બન્યા. રાજા કુમારપાળે ઉદયનને એમની જગ્યા પર જ ખંભાતના રાજ્યપાલ તરીકે કાયમ રાખ્યા અને થોડા જ વખતમાં **પાટણ**માં (ગુજરાતની રાજધાની) પોતાના અંગત સલાહકાર તરીક નીમ્યા.

પોતાના ખરાબ સમયમાં સહાય આપનાર પોતાના જૈન ધર્મને ઉદયન ભૂલ્યા ન હતા, તેથી જૈન ધર્મની પ્રભાવના કરવા માટે તેમણે પોતાની પદવી અને પૈસાનો ઉપયોગ કર્યો. ધર્મ પ્રત્યેની શ્રદ્ધા રૂપે તેમણે કેટલાક ધર્મસ્થાનો બંધાવ્યાં. તેમાંના ત્રણ તો જૈન ઈતિહાસના પૃષ્ઠ પર નોંધાયેલા છે. એક તો કર્ણાવતીમાં આવેલું **ઉદયન વિહાર,** બીજું **ઉદાવસહી** (ધોળકામાં કર્ણાવતીની નજીક) અને ત્રીજું ખંભાતમાં હતું.

દાન એ સત્કાર્ય છે. લાછીના દાનના ઉજાશે ઉદાના સંઘર્ષમય જીવનમાં અવિસ્મરણીય અજવાળું પાથર્યું તેથી તેણી ઈતિહાસના પૃષ્ઠો પર અમર બની ગઈ.

**કથાચૂડ** : (પ્રબંધ પંચશતી)

**"शुद्धान्नवस्त्रपात्रदि, ददानो यतये जनः।**
**लभते सुखसंघातं, सद्भूतं कथाचूड महीशवत्।।"**

**અર્થ :** જે માનવી સાધુને અન્ન-વસ્ત્ર-પાત્ર વગેરે આપે છે તે માનવી કથાચૂડ રાજાની જેમ સુખનો સમૂહ પ્રાપ્ત કરે છે.

**શ્રીપુર** નગરનો રાજા **કથાચૂડ** ૧૪૦૦૦ રાજાઓ, હાથીઓ અને ચાર દેશનો સ્વામી હતો. એક વખત તે **ચંદ્રપુર** નગરમાં આવ્યો ત્યારે ત્યાં કોઈ દેવમંદિરની નજીક એક ઘર જોઈ મૂર્છા પામ્યો. પ્રધાનોએ સેવક દ્વારા વીંઝણાથી પવન નાંખી સચેતન કર્યો. રાજાએ સ્વસ્થ થઈ પોતે બનાવેલો એક શ્લોક કહ્યો.

**"मार्गागतचतुः साधु प्रवरेभ्यः पृथक् पृथग्।**
**वस्त्र चतुष्टयं दत्त्वा, राज्यं प्रापन्महन्नृपः।।"**

**અર્થ :** "માર્ગમાં આવતા ચાર શ્રેષ્ઠ સાધુઓને અલગ અલગ ચાર વસ્ત્રોનું દાન આપીને મેં (રાજાએ) મહાન રાજ્ય પ્રાપ્ત કર્યું છે." મંત્રીએ કહ્યું, "રાજન્! શ્લોકનાં અર્થનું સ્પષ્ટીકરણ કરી કહો." ત્યારે રાજાએ કહ્યું, "આ ઘરમાં હું કુટુંબનો વડીલ **ધીર** નામનો ખેડૂત હતો. એકવાર ચાર સાધુ લાંબો વિહાર કરી સૂર્યાસ્ત થવાથી અહીં ઉતર્યા. મેં મારા ઘરમાં એમને વસતિ આપી, મધ્યાહ્ને શુદ્ધ આહાર વહોરાવ્યો અને ચારેને વેચાતું નહીં લાવેલ એક એક વસ્ત્ર દાનમાં આપ્યું.

**"त्रिपञ्चसंख्याशततापसानां तपःकृशानामपुनर्भवाय।**
**अक्षिणलब्ध्या परमान्नदाता स गौतमो यच्छातु वाञ्छितं मे।।"**

**અર્થ :** ગૌતમ સ્વામીજી મોક્ષ માટે તપથી કૃશ થયેલા પંદરસો તાપસોને અક્ષિણ લબ્ધિથી ખીરના દાતા બન્યા. તે ગૌતમ મને વાંછિત (ઈચ્છિત) આપો.

સાધુઓ વિહાર કરી બીજા સ્થળે ચાલ્યા ગયા. ક્રમે કરી આ **ધીર** નામનો કૌટુંબિક સુપાત્ર દાનનું પુણ્ય બાંધી મૃત્યુ પામી ચૌદ હજાર રાજાનો ઉપરી અને ચાર દેશનો સ્વામી થયો." મંત્રીએ પૂછયું, "તે રાજા કોણ ?" રાજાએ કહ્યું, "હું પોતે જ." મંત્રી બોલ્યો, "તમે કઈ રીતે જાણ્યું ?" રાજાએ કહ્યું, "જાતિસ્મરણ જ્ઞાનથી."

પછી રાજાએ પોતાનો પાછલો ભવ કહ્યો. રાજાના કથનથી ચમત્કાર પામેલા મંત્રીઓ અને નગરજનો ધર્મ કાર્ય કરવામાં તત્પર થયા. ત્યારપછી કથાચૂડ રાજા પ્રતિદિન શુદ્ધ વસ્ત્ર, અન્ન-પાનથી સાધુની ભક્તિ કરવા લાગ્યા. ક્રમે કરીને શુદ્ધ ભાવના ભાવતાં ગૃહસ્થાવાસમાં જ તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું ત્યારે દેવતાઓએ આપેલ યતિ વેષને સ્વીકારી અનેક ભવ્ય જીવોને પ્રતિબોધિ અમરપદ પામ્યા. દીક્ષા ગ્રહણ કરી, મુક્તિપુરીમાં ગયા.

**સ્વામી રામતીર્થે** કહ્યું છે - 'દાન આપવું એ જ ધન પ્રાપ્તિનું એકમાત્ર દ્વાર છે.' ધીર નામના ગરીબ માનવીએ દાનનું વાવેતર કરી બીજા ભવમાં લૌકિક અને લોકોત્તર સંપત્તિ મેળવી.

**કબૂતર યુગલ** : (સુલોચના ચરિત્ર, પુણ્યાસ્રવ કથાકોશમ્, પૃ. ૨૮૩)

**જંબુદ્વીપ**ના **કુરુજાંગલ** નામના આર્ય દેશની અંદર **હસ્તિનાપુર નગર**માં **જયકુમાર** રાજા રાજ્ય

કરતા હતા. તેમની **સુલોચના** નામની રાણી હતી. એક દિવસ રાજા-રાણી સભાભવનમાં બેઠાં હતાં ત્યાં આકાશમાર્ગે જતાં વિદ્યાધર યુગલને જોઈ જયકુમાર 'હા પ્રભાવતી' કહી મૂર્છિત થયો. રાણી સુલોચના પણ કબૂતર યુગલને જોઈ 'હા રતિવર' કહી અચેતન થઈ. સેવકો દ્વારા શીતલોપચાર થતાં રાજા-રાણી સચેતન થયાં. તેઓ એકબીજાને જોતા રહ્યા. આ ઘટનાથી દર્શકો પણ વિસ્મય પામ્યા. સુલોચનાએ કહ્યું, ''નાથ! હું રતિવરનું સ્મરણ કરી મૂર્છિત થઈ. તે રતિવર ક્યાં ઉત્પન્ન થયો છે?'' જયકુમારે કહ્યું, ''તે રતિવર હું સ્વયં છું.'' તત્પશ્ચાત્ જયકુમારે પૂછયું, ''દેવી! તમે પ્રભાવતીને જાણો છો?'' સુલોચનાએ કહ્યું, ''હું પોતે જ પ્રભાવતી છું.'' ત્યાર પછી બન્નેએ પોતાનો પૂર્વ ભવનો વૃત્તાંત એકબીજાને કહ્યો.

જંબુદ્વીપના પૂર્વવિદેહની પુષ્પકલાવતી વિજયમાં **મૃણાલપુર નગરમાં સુકેતુ રાજા** રાજ્ય કરતા હતા. ત્યાં **શ્રીદત્ત** નામનો વણિક હતો. તેની પત્નીનું નામ **વિમળા** હતું. તેમની **રતિકાંતા** નામની પુત્રી હતી. વિમળાનો **રતિવર્મા** નામે ભાઈ હતો અને **કનકશ્રી** નામની ભાભી હતી. તેમનો **ભવદેવ** નામે પુત્ર હતો. તેની ગર્દન લાંબી હોવાથી લોકો તેને **ઉષ્ટ્રગ્રીવ** કહેતા હતા. ભવદેવે મામા (શ્રીદત્ત) પાસેથી રતિકાન્તાનો હાથ માંગ્યો. ભવદેવ કમાતો ન હોવાથી મામાએ ના પાડી. હવે ભવદેવે વ્યાપાર કરવા પરદેશ જતાં પૂર્વે મામાને કહ્યું કે, ''હું જ્યાં સુધી પાછો ન ફરું ત્યાં સુધી રતિકાંતાના વિવાહ અન્ય સાથે ન કરવાં.'' બાર વર્ષની અવધિ માંગી તે પરદેશ ગયો પરંતુ કાળમર્યાદા પૂર્ણ થઈ જતાં ભવદેવ પાછો ન ફર્યો ત્યારે શ્રીદત્તે રતિકાંતાના વિવાહ **અશોકદેવ** અને **જિનદત્તા**ના પુત્ર **સુકાન્ત** સાથે કર્યા. અહીં જ્યારે ઉષ્ટ્રગ્રીવ (ભવદેવ) પાછો ફર્યો ત્યારે તેણે રતિકાંતાના વિવાહ અન્ય સાથે થયા છે તેવું જાણ્યું. તેણે સુકાન્તની હત્યા કરવાની સેવકોને સૂચના કરી પરંતુ રતિકાંતા અને સુકાન્તને જાણ થતાં તેઓ ઘર છોડી નાશી ગયાં.

અહીં શોભાનગરમાં **પ્રજાપાલ રાજા** અને **દેવશ્રી રાણી**ને ત્યાં **શક્તિસેન** નામનો એક બળવાન સેવક હતો. રાજાએ તેને મોટું પદ આપી **ધન્નગા** નામની અટવીમાં રાખ્યો હતો. સુકાન્ત તેના શરણમાં આવ્યો. ઉષ્ટ્રગ્રીવ તેમનો પીછો કરતો શક્તિસેનની છાવણી સુધી પહોંચી આવ્યો. તેણે સુકાન્ત અને રતિકાંતાની માંગણી કરી. આ સાંભળી સહસ્રભટ ધનુષની સાથે બહાર નીકળ્યો. ઉષ્ટ્રગ્રીવ ત્યાંથી ભાગ્યો.

એકવાર શક્તિસેને **અમિતગતિ** નામના જંઘાચરણ મુનિને પ્રતિલાભ્યા. તેમને આહારદાન આપ્યું. ત્યારે પંચાશ્ચર્ય થયું. સરોવરના કાંઠે પડાવ નાંખીને બેઠેલા **મેરૂદત્ત** શેઠે આ દશ્ય જોયું. શેઠ પ્રશસ્ત દાતાને જોવા આવ્યો. ત્યારે શક્તિસેને તેને પોતાને ત્યાં ભોજન કરવાની વિનંતી કરી. મેરૂદત્ત શેઠે એક શરતે ભોજન કરવાની હા પાડી. ''જો તમે મારું કહ્યું કહો તો હું તમારે ત્યાં ભોજન કરીશ.''શક્તિસેને હા પાડી. શેઠે કહ્યું, ''તમે એમ બોલો કે આ દાનના પ્રભાવથી આગામી ભવમાં હું તમારો પુત્ર બનું.'' શક્તિસેને એવું નિદાન કર્યું. તેની પત્ની **અટવીશ્રી**એ પણ 'આ દાનની અનુમોદનાથી ઉત્પન્ન થયેલ પુણ્યના પ્રભાવથી હું તેની પત્ની બનું.'' એવું નિદાન કર્યું. શેઠની પત્ની **ધારિણી**એ 'મેરૂદત્તની પત્ની બનું.' એવું નિદાન કર્યું. ત્યારપછી મેરૂદત્ત શેઠે શક્તિસેનને ત્યાં ભોજન કર્યું. મેરૂદત્ત શેઠ મૃત્યુ પામી **પુંડરીકિણી નગરી**માં **પ્રજાપાલ રાજા**ને ત્યાં **કુબેરમિત્ર** નામના રાજશ્રેષ્ઠી બન્યા. પ્રજાપાલ રાજાની પત્નીનું નામ **કનકમાલા** અને પુત્રનું નામ **લોકપાલ** હતું. ધારિણી મરીને કુબેરમિત્ર શેઠની પત્ની **ધનવતી** થઈ. શક્તિસેન મૃત્યુ પામી **કુબેરકાંત** નામે તેમનો પુત્ર થયો. શક્તિસેનની પત્ની અટવીશ્રી કુબેરમિત્રની બહેન **કુબેરમિત્રા** થઈ અને **સમુદ્રદત્ત** શેઠની પુત્રી **પ્રિયદત્તા** થઈ.

અહીં ઉષ્ટ્રગ્રીવે સહસ્રભટના મૃત્યુના સમાચાર સાંભળી સુકાન્ત અને રતિકાંતાના ઘરને આગ લગાડી. નગરજનોએ ઉષ્ટ્રગ્રીવને પકડી અગ્નિમાં ફેંક્યો. બન્ને મૃત્યુ પામી કુબેરમિત્ર શેઠને ત્યાં **રતિવર** અને **રતિવેગા** નામના કબૂતર યુગલ થયાં અને ઉષ્ટ્રગ્રીવ મૃત્યુ પામી બિલાડો થયો.

કુબેરકાંતને કબૂતરયુગલ પ્રત્યે અતિશય પ્રીતિ હતી. કુબેરકાંત પાસે પોપટ લખતાં-બોલતાં શીખ્યો. એકવાર **સુદર્શન** નામના ચારણમુનિ આવ્યા. કુબેરકાંત કબૂતર યુગલને મુનિરાજ પાસે લાવ્યો. કબૂતર યુગલે વંદન કર્યા. ધર્મશ્રવણ કરી કુબેરકાંતે એક પત્ની વ્રત ગ્રહણ કર્યો. તેની જાણ અન્ય કોઈને ન હતી. બીજી બાજુ કુબેરમિત્રએ કુબેરકાંત માટે ૧૦૮ કન્યાઓની માંગણી કરી વિવાહની તૈયારી કરી ત્યારે કબૂતર યુગલે લખીને બતાવ્યું કે કુબેરકાંતને એક પત્ની વ્રત છે. ૧૦૮ કન્યામાંથી કુબેરકાંતને કઈ વધુ પ્રિય હશે તેની પરીક્ષા કરવામાં આવી.

ઘીના પાત્રમાં એક રત્ન હતું. તે પ્રિયદત્તાના હાથમાં આવ્યું. તે કુબેરકાંતની પ્રિયા થઈ. પ્રિયદત્તા સિવાયની સર્વ કન્યાએ દીક્ષા લીધી. કુબેરકાંત અને પ્રિયદત્તાના વિવાહ થયા. પૂર્વ ભવમાં મુનિરાજને આપેલા દાનના પ્રભાવે તેમના ઉદ્યાનના બધા વૃક્ષો કલ્પવૃક્ષ થયા અને ઘરમાં નવનિધિઓ પ્રાદુર્ભૂત થઈ.

પ્રજાપાલ રાજાએ **અમિતગતિ** ચારણ મુનિરાજ પાસે દીક્ષા લઈ, તપશ્ચર્યા કરી મુક્તિ મેળવી. કુબેરમિત્ર શેઠ પોતાની પત્નીના માથામાં સફેદ વાળ જોઈ વૈરાગ્યવાસિત થયા. કુબેરકાંતને સઘળી જવાબદારી સોંપી દીક્ષા લઈ જન્મ-મરણના ફેરા ટાળ્યા.

કુબેરકાંત શેઠે એકવાર અમિતગતિ નામના જંઘાચારણ મુનિને આહારદાન આપ્યું. ત્યારે શેઠને ત્યાં પંચાશ્ચર્ય થયો. પુષ્પવૃષ્ટિ આદિ રૂપ પંચાશ્ચર્ય જોઈ કબૂતર યુગલને ખૂબ આનંદ થયો. તેમના આનંદને જોઈ કુબેરકાંતે કહ્યું, ''હે રતિવર અને રતિવેગે ! આ આહારદાનથી મને જે પુણ્ય પ્રાપ્ત થયું છે તેમાંથી હજારમો ભાગ હું તમને બન્નેને આપું છું.'' આવું સાંભળી કબૂતર યુગલ કુબેરકાંત શેઠના ચરણોમાં નમી પડયું. શેઠે તમને આભરણોથી વિભૂષિત કર્યા. એકવાર કબૂતર યુગલ **વિમલજલા** નદીના કિનારે ક્રીડા કરતું હતું ત્યારે ત્યાંથી વિદ્યાધર યુગલ દિવ્ય વિમાનમાં બેસી આકાશમાર્ગે પસાર થયું. કબૂતર યુગલે તેમને જોઈ નિદાન કર્યું કે, 'શેઠ દ્વારા અપાયેલા પુણ્યના પ્રભાવથી અમે બીજા ભવમાં એમના જેવા વિદ્યાધર બનીએ.'

ત્યાર પછી એકવાર કબૂતર યુગલ જિનાલયના ચોકમાં દાણા ચણતું હતું ત્યારે અચાનક બિલાડાએ તરાપ મારી રતિવરનું ગળું પકડયું. આ જોઈ રતિવેગાએ ચાંચ વડે બિલાડાના મસ્તકે પ્રહાર કર્યો. ક્રોધિત થઈ બિલાડાએ રતિવરને છોડી રતિવેગાને પકડી. લોકોએ બિલાડાના પંજામાંથી ઘાયલ રતિવેગાને છોડાવી. કબૂતર યુગલ ઘાયલ થયું હતું. તેમને ઉપાશ્રયમાં રહેલા સાધ્વીજીએ નમસ્કારમંત્ર સંભળાવ્યો. તેના પ્રભાવે રતિવર મૃત્યુ પામી એ જ દેશમાં **સુસીમા** નગરના રાજા **આદિત્યગતિ** અને **શશિપ્રભા**નો પુત્ર **હિરણ્યવર્મા** થયો. રતિવેગા કબૂતરીનો આત્મા **ભોગપુર**ના રાજા **વાયુરથ** અને રાણી **સ્વયંપ્રભા**ની પુત્રી **પ્રભાવતી** થઈ. હિરણ્યવર્મા અને પ્રભાવતીએ વિદ્યાઓ પ્રાપ્ત કરી યૌવનાવસ્થામાં પ્રવેશ કર્યો. પ્રભાવતીએ પિતાને કહ્યું, ''જે મને ગતિ યુદ્ધમાં જીતશે તેની સાથે હું વિવાહ કરીશ.' તેની એક હજાર બહેનોએ પણ કહ્યું કે, 'પ્રભાવતીનો જે પતિ થશે તે જ અમારા સર્વનો ભરથાર થશે. અન્યથા અમે તપ કરશું.' હિરણ્યવર્મા ગતિ યુદ્ધમાં વિજયી બન્યો. પ્રભાવતીએ હિરણ્યવર્માના ગળામાં વરમાળા પહેરાવી. પ્રભાવતી સહિત એક હજાર કન્યાઓ સાથે હિરણ્યવર્માના વિવાહ થયા.

હિરણ્યવર્મા વિદ્યાધરોનો સ્વામી બન્યો. પ્રભાવતીએ દાનની અનુમોદના કરી હતી તેના પ્રભાવથી સુવર્ણવર્મા આદિ પુત્રો પ્રાપ્ત થયાં. પછી હિરણ્યવર્મા અને પ્રભાવતી પુંડરીકિણી નગરીમાં જિનભક્તિ કરવા આવ્યા ત્યારે નગરીને જોઈ જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. હિરણ્યવર્માએ પોતાના પુત્ર **સુવર્ણવર્મા**ને રાજ્ય સોંપી દીક્ષા લીધી. ચારણમુનિના સંગથી શ્રુતધારક બન્યા. પ્રભાવતી આર્યા **સુશીલા** પાસે દીક્ષિત થયા.

હિરણ્યવર્મા મુનિ પ્રથમ **સૌધર્મ દેવલોક**માં **કનકપ્રભ દેવ** થયા અને પ્રભાવતી **કનકપ્રભા દેવી** બની. ત્યાંથી ચ્યવી દેવ **જયકુમાર** થયો અને દેવી હતી તે **સુલોચના** થઈ.

આમ, એકવાર મુનિને આહારદાન આપવાથી શક્તિસેન વિભૂતિથી સંયુક્ત થયો અને કબૂતર યુગલે દાનની અનુમોદના માત્રથી સ્વર્ગનું ઐશ્વર્ય પ્રાપ્ત કર્યું.

**કર્ણભૂપ અને ચારણ :** (પ્રબંધ પંચશતી; ઉપદેશ પ્રાસાદ, ભા.૩, પૃ.૯૯)

**કર્ણ** રાજા સુપાત્ર દાનનું સ્વરૂપ સાંભળીને પ્રતિદિન સો ભાર સુવર્ણ (ઘણું દ્રવ્ય) દાનમાં આપીને પછી સિંહાસન ઉપરથી ઉઠતા. એકવાર કર્ણ રાજાની માત્ર સત્પાત્રમાં જ દાન આપવાની ઈચ્છા થઈ. પ્રાતઃકાળે સૌ પ્રથમ બે વ્યક્તિ દાન લેવા આવી. તેમાંથી એક ચારણ, જે મિથ્યાત્વી હતો અને બીજો શ્રાવક જે, સમકિતી હતો. કર્ણે વિચાર્યું, 'સત્પાત્રમાં અપાયેલું દાન સદ્‌ગતિનું કારણ છે તેથી પાત્રની પરીક્ષા કરી દાન આપવું જોઈએ.' રાજા કર્ણ વિચારોમાં ખોવાયેલો હતો, ત્યાં ચારણ વડે એક વૃત્ત (સંસ્કૃત શ્લોક) કહેવાયો.

**''पत्त परिक्खहं किं करुह, दिज्जउ मग्गंताह।**
**वरसंतह किं अंबुदहं, जोइ समविसमाइं।।''**

''પાત્રની પરીક્ષા શા માટે કરો છો ? જે માંગે છે તેને તે આપો. મેઘ કદી સારા-નરસા સ્થળ જોઈ વરસે છે ? માટે પાત્રાપાત્રની વિચારણા કર્યા વિના માંગનારને દાન આપો.'' ત્યારે કર્ણે કહ્યું,

**''वरसो वरसो अंबुदह, वरसीडां फल जोय।**
**धंतुरेविष ईक्षु रस, एवडो अंतर होय।।''**

''ખેદની વાત એ છે કે, આકાશમાંથી મેઘ ભલે સર્વત્ર વરસે પણ એનું ફળ તો જુઓ ? ક્યાંક એ જ પાણી ધતુરાનું વિષ બની જાય છે તો ક્યાંક એ જ પાણી ઈક્ષુરસ થાય છે. આટલું મોટું અંતર પાત્ર-અપાત્ર વચ્ચેનું છે.''

પાત્રમાં સર્વથી ઉત્તમ પાત્ર શ્રમણ છે. મધ્યમ પાત્ર ઉત્તમ શ્રાવક છે અને જઘન્ય પાત્ર અવિરતી સમ્યક્‌દષ્ટિ છે. વિવેકપૂર્વક સુપાત્રને અપાયેલું દાન મહાફલદાયક નિવડે છે.

એક વિચારકે કહ્યું છે - 'વસુંધરામાં સમસ્ત અન્નને ઉત્પન્ન કરવાની, જળમાં બીજને સિંચન કરવાની, અગ્નિમાં ભોજન બનાવવાની શક્તિ છે. ઈન્દ્રમાં પ્રભુત્વની, સત્પુરુષમાં ગુણગ્રહણ કરવાની શક્તિ છે પરંતુ યાચકોના હૃદયમાં ગૌરવપૂર્ણ સ્થાન જમાવવાની શક્તિ એકમાત્ર દાનમાં છે.

**કનકરથ નૃપ :** (દાનપ્રકાશ, પૃ.૪૯)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**ની મધ્યમાં **વૈતાઢ્ય** નામનો પર્વત છે. ત્યાં **કનકપુર** નામનું નગર હતું. ત્યાં વિદ્યાધરોના ઉપરી, કામદેવ જેવા સ્વરૂપવાન **કનકરથ** નામના રાજવી રાજ્યનું સંચાલન કરતાં હતાં.

વિદ્યાસિદ્ધ અને ગુણવાન રાજવી નગરચર્યા નિહાળવા રાત્રિના સમયે જતાં.

એકદા કોઈક સ્થાને નાટક થતું હતું. સંગીતનો મધુર ધ્વની સંભળાતો હતો. ત્યાં રાજાએ એક શ્લોક સાંભળ્યો.

**''हंसासवछसि आसिहिणो सव्वछविति अंगरुहा।**

**अवछजन्म मरणे सव्वछवि भोइणंभोगा।।''**

હંસો સર્વત્ર શ્વત હોય છે, સિંહો હંમેશા કાબરચિત્રા હોય છે. સર્વત્ર જન્મ-મરણનું સામ્રાજ્ય છવાયેલું છે અને સર્વત્ર વૈભવવાળાને જ ભોગો મળે છે.

રાજાએ વિચાર્યું, 'પ્રથમ ત્રણ પદનો અર્થ યોગ્ય છે પરંતુ ચોથા પદના અર્થમાં વિરોધાભાસ જણાય છે કારણકે લોકમાં રહેલા ભોગી પણ વિદેશ જાય છે. સામગ્રી વિના ભોગવટો ક્યાંથી થાય ? હું વિદેશમાં જઈ તે ગાથાની કસોટી કરું.'

રાજાએ પોતાની ઈચ્છા મંત્રીને જણાવી કહ્યું, ''હું ગાથાના અર્થની પરીક્ષા કરવા અહીંથી સો યોજન દૂર રહેલા **તામ્રચૂડ** નગરમાં જાઉં છું. તમે બે પ્રહરમાં ત્યાં પહોંચી આવજો.'' રાજા વિદ્યાના બળે ઉડીને તામ્રચૂડ નગરમાં પહોંચ્યો. રાજા વિચારવા લાગ્યો કે, 'વપુ (શરીર), વચન, વસ્ત્ર, વિદ્યા અને વૈભવ આ પાંચ 'વ' કારથી રહિત માનવી કદી લક્ષ્મી પ્રાપ્ત કરતો નથી. રાજાએ કામરૂપિણી વિદ્યાનું સ્મરણ કર્યું અને તે કદરૂપો થયો. રાજા રાજમાર્ગ પર જતો હતો ત્યારે નવા આગંતુકને જોઈ લોકો ઘેરી વળ્યા.

તામ્રચૂડ નગરના રાજા **તામ્રચૂડ**ની **ધારિણી** નામની રાણી હતી. તેમની **મદનમંજરી** નામની સ્વરૂપવાન પુત્રી હતી. તે રાજસભામાં આવી. રાજાએ સભામાં ઘણાં રાજવીઓ, મંત્રીઓને જોઈને એક પ્રશ્ન પૂછયો. ''હે પ્રજાજનો ! તમને ધન-સંપત્તિ-સુખ-મોટાઈ કોની કૃપાથી મળે છે ?'' રાજાની ચાપલુસી કરનારા લોકોએ કહ્યું, ''રાજન્! આપની કૃપાથી બધું મળે છે.'' આ સાંભળી રાજપુત્રી હસી પડી. રાજાએ હસવાનું કારણ પૂછયું. મદનમંજરીએ કહ્યું, ''પિતાજી ! વિશ્વના સઘળા મનુષ્યો પોતાપોતાના કર્મ અનુસાર સારું કે ખરાબ ફળ ભોગવે છે.'' પુત્રીના આવા વેણ સાંભળી રાજા ક્રોધે ભરાયો. તેણે પુનઃ પૂછયું, ''હે વત્સા ! તું કોના પ્રતાપે સુખી છે'' મદનમંજરીએ કહ્યું, ''પૂર્વ કર્મના પ્રભાવે હું વર્તમાને સુખી છું. પિતાજી ! તમારે ગર્વ કરવો જોઈએ નહીં.''

રાજા વિફર્યો. તેણે સેવકોને કહ્યું, ''કોઈ કુરૂપ, વ્યાધિવાળો,કુષ્ટી, દરિદ્રી, બંધુ વિનાનો, વ્યસની પુરુષ લાવી આ દુર્વિનીત, બુદ્ધિ ભ્રષ્ટ પુત્રીનું એની સાથે પાણી ગ્રહણ કરાવો. જેથી તેની શાન ઠેકાણે આવે.'' ધારિણી રાણીથી આ સહન ન થતાં તેણીએ પુત્રીને સમજાવતાં કહ્યું, ''હે વત્સે ! તું પિતાના વેણનું ઉથાપન ન કર. તેં અજ્ઞાનથી પિતાની વિરુદ્ધ કહ્યું છે. હજી પણ કંઈ બગડયું નથી. હે પુત્રી ! તું વિચાર કર. તારા પિતાના ચરણ સ્પર્શ કરી માફી માંગ. તારા પિતા તને અવશ્ય માફ કરશે. જો તું માફી નહીં માંગે તો રાજા તને જરૂર કુરુપ સાથે પરણાવશે.'' મદનમંજરીએ વિનમ્રતાથી કહ્યું, ''માતા ! હું સત્ય કહું છું. મારું જે થવાનું હોય તે ભલે થાય. સત્ય જ જશનું મૂળ છે, સત્ય જ વિશ્વાસનું કારણ છે, સત્ય સ્વર્ગનો દ્વાર છે અને સત્ય જ મોક્ષની નિસરણી છે.''

રાજાનો ક્રોધ કાબૂમાં ન રહ્યો. તેણે સેવકોને આજ્ઞા કરી. સેવકોએ ચોકમાં કનકરથને જોયો, જે કોઢિયો બન્યો હતો. રાજાએ કહેલ પુરુષ જેવો જ હોવાથી સેવકો તેને રાજસભામાં લાવ્યાં. કનકરથે તામ્રચૂડ

રાજાને પ્રણામ કર્યા. રાજાએ પુત્રી સામે જોઈ કટાક્ષમાં કહ્યું, ''પૂર્વ કર્મોએ તારા માટે આ વર આણ્યો છે માટે સુખી થવા તું એની સાથે લગ્ન કર.'' આમ કહી રાજાએ ક્રોધમાં પુત્રીના લગ્ન કોઢિયા સાથે કરાવ્યા.

મદનમંજરીએ તરત જ કોઢિયાનો હાથ પકડયો. તે પતિને લઈ રાજસભામાંથી ચાલી નીકળી. ત્યારે પ્રજાજનો વિસ્મય પામ્યા. તેઓ ચોકમાં આવ્યા ત્યારે ઢોંગ કરીને કનકરથ બજારમાં ઢળી પડયો. તેણે કહ્યું, ''હું અહીંથી એક પગલું પણ ચાલવાને સમર્થ નથી.'' ત્યારે મદનમંજરી બોલી, ''સ્વામીનાથ! મારા ખભા પર બેસી જાઓ. હું તમને ઈષ્ટ જગ્યાએ પહોંચાડી દઈશ.'' તે વખતે મહાજન ત્યાંથી નીકળ્યો. તે રાજા પાસે જતો હતો. કુષ્ટિએ કહ્યું, ''જો રાજાની આજ્ઞા હોય તો આ ચોકમાં હું ઘાસનું ઝૂંપડું બનાવી રહું. તમે મારી આટલી વિનંતી રાજાને કરજો.'' કરુણાથી મહાજને કુષ્ટિનું વચન ધ્યાનમાં રાખી રાજાને વિનંતી કરી. દયાભાવથી, જમાઈના સંબંધથી અને મહાજનના કહેવાથી રાજાએ ચોકમાં કૂબો બનાવવાની છૂટ આપી. દયાભાવથી પ્રેરાઈ લોકોએ એક કૂબો બનાવી આપ્યો અને અન્નાદિ આપ્યું.

હવે, કુષ્ટિ પોતાની ભાર્યા સાથે રહેવા લાગ્યો. એકદા કુષ્ટિએ પરીક્ષા કરતાં પત્નીને કહ્યું, ''પ્રિયા! તું મારી સાથે લગ્ન કરી તારું જીવન શા માટે અગ્નિમાં ઝોંખે છે? મારા સ્પર્શથી તારું રૂપ વિનાશ પામશે. તું કોઈ ઉત્તમ રાજકુમાર સાથે લગ્ન કર, જે તને સુખી કરશે.'' મદનમંજરીએ તરત જ કહ્યું, ''કદી શીલવાન સ્ત્રી સ્વપ્નમાં પણ બીજો પતિ ઈચ્છતી નથી. તે કલંક છે અને કલંક કદી ભૂસાતું નથી. હે નાથ! દેહ અને ઋદ્ધિ બન્ને ક્ષણિક અને નાશવંત છે. નાશવંતનું શું રક્ષણ કરવું? હું પતિવ્રતા નારી છું. તમે જ મારા દેવ, ગુરુ અને નાથ છો.'' કનકરથને આ સાંભળી અપાર સંતોષ થયો.

કોઢિયાએ કામરૂપિણી વિદ્યાનું સ્મરણ કર્યું. તે કામદેવ જેવો સ્વરૂપવાન બન્યો. ઝૂંપડીની જગ્યાએ અલૌકિક સુંદર રાજમહેલ થયો. સુવર્ણ પલંગ પર કનકરથ પોતાની પત્ની મદનમંજરી સાથે વાર્તાવિનોદ કરવા લાગ્યો. આ ચમત્કારના વાવળ અભિમાની તામ્રચૂડ રાજાને મળ્યાં. તે પણ વિસ્મય પામ્યા. ત્યાં કનકરથ રાજાનો મંત્રી તુરીના ઘોષ સાથે સેના લઈને આવ્યો. કેટલાક યોદ્ધાઓ કનકરથ રાજાનો જયનાદ બોલવા લાગ્યાં. ત્યાં મદનમંજરીના માતા-પિતા પણ આવ્યા. કનકરથ રાજાએ સાસુ-સસરાને પ્રણામ કરી તેમની ઉચિત ભક્તિ કરી. જમાઈના વૈભવને જોઈ તામ્રચૂડ રાજાએ આખરે કર્મની મુખ્યતાને સ્વીકારી.

એકદા નગરમાં જ્ઞાની એવા **ધર્મઘોષ મુનીશ્વર** પધાર્યા. રાજા સહિત નગરજનો તેને વંદન કરવા ગયાં. તેમની દેશના સાંભળી કનકરથ રાજાએ પોતાનો પૂર્વભવ પૂછયો. મુનિએ કહ્યું, ''હે રાજન્! જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં **શાલિગ્રામ** નગર હતું. ત્યાં **ધનદેવ** નામનો કુટુંબી રહેતો હતો. તેની **યશોદેવી** નામની પતિવ્રતા નારી હતી. એકવાર તેમના ઘરે માસક્ષમણના તપસ્વી **ધર્મરુચિ અણગાર** પધાર્યા. તે દંપતીએ ભાવપૂર્વક અન્નદાન આપી સાધુને પ્રતિલાભ્યા. ગયા ભવના દંપતી તે તમે પોતે જ છો. હે મહીપાલ! જોયું દાનનું ફળ!''

પુણ્યશ્લોકી કનકરથ રાજાને આ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. પુત્રને રાજ્ય સોંપી મદનમંજરી સાથે દીક્ષિત થયા. તેઓ ચારિત્ર પાળી, અનશન કરી, સ્વર્ગે સીધાવ્યા.

ખરેખર! દાનથી ગૌરવપૂર્ણ ઉચ્ચસ્થાન પ્રાપ્ત થાય છે. ધન એકત્રિત કરનારને કોઈ ગૌરવપૂર્ણ સ્થાન પ્રાપ્ત થતું નથી પછી ભલે તેની પાસે સોના-ચાંદીના પહાડ કેમ ન હોય. લાખ યોજનનો મેરુ પર્વત આખો સોનાનો છે, વૈતાઢય પર્વત ચાંદીનો છે, રોહણાચલ પર્વત ઉપર હીરાની ખાણો છે, તામ્રપર્ણી પર મોતી છે. એમની પાસે બહુમૂલ્ય પદાર્થો હોવા છતાં કોઈ મૂલ્ય નથી કારણકે તે સર્વે દાન આપતા નથી જ્યારે દાતા પોતાની

પાસે રહેલ ધન પરોપકાર માટે બીજાને આપી શકે છે તેથી તેમના ધનનું મૂલ્ય છે.

**કરિરાજ** : (દાનપ્રકાશ, તૃતીય પ્રકાશ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **મંગલપુર** નામના નગરમાં રાજનીતિમાં દક્ષ અને ગુણિયલ એવા **પૃથ્વીપાલ** નામના રાજા રાજ્ય કરતાં હતાં. આ નગરમાં દાનવીર અને બુદ્ધિમાન એવા **લક્ષ્મીધર** નામના એક શેઠ રહેતાં હતાં. એકવાર નગરમાં ત્રણ જ્ઞાનના ધારક એવા **શ્રી ધર્મઘોષસૂરિ** પધાર્યા. રાજા, શેઠ અને નગરજનો વંદન કરવા ગયા. આચાર્ય ભગવંતની તત્ત્વસભર દેશના સાંભળી લક્ષ્મીધર શેઠે પૂછ્યું, ''આપ પાટ ઉપર કેમ બેસતા નથી ?'' આચાર્યએ કહ્યું, ''જિનેશ્વર ભગવંતે વર્ષાકાળ સિવાય વ્રતધારીઓ માટે કાષ્ટ-પાટાદિનો નિષેધ કર્યો છે. વર્ષાઋતુમાં જીવોની ઉત્પત્તિ વિશેષ પ્રમાણમાં થવાથી અણગારો લાકડાની પાટનો ઉપયોગ કરી શકે છે.'' શેઠે ભાવના ભાવી કે, 'સાધુ મહારાજને કાળ અનુસાર જેવું આસન ખપે તેવું હંમેશાં મારે આપવું. મારો આ અભિગ્રહ પાપકર્મને કાપનારો બને.' ચાર્તુમાસ માટે ગુરુ પુનઃ જ્યારે નગરમાં પધાર્યા ત્યારે શેઠે ઉત્તમ કાષ્ટમાંથી બનાવેલી, આશ્ચર્યકારી કોતરણીવાળી, માંકડાદિના ઉપદ્રવથી રહિત સુંદર પાટ વહોરાવી. તે પાટ ઉપર ગુરુ ભગવંતને બેઠેલા જોઈ લક્ષ્મીધર શેઠ ખૂબ ખુશ થતાં અને દાનની અનુમોદના કરતાં. આમ કરતાં લક્ષ્મીધર શેઠે ઊંચું પુણ્ય બાંધ્યું.

બીજા ભવમાં તેઓ **ઐરાવત હાથી**ના સ્વપ્નથી સૂચિત **કાંચનપુર** નામની નગરીમાં **કમલા રાણી**ની કુક્ષીએ અવતર્યા. સ્વપ્ન અનુસાર તે મહાબુદ્ધિવાન બાળકનું નામ **કરિરાજ** રાખવામાં આવ્યું. યુવાન વયે કરિરાજ સૌંદર્યવાન કન્યાઓને પરણ્યો. પિતા **હસ્તિ રાજા**એ તેને રાજગાદીએ બેસાડયો. કરિરાજાને રાજ્ય સોંપી હસ્તિ રાજાએ દીક્ષા લીધી. તેઓ સંયમ પાળી સ્વર્ગે ગયાં.

આ નગરમાં **સમર** નામનો એક બુદ્ધિવાન અને જનપ્રિય સુથાર રહેતો હતો. એકવાર તેને ત્યાં **સોમિલ** નામનો કુશળ શિલ્પી આવ્યો. સમરે તેની કુશળતા જોઈ પોતાની પુત્રી **ધારલા**ના વિવાહ કલાનિપુણ સોમિલ સાથે કરાવ્યાં. એક દિવસ સોમિલ વનમાં લાકડાં લેવા ગયો. તેણે વનમાં ચિતામાં બળતું બહુમૂલ્ય લાકડું જોયું. મહાકષ્ટે આ લાકડું મેળવી ઘરે લાવ્યો. તેમાંથી હાથ બનાવી ધારલાને આપતાં કહ્યું, ''દેવી ! રાજમાર્ગે જઈ લોકોને આ લાકડાનો હાથ બતાવજે. એનું એક લાખ દ્રમ્મ મૂલ્ય છે. જે એક લાખ દ્રમ્મ આપે તેને આ લાકડાનો હાથ વેચજે. તને કોઈ પૂછે કે આ લાકડાનો હાથ આટલો મોંઘો કેમ છે ત્યારે તું કહેજે કે, 'આ કાષ્ટનું મૂલ્ય નથી પણ ગુણનું મૂલ્ય છે. આ કાષ્ટ હાથને પૂજવાથી મનોવાંછિત વસ્તુ પ્રાપ્ત થાય છે.'

લાકડું લઈ ધારલા ચૌટામાં ગઈ. કાષ્ટના હાથની એક લાખ દ્રમ્મ કિંમત સાંભળીને લોકો તેની હાંસી ઉડાડવા લાગ્યાં. તેવામાં મંત્રીશ્વર આવ્યા. કાષ્ટના હાથની કિંમત પૂછી તેમણે કહ્યું, ''પરીક્ષા કરીને આવતી કાલે તેનું મૂલ્ય ચૂકવીશ.'' ધારલાએ કહ્યું, ''ભલે.'' મંત્રીએ મહેલમાં આવી કાષ્ટના હાથને પાટ પર મૂકી તેની પૂજા કરી. ક્ષણવારમાં ચિંતામણિ રત્નની જેમ ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ. મંત્રીએ સોમિલને એક લાખ દ્રમ્મ આપ્યા.

સોમિલે એક વખત કાષ્ટનો સુંદર પલંગ બનાવ્યો. આ પલંગ મંત્રીએ દશ લાખ સોના મહોરમાં ખરીદ્યો. મંત્રીએ આ પલંગ કરિરાજાને ભેટ આપ્યો. કરિરાજા પલંગ પર સૂતા ત્યાં તો ક્ષણવારમાં દેવાધિષ્ઠ પલંગ પક્ષીની જેમ આકાશમાં ઉડવા લાગ્યું. આ પલંગ **વૈતાઢય પર્વત**ના **પુષ્કર તીર્થ**માં પહોંચ્યો. ત્યાં રાજાએ દેવતાઈ નાટક જોઈ કૌતુકથી પ્રેરાઈ પ્રાતઃકાળે સ્વસ્થાને આવી સોમિલની ખૂબ પ્રશંસા કરી તેને ઘણું ધન આપ્યું. હવે રાત્રિના સમયે કરિભૂપાલ નિત્ય પલંગના પ્રભાવથી નવીન નવીન કૌતુક જોવા લાગ્યાં.

એકવાર રાજાએ સોમિલને આકાશગામી હાથી બનાવવાની આજ્ઞા કરી. સોમિલને જંગલમાંથી દેવતાઈ વૃક્ષ મળ્યું. તે લાકડામાંથી તેણે દૈવી હસ્તિ બનાવી રાજાને આપ્યો. ત્યારે રાજાએ ખૂબ ધન આપ્યું. હવે કરિભૂપાલ **ઐરાવત** હાથી પર બેસી ઈન્દ્રની જેમ ગગનમાર્ગે ફરવા લાગ્યા. આ દૈવી હાથીના પ્રભાવથી ઘણાં શત્રુ રાજાઓ શરણાગત થયા. કરિભૂપાલનો યશ આખા બ્રહ્માંડમાં વિસ્તર્યો.

એકવાર **સિંહનામાસૂરિ**નું આગમન થયું ત્યારે કરિભૂપાલે તેમના મુખેથી પોતાનો પૂર્વભવ સાંભળ્યો. ''ગત ભવમાં સાધુને ઉત્તમ આસન આપ્યું હતું તેના ફળ સ્વરૂપે દૈવી હસ્તિ મળ્યો છે.'' કરિ ભૂપાલે શ્રાવકના વ્રતો અંગીકાર કર્યા. સમ્યક્પણે વ્રતોનું પાલન કરી તેઓ દેવલોકમાં ગયા. ત્યાંથી ઊંચી ગતિવાળા અલ્પ ભવો કરી મોક્ષે જશે.

**રયણસાર** ગ્રંથ (૨૦) માં કહ્યું છે, ''માતા-પિતા, મિત્ર, પત્ની આદિ કુટુંબ પરિવારનું સુખ તથા ધન-ધાન્ય, વસ્ત્ર, અલંકાર, હાથી, રથ, મકાન આદિ સંસારના શ્રેષ્ઠ સુખો પ્રાપ્ત થવા એ સુપાત્ર દાનનું ફળ છે.

**કંસ** : (અમમ ચરિત્ર, સર્ગ ચોથો, પૃ. ૧૯૪)

**મથુરા**ના **ભોજવૃષ્ણિ**ના પુત્ર **ઉગ્રસેન** હતાં. ભોજવૃષ્ણિએ ઉગ્રસેનને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કર્યું. એક દિવસ ઉગ્રસેન રાજા રાજ્યના કામકાજ માટે બહાર નીકળ્યાં. તે સમયે માસોપવાસી મુનિને જોયા. આ મુનિનો એવો અભિગ્રહ હતો કે, 'માસક્ષમણના પારણે એક જ ઘરેથી જે કાંઈ ભિક્ષા મળે તેનાથી પારણું કરી પુનઃ માસક્ષમણ કરવું પરંતુ અન્ય ઘરે ન જવું.' આ પ્રમાણે દર મહિને એક ઘરેથી ભિક્ષા લઈ મુનિ પારણું કરતા. ઉગ્રસેન રાજાએ માસોપવાસી મુનિને વિનંતી કરી કે, ''હે મહાતપસ્વી યતિન્દ્ર! માસક્ષમણ પૂર્ણ થતાં પારણાના દિવસે મારે ત્યાંથી આહાર ગ્રહણ કરી પારણું કરો.'' સંયોગવશાત રાજા આ વાતને વિસરી ગયાં. મુનિ ઉગ્રસેન પારણાનાં દિવસે રાજમહેલમાં પધાર્યા. ભિક્ષા ન મળવાથી ગોચરી વિના જ આશ્રમમાં પાછા ફર્યા. બીજા માસક્ષમણનો પ્રારંભ કર્યો. રાજાને અચાનક મુનિના પારણાની યાદ આવી. રાજાએ મુનિ પાસે જઈ માફી માંગી અને પુનઃ પારણાનું આમંત્રણ આપ્યું. આ વખતે પણ વિસ્મરણ થયું. ભાવિ કર્મના ઉદયથી તપસ્વી મુનિને ક્રોધ આવ્યો. તેમણે નિયાણું કર્યું કે, 'હું તપના પ્રભાવથી રાજાને મારવાવાળો થાઉં.' મુનિ અનશન કરી મૃત્યુ પામી ઉગ્રસેન રાજાની રાણી **ધારિણી**ના ઉદરમાં ગર્ભપણે ઉત્પન્ન થયાં.

પૂર્વભવના વેરને કારણે ગર્ભમાં આવેલા જીવના પ્રભાવે ધારિણી રાણીને પોતાના પતિનું માંસ ખાવાનો દોહદ જાગ્યો. રાણીએ પોતાની અભિલાષા રાજાને જણાવી. રાજાએ બુદ્ધિશાળી મંત્રીને રાણીના દોહદની વાત કરી. મંત્રીએ એક યોજના ઘડી. રાજાને એકાંતવાસમાં રાખી, સસલાના માંસને લાવી ધારિણી રાણીને આપ્યું. પતિના માંસ ભક્ષણથી બેહોશ બનેલી રાણી શુદ્ધિમાં આવી ત્યારે પતિના મૃત્યુના આઘાતથી કલ્પાંત કરવા લાગી. રાણી મરવા તૈયાર થઈ ગઈ. ત્યારે મંત્રીએ આશ્વાસન આપતાં કહ્યું, '' રાજા તમને સાતમા દિવસે મળશે.'' સાતમા દિવસે રાજાનાં દર્શન થતાં રાણી ખુશ થઈ ગઈ. પતિના માંસ ભક્ષણનાં દોહદથી ધારિણી રાણી પોતાના ઉદરમાં વિકાસ પામતા ગર્ભથી ગભરાવા લાગી હતી.

પોષવદ ચૌદશના દિવસે રાણીએ પુત્રને જન્મ આપ્યો. રાણીએ એક કાંસાની પેટીમાં જન્મેલા નવજાત શિશુને મૂક્યો. પોતાની તથા રાજાના નામની મુદ્રિકા બાળકની આંગળીમાં પહેરાવી. પેટીને રત્નોથી

ભરી જમુના નદીમાં વહેતી મૂકી દીધી. આ પેટી **સુભદ્ર** નામના રસવણિકને મળી. પેટી ખોલી. તેમાં તેજસ્વી બાળકને જોયો. મુદ્રિકા ઉપરનું નામ વાંચી રસવણિકને થયું કે, 'આ બાળક રાજવંશી છે.' તેણે બાળકને ઉપાડી પોતાની પત્ની **ઈન્દુમતી**ને આપ્યું. તેમણે બાળકનું નામ **'કંસ'** પાડયું. આ બાળક નાનપણથી જ કલહ પ્રિય હતો. મોટો થઈને તેણે રાજ્ય માટે ઉગ્રસેન રાજાનો વધ કર્યો.

ઉગ્રસેન રાજાના સુપાત્ર દાનના અવિવેકથી અનર્થ સર્જાયું. તપસ્વી મુનિરાજ સાધુતાને ખોઈ બેઠા અને તપનું નિયાણું કરી સંયમ જીવન હારી ગયા.

**કામકેતુ** : (ચંદ્રપ્રભ ચરિત્ર)

**કમલાવતી નગરી**માં **કામકેતુ** નામે ક્ષત્રિય રહેતો હતો. તેને **ચંદ્રકાંતા** નામે ભાર્યા હતી, જે વંધ્યા હતી. તેથી સ્વજનોએ **કાંચનપ્રભા** સાથે કામકેતુના વિવાહ કરાવ્યાં. એ નવોઢા કાષ્ટના ગરૂડ ઉપર બેઠી. ત્યાં ગરૂડ તેને લઈ આકાશમાં ઉડયો. ચારે બાજુ હાહાકાર થયો.

કામકેતુ તેની શોધમાં નીકળ્યો. ચંદ્રકાંતાએ પતિને સાત ગાંઠ વાળી ભાતું કરીને આપ્યું. રાજા તે લઈ ચાલતો થયો. પ્રથમ ગાંઠ છોડી ભાતું ખાતાં તે ત્રણ ફેણવાળો સાપ બની ગયો. આ સર્પ ગાંસડી નીચે ભરાઈ ગયો. લોકોએ પત્થર માર્યા તેથી બીજી ગાંઠ છૂટી. તેમાંનું ભાતું સર્પના મુખમાં પડતાં તે કામકેતુ બની ગયો.

લોકોએ આશ્ચર્ય સહિત પૂછયું, "આ શું થયું ?" કામકેતુએ તેમને આશ્ચર્ય પમાડવા કહ્યું, "હું બહુ પ્રભાવી અને સર્વત્રગામી યોગી છું." પથ્થર મારનાર લોકો પોતાને અપરાધી માની ત્યાંથી ચાલ્યા ગયા. પ્રભાતે સાર્થજનો ન જોયાં ત્યારે કામકેતુએ વિચાર્યું, 'મને મૂકીને સંઘ ક્યાંક ચાલ્યો ગયો છે માટે બધી ગાંઠ છોડી ભાતું ચાખી તેનો પ્રભાવ અજમાવું.' એમ ધારી તેણે ગાંઠો છોડી.

ત્રીજી ગાંઠ છૂટતાં તે બિલાડો બન્યો. ચોથી ગાંઠનું ભાતું ખાતાં મૂળ સ્વરૂપે બન્યો. પાંચમીથી સિંહ થયો. છઠ્ઠી ગાંઠ છોડીને ખાતાં મૂળ સ્વરૂપે થયો. ભવિષ્યનો વિચાર કર્યા વિના સાતમી ગાંઠનું ભાતું ખાતાં તે મૃગલો બન્યો. હવે મૂળ સ્વરૂપમાં આવવાનો ઈલાજ ન હતો તેથી તે બાળ હરણ છલાંગ મારી મારીને દોડવા જતાં નીચે પડવા લાગ્યો. હવે તે ખેદ કરવા લાગ્યો. ત્યાં શિકારીએ તેને બાણથી વીંધી નાંખ્યો. ઘાયલ મૃગ છલાંગ મારતો - ઘસડાતો એક પર્વત પાસે પહોંચ્યો. ત્યાં અન્ન-પાણી વિના પડયો રહ્યો.

આ બાજુ નવોઢા કાંચનપ્રભા પણ કાષ્ટ ગરૂડ ભાંગી જવાથી નીચે પડી. તે વિલાપ કરવા લાગી. પછી વનફળો ખાઈ વનમાં ભમવા લાગી. તે હવે પ્રભુ ભક્તિમાં લીન બની. એકદા તે જળ માટે દ્રહ પાસે ગઈ. તે સમયે આ મૃગ ત્યાં પાણી પીવા આવ્યું હતું. કાંચનપ્રભાને જોતાં મૃગલો તેને ઓળખી ગયો. મૃગલાનાં શરીરે જખમ થયો હતો. કાંચનપ્રભાએ દિવ્ય ઔષધિથી આ જખમ મટાડયો. કાંચનપ્રભા પૂજા માટે ફૂલો વીણવા વનમાં ગઈ. ત્યારે ભૂલી પડી. પાંચ દિવસ તે વનમાં ભટકતી રહી. પોતાના દુષ્કર્મોની નિંદા કરતી રહી. ત્યાં તેણે દૂર વિદ્યાધરોનાં વિમાન જોયાં. તે દિશામાં ગઈ. ત્યાં એક જ્ઞાની મહાત્માને જોયા. તેમને વંદન કરી તેમના દેશના સાંભળી. એવામાં કંચનપ્રભાને શોધતો મૃગ પણ ત્યાં આવી ચડયો. તે સમયે પુનઃ મૃગનું મિલન થયું. કાંચનપ્રભા મૃગને જોઈ અત્યંત હર્ષિત થઈ.

તેણીએ મૃગને આલિંગન આપ્યું. તે જોઈ એક જ્ઞાની મુનિ હસ્યાં. તે સમયે આકાશમાર્ગેથી જઈ રહેલા વિદ્યાધરે આ જોયું. તેણે નીચે આવીને ગુરુને વંદન કરી હસવાનું કારણ પૂછયું. ગુરુએ કહ્યું, "હે વિદ્યાધર ! આ કાંચનપ્રભા આ મૃગની જ સ્ત્રી છે. તેનો વિવાહના પ્રથમ દિવસથી જ પતિ સાથે વિયોગ થયો છે." વિદ્યાધરને દયા આવી. તેણે મૃગને વિદ્યાના બળથી કામકેતુ રૂપે બનાવ્યો. કામકેતુ અને કાંચનપ્રભાએ

વિદ્યાધરનો સવિનય ઉપકાર માન્યો.

આ દંપતીએ મુનિને વંદન કર્યા. ધર્મદેશનામાં દાનાદિ ચાર પ્રકારના ધર્મો ગુરુ મહારાજે કહ્યાં. વિદ્યાધરે ભાતું આપી યુગલ દંપતીને નગર માર્ગે મૂક્યાં. માર્ગના જંગલમાં જતાં તેમણે વ્યંતરની વાણી સાંભળી કે, 'અહીં એક તપસ્વી સાધુ અભિગ્રહધારી છે. પાંચ માસક્ષમણ થયાં પણ હજી અભિગ્રહ પૂર્ણ થયો નથી.' કાંચનપ્રભાએ કહ્યું, ''આપણે તે મુનિને ભાતું વહોરાવીએ.'' દંપતીએ વનમાં શોધ આદરી. તેમણે એક મુનિવર કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભેલાં જોયાં. તેમને વંદન કરી સત્કારપૂર્વક અને શ્રદ્ધાભાવથી કલ્પનીય ભાતું વહોરાવ્યું. મુનિએ તે ગ્રહણ કર્યું. આ દાનની સાથે આકાશમાંથી 'અહોદાનમ્'ની ઉદ્દ્ઘોષણાપૂર્વક વ્યંતરે ખુશ થઈ કહ્યું, ''વરદાન માંગ!'' કામકેતુએ કહ્યું, ''એક નગર વસાવી, મોટું રાજ્ય આપો.'' વ્યંતરે તે મુજબ રાજ્ય વગેરે આપ્યું.

હવે સાત્ત્વિક દાનના પ્રભાવથી કામકેતુ રાજા બન્યો. તેણે પરાક્રમથી રાજ્યનો વિસ્તાર કર્યો. તે નિત્ય સુપાત્ર દાન આપવા લાગ્યો. સદ્ગુરુનો યોગ મળતાં તે શ્રાવક બન્યો. કામકેતુનો જીવ પાંચમાં ભવે મોક્ષે જશે. ખરેખર! આપેલું દાન કદી વ્યર્થ જતું નથી.

**કુમારપાળ** : (પ્રબંધ પંચશતી, ક.૫૬૫)

**હેમચંદ્રસૂરિ** વિહાર કરતાં **મારવાડ (મરૂસ્થલ) ડિશા**માં પધાર્યા. ત્યાં **શાકંભરી** નગરીમાં **ધનાશા** નામે નિર્ધન શ્રાવક રહેતો હતો. તેણે શિયાળામાં ઓઢવા માટે પોતાની સ્ત્રી પાસેથી હાથેથી સૂતર કંતાવી તેનો એક જાડો ચોફાળ બનાવડાવ્યો. ત્યારે ગરીબ શ્રાવકની પત્નીએ કહ્યું, ''ગુરુ મહારાજ બધાના ઘરે પગલાં કરે છે તો આપણા ઘરે પણ બોલાવો. આપણા ઘરે એક કોરુ વસ્ત્ર છે, તે વહોરાવીયે, શ્રીસંઘના પણ આપણાં ઘરે પગલાં થશે.'' શ્રાવકે કહ્યું, ''કુમારપાળ રાજા આપણા ગુરુના મોટા શ્રાવક છે. તેઓ જાડું વસ્ત્ર વહોરાવેલું જોશે તો આપણી શી વલે થશે! નિર્ધન એવા આપણા ઘરે ગુરુ મહારાજ કઈ રીતે પધારશે ?'' પત્નીએ દૃઢતાથી કહ્યું, ''તેઓ પધારશે જ.'' શ્રાવકે સંઘ સહિત ગુરુ ભગવંતને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. હેમચંદ્રસૂરિ પધાર્યા ત્યારે તેણીએ એક જાડું કપડું (ચોફાળ) વહોરાવ્યું. સૂરિએ તેનો ઉત્કૃષ્ટ ભાવ જાણી તે કપડું વહોર્યું.

હેમચંદ્રાચાર્યજીએ જ્યારે **પાટણ**માં નગર પ્રવેશ કર્યો ત્યારે **કુમારપાળ** આદિ બહોતેર રાજાઓ અને **કુબેર** આદિ અઢાર હજાર શ્રાવકો પોતાની ઋદ્ધિ - સિદ્ધિ સાથે સામૈયું લઈ સ્વાગત કરવા આવ્યા. સૂરિએ આ જાડું વસ્ત્ર **પાટણ**ના નગર પ્રવેશ મહોત્સવ પ્રસંગે ધારણ કર્યું.

સંઘના ગયા પછી જાડું અને બરછટ વસ્ત્ર જોઈને કુમારપાળ રાજાએ કહ્યું, ''ભગવન્! મારા જેવો રાજા હોય અને તમે આવું જાડું નિર્માલ્ય વસ્ત્ર ધારણ કરો ? શું બીજા વસ્ત્રો નથી ?'' હેમચંદ્રાચાર્યે કહ્યું, ''હે મહાનુભવ! આ વસ્ત્ર એક દુઃખી શ્રાવિકાએ ભક્તિભાવથી વહોરાવ્યું છે.'' રાજાએ કહ્યું, ''શું તેઓ આવા નિર્ધન છે ?''

રાજાએ તેમના નામ-ઠામ પૂછયા. તે શ્રાવિકાને બોલાવવા માટે સેવકોને મોકલ્યાં. રાજસેવકોને જોઈ શ્રાવક-શ્રાવિકા ભયભીત થયાં. તેમને રાજ દરબારમાં લાવવામાં આવ્યા. રાજાએ તેમનું સન્માન કર્યું. તેમને પહેરામણી કરી ૧૦૦ ટંક (સોનું) આપ્યું. હેમચંદ્રસૂરિએ કહ્યું, ''રાજન્! તારે બીજા પણ સીદાતા એવા સાધર્મિકોનું પૂરતું ધ્યાન રાખવું જોઈએ, નહીં તો તારી લક્ષ્મી શું કામની ?'' એવું સાંભળીને કુમારપાળ રાજાએ

૭૨ લાખ પ્રમાણ ટંક જે ટેક્સ (કર) પેટે શ્રાવકો પાસેથી લેવાતો હતો તે માફ કરાવ્યો. રાજાએ પ્રતિવર્ષ સ્વામીવાત્સલ્ય કરી નિરાધાર શ્રાવકોને હજાર સોનામહોરો દાનમાં આપી.

કુમારપાળ રાજાના મનમાં આ શ્લોક ગુંજતો હતો કે -

**'सर्वे भवन्तु सुखिनः, सवे सन्तु निरामयाः।**

**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग भवेत्।।'**

સર્વ પ્રાણી સુખી થાય, સર્વ નિરોગી બનો, સર્વમાં કલ્યાણની ભાવના પ્રગટે, કોઈ પ્રાણી દુઃખી ન થાય. આવી સુંદર ભાવનાઓથી ઓતપ્રોત મન મહાન સત્કર્મો કરી શકે છે.

**કુરુક્ષેત્ર બ્રાહ્મણ** : (પંચશતી પ્રબોધ)

**કુરુક્ષેત્ર**માં એક બ્રાહ્મણ દંપતી રહેતા હતા. તેમનો એક પુત્ર હતો. પરિવારના ત્રણે સભ્યો ખૂબ જ પ્રીતિપૂર્વક રહેતા હતા. તેઓ નિર્ધન હોવા છતાં દાનપ્રિય અને સરળ હતા.

એક વખત તેમને ત્યાં બે તપસ્વીઓ સાધુ ગોચરી માટે પધાર્યા. ત્રણે જણાને ભાવોલ્લાસ જાગવાથી પોતપોતાના ભાગમાં આવેલો સાથવો (એક પ્રકારનું ભોજન) સાધુના પાત્રમાં વહોરાવ્યો. એ જ સમયે આકાશમાંથી દેવો દ્વારા વિત્ત, પાત્ર અને ભાવની શુદ્ધિથી કરોડો સુવર્ણ મુદ્રાની વૃષ્ટિ થઈ. દેવો વડે **'મહાદાનં મહાદાનં'** ના જયનાદ વડે દાનની પ્રસંશા થઈ. આવા દાનના પ્રભાવથી બ્રાહ્મણ પરિવાર નજીકના ભવિષ્યમાં સર્વકર્મનો ક્ષય કરી મોક્ષે જશે.

આમ, સુપાત્રને આપેલું દાન સંસારની પરંપરા તોડી પરિત સંસારી બનાવે છે.

**કુરુચંદ્ર** : (ત્રિષિષ્ટ શલાકા પુરુષ ચરિત્ર, ભા.૪, શ્લોક ૩૭૩ થી ૩૭૬)

**શ્રી સોળમા તીર્થંકર શાંતિનાથ ભગવાન** દેશવિદેશની ધરતી પર વિચરતા એક દિવસ **હસ્તિનાપુર** નગરમાં આવ્યા. ત્યાં દેવોએ સમવસરણની રચના કરી. ત્યારે તે નગરના રાજા **કુરુચંદ્ર** નગરજનો સહિત પ્રભુને વંદન કરવા આવ્યા. ચતુર્વિધ સંઘની ઉપસ્થિતિમાં ભગવાને વૈરાગ્ય સભર અમૃત જેવી દેશના આપી. દેશના સમાપ્ત થતાં કુરુચંદ્ર રાજાએ બે હાથ જોડી વંદન કરી પૂછ્યું, ''ભગવન્! મેં પૂર્વ જન્મમાં એવું કયું પુણ્ય કર્યું છે કે જેથી હું આ નગરનો અધિપતિ બન્યો છું? કયા કર્મના ઉદયથી હું પ્રતિદિન પાંચ દિવ્ય રત્નો પ્રાપ્ત કરું છું? હું તેનો સ્વયં ઉપભોગ ન કરતાં પ્રજાજનો માટે રાખું છું પરંતુ અન્ય કોઈને આપી શકતો નથી. ભગવન્! મારા કયા કર્મોદયનું આ ફળ છે?''

ભગવાન શ્રી શાંતિનાથે કહ્યું, ''કુરુચંદ્ર! પૂર્વ જન્મમાં તમે મુનિઓને દાન આપ્યું છે; તેથી તમને રાજ્ય મળ્યું છે. વળી, વસ્ત્રાદિ પાંચ દિવ્ય વસ્તુઓ પણ પુણ્યના કારણે જ પ્રાપ્ત થઈ છે. તમે તેનો ઉપભોગ નથી કરી શકતા તેનું કારણ છે કે જે વસ્તુઓ બહુજનોના ભોગ માટે હોય તેનો ઉપભોગ એ વ્યક્તિ એકલપેટો બની ન કરી શકે. તમે તે વસ્તુઓ પ્રિયજનોને આપવા ઈચ્છો છો પરંતુ તમે તમારા પ્રિયજનોને જાણતા નથી. હું તમને તમારા પૂર્વભવની કથા કહું છું.

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **કૌશલ** નામના દેશમાં **શ્રીપુર** નામનું નગર હતું. ત્યાં **સુધન, ધનપતિ, ધનદ** અને **ધનેશ્વર** નામના ચાર વણિક પુત્રો નિવાસ કરતાં હતાં. તેઓ સમાન વયના હતા. તેમનામાં ખૂબ

ભાઈચારો અને પ્રેમ હતો.

એકવાર તેઓ ચારે વ્યાપાર કરવા **રત્નદ્વીપ** ગયા. તેમની સાથે **દ્રોણ** નામનો એક સેવક હતો; જે તેમની રસોઈની સામગ્રી ઉપાડતો હતો. માર્ગમાં એક મોટું જંગલ આવ્યું. જંગલ વિશાળ હોવાથી તે પાર કરતાં ઘણાં દિવસો પસાર થયાં. સાથે લાવેલી ખાદ્ય સામગ્રી પૂરતી હોવા છતાં પ્રાયઃ નિઃશેષ (ખૂટી)થઈ ગઈ. તેઓ જંગલમાંથી પસાર થતાં હતાં. ત્યાં એક વૃક્ષની નીચે પડિમાધારી ધ્યાનસ્થ મુનિરાજને જોયા. તેમના હૃદયમાં ભક્તિની લહેરો ઉઠી. તેમણે વિચાર્યું, 'આ મુનિરાજને કંઈક આહાર આપવો જોઈએ.' તેમણે દ્રોણને કહ્યું, ''ભદ્ર! આ મુનિરાજને કંઈક આહાર આપ.'' દ્રોણે પૂર્ણ શ્રદ્ધાથી, ઉચ્ચ ભાવના સહિત મુનિરાજને ભિક્ષા આપી, જેથી મહાભોગ ફળરૂપી પુણ્ય ઉપાર્જન કર્યું.

ત્યાંથી તેઓ રત્નદ્વીપ ગયા. ત્યાં ખૂબ ધન ઉપાર્જન કર્યું. તે ધન લઈ પોતાના ઘરે આવ્યા. ત્યાં સુખેથી રહેવા લાગ્યા. પુણ્યથી તેમની ઉન્નતિ થઈ. આ ચાર વણિક પુત્રોમાંથી ધનેશ્વર અને ધનપતિ કપટી હતા. વળી, તેમનો સેવક દ્રોણ વિશુદ્ધ ભાવનાવાળો હતો. આ બધામાંથી સૌ પ્રથમ દ્રોણ મૃત્યુ પામી હસ્તિનાપુર નરેશના પુત્ર કુરુચંદ્રના રૂપે તમે જન્મ ગ્રહણ કર્યો. તમારા જન્મના પૂર્વે તમારી માતાએ સ્વપ્નમાં મુખમાં ચંદ્ર પ્રવેશતો જોયો હતો તેથી તમારા માતા-પિતાએ તમારું નામ કુરુચંદ્ર રાખ્યું.

સુધન અને ધનદેવ મૃત્યુ પામી **કામ્પિલ્ય** અને **કૃતુકાપુર**માં અનુક્રમે **વસંતદેવ** અને **કામપાલ** તરીકે જન્મ્યા. ક્રમશઃ ધનપતિ અને ધનેશ્વર મૃત્યુ પામી વણિક કન્યા **મદિરા** અને **કેશરા**ના રૂપમાં **શંખપુર** અને **જયંતી** નગરીમાં જન્મી.

દ્રોણ સુપાત્રદાનના કારણે સેવક મટી કુરુચંદ્ર નામનો મહાન રાજવી બન્યો. અર્થાત્ દાનથી જ ક્ષત્રિય જેવા ઉચ્ચકુળનો વિનિયોગ થાય છે.

**કુરુચંદ્ર મંત્રીશ્વર :** (દાનપ્રકાશ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **કુણાલ** નામના દેશમાં, **શ્રાવસ્તી** નામની નગરીમાં **આદીવરાહ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની **કનકમાલા** નામની પ્રાણપ્રિયા હતી. તેમનો **તારાચંદ** નામનો ગુણવાન પુત્ર હતો. એકવાર ઈર્ષાળુ ઓરમાન માતાએ પોતાના પુત્રને રાજ્ય મળે એવી અભિલાષાથી તારાચંદના ભોજનમાં ચૂર્ણ ભેળવ્યું. તેનાથી તારાચંદ રોગિષ્ટ અને વિરૂપી બન્યો.

કદરૂપો તારાચંદ રાજ્ય છોડી વીસ તીર્થંકરોની નિર્વાણ ભૂમિ **સમેતશિખર**માં આવ્યો. અહીં તેણે કાર્યોત્સર્ગમાં ઊભેલા મુનિને જોયાં. તે વખતે એક વિદ્યાધર યુગલ મુનિ શ્રેષ્ઠને વંદન કરવા ત્યાં આવ્યું. તારાચંદે પૂછ્યું, ''તમે કોણ છો ? ક્યાંથી આવ્યા છો ?'' વિદ્યાધરે કહ્યું, ''**વૈતાઢ્ય** પર્વતની ઉત્તર શ્રેણિમાં વિદ્યાધરોના શિરોમણિ, અનેક વિદ્યા સિદ્ધ અને મહાબુદ્ધિમાન **વિદ્યુતવેગ** નામના રાજા જેઓ ભરયુવાનીમાં દીક્ષા લઈ આકરું તપ તપી રહ્યા છે. તપના પ્રભાવથી શરીરની અશુચિઓ ઔષધરૂપે પરિણમી ગઈ છે. જે માનવી આ મુનિને ભક્તિભાવથી વંદન કરે છે. તેના સર્વ રોગો નાશ પામે છે તેથી અમે પણ આ લબ્ધિધારી મુનિના દર્શન કરવા અહીં આવ્યા છીએ.''

વિદ્યાધરનાં વચન સાંભળી તારાચંદે ભાવથી મુનિને નમસ્કાર કર્યા. મુનિરાજને વંદન કરતાં તારાચંદનો વ્યાધિ ઉપશાંત થયો. તેમની વૈરાગ્યસભર દેશના સાંભળી બુદ્ધિમાન તારાચંદે જૈન ધર્મ પામી

બારવ્રત ગ્રહણ કર્યા. મુનિ પુનઃ ધ્યાનમાં લીન બન્યા. 'તારાચંદ સ્વધર્મી છે;' એવું જાણી પરોપકારી વિદ્યાધરે ગુટિકા આપી. આ ગુટિકા વિષ અને કામણનું મારણ કરનારી હોવાથી તે ખાવાથી તારાચંદ અત્યંત સ્વરૂપવાન બન્યો.

અનુક્રમે તારાચંદ **રત્નપુર**માં આવ્યો. તેને ગામમાં ફરતો જોઈને **મદનમંજૂષા** નામની ગણિકા પોતાના મહેલે તેડી લાવી. એકવાર રાત્રિના સમયે ગણિકાએ ભર નિદ્રામાં સૂતેલા નિર્ધન તારાચંદને દાસી મારફતે ખાટલા સહિત ઉપાડી ચૂપચાપ પરદેશ જતાં વહાણમાં મૂકાવ્યો. વહાણ ચાલ્યું ગયું. પ્રભાતે કોલાહલ થતાં તારાચંદ જાગી ગયો. તે વહાણ અને સમુદ્ર જોઈને ક્ષણવારમાં અક્કાનું રચાયેલુ કાવત્રું છે; એવું સમજી ગયો. તે ચિંતાતુર બન્યો. ત્યાં બાલમિત્ર **કુરુચંદ્ર** (સાર્થપતિ) મળ્યો. તેને અતથી ઈતિ સુધીનો અહેવાલ કહ્યો.

કુરુચંદ્ર પણ આદીવરાહ રાજાના કહેવાથી તારાચંદને શોધવા જ નીકળ્યો હતો. તારાચંદના મળવાથી બન્ને રાજ્યમાં પાછા આવ્યા. શુભ દિવસે તારાચંદને રાજ્ય સોંપી અને કુરુચંદ્રને મંત્રી બનાવી રાજાએ દીક્ષા ગ્રહણ કરી. ઈન્દ્રની જેમ શોભતા તારાચંદે અનેક રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું.

એકવાર નગરમાં મહાગુણવાન, બહુશ્રુત એવા સંત પધાર્યા. તારાચંદ રાજાએ તેમને પોતાના મકાનની નજીક રહેલી પૌષધશાળામાં ઉતારો આપી વસતિદાન કર્યું. સંતે પ્રત્યુપકાર કરવા દેશના આપી. ''પ્રત્યેક દિવસે માનવીનું આયુષ્ય પ્રતિપળ તૂટી રહ્યું છે. માનવીએ વિચાર કરવો જોઈએ કે, આજે મેં શું સુકૃત્ય કર્યું છે ? કારણકે ધર્મ - અર્થ - કામ વિહોણો માનવી લુહારની ધમણ જેવો નિરર્થક છે.'' આ દેશનાથી કુરુચંદ્ર મંત્રી સિવાય બધા જ પ્રતિબોધ પામ્યા.

રાજા તારાચંદે વિચાર્યું, 'આ ઠીક ન થયું. મંત્રીના ઘરે વસતિ અપાવું, જેથી તે હંમેશાં, ઉપદેશ સાંભળે અને સંતોની નિર્દોષ ક્રિયા અને દિનચર્યા જોઈ પ્રતિબોધ પામશે. આવું કરવા પાછળનો રાજાનો ઈરાદો એ હતો કે મિથ્યાત્વી કુરુચંદ્ર મંત્રી પ્રતિબોધ પામે.

રાજાના કહેવાથી બાલમિત્ર કુરુચંદ્રએ સાધુઓને પોતાના ઘરે નિર્દોષ સ્થાને વસતિ આપી. પરંતુ તાવવાળા મનુષ્યને દૂધ, ઘી, સાકર ન ગમે; તેમ ભારે કર્મી જીવને ધર્મ ન રૂચે. માસકલ્પ પૂર્ણ થતાં સાધુઓએ વિહાર કર્યો.

કહેવાય છે કે, સાધુ, શુકન પક્ષી, ભમરા, ગાયનાં ટોળાં અને વરસાદને એક સ્થાન ન હોય. સ્ત્રી પિયર, પુરુષ સાસરે, સાધુ એક સ્થાને રહે તો અળખામણો થઈ પડે.

તારાચંદ નૃપતિ અરિહંત ઉપાસક બની, શાસનોન્નતિનાં કાર્યો કરી, સ્વર્ગમાં ગયો જ્યારે કુરુચંદ્ર મંત્રી વિષયાસકત અને ધર્મશ્રદ્ધારહિત થઈ તિર્યંચયોનિઓમાં ઉત્પન્ન થયો. અનુક્રમે અનેક યોનિમાં ભમતાં તે જંગલમાં ભીલ થયો.

એકવાર ધનુષ્ય બાણ લઈ ડુંગરની ઓથે ઊભો હતો. ત્યાં તેણે ઘણાં મુનિરાજોને આવતાં જોયાં. મુનિને જોઈ ચિંતનની ધારાએ ચડતાં ભીલને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે આગલા ભવો જોયાં. પૂર્વે મિત્ર રાજાના કહેવાથી મુનિવર્યોને વસતિ દાન આપવા છતાં મંદભાગી એવો પોતે કોરોધાકોર રહ્યો તે જાણી ભીલને પારાવાર પશ્ચાતાપ થયો. દુષ્કૃત્યની આલોચના કરી, સર્વને ખમાવી, અંત સમયે અનશન કરી ભીલનો આત્મા **સૌધર્મ** નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો.

રાજા તારાચંદે મંત્રી કુરુચંદ્રને ધર્મમાં સ્થિર કરવા શ્રમણોને આપેલું વસતિદાન એ ધર્મદાન છે.

ભલે તે દાનથી ભારે કર્મી કુરુચંદ્ર તે ભવમાં પ્રતિબોધ ન પામ્યો પરંતુ આગામી ભવમાં તે જરૂર પ્રતિબોધ પામ્યો.

**કુલધ્વજ રાજા :** (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ, પૃ.૩૬૩)

**ભરતક્ષેત્ર**માં **અયોધ્યા** નગરીમાં **શંખ** રાજાની **ધારિણી** નામની રાણી હતી. તેમનો **કુલધ્વજ** નામનો પુત્ર હતો. તેણે બહોંતેર કળાઓ શીખી. એકદા કુલધ્વજ મંત્રી પુત્રની સાથે વનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં એક વૃક્ષ નીચે **માનતુંગ સૂરિ** નામના મુનિ જોયા. તેમની પાસે ધર્મદેશના સાંભળવા ગયો. સૂરિએ શીલનો મહિમા દર્શાવ્યો. તે સાંભળી કુલધ્વજે બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું. હવે તે પોતાની ઈચ્છાનુસાર ફરવા લાગ્યો. ત્યાં સાંકડા માર્ગ પર બે સ્ત્રીઓ પોતપોતાની શ્રેષ્ઠતા પૂરવાર કરતી ઝઘડતી હતી.

લુહારની પત્ની **સૌભાગ્યસુંદરી**એ રથકારની પત્નીને કહ્યું, "તું માર્ગમાંથી આઘી ખસ, જેથી હું ઘરે જઈ શકું. મારો પતિ શુભ મુહૂર્તે શ્રેષ્ઠ મત્સ્ય ઘડે છે. તે મત્સ્ય સમુદ્રમાંથી મોટા મણિ લાવી આપે છે તેથી હું શ્રેષ્ઠ છું. વળી, મારા માથા ઉપર પાણીનો મોટો ઘડો છે અને તારા માથા પર ખાલી ઘડો છે માટે પ્રથમ હું જઈશ." ત્યારે રથકારની પત્નીએ કહ્યું, "**કંદર્પ** નામનો મારો ધણી રૂપમાં કામદેવ સમાન છે. તે કાષ્ટનો શ્રેષ્ઠ અશ્વ બનાવે છે. આ દિવ્ય અશ્વ ગગન માર્ગે જઈ મનુષ્યને નિર્ધારિત સ્થાને પહોંચાડી છ મહિને પોતાના સ્થાને પાછો લાવે છે તેથી તારા કરતાં હું ચઢિયાતી છું."

રાજકુમાર કુલધ્વજે બન્ને સ્ત્રીઓનો વાર્તાલાપ સાંભળી ઝઘડો મટાડવા રાજા સમક્ષ સઘળો વૃત્તાંત જણાવ્યો. રાજાએ લોહકાર અને રથકારને બોલાવ્યા. પ્રથમ લોહકારને માછલું બનાવવા લોઢું આપ્યું. રાજાની આજ્ઞાથી લુહારે લોહમય મત્સ્ય બનાવ્યો. ખીલાથી બંધાયેલો તે મત્સ્ય રાજાની દૃષ્ટિ સમક્ષ સમુદ્રમાં જઈ પળવારમાં વીસ રત્નો ગળી પાછું આવ્યું. લોહકારને આ કળા દેવતાએ વરદાનમાં આપેલ હતી.

બીજે દિવસે રાજાજ્ઞાથી રથકારે ગગનગામી અશ્વ બનાવ્યો. રથકારે કહ્યું, "યંત્રમય ખીલીનો પ્રયોગ કરતાં તે આકાશમાં ઉડશે." કૌતુક પ્રિય રાજકુમાર અશ્વારુઢ થયો. તેની પરીક્ષા કરવા દૂર દેશમાં ચાલ્યો ગયો. ગામ, નગર, જંગલ, પર્વતો નિહાળતો રાજકુમાર કુલધ્વજ કોઈ નગરની નજીકમાં પહોંચ્યો. ખીલી ખેંચવાથી અશ્વ પૃથ્વી પર પડયો અને લાકડાનો ઢગલો થયો. કુમાર વિસ્મય પામી લાકડાનો ભારો બાંધી વાડીમાં પ્રવેશ્યો. તે સમયે ફૂલ લેવા માળી આવ્યો. તેણે આમ્ર વૃક્ષની છાયામાં દેવકુમાર જેવા સૂતેલો પુરુષને જોયો. માળીએ તેને સન્માનપૂર્વક ઘરે લાવી ભોજન આપ્યું તેમજ રહેવા માટે ઓરડો આપ્યો. અશ્વના લાકડાં માળીનાં ઘરના એક ખૂણામાં મૂકી રાજકુમાર નગરી જોવા નીકળ્યો. તે ફરતાં ફરતાં દેવાલયમાં પહોંચ્યો. ત્યાં દેવની સ્તુતિ કરી.

પ્રતિહારીએ બધાને દેવાલયમાંથી બહાર કાઢયાં. તે મંદિરના એક ખૂણામાં છુપાઈ ગયો. તે વખતે સખીઓથી પરિવૃત રાજકુમારી દેવાલયમાં આવી. ત્યાં નૃત્ય કરી પ્રભુને વંદન કરી જતી રહી. રાજકુમારે કોઈને કન્યા વિશે પૂછયું. "આ કન્યા **રત્નપુર**ના **વિજય** રાજાની **ભુવનસુંદરી** નામની પુત્રી છે. તે નિત્ય જિનભક્તિ કરવા આવે છે. આ કન્યાનો એવો દુર્ઘટ અભિગ્રહ છે કે, 'જે મનુષ્ય ભૂચર હોવા છતાં પોતાની શક્તિ વડે આકાશમાં ઉડી શકે અર્થાત્ ખેચર થાય તેની સાથે પાણિગ્રહણ કરવું, અન્યથા અગ્નિપ્રવેશ કરવો.' રાજાને પુત્રીની ભારે ચિંતા થાય છે. રાજા તેવા વ્યક્તિની શોધમાં છે."

રાજકુમાર પોતાના સ્થાને ગયો. અશ્વ તૈયાર કરી અર્ધરાત્રિએ ઉડીને રાજકુમારીના ભુવનમાં

આવ્યો. અર્ધું ચાવેલું તાંબૂલ મૂકી સ્વસ્થાને ગયો. બીજી રાત્રિએ રાજકુમારીએ ઊંઘવાનો ઢોંગ કર્યો. ત્યાં આકાશ માર્ગેથી રાજકુમાર આવ્યો. પ્રથમની જેમ અડધું ચાવેલું તાંબૂલ પલંગ પાસે મૂકી જવા લાગ્યો. ત્યાં રાજકુમારીએ વસ્ત્રનો છેડો પકડી કહ્યું, ''તમે કોણ છો?'' રાજકુમારે પોતાને આવવાનું પ્રયોજન કહી આકાશગામી અશ્વ વડે ભૂચર ખેચર થયો છે, તે જણાવ્યું. રાજકુમારીએ તે જ વખતે પોતાનો દુર્ઘટ અભિગ્રહ પૂર્ણ થતાં રાજકુમાર સાથે ગાંધર્વ વિવાહ કર્યા.

રાજકુમાર હંમેશાં તેની સાથે ગુપ્તપણે ક્રીડા કરવા લાગ્યો. સખીઓએ તેની દેહપુષ્ટિ અને અંગોનો વિકાસ જોઈ રાજમાતાને જણાવ્યું. રાણીએ જઈ રાજાને કહ્યું, ''અંતઃપુરમાં કોઈ અજાણ્યો વ્યક્તિ આવે છે.'' રાજાએ તેને પકડનારને ત્રણ લાખ સોનામહોરનું ઈનામ જાહેર કર્યું. એક વેશ્યાએ અજાણ્યા વ્યક્તિને પકડવાની હામ ભીડી. તેણે કન્યાના ઓરડામાં જઈ ભૂમિ ઉપર તેલ મિશ્રિત સિંદુરનું વિલેપન કર્યું. તે સવારે પોતાની સ્વામિનીને નમન કરવા ગઈ ત્યારે ભૂમિ ઉપર પુરુષનાં પગલાં જોયા. રાજાને જાણ કરી. કોટવાલે સિંદૂરથી લીંપાયેલા ચરણવાળા કુમારને પકડયો. તેને રાજસેવકો રાજા પાસે લાવ્યા.

રાજાએ તેને શૂળી ઉપર ચઢાવવાની શિક્ષા આપી. તેને વધસ્થાને લઈ જવામાં આવ્યો. લોકોને તેનું દેવ સ્વરૂપ જોઈ દયા આવી. ''આ કોઈ મોટો રાજા અથવા વિદ્યાધર લાગે છે. રાજા આને જ પોતાની કન્યા આપે તો સારું. એના વિયોગે રાજકુમારી મૃત્યુ પામશે.'' લોકો આ પ્રમાણે બોલતા હતા, ત્યાં સેવકો રાજકુમારને લઈ માળીના ઘર પાસેથી નીકળ્યા. તેણે કહ્યું, ''અહીં મારા કુલદેવતા છે. મૃત્યુ પહેલાં મારે તેમને નમસ્કાર કરવા છે પછી મને શૂળીએ ચડાવજો.'' કોટવાલે દેવીનો ભક્ત જાણી જવા દીધો. કુમારે માળીના ઘરમાં જઈ યાંત્રિક અશ્વ તૈયાર કર્યો. તેના પર બેસી આકાશમાં ઉડી ગયો. ગોખમાં ઉભેલી ભુવનસુંદરીને લઈ **સિંધુબેટ**માં આવ્યો. ત્યાં અશ્વ પરથી ઉતરી સુખેથી નિદ્રાધીન થયો.

અશ્વ પર ચઢી કન્યા પકવાન લેવા પિતાને ત્યાં રાજભવનમાં ગઈ. બારી ઉપર મૂકેલો અશ્વ અચાનક નીચે પડતાં ભાંગી ગયો. ભુવનસુંદરી અત્યંદ ખેદ કરવા લાગી. તેણે પ્રતિજ્ઞા કરી કે, 'મારા પતિના દર્શન થાય તો જ જમવું અન્યથા નહીં.' કુલધ્વજ જાગ્યો ત્યારે ભુવનસુંદરીને ન જોઈ. શંકા - કુશંકા કરવા લાગ્યો. ત્યાં કોઈ વિદ્યાધરીને જોઈ. તેણીએ કહ્યું, ''હું **વૈતાઢય** પર્વત પર **મણિ-વિદ્યાધર**ની પ્રિયા છું. શત્રુ વિદ્યાધરે મારું અપહરણ કર્યું. તેથી હું ત્યાંથી નાસી તમારી પાસે આવી છું. તમે મને સ્વીકારો'' રાજકુમારે કહ્યું, ''સઘળી સ્ત્રીઓ મારે બહેન સમાન છે.'' વિદ્યાધરીએ ગુસ્સામાં આવી રાજકુમાર પર વિદ્યાનો પ્રયોગ કર્યો. રાજકુમાર પૃથ્વી પર ઢળી પડયો. તે સચેતન થયો ત્યારે પુનઃ તે સ્ત્રીએ ભોગ સુખોની માંગણી કરી. કુલધ્વજ અડગ રહ્યો. વિદ્યાધરીએ તેને ઉપાડી સમુદ્રમાં નાંખ્યો. જલદેવીએ તેને ઝીલી લીધો. દેવીએ પ્રસન્ન થઈ કુમારનો તેની પત્ની ભુવનસુંદરી સાથે મેળાપ કરાવ્યો. કુમારની આજ્ઞાથી દેવીએ કાષ્ટમય અશ્વ બનાવી આપ્યો. અશ્વ પર બેસી બન્ને **ચંદ્રપુર** નગરમાં આવ્યા. ત્યાં **ચંદ્ર** રાજાની પુત્રી **રૂપવતી** સાથે કુમાર પરણ્યો.

આ બાજુ છ માસની અવધિ પૂર્ણ થવા છતાં પુત્ર ન આવ્યો એટલે શંખરાજાએ સુથારને બોલાવી ફાંસીની સજા ફરમાવી. સેવકો સુથારને શૂળી ઉપર ચઢાવતા હતા ત્યાં કુમાર આવ્યો. તેણે સુથારને બચાવી લીધો. કુમાર માતા-પિતાને ભેટયો. પિતાએ તેને રાજ્ય સોંપી સંયમ લીધો. કુલધ્વજ રાજાએ જનતાને ખૂબ સુખી કરી.

એક વખત ઉદ્યાનમાં **ધર્મશેખર સૂરિ** પધાર્યા. તેમણે દેશનામાં દાન-ધર્મનો મહિમા વર્ણવ્યો.

દેશનાના અંતે કુલધ્વજ રાજાએ પૂછયું, ''મેં પૂર્વભવમાં શું પુણ્ય કર્યું હતું, તેથી મને ઉત્તમ સુખો અને રાજ્ય મળ્યું છે?'' સૂરિએ કહ્યું, ''**રમાપુરી** નગરીમાં તમે દુ:ખી **ભીમ** હતા. તમે એક વખત ગરીબાઈમાં પણ હર્ષપૂર્વક ઉત્તમ સાધુને સુપાત્ર દાન આપ્યું હતું. તેના પ્રભાવથી સ્વર્ગમાં જઈ ત્યાંથી ચ્યવી શંખ રાજાના પુત્ર થઈ રાજગાદી મેળવી છે. આ સાંભળી કુલધ્વજ રાજા હવે વધુ દાનધર્મમાં સમય ગાળવા લાગ્યાં. તેમણે મુનિઓને વસ્ત્રો વહોરાવ્યાં. શ્રી સંઘમાં દીન-દુ:ખી શ્રાવકોને વસ્ત્રોનું દાન આપ્યું. ઘણાં સમય સુધી રાજ્ય કરી **સોમદત્ત** નામના પુત્રને રાજ્ય સોંપી, સર્વ શાસ્ત્રનો અભ્યાસ કરી, સંયમની ક્રિયાઓનું યથાર્થ પાલન કરી ઘણાં સાધુઓ સાથે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષે ગયા.

શ્રાવકનું બારમું 'યથાસંવિભાગ વ્રત' છે. જેનો અર્થ થાય છે - તમારી પાસે જે છે તેમાંથી ઉચિત (જઘન્ય, મધ્યમ અને ઉત્તમ પાત્ર)ને યથોચિત ભાગ આપો. આ કારણે જ કેટલાક વ્યાપારીઓ પોતાની આવકનો નિશ્ચિત હિસ્સો દાનમાં આપવા અલાયદો રાખે છે. કુલધ્વજ રાજાએ પોતાની સંપત્તિનો દાન આપી સદુપયોગ કર્યો.

**કુલપુત્ર ઈશ્વર અને મનોરથ શ્રેષ્ઠી** : (કથાકોષ પ્રકરણમ્, પ્રાકૃત, પૃ.૮૩)

**પ્રત્યાસન્ન** ગામમાં એક **ભરવાડ પુત્ર** રહેતો હતો. એક રાત્રિના સમયે તીર્થંકર મોક્ષમાં ગયા ત્યારે નિર્વાણ કલ્યાણક સમયે દેવોએ ઉદ્યોત કર્યો. તે જોતાં ભરવાડ પુત્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે દીક્ષા લીધી. **ભરવાડ મુનિ**એ દેશના આપી ત્યારે **ગોશાલક**નો આત્મા, જે ઓગણીશમા ભવમાં **ઈશ્વર** નામનો કુલપુત્ર હતો તે ત્યાં આવ્યો. તેણે દેશના સાંભળી મુનિને પૂછયું, ''તમે કોની પાસે દીક્ષા લીધી છે?'' મુનિએ કહ્યું, ''હું પ્રત્યેકબુદ્ધ છું. મેં સ્વયં દીક્ષા લીધી છે. મારા ગુરુ ન હોય.'' ઈશ્વરે દ્વેષભાવથી સંયમ જીવનની ભારે નિંદા કરી. તે સમયે તેના આયુષ્યનો બંધ થવાથી ઈશ્વર મરીને સાતમી નરકે ગયો. એ વખતે **મનોરથ** નામના શ્રેષ્ઠીએ પૂછયું, ''જો સાધુ નિંદાથી આવું ખરાબ ફળ મળે તો સાધુની ભક્તિ-સેવા (સુપાત્રદાન કરવા)થી કેટલું સારું ફળ મળતું હશે? હે મુનિ! હું આજથી અભિગ્રહ કરું છું કે, '**ચંપાનગરી**માં જેટલા સાધુ વિહાર કરીને આવશે તેમને ઘી, ગોળ, વસ્ત્ર, કંબલ વહોરાવી ભક્તિ કરીશ.'' આમ વિશુદ્ધ ભાવથી સુપાત્ર દાન આપી મનોરથ શ્રેષ્ઠીએ વૈમાનિક દેવનું આયુષ્ય બાંધ્યું. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જશે.

નીતિકાર સાચું જ કહે છે -

**''गौरवं प्राप्यते दानान्नतु वित्तस्य संचयात्।**

**स्थितिरुच्चैः पयोदानं पयोधीनामधः स्थितिः।।''**

**અર્થ :** મનુષ્ય દાનથી ગૌરવ પ્રાપ્ત કરે છે, ઉચ્ચ સ્થાન મેળવે છે પરંતુ ધનના સંચયથી કંઈ નથી મેળવતો, પ્રત્યક્ષ જુઓ, પોતાનું સર્વસ્વ જળ મુક્ત હાથે લૂંટાવનાર દાનવીર મેઘનું સ્થાન આકાશમાં છે જ્યારે જળનો સંચય કરનાર સમુદ્રનું સ્થાન અવની પર છે.

**કોશા ગણિકા** : (શ્રાદ્ધવિધિ પ્રકરણ, પ્રથમ પ્રકાશ)

**પાટલીપુર**માં કોશા નામની ગણિકા રહેતી હતી. તેને પ્રતિબોધ પમાડવા **સંભૂતિવિજય** નામના ગુરુ આજ્ઞા લઈ પૂર્વ પરિચિત **સ્થૂલિભદ્ર મુનિ** તેને ત્યાં ચાતુર્માસ રહ્યા. ગણિકાએ તેમને ક્ષુબ્ધ કરવા હાવભાવ,

અંગ વિન્યાસ અને ગાન-તાન, મૃદંગને વીણા વાદન સહિત નાટ્ય વિનોદમય વાતાવરણ ખડું કર્યું. પોતાનો પૂર્વનો બારબાર વર્ષનો સંબંધ વગેરે યાદ કરાવી મુનિને વિલાસી બનાવવાના સઘળા પ્રયત્નો અજમાવ્યા પરંતુ કામવિજેતા સ્થૂલિભદ્ર મુનિ અજેય રહ્યા.

ચાતુર્માસ પૂર્ણ થતાં પૂર્વે ગણિકાને ધર્મમાં સ્થિર કરી તેને સમ્યક્ત્વ સહિત બારવ્રતધારી પરમ શ્રાવિકા બનાવી. તે સાથે ચોથા બ્રહ્મચર્ય વ્રતમાં રાજાએ મોકલાવેલ પુરુષ સિવાય અન્ય પુરુષનો વચનથી પણ સંગ ન કરવો એવો તેણે નિયમ કર્યો. કોશા જીવાજીવ આદિ નવ તત્ત્વની જાણકાર બની.

એકદા **નંદ** રાજાની આજ્ઞાથી કોઈ રથકાર કોશાની પરીક્ષા કરવા તેના મંદિરે આવ્યો. રથકાર કામદેવ જેવો રૂપાળો હતો. તેણે બાણસંધાન વિદ્યા વડે આમ્રફળની લૂંબ તોડી ત્યાં બેઠાં બેઠાં લાવી ગણિકાના હાથમાં આપી. રથકારનો ગર્વ તોડવા કોશાએ પોતાના આંગણામાં સરસવનો ઢગલો કરાવી તેના ઉપર સોય મૂકી, તેના ઉપર એક પુષ્પ મૂકીને તેના ઉપર નૃત્ય કર્યું.

તે જોઈ રથકાર સ્તબ્ધ બન્યો. તેણે વિસ્મય પામતાં કહ્યું, ''આ અતિ કઠિન કાર્ય છે.'' ત્યારે કોશાએ માર્મિક ટકોર કરતાં કહ્યું, ''આંબાની લૂંબ તોડવી કે સરસવ ઉપર નૃત્ય કરવું દુષ્કર નથી પરંતુ **મહામુનિ સ્થૂલભદ્રે** ચાતુર્માસમાં સુંદર આવાસમાં અને પૂર્વની પ્રીતિવાળી પરિચિત રાગી યુવતીની નજીકમાં એકાંતમાં રહ્યા છતાં અણિશુદ્ધ સંયમી રહ્યા તે મહાદુષ્કર છે.''

કોશાના વેણથી પ્રતિબોધ પામી રથકારે સ્થૂલિભદ્ર મુનિ પાસે જઈ ચારિત્ર લીધું. આમ, વસતિદાન આપવાથી કોશા ગણિકા મટી દૃઢધર્મી શ્રાવિકા બની અને એક શ્રાવિકાથી પ્રતિબોધ પામી રથકાર સર્વવિરતિધર બન્યો.

**કૃતપુણ્ય** : (કથા પ્રદીપિકા, પૃ.૬૦)

**કમલપુર** નામનું નગર હતું. ત્યાં **કમલસેન** રાજા રાજ્ય કરતા હતા. એકવાર એક નૈમિત્તિક ફરતો ફરતો ત્યાં આવી ચડયો. રાજસભામાં તેણે સખેદ જાહેર કર્યું કે, ''ગ્રહબળથી હું ચોક્કસપણે કહી શકું છે કે આ નગરમાં અને તેની આસપાસના વિસ્તારમાં બાર વર્ષનો ભયાનક દુકાળ પડશે.'' આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. પ્રજાપાલક રાજાના અંતરમાં સોંપો પડી ગયો. મંત્રીગણ ખિન્ન થઈ ગયો. કુદરતની સામે કોણ બાથ ભીડી શકે છે ? શું કરવું ? કોઈને સૂઝ પડતી નથી. નૈમિત્તિક ચાલ્યો ગયો. બે માસ વીતી ગયા. અષાઢ માસ આવ્યો. કોઈને વરસાદ આવવાની આશા હતી નહીં. એક રાત્રિએ વાદળો દોડી આવ્યા. આકાશ ઘનઘોર થયું. વીજળીએ કડાકા દીધા. નગરજનો સાનંદાશ્ચર્ય નાચવા લાગ્યા અને જોતજોતામાં મન મૂકીને મુશળધાર વરસાદ તૂટી પડયો.

લોકોએ પેલા મહાપ્રાજ્ઞ નૈમિત્તિકને મૂર્ખ શિરોમણિ કહીને હસી નાખ્યો. સર્વત્ર સુકાળ થઈ ગયો. રાજાને નૈમિત્તિકના જ્ઞાન પર પૂર્ણ ભરોસો હતો. કોઈ રીતે રાજાના મનનું આશ્ચર્ય દૂર થતું ન હતું. 'મહાપ્રાજ્ઞનું ગણિત ખોટું પડયું ! ના, ના એ તો શક્ય જ નથી.'

એક વખત **યુગંધર** નામના આચાર્ય ભગવંત નગરમાં પધાર્યા. તેઓ ચાર જ્ઞાનના સ્વામી હતા. રાજાએ વંદન કરી તેમને પૂછયું, ''ભગવન્ ! પેલો મહાબુદ્ધિમાન નૈમિત્તિક શું ખોટો હતો ?'' આચાર્યએ કહ્યું, ''ના, જરાય નહીં. તે વખતના ગ્રહાચાર એવા જ હતા કે, બાર વર્ષનો દુકાળ પડે જ.'' રાજાએ જિજ્ઞાસાવશ

વિનંતીભાવે કહ્યું, ''તો પ્રભુ! આમ કેમ થયું?'' આચાર્યએ ગંભીર સ્વરે કહ્યું, ''રાજન્! એક પુણ્યશાળી પગલાંએ ગગનનાં ગ્રહાચારને વેરવિખેર કરી નાંખ્યો.'' રાજાનું આશ્ચર્ય હદ વટાવી ગયું. સૂરિવરે કહ્યું, ''રાજન્! એ રાત્રિએ તારા નગરની એક સ્ત્રીની કુક્ષિમાં એવા મહાન પુણ્યાત્માનો જન્મ થયો હતો, જેના વિશિષ્ટ પુણ્ય કર્મના પરમાણુઓએ ભયાનક દુકાળને ધક્કો મારી સર્વત્ર સુકાળ ફેલાવી લીધો. લે સાંભળ, એના પૂર્વ જીવનની અદ્‌ભુત વાત!

પૂર્વભવમાં એનું નામ હતું **પ્રવરદેવ**! એ ખૂબ ખાઉધરો હતો. એને જે તે ખાવાની લત હતી. એના પરિણામે આખા શરીરમાં કોઢ વ્યાપી ગયો. ચેપી કોઢથી એનું અંગ ફદફદી ગયું! નગરના લોકો એને અછૂત ગણવા લાગ્યા! સૌ તેને તિરસ્કારતા! છટ આઘો મર, કહીને હડસેલતા. તેની હડકાયા કૂતરા કરતાં ય બદતર સ્થિતિ હતી.

એક દિવસે આથમતી સંધ્યાનો સમય હતો ત્યારે મહાજ્ઞાની કોઈ મુનિવર પરગામથી વિહાર કરીને એ ગામમાં પધાર્યા. સહુથી ત્રાસેલા, ધિક્કારાયેલા, અછૂત મનાયેલા, પ્રવરદેવે એમનો પીછો પકડયો. એમની સાથે ઉપાશ્રયમાં ગયો. મુનિ આસન પર બેઠાં અને પ્રવરદેવે એમના ખોળામાં માથું નાંખ્યું. ચોધાર આંસુએ નોંધારા પ્રવરે મુનિનો ખોળો ભીંજવી નાંખ્યો. તેણે ગદ્‌ગદ્ સ્વરે કહ્યું, 'પ્રભો! મને બચાવો. આ કુષ્ટ રોગે મારા જીવતરને ઝેર બનાવી દીધું છે! લોકો કૂતરા જેવા પશુને પંપાળે છે અને માણસ જેવા માણસને ધિક્કારે છે! આ રોગ પણ હવે તો સહેવાતો નથી. ઓ કરુણાસાગર! મારી ઉપર કરુણા વરસાવો.'

પ્રશાંત સ્વરે મુનિવરે કહ્યું, 'ભદ્ર! દુઃખને કાં રડે છે? રડવું હોય તો પાપને રડ, જેણે આ દુઃખોને આમંત્રણ દઈને બોલાવ્યા છે. સર્વ દુઃખનું મૂળ અવિરતિનું પાપ છે. આ મૂળિયા ઉપર જ ઘા કર. પાપનું મૂળ બળી જશે પછી દુઃખના વૃક્ષની સલામતી નહીં રહે. એને સૂકાઈને તૂટી પડયે જ છૂટકો! પાપ જાય અને દુઃખો ય જાય, પછી રહે માત્ર શ્રેય અને શ્રેય તરફની ગતિને અબાધિત રાખે તેવું પ્રેય.''

શ્રુતગંગાના ખળખળ વહી જતાં આ વાક્યોનું શ્રવણ કરતાં પ્રવર આનંદ વિભોર બની ગયો. ઘણાં વર્ષે એને મિત્ર સમાન ગુરુ મળ્યા, એવું લાગ્યું. મુનિએ અવિરતિનું સ્વરૂપ સમજાવ્યું અને વિરતિનો મહિમા વર્ણવ્યો. પ્રવર બોલી ઉઠયો, 'દુઃખને રહેવું હોય તો રહે અને જવું હોય તો જાય પણ પાપના મૂળને અત્યારે જ ડામ દઈશ. પ્રભુ! પ્રતિજ્ઞા આપો કે આજીવન એક અન્ન, એક વિગઈ અને એક શાકથી વધુ લેવું નહીં અને અચિત જળનો જ ઉપયોગ કરવો.'

મુનિવરે પ્રસન્ન થઈ પ્રતિજ્ઞા આપી. નિષ્પાપ આજીવિકાથી પ્રવરદેવ પોતાનો સંસાર વ્યવહાર ચલાવવા લાગ્યો. થોડા સમયમાં તે કરોડપતિ થઈ ગયો. રોગો તો શમી ગયા એટલું જ નહીં ભોગ-વાસનાઓ પણ શાંત થઈ ગઈ! પર્યાપ્ત પ્રાપ્ત ધન પરાર્થમાં વાપરવા લાગ્યો.

એકવાર દુષ્કાળના કાળાં ઓળાં ફરી વળ્યાં. પ્રવરદેવે અનાજના ભંડાર ખુલ્લા મૂકી દીધાં. એક લાખ મુનિવરોને અન્ન દાન વહોરાવ્યું, એક લાખ સાધર્મિકોની ભક્તિ કરી , આજીવન નિરતિચાર વ્રત પાળીને પ્રવર દેવ લોક સમુદાયમાં '**કૃતપુણ્ય શેઠ**' તરીકે પ્રખ્યાત થયો. તે મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં સામાનિક દેવ થયો. આયુષ્ય પૂર્ણ કરી તે આત્મા આ નગરમાં **શુદ્ધબોધ** શેઠની **વ્યોમલા** પત્નીની કુક્ષિમાં આવ્યો. જન્માંતરની આરાધનાનાં એ સૂક્ષ્મ બળો દોડી આવ્યાં. એનાં શરસંધાન થયાં. ધનુષ્યનો ટંકાર થયો અને વીંધાઈ ગયા ગ્રહાચાર! દુષ્કાળના કાળા ઓળા ઉતારી ગયાં. નાગરિકોના અશુભ કર્મોને ધક્કો મારી તે પ્રબળ

સૂક્ષ્મ બળે દૂર હડસેલી મૂક્યાં અને મેહુલો મન મૂકીને વરસ્યો ! સમગ્ર ધરતીને હરિયાળી બનાવી દીધી.

રુસના **'પીટર ધી ગ્રેટ'** ગ્રંથમાં પણ કહ્યું છે, 'દાન અસંખ્ય આપત્તિઓનો છેદ કરનાર છે.'

**કૃતપુણ્ય શેઠ - ગોવાળ પુત્ર :** (ઉપદેશ પ્રાસાદ, ભા.૨)

**મગધદેશ**ની રાજધાની **રાજગૃહી** નગરીમાં મહારાજા **શ્રેણિક**નું રાજ્ય તપતું હતું. તેમની **ઈન્દ્રરાજા**ની પટ્ટરાણી **શચિદેવી**ના રૂપ અને ગુણ સમાન **રાણી ચેલ્લણા** હતી. બુદ્ધિનિધાન એવા **અભયકુમાર** નામના મહામંત્રી હતા.

આવા સદ્‌ગુણી રાજવીની ભોમકામાં **ધનેશ્વર** શ્રેષ્ઠીની ધર્મિષ્ઠતા અને ધનિકતા સમગ્ર મગધ પ્રાંતમાં વિખ્યાત હતી. **કામદેવ**ની પત્ની **રતિ** જેવું **સુભદ્રા** શેઠાણીનું સૌંદર્ય હતું. ધનેશ્વર શેઠ ખૂબ મોટા વેપારી હતા પરંતુ શેર માટીની ખોટ હતી. સમય સરતો ગયો. પૂર્વભવમાં પુણ્યનો સંચય કરીને આવેલા કોઈ પુણ્યાત્મા શેઠાણીની કૂખે અવતર્યો. એના પ્રભાવે શેઠ-શેઠાણીને વિવિધ પુણ્ય કાર્યો કરવાના મનોરથો પેદા થયાં. શેઠ-શેઠાણીએ દાન પુણ્ય કરવામાં અને હર્ષોત્સવમાં કંઈ કચાશ ન રાખી.

નવ માસ અને દસ દિવસે રાત્રિના પ્રથમ પ્રહરે સુભદ્રા શેઠાણીએ સુખરૂપે પુત્રરત્નને જન્મ આપ્યો. ગર્ભકાળ દરમ્યાન માતાને પુણ્ય કાર્ય કરવાના મનોરથો-ઓરતાં જાગ્યાં હોવાથી તે બાળકનું નામ **'કૃતપુણ્ય'** (કયવન્ના) રાખવામાં આવ્યું. જે પુણ્ય કરીને આવ્યો હોય તે કૃતપુણ્ય !

પાંચ વર્ષની વયે વિદ્યાભ્યાસ માટે પારંગત જ્ઞાની અધ્યાપકનું શરણું સ્વીકાર્યું. તેજસ્વી જ્ઞાન પ્રતિભા ધરાવતા કૃતપુણ્યે થોડા જ વરસોમાં વિદ્યા પ્રાપ્ત કરી. તેણે અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. તે જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ એની સમજણ અને તેની વૃત્તિ-પ્રવૃત્તિમાં સંસાર તરફનો ઝોક ઘટતો ગયો. વિદ્યાવ્યાસંગી કૃતપુણ્યે ધીમે ધીમે જીવનમાં ધર્મને પ્રમુખતા આપી. સાહિત્યની ચર્ચામાં અને ધાર્મિક અભ્યાસમાં તે આનંદ માનવા લાગ્યો. સંસારી હોવા છતાં જાણે સાધુ !

માતા-પિતા પુત્રની વૈરાગી અવસ્થા જોઈ ભય પામ્યા. 'રખેને ! કૃતપુણ્ય સંયમ માર્ગે ચાલી નીકળે તો... ? તો તો છતે પુત્રે 'અપુત્રિયા' બનવાનો જ વારો આવે ! શેઠાણીના મનમાં પુત્ર વિવાહનો ઉપાય જન્મ્યો. સુભદ્રાને **શ્રીદત્ત શેઠ**ની કન્યા **ધન્યા** જેવી ખાનદાની કન્યા સુયોગ્ય લાગી. અત્યંત ભવ્યતાથી કૃતપુણ્યએ ધન્યા સાથે પાણિગ્રહણ કર્યું.

ધનેશ્વર શેઠ અને સુભદ્રા શેઠાણીના દિલમાં હાશકારો થયો. કૃતપુણ્યના દિલ પર 'અસ્થિમજ્જા' જેવો જણાતો ધર્મરંગ હવે હળદરિયો સાબિત થયા વિના નહીં રહે !' એવી શેઠાણીને પાકી ખાતરી હતી પરંતુ કૃતપુણ્યની આંખો ધન્યાને 'વધૂ' તરીકે નિરખવા તૈયાર જ ન હતી. રમણીને તે પોતાની વૈરાગ્ય વૃત્તિમાં વિઘ્નરૂપ સમજતો હતો. તે વ્યાપારની ખટપટમાં ન ઉતરતાં, ઊંચી ભાવનામાં વર્તતો હતો.

એક દિવસ શેઠ-શેઠાણીએ સંકોચ દૂર કરી ધન્યાને દુઃખ ન થાય તે કારણે કૃતપુણ્યને બોલાવી કહ્યું, ''હવે અમારી એક જ ઈચ્છા છે કે તારે ત્યાં પારણું બંધાય.'' કૃતપુણ્યે પોતાની ભાવના રજૂ કરી. '' મારું મન સંયમના ફળની પ્રાપ્તિ માટે ઝંખી રહ્યું છે. આપ જે ફળની અભિલાષા રાખો છો તે તો વિષ ફળ છે.''

શેઠ-શેઠાણી સ્તબ્ધ બની ગયા. મથામણના અંતે શેઠાણી એક નિર્ણય પર આવ્યા કે, કૃતપુણ્યને કાળજે લાગેલો ત્યાગનો રંગ ભૂંસી ભોગના રંગની ભાત પૂરવાની કળા એક માત્ર ગણિકા **રંગસુંદરી**ના

મહેલમાં જ છે. આપણે ત્યાં ધનની કોઈ ખામી નથી તેથી ગણિકાની પુત્રી અનંગસુંદરીનો સંગ કરાવવામાં આવે તો તેનો ત્યાગ રંગ ઉડી ગયા વિના નહીં રહે. 'જેવી સોબત તેવી અસર'. સ્ત્રીની હઠ આગળ શેઠ લાચાર બન્યા. તેમણે લોકલજ્જા, કુળની મર્યાદા અને પ્રતિષ્ઠાને પગની એડી નીચે ચગદીને પુત્રને વિલાસી માર્ગે જોડવા તેની જ ઉંમરનાં ચાર-પાંચ વિલાસી મિત્રોને શોધી કાઢયા. આ મિત્રો સાતે વ્યસનોના અઠંગ ખેલાડી હતા.

શેઠે મિત્રોને ભલામણ કરી કે, ''કૃતપુણ્યને વિલાસ માર્ગે જોડો. ધનની ચિંતા કરશો નહિ.'' મિત્રો સાથે કૃતપુણ્ય વસંતોત્સવમાં ગયો. મિત્રોના રવાડે ચઢી તે ગણિકાને આવાસે આવ્યો. **અનંગસુંદરી** એટલે ધરતી પર રૂપ-સૌંદર્યનું એક છલકાતું સરોવર! અનંગસુંદરી પાસે આવેલો ભડવીર પણ તેને માણ્યા વિના જાય, તે બિલકુલ સંભવિત ન હતું. યુવાનોએ અનંગસુંદરીની માતા અક્કાની સમક્ષ પોતાનું આવવાનું પ્રયોજન કહ્યું. અક્કાએ અનંગસુંદરીને બોલાવી કહ્યું, ''આ ધનેશ્વર શેઠનો પુત્ર કૃતપુણ્ય છે. શેઠની ફરિયાદ છે કે તેમની પુત્રવધૂ ધન્યા કૃતપુણ્યને સંસારનો એકડો શીખવી શકી નથી. આજથી આ કામ તારે કરવાનું છે. બોલ, આ કામ તારાથી થશે ?''

અનંગસુંદરીએ કહ્યું, ''કૃતપુણ્ય શું નોખી માટીનો ઘડાયો છે ? અગ્નિ પાસે મીણને ઓગળવું જ પડે. વિરાગીને રાગી બનાવવો મારા માટે જરાય મુશ્કેલ નથી. કૃતપુણ્ય પર સંસારનો રંગ ચડાવીને જ જંપીશ.'' મિત્રો કૃતપુણ્યને વેશ્યાના પાશમાં સપડાવી બહાનું કાઢી રફુચક્કર થઈ ગયા. તેમણે શેઠને સારા સમાચાર આપી ધન મેળવ્યું.

અનંગસુંદરીએ કૃતપુણ્યને પોતાની તરફ ખેંચવા દાવપેચ શરૂ કર્યા. ખીસકોલીની જેમ કામણગારી વેશ્યાની નજર કૃતપુણ્યના રૂપવંતા દેહ પર ચઢ ઉતર કરતી હતી. કૃતપુણ્ય પણ તેના તરફ ક્યારેક ત્રાંસી આંખ કરી જોઈ લેતો. શરાબ, સંગીત અને મનમોહક નૃત્યથી વિરાગી મનનો કૃતપુણ્ય અચાનક બદલાઈ ગયો. કાવ્યવિનોદને બદલે વેશ્યા વિનોદમાં રુચિ વધતી ગઈ. વૈરાગ્યની વાસનાને બદલે શૃંગારિક સંગીતમાં તે મગ્ન બન્યો. તે આખોને આખો આમૂલચૂલ પલટાઈ ગયો. કૃતપુણ્ય તેના તરફ ખેંચાયો. અનંગસુંદરીને એક તરફ અઢળક સુવર્ણમુદ્રા મળી અને બીજી તરફ કૃતપુણ્યનો યૌવન ખજાનો મળ્યો. કૃતપુણ્ય અનંગસુંદરીના અબોટ યૌવનરસને પી રહ્યો હતો. અનંગસુંદરી પણ જીવનસંગિની બની પતિને ઝંખતી હતી. અનંગસુંદરીના જોબનમાં તેને જન્નતનાં દર્શન થતાં હતાં.

પુત્રને સુધારવાની આશાસ્પદ ચાલાકીમાં ધનેશ્વર શેઠે પુત્ર જ ગુમાવ્યો !!! બાર - બાર વર્ષ વીતી ગયાં. પુત્રનું મુખ જોવા માતા-પિતા તલસતાં હતાં. ઉંમર વધતાં શેઠ-શેઠાણી કાળધર્મ પામ્યા. તેમના સ્વર્ગવાસના સમાચાર કૃતપુણ્યને પહોંચાડવામાં આવ્યા. કૃતપુણ્ય લોકલાજે કે શરમે પણ માતા-પિતાના મૃત્યુ પછીનું કર્તવ્ય બજાવવા એકવાર મોઢું બતાવવા પૂરતોય ઘરે ન આવ્યો. ભાવિનો વિચાર કરીને ધન્યાએ હવે કરકસરપૂર્વક જીવન જીવવાનું શરૂ કર્યું. તેણે સૌ પ્રથમ કરકસર તો વેશ્યાવાસે વિદાય થતી લક્ષ્મીના વિષયમાં કરી.

'કૃતપુણ્યના ઘરેથી હવે ઝાઝું ધન પ્રાપ્ત થવાની આશા રાખવી વ્યર્થ છે' એવું જાણી અક્કાએ તેને ગણિકાવાસમાંથી અપમાનિત કરી કાઢી મૂક્યો. તે રાજમાર્ગ પર ચાલતો ઘર તરફ વળ્યો. નજીકના પરિચિતો દયા ભાવથી પ્રેરાઈ કૃતપુણ્યને તેના ઘર સુધી મૂકી ગયા. મેડીબદ્ધ વિશાળ મકાન ખખડધજ થયું હતું. તેમાં

સ્મશાનવત્ ભયંકર શાંતિ દેખાતી હતી. ડેલીના દ્વાર બંધ હતા તેથી કૃતપુણ્યે બારીમાંથી અંદર નિહાળવાનો પ્રયત્ન કર્યો. એક સ્ત્રી કંઈક ગુંથી (રેંટિયો કાંતિ)રહી હતી. કૃતપુણ્ય તે સ્ત્રીને ઓળખી ગયો. આ તો તેની પરણેત્તર કુલીન, ઘરરખુ અને સતી સ્ત્રી જેવી નિર્મળ ધન્યા હતી! તેણે પુનઃ દ્વાર પર ટકોરા કર્યા. અંદરથી ધન્યાએ પ્રશ્ન કર્યો, ''કોણ ?'' કૃતપુણ્યએ કહ્યું: ''એ તો હું છું.'' ધન્યાને સુખદ આશ્ચર્ય થયું. 'આ તે સ્વપ્ન છે કે સત્ય ?' કૃતપુણ્યે ફરી કહ્યું, ''ધન્યા, દરવાજો ખોલ.'' ધન્યા હરખઘેલી બની દોડીને ઝાંપો ખોલવા ગઈ. બાર બાર વર્ષ બાદ પતિ ઘરે પાછા ફર્યા.

ધન્યા ખુશખુશાલ હતી. તેની આંખોમાંથી બોર બોર જેવડા આંસુ ટપકી પડયાં. ઘરમાં નીરવ શાંતિ પથરાયેલી હતી. ધન્યાએ કહ્યું, ''સ્વામીનાથ! આપના આગમનથી મારા એકલવાયા જીવનને શાંતિ મળશે. આપની ક્ષેમકુશળતાના રોજ જાપ જપતી હતી. મારી આશા આજે ફલિત થઈ છે.'' કૃતપુણ્યનું હૃદય ભરાઈ આવ્યું. તેણે કહ્યું, ''ગૃહદેવી! મારી લાપરવાહીથી તું પરિચિત છે. હું ક્ષમા માંગવાને લાયક નથી. મેં નરાધમે માતા-પિતાને વિરહાગ્નિથી ભસ્મ કરી પરલોકે પહોંચાડ્યા છે. મેં તારું જીવન સૂના સ્મશાનઘાટ જેવું કર્યું છે, છતાં તું કુલીન અને સતી છે. તેં પ્રેમની ગરિમાને નીચે પડવા દીધી નથી. તારી આ પવિત્રતા અને પુણ્યના પ્રતાપે જ હું સહીસલામત ઘરે આવ્યો છું. મારા અપરાધો ક્ષમા કરજે.'' પિયુએ ભરયુવાનીમાં દગો દીધો તે વિરહના વડવાનલને વિશાળ દિલની ધન્યા સદંતર ભૂલી ગઈ. તેણે પ્રેમની કાંકરી ખરવા દીધી નહીં. તેણે પતિને વધાવી લીધો. અનંગસુંદરી અક્કા સાથે કલહ થતાં ઘર છોડી પોતાના અલંકારો સહિત પતિ ગૃહે આવી પહોંચી. તેણે અલંકારો વેંચી તેમાંથી અર્ધું ધન ગૃહ વ્યવહાર અને અર્ધું ધન વ્યાપાર માટે આપ્યું.

ધન્યા ગર્ભવતી થઈ. કૃતપુણ્યે કુટુંબ નિર્વાહ માટે સાર્થવાહ સાથે વેપાર ખેડવા દેશાંતર જવાનું નક્કી કર્યું. વહાણ પ્રભાતે હંકારવાનું હોવાથી રાત્રે બે ઘડી વિશ્રામ લેવાના ઈરાદાથી કૃતપુણ્યએ નગરની બહાર એક દેવાલયમાં પ્રવેશ કર્યો. એ દેવાલયમાં ધન્યાએ આપેલા એક જીર્ણ ખાટલા પર કૃતપુણ્ય આડો પડયો. થાકના કારણે તેને મીઠી નિદ્રા આવી ગઈ. એ જ રાતે અણધાર્યું પુણ્ય પ્રગટ થયું.

રાજગૃહી નગરીના **ધનદેવ શેઠ** અને **રૂપવતી** શેઠાણીનો પુત્ર **જિનદત્ત** યુવાન વયમાં મૃત્યુ પામ્યો. તેના ચાર કન્યાઓ સાથે લગ્ન થયાં હતાં પરંતુ તેને કોઈ સંતાન ન હતું. શેઠ-શેઠાણીને વારસદારની ચિંતા કોરી ખાતી હતી કારણકે તે સમયની રાજનીતિ અનુસાર વારસદારના અભાવમાં તેમની સઘળી સંપત્તિ રાજા ખાલસા કરે તેમ હતા. ધનદેવ શેઠ-શેઠાણી લક્ષ્મીની સુરક્ષા માટે બીજા કોઈ નવયુવાનને દીકરા તરીકે શોધવાના વલણમાં હતા. મધ્યરાત્રિના સમયે શેઠાણી અને તેમની ચાર પુત્રવધૂઓ સપાટો હાથમાં લઈ દબાતા પગલે વણઝારાનાં પડાવમાં આવી.

દીપકના પ્રકાશમાં ખાટલામાં સૂતેલા ભવ્ય અને કુલીન દેખાતા કૃતપુણ્ય પર શેઠાણીની નજર પડી. શેઠાણીને તેને મહેલમાં લઈ જવાની સનક ઉપડી. શેઠાણીની આજ્ઞા થતાં પુત્રવધૂઓ તેને હવેલીમાં લાવી.

ચારે પુત્રવધૂઓને શેઠાણીએ કડક આદેશ આપ્યો કે, ''રાત્રે જે વ્યક્તિને અહીં લાવવામાં આવ્યો છે તે તમારો પતિ જિનદત્ત છે તેવું માની તેની સાથે પતિ જેવો ગાઢ સ્નેહભર્યો વ્યવહાર કરવો. વંશ પરંપરાની રક્ષા માટે નિયોગ દ્વારા પ્રજોત્પત્તિ કરી ધર્મની રક્ષા કરો. હું જે કાંઈ કરું છું તે આપદ્ધર્મ ગણાય તેથી કોઈએ તેનો વિરોધ ન કરવો. હું પણ તેની પ્રત્યે પુત્ર જેવો સ્નેહ બતાવીશ જેથી તે પોતાની વીતક જ ભૂલી જશે.''

કૃતપુણ્ય પ્રભાતે જાગૃત થયો ત્યારે ચાર સ્ત્રીઓ ખાટલાની આસપાસ ગોઠવાયેલી હતી.

એટલામાં મહેલમાંથી એક પ્રૌઢા દોડતી દોડતી '**વીરદત્ત**... વીરદત્ત... બેટા! આટલા વર્ષો ક્યાં હતો ? તારો નાનો ભાઈ જિનદત્ત મૃત્યુ પામ્યો હોવા છતાં, તારા રૂપે જિનદત્ત અમને પાછો મળી ગયો છે. તું આ મહેલની તમામ રિદ્ધિ-સિદ્ધિનો માલિક છે. કુળદેવીના સંકેતાનુસાર આ ચારે પુત્રવધૂઓનો પણ તેમાં સમાવેશ થાય છે. **ચિત્રાંગદા, લવંગીકા, દીપિકા** અને **માધવી** સાથે તારે સ્વામી બની ભોગવટો કરવાનો છે. આ ઘરના આંગણને બાળ કિલ્લોલથી ગુંજતું કરવાનું છે.'' નજરકેદ કૃતપુણ્ય ચારે સ્ત્રીઓ સાથે સુવર્ણના હિંડોળે હીંચતો હતો.

તેને મહેલની બહાર જવા દેવામાં ન આવતો. દસકા જેટલો સમય વીતી ગયો. ચારે પુત્રવધૂઓ માતા બની ચૂકી. કૃતપુણ્ય ચારે પુત્રોને અનહદ પ્રેમ કરતો હતો. બાર વર્ષના વહાણા વાઈ ગયાં. અચાનક કૃતપુણ્યનું પુણ્ય પરવારી ગયું.

''જુઓ, તમને ચારેને માતૃત્વ મળી જતાં રાજા આપણું ધન પચાવી પાડે એવો ભય પણ હવે રહ્યો નથી તેથી હવે વીરદત્તને આપણા ધનનો ભાગીદાર બને તે પૂર્વે કાલે રાતના ઉપાડી પાછો સાર્થ ભેગો કરવાનો છે. આ વાત પેટમાં (ગુપ્ત) જ રાખજો.'' ચંડિકા સ્વરૂપ શેઠાણીની ધાકધમકી આગળ પુત્રવધૂઓ મૌન બની ગઈ. તેમણે આપસમાં નિર્ણય કર્યો કે, 'ભાતા નિમિત્તે બનાવેલા મોદકમાં અમૂલ્ય રત્નો ગુપ્ત રીતે છૂપાવી કૃતપુણ્યને આપી તેમના ઉપર ઉપકાર કરવો.' પુત્રવધૂઓએ છુપાઈને તેના ખેસના છેડે રત્નગર્ભિત મોદકની થેલી બાંધી દીધી. પુનઃ ખાટલા પર સુવડાવી તેને સાર્થમાં મૂકી આવ્યા.

બીજી બાજુ ધન્યાને સમાચાર મળ્યા કે, 'ધનપતિ સાર્થવાહ રાજગૃહી નગરીમાં બાર વર્ષે પાછો આવી રહ્યો છે. સાર્થવાહ સાથે પતિદેવ પણ કમાણી કરી પાછા ફરશે.' ધન્યા વહેલી પ્રભાતે પડાવે પહોંચી ગઈ. ત્યાં જ ખાટલા પર સૂતેલા કૃતપુણ્યને વિસ્મયભરી નજરે જોઈ રહી. ધન્યા કૃતપુણ્યને પોતાના મહેલ ભણી તેડી લાવી.

ઘરમાં પ્રવેશતાં જ બાળક 'પિતાજી...' કહી દોડીને બાથે વળગ્યો. કૃતપુણ્યે પુત્રને હૈયા સરસો ચાંપ્યો. **પુણ્યનિધિ** શાળામાં જવા નીકળ્યો. તેણે ખાવા માટે સુખડી માંગી. કૃતપુણ્યએ ખેસના છેડે બાંધેલી ગાંઠ છોડી તેમાંથી લાડુ કાઢી પુત્રને આપ્યો. લાડુ લઈ પુણ્યનિધિ શાળામાં ગયો. શાળામાં છુટ્ટી પડતાં તેણે મિત્રોને લાડુ ખાવા બોલાવ્યા. તેણે જેવા મોદકના બે ટુકડા કર્યા, ત્યાં જ તેમાંથી ઝગારા મારતું રત્ન બહાર નીકળ્યું. કંદોઈએ એક બહુમૂલ્ય રત્ન જોયો. કંદોઈએ લાલચમાં આવી રત્ન પડાવી લેવા પુણ્યનિધિને ફોસલાવી રત્ન લઈ બદલામાં થોડી મીઠાઈ આપી. કંદોઈના હાથમાંથી રત્ન પાણીના એક પાત્રમાં પડ્યું. પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું. કંદોઈ બોલી ઉઠયો, ''ઓહ! આ તો જલકાંતમણિ!''

તે અરસામાં મગધનરેશ શ્રેણિકનો ગજાધિરાજ **સેચનક** ગંગા નદીના કિનારે જળક્રીડા કરવા ગયો ત્યાં તેના પગ જળતંતુ વડે લોખંડની જેમ સજ્જડ પકડાઈ ગયા. રાજવી શ્રેણિકે રાજગૃહી નગરીમાં પડહ વગડાવ્યો. ''જે કોઈ જલકાંતમણિ હાજર કરશે તેને મગધ સમ્રાટ અડધું રાજ્ય અને રાજકન્યા ઈનામ તરીકે આપશે.'' કંદોઈએ બીડું લીધું. જલકાંતમણિનો સ્પર્શ થતાં સેચનકનો પગ બંધનમુક્ત થયો. આ દશ્ય જોઈ રાજા સહિત નગરજનો હર્ષથી ઝૂમી ઉઠ્યાં.

અભયકુમારના મનમાં મૂંઝવણ પેદા થઈ કે, 'કંદોઈના ભાગ્યમાં જલકાંતમણિ ક્યાંથી? અભયકુમારે વેધક પ્રશ્ન પૂછયો, ''હે કંદોઈ! તારા ભાગ્યમાં આ મણિ ક્યાંથી ? સાચું બોલ નહીં તો ચૌદમા રત્નનો ઉપયોગ કરવો પડશે.'' કંદોઈ હેબતાઈ ભયથી ધ્રૂજવા લાગ્યો. શોધનું પગેરું કંદોઈ દ્વારા પુણ્યનિધિ

અને પુણ્યનિધિ દ્વારા કૃતપુણ્ય સુધી પહોંચ્યું. રાજસેવકો કૃતપુણ્યને રાજ્યસભામાં લઈ જવા તેડવા આવ્યા.

રત્નના ખરા માલિક કૃતપુણ્ય શેઠ છે એવી ખાતરી થતાં વચનપાલક મહારાજા શ્રેણિકે અડધું રાજ્ય અને **રાજકન્યા મનોરમા**નું ભેટણું આપતાં કહ્યું, ''કૃતપુણ્ય શેઠ! ગજરત્નને ઉગારવામાં આપનો જલકાંતમણિ જ કારણ બન્યો છે તેથી આટલું પ્રીતિદાન તો આપે સ્વીકારવું જ પડશે. આપ જ સાચા હક્કદાર છો.'' રાજાએ બાર ક્રોડ સોનામહોરો પુત્રીને કરિયાવરમાં આપી. રાજગૃહીના રાજતિલક તરીકે '**શેઠ કયવન્ના**'ની ગણના થવા માંડી. તે લોકપ્રિય બની ગયા.

એકવાર કૃતપુણ્ય શેઠે અભયકુમારને કહ્યું, ''બુદ્ધિનિધાન! મારાં ચાર સંતાનોને મળવા મન અધીરું બન્યું છે. તેમની સાથે મેળાપ થાય તેવું પ્રભાત ક્યારે ઉગશે?'' અભયકુમારે કહ્યું, ''તમારા ચારે પુત્રો તમને ઓળખે કે નહીં?'' કૃતપુણ્યએ કહ્યું, ''અવશ્ય ઓળખે. તેઓ રોજ હાથ વડે મૂછ પકડતા અને ખોળામાં બેસી બાપા-બાપા કહી મને બોલાવતા હતાં.'' અભયકુમારે કહ્યું, ''તમારી ભાવનાઓ વહેલામાં વહેલી તકે સફળ થશે. તે માટે મને એક માસની અવધિ આપો.''

મહામંત્રીએ ઢંઢેરો વગડાવ્યો કે, ''રાજમહેલની નજીકમાં યક્ષની મૂર્તિ છે. આ યક્ષનાં દર્શને સૌ કોઈને પોતાનાં સંતાનો સાથે ફરજિયાત આવવાનું છે. જે વ્યક્તિ યક્ષનાં દર્શન વિનાનો રહેશે તે રાજ્યનો અને યક્ષનો ગુનેગાર ગણાશે; તેના પર રાજ્ય અને યક્ષનો કોપ ઉતરી પડશે.''

માનવ મહેરામણ યક્ષમૂર્તિના દર્શનાર્થે ઝળુંબી ઉઠ્યું. વેશ પરિવર્તન કરી કૃતપુણ્ય શેઠ અને અભયકુમાર મંત્રી દર્શન કરવા આવનાર પ્રત્યેક વ્યક્તિ પર ચાંપતી નજર રાખી રહ્યાં હતાં. ધનદેવ શેઠનો પરિવાર આવ્યો. રૂપવતી, ચાર પુત્રવધૂઓ, ચાર બાળકો યક્ષમૂર્તિ સમક્ષ આવ્યા. ચારે સંતાનો 'પિતાજી, પિતાજી' કરી યક્ષના ખોળે બેસવાની ચેષ્ટા કરવા માંડયા. રૂપવતી શેઠાણીએ બાળકોને ઘૂરકીને મુખ પર હાથ મૂકી મૂંગા રહેવાનું સૂચન કર્યું. બાળકો ડરથી ચૂપ થઈ ગયા. કૃતપુણ્ય શેઠ અને અભયકુમાર મંત્રીએ બાળકોના નિર્દોષ શબ્દો સાંભળ્યાં હતાં. છૂપાવેશે ફરતા ગુપ્તચરોએ મહામંત્રીના આદેશથી ધનદેવ શેઠના પરિવારને સન્માનભેર રાજમહેલમાં મહારાજા શ્રેણિક સમક્ષ પધારવાની વિનંતી કરી. પૂછપરછનો દોર ચાલ્યો.

અભયકુમારના વિનિયોગની પરિશોધ સફળ થઈ ગઈ. રાજ્યસભામાં કૃતપુણ્ય શેઠનાં દર્શન થતાં સૌ આશ્ચર્ય અનુભવવા લાગ્યા. ચારે બાળકોએ 'પિતાજી' કહી દોટ મૂકી. અભયકુમાર મંત્રી સચ્ચાઈ પારખી ગયા. કૃતપુણ્ય શેઠને ચારે સુંદરીઓ સંતાન સહિત મળી તેમજ કરોડોની સંપત્તિ પણ પ્રાપ્ત થઈ.

ધન્યા, અનંગસુંદરી, મનોરમા, ચિત્રાંગદા, લવંગીકા, દીપિકા અને માધવી આ સાત સાત સુંદરીઓ, વિવેકી પુત્રો, અપાર સંપત્તિથી કૃતપુણ્ય શેઠ શોભી રહ્યાં હતાં. તેમને જોઈ મગધની ધરા ધન્યતાનો અનુભવ કરી રહી હતી.

એકવાર વનપાલકોએ તીર્થંકર પરમાત્માના શુભાગમનની વધામણી આપી. કયવન્નાશેઠ પોતાની સાતે પત્નીઓ તથા પરિવાર સાથે પ્રભુની દેશના સાંભળવા આવ્યા. તેમણે વંદન કરી પૂછ્યું, ''ભગવન્! હું એવા કયા કર્મમાં ભેરવાયો કે, જેના વિપાકરૂપે હું ખંડિત સૌભાગ્યનો સ્વામી બન્યો?'' પ્રભુએ **પૂર્વભવની કથા** કહી.

''શેઠ! આ સુપાત્રદાનનું ફળ છે. રાજગૃહી નગરીથી અમુક ગાઉના અંતરે આવેલ **શ્રીપુર**

નામનો નાનકડો નેસ હતો. અહીં નદી કિનારે આહીરો ગામનું તોરણ બાંધીને રહેતાં હતાં. તેઓ પશુપાલન ઉપર જીવન ગુજારો કરતા હતા. શ્રીપુર ગામના **સુરાદિત્ય** આહીર અને **ધન્યા (રત્ના)** આહીરાણીને ત્યાં (કૃતપુણ્ય શેઠનો આત્મા) પુત્રનો જન્મ થયો. તેનું નામ **પ્રસન્નાદિત્ય** રાખ્યું.

ભાગ્યયોગે બાળ વયમાં જ પિતા ગુજરી ગયા. **ધન્યા**ને માથે કારમું વૈધવ્ય રેડાયું. ઘરમાં ગરીબીની કાળી બિલાડી અને અભાવોના ઉંદરડા દોડમદોડ કરી રહ્યાં હતાં. ગરીબીની ચુડેલ અરમાનોને ભચડ ભચડ ખાઈ રહી હતી. ધન્યા શ્રીમંતોના ઘરકામ કરી ગુજરાન ચલાવતી હતી. બાળક પણ પશુઓને સીમમાં ચરાવવા લઈ જતો અને સમી સાંજે ઘરે પાછો ફરતો.

શ્રીપુર નગરમાં તહેવારનો દિવસ આવ્યો. લોકોના ઘરોમાં ખીરનું ભોજન તૈયાર થયું. બપોરના ટાણે બધા મિત્રો સીમમાં ભેગા થયા. તેમણે ખીર ખાજાનાં ભોજનની વાતો કરી. પછવાડે બેઠેલા બાળકે તે વાતો સાંભળી. તેના મોંમાં પાણી આવ્યું. *'આખું ગામ આજે ખીરની ખુશાલી માણે છે હું પણ ઘરે જઈ માતાની પાસે ખીર માંગીશ.'* બાળક જમવા ટાણે ઘરે આવ્યો. માતાએ ટાઢો રોટલો થાળીમાં પીરસ્યો અને માંગેલી છાસમાં એક મોટો લોટો પાણી ભેળવી કહ્યું, ''લે બેટા ! છાસ અને રોટલો ખાઈ લે.'' બાળકે છણકો કરતાં કહ્યું, ''મારા મિત્રોના ઘરે ખીર ખાજાનું ભોજન બન્યું છે. મારે આજે પણ વાસી રોટલો અને છાશ જ ખાવાનાં ? મા ! મારે ખીર ખાવી છે. આજે તો હું ખીર ખાઈને જ જંપવાનો !'' બાળકે હઠ પકડી. તેને ખીર ખાવાની તલપ જાગી.

ધન્યાનું હૈયું ભરાઈ ગયું. તે જાણતી હતી કે બાળકની માંગણી તે પૂરી કરી શકે એમ નથી. તેણે બાળકને સમજાવતાં કહ્યું, ''બેટા ! ગરમ ભોજન પણ તું કેટલાય દિવસથી જમ્યો નથી ત્યાં હું ખીરનું ભોજન તને ક્યાંથી આપું ? બેટા ! તને કોઈક દિવસ જરૂર ખીર ખવડાવીશ પણ આજે તું ખીરની જીદ છોડી દે.'' બાળકને ખીર ખાવાની વળગણ હતી, માતાનાં શબ્દોમાં રસ ન હતો.

પોતાના લાડલા બાળકની ઈચ્છા સંતોષી ન શકવાથી વાત્સલ્યથી માતાનું હૈયું ચીરાતું હતું. મા હિજરાતી હતી, મૂંઝાતી હતી. તે લાચાર હતી. બાળક હઠે ચડયો. સંતપ્ત ધન્યાએ કંટાળીને બાળકના બરડે લાકડીનો પ્રહાર કર્યો. બાળક જોર જોરથી રોવા માંડ્યો. ધન્યાનું હૃદય દીકરાના આંસુને ન ખમી શક્યું. તે પણ સાથે રડવા લાગી. પોતાના ભાગ્યને કોશવા લાગી. 'હું કેવી અભાગણી માતા કે, મારા પુત્રને ખોબો ભર ખીર પણ ખવડાવી શકતી નથી !' આટલું બોલી માતા ચોધાર આંસુએ રડવા લાગી.

આડોશ-પડોશની સ્ત્રીઓ રડવાનો અવાજ સાંભળી ભેગી થઈ ગઈ. ધન્યાને રડવાનું કારણ પૂછ્યું. ધન્યાએ ખુલાસો કરતાં કહ્યું, ''બાળકને ખીર ખાવી છે તેથી તે રડે છે. બાળક રડે છે તેથી હું રડું છું. હું ખીર ક્યાંથી લઈ આવું ?''

અચાનક ચારે પાડોસણોના માંહ્યલીપાથી જ અનુકંપાનો બુલંદ અવાજ ઉઠયો. પરોપકારી આર્યનારીઓએ હૃદયની વિશાળતા દાખવી સહાનુભૂતિનો હાથ લંબાવ્યો. એક સ્ત્રીએ વાટકો ભરી ખાંડ આપી. બીજીએ તાંબડી ભરી દૂધ આપ્યું. ત્રીજીએ ચોખા આપ્યા અને ચોથીએ ઘી આપ્યું. ધન્યાએ થોડી જ વારમાં ખીર તૈયાર કરી દીધી. બાળક નાચી ઉઠ્યો. ધન્યા થાળીમાં ખીર પીરસી, પડોશમાં ઘરકામ માટે જતી રહી. બાળક ખીર ખાવા બેઠો. જોગાનુજોગ તે જ સમયે બાળકને 'ધર્મલાભ'નો ધ્વનિ સાંભળવા મળ્યો. બાળકનો મન મયૂર નાચી ઉઠ્યો. તેણે ઊભા થઈ મુનિને વિનંતી કરી. ''પધારો, પધારો. ખીરનો લાભ આપવાની કૃપા કરો.''

ભરવાડ બાળકની ઝૂંપડીમાં પધારેલા મુનિ માસક્ષમણના તપસ્વી હતા. આવું અદ્ભુત સત્પાત્ર જોઈને બાળકનાં ભાવ ઉછળ્યા. તેને થયું કે, 'કેવું મારું ભાગ્ય કે, આજે જ મને ખીર જેવું વિત્ત મળ્યું અને તેવા ટાણે જ નિર્મળ મુનિરાજ જેવું ઉત્તમ પાત્ર મળ્યું!' બાળકે ઊભા થઈ ઉલ્લસિત ભાવે ખીર વહોરાવવા માંડી. મુનિ "ના, ના" કહેતાં રહ્યાં પરંતુ તે અટક્યો નહિ પણ પછી પોતાનો જરાક વિચાર આવતાં તે અટકી ગયો. પાછો ભાવોલ્લાસ વધતાં તેની દાનધારા ચાલુ થઈ. થોડીવાર પછી પણ પાછી એ દાનધારા અટકીને પુનઃ ચાલુ થઈ.

મુનિરાજ ધર્મલાભના આશીર્વાદ આપી ચાલ્યા ગયા. એટલામાં માતા ઘરે આવી. પુત્રને થાળી ચાટતો જોઈ માતાએ વિચાર્યું, 'અહો! મારો પુત્ર કેટલો ભૂખ્યો છે.' કેટલાક દિવસ પછી ગોવાળનો છોકરો આયુષ્ય પૂર્ણ કરી ઊંચું કુળ પામ્યો. તે ધનાવાહ શેઠના ઘરે પુત્રરૂપે જન્મ્યો.

હે કૃતપુણ્ય શેઠ! ચલિત ચિત્તના ભોગ બનવાથી દાનધારા જ નહિ, એ દાનોપાર્જિત સૌભાગ્ય પણ ખંડિત બન્યું. પૂર્વના ભવમાં બે વાર અટકી અટકીને મુનિને દાન આપ્યું તેથી તમને પુણ્ય પણ એ જ જાતનું બંધાયું કે, જેના ઉદયકાળમાં તમારું સૌભાગ્ય પણ ખંડિત ત્રુટિત બન્યું. બાકી જે શુભ ભાવે તમે દાન કર્યું તેના ફળ રૂપે આ સુખસામગ્રી તો તરણાતુલ્ય છે. દાનફળના ભરપૂર ભોગવટા રૂપે તો તમને સંયમ-સામ્રાજ્યનું સ્વામીત્વ મળવાનું છે. તમને ખીર માટે સામગ્રી આપનાર ચાર પાડોશણો અનુમોદના કરી તમારી પત્નીઓ બની છે."

કયવન્નાશેઠને જાતિસ્મરણજ્ઞાન પ્રગટ થયું. તેમની ધર્મશીલતા આળસ મરડી ઊભી થઈ. જીવન પરિવર્તન થઈ ગયું. તેમને ધર્મનિષ્ઠ બનવાના કોડ જાગ્યા. "ભગવાન્! હું પણ પ્રવજ્યા લઈને આત્મ ઉત્થાન કરવા ઈચ્છું છું. મને અમૃત સમાન સંયમનું દાન આપો." પુત્રોને ઘરનો કારભાર સોંપી કૃતપુણ્ય શેઠ અને તેમની પત્નીઓ અંતરયામી પ્રભુ પાસે દીક્ષિત થયાં.

**કયવન્ના મુનિ** તપ અને જ્ઞાન વડે અનંત કર્મોની નિર્જરા કરી સ્વર્ગવાસી બન્યા. તેઓ ભવિષ્યમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ, સંયમ અંગીકાર કરી જન્મ-જીવન અને મરણના રેંટમાંથી મુક્તિ મેળવશે.

નેતાજી સુભાષચંદ્ર બોઝે કહ્યું છે, **"यदी तुम प्राप्त करना चाहते हो तो अर्पित (दान) करना शीखो।"** દાન એ પુણ્યરૂપી બેંકમાં જમા કરેલું સુરક્ષિત ધન છે. સમય જતાં આ ધન પણ અનેકગણી વૃદ્ધિ થતાં કયવન્ના શેઠની જેમ વ્યાજ સહિત પ્રાપ્ત થાય છે.

જ્યાં ગરીબી ધામા નાખીને પડી હોય ત્યાં કપરા કાળમાં ખવડાવીને ખાવાની ભાવના થવી એ ઉજળા ભાવીનો મહાસંદેશ આપે છે.

**ક્ષેમંકર મુનિ :** (ભરતેશ્વર બાહુબલી વૃત્તિ, પૃ. ૨૫૨)

**વસંતપુર નગર**માં **નિલય શેઠ** અને **સુદર્શના શેઠાણી**ના ત્રણ સંતાનો હતાં. **ક્ષેમંકર** અને **દેવદત્ત** નામના બે પુત્રો તેમજ **લક્ષ્મી** નામની એક પુત્રી હતી. એ જ નગરમાં **તિલક શેઠ** અને **સુંદરી શેઠાણી**ની કુક્ષિએ **ધનદત્ત** નામે પુત્ર અને **બંધુમતી** નામે પુત્રી થયાં.

એકવાર નિલય શ્રેષ્ઠીના મોટા પુત્ર ક્ષેમંકરે આચાર્ય પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરી. દેવદત્તના લગ્ન બંધુમતી સાથે અને ધનદત્તના લગ્ન લક્ષ્મી સાથે થયાં. કર્મના ઉદયથી ધનદત્ત નિર્ધન થયો. તેને ત્યાં કોદરાનું ધાન્ય પણ દુર્લભ હતું. જ્યારે દેવદત્તને ત્યાં શાલિ (ડાંગર, ચોખા) પ્રમુખ આહાર થવા લાગ્યો.

એકવાર ક્ષેમંકર મુનિ વિહાર કરતાં વસંતપુરમાં આવ્યા. તેમણે વિચાર કર્યો કે, 'જો હું દેવદત્તને ત્યાં વહોરાવા જઈશ તો નિર્ધન એવી મારી ભગિની લક્ષ્મીને ઓછું આવશે (ખરાબ લાગશે) કે 'મારો દીક્ષિત થયેલો ભાઈ મારા ઘરે વહોરવા ન આવ્યો માટે હું બહેનના ઘરે ભિક્ષા લેવા જાઉં.' એમ વિચારી ક્ષેમંકર મુનિ ભિક્ષાની વેળાએ બહેનના ઘરે આવ્યા. અહીં બહેને પણ એવો વિચાર કર્યો કે, 'મારો ભાઈ જેણે દીક્ષા લીધી છે તેને કોદરાનું હલકું અન્ન કેમ અપાય ?હું કંઈક સારું ધાન્ય બનાવું પરંતુ મારી પાસે તો કાંઈ નથી; માટે મારી ભાભીના ઘરેથી કોદરાને બદલે ડાંગર (શાલિ) લઈ આવું. લક્ષ્મી પોતાની ભાભી બંધુમતી પાસેથી ચોખા લઈ આવી. આ ચોખા રાંધીને ક્ષેમંકર મુનિ ગોચરી લેવા આવ્યા ત્યારે વહોરાવ્યા.

બંધુમતિએ પતિદેવ જમવા બેઠા ત્યારે પૂછયું, "નાથ! આજે રસોઈમાં કોદરા જમવાના છે, જમશોને ?" દેવદત્તને કોઈ વાતની ખબર ન હતી તેથી તેણે વિચાર્યું કે, 'આ કૃપણ (કંજુસ) સ્ત્રીએ આજે કોદરા રાંધ્યા છે, ચોખા રાંધ્યા નથી.' દેવદત્તને ગુસ્સો આવ્યો. તેણે હાથ ઉગામ્યો ત્યારે બંધુમતીએ કહ્યું, "મને શા માટે મારો છો ? તમારી બહેન આવી હતી. તે કોદરા મૂકી ગઈ છે અને ચોખા લઈ ગઈ છે."

બીજી બાજુ ધનદત્ત જમવા બેઠો ત્યારે લક્ષ્મીએ ક્ષેમંકર મુનિને શાલિ (ચોખા) વહોરાવ્યા પછી બચેલી શાલિ ગૌરવ સહિત હરખાતાં પતિને પીરસી. ધનદત્તને આશ્ચર્ય થયું. 'નિર્ધનને ત્યાં વળી શાલિ ક્યાંથી ?' તેણે પૂછયું, 'પ્રિયે ! શાલિ ક્યાંથી લાવી ?" લક્ષ્મીએ સર્વ વાત વિગતે કહી. સ્વમાની ધનદત્તને આ ન ગમ્યું. તેણે કહ્યું, "પાપિણી ! તેં શા માટે આવું કર્યું ? આપણા ઘરના કોદરા મૂકી તેં શા માટે ચોખા વહોરાવ્યા ? પારકા ઘરેથી અનાજ લાવી તેં મારા ઘરને મલિન કર્યું છે." એમ કહી તેણે લક્ષ્મીને માર માર્યો.

આ બન્ને ઘરનો વૃત્તાંત કાનોકાન થતો ક્ષેમંકર મુનિ સુધી પહોંચ્યો. ક્ષેમંકર મુનિએ બધાંને બોલાવીને કહ્યું કે, "અમને સાધુઓને અમારા માટે બનાવેલો કે ઉછીનો લાવેલો આહાર કલ્પે નહીં. અજાણતાં મેં આવો આહાર ગ્રહણ કર્યો છે. કલહ આદિ દોષના સંભવથી જ ભગવાને સાધુઓને એવો આહાર ગ્રહણ કરવાનો નિષેધ કર્યો છે." ચારે જીવાત્માઓ ત્યાર પછી જિનપ્રણીત ધર્મ શ્રવણ કરી સંવેગવાન થયા. તેમણે દીક્ષા અંગીકાર કરી. કાળક્રમે તેઓ મુક્તિપુરીના નિવાસી થશે.

જેના ઉપર પોતાનું સ્વામિત્વ હોય, તે વસ્તુ સ્વેચ્છાએ કોઈ પણ જાતની અપેક્ષા વિના આપવું તે ખરું દાન છે. લક્ષ્મીએ સારા દેખાવવાના લક્ષ્યથી માંગીને લાવેલ ભાતે અનર્થ સર્જાયું. સાધુ નિમિત્તે લાવેલ આહાર આધાકર્મી હોવાથી દૂષિત કહેવાય છે.

**ખરક વૈદ્ય :** ( શ્રી કલ્પસૂત્ર, પૃ.૧૯૭)

વર્ષાવાસ પૂર્ણ થયા બાદ **પ્રભુ મહાવીર છમ્માણિ** પધાર્યા. તેઓ ગામની પાદરે ધ્યાન મુદ્રામાં અવસ્થિત થયા. સાંજના એક ગોવાળ બળદોને લઈને ત્યાં આવ્યો. બળદોને પ્રભુ મહાવીર પાસે રાખી તે ગામમાં કોઈ કાર્ય માટે ગયો. બળદો ચરતાં ચરતાં આસપાસની ઝાડીમાં સંતાઈ ગયા. ગોવાળ પાછો આવ્યો ત્યારે તેણે બળદો ન જોયાં. એણે પ્રભુ મહાવીરને પૂછયું પરંતુ પ્રભુ મહાવીર તો મૌન હતા. ગોવાળ આથી વધુ ક્રોધિત થયો. તેણે ભગવાનના કાનમાં (કાંસે) વાંસની તીક્ષ્ણ શલાકાઓ ભોંકી દીધી. વળી કોઈ ન જુએ તે માટે શલાકાનો બહારનો ભાગ કાપી નાંખ્યો. ભગવાનને અત્યંત વેદના થઈ રહી હતી, છતાં તેઓ શાંત અને પ્રસન્ન દેખાતા હતા. તેઓ ચિંતન કરી રહ્યા હતા કે, '**ત્રિપૃષ્ઠ વાસુદેવ**ના ભવમાં શય્યાપાલકના કાનમાં ગરમાગરમ

સીસું રેડાવ્યું હતું તે કર્મ ઉદયમાં આવી પોતાનું ફળ ચખાડી રહ્યું છે.'

ત્યાંથી વિહાર કરી ભગવાન **મધ્યમપાવા** પધાર્યા. ભિક્ષા માટે પરિભ્રમણ કરતાં **સિદ્ધાર્થ** શ્રેષ્ઠીને ત્યાં પહોંચ્યા. તે વખતે સિદ્ધાર્થ શ્રેષ્ઠી વૈદ્યોમાં નિષ્ણાંત એવા **ખરક વૈદ્ય**ની સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા. પ્રતિભાસંપન્ન વૈદ્યે સર્વલક્ષણ સંપન્ન પ્રભુ મહાવીરના સુંદર અને સુડોળ તનને જોઈ કહ્યું કે, ''મહાત્માના કાનમાં શલ્ય છે તેને કાઢવું આપણું કર્તવ્ય છે.'' વૈદ્ય અને શ્રેષ્ઠી વિચારણા કરતા હતા તે દરમ્યાન ભગવાન ત્યાંથી નીકળ્યા. ગામની બહાર આવીને ધ્યાનસ્થ થયા. ખરક વૈદ્ય અને શ્રેષ્ઠી ઔષધી વગેરે સામગ્રી લઈ ભગવાનને શોધતા શોધતા ઉદ્યાનમાં ગયા. ત્યાં ભગવાન ધ્યાનસ્થ હતા. તેમના કાનમાંથી ખીલા જેવી તીક્ષ્ણ શલાકા કાઢતાં પહેલાં ભગવાનના શરીરનું તેલથી મર્દન કર્યું. પછી સાણસીથી પકડી તે શલાકાઓ બહાર કાઢી. કાનમાંથી લોહીની ધારાઓ વહેવા લાગી. કહેવાય છે કે, અતિ ભયંકર વેદનાથી ભગવાનના મુખમાંથી જોરથી ચીસ નીકળી ગઈ. જેથી આખું ઉદ્યાન અને દેવકુળ શબ્દમય બની ગયું. વૈદ્યે તરત જ સંરોહણ ઔષધિનો પ્રયોગ કર્યો. તેનાથી લોહી બંધ થઈ ગયું અને તે દવા જખમ ઉપર લગાડી દીધી. આમ પ્રભુને ઔષધિ દ્વારા શાતા પમાડી, નમન કરી ક્ષમા-યાચના કરી તેઓ સ્વસ્થાને ચાલ્યા ગયા. તેમણે બન્નેએ રોગીની સારવાર કરી પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું.

ખરેખર ! સિદ્ધાર્થ શ્રેષ્ઠીએ પ્રેરક બની અને ખરક વૈદ્યે નિઃસ્વાર્થ ભાવે ઔષધ દાન દ્વારા પ્રભુ મહાવીરની ચિકિત્સા કરી માનવતાનો મલાજો નિભાવ્યો.

**ખેમો દેદરાણી (ખેમો હડાલિયા) :** (આત્મવીર કથાઓ)

**હડાળા**નો વતની **ખેમો દેદરાણી**, જેને બાદશાહ **મહમદ બેગડા**એ 'શાહ'નું અમર બિરુદ આપ્યું હતું. ભાટ-ચારણો તેનાં ગુણગાન ગાતાં થાકતાં ન હતાં. ખેમા હડાલીયાએ સંકટના સમયે દાન આપીને 'શાહ'નું બિરૂદ જાળવી રાખ્યું.

એકવાર એક ચારણ આવ્યો. તેણે નગરશેઠની કીર્તિ ગાઈ. ત્યારપછી બાદશાહના ગુણગાન ગાયા. પ્રધાને આ સાંભળ્યું. તેમણે સભામાં ચારણને બોલાવી પૂછયું, ''પ્રથમ નગરશેઠની અને ત્યારપછી બાદશાહની પ્રશસ્તિ શા માટે બોલ્યો ? પ્રથમ બાદશાહનું નામ હોય કે નગરશેઠનું નામ હોય ?'' ચારણે કહ્યું, ''પહલે શાહ, બાદમેં બાદશાહ (બાદમેં શાહ એટલે તો બાદશાહ કહેવાય છે.)'' કેમકે સંકટ સમયે શાહ લોકો જ કામ આવે છે. પ્રધાને રાજાના કાન ભંભેરતાં વાત કરી કે, ''રાજન્ ! આ વખતે દુકાળ છે. તો દાનનું કામ શાહ લોકોને ભળાવો. જેથી તેમની દાન વૃત્તિની આપણને ખબર પડે.''

એકવાર આખા દેશમાં દુષ્કાળ પડયો. પ્રજામાં હાહાકાર મચી ગયો. લોકો ભૂખથી ટળવળતાં હતાં. માતા-પિતા, ભાઈ-બહેન કોઈ કોઈના સગાં ન રહ્યાં. ભૂખ બારસની તિથિઓ ઉજવાવા લાગી. રાજા ઘબરાયો. તેણે સેવકોને કહ્યું, ''વાણિયાની ખુશામત કરતા પેલા ભાટ-ચારણને બોલાવો, આવા કપરા ટાણે વાણિયાઓ શું કરી શકે તેમ છે ? જો વાણિયાઓ કાંઈ ન કરી શકે તો ભાટને જાનથી મારી નાંખો અને વાણિયાઓને ગુનેગાર ગણી સજા ફટકારો.'' રાજાએ નગરશેઠને રાજદરબારમાં બોલાવી કહ્યું, ''તમારે એક સંકટ દૂર કરવાનું છે. **ગુજરાત**માં બાર મહિનાનો દુષ્કાળ દૂર કરવાનો છે. જો આ કાર્ય નહીં થાય તો તમારું 'શાહ' બિરૂદ જપ્ત કરવામાં આવશે.''

નગરશેઠે બધાંને બોલાવી ટીપ લખવાની શરૂ કરી. કોઈએ એક દિવસ તો કોઈએ પાંચ દિવસ એમ લખાવીને લગભગ ચાર મહિનાનો સંકટ દૂર કરવાનું નક્કી કર્યું પરંતુ હજુ આઠ મહિના બાકી રહ્યાં હતાં. છેવટે નગરશેઠે બહારગામ જઈ ફાળો ઉઘરાવવાનું નક્કી કર્યું. બહારગામમાં ટીપ કરતાં કરતાં **સૌરાષ્ટ્રના હડાળા** નામે ગામમાં નગરશેઠ પહોંચ્યાં. પાદરેથી પસાર થતાં એક ભરવાડ બોલ્યો, ''શેઠ! અહીંથી સીધા ન જવાય. અમારા ગામનાં ખેમા શાહ શેઠને ત્યાં પધારો.'' શેઠિયાઓએ ના પાડી. આ સમાચાર ખેમા શાહને મળ્યાં. ખેમા શાહ તરત ગામને પાદરે આવ્યાં. તેમણે બે હાથ જોડી ઘરે આવવાની નગર શેઠને વિનંતી કરી પણ તેના દીદાર જોઈ શેઠિયાઓએ ના પાડી છતાં ખેમા શાહ આગ્રહ કરીને પોતાને ઘરે લાવ્યાં. ખેમાશાએ સ્વાગતમાં કોઈ મણા ન રાખી. તેમને જમવાનું આમંત્રણ આપ્યું. નગરશેઠે કહ્યું, ''આ જમવાનો સમય નથી. મુખવાસ આપી દો. અગત્યના કામે આગળ જવું છે.'' ખેમા શાહે જમવાનો ખૂબ આગ્રહ કરી મસ્તીથી કહ્યું, ''ક્ષમા કરજો મહાશય, બધું પછી થશે.'' આસન પથરાયા, સોનાના થાળી વાટકામાં રસોઇ પીરસાણી. આગંતુકોને સૌને આશ્ચર્ય થયું કે, 'અત્યંત ગરીબ દેખાતા આ ખેમા શાહ આવા તવંગર!'' જમ્યા પછી ખેમા શાહે ખુમારીના જામ પીવડાવતાં કહ્યું, ''અમને કંઈ લાભ આપો. કંઈ કામકાજ ફરમાવો.'' ત્યારે શેઠિયાઓએ પોતાની વાત પ્રસ્તુત કરી ત્યારે ખેમા શાહે કહ્યું, ''પધારો, શયનગૃહમાં બાપુજી આરામ કરે છે. ત્યાં તમારું કામ તમામ પૂર્ણ થશે.'' શેઠિયાઓ શયનગૃહમાં ગયા. તેમણે વડીલને વાત કરી. ત્યારે વૃદ્ધ પિતાજીએ ધનુષ્ય ટંકાર જેવા ગંભીર સ્વરે કહ્યું, ''ખેમા! આવો અવસર ફરી નહીં મળે. તારી ઈચ્છા હોય તેટલો લાભ લઈ લે. ત્યારે ખેમા શાહે કહ્યું, ''પિતાજી! બારે મહિનાનો લાભ આપણે લઈએ તો.'' પિતાએ કહ્યું, ''જેવી તારી મરજી.'' આ રીતે પિતાજીની સંમત્તિથી ખેમા શાહે સંપૂર્ણ ગુજરાતનો બાર માસનો લાભ આપવા નગરશેઠને વિનંતી કરી.

ખેમાએ હોંશભેર ખરડામાં ૩૬૦ દિવસનું ભોજન પોતાના તરફથી આપ્યું. મહાજન વિસ્મય પામી ગયું. ખેમાએ તરત જ ધનના અને અનાજનાં ગાડાં જોડાવ્યાં. હડાળાથી ચંપાનેર સુધી અતૂટ લાંબી હારમાળા બની. શાલ-દુશાલા કે રેશમી વસ્ત્રો ન પહેરતાં રોજિંદા વસ્ત્રોમાં મહાજન સાથે ખેમો ચંપાનેરના રાજાને મળવા ગયો. ખેમાને જોઈ રાજાને વિશ્વાસ ન બેઠો. 'આવો સાદગીપૂર્ણ વસ્ત્રવાળો માનવી ૩૬૦ દિવસ સુધી આખા દેશને અનાજ પૂરી શકે ?' બાદશાહે વ્યંગમાં કહ્યું, ''કેમ શેઠ ! ૩૬૦ દિવસ તમારા તરફથી દેશને અન્ન મળશે એ વાત સાચી છે ને ?'' ખેમાએ હૃદયસ્પર્શી વાત કરતાં કહ્યું, ''જીહા, એમાં કોઈ શંકા નથી. જ્યાં સુધી આ ધરતી પર વાણિયા જ્ઞાતિના લોકો જીવતાં છે ત્યાં સુધી આવા દુકાળોને સુકાળમાં ફેરવી મૂકશે. નિરાશાના આરે બેઠેલી ભૂખે મરતી પ્રજાને જીવાડશે. આખા દેશમાં ૩૬૦ દિવસ સુધી અનાજ પહોંચાડવાનો ભાર હું મારે માથે લઉં છું. અનાજ અને ધનના ગાડાઓ મેં ક્યારના રવાના કરી દીધાં છે.'' રાજા સ્તબ્ધ બની ગયો. 'આ સાધારણ દેખાતો વાણિયો આટલો મોટો શ્રીમંત છે?' તેના મુખમાંથી સરી પડયું, ''ધન્ય છે! આ વણિક જાતિની શાહ કોમને ! ખરેખર ! તમે પ્રથમ નંબરનાં શાહ છો. હું તમારી પાછળ છું.'' આ રીતે દાનના મહિમાથી ખેમા હડાલીયાએ શાહનું બિરૂદ કાયમ જાળવી રાખ્યું.

દુકાળના અંધકારથી ઘેરાયેલી પ્રજાને ભડવીર ખેમા શાહના દાનનાં પ્રકાશે તરોતાજા કરી દીધાં.

**ગિરિસુંદર અને રત્નાકર - વંધ્ય અને શંબર - શ્રીબલ નૃપ :** (જૈન કથાઓ, ભા.૧૨, પૃ.૧૦૪)

**પંઢરપુર**માં વિદ્યા, વિનય અને વિવેકમાં કુશળ એવા **શ્રીબલ** નામના રાજા રાજ્ય કરતા હતાં. તેમનો **શતબલ** નામનો નાનો ભાઈ હતો.

**શ્રીબલ રાજા** પરોપકારી હોવાથી એકવાર **શ્રીગુપ્ત** નામે સિદ્ધપુત્રે વિનંતી કરતાં કહ્યું, ''તમે ઉત્તર સાધક બનો તો મારે એક વિદ્યા સાધવી છે.'' રાજાએ હા પાડી. કાળીચૌદસના દિવસે બન્ને સ્મશાનમાં ગયા. ત્યાં મંડળ બનાવી શ્રીગુપ્ત વિદ્યા સાધવા બેઠો અને શ્રીબલ તેનું રક્ષણ કરવા ઊભો રહ્યો. તેવામાં એક પિશાચ શ્રીગુપ્તના વાળ ખેંચવા લાગ્યો. શ્રીબલ તેને મારવા દોડયો ત્યારે પિશાચ નાસવા લાગ્યો. શ્રીબલ તેની પાછળ ઘણે દૂર સુધી ગયો. પાછા આવી શ્રીબલે જોયું તો ત્યાં ન હતો શ્રીગુપ્ત કે ન હતો પિશાચ! ત્યાં એક કન્યાના રડવાનો અવાજ સંભળાયો. તેણી ફાંસો ખાઈ મરવાનો પ્રયત્ન કરતી બોલી, ''હે વનદેવી! મારા પિતાએ મારા વિવાહ શ્રીબલ રાજા સાથે કરાવવાનું વચન આપ્યું હતું પરંતુ તેવું ન થતાં હું આપઘાત કરું છું.'' શ્રીબલ કન્યાના મુખેથી પોતાનું નામ જાણી તેને બચાવવા દોડયો. તેણીને ફાંસામાંથી મુક્ત કરી પૂછયું, ''તું શા માટે આપઘાત કરે છે?'' તેણીએ કહ્યું, ''હું ઉદ્યાનમાં ક્રીડા કરવા ગઈ હતી. ત્યાં વિદ્યાધરે મારું અપહરણ કરી, મને અઘોર વનમાં મૂકી, **અપરાજિતા** નામે વિદ્યા સાધવા ગયો છે. તે મારા શીલનું ખંડન ન કરે તે માટે હું આપઘાત કરવા તૈયાર થઈ છું. તમે કોણ છો? તે કહો.'' પરોપકારી શ્રીબલ રાજાએ પોતાની ઓળખાણ આપી. 'આ જ મારા પતિ છે,' એવું જાણી કન્યા ખુશ થઈ. એવામાં શ્રીગુપ્ત આવ્યો. તેણે કહ્યું, ''મેં વિદ્યા સિદ્ધ કરી લીધી છે. આ પિશાચે જ ઈન્દ્રજાળ રચી તમને કન્યા સાથે મેળાપ કરાવ્યો છે. હવે તેની સાથે ગાંધર્વ વિવાહ કરી સુખી થાઓ.'' શુભ મુહૂર્તે શ્રીબલ અને કન્યાના ગાંધર્વ વિવાહ થયા.

શ્રી ગુપ્તની પટ્ટવિદ્યાથી ત્રણે પંઢરપુર ગયા. શતબલ મોટાભાઈ શ્રીબલની શોધ કરતો તાપસાશ્રમમાં આવ્યો. ત્યારે તાપસીઓને રુદન કરતાં નિહાળી તેનું કારણ પૂછયું. તાપસીઓએ કહ્યું, ''**વિજયપુર**નાં **પદ્મરથ રાજા**ની પુત્રી **લક્ષ્મણા**ને શતબલ સાથે પરણાવવા અહીં રાતવાસો કર્યો હતો પરંતુ **કિરાત દેશ**ના રાજા **મંથન**નાં પુત્ર **કુંજરે** તેનું બળજબરીથી અપહરણ કર્યું. પોતાનો સ્વીકારેલ પતિ ન મળતાં કન્યા મૃત્યુ પામશે તેથી અમે રુદન કરીએ છીએ.'' શતબલ આ સાંભળી પગલાને અનુસરતો કુંજરની પાછળ દોડયો. કુંજરને આંબી, તેનો પરાજય કરી કન્યાને બચાવી લાવ્યો.

શ્રીબલ અને તેની પત્નીને પંઢરપુર મૂકી શ્રીગુપ્ત પાછો ફરતો હતો ત્યાં તેને શતબલ અને લક્ષ્મણા મળ્યા. શ્રીગુપ્તે કહ્યું, ''તમે શ્રીબલને શોધવા નીકળ્યા છો પરંતુ શ્રીબલ સુલક્ષ્મણાને પરણી પંઢરપુર ગયો છે.'' શતબલ લક્ષ્મણાને લઈ પંઢરપુર ગયો. ત્યાં શુભ મુહૂર્તે તેના લક્ષ્મણા સાથે વિવાહ રચાયાં. અનુક્રમે શતબલ યુવરાજ બન્યો.

સમય જતાં સુલક્ષ્મણાએ ગર્ભસ્થ કાળમાં સ્વપ્નમાં **મેરૂ** પર્વત જોયો તેથી પુત્રનું નામ **ગિરિસુંદર** પાડયું. શતબલ રાજાની લક્ષ્મણાએ પણ ગર્ભ કાળમાં રત્નનો સમૂહ જોયો તેથી તેના બાળકનું નામ **રત્નસાર** પડયું. ગિરિસુંદર અને રત્નસાર બન્ને વચ્ચે પૂર્વભવના સ્નેહથી અપાર મિત્રતા હતી.

એક દિવસ શ્રીબલ રાજા રાજસભામાં બેઠા હતા ત્યારે નગરજનોએ આવીને ફરિયાદ કરી કે, ''કોઈ દુષ્ટ અમારી કન્યાઓનું અને ધનનું નિરંતર અપહરણ કરે છે.'' રાજાએ કોટવાલને બોલાવી ફરિયાદ જણાવી. કોટવાલે કહ્યું કે, ''ચોરની છાની રીતે તપાસ કરાવવા છતાં ચોર છતો થતો નથી.'' રાજા વિચારમાં

પડયા. ત્યારે ગિરિસુંદરે કહ્યું, ''પિતાજી! હું સાત દિવસમાં ચોરને શોધી કાઢીશ.'' ગિરિસુંદર બાળક હતો તેથી પિતાએ રજા ન આપી ત્યારે ગિરિસુંદર સંધ્યાકાળે કોઈને પણ કહ્યા વિના તલવાર લઈ નગરની બહારના જિર્ણ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તેણે દૂર પર્વત ઉપર ધૂમાડો અને અગ્નિ જોયા. સ્વભાવથી જ કૌતુકપ્રિય એવો ગિરિસુંદર પર્વત પર ગયો. ત્યાં અગ્નિકુંડમાં ગુગુલનો હોમ કરતો એક વિદ્યાધર વિદ્યા સાધી રહ્યો હતો.

ગિરિસુંદરે ત્યાં જઈ કહ્યું, ''વિદ્યાસાધક! હું આપનો ઉત્તરસાધક છું માટે મને વિદ્યા આપો.'' ત્યાં ક્ષેત્રપાલ દેવ પ્રગટ થયો. તેણે કહ્યું, ''વિદ્યાધર! તું મંત્ર સાધવાનું બંધ કર. નહીંતો તને કદરૂપો કરી નાંખીશ. તારી સામે ઉત્તરસાધક તરીકે મહાપ્રભાવક કુમાર બેઠો છે. તેને જલ્દી પ્રણામ કર.'' વિદ્યાધરે ગિરિસુંદરને પ્રણામ કર્યા. ગિરિસુંદરને વિના પ્રયાસે મંત્ર સિદ્ધ થઈ ગયો. વિદ્યાસાધકે કુમારને રૂપ પરિવર્તનની વિદ્યા આપી.

એવામાં તરુણ સ્ત્રીનો કરુણ નાદ સંભળાયો. ''હે તાત! મને બચાવો. મારું રક્ષણ કરો.'' કુમારે રૂપ પરિવર્તન કરી સ્ત્રીનું રૂપ ધારણ કર્યું. તેણે આગળ જતાં વન નિકુંજમાં એક જિર્ણ દેવાલયમાં હાડકાનો ઢગલો જોયો. ત્યાં એક કાપાલિકને જોયો. કુમાર સ્ત્રી (ગિરિસુંદર) પત્થરની શિલા પર બેસી રડવા લાગી. કામી કાપાલિકે તેની પાસે આવી રડવાનું કારણ પૂછ્યું. કુમાર સ્ત્રીએ કહ્યું, ''**સુશર્મા** નગરીના રાજાનો **અપરાજિત** નામનો પુત્ર છે. પિતાના અપમાનથી તેણે નગર છોડયું છે. હું તેની સ્ત્રી છું. હું પણ પતિની પાછળ નગર છોડી વનમાં આવી. ગઈ રાત્રિએ અમે આ શિલા ઉપર સૂતા હતાં. મને નિદ્રા આવી જતાં મારા સ્વામી મને છોડીને જતાં રહ્યાં. સ્વામી વિના હું પ્રાણ ત્યાગ કરીશ.'' યોગીએ કહ્યું, ''હે ભદ્રે! મરવાનો વિચાર છોડી દે. અહીં **પૂર્ણ મનોરથ** નામનું તીર્થ છે. ત્યાં ત્રણ રાત્રિ નિવાસ કરવાથી પ્રિયજનનો મેળાપ થાય છે.'' કુમાર સ્ત્રી કાપાલિક સાથે તે તીર્થ પર ગઈ. ત્યાં જઈ કાપાલિકે જોરથી ભૂમિ પર લાત મારી. ત્યાં **સુરસુંદરી** જેવી રૂપાળી કન્યા આવી. તેણે તીર્થનો દ્વાર ઉઘાડયો. કુમાર સ્ત્રીને પ્રવેશ કરાવી કાપાલિક દેવ પૂજન માટે ફળ-ફૂલ લેવા ગયો.

કુમાર સ્ત્રીએ રૂપાળી કન્યાને પૂછયું, ''સખી! તું કોણ છે? તું દૈત્યના હાથમાં કઈ રીતે ફસાણી છે?'' કન્યાએ કહ્યું, ''એ વાત ઘણી લાંબી છે. પ્રથમ આ યોગી તે **દંડપાલક** ચોર છે. તે ભિક્ષા માંગવાનાં બહાને નગરમાં જઈ સારી કન્યાઓ ઉપર નજર રાખી રાત્રિના સમયે તેનું અપહરણ કરે છે. તે ચોરેલી વસ્તુઓ આ ગુપ્ત પાતાળ ગૃહમાં રાખે છે. તેણે આજ દિવસ સુધીમાં એકસો આઠ કન્યાઓનું અપહરણ કર્યું છે. હું **પંઢરપુર**ના **ઈશ્વર** શ્રેષ્ઠીની **સુભદ્રા** નામની કન્યા છું. કાપાલિકે ઊંઘમાં મારું અપકરણ કર્યું છે. તેણે મને બંદી બનાવી અહીં રાખી છે. મારા નગરનાં શ્રીબલ અને શતબલ નામના પરાક્રમી રાજા છે. મારા હીન ભાગ્યથી મને તેમની મદદ મળી શકી નહીં. હું આ પાપીના બંધનમાં રીબાઉં છું.'' એમ કહીને કન્યા રડવા લાગી.

કુમાર સ્ત્રીએ સાંત્વના આપી. પછી તેણે કન્યાને પૂછયું, ''હે સુંદરી! આ યોગી કયા બળથી નિર્ભય બની સ્વેચ્છાએ ફરે છે.'' કન્યાએ કહ્યું, ''તેણે પાતાળમાં એક ખડગ રાખી છે. તેનું ત્રણ કાળ પૂજન કરે છે. ચાલો, તે ખડગ તમને બતાવું.'' સુંદરી કુમાર સ્ત્રીને પાતાલ ગૃહમાં લઈ ગઈ. ત્યાં ચંદ્રહાસ ખડગ જોઈ કુમાર સ્ત્રીએ ખડગને વંદન કરી સ્તુતિ કરી. ત્યાર પછી નિર્ભયતાથી ખડગ ઉપાડી પુનઃ તેની જગ્યાએ મૂક્યું. ત્યાં રહેલી કન્યાઓએ હાહારવ મચાવ્યો. ''હે અતિથિ સ્ત્રી! યોગી તને અને અમને બધાંને મારી નાંખશે.''

કુમાર સ્ત્રીએ પોતાનું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કર્યું. ત્યાં દુષ્ટ યોગીએ કહ્યું, ''દ્વાર ઉઘાડો.''

એક કન્યાએ દ્વાર ખોલ્યું. ખડગ લઈને ઉભેલા કુમારને જોઈ યોગી છંછેડાયો. કુમારે અદલબદલ કરેલ ખડગને લઈ યોગી કુમારને મારવા દોડયો. તેણે પ્રહાર કર્યો પરંતુ કુમારે યુક્તિથી સ્વબચાવ કર્યો. હવે કુમારે યોગી પર જોરદાર પ્રહાર કર્યો. યોગી યમસદનમાં પહોંચ્યો. કન્યાઓ ગિરિસુંદરનું પરાક્રમ જોઈ વિસ્મય પામી. કુમારે બધી કન્યાઓને સ્વસ્થાને પહોંચાડવાની વાત કરી ત્યારે શ્રેષ્ઠી પુત્રીઓને કહ્યું, ''અરે ! આ તો આપણા પંઢરપુરના રાજાના કુંવર પરોપકારી ગિરિસુંદર છે. અમે અહીં ઘણાં દિવસ રહ્યા છીએ તેથી સગા-સંબંધીઓને મુખ દેખાડતાં અમને લાજ આવશે. અમે કાં તો તમને વરશું અથવા તમે ના પાડશો તો અગ્નિદહન કરશું.'' ગિરિસુંદર એકસો આઠ કન્યાઓ સાથે વિવાહ કરી એક માસ પાતાલગૃહમાં રહ્યો.

એક દિવસ તેને પોતાના ભાઈ રત્નસારની યાદ આવી. કન્યાઓને જણાવ્યા વિના તે ચંદ્રહાસ ખડગ લઈ પંઢરપુરમાં આવ્યો. ત્યાં સર્વત્ર શોકનું વારાવરણ છવાયેલું હતું. કુમારે નગરજનો પાસેથી જાણ્યું કે, 'ચોરને પકડવા ગયેલો ગિરિસુંદર એક માસ થઈ જવા છતાં હજી આવ્યો નહીં તેથી રત્નસાર તેને શોધવા નીકળ્યો છે તેથી નગરજનોમાં શોક છવાઈ ગયો છે.''

રત્નસારનું નામ સાંભળી ગિરિસુંદરને આઘાત લાગ્યો. તે ઘેલો બની રત્નસારને શોધવા દોડયો. ગિરિ, વન, પૃથ્વી, પાતાળ, ઉદ્યાનમાં શોધ્યો પરંતુ રત્નસારના કોઈ સમાચાર ન મળ્યા. ગિરિ-સુંદરના સુખ-ચેન ઉડી ગયાં.

એકદા શોધતાં શોધતાં ગિરિસુંદર એક નગરની સમીપમાં રહેલા જિર્ણ દેવાલયમાં આવ્યો. ત્યાં રાત્રિ રોકાણ કર્યું. તે સમયે કોઈ દેશના યાત્રિકો દેવાલયની બહાર ઉતર્યા. તેઓ પરસ્પર વાતો કરતાં હતાં. ગિરિસુંદર કાન માંડી સાંભળવા લાગ્યો. ત્યાં એક **મહસેન** નામના પંથજને કહ્યું, ''મેં એક કૌતુક જોયું છે. તેં હું કહું છું.

એક ઉજ્જડ ગામની પાસે મોટી અટવી હતી. ત્યાં મને સ્વરૂપવાન રાજ-કુમારનો સથવારો મળ્યો. હું તેની સાથે ઉજ્જડ નગરમાં આવ્યો. ત્યાં રાજમહેલ દીઠો. અમે રાજમહેલમાં પ્રવેશ્યા. થાકના કારણે મને નિંદ્રા આવી. તે સમયે રાજકુમાર ચોકીપહેરો કરતો હતો. ત્યાં એક ભૂખ્યો સિંહ આવ્યો. તે મનુષ્યની ભાષા બોલતો હતો. તેણે કહ્યું, 'હું ક્ષુધાતુર છું. તું આ સૂતેલા માણસને આપ.' કુમારે કહ્યું, 'સૂતેલો માણસ મારો શરણાગત છે તેથી તેને નહીં આપું. તું મારું ભક્ષણ કર.' સિંહ ન માન્યો. કુમારે સિંહની ઘણી આજીજી કરવા છતાં શરણાગતને ન સોંપ્યો. ત્યારે સિંહે પ્રસન્ન થઈ કહ્યું, 'તારા પરોપકાર ગુણથી હું ખુશ થયો છું. તું જે માંગીશ તે હું આપીશ.' કુમારે કહ્યું, 'તમે સિંહ થઈને મનુષ્યની ભાષા કેમ બોલો છો ?' સિંહે કહ્યું, 'હું આ દેશનો દેવ છું.' કુમારે પૂછયું, 'આ દેશ ઉજ્જડ કેમ છે ? અહીં વસતિ કેમ નથી ?'

સિંહે દેવસ્વરૂપ પ્રગટ કરી કહ્યું, 'સુજન ! તેનો વૃત્તાંત સાંભળ. આ **ગાંધારપુર**ના રાજા **રવિચંદ્ર** નું નગર છે. આ રાજાના **રતિચંદ્ર** અને **કીર્તિચંદ્ર** નામના બે પુત્રો હતાં. રતિચંદ્રને રાજ્ય સોંપી રાજાએ તાપસ દીક્ષા લીધી. કીર્તિચંદ્ર યુવરાજ બન્યો. રતિચંદ્ર સંગીતનો શોખીન હોવાથી ગાનતાનમાં મસ્ત રહ્યો. કીર્તિચંદ્રે રાજ્યનું સંચાલન સંભાળ્યું. હવે તે રાજ્ય સુખમાં આસક્ત બન્યો. તેણે રાજ્ય પડાવી લેવા સામંતો અને પ્રધાનોને ધનની લાલચ આપી પોતાની તરફેણમાં કર્યા. તેણે નિરાપરાધી રતિચંદ્ર રાજાને ઘાતકી અનુચરો દ્વારા ગાઢ બંધનથી બંધાવી મારી નાંખવાની આજ્ઞા આપી. વૈરાગી રતિચંદ્રએ કહ્યું, 'ભાઈ! તેં રાજ્ય માટે

કુળને કલંક લાગે તેવું કૃત્ય કર્યું છે. રાજ્ય તો પ્રથમથી જ મેં તને આપ્યું હતું. આ પૃથ્વીનો કેવો મોહ ? શું તેને કોઈ પરભવમાં લઈ ગયું છે ? હે અનુજ ! તું મને મારીને સુખી થઈશ એવું માને છે ? કુલ હત્યારૂપ પાપથી આ ભવમાં કદાચિત્ સુખી થઈશ પરંતુ તેનું દુઃખ ભવોભવ વેઠવું પડશે. હું તો પિતાની જેમ તને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરીશ.' દુષ્ટ બુદ્ધિ કીર્તિચંદ્રને મોટા ભાઈના વચનોની કોઈ અસર ન થઈ. ત્યારે રતિચંદ્રે નાના ભાઈની જગતમાં અપકિર્તી ન થાય અને પરલોકમાં દુઃખી ન થાય તે હેતુથી કાષ્ટની ચિતા રચાવી સ્ત્રી સહિત ચિતામાં બેઠો. કીર્તિચંદ્રે નિર્લજ બની સ્વહસ્તે આગ ચાંપી. રતિચંદ્ર આર્તધ્યાનથી મૃત્યુ પામી **ભૂતરમણ** નામનો યક્ષ થયો. એ યક્ષદેવ હું પોતે છું. યક્ષપણામાં મેં અવધિજ્ઞાનથી મારા પૂર્વભવના શત્રુ કીર્તિચંદ્ર પર કોપાયમાન થઈ મંત્રી, નગરજનોને દૂર દેશમાં ફેંકી દીધા. કીર્તિચંદ્ર પલાયન થઈ ગયો. આ પ્રમાણે નગર ઉજ્જડ બની ગયું. તે જોઈને હું આનંદ પામું છું. હું રોજ આ રાજમહેલમાં રાત્રિના સમયે આવું છું. તને જોઈને મને સૌ પ્રથમ ઘણો ગુસ્સો આવ્યો પરંતુ તમારી નિકટ આવ્યો ત્યારે સ્વતઃ ક્રોધ ઉતરી ગયો. મારું ચિત્ત શાંત થઈ ગયું. મારી પાસેથી વરદાન માંગો. દેવ દર્શન કદી નિરર્થક થતું નથી.' કુમારે કહ્યું, 'આ ઉજ્જડ નગરને વસાવી પુનઃ ભર્યુંભાદર્યું બનાવો.' યક્ષે કહ્યું, 'એક શરતે હું નગર વસાવી આપું. આ નગરનો રાજા તારે થવું પડશે. હું અવધિજ્ઞાનથી તારું ભવિષ્ય જાણું છું. તું ચોરને પકડવા ગયેલા તારા ભાઈ ગિરિસુંદરની શોધમાં નીકળ્યો છે. તને એક માસ પછી તે અહીં જ મળશે.'

પ્રભાતે યક્ષે મંત્રી, નગરજનોને બોલાવી બનેલી ઘટના કહી તેમને નગરમાં મોકલ્યાં. રત્નસારને રાજ્યાસનનું તિલક કર્યું. મંત્રી અને સામંતોએ પોતાની રૂપવંત અને ગુણવંત કન્યાઓ રત્નસારને પરણાવી. રત્નસાર રાજા બન્યો પરંતુ ગિરિસુંદર વિના તેને અંશમાત્ર ગમતું ન હતું. તે પ્રતિપળ નિઃશ્વાસ મૂકી, 'હે ગિરસુંદર ! હે ગિરિસુંદર !!' એમ બોલ્યા કરતો. થોડા દિવસમાં ગિરિસુંદર નહીં મળે તો નિશ્ચયથી અગ્નિમાં બળીને રત્નસાર પોતાના પ્રાણ ત્યાગશે.''

દેવાલયમાં કાપડી વેશમાં સૂતેલા ગિરિસુંદરે મહસેન યાત્રિકનાં વચનો સાંભળ્યા. તેને થયું, 'આ પથિક મારા ભાઈ રત્નસારનું જ વૃત્તાંત કહે છે.' ગિરિસુંદરે બહાર આવી પથિકને કહ્યું, ''તમારા મિત્ર રાજાને મળાવો. હું તેમનું દુઃખ દૂર કરીશ.' મહસેન ગિરિસુંદરને લઈ ગાંધારપુર તરફ ચાલ્યો. તેણે પોતાની ઓળખ આપી નહીં. તેઓ બન્ને ગાંધારપુરના રાજદરબારમાં આવ્યા. ત્યાં રાજગાદી પર બેઠેલા પોતાના ભાઈ રત્નસારને જોઈ ગિરિસુંદર અત્યંત ખુશ થયો. રત્નસારે તેને ઓળખ્યો નહીં. તેણે મહસેનને પૂછયું, ''આ કોણ છે ?'' મહસેને કહ્યું, ''આપના દર્શનની ઉત્કંઠાથી આ પથિક મારી સાથે આવ્યો છે.'' રત્નસારે ગિરિસુંદરને જોયો. તેને વડીલબંધુ જેવી પરમ પ્રીતિ થઈ.

રત્નસારને થોડા દિવસ પછી યક્ષનાં વચનો યાદ આવ્યાં. 'એક માસમાં તને તારો ભાઈ અહીં જ મળશે.' એક માસની અવધિ પૂર્ણ થઈ ગઈ છે. યક્ષનાં વચનો કદી ખોટાં ન ઠરે પરંતુ ભ્રાતૃ વિયોગનો અંત આવ્યો નહીં તેથી હું અગ્નિપ્રવેશ કરીશ. રત્નસારે પોતાનો વિચાર જણાવ્યો. ત્યારે ગિરિસુંદરે કહ્યું, ''મને જ્યેષ્ઠ બંધુ જેવું સુખ આપી અગ્નિદહનનું કઠોર વચન કહી દુઃખ આપો છો ? જો આમ જ કરવું હતું તો શા માટે સ્નેહ દર્શાવ્યો ? ભાઈ ! દેવવાણી મિથ્યા ન હોય. હું જ તમારો ભાઈ ગિરિસુંદર છું. મેં નગરમાં જઈ સાંભળ્યું કે, 'તું મારી શોધમાં નીકળ્યો છે' તેથી તને શોધતાં શોધતાં મહસેન મિત્ર સાથે હું અહીં પહોંચ્યો.'' રત્નસારે

વિચાર્યું કે, 'આ કાપડી પુરુષ ત્રણ પ્રકારે ગિરિસુંદર જેવો જણાય છે. તેની વાણીમાં ગિરિસુંદર જેવી ગંભીરતા છે. તેની ગુરુભાવની વૃદ્ધિ મારા જ્યેષ્ઠ ભાઈ સમાન છે અને તે રૂપ-રંગમાં ગિરિસુંદર જેવો જ છે.'

રત્નસારે પૂછયું, ''તમે શા માટે રૂપ પરિવર્તન કર્યું છે ? તમારું અસલ રૂપ દેખાડો.'' ગિરિસુંદરે વેશ પરિવર્તન કર્યું ત્યારે રત્નસાર હર્ષથી ભેટી પડયો. બન્ને ભાઈની આંખોમાં હર્ષના અશ્રુ વહી રહ્યાં હતાં. નગરજનોએ ભ્રાતૃ મિલનનો મહોત્સવ મનાવ્યો. હવે મહસેનને રાજ્ય સત્તા સોંપી બન્ને ભાઈઓ પંઢરપુર આવ્યા. ગિરિસુંદરે શ્રીબલ રાજાની જિજ્ઞાસાને સંતોષવા ચોરની શોધ, હસ્તગત, તેનો નાશ આદિ સવિસ્તાર વાતો કહી.

પંઢરપુરના **કુસુમાકર** ઉદ્યાનમાં **જયનંદન** નામના કેવળી ભગવંત પધાર્યા. શ્રીબલ રાજા સપરિવાર સહિત મુનિના વંદન કરવા ગયાં. તેમને વંદન કરી ભવતારિણી દેશના સાંભળી શ્રીબલ રાજાએ પૂછયું, ''ભગવંત્! ગિરિસુંદર અને રત્નાકરે કેવાં પુણ્ય કર્યાં છે કે વિના પ્રયાસે સ્વતઃ અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ ?'' ત્યારે કેવળી ભગવંતે **શંખ-કલાવતી**ના ભવથી પ્રારંભી પંદર ભવ સુધીનો અવદાત કહી જણાવ્યું કે, ''આ શ્રદ્ધાપૂર્વક સુપાત્ર દાનનું ફળ છે.

**પ્રતિષ્ઠાનપુરમાં સુમેઘ** નામે કુલપતિના **વંધ્ય** અને **શંબર** નામનાં બે પુત્રો હતા. માતા-પિતાનું અવસાન થતાં ધનની અધૂરપ જણાતાં તેઓ **કંચનપુર** જવા નીકળ્યા. ભૂખ લાગતાં એક ભાઈ નગરમાં જઈ કંદોઈને ત્યાંથી માલપુડા મિષ્ટાન વેચાતું લાવ્યો. તે સરોવરની પાળે જમવા બેઠા. તે સમયે માસક્ષમણનાં મુનિરાજને પારણા નિમિત્તે ભાત-પાણી વહોરવા જતાં જોયા. બન્ને ભાઈઓએ ભક્તિ-ભાવથી આમંત્રણ આપી માલપુડા આદિ અન્ન આપી મુનિને પ્રતિલાભ્યા. એટલામાં રાજાની કુંવરીઓ **ઋદ્ધિસુંદરી** અને **બુદ્ધિસુંદરી** યક્ષપૂજન માટે ત્યાં આવી. તેમણે આ દશ્ય જોઈ અનુમોદના કરતાં કહ્યું, ''વાહ ! તમોએ સુપાત્રને દાન આપી સુંદર લાભ લીધો છે.'' આમ ચારે આત્માઓએ અઢળક પુણ્ય ઉપાર્જન કર્યું.

વંધ્ય અને શંબર ત્યાંથી **કંચનપુરમાં** આમ્રવૃક્ષ નીચે વિશ્રામ કરવા રોકાયા. ત્યાં રાજાનો પટ્ટહસ્તી ગાંડોતુર બની દોડવા લાગ્યો. નગરમાં કોલાહલ મચ્યો. તે સાંભળી બન્ને ભાઈઓ રાજમહેલના દ્વાર પાસે આવ્યા. **ચંદ રાજા**એ પડહ વગડાવ્યો કે, ''જે શૂરવીર હાથીને વશ કરશે તેને રાજા તેની ઈચ્છા મુજબ આપશે.'' ગજશિક્ષા કુશળ એવા બન્ને ભાઈઓએ હાથીને વશ કરી આલાન સ્થંભે બાંધ્યો. બન્ને ભાઈઓની ઈચ્છાથી રાજાએ તેમને સેવક તરીકે પોતાની પાસે રાખ્યાં. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી યુગલીયા મનુષ્ય થયાં. સુપાત્ર દાનની અનુમોદના કરનારી બન્ને રાજકુમારીઓ તેમની સ્ત્રીઓ બની. ત્યાંથી કાળ કરી બન્ને સ્ત્રીઓ પ્રથમ દેવલોકમાં દેવી બની. યુગલીયાનું આયુષ્ય પૂર્ણ કરી પ્રથમ દેવલોકમાં તેઓ દેવ થયા. ત્યાંથી ચ્યવી **પંઢરપુરનાં મહાબલ રાજાની વિલાસવતી રાણી**ની કુક્ષિએ પુત્રપણે અવતર્યા. પૂર્વ ભવની સ્ત્રીઓમાંથી એક **પદ્મખંડપુરનાં મહસેન રાજા**ની પુત્રી **સુલક્ષ્મણા** થઈ અને બીજી **વિજયનગરનાં પદ્મરથ રાજાની લક્ષ્મણા** નામે પુત્રી થઈ. મહસેન રાજાની સુલક્ષ્મણાએ ભાટ ચારણના મુખેથી તમારા શૌર્યની પ્રશસ્તિ સાંભળી તમારા પ્રત્યે અનુરાગી બની. મહસેને પોતાની પુત્રીના તમારી સાથે વિવાહ કરાવ્યા. પદ્મસેન રાજાની પુત્રીએ શતબલ રાજાના ગુણગાન સાંભળી તેની સાથે વિવાહ કર્યા. ''

મુનિ પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી શ્રીબલ અને સુલક્ષ્મણા તેમજ શતબલ અને લક્ષ્મણાને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓએ મુનિને પૂછયું, ''સુલક્ષ્મણાનું અપહરણ કરનાર વિદ્યાધરનું શું થયું ?''

કેવળીભગવંતે કહ્યું, ''તે વિદ્યાધર મંત્ર ચૂકતાં ગાંડો બની ભટકતો ભટકતો **કપિલપુર નગર**માં આવ્યો. ત્યાં **હરિષેણ** નામનાં લબ્ધિધારી મુનિનાં તપોબળથી તેનું ગાંડપણ દૂર થયું. તેમની દેશના સાંભળી, દીક્ષિત થઈ, સર્વ કર્મ ક્ષય કરી મોક્ષે ગયો.''

આ સાંભળી શ્રીબલ રાજા વૈરાગ્ય પામી, શતબલને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા લેવા તૈયાર થયાં ત્યારે શતબલે પણ રાજ્યનો અસ્વીકાર કરી દીક્ષા લેવાનાં ભાવ પ્રદર્શિત કર્યા. હવે શ્રીબલ રાજાએ પોતાના પુત્ર **ગિરિસુંદર**ને રાજા બનાવી, **રત્નસાર**ને યુવરાજ પદે નિયુક્ત કર્યા. ત્યાર પછી સમય જતાં બન્ને ભાઈઓએ રાજ્યનો ભાર **સુરસુંદર** નામના પુત્રને સોંપી **જયાનંદ મુનિ** પાસે દીક્ષા લીધી. અગિયાર અંગોનું અધ્યયન કરી, તીવ્ર તપ તપી, અનશન કરી નવમા ગ્રૈવેયકમાં **અહમિંદ્ર** દેવપણે ઉત્પન્ન થયાં.

વાસ્તવમાં દાન એ ફક્ત આપવું જ નથી પરંતુ આપવા સાથે દાતાને હૃદયની કરુણા, મૈત્રી, બંધુતા, સેવા, સહાનુભૂતિ, પરોપકાર અને આત્મીયતાના ગુણોથી પરિપૂર્ણ અને સમૃદ્ધ બનાવે છે.

**ઘૃતદાન :** (કથાકોષ પ્રકરણમ્, પ્રાકૃત, પુસ્તક નં. ૯૧)

**ભરત ક્ષેત્ર**ના **વસંતપુર** નગરમાં **જક્ષ** નામનો શ્રાવક રહેતો હતો. તે સાધુઓને નિર્દોષ, પ્રાસુક આહાર-પાણી વહોરાવતો હતો. એકવાર જક્ષે પરમ ભક્તિથી **સુદત્ત** નામના વિશિષ્ટ જ્ઞાની મુનિને ઘી વહોરાવ્યું. તે સમયે મુનિ (જક્ષના આયુષ્યનો વિચાર કરતાં હોવાથી) ઉપયોગ રહિત થયાં. પાત્ર ઘી થી ભરાઈ જતાં ઘી ઢોળાઈ ગયું. જક્ષે વિચાર્યું, 'આ સાધુ કેવા પ્રમાદી છે. પાત્ર ભરાઈ જવા છતાં 'બસ' કહેતાં નથી. તેઓ એકલા છે છતાં આટલું ઘી શું કરશે ?' જેમ જેમ જક્ષના અધ્યવસાય પતિત થયાં, તેમ તેમ તેને નીચ આયુષ્યનો બંધ થયો. તેને દુર્ગતિમાં પડતો જોઈ સાધુ બોલ્યા, ''**मा, मा पडसु**'' - નહીં, નહીં, પડીશ નહીં.

આ સાંભળી જક્ષ મનોમન બોલ્યો, 'ઘડાની ચિંતા છે, ઘડાને પડતો બચાવે છે. પરંતુ ઘી ઢોળાઈ જાય છે તેની બિલકુલ ફીકર નથી. અહો! આ સાધુ ઉન્મત્ત લાગે છે.' સાધુએ 'ઘી' એવું સાંભળીને ઉપયોગ મૂક્યો. ઘી ભૂમિ ઉપર ઢળેલું જોયું ત્યારે સુદત્ત મુનિએ કહ્યું, ''**મિચ્છામિદુક્કડં**.'' જક્ષે કહ્યું, ''આટલો સમય ક્યાં ગયા હતા ? તમે ઉલ્લંઠ છો. હવે મિચ્છામિદુક્કડં દો છો! વારવા છતાં ઘડો કંઈ રહે ?'' સુદત્ત મુનિએ કહ્યું, ''આત્માને આવું નઠારું બોલી શા માટે ઠગે છે ? દાઝ્યા ઉપર ડામ દેવા જેવું થયું છે.'' જક્ષે વિચાર્યું, 'આ સાધુ જેમ તેમ શા માટે બોલે છે?' સુદત્ત મુનિએ કહ્યું, ''ત્રણે કાળમાં સાધુ યથા સ્થિતવાદી હોય છે. તેઓ સત્ય છૂપાવતાં નથી.'' જક્ષે પૂછ્યું, ''તેનું રહસ્ય કહો ?'' સુદત્ત મુનિએ કહ્યું, ''તમે ઘીનું દાન દેવાની શરૂઆત કરી ત્યારે વર્ધમાન પરિણામથી તમારા આયુષ્યના વિચારમાં મારો ઉપયોગ હોવાથી વહોરાવવામાં ઉપયોગ ન રહ્યો. તમને મેં સૌધર્મ દેવલોકથી ઉપર અચ્યુત દેવલોક સુધી જતાં જોયો. હું અનુપયોગમાં હોવાથી ઘી નીચે ઢળવા લાગ્યું. તે સમયે તારો ભાવ પણ હીયમાન થતો જોયો તેથી મેં કહ્યું, ''**मा, मा पडसु**'' - નહીં, નહીં, પડીશ નહીં. તેં મને ઉલ્લંઠ કહ્યો ત્યારે તેં તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધ્યું તેથી મેં કહ્યું, ''દાઝ્યા ઉપર ડામ દો છો! હે જક્ષ! તેં દેવગતિ છોડી તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધ્યું.'' આ સાંભળી જક્ષને ભારે પસ્તાવો થયો. મુનિની આશાતના કરવા બદલ વારંવાર માફી માંગવા લાગ્યો. અંતે જક્ષે વૈરાગ્ય થતાં કહ્યું, ''હે ભગવંત્! ફરીથી પાત્ર ધરો, હું ઘી વહોરાવું જેથી દેવનું આયુષ્ય બંધાય.'' સુદત્ત મુનિએ કહ્યું, ''દાનના તેવા પ્રકારનાં પરિણામથી શુભ કર્મનો

બંધ થાય છે. કર્મની નિર્જરા થતી નથી તેથી દાન આપ્યા પછી પશ્ચાતાપ ન કરવો.

જેમ ખેતી કરવા પૂર્વે ખેડૂત ધરતી પર ઉગેલા કાંટા, ઝાડ-ઝાખરાં, પથ્થરો, નકામું ઘાસ ઉખાડી નાંખી ધરતીને સમતલ, નરમ બનાવી બીજનું વાવેતર કરે છે, તેમ માનવની હૃદય ભૂમિ પર ઉગેલ તૃષ્ણારૂપી ઘાસ, લાલસા, સ્વાર્થ, અહંકારને ઉખેડી નમ્ર અને સરળ બનાવી દાનરૂપી બીજનું વાવેતર કરવાથી ધર્મરૂપી ફસલ તૈયાર થાય છે.

**ઘૃતદાન અને ધનસાર્થવાહ** : (ઋષભદેવ હિતકારી, પૃ. ૧૭)

**જંબુદ્રીપ**ના પશ્ચિમ **મહાવિદેહ** ક્ષેત્રમાં **ક્ષિતિપ્રતિષ્ઠત** નામે નગરમાં **પ્રસન્નચંદ્ર રાજા** હતો. આ નગરમાં **ધન** નામે સાર્થવાહ રહેતો હતો. એકવાર ધન સાર્થવાહે નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, ''જેને **વસંતપુર** જવું હોય તે મારી સાથે તાજેતરમાં સફરમાં જોડાય. તેમની સુરક્ષા, પાલના હું કરીશ.'' વણજારાના કાફલામાં ઘણાં નગરજનો જોડાયાં. તે સાથે સાથે **ધર્મઘોષસૂરિ** પણ આવ્યા. સાર્થવાહે રસોઈયાને આજ્ઞા કરી કે, ''આચાર્યજીને અન્ન-પાણી જે જોઈએ તે તૈયાર રાખજો.'' આચાર્યએ કહ્યું, ''અમારા માટે બનાવેલો આહાર અમને ન કલ્પે.'' ત્યાં એક માણસ આમ્રફળ લઈને આવ્યો. સાર્થવાહે આમ્રફળ લેવા વિનંતી કરી. આચાર્યએ કહ્યું કે, ''સચિત્ત ફળ અમને ન કલ્પે.'' સાર્થવાહે કહ્યું, ''અહો! તમે દુષ્કર વ્રત ધારણ કરો છો. અમે પ્રમાદી છીએ. એક પણ વ્રત ધારતા નથી.'' આચાર્યને વંદન કરી સંઘે પ્રસ્થાન કર્યું.

ગ્રીષ્મઋતુ આવી. ત્યાર પછી વર્ષાઋતુ આવી. ધન સાર્થવાહે અટવીમાં તંબુ-ડેરા નાંખ્યાં. સાર્થવાહનો મિત્ર **માણિભદ્ર**, જેણે જંતુરહિત ઉપાશ્રય બનાવ્યો હતો. તેમાં ધર્મઘોષસૂરિએ નિવાસ કર્યો. સંઘમાં ઘણાં માણસો હોવાથી ભાત-પાણી ખૂટયાં. લોક કંદમૂળ આદિ ખાવા લાગ્યાં. માણિભદ્રે ધન સાર્થવાહને સર્વ વૃત્તાંત જણાવ્યો. ધન સાર્થવાહને સંઘની ચિંતા થવા લાગી. તે થથરી ઉઠયા.

તેમને અચાનક અણસ્પર્શ્યો વિચાર આવ્યો. સફરમાં આવેલા ધર્મઘોષસૂરિ યાદ આવ્યા. 'મેં માર્ગમાં આચાર્યને સાચવવાનું વચન આપ્યું હતું પરંતુ આજ સુધી તેઓનું ઉચિત સાચવ્યું નથી. હું તેમના દર્શન કરી મારા પાપનું પ્રક્ષાલન કરું.' ધન સાર્થવાહ સૂરિજીના ઉપાશ્રયે પહોંચ્યા. ત્યાં ધર્મઘોષસૂરિ તથા તેમના શિષ્યોને જોયાં. સૂરિજી તપ અને ત્યાગના તેજ-પુંજથી શોભતા હતાં. તેમની આજુબાજુ મુનિઓ કોઈ ધ્યાનમાં, કોઈ મૌનવ્રતમાં, કોઈ સ્વાધ્યાયમાં, કોઈ વાંચનમાં, કોઈ શ્રુતની આરાધનામાં પ્રવર્તતા હતાં.

ધન સાર્થવાહે પસ્તાવો કરતાં કહ્યું, ''હે ભગવંત! મેં આપની કોઈ સેવા કરી નથી. પ્રમાદવશ સત્કાર પણ ભૂલ્યો, અવજ્ઞા કરી છે, વચનભંગ કર્યો છે. મને ક્ષમા કરો.'' સૂરિજીએ કહ્યું, ''માર્ગમાં હિંસક પશુઓ અને લૂંટારાઓથી તમે અમારી રક્ષા કરી એ જ અમારો સત્કાર છે. સંઘના લોકો ઉલટભેર અન્ન-પાણી આપે છે. અમને કોઈ અવગડ નથી. તમે ખેદ ન કરો.'' ધન સાર્થવાહે કહ્યું, ''ખરેખર! સંત પુરુષો દરેકના ગુણ જ જુએ છે. દરેક ને પોતીકા જ ગણે છે. આપ પ્રસન્ન થાઓ અને સાધુ મહાત્માને મારી સાથે આહાર લેવા મોકલો.''

સાધુને લઈ ધન સાર્થવાહ પોતાના આવાસે આવ્યા. ચારે તરફ નજર કરતાં તાજું ઘી હતું. સાર્થવાહે તે ઘી સાધુના પાત્રમાં વહોરાવ્યું. દાનના પ્રભાવથી મોક્ષના બીજ સમાન સમ્યકત્વની પ્રાપ્તિ થઈ.

મુનિદાનના પ્રભાવે સાર્થવાહ બીજા ભવમાં **ઉત્તરકુરુ ક્ષેત્ર**માં યુગલિક પણે ઉત્પન્ન થયા.

માટે જ પરમાત્મા પ્રકાશમાં કહ્યું છે - '**गृहस्थानामा हार दानादिकमेव परमो धर्मः ।**' ગૃહસ્થો માટે આહાર દાન આદિ પરમ ધર્મ છે કારણકે ગૃહસ્થના દાન દ્વારા સાધુ શરીર, મન, બુદ્ધિ આદિને સ્વસ્થ અને સશક્ત રાખી સંઘના ધાર્મિક મહાન કાર્યો કરી શકે છે.

**આવશ્યક નિર્યુક્તિ** (ગા.૧૬૮)માં કહ્યું છે : ભગવાન ઋષભદેવને પણ ધન્ના શ્રેષ્ઠીના ભવમાં દાનથી સમ્યક્ત્વની ઉપલબ્ધિ થઈ.

**ચંદનબાળા :** (ઉપદેશ તરંગિણી, પૃ. ૨૯)

**મેંઢિય ગામથી કૌશંબી નગરી**માં અભિગ્રહ સાથે **વીર પ્રભુ** વિચરી રહ્યાં હતાં. અભિગ્રહની પૂર્તિ માટે પ્રતિદિન ઉંચ-નીચ-મધ્યમ કુળમાં ગોચરી માટે જતાં હતાં. તેમનો અભિગ્રહ આ પ્રમાણે હતો.

''દ્રવ્યથી અળદના બાકળા હોય અને તે સૂપડાના એક ખૂણામાં હોય, ક્ષેત્રથી આપનારનો એક પગ ઉંબરાની અંદર અને એક બહાર હોય, કાળથી બપોરના ભોજનનો સમય પસાર થઈ ગયો હોય અને ભાવથી રાજકન્યા હોય પણ દાસત્વ પ્રાપ્ત કરેલું હોય, વળી એ બંધનગ્રસ્ત હોય, માથું મૂંડેલું હોય, ત્રણ દિવસની ઉપવાસી હોય, આંખમાં આંસુ હોય એવા સંજોગોમાં મારે ભિક્ષા લેવી, અન્યથા છ માસ સુધી ભિક્ષા ગ્રહણ કરવી નહીં !''

આવો કઠોર અભિગ્રહ ધારણ કરીને પ્રભુ વીર ગોચરી માટે કૌશંબીમાં ફરતાં હતાં. ગોચરી અર્થે વિહાર કરતાં કરતાં મહાવીર પ્રભુ એક દિવસ **શતાનિક** રાજાના મંત્રી **સુગુપ્ત**ના આવાસે પધાર્યા. મંત્રી સુગુપ્તની પત્ની '**નંદા** શ્રાવિકા શ્રદ્ધાપૂર્વક ભિક્ષા આપવા આવી પણ ભગવાન મહાવીર કંઈ પણ લીધા વિના ત્યાંથી ચાલ્યા ગયા. નંદાની ખિન્નતાનો પાર ન રહ્યો. તેનું મુખકમળ કરમાઈ ગયું. તે ગુમસુમ બની ગઈ. 'પ્રભુ વીર મારા મંદિરે આવી કેમ પાછા ફર્યા ?' એ વિચારે ધમ્મર વલોણું લીધું. તે પોતાના ભાગ્યને કોસવા - ધિક્કારવા લાગી. તે સમયે તેની દાસીએ કહ્યું, ''આપ શા માટે દુઃખી થાઓ છો ? દેવાર્ય તો છેલ્લા ચાર મહિનાથી કંઈ પણ લીધા વિના આવી જ રીતે પાછાં ફરે છે.'' આ વાત જાણી નંદા ચિંતામાં પડી ગઈ. તે પતિને વઢી પડી. ''આપ કેવા મંત્રી છો કે ચાર ચાર મહિના પૂર્ણ થવા આવ્યાં છતાં પ્રભુ વીરને ગોચરી ઉપલબ્ધ થતી નથી. એમનો શો અભિગ્રહ છે ? તે સત્વરે તમારે જાણવું જોઈએ. તમે મંત્રી છો, તમારી બુદ્ધિને કામે લગાડો.''

મંત્રીને પોતાની ભૂલનો ખ્યાલ આવ્યો. તેમણે તપાસ આદરી. આ સંવાદ **વિજય પ્રતિહારી**એ સાંભળ્યો. તેણે આ વાત મહારાણી મૃગાવતીને કહી. **રાણી મૃગાવતી**એ **રાજા શતાનિક**ને કહ્યું. રાજા અને મંત્રીએ ભગવાનના અભિગ્રહ વિશે શોધ આદરી. પછી તો કૌશંબી નગરી હિલોળે ચડી પરંતુ કોઈને તેમાં સફળતા મળી નહીં. દિવસો સડસડાટ પસાર થયાં.

પાંચ મહિના અને પચ્ચીસ દિવસ પસાર થઈ ગયા. ભગવાનના મુખ પર અપૂર્વ કાંતિ હતી. એક દિવસ પોતાના નિયમ મુજબ પરિભ્રમણ કરતાં ભગવાન **ધન્ના** શ્રેષ્ઠીના ગૃહે આવ્યાં. રાજકુમારી **ચંદના** બારણામાં બેઠી હતી. આજકાલ તે દાસી હતી. ત્રણ દિવસની ભૂખી અને તરસી હતી. માથું મૂંડેલું હતું. હાથમાં સૂપડું હતું. તેમાં બાકુળા હતાં. એક પગ અંદર હતો અને એક પગ ઊંબરાની બહાર હતો. હાથમાં બેડીઓ

---

(૧. કથાકોષ-૪૮, મલધારી રાજશેખર સૂરિ; મનોરમા કહા)

બાંધેલી હતી. ધન્ના શેઠના આવવાની રાહ જોતી હતી. એમાં એણે શેરીમાંથી પ્રભુ વીરને આવતાં જોયાં. ચંદનાનું રોમે રોમ વિકસીત થઈ ગયું. તેનું અંતર નાચી ઉઠયું. તે વિચારવા લાગી કે, 'મારા કેવાં ધન્ય ભાગ્ય છે કે ભગવાન મારે ત્યાં પધારી રહ્યાં છે. પણ રે, મારી આ દશા અને અડદ જેવી તુચ્છ દેય વસ્તુ હું કેવી રીતે આપીશ.' એ વિચારથી ચંદના મૂંઝાઈ ગઈ. પ્રભુએ તેની સન્મુખ જોયું. અભિગ્રહ પૂર્ણ થયો ન હતો. આંખમાં આંસુની ઓછપ હતી ! તે પાછા વળ્યા ને ચંદનાની આંખમાંથી આંસુ સરી પડયાં. 'રે ! પ્રભુ તો પાછાં વળ્યા, મને લાભ નહીં મળે ?' અને પ્રભુ પાછા વળ્યા. તેમનો અભિગ્રહ પૂર્ણ થયો. તેમણે પોતાનું કરપાત્ર ચંદનાની સામે ધર્યું. આંસુભીની આંખે, હર્ષાતિરેકથી ચંદનબાળાએ પ્રભુ વીરને અડદના સૂકા બાકુડા વહોરાવ્યાં.

તે વખતે દેવોએ ધનાવહ શેઠના ઘરે દેવતાઈ સાડા બાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી. તે જોઈને લાલચુ પડોશણે કોઈ તગડા-જાડા મુનિને બોલાવીને ભોજન વહોરાવીને વિચાર્યું કે, 'આ ચંદનાએ તો તપસ્વી મુનિને ફક્ત અડદના તુચ્છ બાકુળા વહોરાવી આટલી બધી સંપત્તિ મેળવી છે જ્યારે મેં તપસ્વી મુનિને ઘૃત, સાકર આદિથી યુક્ત દૂધપાકનું શ્રેષ્ઠ ભોજન વહોરાવ્યું છે તેથી હું તેનાથી પણ વધુ ઋદ્ધિ મેળવીશ.' એમ વિચારી પડોશણ ઊંચે આકાશમાં જોવા લાગી. તે જોઈને મુનિએ કહ્યું, "મા ! આકાશમાં ઊંચે શું જુઓ છો ?" વૃદ્ધાએ સાચેસાચું જણાવ્યું. અજુગતી, અનૈતિક વાત સાંભળી મુનિએ કહ્યું, "અરે મુગ્ધે ! કોઈ ઉત્કૃષ્ટ અને ઉગ્ર તપસ્વી હોય, સામે તેને વહોરાવનારના ઉચ્ચ, ઉમદા અને નિઃસ્વાર્થ ભાવનાવાળો હોય, તો જ મંગળ પ્રસંગે દેવતાઓ ખુશ થઈ સુવર્ણવૃષ્ટિ કરે છે. મારું નબળું તપ, તમારી વધુ મેળવવાની અભિલાષાથી અપાયેલા આધાકર્મિક આહારથી તો આકાશમાંથી પાષાણોની વૃષ્ટિ થશે, રત્નોની નહીં !"

ચંદનબાળાનું આ દાન પ્રભુ વીરના શરીર પોષણ તથા તેને ફળ સ્વરૂપે રત્નત્રયને સમૃદ્ધ બનાવનારું હોવાથી પરાનુગ્રહકારક નીવડયું અને ચંદનબાળા માટે સ્વાનુગ્રહકારક બન્યું. સુપાત્રને નિરપેક્ષ ભાવે, નિર્દોષ આહાર આપનાર ચંદનબાળાની જેમ સંસારનો અંત લાવે છે.

સામાન્ય દાન પ્રત્યેક કોટિના પાત્રને અપાય છે પરંતુ ઉત્કૃષ્ટ પાત્રને આપેલું દાન **'મહાદાન'** કહેવાય છે. ન્યાયોપાર્જિત પદાર્થ હોય, યોગ્ય પાત્ર હોય, સેવક આદિને અંતરાય પાડનારું ન હોય તો તે મહાદાન છે. આ ઉપરાંત દીન, તપસ્વી, ભીખારી આદિને માતા-પિતા કે ગુરુજ્ઞાથી આપવું તે સામાન્ય દાન છે. ચંદનબાળાનું દાન અલ્પમૂલ્ય હોવા છતાં ઉપરોક્ત ગુણોના કારણે મહાદાન બન્યું.

**ચંદ્રચૂડ** : (પ્રબંધ પંચશતી)

**શ્રીધર** નામના નગરમાં **ચંદ્રચૂડ** નામનો શ્રેષ્ઠી હતો. તેણે એકવાર ગુરુ મહારાજ પાસેથી ધર્મ દેશના સાંભળી કે,

**"वसही सयणासण, भत्तपाणभेसज्जवत्थ पत्ताई ।**
**जइवि न पज्जत्तघणो, थोवावि हु थोवयं देह ।।"**

**અર્થ** : "જો ઘણું ન હોય તો, થોડામાંથી પણ થોડું નિર્દોષ અન્ન - પાણી, વસ્ત્ર - વસતિ વગેરે સાધુને આપવાં જોઈએ."

આ ધર્મોપદેશ સાંભળી શ્રેષ્ઠીએ નિયમ ગ્રહણ કર્યો કે, 'આજથી મારે પ્રતિદિન શુદ્ધ આહાર-પાણી-વસ્ત્ર વગેરેનું દાન આપવું.' હવે તે શેઠ પ્રતિદિન શુદ્ધ આહારાદિનું દાન આપવા લાગ્યા.

કાળક્રમે ચંદ્રચૂડ મૃત્યુ પામીને **લક્ષ્મીપુર નગરમાં પદ્માકર રાજાની શ્રીમતી** નામની પત્નીની કુક્ષિએ **નંદન** નામના પુત્ર તરીકે અવતર્યાં. ગર્ભાવસ્થામાં માતાને ૧૪ ઝાંખા સ્વપ્ન આવ્યા તેથી સમય જતાં તે **શ્રીદત્ત ચક્રવર્તી** તરીકે પ્રસિદ્ધ થયા. ૩૨૦૦૦ દેશના રાજાઓ તેમની સેવામાં હતાં. તેમના અંતઃપુરમાં ૬૪૦૦૦ સ્ત્રીઓ અને સવાલાખ વારાંગનાઓ હતી. ૯ નિધિ, ૧૪ રત્નો, ૯૬ ક્રોડ ગામ ઈત્યાદિ અનેક ઋદ્ધિ સિદ્ધિના તેઓ સ્વામી થયાં. તે ભવમાં કોઈ વિશિષ્ટ જ્ઞાની પાસેથી પોતાનો દાન-પુણ્યના પ્રભાવથી મળેલો પૂર્વભવ જાણીને મુનિ ભગવંતોને વિશેષ પ્રકારે વસ્ત્રાદિ દાન આપવા લાગ્યાં. ક્રમે કરી સંયમ સ્વીકારી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયાં. આમ, વસ્ત્રદાન આપી ચંદ્રચૂડ શેઠ નરદેવ બન્યા.

ખરેખર! દાન એવો રાજપથ છે, જેના પર સહેલાઈથી ચાલી માનવી દિવ્યસુખોની ગોઠવણ કરી શકે છે.

**ચંદ્ર વ્યવહારી :** (વિક્રમ ચરિત્ર, ભા.૨, પૃ.૨૨૮-૨૨૯)

**શ્રી સિદ્ધસેન સૂરિ** દ્વારા **વિક્રમ રાજા**નો પૂર્વ ભવ કહેવાયો. **અઘાટક** નામના નગરમાં **ચંદ્ર** નામનો વ્યાપારી રહેતો હતો. તેના **રામ** અને **ભીમ** નામનાં બે મિત્રો હતાં. તેઓ બન્ને ઉત્તમ ભક્તિભાવવાળા હતાં. આ ત્રણે ભાઈબંધો વચ્ચે અપાર પ્રીતિ હતી. પ્રવાસ ખેડતાં ઘણું ફરવાથી ધનનો વ્યય થતાં આર્થિક સ્થિતિ નબળી બની.

એક દિવસ ત્રણે મિત્રો નગર છોડી વ્યાપાર માટે **લક્ષ્મીપુર** તરફ ગયાં. બપોરની વેળાએ સરોવરની પાળે આવ્યાં. લાંબો પંથ કાપવાથી થાક અને ભૂખ લાગતાં તળાવની પાળે ડાભરા ખોલી ભોજન કરવા બેઠાં. તે સમયે તપશ્ચર્યાથી અત્યંત કૃશ થયેલી કાયાવાળા બે વિશિષ્ટ જ્ઞાની મુનિરાજો અચાનક ત્યાં પધાર્યા. તેમને વંદન કરી ચંદ્ર વણિકે મિત્રોને કહ્યું, ''આપણા સદ્ભાગ્યથી બે મુનિરાજો અહીં પધાર્યા છે. આપણે તેમને શુદ્ધ આહાર દાન આપી તેમની ભક્તિ કરીએ.'' ચંદ્ર વણિક સહિત બન્ને મિત્રો તરત જ ઉઠયાં. તેમણે મુનિરાજને નમન કરી પોતાના ભોજનમાંથી શુદ્ધ તેમજ નિર્દોષ આહારદાન આપ્યું. મુનિરાજે તેમને 'ધર્મલાભ' આપ્યો.

**''उत्तमोऽप्रार्थितो दत्ते, मध्यमः प्रार्थितः पुनः ।**
**याचकैर्याच्यमानोऽपि, दत्ते न त्वधमाधमः ।।''**

**અર્થ :** ઉત્તમ દાતા યાચકના માંગ્યા વિના જ આપી દે છે, મધ્યમ માંગે ત્યારે આપે છે પરંતુ અધમાધમ છે, તે માંગવા છતાં આપતો નથી.

ત્યાર પછી ચંદ્ર વણિકે મુનિને પોતાનો પૂર્વભવ પૂછયો. ''હે ચંદ્ર! પૂર્વના ભવમાં એક વખત **વીર** નામનાં વણિક સાથે ઝઘડો થતાં તેના પ્રહારથી તું હણાયો. તું મૃત્યુ પામીને ચંદ્ર બન્યો. ચંદ્રનાં ભવમાં આપેલા મુનિદાનના પ્રભાવે તું આ ભવે વિક્રમ રાજા થયો છે. રામ અને ભીમ નામનાં તારાં આ જીગરજાન દોસ્તો દાનની અનુમોદના કરી **ભટ્ટમાત્ર** અને **અગ્નિવેતાલ** થયાં છે. વળી, વીર વણિક જે પૂર્વનો તારો શત્રુ હતો તે મૃત્યુ પામીને **ખર્પરક ચોર** થયો છે. તેં પૂર્વ જન્મમાં ઘણી બકરીઓથી હણાતા એવા એક બકરાને બચાવ્યો હતો. આ જીવદયાના પરિણામે તને સો વર્ષનું આયુષ્ય મળ્યું છે.''

વિક્રમ રાજાએ પૂર્વના ચંદ્રના ભવમાં બે સુકૃત્યો કર્યાં. એક તો સુપાત્ર દાન આપ્યું અને બીજું મૂંગા

પ્રાણીને બચાવી જીવનદાન આપ્યું; જેના ફળ સ્વરૂપે પરાક્રમી અને દીર્ઘાયુ વિક્રમ રાજા બન્યા.

એકવાર તથાગત બુદ્ધને સિંહ સેનાપતિએ પૂછ્યું, ''ભંતે! દાનથી પ્રાણીને શું લાભ થાય છે?'' તથાગત બુદ્ધે ઉત્તર આપ્યો, ''આયુષ્યમાન! દાનથી ચાર લૌકિક લાભ થાય છે. ૧. દાતા લોકપ્રિય બને છે; ૨. સત્પુરુષોનો સંસર્ગ થાય છે; ૩. કીર્તિ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે; ૪. કોઈ પણ સભામાં વિદ્વાનની જેમ જઈ શકે છે. જગપ્રસિદ્ધ વિક્રમ રાજા લોકહૃદય પર છવાઈ ગયા. તેમના નામની સંવત આજે પણ પરંપરાગત છે.

**ચંપક શ્રેષ્ઠી** : (ઉપદેશ પ્રાસાદ ભા. ૩, પૃ.૧૦૮)

**ધન્યપુર** નગરના **ચંપક** શ્રેષ્ઠી સાધુ-મહાત્માની એવી ભક્તિ કરે કે એની જોડ જડે નહીં. સહુ કોઈ એના ભાવ અને ભક્તિની ચર્ચા કરે. ઉપાશ્રયમાં જઈ, સાધુને વંદન કરી, વિનયથી યાચના કરે, ''ગુરૂદેવ! મારા ઘરે પધારો, ભાત-પાણીનો લાભ આપો. મારા ભાવને કૃપા કરીને સ્વીકારો.'' આવી વિનંતી કરી ચંપક શ્રેષ્ઠી વિદાય લેતાં અને ગોચરીનો સમય થતાં ઉપાશ્રયમાં આવી પહોંચતાં. પુનઃ ગુરુ મહારાજને લાભ આપવાની પ્રાર્થના કરતાં. ગુરુ મહારાજ ગોચરી માટે એમના ઘરે આવે ત્યારે ચંપક શ્રેષ્ઠીનું હૈયું આનંદથી ઉછળવા લાગતું. એમની આંખોમાંથી અમી વરસતું અને હૃદયમાંથી ભક્તિની ધારા વહેવા માંડતી. ગુરુ મહારાજને જે ખપતું હોય તે વહોરાવતો હતો.

ચંપક શ્રેષ્ઠીની ભક્તિ તો એવી કે ગુરુ મહારાજ જે ચીજ વહોરે નહીં એ ચીજ પોતે પણ ભોજનમાં લેતો નહીં. ક્યારેક એવું પણ બનતું કે કોઈ સાધુ વિરાજમાન ન હોય, ત્યારે પણ ચંપક શ્રેષ્ઠીની ભક્તિમાં કોઈ ઓટ આવતી નહીં. એ ઘરની બહાર ઊભા રહેતા, મનોમન પ્રાર્થના કરતાં, વિચારતાં કે, 'કોઈ સાધુ આવી જાય તો બહુ સારું, જેથી તેમને ગોચરી વહોરાવી હું કૃતાર્થ બનું.' આમ ધન્યપુર નગરમાં ચંપક શ્રેષ્ઠીની વ્રતધારી શ્રાવક તરીકે ઘણી મોટી નામના હતી. નાના-મોટા સહુ એમની ભક્તિ-ભાવનાની પ્રશંસા કરતાં.

એકવાર પોતાને ત્યાં પધારેલાં **સુદત્ત** નામના સાધુ મહાત્માને ચંપક શ્રેષ્ઠી ગોચરી વહોરાવતાં હતાં. સાધુના પાત્રમાં એ ઘી વહોરાવી રહ્યાં હતાં. ગોચરીએ આવેલા સાધુ શ્રેષ્ઠીના અંતરનો ઉલ્લાસ જોઈ મનોમન પ્રસન્નતા અનુભવવા લાગ્યાં અને વિચારતા હતા કે, 'કેવો શ્રાવક છે, જેને સાધુની સેવા કરતાં હૈયામાં અનહદ આનંદ ઉપજે છે!' ચંપક શ્રેષ્ઠી સાધુના પાત્રમાં ઘી રેડતાં હતાં. ગોચરી વહોરાવતી વખતે એમની ભાવના વધુને વધુ વર્ધમાન થતી હતી. તેઓ અનુત્તર વિમાનની ગતિ બાંધી રહ્યાં હતાં. એવામાં એકાએક ચંપક શ્રેષ્ઠીનો હાથ થંભી ગયો. 'અરે! હું ઘી ની ધારા કરું છું અને સાધુ મહારાજ અટકાવતા પણ નથી. પાત્ર લગભગ ભરાઈ ગયું છે, છતાં થોભવાનું કહેતા નથી. આહારમાં વળી ઘી ની કેટલી જરૂર હોય? ઘી કાંઈ પીવાનું ઓછું હોય! નક્કી, આ સાધુના વેશમાં કોઈ ધુતારા લાગે છે.'

ચંપક શ્રેષ્ઠીના ભાવ બદલાયા. વિચારોરૂપી વાદળો ઘેરાયાં અને મન ડહોળું થઈ ગયું. ચહેરા પરની પ્રસન્નતા ચાલી ગઈ. પાત્રમાં ઘી રેડતો હાથ અટકી ગયો. જ્ઞાની સાધુએ ચંપક શ્રેષ્ઠી તરફ નજર કરી. ચંપક શ્રેષ્ઠી પણ એમને જોઈ રહ્યો. 'આ તે કેવા સાધુ?' ચંપક શ્રેષ્ઠીમાં ભક્તિની જગ્યાએ શંકાએ સ્થાન લીધું. જ્ઞાની સાધુ ચંપક શ્રેષ્ઠીના મનનાં ભાવ પામી ગયાં. એમણે કહ્યું, ''શ્રેષ્ઠી! તમે તો શીખર પરથી ઊંડી ખીણમાં પતન પામો છો. આ તો શિખર ઉપર ચડયા અને પછી પછડાઈને ઊંડી ખીણમાં પડયા જેવું થયું.'' સાધુની વાત સાંભળી ચંપક શ્રેષ્ઠીએ કહ્યું, ''મહારાજ! હું ક્યાં શિખર ઉપર ચડયો છું અને વળી, કઈ ખીણમાં પટકાયો છું. હું

તો આપની સામે ગોચરી આપતો ઊભો છું. મહારાજ ! આપની વાત મને ન સમજાણી.''

સાધુએ પાત્ર ખેંચી લીધું અને કહ્યું, ''શ્રેષ્ઠી ! કંઈ પણ આપો ત્યારે ઉત્તમ ભાવ હોવાં જોઈએ. દાન આપતી વખતે પણ ચડતા ભાવ હોય. જો ચડતા ભાવ ન હોય અને શંકાશીલ મન હોય તો એ દાન ઊંચેથી નીચે ફેંકે છે. આમ તમે ઊંચેથી નીચે ફેંકાઈ ગયા છો. ચંપક શ્રેષ્ઠીએ સવાલ કર્યો, ''મહારાજ ! કેટલે ઊંચે ગયો હતો અને ક્યાં ફેંકાઈ ગયો ?'' સાધુ મહારાજે કહ્યું, ''છેક બારમા દેવલોકની ગતિએ તમે પહોંચી ગયા હતાં અને ત્યાંથી ભળતા વિકલ્પ કરવાથી તમે છેક ઊંડી ખીણમાં પહોંચી ગયા છો.'' ચંપક શ્રેષ્ઠીને પારાવાર પસ્તાવો થયો. ગુરુ મહારાજ સમક્ષ પોતાની ભૂલની આલોચના માંગી. અંતે મૃત્યુ પામી એ બારમા દેવલોકે ગયાં. શુદ્ધ ભાવથી દોષરહિત દાન આપવું તે શ્રેષ્ઠ દાન છે.

દાનનું સાતત્ય સંભવ છે પરંતુ દાનમાં ભાવોનું સાતત્ય ચિરંજીવ રહેવું અત્યંત દુર્લભ છે.

**જગતસિંહ સાધુ** : (પ્રબંધ પંચશતી)

એકવાર પૂજ્ય ગુરુદેવની અમૃત વાણીથી ''સાધર્મિક વાત્સલ્યનું ફળ મોક્ષસુખ આપનાર છે.'' એવું **જગતસિંહે** સાંભળ્યું. તેની ભાવના સાધર્મિકોને સુખી કરવાની થતાં દેવગિરિમાં ૩૬૦[1] વેપારીઓને ધન અને વ્યાપાર આદિ દ્વારા સહાય કરી પોતાના સમાન શ્રીમંત બનાવી સુંદર સાધર્મિક ભક્તિ કરી તેથી તે બધાએ એવો નિર્ણય કર્યો કે, 'હંમેશાં એક ઘરે પકવાન વગેરે ભોજન બનાવી ત્યાં જ બધા સાધર્મિકોને કુટુંબ સહિત જમાડવા.' નક્કી કરેલા નિર્ણય અનુસાર હવે બધાં જ સાધર્મિક બંધુઓ એક ઘરે એક સાથે જમવા લાગ્યા. પ્રતિદિન ૭૨૦૦૦ દ્રવ્યનો ખર્ચ થતો. એ પ્રમાણે વર્ષના અંતે બીજીવાર વારો આવતો. આમ, સાધર્મિક ભક્તિ કરતાં નગરજનોએ તેમને ભરત ચક્રવર્તી અને દંડવીર્ય રાજા જેવા ગણી નવાજ્યાં.

જગતસિંહ શ્રાવકે સાધર્મિકોને દાન આપી, તેમને શ્રીમંત બનાવી તેમનામાં સાધર્મિક ભક્તિનાં બીજ રોપાવી કર્તવ્યનિષ્ઠ બનાવ્યાં. સમાજની સુવ્યવસ્થા અને સુખશાંતિ ટકાવી રાખવા દાન આવશ્યક છે.

**જયંતી શ્રાવિકા** : (શ્રી ભગવતી સૂત્ર)

**ઉજ્જયિની**ના **મહારાજા ચંડપ્રદ્યોતન** અને **કૌશંબી**ના **મહારાજા શતાનિક** બન્ને સાઢુભાઈ હતા. ચંડપ્રદ્યોતન રાજાએ ચિત્રકાર પાસે રહેલું **રાણી મૃગાવતી**નું ચિત્ર જોયું. સ્ત્રી લંપટ ચંડપ્રદ્યોતન રાજાએ નિર્લજ્જ બની શતાનિક રાજા પાસેથી મૃગાવતીની માંગણી કરી. શતાનિક રાજાના રોમેરોમમાં ક્રોધ વ્યાપી ગયો. ચંડપ્રદ્યોતન રાજા શક્તિશાળી હતો. તેણે પોતાની વિશાળ સેના સાથે ઓચિંતા કૌશંબી નગરીને ઘેરો ઘાલ્યો. ચિંતાતુર શતાનિક રાજાને અતિસાર નામનો રોગ થવાથી મૃત્યુ થયું.

મૃગાવતી આદર્શ સતી સ્ત્રી હતી. પોતાના શિયળની રક્ષા માટે કૂટનીતિ અપનાવી. ચંડપ્રદ્યોતન રાજાના સૈનિકો દ્વારા રાણીએ કૌશંબીની ચારે બાજુ સુદઢ કિલ્લો બનાવ્યો. ત્યારપછી પોતાના પુત્રને રાજગાદીએ બેસાડી રાણી મૃગાવતીએ પ્રવ્રજ્યા અંગીકાર કરી.

કૌશંબી નરેશ શતાનિકના બહેન **જયંતી શ્રાવિકા**, જેઓ તત્ત્વજ્ઞાની હતાં. અનેક મુનિવરો અને સાધ્વીજીઓને શય્યા (જગ્યા)નું દાન કરનારા હોવાથી તે વખતમાં તેઓ શ્રેષ્ઠ 'શય્યાતરી' તરીકે પ્રસિદ્ધ થયાં

---

૧. સુરગિરિવાળા જગસિંહ શેઠે પોતાના ત્રણસો સાધર્મિકોને પોતા તુલ્ય બનાવ્યા. (દાનધર્મ - પંચાચાર અને સ્વામિ વાત્સલ્ય, પૃ.૧૭૬)

હતાં.

ભાઈનું અકાળ મૃત્યુ અને ભાભીના સંયમ સ્વીકારથી જયંતી શ્રાવિકાનું મન સંસારથી વિરક્ત થયું હતું. તેમણે **પ્રભુ મહાવીર** પાસે જઈ અનેક પ્રશ્નો પૂછી મનનું સમાધાન કર્યું.

પ્રભુ વીરની વાણીથી જયંતી શ્રાવિકા વિશેષ વૈરાગી બની પ્રભુ પાસે દીક્ષિત થયાં. શાસ્ત્રમાં કહ્યું છે - **'ज्ञानस्य फलम् विरति'** જ્ઞાનનું ફળ સંયમ છે. સમ્યક્ સાધના કરી એ જ ભવમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરી સિદ્ધાલયમાં ગયા.

આમ, શ્રમણ-શ્રમણીઓને વસતિ (છત-મકાન) દાન આપી, તેમના સત્સંગથી જયંતી શ્રાવિકા તત્ત્વજ્ઞાની બન્યા.

**જિનદત્ત વ્યવહારી** : (વર્ધમાન દેશના, પરિશિષ્ટ પર્વ)

**સોપાર(પત્તન)** નગરમાં **જિતશત્રુ** રાજા રાજ્ય કરતા હતાં. તેમની **ધારિણી** નામની રાણી હતી. આ નગરમાં **જિનદત્ત** નામે ધનિક શ્રાવક રહેતો હતો. તેનું પત્નીનું નામ **ઈશ્વરી** હતું. એકવાર નગરમાં દુકાળ પડયો. ત્યારે લોકો અન્નના અભાવમાં ખોડંગાઈને ઊભા હતા. ઈશ્વરીએ કહ્યું, ''સ્વામીનાથ ! આવા દુકાળમાં અન્ન-પાણી ખૂટયાં છે. અનશન કરીને દેહનો ત્યાગ કરીએ.'' જિનદત્ત વિષ ઘોળતો હતો. ઈશ્વરી લક્ષ મૂલ્ય ખર્ચી અન્ન લાવી, રાંધી તેમાં વિષ ભેળવવા જતી જ હતી ત્યાં એકાએક વજસેન મુનિ તેના ઘરે ગોચરી માટે પધાર્યા.

જિનદત્તે કહ્યું, ''આ દુકાળમાં અમારી પાસે પુષ્કળ ધન છે પરંતુ ખાવા માટે અન્ન નથી માટે આજે લાખ સુવર્ણનું બહુ થોડું અન્ન લાવી તેમાં વિષ ભેળવી તે ખાઈ સહુ સાથે મૃત્યુ પામીશું.'' મુનિએ તેમને ઉપદેશ આપતાં કહ્યું, ''દેવાનુપ્રિય ! ભાગ્યયોગે આવો અમૂલ્ય મનુષ્ય દેહ મળ્યો છે, તો આત્મહત્યા કરી જીવન કેમ ટૂંકાવો છો ? ધર્મ આરાધના કરો તેથી જીવનમાં સર્વ કુશલ મંગલ થશે. આવતી કાલે ધાન્યનાં ભરેલાં પુષ્કળ વહાણો આવી પહોંચશે.'' શ્રેષ્ઠીએ કહ્યું, ''આપે કહ્યું તે પ્રમાણે થાઓ ! તો હું મારા ચારે પુત્રોને આપની પાસે દીક્ષા અપાવીશ.''

દંપતીએ મુનિને ભાવથી આહારદાન આપ્યું. યોગાનુયોગ બીજા દિવસે સુકાળવાળા દેશમાંથી ધાન્યનાં વહાણો આવ્યાં. મુનિની વાત સત્ય ઠરી. જીવિત દાન મળવાથી શ્રેષ્ઠી દંપતીએ પોતાના પુત્ર સહિત જિન ભક્તિ કરી, દીન-દુ:ખીઓને યથાશક્તિ દાન આપ્યું. ત્યાર પછી સંયમ સ્વીકાર્યો. તે ચારે પુત્રો **નાગેંદ્ર, ચંદ્ર, વિદ્યાધર** અને **નિવૃત્તિ** નામે આચાર્ય થયા. આ ચારે આચાર્યોની ચાર શાખા થઈ.

જગતના જીવોને સાચવવા એ ફરજ છે, મા-બાપને સાચવવા એ કર્તવ્ય છે, તેમ સાધર્મિકોને સાચવવા એ ધર્મ છે.

**જિનદાસ** : (સુખવિપાક સૂત્ર, અ.૫)

**જિનદાસ સોગંધિકા** નગરીના રાજા **અપ્રતિહત** અને રાણી **સુકૃષ્ણા**ના પૌત્ર અને **મહાચંદ્ર કુમાર** તથા **અર્હદત્તા**ના પુત્ર હતા. **ભગવાન મહાવીર**ની વાણી સાંભળી દ્વાદશવિધ શ્રાવકધર્મ સ્વીકાર કર્યો. **ગૌતમસ્વામી**ના પૂછવા પર પ્રભુએ તેનો પૂર્વભવ કહ્યો.

**માધ્યમિકા** નામની નગરી હતી. ત્યાં **મેઘરથ** નામના રાજા હતા. **સુધર્મા** અણગારને મહારાજા મેઘરથે ઉત્કૃષ્ટ ભાવે નિર્દોષ આહાર વહોરાવ્યો. પરિણામ સ્વરૂપે મનુષ્ય ભવનું આયુષ્ય બાંધી સોગંધિકા નગરીમાં જિનદાસ તરીકે જન્મ્યા. યાવત્ જિનદાસ અણગારે એ જ ભવમાં મોક્ષ પ્રાપ્ત કર્યો.

લોકવ્યવહારમાં કહ્યું છે - **'ખા ગયા, સો ખો ગયા; દે ગયા, સો લે ગયા.'** સ્વયં ખાનારો સુકૃત્યના સુંદર અવસરને ગુમાવે છે અને બીજાને મુક્ત હાથે દાન આપનારો ગુણ, યશ આદિ લઈને જાય છે.

**જિનદાસ :** (પ્રાકૃત વિજ્ઞાન કથા, ભા.૧)

**ધર્મપુરી** નામની નગરીમાં **જિનદાસ** નામનાં દાનવીર શ્રેષ્ઠી રહેતાં હતાં. તેમની ધર્મપત્નીનું નામ **જિનમતી** હતું. શેઠનાં **જિનદત્ત** અને **જિનરક્ષિત** નામનાં બે પુત્રો હતાં. જિનદાસ શેઠની દાનવીરતાથી પ્રભાવિત થઈને રાજાએ તેમને નગરશેઠ બનાવ્યાં પરંતુ મનુષ્યની સ્થિતી સદા એક સરખી રહેતી નથી. પૂર્વનું પુણ્ય ખલાસ થતાં **લક્ષ્મી દેવી** મધ્યરાત્રિએ આવીને રુદન કરવા લાગી. 'રાત્રે કોણ રડે છે ?' એમ વિચારી શેઠે શેઠાણીને જગાડયાં. શેઠાણી હાથમાં દીવો લઇ રાત્રિના અંધકારમાં જોવા નીકળ્યાં. તેમણે એક સ્ત્રીને રડતી જોઈ. તેને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે લક્ષ્મી દેવીએ કહ્યું, ''તમારાં દાન ગુણથી ખુશ થઈને હું આટલો સમય તમારે ત્યાં સુખેથી રહી. આજથી આઠમે દિવસે હું તમારે ત્યાંથી જઈશ.'' શેઠે સહજતાથી કહ્યું, ''એક સરખી અવસ્થા કોની રહી છે ? એમાં શું આશ્ચર્ય ? સુખેથી જાઓ તમે.''

પ્રાતઃકાળે શ્રેષ્ઠીએ વિચાર્યું, 'એ લક્ષ્મી પોતાની ઈચ્છાથી જતી રહે તે પહેલાં તેને કાઢી મૂકવી જોઈએ.' શેઠે ઘરની સારી સારી વસ્તુઓ બહાર કાઢી દીન, અનાથ, દુઃખીજનોને દાનમાં આપવા માંડી. આ રીતે સાત દિવસ સુધી દાન આપ્યું. આઠમે દિવસે શેઠ-શેઠાણી નિર્ધન અવસ્થામાં નગરની બહાર નીકળ્યાં. તે રાત્રે ખૂબ વરસાદ વરસ્યો. બધી વસ્તુઓ પાણીમાં તણાવા લાગી. જીર્ણ પ્રાસાદ પડી ગયો. શ્રેષ્ઠી જીવ રક્ષા માટે પત્ની અને પુત્ર સહિત વૃક્ષ પર ચડયાં. ત્યાં વરસાદનાં પાણીમાં પોતાની હવેલીમાંથી સોનાનાં વાસણનો ભરેલો કોથળો તણાતો જોયો. જીવનનિર્વાહ માટે શેઠે કોથળામાંથી એક થાળી ખેંચી. પણ ભાગ્ય પ્રતિકૂળ હોવાથી ફક્ત થાળીનો એક કાંઠો (ટુકડો) જ હાથમાં આવ્યો. કોથળો પાણીમાં તણાતો ગયો. આ કોથળો નદી પ્રવાહથી તણાઈ સમુદ્રમાં પહોંચ્યો. શેઠના હાથમાં રહેલો ટુકડો તેમણે પોતાની પાઘડીમાં બાંધ્યો.

વરસાદ બંધ થતાં તેઓ **વિમલપુર** નગરના ભાગોળે પહોચ્યાં. ત્યાં સમુદ્ર માર્ગે **ધર્મદાસ** નામે સાર્થવાહ **રત્નદ્વીપ**થી ઘણું ધન કમાઈને આવતો હતો. યોગાનુયોગ જિનદાસ શ્રેષ્ઠીનું બધું ધન, જે તણાઈને સમુદ્રમાં ગયું હતું તે ધર્મદાસને મળ્યું તેથી ધર્મદાસ શ્રીમંત બન્યો. હવે શેઠ-શેઠાણીએ નગર પ્રવેશ કર્યો. તે દિવસે જ ધર્મદાસે આખા નગરને જમવાનું આમંત્રણ આપ્યું. પનિહારીઓ સરોવર પાળે બેઠેલા નિર્ધન શેઠ-શેઠાણીને કહેવા લાગી કે, ''તમે પરદેશી લાગો છો. અહીં બેસી ચણા કેમ ખાઓ છો ? ચાલો, આજે ગામમાં ધર્મદાસ શ્રેષ્ઠી તરફથી જમણવાર છે.'' સાર્થવાહે નગરજનો પાસેથી કોઈ અજાણ્યા પરદેશીને આવેલા જાણી પોતાને ત્યાં બોલાવ્યા. જિનદાસ શેઠ અને જિનમતી શેઠાણીને સન્માનપૂર્વક જમવા બેસાડયા. ધર્મદાસે પોતાનો વૈભવ બતાવવા સોનાની થાળીઓ ભોજન માટે કઢાવી.

ભવિતવ્યતાથી ખંડિત થાળી ભોજન માટે જિનદાસ શેઠને આપવામાં આવી. તેમણે વિચાર કર્યો કે, 'આ એક જ થાળી ખંડિત કેમ ?' શેઠે પાઘડીમાંથી ખંડિત ટુકડો કાઢી થાળીને લગાવ્યો. ભોજનની અત્યંત

ઉષ્ણતાથી લાખનો રસ પીગળી જતાં આ ટુકડો થાળીને બરાબર ચોંટી ગયો.

જમણવાર પૂર્ણ થતાં ધર્મદાસ શેઠના કહેવાથી નોકરે સોનાની થાળીઓ ગણી. નોકરે ખંડિત થાળી ન દીઠી. તેણે શેઠને કહ્યું, ''આજે જમવા આવેલા પરોણાને ખંડિત થાળી આપી હતી તે દેખાતી નથી. નક્કી તેની નિયત બગડી લાગે છે.'' જિનદાસને સહકુટુંબ બોલાવવામાં આવ્યાં. ધર્મદાસે આળ ચડાવતાં પૂછ્યું, ''મારા ઘરે ભોજન કરીને સોનાની થાળી પણ તેં લઈ લીધી ? મારી થાળી આપ.'' જિનદાસે કહ્યું, ''મેં નથી લીધી.'' ધર્મદાસે મારનો ભય બતાવ્યો. જિનદાસે ભાગ્ય વાંકુ જાણી મૌન સેવ્યું. ધર્મદાસે ગડદાપાટુથી માર મરાવ્યો. ખૂબ માર પડતાં જિનદાસ રડવા લાગ્યો. ધર્મદાસે ખૂબ આગ્રહ કર્યો ત્યારે જિનદાસે કહ્યું, ''મેં થાળી લીધી નથી. તમે થાળીઓ ગણો.'' નોકરે થાળીઓ ગણી. પૂરી બત્રીસ થાળીઓ થઈ. ધર્મદાસને પસ્તાવો થયો. જિનદાસે શેઠ પર રોફ ન કરતાં પોતાના નસીબનો વાંક ગણ્યો.

જિનદાસે ખંડિત કાંઠાવાળી થાળી વિશે રહસ્ય પ્રગટ કરતાં કહ્યું, ''શેઠજી! ભોજનની પંગતમાં મને ખંડિત થાળી મળી હતી, તે સત્ય છે. આ થાળીને જોઈને મને થયું કે, આ થાળી મારી તો નથી ને ? તે ચકાસવા મારી પાસે રહેલો કાંઠાનો ભાંગેલો ટુકડો મેં તે થાળીને લગાડયો. નિર્ભાગ્યથી તે ટુકડો થાળી સાથે બંધબેસતો ચોંટી ગયો. આ ઋદ્ધિ મારી જ છે. આ થાળીઓની સાથે બીજી ઘણી વસ્તુઓ પણ તમને મળી હશે. ભારવટીયા પલંગ, લાકડાનો પાટલો વગેરે. આ વસ્તુઓ જ્યાં મૂકી છે ત્યાં મને લઈ જાવ.' જિનદાસના કહેવા પ્રમાણે તે વસ્તુઓમાંથી એક મોટા પાટલાને ફોડવાથી તેમાંથી ઘણાં કિંમતી રત્નો નીકળ્યાં.

હવે ધર્મદાસને ખાત્રી થઈ કે, 'આ ઋદ્ધિનો માલિક જિનદાસ છે.' ધર્મદાસે તેને સંપત્તિ પાછી લઈ લેવા વિનંતી કરી પરંતુ ''મારે તેનું પ્રયોજન નથી'' એમ કહી નિઃસ્પૃહી જિનદાસ ચાલ્યો ગયો. ધર્મદાસે ઉપકાર હેતુ બાળકોના ભોજન માટે રત્ન મૂકેલા ચાર લાડુ ભાતામાં આપ્યાં. ધર્મદાસના અતિશય દબાણથી ઈચ્છા ન હોવા છતાં સ્વમાની જિનદાસે શરમાતાં પરાણે લાડુ સ્વીકાર્યા. પરોપકાર કરવાની આવી રીત મનને અડી જાય તેવી છે!

જિનદાસ ગ્રામાંતર ગયો. બીજા દિવસે મધ્યાહને જંગલમાં પહોંચ્યો. **વિમલપુરી**માંથી કેટલાક કઠિયારા જંગલમાં લાકડાં કાપવા આવ્યા હતાં. વરસાદ પડવાથી સૂકા લાકડાં ન મળ્યાં. તેમણે વિચાર્યું, 'આજે લૂંટ દ્વારા જીવન નિર્વાહ કરીએ.' ત્યાં જંગલમાં જિનદાસ મળ્યો. જિનદાસ પાસેથી કંઈ ન મળતાં ચાર લાડુ લઈ લીધાં. જિનદાસ ઠાકોરના ગામમાં આવ્યો. ઠાકોરની રજા લઈ ત્યાં હાટ માંડી વ્યાપાર શરૂ કર્યો. બન્ને બાળકોને પાઠશાળામાં વિદ્યાભ્યાસ માટે મોકલ્યા.

બીજી બાજુ કઠિયારાઓએ કંદોઈની દુકાને જઈ બે રૂપિયામાં લાડુ વેચી નાખ્યાં. બીજે દિવસે ધર્મદાસે નોકરને બે રૂપિયા આપી બાળકો માટે કંદોઈની દુકાનેથી મીઠાઈ મંગાવી. કંદોઈએ બે લાડુ આપ્યા. શેઠે આ લાડુ ઓળખી લીધાં. એક લાડુ ભાંગ્યો, મધ્યમાંથી રત્ન નીકળ્યું. એવી જ રીતે બીજા લાડુમાંથી પણ રત્ન નીકળ્યું. શેઠે વિચાર્યું, 'જિનદાસને આપેલા લાડુ કંદોઈ પાસે ક્યાંથી આવ્યા ?' કંદોઈને બોલાવી લાડુ વિશે પૂછ્યું. કંદોઈએ કઠિયારાનું નામ આપ્યું. કઠિયારાઓએ ''વણિકને લૂંટી લાડુ મેળવ્યા છે'' એવું કહ્યું. ધર્મદાસ શેઠે વિચાર્યું, 'જ્યારે ભાગ્ય વિપરીત હોય ત્યારે અનુકૂળ પણ પ્રતિકૂળ બને છે. ખેર! હોનારને કોણ રોકી શકે છે ?'

જિનદાસ ચોમાસામાં બીજે ગામ જવા નીકળ્યો. નદીમાં પૂર આવ્યું એટલે તે એક વૃક્ષ પર ચડી

ગયો. ત્યાં **ભારંડ પક્ષી** પોતાના બાળ પક્ષીને વાર્તા કહી રહ્યો હતો.

"હે પુત્ર ! ઘણાં વર્ષો પૂર્વે અહીં કેટલાક મુનિઓ આવ્યા હતાં. તેઓ અહીં રાતવાસો રહ્યા હતાં. એક મુનિએ મંત્ર - ઔષધિનો પ્રભાવ બતાવતાં કહ્યું હતું કે, આ વૃક્ષમાંથી બે લતાઓ નીકળી છે, તે અચિંત્ય પ્રભાવશાળી છે. આ લતાના પાંદડાં ખાવાથી આંખમાંથી જ્યારે આંસુઓ ટપકે ત્યારે તે મોતી બની જાય છે. બીજી લતાના પાંદડાં ખાવાથી સાત દિવસમાં રાજ્ય પ્રાપ્તિ થાય છે."

જિનદાસે આ કથા સાંભળી. પ્રભાતે બે લતાના પાંદડાં લઈ ઘરે આવ્યો. જિનદાસ યથા શક્તિ દીન-દુઃખીજનોને દાન આપવા લાગ્યો. એક વખત ઠાકોર ઉપર પ્રત્યુપકાર કરવા જિનદાસે પત્નીને કહ્યું, "બે લાડવા બનાવ. આ લાડવામાં બે લતાનાં પાંદડાંનું ચૂર્ણ જુદું જુદું નાંખજે, જેથી ઠાકોરના બે પુત્રોને અપાય." જિનમતીએ પુત્ર સ્નેહવશ ચાર લાડુ બનાવ્યાં. બે ઔષધિયુક્ત અને બે ઔષધિવિહીન. ઔષધિયુક્ત લાડવા નિસરણીની ઉપર મૂક્યા અને ઔષધિ વિનાના લાડુ નિસરણીની નીચે મૂક્યા. બપોરની છુટ્ટીમાં બાળકો ઘરે આવ્યાં. તેમણે ઔષધિયુક્ત લાડુ ખાધાં. ત્યારપછી શેઠ ઘરે આવ્યા. નિસરણીની નીચે રહેલા બે લાડુ લઈ ઠાકોરને આપવા ગયા.

ઠાકોર પાસે જઈ શેઠે કહ્યું, "શ્રીમાન ! હું બે પ્રભાવશાળી લાડુ લાવ્યો છું. એકને ખાવાથી સાત દિવસમાં રાજ્ય મળશે અને બીજાને ખાવાથી તે રડે ત્યારે આંખમાંથી મોતી ઝરશે. મારું વચન અન્યથા ન થાય." ઠાકોરે લાડવા ખાવા માટે પુત્રોને આપ્યાં. પછી બન્ને પુત્રોને માર માર્યો. બન્ને રડવા લાગ્યાં પરંતુ આંખમાંથી મોતી ન નીકળ્યાં. ઠાકોરે જિનદાસને ઠપકો આપતાં કહ્યું, "તારા કારણે મેં મારા પુત્રોને માર માર્યો. તું જૂઠ્ઠો છે. હવે તારા બન્ને પુત્રોને હું મારી નાંખીશ."

ઠાકોરે જિનદાસનાં પુત્રોને બોલાવી ચંડાળને સોંપ્યા. ચંડાળ તેમને વધ કરવા લઈ ગયો. જિનદાસે વિચાર્યું, 'ઋષિનું વચન કદી ખોટું ન પડે પરંતુ મારું ભાગ્ય ફૂટેલું છે. મારા નિમિત્તે પુત્રોનો વધ થશે. મને એક ધર્મ જ શરણરૂપ છે.' જિનદત્ત પંચપરમેષ્ઠીના ધ્યાનમાં લીન બન્યો. આ બાજુ ચંડાળને જોઈ બન્ને બાળકો રડવા લાગ્યાં. ત્યારે નાના જિનરક્ષિતની આંખમાંથી મોતી ઝરવા લાગ્યાં. ચંડાળે તે મોતી પોતાના વસ્ત્રમાં ગ્રહણ કર્યા. ચંડાળને ભોળા બાળકો પ્રત્યે દયા આવી. તેણે કહ્યું, "તમે અહીંથી ચાલ્યા જાવ. પુનઃ આ ગામમાં દેખાડો દેશો નહીં." ચંડાળને વચન આપી જિનદત્ત અને જિનરક્ષિત ત્યાંથી નીકળી અટવીમાં આવ્યા. મોટો ભાઈ સૂઈ ગયો, ત્યારે નાના ભાઈએ ચોકીપહેરો કર્યો. એક પ્રહર થયો વૃક્ષના દરમાંથી એક ભયંકર સર્પ નીકળ્યો. જિનદત્તને કરડી દરમાં ચાલ્યો ગયો. મધરાતે જિનરક્ષિતે મોટા ભાઈને જગાડયો પરંતુ તેનું આખું શરીર વિષમય થયેલું જોઈ જિનરક્ષિત રડવા લાગ્યો. તેણે વિચાર્યું, 'ગામમાં જઈને અંતિમ વિધિ માટેની વસ્તુઓ લઈ આવી ભાઈના દેહને અગ્નિસંસ્કાર કરીશ.' એમ વિચારી ભાઈના શબને વૃક્ષની ડાળ સાથે બાંધી તે ગામમાં ગયો. ગામમાં એક **કૃપણ** શ્રીમંતને ત્યાં ગયો. તેણે રડતાં રડતાં મરણ ક્રિયા માટેની સામગ્રી માંગી. તેની આંખમાંથી પડતા મોતી જોઈને લોભી શેઠે સાતમા માળે લઈ જઈ તેને પેટીમાં પૂરી દીધો. હવે કૃપણ શેઠ રોજ તેને ચાબૂકના પ્રહાર મારી રડાવીને મોતી પડાવી લેતો. ત્યારપછી તેને સ્વાદિષ્ટ ભોજન કરાવી પુનઃ પેટીમાં પૂરી દેતો.

જંગલમાં કેટલાક ગારૂડીઓ યોગાનુયોગ જિનદત્ત જે વૃક્ષ સાથે બાંધેલો હતો ત્યાં આવ્યા. તેમણે પરોપકારની ભાવનાથી જિનદત્તને નિર્વિષ કર્યો. જિનદત્તે આસપાસ જોઈ વિચાર્યું, 'મારો ભાઈ મને વૃક્ષની

ડાળી સાથે બાંધી ક્યાંક ચાલ્યો ગયો છે.' જિનદત્ત ભાઈની શોધમાં સાતમે દિવસે એ નગરમાં પહોંચ્યો, જ્યાં જિનરક્ષિત હતો. તે નગરનો રાજા અપુત્રિયો મૃત્યુ થવાથી ગજેન્દ્રએ જિનદત્તને અભિષેક કર્યો. હવે જિનદત્ત રાજા બન્યો.

કૃપણ શેઠનો એક કોઢિયો પુત્ર હતો, જેને તે ભોંયરામાં રાખતો હતો. શેઠે લોકોને કહ્યું કે, "મારો પુત્ર ખૂબ રૂપાળો છે. લોકોની નજર ન લાગે તે માટે ભોંયરામાં રાખ્યો છે." શેઠના પુત્રની રૂપની વાત સાંભળી નજીકના નગરના **રત્ન** શેઠે પોતાની પુત્રી **શીલવતી**ના વિવાહ કૃપણ શેઠના પુત્ર સાથે કરવાનો વિચાર કર્યો. કૃપણ શેઠે મોતીઝરા (જિનરક્ષિત)ને કહ્યું કે, "જો તે શીલવતી સાથે વિવાહ કરશે, તો તેને મુક્ત કરવામાં આવશે." જિનરક્ષિતે "હા" પાડી. કૃપણ શેઠ ખુશ થઈ ગયો. મોતીઝરાના રૂપને જોઈ લોકો પ્રશંસા કરવા લાગ્યા.

મોતીઝરા અને શીલવતીના રંગેચંગે લગ્ન થયાં. કરમોચન વખતે સસરાએ જમાઈને ઘણું દ્રવ્ય આપ્યું. શીલવતીએ પૂછ્યું, "તમે સદા મૌન કેમ રહો છો ?" મોતીઝરાએ કહ્યું, "હું તારો પતિ નથી. કૃપણ શેઠે મોતીના લોભે તેમના ઘરમાં પેટીમાં પૂરી રાખ્યો છે. તે તને એના કોઢિયા પુત્રને સોંપશે. ત્યારે મને મુક્ત કરશે. આ શરત સાથે તેણે મને તારી સાથે પરણાવ્યો છે."

કૃપણ શેઠે શીલવતીને રહેવા માટે એક મહેલ આપ્યો. કોઢિયો શીલવતી પાસે ગયો ત્યારે શીલવતીએ તેને અપમાનિત કરી કાઢી મૂક્યો. કૃપણ શેઠે શીલવતીને મનાવવા રાજાનો આશરો લીધો. શીલવતીએ કહ્યું, "રાજન્! તમે મારા પિતા જેવા છો. તમે જ કહો કે સ્ત્રીને પરિણિત પતિ હોય કે, ભાડાનો પતિ હતો." રાજાએ કહ્યું, "જગ જાહેર છે કે, સ્ત્રી સાથે પરણે એ જ એનો પતિ હોય, બીજો નહીં." શીલવતીએ કહ્યું, "મારા લગ્ન જેની આંખમાંથી મોતી ઝરે છે, તેની સાથે થયા છે. એ જ મારા પતિ છે." રાજાએ મોતીઝરાની વાત સાંભળી, પોતાનો નાના ભાઈ હોવા વિશે શંકા થવાથી પૂછ્યું કે, "તે હમણાં ક્યાં છે ?" શીલવતીએ કહ્યું, "આ મહેલના સાતમે માળે પેટીમાં મોતીઝરાને મોતીના લોભથી પૂરી દેવામાં આવ્યો છે." રાજાએ તે પેટી ઉઘાડી. બન્ને ભાઈઓ હર્ષથી ભેટી પડયાં. બન્નેએ પોતપોતાની આપવીતી કહી. દયાળુ જિનરક્ષિતની વિનંતીથી કૃપણ શેઠને ફાંસી ન આપતાં દેશનિકાલ કરવામાં આવ્યો.

જિનરક્ષિત અને શીલવતી ઠાકોરના ગામમાં આવી જિનદાસને મળ્યાં. માતા-પિતા પણ પોતાના પુત્રના વૈભવને જોઈ ખુશ થયાં. ઠાકોરે આશ્રય આપ્યો હોવાથી જિનદત્ત રાજાએ પ્રત્યુપકાર નિમિત્તે તેને કેટલાંક ગામો આપ્યાં.

એકદા નગરમાં **ધર્મઘોષ સૂરિ** પધાર્યા. જિનદાસે પોતાની પત્ની સાથે તેમની પાસે દીક્ષા લીધી. તેઓ મૃત્યુ પામી દેવલોકમાં ગયાં. ક્રમે કરી મોક્ષ પામશે. જિનદત્ત અને જિનરક્ષિતે શાસન પ્રભાવનાનાં સુંદર કાર્યો કરી શ્રાવક ધર્મની આરાધના કરી. પુત્રને રાજ્ય સોંપી ગુરુ પાસે દીક્ષા લઈ તેઓ સ્વર્ગે ગયાં. અનુક્રમે તેઓ શિવસુખ પામશે. જિનદાસની આ કથાનો પ્રકલ્પ ભવ્યજીવોને દાન ધર્મમાં પ્રયુક્ત રહેવાની શીખ આપે છે.

ઈસ્લામ ધર્મના પ્રવર્તક **હજરત મહમદ સાહેબે** કહ્યું છે, "પ્રાર્થના સાધકને ઈશ્વરના માર્ગ પર અડધે સુધી લઈ જાય છે, ઉપવાસ ધર્મમહેલના દ્વાર સુધી પહોંચાડે છે પરંતુ દાન તો ધર્મમહેલમાં પ્રવેશ કરાવે છે."

**જીર્ણ શ્રેષ્ઠી - પૂર્ણ શ્રેષ્ઠી :** (કથાકોશ પ્રકરણ)

**વૈશાલી નગરી**માં ધનાઢચ શ્રેષ્ઠી **શ્રીદત્ત**ને પાછલી ઉંમરમાં ક્રૂર કર્મોએ જીર્ણ બનાવી દીધાં હતાં તેથી લોકો તેમને જીર્ણ શેઠ કહેવા લાગ્યા પરંતુ માન-પાન આપતાં નહીં. શેઠ માન-સન્માનથી પર હતાં. લોકોએ તેમના સ્થાને **પૂર્ણ** નામના શ્રેષ્ઠીને બેસાડયાં.

જીર્ણ શેઠની ધર્મભાવના પ્રશંસનીય હતી. તેઓ સામુદ્રિક શાસ્ત્રના જાણકાર હતાં. ભગવાનની પાદ રેખાઓને અનુસરતાં તે ઉધાનમાં જતા અને પ્રભુને આહારની અભ્યર્થના કરતા કે, ''પ્રભો! આપનું માસક્ષમણ પૂર્ણ થવા આવ્યું છે, જ્યારે આપ પારણું કરો ત્યારે આ સેવકને લાભ આપજો.'' પ્રભુને ચાર માસના સળંગ ઉપવાસ હતાં. તેની જાણ કોઈને ન હતી.

જીર્ણ શેઠ પ્રભુના આગમનની ચાતકની જેમ પ્રતીક્ષા કરવા લાગ્યા. બે પ્રહર પૂર્ણ થવા છતાં, પ્રભુ ન પધાર્યા તેથી તેમની ભાવના મનની મનમાં જ રહી. બીજે દિવસે પ્રભુ **મહાકામ** વનમાં પહોંચ્યા. પ્રભુને વંદન કર્યા. પ્રભુ મૌન હતાં. શેઠને લાગ્યું કે, 'પ્રભુ બીજું માસક્ષમણ કરશે.' તે દરરોજ પ્રભુને વંદન કરી, તેમના શ્રેષ્ઠ તપની અનુમોદના કરતાં. આમ કરતાં બે માસ થયાં. પુનઃ માસક્ષમણની પૂર્ણાહુતિના દિવસે પહેલાંની જેમ પ્રતીક્ષા કરવા લાગ્યાં પણ પ્રભુ ન પધાર્યા.

બીજે દિવસે જીર્ણ શેઠ ઉધાનમાં આવ્યાં. પ્રભુને વંદન કરી શાતા પૂછી પણ પ્રભુ મૌન રહ્યાં. એટલે જીર્ણ શેઠે ધારી લીધું કે, 'પ્રભુને ત્રણ માસના ઉપવાસ છે.' ફરી મહિનો પૂર્ણ થતાં પ્રતીક્ષા કરી પરંતુ નિરાશા સાંપડી. ચોથો મહિનો પૂર્ણ થવાનો હતો ત્યારે પણ જીર્ણ શેઠ પારણું કરવાની ભાવના ભાવીને ઘરે પહોંચ્યા. કારતક વદ એકમના દિવસે ચાતુર્માસ સમાપ્તિ પછી પ્રભુ પારણા માટે નીકળ્યા.

જીર્ણ શેઠના ઘરે ન જતાં પ્રભુ રસ્તામાં પૂર્ણ (અભિનવ) શેઠના ઘરે થોભ્યા. પૂર્ણ શેઠે બેપરવાથી પોતાની દાસીને કહ્યું, ''જો, ઘરમાં કોઈક ભિક્ષુક આવેલ છે. તેને કંઈક આપીને વિદાય કર.'' દાસીએ ઉપેક્ષા ભાવથી એક ચમચો વાસી અડદના બાકુળા લીધા અને પ્રભુના કરમાં આપ્યાં. પ્રભુએ તેનાથી પ્રસન્નતાપૂર્વક ચૌમાસી તપનું પારણું કર્યું. ત્યારે આકાશમાંથી પુષ્પોની વૃષ્ટિ થઈ. 'અહોદાનમ્.. મહાદાનમ્...' ના નાદથી આકાશ ગુંજી ઉઠયું. આમ, દેવોએ અનુપમ દાનની મુક્ત કંઠે પ્રશંસા કરી.

નીતિકારો એટલે જ કહે છે : **'दानं देवाः प्रशंसन्ति, मनुष्याश्च तथा द्विजाः ।'** મનુષ્ય અને બ્રાહ્મણો તો ઠીક, દાનની પ્રશંસા દેવો પણ કરે છે.

રાજા દોડતા આવ્યાં. તેમણે પૂછયું, ''શેઠ! તમે શું વહોરાવ્યું?'' શેઠે મૂળ વાત છુપાવતાં બડાઈ હાંકી કે, ''મેં ખીર-ખાંડનું ભોજન વહોરાવ્યું તેથી દેવોએ મારા દાનની પ્રશંસા કરી છે.'' જીર્ણ શેઠ પ્રતીક્ષા કરતાં રહી ગયાં. પ્રભુ ઉપરની ભક્તિના કારણે તેમની આંખમાંથી દડ દડ આંસુ પડવા લાગ્યાં. તેઓ ભાવનાના અત્યંત ઊંચા અને નિર્મળ શિખર પર પહોંચી રહેલા હતાં.

તે વખતે આકાશવાણી થઈ કે, ''જીર્ણ શેઠ! જો એક અંતર્મુહૂર્ત સુધી એવો જ ઉછળતો ભાવ અંતરમાં જળવાઈ રહ્યો હોત તો એ ભાવધારાથી તમને કેવળજ્ઞાન થઈ જાત, છતાં તમે એકાવતારી પદ પ્રાપ્ત કર્યું છે માટે અફસોસ કરશો નહીં.''

બીજે દિવસે **શ્રી પાર્શ્વનાથ પ્રભુ**નાં શિષ્ય **કેવળી ભગવંત** પધાર્યા. રાજાએ પૂછયું, ''આ નગરીમાં

ધન્ય કોણ છે?'' કેવળી ભગવંતે કહ્યું, ''જીર્ણ શ્રેષ્ઠી'' પુનઃ રાજાએ પૂછયું, ''શું પૂર્ણ શ્રેષ્ઠી ધન્ય નહીં?'' કેવળી ભગવંતે કહ્યું, ''પૂર્ણ શ્રેષ્ઠીએ અવિધિથી દાન અપાવ્યું તેથી મોક્ષ ફળને બદલે તેમણે આ લોકમાં સંપત્તિ પ્રાપ્ત કરી છે, જ્યારે વિશેષ ભાગ્યશાળી તો જીર્ણ શ્રેષ્ઠી છે. પોતાની સાચી ભાવના દ્વારા ભાવથી તો પ્રભુને પ્રથમ પારણું તેમણે જ કરાવ્યું છે. તેના પરિણામે શ્રાવકની સર્વોચ્ચ ગતિ બારમા **અચ્યુત** દેવલોકને પ્રાપ્ત કરશે. ત્યારપછી મનુષ્યનો એક ભવ કરી મોક્ષે જશે.

દાનનો અપૂર્વ અવસર પ્રબળ પુણ્યથી પ્રાપ્ત થાય છે. શક્તિ હોય છતાં અવસરે દાન આપવાની ભાવના મરી પરવારે અથવા પોતે દાન ન આપતાં બીજાને દાન આપવાનું કહે તે પૂર્ણ શેઠની જેમ મહાલાભથી વંચિત રહે છે.

**જીવાનંદ વૈદ્ય અને ભરત - બાહુબલી** : (આદિનાથ પ્રભુ ચરિત્ર, ઉપદેશ પ્રાસાદ ૩)

તેરમા ભવમાં **જંબુદ્વીપ**ના **વિદેહ ક્ષેત્ર**માં **ક્ષિતિપ્રતિષ્ઠિત નગર**માં **ધનાસાર્થવાહ**નો આત્મા **સુવિધિ વૈદ્ય**ને ઘરે **જીવાનંદ** નામે પુત્ર હતો. તે વખતે નગરમાં બીજા ચાર બાળકો જન્મ્યા. **ઈશાનચંદ્ર** રાજાનો પુત્ર **મહીધર**, બીજો **સુનાશીર** મંત્રીનો પુત્ર **સુબુદ્ધિ**, ત્રીજો **સાગરદત્ત** સાર્થવાહનો પુત્ર **પૂર્ણભદ્ર** અને ચોથો **ધનશ્રેષ્ઠી**નો પુત્ર **ગુણાકાર**. આ ઉપરાંત પાંચમો **ઈશ્વરદત્ત** શેઠનો (શ્રીમતીનો જીવ) પુત્ર **કેશવ**. જીવાનંદ સહિત આ છ મિત્રો જાણે સદોહર બાંધવ ન હોય તેમ નિરંતર સાથે જ રમતાં. તેમણે સમસ્ત કળાઓ અધિગત કરી લીધી. જીવાનંદનાં પિતાનો વારસો ઉતર્યો. તે વૈદ્ય થયો.

જીવાનંદ વૈદ્ય અષ્ટાંગ આયુર્વેદનો જાણકાર હતો. એકવાર જીવાનંદને ત્યાં પૃથ્વીપાલ રાજાના પુત્ર **ગુણાકર** નામના તપસ્વી સાધુ ભિક્ષા માટે પધાર્યા. તપથી તેમની કાયા કૃશ થઈ હતી. અકાળે અને અપથ્ય ભોજન કરવાથી સર્વાંગે કૃમિ કુષ્ઠ રોગ થયો હતો. પ્રબળ રોગથી તેમના પગ આડાઅવળા પડતા હતા. તેઓ છટ્ઠના પારણે જીવાનંદા વૈદ્યને ત્યાં આવ્યા. તે સમયે અન્ય મિત્રો પણ ત્યાં હતા. મહીધરે કહ્યું, ''મિત્ર! નિદાન અને ચિકિત્સામાં તમે કુશળ છો તો આવા રોગી મુનિની સારવારની શા માટે ઉપેક્ષા કરો છો?'' જીવાનંદે કહ્યું, ''મિત્ર! તેમને જોઈને જ તેમના રોગનું નિદાન કરી લીધું છે. તમે સ્મરણ કરાવ્યું તે સારું થયું. હાલ મારી પાસે ઉપચાર માટે ઔષધની સામગ્રી ઉપલબ્ધ નથી. આ રોગની ચિકિત્સા માટે લક્ષપાક તેલ, ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ અતિ આવશ્યક છે. તે મારી પાસે નથી. જો આ વસ્તુઓ તમે લાવી આપો, તો આ મુનિની ચિકિત્સા કરી તેમને સંપૂર્ણ નિરોગી કરી દઉં.'' પાંચે મિત્રો વૃદ્ધ વણિક પાસે આવ્યા. વણિકે કહ્યું, ''તમને જે વસ્તુ જોઈએ છે તેનું મૂલ્ય લાખ સોનૈયા છે પરંતુ તમારે તેનું શું પ્રયોજન છે?'' મિત્રોએ કહ્યું, ''એક મહાત્માના રોગની ચિકિત્સા કરવી છે. એમના શરીરમાં કીડા પડયા છે, જેથી તેમને ભયંકર અશાતા ઉત્પન્ન થઈ છે.'' વણિકે કહ્યું, ''હું ધનાઢય છું. મારો વ્યાપાર સારો ચાલે છે. તમે નાની ઉંમરમાં મુનિરાજની સેવા કરવા તત્પર થયા છો, તો મારાથી ઔષધ દાનના રૂપમાં પૈસા કઈ રીતે લેવાય? આ સેવાનો લાભ કેમ હું ન લઉં? ભાઈઓ, ગોશીર્ષ ચંદન અને રત્નકંબલ લઈ જાઓ, મને પણ સેવાનો લાભ આપો.''

વણિક સહિત સર્વે મિત્રો ઔષધની સામગ્રી લઈ વૈદ્ય પાસે આવ્યા. વૈદ્યે ઔષધાલાયમાંથી લક્ષપાક તેલ લીધું. તેઓ મુનિ પાસે આવ્યા. મુનિની ચિકિત્સાની આજ્ઞા લીધી. આજ્ઞા મળતાં મુનિનાં અંગમાં લક્ષપાક તેલ વડે મર્દન કર્યું. દરેક નસમાં તેલ વ્યાપ્ત થતાં ઉષ્ણ તેલની ગરમીથી વ્યાકુળ થયેલા કૃમિઓ બહાર આવ્યાં.

જીવાનંદે મુનિને રત્નકંબલ ઓઢાળી. કૃમિઓ ઠંડી રત્નકંબલમાં જમા થઈ ગઈ. ત્યારે કૃમિઓને ગાયના મૃતક કલેવરમાં નાંખ્યાં. હવે જીવાનંદે મુનિના શરીરે ગોશીર્ષ ચંદનનું વિલેપન કર્યું. ફરી ત્વચાગત કૃમિઓ બહાર નીકળ્યા. ફરીથી તેલમર્દન કર્યું તેથી માંસમાં રહેલા કૃમિઓ બહાર નીકળ્યા. રત્ન-કંબલનું આચ્છાન કર્યું. બધા કૃમિઓ રત્નકંબલ ઉપર તરી આવ્યાં. પૂર્વની જેમ ગાયના મૃતકમાં નાંખ્યાં. તે વૈદ્યનું બુદ્ધિ કૌશલ્ય કેવું! સર્વ કૃમિઓ બહાર આવ્યાં. આમ, ત્રણ વાર અભ્યંગન કર્યું એટલે અસ્થિગત કૃમિઓ પણ બહાર નીકળ્યા. પછી ગોશીર્ષ ચંદનનું વિલેપન કર્યું. મુનિ નિરોગી અને નવીન કાંતિવાળા થયાં. મુનિને સંપૂર્ણ શાતા થઈ. છએ મિત્રોએ મુનિની ક્ષમા માંગતાં કહ્યું, ''ભંતે! આપના જ્ઞાન, ધ્યાનમાં અમે વિક્ષેપ પાડયો છે. તે બદ્દલ ક્ષમા માંગીએ છીએ.'' મુનિએ ત્યાંથી વિહાર કર્યો.

છએ મિત્રો ઔષધદાનના પ્રભાવે કાળ કરી બારમા **અચ્યુત** દેવલોકમાં ઈન્દ્રના સામાનિક દેવ થયા. ત્યાંથી ચ્યવી **જીવાનંદ** વૈદ્યનો જીવ પૂર્વના ત્રીજા ભવમાં ચૌદ મહાસ્વપ્ન સૂચિત **મહાવિદેહ ક્ષેત્રની પુંડરીકિણી નગરી**ના **વજસેન** રાજાની **ધારિણી** રાણીની કુક્ષિએ પુત્રપણે જન્મ્યો. રાજપુત્ર મહીધરનો જીવ **બાહુ** થયો. મંત્રીપુત્ર સુબુદ્ધિનો જીવ **સુબાહુ** થયો. શ્રેષ્ઠીપુત્ર ગુણાકાર અને સાર્થવાહનો પુત્ર પૂર્ણભદ્ર અનુક્રમે **પીઠ** અને **મહાપીઠ** થયા. કેશવનો જીવ વજનાભ ચક્રવર્તીના સારથિ **સુયશા** નામે અન્ય રાજપુત્ર થયો. સુયશા બાળપણથીજ વજનાભનો આશ્રય કરવા લાગ્યો. છએ મિત્રો વચ્ચે પૂર્વભવનો સ્નેહ હતો તેથી વર્તમાન ભવે પણ સાથે ઘોડાં ખેલવતાં હતાં. એવામાં લોકાંતિક દેવોએ આવીને વજસેન રાજાને વિજ્ઞપ્તિ કરી કે, ''સ્વામિન્! ધર્મ તીર્થ પ્રવર્તાવો.''

વજસેન રાજાએ પોતાના પરાક્રમી પુત્ર વજનાભને ગાદીએ બેસાડયો. ત્યારપછી સાંવત્સરિક દાન આપી દીક્ષા લીધી. તેમને મન:પર્યવ જ્ઞાન ઉત્પન્ન થયું. અનેક પ્રકારના અભિગ્રહને ધારણ કરી મુનિ પૃથ્વી પર વિચરવા લાગ્યા. વજનાભે દરેક ભ્રાતાને પૃથક પૃથક દેશ આપ્યાં. વજસેન ભગવાનને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. ત્યારે વજનાભ રાજાની આયુધશાળામાં ચક્રે પ્રવેશ કર્યો. બીજા તેર રત્નો અને નવ નિધિઓ તત્કાલ પ્રાપ્ત થયાં. આખું **પુષ્પકલાવતી** વિજય સાધી વજનાભ રાજા ચક્રવર્તી બન્યાં.

એકવાર વજસેન તીર્થંકર **પુંડરીકિણી** નગરીમાં પધાર્યા. દેવોએ સમવસરણની રચના કરી. સમવસરણમાં વજસેન ભગવાને દેશના આપી ત્યારે વજનાભ ચક્રવર્તીએ હર્ષથી કહ્યું, ''હે નાથ! જેમ ઘાસ ખેતરને બગાડે, તેમ મોહે મારી મતિ બગાડી છે. વિષયોમાં લોલુપ બનેલા મેં મારા આત્માને નટની જેમ ઘણીવાર નચાવ્યો છે. મને દીક્ષાનાં દાન આપો.'' પિતા અને જ્યેષ્ઠ બંધુએ દીક્ષા લીધી એટલે બાહુ વગેરે ભાઈઓએ પણ દીક્ષા લીધી. વજનાભ મુનિ શાસ્ત્રના પારગામી થયા. દ્વાદશાંગીના જાણકાર બન્યા. બાહુ વગેરે મુનિઓ અગિયાર અંગના જ્ઞાતા થયા. વજનાભ મુનિ તપસ્વી હતાં. તપના પ્રભાવથી અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઈ, છતાં તેનો ઉપયોગ ન કર્યો. તેમણે વીસ સ્થાનક તપની આરાધના કરી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

બાહુ મુનિ નિત્ય પાંચસો મુનિઓની સેવા કરતા, તેમને નિર્દોષ આહાર-પાણી લાવી દેતા. સુબાહુ મુનિ નિત્ય પાંચસો રોગી મુનિઓની સારવાર કરતા. જેના ફળ સ્વરૂપે મહાન પુણ્યોદય થયો. બન્ને **સર્વાર્થસિદ્ધ વિમાન**માં દેવ થયા. આ બાજુ પીઠ - મહાપીઠ સદા ધ્યાન , આરાધના, તપમાં સંલ્લીન રહેતા.

એકવાર અન્ય મુનિઓ દ્વારા બાહુ-સુબાહુની પ્રશંસા સાંભળી પીઠ - મહાપીઠના મનમાં ઈર્ષાભાવ ઉત્પન્ન થયો. જેના ફળ સ્વરૂપે સ્ત્રી નામકર્મનો બંધ થયો. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી તેઓ સર્વાથસિદ્ધ

વિમાનમાં ગયા. ત્યાંથી ચ્યવી બાહુ અને પીઠનો આત્મા રાજા ઋષભદેવની રાણી **સુમંગલા** ની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેઓ **ભરત ચક્રવર્તી** અને **બ્રાહ્મી** તરીકે વિખ્યાત થયાં. સુબાહુ અને મહાપીઠનો આત્મા રાણી **સુનંદા**ની કુક્ષિમાં ઉત્પન્ન થયો, જે **બાહુબલી** અને **સુંદરી**ના રૂપે જગતમાં પ્રસિદ્ધ થયા. કેશવનો આત્મા પ્રભુ ઋષભનો પ્રપૌત્ર અર્થાત્ બાહુબલીનો પૌત્ર અને રાજા **સોમપ્રભ**નો પુત્ર **શ્રેયાંસકુમાર** થયો.

આમ, વજ્રનાભ ચક્રવર્તીએ પૂર્વે જીવાનંદા વૈદ્યના ભવમાં રોગથી પીડાતા મુનિને ઔષધ દાન આપી, તેમની સારવાર કરી ચક્રવર્તી પદ આદિ ઉત્તરોત્તર ઉત્તમતા પ્રાપ્ત કરી. વજ્રસેન રાજાએ વર્ષીદાન કર્યું. આ વર્ષીદાન અનુકંપા દાન લેખાય છે.

**તારાચંદ્ર કૌટુંબિક** : (શાંતિનાથ ચરિત્ર, જૈન કથા રત્ન કોષ, ભા.૮)

આ **ભરત ક્ષેત્ર**માં **અમરપુર** નામનું નગર હતું. ત્યાં **અમરસેન** નામના ન્યાયપ્રિય રાજા હતા. આ જ નગરમાં જૈનધર્મી **વૃષભદત્ત** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેમની **જિનદેવી** નામની સુશ્રાવિકા હતી. આ દંપતીનો **સુલસ** નામનો પુત્ર હતો. તે યુવાન વયે જિનદાસ શ્રેષ્ઠીની પુત્રી **સુભદ્રા** સાથે પરણ્યો.

એક દિવસ સુલસ પિતાની આજ્ઞાથી સદ્ગુરુ પાસે ગયો. ત્યાં જઈ તેણે પરિગ્રહ પરિમાણ સિવાય બાકીના અગિયાર વ્રતો ગ્રહણ કર્યા. તે શાસ્ત્રરસિક બન્યો. ધર્મપરાયણ, વિદ્યાવ્યાસંગી પુત્રને સાધુ જેવો થયેલો જોઈ શેઠાણીના અતિ આગ્રહથી શેઠે તેને સંસાર રસિક બનાવવા નટ, ગણિકા અને ઘૃતકારો પાસે મોકલ્યો. થોડા દિવસોમાં સુલસ શાસ્ત્રોથી અળગો થયો. ધર્મનો રંગ ઉતરી ગયો. સંગીતની મહેફિલ, નૃત્ય, શૃંગાર, કથા શ્રવણ અને ધૃતક્રીડામાં મગ્ન બન્યો.

તેની સંગતિ **કામપતાકા** નામની ગણિકા સાથે થઈ. ગણિકાએ તેને ધનવાન સમજી તેનો સત્કાર કર્યો. સુલસ નિત્ય મિત્રો સાથે ગણિકા પાસે જવા લાગ્યો. ધીમે ધીમે ગણિકાએ એવું જાદુ કર્યું કે, તે વેશ્યાગૃહમાંથી બહાર નીકળવાનું નામ જ ન લેતો. પિતાના ધનનો ઉપભોગ કરતાં સોળ વર્ષ પસાર થયાં. માતા-પિતાનું અવસાન થયું. તેની સ્ત્રી ગણિકાને ત્યાં ધન મોકલવા લાગી. ધન ખલાસ થઈ ગયું ત્યારે પોતાના અલંકાર દાસી સાથે મોકલ્યા. અક્કાએ અલંકાર સાથે એક હજાર રૂપિયા પાછા મોકલાવ્યા. તેણે સુલસને નિર્ધન જાણી પોતાની પુત્રીનો સંગ છોડાવી તેને ગણિકાવાસમાંથી જાકારો આપ્યો.

સુલસ પોતાના ઘરે આવ્યો. તેનું મકાન જિર્ણ-શીર્ણ થઈ ગયું હતું. દીવાલો પરથી ચૂનો ઉખડી ગયો હતો. દરવાજો તૂટી ગયો હતો. ખંડેર જેવું નિર્જન ઘર જોઈ તેણે કોઈને પૂછયું, "આ વૃષભદત્ત શેઠનું ઘર છે ?" કોઈએ કહ્યું, "હા. શેઠ-શેઠાણી દિવંગત થયા અને નિર્ધન ઘર ભાંગી પડયું."

ખિન્ન વદને સુલસ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં તાડપત્ર પર છરીથી પોતાની પત્નીને પત્ર લખ્યો. "હે પ્રિયા ! હું વેશ્યા ઘરેથી નીસરી આપણા ઘરે આવ્યો છું. માતા-પિતાના મૃત્યુના દુ:ખદ સમાચાર સાંભળી શોકમગ્ન બન્યો છું. હું નિર્ધન છું તેથી શરમિંદગી અનુભવુ છું માટે તારી પાસે આવવાની મારી હિંમત નથી. હું પરદેશ જઈ ધન પ્રાપ્ત કરીને પાછો ઘરે આવીશ." ભાગ્યયોગે તે સમયે **સુભદ્રા**ની દાસી ત્યાંથી પસાર થઈ. સુલસે દાસીના હાથમાં પત્ર આપ્યો.

તે પરદેશ ચાલ્યો ગયો. કોઈ એક નગરમાં આવ્યો. ત્યાં જિર્ણ ઉદ્યાનમાં **પલાશ**નું વૃક્ષ જોયું. તેણે વિચાર્યું, 'દૂધવાળા વૃક્ષનાં અંકુર નીચે ધન અવશ્ય હોય છે.' એમ વિચારી તેણે જમીન ખોદી. એક હજાર

સોનૈયા મળ્યા. તેને વસ્ત્રના છેડે બાંધી સુલસ નગરમાં એક વણિકની દુકાને બેઠો. વણિક ઘણી ઘરાકી હોવાથી વ્યસ્ત હતો. સુલસે તેને વ્યાપારમાં સહાયતા કરી. વેપારીને ઘણો લાભ થયો. સુલસની ચતુરાઈ જોઈ વણિક પ્રભાવિત થયો. તેને પોતાના ઘરે લઈ ગયો. વણિકે સુલસને એક દુકાન ભાડેથી અપાવી. છ માસમાં તે બમણું ધન કમાયો.

ત્યાંથી તે **તિલકપુર** નગરમાં વ્યાપાર કરવા આવ્યો. ત્યાં પણ મનોવાંછિત લાભ થયો. ત્યાંથી અધિક લાભ માટે જહાજમાં માલ ભરી સાગર માર્ગે **રત્નદ્વીપ** આવ્યો. ત્યાંના રાજાને કિંમતી ભેટ આપી ખુશ કર્યો. રાજાએ તેને કર મુક્તિ આપી. ત્યાં માલ વેંચી રત્નો ગ્રહણ કર્યા. ધન એકઠું કરી સ્વદેશ જવા નીકળ્યો પરંતુ દુર્ભાગ્યથી દરિયામાં તોફાન આવતાં જહાજ તૂટી ગયું. સઘળું ધન નષ્ટ થઈ ગયું. પહેરવાના વસ્ત્ર પણ ન રહ્યા પરંતુ તે હિંમત ન હાર્યો. પુન: પ્રયત્ન કર્યો.

આગળ જતાં ગીધ પક્ષીઓનું ટોળું જોયું. ત્યાં એક શબ પડયું હતું. તેના વસ્ત્રના છેડે કોટિ મૂલ્યવાળા પાંચ રત્નો જોયાં. તેણે રત્નની કિંમત અનુસાર જેટલું ધન મળે તે દાન કરવાનો નિશ્ચય કર્યો . તે રત્નો લઈ **વેલાકુલ** ગામમાં આવ્યો. ત્યાં **શ્રીસાર** શેઠના ઘરે ગયો. શેઠે ભોજનાદિ વડે તેનો સત્કાર કર્યો. અહીં તેણે બે કરોડમાં બે રત્નો વેચ્યાં. તેમાંથી કરિયાણું લઈ, ગાડા ભરી સ્વદેશ તરફ રવાનો થયો. માર્ગમાં જંગલ આવ્યું. ત્યાં ભીલો ત્રાટક્યાં. સુલસને જીવતો પકડયો. ધનનાં લોભથી તેને એક વણિકના હાથમાં વેચ્યો. આ વણિકે પારકુલથી આવેલા મનુષ્યના રક્તની ઈચ્છાવાળા મનુષ્યને વેચી ઘણું ધન મેળવ્યું. આ મનુષ્યો સુલસના શરીરમાંથી લોહી કાઢી રક્તકુંડમાં ભેગુ કરતાં. આ લોહીમાં કીડા ઉત્પન્ન થતા ત્યારે તે કીડામાંથી કૃમિરાગ (લાલ રંગ) બનતો. જેના દ્વારા વસ્ત્રો પર રંગ ચડાવવામાં આવતો. આ વસ્ત્રને બાળવામાં આવે તો તેની રાખ પણ લાલ થઈ જતી. સુલસ ભયંકર યાતના સહન કરી રહ્યો હતો.

એકવાર તેનું શરીર લોહીથી ખરડાયેલું હતું ત્યારે આકાશમાં ઉડતો એક **ભારંડ** પક્ષી ત્યાં આવ્યો. સુલસને ઉપાડી આકાશમાં ઉડવા લાગ્યો. તે સુલસને **રોહણાચલ** પર્વતની એક શિલા પર લઈ ગયો. જેવો તે સુલસને ખાવા જતો હતો ત્યાં બીજો ભારંડ પક્ષી આવ્યો. બન્ને વચ્ચે યુદ્ધ થયું. સુલસ તેના મુખમાંથી છટક્યો અને નીચે પડયો. ત્યાંથી ઉઠી તે એક ગુફામાં સંતાઈ ગયો. બન્ને પક્ષી ચાલ્યા ગયા પછી સુલસ બહાર નીકળ્યો. બાજુમાં ઝરણું વહેતું હતું. ત્યાં જઈ સુલસે પોતાનું શરીર ધોયું. **સંરોહિણી** ઔષધનો રસ ઘા પર ચોપડયો.

તે પર્વત પરથી નીચે ઉતર્યો. ત્યાં કેટલાક પુરુષોને જોયાં. તેમના હાથમાં કોદાળી હતી. તેમની પાસેથી સ્થળની માહિતી મેળવી. તેમણે પૂછયું, ''તું આ સ્થળથી અજાણ છે તો શું તું આકાશમાંથી નીચે પડયો છે ?'' સુલસે બુદ્ધિપૂર્વક કહ્યું, ''હા. એક વિદ્યાધર મિત્ર સાથે પર્વતની શોભા નિહાળવા આકાશમાર્ગે નીકળ્યો હતો. માર્ગમાં કોઈ શત્રુ વિદ્યાધર મળ્યો તેથી બન્ને વચ્ચે યુદ્ધ થયું. વિદ્યાધરે મને છોડી દીધો અને હું આ પૃથ્વી પર પટકાયો.'' તે પુરુષે કહ્યું, ''આ **રોહણ** દેશ છે. અહીં **વજસાગર** રાજા છે. અહીંના લોકો પૃથ્વી ખોદી, રત્નો મેળવી રાજાને કર આપે છે.'' સુલસે વિચાર્યું, 'ધન પ્રાપ્તિનું આ શ્રેષ્ઠ સ્થાન છે.' એવું વિચારી તે **રત્નપુંજ** નગરમાં વૃદ્ધ વણિકને ત્યાં ગયો. તેણે કોદાળી લીધી. હવે તે રત્નો પ્રાપ્ત કરવા લાગ્યો.

તેને એક દિવસ ખાણમાંથી કિંમતી રત્ન હાથવગું થયું. તે રત્ન તેણે શરીરમાં છુપાવી દીધું. બાકીના રત્નનો હિસ્સો રાજાના પંચકુલને આપી **શ્રીમત્પત્ત** નગરમાં આવ્યો. ત્યાં કિંમતી રત્ન વેચી ધન

મેળવ્યું. આ ધનમાંથી વસ્તુઓ લઈ તે નગર તરફ ગયો. માર્ગમાં જંગલમાં દાવાનળ પ્રગટયો. તેનો સામાન ભસ્મ થઈ ગયો. પુન: એકલો બની કોઈ ગામમાં પરિવ્રાજકને ત્યાં ગયો. તેને પોતાની વીતક કહી. પરિવ્રાજકે કહ્યું, ''તું થોડો સમય મારી સાથે રહે. હું તને શ્રીમંત બનાવીશ. સુલસ ત્યાં રહ્યો. ધનવાન થવાનો માર્ગ બતાવતાં પરિવ્રાજકે કહ્યું, ''મારી પાસે રસકૂપનો ઘડો છે. રસના એક બિંદુથી ઘણાં ભાર લોઢું સુવર્ણમાં પરિવર્તિત થાય છે. એના માટે તું સામગ્રી એકઠી કર. એક ભેંશનુંમોટું પૂછડું લાવી આપ.'' સુલસે મૃત ભેંશનું પૂછડું લાવી આપ્યું. યોગીએ છ માસ સુધી તેને તેલમાં ડૂબાડી રાખ્યું.

પછી એક હાથમાં પુસ્તક અને બીજા હાથમાં પૂંછડું પકડયું. સુલસના માથા પર બે મોટાં દોરડા, બે ઘડા અને નાની ખાટલી મૂકી બલિદાનની ટેકરી પર પર્વતની મધ્યમાં ગુફાના દ્વાર પાસે લાવ્યો. ત્યાં યક્ષ પ્રતિમાનું પૂજન કરી બન્ને ગુફામાં બેઠાં. સુલસ યજ્ઞમાં વિઘ્ન કરનારા રાક્ષસ આદિનું બલિદાન આપતો હતો. યોગી તેના પર પ્રસન્ન થયો. આગળ જતાં એક વિવર આવી. ત્યાં અત્યંત અંધારું હતું. ભેંશનું પૂંછડું જલાવી પ્રકાશ કરી બન્ને વિવરમાં પ્રવેશ્યા. ત્યાં એક મોટો રસકૂપ જોયો. યોગીએ નાની ખાટલીમાં બન્ને બાજુ દોરડા બાંધ્યા. સુલસને માંચી પર બેસાડી તેના હાથમાં બે તુંબડા આપી તેને કૂવામાં ઉતાર્યો. તે રસકૂપ પાસે પહોંચ્યો.

તે રસ લેવા જતો હતો ત્યાં અવાજ સાંભળ્યો. ''આ રસ કોઢ કરે તેવો છે. તેને હાથથી સ્પર્શ કરવો નહીં. તારી પાસે રહેલા બે તુંબડા મને આપી દે. હું રસથી ભરી દઈશ.'' સુલસે કહ્યું, ''તું કોણ છે અને કૂવામાં ક્યાંથી આવ્યો છે?'' તેણે કહ્યું, ''હું **વિશાલા** નગરીનો **જિનશેખર** નામનો વણિક છું. વ્યાપાર માટે સાગરમાર્ગે જતાં વહાણ તૂટયું. મહાકષ્ટે સાગર પાર કરી જંગલમાં ભટકતો અહીં આવી ચડયો. અહીં ધૂર્ત પરિવ્રાજકે રસના લોભે મને કૂવામાં ધકેલ્યો. જ્યારે હું તુંબડા ભરીને કૂવામાંથી ઉપર આવ્યો ત્યારે તેણે તૂંબડા લઈ લીધા અને મને કૂવામાં ધકેલી લીધો. તને પણ તે દુષ્ટ યોગીએ જ અહીં મોકલ્યો લાગે છે.''

સુલસે પોતાનો વૃત્તાંત કહ્યો. પછી તે સાધર્મિકે બે તુંબડા રસના ભરી સુલસને આપ્યા. માંચીના નીચે બે ઘડા બાંધી તેણે દોરડો હલાવ્યો. યોગીએ દોરડો સંકેત મળતાં ખેંચ્યો. ઉપર આવતાં યોગીએ કહ્યું, ''પ્રથમ રસના તુંબડા આપ, પછી તને બહાર કાઢીશ.'' સુલસે તુંબડા ન આપ્યાં એટલે તેને કૂવામાં ફેંકી યોગી ચાલ્યો ગયો. સદ્‌નસીબે સુલસ કૂવાનાં વર્તુળાકાર હિસ્સામાં પડયો. તે રસ પર ન પડયો. બચી ગયો. તેને થયું, 'જો મેં પરિગ્રહની વિરતિ કરી હોત તો, આવું કષ્ટ ન પામત.' તે સ્વયં સંયમ લઈ અનશન કરવા તૈયાર થયો. ત્યાં જિનશેખરે કહ્યું, ''ભદ્ર! ઉતાવળ ન કર. અહીં એક ચંદનઘો રસ પીવા ક્યારેક આવે છે. તે રસ પીને પાછી જાય ત્યારે એની પૂંછડી મજબૂત રીતે પકડી લેજે. તું બહાર નીકળીશ. મારા પ્રાણ જવાની વેળા થઈ ગઈ છે તેથી મને આરાધના કરાવ.''

સુલસે અંત સમયની આરાધના કરાવી. જિનશેખર શ્રાવક અનશન કરી આઠમા દેવલોકે ગયો. એટલામાં ચંદનઘો આવી. સુલસે તેની પૂંછડીને દઢતાથી પકડી લીધી. તે કૂવામાંથી મહામુશીબતે બહાર આવ્યો. ત્યાં એક મદોન્મત્ત હાથીએ પકડી તેને આકાશમાં ઉછાળ્યો. તેણે નીચે પડતાં ઝડપથી વૃક્ષની ડાળીને પકડી લીધી. ત્યાં એક સિંહે આવી હાથીને માર્યો. હાથીનું ભક્ષણ કરવા વાઘ આવ્યો. સિંહ અને વાઘનું પરસ્પર યુદ્ધ થયું. રાત્રિના સમયે સુલસે વૃક્ષની શાખામાં પ્રકાશ જોયો. તે પક્ષીના માળામાં ગયો ત્યાં એક શ્રેષ્ઠ મણિ અને સાપનાં હાડકાં જોયાં. તે મણિ વિષહરણ રત્ન હતું. તે લઈ સુલસ વૃક્ષ પરથી નીચે ઉતર્યો.

તેણે જંગલ પાર કર્યું. પર્વત ઉપર અગ્નિનો પ્રકાશ જોયો. તે ત્યાં ગયો. ત્યાં ધાતુજ્ઞ પુરુષો સાથે

રહ્યો. તેમણે રત્ન લઈ લીધું. તે નિરાશ થઈ આપઘાત કરવા સ્મશાનમાં ગયો. તેણે ભૂતોને પોતાનું માંસ ખાવાનું આહ્વાન આપ્યું. તે જમીન ઉપર લેટી ગયો. ત્યાં જિનશેખર દેવ તેની મદદે આવ્યો. ભૂતો ભાગી ગયા. દેવે કહ્યું, ''સુલસ શ્રાવક! જિનશાસનમાં નિપુણ થઈ ધર્મ વિરુદ્ધ આચરણ કેમ કરો છો? હું તમારો મિત્ર જિનશેખર છું. તમે અંતિમ સમયે મને નીર્યામણા કરાવી હતી. એના પ્રભાવે હું આઠમા દેવલોકનો દેવ થયો છું.'' આ સાંભળી સુલસે કહ્યું, ''મારું અંતરાય કર્મ ક્ષીણ થયું હોય તો હું સંયમ લેવા ઈચ્છું છું.'' દેવે કહ્યું, ''ભદ્ર! પૂર્વે દેવ દ્રવ્યનો વિનાશ કર્યો હતો, તે કર્મ ઉદયમાં આવ્યું છે. તે કર્મ સમગ્રતયા ક્ષીણ થયું નથી. હજી તું દીક્ષાને લાયક નથી.''

દેવે તેને બહુમૂલ્ય સુવર્ણ, વસ્ત્રાદિ ઘણું ધન આપ્યું. સુલસને નગરમાં પહોંચાડયો. સુલસની કુલિન પત્ની સુભદ્રાને ખબર પડતાં તે ઘરે પાછી આવી. ગણિકાપુત્રી કામપતાકા સ્ત્રી બનીને તેના ઘરે રહી. સુલસે પરિગ્રહનું પરિમાણ કર્યું. બાકીનું ધન સાત ક્ષેત્રમાં વાપર્યું. આ ઉપરાંત પૌષધશાળા અને સાધારણ ફંડમાં ઘણું ધન આપ્યું.

થોડા સમયમાં પુનઃ તે નિર્ધન થયો. ત્યાં મિત્રદેવે તેને શોકાતુર જાણી કુબેરની જેમ સુવર્ણની વૃષ્ટિ કરી પરંતુ સુલસે વ્રતભંગ ન થાય તે હેતુથી જરૂરિયાત પૂરતું જ રાખ્યું. બાકીનું ધન ધર્મમાં વાપર્યું.

એકવાર સુલસે દેહચિંતા માટે જતાં ચરૂ જોયો. તેણે લીધો નહીં. રાજાને ખબર પડતાં તેનાં નિર્લોભીપણાથી ખુશ થઈ તેને ખજાનચી બનાવ્યો.

એકવાર નગરમાં **અમરચંદ્ર** નામના આચાર્ય પધાર્યા. સુલસ પરિવાર સાથે તેમને વંદન કરવા ગયો. આચાર્યનો ધર્મોપદેશ સાંભળીને **સુલસે** પ્રશ્ન કર્યો કે, ''હે પ્રભુ! ઘણાં કષ્ટે આ સંપત્તિ પ્રાપ્ત કરી તેનું શું કારણ?'' ત્યારે ચાર જ્ઞાનના ધારક મુનિવરે જ્ઞાનનો ઉપયોગ મૂકી ઉત્તર આપ્યો કે, ''તારે ત્યાં જે સંપદા આવીને ચાલી જતી હતી તેનું કારણ સાંભળ.

પૂર્વભવમાં **તામ્રાકર** નામના ગામમાં **તારાચંદ્ર** નામનો કણબી રહેતો હતો. તે દાન ધર્મમાં શ્રદ્ધાવાન હતો. શ્રાવક ધર્મનું સુંદર રીતે પાલન કરતાં પ્રતિદિન દાન આપતો હતો પરંતુ એક દિવસ અશુભ કર્મના યોગથી તેના મનમાં એમ થયું કે, 'મેં ઘણું દાન આપ્યું પણ તેનું ફળ દેખાતું નથી તેથી હવે દાન આપવું નહીં. વળી, દાન આપવા છતાં, મારી ગુણ-કીર્તિ વગેરે કોઈ ગાતું નથી. હવે જે મારી પ્રશંસા કરશે તેને જ દાન આપીશ. સાધુને દાન આપવાથી શું વળે? તેઓ કદી મારી પ્રશંસા કરતાં જ નથી.' આમ તારાચંદ્રએ અવિવેકના કારણે દઢ અંતરાય કર્મ બાંધ્યું.

પુનઃ કોઈ એકવાર મુનિને જોઈ તેને દાન આપવાની ઈચ્છા થઈ. તેં દાન આપ્યું ખરું પણ આ રીતે વચ્ચે વચ્ચે કુવિચારો અને ઠાગાઠૈયા કરી કઠિન અંતરાય કર્મ બાંધ્યું. અંતે સમાધિપૂર્વક મરીને તું **સૌધર્મ** દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને તું શ્રેષ્ઠી પુત્ર સુલસ થયો. જેવા પ્રકારે દાન આપ્યું તેવા પ્રકારે ઋદ્ધિ તું પામ્યો, માટે હંમેશાં મનની શુદ્ધિપૂર્વક વિવેકથી દાન આપવું.''

**થાવર ચંડાળ - સ્થાવર માતંગ** : (સુપાર્શ્વનાથ ચરિત્ર)

**સંગ્રામસુર** રાજાને ત્યાં બે દેવ, જેઓ પુત્ર અને પુત્રી રૂપે અવતરવાનાં છે. તેવું સાંભળી રાજાએ કહ્યું, ''તમે કેવા પ્રકારની આરાધનાથી દેવભવ પામ્યા છો?''

ત્યારે એક દેવે કહ્યું, ''**કનકકૂટ** નગરના **જિનચંદ્ર** શેઠની **શીલમતી** શેઠાણીની કુક્ષિએ હું પુત્રરૂપે ઉત્પન્ન થયેલો. યોગ્ય વય થતાં મને કારભાર સોંપી પિતાએ દીક્ષા લીધી અને તેઓ જિનભક્તિ કરતાં કાળધર્મ પામ્યા. સમય જતાં માતા સુંદર ભોજન જમાડતી હતી પરંતુ રોજ કહેતી કે, 'વાસી ભોજન જમવાથી તું દુઃખી થઈશ.' મેં કહ્યું કે, 'માતા તું મને રોજ તાજું જમાડે છે, છતાં વાસી ભોજન છે એવું કેમ કહે છે ?' માતાએ કહ્યું, 'હે પુત્ર ! તું ઉદ્યાનમાં પધારેલા **સમયસાગર સૂરિ** પાસે વંદન કરવા જા. તે તને તેનો મર્મ જણાવશે.' હું સૂરિજી પાસે ગયો. ત્યારે સૂરિજીએ કહ્યું, 'તું જે પૂછવા માંગે છે તેનો ઉત્તર **ચેટક** દેવ જેને સિદ્ધ થયેલાં છે, તેવો **સ્થાવર** નામે ચંડાળ તને આપશે.'

તેમના કહેવાથી હું **શુભંકર** નગરમાં ગયો. ત્યાં એક વિચિત્ર અંગવાળા, વૃદ્ધ **ધનસાર** શેઠ બજારમાં પોતાની દુકાને કરિયાણાનો વેપાર કરતાં હતાં. ગ્રાહકો પાસે વધુ પૈસા લઈ, ખરાબ વચનો બોલી ઝઘડો-કંકાસ કરતા, મજૂરની જેમ દુકાનમાં નોકરોને ખૂબ કામ કરાવતા. લોકો તેમને '**કૃપણ પિતામહ**' કહેતા. તેમની પાસે જઈને મેં પૂછ્યું કે, 'શ્રદ્ધાળુ ! સ્થાવર ચંડાળ અહીં રહે છે ?' બીજી-ત્રીજીવાર પ્રશ્ન પૂછવા પર એમણે કહ્યું, ''હા, અહીં રહે છે. તેના દ્વાર આગળ ઘંટી પડેલી છે. નગરમાં તેનું ઘર પ્રસિદ્ધ છે.' એમ સાંભળી હું ઘંટીની નિશાની યાદ રાખી સ્થાવર ચંડાળના ઘરે જઈ તેને મળ્યો. વાસી ભોજનનાં પ્રશ્ન નિવારણ માટે સમયસાગર સૂરિજીએ મને અહીં મોકલ્યો છે. એવી વિગત જાણી સ્થાવરે કહ્યું, ''ઠીક છે, હું બધું કહીશ પણ આપ મારાં સાધર્મિક છો તેથી મને ભોજનનો લાભ આપો.'' મેં કહ્યું, ''હું જ્ઞાતિએ વણિક અને તમે ચંડાળ. જો કે જૈન ધર્મથી આપણે બન્ને એક છીએ પણ તમારે ત્યાં મારાથી ભોજનાદિ કેમ કરાય ?'' મેં તેમને બહુ સમજાવ્યા તો પણ અતિ આગ્રહ કરી સાધર્મિક વાત્સલ્યનાં પુણ્ય માટે તે ચંડાળને ત્યાં ભોજનની વ્યવસ્થા કરાવાઈ અને મને કહ્યું, ''ભોજન કરીને આવો પછી તમારા પ્રશ્નોનો ઉત્તર જરૂર આપીશ.'' મેં શેઠને કહ્યું કે, ''ફક્ત ચોખા રંધાવો. હું જમી લઈશ.'' શેઠે શેઠાણીને વાત કરી. શેઠાણીએ મને જોયો અને કહ્યું, 'આ તો મારા કાકાનો દીકરો છે. તું મારા ઘરે ચાલ.' ત્યારે મેં કહ્યું કે, ''બેન ! અમુક કારણથી હું અહીં આવ્યો છું તેથી ચંડાળે આપેલ ભોજન મારે કરવું પડશે. તેમણે જે સીધુ (અનાજ) આપ્યું છે તેની રસોઈ કરી દો. મારે માતંગનાં ઘરે જવું છે.''

હું જમીને ત્યાં ગયો. ત્યાં લોકો રુદન કરતાં હતાં. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે, 'માતંગ મૃત્યુ પામ્યો છે.' પછી ધનસારના પત્ની, જે મારાં બેન થાય તેમના આગ્રહથી હું ત્યાં રોકાયો. શેઠાણીએ શેઠને કહ્યું કે, 'આ મારા ભાઈ માટે ચોખા, ઘી વગેરેથી સુંદર વસ્તુ બનાવવી છે, તો બજારમાંથી વસ્તુ લઈ આવો.' શેઠ બોલ્યા, 'મેં પરસેવો પાડીને તો બધું ભેગું કર્યું છે. હું જ વાલ, તેલ ખાઉં છું. શું તારો ભાઈ ઘેર રોજ પકવાન ખાતો હશે ?' શેઠાણીએ બીજાના ઘરેથી વસ્તુ લાવીને રસોઈ બનાવી ભાઈને જમાડયો. શેઠે પૂછ્યું કે, 'વાલ રાંધ્યા ?' ત્યારે શેઠાણીએ કહ્યું કે, 'આજ તો ઘેબર વગેરે મિષ્ટાન બનાવ્યાં છે. આ સાંભળી કૃપણ શેઠ અકળાઈ ગયાં. દુર્વચન બોલતાં અતિશય ક્રોધથી તેમનું હૃદય બેસી ગયું. શેઠાણીએ બે થાળમાં રસોઈ પીરસી ભાઈ સાથે જમી લીધું. શેઠાણીએ વિચાર્યું, 'અપુત્રીયાનું ધન રાજા લઈ જશે.' તેથી તેણી બોલી, 'ભાઈ ! આ મારો પતિ બહુ કંજૂસ હતો. હાલમાં તે ચાર કરોડનો અધિપતિ છે. હવે શું કરશું ?' મેં કહ્યું, 'ખાડો ખોદી તેમાં શેઠને દાટી દઈએ.' શેઠાણીએ શેઠને ખાડામાં દાટયાં. પછી વારસદારની પ્રાપ્તિ માટે બન્નેએ સંસારિક સુખો ભોગવી

પોતાનું કાર્ય સિદ્ધ કર્યું. શેઠાણીને ગર્ભ રહેવાથી તેણે યોગ્ય સમયે શ્રેષ્ઠ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. જન્મતાં જ બાળક ''મામા, મામા જલ્દી અહીં આવો'' એમ બોલવા લાગ્યો. તે જોઈ પાડોશણ વિસ્મય પામી. તે દોડતી મને બોલાવવા આવી. હું ત્યાં ગયો. ત્યાં બાળક બોલ્યો, ''મામા ! દક્ષિણ દિશામાં સ્થાવર માતંગને ત્યાં ઘંટીની પાસે તેની સ્ત્રીને આજે પુત્ર જન્મ્યો છે. માતંગીને ઘણાં પુત્રો છે તેથી તેણી પુત્રને મારી નાંખશે. તમે જલ્દી ત્યાં જાઓ અને પાંચ સોનામહોર આપી તેને બચાવો. વળી, કહેજો કે ઘી, ગોળ વગેરે લાવીને નિર્વાહ કરજે પણ બાળકને મારીશ નહીં.'

આ પ્રમાણે સંવેદનશીલ બની માતંગીને ત્યાં જઈ પૈસા, અનાજ વગેરેની વ્યવસ્થા કરી બાંહેધરી સાથે પાછો હું શેઠાણીને ત્યાં આવ્યો. એટલે તે બાળક બોલ્યો, ''મામા ! મને ઓળખ્યો કે નહીં ? સમયસાગર સૂરિએ વાસી ભોજનનો વૃત્તાંત પૂછવા જેની પાસે તમને મોકલ્યો હતો તે હું માતંગ છું. જ્યારે તમે મારી પાસે આવ્યા ત્યારે તમને સાધર્મિક જાણી ભોજન દાન આપ્યું. કોલેરા થવાથી જીવાદોરી ટૂંકાતાં મારું મૃત્યુ થયું. હું અહીં ઉત્પન્ન થયો છું. વળી, જેને તમે દ્રવ્ય આપીને મૃત્યુના મુખમાંથી બચાવ્યો હતો તે ધનસાર શ્રેષ્ઠીનો જીવ મરીને માંતગીને ત્યાં જન્મ્યો છે, કેમકે શેઠે નવીન પુણ્ય ઉપાર્જન કર્યું ન હતું તેથી આવી સ્થિતિ નિર્માણ થઈ. હે મામા ! તમને ધર્મ કાર્યમાં પ્રમાદી જોઈ તમારી માતાએ ઉપદેશ આપ્યો કે, પુત્ર ! વાસી ભોજન કરવાથી તું દુઃખી થઈશ. તેમજ સૂરિએ પણ ધનસારની પ્રતીતિથી બોધ થશે એમ જાણી તમને અહીં મોકલ્યા છે. હે મામા ! જેમ ધનસાર શ્રેષ્ઠી વાસી પુણ્ય ભોગવવાથી દુઃખી થયો, તેમ તમે પણ ધર્માદિમાં પ્રમાદી થઇ વાસી પુણ્ય ભોગવશો અને નવું પુણ્ય નિર્માણ નહીં કરો તો દુઃખી થશો.''

આ પ્રમાણે 'નવજાત શિશુ બોલ્યો પરંતુ શું તાજું જન્મેલું બાળક બોલે ખરું ? હું કોઈ જ્ઞાની મહાત્માને પૂછીશ' આવું વિચારતો હતો ત્યાં **સમયસાગર સૂરિજી** પધાર્યા છે. એવું લોક મુખેથી સાંભળ્યું. હું તરત તેમની પાસે ગયો. તેમને વંદન કરી વાચાળ બાળકનો વૃત્તાંત પૂછ્યો. સૂરિજીએ કહ્યું, 'તારા ભાણેજે જે વાત કરી છે તે સત્ય છે.' શ્રેષ્ઠી પુત્રે પૂછ્યું કે, 'તે માતંગે એવું કયું પુણ્ય ઉપાર્જન કર્યું કે તે મરીને ચાર કરોડ ધનનો માલિક થયો ?' ત્યારે સૂરિજીએ કહ્યું, 'તું જ્યારે તેની પાસે ગયો ત્યારે તે માતંગે ચાર રૂપિયા ખર્ચીને શુદ્ધ ભાવથી સાધર્મિક ભક્તિથી પ્રેરાઈ તને ભોજન આપ્યું તેથી તે ચાર કોટિ ધનનો અધિપતિ થયો.' આવું સાંભળી વૈરાગ્ય ભાવ ઉત્પન્ન થતાં શ્રેષ્ઠી પુત્રે દીક્ષા લીધી. અંતિમ સમયે અનશન કરી **સૌધર્મ દેવલોક**માં દેવ થયાં.

કરવત મૂકવા પહેલાં સુથાર બે વાર માપીને પછી લાકડું વહેરે છે, બોલવા અંગેનો સોનેરી નિયમ પણ એ જ છે. વૈભવ ગમે તેટલો મહાન હોય પરંતુ ત્યાગથી વધુ મહાન નથી. વૈભવ ત્યારે જ મહાન બને જ્યારે માનવતા માટે તેનો ત્યાગ થઈ શકે.

**દંડવીર્ય** : (ઉપદેશ સપ્તતિકા, ભા.૧)

**અયોધ્યા** નગરીમાં **શ્રી ઋષભદેવ પ્રભુ**ના વંશમાં અનુક્રમે **ભરત ચક્રવર્તી**ના પુત્ર **શ્રી સૂર્યયશે** પણ પિતાની જેમ સંઘની ભક્તિ કરી. **ઉર્વશી** નામની દેવાંગનાએ પરીક્ષા કરી ચલાયમાન કરવાનો પ્રયત્ન કર્યો પરંતુ તેઓ અડગ રહ્યા. તેમને અરિસાભવનમાં કેવળજ્ઞાન થયું. ત્યારપછી તેમનો પુત્ર **મહાયશ, અતિબલ, બલભદ્ર, બલવીર્ય, કૃતવીર્ય, જલવીર્ય** થયો. આ જલવીર્ય રાજાનો પુત્ર **દંડવીર્ય** થયો. તેણે ત્રણ ખંડ પર વિજય

મેળવ્યો. એકવાર કોઈ ધર્માચાર્ય પાસેથી દંડવીર્ય રાજાએ ધર્મ શ્રવણ કર્યો. ''ધર્મ એ સર્વોત્કૃષ્ટ મંગલ છે, સર્વ દુ:ખોનું અતુલ્ય ઔષધ છે, ધર્મ એ મોટું બળ છે.'' આવી દેશના સાંભળી દંડવીર્ય રાજાએ નિયમ કર્યો કે, 'હંમેશાં સાધર્મિક ભક્તિ કર્યા પછી જ ભોજન કરવું.' આ પ્રતિજ્ઞા પ્રાણના ભોગે જીવનભર અખંડપણે નિભાવી.

ભરત ચક્રવર્તીના મોક્ષાગમન પછી છ ક્રોડ પૂર્વ વર્ષ પસાર થયા ત્યારે એક વખત તેમની પરીક્ષા કરવા માટે **ઈન્દ્ર મહારાજા**એ પોતાની લબ્ધિથી કરોડો શ્રાવકો વિકુર્વ્યાં. રાજા જમવા બેઠાં ત્યારે સેવકે આવીને કહ્યું, ''નગરની બહાર યાત્રિકોનો મોટો સંઘ આવ્યો છે.'' રાજા તરત જ ભાણા પરથી ઉભા થઈ ગયા. સંઘને નિમંત્રણ આપી તેમને જમાડયાં. ત્યાં બીજો સંઘ આવ્યો. તેમને જમાડી રાજા જમવા ઈચ્છતા હતા ત્યાં ત્રીજો સંઘ આવ્યો. કરોડો શ્રાવકોની મેદની ભોજન કરવા આવી, છતાં દંડવીર્ય રાજાના મુખની રેખા ન બદલાણી કે મનોગત ભાવોમાં અંશમાત્ર ઘટાડો ન થયો. રાજાએ ભક્તિભાવથી પ્રીતિપૂર્વક બધાંને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી જમાડયાં.

રાત્રિભોજનના ત્યાગી દંડવીર્યએ તે દિવસે સાધર્મિક ભક્તિ કરતાં સૂર્યાસ્ત થતાં ઉપવાસ કર્યો. બીજે દિવસે પણ પુન: એવું જ થયું, છતાં રાજાએ અંશમાત્ર ખેદ કર્યો નહીં. તેમની ધીરજ ખૂટી નહીં. આમ, સાધર્મિક ભક્તિ કરતાં કરતાં રાજાનાં આઠ ઉપવાસ થયાં. દંડવીર્ય રાજા લગાતાર ઉલ્લાસ ભાવે સાધર્મિકોની ભક્તિ કરતાં રહ્યાં. તેમના પરિણામોમાં અંશ માત્ર ઓટ ન આવી. ત્યારે ઈન્દ્ર મહારાજાએ પ્રસન્ન થઈ માયા સંકેલી પ્રત્યક્ષ દર્શન આપ્યાં. વળી, દંડવીર્ય રાજાને ખુશ થઈ દિવ્ય ધનુષ, દિવ્ય રથ, દિવ્ય હાર અને દિવ્ય કુંડળની જોડ વરદાન રૂપે આપ્યાં.

દંડવીર્ય રાજાએ અનેક સુકૃત્ય કર્યા. અંતે પુત્રને રાજ્ય સોંપી, સંયમ ગ્રહણ કરી, આચાર્ય પદવી પ્રાપ્ત કરી કેવળજ્ઞાની બની મોક્ષે ગયાં.

એકવાર **સિંહ સેનાપતિ**એ **તથાગત બુદ્ધ**ને પૂછયું, ''ભંતે ! દાનથી શું લાભ થાય ?'' તથાગત બુદ્ધે કહ્યું, ''દાનથી ચાર લાભ થાય છે. દાતા લોકપ્રિય બને છે, સત્પુરુષોનો સંસર્ગ થાય છે, (દંડવીર્યની જેમ) કીર્તિ પ્રાપ્ત થાય છે, પરલોકમાં સ્વર્ગ મળે છે અને ત્યાં પણ દાનના પ્રભાવે ઋદ્ધિ અને વૈભવ મળે છે.

**દાડમિયા શેઠ** : (જૈન કથાયેં - ૫૪, પૃ. ૮૬)

આકાશ કાળાં વાદળોથી છવાઈ ગયું હતું. બે મુનિઓ ચાતુર્માસ કરવા **વસંતપુર** તરફ જઈ રહ્યાં હતાં. વસંતપુર હજી ચાર યોજન દૂર હતું. તેઓ રાત્રિ વિશ્રામ માટે એક ગામમાં પહોંચ્યાં. આદિવાસીની ઝૂંપડીમાં રાતવાસો રહ્યાં. રાત્રિના સમયે ભયંકર વરસાદ થયો. ચારે બાજુ પાણી ભરાઈ ગયાં. વરસાદ બંધ થવાનું નામ લેતો જ ન હતો. સાત દિવસો વ્યતીત થયાં. અષાઢી પૂનમ આવી ગઈ. શ્રાવણ વદ પ્રતિપદાના દિવસે વરસાદ બંધ થયો. મુનિઓએ પૂછયું, ''શું અહીં કોઈ શાકાહારીનું ઘર છે ?'' આદિવાસીઓએ કહ્યું, ''અહીં એક શ્રેષ્ઠી છે, જે ખેતી કરી ગુજરાન ચલાવે છે. આ સિવાય આ ગામની નજીકમાં કોઈ પણ ગામ નથી કે જ્યાં શાકાહારી લોકો હોય.''

આદિવાસીએ **ગુણપાલ શેઠ**ને ત્યાં સંદેશો મોકલાવ્યો કે, ''જૈન મુનિઓ આવ્યા છે. તેમને સવલત માટે મારી બનાવેલી નવી ઝૂંપડીમાં ઉતારો આપ્યો છે. આ ઝૂંપડી ખાલી પડી છે. તેમણે સાત દિવસથી ભોજન-

પાણી કર્યાં નથી. મેં તેમને નિવેદન કર્યું કે, સીધુ-સામાન લઈ જઈ પોતાના હાથે ભોજન બનાવી શકો છો પરંતુ તેમણે કહ્યું કે, અમે અમારા હાથે ભોજન બનાવતાં નથી. અગ્નિ, અનાજ કે શાકભાજીને સ્પર્શ કરતાં નથી. કૂવાનું સચેત પાણી ઉપયોગમાં લેતાં નથી. અમે શાકાહારી છીએ. તમારા પોતાના માટે બનાવેલા ભોજનમાંથી થોડું ગ્રહણ કરીએ છીએ.''

ગુણપાલ શેઠે કથન સાંભળી કહ્યું, ''અરે ! એ તો મારા ગુરુ હોવા જોઈએ.'' શેઠ પોતાના પરિવાર સાથે મુનિનાં દર્શન કરવા આવ્યાં. તેમને વંદન કરી કહ્યું, ''ગુરુદેવ ! મારા ધન્ય ભાગ્ય કે આપના દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. કૃપા કરી મારા ઘરે પધારો. આહાર તૈયાર છે. મારા સ્નાન માટે ગરમ પાણી કરેલું છે તેથી તમને નિર્દોષ ગરમ પાણી મળશે. આપ કૃપા કરી મને લાભ આપો.'' મુનિએ કહ્યું, ''વસંતપુર તરફ જતાં હતાં પરંતુ માર્ગ ભૂલ્યા તેથી અહીં આવ્યા. લગાતાર વર્ષાના કારણે ચાતુર્માસ પ્રારંભ થઈ જતાં ચાર મહિના અહીં જ રોકાવું પડશે. તમને જિનધર્મ શ્રવણ કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત થશે.''

**ધર્મઘોષ મુનિ** શિષ્ય પરિવારની સાથે ગુણપાલ શેઠને ત્યાં આવ્યા. શેઠાણી પણ સંસ્કારી હતાં. આર્થિક સ્થિતિ સામાન્ય હતી. શેઠ-શેઠાણીએ પોતાના માટે બનાવેલો આહાર આગ્રહ કરીને મુનિને વહોરાવ્યો અને એ દિવસે બન્નેએ ઉપવાસના પ્રત્યાખ્યાન કર્યા. ધર્મઘોષમુનિ ક્યારેક દશ દિવસ, ક્યારેક પંદર દિવસના ઉપવાસ પછી ભિક્ષા માટે પધારતા ત્યારે અત્યંત ઉદારતાપૂર્વક તેમને આહાર વહોરાવી શેઠ-શેઠાણી ઉપવાસના પ્રત્યાખ્યાન કરતા. આમ, મુનિઓનું પ્રવચન સાંભળી, તેમની સેવા-ભક્તિ કરતાં ચાતુર્માસ પ્રસ્થાનનો દિવસ આવ્યો. શેઠ-શેઠાણીએ નિયમો ગ્રહણ કર્યા. મુનિઓને વિદાય આપી સ્વસ્થાને આવ્યાં.

મુનિ વસંતપુરમાં કરોડપતિ શેઠને ત્યાં પહોંચ્યા. શેઠે મુનિઓનું અભિવાદન કર્યું. ઉત્કૃષ્ટ ભાવના સાથે આહારદાન આપ્યું. શિષ્યએ ગુરુદેવને કહ્યું, ''ગુરુદેવ ! શ્રેષ્ઠીની વહોરાવવાની ભાવના ઉત્કૃષ્ટ છે. એવી ભાવના મેં અન્ય વ્યક્તિઓમાં જોઈ નથી.'' ધર્મઘોષ મુનિએ કહ્યું, ''જેવી તેમની (ગુણપાલ શેઠની) ઉત્કૃષ્ટ ભાવના હતી, તેવી નથી.'' આ શબ્દો કરોડપતિ શેઠના કાનમાં પડયા. શેઠને વિશ્વસનિયતા સામે જિજ્ઞાસા જાગી, ''તે કોણ હશે ?'' શેઠ સાંજે ગુરુદેવ પાસે ગયા. પોતાની જિજ્ઞાસા ગુરુ સમક્ષ પ્રગટ કરી. ગુરુદેવે કહ્યું, ''શ્રેષ્ઠીવર્ય ! તમારે ત્યાં કોઈ વાતની ઉણપ નથી. તમને તમારા વિપુલ આહારમાંથી અમને આપતાં અંતર પડશે નહીં પરંતુ જેમની સ્થિતિ નાજુક હોય અને તે સર્વસ્વ સમર્પિત કરી દે તો તેમની બલિહારી છે. અમે અહીં ચાતુર્માસ માટે આવી રહ્યાં હતાં ત્યારે લગાતાર સાત દિવસ વરસાદ પડયો તેથી એક ગામમાં રોકાવવું પડયું. તે ગામમાં એક શ્રાવક દંપતી રહે છે, જેની આર્થિક સ્થિતિ સામાન્ય છે. અમે તેના ઘરે ભિક્ષા માટે જતાં ત્યારે પોતાના માટે બનાવેલું સર્વ ભોજન અમને આગ્રહ કરીને વહોરાવી સ્વયં ઉપવાસ કરતા હતા. આ ક્રમ એક દિવસ નહીં ચાર-ચાર માસ સુધી ચાલ્યો. આ મહાદાની શ્રાવકની ઉત્કૃષ્ટ ભાવનામાં અંશ માત્ર ફરક ન પડયો. તેમની ભાવના નિરંતર વર્ધમાન રહી. તેમણે ભવ્ય આદર્શ ઉપસ્થિત કર્યો છે.''

શ્રેષ્ઠી અને ગુરુવર્ય વચ્ચે વાર્તાલાપ ચાલતો હતો. ત્યારે કોઈક કામ માટે ગુણપાલ શેઠ વસંતપુર આવ્યા. ગુરુદેવના દર્શન કરવાની ભાવના થતાં ઉપાશ્રયમાં આવ્યા. મુનિને વંદન કર્યા. ગુરુદેવે કોટયાધીશ શેઠને કહ્યું, ''જે ભવ્યાત્માની આપણે વાત કરતા હતા તે આ જ શ્રાવક (શેઠ) છે.'' કોટયાધીશ શેઠે અતિ આગ્રહ કર્યો તેથી ગુણપાલ શેઠ તેમના ઘરે ગયા. પચાસ હજાર સુવર્ણમુદ્રા લેવાનો કોટયાધીશ શેઠે આગ્રહ કર્યો. ગુણપાલ શેઠે ઉમદા ભાવથી કહ્યું, ''આ સંપત્તિ હું ગ્રહણ ન કરી શકું. મારો નિયમ છે. વળી, બીજાની

સંપત્તિ લઈ વ્યાપાર કરવા ઈચ્છતો નથી. માત્ર આપની કૃપાદષ્ટિ મારા માટે બસ છે.'' શ્રેષ્ઠીની એકપણ વસ્તુ લેવા ગુણપાલ શેઠ તૈયાર ન થયા ત્યારે શ્રેષ્ઠીએ પૂછયું, ''આપને ત્યાં ખેતીમાં કઈ વસ્તુ વિશેષ પાકે છે ?'' ગુણપાલ શેઠે કહ્યું, ''મારા ખેતરમાં દાડમના અનેક વૃક્ષ છે. રસદાર અને મધુર દાડમ પાકે છે. આપને આવશ્યકતા હોય તો હું મોકલી આપું.'' કોટયાધીશ શેઠે કહ્યું, ''જેટલા દાડમ થાય તે મોકલી આપો. કારણકે મારે ત્યાંથી માલ લઈને ૫૦૦ જહાજ વિદેશ જવાના છે. આપના દાડમ વિદેશમાં મોકલીશ. તેને વેચી જે પૈસા મળશે તે તો તમે ગ્રહણ કરી શકશો ને ?''

ગુણપાલ શેઠે દાડમની ગુણો ભરી કોટયાધીશ શ્રેષ્ઠીને ત્યાં મોકલાવી. શ્રેષ્ઠીએ પોતાના મુખ્ય મુનીમને સૂચના આપતાં કહ્યું, ''આપણો માલ વેચાય અથવા ન વેચાય તેની મને ચિંતા નથી પરંતુ દાડમની ગુણો સંભાળીને રાખજો. એની જે કિંમત આવે તેને આ થેલીમાં જ બંધ કરી દેજો. તેની સારામાં સારી કિંમત આવે એવો પ્રયત્ન કરજો.''

જહાજો એક દ્વીપમાં પહોંચ્યા. મુનીમ દાડમ વેચવાનું ભૂલી ગયો. એ દ્વીપના અધિપતિ **સમરસિંહ** રાજાનો પુત્ર **ચતુરસિંહ** હતો. તેને દાહજ્વરનો ભયંકર વ્યાધિ વ્યાપ્યો હતો, જેનાથી તે કણસતો હતો. રાજાએ અનેક ઉપચાર કરાવ્યા પરંતુ કોઈ લાભ ન થયો. એક અનુભવી વૃદ્ધ વૈદ્ય રાજપ્રાસાદમાં આવ્યો. તેણે કહ્યું, ''આ રોગનો અકસીર ઈલાજ મારી પાસે છે પરંતુ તે દવા દાડમના રસમાં લેવાની છે. આ રાજ્યમાં દાડમનાં વૃક્ષ નથી.'' પ્રધાનમંત્રીએ કહ્યું, ''રાજન્! આજે બંદર પર ૫૦૦ જહાજો આવ્યાં છે.'' રાજાએ કહ્યું, ''પ્રધાનમંત્રી ! અનુચર દ્વારા સંદેશો મોકલાવો. ગમે તેટલા પૈસા આપીને પણ દાડમ મંગાવો.'' પ્રધાનમંત્રી બંદર પર આવ્યા. દાડમની માંગણી કરી. મુનીમને યાદ આવ્યું. પ્રધાનમંત્રીને દાડમની ગુણો આપી. વેપારી પાસેથી દાડમના રસમાં દવા ભેળવીને આપતાં રાજકુમાર પૂર્ણ નિરોગી થયો. રાજાએ ખુશ થઈ એક પેટી બહુમૂલ્ય રત્નો અને સુવર્ણમુદ્રાઓથી ભરેલી થેલી મુનીમને આપી. મુનીમે આ થેલી કોટયાધીશ શ્રેષ્ઠીને આપી. શ્રેષ્ઠીએ આ થેલી વિશ્વાસુ સેવક દ્વારા ગુણપાલ શેઠને ત્યાં પ્રેષિત કરી. ગુણપાલ શેઠે જોયું તો આ થેલીમાં એક ચમકતી પેટી હતી, જેમાં બહુમૂલ્ય રત્નો તથા સુવર્ણમુદ્રાઓ હતી. ગુણપાલ શેઠે આ સંપત્તિ કોટયાધીશ શેઠને પરત કરી સમાચાર મોકલ્યા કે, 'દાડમના બહાને મને પુષ્કળ સંપત્તિ મોકલી છે પરંતુ તે સંપત્તિ લેતાં મારું વ્રત ભંગ થશે માટે હું તેનો અસ્વીકાર કરું છું.' કોટયાધીશ શ્રેષ્ઠીએ ગુણપાલ શેઠને બોલાવી વાસ્તવિક્તા સમજાવી. મુનીમે પણ કહ્યું કે, ''યુવરાજનું સ્વાસ્થ્ય ઠીક થવાથી તે દ્વીપના રાજાએ દાડમના બદલે આ સંપત્તિ આપી છે.''

ગુણપાલ શેઠને જ્યારે વિશ્વાસ બેઠો ત્યારે જ સંપત્તિ ગ્રહણ કરી. દાડમ દ્વારા સંપત્તિ મળી તેથી તેઓ **'દાડમિયા શ્રેષ્ઠી'**ના નામથી પ્રસિદ્ધ થયાં. સુપાત્રદાનના કારણે ગુણપાલ શેઠ અપાર સંપત્તિ પામી દાડમિયા શ્રેષ્ઠી બન્યા.

સંક્ષેપમાં દાન કામધેનુ, કલ્પતરુ અને અમૃતફળ છે. જે વ્યક્તિ દાનનું સક્રિય આચરણ, સેવન અને સાક્ષાત્કાર કરે છે, તેને કોઈ પ્રકારનું અમંગળ થતું નથી. દાનથી તેની સર્વ પ્રકારની પૂર્તિ થાય છે.

**દ્વિપ્રહરક રામ બ્રાહ્મણ** : (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ - ૧, પૃ.૩૫૫)

**અવંતિ** નગરીમાં **હરિ** બ્રાહ્મણની **હરિસુંદરી** નામે પત્ની હતી. આ બ્રાહ્મણ નિર્ધન હોવાથી અતિ દુઃખી હતો. આખો દિવસ નગરમાં ભિક્ષા માટે ભટકતો ત્યારે જીવનનિર્વાહ પૂરતું સીધુ-સામાન પણ ન મળતું.

તેની સાત પુત્રીઓ હતી. અન્ન વિના આખો પરિવાર ભૂખથી ટળવળતો હતો. તેની સાત પુત્રી ઉપર એક પુત્રનો જન્મ થયો. પુત્રના ભાગ્યથી મધ્યાહ્નનાં સમયે ધનનો લાભ થતાં તે બાળકનું નામ **'દ્વિપ્રહરક રામ'** એવું રાખ્યું. અનુક્રમે તે બાળક યૌવન વય પામ્યો. તેણે ઘરની પરિસ્થિતિ જોઈ માતા-પિતાને કહ્યું, "હું ધન કમાવવા પરદેશ જઈશ." તેમના આશીર્વાદ લઈ તે પરદેશ જવા નીકળ્યો.

તેણે કોઈ વ્યક્તિને પૂછ્યું, "લક્ષ્મી ક્યાંથી પ્રાપ્ત થાય." તે મનુષ્યે કહ્યું, "**રોહણગિરિ**માં અને સમુદ્રમાં ઘણાં રત્નો છે પરંતુ ભાગ્યવાનને જ મળે છે." રામે સમુદ્રને કહ્યું, "હે જલનિધિ! તારા પેટાળમાં રત્નોની ખાણ છે તેથી મને થોડાં રત્નો આપ, અન્યથા હું આત્મહત્યા કરીશ." એમ કહી રામે સમુદ્ર કિનારે ઉપવાસ શરૂ કર્યા. ઘણાં ઉપવાસ થયાં ત્યારે સમુદ્ર દેવે પ્રગટ થઈ કહ્યું, "હું તારા પર પ્રસન્ન થયો છું. તું વરદાન માંગ." રામે રત્નોની માંગણી કરી. સમુદ્ર દેવે પાંચ રત્નો આપતાં કહ્યું, "તારી પાસે આ રત્નો કષ્ટપૂર્વક રહેશે કારણકે માર્ગમાં એક અટવી છે. ત્યાંથી બે માર્ગ પડે છે. ડાબા માર્ગે ભીલનો વાસ છે. તેઓ મુસાફરોને લૂંટી લે છે. જેવો મુસાફર વનમાં પ્રવેશે એટલે કાગડાઓ તેના માથે 'કા કા' કરી ભીલને ખબર પહોંચાડે છે." રામે સાથળ ચીરી રત્નો સંતાડયા.

મૂઢ રામ જમણા માર્ગે જવાને બદલે ભૂલથી ડાબા માર્ગે નીકળ્યો. ત્યારે તેના મસ્તક પર કાગડાઓએ કોલાહલ મચાવ્યો. રામને પોતાની ભૂલ સમજાણી. 'આખરે જે બનાવનું હોય તે બનીને જ રહે છે' એ પ્રમાણે રામ વિચારતો હતો ત્યાં ભીલે તેને પકડયો. તે તેને પલ્લીપતિ પાસે લઈ ગયો. પલ્લીપતિએ પૂછ્યું, "જમાઈ! તમે ક્યાંથી આવ્યા છો." રામે કહ્યું, "સમુદ્ર કિનારેથી આવું છું." પલ્લીપતિએ કહ્યું, "મારી કન્યા સાથે વિવાહ કરી સુખેથી રહો." પલ્લીપતિએ કપટભાવથી પોતાની પુત્રીના લગ્ન રામ સાથે કરાવ્યા.

હવે પલ્લીપતિ જમાઈની માલીશ કરવા લાગ્યો. ત્યારે રામ પાસે સાથળમાં રહેલા રત્નોની તેને જાણ થઈ. તેણે રત્નોની પ્રાપ્તિ માટે પુત્રીને સ્વાદિષ્ટ ભોજન બનાવવાનું કહ્યું. ભીલ કન્યાએ પોતાના પતિને જમાડતાં ભોજન સાથે મદિરા આપી. રામને થોડીક વારમાં ગાઢ નિદ્રા આવી ગઈ. તેને સુંદર પલંગમાં સુવડાવી હાથ-પગ બાંધી દીધા. અધમ પત્ની પતિની હત્યા કરવા ગળામાં ફાંસો આપવા ગઈ ત્યાં રામે મધુર સ્વરે પ્રેમથી કહ્યું, "પ્રિયા! હું તારો પતિ છું. તું શા માટે મને મૃત્યુદંડ આપે છે. પતિની હત્યા કરનાર સ્ત્રી નરકમાં જાય છે. તેં મારી સાથે વિવાહ કર્યા છે. હિતેચ્છુ પત્નીઓ કદી પતિને મારતી નથી." ત્યારપછી રામે પોતાની પત્નીને પ્રતિબોધ પમાડવા હરણી અને મૃગની કથા કહી. હવે ભીલ કન્યા પોતાના પતિ પ્રત્યે અનુરાગી બની.

રામ સૂઈ ગયો ત્યારે પુત્રીની માતાએ પૂછ્યું, "શું તેં પતિની હત્યા કરી?" પુત્રીએ કહ્યું, "માતા! તમારા જમાઈને ઊંઘ આવતી નથી, તો કઈ રીતે હત્યા થાય?" એકદા ચતુર ભીલ કન્યાએ વાર્તાલાપ કરતાં પતિના ગામ-ઠામ અને પિતા વગેરેની માહિતી મેળવી લીધી. પતિના મૃત્યુના ભયથી તેણીએ રત્નોની ગુણ ભરી રામને કહ્યું, "તમારા જીવને જોખમ છે તેથી મારા પિતા પાસે એક પવનવેગી ઊંટડી છે. તેના પર બેસી આપણે બન્ને અહીંથી દૂર ચાલ્યા જઈએ. પરદેશમાં રત્નો વડે આપણે સુખેથી રહેશું." રામ પત્ની સાથે ઊંટડી પર બેસી મોટી અટવીમાં આવ્યો ત્યારે બન્નેને તરસ લાગી. રામ પાણી લેવા વાવમાં પ્રવેશ્યો. ત્યારે વૃક્ષ પર રહેલો ચોર ઊંટડી પર બેસી ભીલ કન્યાને લઈ નાઠો. ચોરે રામની પત્નીનું અપહરણ કર્યું.

ભીલ કન્યાએ તેનો પરિચય પૂછયો ત્યારે ચોરે કહ્યું, "હું ચોર છું. જો તું મારી પત્ની બનીશ તો સુખી થઈશ." શીલવંતી નારીએ પોતાના શિયળની રક્ષા માટે બનાવટી વાત કરતાં કહ્યું, "મેં **ઉજ્જયિની**

નગરીમાં **કાલિકા** દેવી સમક્ષ માનતા માની છે કે, જો મને બીજો પતિ શ્રેષ્ઠ મળશે તો તારી પૂજા કરી પછી જ પતિ સાથે સંસાર માંડીશ તેથી મારે યક્ષ પૂજન કરવું પડશે.''

યક્ષ પૂજનના બહાને તે ઊંટડી પર બેસી ઉજ્જયિની નગરીમાં પહોંચી. ત્યાં લોકોને પૂછતી પૂછતી રામના પિતાનાં ઘરે ગઈ. સાસુ-સસરાના ચરણોમાં પડી સર્વ વૃત્તાંત કહ્યો. ત્યાર પછી રામની પત્ની છું એવો પરિચય આપ્યો. માતા-પિતાએ પુત્રની ક્ષેમકુશળતાના સમાચાર પૂછયા. ત્યારે તેણીએ કહ્યું, ''થોડા દિવસમાં તમારો પુત્ર રામ પરદેશથી કમાવીને આવશે ત્યારે તમને મળશે.''

સાસુ-સસરા વડે કાઢી મૂકાયેલો ચોર વનમાં જઈ યોગી બની **હેમપુર** નગરમાં કુંભારના ઘરે ગયો. યોગાનુયોગ રામ પણ રત્નો ચાલ્યાં જવાથી નિર્ધન થતાં યોગી બની એ જ કુંભારના ઘરમાં આવીને રહ્યો. બન્ને એકબીજાને મળી વૃત્તાંત પૂછવા લાગ્યા. બીજા યોગીએ કહ્યું, ''હું ભીલ કન્યા સાથે શ્રેષ્ઠ ઊંટડી પર બેસી અવંતિ નગરીમાં ગયો. બ્રાહ્મણ દંપતીએ બળજબરી અને છળથી રત્નની ગુણયુક્ત ઊંટડી પડાવી લીધી. હું નિર્ધન બન્યો તેથી લોકમાં હડધૂત થતો અહીં આવ્યો. હવે તારી આપવીતી કહે.'' રામે આખી ઘટનાપરથી જાણી લીધું કે પોતાની પત્ની આર્યસન્નારી છે અને આ યોગી ચોર છે એવું જાણી રામ ખુશ થયો. હવે રામે બનાવટી વાત કરતાં કહ્યું, ''હું **કુસુમપુર**નો વતની છું. અમે પાંચ ભાઈઓ છીએ. હું ભાઈઓ વડે તિરસ્કૃત પામેલો વૈરાગ્ય પામી યોગી થયો છું.'' ચોર યોગીએ રામની વાતને સાચી માની લીધી. બીજે સ્થાને જઈ રામે યોગીનો વેશ ત્યાગી દીધો. તેણે એક અમૂલ્ય મણિ વેંચી ત્રણ લાખ સોનામહોર મેળવી. તેમાંથી કરિયાણા આદિ વસ્તુઓ લઈ સાર્થપતિ બની વેપાર કરવા નીકળ્યો. તે ફરતાં ફરતાં ઉજ્જયિની નગરીમાં આવ્યો. લોકો તેની પાસે વસ્તુઓ ખરીદવા આવ્યાં. અહીં રામ માતા-પિતાને મળ્યો. પુત્રને જોઈ માતા-પિતા હર્ષિત થયા. પુત્રવધૂએ સાસુ-સસરા અને પતિની ખૂબ સેવા ભક્તિ કરી. હવે રામ નિત્ય બે પ્રહર સુધી યાચકોને ભોજન-વસ્ત્ર-ધનનું દાન કરવા લાગ્યો.

એકવાર શ્રી ગુરુ પાસેથી ધર્મદેશના સાંભળી રામે પૂછયું, ''મારા જીવનમાં તડકા-છાયા શાથી આવ્યા ?'' ગુરુએ કહ્યું, ''**કલ્યાણપુર**માં તું **ભીમ** નામે વણિક હતો. તું અત્યંત ગરીબ હતો. તું **રોહણગિરિ**માં રત્ન રાશિ મેળવવા ગયો. તેં જ્યાં જ્યાં ભૂમિ ખોદી ત્યાં ત્યાં પાપના ઉદયે પથ્થરના ટુકડા નીકળ્યા. તું પૃથ્વી ઉપર ઘણું ભમ્યો ત્યારે તને માંડ વીસ દ્રમ ઉપાર્જન થયાં. તેમાંથી ભાતા માટે સાથવો લીધો. બધા સાથવાને ભીનો કરી તેના દશ પીંડ બનાવ્યા. તે સમયે ભિક્ષા માટે બે સાધુ આવ્યા. તેં પાંચ પીંડ હર્ષથી આપ્યાં. બાકીનો સાથવો ખાઈ તું આગળ ગયો. ત્યાં કોઈકની પાસે ધન જોઈ તને તેની હત્યા કરવાનો વિચાર આવ્યો પરંતુ ક્ષણવારમાં આવા દુષ્ટ વિચાર માટે તને પસ્તાવો થયો. તેં ઘરે જઈ ફળોનો વ્યાપાર શરૂ કર્યો. આયુષ્ય પૂર્ણ થતાં તું મૃત્યુ પામી રામ થયો. પૂર્વ ભવના સુપાત્ર દાનના પુણ્યથી તને પાંચ રત્નો હાથવગાં થયાં. તે પછી તને પત્ની સહિત રત્નોની ગુણ મળી. તને પૂર્વે જે દુષ્ટ વિચાર આવ્યો હતો અને મનુષ્યને મારવાની ઈચ્છા થઈ હતી તેથી તારી પત્ની તને મોતને ઘાટ ઉતારવા તૈયાર થઈ હતી. વળી, જે મનુષ્યને મારવાની ઈચ્છા થઈ હતી તે મનુષ્ય મૃત્યુ પામીને આ ભવમાં તારી પત્ની બની છે.''

ગુરુ મુખેથી કર્મોનો વિપાક સાંભળી રામ અને તેની પત્નીએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. તેમણે જીવનમાં સંઘપૂજન, સ્વામીવાત્સલ્ય, તીર્થયાત્રા જેવા અનેક સુકૃત્યોની હારમાળા સર્જી. પત્ની સહિત તે ભવ ભ્રમણના ચક્રમાંથી મુક્ત થઈ શિવપુરીમાં ઠરીઠામ થયો.

સંત વિનોબાએ કહ્યું છે - દાનનો અર્થ ફેંકવું નહીં પરંતુ વાવવું છે. રામે થોડું દાન આપી મહાફળ પ્રાપ્ત કર્યું. આ દાનની ખાસિયત છે.

**દેવકી** : (શ્રી અંતગડદશાંગ સૂત્ર, વર્ગ - 3)

**ભગવાન અરિષ્ટનેમિ**ના છ અંતેવાસી અણગાર અને **શ્રી કૃષ્ણ**ના સહોદર ભાઈઓ દ્વારિકામાં પધાર્યા હતાં. તેઓ સમાન આકાર, વય અને રૂપવાળા નળકુબેર જેવા શોભતાં હતાં. તેમણે પ્રવ્રજિત થઈને તે જ દિવસથી પ્રભુની આજ્ઞા લઈ નિરંતર છઠ્ઠ તપનો યજ્ઞ માંડયો. છએ અણગાર છઠ્ઠના પારણાનાં દિવસે પ્રથમ પ્રહરમાં સ્વાધ્યાય, બીજા પ્રહરમાં ધ્યાન અને ત્રીજા પ્રહરમાં વસ્ત્ર-પાત્રનું પડિલેહણ કરી, પ્રભુની આજ્ઞા લઈ ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગોચરી માટે જતાં.

એકવાર ત્રણ સંઘાડામાંથી એક સંઘાડો **દ્વારકા નગરી**ના **રાજા વસુદેવ**ની **મહારાણી દેવકી**ના પ્રાસાદમાં પ્રવિષ્ટ થયો. દેવકી દેવી બે મુનિઓને પોતાને ત્યાં આવતાં જોઈ પ્રફુલ્લિત હૃદયે આસન પરથી ઉભાં થઈ, સાત-આઠ પગલાં મુનિ યુગલની સામે જઈ, એમને વંદન કરી રસોઈઘર તરફ લાવ્યા. ત્યાં સિંહકેસરિયા લાડવાનો થાળ ભરેલો હતો. મુનિઓને લાડવાથી પ્રતિલાભિત કરી, વંદન કરી વિદાય આપી.

પ્રથમ સંઘાડાના ગયા બાદ અનાયાસે બીજો સંઘાડો આવ્યો. તેમને પણ દેવકી દેવીએ પૂર્વવત્ મોદકથી પ્રતિલાભિત કરી વિદાય આપી. ત્યારપછી ત્રીજો સંઘાડો આવ્યો. દેવકીદેવીએ પ્રસન્ન ચિત્તે સિંહ કેસરિયા મોદકથી મુનિઓને ભક્તિભાવ અને વિધિપૂર્વક પ્રતિલાભ્યાં. મુનિ યુગલોને જોઈ તેમણે પોતાનો અહોભાગ્ય માન્યો. આહાર આપતા પૂર્વે, આહાર આપતા સમયે અને આહાર આપ્યા પછી પણ ઉત્તમ ભાવના હતી.

આ પ્રમાણે વિધિ, દેય ભોજન, દ્રવ્ય, દાતા અને પાત્ર એ ચારે શુદ્ધ હતાં પરંતુ એમના મનમાં એક સંશય થયો તેથી અંતિમ મુનિ યુગલને વિવેકપૂર્વક પૂછયું, ''દેવાનુપ્રિય ! **કૃષ્ણ વાસુદેવ**ની બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી એવી સ્વર્ગ સમાન દ્વારકા નગરીમાં શ્રમણ નિર્ગ્રંથોને ગોચરી હેતુ ફરતાં શું આહાર પાણી સુલભ નથી ? કે લોકોમાં ધર્મ ભાવનાની ઊણપ છે ? જેથી કરીને વારંવાર રાજભવનમાં ભિક્ષા માટે આવવું પડે છે ?'' મુનિરાજે કહ્યું, ''દેવાનુપ્રિય ! આપ કહો છો તેમ નથી. દ્વારકા નગરીમાં આહાર-પાણીનો તોટો નથી તેમજ એકને એક ઘરોમાં આહારાર્થે બીજી ત્રીજી વાર જવું પડે તેવું પણ નથી. દેવાનુપ્રિય ! વાસ્તવમાં અમે **ભદ્દિલપુર નગરી**ના **નાગ ગાથાપતિ**ના પુત્ર અને **સુલસાના** આત્મજ છ સદોહર ભાઈઓ છીએ. અમે છ ભાઈઓ રૂપે-રંગે એકસમાન છીએ. અરિહંત અરિષ્ટનેમિની દેશના સાંભળી ભાગવતી દીક્ષા ગ્રહણ કરી છે. જીવન પર્યંત છઠ્ઠ તપના પ્રત્યાખ્યાન કર્યા છે. આજે પારણું હોવાથી અમે બબ્બેના ત્રણ સંઘાડામાં દ્વારિકા નગરીમાં ગોચરી માટે ફરતાં ફરતાં અનાયાસ તમારા ઘરે આવ્યા હોય એવું લાગે છે. પ્રથમ બે સંઘાડાના જે મુનિઓ હતાં તે અમે નથી.'' આમ કહી શ્રમણો ચાલ્યાં ગયાં. દેવકી દેવીની શંકા દૂર થઈ. તેઓ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યાં કે, 'આજે મને રત્નત્રયધારી પંચમહાવ્રતધારી મુનિઓને આહારદાન આપવાનું લાભ મળ્યો.''

દેવકીદેવીને પૂર્વે કહેલી **અતિમુક્તક અણગાર**ની વાત યાદ આવી ગઈ. 'દેવકી ! તું સમાન રંગ-રૂપ-ત્વચા-આકૃતિવાળા નળકુબેર સમાન આઠ પુત્રોને જન્મ આપીશ. આખા ભરતક્ષેત્રમાં તારા જેવી બીજી

કોઈ માતા નહીં હોય. મુનિનું આ કથન મિથ્યા થયું લાગે છે કારણકે આ ભરતક્ષેત્રમાં અન્ય માતાઓએ મારી જેમ આવા સમાન પુત્રોને જન્મ આપ્યો છે.' દેવકી શંકાનું સમાધાન કરવા પ્રભુ અરિષ્ટનેમિ પાસે આવી. પ્રભુએ દેવકીનું ભૂતકાળ અને વર્તમાનનું ઘોળાતું રહસ્યમય કોકડું ઉકેલી, દેવકીદેવીને છ અણગારોની માતાનું સૌભાગ્ય આપ્યું.

''ભદ્દિલપુર નગરીના નાગ ગાથાપતિની પત્ની સુલસાને બાલ્યાવસ્થામાં કોઈ નિમિત્તકે કહ્યું હતું કે, 'આ બાલિકા મૃતવત્સા થશે.' તેણી બાલ્યાવસ્થાથી જ **હરિણગમેષી દેવ**ની ભક્તિ કરવા લાગી. દેવ પ્રસન્ન થયા. દેવ સુલસા પ્રત્યેની અનુકંપાથી પ્રેરાઈ તને (દેવકી) અને સુલસાને સાથે સાથે ઋતુમતિ કરતા હતા. તમે બન્ને ગર્ભધારણ, ગર્ભવહન અને પ્રસવ પણ સાથે જ કરતા હતા. સુલસા જ્યારે મૃત બાળકને જન્મ આપતી ત્યારે હરિણગમેષી દેવ સુલસાની અનુકંપાને લીધે મૃત બાળકને ગ્રહણ કરી તારી પાસે લઈ આવતો. તું પણ નવ માસ વીતવા પર સુંદર બાળકને જન્મ આપતી. *દેવાનુપ્રિય ! આ હરિણગમેષી દેવ દ્વારા તમારા બન્નેના બાળકોની હેરાફેરી થતી. તારા પુત્રો સુલસાને ત્યાં અને સુલસાની મૃત પુત્રી તારે ત્યાં મૂકાતી. હે દેવકી ! આ છએ અણગાર તારા જ અંગજાત પુત્રો છે, સુલસાના નહીં.'' ભગવાન અરિષ્ટનેમી પાસેથી છ મુનિવરોનું વૃત્તાંત સાંભળી દેવકી દેવી તેમના દર્શન કરવા ગયાં. તેમને જોઈને છુપાયેલું માતૃ વાત્સલ્ય ઉજાગર થયું. સ્તનમાંથી દુગ્ધધારા છૂટી. દેવકીદેવી અનિમેષ નયને પુત્રોને નીરખી વંદન કરી પોતાના મહેલે આવ્યાં.

આમ, ઉત્કૃષ્ટ સુપાત્ર (મુનિવરો)ને સ્વકીય પ્રાસુક, એષણીય અને કલ્પનીય આહાર-પાણી, ઔષધ-ભેષજ, વસ્ત્ર, પાત્ર, રજોહરણ આદિનું કોમળ અને મૃદુ અભિગમથી દાન આપવું તે ઉત્કૃષ્ટ દાન છે.

**દેવદત્ત (પુણ્યપાલનો પૂર્વભવ)** : (વિમલ ચરિત્ર)

**પ્રિયંકર** નામે ગામમાં એક **દેવદત્ત** નામે વણિક રહેતો હતો. તેનો **જયદત્ત** નામે મિત્ર હતો. બંને મિત્રો દરિદ્રી હતાં. એક વખત દેવદત્ત ભાતું લઈને ધન મેળવવા ગ્રામાંતરે જવા નીકળ્યો. માર્ગ ભૂલતાં તે ભયંકર અટવીમાં આવી ચડયો. બપોરની વેળાએ નદી કાંઠે ભાતું ખાવા બેઠો. ત્યાં વનમાંથી એક માયાવી સ્ત્રીએ આવીને કહ્યું, ''બંધુ ! મારા સ્વામીનાં ક્ષુધાને કારણે પ્રાણ જાય છે અને તું જલસાથી જમે છે ? તે યોગ્ય નથી.'' ત્યારે દેવદત્તે પૂછયું, ''બહેન ! મારાં બનેવી ક્યાં છે ?'' ત્યારે તે સ્ત્રી બોલી, ' મારી પાછળ આવ, તને બતાવું.' દેવદત્ત તેણીની પાછળ ચાલ્યો. કેટલેક દૂર ગયા પછી દેવદત્તે ક્ષુધાથી પીડિત એક અસક્ત પુરુષને પૃથ્વી પર પડેલો જોયો. તેણે પોતાનો હાથ લંબાવ્યો. દેવદત્તે તેને ભાતું આપ્યું. પછી પેલી સ્ત્રી બોલી 'હે સજ્જન ! હવે પાણી આપીને મારાં પતિને સાજો કર.' દેવદત્ત પૂછયું ''પાણી ક્યાં છે ?'' સ્ત્રીએ કહ્યું, ''પાસેનાં કૂવામાં છે.'' દેવદત્ત કૂવામાં જળ લેવા ગયો. તેવામાં સ્ત્રીએ તેને પાછળથી કૂવામાં ધક્કો માર્યો.

ચતુર દેવદત્ત કૂવામાં પડતાં જ સહસા એક વૃક્ષની શાખાને વળગ્યો. તે ચારે કોર જોવા લાગ્યો. ત્યાં કૂવાની દિવાલમાં એક વિવર જોઈ. તે શાખાને છોડી છલાંગ લગાવી વિવરમાં પ્રવેશ્યો. તેણે આગળ જતાં પેલી માયાવી સ્ત્રી અને પુરુષને સિંહાસન ઉપર બેઠેલાં જોયાં. દેવદત્તે પૂછયું 'બેન ! તું અહીં ક્યાંથી ? અને તારી સાથે આ પુરુષ કોણ છે ?' ત્યારે પેલી સ્ત્રી બોલી, 'અમારા બન્નેનો સંબંધ સાંભળ. **વૈતાઢય** પર્વત ઉપર **રથપુર**

---

(તા.ક. દેવકીએ પૂર્વ ભવમાં શોક્યના સાત રત્નોની ચોરી કરી હતી. શોક્યના રુદનથી દેવકીના જીવે એક રત્ન પાછું આપ્યું હતું. તેથી દેવકીના છ પુત્રોની ચોરી થઈ - અમમચારિત્ર, ભા.૨, સર્ગ ૧૩, પૃ.૨૬૧)

**ચક્રવાલ** નામનું નગર છે. ત્યાં **રત્નચૂડ** નામનાં મારાં સ્વામી રાજ્ય કરે છે. તે વૈતાઢય પર્વતમાં મુખ્ય ભવનરૂપ આ મનોહર અને પ્રિય અમારું ક્રીડા સ્થાન છે. અમે એક વખત અહીં ક્રીડા કરવા આવ્યાં. ત્યાં **ચંદ્રશર્મા** નામની એક વ્યંતરીની માલિકીના આમ્રવનમાં પ્રવેશ્યાં.

એક આમ્રવૃક્ષને ફળેલું જોઈ દેવીની રજા વિના મારા પતિએ ફળો ગ્રહણ કર્યા. ક્રોધિત થયેલી દેવીએ મારા પતિને બાંધ્યા. પછી જ્યારે હું મસ્તક છેદવા તૈયાર થઈ ત્યારે વ્યંતરીએ મારો હાથ પકડીને કહ્યું, ''વત્સા ! આવું સાહસ ન કર, વરદાન માંગ.'' મેં કહ્યું, ''મારા સ્વામીને મુક્ત કરો.'' દેવીએ કહ્યું, ''હું એને છોડીશ પણ એ કોઈ મુસાફરનાં ભાતાનું ભોજન કરશે ત્યારે જ સાજો થશે. આ મુસાફરને તારે ચાલાકીથી અહીં કૂવામાં નાંખી દેવો.'' દેવીના કહેવાથી મેં તને પાણી લેવા મોકલ્યો અને પાછળથી ધક્કો માર્યો. બંધુ ! મને ક્ષમા કર. મારી પર કૃપા કરી તું વૈતાઢય પર્વત ઉપર આવ. તારા આગમનથી અમને આનંદ થશે.'' વિદ્યાધર દેવદત્તને વૈતાઢય પર્વત ઉપર લઈ ગયો. ત્યાં તેણે નમ્રભાવે, ભાવવિહ્વળ થઈ ખૂબ પરોણાગતિ કરી. દેવદત્ત ત્યાં રહ્યો તે દરમ્યાન વિદ્યાધરે તેને પોતીકો સમજી ઘણી વિદ્યાઓ આપી વિદ્યાધર બનાવ્યો. આમ, ગરીબ સ્થિતિમાં પણ અભિશાપ પામેલા વ્યક્તિને ઋજુ, સાલસ, ઉર્મિશીલ હૈયે દાન આપવાથી કેટલું મોટું ફળ પ્રાપ્ત થયું છે !

પૂર્વભવમાં દેવદત્તના આત્માએ સુપાત્રદાન કરેલ પણ દાન આપીને પશ્ચાતાપ કરવાને કારણે દારિદ્રય મળ્યું. દેવદત્ત વિદ્યાધર બન્યા પછી ઉત્તમ કન્યાઓને પરણ્યો. તેણે પોતાના મિત્ર જયદત્તને બોલાવી પોતાની સાથે રાખ્યો. આયુષ્ય પૂર્ણ થતાં રત્નચૂડ વિદ્યાધર અપુત્રીયો મૃત્યુ પામ્યો ત્યારે વિદ્યાધરોએ ભેગાં થઇ દેવદત્તને રાજ્ય ગ્રહણ કરવાની ફરજ પાડી પરંતુ પરિગ્રહનો નિયમ હોવાથી દેવદત્તે તેનો અસ્વીકાર કર્યો. રત્નચૂડ વિદ્યાધરનું રાજ્ય પોતાના મિત્ર જયદત્તને સોંપી, શ્રાવકધર્મ પાળી બારમા દેવલોકમાં ગયો.

**દેવદત્ત શ્રેષ્ઠી** : (મનોરમા કહા, પ્રાકૃત પુસ્તકમાંથી પૃ.૫૬)

**જંબુદ્વીપ**માં **શાલિગ્રામ** નામે નગરમાં **દેવદિન્ન (દેવદત્ત)** નામે શહેરી રહેતો હતો. તે પ્રકૃતિથી સરળ હતો પરંતુ જૈનધર્મથી વંચિત હતો.

**ઉત્તરાપથ**માં સાર્થ જતો હતો. તેમાં **પ્રિયંકર** નામના આચાર્ય સપરિવાર જોડાયા. સમય જતાં સાર્થ આગળ નીકળી ગયો. મુનિ સાર્થથી છૂટા પડી ગયા. તેઓ માર્ગ ભૂલી જતાં અટવીમાં ચાલ્યા ગયા. તેમને અટવીમાં ભીલ લોકો મળ્યાં. મુનિ પાસે વસ્ત્ર-પાત્ર આદિ સંયમની ઊપધિ ન હતી. ભીલની સહાયતાથી અટવી પાર કરી વસ્ત્રાદિ નિમિત્તે શાલિગ્રામમાં મુનિએ પ્રવેશ કર્યો. તેઓ વસ્ત્રની ગવેષણા કરતા દેવદત્તના આવાસે આવ્યા. મુનિએ વસ્ત્ર માટે યાચના કરી. દેવદત્તે કહ્યું, ''મહારાજ !કેવું વસ્ત્ર જોઈએ છે ?'' મુનિએ કહ્યું,''સપ્રમાણ, લક્ષણયુક્ત વસ્ત્ર જોઈએ.'' એમ કહી મુનિએ વસ્ત્રના લક્ષણો બતાવ્યાં. દેવદત્તે પૂછ્યું, ''દાન આપવાની વિધિ શું ?'' મુનિએ કહ્યું, ''આચાર્ય ઘરે પધારે પછી તેમને વસ્ત્ર વહોરાવવું.'' દેવદત્ત આચાર્ય પાસે ગયો. આચાર્યને ગામમાં લાવી વસતિ બતાવી વસ્ત્ર-પાત્ર વહોરાવ્યાં. દેવદત્તે શ્રાવક ધર્મ સ્વીકાર્યો. સૂરિજી વિહાર કરી અન્યત્ર ચાલ્યા ગયા.

આ જ નગરમાં એક **સુગુત્ત** નામનો કુલપુત્ર રહેતો હતો. તેની પત્ની **આલુયા** અને પુત્ર **સાલુઆ** બન્ને માયાવી હતાં. એકવાર **મયહર** આચાર્ય ત્યાં પધાર્યા. તેમની ધર્મદેશના સાંભળી સાલુઆએ શ્રાવક ધર્મ

અંગીકાર કર્યો. સાધર્મિક એવા દેવદત્ત (દેવદિન્ન) અને મચહર આચાર્યની સાથે તેની મૈત્રી થઈ. 'આંગણે આવેલા સાધુને દાન આપીને પછી ખાવું.' એવો સલુઆનો નિયમ હતો તેથી એકદા તેણીએ મુનિને ભાજન(પાત્ર)નું દાન આપ્યું. તેવામાં તેને પાત્રાનો એક ખૂણો વાગ્યો. મનમાં દુર્ભાવ ઉત્પન્ન થતાં સાલુઆએ દુગંછા કરી નીચ ગોત્ર કર્મ બાંધ્યું. તે મૃત્યુ પામી વેશ્યાને ત્યાં જન્મી.

દેવદત્ત અને મચહર કાળ કરીને સૌધર્મ નામના પ્રથમ દેવલોકે દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી દેવદત્ત **મનોરથ** શ્રેષ્ઠી અને **જયાવલી** શેઠાણીનો પુત્ર **મનોહરદત્ત** થયો. યુવાવસ્થામાં મનોહર દત્તના વિવાહ **રયણશ્રી** નામની કન્યા સાથે થયા.

એકવાર સ્વપ્નમાં આવી વ્યંતરીએ શેઠને કહ્યું, 'મનોરથ શ્રેષ્ઠી ! કેમ જાગો છો ?' શ્રેષ્ઠીએ કહ્યું, ''દેવી ! કુટુંબની ચિંતા છે તેથી ઉંઘ આવતી નથી.'' વ્યંતરીએ કહ્યું, ''તમે ભવિષ્યની ચિંતા ન કરો. તમારા *પુત્રના પુણ્યથી* ***સુલોચના*** *નામની યક્ષકન્યા તમારા ઘેર રહેશે.''* આમ, *ભદ્રતાનાં પરિબળથી પ્રતિકૂળતાની* અથડામણ ટળી ગઈ. પૂર્વે વસ્ત્ર-પાત્ર દાન આપ્યું હતું તેના પ્રતિસાદરૂપે મનોહરદત્તનું ઘર ઋધ્ધિથી ભરાઈ ગયું.

**દેવશર્મા અને સોમશર્મા** : (ઉપદેશ તરંગિણી)

**હલ્લૂર** નામના ગામમાં **દેવશર્મા** અને **સોમશર્મા** નામના બે બ્રાહ્મણો રહેતા હતા. તેમાંથી દેવશર્મા મિથ્યાત્વી હતો અને સોમશર્મા સમકિતી શ્રાવક હતો. દેવશર્મા ધનવાન હતો પરંતુ પાત્ર-અપાત્રને જાણ્યા વિના જ કુપાત્રને દાન આપતો હતો. તેણે લક્ષ ભોજનનો યજ્ઞ કર્યો. સોમશર્મા ગરીબ હતો. પેટ ભરવા તેણે દેવશર્માને ત્યાં ભોજન પીરસવાનું કાર્ય સ્વીકાર્યું. તે બ્રાહ્મણોને ભોજન પીરસવાનું કાર્ય કરતો અને એઠું-જૂઠું ભોજન ખાઈ દેવશર્માની ચાકરી કરતો. એક દિવસ તેણે પોતાના ભાગમાં આવેલું ભોજન અને લાડુ પ્રાસુક જાણી સાધુઓને તથા સાધર્મિકોને દાનમાં આપ્યાં. આમ, દાન-પુણ્યના પ્રભાવથી તેણે ઊંચું પુણ્ય ઉપાર્જન કર્યું. કાળક્રમે તે **મગધ દેશ**ના **મહારાજા શ્રેણિક**નો પુત્ર **નંદિષેણ** થયો. તે ૫૦૦ રાણીઓનો સ્વામી બની રાજવી સુખો ભોગવવા લાગ્યો.

પાત્રાપાત્રના વિવેક વિના અપાયેલું દાન એ ઊખર ભૂમિમાં ઉત્પન્ન બિયારણની વાવણી કરવા સમાન છે. **પ્રભુ મહાવીરે** સોળ પ્રહર દેશના આપી હતી. બીજા કોઈ તીર્થંકરે આટલી લાંબી દેશના આપી નથી. તે દેશનામાં આવેલા **પુણ્યપાળ** રાજાને આઠ સ્વપ્ન આવ્યાં હતાં. એમના સ્વપ્નનું ફળ શાસન સાથે સંકળાયેલું હતું. તેમને સ્વપ્નમાં ઊખર ભૂમિમાં ઉત્તમ બિયારણની વાવણી કરનારા મૂર્ખ ખેડૂતોનાં દર્શન થયાં.

**મિથ્યાત્વી દેવશર્મા**એ કુપાત્રને પૂજ્યભાવથી દાન આપી ઊંચુ ફળ ન મેળવ્યું જ્યારે સમકિતી નિર્ધન **સોમશર્મા**એ 'મારે લાભ લેવો છે, ભક્તિ કરવી છે' એવો દિવ્ય અભિગમ કેળવી અલૌકિક પળે સુપાત્રને પૂજ્ય ભાવથી સત્ત્વગુણ ધારણ કરી દાન આપી રાજવી સુખો મેળવ્યાં.

**દોપુલીન્દ્ર / પુલીન્દ્ર** : (દાનોપદેશમાલા)

**સહ્ય પર્વત**ની અટવીમાં **પુલીન્દ્ર (ભીલ)** દંપતી રહેતાં હતાં. તેઓ કંદમૂળ અને જંગલના વૃક્ષોનો ફલાહાર કરી જીવન પસાર કરતાં હતાં. વૃક્ષની છાલનાં વસ્ત્ર બનાવી પહેરતાં હતાં.

એકવાર સાર્થથી વિખૂટા પડેલા, માર્ગ ભૂલેલા કોઈ **સુપ્રતિષ્ઠ** નામના આચાર્ય પોતાનાં શિષ્ય વૃંદ સાથે અટવીમાં આવ્યાં. સાધુને સાત દિવસથી અન્ન-પાણી મળ્યાં ન હતાં. તે સમયે ભીલ દંપતી શિકાર કરવા માટે વૃક્ષ ઉપર ચઢયાં. ત્યાં ભીલડીએ દૂરથી સફેદ વસ્ત્રધારી મુનિરાજને આવતાં જોયાં. 'આવો વેશ મેં ક્યાંક જોયો છે' એવો ઉહાપોહ થતાં ભીલડી વિચારોમાં ગરકાવ થઈ ગઈ. ત્યાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. ભીતર પડેલો સત્ત્વ ગુણ જાગૃત થયો. જાણે બળબળતા રણમાં અમીછાંટણાં થયાં! વિસ્મય શમ્યું; અહોભાવ ઉત્પન્ન થયો. 'સાધુનો વધ કરવો ઉચિત નથી' એવું વિચારી ભીલ દંપતીએ બાણ સંહરી લીધું. ભીલ દંપતી નીચે ઉતરી મુનિરાજ પાસે ગયા. તેમને વંદન કરી ધર્મદેશના સાંભળી. ત્યારપછી ભીલ તૃષાતુર મુનિરાજને નિવેદન કરી પોતાના ઘેર લાવ્યો. ત્યાં એક વાસણમાં પીળા રંગનું પાણી પડયું હતું. ખૂબ જોરથી પવન ફૂંકાતો હોવાથી વૃક્ષનાં સૂકાયેલાં પર્ણો ખરીને પાણીમાં પડવાથી પાણી સહજ રીતે પીળા રંગનું અચિત્ત થઈ ગયું હતું. ભીલે આ ભાજન (વાસણ) મુનિરાજને બતાવ્યું. વર્ણ - ગંધ - રસ અને સ્પર્શથી પરિણત થયેલ પાણી જાણીને મુનિએ તે નિર્દોષ પાણી વહોરવાની હા પાડી. ભીલ દંપતીએ અત્યંત ઉલ્લસિત ભાવે પાણી વહોરાવ્યું. ત્યાં તેમને બોધિબીજની પ્રાપ્તિ થઈ. તેમણે દેવભવનું આયુષ્ય બાંધ્યું. એકવાર તેઓ સુખેથી જંગલમાં સૂતા હતા ત્યાં સિંહે આવીને ભીલ દંપતીને ફાડી ખાધાં. તેઓ મધ્યમ ભાવથી મૃત્યુ પામી પ્રથમ દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં અવતરી, રાજા બની, ક્રમે કરી **યુગંધર ગુરુ** પાસે દીક્ષા લઈ કેવળજ્ઞાની બની મોક્ષે જશે.

સુપાત્રદાનના એકતારાથી ભીલ દંપતીના દીદાર જ ફરી ગયાં! ભવ સાગરમાં તરાપા સમાન સમકિત મેળવ્યું.

**ધનકુમાર અને ધનવતી** : (નેમીશ્વર રાસ, પૃ. ૧૭)

**નેમિનાથ પ્રભુ** અને **રાજમતી**ને નવ-નવ ભવનો સંબંધ હતો. પ્રથમ ભવમાં ધન અને ધનવતી આ યુગલ પતિ-પત્ની તરીકે હતાં. એકવાર આ યુગલ સરોવરમાં ક્રીડા કરવા ગયું. ત્યાં તૃષાથી આકુળવ્યાકુળ થયેલા મુનિવરને જોયા. તૃષાથી આક્રાંત તે મુનિને મૂર્છા આવવાથી પૃથ્વી પર ઢળી પડયાં ત્યારે ધનવતીએ પોતાના પતિને કહ્યું, ''આ મુનિ મૂર્છિત થતાં છે, તેમને આપણે શું કરીએ જેથી સચેતન બને ?'' ધન રાજાએ કહ્યું, ''તમે જલ્દી કરો, વિલંબ ન કરો. શીત ઉપચાર કરવાથી મુનિ સચેતન થશે.'' ખરેખર! એવું જ બન્યું. શીતોપચાર કરતાં મુનિ સાજા-નરવાં થયાં. મુનિએ સ્વસ્થ થઈ યુગલને ધર્મદેશના આપી. જેમાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજાવ્યું. સાચા, દેવ-ગુરુ અને ધર્મ ઉપર અટલ શ્રદ્ધા રાખવાનું કહ્યું.

મુનિ ભગવંતે કહ્યું, ''તમારો અને મારો યોગ ધર્મથી થયો છે. મારું નામ **મુનિચંદ્ર** છે. અમે વિહાર કરતાં દુર્ગમ અટવીમાં આવ્યાં. ધાડ પડી. સાર્થના લોકો પલાયન થયાં. હું એકલો પડી ગયો. શિષ્ય સમુદાય છૂટો પડી ગયો. હું દિશા મૂઢ થયો. અટવીમાં ફરતાં ફરતાં માર્ગ ભૂલ્યો. ખૂબ ચાલવાથી શ્રમિત થયો. અત્યંત તૃષાતુર બન્યો અને મૂર્છિત થયો. તમે મારી ભક્તિ કરી મને ચેતનવંત બનાવ્યો.'' મુનિ પાસેથી દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સાંભળી તેમના ટંકશાળ શબ્દોથી પ્રભાવિત થઈ ધન રાજા દૃઢ શ્રદ્ધાવંત થયા. સમકિત પ્રાપ્ત કર્યું. તેમની ખુશી બેવડાઈ. મુનિને ઘરે તેડી લાવી ભોજન-પાણી વહોરાવ્યાં. મુનિ પાસેથી યુગલ દંપતીએ શ્રાવક વ્રત અંગીકાર કર્યાં. તેઓ આવશ્યકાદિ ભણ્યા. તેમણે પોતાની લક્ષ્મીનું સન્માર્ગમાં વાવેતર કર્યું. વળી, સુપાત્રભક્તિ, સ્વામીવાત્સલ્ય, પૌષધ, સામાયિક વગેરે ધાર્મિક અનુષ્ઠાનો કરવાનો મનસૂબો ઘડી તેમણે

માનવ ભવમાં પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું.

**પ્રશ્નોત્તર શ્રાવકાચાર** (૨૦/૨૯)માં કહ્યું છે - ''ગૃહનાયકે કુટુંબ માટે બનાવેલ આહાર સ્વયં આવેલા પાત્રને આપવો જોઈએ.'' પાત્રને ભોજન આપનાર ધન અને ધનવતીની જેમ સાધન સંપન્ન, વિત્તવાન બની નવું પુણ્ય ઉપાર્જન કરે છે; તેનો સાક્ષી આ કથાનક છે.

**ધનદેવ અને ધનમિત્ર :** (ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ ભાષાંતર, પૃ. ૨૩૮)

**ચુલ્લશતક** શ્રાવકના પૂછવાથી **પ્રભુ મહાવીરે** પર્ષદા સમક્ષ સુપાત્ર દાન આપનારા **ધનદેવ** અને **ધનમિત્ર**ની કથા કહી.

**સિંહલદ્વીપ**ના **સિંહલેશ્વર** રાજવીની **સિંહલા રાણી**નો **સિંહલસિંહ** નામનો રાજકુમાર હતો. તે ધર્મશાસ્ત્ર અને કર્મશાસ્ત્રમાં પ્રવીણ હતો. એકવાર સિંહલસિંહ વસંતઋતુમાં ક્રીડા કરવા વનમાં ગયો. ત્યાં તેણે એક રડતી કન્યાને જોઈ. હાથીએ તેને પકડી હતી. ''અરે પિતા! મારી રક્ષા કરો. માતા! તું મારા ઉપર કરુણા કર. કુળદેવી! તું ક્યાં છે? મારી મદદ કર.'' કન્યાના વિલાપજનક શબ્દો સાંભળી કુમારે હાથીને સંબોધીને કહ્યું, ''અરે દુષ્ટ! સ્ત્રી હત્યારા! જો તારામાં મર્દાનગી હોય તો મારી સાથે લડ.'' આ સાંભળી હસ્તી કન્યાને છોડી રાજકુમાર સામે ધસ્યો. રાજકુમારે સાવધાન થઈ પછેડીનો દડો બનાવી હસ્તીની સામે ફેંક્યો. હસ્તી દડાને સૂંઢ અને દંતશૂળથી પ્રહાર કરવા લાગ્યો એટલે પેલી કન્યા ત્યાંથી નાસી ગઈ. કુમારે હાથીની પીઠ પર ચઢી તેને વશ કરી આલાન સ્થંભે બાંધ્યો. સિંહલસિંહની કીર્તિ ચારે તરફ ફેલાણી.

આ કન્યા જેનું નામ **ધનવતી** હતું તે સિંહલકુમારની કુશાગ્રબુદ્ધિથી તેના પ્રત્યે આકર્ષાઈ. તેણે પોતાના પિતાને કહ્યું, ''મને જીવનદાન આપનાર, દયાળુ અને પરાક્રમી રાજકુમાર સિંહલસિંહ સાથે પરણાવો.'' **ધનશ્રેષ્ઠી**એ પોતાની પુત્રી ધનવતીના વિવાહ સિંહલસિંહ સાથે કરાવ્યા.

સિંહલસિંહ અત્યંત સ્વરૂપવાન હતો. જાણે કામદેવનો અવતાર! નગરની સ્ત્રીઓ તેને જોઈ પોતાનાં ઘરકામ છોડી સિંહલસિંહની પાછળ ભમ્યા કરતી. નગરજનો મૂંઝાયા. આ વાત રાજાના કાને પહોંચી. રાજાએ કુમારને નગરચર્યા કરવાનો નિષેધ કર્યો. અપમાનિત થયેલો સિંહલકુમાર ધનવતીને લઈ નગર છોડી સમુદ્ર તટે આવ્યો. તેઓ પ્રવહણમાં બેઠા ત્યાં દૈવી પ્રકોપ થતાં વહાણ ભાંગી ગયું. બન્ને સમુદ્રમાં પડયાં. ધનવતીના હાથમાં એક પાટીયું આવતાં તેની સહાયતાથી **કુસુમપુર નગર**માં આવી. નગરની બહાર **પ્રિયમેલક** તીર્થમાં જઈ આકરું તપ કરવા લાગી. તેણે અભિગ્રહ કર્યો કે, 'જ્યાં સુધી સ્વામીનું મિલન ન થાય ત્યાં સુધી મૌન રહેવું.'

સિંહલસિંહ પણ પાટીયાના સહારે **રત્નપુર નગર**માં પહોંચ્યો. ત્યાંના **રત્નપ્રભ રાજા**ની પુત્રી **રત્નવતી**ને સર્પ કરડયો હતો. તેનું ઝેર કોઈ ગારુડી ઉતારી શક્યો નહીં. રાજાએ પડહ વગડાવ્યો. સિંહલસિંહે નવકાર મંત્ર ગણી તેને સ્પર્શ કર્યો. નવકારમંત્રના પ્રભાવથી રાજકુમારી રત્નાવલીનું ઝેર ઉતાર્યું. રત્નાવલી સાથે સિંહલસિંહે પાણિગ્રહણ કર્યું. પરંતુ ધનવતીથી વિખૂટા થતાં તેણે નિયમ કર્યો હતો કે, 'જ્યાં સુધી પ્રથમ પ્રેયસી ધનવતી ન મળે ત્યાં સુધી ભૂમિશયન કરવું અને બ્રહ્મચર્ય વ્રત પાળવું.' રત્નાવલીએ કારણ પૂછ્યું પરંતુ 'શોક્ય પ્રત્યે ઈર્ષા થશે' એવા ઈરાદાથી સિંહલસિંહે કહ્યું, ''હું પરદેશ જવા નીકળ્યો છું તેથી જ્યાં સુધી મારાં માતા માતા-પિતાનાં દર્શન ન થાય ત્યાં સુધી મારો આ નિયમ છે.'' રત્નવતી પતિની માતા-પિતા પ્રત્યેની ભક્તિ

જોઈ ખુશ થઈ ગઈ. રાજાએ માતા-પિતા, કુળ ઈત્યાદિની બાતમી મેળવી પોતાની દીકરી-જમાઈને ઘણો કરિયાવર આપી વિદાય કર્યા. રાજાએ પોતાના **રુદ્ર** નામના પ્રધાનને સાથે મોકલ્યો. લંપટ રુદ્ર રત્નવતીમાં મોહિત થયો. તેણે સિંહલસિંહનો કાંટો કાઢવા તેને સમુદ્રમાં ફેંક્યો. રુદ્ર રત્નવતીને પત્ની બનાવવા ઈચ્છતો હતો. રત્નવતીએ સમય પારખી કહ્યું, "પ્રથમ સિંહલસિંહની અંતિમ વિધિ કરીએ પછી તમે કહેશો તેમ કરીશ." એવામાં પ્રતિકૂળ પવનથી જહાજ ભાંગ્યું. રત્નવતી પાટીયાની મદદથી પ્રિયમેલક તીર્થે પહોંચી. તેણીએ પણ ધનવતી જેવો જ અભિગ્રહ કર્યો. રુદ્રમંત્રી પણ તરીને કુસુમપુર પહોંચ્યો. તે ત્યાંના રાજાનો મંત્રી થયો.

સમુદ્રમાં પડેલા સિંહલસિંહને કોઈએ ઉપાડી તાપસોના આશ્રમમાં મૂક્યો. તેના શરીર ઉપર રાજચિહ્નો જોઈ કુલપતિએ પોતાની પુત્રી **રૂપવતી**ને તેની સાથે પરણાવી. કન્યાદાનમાં ઋષિએ નિરંતર સો સોનૈયા દેનારી એક **કંથા (ગોદડી)** અને **આકાશગામી ખાટલી** આપી. રૂપવતી સાથે સિંહલસિંહ ખાટલી પર બેસી પોતાની આશિકા ધનવતીનું સ્મરણ કરવા લાગ્યો ત્યાં ખાટલી કુસુમપુરના ઉદ્યાનમાં ઉતરી. રૂપવતીને તરસ લાગી એટલે સિંહલસિંહ પાણી લેવા કૂવા પાસે આવ્યો. ત્યાં કૂવામાંથી સર્પનો અવાજ આવ્યો. સર્પ માનવની ભાષામાં કહી રહ્યો હતો, "કુમાર! મને કૂવામાંથી બહાર કાઢ." પરોપકારી સિંહલસિંહે ખભે રહેલી પછેડી કૂવામાં નાંખી સર્પને બહાર કાઢયો. સર્પ તેને ડસ્યો. તે કૂબડો થઈ ગયો. સર્પે કહ્યું, "કુમાર! આ રૂપ તારા ભલા માટે છે. સંકટ સમયે મને યાદ કરજે." સર્પ અદશ્ય થઈ ગયો.

સિંહલસિંહ પાણી લઈ રૂપવતી પાસે આવ્યો. તેણે પાણી આપ્યું. પરંતુ 'આ મારા પતિ નથી' એમ ધારી તે ચારે બાજુ જોવા લાગી. તેણીએ પોતાના કંતને ક્યાંય ન જોયા. પાણી પીધા વિના જ તે પ્રિયમેલક તીર્થમાં ગઈ. પ્રથમની બે પત્નીઓની જેમ તેણે પણ એવો જ અભિગ્રહ કર્યો. ત્રણે સ્ત્રીઓ ત્યાં રહેવા લાગી. લોકો વડે અપાયેલો આહાર કરતી. કોઈની સાથે વાતચીત ન કરતી. "જે આ સ્ત્રીઓને બોલતી કરશે તેને મારી પુત્રી **કુસુમવતી** પરણાવીશ." એવો રાજાએ ઢંઢેરો પીટાવ્યો. કુબ્જરૂપધારી કુમારે પટહને સ્પર્શ કર્યો. કેટલાંક કોરાં પત્રો સારા કપડામાં વીંટી ત્યાં લાવ્યો. રાજા પાસે જઈ કોરાં પત્રો વાંચવાનું લોકોને કહેવા લાગ્યો, "જે જીવ બે જાતિનો હોય, તે જ આ અક્ષર દેખી શકે છે. અહો! શું સુંદર અક્ષરો લખ્યાં છે!" કુબડો અક્ષરો વખાણવા લાગ્યો. કોઈ તૈયાર ન થતાં કુબડો પત્ર વાંચવા લાગ્યો, "સિંહલદ્વીપનો સિંહલકુમાર ધનવતી સહિત પ્રવહણમાં બેઠો. પ્રવહણ ભાંગ્યું. બન્ને જણા સમુદ્રમાં પડયા. હવે બાકીની કથા કાલે કરીશ." પાનાં બંધ કર્યા. પુસ્તક વીંટી લીધું. ધનવતી પોતાનું ચરિત્ર સાંભળી એકાએક બોલી, "પછી શું થયું?" પહેલી સ્ત્રીને બોલતી કરી તેથી રાજાએ કહ્યું, "આ સ્ત્રીની ઈચ્છા-આશા પૂર્ણ કરો." ત્યારે કુબ્જે કહ્યું, "પાટીયાની સહાયતાથી સમુદ્ર તરી રત્નપુરમાં રત્નવતીને પરણ્યો. મંત્રીએ તેને સમુદ્રમાં નાંખ્યો." એમ કહી વળી પત્ર બંધ કર્યો. ત્યાં રત્નવલી બોલી, "પછી તેનું શું થયું?" રાજા વગેરેએ બહુ જ આગ્રહ કર્યો ત્યારે અધૂરી કથા પૂર્ણ કરતાં કુબડાએ કહ્યું, "સમુદ્રમાં પડેલા સિંહલસિંહને કોઈ તાપસો પોતાના આશ્રમમાં લઈ ગયાં. ત્યાં તે તાપસપુત્રી રૂપવતીને પરણ્યો. કંથા અને ખાટલી સહિત અહીં આવ્યો. પાણી લેવા કૂવા પાસે ગયો ત્યાં સર્પ દંસ થયો?" કૂબડો અટક્યો એટલે તરત જ રૂપવતીએ કહ્યું, "પછી તેનું શું થયું?" તેનો ઉત્તર કૂબડાએ આપ્યો નહીં. પોતાનું પુસ્તક વીંટાળી રાજા પાસેથી તેની કન્યા કુસુમવતીનો હાથ માંગ્યો. રાજાએ કુસુમવતીના વિવાહ કૂબડા

સાથે કર્યા. હસ્તમોચનની ક્રિયાના સમયે રાજાએ સિંહલસિંહને ઈચ્છાનુસાર માંગવાનું કહ્યું. તેણે કહ્યું, ''પોકાર કરતો સર્પ આપો.'' રાજાએ કહ્યું, ''સર્પ આવો.'' અચાનક સર્પ આવીને કુમારને કરડયો. કુમાર મૂર્છિત થયો. ત્રણે સ્ત્રીઓએ વિચાર કર્યો કે, 'જો આ મૃત્યુ પામશે તો આપણા સ્વામીનાથના સમાચાર ક્યાંથી મળશે ?' એમ વિચારી છરી લઈ મરવા તૈયાર થઈ તેટલામાં કુબડો દિવ્ય રૂપધારી સિંહલસિંહ કુમાર બની ગયો. હવે નાગદેવ **સિંહલસિંહનો પૂર્વ ભવ** કહેવા લાગ્યો.

**ધનપુર નગરમાં ધનંજય શ્રેષ્ઠીની ધનવતી** નામની સ્ત્રીથી **ધનદેવ** અને **ધનમિત્ર** નામના બે પુત્રો થયાં. એકવાર ધનદેવે ગ્રીષ્મઋતુમાં મુનિને સાકરવાળું દૂધ વહોરાવ્યું. તે પુણ્યના પ્રભાવથી હું મૃત્યુ પામી દેવ થયો. ધનમિત્રએ પણ એકવાર શેરડીના રસથી ભરેલો ઘડો મુનિને વહોરાવ્યો પરંતુ ત્રણ ત્રણ વાર તેના ભાવ ખંડિત થયાં તેથી તે મૃત્યુ પામી રાજકુમાર સિંહલસિંહ થયો. મુનિદાનના પ્રભાવે સમૃદ્ધિ સહિત ચાર કન્યાઓ મળી પરંતુ ત્રણવાર ભાવ ખંડિત થવાથી ત્રણ વાર આપત્તિ આવી અને સ્ત્રીઓથી વિયોગ થયો. સમુદ્રમાંથી તને તાપસના આશ્રમમાં ઉપાડીને મૂકનાર હું પોતે જ હતો. તને સર્પ થઈને મેં જ ડંખ માર્યો હતો કારણકે તું કૂબડો બને તો તારો શત્રુ રુદ્ર મંત્રી જે અહીં રહે છે, તે તને ઓળખી શકે નહીં.'' આમ કહી નાગ દેવતા સ્વસ્થાને ગયા. સિંહલસિંહ અને તેની ચારે પત્નીઓનો મિલાપ થયો. એવામાં સિંહલસિંહને જાતિસ્મરણ જ્ઞાન થયું. કુસુમપુરના રાજાએ મહોત્સવપૂર્વક પોતાની પુત્રી પરણાવી અને રુદ્રદત્તને કાઢી મૂક્યો. સિંહલસિંહ ચારે સ્ત્રીઓને લઈ ખાટલીમાં બેસી સિંહલદ્વીપ ગયો. હવે તે રાજા બન્યો. ગોદડીના પ્રભાવે ધન મળતાં અનેક પરોપકારનાં કાર્યો કર્યા. જેટલા પૈસા મળતા તે આંખના પલકારામાં ખેરાત કરી નાંખતો. તેણે લોકોની નાણાભીડ દૂર કરી. જૈન ધર્મ પાળી, સંલેખના કરી છઠ્ઠા દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે જશે.

આચાર્ય હરિભદ્રસૂરિએ યોગવિંશિકામાં કહ્યું છે કે -

**'भिङिअनः पात्रमपचाः विशिष्य स्वक्रियाधिकृताः ।**

**दीनान्ध कृपणअदीनां वर्गः कार्यान्तराक्षमाः ।।१२।।'**

જેમણે વ્રતસૂચક વેષ ધારણ કર્યો છે, સ્વયં ભોજન પકાવતા નથી, વિશેષ રૂપથી પોતાની પરંપરાગત ક્રિયાઓ પાળે છે તથા જે દીન, પ્રજ્ઞાચક્ષુ, દયનીય, વ્યાધિગ્રસ્ત, નિર્ધન, અસક્ત છે તે પાત્ર છે. અર્થાત્ અનુકંપનીય હોવાથી પાત્ર છે પરંતુ દંભ વિનાના સરળ, સમ્યગ્દર્શનીની સન્મુખ છે અથવા થઈ શકે એમ છે તેઓ પણ પાત્ર છે. ધનદેવ અને ધનમિત્રએ તો દાનના ખોળે માથું મૂકી વણજાતમાંથી સર્વથા મુક્તિ મેળવવાની મંજિલ હાંસલ કરી.

**ધનપતિ :** (શ્રી સુખવિપાક સૂત્ર, અ.૬)

**ધનપતિ કનકપુર**ના રાજા **પ્રિયચંદ્ર** અને રાણી **સુભદ્રાદેવી**ના પૌત્ર તથા યુવરાજ **વૈશ્રમણ કુમાર** અને યુવરાણી **શ્રીદેવી**ના પુત્ર હતા. યુવરાજ વૈશ્રમણનું ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ થયું હતું. **ભગવાન મહાવીર**નો ઉપદેશ સાંભળી યુવરાજ પુત્ર ધનપતિએ શ્રાવકધર્મ સ્વીકાર્યો.

**ગણધર ગૌતમસ્વામી** દ્વારા પૃચ્છા થવાથી ભગવાન મહાવીરે ધનપતિનો પૂર્વભવનો વૃત્તાંત સંભળાવતાં કહ્યું, ''ગૌતમ! ધનપતિ પૂર્વભવમાં **મણિચયિકા** નગરીના **'મિત્ર'** નામનો રાજા હતો. તેણે

**સંભૂતિવિજય** નામના શ્રમણ શ્રેષ્ઠને શુભ ભાવનાથી નિર્દોષ આહાર વહોરાવ્યો. અત: અહીં યુવરાજ વૈશ્રમણના અંગજાતરૂપે ઉત્પન્ન થયો છે.'' તેમણે પ્રભુ મહાવીર પાસે દીક્ષા લઈ સંથારો કરી તે જ ભવમાં મોક્ષે ગયા.

મહાભારતમાં યુધિષ્ઠિરના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું છે - ''હે યુધિષ્ઠિર! જે વ્યક્તિ અયાચક (ભિખારી) નથી, ઉત્તમ આચરણયુક્ત વ્રત આદિ લઈ દીક્ષિત થયો છે, તપસ્વી છે, અહિંસક અને અપરિગ્રહી છે. વિહાર કરી લથપથ થયા છે, તેનું તું દાન આપી પોષણ કર. તથા જે પોતાની પાસે દ્રવ્ય રાખતા નથી, બ્રહ્મચારી છે, ભિક્ષા જીવી છે તેનું તું પોષણ કર.'' જૈન ધર્માનુસાર આ અતિથિનું સ્વરૂપ છે. આવા અતિથિ જ દાનના સાચા અધિકારી છે. આવા સુપાત્રને આહાર દાન આપી ધનપતિએ સંસારનો છેદ કર્યો.

**ધન શ્રેષ્ઠી** : (સુપાત્ર દાન - પ્રબંધ પંચશતી, ક.૪૬)

**શ્રીપુર** નામનું નગર હતું. ત્યાં **ધન** નામના શેઠ અને **ધનવતી** નામની શેઠાણી રહેતાં હતાં. તેમને **કમલ** નામનો પુત્ર હતો. યૌવનવયે તેના **કમલા** નામની કોઈ શેઠની પુત્રી સાથે વિવાહ થયા. ઉંમર થતાં શેઠ-શેઠાણી કાળધર્મ પામ્યા. શેઠના મરણ બાદ લક્ષ્મીની ઓટ થઈ.

એટલા માટે જ જ્ઞાનીઓએ કહ્યું છે કે, લક્ષ્મી ચંચળ છે. ભરતી અને ઓટની જેમ લક્ષ્મીની સ્થિતિ વધેઘટે છે, માટે અવસરે લક્ષ્મીનો સદુપયોગ કરવો જોઈએ.

કમલ ગુણવાન અને કમલા પતિવ્રતા નારી હોવાથી નબળી સ્થિતિમાં પણ પતિવડે આમંત્રિત થયેલા ઘણાં મહેમાનોને આદરપૂર્વક જમાડતી હતી. શરીર શ્રમથી તેણી દુર્બળ બની. એકવાર પોતાની પત્નીને દુર્બલ (કૃશ શરીરવાળી) જોઈ કમલે પૂછ્યું કે -

**''किं दीससि पिए ! संपइ दुब्बला सुगुणावहे।**
**जं ते अत्थि, अणूंरडूं, तं पूरेमि कहेह।।''**

**અર્થ :** ઉત્તમ ગુણોવાળી હે પ્રિયા! તું દુર્બળ કેમ દેખાય છે ? તારી જે ઈચ્છા (ઊણપ) હોય તે તું કહે, હું તારી ઈચ્છા પૂર્ણ કરીશ.

**''धरि आवइ धरि मग्गिट्ठिअ, पिय ! तुम्ह नामगुणेहिं।**
**तिणि कारण हूं दुब्बलि, झूरउं रातिदीएहिं।।''**

**અર્થ :** હે પ્રિય ! તમારી પ્રસિદ્ધિ (નામના) અને ગુણો (ભક્તિ)થી વટેમાર્ગુઓ (મહેમાનો) આપણા ઘરે આવે છે. તે કારણથી (તેમની સરભરા વધુ સારી રીતે થઈ શકે તે ચિંતાથી) હું દુર્બળ છું અને રાત્રિ દિવસ ઝુરૂં છું.

કમલનું હૃદય આભારવશ છલકાઈ ઉઠયું. તે બંનેએ વિશેષ પ્રકારે ધન અનુસાર દાન આપતાં મુક્તિ યોગ્ય પુણ્ય ઉપાર્જન કર્યું.

સાધુરૂપી રાજહંસને આંગણે બોલાવવા હોય તો પ્રથમ જઘન્ય (સમકિતી) અને મધ્યમ (શ્રાવક) ને પ્રતિદિન દાન આપવાનો ક્રમ પ્રારંભ કરવો પડે. અનુકંપા પાત્રીને પ્રતિદિન દાન આપવું જોઈએ ત્યારે રાજહંસરૂપી ઉત્કૃષ્ટ સુપાત્ર ભિક્ષા માટે ફરતાં ફરતાં ક્યારેક દાતાના દ્વાર પર આવી ચડે અને નિર્દોષ ભિક્ષાનો યોગ સાંપડે છે. ધન શ્રેષ્ઠીએ સાધર્મિક ભક્તિનો યજ્ઞ માંડયો. આજીવન તે ઉત્સાહ જળવાઈ રહેવાથી સારપનો વિજય થયો.

**ધનસાર વ્યવહારી** : (અજિતનાથ ચરિત્ર, હિન્દી, પૃ.૯૩, જયાનંદવિજયજી; ઉપદેશ સપ્તતિ)

**પૃથ્વીભૂષણ (અવનીપુર)** નગરીના દાનવીર **ગુણસાર (ધનસાર / ભદ્રક)** શ્રેષ્ઠી, જે મહાશ્રાવક, મહાઋદ્ધિમાન હતાં. તેઓ એકાંતર ઉપવાસ અને ઉભય પ્રતિક્રમણ કરતા હતાં. તેમની ગણના ઉત્તમ શ્રેષ્ઠીઓમાં થતી હતી. શેઠ ધાર્મિક અને વ્યવહારિક નિપુણ હતાં. લક્ષ્મીની ચંચળતાથી જ્ઞાત હોવાથી તેઓ સાતે ક્ષેત્રોમાં ધનનો વિનિયોગ શુદ્ધ ભાવે કરતા હતા. અનાદિકાળના કોઈ અશુભ કર્મનું આક્રમણ થતાં લક્ષ્મીએ ચંચળતાનો ચમત્કાર દેખાડયો. શેઠ નિર્ધન બન્યા. વૈભવ તો ચાલ્યો ગયો. પરિસ્થિતિ એવી સર્જાણી કે બે ટંક ભોજનનો પ્રબંધ થવો મુશ્કેલ બન્યો પરંતુ નિર્ધનતામાં પણ શેઠનો દાનવીરતાનો રંગ ઝાંખો થયો નહીં.

તેમની પત્ની નિત્ય કહેતી કે, ''આપ મારા શ્રીમંત પિતા પાસે જાવ. તે તમને ખૂબ પ્રેમ કરે છે. તેઓ તમને જરૂર સહાયક બનશે. જેમ આ ઘર તમારું છે, તેમ એ ઘર મારું છે. તમે હૃદયમાંથી અંતર કાઢી નાંખો. આપણે જ્યારે જ્યારે ગયા છીએ ત્યારે પિતાએ તમને ખૂબ આપ્યું છે. મારું માનો તો એકવાર ત્યાં જાઓ.'' ખાનદાન ધનસારે કહ્યું, ''પ્રિયે ! તું ભોળી છે. દરિદ્રાવસ્થામાં ત્યાં જવું ઉચિત નથી. પૂર્વે આપણી પાસે પૈસા હતા તેથી બધે માન-પાન મળતું હતું. આજે પૈસો રહ્યો નથી ત્યારે એમના રૂપિયાને આપણે આકર્ષિત નહીં કરી શકીએ. સંબંધોની ગરિમા જળવાશે કે નહીં તેની આશંકા હોવાથી મને ત્યાં જવું ઉચિત લાગતું નથી.''

પત્નીએ પોતાની રટ ન છોડી. આ સમસ્યાનો તાકીદથી ઉકેલ લાવવા આખરે સ્ત્રી હઠ સામે ધનસારને નમતું જોખવું જ પડયું. ધનસાર ઉપવાસના દિવસે શ્વસુર ગૃહે જવા નીકળ્યો. રાત્રિના સમયે કોઈક ગામમાં ધર્મશાળામાં વિસામો લીધો. સવારે ઉપવાસના પારણાના સમયે મુનિ ભગવંતની રાહ જોવા લાગ્યો. *'કોઈ મુનિવર અથવા સાધર્મિકને આપીને પછી પારણું કરું.' એવા વિચારોમાં તે ચારે બાજુ જોવા લાગ્યો. રાહ જોતાં બપોર થઈ ગઈ. એક મુનિરાજ આવતાં દેખાયા. તે હર્ષપૂર્વક સામે ગયો. 'અરણ્યમાં મુનિ દર્શન ! અહો,* હજી મારું ભાગ્ય પાધરું છે ! મારી ભાવના પૂર્ણ થશે.' મુનિરાજ માસક્ષમણના તપસ્વી હતા. ગામમાંથી અચિત પાણી મળ્યું પરંતુ ભોજન મળ્યું ન હતું. પત્નીએ પ્રવાસમાં આપેલું ભાતું મુનિનાં પાત્રમાં પુલકિત થઈ વહોરાવ્યું. દાનની પાંચે શુદ્ધિઓ મળી ગઈ. ગ્રાહક શુદ્ધ, આહાર શુદ્ધ, દાતા શુદ્ધ, સમય શુદ્ધ અને ભાવ શુદ્ધ. ધનસારનો આનંદ બમણો થયો. મુનિ ભગવંતને વહોરાવી થોડે સુધી મૂકવા ગયો. પછી ભાતું કરી આગળ વધ્યો. મુનિદાનના અવસરનું વારંવાર સ્મરણ કરતાં હૃદયમાં અપૂર્વ આનંદની હેલીઓ ચડી.

તેવા વિચારોમાં તે શ્વસુર ગૃહે આવ્યો. ગામમાં પ્રવેશ કરતી વખતે શુકન સારા ન થયાં. બજારમાં સસરાની દુકાન હતી, ત્યાં સસરા અને સાળાને બેઠેલા જોયાં. તે બન્નેએ પણ જમાઈને જોયા. 'આ માંગણ કંઈક માંગવા આવ્યો છે.' એવું સમજી અજાણ્યા બની તેઓએ ઉપેક્ષા ભાવે મુખ ફેરવી લીધું. નિર્ધન ધનસારે તે મિજાજ સહન કરી લીધો. ત્યાંથી તે ઘરે ગયો. સાસુએ ફક્ત પોતાની પુત્રીની કુશળતા પૂછી. ધનસારને ભોજન માટે પણ ન પૂછયું. તે ખાટલા પર બેઠો. સાંજે સસરા આવ્યા ત્યારે તેમની સાથે સામાન્ય ભોજન કર્યું. સસરા દુકાને ચાલ્યા ગયા. રાત્રિની ચાર ઘડી વીતી ત્યારે ઘરે આવ્યા. સસરાએ રુક્ષતાથી પૂછયું, ''કેમ આવ્યા છો ?'' ધનસારે કહ્યું, ''તમને મળવા.'' સસરાએ અક્કડતાથી કહ્યું, ''ઠીક, કેટલા દિવસ રહેવાના છો ?'' ધનસારે કહ્યું, ''નહીં, કાલે પાછો જવાનો છું.'' સસરાએ કહ્યું, ''વહેલી પરોઢે જ ચાલ્યા જજો એટલે જલ્દી પંથ

કપાઈ જાય.'' એમ કહી સસરા સૂઈ ગયા. ધનસાર વહેલી પરોઢે ઉઠી ત્યાંથી નીકળી પડયો. તેણે વિચાર્યું પત્નીના હઠાગ્રહથી હું ટાંટિયાતોડ કરી સાસરે આવ્યો પરંતુ નિષ્ફળ ગયો.' એમ વિચાર કરતો મંથર ગતિએ નિરાશ વદને તે જે સ્થાને મુનિને દાન આપ્યું હતું એ સ્થાને આવ્યો. પુનઃ મનમાં ચિત્તરંજક સત્કૃત્યનું સ્મરણ થતાં હર્ષોલ્લાસ ઉત્પન્ન થયો. દાનનું સ્મરણ થતાં તે રોમાંચિત થયો.

બાજુમાં અલપઝલપ નદી વહેતી હતી. તેને વિચાર આવ્યો કે, 'ખાલી હાથ જઈશ તો મારી ભોળી પત્ની નિરાશ થશે. શું મારા પિયરિયાં આટલા બધા નિષ્ઠુર છે કે, કોઈ ઓથ ન આપી ? પત્નીનો કષાય ન વધે અને પ્રથમ દર્શને હું તેને નિરાશ ન કરું, તેથી આ નદીના પથ્થરો લઈ લઉં. કોઈ વેપારીને જોખવા આપીશ તો મૂલ્ય આવશે. કોઈ નહીં લે તો મુનિદાનનું સંભારણું મનોસામ્રાજ્યમાં જરૂર રહેશે.' એવી ભાવનાથી ગોળમટોળ રંગબેરંગી પથ્થરો થેલામાં ભર્યા. તેનું પોટલું વાળી મસ્તકે ઉપાડયું. પત્નીએ ઘરે આવતાં પતિને જોઈ વિચાર્યું, 'મારા પિતાએ ઘણું બધું આપ્યું લાગે છે.' પોટલું ઉપાડી અંદર મૂક્યું. રસોઈ બનાવી, ભોજન પીરસી અધીરી બની પોટલું જોવા જતી હતી ત્યાં ધનસારે કહ્યું, ''પ્રથમ તું ભોજન કરી લે. પછી બન્ને સાથે પોટલું ખોલશું.'' જિજ્ઞાસુ શેઠાણીને ધીરજ ક્યાં હતી ? તેનો જીવ તેમાં ભરાયેલો હતો. તેણે તો એ ઘડીએ જ પોટલું ખોલ્યું. આખો ઓરડો ચળકતાં રત્નોનાં પ્રકાશથી ભરાઈ ગયો. તેણી ઓરડામાંથી જ બોલી, ''જુઓ, જુઓ, મારા પિતાજીએ કરોડોનાં રત્નો આપ્યાં છે ! હું કેટલા દિવસથી તમને ત્યાં જવાનું કહેતી હતી પરંતુ તમે જ માનતા ન હતાં. જો પહેલાં જ ત્યાં ગયા હોત તો આટલા દિવસ ભૂખનું દુઃખ વેઠવું ન પડત.'' ધનસારે વિચાર્યું, ''આ ભોળી ભાર્યા રત્ન અને પથ્થરના ભેદને પીછાણતી નથી.''

પત્ની બે-ત્રણ વાર પિતાનું નામ લઈ પિયરિયાના વારંવાર ગુણ ગાવા લાગી ત્યારે ધનસારે કહ્યું, ''તને ખબર છે તારા પિતાએ શું આપ્યું છે ?'' તેણીએ કહ્યું, ''આટલું આપ્યા છતાં પણ તમને સંતોષ નથી ? ખરેખર ! જમ અને જમાઈ કદી તૃપ્ત ન થાય, એ કહેવાત સત્ય છે. તમે અહીં આવી જુઓ.'' ભોજન ઉપરાંત ધનસાર ઓરડામાં ગયો. ત્યાંનું દશ્ય જોઈ તે આશ્ચર્યચકિત થયો. 'હું પથ્થર લાવ્યો હતો તે સત્ય છે અને અહીં રત્ન છે તે પણ સત્ય છે પરંતુ આ થયું કઈ રીતે ?' વિચારતાં વિચારતાં તેને મુનિદાનનું સ્મરણ થયું. 'ખરેખર ! આ ઉગ્ર પુણ્યનું ફળ મને શીઘ્ર મળ્યું છે.' પતિને વિચારાધીન જોઈ પત્નીએ પૂછયું, ''શું મારા પિતાએ તમને બતાવ્યા વિના જ રત્નો આપ્યાં છે ?'' ધનસારે કહ્યું, ''મુગ્ધે ! આ તારા પિતાએ નથી આપ્યાં પરંતુ પુણ્યથી મળ્યાં છે.'' પછી ધનસારે પત્નીને સઘળી હકીકત કહી. હવે ધનસાર શેઠ ધનાઢયતા અને દાનપ્રિયતાથી પુનઃ પ્રખ્યાત થયાં. તેમણે દાન-પુણ્યમાં જીવનનો રાહ કંડાર્યો. દાનનો આદર્શ જીવનમાં ઓતપ્રોત થયો. તેમણે ઉદારચિત્તે અને નિઃસ્વાર્થ ભાવે ધર્મસ્થાનો બંધાવ્યાં, જ્ઞાનભંડાર ખોલાવ્યાં, પુસ્તકો લખાવ્યાં, ચતુર્વિધ સંઘની ઉચ્ચ કોટિની ભક્તિ કરી.

અંતે ધનસાર શેઠ અને શ્રાવિકાએ સંસારનો ત્યાગ કરી સંયમ અંગીકાર કર્યો. શુદ્ધ સંયમનું પાલન કરી તેઓ બન્ને સ્વર્ગમાં ગયાં.

માણસનો સૌથી મોટો દુર્ગુણ તેની સ્વાર્થપ્રિયતા, આત્મકેન્દ્રિતતા છે, જે તેને પરમાર્થ માર્ગે જતાં રોકે છે. તેની દષ્ટિ સંકુચિત બને છે. સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે તેમ 'મારું અને પારકું' એવી ગણતરી ધરાવતા સસરા મનથી કૃપણ હતા જ્યારે ઉદાર ચરિત્ર ધરાવતા ધનસાર શેઠ નિઃસ્વાર્થ વિતરક હતા. સમગ્ર પૃથ્વી તેમને મન તેમનું કુટુંબ હતું.

**ધનસાર્થવાહ** : (ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર)

**જંબુદ્વીપ**ના પશ્ચિમ **મહાવિદેહ ક્ષેત્ર**માં **ક્ષતિપ્રતિષ્ઠિતપુર** નામનું નગર હતું. ત્યાં **પ્રસન્નચંદ્ર** રાજા રાજ્ય કરતા હતા. એમનું ઐશ્વર્ય ઈન્દ્રતુલ્ય હતું. તે સદા ધર્મ-કર્મમાં વ્યસ્ત રહેતા હતા. તે નગરીમાં **ધન** નામનો એક શ્રીમંત શ્રેષ્ઠી હતો. તેનો યશ ચારે તરફ દૂર દૂર સુધી વિસ્તરેલો હતો. તે પરોપકારી હતો. પોતાના ધનનો ઉપયોગ પરોપકારના કાર્યમાં કરતો હતો. વળી, ગંભીરતા, ઉદારતા અને ધૈર્યતા જેવા ગુણોથી જીવન ધોરણ શોભતું હતું. તેની પાસે વિપુલ ધનની સાથે સાથે ઘણું પશુધન પણ હતું. શ્રેષ્ઠીના સેવકો પણ ધન અને ઐશ્વર્યથી આપ્લાવિત હતા. અર્થાત્ તેમને અધીનસ્થ કોઈ પણ દરિદ્ર ન હતું.

એક દિવસ ધન શ્રેષ્ઠીએ **વસંતપુર** જવાનો વિચાર કર્યો. નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, 'જેની ઈચ્છા હોય તેઓ ધન શ્રેષ્ઠી સાથે વસંતપુર જઈ શકે છે. જેની પાસે પાત્ર નહીં હોય તેને પાત્ર આપશે, વાહન નહીં હોય તેને વાહન મળશે, જેને જેવી આવશ્યક્તા હશે તેની પૂર્તિ કરવામાં આવશે, જેની પાસે પાથેય નહીં હોય તેને પાથેય આપશે. યાત્રામાં ચોર, લૂંટારા અને હિંસક પશુઓથી રક્ષા કરશે. જે અસ્વસ્થ અને અશક્ત હશે તેની બાંધવની જેમ શુશ્રૂષા કરશે.' આવી તકેદારીનાં સૂચનો સાંભળી નિર્ધારિત સ્થાને લોકો એકઠાં થયાં.

શુભ મુહૂર્તે વસંતપુર તરફ પ્રયાણ કર્યું ત્યારે સાધુચર્યા કરતા તેજસ્વી મુખમુદ્રાવાળા, પ્રતિભા સંપન્ન **ધર્મઘોષ આચાર્ય** સપરિવાર ત્યાં પધાર્યા. આચાર્યે કહ્યું, ''અમે તમારી સાથે વસંતપુર આવશું.'' ધનશ્રેષ્ઠીએ કહ્યું, 'ભગવન્! આ તો સોનામાં સુગંધ ભળી. સાર્થ સાથે ધર્માત્મા ઉપસ્થિત હોય તે અતિ ઉત્તમ કહેવાય. આપ સહર્ષ મારી સાથે ચાલો.''

આ પછી ધન શ્રેષ્ઠીએ રસોઈયાને બોલાવી કહ્યું, ''મહાત્માને નિત્ય અન્ન-જળ આપજો.'' આચાર્યે કહ્યું, ''સાધુ એ અન્ન-જળ ગ્રહણ કરે છે, જે એમના માટે ન બનાવેલું હોય, ન બનાવાયું હોય, એમના નિમિત્તે કરવાનો સંકલ્પ પણ ન કર્યો હોય. કૂવા, વાવ, સરોવરનું સચિત્ત પાણી સાધુ ગ્રહણ કરતા નથી.'' એ જ સમયે કોઈ આમ્રફળનો થાળ લાવ્યો. ધન શ્રેષ્ઠીએ કહ્યું, ''ભગવન્! આ આમ્રફળ ગ્રહણ કરી મને કૃતાર્થ કરો.'' આચાર્યે કહ્યું, ''હે શ્રેષ્ઠીવર્ય! સાધુ સચિત ફળને ખાવાની વાત તો દૂર રહી તેને સ્પર્શતા પણ નથી.'' શ્રેષ્ઠીએ આશ્ચર્ય પામતાં કહ્યું, ''આપ શ્રી ઘણું કઠોર વ્રત પાલન કરો છો. આવું વ્રત પાલન કરવું દુષ્કર છે, છતાં આપશ્રી મારી સાથે ચાલો. હું આપશ્રીને નિર્દોષ, એષણીય આહાર આપીશ.''

આચાર્યને વંદન કરી તેમને વિદાય આપી. ધન શ્રેષ્ઠી સાર્થની અગ્રેસર રહ્યા. તેમની પાછળ તેમના મિત્ર **મણિભદ્ર** અને રક્ષકો હતા. બળદ, ઊંટ અને ઘોડાઓની ખરીની ઉડતી ધૂળથી આકાશ અંધકારમય બન્યો. શ્રેષ્ઠી ધનવાન અને નિર્ધન બધાનો યોગક્ષેમ સમાન ભાવથી કરતા હતા. ઊંચ નીચના જુદાં જુદાં બીબાં ન હતાં. દિવસો, માસ પસાર થયા. ગ્રીષ્મ ઋતુ પછી વર્ષા ઋતુ આવી. આકાશ કાળાં વાદળોથી છવાઈ ગયું. વિજળી ચમકવા લાગી. અચાનક ધોધમાર વરસાદ વરસ્યો. પાણી, કાદવ અને કાંટાથી માર્ગ દુર્ગમ બન્યો. પશુઓ કીચડમાં ચાલવાને અસમર્થ હતા, તો મનુષ્યો ક્યાંથી ચાલી શકે ? આગળ જવું મુશ્કેલ બનતાં ધન શ્રેષ્ઠીએ વનમાં એક જગ્યાએ સ્થિર રહેવાનો વિચાર કર્યો. મિત્ર મણિભદ્રએ જીવરહિત અને ઉપદ્રવ રહિત ભૂમિ જોઈ ત્યાં પડાવ નાંખ્યો. આચાર્ય પોતાના સમુદાય સાથે ત્યાં બિરાજમાન થયાં. વરસાદના કારણે સાર્થનું ઘણા દિવસ સુધી એક સ્થાને રોકાણ થયું. ધન સાર્થવાહે સાથે લીધેલો પાથેય,

પશુઓનો ચારો અને ધન-ધાન્ય ખૂટી પડયાં. સાર્થજનો ક્ષુધાથી પીડિત થઈ તાપસની જેમ વનનાં મૂળ-કંદ ખાઈ દિવસો પસાર કરવા લાગ્યાં.

એક દિવસ મણિભદ્રે પોતાના મિત્રને સાર્થજનોની દુર્દશાનું નિવેદન કર્યું. રાત્રિના સમયે સાર્થજનોની ચિંતા કરતાં કરતાં દયાળુ શ્રેષ્ઠીની આંખો મીંચાઈ ગઈ. રાત્રિના શેષ પ્રહરમાં શુભચિંતક અશ્વશાળાનો એક પ્રતિહારી કહેવા લાગ્યો, ''અમારા સ્વામીનો યશ ચારે બાજુ વિસ્તૃત છે. યદ્યપિ અમે અત્યારે દુ:ખદ સ્થિતિમાં છીએ, છતાં પણ અમારું સુંદર રીતે પોષણ કરે છે.'' આ શબ્દો ધન શ્રેષ્ઠીને કાને પડયા. માનસપટલ ઉપર અનેક યાદોની વણજાર ઊભી થઈ. 'સાર્થજનો સાથે આવેલા આચાર્ય ધર્મઘોષ આદિ સાધુજનો પોતાનો નિર્વાહ કઈ રીતે કરતાં હશે ? તેઓ સચિત્ત મૂળ-કંદને સ્પર્શતા નથી. પોતાના માટે બનાવેલું લેતા નથી. આ કપરા કાળમાં ન જાણે તેઓ કઈ સ્થિતિમાં હશે ? માર્ગમાં બધી જ વ્યવસ્થા હું કરી આપીશ, એવું કહી મેં તેમને આશ્વાસન આપેલું પરંતુ મેં તો એક વાર પણ તેમના ખબર પૂછયા નથી, નથી મેં તેમને સંભાર્યા. હવે હું ત્યાં કઈ રીતે જાઉં ? છતાં આજે તેમની પાસે દર્શન કરવા જઈશ અને મારા પાપોનું પ્રક્ષાલન કરીશ. આ સિવાય નિષ્પરિગ્રહી મહાત્માની હું શું સેવા કરી શકું ?' આવા વિચારોમાં ખોવાયેલાં ધનશ્રેષ્ઠી પ્રભાત થતાં બાળકની જેમ ઉતાવળા થઈ ઉઠયા. વસ્ત્રાલંકારો પરિધાન કરી વિશેષ વ્યક્તિઓની સાથે આચાર્યની કુટિરમાં આવ્યા. આચાર્યની શાંત-પ્રશાંત, ધીર-ગંભીર મુખ મુદ્રા જોઈ તેમની આસપાસ કેટલાક મુનિ ધ્યાનમાં લીન હતા. કેટલાક મૌન હતા. કેટલાક સ્વાધ્યાયમાં જોડાયા હતા. કેટલાક ધર્મકથા શ્રવણ કરાવી રહ્યા હતા તો કોઈ તત્ત્વજ્ઞાન સમજાવી રહ્યા હતા. શ્રેષ્ઠીએ પ્રથમ ધર્મઘોષ મુનિને અને ત્યાર પછી અન્યાન્ય મુનિઓને વંદના કરી. આચાર્યએ ''જૈન ધર્મ પ્રાપ્ત થાઓ'' એવા અશીર્વાદ આપ્યા.

ધન શ્રેષ્ઠી આચાર્યના ચરણમાં પ્રસન્નતાપૂર્વક બેસી ગયા. તેમને બે હાથ જોડી કહ્યું, ''ભગવન્! હું આપને મારી સાથે લઈ જઈશ, એવું મેં કહેલું પરંતુ મારું વાક્ય શરદ ઋતુના મેઘાડંબરની જેમ મિથ્યા અને આડંબર પૂરવાર થયું છે કારણકે આજ દિવસ સુધી મેં આપના દર્શન કર્યા નથી. નથી આપનો અન્ન-જળ કે વસ્ત્રથી સત્કાર કર્યો. હું જાગૃત હોવા છતાં નિદ્રાધીન બનેલો હતો. મેં આપની અવજ્ઞા, અભક્તિ, અપરાધ કર્યો છે. મેં પ્રમાદવશ વચન ભંગ કર્યો છે. મારી અંદર તેનો ઉત્પાત-ખેદ મચ્યો છે. મને આપ ક્ષમા કરો. આપ તો પૃથ્વીની જેમ સર્વસહા છે.'' આચાર્યે પ્રત્યુત્તરમાં કહ્યું, ''હે સાર્થવાહ ! તમે માર્ગમાં હિંસક પશુઓથી અને ઝેરી જીવજંતુઓ અમારી રક્ષા કરી છે. અમને સર્વ પ્રકારનું સન્માન આપ્યું છે. સાર્થજનોએ ભોજન-પાણી આપ્યાં છે, તેથી અમને માર્ગમાં કોઈ અસુવિધા થઈ નથી માટે તમે કોઈ જાતનો ખેદ ન કરો.'' સાર્થવાહે કહ્યું, ''ખરેખર ! સત્પુરુષોને સર્વત્ર ગુણ જ દેખાય છે. તમે પ્રસન્ન થઈ મુનિઓને ભિક્ષા માટે મારી સાથે મોકલો. હું આપને અનુકૂળ અન્ન-જળ આપીશ.''

મુનિગણ ભિક્ષા લેવા શ્રેષ્ઠીના આવાસે આવ્યા. ભાગ્યયોગે તે સમયે શ્રેષ્ઠીના આવાસે એવું કંઈ ન મળ્યું જે મુનિગણ ગ્રહણ કરી શકે. શ્રેષ્ઠીએ અહીં તહીં જોયું. અચાનક તેમની દષ્ટિ તાજા ઘીના ઘડા પર પડી. શ્રેષ્ઠીએ પૂછયું, ''મુનિવર ! આ ઘી તમને ઉપયોગમાં આવી શકે ?'' મુનિએ ''હા'' પાડી ભિક્ષા પાત્ર સન્મુખ રાખ્યું. 'હું ધન્ય બન્યો, હું કૃતાર્થ બન્યો, કૃતકૃત્ય બન્યો,' એવું ચિંતન કરતાં ધન શ્રેષ્ઠીના સાડા ત્રણ ક્રોડ રોમરાય રોમાંચિત થયા. તેમણે સ્વહસ્તે મુનિઓના પાત્રમાં ઘી વહોરાવ્યું. તેમણે આનંદ અશ્રુ સહિત

નેત્રોથી તેમને વંદના કરી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું. ધન શ્રેષ્ઠીએ મોક્ષરૂપી વૃક્ષના બીજ સમાન સમ્યક્ત્વ પ્રાપ્ત કરી દુર્ભાગ્યને ઠેલી દીધું.

સંધ્યા ટાણે ધન શ્રેષ્ઠી પુનઃ મુનિઓ પાસે ગયા. તેમને વંદન કરી આચાર્ય પાસે બેઠા. ધર્મઘોષ સૂરિએ શ્રુત કેવળીની જેમ ગંભીર અને મંદ સ્વરે ધર્મનું સ્વરૂપ વિસ્તારથી સમજાવ્યું. દાન-શીલ-તપ અને ભાવધર્મનું સ્વરૂપ સાંભળી ધન શ્રેષ્ઠીએ કહ્યું, ''ભગવન્! આવાં અપૂર્વ વચનો મેં કદી શ્રવણ કર્યા નથી તેથી હું સંસારમાં ચારે ગતિમાં પરિભ્રમણ કરતો રહ્યો છું. મારા કર્મોએ મને છેતર્યો છે.'' આચાર્યના ઉપદેશથી ધન શ્રેષ્ઠી ધર્મ પ્રેમી થયાં. ઘણું ધન કમાઈ શ્રેષ્ઠી પુનઃ ક્ષતિપ્રતિષ્ઠિત નગરમાં આવ્યા. ઘણાં વર્ષો પછી આયુષ્ય પૂર્ણ થતાં ધન શ્રેષ્ઠી સુપાત્ર દાનનાં પ્રભાવે **ઉત્તર કુરુ ક્ષેત્ર**માં યુગલરૂપે જન્મ્યા. ત્યાંથી **સૌધર્મ** દેવલોકમાં ગયાં.

કહ્યું છે કે -

**'ब्याजे स्याद् द्विगुणं वित्तं, व्यापारे तु चतुर्गुणम् ।**
**क्षेत्रे शतगुणं ज्ञेयं, दानेचानन्तगुणं मतम् ।।'**

વ્યાજે આપેલું ધન બમણું થાય છે, વ્યાપારમાં રોકેલું ધન ચારગણું થાય છે, ખેતીમાં સોગણું અને સત્પાત્રને દાનમાં આપેલું ધન અનંતગણું થાય છે. ધન્નાસાર્થવાહને તીર્થંકરત્વનારૂપે દાનનું અનંતગણું ફળ પ્રાપ્ત થયું. ખરેખર! દાનવીરનું ભવિષ્ય ખૂબ ઉજ્જવળ હોય છે.

**ધનસેન :** (દાન પ્રકાશ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **ચલપુર** નામનું નગર હતું. ત્યાં **સુરતેજી** નામે રાજા રાજ્ય કરતો હતો. આ નગરમાં દયા, દાક્ષિણ્ય ભાવથી શોભતો **ધનસેન** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેણે કોઈ વણિક પાસેથી જમીન લીધી; જેમાં લોકોને સાક્ષી રાખ્યા. આ જમીન પર ઘર બનાવવાનું નક્કી કર્યું.

એકદા ઘરનો પાયો ખોદતાં નોકરોને ખજાનો મળ્યો. સુવર્ણોના કળશોથી ભરેલો નિધાન (ચરુ) જોઈ ધનપતિ આનંદિત થયો. આ સમાચાર પેલા વણિકને મળ્યા, જેની પાસેથી જમીન લીધી હતી. તેણે આવીને ધનપતિને કહ્યું, ''આ નિધાન મારું છે. મારા પૂર્વજોએ ભૂમિમાં દાટેલું હતું તેથી મને મળવું જોઈએ.'' ધનપતિએ કહ્યું, ''હે ભદ્ર! રાજા જેમ કહેશે તેમ કરશું.'' વણિક ઘરે ગયો. યોગાનુયોગ તે જ રાત્રિએ સર્પદંશથી તે મૃત્યુ પામ્યો. લોકો કહેવા લાગ્યાં કે, ''વણિકે ધનના લોભથી ખોટું કર્યું પરંતુ પુણ્ય વિના ધન ક્યાંથી મળે? ધનપતિને પરિશ્રમ વિના જ ધન મળ્યું.'' કોઈ લુચ્ચા માણસે રાજાને જઈ વૃત્તાંત જણાવ્યો કે,''ધનનો સ્વામી મૃત્યુ પામે એટલે તે ધન આપોઆપ રાજાનું થાય છે.'' રાજાએ ધનપતિને બોલાવી સઘળો વૃત્તાંત પૂછ્યો. ધનપતિએ સત્ય હકીકત જણાવી. સત્ય વચનથી ખુશ થઈ રાજાએ ધનપતિને ધન સુપરત કરી દીધું. ધનપતિ સુખેથી જીવન વ્યતીત કરવા લાગ્યો.

એકદા કેવળી ભગવંત નગરમાં પધાર્યા. રાજા તેમજ શ્રેષ્ઠીવર્ગ તેમને વંદન કરવા ગયા. રાજાએ કેવળી ભગવંતને વંદન કરી પૂછ્યું, ''ભગવન્! આ શ્રેષ્ઠીને રત્નો સહિત સુવર્ણ કળશ ભરેલો ચરુ કયા પુણ્યથી પ્રાપ્ત થયો છે? અને વણિકનું અકાળે શા માટે મૃત્યુ થયું?'' કેવળી ભગવંતે કહ્યું, ''હે મહિપતિ! આ **ભરતક્ષેત્ર**માં **કર્ણાવતી** નામની નગરી હતી. ત્યાં બે કુટુંબીઓ જુદા જુદા ઘરમાં રહેતાં હતાં. એકવાર તેમાનાં એકના ઘરે સાધુ મહાત્મા કોઈ નવદીક્ષિત સાધુ માટે પાત્ર લેવા આવ્યા. ઘરના વડીલે પાત્ર દેખાડી, સાધુને

યોગ્ય હોય તે પાત્ર આપ્યું. તે વખતે કોઈ કામ માટે બીજો કુટુંબી તેના ઘરે આવ્યો. તેણે કહ્યું, ''હે મૂઢ! આવું સુંદર પાત્ર આ મુંડિયાને શા માટે આપે છે?'' તે સમયે પ્રથમ કુટુંબીએ પાત્ર આપી પુણ્ય બાંધ્યું અને બીજાએ દાન ન આપવાની ભાવના વ્યક્ત કરી પાપ બાંધ્યું. અનુક્રમે પ્રથમ હતો તે ધનપતિ થયો અને બીજો હતો તે નિર્ધન વણિક થયો. એકને પુણ્યનું અને બીજાને પાપનું ફળ પ્રત્યક્ષ મળ્યું.''

ગુરુનાં વચનો સાંભળી ધનસેનને જાતિસ્મરણ જ્ઞાન થયું. સાધુઓને સુપાત્રદાન આપવાનો તેણે અભિગ્રહ કર્યો અને શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. ધનસેન મૃત્યુ પામી મહારિદ્ધિવાન દેવ થયો. દેવ ભવનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી મનુષ્યપણું પામી, ચારિત્ર અંગીકાર કરી મોક્ષે જશે.

કેટલીક વ્યક્તિઓ દાનનો નિષેધ કરે છે. કેટલાક વ્યંગ વચનો બોલે છે. કેટલાક છણકામણકા કરી દાન આપે છે. કેટલાક તિરસ્કાર (અપમાન) કરી, કેટલાક તર્ક-વિતર્ક કે પૂછતાછ કરી યાચકોને દાન આપે છે. આ સર્વ દાનનાં જખમો છે.

**આચાર્ય બૃહસ્પતિ**એ સુંદર વિચાર પ્રદર્શિત કર્યો છે. 'તમારી પાસે થોડું હોય તો ચિંતા ન કરો. આ થોડામાંથી પણ થોડું અદીન મનથી, ગ્લાનિ વિના, અભાવ દેખાડયા વિના, પ્રફુલ્લિત ચિત્તે આપો.' અલ્પ આપવું એ કૃપણતા નથી પરંતુ સામે આવેલા અતિથિને પોતાની પાસે હોવા છતાં ઈનકાર કરવો તે કૃપણતા છે.

**ધનસેન** : (દાનોપદેશમાલા, પદ્મસ્વામી ચરિયં)

**ગંગાદેશ**માં **શાલિશીર્ષ** નામે ગામ હતું. ત્યાં **સુમિત્ર** નામનો દરિદ્રી રહેતો હતો. સુમિત્ર ગરીબ હતો પરંતુ તેનામાં દાનની રુચિ અત્યંત હતી. એકવાર તેણે અટવીમાં જતાં એક મહાત્માને જોયાં. તેમની કાયા અત્યંત કૃશ થઈ ગઈ હતી. તેમને વંદન કરી વાર્તાલાપ કરતાં જાણ્યું કે, મુનિરાજનું માસક્ષમણનું પારણું છે. પોતાની સાથે લાવેલ ભાતું ખોલી સુમિત્રએ મહાત્માને પ્રાસુક આહાર લેવાનું આમંત્રણ આપ્યું. મહાત્માએ અન્ન - પાણી વહોરવા પાત્ર ધર્યું ત્યારે સુમિત્રએ અડધું પાત્ર ઘીથી ભરી દીધું. પછી જરાક થોભી વિચાર કર્યો કે, 'અડધા ભોજનથી નહીં હું તૃપ્ત થાઉં અને નહીં મહાત્મા તૃપ્ત થાય' એવું વિચારી સુમિત્રએ ઉલ્લસિત ભાવે બધું જ મુનિરાજને વહોરાવી દીધું. આ સમયે તેણે પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું.

સુમિત્રની તાસીર બદલાઈ ગઈ. સુપાત્ર દાનના પ્રભાવે તેના ઘરે ધન-ધાન્યની રેલમછેલ થઈ ગઈ. એકવાર **ભુવનમિત્ર** નામના અતિથિ પધાર્યા. છ માસ જેટલો સમય વ્યતીત થયો હતો. તપસ્વી મુનિરાજનો હજી સુધી અભિગ્રહ પૂર્ણ થયો ન હતો. સુમિત્રએ તેમને પારણા માટે પધારવાનું આમંત્રણ આપ્યું. ભુવનમિત્ર મુનિરાજનો અભિગ્રહ પૂર્ણ થવાથી સુમિત્રએ મંડક (પૂડલા) વહોરાવ્યા. હવે સુમિત્ર તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી **સુમંગલ શ્રેષ્ઠી**ના ઘરે **ધનસેન** નામે પુત્ર તરીકે અવતર્યો. પૂર્વે તેની પત્ની **સુસેના**એ મુનિરાજનો મેલોઘેલો વેશ જોઈ દુર્ગંછા કરી હતી તેથી તે બીજા ભવમાં વેશ્યા બની. તેનું **અનંગસેના** નામ પડયું.

એકવાર નગરમાં વિશિષ્ટ જ્ઞાની ભગવંત પધાર્યા. તેમની દેશના સાંભળી. ત્યારપછી ધનસેને જિજ્ઞાસાવશ પોતાનો પૂર્વભવ પૂછયો. જ્ઞાની ભગવંતે કહ્યું, ''પૂર્વે સુમિત્રના ભવમાં આંતરે આંતરે, ખચકાટ સાથે દાન આપવાથી ખંડિત લક્ષ્મી મળી છે. હવે મહાત્માને અખંડ દાન આપવું જેથી લક્ષ્મી અખંડિત થાય.'' ધનસેનને પોતાનો પૂર્વભવ સાંભળી મનમાં ઉહાપોહ થતાં, ઉંડાણપૂર્વક વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. ખમતીધર ધનસેને શ્રાવકવ્રત ગ્રહણ કરી દાનની છબી સાચવી રાખી. ધનસેનની પત્ની અનંગસેનાએ પણ

સરાહના કરતાં સત્પાત્રમાં ખૂબ દાન આપ્યું. આમ, બન્ને આત્માઓ દાનના પીઠબળથી મૃત્યુ પામી દેવલોકમાં ગયાં. અનુક્રમે ત્યાંથી મોક્ષે જશે.

**આચારંગ સૂત્રની ટીકા** (શ્રુ.૧, ઉ.૮, સૂ.૨)માં કહ્યું છે -

**'दुःख समुद्रं प्राज्ञास्तरन्ति पात्रार्पितेन दानेन।**

**लघुनैव मकरनिलयं वणिजः सद्यानपात्रेण।।'**

જેમ વણિકો અલ્પ પરંતુ સારા (ભાવ) દાન પાત્રથી સમુદ્ર તરી જાય છે, તેમ પ્રાજ્ઞજનો સુપાત્ર દાનના કીમિયાથી દુઃખ સમુદ્રને પાર કરે છે.

**ધન્યમુનિ :** (આરાધના કથાકોશ, પૃ. ૩૩૨)

**જંબુદ્વીપ**ના **પૂર્વ મહાવિદેહ** ક્ષેત્રની પ્રસિદ્ધ એવી રાજધાની **વીતશોકપુર**ના રાજવી **અશોક** અત્યંત કૃપણ હતો. જ્યારે ફસલ કાપીને ખેતરમાં ખળામાં રાખવામાં આવતી. ત્યારે તે બળદોનાં મુખે છીકલું બાંધી દેતો અને રસોઈઘરમાં કામ કરતી નારીઓના સ્તનો બાંધી તેમના બાલુડાઓને દૂધ પીતાં અટકાવતો. સાચું જ છે, લોભી માનવી શું નથી કરતો ?

એક દિવસ અશોક રાજવીને મુખની એવી બીમારી થઈ કે જેના દ્વારા તેનું મોં અંદરથી રાતુંચોળ થઈ ગયું. માથામાં હજારો ગુમડાઓ થયાં. આની પારાવાર પીડા તે ભોગવી રહ્યો હતો. તે કંઈ ખાઈ ન શકતો કે ન સુખે નિદ્રા કરી શકતો. રાજાએ વૈદ્ય પાસેથી તે રોગની ઔષધિ બનાવડાવી. તે ઔષધ પીવા જતો જ હતો કે એટલામાં ચરણકમલ વડે પૃથ્વીને પાવન કરનારા એક મુનિરાજ વહોરવા માટે તેની શેરીમાંથી નીકળ્યા. જાણે તેનું દાનાંતરાય કર્મ તોડવા જ ન આવ્યા હોય ! ભાગ્ય યોગે તે મુનિરાજ પણ રાજા અશોક જેવા જ મહારોગથી પીડાતા હતા.

તપસ્વી મુનિરાજની કષ્ટમય દશા જોઈ રાજાના મનમાં કરુણાનું ઝરણું ફૂટી નીકળ્યું. તેને એક વિચાર આવ્યો કે, 'આ તપોનિધિ, પંચમહાવ્રતધારી મુનિરાજ પણ મારી જેમ જ અને મારા જેવા જ રોગથી દુઃખી દેખાય છે. હું તેમને ઔષધ આપી રોગને શાંત કરું.' આવું વિચારી રાજાએ ઉમંગથી પોતાના માટે મહામુશ્કેલીએ મેળવેલી ઔષધ મુનિરાજને તરત જ વહોરાવી. ત્યાર પછી મુનિરાજને પથ્યકારી ભોજન આપ્યું. મુનિરાજે ઔષધનું સેવન કર્યું. તેનાથી રોગ શાંત થઈ ગયો. બળતરા ઓછી થઈ. ગુમડાઓ સુકાવા લાગ્યા. બાર-બાર વર્ષથી રોગથી પીડાતા મુનિરાજનો રોગ થોડા સમયમાં નાબૂદ થઈ ગયો. મુનિરાજ પૂર્વવત્ તંદુરસ્ત થયા.

અશોક રાજવીએ ઔષધદાન કરી મોટું પુણ્ય ઉપાર્જન કર્યું. તે મૃત્યુ પામી **અમલદઉપુર**ના રાજા **નિષ્ઠસેન**ની રાણી **નંદમતી**ની કુક્ષિમાં પુત્રપણે અવતર્યો. નવજાત શિશુનું નામ **ધન્ય** રાખ્યું. ધન્ય ગુણવાન અને સ્વરૂપવાન હતો.

એક દિવસ ધન્યએ **શ્રી નેમિનાથ ભગવાન**ની ધર્મદેશના શ્રવણ કરી. આ દેશના તેને અત્યંત રુચિકર લાગી. ભગવાન પાસેથી પોતાનું આયુષ્ય જાણી તેણે તે જ સમયે માયા, મમતા છોડી અણગાર ધર્મ અંગીકાર કર્યો.

એક દિવસ ધન્ય મુનિ નગરમાં વહોરવા ગયા. પૂર્વ જન્મના પાપ કર્મના ઉદયથી તેમને આહારમાં

અંતરાય પડી. કયાંયથી નિર્દોષ આહાર ન મળ્યો. તેઓ ઉપાશ્રયમાં પાછા આવ્યા. ત્યાંથી વિહાર કરી, તપશ્ચર્યા આગળ લંબાવી **સૌરીપુર**માં આવ્યા. અહીં **યમુના** નદીના તટ પર આતાપના દ્વારા ધ્યાન કરવા લાગ્યા.

એ સમયે ત્યાંનો રાજા શિકાર માટે ગયો હતો. શિકાર ન મળતાં પાછો મહેલ તરફ જતો હતો. ત્યાં તેની દષ્ટિ મુનિરાજ ઉપર પડી. મુનિને જોઈ 'અપશકુન થયા છે,' એમ માની મુનિરાજને બાણથી વીંધી નાંખ્યા. મુનિએ સમતાભાવ રાખ્યો. તેઓ શુક્લધ્યાનની શ્રેણીએ ચડયા. ઘાતી- અઘાતી સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધગતિ પ્રાપ્ત કરી.

દાનની તાકાત કેટલી! અશોક રાજવીએ સુપાત્રદાનના પ્રભાવે સંસારનો છેદ કરી બીજા જ ભવમાં મુક્તિલક્ષ્મી મેળવી.

**ધન્ય શ્રેષ્ઠી** : (ઉપદેશપ્રાસાદ, ભાષાંતર - ૪, સ્થંભ - ૧૫)

**પૃથ્વીપુર નગર**નો એક વણિક પોતાના કુટુંબ સહિત ભાગ્યવશ **પ્રતિષ્ઠાનપુર**માં આવ્યો. તેના કુળમાંથી એક વૃદ્ધાનો દીકરો પશુપાલનનો વ્યવસાય કરવા લાગ્યો. એક દિવસ પર્વ હોવાથી દરેકના ઘરે ખીરનું ભોજન થતાં છોકરાને ખીર ખાવાની અદમ્ય અભિલાષા જાગી. "મને ખીર આપ." એમ વારંવાર પુત્રના વચનો સાંભળી નિર્ધન વૃદ્ધા રડવા લાગી. ત્યારે પાડોશીની સ્ત્રીઓએ દૂધ, સાકર, ઘી અને ચોખા આપ્યા. વૃદ્ધાએ ખીર બનાવી. ખીર થાળીમાં પીરસી, વૃદ્ધા કામકાજ કરવા ચાલી ગઈ. વૃદ્ધાનો દીકરો ખીર ખાવા બેસતો હતો તેટલામાં એક તપસ્વી મુનિ પધાર્યા. મુનિને જોઈને તે ખુશ થયો. તેણે ઊભા થઈ મુનિને વંદન કરી કહ્યું, "પધારો ભગવંત! આ શુદ્ધ ખીર વહોરો. બાળકે ખીર વહોરાવી તે જ વખતે મનુષ્યનું આયુષ્ય બંધાયું. વૃદ્ધાએ પુત્રની સુપાત્ર દાનની ભક્તિની વાત જાણી. તેણે હાંડલીમાં રહેલી ખીર પીરસી. બાળકે એકલાએ જ સર્વ ખીર ખાધી. તેને વિસૂચિકાનો વ્યાધિ થયો. તે જ રાત્રિએ મૃત્યુ પામ્યો. મરતાં અગાઉ તેણે ઉલ્લસિત ભાવે સુપાત્ર દાન આપી જબરું પુણ્ય ઉપાર્જન કર્યું.

એ જ નગરીમાં **ધનસાર શ્રેષ્ઠી**નો ચોથો પુત્ર થયો. એનો જન્મ થયો ત્યારથી ધનસાર શ્રેષ્ઠીને ત્યાં ધન વધવા માંડયું તેથી તેનું નામ **ધન્નો** પડયું. વિનય, વિવેક અને ચતુરાઈના કારણે તે બાળવયમાં જ સમગ્ર કળાઓમાં નિષ્ણાંત થયો. તેના ઉત્તમ ગુણોથી માતા-પિતાનો પ્રીતિપાત્ર બન્યો. મોટા ત્રણ ભાઈઓને તેની સદા ઈર્ષા થતી. એકવાર ત્રણે ભાઈઓના કહેવાથી પિતાએ પુત્રોની પરીક્ષા કરવાનો નિર્ણય કર્યો. શેઠે ચારેને બોલાવી બત્રીસ સોનામહોરો આપતાં કહ્યું કે, "આ ધન વડે વેપાર કરીને નફો કરી લાવો."

ધન્નાએ બત્રીસ સોનામહોરો ખર્ચીને એક બળવાન મેંઢો (પાડો) ખરીદ્યો. તેણે રાજકુમારના મેંઢા સાથે લડાવવા માટે ત્રણ હજાર સોનામહોરની શરત કરી. રાજકુમારનો મેંઢો હાર્યો. ધન્નો ત્રણ હજાર સોનામહોરો જીતી ઘરે આવ્યો. મોટા ત્રણ ભાઈઓએ જુદા જુદા વ્યાપારમાં સોનામહોરો વાપરી પરંતુ ખોટ જતાં બિલકુલ નફો ન થયો. ભાઈઓ વચ્ચે બીજી પણ પરીક્ષાઓ થઈ પરંતુ બધામાં ધન્નો સવાયો નીકળ્યો.

આ ગામમાં એક કંજૂસ શેઠ રહેતા હતા. ઘરમાં ખાડો ખોદી તેમાં કેટલુંક ધન દાટયું હતું. બાકીનું ધન (રત્નો) સૂવાના ખાટલાના પાયામાં ગુપ્ત રીતે છુપાવ્યું હતું. ખાડા ઉપર ખાટલો રાખી શેઠ તેના પર સૂઈ રહેતા. જ્યારે મૃત્યુની વેળા આવી ત્યારે શેઠે પુત્રોને કહ્યું, "મને ખાટલા સહિત અગ્નિ સંસ્કાર કરજો." વૃદ્ધનું

મૃત્યુ થતાં તેની અંતિમ ઈચ્છા પ્રમાણે તેને ખાટલા સહિત સ્મશાનમાં લઈ ગયા. તે ખાટલો ચાંડાલે લીધો. ચાંડાલે તે ખાટલો બજારમાં વેચવા મૂક્યો. લબ્ધલક્ષ ધન્નાએ વિદ્યાના બળે કેટલાક ચિહ્નોથી પારખી ખાટલો ખરીદ્યો. તેમાંથી અમૂલ્ય રત્નો નીકળ્યાં. હવે ધન્નો માલદાર બન્યો. ધન્નાના વિકસતા ભાગ્યને ઈર્ષાળુ ભાઈઓ સહી ન શક્યા.

ધન્નાના ભાઈઓએ તેને મારી નાંખવાની તરકીબ રચી. સદ્નસીબે ભાભીઓને જાણ થતાં વ્હાલા દિયરને ચેતવ્યો. ધન્નો રાતોરાત ઘર છોડી નીકળી પડયો. **રાજગૃહી નગરી**ની બહાર ઉદ્યાનમાં આવી તે વિશ્રામ કરવા બેઠો. તેના પુણ્યોદયથી ઉજ્જડ ઉદ્યાન લીલુંછમ થઈ ગયું. ઉદ્યાન રક્ષકે આશ્ચર્ય પામતાં **કુસુમપાળ શ્રેષ્ઠી**ને વૃત્તાંત જણાવ્યો. તેમણે સૌભાગ્યશાળી ધન્નાને પોતાની પુત્રી પરણાવી. વિસ્મયકારી ઘટનાની જાણ થતાં **શ્રેણિક રાજા**એ પણ પુણ્યવંત જાણી પોતાની પુત્રી ધન્નાને પરણાવી અનેક ગામો ભેટમાં આપ્યાં. આ ઉપરાંત રાજકુંવરીની સખી **સુભદ્રા (શાલિભદ્ર**ની બહેન)ના વિવાહ ધામધૂમપૂર્વક ધન્ના સાથે થયાં. રાજાએ ધન્નાને મોટો મહેલ રહેવા માટે આપ્યો. તેમાં રહી ધન્નો પૂર્વ જન્મમાં આપેલ સુપાત્રદાનનું ફળ ભોગવવા માંડયો.

એક વખત રાજવૈભવ માણતો માલેતુજાર ધન્નો મહેલની અટારીમાં બેઠો હતો ત્યારે તેણે પોતાના સ્વજનોને ગરીબ હાલતમાં નગરમાં ફરતાં જોયાં. તેમને બોલાવી, કેટલાંક ગામો આપી સુખી કર્યાં. અવળચંડા ભાઈઓએ એક દિવસ પિતાની પાસેથી મિલકતનો હિસ્સો માંગ્યો. પિતાએ સમજાવ્યા છતાં ન માન્યા. કુટુંબમાં ધનને કારણે વિખવાદ થતો જોઈ ધન્નો ઘર છોડી ચાલ્યો ગયો. તે **કૌશંબી** નગરીમાં આવ્યો. ત્યાં **શતાનિક રાજા** રાજ્ય કરતા હતા. ત્યાં ધન્નાએ ઉદ્ઘોષણા સાંભળી, ''રાજભંડારમાં એક અમૂલ્ય રત્ન છે. તેની પરીક્ષા કરશે તેને રાજા સો હાથી, પાંચસો ઘોડા, પાંચસો ગામ અને **સૌભાગ્યમંજરી** નામની પુત્રી આપશે.'' રત્નની પરીક્ષામાં ધન્નો પાવરધો હતો. તેણે રત્નની પરીક્ષા કરી રાજપુત્રી સાથે પાણિગ્રહણ કર્યું. કંઈપણ લીધા વિના ઘર છોડનાર ભાગ્યશાળી ધન્નાના ચરણોમાં લક્ષ્મી સામેથી આવી આળોટવા લાગી.

હવે ધન્નાએ જનસેવા માટે નગરીની સમીપમાં એક તળાવ ખોદાવવા માંડયું. બીજી બાજુ જ્યારથી ધન્નો ઘર છોડીને ગયો ત્યારથી ધનસાર શ્રેષ્ઠીની સ્થિતિ પ્રતિદિન નબળી થવા લાગી. ઘરમાં કાંઈ ન બચતાં શેઠે ધન્નાની બે પત્નીઓને પિયર મોકલી દીધી. સુભદ્રા પિયર ન ગઈ. ધનસાર શેઠ કામધંધાની શોધમાં કૌશંબીમાં આવ્યા. તળાવ ખોદાતું હતું ત્યાં આખું કુટુંબ જોડાયું. તેમાં પુરુષને બે દીનાર અને સ્ત્રીઓને એક દીનાર મજૂરી પેટે મળતી તેમજ મફત ભોજન મળતું.

એક દિવસ ધન્નો તળાવ જોવા આવ્યો. તેણે મજૂરોની સાથે તગારા ઉંચકતું પોતાનું સઘળું કુટુંબ જોયું. ધન્નાએ અજાણ્યા થઈને પૂછયું, ''તમે ક્યાં રહો છો ? ક્યાંથી આવ્યા છો ? તમારા ચહેરા પરથી વર્તાય છે કે, તમે કોઈ ઉચ્ચ કુળના લાગો છે.'' ધનસાર શ્રેષ્ઠીએ આંસું વિના સ્વરે અતથી ઈતિ સુધીની પોતાની આપવીતી કહી. અંતે કહ્યું, ''હે જગત્ પાલક ! મારા કુટુંબને છાશ વિના બહુ અડચણ પડે છે, ખવાતું નથી તેથી છાશ આપવાની કૃપા કરો.'' ધન્નાએ કહ્યું, ''ભલે. છાશ લેવા તમારી વહુઓને મારે ઘેર મોકલજો.'' વહુઓ ધન્નાને ત્યાં વારાફરતી છાશ લેવા જવા લાગી. એક દિવસ સુભદ્રાનો વારો આવતાં તે પણ છાશ લેવા ગઈ. ધન્નાએ કહ્યું, ''તું કોણ છે ?'' તેણીએ નીચું મુખ રાખી કહ્યું, ''હું **ગોભદ્ર શેઠ**ની પુત્રી અને શાલિભદ્રની બહેન

છું. તમારા નામના શ્રેષ્ઠી મારા પતિ છે. પરંતુ ઘરમાં ક્લેશ થવાથી મને કહ્યા વિના ઘર છોડી ક્યાંક જતા રહ્યા છે.'' ધન્નાએ કહ્યું, ''ભદ્રે! પતિના વિયોગે તું શી રીતે રહી શકે છે? પતિવ્રત છોડી મારી સાથે ભોગ ભોગવ.'' ધન્નાએ ઘણી રીતે સુભદ્રાને લલચાવી તેના શીલની પરીક્ષા કરી. સુભદ્રાની પતિ ભક્તિ અને શુદ્ધ ચારિત્ર જાણી ધન્નાએ પોતાની ઓળખ આપી. સુભદ્રાને પોતાના ઘરમાં રાખી મુખ્ય પત્ની બનાવી. એવી જ રીતે ધન્નાએ માતા-પિતા, મોટાભાઈઓને સન્માન- પૂર્વક બોલાવી મહેલમાં રાખ્યા.

ધન્નાની ભાભીઓએ શતાનિક રાજાને ફરિયાદ કરી કે, ''ધન્નાએ અમારા કુટુંબનું અપહરણ કર્યું છે.'' શતાનિક રાજાએ સેવકો દ્વારા કહેવડાવ્યું કે, ''ફરિયાદીના કુટુંબના સભ્યોને છોડી મૂકો.'' ધન્નાએ સણસણતો જવાબ આપતાં કહ્યું, ''હું અન્યાય કરતો નથી અને મારા મામલામાં રાજાએ દખલગીરી કરવી યોગ્ય નથી.'' આ સાંભળી રાજાને પોતાનું અપમાન લાગ્યું તેથી ધન્નાને પકડવા તેમણે સેના મોકલી. સેના સાથે યુદ્ધ કરતાં ધન્નો જીતી ગયો. પ્રધાને કહ્યું, ''રાજન્! ધન્નો સદાચારી અને ધર્માત્મા છે.'' સ્ત્રીઓને પૂછ્યું, ''ધન્ના નામનો તમારો કોઈ સ્વજન છે?'' તેણીએ કહ્યું, ''હા, મારા દિયરનું નામ ધન્નો છે. તે ઘર છોડીને ક્યાંક ચાલ્યો ગયો છે.'' રાજાએ પૂછ્યું, ''તમારા દિયરના શરીર પર કોઈ ચિહ્ન હતું?'' સ્ત્રીઓએ કહ્યું, ''હા, પગમાં પદ્મનું ચિહ્ન છે.'' ધન્નાને બોલાવવામાં આવ્યો. ધન્નાએ ભાભીઓને પગે લાગી કહ્યું, ''શું શ્રેણિક રાજાની પુત્રીનો પતિ ધન્નો છે એવું ધારી મને બોલાવ્યો છે?'' ભાભીઓએ કહ્યું, ''તમારા પગ ધોઈ તમે અમારા દિયર છો કે નહીં તેની ખાતરી કરવી છે.'' ધન્નાએ કહ્યું, ''હું પરસ્ત્રીને સ્પર્શ કરતો નથી તો પગ ધોવડાવવાની વાત કેવી?'' હવે રાજા અને પ્રધાનના અતિ આગ્રહથી ધન્નાએ પોતાની વાસ્તવિક ઓળખ આપી. ભાભીઓને આવાસે લાવ્યા. ૫૦૦ ગામો ભાઈઓને આપ્યા. દુર્ભાગ્યથી દુકાળ પડ્યો. ગરીબી અને બેહાલીનું વાતાવરણ ઊભું થતાં લોકો ગામ છોડી નાશી ગયાં. ધન્નાએ પુનઃ પોતાના કંગાળ ભાઈઓને રાજગૃહી નગરીમાં જોયાં. તેમને આસરો આપવા ઘરે લાવ્યા. પ્રત્યેકને ચૌદ કરોડ સોનામહોરો આપી મદદ કરી. ભાઈઓ ધન લઈ નગર બહાર જતા હતા ત્યાં યક્ષે રોક્યા. ''આ ધન તમારા ભાગ્યનું નથી. તેનો માલિક ધન્નો છે.'' પુનઃ બધાં ભાઈ ધન્નાના શરણે ગયા. કૌશંબી નગરી છોડી ચાર પત્નીઓ સાથે ધન્નો રાજગૃહી નગરીમાં આવ્યો. અહીં ચાર શ્રેષ્ઠીઓએ પોતાની એક-એક પુત્રી ધન્નાને પરણાવી. આમ, ધન્નાની કુલ આઠ પત્નીઓ થઈ.

એક વખત **ધર્મઘોષસૂરિ** રાજગૃહી નગરીમાં પધાર્યા. તેઓ ચાર જ્ઞાનના ધારક હતા. ધન્નો ભાઈઓ સાથે ત્યાં ગયો. વંદન કરી પોતાના ત્રણે ભાઈઓની નિર્ધનતા વિશે પૂછ્યું ત્યારે આચાર્યએ કહ્યું, ''કોઈ ગામમાં ત્રણ ભાઈઓ કઠિયારાનો ધંધો કરતા હતા. તેઓ ભાતું લઈ જંગલમાં ગયા. બપોરે જમવા બેઠા. તે વખતે માસખમણના પારણે માસખમણ કરનારા તપસ્વી મુનિ ત્યાં આવ્યા. તેમને દાન આપવાની ભાવના થતાં ત્રણે ભાઈઓએ પોતાના ભાતામાંથી ઉમળકાભેર આહાર દાન આપ્યું પરંતુ મુનિના ગયા પછી પોતાનો વિચાર આવતાં ત્રણે ભાઈઓ પશ્ચાતાપ કરવા લાગ્યાં. 'અરેરેરે! આપણે નાહકનું બધું ભોજન સાધુને આપ્યું. સાધુ વગર મેહનતે બધું લઈ ગયા. આપણને ભૂખે મરવાનો વારો આવ્યો. આપણે મૂર્ખ છીએ.' આવા હીયમાન પરિણામથી તેઓ ત્રણે મૃત્યુ પામી વ્યંતર દેવ થયા. પૂર્વે મુનિરાજને દાન આપી પશ્ચાતાપ કર્યો તેથી વર્તમાને નિર્ધનતા લમણે ઝીંકાણી છે.''

આ સાંભળી સુભદ્રાએ પૂછ્યું, ''હે ભગવન્! કયા કર્મથી મારે માટી ઊંચકવી પડી?'' મુનિએ

કહ્યું, ''ધન્નો પૂર્વભવમાં એક વૃદ્ધાનો પુત્ર હતો. તમે ચારે પત્નીઓ તેની પાડોશણો હતી. પુત્રએ ખીરમાં માંગી. તેની માતા ગરીબાઈથી લાચાર બની રડવા લાગી. તમારામાંથી એકે દૂધ, બીજીએ ચોખા, ત્રીજીએ ખાંડ અને ચોથીએ તેજાના આપ્યા હતા. આ પુણ્યથી તમે આ ભવે શ્રેષ્ઠીપુત્રીરૂપે જન્મ પામ્યા છો. પૂર્વભવમાં તમારી એક દાસી હતી. એ દાસી માથે છાણાં ઉપાડી રહી હતી. માથા પર ભાર થતાં તેણે વધુ છાણાં ઉપાડવાની ના પાડી. આથી તમે ગુસ્સે થઈ કટાક્ષમાં કહ્યું, 'તું મોટી શેઠાણી ખરી ને ! તારાથી આટલાં છાણાં ન ઉપડે ?' તમારા આ કડવા વેણથી તમને અશુભ કર્મબંધ થયો. અશુભ કર્મના ઉદયથી આ ભવમાં તમારે માટી ઊંચકવી પડી અને શુભકર્મના ઉદયથી તમે શાલિભદ્રની બહેન બન્યા. '' પોતાનો પૂર્વભવ જાણી સૌ ધર્મ સાધનામાં ઉદ્યમવંત થયાં. ઘણાં વર્ષો સુધી સંસાર ભોગવી છેવટે ધન્નાએ દીક્ષા લીધી. તે એકવતારી પદ પામી મુક્તિ પામશે.

દાન આપનાર ધન્નાની જેમ ઐશ્વર્ય મેળવે છે જ્યારે દાન આપીને પસ્તાવો કરનાર ત્રણે ભાઈઓની જેમ નિર્ધનતાને બાથ ભીડે છે. બધા ધર્મોએ વહેંચીને ખાવાની વાત કરી છે. વિનોબાએ **'ઈશાવાસ્ય વૃત્તિ'**માં 'દાનં સંવિભાગ:'ના ઊંડાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રગટ કર્યા છે. આપણે કોઈને દાન આપતાં નથી પરંતુ તેને તેનો ભાગ આપીએ છીએ.

**ધન્યક - પુણ્યક :** (દાન પ્રકાશ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં વૈભવશાળી **કાંતીપુર** નામનું નગર હતું. ત્યાં ધનાઢ્ય અને મહાબુદ્ધિવાન એવા **શંખ શ્રેષ્ઠી** રહેતાં હતાં. તેમની **પદ્મશ્રી** નામની ભાર્યા હતી. આ દંપતીની વિનયાદિ ગુણોથી શોભતી **પુણ્યશ્રી** નામની પુત્રી હતી.

શંખ શ્રેષ્ઠીએ પોતાની પુત્રીના વિવાહ ખૂબ ધામધૂમથી કર્યા. શેઠે પુત્રીના વિવાહમાં ધનનો છૂટથી વ્યય કર્યો. આ લગ્નમાં **ધન્યક** અને **પુણ્યક** નામના બે ગરીબ રસોઈયાઓ ભાત (ચોખા) આદિ રસોઈ બનાવી રહ્યા હતાં. તે સમયે એક સાધુ યુગલ નિર્દોષ, પ્રાસુક, અચેત્ત પાણી વહોરવા માટે આવ્યું. ધન્યક-પુણ્યકે અત્યંત ખુશ થઈ તેમને વંદન કરી આગમનનું કારણ પૂછ્યું. તે સાધુઓએ કહ્યું, ''હે મહાભાગ! સાધુઓનો મોટો સાર્થ (કાફલો) વિહાર કરી રહ્યો છે. તેમાં તરસ્યા થયેલા બાળ અને વૃદ્ધ સાધુઓ માટે પ્રાસુક ચોખાના પાણી માટે અમે અહીં આવ્યા છીએ.'' પુણ્યકે આનંદિત થતાં કહ્યું, ''આ પાત્રમાં ઘણું ચોખાનું ધોવાણવાળું પાણી છે. તમે ઈચ્છા મુજબ વહોરી મને લાભ આપો. અહીં ઘણાં પકવાનો પણ છે, પરંતુ તે આપવાનો મારો અધિકાર નથી કારણકે મારી માલિકીનાં નથી માટે આ જળનો સ્વીકાર કરો. તેઓ ધન્ય છે, જેઓ સાધુઓને અન્નદાન આપવામાં કાર્યરત રહે છે. મારી પાસે તે (અન્ન) નથી માટે આ પાણી ગ્રહણ કરો.''

ધન્યક નામના બીજા ભાઈએ કહ્યું, ''હે ભાઈ ! આ બન્ને દાંભિક ભિક્ષુઓને કંઈ આપીશ નહીં.'' પુણ્યકે કહ્યું, ''ભાઈ ! આવું અનિષ્ઠ ન બોલ. સાધુઓ જંગમ તીર્થ છે. તેઓ સર્વ આરંભ - સમારંભના ત્યાગી છે. જેમ મેઘથી છંટાયેલી ધરતીમાં બીજ ઉગી નીકળે છે, તેમ સાધુઓને ભક્તિપૂર્વક દાન આપવાથી મહાફળ પ્રાપ્ત થાય છે.'' આમ કહી પુણ્યકે ઉત્કૃષ્ટ ભાવે, આનંદ સંવેદન સહિત શ્રેષ્ઠ સાધુઓને ચોખાનું પાણી વહોરાવ્યું. આથી પુણ્યકે જબરું પુણ્ય ઉપાર્જન કર્યું; જ્યારે ધન્યકે નબળા વિચારો વડે અશુભ કર્મ બાંધ્યું. બન્ને આયુષ્ય પૂર્ણ કરી મૃત્યુ પામ્યા.

**ભરતક્ષેત્ર**માં **કપીલપુર** નામના શહેરમાં તવંગર એવા **વસંત** નામની શ્રેષ્ઠી રહેતાં હતાં. તેની **સુંદરી** નામની સદાચારી સ્ત્રી હતી. ધન્યક અને પુણ્યકનો આત્મા સુંદરીના ગર્ભમાં આવ્યો. સુંદરીએ યુગલ શિશુને જન્મ આપ્યો. બન્ને બાળકો સ્વરૂપવાન હતાં. એકનું નામ **ભદ્ર** અને બીજાનું નામ **અતિભદ્ર** પાડ્યું. પિતાએ બાલ્યવસ્થામાં ઘણી કળાઓ શીખવી, ઉત્તમ કન્યાઓ સાથે પાણિગ્રહણ કરાવ્યાં. પિતા સમય જતાં પરલોક ગયા ત્યારે તે બન્ને સ્ત્રીઓ મિલકત માટે ઝગડો કરવા લાગી. બન્ને ભાઈઓ શાંતિ હેતુ મિલકતમાંથી એક એક લાખ રૂપિયા લઈ વિભક્ત થયા.

મોટો ભાઈ ભદ્ર સમય જતાં ગરીબ બન્યો જ્યારે નાનો ભાઈ અતિભદ્ર શ્રીમંત બન્યો. પુણ્યોદયથી નાનાભાઈનું ધન પ્રતિદિન વૃદ્ધિ પામતું જોઈને મોટાભાઈને ઈર્ષા થઈ. તેને વિચાર આવ્યો કે, 'નાના ભાઈએ મારાથી અછાનું ઘણું ધન છુપાવીને રાખ્યું છે, જેથી તે લોકનજરે કુબેર જેવો દેખાય છે.' આવો વિચાર કરી મોટોભાઈ નાના ભાઈ પાસે આવ્યો. ''ભાઈ! તેં મારી સાથે દગો કર્યો છે. તેં મને થોડું ધન આપ્યું અને વધુ મિલ્કત તારી પાસે રાખી છે. મને મારા હકનું ધન પાછું આપ.'' ઉદારમના નાનાભાઈએ દયા આવવાથી અડધું ધન મોટાભાઈને આપી દીધું. પાપના ઉદયથી એક વર્ષમાં તે ધન પણ હતું નહતું થઈ ગયું. દર વર્ષે મોટોભાઈ ઝગડો કરી નાનાભાઈ પાસેથી ધન પડાવવા લાગ્યો. તેણે એકવીસ વાર આવી રીતે નાનાભાઈ પાસેથી અણહકનું ધન આંચકી લીધું. પરંતુ અનીતિનું આ ધન તેની પાસે રહ્યું નહીં. જ્યારે નાનોભાઈ ઉત્તરોત્તર પ્રગતિ કરવા લાગ્યો.

એકવાર નગરમાં સૂરીશ્વરનું આગમન થયું. રાજા શ્રેષ્ઠીપુત્ર ભદ્ર અને અતિભદ્રને લઈ મુનિને વંદન કરવા આવ્યા. તેમની મધુરી દેશના સાંભળી. રાજવીએ મુનિરાજને વંદન કરી પૂછ્યું, ''ભગવન્! મારા રાજ્યમાં આ સહોદર શ્રેષ્ઠીપુત્રો રહે છે. તેમાં એક ભાઈને ત્યાં ધનની તંગી અને બીજાને ત્યાં ધનની રેલમછેલ છે તેનું શું કારણ છે?'' મુનિએ પૂર્વભવનો વૃત્તાંત જણાવ્યો ત્યારે તેઓને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. મોટોભાઈ છોભીલો પડી ગયો. તેણે પશ્ચાતાપ કરતાં કહ્યું, ''મને ધિક્કાર છે! મેં સ્વયં દાન આપ્યું નહીં અને જે સાધુને દાન આપતા હતાં તેને પણ નીંદનીય ગણ્યા તેનું ફળ હું અત્યારે ભોગવી રહ્યો છું.'' નાના ભાઈએ પૂર્વ જન્મના સુકૃત્યની મનોમન ખૂબ અનુમોદના કરી. મોટા ભાઈનું શુષ્ક જીવન બદલાઈ ગયું. હવે બન્ને ભાઈઓએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. દાન આદિ સુધર્મને આરંભી બન્ને કાળ કરી દેવલોકમાં ગયા.

માનવી ભીતરથી લીલોછમ (દાનવીર) ન બને તો તેનું જીવતર એળે જાય છે. જે ભીતરથી દાન આપી લીલોછમ બને છે તેનાં જીવતરમાં કદી પાનખર આવતી નથી.

**ધન્ના - શાલિભદ્ર** : (કથા કોષ પ્રકરણ ૧, પૃ.૧૫૪)

**મગધ** દેશમાં **રાજગૃહી** નગરીમાં **ગોભદ્ર** શેઠની પત્ની **ભદ્રા**ની કુક્ષિમાં **સંગમનો** આત્મા પુત્રપણે અવતર્યો. ધાન્યથી લચકતા શાલિ ક્ષેત્રના સ્વપ્નથી સૂચિત એવો ગર્ભ સુખપૂર્વક વૃદ્ધિ પામ્યો.

એવામાં ગોભદ્ર શ્રેષ્ઠીએ ચારે પ્રકારનાં ભાંડ જહાજમાં ભરી વેપાર માટે સમુદ્ર માર્ગે પ્રસ્થાન કર્યું. સમુદ્રની ભરતીમાં વહાણ જવા પ્રવૃત્ત થયું. મધદરિયે વહાણ પહોંચ્યું. એટલામાં ભાગ્યની વિષમતા અને વિધિની વક્રતાથી સમુદ્રમાં આકસ્મિક ઉપદ્રવો આવ્યા. ક્યારેક ભયંકર ઉછળતા મોજાઓને કારણે વહાણ ક્ષણવારમાં ઉછળતું, તો ક્ષણવારમાં નીચે પડતું. ક્યારેક પ્રચંડ પવનથી વહાણ દૂર ધકેલાઈ જતો. શઢ ઢીલો

મૂકી દેવાયો. લાંગરો નાખ્યાં. અસાર વસ્તુઓ દરિયામાં ફેંકી દીધી. યાત્રિકો ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા અને એકાએક તોફાન આવતાં વહાણ સમુદ્રમાં ઉથલી પડ્યું. શેઠ મૃત્યુ પામી ભવનપતિ દેવમાં ઉત્પન્ન થયા. દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. પોતાનું નાશ પામેલું જહાજ અને ક્લેવર જોયું. પોતાનું ઘર અને ગર્ભમાં રહેલ પુત્ર જોયો. પૂર્વ ભવનાં સાધુ દાનનાં મહાન પુણ્યથી યુક્ત પુત્ર પ્રત્યે આ દેવ સ્નેહવાળો અને આક્ષિપ્ત મનવાળો બન્યો. દાન આપનાર પ્રત્યે દેવ પણ પરમ સ્નેહી બન્યો !

ભદ્રાએ શેઠના મૃત્યુના સમાચાર સાંભળી મૃતકાર્યો કર્યાં. સમય જતાં તેમણે બાળકને જન્મ આપ્યો. સ્વપ્નાનુસાર તે બાળકનું નામ **શાલિભદ્ર** રાખ્યું. પુત્ર સ્નેહથી પિતા દેવ નિત્ય મૂલ્યવાન વસ્તુઓથી ભરેલી નવ્વાણું પેટીઓ મોકલતા હતા, જેનાથી તેની જાહોજલાલીમાં ઓર વધારો થયો. શાલિભદ્ર શ્રીમંતાઈમાં આળોટતો હતો. તે સોનાના ઘૂઘરે રમતો હતો. તેણે સર્વ કલાઓ હાંસલ કરી. યૌવન વયે શાલિભદ્રએ એક જ મુહૂર્તે કુળવાન બત્રીસ શ્રેષ્ઠી કન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યાં. દેવે બત્રીસ કન્યાઓના દિવ્ય મહેલો કરાવ્યા. તેમની સાથે ભવ્ય નિવાસ સ્થાનમાં શાલિભદ્ર આનંદ પ્રમોદમાં દિવસો પસાર કરતો હતો. તેને કોઈ વાતની ઓછપ ન હતી. તે સુખ સિંધુમાં ડૂબેલો રહેતો. તેને બહારની દુનિયાનો કોઈ પરિચય ન હતો. બધો વહીવટ ભદ્રા શેઠાણી સંભાળતાં હતાં.

એકદા રાજગૃહીમાં કોઈ દૂર દેશથી એક વણિક રત્નકંબલ વેચવા આવ્યો. મહાજનને કામળી બતાવી. પ્રત્યેક કંબલનું મૂલ્ય સવા લાખ રૂપિયા સાંભળી લોકો પાછા વળતા. વેપારી રાજકુળમાં ગયો. રાજા **શ્રેણિકે** રત્નકંબલ જોઈ. તે રત્નકંબલ મહામૂલ્યવાન હોવાથી રાજાએ ન લીધી. રાણી **ચેલ્લણા**ને રત્નકંબલ ખૂબ ગમી ગઈ. પણ રાજાની તે લેવાની ઈચ્છા બિલકુલ ન હતી. રાજકુળમાંથી નીકળી નગરમાં ફરતો ફરતો વણિક ભદ્રા માતાના ઘરે આવ્યો. તેને નિરાસ જોઈ ભદ્રા માતાએ પૂછ્યું, ''ભાઈ! કેમ નિરાશ છો ? શું લાવ્યા છો ? શું દામ છે ?'' વણિકે કહ્યું, ''શું આખી રાજગૃહી નગરીમાં મારા રત્નકંબલ લઈ શકે એવો કોઈ શ્રીમંત નથી. હું રત્નકંબલો લઈને પાછો જાઉં છું તેથી નિરાશ છું. એક રત્નકંબલની કિંમત સવાલાખ રૂપિયા છે.'' ભદ્રા માતાએ તરત જ કહ્યું, ''તારી પાસે કેટલી કંબલ છે.'' વણિકે કહ્યું, ''શેઠાણી ! મારી પાસે સોળ કંબલ છે.'' ભદ્રા માતાએ પોતાના દેશનું ગૌરવ સાચવવા બધી જ રત્નકંબલો લઈ લીધી. વણિકને વીસ લાખ રૂપિયા ચૂકવ્યા. એક રત્નકંબલના બે ટુકડા કરી બત્રીસ પુત્રવધૂઓને વહેંચી આપ્યા.

રાણી ચેલ્લણા રત્નકંબલ ન લેવા બદ્દલ રાજા શ્રેણિક પર ગુસ્સે ભરાઈ. પત્ની ગુસ્સામાં છે, એવું જાણી રાજાએ વણિકને બોલાવવા સેવકને મોકલ્યો. વણિકે આવી કહ્યું, ''બધી રત્નકંબલો ગોભદ્ર શેઠની પત્ની ભદ્રાએ ખરીદી લીધી છે.'' રાજા શ્રેણિકે ભદ્રાને ત્યાં પ્રધાન પુરુષને દોડાવ્યો અને કહેવડાવ્યું કે, 'ચેલ્લણા માટે મૂલ્યથી એક કંબલ આપો.' ભદ્રા માતાએ કહ્યું, 'પૂજ્ય રાજા સાથે કેવો વ્યાપાર ? મૂલ્ય વિના પણ રત્નકંબલ આપી શકું છું પરંતુ બધી જ રત્નકંબલના પુત્રવધૂઓએ પગ-લૂછણિયાં કરી ફેંકી દીધાં છે.'' પ્રધાન પુરુષે આવી રાજાને હકીકત જણાવી. રાજા શ્રેણિક ખુશ થયાં. 'અહો ! આવા શ્રેષ્ઠીવર્યો મારા નગરમાં વસે છે, તે મારા દેશનું ગૌરવ છે. હું જઈને જોઉં કે તે કેવા ઋદ્ધિવાળા છે.' પ્રધાન પુરુષને મોકલાવી કહેવડાવ્યું કે, 'રાજા શાલિભદ્રને બોલાવે છે.' ભદ્રા માતાએ રાજદરબારમાં આવી કહ્યું, ''રાજવી ! મારો પુત્ર માખણ જેવો સુકોમળ છે. તેણે કદી ધરતી પર પગ મૂક્યો નથી. તેણે કદી સૂર્ય-ચંદ્ર (તડકો-છાયો)ને જોયા નથી. તેને મળવું

હોય તો આપે જ ઘરે આવવું પડશે. ભદ્રાની વિનંતી રાજાએ સ્વીકારી લીધી.

રાજા શ્રેણિક રાણી ચેલ્લણા સાથે શાલિભદ્રની હવેલીમાં આવ્યા. તેમનું અપાર ઐશ્વર્ય જોઈ દંગ રહી ગયા. સાત માળની હવેલીના ચોથા માળે રાજાને આસન આપ્યું. રાજાની શાલિભદ્રને જોવાની ઉત્કંઠા હતી તેથી પૂછ્યું, ''શાલિભદ્ર ક્યાં છે ?'' ભદ્રા માતાએ કહ્યું, ''રાજન્! આપ પૂજ્યની સેવા માટે તે હમણાં આવશે. આપ સ્નાન, ભોજન વગેરે કરી અનુગ્રહ કરો.'' ભદ્રા માતાના અતિ આગ્રહથી રાજા અને રાણીએ તે પ્રસ્તાવ સ્વીકાર્યો. સ્નાન અને ભોજન બાદ રાજાએ પુનઃ પૂછ્યું, ''મારે શાલિભદ્રને જોવો છે, તે ક્યાં છે ?'' ભદ્રા માતાએ કહ્યું, ''હમણાં આવી જશે.''

ભદ્રા માતા છઠ્ઠે માળે ગયા. માતાને સામી આવતી જોઈ વિનયી શાલિભદ્ર તરત જ ઊભો થઈ ગયો. માતાને ઉપર આવવાનું પ્રયોજન પૂછ્યું, ત્યારે ભદ્રા માતાએ કહ્યું, ''પુત્ર! ચોથે માળે આવ. શ્રેણિકને જો.'' શાલિભદ્રએ નિર્દોષતાથી કહ્યું, ''માતાજી! એ મૂલ્યવાન હોય કે અલ્પ કિંમતી હોય તે આપ જ ગ્રહણ કરો. એમાં મારે શું જોવાનું હોય ? તેનું જે મૂલ્ય હોય તે ચૂકવી એક ખૂણામાં મૂકાવી દો.'' ભદ્રા માતાએ ખુલાસો કરતાં કહ્યું, ''પુત્ર! એ કરિયાણું નથી પરંતુ આપણા નગરીના રાજવી છે. આપણા નાથ છે. તને મળવા આવ્યા છે.'' શાલિભદ્ર **'નાથ'** શબ્દ સાંભળી ડઘાઈ ગયો. 'શું મારા ઉપર નાથ.' આ નાથ શબ્દ તેના મનમાં ઘુમરી ખાવા લાગ્યો. 'નાથ' શબ્દે તેને સંસાર રસિકતાથી ઝાંખો પાડી દીધો.

માતાના આગ્રહથી તે નીચે ઉતર્યો. દેવકુમાર જેવા સ્વરૂપવાન શાલિભદ્રને જોઈ રાજાએ આલિંગનમાં લીધો. રાજા શ્રેણિકનો સ્પર્શ થતાં તે પરસેવે રેબઝેબ થઈ ગયો. ક્ષણવાર પછી ભદ્રા માતાએ કહ્યું, ''રાજન્! હવે તેને જવા દો.'' રાજા શ્રેણિકે પૂછ્યું, ''કેમ ?'' ભદ્રા માતાએ કહ્યું, ''તે મનુષ્ય હોવા છતાં માનવની ગંધને સહન કરી શકતો નથી. સ્વર્ગમાંથી તેના પિતા દેવ નિત્ય દિવ્ય ભોજન, વસ્ત્ર, અલંકાર, ફળો મોકલે છે. દૈવ વસ્તુઓથી ટેવાયેલો તે માનવથી લગભગ પર થઈ ગયો છે.'' રાજાની આજ્ઞા થતાં શાલિભદ્ર સ્વસ્થાને ગયો. ભદ્રા માતાએ રાજાને જાત્યવાન અશ્વો અને શ્રેષ્ઠ હાથીનાં બચ્ચાં ભેટ ધર્યાં. ભદ્રા માતાના અતિ આગ્રહથી રાજાએ તે ભેટનો સ્વીકાર કર્યો.

શાલિભદ્રનું મન ભોગ્ય વસ્તુઓમાંથી ઉઠી ગયું. 'મારા જેવો બીજાનું નોકરપણું પામ્યો છે ? ધર્મ રહિત જીવો પ્રત્યેક ગતિમાં કર્મના દાસ બનીને રહે છે. એવો દિવસ ક્યારે આવશે જે દિવસે હું નિષ્પાપ પ્રવ્રજ્યા પ્રાપ્ત કરીશ.' 'નાથ' શબ્દે શાલિભદ્રની અંતરપટની બારીઓ ખોલી નાંખી!

એક વખત **ભગવાન મહાવીર** રાજગૃહી નગરીમાં પધાર્યા. શ્રેણિક રાજા અને નગરજનો પ્રભુને વંદન કરવા માટે ગયાં. આ બાજુ શાલિભદ્રના બનેવી **ધન્ય** શ્રેષ્ઠીએ સુભદ્રાને કહ્યું, ''મારે પ્રભુ દર્શન કરવા જવું છે. હું સ્નાન કરી લઉં.'' શાલિભદ્રની મોટી બહેન સુભદ્રાએ સ્નાનની સામગ્રી તૈયાર કરી. તે પતિના પીઠ ઉપર તેલ ચોળતી હતી. ત્યાં તેની આંખમાંથી ઊના ઊના અશ્રુબિંદુ ધન્નાની પીઠ પર પડ્યા. તેણે ઊંચુ જોઈ સુભદ્રાનું મુખ જોયું. તેણીને રડતી જોઈ ધન્નાએ પૂછ્યું, ''પ્રિયે! શું થયું ? શા માટે રડે છે ?'' સુભદ્રાએ કહ્યું, ''સ્વામિન્! મારો એકનો એક સહોદર સંસાર છોડી દીક્ષા લેવા તૈયાર થયો છે. તે પ્રતિદિન એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે. તેના શોકમાં મારી આંખમાંથી આંસુ ખરી પડયાં.''

ધન્નાએ કહ્યું, ''તે કાયર છે. ત્યાગ કરવો જ હોય તો એક સાથે, એક ઝાટકે છોડી દેવું જોઈએ.'' સુભદ્રાએ કહ્યું, ''દેવ! કહેવું સહેલું છે પરંતુ આચરવું અઘરું છે. તમે પણ સત્પુરુષ છો. શું એક જ ઝાટકે

પ્રવ્રજિત થઈ જશો ?'' ધન્નાએ કહ્યું, ''આ ક્ષણે જ બધું છોડયું.'' સુભદ્રાએ ગભરાઈને કહ્યું, ''વલ્લભ ! મેં મશ્કરીમાં કહ્યું હતું. જો તમે શ્રામણ્ય સ્વીકારશો તો હું કૂવામાં પડીશ.'' ધન્નાએ કહ્યું, ''આ અનંત સંસારમાં કેટલીય વાર પતિઓને છોડયાં છે. હે સુંદરી ! તારું મરણ સુમરણ થાઓ. હે પ્રિયે ! મારું કોઈ નથી અને હું કોઈનો નથી, એવી ભાવના ભાવ. તારા અને મારા દેવ ભગવાન મહાવીર છે.''

ધન્નો શ્રેષ્ઠ રથ પર આરુઢ થયો. તેણે શાલિભદ્રને કહેડાવ્યું કે, 'ધન્ય ભગવાન મહાવીરના શરણમાં જાય છે. તું જલ્દી આવ.'' તે સાંભળી મહાવિભૂતિ પૂર્વક શાલિભદ્ર વંદન માટે નીકળ્યો. ગુણશીલ ચૈત્યમાં બન્નેએ પ્રભુને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદના કરી. ભગવાને મોક્ષ સુખમાં ઉત્કંઠા વધારનારી ધર્મદેશના આપી. શાલિભદ્ર સંસારથી વૈરાગી બન્યો. માતા પાસે દિક્ષાની અનુમતિ માંગી. માતાએ કહ્યું, ''તારી પત્નીઓની અનુમતિ મેળવ.'' શાલિભદ્રએ મનુષ્ય જન્મની દુર્લભતા બતાવી પત્નીઓને પ્રતિબોધિત કરી. નાના બાળકવાળી અને ગર્ભવતીને સ્ત્રીને છોડી બાકીની સ્ત્રીઓએ સંયમ અંગીકાર કર્યો.

ધન્ના-શાલિભદ્રે દીક્ષા લઈ ઘોર તપશ્ચર્યા કરી. એકવાર છઠ્ઠના પારણા નિમિત્તે ગોચરી માટે ગયા ત્યારે ભગવાને કહ્યું, ''શાલિભદ્ર ! આજે તું તારી માતાના હાથે પારણું કરીશ.'' બન્ને સાધુઓ ફરતાં ફરતાં ભદ્રા માતાના ઘરે આવ્યા. ત્યારે ભદ્રા માતા 'ભગવાન પધાર્યા છે, એમની સાથે **ધન્ય મહર્ષિ** અને **શાલિભદ્ર મુનિ** પણ આવ્યા છે. તેમના વંદન માટે જઈએ.' એવી વ્યગ્રતાના કારણે પોતાના બારણે આવેલા કૃશ-કાયાવાળા, તપસ્વી મુનિરાજોને ઓળખી શક્યા નહીં. તેમણે વ્યાકુળતાને કારણે તેમને વહોરાવ્યું પણ નહીં.

તેવા ટાણે શાલિભદ્રની પૂર્વ માતા **ધન્યા** દહીં લઈને રાજગૃહીમાં આવી. તેણીએ મુનિઓને દહીં વહોરાવ્યું. શાલિભદ્રએ ભગવાન સમક્ષ પ્રશ્ન પૂછયો ત્યારે ભગવાને ખુલાસો કરતાં કહ્યું, ''શાલિભદ્ર ! તને દહીં વહોરાવનાર ધન્યા તારી પૂર્વભવની માતા હતી.'' શાલિભદ્રને જાતિસ્મરણ જ્ઞાન થયું.

દહીંનું પારણું કરી **વૈભારગિરિ** ઉપર પાદપોપગમન અનશન સ્વીકાર્યું. બન્ને મુનિઓ કાળધર્મ પામી **અનુત્તર** વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી મોક્ષે જશે. ખરેખર ! સત્પાત્ર દાનથી આધ્યાત્મિક ઉન્નતિ થાય છે. તથા પ્રકારના અણગારને તપસ્યાના પારણે વહોરાવેલ સુપાત્રદાનનો પ્રભાવ અનેરો હોય છે. સાચું જ કહ્યું છે કે, '**सुपात्रदानाच्च भवेद धनाढयः।**' સુપાત્રદાનથી (પુણ્યનો સંચય થવાથી) ધનાઢય થવાય છે.

**ધર્મરાજા** : (ઉપદેશપ્રાસાદ ૨, પૃ.૨૪૧)

**કમલપુર** નગરના રાજવી **કમલસેન**ની રાજસભામાં એક પ્રખર રાજમાન્ય નિમિત્તવેત્તાએ આવીને ભવિષ્ય ભાખતાં ગંભીર સ્વરે કહ્યું કે, ''રાજન્ ! ઉપરાઉપરી બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડશે.'' આ સાંભળી રાજા સજ્જડ થઈ ગયા અને પ્રજા ચિંતાતુર બની ગઈ.

જોષી મહારાજ નિમિત્ત શાસ્ત્રમાં મહાનિષ્ણાંત હતા. તેમની ભવિષ્યવાણી અફર અને અટલ જણાતી હતી. દુકાળ પડશે જ એમાં કોઈને શંકા ન હતી. વાતાવરણમાં ચિંતા અને ઉદાસી છવાઈ ગઈ. વિષાદ જામી ગયો. રાજાએ સભાનું વિસર્જન કર્યું. જેઠ મહિનો પૂરો થયો. અષાઢ માસ ચાલુ થયો તોય વરસાદનું એક ટીપું પણ ન પડયું. ખેડૂતો સાવ નિરાશ અને નિરુત્સાહ બની ગયાં. પશુ-પંખીઓ ઘાસ-પાણી વિના તરફડી રહ્યા હતાં. ચોમેર ધરતી ધોમ ધખી રહી હતી. પ્રજાને જરૂરી સહાય અને સગવડ પૂરી પાડવાના કાર્યમાં રાજા લાગી ગયા હતા. પ્રજાને રાજાની કર્તવ્યનિષ્ઠા પ્રત્યે અતૂટ વિશ્વાસ હતો.

સમય સરતો ગયો. અષાઢ સુદ નવમીનું પ્રભાત ઉગ્યું. અચાનક નીલ ગગનમાં એક નાનકડું કાળું વાદળ દેખાયું. અચાનક અનૂકુળ પવન ફૂંકાવા લાગ્યો. જોતજોતામાં સમગ્ર આકાશ કાજળ ઘેરા વાદળોથી ઘેરાઈ ગયું. વીજ ઝબુકવા લાગી. મેઘગર્જનાઓ થવા લાગી. થોડીવારમાં તો ધોધમાર વરસાદ તૂટી પડયો.

કમલપુર નગરમાં અનેરો આનંદ છવાયો. એક અણધારી સુખદ ઘટના બની. રાજા કમલસેન ચિંતા મુક્ત બન્યા. દેશવાસીમાં પ્રમોદ ફેલાયો. ખેડૂતો ખુશ ખુશ થયાં. જોષી મહારાજની ભવિષ્યવાણી ખોટી ઠરી. કમલપુરના નવલોહીયા યુવાનોએ જોષી રાજની ભરપેટ હાંસી ઉપાડી. ચાતુર્માસ પૂર્ણ થયું. રાજદરબારમાં રાજા અને પ્રજાજનો વિવિધ પ્રશ્નો ચર્ચી રહ્યા હતા. ત્યાં વનપાલ સભાખંડમાં દાખલ થયો. તેણે શીશ ઝુકાવી રાજાને પ્રણામ કરી કહ્યું, "શિરછત્ર! નગરની બહાર ઉદ્યાનમાં જગતનું પવિત્ર આશ્ચર્ય એવા પંચમહાવ્રતધારી મહાજ્ઞાની પૂજ્ય **યુગંધર મહાત્મા** મોટા પરિવાર સાથે પધાર્યા છે." રાજાએ ખુશ થઈ વનપાલને મોટું ઈનામ આપી ઉચિત દાન કર્યું.

જ્ઞાની ગુરુદેવના આગમનના સમાચાર નગરમાં વાયુવેગે પ્રસરી ગયા. સૌએ વંદન માટે જવાની તૈયારી કરી. રાજાએ પોતાના પરિવાર સાથે મહામુનિ પાસે આવી તેમને વંદન કરી ઉચિત સ્થાન ગ્રહણ કર્યું. નિર્મળ બ્રહ્મચર્યના દિવ્ય તેજથી મુનિરાજનું ભવ્ય લલાટ ચમકી રહ્યું હતું. નેત્રો શાંત પ્રશાંત હતા. મુખ મુદ્રામાંથી વૈરાગ્ય નીતરી રહ્યો હતો. રાજા અને પ્રજા મહામુનિના તેજસ્વી દેહ પર એકીટસે જોઈ રહ્યા હતા. મહાજ્ઞાની યુગંધર મુનિએ ભવના સંતાપને સમાવી દેનારી ધર્મદેશના શરૂ કરી.

મુનિની દેશના સાંભળ્યા પછી રાજાએ પ્રણામ કરી પૂછ્યું, "ભગવન્! નિમિત્તવેત્તાનું કથન કદી અસત્ય ન હોય પરંતુ આ વખતે દુકાળને બદલે સુકાળ કેમ થયો ? દર સાલ કરતાં બમણું અનાજ પાક્યું, રાજ્યની સંપત્તિમાં વધારો થયો. તેનું શું રહસ્ય છે, આ ઘટનામાં ?"

મુનિએ કહ્યું, "રાજવી! એક જબરું રહસ્ય આ ઘટના પાછળ કામ કરી રહ્યું છે. ધર્મનો પ્રભાવ અચિંત્ય છે. ધર્મથી ભલભલી વિપત્તિઓ ભાગી જાય છે અને શાંતિનું સામ્રાજ્ય મંડાય છે. તમારા જોષી મહારાજએ ભાખેલું ભવિષ્ય સાચું હતું. એમના જ્ઞાનમાં જરાય ખામી ન ગણાય. ગ્રહોની સ્થિતિ મુજબ તેમણે કરેલી દુષ્કાળની આગાહી સાચી હતી પણ રાજન્! તમારા નગરમાં એક મહાન ધર્માત્માનો જન્મ થયો છે. એના પ્રકૃષ્ટ પુણ્યથી તમારું નગર, તમારો સમગ્ર દેશ દુકાળની આફતમાંથી બચી ગયો છે. એક પુણ્યશાળી આત્માએ એકનિષ્ઠાથી આરાધેલા ધર્મના પ્રભાવે અનેકનું રક્ષણ થયું છે."

આ વાત સાંભળી રાજા એકદમ ગળગળો થઈ ગયો. એની આંખમાં હર્ષનાં આંસુ ઉભરાયાં. 'એ પ્રભાવશાળી ધર્માત્મા કોણ છે?' તે જાણવાની તીવ્ર ઈચ્છા જાગી. રાજાએ વિનયપૂર્વક પૂછ્યું, "ભગવન્! તે ધર્માત્માનો પરિચય આપો ?"

યુગંધર મુનિ બોલ્યા, "રાજન્! એ મહાભાગ્યશાળી આત્મા તમારા નગરનાં ધનકુબેર શેઠ **શુદ્ધબોધ**ને ત્યાં જન્મ્યો છે. **ધર્મદત્ત** એનું શુભ નામ છે. એની અદ્‌ભુત ધર્મસાધના જાણવા તેનો પૂર્વભવ સાંભળો.

**પુરિતમાલ** નગરમાં કોઈ **પ્રવરદેવ** નામનો ગૃહસ્થ રહેતો હતો. તે ખાનદાન કુળનો નબીરો હતો. શ્રીમંત પિતાનો પુત્ર હતો. પુણ્યયોગે એને ત્યાં દોમ દોમ સાહ્યબી હતી પણ એના કુટુંબ પર કાળની હરણફાળ

તૂટી પડી. તેના પાપોદયે તેનો પરિવાર નષ્ટભ્રષ્ટ થઈ ગયો. સંપત્તિ જેના હાથમાં આવી તે બાથમાં લઈ ગયા. તે સંપત્તિ વિનાનો બની ગયો.

સ્વાર્થી સ્વજનોનો પ્રેમ કે સાથ એને ન મળ્યો. હવે ભીખ માંગીને પેટ ભરતો થયો. સવારથી સાંજ સુધી ભીખ માંગવી અને અકરાંતિયાની જેમ આખો દિવસ ખાઉં ખાઉં કરવું એ એનો જીવનમંત્ર બની ગયો. પાપાનુબંધી પુણ્યથી એને ભાવતી ભિક્ષા મળી જતી. થોડા સમય પછી વધુ પડતું ખાવાથી અજીર્ણ રોગ મહાઅજીર્ણમાં ફેરવાઈ ગયો. શરીરમાં અનેક રોગો ફાટી નીકળ્યાં. પેટમાં શૂળ, માથાનો દુઃખાવો, હાથે-પગે સોજા, આંખ-કાનની વેદનાઓ, શરીરે કોઢ, ચેપી ગુમડાં... વગેરે રોગોએ તેને ઘેરી લીધો.

આ રોગની પીડાઓ અસહ્ય અને અદમ્ય હતી. છતાં કુપથ્ય છોડવાની સદ્‌બુદ્ધિના ફાંફાં હતા. શરીરમાંથી દુર્ગંધની છોળો ઉછળતી હતી. માનસિક નિર્બળતાએ પગદંડો જમાવ્યો. લોકો દૂર ભાગવા લાગ્યાં. તેના દિવસો મુસીબતે પસાર થવા લાગ્યાં. તે સર્વને અપ્રિય થઈ પડયો.

એ અરસામાં પુરિતમાલ નગરનાં ઉદ્યાનમાં **ધર્મધુરંધર આચાર્ય** પોતાના પાંચસો શિષ્યો સાથે પધાર્યા. એમના બે શિષ્યો ગોચરી માટે નગરમાં આવ્યાં. લોકોએ ભક્તિથી મુનિઓને ભિક્ષા આપી. આ દશ્ય પ્રવરદેવની નજરે ચડયું. એણે મનોમન વિચાર્યું, 'આ મહાત્માઓ જરૂર મારું દુઃખ સાંભળશે અને દૂર કરશે.' આ વિચારે એના પગમાં જોર આવ્યું. મનમાં ઉત્સાહ પ્રગટયો. તે મુનિઓની નજીક આવીને ઉભો રહ્યો. તેની કરુણ હાલત જોઈ મુનિઓને ભારે દયા આવી. તેમણે સહાનુભૂતિ બતાવી. પ્રવરદેવ ભિખારીએ ખુલ્લા દિલે વાત કહી.

તેણે બે હાથ જોડી જ્ઞાની મુનિને પૂછયું, ''મને આ રોગ શાથી થયો છે ? મારી અવદશા શાથી થઈ છે ?'' મુનિએ કહ્યું, ''વત્સ ! ભક્ષ્યાભક્ષ્યનાં વિવેક વિના વધુ પડતું ખાવાથી તને રોગ થયો છે. લોલુપતા, અતિશય આહાર અને અવિરતિ (સંતોષનો અભાવ) તેનું આ પરિણામ છે. ત્યાગ એ જ શરીર અને આત્માના રોગોનું રામબાણ ઔષધ છે.'' પ્રવરદેવે કહ્યું, ''મારો રોગ કઈ રીતે મટે ? આપ કહો તેનો ત્યાગ કરું'' સામાન્ય રીતે સાંભળવામાં અને આચરવામાં ઝેર જેવી લાગતી ત્યાગની વાત આજે એને દ્રાક્ષ જેવી મીઠી લાગી.

મુનિએ કહ્યું, ''ધર્મમય જીવન જીવો. ભોજનમાં પરિમિતતા આણો. વ્રત-પ્રત્યાખ્યાન કરો. ભગવાનની આજ્ઞાના બહુમાનપૂર્વક નાનકડો ત્યાગ કરીશ તો એક દિવસ તારામાં મહાત્યાગનું સામર્થ્ય પ્રગટ થશે.''

પ્રવરદેવે ભારે આદરથી મુનિની વાત ઝીલી, ચાર પ્રતિજ્ઞા સ્વીકારી. ''એક અન્ન, એક વિગઈ, એક શાક અને ઉકાળેલું પાણી વાપરીશ.'' નિયમોનો કડક પાલન કરતાં ધીમે ધીમે રોગ ઉપશાંત થયો. પ્રવરદેવમાં ધર્મની શ્રદ્ધા વધવા લાગી. પથ્ય, પ્રમાણસર અને સાત્ત્વિક ભોજનથી અજીર્ણ ઘટતું ગયું અને તે નિરોગી બન્યો. તે મુનિવરોના ઉપકાર અને વાત્સલ્યનું વારંવાર સ્મરણ અને અનુમોદના કરવા લાગ્યો. તેણે ધર્માભ્યાસ પ્રારંભ કર્યો.

ત્યાગનો પુરુષાર્થ વધ્યો તેથી પ્રવરદેવે ઉચ્ચ પુણ્ય ઉપાર્જન કર્યું. એણે ભિક્ષાવૃત્તિ છોડી દીધી. વેપાર ધંધો ચાલુ કર્યો. ન્યાયોપાર્જિત વ્યવસાય કરવાથી તે કરોડપતિ થયો. નિયમના પાલનમાં અડગ રહ્યો. મિત્રો તેને એક શાકનો નિયમ છોડી દઈ વિવિધ વાનગીઓ ખાવાની પ્રેરણા કરવા લાગ્યા, છતાં તે નિયમ

પ્રમાણે જ જમતો. પણ પ્રવરદેવ અતિ ધનાઢય થવા છતાં ભોગોપભોગથી પરાંગમુખ થયો નહીં. તે સુપાત્ર દાનમાં સદા તત્પર રહેતો. જેમ જેમ લાભ વધતો ગયો, તેમ તેમ દાનાદિમાં વધુ ઉદ્યમશીલ બન્યો. તેણે મોટા ઘરની કન્યા સાથે પાણિગ્રહણ કર્યું.

એમ કરતાં મોટો દુકાળ પડયો. તે સમયે પ્રવરદેવે લાખ મુનિરાજને પ્રાસુક ઘી આદિનું ચઢતા ભાવે દાન દીધું. લાખો સાધર્મિકોની ગુપ્તદાન આપી ભક્તિ કરી. એના રોગ-શોકને કાયમી તાળાં લાગી ગયાં. તે અખંડ વ્રત આદરી મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં ઈન્દ્ર સમાન ઋદ્ધિવાળો સામાનિક દેવ થયો. દેવ ભવમાં પોતાના આયુષ્યની અવધિ પૂર્ણ થતાં તે આ જ નગરીમાં શુદ્ધબોધ નામના શ્રાવકની પત્ની **વિમળા** શ્રાવિકાના ગર્ભમાં ઉત્પન્ન થયો. દુષ્કાળને કારણે જીવો પાણી માટે ટળવળી રહ્યાં હતાં તેવાં કપરા સમયે પ્રવરદેવનો જીવ શુદ્ધબોધ શ્રાવકને ત્યાં લક્ષણોપેત નવજાત પુત્રપણે જન્મ્યો. હે રાજન્! આ પુણ્યવાનનો જન્મ થતાં દુષ્કાળ નાશ પામ્યો છે.''

મુનિનાં મુખેથી સુકાળનું કારણ જાણી રાજા સ્વયં શુદ્ધબોધ સુશ્રાવકને ત્યાં તે પુણ્યશાળી બાળકને જોવા ગયાં. રાજા શેઠના નવજાત પુત્ર **ધર્મદત્ત**ને જોઈ પ્રમુદિત થયા. તેજસ્વી અને સુંદર બાળકને રાજાએ ખોળામાં લઈ કહ્યું, ''હે બાળ ! તું મૂર્તિમાન ધર્મ જ છે. તું જ નગરનો અને દેશનો રક્ષક છે. તારા ધર્મથી જ આજે સર્વનું રક્ષણ થયું છે તેથી આ દેશનો રાજા તું જ હોઈ શકે, હું નહીં.''

રાજાએ રાજછત્ર ધર્મદત્તના મસ્તકે ધારણ કર્યું અને ઉદ્‌ઘોષણા કરી કે, 'આ દેશનો રાજા દુર્ભિક્ષભંજક પ્રજાપાલ દેવદત્ત છે.' નગરશેઠના પુત્રને દાનપુણ્યે બાલ્યવસ્થામાં જ રાજગાદીએ બેસાડયો !

રાજાએ મહેલમાં આવી ધર્મરાજાના નામે શાસન ચલાવ્યું. ધર્મ યુવાન થયો ત્યારે તેને રાજા બનાવવામાં આવ્યો. તે બાર વ્રતધારી સુશ્રાવક બન્યો. શ્રાવકનો અભ્યાસ કરતાં કરતાં ભુક્ત ભોગી ધર્મદત્ત રાજા ચારિત્ર અંગીકાર કરી અંતે દીક્ષિત થયા. તે જ ભવમાં કેવળી બન્યા.

વસંત આવે ને પ્રકૃતિની કાયાપલટ થાય છે, તેમ સત્સંગના પ્રભાવે ભિખારીના જીવનની તાસીર બદલાઈ ગઈ. મહાત્માએ આપેલી ટેક-નાનકડા નિયમે તેનું જીવન ફેરવી નાંખ્યું. તે ભિખારી મટી શ્રીમંત શ્રેષ્ઠી બન્યો અને પછી તો સુપાત્ર દાનનો જબરો વ્યસની બન્યો. આ પ્રચુર પુણ્યે તેને ઠેઠ શિવપુરીમાં પહોંચાડયો.

જેની પાસે ધન-સમૃદ્ધિ છે, તે મહાન નથી પરંતુ તેનો ઉપયોગ બીજા માટે કરે છે, તે મહાન છે.

**ધારણ રાજા (દશરથ રાજા)** : (પુણ્યાશ્રાવક કથાકોશમ્, પૃ. ૩૦૭)

**અયોધ્યા**માં **દશરથ** નામે રાજા રાજ્ય કરતો હતો. એક વાર **મહેન્દ્ર ઉદ્યાન**માં પધારેલ **સર્વભૂત-હિતશરણ્ય** મુનિના દર્શન કરવા ગયા. ત્યાં જઈ વંદન કરી પોતાનો પૂર્વ ભવ પૂછયો. મુનિએ કહ્યું, ''આ આર્યખંડમાં **કુરુજાંગલ દેશ**માં **હસ્તિનાપુર નગર**માં **ઉપાસ્તિ** નામે નાસ્તિક, અધર્મી રાજા રાજ્ય કરતો હતો. મુનિદાનનો નિષેધ કરવાથી તે તિર્યંચગતિમાં ગયો. ત્યાં અસંખ્યાતા ભવો સંસારમાં રખડયો. ત્યાંથી નીકળી **ચંદ્રપુર**ના **રાજા ચન્દ્ર** અને **રાણી ધારિણી**નો **ધારણ** નામનો પુત્ર થયો.

પ્રત્યેક પર્વત ઉપર માણેક હોતું નથી. પ્રત્યેક હાથી પર મોતી હોતું નથી, તેમ સર્વ જગ્યાએ સુસાધુઓ હોતા નથી. એકવાર ધારણને સુપાત્રનો યોગ થયો. મુનિને દાન આપવાથી તે **ધાતકી ખંડ**ના **દેવકુરુ** ક્ષેત્રમાં યુગલિકપણે ઉત્પન્ન થયો. ત્યાંથી દેવલોકમાં ગયો. દેવભવમાંથી ચ્યવી પૂર્વ **મહાવિદેહ**ની **પુંડરીકિણી**

**નગરી**માં **અભયઘોષ** રાજા અને **વસુંધરી** રાણીનો પુત્ર **નંદીવર્ધન** થયો. તે ભવમાં દીક્ષા લઈ પાંચમા **બ્રહ્મ દેવલોક**માં ગયો. ત્યાંથી ચ્યવી **પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર**માં **વિજ્યાર્ધ પર્વત** ઉપર **શશિપુર**ના રાજા **રત્નમાલિ**નો પુત્ર **સૂર્ય** થયો.

એકવાર રત્નમાલિએ **સિંહપુર**ના રાજા **વજ્રલોચન** ઉપર ચઢાઈ કરી, પરંતુ એક દેવે તેને એવું કરતાં રોક્યો. તેનું કારણ પૂછતાં દેવે કહ્યું, ''**ગોધારપુર**ના **રાજા શ્રીભૂતિ**નો **સુભૂતિ** નામે પુત્ર હતો અને **ઉભયમન્યુ** નામે મંત્રી હતો. શ્રીભૂતિએ **કમલગર્ભ ભટ્ટારક** પાસે વ્રતો ગ્રહણ કર્યા હતાં પરંતુ નાસ્તિક મંત્રીના સંગથી તે વ્રતો ખંડિત થયાં. પાપના પ્રભાવે મંત્રી મરીને હાથી થયો. આ હાથીને રાજાએ પટ્ટવર્ધન (મુખ્યહાથી) બનાવ્યો. આ હાથીને **કમલગર્ભ મુનિ**ના દર્શનથી જાતિસ્મરણ જ્ઞાન થયું. હાથીએ વ્રતો ગ્રહણ કર્યા. તે મૃત્યુ પામી **સુભૂતિ રાજા** અને **યોજનગંધા રાણી**નો પુત્ર **અરિંદમ** થયો. તેણે દીક્ષા લઈ તપ કર્યું. તે મૃત્યુ પામી સ્વર્ગમાં ગયો. એ દેવ હું પોતે જ છું. બીજી બાજુ શ્રીભૂતિ રાજા મરીને **મંદાર અરણ્ય**માં મૃગ થયો. તત્પશ્ચાત્ **કાંભોજ દેશ**માં ભીલ થયો. ત્યાંથી મરી બીજી નરકમાં ગયો. તેને મેં પ્રતિબોધ પમાડયો તેથી ત્યાંથી નીકળી તું **રત્નમાલિ** નામનો રાજકુમાર થયો.

પૂર્વ ભવોનો વૃત્તાંત સાંભળી રત્નમાલિ અને તેના પુત્ર સૂર્ય (સૂર્યજ)એ **રત્નતિલક મુનિ** પાસે દીક્ષા લીધી. તેઓ મરીને સાતમા **શુક્ર દેવલોક**માં ગયા. ત્યારપછી સૂર્યનો જીવ ત્યાંથી ચ્યવી તું (ધારણ રાજા) અને રત્નમાલિનો જીવ **જનક** થયો છે. અરિંદમનો જીવ દેવભવમાંથી ચ્યવી જનકનો ભાઈ **કનક** થયો છે. અભયઘોષ રાજા સંયમ લઈ તપ કરી ગ્રૈવેયકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી હું (સર્વભૂત-હિતશરણ્ય) મુનિ થયો છું.'' આ પ્રમાણે મુનિ દ્વારા પૂર્વભવોને સાંભળી રાજા દશરથ તેમને વંદન કરી નગરમાં આવ્યા.

આમ, મિથ્યાદષ્ટિ ધારણ રાજા સત્પાત્રદાનના ફળ સ્વરૂપે વૈભવશાળી બન્યા.

**ધ્વજભુજંગ** : (દાન પ્રકાશ)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં માળવા નામનો આર્ય પ્રદેશ છે. ત્યાં **ઉજ્જયિની** નજીક **ગોકુળશાળી** નામનું ગામ હતું. તે ગામમાં **સિંહપાળ** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેને **યશોદેવી** નામની પ્રિયા હતી અને **રાજપાળ** નામે પુત્ર હતો. તેને જુગારની લત લાગી. પિતાના મૃત્યુ પછી કોઈ રોકટોકવાળું ન રહેતાં તે સ્વચ્છંદી બની ગયો. જુગારમાં ઘરમાં રહેલું સઘળું ધન હારી ગયો.

એકદા તે ભોજન કરવા ઘરે આવ્યો ત્યારે માતાએ કહ્યું, ''ભોજન બનાવવા જંગલમાંથી સૂકાં લાકડાં લઈ આવ.'' રાજપાળ પશુને લઈ જંગલમાં આવ્યો. સૂકાં લાકડાં શોધતો શોધતો તે એક વૃક્ષ પાસે આવ્યો. વિશાળકાય વૃક્ષને છેદવા માટે કુહાડી ઉગામી ત્યાં વૃક્ષના અધિષ્ઠાયક યક્ષે કહ્યું, ''હે પુરુષોત્તમ! આ વૃક્ષ મારું આલય છે. તેને ભાંગીશ નહીં. હું પ્રસન્ન થઈ તને વરદાન આપવા માંગું છું. તું ઉત્તમ વરદાન માંગ.'' રાજપાળે કહ્યું, ''હે સુરેશ્વર! વર્તમાને આ વર તમારી પાસે ઉધાર રાખું છું. સમય આવશે ત્યારે જરૂર માંગીશ.'' 'તથાસ્તુ' કહી યક્ષ અંતર્ધ્યાન થયો. રાજપાળ લાકડાં લઈ પોતાના ઘરે આવ્યો.

એકદા જુગારના ચસકામાં પોતાનું પહેરવાનું વસ્ત્ર પણ હારી ગયો. નિર્વસ્ત્ર બન્યો, તે સમયે દેવમંદિર ઉપરથી પડી ગયેલી ધ્વજાનો ટુકડો લઈ તેણે શરીરે વીંટાળી લીધો. લોકોએ રાજપાળનું નામ **'ધ્વજભુજંગ'** પાડ્યું. ભોજનના અભાવમાં પોતાનું ગામ છોડી ઉજ્જયિની નગરીમાં આવ્યો. ત્યાં પણ

જુગારમાં ઘણું ધન હારી ગયો. જુગારીઓના ભયથી નાસીને એક સરોવર પાસે આવ્યો. સરોવરના કિનારે રહેતા દેવમંદિરમાં જતો હતો ત્યાં માર્ગમાં એક **ભામહ** નામનો સાર્થવાહ મળ્યો. તેના સાર્થમાં ઘણાં બળદો હતાં, જેઓ પીઠ ઉપર માલ વહન કરતા હતા. તેમાંથી એક બળદ સરોવરમાં પાણી પીવા આવ્યો. તેણે પાણી પીતાં પોતાની પીઠ ઉપર રહેલી વજનદાર માલની ગુણ સરોવરમાં પાડી દીધી. એક માત્ર ધ્વજભુજંગે આ દ્રશ્ય નિહાળ્યું.

સાર્થનાયકે નિરીક્ષણ કરતાં જોયું કે એક બળદની પીઠ ઉપર માલની ગુણ ન હતી. તે ગુણ શોધવા લાગ્યો. આ ગુણમાં પુષ્કળ ધન હતું. ગુણ ક્યાંય ન દેખાણી. સાર્થનાયકે સરોવર પાસે બેઠેલા ધ્વજભુજંગને પૂછ્યું, "હે ભદ્ર ! સરોવરમાં પાણી પીતાં વૃષભની પીઠ ઉપર રહેલી ગુણ પડી જતાં જોઈ છે ? આ ગુણમાં ધન હતું. મારો આખો સાર્થ ધન વિના નિર્ધન બનશે. આ ગુણ સોનામહોરોથી ભરેલી હતી. અમારું સર્વસ્વ તેમાં છે. જો તમે જોઈ હોય તો કહો. મારી ઉપર મોટો ઉપકાર થશે."

નિર્ધન એવા ધ્વજભુજંગે લોભને ત્યજી કહ્યું, "હે સાર્થનાયક! તમારી સોનામહોરોની ગુણ સરોવરના કાંઠા પાસે પાણીમાં પડેલી છે. ત્યાં જુઓ." શોધ કરતાં સોનામહોરની ગુણ સાંપડી આવી. હવે સાર્થનાયકે કહ્યું, "હે શુભાશય ! આ સોનામહોરમાંથી અડધી તું ગ્રહણ કર." ધ્વજભુજંગે કહ્યું, "સાર્થપતિ ! પરોપકાર કરવો એ જ માનવ જીવનનો સાર છે." નિઃસ્પૃહી ધ્વજભુજંગે સાર્થવાહના અતિ આગ્રહ છતાં કંઈ ન લીધું ત્યારે સાર્થપતિએ તેને સોનાના પાશવાળી રત્નની ચોપાટ ભેટ આપી. ધ્વજભુજંગે વિચાર્યું, 'મારા જેવા વ્યસનની પાસે આવી કિંમતી વસ્તુ એક દિવસ પણ જીરવાશે નહીં. માટે કોઈ સુજ્ઞ મહિપતિને ભેટ આપું જેથી પરોપકાર થાય;' એમ વિચારી તેણે ભામહ નામના સાર્થવાહને પૂછ્યું, "તમે વ્યાપારાર્થે કયા દેશમાં જવાના છો ?" સાર્થપતિએ કહ્યું, 'દક્ષિણ દેશમાં જાઉં છું." ઉદારદિલ ધ્વજભુજંગે કશી પરવા કર્યા વિના કહ્યું, "તે દેશના રાજવીને મારું આ સુશોભિત ચોપાટનું ભેટણું તમારે અર્પણ કરવું." સદંતર રંક છતાં કેવી ઉદારતા !

પ્રમાણિક સાર્થપતિ ક્રમે અરિમર્દન રાજાથી આશ્રિત **ક્ષિતિપ્રતિષ્ઠિત** નગરીમાં આવ્યો. તેણે ચોપાટની ભેટ ધરતાં કહ્યું, "રાજન્! ઉજ્જયિની (અવંતી) થી ધ્વજભુજંગ કુમારે તમારા માટે આ ભેટણું મોકલ્યું છે." રાજાએ વિચાર્યું, 'અહો ! તે મહાપુરુષ કેવો હશે ? જેણે મને કદી જોયો નથી, કોઈ પરિચય નથી, છતાં મારે માટે કિંમતી ભેટ મોકલાવી છે !' અરિમર્દન રાજાએ સાર્થનાયકને કહ્યું, "મારા તરફથી ૫૦૦ જેટલા હાથીઓ તેને ભેટમાં આપજો." રાજાએ પર્વત જેવા મહાકાય, મદઝરતાં ૫૦૦ હાથીઓ પ્રત્યુપકાર નિમિત્તે આપ્યાં.

કેટલાક દિવસો પછી સાર્થવાહ હાથીઓ સાથે ઉજ્જયિની નગરીમાં આવ્યો.તેણે ધ્વજભુજંગને હાથીઓ સોંપતાં આખો વૃત્તાંત જણાવ્યો. ધ્વજભુજંગે કહ્યું, "હે સાર્થવાહ ! હવે તમે ક્યાં જવાના છો ?" તેણે કહ્યું, "**કાન્યકુબ્જ** નગરમાં જશું." ધ્વજભુજંગે કહ્યું, "હે મહામતિ ! ત્યાં લોક પ્રસિદ્ધ કોણ છે ?" સાર્થવાહે કહ્યું, "ત્યાં **દેવદત્તા** નામની ગણિકા પ્રખ્યાત છે. તે અદ્ભુત રૂપવતી અને ગુણવતી છે. તે નદી જેવી પવિત્ર છે." ધ્વજભુજંગે પોતાના અણમોલ હસ્તિઓ તેણીને અર્પણ કરવા માટે સાર્થવાહને કહ્યું.

સાર્થવાહ કાન્યકુબ્જ નગરમાં આવ્યો. તેણે દેવદત્તાને કહ્યું, "ઉજ્જયિનીના ધ્વજભુજંગે મહાકાય, મદઝરતાં ૫૦૦ હાથીઓ તમને ભેટ આપ્યાં છે. પૂર્વે ગણિકા રાજા સાથે જુગાર રમતાં ૫૦૦ હાથીઓ

હારી ગઈ હતી. હાથીઓને બદલે તે કિંમત આપવા તૈયાર હતી. પરંતુ તેના રૂપમાં આસક્ત બનેલા રાજાએ તે કિંમત ન સ્વીકારતાં તેણીને સ્વાધીન બનાવી લીધી હતી. રાજાની શરત હતી કે, 'જ્યાં સુધી તે હાથીઓ ન આપે ત્યાં સુધી તેણી પરપુરુષનો સંગ ન કરે, ફક્ત રાજાની આજ્ઞા પ્રમાણે મહેલમાં જ રહેવું.' દેવદત્તા હાથીઓ મેળવવાની ચિંતામાં જીવતી હતી. યોગાનુયોગ આ મહાસંકટમાંથી ઉગારનારા ૫૦૦ હાથીઓ ધ્વજભુજંગે તેને મોકલ્યાં હતાં. દેવદત્તાએ મનોમન તેનો ઉપકાર માન્યો. સાર્થવાહ પાસેથી ધ્વજભુજંગનો પરિચય અને માહિતી મેળવી તેમજ હાથીઓની પ્રાપ્તિ કઈ રીતે થઈ તે પણ જણાવ્યું. દેવદત્તાએ તેના અભિગમથી અતિ પ્રસન્ન થઈ કહ્યું, ''તે કોઈ સામાન્ય નહીં પરંતુ મોટો દાતાર છે. મને આપત્તિમાંથી ઉગારી છે.'' દેવદત્તાએ સાર્થપતિનું વસ્ત્રાદિ દાનથી બહુમાન કર્યું. રાજા પાસે જઈ ૫૦૦ હાથીઓ આપતાં કહ્યું, ''આ હસ્તિઓ ગ્રહણ કરી મને બંધનમાંથી મુક્ત કરો.'' રાજાએ કહ્યું, ''આ હાથીઓ તમને ક્યાંથી પ્રાપ્ત થયાં ?'' દેવદત્તાએ કહ્યું, ''ઉજ્જયિની નગરીથી શ્રીમાન ધ્વજભુજંગે આ ઉત્તમ હસ્તિઓ ભેટમાં મોકલાવ્યાં છે.'' દેવદત્તાએ સાર્થવાહને વિજ્ઞપ્તિ કરી કે, ''મહાશયને શીઘ્ર મોકલે.'' સાર્થવાહે ધ્વજભુજંગને સમાચાર આપ્યાં. ધ્વજભુજંગ વિચારવા લાગ્યો કે, ''તેણે મને કંઈ પણ ભેટણું ન મોકલ્યું તેથી હું ત્યાં જાઉં.'

ધ્વજભુજંગ કાન્યકુબ્જના કિલ્લા પાસે પહોંચ્યો. ત્યાં રાજા દ્વારા વાવ ખોદાવવાનું કાર્ય પ્રારંભ થયું હતું. ધ્વજભુજંગ ભોજન માટે આવ્યો અને ધૂળ વહન કરવાનું કાર્ય કરવા લાગ્યો. ત્યાં જઘન્ય, મધ્યમ, ઉત્તમની પરીક્ષા કરી મજૂરોને યથોચિત ભોજન અપાતું હતું. ધ્વજભુજંગ ભોજનની વેળાએ જઘન્ય મનુષ્યોની પંક્તિમાં બેઠો. કોઈ કદરૂપી સ્ત્રી પીરસવાનું કાર્ય કરતી હતી. ધ્વજભુજંગે પ્રધાન પુરુષને કહ્યું, ''હે નરોત્તમ! ભોજન જેવું હશે તેવું ચાલશે પરંતુ આ બિહામણી સ્ત્રીને જોઈ ભોજન કરવાની ઈચ્છા નથી થતી. કોઈ ઉત્તમ નારી ભોજન પીરસે તો ભોજન કરવું ગમે.'' પુરુષો હસવા લાગ્યાં. પરસ્પર વ્યંગ કરતાં બોલ્યા, ''દેવદત્તા ગણિકા આને ભોજન પીરસશે.'' ધ્વજભુજંગે મોકો જોઈ કહ્યું, ''હે બુદ્ધિમાનો! જો દેવદત્તા ગણિકા ભોજન કરાવવા આવે તો તમે શું હારી જાવ ?'' તેઓ બોલ્યા, ''અમે ઘર સહિત સર્વસ્વ હારી જઈએ પરંતુ તમે શું હારી જાવ ?'' ધ્વજભુજંગે કહ્યું, ''મારું મસ્તક હારી જાઉં.''

ધ્વજભુજંગે દેવદત્તા ગણિકાને ત્યાં પોતાના આગમનના સમાચાર કોઈ માણસ દ્વારા પહોંચાડ્યા. દેવદત્તા ગણિકાએ આવીને પ્રણામ કરી ધ્વજભુજંગને પોતાના આવાસે પધારવાનું આમંત્રણ આપ્યું. ધ્વજભુજંગે ગૌરવ અનુભવતાં કહ્યું, ''હે ભદ્ર! અહીં જ ભોજન કરી આપણે ઘરે જઈશું.'' દેવદત્તાએ હરખ પ્રગટ કર્યો. સ્નાનાદિ કાર્યથી નિવૃત્ત થઈ દેવદત્તાએ ધ્વજભુજંગને જમવા બેસાડ્યો. મોદક આદિ પકવાનો અને વિવિધ વાનગીઓ પીરસી. સોનાના દાંડીવાળા વીંઝણાથી પવન વીંઝવા લાગી. નગરના લોકો આશ્ચર્ય ભરી નજરે જોવા લાગ્યાં કે એક ગુણવંતી ગણિકા વટેમાર્ગુની સેવા કરી રહી હતી. ભોજન બાદ ગણિકા પોતાના રથમાં બેસાડી પ્રાસાદે લઈ ગઈ. ઈંદ્રાણીની સાથે ઈંદ્ર જેમ શોભતો હોય તેમ નગર પ્રવેશ કરાવ્યો.

'જેણે ૫૦૦ હાથીઓ મોકલી રાજાના બંધનમાંથી મુક્ત કરાવ્યા તે ધ્વજભુજંગનો જય હો' એવા જયનાદ સાથે રાજભવનમાં જઈ રાજાને પ્રણામ કર્યા. દેવદત્તાએ રાજાને ધ્વજભુજંગનો પરિચય કરાવ્યો. ધ્વજભુજંગે કહ્યું, ''રાજન્! પંચકુળનું લેણું છે. તે મને અપાવો.'' રાજાએ પંચકુળ બોલાવી દેવું ચૂક્તે કરવાનો

આદેશ આપ્યો. પંચકુળે કુટુંબના ભરણપોષણ માટે ધનની યાચના કરી બાકીનું બધું ધન આપી દીધું. નીતિજ્ઞ અને મુત્સદી ધ્વજભુજંગે અડધું ધન લઈ બાકીનું ધન પંચકુળને આપ્યું.

ધ્વજભુજંગ દેવદત્તા સાથે વૈવાહિક સંબંધે બંધાયો. એકદા ગણિકાએ કહ્યું, ''નાથ ! હું તમારું નગર જોવા ઈચ્છું છું.'' ધ્વજભુજંગે કહ્યું, ''ઘરની સફાઈ કરી રસોઈયાને બોલાવવા માણસ મોકલું ત્યારે તારે આવવું.'' એમ કહી ધ્વજભુજંગે દેવતાથી અધિષ્ઠિત વૃક્ષ પાસે આવી વરદાન માંગ્યું. ''ધન - ધાન્યથી સમૃદ્ધ, સુંદર હાટોથી શોભતું મનોહર નગર બનાવી આપ.'' યક્ષે **'સુરપુર'** નામનું નગર બનાવ્યું. ધ્વજભુજંગે આ નગરમાં માતા, દેવદત્તા અને સ્વજનો સાથે પ્રસ્થાન કર્યું. સૌ પ્રસન્નતાના સરોવરમાં ઝીલવા લાગ્યા.

એકદા નગરમાં **યશોધરસૂરિ** પધાર્યા. તેમણે દેશના આપી કે, ''પાપે દુઃખ થાય છે અને ધર્મે સુખ-સંપત્તિ મળે છે. હે નરવર ! પ્રગટ ઉદાહરણ સાંભળ. હે રાજન્ ! તને પૂર્વે દારિદ્રય હતું તે પાપનું ફળ હતું અને હવે રાજ્ય, સંપત્તિ મળી છે તે પુણ્યનું ફળ છે. ધ્વજભુજંગે પૂછ્યું, ''કઈ રીતે ?'' ગુરુએ કહ્યું, ''પૂર્વે **સુગ્રામપુર** નામનું નગર હતું. ત્યાં સાર્થને લૂંટવાવાળો **ચંડાળ** નામનો પલ્લિપતિ રહેતો હતો. એકદા ત્યાં ઘણાં સાધુઓ આવ્યા. તેમને જોઈ પલ્લિપતિ ધનુષ્ય - બાણ લઈ તેમની સામે દોડતો જઈ બોલ્યો, ''રે રે મુંડીયાઓ ! તમારાં વસ્ત્રો ત્યજી દો અન્યથા હું તમને યમસદને પહોંચાડીશ.'' ત્યારે શાસનદેવી પ્રગટ થઈ. તે ભયભીત બન્યો. હાથ જોડી જીવનની ભીખ માંગવા લાગ્યો. તેને અભયદાન આપ્યું. સાધુઓએ હિંસા, આળ અને પારકા ધનનું અપહરણ ન કરવાની હિતશિક્ષા આપી. કારણકે એ સર્વ પાપ ઉદયમાં આવે ત્યારે જઘન્યથી દસ ગણું વધુ અને ઉત્કૃષ્ટથી ક્રોડાક્રોડ ગણું વધુ ફળ મળે છે. પલ્લિપતિએ સ્થૂલ અદત્તાદાન વિરમણ વ્રત સ્વીકાર્યું. ત્યાર પછી સાધુને પલ્લિમાં લઈ જઈ વસ્ત્ર, અન્ન ઈત્યાદિનું દાન આપી સત્કર્મ ઉપાર્જન કર્યું. કાળ કરીને તું મહીપતિ થયો. ચોરી અને લૂંટફાટના પાપથી તને દુઃખ મળ્યું, અને સુકૃત્યથી તું મહીપતિ બન્યો.'' મહીપતિને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમણે વિધિવત્ શ્રાવકપણું સ્વીકાર્યું. કાળ કરી સૌધર્મ દેવલોકમાં દેવ થયો.

જીવનનો ખાલીપો, અભાવો, અજંપો અને અધૂરપ દૂર કરનાર એકમાત્ર દાન છે.

**નયસાર** : (કલ્પસૂત્ર)

**જંબૂદ્વીપ**ના પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની **મહાવપ્રા** નામની વિજયમાં **જયંતિ** નામની રાજધાની હતી. ત્યાં **શત્રુમર્દન** રાજા રાજ્ય કરતા હતા. આ રાજ્યની સીમામાં **પૃથ્વી પ્રતિષ્ઠાન** નામનું ગામ હતું. તે ગામનો રક્ષક **નયસાર** હતો. તેનું જીવન આર્ય સંસ્કૃતિથી સંસ્કારિત હતું.

એકવાર રાજવી શત્રુમર્દને નયસારને તેના અધિકારમાં રહેલા લાકડા લાવી જયંતિ નગરીમાં પહોંચાડવાની આજ્ઞા કરી. રાજવીની આજ્ઞા શિરોમાન્ય કરી નયસાર ગાઢ જંગલમાં પહોંચ્યો. પોતના સેવકોની સાથે વનપ્રદેશમાં પ્રવેશી સુકાયેલા વૃક્ષોમાંથી લાકડાં કાપવાનું કાર્ય પોતાના સેવકો દ્વારા શરૂ કરાવ્યું. કેટલાક માણસો લાકડાં એકત્ર કરી ગાડાંઓ પર ગોઠવવા લાગ્યા. જ્યારે અમુક માણસો ભોજન સામગ્રી તૈયાર કરવા લાગ્યા. બપોરના સમયે ભોજન તૈયાર થઈ જતાં સેવકોએ નયસારને જમવાની વિનંતી કરી. નયસાર જમવા માટે તૈયાર થયા પરંતુ પોતાના સેવકોને એક જ પંક્તિમાં પોતાની સાથે બેસાડયા. એ

સમયમાં માલિક અને સેવકનો સંબંધ પિતા અને પુત્ર સમાન હતો. 'હું શેઠ છું, આ મારા નોકરો છે;' એવો ભેદભાવ નયસારના જીવનમાં બિલકુલ ન હતો. નયસાર અને તેના સેવકો એક જ પંગતમાં જમવા માટે બેઠા. સૌને સમાન ભોજન પીરસવામાં આવ્યું. સખત કામ કરવાથી કકડીને ભૂખ લાગી હતી, છતાં નયસાર જ્યાં સુધી ખાવાની શરૂઆત ન કરે ત્યાં સુધી સેવકો ભોજન કેવી રીતે કરી શકે ? નયસારે સેવકોને કહ્યું, ''આપણે બે-પાંચ મિનિટ અતિથિની પ્રતીક્ષા કરીએ. આવા જંગલમાં સાધુ-સંત મળી જાય તો આપણું ભોજન અમૃતમય બની જાય.

નયસારને ગામમાં હોય ત્યારે એવો નિયમ હતો કે, કોઈ સાધુ-સંતના પાત્રમાં કે કોઈ દીન-દુ:ખીના મુખમાં ભોજન આપ્યા સિવાય ભોજન કરવું નહીં પરંતુ આવા નિર્જન જંગલમાં સુપાત્રની આશા ક્યાંથી રાખી શકાય ? છતાં આદર્શ સદ્‌ગૃહસ્થનું એ કર્તવ્ય છે કે જમતાં પહેલાં કોઈ યોગ્ય પાત્રને આપવાની ભાવના તો અવશ્ય ભાવવી જોઈએ. નયસારનું પુણ્ય તપી રહ્યું હતું. તેમના પવિત્ર આત્મામાં તીર્થંકર બનવાની યોગ્યતા પડી હતી, જેથી તેને લગતાં નિમિત્તો મળવાની શરૂઆત થઈ. મહાવિદેહની એ અટવીમાં માર્ગ ભૂલી જવાના કારણે ચાર મહાવ્રતધારી **મહામુનિ સમુદ્રસેન** પોતાના શિષ્ય સમુદાયની સાથે એ તરફ નીકળ્યા.

અચાનક એ તરફ મુનિઓને આવતાં જોઈને નયસારના આનંદનો કોઈ પાર ન રહ્યો. તેની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. ભાવાવેશના કારણે તેને હૃદયમાં ભક્તિભાવનાની છોળો ઉછળવા લાગી. મુનિવરોની સામે જઈ તેમનું હાર્દિક સ્વાગત કર્યું તથા અત્યંત ભક્તિભાવપૂર્વક વંદન, નમસ્કાર કર્યા. મનોમન પોતાના ભાગ્યની પ્રશંસા કરી. નયસારે મુનિવરોને આહાર-પાણીના સુપાત્ર દાનનું લાભ આપવા વિનંતી કરી. તેની સાચી ભાવના જાણી મુનિવરો ભોજનના સ્થાને પધાર્યા. નયસારના સેવકો પણ મુનિવરોને જોઈ હર્ષવિભોર બની ગયાં. જંગલમાં મંગલ તે આનું નામ !

એકધારો વિહાર કરવાના કારણે તથા રસ્તો ભૂલી જવાના કારણે મુનિવરો થાકીને લથપથ થઈ ગયા હતાં પરંતુ તેમની પ્રસન્નતા અકબંધ હતી. વિહારનો થાક ઉતારવા સંતો એક વૃક્ષ નીચે નિર્દોષ જગ્યાને પ્રમાર્જી જરાવાર બિરાજમાન થયા ત્યારે નયસારે સદ્‌ભાવસહિત પૂછયું, ''ભગવન્! આવા નિર્જન પ્રદેશમાં આપ કેવી રીતે પધાર્યા ? આપને કોઈ તકલીફ તો નથી પડી ને ?'' મુનિવરે કહ્યું, ''દેવાનુપ્રિય ! વિશાળ મુનિગણ સાથે વિહાર કરતાં અમે પાછળ રહી ગયા, જેથી રસ્તો ભૂલાઈ ગયો. જે બાજુ જવું હતું, એ માર્ગ ન મળતાં અમે આ તરફ આવી ચડયાં. ક્ષુધા, તૃષા, વિહાર આદિના પરિષહો તો કર્મનિર્જરા કરાવે છે. તેનું અમને જરાય દુ:ખ નથી. અમારા સંઘાડાના મુનિવરો અમારી ચિંતા કરતાં હશે તેથી જલ્દી મળીએ તો સારું.'' નયસારે કહ્યું, ''આવી નિર્જન અટવીમાં કલ્પવૃક્ષ સમાન આપના જેવા મહામુનિવરોનાં દર્શન થયાં. ખરેખર ! અમારા ભાગ્ય ખુલી ગયાં છે. ગુરુદેવ ! અમને સુપાત્ર દાનનો લાભ આપો. પછી આપને જે તરફ જવું છે તે રસ્તો અમે બતાવશું તથા આપના સંઘાડાનાં મુનિવરોનો જલ્દી મિલન થાય તેવી જોગવાઈ કરશું.''

નયસારની અનુપમ ભક્તિ જોઈ મુનિવરો પ્રભાવિત થયાં. મુનિવરોએ સૂઝતાં નિર્દોષ આહાર પાણી વહોર્યા તથા સાધુધર્મની મર્યાદા સાચવી અનાસક્ત ભાવે આહાર પાણી વાપર્યા. નયસારની આનંદની અવધિ ન રહી. સેવકોએ પણ વારંવાર સુપાત્ર દાનની અનુમોદના કરી ભોજન કર્યું. ભોજન કર્યા પછી મુનિવરોને માર્ગ બતાવવા માટે પોતાના કોઈ સેવકને ન મોકલતાં નયસાર સ્વયં તૈયાર થયાં. અભિનંદન ! એ નયસારની ઉત્તમ ભવનાને !

નયસારે મુનિવરોને વિહારનો સીધો રસ્તો બતાવ્યો. અમુક અંતર સુધી મુનિ ભગવંતોની સાથે ચાલી તેમને વિધિવત વંદન કરી તથા પાછા વળવાની રજા માંગી ત્યારે મુનિવરોએ તેની યોગ્યતા જોઈ તેને ધર્મનો ઉપદેશ આપ્યો. મુનિરાજના મુખારવિંદમાંથી નીકળતી વિતરાગ વાણીની અમૃતધારાથી નયસારને અવર્ણનીય આનંદ થઈ રહ્યો હતો. તેને જીવ-અજીવ આદિ નવ તત્ત્વનું સરળ અને સચોટ જ્ઞાન સમજાયું. જેમ સૂર્યના પ્રકાશથી અંધકારનો નાશ થાય અને બિડાયેલ કમળનું ફૂલ વિકસિત થાય તેમ નયસારના આત્મા પર અનાદિકાલીન મોહનું આવરણ હતું તે વિલીન થયું. સમ્યગ્દર્શનનો દિવ્ય પ્રકાશ પ્રગટ થયો. ભાવિના ભગવાન બનવાનો માર્ગ મોકળો થયો.

**નરદેવ - દેવચંદ્ર** : (કથા રત્નકોષ, પ્રત પૃ.૩૧૯)

**ક્ષેમપુરી** નગરીના **પદ્મનાભ** રાજા અને **પદ્માવતી** રાણીના **નરદેવ** અને **દેવચંદ્ર** નામના બે રાજકુમારો હતાં. મોટો પુત્ર નરદેવ ચોસઠ કળામાં પ્રવીણ હતો. નાનો પુત્ર દેવચંદ્ર રૂપરૂપના આંબાર જેવો હતો પરંતુ સંપત્તિહીન હતો. **ગજપુર**ના રાજકુમાર **મહાબલે શ્રી જયદેવ સૂરિ** પાસે દીક્ષા લીધી. બન્ને રાજકુમાર મહાબલ મુનિ પાસે આવ્યા. ધર્મદેશના શ્રવણ કરી શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. તેમનો **સાગરદત્ત** નામનો એક મિત્ર હતો. તેણે પણ જિનધર્મ પર શ્રદ્ધા કરી સમ્યક્ત્વ મેળવ્યું. રાજાના પૂછવાથી સૂરિજીએ ત્રણે મિત્રોનો પૂર્વભવ કહ્યો.

''પૂર્વે એક નગરમાં ત્રણે મિત્રો વ્યાપાર કરવા પરદેશ જવા નીકળ્યાં. એક મિત્ર મોટો વ્યાપાર કરવા **સોરઠ** દેશમાં ગયો. તે **રૈવતાચલ** પર્વતની તળેટીમાં રહ્યો. તે સમયે ચૌમાસી પક્ખી (પર્વ) હતી. તેણે તે દિવસે પૌષધવ્રત કર્યું. પારણાના દિવસે અતિથિસંવિભાગ વ્રતના પાલન માટે ચારે તરફ દૂર દૂર સુધી નજર નાંખી. તે સમયે નજીકના ગિ**રિકુંજ**માંથી તપસ્વી **દમિક રાજર્ષિને** તે પ્રદેશમાં આવતાં જોયાં. જાણે અમૃતની વૃષ્ટિ થઈ હોય તેમ આનંદપૂર્વક પોતાના માટે બનાવેલ ભોજનમાંથી મુનિને પડિલાભ્યા. 'અહો ! મહાદાનમ્' એ પ્રમાણે દેવોએ ખુશ થઈ વસુધારાની વૃષ્ટિ થઈ કરી. સુપાત્રદાનના યોગથી મોટો મિત્ર નરદેવ બન્યો, જે સુપાત્રદાનના યોગે વર્તમાન ભવમાં ધર્મ-અર્થ-કામનો અધિકારી બન્યો છે.

મધ્યમ મિત્રે ક્લિષ્ટ અધ્યવસાયથી ભિક્ષુના ભિક્ષા કાળમાં પહેલાં રસોઈ કરાવી રાખી. તપસ્વીને વહોરવા બોલાવ્યા પરંતુ ગ્લાન વગેરે ના નિમિત્તે ગોચરી વહોરવા આવેલા સાધુને જોઈ દાન નહીં આપવાની ઈચ્છાથી ઘૃત વગેરેનાં વાસણોને સચિત્ત વસ્તુથી ઢાંકી દીધાં અને અફસોસ વ્યક્ત કરતાં કહ્યું, ''પકવાન તૈયાર છે પરંતુ (બીજા માટે હોવાથી) અસૂઝતું છે. હું મંદ ભાગી છું તેથી મને કંઈ લાભ ન મળ્યો'' એમ પક્ષપાત સેવી, કપટપૂર્વક બોલવાથી મધ્યમ મિત્ર દેવચંદ્રને વર્તમાન કાળે થોડી પણ સંપત્તિનો લાભ ન થયો.

હવે મધ્યમ મિત્રની આ વાત સાંભળી ધનચાહક નાના મિત્રએ ચાપલુસી કરતાં કહ્યું, ''હે મિત્ર ! તેં આ રીતે પોતાના ધનનું (રસોઈયા વગેરેનું) રક્ષણ કર્યું તે બહુ સારું કર્યું.'' મધ્યમ મિત્રની ખોટી અનુમોદના કરી નાના મિત્ર સાગરદત્તે ભોગાંતરાય કર્મ બાંધ્યું.

ત્રણે મિત્રો મૃત્યુ પામી દેવપણે ઉત્પન્ન થયા. તેમાંથી મોટો મિત્ર તે નરદેવ થયો. મધ્યમ મિત્રે અનુચિત અનુમોદના કરી તેથી દેવચંદ્ર થયો. નાનો મિત્ર સાગરદત્ત, જે શ્રેષ્ઠી પુત્ર હતો તેને 'દુષ્ટાભિસંધિ' થયો. તેને ભોગો તો ન મળ્યાં પરંતુ ઘણો સંતાપ(દુઃખ-રોગ) મળ્યો. તેનું મુખ્ય કારણ દાનમાં કંઈ ન આપતાં

કપટભાવ કર્યો તેથી વર્તમાને સારી વસ્તુનો પણ તે ઉપભોગ ન કરી શક્યો.

પ્રત્યેક વ્યક્તિના હૃદયમાં સદ્-અસદ્ વૃત્તિઓ રહેલી હોય છે. બન્ને પૈકી જે ભાવના પ્રબળ હોય તેવો માણસ બને. વૃત્તિઓ સક્રિય ન થાય ત્યારે માનવીના હૃદયની સ્થિતિ ક્ષીર સાગર જેવી શાંત હોય છે. ધન-વૈભવના આકર્ષણથી દેવો, દાનવો કે માનવો કોઈ મુક્ત નથી. દુર્વૃત્તિઓ સક્રિય થતાં ગુમરાહ બનેલો માનવ વિવેક ગુમાવે છે.

ગુજરાતમાં શ્રાવકવર્ગમાં સાધુ મુનિરાજને જોઈ એ ભાષા પ્રચલિત છે કે, 'સ્વામિન્! ભાત-પાણીનો લાભ આપો.' એનો આશય એ છે કે, મારે ત્યાંથી કલ્પનીય વસ્તુ લો અને મને કર્તવ્યપાલનનો અવસર આપો. આમ, વ્યક્તિ સ્વયં સુકૃત્ય (દાન) દ્વારા પોતાના સૌભાગ્યની લકીર સ્વયં બનાવે છે.

**નંદ અને સુંદરી, સિદ્ધાચાર્ય :** (ઉપદેશપદ ભા-૧, પૃ.૮૬)

**ચંપાનગરી**માં **ધન** નામે શ્રેષ્ઠીની **સુંદરી** નામે સ્વરૂપવાન પુત્રી હતી. સમુદ્રના પૂર્વ કાંઠે **તામ્રલિપ્ત** નગરીમાં **વસુ** નામે શ્રેષ્ઠી રહેતો હતો. તેનો **નંદ** નામનો પુત્ર હતો. બન્ને શ્રેષ્ઠીઓ શ્રાવક ધર્મનું પાલન કરતાં હતાં. પોતાના સંબંધોને વધારવા માટે યૌવનવયે નંદ અને સુંદરીનાં વિવાહ કરાવ્યાં. ત્યારપછી સુંદરી સાથે નંદ એકવાર સમુદ્ર પાર પરદેશ ગયો. પાછાં ફરતાં તેમનું વહાણ ભાંગ્યું. મધદરિયે એક પાટીયું મળતાં તેઓ કાંઠે પહોંચ્યા. સુંદરીને પાણીની તરસ લાગી. નંદ પાણીની શોધમાં નીકળ્યો. ત્યાં વન-વગડામાં નંદને વિકરાળ સિંહે ફાડી ખાધો. નંદ મૃત્યુ પામી વાંદરો થયો. સુંદરી દરિયા કિનારે એકલી બેઠી નંદની રાહ જોતી હતી. ઘણીવાસ સુધી નંદકુમાર ન આવ્યો ત્યારે સુંદરી આક્રંદ કરવા લાગી. તે સમયે **શ્રીપુર**નો **રાજા** શિકાર કરવા વનમાં આવ્યો. તેણે અબળા સ્ત્રીનો રડવાનો અવાજ સાંભળ્યો. અવાજની દિશાને અનુસરતો રાજા સુંદરી પાસે આવ્યો. સુંદરીને જોઈ તેની પ્રત્યે અનુરાગી થયો. તેથી તે પોતાની સાથે લઈ ગયો. તેણે સુંદરીને ભોગની પ્રાર્થના કરી પરંતુ સુંદરીએ અનિચ્છા દર્શાવી. સુંદરીને ખુશ કરવા રાજાએ વિવિધ કથાઓ વગેરે કહી કાળ પસાર કર્યો.

એકવાર સેવકો રાજાના મનોરંજન માટે નંદનો જીવ જે વાનર થયો હતો તેને જંગલમાંથી પકડી રાજમહેલમાં લાવ્યાં. વાનર રાજાની સમક્ષ નૃત્ય કરવા લાગ્યો. બાજુમાં સુંદરી બેઠી હતી. સુંદરીને એકીટસે નિહાળી વાનરને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાના પૂર્વભવને જોયો. હવે વાનરે અનશન કરી દેહ ત્યાગ કર્યો. તે દેવ થયો. તે દેવે હવે સુંદરીના શીયળની પરીક્ષા કરવા માટે દીક્ષાના વેશમાં માયાવી સુંદરી નામે આર્યાજી વિકુર્વી, **સિદ્ધાચાર્ય મુનિ** પાસે તેને **શ્રાવસ્તી નગરી**માં લઈ ગયો. આચારની પરીક્ષા કરવા માટે કપટ કરીને એકલી સુંદરીને દેવ અકાળે ત્યાં લઈ ગયો. સુંદરીએ મુનિને વંદન કરી કહ્યું, ''હે ભગવન્! સામાયિક સૂત્ર હું ભૂલી ગઈ છું. મને આલાપક ઉચ્ચરાવો.'' ગુરુએ ઉપયોગ મૂક્યો કે, 'આ અકાળ છે અને સાધ્વીજી એકલી છે તેથી કઈ રીતે આલાવો ઉચ્ચરાવું ?' મુનિએ ના પાડી. ત્યારે કૃત્રિમ સુંદરી સાધ્વીજી ગુસ્સે થઈ ગઈ. તે અદશ્ય થઈ ગઈ. દેવે હવે પોતાનું વાસ્તવિક રૂપ પ્રગટ કર્યું. સુંદરીને દીક્ષા માટે યોગ્ય જાણી દીક્ષાની અનુમતિ આપી. સિદ્ધાચાર્ય મુનિ પણ ગુરુપદે યોગ્ય છે તેવું જાણી કેટલાય લોકો બોધિબીજ પામ્યાં.

આ રીતે નંદ અને સુંદરી સુપાત્ર (યોગ્ય જીવ) હોવાથી સિદ્ધાચાર્ય ગુરુએ દીક્ષા આપી.

**નંદીષેણ મુનિ - સેચનક હાથી** : (જૈન કથાઓ ભા. ૯, પૃ.૭૨)

**મુખપ્રિય** નામના એક ધનિક બ્રાહ્મણે લાખ બ્રહ્મણોને ભોજન કરાવવાનો સંકલ્પ કર્યો હોવાથી ઘરકામ માટે પડોશમાં રહેતાં **ભીમ** નામનાં નોકરને કહ્યું, "તું મારે ત્યાં કામ કરીશ ? તારે પ્રતિદિન બ્રાહ્મણોને ભોજન પીરસી જમાડવાં." ભીમે કહ્યું, "બ્રાહ્મણોને ભોજન કરાવ્યા બાદ વધેલું અન્ન મને આપો તો હું તમારે ત્યાં કામ કરીશ." બ્રાહ્મણે હા પાડી. પ્રતિદિન બ્રાહ્મણોને ભોજન કરાવતાં જે વધે તે અન્ન સાધુ-સાધ્વીઓને બોલાવી લાવી ભીમ ભાવથી વહોરાવતો હતો. આ પ્રમાણે નિત્ય સુપાત્ર, સંયમીની ભક્તિ કરવાથી તેણે ભોગ કર્મ નિકાચિત કર્યું. આયુષ્ય પૂર્ણ કરી તે દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી **રાજગૃહી** નગરીમાં રાજા **શ્રેણિક**નો **નંદીષેણ** નામે પુત્ર થયો.

એ જ કાળમાં લાખ બ્રાહ્મણોને ભોજન કરાવનાર મુખપ્રિય બ્રાહ્મણે ભોજન તો કરાવ્યું પરંતુ એણે વિવેક ભક્તિ કેળવ્યા નહીં. તે પાપાનુબંધી પુણ્ય ઉપાર્જન કરી કોઈ એક જંગલમાં હાથિણીની કુક્ષિમાં ઉત્પન્ન થયો. આ હાથિણીના સ્વામી હસ્તિરાજને પાંચસો હાથિણીઓ હતી. તે પાંચસો હાથિણી સાથે ભોગ ભોગવતો પણ કોઈ પણ હાથિણી શિશુને જન્મ આપે ત્યારે તે તેને તરત મારી નાંખતો. આથી આ હાથિણીએ પગે લંગડા થવાનો ડોળ કર્યો અને ટોળાથી એક દિવસ ગાઉ દૂર રહે તો બીજે દિવસે બે-ચાર ગાઉ દૂર રહે. આમ કરતાં કરતાં બે-ચાર દિવસ અંતર પાડી તે ફરી ટોળામાં મળી જતી. યૂથાધિપતિ સમજ્યો કે, 'હાથિણી ગર્ભિણી છે એટલે ચાલી શકતી નથી.'

હાથિણીનો પ્રસવકાળ નજીક આવ્યો એટલે તે મોઢામાં પૂળો લઈ રાજગૃહીના પાસેના તપોવનમાં આવી. ઋષિઓએ શરણાગત હાથિણીને તપોવનમાં રાખી તેનો પ્રસવ કરાવ્યો. પ્રસવ બાદ હાથિણી ચાલી ગઈ અને યૂથાધિપતિને જઈને મળી પરંતુ વચ્ચે વચ્ચે યૂથથી છૂટી પડી પોતાના બચ્ચાને સ્તનપાન કરાવવા જતી. આ હાથીનું બચ્ચું તપોવનમાં મોટું થયું અને તે પણ ઋષિકુમારો સાથે વૃક્ષોને પાણી પીવડાવવાથી ઋષિકુમારોએ તેનું નામ **સેચનક** પાડયું. સેચનક હાથી ઋષિકુમારો સાથે મોટો થયો અને થોડા વખતમાં તે હૃષ્ટપુષ્ટ બળવાન હાથી બન્યો.

એકવાર પેલા યૂથાધિપતિને સેચનકે જોયો. સેચનક તેને જોઈ ગર્જયો અને યૂથાધિપતિ પણ 'મારો નવો હરીફ ક્યાંથી પાક્યો' તે વિચાર કરી તેની સામે દોડયો. સેચનકે યુદ્ધમાં યૂથાધિપતિને હરાવી મૃત્યુ પમાડયો. હવે સેચનક પાંચસો હાથિણીઓનો સ્વામી થયો. તે જે આશ્રમમાં ઉછર્યો હતો તે આશ્રમને તોડવા માંડયો. તપોવનનો બગીચો ખેદાન મેદાન કરી નાંખ્યો. છાંપરાઓનો ભાંગીને ભૂક્કો કર્યો. ઋષિકુમારોએ કહ્યું, "અરે કૃતઘ્ની ! તને અમે ઉછર્યો, મોટો કર્યો અને તેનું આ ફળ આપે છે ? અમને બેઘર કરે છે ?" એમ બોલી તેઓ લાકડીઓ લઈ સામે દોડયા. સેચનકે તેને દરકાર કર્યા વિના કોઈને ગબડાવ્યા તો કોઈને ચગદી નાંખ્યા. સેચનક સમજતો હતો કે, 'મારી માતા હાથિણીને આશ્રય આપી આ ઋષિઓએ મને મોટો કર્યો તેવી જ રીતે ફરી બીજી કોઈ હાથિણીને આશ્રય આપી મારા હરીફને ઉછેરશે.' આથી તેણે આશ્રમ ભાંગ્યા.

ઋષિઓએ રાજાને ફરિયાદ કરી. રાજાએ કેટલાક માણસો મોકલી હાથીને પકડવાનો પ્રયત્ન કર્યો પણ મદોન્મત્ત હસ્તિ ન પકડાયો. અચાનક નંદિષેણ બહાર નીકળ્યો. સેચનકની દૃષ્ટિ તેના ઉપર પડતાં તે ઠરી ગયો અને તે આપોઆપ પોતાના મિત્રને વશ થયો. નંદીષેણે તે હાથીને હસ્તીશાળામાં બાંધ્યો.

**પ્રભુ મહાવીર**ના મુખેથી નંદીષેણે પોતાનો પૂર્વભવ સાંભળ્યો અને સેચનક હસ્તિ તેને જોઈને કેમ

ઉપશાંત થયો તેનું કારણ જાણ્યું ત્યારે નંદીષેણકુમાર વિસ્મય પામ્યા. 'સાધુ-સાધ્વીને દીધેલાં દાનનું આટલું ફળ મળતું હોય તો સાધુ થવાથી શું ન મળે ? આવું વિચારી રાજાશાહી સુખો ફગાવી નંદીષેણ કુમાર પ્રવ્રજ્યા લેવા તૈયાર થયા.

ભગવાને કહ્યું, ''તારે હજુ ભોગાવલી કર્મ ઘણું બાકી છે તેથી તું દીક્ષા લઈશ છતાં પાળી નહીં શકે.'' નંદિષેણે કહ્યું, ''ભગવંત્! હું જાગૃત રહીશ અને ભોગથી બચવાનો પ્રયત્ન કરીશ. મારો વૈરાગ્ય દૃઢ છે તેથી મને દીક્ષા આપો. હવે મને સંસારમાં કોઈ રસ નથી.'' પ્રભુએ કહ્યું, ''નંદીષેણ! ઉત્સાહ અને ઉમળકાનો ઉભરો શાંત થતાં, મોહનો ઉછાળો ઉછળી આવે છે. જેણે મોહનો સર્વથા ક્ષય કર્યો હોય તેને જ પરીક્ષા વખતે મોહ સતાવતો નથી.'' નંદિષેણે કહ્યું, ''ભગવંત્! સંયમ લઈ હું મોહને નિર્મૂળ કરીશ.'' ભગવંતે ભાવી ભાવ માની નંદિષેણને દીક્ષા આપી.

નંદિષેણ મુનિ સમજતા હતાં કે, 'મારા જીવનમાં ઉપસર્ગો આવશે જ' તેથી તેમણે ઉગ્ર તપ, જપ, ધ્યાન અને જ્ઞાનમાં પોતાનું ચિત્ત પરોવ્યું. તેમણે દશ પૂર્વનો અભ્યાસ કર્યો. આકરું તપ તપતાં અનેક લબ્ધિઓ પણ પ્રાપ્ત થઈ.

એકવાર નંદિષેણ મુનિ છઠ્ઠના પારણે ગોચરીએ નીકળ્યા. ફરતાં ફરતાં મુનિ એક ઉજ્જવળ ઊંચી હવેલીમાં પેઠા. સામે આંખમાં મેષ આંજેલી અને હાથ-પગ રંગેલી આંખોથી ચૈનચાળા કરતી એક યુવાન ગણિકા આવી. તેણે હસતાં હસતાં કહ્યું, ''મહારાજ! ઘર ભૂલ્યા લાગો છો. અમારે ધર્મલાભ નથી જોઈતો, અહીં તો અર્થલાભનું કામ છે.'' તપસ્વી નંદિષેણનું ક્ષત્રિય બીજ ઉછળ્યું અને એક તણખલું ખેંચી પોતાની લબ્ધિથી સાડા બાર ક્રોડ સોનૈયાનો ઢગલો કર્યો. મુનિ પાત્ર લઈ તરત પાછા ફર્યા. ત્યાં તો વેશ્યા આડા હાથ ધરી ઊભી રહી અને બોલી, ''મહારાજ! આને અમે શું કરીએ ? આ ધનનું પોટલું બાંધી સાથે લઈ જાવ. અમે તો જે ધન આપે તેને સુખ ઉત્પન્ન કરીને જ ધન લઈએ છીએ. ફોગટનું લેવું અમારે હરામ છે. તમારે આ ધન અમને આપવું જ હોય તો અમારા રૂપનો ઉપભોગ કરો. નાથ! શું કામ ખોટું અભિમાન કરો છો. અહીં જ રહો. અહીં ધનનો તોટો નથી. યુવાન લલનાઓ હાજરા હજૂર છે. તમે પણ યુવાન છો. તમને પણ હૃદયમાં કામ સતાવી રહ્યો છે.'' તરત જ વેશ્યાએ મુનિના પાત્રો લઈ લીધાં. સાધુના કપડાં એક બાજુ મૂકાવી તેમની સાથે એશઆરામમાં ડૂબી ગઈ. મુનિ પણ ભોગાવલી કર્મનો ઉદય સમજી શાંત રહ્યા.

આ વેશ્યા રાજગૃહીની નામચીન વેશ્યા હતી. તેની પાસે માણસો સંગીત સાંભળવા કે રૂપ નિહાળવા આવતાં. નંદિષેણ આવતા દરેક વ્યક્તિને માનવ ભવની દુર્લભતા અને વિષયનું અનિષ્ઠપણું સમજાવતાં. તેમને પ્રતિબોધ પમાડી ભગવાન પાસે દીક્ષા લેવા મોકલતાં. નંદિષેણ ગણિકાને ઘરે વસ્યા છતાં વૈરાગ્યને ભૂલ્યા નહીં. તે પૂરેપુરું સમજતા હતાં કે, 'દીક્ષા લેતાં પહેલાં ભગવાને મને કહ્યું હતું કે તારું ભોગાવલી કર્મ બાકી છે. આ ભોગાવલી કર્મને દબાવવા મેં ઘણું ઈચ્છયું પણ ન દબાયું. હું કામથી પરાભવ બની ભોગમાં આસક્ત થયો, છતાં મારામાં જે જ્ઞાન અને ઉપદેશ શક્તિ છે તેનાથી હળુકર્મી જીવોનાં વૈરાગ્યાંકુરને પલ્લવિત કરું.' એવો વિચાર કરી તેઓ રોજ ગણિકાને ત્યાં આવનાર દશ જણને પ્રતિબોધીને પછી જ મુખમાં પાણી નાંખતાં. આ પ્રમાણે ગણિકાને ત્યાં બાર વર્ષ પસાર કર્યા.

એક દિવસે નંદિષેણે નવને જલ્દી પ્રતિબોધ્યા પણ દશમો એક સોની હતો. તે જલ્દી ન પ્રતિબોધાયો. તે વારંવાર નંદિષેણને પૂછવા લાગ્યો કે, ''કુમાર! તમે કહો છો કે વિષય એ વિષથી ભૂંડા છે,

સંસાર ભયંકર છે તો તમે સાધુપણું છોડી વેશ્યામાં લુબ્ધ શા માટે થયા છો ?'' નંદિષેણે કહ્યું, ''ભાઈ! તું કહે છે તે સત્ય છે પણ મારું ભોગાવલી કર્મ બાકી રહ્યું છે તેથી સંયમ લેવા છતાં હું પાળી ન શક્યો; છતાં ભાવના તો સંયમની જ સેવું છું.'' સોનીએ કહ્યું, ''ઝંખના કરવાથી શું વળે ? કહેવું અને કરવું તેમાં જમીન-આસમાનનો તફાવત છે.''

ત્યાં ગણિકા આવી. બપોર થઈ ગઈ હોવાથી તેણીએ કહ્યું, ''નાથ! રસોઈ ઠરી જાય છે. આપ જલ્દી જમવા પધારો.'' નંદિષેણે કહ્યું, ''સુંદરી મારો નિયમ તો તું જાણે જ છે. દશ વ્યક્તિ ન પ્રતિબોધાય ત્યાં સુધી હું જમતો નથી. આજે મેં નવને પ્રતિબોધ્યા છે પણ દશમાંની સાથે યુક્તિ પ્રયુક્તિઓ ચાલે છે તેથી વાર લાગી છે. તેને પ્રતિબોધી હું હમણાં જ જમવા આવું છું.'' ગણિકા હસતાં હસતાં બોલી, ''દશમો ન પ્રતિબોધાતો હોય, તો દશમાં આપ થઈ જાઓને!'' નંદિષેણનું ચિત ચમક્યું. જે સોનીના કહેવાથી નંદિષણને ચાનક નહોતી લાગી. તે ગણિકાનાં વચને લાગી.

નંદિષેણે સાધુપણાનાં કપડાં ધારણ કર્યા ત્યાં ગણિકા બોલી, ''નાથ ! હું તો મજાક કરું છું. આપ હસવાનું ખસવું ન કરો.'' નંદિષેણે કહ્યું, ''મારું ભોગાવલી કર્મ નષ્ટ થયું છે. હવે વિષયવાસના મારા ચિત્તને ડોલાવી નહીં શકે.'' નંદિષેણ વેશ્યાનું ઘર છોડી ભગવંત પાસે આવ્યા. પોતાના પાપની આલોચના કરી પુન: દીક્ષા લીધી. અંતે અનશન કરી સ્વર્ગે સંચર્યા.

દાનનો સંવિભાગ અર્થ ત્યારે સાર્થક બને છે જ્યારે દાનમાં ઐશ્વર્ય અને સ્વૈચ્છિક અહોભાવની ભૂમિકારૂપે 'મારું છે તે સર્વને વેચું' એવી અભિલાષા હોય; નહીં કે ગણિકા જેવી સ્વાર્થવૃત્તિ હોય.

**નાગદત્ત** : (પ્રાકૃત વિજ્ઞાન કથા)

**અવંતી** નગરીમાં **નાગદત્ત** નામે શ્રીમંત શ્રેષ્ઠી રહેતો હતો. તેની **યશોમતી** નામે ભાર્યા હતી. શેઠે એક કરોડ રૂપિયા ખર્ચી, બાર વર્ષે સાત માળનો મહેલ બંધાવ્યો. દિવાનખાનામાં ચિત્રકારો પાસેથી સુંદર ચિત્રો દોરાવ્યાં. પ્રભાત સમયે ચિતારાઓ આવ્યા ત્યારે કોઈ વિશિષ્ટ અવધિજ્ઞાની સાધુ પધાર્યા. ઘડપણની શરૂઆતમાં પણ વિષયાસક્ત તે નાગદત્તને જોઈ મુનિ હસીને આગળ ચાલ્યા ગયા. નાગદત્તે વિચાર્યું, 'મુનિ નિરર્થક ન હસે, કંઈક રહસ્ય હોવું જોઈએ. ઉપાશ્રય જઈ કારણ પૂછીશ.'

બીજે દવિસે મધ્યાહન સમયે તે મુનિ ભિક્ષા માટે પધાર્યા. ત્યારે ભોજન કરતાં નાગદત્ત શ્રેષ્ઠીનાં ખોળામાં તેનો પુત્ર રમતો હતો. યશોમતી શેઠાણીએ ભાવથી સત્કાર કરી મુનિને ભિક્ષા આપી. ત્યારે શેઠના ખોળામાં રમતાં પુત્રએ પેશાબ કરી શેઠની ભોજનની થાળી ભરી દીધી. મૂત્રને સાફ કરી ભોજન કરતો નાગદત્ત બોલ્યો, ''આ પુત્રએ મારાં ભોજન, વસ્ત્રો બગાડયાં છે.'' પુનઃ મુનિરાજ હસ્યા. મુનિ સ્થંડીલ જતાં હતાં ત્યાં નાગદત્ત શ્રેષ્ઠીની દુકાનમાં બોકડો ચડી આવ્યો. શેઠે લાકડી લઈ બોકડાને બહાર કાઢયો. ત્યારે ત્રીજી વાર મુનિ હસ્યાં.

હસવાનું કારણ પૂછવામાં આવ્યું ત્યારે મુનિએ કહ્યું, ''પ્રથમવાર હસવાનું કારણ સાંભળ. તું ભોગવિલાસમાં આસક્ત બની આ મહેલમાં કાયમ નથી રહેવાનો. તને શૂળની પીડા ઉત્પન્ન થશે અને સાતમા દિવસે તારું મૃત્યુ થશે. બીજીવાર હસ્યો કેમ કે, તારો પુત્ર તેના ગયા ભવમાં તારી સ્ત્રીનો એ જાર પુરુષ હતો. તને ખબર પડી. તેં તેનું ખૂન કર્યું. તે મૃત્યુ પામી તારી સ્ત્રીની કુક્ષિમાં પુત્ર પણે ઉત્પન્ન થયો. તું શત્રુને પ્રિય પુત્ર

માને છે. એ પુત્ર યુવાન થશે ત્યારે તારી ઘરવખરી સહિત ભવ્ય મહેલ વેચી નાંખશે. વળી, તારી પત્નીને વિષ આપી મારી નાંખશે. તારો પુત્ર કુલાંગર થશે. સંસારી જીવોની આવી સ્થિતિ જોઈ મને બીજી વાર હસવું આવ્યું.

હે નાગદત્ત ! ત્રીજી વાર હસ્યો તેનું કારણ કહું છું. આ બકરો પૂર્વ તારો પિતા હતો. તે મૂઢાત્માએ પરિગ્રહની તૃષ્ણાથી ઘણું ધન અનીતિથી એકઠું કર્યું હતું. પાપકર્મના ઉદયથી તે બકરો થયો છે. તેણે પૂર્વે ચંડાળનું ઘણું દ્રવ્ય લઈ તોલમાપમાં ઘાલમેલ કરી થોડું કપાસ આપેલ તેથી તે આગલા ભવનું દેવું ચૂકવવા માટે ચંડાળના હાથમાં પડયો છે. ચંડાળ તેને લઈને બજારમાંથી જતો હતો ત્યારે બકરો પોતાની દુકાન અને પોતાના પૂર્વના પુત્રને નિરખીને જાતિસ્મરણ જ્ઞાન પામી તારે શરણે આવ્યો. ચંડાળે તને ખરીદવાનું કહ્યું પરંતુ લોભમાં અંધ બનેલ તું તેને ખરીદી ન શક્યો તેથી હે નાગદત્ત ! મને ત્રીજીવાર હસવું આવ્યું.''

નાગદત્ત પોતાને ધિક્કારતો ચંડાળ પાસે આવ્યો. તે ધન આપી બકરાને ખરીદવા તૈયાર થયો પરંતુ દુર્ભાગ્યે તે પૂર્વે જ ચંડાળે બકરાને વધેરી નાંખ્યો હતો. નાગદત્ત મુનિ પાસે આવ્યો. તેણે પૂછયું, ''ભગવન્! મારા પિતા (બકરો) મૃત્યુ પામી કઈ ગતિમાં ગયા ?'' મુનિએ કહ્યું, ''શરણે આવેલા પિતાને ન ઉગારી શક્યો તેથી તેઓ તને ધિક્કારતા આર્ત-રૌદ્ર ધ્યાનપૂર્વક મૃત્યુ પામી નરકમાં ગયા.''

પિતાની દુર્ગતિથી ભયભીત થયેલો નાગદત્ત મુનિ પાસે આવી સન્માર્ગની યાચના કરવા લાગ્યો. મુનિએ કહ્યું, ''હે નાગદત્ત ! એક દિવસના સંયમ પાલનથી પણ ભવ્ય જીવો વૈમાનિક ગતિ પ્રાપ્ત કરે છે. તો સાત દિવસથી શું ન થાય ?'' સંસારની અસારતા ચિંતવતો સાતે ક્ષેત્રમાં પોતાનું દ્રવ્ય ખર્ચી નાગદત્તે સંયમ સ્વીકાર્યું. સંયમના પ્રથમ દિવસથી જ તેણે અનશન વ્રત સ્વીકાર્યું. પાંચમા દિવસે શૂળની અસહ્ય વેદના ઉત્પન્ન થતાં સાતમા દિવસે સમાધિ ભાવે કાળ કરી **સૌધર્મ કલ્પ**માં દેવપણે ઉત્પન્ન થયો.

આમ, સુપાત્રના જ્ઞાનદાનનો યોગ મળતાં નાગદત્તના જીવનમાં આમૂલચૂલ પરિવર્તન આવ્યું.

**નાગદત્ત :** (કથાકોશ પ્રકરણ, પૃ.૨૯)

આ **ભરતક્ષેત્ર**માં **વૈતાઢય** પર્વતની દક્ષિણે **ચક્રપુર** નામનું નગર હતું. ત્યાં **મહાસેન** નામનો રાજા હતો. તેની **પદ્મશ્રી** નામની રાણી હતી, જે સાધુ-સંતોની સેવામાં સદા રત રહેતી હતી. તેમનો એક પુત્ર હતો. જેનું નામ હતું **મેઘરથ.** તે આઠ વર્ષનો થયો ત્યારે તેને લેખાચાર્ય પાસે વિદ્યાભ્યાસ માટે મોકલ્યો. તે વિનયી હોવાથી અલ્પ સમયમાં વ્યાકરણ, છંદ, અલંકાર તેમજ વિવિધ કળાઓ શીખ્યો. વળી, સાધુઓના સત્સંગથી જીવાજીવાદિ તત્ત્વનો જ્ઞાતા બન્યો. તે ચતુર્વિધ સંઘની ઉપાસનામાં સદા તત્પર રહેતો. તે જેમ જેમ મોટો થયો તેમ તેમ ગુણોનો ભંડાર બન્યો તેથી તે લોકપ્રિય બન્યો. તેણે યૌવન વયે બત્રીસ રાજકન્યાઓ સાથે પાણિગ્રહણ કર્યું.

એકદા પર્વતિથિ હતી. મેઘરથે પૌષધશાળામાં જઈ પૌષધ કર્યો. સંધ્યા સમયે પ્રતિક્રમણ, સ્વાધ્યાય કરી પૌષધશાળાના દરવાજા બંધ કરી, ભૂમિ પર સંથારો પાથરી તેણે શયન કર્યું. તે કાળી-ચૌદસનો દિવસ હતો. તે રાત્રિએ સર્પડંશથી તેનું મૃત્યુ થયું. પ્રભાતે શય્યાપાલકે આવી સાદ કરવા છતાં કોઈ ઉત્તર ન મળ્યો ત્યારે રાણીઓના કહેવાથી દરવાજો તોડયો. જોયું તો મેઘરથ કુમાર મૃત્યુ પામ્યો હતો. અંત:પુરની સ્ત્રીઓ આક્રંદ કરવા લાગી. તેમનું રુદન સાંભળી મહાસેન રાજા અને પદ્મશ્રી રાણી દોડતાં આવ્યાં. જોયું તો પુત્રના જમણા પગનાં તળિયે સર્પે ડંખ દીધો હતો.

રાજાએ પુત્ર સ્નેહથી નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, ''જે રાજપુત્રને સ્વસ્થ કરશે તેને રાજા એક હજાર ગામ અને લાખ સુવર્ણ આપશે.'' પડહ સાંભળી ઘણાં ગારુડિકો ભેગાં થયાં. એક ગારુડિકે વિધિનો પ્રયોગ કર્યો પરંતુ મૃત્યુ પામેલો જીવતો થાય ખરો ? પોતાના પ્રયોગની કોઈ અસર ન થવાથી ગારુડિક અટક્યો. બીજા ઘણા ગારુડિકોએ પણ વિષદૂરીકરણના ઉપાયો અજમાવ્યાં પરંતુ કોઈ લાભ ન થયો ત્યારે શાસ્ત્રજ્ઞ **સુબુદ્ધિ** મંત્રીએ કહ્યું, ''રાજન્! શું મૃત્યુ પામેલો જીવંત થાય ખરો ? આપ જ્ઞાની હોવા છતાં અજ્ઞાની જેવી ચેષ્ટા શા માટે કરો છો ? મૃત્યુની અંતિમ વિધિ કરો.'' મેઘકુમારના શબને ઠાઠડીમાં સ્થાપિત કરી સ્મશાનમાં લઈ ગયા. તેની પાછળ ડાઘુઓ ચાલ્યા. અંતઃપુરની સ્ત્રીઓ કરુણ આક્રંદ કરતી સ્મશાનમાં આવી. ત્યાં ચિતા ખડકાઈ. પુત્રવધૂઓ સાસુ-સસરાને પગે લાગી પતિ સાથે સતી થવા તૈયાર થઈ.

ત્યાં જૈનાચાર્યો પધાર્યા. તેમણે પર્ષદાને સંબોધીને કહ્યું, ''રાજન્! સંસારની સ્થિતિ જાણવા છતાં કેમ મોહ પામો છો ? તીર્થંકર, ચક્રવર્તી આદિ કોઈ પણ જીવ મૃત્યુના સકંજામાંથી છૂટી શક્યું નથી. જગતના દરેક પ્રાણીઓને પ્રત્યેક ભવમાં મૃત્યુ ભરખી જાય છે. શું **સગર** ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો મૃત્યુનો કોળિયો નથી થયાં ? આ બધું સમજવા છતાં શા માટે વિલાપ કરો છો ? હે રાણી ! વ્યવહાર રાશિમાં સંસારી જીવો સાથે અનેકવાર માતા-પિતા, ભાઈ-બહેન બની સંબંધો બાંધ્યા છે. કેટલા ભવોના પુત્રો માટે તમે રડશો ?''

જૈનાચાર્યે પુત્રવધૂઓને ઉદ્દેશીને કહ્યું, ''જે જીવ ભૂખ-તરસ કે પ્રિય જનના વિયોગના દુઃખથી અગ્નિમાં કે પાણીમાં ઝંપલાવે અથવા ફાંસો ખાઈ મરે તે વ્યંતરનિકાયમાં ઉત્પન્ન થાય છે. તમે પતિનો વિરહ અસહ્ય થતાં જીવનથી છુટકારો મેળવવા મથો છો, દેવાનુપ્રિય ! એવી રીતે મૃત્યુને વરો કે જેથી ભવિષ્યમાં મૃત્યુનું દુઃખ જ ન આવે. એ માટે પ્રવ્રજ્યાનો માર્ગ સ્વીકાર કરી, સ્વાધ્યાય અને ધ્યાનને જીવનમાં વણી નિરાશંસભાવે પ્રાણોનો ત્યાગ કરી અજર-અમર બનો.''

મુનિના વૈરાગ્ય સભર શબ્દો સાંભળી રાજા-રાણી અને પુત્રવધૂઓ પ્રતિબોધ પામ્યાં. તેમની વિરહની આગ બૂઝાઈ ગઈ. રાજા ધ્યાનપૂર્વક જૈનાચાર્યને જોઈ રહ્યા. મુનિની પાંપણો પલકારા કરતી ન હતી. તે જમીનને સ્પર્શતા ન હતા. ત્યારે રાજાએ પૂછયું, ''તમે કોઈ દેવ લાગો છો. તમારું વાસ્તવિક સ્વરૂપ પ્રગટ કરો.'' તે મુનિ ક્ષણવારમાં નાગકુમાર દેવ બન્યા. તે દેવે કહ્યું, ''હું જ તમારો પુત્ર મેઘરથ છું. હું ભવનપતિ નિકાયમાં ધરણેન્દ્ર થયો છું. જ્યારે ઝેર ચડયું ત્યારે સમ્યક્ત્વની વિશુદ્ધિ ન રહેવાથી વૈમાનિક ગતિમાં ન ગયો. તમારા અનુરાગને કારણે હું મૃત્યુલોકમાં તમને પ્રતિબોધવા આવ્યો છું.'' રાજાએ કહ્યું, ''હવે આ રાજ્યની ધુરા કોણ સંભાળશે ?'' દેવે કહ્યું, ''પિતાજી ! દેવના પ્રભાવથી આપને ત્યાં એક પુત્રનો જન્મ થશે. તે દેવ પ્રદત્ત હોવાથી તેનું નામ **નાગદત્ત** પાડજો.'' દેવ ચાલ્યા ગયા પછી રાજાએ મેઘરથના શરીરનો અગ્નિસંસ્કાર કર્યો. મેઘરથની સ્ત્રીઓએ દીક્ષા લીધી. તેઓ **પુષ્પશ્રી** નામના સાધ્વીજીને સમર્પિત થઈ. તેઓ શ્રામણ્યનું પાલન કરી મૃત્યુ પામી દેવલોકમાં ગઈ.

અનુક્રમે પદ્મશ્રી સગર્ભા થઈ. તેને ગર્ભના પ્રભાવે જિનશાસનની સેવા કરવાનો ઉત્તમ દોહદ જાગ્યો. રાજાએ અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. રાણીએ સાધુઓને પ્રાસુક અને એષણીય ભક્ત, પાન, ઔષધ, વસ્ત્ર, કામળી, રજોહરણ, પાત્રાથી ભાવપૂર્વક ભક્તિ કરી. સાધર્મિકોને અન્ન, વસ્ત્ર, અલંકાર આપ્યા. કેદીઓને છોડાવ્યાં. કર્જવાનોને કર્જથી મુક્ત કર્યા. વ્યાધિથી પીડાતા જીવોને ઔષધ આપી જિનધર્મમાં જોડયા. નગરમાં અમારિ ઘોષણા પ્રવર્તાવી. પદ્મશ્રીએ પૂર્ણ દિવસે બાળકને જન્મ આપ્યો. રાજાએ પ્રજાજનોની

સાથે ખૂબ ધામધૂમથી જન્મોત્સવ ઉજવ્યો. લોકોમાં ખૂબ દાન-પુણ્ય કર્યું. બારમા દિવસે તેનું નામ **નાગદત્ત** પાડયું. ત્યારે સાધુઓને વિનંતી કરી સન્માનપૂર્વક ઘરે તેડાવ્યાં. પછી તેમને અશન, પાન, ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, કામળી વગેરે આપી પ્રતિલાભ્યાં.

ક્રમશ: નાગદત્ત યૌવનાવસ્થામાં પ્રવેશ્યો. તે રૂપમાં કામદેવ જેવો હતો. તે ઘણી રાજકન્યાઓને પરણ્યો. એકવાર સભામાં બેઠેલા રાજાની પાસે ઉધાનપાલકે આવી **ધર્મનંદન** નામના આચાર્યના આગમનના સમાચાર આપ્યા. રાજા તથા નાગદત્ત સપરિવાર **નંદન** ઉધાનમાં આવ્યા. ત્યારે રાજાએ પૂછયું, ''ભગવન્! આ નાગદત્ત કુમારે પૂર્વે કયું શુભકર્મ ઉપાર્જન કર્યું છે કે જેથી તે ઋદ્ધિ પામ્યો.''

ભગવંતે કહ્યું, ''**કોંકણ** દેશમાં **સોપારક** નામના નગરમાં **નાગદત્ત** નામનો માળી રહેતો હતો. તેનો પિતૃ પરંપરાથી આવેલો એક બગીચો હતો. તેમાંથી પુષ્પો ગ્રહણ કરી નગરની શેરીઓમાં વેચવા લાવતો. એ રીતે પોતાના પરિવારનો નિર્વાહ કરતો હતો.

એક વખત **જિનદાસ** શ્રાવક દ્વારા નિર્મિત જિનાલયનો પ્રતિષ્ઠા મહોત્સવ હતો. ત્યારે નાગદત્ત પુષ્પોની છાબ લઈ ત્યાં આવ્યો. તેણે જિનબિંબ જોયું. તેણે ફૂલો વડે સ્વહસ્તે પરમાત્માની પૂજા કરી. તીવ્ર સંવેગ ભાવથી તેણે સંસાર ટૂંકાવ્યો. તેને સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ. બીજા દિવસે નિત્ય ક્રમાનુસાર ઉધાનમાં ફૂલ લેવા ગયો ત્યાં સર્પ કરડયો. તે મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં પલ્યોપમના આયુષ્યવાળો દેવ થયો. તેણે અવધિજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જાણ્યો. જિનભક્તિનું આવું ફળ જાણી તે દેવકૃત્ય છોડી સોપારકમાં અષ્ટાહ્નિકા મહોત્સવમાં દેવરૂપે પ્રગટ થયો. ગુરુ ભગવંતની વાણી સાંભળી ઈહાપોહ થતાં નાગદત્તને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેનું સમ્યક્ત્વ વિશુદ્ધ થયું. હે રાજન્! દેવલોકમાંથી ચ્યવી તે તારો પુત્ર થયો છે. પૂર્વભવના અભ્યાસથી ગર્ભમાંજ તે ધર્મબુદ્ધિવાળો થયો છે.''

પદ્મશ્રીએ પૂછયું, ''ભગવન્! મારે પુત્ર વિયોગ શાથી થયો ?'' ભગવંતે કહ્યું, ''**ચંપા** નગરીમાં એક જ સમયે જન્મેલા, સાથે ઉછરેલા, ગાઢ મિત્રતાવાળા **ચંદ્ર** અને **ચંદન** નામના બે વણિક મિત્રો હતાં. તે નગરમાં કામશાસ્ત્રમાં કુશળ અને નવયૌવના **કામધ્વજ** નામની ગણિકા હતી. એકવાર ચંદ્ર અને ચંદનને **સહસ્રામ્રવન** ઉધાનમાં ગણિકા સાથે ક્રીડા કરવાની અભિલાષા જાગી. બન્ને ઉત્તમ વાહનમાં બેસી ગણિકાના આવાસે આવ્યા. ગણિકાએ તેમની સરભરા કરી. ત્રણે ઉધાનમાં આવ્યા. જલક્રીડા, ભોજન, વાર્તાલાપ કરતાં દિવસ સમાપ્ત થયો. સંધ્યા સમયે બન્ને મિત્રો ઉધાન જોવા નીકળ્યા. થોડે આગળ ત્યાં વૃક્ષની શાખા ઉપર એક ભયભીત વનમયૂરી જોઈ. તેઓ નજીક ગયા એટલે મયૂરી કેકારવ કરતી ઉડી ગઈ. તે જગ્યાએ મયૂરીનાં બે ઈંડાં પડયા હતાં. એ બન્ને ઈંડાં લઈને પોતાને ઘેર ગયાં. મયૂરી પાછી આવી. પોતાના ઈંડાંને ન દેખતાં તે મૂર્છિત થઈ પડી ગઈ. તે તરફડવા લાગી. તે કરુણ સ્વરે ટહૂકો કરવા લાગી. અહીં વણિક પુત્રોએ અંતરાય કર્મ બાંધ્યું. બીજી બાજુ તેઓ દાનના વ્યસની હોવાથી મનુષ્ય ગતિનું ભોગફળવાળું આયુષ્ય બાંધ્યું. સમય જતાં તેઓ મૃત્યુ પામ્યા. ચંદ્રનો જીવ મહાસેન રાજા થયો અને ચંદન કંઈક માયાવી હોવાથી તેણે સ્ત્રીગોત્ર કર્મ બાંધ્યું. તે પદ્મશ્રી નામે તું ઉત્પન્ન થઈ. પૂર્વ સ્નેહભાવથી આ ભવમાં તમે બન્ને પતિ-પત્ની થયાં. ઈંડા ઘરે લઈ જવાથી મયુરીને વિયોગ પડાવ્યો તે કર્મના ઉદયથી મેઘરથ કુમાર સાથે તારે વિયોગ થયો.'' આચાર્યશ્રીના વચન સાંભળી રાજા-રાણીને પણ જાતિસ્મરણ જ્ઞાન થયું.

પદ્મશ્રીએ પૂછયું, ''ભગવંત્! મેઘરથને અલ્પ આયુષ્ય કેમ મળ્યું?'' ભગવંતે કહ્યું, ''હે શ્રાવિકા પૂર્વે **મગધ** દેશમાં **બંભાણ** ગામમાં **નંદ** નામનો ધનાઢય ગૃહસ્થ હતો. તેને સ્વભાવથી દાન આપવાની તાસીર હતી. તેણે ભોજનશાળા ખોલાવી, પાણીની પરબો બંધાવી. તે દાનના પ્રભાવથી તેણે ભોગફળવાળું કર્મ બાંધ્યું. વળી, એકેન્દ્રિયાદિ જીવની વિરાધનાથી અલ્પ આયુષ્યવાળો થયો. યથા-કાળે તે મૃત્યુ પામી તમારો પુત્ર થયો. વર્તમાન કાળે મનુષ્યનું ઉત્કૃષ્ટ આયુષ્ય ક્રોડ વર્ષનું છે પરંતુ મેઘરથ કુમારનું આયુષ્ય દશ લાખ વર્ષનું થયું.''

ભગવંતની બોધદાયક કથા સાંભળી ઘણાં જીવો પ્રતિબોધ પામ્યા. મહાસેન રાજા નાગદત્તને રાજ્ય સોંપી રાણી, સામંત, અમાત્ય અને સાર્થવાહ વગેરેની સાથે ધર્મનંદન સૂરિજી પાસે દીક્ષા લીધી. પદ્મશ્રી પણ સંયમી બની દેવલોકમાં ગઈ.

નાગદત્ત સમસ્ત દેશોને સાધી મહારાજા થયો. તેણે સર્વજ્ઞના શાસનની ખૂબ ઉન્નતિ કરી. તેની મહારાણી **શ્રી** થી **વિજય** નામનો પુત્ર થયો. તેને યુવરાજ પદે નિયુક્ત કર્યો. એકદા **દમઘોષ સૂરિજી** ઉદ્યાનમાં પધાર્યા. ઉદ્યાનપાલકે તેમના આગમનની વધામણી આપી. ત્યારે નાગદત્તે ખુશ થઈ તેને લાખ સોનામહોર દાનમાં આપી. સૂરિજીએ દેશનામાં જીવની સંસાર યાત્રાનું વિશદ વર્ણન કર્યું. નાગદત્ત રાજાએ શ્રાવકધર્મ અંગીકાર કર્યો. તેમણે મોટા પુત્ર વિજયને નૃપતિ પદ આપી, સાધર્મિકોને ઘણું ધન આપી દીક્ષા લીધી. દીક્ષાના પ્રથમ દિવસથી જ છઠ્ઠના પારણે છઠ્ઠ તપશ્ચર્યાનો નિયમ કર્યો. પારણાનાં દિવસે આયંબિલ કરતા હતાં. આકરું તપ કરતાં શરીર માંસ અને રક્ત વિનાનું થયું. સાંધાઓમાં કડ કડ અવાજ આવતો હતો. અંતે અનશન કરી કેવળજ્ઞાની બન્યા. શૈલેષીકરણને પામી તેઓ મોક્ષે ગયાં.

આમ, નાગદત્ત જિનભક્તિ અને સુપાત્ર દાનનાં પ્રભાવે શાશ્વત સુખોને આંબી ગયા.

**પદ્માકર** : (દાન પ્રકાશ, દ્વિતીય પ્રકાશ)

**જંબુદ્વીપ**ના **મહાવિદેહ ક્ષેત્ર**ના, **પુષ્પકર** નગરમાં **શેખર** નામના રાજા હતા. તે જ નગરમાં ખ્યાતિ પ્રાપ્ત **તિલક** નામના શ્રેષ્ઠી રહેતાં હતાં. તેમની **રતિ** નામની ભાર્યા હતી. તેમનો પદ્મના સ્વપ્નથી સૂચિત **પદ્માકર** નામનો સૂર્ય જેવો તેજસ્વી અને ગુણવાન પુત્ર હતો. શેઠે યૌવનવયે પુત્રનાં લગ્ન ચાર કુળવાન કન્યાઓ સાથે કર્યાં. અનુક્રમે શેઠ કાળધર્મ પામ્યા. હવે જનપ્રિય પદ્માકર ઘરનો સ્વામી બન્યો.

એકવાર પદ્માકરે સોનાના થાંભલાવાળો, સ્ફટિક સમાન શ્વેત, ધન-ધાન્યથી ભરપૂર એવો દેવ ભવન જેવો સાત માળનો મહેલ જોયો. પદ્માકર દિવ્ય ભવનને જોઈ વિચારવા લાગ્યો કે, 'શું આ ઈન્દ્રજાળ છે કે મનનો ભ્રમ છે?' તે ચારે બાજુ જોવા લાગ્યો. ત્યાં આકાશવાણી થઈ. ''પદ્માકર! દેવપણે ઉત્પન્ન થયેલા તારા પિતાએ સ્નેહવશ આ મહેલ તારા માટે બનાવ્યો છે. એમાં તુ આનંદ પ્રમોદ કર.'' પદ્માકરે રાજાને ઉપરોક્ત હકીકત જણાવી. રાજાજ્ઞા થતાં તેણે ચારે સ્ત્રીઓને પૃથક પૃથક મહેલ આપ્યા. પદ્માકર ચારે પત્નીઓની સાથે દોગુંદક દેવની પેઠે સુખો ભોગવવા લાગ્યો. પદ્માકર પરદેશ જતો ત્યારે આ દિવ્ય શય્યા તેની સાથે આવતી. તેથી લોકમાં તેની મહાપ્રસિદ્ધિ થઈ. 'આ પદ્માકર ધન્ય છે જેની દેવો અદ્‌ભુત મનોવાંછિત સુખોની પૂર્તિ કરે છે.' સમય જતાં પુણ્યના પ્રભાવે તેને ચાર મનોહર પુત્રો થયાં.

એકવાર **અમરચંદ સૂરિ** નામના ત્રણ જ્ઞાનના ધારક નગરમાં પધાર્યા. તેમના આગમનના સમાચાર સાંભળી રાજવી શેખર, શેઠ પદ્માકર અને પ્રજાજનો દર્શન કરવા ગયાં. તેમની મીઠી મધુરી ધર્મદેશના સાંભળી. રાજાએ પૂછયું, ''ગુરુદેવ! પદ્માકરને અખૂટ સંપત્તિ શા કારણે પ્રાપ્ત થઈ છે?''

ગુરુએ કહ્યું, ''પૂર્વે **ભોગપુર** નગરમાં **નંદન** નામના ધનાઢય અને ભદ્ર સ્વભાવી શેઠ રહેતાં હતાં. એકવખત અષાઢ સુદ, દશમીના દિવસે ચાતુર્માસ માટે ઉત્તમ ગુરુ ભગવંત પધાર્યા. ગુરુએ બે મુનિઓને નંદન શેઠને ત્યાં મોકલ્યા. તેમને જોઈ શેઠે સવિનય પૂછયું, 'ભંતે! આપને કઈ વસ્તુનો ખપ છે?' મુનિએ કહ્યું, 'શય્યાનો ખપ છે.' નંદન શેઠે તરત જ પોતાના ઘરમાં રહેલી ઉત્તમ કાષ્ટની બનાવેલી, પહોળી, સારી રીતે સાંધ મેળવેલી કાષ્ટની પાટ સાધુ ભગવંતને અર્પણ કરી. સ્વાધ્યાય, પઠન અને વ્યાખ્યાનના શ્રમથી શ્રમિત થયેલા ગુરુદેવને પાટ ઉપર વિશ્રામ કરતા જોઈ નંદન શેઠને અપાર આનંદ થતો. 'આ પાટ ગુરુ મહારાજને ઉપયોગમાં આવી રહી છે, તેથી હું ધન્ય બની ગયો' એવું વિચારી ખૂબ અનુમોદના કરવા લાગ્યાં. ચાતુર્માસ પૂર્ણ થતાં સાધુઓ પાટ આપી અન્યત્ર વિહાર કરી ગયા. કાળક્રમે નંદન શેઠ આયુષ્ય પૂર્ણ કરી દેવતા થયા. દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી પદ્માકર શેઠ થયા. તેમના અઢળક પુણ્યને કારણે દેવપણે રહેલા પિતા સ્નેહથી શાલિભદ્રના પિતાની જેમ શય્યાદિક પૂર્ણ કરતા હતા.'' જ્ઞાની ગુરુના મુખેથી પૂર્વ ભવ સાંભળી પદ્માકર વ્રતધારી શ્રાવક બન્યા. અંતે અનશન કરી મૃત્યુ પામી ઉત્તમ દેવ થયા.

આઠ ભવની અંદર શય્યા દાનના માહાત્મ્યથી પદ્માકરનો જીવ મોક્ષપદને પ્રાપ્ત કરશે.

**પુણ્યસાર :** (પ્રબંધ પંચશતી, ક.૮૮)

**સાકેત** નામના નગરમાં **ભાનુપ્રભ** નામનો રાજા હતો. ત્યાં **ધનમિત્ર** નામનો રાજમાન્ય શેઠ હતો. તેની **ધનમિત્રા** નામની રૂપવાન અને ગુણવાન સ્ત્રી હતી. એક વખત તેણે સગર્ભા અવસ્થામાં રાત્રિના સમયે સ્વપ્નમાં રૂપાનો ઘડો જોયો. તેણે પુત્રરત્નને જન્મ આપ્યો. ધનમિત્રે તેનો જન્મોત્સવ કરી **પુણ્યસાર** એવું નામ આપ્યું. અનુક્રમે તે યૌવનાવસ્થા પામ્યો. ધર્મ-કર્મમાં કુશળ એવો પુણ્યસાર માતા-પિતાએ પસંદ કરેલ **ધન્યા** નામની કન્યા સાથે પરણ્યો.

એકવાર લક્ષ્મીદેવીએ સ્વપ્નમાં આવી પુણ્યસારને કહ્યું, ''તારા પૂર્વજન્મનાં પુણ્યના યોગે હું તારા ઘરમાં આવી છું. પુણ્યસારે પૂછયું, ''તું પુણ્યથી આવી છે. તેની શું ખાતરી ?'' લક્ષ્મીએ કહ્યું, ''તારે પ્રાતઃ કાળે ઘરના ચાર ખૂણા તપાસવા.'' પુણ્યસારે પ્રાતઃ કાળે ચાર ખૂણામાં ધનથી ભરેલા ચાર કળશ જોયાં. તેણે અનર્થથી ભતભીત થતાં ધનના કળશાનો વૃત્તાંત રાજાને જણાવ્યો. રાજાએ લોભથી તે ધન ભંડારમાં નંખાવ્યું. બીજે દિવસે તેવી જ રીતે ધનનાં કળશા પુણ્યસારે પોતાના ઘરમાં જોયાં. તેણે પુનઃ રાજાને જણાવ્યું. રાજાએ તે ધન રાજભંડારમાં મૂકાવ્યું. ત્રીજે દિવસે પણ આ જ પ્રમાણે થયું. રાજાએ તે ધન ગ્રહણ કરી લીધું. ચોથા દિવસે રાજાએ મંત્રીને પૂછયું, ''તે ધનનાં કળશા ક્યાં ગયા ?'' મંત્રીએ કહ્યું, ''સર્વ કળશાઓ કોણ ઉપાડી જાય છે, તે હું જાણતો નથી ?'' ત્યાં તો દેવતાએ અદશ્ય રહી કહ્યું, ''હે રાજન્! એ કળશાઓ પુણ્યસારના પુણ્યથી આવેલા હતાં તેથી મેં પુણ્યસારના ઘરમાં પુનઃ મૂકાવી દીધા છે. રાજન્! આ ધન તારા હક્કનું નથી. તેને તું ગ્રહણ ન કરીશ.'' ત્યાર બાદ સર્વ કળશાઓ શેઠના ઘરે જોઈ રાજાએ કહ્યું, ''શેઠ! તું ધન્ય છે. તું ભાગ્યશાળી છે.'' રાજાએ શેઠને હાથી પર બેસાડી સ્વગૃહે મૂક્યો અને નગરશેઠની પદવી આપી. નગરજનો કહેવા લાગ્યાં કે, 'ખરેખર! લક્ષ્મી પુણ્યને અનુસરે છે.' ત્યાર બાદ પુણ્યસારે પોતાની લક્ષ્મીનો સદુપયોગ દાન આપીને કર્યો.

એકવાર નગરમાં સુનંદ નામના કેવળી ભગવંત પધાર્યા. રાજા તેમને વંદન કરવા ગયો. તે સમયે પુણ્યસાર પણ ત્યાં આવ્યો. કેવળી ભગવંતની દેશના સાંભળી ધનમિત્રે પૂછયું, ''ભગવન! મારા પુત્ર પુણ્યસારે

પૂર્વ જન્મમાં શું પુણ્ય કર્યું હતું કે તેને આટલી ઋદ્ધિ મળી ?'' કેવળી ભગવંતે પુણ્યસારનો પૂર્વ જન્મ જણાવ્યો.

''આજ નગરમાં **ધન** નામનો એક મનુષ્ય હતો. તેણે ગુરુ મુખેથી અહિંસા ધર્મ સાંભળી જૈન ધર્મ સ્વીકાર્યો. તે જીવદયાનું સમ્યક્પણે પાલન કરવા લાગ્યો. અવસરે સુપાત્રને શુદ્ધ દાન પણ આપતો હતો. અનુક્રમે તેણે સાધુ-ભગવંત પાસે વ્રત ગ્રહણ કર્યા. ગુરુ પાસે હંમેશાં શાસ્ત્રનું શ્રવણ કરી, વૈયાવચ્ચ કરી અંતે અનશન કરી મૃત્યુ પામ્યો. તે દેવલોકમાં મોટી ઋદ્ધિવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવી પુણ્યના યોગે તમારો પુત્ર થયો છે.''

પુણ્યસારને પોતાનો પૂર્વ જન્મ સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે પોતાની સંપત્તિને જૈન ધર્મના દરેક ક્ષેત્રમાં વાપરી સદુપયોગ કર્યો. અનુક્રમે તેણે માતા-પિતા સાથે સંયમ સ્વીકાર્યો. સંયમની સુંદર આરાધના કરી, તપશ્ચર્યા કરી આયુષ્ય પૂર્ણ થતાં દેવલોકમાં દેવ તરીકે જન્મ્યો.ભવિષ્યમાં મનુષ્ય જન્મ પ્રાપ્ત કરી સંયમની આરાધના કરી મોક્ષે જશે.

**પુણિયો શ્રાવક :** (ધર્મલોક, ૧૯ ઓક્ટોબર, ૨૦૧૫)

સોહામણી અને અલબેલી **નગરી રાજગૃહી**. જેવી સુંદર નગરી તેવા સુંદર ત્યાં વસનારાં. **સતી સુલસા** અને **મહામના મેતારજ** ત્યાં વસે. તપ ત્યાગથી શોભતાં નિર્ગ્રંથ શ્રમણો નિરંતર ત્યાં આવે. એમના ધર્મવાણીના પ્રવાહમાં જનગણ સદાય પક્ષાલતો રહે.

**રાજગૃહી**માં એક શ્રાવક વસે. નામે **પુણિયો**. પુણિયાની શ્રીમંતાઈનો પાર નહીં. વૈભવ એના ગૃહાંગણે આળોટે. એકદા **પ્રભુ વીર** સુરભી ભર્યા પવનની જેમ પૃથ્વી તટ ઉપર વિહરતાં મગધની રાજધાની રાજગૃહીમાં અચાનક આવી ચડયા. પુણિયો વંદન કરવા ગયો ને સવિવેક કહ્યું, ''પ્રભુ! આપે નગરી અણધારી પાવન કરી. અમે ધન્ય થયા!'' ભગવાન મહાવીરે નેહ નીતરતા નયને તેની સામે જોયું, ''પુણિયા આજે તો ચિંતા થઈ ગઈ.'' પુણિયાએ પૂછ્યું, ''શાની પ્રભો ?'' પ્રભુએ કહ્યું, ''તારી !'' પુણિયાએ આશ્ચર્યથી પૂછ્યું, ''મારી ?'' પરદુઃખભંજન પ્રભુએ કહ્યું, ''હા ! તારી પાસે અપાર લક્ષ્મી છે. એમાં તું આસક્ત થઈને ડૂબી જઈશ તો દુર્ગતિ દૂર નહીં હોય. ઓહ ! એવું કેમ થવા દેવાય ?'' ''ન જ થવા દેવાય !'' એવું કહી પુણિયાએ તત્ક્ષણ હાથ જોડયા. ''પ્રભો ! જે કંઈ મારી સંપત્તિ છે, તેમાં રહેવા માટે ઘર, સૂવા સંથારો, જરૂરી સામગ્રી સિવાયની તમામ સંપત્તિનો આજથી ત્યાગ ! આસક્તિ મારામાં પ્રવેશે તે પૂર્વે જ તેનો ત્યાગ કરવો વધુ સારો ! હું આજથી પ્રતિજ્ઞા બદ્ધ થાઉં છું. મને અપરિગ્રહનું વ્રત આપો.''

સમગ્ર રાજગૃહીએ આ જાણ્યું ત્યારે સૌએ પ્રશંસાના ફૂલ વરસાવ્યાં. એ પળથી પુણિયાનું જીવતર જ પલટાઈ ગયું. જ્યાં સંપત્તિ રમતી હતી ત્યાં સાદગી આવી ગઈ. જ્યાં વૈભવ રમતો હતો ત્યાં વિરાગ આવ્યો. જ્યાં ઐશ્વર્ય રમતું હતું ત્યાં સભ્યતા આવી ! જાણે સંસ્કારે ત્યાં નિવાસ કર્યો ! પુણિયો હવે રોજના સાડા બાર દોકડા (બે આના) કમાતો. સાદાઈથી રહેતો, એક દિવસ ખુદ ઉપવાસ કરે અને અતિથિનો સત્કાર કરે. બીજે દિવસે પત્ની ઉપવાસ કરે અને અતિથિને આવકારે. અતિથિ વિહોણો એકે દિવસ ન જાય. એ કહે, ''તિથિ જોયા વિના આવે તે અતિથિ. તેને સત્કારી ન શકું તો જીવ્યું વ્યર્થ લાગે !''

એક દિવસ પુણિયા શ્રાવકને ત્યાં અતિથિ આવ્યા. આ અતિથિ અનોખા હતા. એમની વાતો પણ અનોખી હતી. એ હતાં વિદ્યાસિદ્ધ પુરુષ. ચતુર્દશીનો દિવસ હતો. પુણિયાનો ઉપવાસ હતો. એણે આંગણે

આવેલા અતિથિનો અદ્‌ભુત સત્કાર કર્યો. ભાવથી સાધર્મિક ભક્તિ કરી. આગંતુક અતિથિએ ચોપાસ નજર ઘુમાવી. ઘરમાં માટીનું લીંપણ છે, સ્વચ્છતા છે, જરૂરી થાળી-વાટકા છે, બીજું કંઈ જ નથી! પુણિયા અને તેની પત્ની મુશ્કેલીથી ગુજરાન ચલાવતા હશે પરંતુ તેમના મુખ પર સંતોષના તેજ છે! મારી પાસે વિદ્યાસિદ્ધિ છે, તો હું એમને મદદ કરતો જાઉં.

સંધ્યા ઢળી. પુણિયાને પ્રગાઢ નિદ્રા આવી ગઈ. સિદ્ધ પુરુષે મધ્ય રાત્રે રસોડામાં જઈને એક તુચ્છ તપેલી હાથમાં લીધી. પોતાની ઝોળીમાંથી પારસમણિ કાઢી [1]તપેલીને સ્પર્શ કરાવ્યો. તપેલી સોનાની બની ગઈ! પ્રાતઃ કાળ થયો. કૂકડો બોલ્યો ત્યારે અતિથિ પુનઃ કદીક આવવાનું વચન આપીને આગળ ચાલ્યા ગયાં. પુણિયાએ સવારમાં રસોઈઘરમાં જોયું તો તપેલી, જે પોતાની હતી તે ન જ મળે! તેની જગ્યાએ સાવ સોનાની તપેલી! પુણિયો આખી વાત સમજી ગયો. 'જે હતું તે પ્રભુના વચને ત્યાગ્યું. આ અણહક્કનું મને ન જોઈએ. પ્રભુ કહેતા હતા, અણહક્કના ધનની કિંમત ધૂળ જેટલીય નથી! અતિથિ! તમે જુલમ કર્યો છે. તમે ચમત્કાર કરી ગયા પરંતુ હવે નવી તપેલી લેવા માટે ધન ક્યાંથી લાવું. તમારી આ સુવર્ણ તપેલી મારે શું કામની?' પુણિયો તપેલીને જીર્ણ વસ્ત્રમાં વીંટી, ને દોડયો રાજગૃહીની બહાર. એને જલ્દી અતિથિને આંબી જવું હતું. આ ધન તેમને સોંપી દેવું હતું! વનની કેડીએ ચાલતાં અતિથિ સિદ્ધ પુરુષે પૂછયું, "તમે?" પુણિયાની છાતીમાં શ્વાસ સમાતો ન હતો. "આપ એવું કશુંક કરીને ગયા કે મારે તરત દોડવું પડયું. સિદ્ધ પુરુષે પૂછયું, "મારી કઈંક ભૂલ થઈ?" પુણિયાએ જીર્ણ વસ્ત્રમાં લપેટેલી તપેલી કાઢીને કહ્યું, "આ તમે શું કર્યું? તમે તપેલી સોનાની બનાવી દીધી પણ તે હું રાખી લઉં તો મારી જિંદગી શ્યામ જ બની જાય ને! શ્રમ વિનાનું લેવાય? આજ જે શુભ ભાવનાઓ - અરમાનો મારા ઉરમાં ઊભરાય છે, પછી તે પ્રગટશે? મહાપુરુષ! મને સુવર્ણ નહીં સત્કર્મ જોઈએ. દાન કરવાની મારી વૃત્તિ કુંઠીત ન થવી જોઈએ. ધનકુબેર થતાં દાનની વૃત્તિ શોષાઈ જશે, લેવાની લાલસા પ્રગટશે."

વિદ્યાસિદ્ધ પુરુષના નેત્રમાં ઝળઝળિયા આવી ગયાં. "આવો અપૂર્વ વૈરાગ્યભાવ ક્યાંથી મળે! જે સંતોષથી તમારું જીવન ચમકે છે. એ મને પણ પ્રાપ્ત હજો. સુવર્ણનો મોહ કોને ન હોય? પણ તું નિર્લેપ રહ્યો. ધન્ય તને પુણિયા! તેં સાચી વિદ્યા સિદ્ધ કરી છે."

આકાશમાં ઉડતાં પંખીઓ, વનનાં વૃક્ષો, સૂર્યના કિરણો, પુણિયાની આંતરીક મહાનતાને આવકારી રહ્યાં. આમ, ન્યાયોપાર્જિત શુદ્ધ કમાણી પ્રાપ્ત કરી અન્નદાન આપનારો પુણિયો જગપ્રસિદ્ધ બન્યો.

**પુનડ શ્રાવક :** (જૈન કથાઓ, ભા. ૧૭)

**નાગપુર**માં **દેલ્હાસુત પુનડે** એકવાર મહાત્મા પાસેથી દાન ધર્મનો એવો મહિમા સાંભળ્યો કે 'જો લક્ષ્મી ધર્મ સ્થાપનમાં વપરાય તો તે શાશ્વતી થાય છે અને જીવ આ લોક તથા પરલોકમાં સુખી થાય છે." વિશેષથી આ પ્રમાણે ગુરુ મુખેથી ધર્મોપદેશ સાંભળી તેણે સં. ૧૨૭૩માં પ્રથમવાર પગપાળા છરી પાલિત સંઘ **બિંબેરપુર**થી કઢાવી **શત્રુંજય**ની યાત્રા કરી. ત્યાર પછી **સુરત્રાણ** દેશથી વિ.સં. ૧૨૮૬માં નાગપુર શહેરથી શરુઆત કરી બીજી વાર યાત્રા કરી. આ સંઘમાં ૧૮૦૦ મોટા ગાડાં, ૧૦૦૦ સેજવાળા શય્યાપાલક સેવકો, ૪૦૦ શિબિકાઓ અને રથ, ૫૦૦ ઘોડા અને ઘણાં શ્રેષ્ઠીઓ હતાં. ત્યારબાદ શુભમુહૂર્તે પ્રયાણ કરતાં અને સ્થાને સ્થાને ઉત્સવ કરતાં **માંડવગઢ**ની નજીક આવ્યા.

---

૧. ક્યાંક તપેલીના સ્થાને તવો શબ્દપ્રયોગ જોવા મળે છે.

આ સંઘમાં કેટલાક માંડલિકો પણ હતા. આ સંઘ સાથે તેઓ **ધોળકા** પાસે આવ્યા ત્યારે **વસ્તુપાળ - તેજપાળ** મંત્રીએ સન્મુખ આવી સ્વાગત કર્યું. તે સમયે પવનથી જે જે દિશામાં સંઘની રજ (ધૂળ) ઉડતી હતી, તે તે દિશા તરફ મંત્રીઓ જવા લાગ્યા. તે જોઈ સેવકે કહ્યું, ''હે મંત્રીશ્વર! આ બાજુ ઘણી રજ ઉડે છે માટે આપ આ બાજુ પગલા કરો.'' ત્યારે મંત્રીએ કહ્યું, ''આ રજનો સ્પર્શ કરવાનું પુણ્ય સૌભાગ્યથી મળે છે. તે રજનો સ્પર્શ પાપરજનો નાશ કરે છે.'' (તીર્થ યાત્રા કરવાથી ભવ ભ્રમણ ભાંગે છે. ધન ખર્ચનાર સ્થિર સંપદાવાળો બને છે.)

સંઘપતિ પુનડ અને વસ્તુપાળ મંત્રી વચ્ચે ગાઢ આલિંગન અને પરસ્પર સત્કાર થયો. સરોવરનાં કાંઠે સંઘે સ્થિરતા કરી. રાત્રે મંત્રીએ પુનડ સંઘવીને કહેવડાવ્યું કે, 'પ્રાતઃ કાળે શ્રી સંઘ સાથે તમારે અમારા આવાસમાં જમવું.' પુનડ સંઘવીએ આમંત્રણનો સ્વીકાર કર્યો. ભોજન મંડપમાં બધા વ્યંજનો તૈયાર હતા. પ્રાતઃકાળે લોકો જમવા આવ્યા. મંત્રીએ તેમના પગ ધોઈ તિલક કર્યા. તે પ્રમાણે એમ કરતાં બે પ્રહર વીતી ગયા પરંતુ મંત્રી એ જ પ્રમાણે અખેદ ભાવે સંઘપૂજન કરતાં રહ્યાં. ત્યારે તેજપાળે વિનંતી કરી કે, ''ભાઈ! હવે હું ભક્તિ કરીશ, આપ જમો.'' ત્યારે વસ્તુપાળ મંત્રીએ કહ્યું, ''ભાઈ! આવું ન બોલ. પુણ્યના યોગે આવો શુભ અવસર મળ્યો છે.'' ગુરુઓએ મંત્રીને કહેવડાવ્યું કે -

**''जेणं कुलं आयत्तं, तं पुरिसं आयरेण रक्खिज्ज।**
**नहि तुम्बंमि विणट्ठे अरया साहरया हुंति।।''**

**અર્થ :** કુળ જેને આધીન છે, તે પુરુષનું આદરપૂર્વક રક્ષણ કરવું. તુંબના નાશ થતાં આરાઓ નિરાધાર થઈ જાય છે.

મંત્રીએ આ કાવ્ય ગુરુને મોકલ્યું કે -

**''अद्य मे फलवती पितुराशा, मातुराशि शिखाङ्कुरिताऽद्य।**
**यद्युगादिजिनयात्रिकलोकं, प्रीणयाम्यहमशेषमखिन्न।।''**

**અર્થ :** આજે મારા પિતાની આશા ફળી અને માતાની આશાની શીખા અંકુરિત થઈ છે કારણકે અખિન્ન એવો હું સમગ્ર સંઘના યાત્રિકને ખુશ કરું છું.

આ પ્રમાણે પુનડ સંઘને વસ્તુપાળ મંત્રીએ જમાડી પહેરામણી કરી.

**પુરુષોત્તમ નૃપ :** (જૈન કથા રત્ન કોશ, ભા.૭)

આ **ભરતખંડ**ના **બંગ** દેશમાં **તામ્રલિપ્ત** નામની નગરીમાં **સુમંગલ** રાજા રાજ્ય કરતો હતો. તેની બે રાણીઓ હતી. **પ્રભા** નામની રાણીએ **કનકધ્વજ** નામના પુત્રને જન્મ આપ્યો અને **સ્વયંપ્રભા** નામની રાણીએ **જયસુંદર** નામના પુત્રને જન્મ આપ્યો. કનકધ્વજ અને જયસુંદર વચ્ચે અત્યંત પ્રીતિ હતી. તેઓ બન્ને રાધાવેધમાં કુશળ હતા.

એકવાર બન્ને ભાઈઓ રાધાવેધ સાધતા હતા ત્યાં આકાશમાર્ગેથી જતાં બે વિદ્યાધરોએ તેમને જોયાં. તેમની અજોડ બાણાવળીથી તેઓ પ્રભાવિત થયા. તેમણે વિદ્યાધરની સભામાં જઈ બન્ને રાજકુમારના ખૂબ વખાણ કર્યા. આ બન્ને વિદ્યાધરોની ૨૦૦ કન્યાઓ હતી. **સુરવેગ** વિદ્યાધરે પોતાની ૧૦૦ કન્યાઓ રાજકુમાર કનકધ્વજ સાથે પરણાવી. **શૂરવેગે** પોતાની ૧૦૦ કન્યાઓ જયસુંદર સાથે પરણાવી. યુવરાજ કનકધ્વજને ગાદી સોંપી સુમંગલ રાજાએ ચારિત્ર ગ્રહણ કર્યું.

ઉત્તમ રાજ્યનાં અધિપતિ કનકધ્વજ રાજા દિગ્યાત્રા માટે નીકળ્યાં. ત્યારે **સાંકેતપુર**ના રાજા

**પુરુષોત્તમે** સેવકો દ્વારા તેમને પોતાના ગામ તેડાવ્યાં. બન્ને રાજાઓએ નગરનાં ઉદ્યાનમાં રહેલા ગુરુ મહાત્માની દેશના સાંભળી. મનુષ્ય જન્મની દુર્લભતાની દેશના સાંભળી સાંકેતપુરપતિના **કપિંજલ** પુરોહિતે **પ્રદેશી** રાજાની જેમ ગુરુને જીવ સંબંધી ઘણાં પ્રશ્નો પૂછ્યા. ગુરુએ સુંદર રીતે સમજાવ્યું છતાં તે માનવા તૈયાર ન થયો. ત્યારે ગુરુએ કહ્યું, ''દ્દઢ મિથ્યાત્વી એવા **કેશવ** નામે તારા મામા છે. તે અંધ છે. તેની સંગતથી તું જૈન ધર્મ પ્રત્યે અવિશ્વાસુ થયો છે.'' ત્યારે પુરુષોત્તમ રાજાએ પૂછ્યું, ''તે કેશવ કોણ હતાં ?''

ગુરુએ કહ્યું, ''**વસંતપુર**માં **વીરાંગદ** નામે રાજા હતો. તે શિકારનો શોખીન હતો. એકવાર સુંવરના બચ્ચાને બાણ મારતાં તે બાણ વૃક્ષની ઓથે કાઉસગ્ગ ધ્યાને બેઠેલા મુનિને વાગ્યું. હવે તેને પારાવાર પસ્તાવો થયો. તેણે મુનિ પાસે જઈ તેમને ખમાવ્યાં.

''હે રાજન્! અમે અપરાધીને પણ ક્ષમા આપીએ છીએ. યૌવન અને આયુષ્ય હાથીના કર્ણ સમાન અતિચંચળ છે. ઈન્દ્રિયના ભોગો તને નરક તરફ ઘસડી જશે. જેમ દૂધપાનમાં આસક્ત મિંદડો લાકડીનો માર મારવા છતાં દુગ્ધપાનની આસક્તિને છોડતો નથી, તેમ મનુષ્યો વિષયભોગથી દુ:ખી થવા છતાં તેને છોડતાં નથી. અગાધ સમુદ્રમાં પડેલું રત્ન મહાકષ્ટે પ્રાપ્ત થાય છે, તેમ મનુષ્ય જન્મ પ્રાપ્ત થવો મહા દુર્લભ છે. તૂટેલા ઘડામાંથી જળ ચાલ્યું જાય છે, તેમ આયુષ્ય પ્રતિપળ ઓછું થતું જાય છે. મનુષ્યની પાછળ વિકરાળ એવો કાળ પડયો છે. હે રાજન્! જીવ હિંસાનો ત્યાગ કર તે આપત્તિનું મૂળ છે.'' મુનિના અહિંસામય ઉપદેશથી અપૂર્વકરણરૂપી ખડગ વડે રાજાએ મિથ્યાત્વનો ગ્રંથિભેદ કર્યો. તે સમકિતી બન્યો. તે શુદ્ધ શ્રાવક થયો.

આ નગરમાં **જિનપ્રિય** નામનો બીજો શ્રાવક પણ રહેતો હતો. તે જીવાજીવાદિ નવ તત્ત્વનો જાણકાર હતો. તેણે **વીરાંગદ** રાજાને ધર્મમાં દ્દઢ કર્યા. રાજા સામાયિક, પૌષધ વગેરે ધર્મક્રિયાઓ કરવા લાગ્યા. તે જ ગામમાં **મોહન** નામે એક વૈશ્ય રહેતો હતો. તેણે આજીવિકા માટે કપટથી જૈન ધર્મ સ્વીકાર્યો હતો.

એક દિવસ મોહન જિનપ્રિય શ્રાવકને મળ્યો. તેણે કહ્યું, ''તમે રાજા પાસે પ્રતિદિન જાઓ છો, તો મને પણ મેળાપ કરાવો. જેથી હું રાજા જેવા ઉત્તમ શ્રાવકની સંગાથે ધર્માચરણ કરું.'' જિનપ્રિય શ્રાવક તેને રાજા પાસે લઈ ગયો. તેણે રાજાની કૃપા મેળવવા તેમની સાથે શુદ્ધ શ્રાવકની જેમ વાર્તાલાપ શરૂ કર્યો. ઘણી ચર્ચા બાદ રાજાએ પ્રસન્ન થઈ તેની ગરીબાઈ જોઈ આજીવિકાનો બંદોબસ્ત કરી આપ્યો. તે રાજાને વધુ પ્રભાવિત કરવા નિત્ય સંધ્યાકાળે શ્રાવકોને શ્રાવક ધર્મનો ઉપદેશ આપવા લાગ્યો.

એકવાર વીરાંગદ રાજાએ રાજ્ય ધુરાના સંચાલનમાં કુશળ જાણી પોતાના પુત્ર વીરસેન કુમારને રાજગાદી સોંપી દીક્ષા લેવાની ભાવના મોહનને જણાવી. 'રાજાના જવાથી પોતાની આજીવિકા ચાલી જશે' એ હેતુથી માયાવી મોહને કહ્યું, ''હમણાં કોઈ સાચા ધર્મગુરુ ઉપલબ્ધ નથી તેથી દીક્ષા લેવાનો વિચાર માંડી વાળો. વળી, ચારિત્ર્ય પાળવું કઠિન છે. મન પીપળાનાં પર્ણ જેવું ચંચળ છે અને બ્રહ્મચર્ય વ્રત પાળવું તો અતિ દુષ્કર છે. એના કરતાં ગૃસ્થાવાસમાં રહી દાન-પુણ્ય, વ્રત-નિયમ કરવાં અતિ ઉત્તમ છે. ચારિત્ર લઈને ત્યાગ કરવો એ તો ઊંચા પર્વતથી નીચે ગબડવા જેવું છે.'' આમ, કહીને મોહને ભોળવીને વીરાંગદ રાજાને મોહમાં પાડયા.

મોહને રાજાને ખોટો ઉપદેશ આપી કહ્યું, ''જૈન ધર્મ ખોટો છે.'' આ વાતની રાજા દ્વારા જિનપ્રિય શ્રાવકને ખબર પડી. તેણે ફરી આવીને રાજાને જૈન ધર્મમાં અડગ કર્યા. હવે વીરસેન કુમારને રાજ્ય સોંપી વૈરાગી વીરાંગદ રાજાએ **જયકાંત** નામના મુનિ પાસે દીક્ષા લીધી. તેમણે સાધુઓની વિશિષ્ટ પ્રકારે ખૂબ વૈયાવચ્ચ કરી. તેઓ ઉત્કૃષ્ટ તપ કરી સાતમા **મહાશુક્ર** દેવલોકમાં ઈન્દ્ર બન્યા. ત્યાંથી ચ્યવીને સાંકેતપુરમાં પુરુષોત્તમ રાજા થયા. પૂર્વ ભવે સાધુઓની સેવા કરવાથી શુક્ર દેવલોકમાં જઈ પુણ્ય ભોગવ્યું અને બાકી રહેલ પુણ્ય સાંપ્રાત કાળે રાજ ઋદ્ધિ દ્વારા ભોગવી રહ્યા હતા. જિનપ્રિય શ્રાવક પણ મૃત્યુ પામી શુક્ર દેવલોકમાં દેવ

થયો. ત્યાંથી ચ્યવી **વિનચંદર** રાજા અને **ગુણવતી**ની કુક્ષિએ **ગુણધર** નામે પુત્ર થયો.

પૂર્વભવના સંબંધથી ગુણધર અને સુમિત્ર વચ્ચે ખરી મૈત્રી થઈ. ગુણધર ધનવાન હતો અને સુમિત્ર નિર્ધન હતો. તે સુમિત્ર સાથે પરદેશ જવા નીકળ્યો. ગુણધરને અટવીમાં સૂતો મૂકી, તેનો અશ્વ અને માલમત્તા લઈ સુમિત્ર પલાયન થઈ ગયો. તેના દુર્ભાગ્યે અટવીમાં દાવાનળ પ્રગટયો અને માલસામાન બળી ગયો. ભીલોએ સુમિત્રને ધનના લોભથી પકડયો. તેની પાસેથી કાંઈ ન મળતા ત્રીજે દિવસે તેને છોડયો. મહાકષ્ટે તે **વીરપુર** આવ્યો.

આ બાજુ ગુણધરને અટવીમાં મૃગયા રમવા જતાં **શેખર** નામના પલ્લીપતિએ જોયો. તેણે ગુણધરને આસરો આપ્યો. ગુણધરે રજા માંગી ત્યારે પલ્લીપતિએ સુવર્ણ રસનું તુંબડું આપ્યું. જે તાંબા કે લોટાના પાત્ર પર નાંખતાં તે પાત્ર સુવર્ણમય બની જાય. પલ્લીપતિના પરોપકારને સંભારતો ગુણધર વીરપુર આવ્યો. સુમિત્રની શોધ કરવા **જિર્ણ** શેઠને ત્યાં રહ્યો. ત્યાં ભીખ માંગતો સુમિત્ર મળ્યો. તેને પોતાના ઉતારે તેડી લાવ્યો. તેને જમાડી ભોળા ભાવથી પલ્લીપતિએ આપેલી સુવર્ણ રસની તુંબડીનો વૃત્તાંત જણાવ્યો. લોભી સુમિત્રએ તુંબડી માટે ગુણધરને મારી નાંખવાનો ઘાટ ઘડયો.

તેઓ વહાણમાં બેસી **તામ્રલિપ્તિ** નગરીએ જવા નીકળ્યા. મધ્યરાત્રિએ ગુણધર લઘુશંકા કરવા ઉઠયો. ત્યારે સુમિત્રે પાછળથી તેને ધક્કો માર્યો. તેવામાં સુમિત્રનો જ પગ લપસ્યો અને તે સમુદ્રમાં પડી મૃત્યુ પામ્યો. ગુણધરને અનુચરોએ પકડી લીધો એટલે તે બચી ગયો. મિત્રના મૃત્યુથી ખેદ પામેલો ગુણધર વીરપુર આવ્યો. જિર્ણ શેઠને ઘણું ધન આપી સુવર્ણ તુંબિકા લઈ **ધનપુર** નગરમાં આવ્યો.

**સુધર્મ** નામના મુનિ નગરમાં પધાર્યા ત્યારે તેણે પોતાના મિત્ર સુમિત્ર વિષે પૂછયું, ''ભગવન્! હું સુમિત્ર પ્રત્યે પ્રીતિ રાખતો હતો, છતાં તેને મારા પ્રત્યે શત્રુતાનો ભાવ કેમ હતો. મુનિએ કહ્યું, ''તું પૂર્વે જિનપ્રિય શ્રાવક હતો અને સુમિત્ર પૂર્વે મોહનનો અવતાર હતો. મોહન કપટભાવથી ધર્મ પાળતો હતો તેથી તે દુઃખી થયો જ્યારે જિનપ્રિય ધર્મિષ્ઠ હોવાથી સુખી થયો. પૂર્વ જન્મમાં તારાથી પરાભવ પામેલો હોવાથી તેને તારા માટે શત્રુતાના ભાવ ઉત્પન્ન થતાં તે તારું બૂરું ઈચ્છતો હતો, છતાં તું ધર્મિષ્ઠ હોવાથી સદા તેનું ભલું ઈચ્છતો હતો. ગુણધરે દીક્ષા લીધી તે મુનિ હું પોતે અત્યારે તારી સમક્ષ પૂર્વ ભવ કહું છું, તે છું. સુમિત્રે ઘણાં ભવો પછી કેશવ નામે બ્રાહ્મણના કુળમાં જન્મ લીધો. પૂર્વ કર્મના લીધે તે જન્મથી જ આંધળો હતો. આ રીતે ખરાબ કાર્યો કરવાથી પાપકર્મ બંધાય અને સુપાત્રની વૈયાવચ્ચ કરવાથી પુણ્ય બંધાય છે.'

**પુંડરીક - કંડરીક :** (શ્રી જ્ઞાતાધર્મ કથા સૂત્ર, અ.૧૯)

**મહાવિદેહ ક્ષેત્ર**ની **પુષ્પકલાવતી વિજય**માં દેવલોક સમાન **પુંડરિકિણી** નામની નગરી હતી. બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી આ નગરીમાં **મહાપદ્મ** નામના રાજા રાજ્ય કરતાં હતાં. તેમની પદ્માવતી નામની રાણી હતી. તેમનાં **પુંડરીક** અને **કંડરીક** નામે બે પુત્રો હતા. રાજાએ મોટા પુત્ર પુંડરીકને રાજ્ય સોંપી કંડરીકને યુવરાજ પદે નિયુક્ત કર્યો.

એકદા **ધર્મઘોષ આચાર્ય**ની દેશના સાંભળી મહાપદ્મ રાજા દીક્ષિત થયાં. પુંડરીક રાજા બન્યો. મહાપદ્મ મુનિ મોક્ષે પધાર્યા. પુંડરીક રાજા રાજ્યનું વ્યવસ્થિતપણે સંચાલન કરતા હતાં.

એકદા બન્ને ભાઈઓએ કોઈક મહાત્માની દેશના સાંભળી. બન્નેને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ઘરે આવી પુંડરીકે નાના ભાઈને કહ્યું, ''તું રાજ્યનો વહીવટ સંભાળજે. પ્રજાનું પુત્રની જેમ જતન કરજે. હું સ્થવીર ભગવંતો પાસે ચારિત્ર ગ્રહણ કરીશ.'' તે સાંભળી કંડરીકે કહ્યું, ''મોટા ભાઈ! પિતાશ્રીએ તમને રાજ્યની

જવાબદારી સોંપી છે માટે તમે જ રાજ્ય ભોગવો. હું દીક્ષા લેવા ઈચ્છુ છું.'' જ્યેષ્ઠ બંધુની અનુમતિ લઈ કંડરીકે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. તે અગિયાર અંગના જ્ઞાતા બન્યા.

કંડરીક મુનિ છઠ્ઠના પારણે છઠ્ઠની આકરી તપશ્ચર્યા કરવા લાગ્યાં. દેશ-દેશાંતરમાં વિચરતાં, લુખો-સૂકો આહાર કરતાં શરીરમાં દાહજ્વરની પીડા ઉત્પન્ન થઈ. એકવાર સ્થવીર મુનિઓની સાથે વિહાર કરી કંડરીક મુનિ પુન: પુંડરિકિણી નગરીમાં પધાર્યાં. પુંડરીક રાજાએ ભાઈ મુનિનું શરીર શુષ્ક જોઈ ચિકિત્સા કરાવવાનું નિવેદન કર્યું. તે માટે યાનશાળામાં પધારવા વિનંતી કરી.

કંડરીક મુનિ યાનશાળામાં પધાર્યા. ઔષધ ઈત્યાદિ વડે યોગ્ય સારવાર કરતાં તેમજ રસકસવાળાં ભોજનથી મુનિ સ્વસ્થ થયાં. અન્ય મુનિઓએ વિહાર કર્યો પરંતુ કંડરીક મુનિ રાજસી ભોજનમાં આસક્ત થવાથી ત્યાં જ રહ્યાં. પુંડરીક રાજાએ તેમની આસક્તિ અને શિથિલતા જાણી જાગૃત કરવા કહ્યું, ''દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, પુણ્યશાળી છો. આપે મનુષ્ય જન્મ સફળ બનાવ્યો છે. ધન્યાતિધન્ય છે આપને !!! હું પુણ્ય હીન છું. મારો મોહ છૂટતો નથી તેથી હું સંસારનાં વ્યવહારમાં ખૂંપેલો છું.'' આ સાંભળી કંકરીક મુનિએ લજ્જાવશ વિહાર કર્યો પરંતુ દ્વિધા અને વિકલ્પોના બોજ તળે ચકદાયા હતા તેથી સંયમ પ્રત્યેનો સદ્‌ભાવ ખૂટયો હતો. થોડો સમય સ્થવીરો સાથે રહી તેમને પૂછયા વિના જ રાજમહેલની અશોકવાટિકામાં આવીને રહ્યા. પુંડરીક રાજાએ તેમને વંદન કરી કહ્યું, ''ભગવન્! આપ બધું છોડી ભિક્ષુ બન્યા છો પરંતુ માફ કરજો આપ ભોગને ઈચ્છો છો ?'' કંડરીક મુનિએ લજ્જા ત્યાગી ''હા'' પાડી. કંડરીકનો વૈરાગ્ય જાગ્યો નહીં ત્યારે પુંડરીકે કુટુંબીજનોને તેડાવી કંડરીકનો રાજ્યાભિષેક કર્યો. તે રાજા બન્યા. જૈન ધર્મને ઠેંસ ન લાગે તે માટે ભાઈ મુનિના જ ઉતારેલાં સંયમોપકરણો લઈ પુંડરીક રાજા સ્વયં દીક્ષિત થયા. તેમણે અભિગ્રહ ધર્યો કે, 'સ્થવીર મુનિઓનાં દર્શન કરી, ચતુર્યામ ધર્મ અંગીકાર કરી પછી જ આહાર-પાણી ગ્રહણ કરીશ.' પુંડરીક મુનિએ સ્થવીર ભગવંતો પાસે જવા પ્રસ્થાન કર્યું. જ્યારે ઉત્કૃષ્ટ ભાવદશા પ્રગટે છે ત્યારે અસંભવ પણ સંભવ બને છે.

કંડરીકે અમર્યાદિત, અતિરસવાળો આહાર કર્યો. અપથ્ય આચરણના કારણે મહાવેદના ઉત્પન્ન થઈ. તેનું કોઈએ ઔષધ કર્યું નહીં. સર્વેએ જાણ્યું કે, 'આ પાપિષ્ઠ ચારિત્ર છોડી રાજ્યના લોભમાં ફસાયો છે. તે આપણને શું સુખ આપશે ?' કંડરીકને અત્યંત ક્રોધ ચડયો. તેણે વિચાર્યું કે, 'ઠીક છે ! હમણાં કોઈ મારો ભાવ પૂછતું નથી, સારવાર કરતું નથી પરંતુ હું સાજો થઈશ ત્યારે બધાને ઠીક કરીશ.'

આમ, રૌદ્ર ધ્યાનપૂર્વક તે જ રાત્રિએ કાળ કરી સાતમી નરકમાં તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો નારકી થયો જ્યારે પુંડરીક મુનિ ઉગ્ર સાધના કરી, નિરતિચાર સંયમ પાળી તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા **સર્વાર્થસિદ્ધ વિમાન**માં દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં ઉત્પન્ન થઈ સિદ્ધિપદને પામશે.

પુંડરીક રાજાએ સુપાત્ર દાન આપ્યું તેમજ સુપાત્રની ઔષધ ઈત્યાદિ વડે ચિકિત્સા કરાવી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું.

જીવનમાં વૃત્તિઓની ફેરફુદરડી ફરતો માનવી કંડરીકની જેમ ઝોલા ખાય છે. પ્રથમ ઊંચે જાય અને પછી નીચે આવે. પ્રથમ સત્તાને છોડે અને પછી સત્તાને વળગવા ઉધમાત કરે પરંતુ અંતે મળે શું ?

**પોટ્ટીલા** : (ધર્મકથાનુયોગ, ભા.૨)

**તેતલીપુર**ના રાજા **કનકકેતુ**ની **પદ્માવતી** નામે રાણી હતી. તેમનો **તેતલી** નામનો મહામંત્રી હતો.

તેના પુત્રનું નામ પિતાના નામ પરથી **તેતલીપુત્ર** પડયું. આ નગરમાં **મૂષિક** નામનો સુવર્ણકાર હતો. તેના પુત્રનું નામ **મૂષિકાદારક** હતું. તેની એક પુત્રી હતી. તેનું નામ **પોટ્ટીલા** હતું.

એકવાર તેતલીપુત્રએ કોઈ ઉદ્યાનમાં પોતાની સખીઓ સાથે ક્રીડા કરવા આવેલી પોટ્ટીલાને જોઈ. તેના લાવણ્ય અને ચંચળતાથી આકર્ષિત થઈ તેતલીપુત્રએ તેની સાથે વિવાહ કર્યા. પ્રારંભમાં બન્ને વચ્ચે ગાઢ પ્રેમ હતો. સમય જતાં આ પ્રેમ શુષ્ક બન્યો. તેતલીપુરનો રાજા કનકકેતુ અતિ ગૃદ્ધ અને લાલચી હતો. તે પોતાના પુત્રોને રાજસિંહાસનના અધિકારી ન બને તે માટે જન્મ થતાં જ તેને વિકલાંગ બનાવી દેતો. તેને એવો ભય હતો કે, 'રખે ! કોઈ પુત્ર મોટો થઈ રાજા બની મને સિંહાસન પરથી હટાવી મૂકશે.' એવા ભયથી નવજાત શિશુના હાથ-પગ કાપી નાંખ્યા, કોઈની આંખો ફોડી નાંખી, કોઈની આંગળી તો કોઈનું નાક કાપી નાંખ્યું. આ પ્રમાણે સર્વ બાળકોને ખંડિત અંગવાળા કર્યા. રાજ્યાસક્તિએ કનકકેતુ રાજાને વિવેકહીન બનાવી દીધા હતાં.

ઘણાં સમય પછી રાજાની રાણી પદ્માવતી પુનઃ ગર્ભવતી બની. તેણે સુર સ્વપ્નથી સૂચિત ગર્ભ ધારણ કર્યો. પોતાના સંતાનની સુરક્ષા માટે તેતલીપુત્રને બોલાવી કહ્યું, ''આ વખતે પુત્ર થશે તો તેનું ગુપ્તપણે અન્યત્ર પાલન પોષણ અને સંરક્ષણ કરવું પડશે. જેથી તે રાજ્યાધિકારી થાય અને ભવિષ્યમાં આપણને આધારભૂત બને. એમાં જ રાજ્યની, આપણી અને મારી ભલાઈ નિહિત છે.''

યોગાનુયોગ આવા ટાણે જ પોટ્ટીલા પણ ગર્ભવતી બની. રાણીને પુત્ર થયો અને પોટ્ટીલાએ મૃત બાળકીને જન્મ આપ્યો. પૂર્વ યોજનાનુસાર મંત્રીએ બાળકોની હેરાફેરી કરી. મૃત પુત્રીને રાજમહેલમાં પહોંચાડી અને રાજકુંવરને પોતાને ત્યાં લાવ્યો. તેતલીપુત્રએ પોટ્ટીલાને પ્રથમથી જ સર્વ હકીકત જણાવી દીધી હતી તેથી તે ચૂપ રહી. તેતલીપુત્રએ પુત્ર જન્મોત્સવ મનાવ્યો. આ પુત્રનું નામ રાજાના નામ પરથી **કનકધ્વજ** રાખવામાં આવ્યું. યોગ્યવય થતાં કલાચાર્ય પાસેથી ઘણી કલાઓ શીખી તેમાં નિપુણ થયો.

અવસરે કનકકેતુ રાજા મૃત્યુ પામ્યો. 'કનકધ્વજ રાજાનો પુત્ર છે' એમ જાણી મંત્રીવર્ગ તથા નગરજનો ખુશ થયા. કનકધ્વજને મોટા આડંબર સાથે રાજગાદીએ બેસાડયો. રાજા મંત્રીનો મોટો ઉપકાર માની એનું ઘણું સન્માન કરવા લાગ્યા. રાજ્યનું પાલન કરતાં આનંદમાં દિવસો પસાર થવા લાગ્યા.

એકવાર મંત્રીની પત્ની પોટ્ટીલા જે પૂર્વે અતિપ્રિય હતી, તે કોઈક દોષથી અપ્રિય થઈ પડી. તેથી મંત્રીએ શય્યા જુદી કરાવી. પોટ્ટીલાને મનમાં ઘણું દુઃખ થયું. પોટ્ટીલા પ્રત્યે પતિ સ્નેહ શૂન્ય થતાં તે નિરાશ રહેવા લાગી. તે પતિના પ્રેમને ઝંખતી હતી. તેણે પતિને રીઝવવા ઘણાં પ્રયત્નો કર્યાં પરંતુ તેતલીપુત્ર પર તેનો કોઈ પ્રભાવ ન પડયો. એક દિવસ તેતલીપુત્રએ પોટ્ટીલાને દાનશાળામાં જઈ, વિપુલ અશનાદિક આહાર તૈયાર કરાવી દાન આપવાની સૂચના કરી. હવે પોટ્ટીલા નિયમિત અતિથિઓને ભોજન આપવા લાગી. તેનાથી તેની ઉદાસીનતા ઓછી થઈ ગઈ.

એકદા તેતલીપુરમાં **આર્યા સુવ્રતા**નું પદાર્પણ થયું. તેમની સાધ્વીજીઓ ભિક્ષા માટે પોટ્ટીલાની ભોજનશાળામાં આવી. પોટ્ટીલાએ તેમને વંદન કરી, ભોજન-પાણી આદિ વહોરાવી પોતાની કથની વિગતે કરી કહ્યું, ''હે ભગવતી ! એવું કંઈક કરો જેથી મારો પતિ વશમાં રહે.'' તેણે પતિને વશ કરવા મંત્ર-તંત્ર, કામણ અથવા ચૂર્ણ, દોરા-ધાગાની માંગણી કરી. આવી વશીકરણ વિદ્યાનો શ્રમણાચારમાં નિષેધ હોવાથી સાધ્વીજીએ ના પાડી. તેમણે શ્રાવક ધર્મ અને શ્રમણ ધર્મનું સ્વરૂપ પોટ્ટીલાને સમજાવ્યું. પોટ્ટીલા બાર વ્રતધારી શ્રાવિકા બની. તે નિત્ય સાધુ-સાધ્વીજીઓને નિર્દોષ, પ્રાસુક આહારનું દાન કરવા લાગી. એક દિવસ તેને

દીક્ષા લેવાના કોડ જાગ્યા. તેતલીપુત્ર પાસે દીક્ષાની અનુમતિ માંગી. તેતલીપુત્રએ એક શરત પર અનુમતિ આપી કે, ''જો શ્રમણી ધર્મનું પાલન કરતાં તું કાળધર્મ પામી દેવલોકમાં ઉત્પન્ન થઈશ તો દેવલોકમાંથી આવી મને પ્રતિબોધ પમાડે તો જ દીક્ષાની અનુમતિ આપું.'' પોટ્ટીલાએ પ્રતિબોધ પમાડવાનું વચન આપ્યું.

પોટ્ટીલા સાધ્વી બની. સંયમનું શુદ્ધપણે પાલન કરી, એક માસની સંલેખના કરી દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં. **પોટ્ટીલ દેવે** વચ્ચે વચ્ચે તેતલીપુત્રને ઘણીવાર ધર્મ કરવાની પ્રેરણા આપી પરંતુ રાજ્ય મોહ, સન્માન આદિમાં વ્યસ્ત તેતલીપુત્રએ તેના પર ખાસ ધ્યાન આપ્યું નહીં. ત્યારે પોટ્ટીલ દેવે એવું વાતાવરણ ઊભું કર્યું કે, રાજાનું ચિત્ત પ્રધાન ઉપરથી ફેરવી નાંખ્યું. મંત્રી તથા અન્ય નગરજનો તેનાથી અપ્રસન્ન થઈ ગયાં.

તેતલીપુત્ર રાજકોપથી ભયભીત બની અનાદરપૂર્ણ જીવન જીવવા કરતાં મૃત્યુને આલિંગન કરવા તૈયાર થયો. તેણે ગળે ફાંસો નાંખ્યો. દેવના માહાત્મયથી તે પાશ તૂટી ગયો; વિષ ખાધું તે અમૃત બની ગયું. તલવારથી માથું વાઢવા ગયો ત્યાં દેવે ખડગની ધાર બાંધી દીધી; અગ્નિમાં પ્રવેશ કરવા તૈયાર થયો તો અગ્નિ જળરૂપ થઈ ગયો. આ પ્રમાણે તેના બધા પ્રયાસો પોટ્ટીલ દેવે નિષ્ફળ બનાવ્યાં.

આકાશમાંથી પોટ્ટીલદેવે પ્રગટ થઈ કહ્યું, ''હે તેતલીપુત્ર! આ બધું તમને બોધ પમાડવા મેં કર્યું હતું. તું આત્મહત્યા શા માટે કરે છે ? ચારિત્ર ગ્રહણ કર કારણકે આગળ મોટો ખાડો છે, જેમાં છલાંગ લગાવવી એટલે મૃત્યુની ગોદમાં કૂદવા બરાબર છે. પાછળ એક ગાંડોતુર હાથી સૂંઢ ઉલાળતો તમારા પ્રાણ હરણ કરવા દોડતો આવી રહ્યો છે. એક તરફ વનમાં ભયંકર આગ લાગી છે. વનની આગ આખા ગામને બાળી રહી છે અને ગામની આગ પુનઃ વનમાં પ્રસરી રહી છે. વન ભડકે બળી રહ્યું છે. તો બીજી તરફ ગર્જતા સમુદ્રમાં વિકરાળ મગરમચ્છ મોઢું ફાડીને બેઠો છે. આમ ચારે બાજુ મૃત્યુ અટ્ટાહાસ્ય કરી રહ્યું છે ત્યારે વ્યક્તિ સુરક્ષા માટે કઈ તરફ જાય ? કોનું શરણું સ્વીકારે ?''

તેતલીપુત્રએ પ્રતિબોધ પામી સ્વયં દીક્ષા લીધી. ચૌદ પૂર્વનો અભ્યાસ કર્યો. તેઓ ચાર ઘાતી કર્મનો ક્ષય કરી કેવળી બન્યા.

સુપાત્ર દાનના નિમિત્તથી શોકાતુર પોટ્ટીલાએ પોતાનું જીવન તો નંદનવન જેવું બનાવ્યું, સાથે સાથે સંસારમાં રચ્યા પચ્યા રહેનારા તેતલી પુત્રને નરકમાં ધકેલતાં આબાદ બચાવ્યા.

**બળભદ્ર મુનિ - રથકાર મૃગ - હરણ :** (ઉપદેશ તરંગિણી, પૃ.૩૦; અમમ ચારિત્ર)

પૂર્વે કોઈ ગામમાં **ધનદેવ** નામે શ્રાવક રહેતો હતો. તે કેલિ પ્રિય હતો. ત્યાં **સરણ** નામે ધાર્મિક મુગ્ધ વણિક વસતો હતો. તે ધનદેવનો મિત્ર હતો. સરણે પૂછયું, ''દેવ-ગુરુ કોને કહેવાય ?'' ધનદેવે મશ્કરીથી દેવ-ગુરુનું વિપરીત સ્વરૂપ કહ્યું. ધનદેવ મૃત્યુ પામીને **હરણ** થયો અને સરણ રથકાર થયો.

**દ્વારિકા** નગરીને બાળી નાંખવાનું નિયાણું કરનારા **દ્વિપાયન ઋષિ** મૃત્યુ પામી **અગ્નિ કુમાર** દેવપણે ઉત્પન્ન થયા. ભડકે બળતી આખી દ્વારિકા નગરીમાંથી ફક્ત **કૃષ્ણ** અને **બળભદ્ર** બે જ બચી શક્યા. બીજા સર્વ આગમાં હોમાઈ ગયા. બન્ને ભાઈઓ અરણ્યમાં આવ્યા. કૃષ્ણ તૃષાતુર થયાં ત્યારે બળભદ્ર પાણી લેવા ગયા. ત્યાં વૈરી સાથે યુદ્ધ કરતાં રાત્રિ થઈ ગઈ. આ બાજુ કૃષ્ણ એક વૃક્ષની નીચે પગ પર પગ ચડાવીને સૂતા હતા.

**શ્રી નેમિપ્રભુ**ના શ્રી મુખેથી **જરા** રાણીના પુત્ર **જરા કુમારે** એવું સાંભળ્યું હતું કે, ''કૃષ્ણનું મૃત્યુ

તારા હાથે થશે.'' ત્યારથી લેખમાં મેખ મારવા જરાકુમારે વનવાસ સ્વીકાર્યો હતો. તે આ જ અરણ્યમાં રાત્રિના સમયે ફરતો હતો. તેણે દૂરથી કૃષ્ણના પગના તળીયે રહેલું ચમકતું પદ્મ જોયું. તેને ચકચકિત મૃગના નેત્રનો ભાસ થયો. તેણે બાણ ખેંચી કૃષ્ણનું ચરણ વીંધી નાખ્યું.

જરા કુમારે સમીપ જઈ જોયું ત્યારે તેને ખબર પડી કે, 'આ તો મારો ભાઈ કૃષ્ણ છે.' હવે તે પારાવાર પસ્તાવો કરી વિલાપ કરવા લાગ્યો. ત્યારે કૃષ્ણએ કહ્યું, ''જે થવાનું છે, તે થઈને જ રહે છે. નિયતિને કોણ ફેરવી શક્યું છે ? ભાઈ ! તું અહીંથી જલ્દી ચાલ્યો જા. જો બળભદ્ર આવશે તો તને મારી નાંખશે.'' જરા કુમાર ગભરાઈને તરત જ ત્યાંથી ચાલ્યો ગયો. આયુષ્યના પ્રાંત ભાગે કૃષ્ણને જરા કુમાર પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થયો. 'અરે ! જુઓ ત્રણસો સાઠ યુદ્ધ ખેલનારો હું પરાક્રમી અને શૂરવીર હોવા છતાં મને બાણથી વીંધી જરા કુમાર ક્ષેમકુશળ ચાલ્યો ગયો.' આમ, રૌદ્ર ધ્યાન કરી કૃષ્ણ ત્રીજી નરકમાં ગયાં.

થોડીવારમાં જળ લઈ બળભદ્ર ત્યાં આવ્યા. તેમણે કહ્યું, ''બંધુ ! ઉઠ, જળ પી લે. હું તારા માટે શીતળ જળ લાવ્યો છું.'' કૃષ્ણે ઉત્તર આપ્યો નહીં. બળભદ્રે વિચાર કર્યો, 'મને આવતાં વિલંબ થયો છે, તેથી મારો બાંધવ મારાથી નારાજ થયો છે. હું તેની ક્ષમા-યાચના કરી ખમાવું.' એમ વિચારી કૃષ્ણના પગમાં પડી અરજ કરવા લાગ્યા. ''બંધુ ! મને માફ કર. શું આ ક્રોધનો અવસર છે ? શું આ નારાજ થવાનો અવસર છે ? આપણે બન્ને અરણ્યમાં એકલા છીએ, માટે ઉઠ પાણી પી લે.'' આ પ્રમાણે વારંવાર વિનંતી કરવા છતાં શ્રી કૃષ્ણ નિરુત્તર રહ્યા ત્યારે બળભદ્ર શ્રી કૃષ્ણને મૃત્યુ પામેલા હોવા છતાં તેને જીવતો જાણી પોતાના ખભા ઉપર વહન કરી ભટકવા લાગ્યાં. તેઓ કૃષ્ણના મૃત્યુને માનવા તૈયાર જ ન હતાં.

એક દિવસ **સિદ્ધાર્થ** નામના દેવે બળભદ્રને પ્રતિબોધિત કરવા યંત્ર વડે રેતીને પીલવાનું દશ્ય દેખાડી કહ્યું, ''રેતીને પીલવાથી તેલ ન નીકળે તેમ મૃત્યુ પામેલો કદી જીવિત ન થાય.'' આવું સાંભળી બળભદ્ર ખુલ્લી તલવાર લઈ દેવને મારવા દોડયા. દેવ અદશ્ય થઈ ગયો. બીજી વાર દેવને પર્વતની શીલા પર કમળ વાવતો જોયો. ત્યારે બળભદ્રે કહ્યું, ''મૂર્ખ ! પથ્થર ઉપર કદી કમળ ખીલે ?'' લાગ જોઈ દેવે કહ્યું, ''મૃત્યુ પામેલો કદી જીવંત થાય ?'' ભાઈ પ્રત્યેના અતિશય સ્નેહ રાગથી બળભદ્ર કોઈ રીતે મોહથી મુક્ત ન થયા. દેવની વાત તેમના ગળે ઉતરી નહીં. સતત છ માસ સુધી શબને ખભા પર મૂકી પરિભ્રમણ કરતા રહ્યા. ત્યાર પછી શરીરને વિનાશ પામેલું જોઈ છોડી દીધું. સિદ્ધાર્થ દેવે તે શરીરને સમુદ્રમાં ક્ષેપન કર્યું. બહુ વિલાપ કરતા બળદેવને પ્રતિબોધવા શ્રી નેમિનાથે મોકલાવેલ **ચારણ મુનિથી** તે વૈરાગ્ય પરાયણ થયા. તે ચારણ મુનિ પાસે તેઓ દીક્ષિત થયા. પર્વત ઉપર રહી ઉગ્ર તપ કરવા લાગ્યા. તેઓ ફક્ત માસક્ષમણના પારણે આહાર માટે બાજુના નગરમાં જતાં.

એક દિવસ તેઓ **તુંગિયા** નગરીમાં વહોરવા જતાં હતાં. તેમનું કામદેવ જેવું રૂપ જોઈને કૂવાના કાંઠે પાણી ભરવા આવેલી પનિહારીઓ તેમના પર અત્યંત મોહિત થઈ. એક સ્ત્રી તેમનું રૂપ જોવામાં એવી તલ્લીન બની ગઈ કે ભાન ભૂલી ઘડાને બદલે પોતાના પુત્રના ગળામાં રસ્સી બાંધી કૂવામાંથી પાણી સિંચવા લાગી તે જોઈ મુનિએ જલ્દીથી ત્યાં જઈ સ્ત્રીને સાવધાન કરી. પોતાનો નગર નિવાસ અનર્થકારી જાણી તેમણે એવો અભિગ્રહ કર્યો કે, 'આજથી મારે નગરમાં જવું નહીં.'

હવે બળભદ્ર મુનિએ તુંગિયા નગરીના જંગલમાં જ એકાંતવાસ કર્યો. જંગલના માર્ગેથી કોઈ સાર્થ નીકળે ત્યારે તેમની પાસેથી ભિક્ષા લઈને ધર્મધ્યાન પૂર્વક સમય પસાર કરવા લાગ્યા.

બળભદ્ર મુનિ માસોપવાસના તપમાં લીન બન્યા. તેમના તપની કીર્તિ નગરમાં પ્રસરી. નજીકના નગરના રાજાઓએ લોકમુખેથી બળભદ્ર મુનિની તપશ્ચર્યાનો વૃત્તાંત સાંભળ્યો. તેમણે વિચાર્યું કે, 'આ મુનિ અમારા રાજ્યને પડાવી લેવા માટે તપ કરી રહ્યા છે. માટે તે અમારા શત્રુ છે.'' આવું વિચારી રાજાઓ પોતાના સૈન્ય સાથે જંગલમાં આવ્યા. સૈનિકોએ બળભદ્ર મુનિને ઘેરી લીધા. બળભદ્ર મુનિની રક્ષા માટે ચારણ મુનિના કહેવાથી સિદ્ધાર્થ નામનો દેવ રક્ષક બનીને રહ્યો હતો. તેણે **વૈક્રિય લબ્ધિ**થી સેંકડો સિંહ વિકુર્વ્યા. રાજાઓ ભયભીત બની તપસ્વી મુનિને વંદન કરી ચાલ્યા ગયાં. આ રાજાઓએ બળભદ્ર મુનિનું નામ **નરસિંહ મુનિ** રાખ્યું.

બળભદ્ર મુનિની દેશનાથી વાઘ-સિંહ આદિ જંગલી પશુઓ પાપાચાર છોડી ધર્મારાધના કરવા લાગ્યા. ઘણાં ચતુષ્પદોએ અનશન વ્રત ગ્રહણ કર્યું. ઘણાં પ્રાણીઓ શાકાહારી બન્યા. કેટલાક મૃગો પૂર્વ ભવના સંબંધી હોય તેમ તેમના શિષ્ય બની સંગાથે રહેવા લાગ્યા. જ્યારે મુનિ ધ્યાનમાં બેસતાં ત્યારે પશુઓ પણ એક જગ્યાએ બેસી જતા જ્યારે તેઓ ધ્યાન પાળતા ત્યારે મૃગો તેમની પાસે દોડતા, રમતા અને પ્રેમ કરતા. તેઓ સૂકું ઘાસ ખાતા અને સૂર્યના તાપથી તપેલું અચેત પાણી પીતાં. જ્યારે બળભદ્ર મુનિનું પારણું હોય ત્યારે સંજ્ઞા જ્ઞાનથી જાણી એક હરણ જંગલમાં જઈ કઠિયારા કે ઘાસ કાપનારા આવ્યા હોય તો તેમની પાસે જઈ સંકેત કરી બળભદ્ર મુનિના પારણાનું આગંતુકને ધ્યાન કરાવતો હતો. સમગ્ર જીવ સૃષ્ટિ આવા વિશ્વ પ્રેમી મુનિને અવ્યક્તપણે મદદ કરવા માટે ઉભી હતી.

એક દિવસ તે જંગલમાં કોઈક રથકાર સપરિવાર લાકડા લેવા માટે આવ્યો. કુહાડાના ઘાનો અવાજ સાંભળી લગભગ એક કોસ દૂર સુધી હરણ ત્યાં આવ્યો. રથકાર લાકડીઓ ચીરતો હતો અને બીજીબાજુ ભોજન તૈયાર થતું હતું. રથકાર એક વૃક્ષની શાખા ચીરી રહ્યો હતો. તેણે વૃક્ષની અડધી ડાળ ચીરી હતી. ભોજનનો સમય થઈ ગયો હતો એટલે કામ બંધ કરી તે વૃક્ષ પરથી નીચે ઉતર્યો. એવામાં એક હરણ બળભદ્ર મુનિને વસ્ત્ર ખેંચી રથકાર પાસે લાવ્યો. તપસ્વી મુનિને જોઈ રથકાર ખુશ થયો. તેણે ઊભા થઈ આહાર-પાણી માટે મુનિને વિનંતી કરી. મુનિ પણ ત્યાં આવ્યા. હરણના હર્ષનો પાર ન હતો. મુનિ પણ રથકારની ભાવના જોઈ ઉલ્લસિત થયા.

રથકારને શુભ ભાવ આવ્યો. 'આજે મરુભૂમિમાં કલ્પવૃક્ષ પ્રગટયું છે. આવા તપસ્વી સાધુને ભોજન આપવાનો સુભગ અવસર સાંપડયો છે, જે મારા કર્મોનો ચૂરો કરાવનાર છે. હું ધન્ય થયો છું.' તે સમયે બળભદ્ર મુનિ વિચારવા લાગ્યા કે, 'મારું સૌભાગ્ય છે, તેથી મને પ્રાસુક આહારની પ્રાપ્તિ થઈ છે.' તે સમયે મૃગને વિચાર આવ્યો કે, 'અહો ! જો મારી પાસે આવા પ્રકારનું પ્રાસુક અન્ન તૈયાર થાય તો હું પણ ભક્તિથી સાધુને વહોરાવું. રથકાર મહાપુણ્યશાળી છે ! તે મહાતપસ્વીને વહોરાવે છે !'

યોગાનુયોગ તે જ સમયે એકાએક પ્રચંડ વાયુ ફૂંકાયો અને અડધી લટકતી વૃક્ષની મોટી ડાળ તૂટી પડી. રથકાર, હરણ અને મુનિ ઉપર આ ડાળ પડતાં ત્રણેયનું મૃત્યુ થયું. રથકારે દાન દીધું, હરણે અનુમોદના કરી અને બલદેવ મુનિએ તપ કર્યું હતું. આ ત્રણે આત્મા શુભ અધ્યવસાયની ધારામાં મૃત્યુ પામી પાંચમા **બ્રહ્મ** દેવલોકે એક સ્થાને ઉત્પન્ન થયા.

બળભદ્ર મુનિનો જીવ દશ ક્રોડા ક્રોડી સાગરોપમનું આયુષ્ય ભોગવી ત્યાંથી ચ્યવી આ ઉત્સર્પિણી કાળમાં ભરતક્ષેત્રમાં રાજકુમાર તરીકે ઉત્પન્ન થશે. **શ્રી નગરપુર**ના રાજા તરીકે પ્રસિદ્ધ થશે. લાંબા સમય

સુધી રાજ્યનું પાલન કરી **અમમ સ્વામી**ના તીર્થમાં **મુનિચંદ્ર મુનિ** પાસે દીક્ષા લઈ ઘાતી કર્મનો ક્ષય કરી સીતેર લાખ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિ પામશે.

દાન દેનાર દાતા નિ:શંક દાનનું ફળ મેળવે છે પરંતુ દાનની અનુમોદના કરનાર પણ હરણની જેમ સદ્ગતિ પામે છે.

**બે મિત્રો :** (જૈન કથા રત્નકોષ, ભા.૪, પૃ.૩૭૯)

એક દિવસ **વિજયસ્થળ** નગરના ઉદ્યાનમાં **શ્રીધર્મ** નામના કેવળી ભગવંત સમોસર્યા. **ગુણાકરે** તેમની પાસે જઈ ધર્મોદેશના સાંભળી. પછી તેણે પોતાનો અને પોતાના મિત્ર **ગુણધર**નો પૂર્વ ભવ પૂછ્યો. કેવલી ભગવંતે કહ્યું, ''દેવાનુપ્રિય ! તમે પૂર્વે આ જ નગરમાં **વિષ્ટ** અને **સુવિષ્ટ** નામના ભાઈઓ હતા. તમે વણિક હતા. તેમાં વિષ્ટ વિચિત્ર સ્વભાવનો હતો, બીજાને ત્રાસ આપી ખુશ થનારો તેમજ સાધર્મિકોને અધર્મી માનનારો મિથ્યાત્વી હતો. તેને ભિક્ષાચાર બિલકુલ ન ગમતા. કોઈ યાચકને બારણે ન આવવા દેતો. તે ન સારો આહાર કરતો, ન સારાં વસ્ત્રો પહેરતો. વડીલોની નિંદા અને મશ્કરી કરતો. તે શ્રીમંત હોવા છતાં દરિદ્રીપણું ભોગવતો હતો.

સુવિષ્ટ ઉત્તમ જીવોનો ગુણાનુરાગી, સંતોષી, સુબુદ્ધિવાન અને દાનવીર હતો. બન્ને ભાઈઓમાં રત્ન અને પાષાણ જેટલું અંતર હતું; છતાં બન્ને ભાઈઓ વચ્ચે અપાર પ્રીતિ હતી.

એકવાર કોઈ મોક્ષગામી, તપસ્વી સાધુ માસક્ષમણના પારણે સુવિષ્ટના ઘરમાં આહાર માટે આવ્યાં. સુવિષ્ટનું હૃદય આનંદથી છવાઈ ગયું. અહો ! મારે ત્યાં કલ્પવૃક્ષ સમાન જંગમ તીર્થરૂપી મુનિરાજ પધાર્યા છે. ધન મળવાથી જેટલો આનંદ થાય તેથી વધુ આનંદ સુવિષ્ટને સિંહકેસરિયા આઠ પ્રાસુક મોદક વહોરાવીને થયો. તેનું હૃદય આનંદથી તરબતર થઈ ગયું. એણે ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું.

સુવિષ્ટના પ્રચુર પુણ્યથી ચિત્ત-વિત્ત અને પાત્ર ત્રણે યોગ્ય મળ્યાં.

**બ્રહ્મદત્ત ચક્રવર્તીનો પૂર્વભવ :** (ઉપદેશમાળા, પૃ.૨૪)

પૂર્વભવમાં કોઈ ગામમાં ભદ્રિક સ્વભાવના ચાર ગોવાળિયા હતાં. એક દિવસ ગ્રીષ્મ ઋતુમાં તે ચારે ગોવાળિયા ગાયો ચરાવવા વનમાં ગયા. મધ્યાહન સમયે તે ચારે એકત્રિત થઈ વાતો કરવા લાગ્યાં. ત્યાં તેમની દૃષ્ટિ એક વૃક્ષની નીચે બેઠેલા મુનિવર પર પડી. આ મુનિવર પગદંડી ભૂલ્યા હતા. તેઓ નગરમાં જવાના માર્ગને બદલે વગડાના માર્ગે ભૂલા પડયા હતા. ઘણું ચાલવાથી પરસેવે રેબઝેબ થયા હતા. તરસના કારણે ગળું સુકાતું હતું. તેઓ અત્યંત તૃષાતુર થયા હતાં. તેમની પાસે રહેલું પાણી ખૂટી ગયું હતું. ચારે ગોવાળિયાઓ દયા ભાવથી પ્રેરાઈ મુનિની સમીપમાં આવ્યા. મુનિ પાણી વિના તરફડીયાં મારતા હતા. એમના પ્રાણ કંઠગત થયા હતા. ગોવાળિયાઓએ વિચાર કર્યો કે, 'આ મુનિ જંગમ તીર્થ સમાન છે પરંતુ તેઓ પાણી વિના મૃત્યુ પામશે. સૌ પ્રથમ કોઈ જગ્યાએથી પાણી લાવીને તેમને આપીએ તો મહાન પુણ્ય થશે.'

તેઓ ચારે દિશામાં પાણીની શોધમાં ફરી વળ્યા પરંતુ કયાંય પાણી ન મળ્યું. ત્યારે તેમણે એક ગાયને દોહી તેનું દૂધ લઈ મહાત્મા પાસે આવ્યા. સાધુ મૂર્છિત અવસ્થામાં હતા. તેમના મુખમાં દૂધનાં ટીપાં મૂકી તેમને સચેતન કર્યા. સાધુએ તેમનો ઉપકાર માન્યો. તેમને કહ્યું, ''તમે આજે મને જીવિતદાન આપ્યું છે. તમે

મહાન ઉપકાર કર્યો છે.'' મુનિએ તે ચારે જીવાત્માને સરળ સ્વભાવના જાણી દેશના આપી. આ દેશના સાંભળી ચારેને વૈરાગ્ય પ્રાપ્ત થયો. તેમણે સમ્યક્ત્વ મેળવ્યું અને દીક્ષા લીધી.

તે મુનિ તેઓની સાથે વિહાર કરી અન્યત્ર ગયા. આ ચારમાંથી બે મુનિ સંયમ પર્યાયની કઠીનતા જાણી તેની અવજ્ઞા કરવા લાગ્યા. તેમણે ચારિત્રની વિરાધના કરતાં વિચાર્યું, 'સાધુનો વેશ સારો છે, પણ સ્નાનાદિ વિના શરીરની શુદ્ધિ કેવી રીતે થાય ? મલિન વસ્ત્રો પહેરવાં, દંતમંજન ન કરવું ઈત્યાદિ નિયમો મહાકષ્ટદાયક છે.'

બીજા બે મુનિઓએ સમતાભાવે નિર્દોષ ચારિત્ર પાળ્યું. તેઓ તે જ ભવમાં કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા. જે બે મુનિઓએ ચારિત્રની વિરાધના કરી હતી તેઓ આલોચના કર્યા વિના જ મૃત્યુ પામી સ્વર્ગમાં ગયા. લાંબા કાળ સુધી દેવપર્યાય ભોગવી ત્યાંથી ચ્યવી સાધુવેશની નિંદા કરવાથી **દશાર્ણ** નગરમાં કોઈ બ્રાહ્મણના ઘરમાં કામ કરનારી દાસીની કુક્ષિમાં ઉત્પન્ન થયાં.

મુનિના પ્રાણ સંકટમાં હતા ત્યારે ગોવાળિયાઓએ સહાનુભૂતિથી પ્રેરાઈ પેય પદાર્થનું દાન આપી તેમના પ્રાણની રક્ષા કરી. આ સાત્ત્વિક દાન છે.

**શ્રી ભદ્રનંદી** : (શ્રી સુખવિપાક સૂત્ર, અ.૮)

**વૃષભપુર** નામના નગરમાં ભલા અને ભોળા ગોવાળો રહેતાં હતાં. આ નગરના પ્રજાપતિ **અર્જુન** રાજાની **તત્ત્વવતી** નામે રાણી હતી. રાણીએ ગર્ભાવસ્થામાં કેસરી સિંહનું સ્વપ્ન જોયું. રાણીએ સ્વપ્ન પાઠકો દ્વારા સ્વપ્નનો અર્થ જાણ્યો કે, 'તમારો પુત્ર કલ્યાણકારી, પરાક્રમી અને પરોપકારી થશે.' સ્વપ્ન અનુસાર રાજકુમારનું નામ **ભદ્રનંદી** પાડવામાં આવ્યું. સમય જતાં કુમાર સર્વ કળાઓમાં નિપુણ થયો. યૌવન અવસ્થામાં **શ્રીદેવી** આદિ પાંચસો કન્યાઓ સાથે પાણિગ્રહણ થયાં.

એકવાર **પ્રભુ મહાવીર સ્વામી** ગ્રામાનુગ્રામ વિચરતાં વૃષભપુર નગરમાં આવ્યાં. ભદ્રનંદી પ્રભુની દેશના સાંભળવા ગયો. પ્રભુએ જીવ, કર્મબંધનથી મુક્ત કઈ રીતે થઈ શકે તેનો ઉપદેશ આપ્યો. તે સાંભળી ભદ્રનંદી સમ્યક્ત્વ પામ્યો. આ અવસરે **ગૌતમ સ્વામી**એ પૂછ્યું, ''પ્રભુ! ભદ્રનંદી અત્યંત સ્વરૂપવાન, સૌમ્યમૂર્તિ, સૌભાગ્યવાન, લોકપ્રિય, સંયમીને પ્રિય છે. તેનું શું કારણ છે ?''

પ્રભુ મહાવીરે કહ્યું, ''દેવાનુપ્રિય ! ગત જન્મમાં તેણે ઉત્કૃષ્ટ ભાવે દાન-પુણ્ય કર્યું છે. તેનું આ ફળ છે. પૂર્વે **મહાવિદેહ ક્ષેત્ર**માં **પુંડરીકિણી** નગરીના રાજાનો **વિજય** નામનો તે રાજપુત્ર હતો. એકવાર છદ્મસ્થ અવસ્થામાં રહેલા **ધર્મસિંહ (યુગબાહુ) મુનિ** નગરમાં પધાર્યા. તેઓ દીર્ઘ તપસ્વી હતાં. તેઓ ત્રીજા પહોરે ભિક્ષા લેવા નીકળ્યાં. તેઓ ઈરિયા સમિતિનું પાલન કરતાં રાજમાર્ગ પરથી પસાર થઈ રહ્યાં હતાં ત્યારે અચાનક મહેલનાં ઉપરના માળેથી રાજકુમારની દૃષ્ટિ મુનિ ઉપર પડી. તે ઝડપથી નેતરના આસન પરથી ઉઠ્યો. તે મહેલમાંથી નીચે ઉતર્યો. સાત-આઠ ડગલાં સન્મુખ જઈ, ત્રણ પ્રદક્ષિણા કરી મુનિને વંદન કર્યાં. ત્યાર પછી તેણે બે હાથ જોડી વિનંતી કરી કે, ''પ્રભો ! મને આહાર વગેરેનો લાભ આપી ધન્ય બનાવો. મારા પર અનુગ્રહ કરો.'' યુગબાહુ મુનિ મહેલમાં રાજકુમારને ત્યાં ગોચરી માટે આવ્યાં. રાજકુમારે મુનિના નિર્મળ કરકમળમાં નવ રસવતી ખૂબ હર્ષથી ભાવપૂર્વક વહોરાવી. મુનિને વહોરાવતાં તેને અતિશય આનંદ થયો. તેનાં સાડા ત્રણ કરોડ રોમરાય રોમાંચિત થયાં. આ દાન મન-વચન-કાયાની શુદ્ધતા પૂર્વક અપાયું. યોગાનુયોગ

તેના આયુષ્યનો બંધ થયો. તે કારણે તેને રાજ્યશ્રી, સુખ અને ભોગ સંયોગ પ્રાપ્ત થયાં છે. તે સમયે તેણે બોધિબીજનું વાવેતર કર્યું. તેનું દાન મહાદાન બન્યું. પાંચ દિવ્ય પ્રગટ થયાં.''

પ્રભુ મહાવીરના મુખેથી રાજપુત્ર ભદ્રનંદીએ પોતાનો પૂર્વભવ સાંભળ્યો. હવે તે વિશેષ દાન-ધર્મમાં પ્રયુક્ત થયો. તેણે માતા-પિતા પાસે દીક્ષાની અનુમતિ માંગી. આ સાંભળી માતા મૂર્છિત થઈ. તેણીને ઉપચારો વડે સચેતન કરવામાં આવી. ત્યારે તે વિલાપ કરવા લાગી, ''હે પુત્ર ! તું શ્રમણપણું લઈશ તો મારું હૃદય આઘાત પામશે. આ ખોડીયામાંથી પ્રાણ નીકળી જશે. અમે જ્યાં સુધી જીવીએ છીએ ત્યાં સુધી તું સંસારમાં રહે. સંતાનો મોટા થતાં, અમારું અવસાન થતાં તું સંયમ લેજે.'' ભદ્રનંદીએ કહ્યું, ''મનુષ્યનું જીવન વીજળીની જેમ ચંચળ અને સ્વપ્નવત્ છે. જેનો જન્મ તેનું મૃત્યુ નિશ્ચિંત છે. માતા ! તમે ધૈર્ય ધારણ કરી મને રજા આપો.''

માતા-પિતાએ કહ્યું, ''વત્સ ! તારું અનુપમ લાવણ્ય કરમાઈ જાય ત્યારે વૃદ્ધાવસ્થામાં તું દીક્ષા લેજે.'' ભદ્રનંદીએ કહ્યું, ''*આ શરીર અનેક વ્યાધિઓનું ઘર છે, જૂના ઘર જેવું ક્ષણભંગુર છે, વહેલું કે મોડું* અવશ્ય પડનાર છે માટે હમણાં જ દીક્ષા લેવી યોગ્ય છે.'' માતા-પિતાએ કહ્યું, ''આ કુલીન એવી પાંચસો દયિતાઓને તું અનાથ કરીને સંયમ માર્ગે જઈશ ?'' ભદ્રનંદીએ કહ્યું, ''વિષયો વિષમિશ્રિત દૂધપાક જેવા છે, અશુચિમય છે. કયો ડાહ્યો પુરુષ તેનું સેવન કરે ?'' માતા-પિતાએ કહ્યું, ''તલવારની તીક્ષ્ણ ધાર પર ઉઘાડે પગે ચાલવા જેટલું સંયમ વ્રત પાળવું દુષ્કર છે. એમાં પણ તું અત્યંત સુખ-સાહ્યબીમાં ઉછરેલો છે. તારાથી તે આકરું સંયમ કેમ ખમાશે ?'' ભદ્રનંદીએ ખુમારીપૂર્વક કહ્યું, ''માયકાંગલા, બીકણ અને વિષયોમાં આસક્ત રહેનાર માટે વ્રતપાલન દુષ્કર છે પરંતુ સખત ઉદ્યમી માટે સઘળું સાધ્ય બને છે.''

હવે રાજાએ એક દિવસ માટે તેનો રાજ્યાભિષેક કર્યો. રાજાએ પૂછ્યું, ''તને શું જોઈએ છે ?'' ભદ્રનંદીએ કહ્યું, ''મને રજોહરણ અને પાત્રા લાવી આપો.'' રાજાએ બે લાખ રૂપિયા ખર્ચી સંયમના ઉપકરણો મંગાવ્યાં. વાળંદને લાખ રૂપિયા આપ્યા. લુંચવા પડે એટલા કેશ છોડી વાળંદ પાસે કપાવ્યા. આ કેશ માતાએ શ્વેત વસ્ત્રોમાં ગ્રહણ કરી, બાંધીને રત્નના દાબડામાં રાખી પોતાના ઓશીકે મૂક્યા. રાજાએ સોનાના કળશથી સ્વહસ્તે સ્નાન કરાવી ચંદનનું વિલેપન કર્યું. વસ્ત્રો અને આભૂષણોથી શણગારી સો થાંભલાવાળી પાલખીમાં ભદ્રનંદીને બેસાડયો. એક હજાર રાજકુમારોએ પાલખી ઊંચકી. ભદ્રનંદી યાચકોને દાન આપવા લાગ્યો.

હજારોની જનમેદની સાથે તે સમવસરણમાં આવ્યો. તેણે પ્રભુને વંદન કર્યા. માતા-પિતાએ કહ્યું, ''ભગવન્ ! અમારો લાડકવાયો પુત્ર જન્મ, જરા અને મરણના ભયથી મુક્ત થવા ઈચ્છે છે. અમે સચિત્ત ભિક્ષા આપીએ છીએ. તે ગ્રહણ કરો.'' ભગવાને કહ્યું, ''ખુશીથી આપો.'' ભદ્રનંદીએ અલંકારોનો ત્યાગ કર્યો. પોતાના વાળ લુંચિત કર્યા. પ્રભુને કહ્યું, ''ભગવંત્ ! મને દીક્ષાનું દાન આપો.'' જિનેશ્વરે વિધિપૂર્વક દીક્ષા આપી કહ્યું, ''વત્સ ! તું યત્નાપૂર્વક સઘળી ક્રિયા કરજે.''

ભદ્રનંદી મુનિ શુદ્ધપણે સંયમનું પાલન કરી **સનત્કુમાર** નામનાં દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી અનુક્રમે **બ્રહ્મ દેવલોક, શુક્ર દેવલોક, આણત દેવલોક, આરણ દેવલોક** એમ દેવ અને મનુષ્યનાં કુલ ચૌદ ભવો કરી **સર્વાર્થસિદ્ધ વિમાન**માંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં મનુષ્ય થઈ દીક્ષા લઈ તે જ ભવમાં શિવપદ પામશે.

દાનથી મનુષ્યની મનુષ્યતા તૃપ્ત થાય છે, દેવત્વ જાગૃત થાય છે, ઈશ્વરીય આનંદની અનુભૂતિ થાય છે. **કેવલિન કૂલિજે** પણ કહ્યું છે કે - 'No Person was ever honoured for what he received honour

has been the reward for what he gave.'

**ભરત ચક્રવર્તી** : (સાધર્મિક ભક્તિ, સુપાત્ર દાન - ઉપદેશ પ્રાસાદ ૩, પૃ.૧૨૫)

પ્રથમ તીર્થંકર **શ્રી આદિનાથ પ્રભુ અષ્ટાપદગિરિ** પર પધાર્યા. **ભરત ચક્રવર્તી**ને સમાચાર મળતાં તેઓ દર્શનાર્થે નીકળ્યા. તેમણે મુનિઓને આહાર વહોરાવવાની ભાવનાથી વિવિધ પ્રકારનાં ભોજન - વાનગીઓથી ભરેલાં પાંચસો ગાડાઓ તૈયાર કરાવ્યાં. તેમણે ભગવાનનાં દર્શન કરી ભોજન ગ્રહણ કરવાની વિનંતી કરી પરંતુ ભગવાને ''રાજપિંડ મુનિઓ માટે અકલ્પનીય છે;'' એવું કહી ભોજનનો અસ્વીકાર કર્યો. આ સાંભળી મહારાજા ભરત ખિન્ન થયા. ત્યારે નિરાશ થયેલા ભરતને ઈંદ્રે સમજાવ્યા. મહારાજાને આશ્વાસન આપી કહ્યું, ''હે નરેન્દ્ર! તમે જે પાંચસો ગાડા ભરીને ભાત-પાણી લાવ્યા છો તેના વડે સ્વધર્મી ગૃહસ્થોની ભક્તિ કરો.'' મહારાજા ભરતે તેમ કર્યું.

તેમણે એક દાનશાળાનું નિર્માણ કર્યું. તેમણે શ્રાવકોને બોલાવી કહ્યું, ''આજથી તમારે નિત્ય મારી ભોજનશાળામાં ભોજન કરવું. મને કહેવું કે, **'जितो भवान, भयं भूरि ततो मा हन मा हन !'** - તમે ઈન્દ્રિયોથી જીતાયા છો, ભયની વૃદ્ધિ થઈ રહી છે માટે આત્મગુણોને હણશો નહીં, સાવધાન રહો.'' શ્રાવકો પ્રતિદિન આ પ્રમાણે કહેતા. તેમને શ્લાઘનીય ભરત ચક્રવર્તી નિ:સ્પૃહ ભાવે ભોજન કરાવતા.

થોડા દિવસોમાં શ્રાવકોની સંખ્યા ઉત્તરોત્તર વધતી ગઈ. શ્રાવકોની સાથે અશ્રાવક પણ આવવા લાગ્યા તેથી મહારાજા ભરતે બાર વ્રતધારી શ્રાવકોને ભોજન આપવાનું નક્કી કર્યું. આ શ્રાવકની ઓળખાણ માટે **કાકિણિ** રત્ન વડે તેમના શરીર પર ત્રણ રેખા કરાવી અને સ્વાધ્યાય માટે ચાર વેદ બનાવ્યા. આ ચાર વેદ જાણનારા જે હોય તેની ચકાસણી કરી શ્રાવકમાં ગણના થવા લાગી.

ભરત ચક્રવર્તી પછી તેમના પુત્ર **આદિત્યયશા**એ શ્રાવકોની ઓળખ માટે સોનાની યજ્ઞોપવિત આપી. ત્યાર પછી **મહાયશા** આદિ રાજાઓએ રૂપાની યજ્ઞોપવિત શ્રાવકોને આપી. ત્યારપછી ધીરે ધીરે સૂતરની યજ્ઞોપવિત આવી. આ પ્રથા આજ સુધી ચાલુ છે. આમ, દાન જગત અને જીવન સાથે અતૂટ સંબંધ ધરાવે છે.

**ભગવાન સુવિધિનાથજી**ના શાસનકાળમાં સાધુઓનો વિચ્છેદ થવાથી આ માહણ બ્રાહ્મણ બની ગયા. તેમણે નવા વેદ પણ બનાવી પ્રચાર પ્રારંભ કર્યો કે, 'બ્રાહ્મણોને દાન આપવાથી પિતૃઓને સ્વર્ગ મળે છે. આ પ્રમાણે બ્રાહ્મણોની ઉત્પત્તિ થઈ.

પ્રાચીન કાળમાં મધ્યમ સુપાત્ર વ્રતબદ્ધ સદ્‌ગૃહસ્થ શ્રાવક મળવા દુર્લભ હતા માટે જ ભગવાન મહાવીરે સાધર્મીને આપવાની અપેક્ષા સાધર્મિક વાત્સલ્યને અધિક મહત્વ આપ્યું છે. જેથી સદ્‌ગૃહસ્થ શ્રાવક કોઈની સામે વિના પ્રયોજન હાથ લાંબો ન કરે. તેના પર કોઈ આકસ્મિક સંકટ આવે, બેરોજગાર બને, પ્રાંત છોડવો પડે, નિર્ધન બને તે સમયે પણ ભિક્ષા ન માંગે પરંતુ દાન લઈ શકે. ઉદાર સદ્‌ગૃહસ્થે એવા સમયે સાધર્મી ભાઈઓ દાન આપી સહાય કરવી જોઈએ. કુલીન વ્યક્તિ હાથ લાંબો કરતાં સંકોચાય છે પરંતુ કુલીન સદ્‌ગૃહસ્થ વગર માંગ્યે કોઈ પણ બહાને સાધર્મિક વાત્સલ્યના નાતે તેને છુપી રીતે અવશ્ય મદદ કરે છે.

**ભામંડળ (પ્રભામંડળ)** : (પુણ્યાશ્રવ કથા કોશમ્, પૃ. ૩૦૯)

**વિજ્યાર્ધ પર્વત**ની દક્ષિણ શ્રેણિમાં સ્થિત **રથનૂપુર નગર**માં **સીતાદેવી**નો ભાઈ અને વિદ્યાધરોનો **ચક્રવર્તી પ્રભામંડળ રાજા** રાજ્ય કરતો હતો. બીજી તરફ અયોધ્યામાં **કદંબક** નામના ધનવાન શેઠ અને **અંબિકા** નામની શેઠાણી જેમને **અશોક** અને **તિલક** નામના બે પુત્રો હતાં. કદંબક અને તેના બે પુત્રોએ સીતાના પરિત્યાગની વાત સાંભળી સંસારની સ્વાર્થતા અને અસારતા સમજાતાં **દ્યુત** નામના મુનિ પાસે દીક્ષા લીધી. આ ત્રણે મુમુક્ષુઓ શ્રુતના પારગામી બન્યા. તેઓ **તામ્રચૂડ નગર**માં ઉપાશ્રયમાં સ્થિત મુનિને વંદના કરવા ગયા. માર્ગમાં પચાસ યોજન વિસ્તીર્ણ **સીતાર્ણવ** નામની અટવીની મધ્યમાં પહોંચ્યા ત્યાં વર્ષાકાળનો સમય નિકટ આવી ગયો હોવાથી ત્રણે મુનિઓ તે વનમાં ચાતુર્માસ અર્થે રહ્યાં.

તે સમયે પ્રભામંડળ રાજા સ્વેચ્છાએ અટવીમાં ફરતો ફરતો ત્યાં આવ્યો. મુનિઓના ઉપસર્ગને જોઈ ત્યાં નિર્માપિત ગ્રામાદિકમાં રહેતા તેમને આહારદાન આપવા લાગ્યો તેથી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું.

એકવાર રાત્રિના સમયે પ્રભામંડળ રાજા પોતાની રાણી **સુંદરમાલા** સાથે શય્યામાં સૂતો હતો. તે વેળાએ અચાનક વીજળી પડી અને બન્નેનું મૃત્યુ થયું. મુનિદાનના પ્રભાવથી તે યુગલ મૃત્યુ પામી યુગલિક ક્ષેત્રમાં ઉત્પન્ન થયું.

આમ, વિષયાનુરાગી અને સમ્યક્ત્વરહિત પ્રભામંડળ રાજા સુપાત્ર દાનના પ્રભાવે આપી ઉત્તમ ભોગભૂમિમાં ઉત્પન્ન થયાં.

**ભીમ વણિક** : (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ, ભા.૧, પૃ.૧૧૧)

**વસંતપુર** નામના નગરમાં **વીર** શેઠ અને **રમા** શેઠાણી રહેતાં હતાં. શેઠ વ્યાપારમાં બે ક્રોડ સોનામહોરો કમાયા પરંતુ તે નિઃસંતાન હતા. તેમણે નૈમિત્તિકને બોલાવી સંતાન વિશે પૂછયું. તેમને બાળક વિનાનું ઘર ખાવા ઉઠતું હતું, છતાં શેઠ-શેઠાણી ધર્મમાં શ્રદ્ધા રાખી મન શાંત કરતાં. એકદા ધર્મના પ્રભાવે રમા શેઠાણીના ઉદરમાં કોઈ પુણ્યાત્માનું અવતરણ થયું. શેઠાણીને દાન-શીલ ધર્મ પાળવાનો દોહદ જાગ્યો. સતત ઉઠતા દોહદો પૂર્ણ કરતાં લક્ષ્મીનું પ્રમાણ ઘટવા લાગ્યું. રમા શેઠાણીએ શેઠને કહ્યું, ''કોઈ દુર્ભાગ્યવાન જીવ આપણાં ઘરમાં આવ્યો છે.'' બાળકનો જન્મ થતાં તેનું નામ **વત્સરાજ** રાખ્યું. ત્યારપછી બીજો પુત્ર જન્મ્યો. તેનું નામ **ગુણરાજ** પાડયું.

પિતાએ બન્ને પુત્રોને વિદ્યાગુરુ પાસે મોકલી ભણાવ્યા. તે બન્ને વિશારદ બન્યા. શેઠના ઘરમાં જીવન નિર્વાહ પૂરતું ધાન્ય પણ ન રહ્યું. પારકાં કામો કરી શેઠ પોતાના પરિવારનું ભરણ પોષણ કરવા લાગ્યા. શેઠને મનમાં થતું, 'આ બન્ને પુત્રોની સાથે દારિદ્રએ પ્રવેશ કર્યું છે. લક્ષ્મી વિના માનવીની શોભા નથી.' આમ વિચારી શેઠ-શેઠાણી ધન ઉપાર્જન કરવા માટે બન્ને બાળકોને કોઈને સોંપવા તૈયાર થયાં. ત્યાં એક **કલકલ** નામનો યોગી ભિક્ષા લેવા આવ્યો.

દંપતીએ કહ્યું, ''યોગીરાજ! ઘરમાં અન્નનો એક દાણો નથી. અમે તમને શું ભિક્ષા આપીએ ? દારિદ્રય અમારો કેડો મૂકતો નથી.'' યોગીએ કહ્યું, ''આવાં સુંદર લક્ષણોપેત બાળકોની હયાતીમાં દારિદ્રયનું દુઃખ ક્યાંથી ? વાસ્તવમાં જેનું ઘર પુત્ર વિહિન હોય, તે ઘર શૂન્ય છે.'' શેઠે કહ્યું, ''દેખાવમાં ભલે સોનું સુંદર હોય પરંતુ તે ભોજનનાં કામમાં આવતું નથી.'' યોગીએ કહ્યું, ''તમારા બન્ને પુત્રો મને આપો. તેમને મનોહર કળાઓ શીખવીશ.'' શેઠે કહ્યું, ''એમ અજાણ્યાને બન્ને પુત્રો કઈ રીતે સોંપાય ? તમે તેમને લઈને નાસી જાઓ

તો ?'' યોગીએ કહ્યું, ''મારા પર વિશ્વાસ રાખો. તમારા બન્ને પુત્રોને અદ્દ્ભુત કળા શીખવીશ, જેનાથી રાજા આદિ ખુશ થશે. હે વણિક ! પરંતુ મારી એક શરત છે. કળા શીખી લીધા પછી તારો મોટો પુત્ર હું તને સોંપીશ અને નાનો પુત્ર તારે મને આપવો પડશે. આ પ્રમાણે કરીશ તો તારું ઘર લક્ષ્મીથી ભરાઈ જશે.''

શેઠ-શેઠાણીએ વિચાર વિમર્શ કરી યોગીને બન્ને બાળકો સોંપ્યા. કલકલ યોગીએ **ગિરનાર** પર જઈ બન્ને બાળકોને અપૂર્વ કળાઓ શીખવી. સવારે વત્સરાજ કોગળો કરે ત્યારે મુખમાંથી ૫૦૦ સોનામહોરો પડતી અને ગુણરાજ વિદ્યાના બળે હાથી-ઘોડા બનાવી તેને વેંચી ઘણું ધન ઉપાર્જન કરતો. વિદ્યા સંપન્ન થતાં યોગી કહેલા દિવસે બન્ને પુત્રોને શેઠ સમક્ષ લાવ્યો. બન્ને પુત્રોએ પોતાની કળાઓ દર્શાવી. શેઠે શરતાનુસાર વત્સરાજને પોતાની પાસે રાખ્યો અને ગુણરાજને યોગીને સોંપ્યો. યોગીએ આશીર્વાદ આપ્યા કે, ''આપનું ઘર લક્ષ્મીથી ભરાઈ જાય.'' યોગી ગુણરાજને લઈ ચાલ્યો ગયો.

પ્રતિદિન પ્રાત:કાળે વત્સરાજ કોગળો કરી પાંચસો સોનામહોર આપવા લાગ્યો. એમ કરતાં ઘણું ધન એકઠું થતાં શેઠે મોટી હવેલી બનાવી. શેઠે ધર્મકાર્યમાં ઘણું ધન વાપરી પૂર્વવત્ દાનવીર પુરુષોની હરોળમાં પોતાનું સ્થાન મેળવ્યું. શેઠાણીએ એકવાર કહ્યું, ''આપણી પાસે પુષ્કળ ધન છે. માન-મોભો પણ સારો છે. સ્વજનો અને મિત્રો પણ અનુકૂળ છે પરંતુ આપણો નાનો પુત્ર કદી ઘરે આવતો નથી. તેનું દુ:ખ મારાથી ખમાતું નથી. મને તે નાનો હોવાથી અતિશય પ્રિય છે.'' આવું કહી રમા શેઠાણીની આંખો વરસી પડી.

પત્નીનું દુ:ખ જોઈ ન શકવાથી વીર શેઠે યોગી પાસે જઈ બે હાથ જોડી પુત્રની માંગણી કરી. યોગીએ કહ્યું, ''એના વિના મારી સાર-સંભાળ કોણ કરશે ?'' ગુણરાજે આ સંવાદ સાંભળ્યો. તેણે કહ્યું, ''ગુરુદેવ ! હું માતા-પિતાના ચરણોના આશીર્વાદ મેળવી, આઠ દિવસ ત્યાં રહી પાછો તમારી પાસે આવી જઈશ.'' યોગીએ કહ્યું, ''હું તને તો જ રજા આપું, જો તું આઠ દિવસથી વધુ ત્યાં ન રહે, અન્યથા તારું મૃત્યુ થશે.'' ગુણરાજે કબૂલ કર્યું.

તે પિતા સાથે ઘરે આવ્યો. માતા-પિતા, ભાઈ-ભાભીને પ્રણામ કરી ગુણરાજ સ્વજનોને મળી આનંદિત થયો. બન્ને ભાઈઓ રામ-લક્ષ્મણની જેમ આનંદથી રહેવા લાગ્યાં. ગુણરાજે વિદ્યાના બળે હાથી-ઘોડા બનાવી તેને વેંચી ઘણું ધન ઉપાર્જન કરી પિતાને આપ્યું. તે ઘણાં દિવસો સુધી પિતાના ઘરે જ રહ્યો તેથી રોષે ભરાયેલો યોગી ગુણરાજને તેડવા આવ્યો છતાં તે ન ગયો. તેણે પોતાનું રૂપ પરિવર્તન કર્યું. તે હાથી-ઘોડો આદિ બનવા લાગ્યો. અશ્વ બનેલા ગુણરાજને યોગીએ ઓળખી ખરીદી લીધો. યોગી અશ્વ પર સવાર થઈ ચાબુકથી અશ્વને મારવા લાગ્યો.

યોગીએ પ્રતિજ્ઞા ભંગની શિક્ષા આપવા આખો દિવસ ઘોડાને સખત માર માર્યો. સાંજે તે સ્નાન કરવા ગયો ત્યારે ઘોડો મત્સ્યનું રૂપ ધારણ કરી સરોવરમાં પ્રવેશ્યો. યોગી બગલો બની મત્સ્યને મારવા દોડયો. ત્યારે મત્સ્ય પાણીની અંદર સંતાઈ ગયો. મત્સ્ય જ્યારે હરણ બની જંગલમાં દોડવા લાગ્યો ત્યારે યોગી સિંહ બની શિકાર કરવા તેની પાછળ દોડયો. ગુણરાજ પોપટ બન્યો ત્યારે યોગી બાજ પક્ષીનું રૂપ બનાવી તેની પાછળ દોડયો. પોપટ ભયભીત બની **મહિપાલ** રાજાની રાણીના હાથ પર બેસી ગયો. પોપટને હણવા બાજે બિલાડાનું રૂપ ધારણ કર્યું. બિલાડો પોપટનો શિકાર કરવા ચારે બાજુ ભમવા લાગ્યો. યોગી વીંછી, સર્પ આદિ રૂપો કરી પોપટને મારવા ઈચ્છતો હતો. પોપટ એકાવલી હારના રૂપે રાણીના કંઠમાં રહ્યો. ત્યારે યોગીએ નર્તકીનું રૂપ ધારણ કર્યું. તેણે સુંદર નૃત્ય કરી રાજા-રાણીને રીઝવ્યા. રાજાએ ખુશ થઈ ઉપહાર માટે નર્તકીને આપવા રાણી પાસેથી હાર માંગ્યો. રાણી હાર લેવા ગઈ ત્યાં હાર તૂટી ગયો. મણકા પૃથ્વી પર વેરાઈ ગયા. યોગી કૂકડો બની ચણવા લાગ્યો. ત્યારે ગુણરાજ બિલાડો બની કૂકડાને કરડયો. યોગીનું મૃત્યુ

થયું. તે નરકમાં ગયો.

આ બાજુ શેઠે પોતાના પુત્રનું યોગી વડે અપહરણ થયું છે, તેવી ફરિયાદ રાજાને નોંધાવી. તપાસ કરવા જતાં યોગી ન મળ્યો ત્યારે શેઠને થયું કે, 'મારો પુત્ર પણ નહીં મળે' એવું જાણી શેઠ-શેઠાણી દુઃખી થયા. માતા-પિતાના સ્નેહને જોઈ બિલાડો બનેલો ગુણરાજ પોતાના મૂળ સ્વરૂપમાં આવ્યો. પોતાના બન્ને પુત્રોને જોઈ માતા-પિતા ખુશ થયા. ગુણરાજે યોગી વડે કરાયેલ અપહરણથી માંડીને મૃત્યુ સુધીનો વૃત્તાંત કહ્યો. ગુરુથી સવાયા શિષ્યને જોઈ રાજા અને પ્રજા ખુશ થઈ. રાજાએ પુત્ર સહિત શેઠનું સન્માન કરી સો ગામ અને પાંચ મોટાં શહેરો આપ્યાં. ગુણરાજને હાથી પર બેસાડી મંત્રીશ્વરે ઘરે મોકલ્યા. હવે શેઠ અને તેમના પુત્રોએ સાતે ક્ષેત્રમાં ધનનો વરસાદ વરસાવી લક્ષ્મીનો સદુપયોગ કર્યો.

એકવાર જ્ઞાની મહાત્મા નગરમાં પધાર્યા ત્યારે શેઠે બન્ને પુત્રનો પૂર્વભવ પૂછયો. મુનિએ કહ્યું, "**રમા** નામની નગરીમાં **કુબેર** શેઠના ઘરે **ભીમ** અને **સોમ** નામના ચાકર હતા. એકદા કુબેર શેઠે પોતાના પુત્ર **ચંદ્ર**ના વિવાહમાં જાનૈયાઓ માટે શ્રેષ્ઠ પકવાનો બનાવ્યાં.

મધ્યાહન સમયે શેઠના ઘરે દૂરથી વિહાર કરીને શ્રમિક બે સાધુઓ ભિક્ષા માટે આવ્યા. ચંદ્રને વિચાર આવ્યો કે, 'મારા લગ્ન નિમિત્તે બનાવેલ ઉત્તમ મોદક આ સાધુઓને આપી મારો જન્મ ધન્ય બનાવું." ચંદ્રે ઉભા થઈ લાડવાનો થાળ લાવી સાધુને વહોરાવ્યો. તેણે આગ્રહ કરી પાંચ લાડુ અને અન્ય ભોજન-પાણી ભાવથી આપ્યાં. ત્યારે એક સાધુએ કહ્યું, "અહીં **સોમસૂરિજી**નો મોટો શિષ્ય પરિવાર પધાર્યો છે. તેમની ભક્તિ કરી પુણ્ય ઉપાર્જન કરજો."

તે વખતે ભીમે આ સાંભળ્યું. તેણે અનુમોદના કરતાં વિચાર્યું, 'આ ચંદ્રએ જે કર્યું છે, તે યોગ્ય છે. મારી પાસે લાડવા વગેરે હોત તો હું પણ આપત પરંતુ હું અલ્પ પુણ્યવાળો છું તેથી શું કરું ?' આવી ઉત્તમ ભાવના ભાવતાં ભીમે પ્રચુર પુણ્ય બાંધ્યું. શેઠ વડે શિખામણ અપાયેલ સોમ જિનભક્તિ કરી બીજાને ખુશ કરવા લાગ્યો.

અનુક્રમે સોમ મૃત્યુ પામી ગુણરાજ થયો અને ભીમ મૃત્યુ પામી વત્સરાજ થયો. ગુણરાજ જિનભક્તિ કરી વિવિધ રૂપ પરિવર્તનની વિદ્યા પામ્યો. સુપાત્રદાનની અનુમોદના કરી ભીમ નિત્ય પાંચસો સોનામહોરો પ્રાપ્ત કરતો હતો. ચંદ્ર મૃત્યુ પામી **કલાપુરી** નગરીમાં પાંચ લાડવા આપી પાંચ ક્રોડ સોનામહોરનો અધિપતિ **ધન** શેઠ થયો. તે ધનથી સુકૃત્ય કરી ધન શેઠ પાંચમા ભવે મોક્ષે જશે. વત્સરાજ અને ગુણરાજ છઠ્ઠાભવે મોક્ષમાં જશે."

પૂર્વભવ સાંભળી પુત્ર સહિત કુબેર શેઠ સમકિત પામ્યા. તેણે શ્રાવકધર્મ સ્વીકાર્યો. અનુક્રમે કુબેર શેઠ પત્ની સહિત સંયમ લઈ છઠ્ઠા દેવલોકે ગયા.

પાશ્ચાત્ય ચિંતક **વિક્ટર હ્યુગો**એ કહ્યું છે - 'As the purse is emptied the heart is filled.' તેથી 'Give Without a Thought' જેમ જેમ ધનની થેલી દાનમાં ખાલી થાય છે. તેમ તેમ દિલ (આનંદથી) ભરાઈ જાય છે.

**ભીમસેન** : (પ્રાકૃત વિજ્ઞાન કથા; ઉપદેશ પ્રાસાદ ભાગ ૪, પૃ.૨૮)

**યુધિષ્ઠિર** હંમેશાં મધ્યાહ્નનાં સમય સુધી દાન આપતાં હતાં. એકવાર કોઈ નિર્ધન બ્રાહ્મણ બહુ દૂરથી આવ્યો હોવાથી દાનશાળામાં મોડો પહોંચ્યો. પાંચ પાંડવો દાન શાળામાં હતાં. બ્રાહ્મણે દાન માટે યાચના કરી ત્યારે ધર્મપુત્ર યુધિષ્ઠિરે કહ્યું, "કાલે દાન આપીશ." બ્રાહ્મણ નિરાશ થયો. ત્યારે **ભીમસેને** વિચાર્યું કે,

'દાનમાં વિલંબ ન કરવો જોઈએ.' ભીમસેન ત્યાંથી ઉઠીને આયુધશાળામાં ગયાં. ત્યાં એક વિજયઢક્કા (વિજય થાય ત્યારે વગાડવાનું સાધન) રાખેલ હતી. ભીમસેને તે ઢક્કા વગાડી. યુધિષ્ઠિરે ભીમસેનને બોલાવી પૂછ્યું, ''ભાઈ! કોણ જીત્યું ?'' ત્યારે ભીમસેને કહ્યું, ''તીર્થંકર વગેરે જે કાળ (મૃત્યુ)ને જીતી નથી શક્યા તેને તમે જીતી ગયાં લાગો છો, માટે મેં ઢક્કા વગાડી છે.'' યુધિષ્ઠિરે ફરી પૂછ્યું, ''તે કઈ રીતે ?'' ભીમે કહ્યું, ''તમે યાચકને કહ્યું કે, ''કાલે દાન આપીશ. ભાઈ! તમને આવતી કાલના આયુષ્યનો સંપૂર્ણ ભરોસો છે એટલે તમે એવું બોલ્યા ?'' યુધિષ્ઠિર સમજી ગયા કે 'દાનમાં પ્રમાદ ન કરવો જોઈએ. આવતીકાલનું કાર્ય આજે જ કરવું જોઈએ.' યુધિષ્ઠિરે બ્રાહ્મણને બોલાવી ઘણું દાન આપ્યું.

એકદા પાત્ર-અપાત્રના વિષયમાં યુધિષ્ઠિર અને ભીમ એ બન્ને ભાઈઓ વચ્ચે રોચક અને પ્રેરક સંવાદ રચાયો.

**''मूर्ख तपस्वी राजेन्द्र! विद्वांश्च वृषलीपतिः ।**
**उभौ तौ तिष्ठतो द्वारे, कस्य दानं प्रदीयते ? ।।''**

ભીમે ધર્મરાજા યુધિષ્ઠિરને કહ્યું, ''હે રાજેન્દ્ર! બે વ્યક્તિ બારણે ઉભા છે. એક મૂર્ખ છે પરંતુ તપસ્વી છે, જ્યારે બીજો વિદ્વાન છે પરંતુ ધર્મ ભ્રષ્ટ છે. આ બન્નેમાંથી કોને દાન આપવું જોઈએ ?''

યુધિષ્ઠિરે કહ્યું,

**''सुखसेव्यं तपो भीम, विद्याकष्टं दुराचरम् ।**
**विद्वांसं पूजयिष्यामि, तपोभिः किं प्रयोजनम् ।।''**

**અર્થ :** ''ભીમ! તપનું સેવન સુખપૂર્વક થઈ શકે છે પરંતુ વિદ્યા ઉપાર્જન મહાકષ્ટે થાય છે તેથી હું દુરાધ્ય વિદ્યાને પ્રાથમિક્તા આપીશ તેનો સત્કાર કરીશ. એકલા તપનું શું પ્રયોજન ?''

ભીમે કહ્યું,

**''श्वान चर्म गता गङ्गा क्षीरं मद्यघटे स्थितम् ।**
**कुपात्रे पतिता विद्या, किं करोति युधिष्ठिर ! ।।''**

**અર્થ :** ''રાજન્! જેમ કૂતરાના ચામડામાંથી બનાવેલી મસકમાં ભરેલું ગંગાજળ અને મદિરાના ઘડામાં ભરેલું દૂધ નકામું છે, તેમ કુપાત્રમાં આપેલી વિદ્યા નિષ્ફળ નીવડે છે.''

**''भयं लोभस्तथा स्नेह स्त्रयो दानस्य हेतवे ।**
**ये दातारस्त्रयं मुक्त्वा धन्यास्ते मुक्तिगामिनः ।।''**

**અર્થ :** ભય, લોભ અને સ્નેહ આ ત્રણ દાનનાં કારણો છે. આ ત્રણ કારણને છોડી જે દાતારો દાન આપે છે, તેઓ ધન્ય છે, મુક્તિગામી છે.

આ સાંભળી રાજસભામાં બેઠેલા **શ્રી કૃષ્ણે** કહ્યું, ''એકલી વિદ્યા કે એકલા તપથી પાત્ર કે અપાત્રની કસોટી ન કરી શકાય. જેની પાસે વિદ્યા અને સદાચાર બન્ને છે, તે જ સુપાત્ર કહેવાય છે. સુપાત્રને શુભ અને શુદ્ધ ભાવથી દાન આપવું જોઈએ. માટે જ કહ્યું છે કે -

**दाताव्यमिति यद्दानं, दीयतेऽनुपकारिणे ।**
**क्षेत्रे काले च भावे च, तद्दानं सात्त्विकं स्मृतम् ।।**

**અર્થ:** દેવા યોગ્ય એવું દાન પણ અનુપકારીને અપાય તેમ જ યથાયોગ્ય ક્ષેત્ર, કાળ અને ભાવનો વિચાર

વિમર્શ કરીને અપાય તે સાત્ત્વિક દાન કહેવાય છે.

આચાર્ય અમૃતચંદ્રે 'પુરુષાર્થસિદ્ધ્યુપાય' ગ્રંથમાં પાત્રના ત્રણ પ્રકાર દર્શાવ્યા છે.

**'पात्रत्रिभेदमुक्तं संयोगो मोक्षकारणगुणानाम्।**
**अविरतसम्यग्यदृष्टि र्विरताविरतश्च सकलविरतश्च।।'**

મોક્ષના કારણભૂત ગુણોના સંયોગથી દાન લેવા યોગ્ય ભવ્યાત્મા ત્રણ પ્રકારના પાત્ર છે. ઉત્તમ, મધ્યમ અને જઘન્ય. સર્વવિરતિ ઉત્તમ પાત્ર છે. વિરતાવિરત (દેશવિરતિ શ્રાવક) મધ્યમ પાત્ર છે અને અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જઘન્ય પાત્ર છે. આ ત્રણનાં ત્રણ ત્રણ પેટા ભેદ કરતાં **સુપાત્ર**ના નવ પ્રકાર છે.

(૧) ઉત્તમ ઉત્તમ પાત્ર - તીર્થંકર (૨) ઉત્તમ મધ્યમ પાત્ર - છદ્મસ્થ તીર્થંકર, ગણધર, આચાર્ય (૩) ઉત્તમ જઘન્ય પાત્ર - નિર્ગ્રંથ સાધુ (૪) મધ્યમ ઉત્તમ પાત્ર - પ્રતિમાધારી શ્રાવક (૫) મધ્યમ મધ્યમ પાત્ર - બાર વ્રતધારી શ્રાવક (૬) મધ્યમ જઘન્ય પાત્ર - યથાશક્તિ થોડા વ્રત પ્રત્યાખ્યાન કરનાર શ્રાવક (૭) જઘન્ય ઉત્તમ પાત્ર - ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ (૮) જઘન્ય મધ્યમ પાત્ર - ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિ (૯) જઘન્ય જઘન્ય પાત્ર - ઉપશમ સમ્યગ્દૃષ્ટિ. આ નવ પાત્રોને યથોચિત વસ્તુનું દાન આપી સંતુષ્ટ કરવા એવી જિનાજ્ઞા છે.

જેમ પાત્રના નવ પ્રકાર છે, તેમ **કુપાત્ર**ના પણ નવ પ્રકાર છે.

(૧) ઉત્તમ ઉત્તમ પાત્ર - જૈન લિંગધારી સાધુ (અભવ્યત્વ નામક પારિણામિક ભાવનું પરિણમન ન થયું હોય) (૨) ઉત્તમ મધ્યમ પાત્ર - જૈન શ્રાવક પરંતુ અભવ્ય હોય (૩) ઉત્તમ જઘન્ય પાત્ર - વ્રતાદિ વિનાનો (નામ માત્રનો શ્રાવક) (૪) મધ્યમ ઉત્તમ પાત્ર - મિથ્યાત્વી પરંતુ અજ્ઞાન તપથી દેહદમન કરનારો (૫) મધ્યમ મધ્યમ પાત્ર - મિથ્યાત્વી પરંતુ લૌકિક વ્યવહારમાં શુદ્ધતા માટે થોડા ઘણાં વ્રતોનું પાલન કરનાર (૬) મધ્યમ જઘન્ય પાત્ર - મિથ્યાત્વી થઈને પણ પોતાના પ્રયોજન માટે સમકિતીનો ગુણાનુવાદ કરે (૭) જઘન્ય ઉત્તમ પાત્ર - અનાથ, વિકલાંગ, વિધવા, અસહાય, ભિક્ષુક (૮) જઘન્ય મધ્યમ પાત્ર - કસાઈ, શિકારી જેને ધન આપી જીવ હિંસાનો ત્યાગ કરાવાય (૯) જઘન્ય જઘન્ય પાત્ર - વેશ્યા, કસાઈ આદિ પાપાત્મા. આ નવ કુપાત્ર કે અપાત્ર એમને દાન આપવાથી પુણ્ય પ્રાપ્તિ, લૌકિક વ્યવહારની શુદ્ધિ તથા યશાદિ ફળની પ્રાપ્તિ થાય છે.

**ભીલ દંપતી અને સિંહ** : (વિક્રમ ચરિત્ર, હિન્દી)

એકવાર **અવંતી** નરેશ **વિક્રમાદિત્ય**ને કોઈએ બે સુંદર લક્ષણવંત ઘોડા ભેટ ધર્યા. અશ્વની વેગ પરીક્ષા કરવા માટે રાજા, અમાત્ય, મંત્રી સહિત ઉદ્યાનમાં ગયા. રાજાએ અશ્વારોહણ થઈ એડી મારી, અશ્વ વક્રશિક્ષિત હતો તેથી રાજાને ભયંકર અટવીમાં લઈ ગયો. ત્યાં અતિશય દોડવાથી થકાવટના કારણે અશ્વ મૃત્યુ પામ્યો. તેને જોઈ રાજા મૂર્છિત થઈ પૃથ્વી પર ઢળી પડયા.

રાજાના પૂર્વકૃત પુણ્યના પ્રભાવથી અશ્વના પગલાંને અનુસરી વનવાસી ભીલ ત્યાં આવ્યો. તેણે રાજાને મૂર્છિત અવસ્થામાં જોઈ વિચાર્યું કે, 'આ કોઈ મહાન પુરુષ છે.' તેમ જાણી કરૂણાથી તેણે સરોવરમાંથી પાણી લાવી પીવડાવ્યું. રાજાને ચેતના આવી. રાજાએ તેની પ્રશંસા કરી તેનો આભાર માન્યો. ખુશ થઈ પરોપકારની વૃત્તિથી ભીલ માનભેર રાજાને પર્વતની ગુફામાં લઈ આવ્યો. તેની પત્નીએ સાથે મળી રાજાની ભક્તિ કરી. કણકી અને ઘીની ખીર બનાવી રાજાની ક્ષુધાની વ્યાધિને ઠારી.

રાત્રે સુખપૂર્વક રાજાને સૂવડાવીને દરવાજાની જગ્યાએ બાવન હાથ ઊંચી શિલા સુરક્ષા માટે મૂકી.

*ભીલ અતિથિની સુરક્ષા માટે સ્વયં દરવાજાની બહાર સૂતો. અન્ય સ્થાને સૂતેલી ભીલડીએ વાઘ-સિંહનો* ભયંકર અવાજ અને ભીલની ચીસો સાંભળી. તે જાગી ગઈ. તેણીએ રાજાને જગાડી કહ્યું, "મારા પતિ સિંહ સાથે યુદ્ધ કરતાં હણાયા છે." આ સાંભળી રાજાને અત્યંત દુ:ખ થયું. ભીલડી બોલી, "મારા પતિએ બાવન હાથની શિલા મૂકેલી છે તે કોણ ખસેડશે ?" એટલામાં રાજાએ પગના પ્રહારથી શિલા ખસેડી. ભીલના મૃત્યુથી શોકાતુર થયેલી ભીલડી મૃત્યુ પામી. એવામાં પાછળ આવેલા સૈન્ય વડે રાજા નગરમાં લઈ જવાયાં. વિષાદ યુક્ત રાજાએ દાન આપવાનો નિષેધ કર્યો.

બીજી બાજુ કેટલાંક મહિના પછી અવંતી નગરીમાં **શ્રીપતિ** નામના શ્રીમંત વેપારીને ત્યાં જન્મેલ નવજાત શિશુ પોપટની જેમ બોલવા લાગ્યો કે, "હે પિતાજી ! મહારાજા વિક્રમાદિત્યને મારી પાસે શીઘ્ર બોલાવો કારણ કે ભવિષ્યમાં અનિષ્ટ થવાનું છે." બાળકની આશ્ચર્યકારી વાત સાંભળી વ્યાપારીએ રાજાને બોલાવ્યા. રાજા ન આવ્યા ત્યારે બાળકે પિતાને કહ્યું, "જલ્દી રાજાને બોલાવો !"

હવે શ્રીપતિ સ્વયં રાજાને તેડવા ગયા. રાજા આવ્યા ત્યારે બાળકે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "તમે કલ્યાણપ્રદ દાન આપતા આવ્યા છો અને હવે દાનનો નિષેધ કેમ કરો છો ?" રાજાએ કહ્યું, "મેં હમણાં દાનનું ઘણું ફળ જોઈ લીધું છે તેથી મને વિશ્વાસ ન હોવાથી દાનનો નિષેધ કરું છું." રાજાના મનને પારખીને બાળકે કહ્યું, "હે વિક્રમાદિત્ય રાજા ! દાનનો માહાત્મ્ય સાંભળો. કણકી અને ઘીનાં દાન વડે હું આ નગરમાં બત્રીસ કોટિ સુવર્ણનાં માલિક શ્રીપતિ શેઠનો પુત્ર થયો છું." બાળકની વાત સાંભળી રાજા અત્યંત ખુશ થયો. રાજાએ પૂછ્યું, "હવે તમે તમારી પત્નીની ઉત્પત્તિ વિશે કહો." બાળકે કહ્યું, "આ જ નગરમાં **દાંતાક** વ્યાપારીને ત્યાં તેમની પુત્રીપણે ઉત્પન્ન થયેલી છે. તે આગળ જતાં મારી પત્ની થશે." રાજાએ કહ્યું, "તને આવું જ્ઞાન કઈ રીતે થયું ?" ત્યારે બાળકે કહ્યું, "મારા મુખમાં **પદ્માવતી દેવી** અવતરીને બોલે છે. આ સાંભળી રાજાના મન પરનો ભાર ઓછો થયો. તે પૂર્વવત્ત દાનમાં તત્પર બન્યો. રાજાએ ખુશ થઈ તે બાળકને પાંચસો ગામ ભેટમાં આપ્યાં.

વ્યાપાર જગતનો અનુભવ સૂત્ર છે કે, દુકાનમાં ઊંચો માલ લેનારા ગ્રાહક વિરલ જ હોય છે. મધ્યમ દર્જાનો માલ લેવાવાળા અને સસ્તો માલ લેવાવાળા ગ્રાહક વધુ આવે છે. આ ત્રણ પ્રકારના ગ્રાહકો સમાન ત્રણ સુપાત્ર છે. વ્યાપારી ત્રણે પ્રકારનો માલ રાખી નફો કરે છે, તેમ દાન દાતા ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય સુપાત્રને દાન આપી પુણ્ય કમાય છે. દાતા એવો સંકલ્પ કરે છે છે કે હું તો ઉત્કૃષ્ટ પાત્રને જ દાન આપીશ, મધ્યમ કે જઘન્ય ને નહીં. તો તે મહાલાભથી વંચિત રહે છે કારણકે ઉત્કૃષ્ટનો સુયોગ હંમેશાં મથતો નથી. વળી, જ્યાં અન્ય યાચકોને દાન આપવાનો સિલસિલો ચાલુ રહે છે ત્યાં દાનવૃત્તિની પ્રશંસા સાંભળી ઉત્કૃષ્ટ પાત્રનો યોગ પણ ક્યારેક અનાયાસે મળી જતો હોય છે.

**ભૂપ પંડિત** : (પ્રબંધ પંચશતી)

**વિશાલાપુર નગરી**માં **ભીમ** નામનો વણિક હતો. તેની બે પત્નીઓ હતી. તેને પ્રેમથી રહેતો જોઈને એક ધૂતારાએ દેવીની આરાધના કરી. દેવીએ પ્રસન્ન થઈ રૂપ પરિવર્તનની વિદ્યા આપી. ધૂતારાએ ભીમનું રૂપ ધારણ કર્યું. એકવાર ભીમ જ્યારે બીજે ગામ ગયો ત્યારે તેના ઘરે જઈને ધૂતારા ભીમે તેની પત્નીઓને કહ્યું કે, "આજે સ્વપ્નમાં દેવીએ આવી મને કહ્યું છે કે જો તું જીવનને ઈચ્છતી હોય તો ચિરકાળ સુધી ધનનું દાન આપ." આ સાંભળીને વણિક પત્નીઓએ ઘરમાંથી આભૂષણો, વસ્ત્રો વગેરે લાવી ગરીબોને દાનમાં આપ્યાં.

ધૂતારો આનંદિત થયો. આ બાજુ ભીમ ઘરે પાછો આવ્યો ત્યારે તેણે નગરજનોના મુખેથી સાંભળ્યું કે, 'ભીમ દાનેશ્વરી થઈ ગયો છે.' ત્યારે સાચા ભીમે વિચાર્યું કે, 'કોઈના વડે હું ઠગાયો છું.' જ્યારે તે પોતાની હાટે આવ્યો ત્યારે ઠગ ભીમે તેને તગડી મૂક્યો. હવે તે ઘરે આવ્યો. ઘરેથી સ્ત્રીઓએ પણ બનાવટી - ઢોંગી સમજી કાઢી મૂક્યો. ત્યારે તે દુઃખી થઈ રડવા લાગ્યો. લોકો ભેગા થઈ ગયાં. ન્યાય કરવા રાજા પાસે ગયા. રાજા પણ બન્નેને એક સરખા જોઇ નિર્ણય ન કરી શક્યા. ત્યારે રાજાએ બન્ને પત્નીઓને એકાંતમાં બોલાવીને પ્રશ્ન પૂછયા કે, ''તમારા હસ્તમેળાપ વખતે પતિએ શું કહ્યું હતું ? શું આપ્યું હતું ? તમે પ્રથમ ભોજન ક્યાં લીધું હતું ?'' જવાબો જાણીને એ જ પ્રશ્નો સભામાં બંને ભીમને પૂછયાં. જેનો જવાબ સાચો નીકળ્યો તે સાચો ભીમ પરખાયો.

ધર્મના ચાર ચરણ છે. ધર્મરથ ચલાવવા માટે દાન, શીલ, તપ અને ભાવ આ ચારેની સમયે સમયે જરૂરત પડે છે પરંતુ દાનના અભાવમાં શેષ ત્રણે અંગોથી કામ નથી ચાલતું. દાનના અભાવમાં શેષ ત્રણે ચરણોમાં નમ્રતા, ઉદારતા સક્રિયતા નથી થતી. દાન માનવ જીવનમાં સ્વાર્થ, લોભ, તૃષ્ણા, લાલસાનો ત્યાગ કરાવે છે. શીલ, તપ અને ભાવ અજ્ઞાત છે, જ્યારે દાન એ પ્રત્યક્ષ છે. [1]ગૃહસ્થ જીવન આરંભ-સમારંભ યુક્ત છે તેથી દાન દ્વારા ઉત્કૃષ્ટ પુણ્ય બંધનો લાભ થઈ શકે છે.

**મણિકુંડલ વિદ્યાધર :** (ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, શાંતિનાથ ચરિત્ર, પંચમ પર્વ)

**કૌશંબી** નગરીમાં **બલ** નામના પરાક્રમી રાજા રાજ્ય કરતા હતા. તેમની રાણીનું નામ **શ્રીમતી** હતું. તેમની **શ્રીકાન્તા** નામની સુંદર કન્યા હતી. તેણીએ પિતા પાસે **રત્નપુર**ના રાજા **શ્રીસેન**ના પુત્ર **ઈન્દુસેન** સાથે વિવાહ કરવાની ઈચ્છા પ્રગટ કરી. ત્યારે બલ રાજાએ પોતાની પુત્રીને રત્નાલંકારોથી વિભૂષિત કરી ઉપહારો સાથે શ્રીસેનની સભામાં મોકલી.

શ્રીકાન્તા સાથે આવેલી **અનંતમતિકા** નામની ગણિકાના સૌંદર્યને જોઈ તેને પ્રાપ્ત કરવા ઈન્દુસેન અને **બિન્દુસેન** પરસ્પર ઝઘડાવા લાગ્યા. ઝઘડાએ મોટું સ્વરૂપ પકડયું. તેઓ વિવિધ શસ્ત્રો લઈ **દેવરમણ** ઉદ્યાનમાં યુદ્ધમાં ઉતર્યા. રાજકુમારોનો આવો નિંદનીય વ્યવહાર જોઈ શ્રીસેન રાજાથી આઘાત સહન ન થતાં તેમણે પોતાની પત્નીઓ **અભિનંદિતા** અને **શિખિનંદિતા** સાથે પરામર્શ કરી **તાલપુટ** વિષમય કમળનું પુષ્પ સૂંઘ્યું. રાજાનું મૃત્યુ થયું. પતિનું મૃત્યુ થતાં બન્ને રાણીઓએ પણ જીવન ટૂંકાવ્યું. ત્યારે તેમને આશ્રિત રહેલી બ્રાહ્મણ પુત્રી **સત્યભામા** પણ પોતાની સાથે છેતરપીંડી કરનાર પોતાના પતિ **કપિલ** તરફથી અનિષ્ટ થવાની આશંકાની સંભાવનાથી વિષકમળ સૂંઘી મોતને ભેટી પડી. આ ચારે જીવાત્મા મૃત્યુ પામી **જંબુદ્વીપ**ના ઉત્તરકુરુ ક્ષેત્રમાં યુગલિયારૂપે જન્મ્યા.

ઈન્દુસેન અને બિન્દુસેન યુદ્ધ કરતાં હતાં ત્યારે એક વિદ્યાધર રાજાએ આવી તેમને અટકાવતાં કહ્યું, ''હે રાજકુમારો ! જેને મેળવવા તમે યુદ્ધ કરો છો તે પૂર્વ જન્મની તમારી બહેન છે, માટે આવું અકૃત્ય ન કરો.'' એમ કહી વિદ્યાધરે તેમને પૂર્વભવની કથા કહી.

**જંબુદ્વીપ**ના **મહાવિદેહ ક્ષેત્ર**માં **પુષ્પકલાવતી** નામની વિજયમાં **વૈતાઢય** નામનો ઉત્તુંગ પર્વત છે. આ પર્વતની ઉત્તર દિશામાં **આદિત્યાભ** નામનું નગર છે. ત્યાં સકુંડલીન રાજા રાજ્ય કરતો હતો. તેની **અજિતસેના** નામની પતિવ્રતા નારી હતી. તેનો પુત્ર હું **મણિકુંડલ** છું.

---

૧. પરમાત્મપ્રકાશ ટીકા, ૨/૧૧૧

એક દિવસ હું જિનોપાસના માટે આકાશમાર્ગે **પુંડરીકિણી** નગરમાં ગયો. ત્યાં મેં **અમિતયશ** નામના જિનેશ્વરની પર્યુપાસના કરી. તેમના પ્રવચન સાંભળ્યા. પ્રવચનના અંતે મેં પૂછયું, 'ભગવન્! કયા કારણથી હું વિદ્યાધર થયો છું?' ત્યારે જિનેશ્વર દેવે કહ્યું, '**પુષ્કરવર દ્વીપ**ની પશ્ચિમે **સીતોદા** નદીના દક્ષિણ તટ પર **સલિલાવતી** વિજયમાં **વીતશોકા** નામની સુંદર નગરી છે. ત્યાંના રહેવાસીઓ શોકરહિત હોવાથી તે નગરીનું નામ **વીતશોકા** છે.

ત્યાં કોઈ સમયે **રત્નધ્વજ** નામના ચક્રવર્તી રાજ્ય કરતા હતાં. તેઓ કામદેવ જેવા સ્વરૂપવાન અને કુલિશધ્વજ (ઈન્દ્ર) જેવા શક્તિશાળી હતાં. તેમની **કનકશ્રી** અને **હેમામાલિની** નામની બે પવિત્ર રાણીઓ હતી. કનકશ્રીની બે કન્યાઓ હતી. કનકશ્રીએ ગર્ભાવસ્થામાં કલ્પવૃક્ષની બે પલ્લવ (લતા) જોઈ હતી તેથી તેમનો જન્મોત્સવ સમારોહ થયો ત્યારે કન્યાઓનું નામ **કનકલતા** અને **પદ્મલતા** રાખ્યું. સમય જતાં તેઓ કલાનિપુણ બની. યૌવનવયમાં તેમનું સૌંદર્ય સોળેકળાએ ખીલી ઉઠયું. પદ્માએ સાધ્વી **અજિતસેના**ના સંપર્કમાં આવી દીક્ષા ગ્રહણ કરી.

એકવાર સાધ્વીજીએ ગુરુની આજ્ઞા લઈ કર્મ ચતુર્થ ઉપવાસની તપશ્ચર્યા કરી. તેમાં ત્રેસઠ દિવસ સુધી એકાંતરા ઉપવાસ કરવાના હોય છે. આવી કઠિન તપશ્ચર્યા પશ્ચાત જ્યારે તે ભિક્ષા લેવા જઈ રહ્યા હતાં ત્યારે માર્ગમાં **મદનમંજરી** નામની ગણિકાને પ્રાપ્ત કરવા બન્ને રાજકુમારોને યુદ્ધ કરતાં જોયાં. આ જોઈ સાધ્વીજીએ નિયાણું કર્યું કે, 'ગણિકા સ્વરૂપવાન છે તેથી બન્ને રાજપુત્રો તેને પોતાની બનાવવા યુદ્ધ કરી રહ્યાં છે. મારી પણ તપશ્ચર્યાનું જો કંઈ ફળ હોય તો હું પણ આગામી ભવમાં આવું જ રૂપ પ્રાપ્ત કરું.' આમ, નિદાન કરી સાધ્વીજી પ્રાયશ્ચિત લીધા વિના જ સ્વર્ગવાસી થયાં અને **સૌધર્મ** કલ્પમાં વિપુલ સમૃદ્ધિશાળી દેવીના રૂપમાં ઉત્પન્ન થયાં.

કનકશ્રી ભવભ્રમણ કરતી દાનાદિ શુભયોગના ફળ સ્વરૂપે **મણિકુંડલ** વિદ્યાધર રૂપે જન્મી. કનકલતા અને પદ્મલતા પણ અનુક્રમે ભવાંતરમાં દાનાદિ પુણ્યના કારણે જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં રત્નપુર નરેશ શ્રીસેનને ત્યાં પુત્ર રૂપે જન્મી. તેમનું નામ ઈન્દુસેન અને બિન્દુસેન રાખ્યું. આ ભરતક્ષેત્રની કૌશંબી નગરીમાં પદ્મા સૌધર્મ દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી ત્યાંથી ચ્યવી અનંતમતિકા ગણિકાના રૂપમાં જન્મી. ઈન્દુસેન અને બિન્દુસેન હમણાં રત્નપુરના દેવરમણ ઉદ્યાનમાં અનંતમતિકા ગણિકા માટે પરસ્પર યુદ્ધ કરી રહ્યાં છે. તમારા પ્રત્યે સ્નેહ હોવાથી મેં પૂર્વ જન્મની કથા વિવૃત્ત કરી. તમને યુદ્ધથી નિવૃત્ત કરવા હું અહીં આવ્યો છું. પૂર્વ જન્મમાં હું તમારી માતા હતી અને અનંતમતિકા તમારી બહેન હતી. પૂર્વજન્મના માતા-પિતા કે ભાઈ-બહેન સ્મૃતિપટ પર પડેલા આવરણના કારણે ઓળખાતાં નથી.''

આ સાંભળી બન્ને રાજપુત્રોએ કહ્યું, ''ધિક્કાર છે અમને! અજ્ઞાનતાના કારણે ઉન્મત્ત બની અમે અમારી બહેન સાથે વિષય ભોગો ભોગવવા ઈચ્છતા હતા. પૂર્વ જન્મની અમારી માતા આ જન્મમાં જ્ઞાન આપનારી બની તેથી અમારી ગુરુ માતા થઈ. તમે જ્ઞાન દાન આપી અમને કુકર્મથી રોક્યા છે.'' આમ કહી તેમણે શસ્ત્રોનો પરિત્યાગ કર્યો. ચાર હજાર રાજાઓ સહિત **ધર્મરુચિ મુનિ** પાસે દીક્ષા ગ્રહણ કરી. તેમણે ધ્યાન દ્વારા કર્મ ક્ષય કરી મુક્તિ મેળવી.

દાન એ અભ્યુદયની પરંપરા વધારે છે. હૃદયમાં અનુકંપાને જન્મ આપે છે.

**મદનભૂપ અને સુંદરી :** (પ્રબંધ પંચશતી, ક.૨૪૩)

એકવાર **મદનભૂપ** નામનો રાજવી **ચંદ્રપુર** નગરમાં ગયો. ત્યાં તેણે એક જીર્ણ કુટીર જોઈ. આ કુટીરને ધ્યાનપૂર્વક જોતાં રાજાને જાતિસ્મરણ જ્ઞાન થયું. ત્યારે મંત્રીએ પૂછયું, ''આ શું થયું ?'' રાજાએ કહ્યું,

**''मयैक वस्त्र दानेन सुसाधोः पूर्वसंसृतेः ।**

**अत्रेदं विपुलं राज्यं, प्राप्तं कुम्भयादिसंयुतम् ।।''**

**અર્થ :** મેં પૂર્વભવમાં સુપાત્રને વસ્ત્રનું દાન આપ્યું હતું તેથી હાથી-ઘોડા વગેરેથી યુક્ત આવું વિશાળ રાજ્ય પામ્યો.'' મંત્રીએ પૂછયું ત્યારે રાજાએ વિસ્તારથી પોતાનો પૂર્વભવ કહ્યો.

''હું પૂર્વ ભવમાં આ કુટીરમાં **સુંદરી** નામે વૃદ્ધા હતી. હું સૂતર કાંતીને મારું જીવન નિર્વાહ કરતી હતી અને વણકર પાસે વસ્ત્રો બનાવડાવતી હતી. હું સરળ ચિત્તથી માયા વિના ધર્મ કરતી હતી.

એકવાર એક સાધુને મેં મારા હાથે બનાવેલા વસ્ત્રમાંથી એક વસ્ત્ર ભાવપૂર્વક દાનમાં આપ્યું. અનુક્રમે હું તે દાનનાં પ્રભાવથી મૃત્યુ પામી સ્ત્રી પર્યાયને છોડી, રાજા થયો.'' આવું સાંભળી બીજા મંત્રીઓ પણ સાધુઓને શુદ્ધ અન્ન, પાણી, વસ્ત્રાદિ ભાવથી આપવા લાગ્યાં.

વસ્ત્રદાનના પુણ્યથી મદનભૂપ રાજપાટ, સુખ-સંપત્તિ તો પામ્યા પરંતુ એથી પણ વધુ પુણ્યે તેમને સંયમ લઈ કર્મ ક્ષય કરી મોક્ષ પમાડયા. ખરેખર ! દાન એ માનવીના સમગ્ર જીવનને મનોરમ આકાર આપતો ધર્મ છે.

**મહાબલ :** (શ્રી સુખવિપાકસૂત્ર, અ.૭)

**મહાપુર** નગરના રાજા બલ અને રાણી **સુભદ્રાદેવી**ના પુત્ર **મહાબલકુમાર** ! યૌવનવયે ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓ સાથે વિવાહ થયા. **પ્રભુ મહાવીર**ના મુખેથી ધર્મોપદેશ સાંભળી મહાબલકુમારે શ્રાવકધર્મ અંગીકાર કર્યો. **ગૌતમ્વામી**એ મહાબલકુમારના પૂર્વભવની પૃચ્છા કરી ત્યારે ભગવાન મહાવીરે કહ્યું, ''**મણિપુર** નામનું નગર હતું. ત્યાં **નાગદત્ત** નામનો ગાથાપતિ રહેતો હતો. તેણે **ઈન્દ્રદત્ત** નામના અણગારને ગોચરીમાં પવિત્ર ભાવનાઓ સાથે અન્નદાન આપ્યું, જેના પ્રભાવે મનુષ્ય આયુષ્ય બાંધી તે મહાબલકુમાર તરીકે જન્મ્યો.''

કેટલાક વર્ષો પછી મહાબલકુમારે પ્રભુ મહાવીર પાસે દીક્ષા અંગીકાર કરી તે જ ભવમાં સંથારો કરી તેઓ મોક્ષે ગયા. દાન એક પ્રકારનું સુવર્ણ છે, જે સ્વયં મલિન નથી પરંતુ કૂવડપણ, અનાદર, અવિધિ, અનવસરે દાન આપવાથી તેના પર દોષની કાલિમા ચઢે છે. નિપુણતા, સુઘડતા, સત્કારપૂર્વક અવસરે, વિધિપૂર્વક દાન આપવાથી દાતાના જીવનની કલુષિતતા તેનાથી ધોવાઈ જાય છે.

**મહાબલ નૃપ :** (આદિનાથ ચરિત્ર)

**સૌધર્મ** નામના પ્રથમ દેવલોકનું દેવાયું પૂર્ણ કરી **ધનસાર્થવાહ**નો જીવ **વૈતાઢય** પર્વત ઉપર ઉપર **ગાંધાર** દેશના **પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર**માં **ગંધિલાવતી વિજય**માં **ગંધસ્મૃતિ** નગરમાં વિદ્યાધરોમાં શિરોમણિ **શતબળ** રાજાની **ચંદ્રકાંતા** રાણીની કુક્ષિએ પુત્રરૂપે ઉત્પન્ન થયો. તે મહા વિક્રમશાળી હોવાથી તેનું નામ **મહાબળ કુમાર** પાળ્યું.

બાલ્યાવસ્થામાં સર્વ વિદ્યાઓમાં પારંગત થઈ યૌવનના પ્રાંગણમાં પગ મૂક્યો ત્યારે માતા-પિતાએ વિનયવાન અને કુળવાન **વિનયવતી** નામની કન્યા સાથે પાણિગ્રહણ કરાવ્યું.

એકવાર તત્ત્વજ્ઞ શતબલ રાજાએ એકાંતમાં બેસી વિચાર્યું કે, 'આ શરીર, આયુષ્ય, રાજસુખો અને ભોગો નાશવંત છે. આ દુસ્તર સંસારમાં મનુષ્ય ભવની પ્રાપ્તિ થવી અત્યંત કઠીન છે. મનુષ્ય જન્મ પામ્યા પછી પણ સદ્ગુરુનો યોગ થવો દુર્લભ છે. મનુષ્ય દેહ ધારણ કરી ઉત્તમ ફળ પ્રાપ્ત ન કરીએ તો સર્વસ્વ લૂંટાઈ ગયા જેવું થશે માટે હું મહાબલ કુમારને રાજ્ય સોંપી આત્મ કલ્યાણમાં નિયુક્ત થાઉં.' રાજાએ શુભ મુહૂર્તે મહાબલનો રાજ્યાભિષેક કર્યો. શતબલ રાજાએ પાંચ મહાવ્રત અંગીકાર કર્યા. સંયમની સાધના કરતાં શતબલ મહર્ષિએ કર્મનો કૂટો બાળી નાંખવા અથાગ પરિશ્રમ કર્યો. આયુષ્ય પૂર્ણ થતાં તે સ્વર્ગમાં દેવતા થયા.

મહાબલ રાજા બની ઇન્દ્રની જેમ રાજ્ય કરવા લાગ્યા. હંસ જેમ કમલિની વનમાં આનંદથી ક્રીડા કરે, તેમ મહાબલ રાજા રમણીઓ સાથે પુષ્પોદ્યાનમાં આનંદ ક્રીડા કરવા લાગ્યા. તેમની રાજધાનીમાં નિત્ય સંગીતની મહેફીલ જામતી અને શૃંગાર રસની રમઝટ બોલાતી. મહાબલ રાજા દિવસ-રાત વિષયસુખોમાં ડૂબેલા રહેતાં.

એકવાર રાજસભામાં સામંતો અને મંત્રીઓથી અલંકૃત મહાબલ રાજા સિંહાસન પર બેઠા હતાં. તે સમયે **સ્વયંબુદ્ધ, સંભિન્નમતિ, શતમતિ** અને **મહામતિ** નામના મુખ્ય ચાર મંત્રીઓ ત્યાં ઉપસ્થિત થયા. સ્વયંબુદ્ધ મંત્રી સ્વામીભક્તિમાં અમૃતસાગરવત્ હતા. બુદ્ધિમાં અગાધ અને સમ્યગ્-દૃષ્ટિ હતા. તેમણે વિષયાસક્ત રાજાને સત્પથ પર લાવવાનો વિચાર કર્યો. તેમણે વિચાર્યું, 'રાજાને કદાચ મારા વિચારો ન પણ ગમે છતાં જે ઉચિત હોય તે અવશ્ય કહેવું જોઈએ.'

સ્વયંબુદ્ધ મંત્રીએ મોકો જોઈ ગરજતાં કહ્યું, ''હે રાજન્! સમુદ્ર જલરાશિથી કદી તૃપ્ત થતો નથી. તેમ સુખ ભોગોથી આત્મા કદી તૃપ્ત થતો નથી. આ ભોગો નરકના દૂત છે. સદાચારથી ભ્રષ્ટ કરાવનાર છે. ધર્મ પરમ બંધુ છે. આધિ, વ્યાધિ અને ઉપાધિને નષ્ટ કરનાર છે. ધર્મથી જ તમે વિદ્યાધરોના રાજા બન્યા છો. **હરિશ્ચંદ્ર** રાજાનાં ઉત્તમ વંશમાં તમે ઉત્પન્ન થયાં છો. વંશપરંપરાથી અમારું મંત્રીપદ ચાલ્યું આવે છે. આજે મેં **નંદન** વનમાં બે ચારણ મુનિઓની દેશના સાંભળ્યા પછી આપના આયુષ્ય સંબંધી પૃચ્છા કરી. આપનું આયુષ્ય હવે માત્ર એક માસનું જ છે, તેમ તેઓએ કહ્યું છે.''

મંત્રીના હૃદયદ્રાવક વચનથી રાજા પ્રતિબોધ પામ્યાં. યતિધર્મના અભિલાષી તે રાજાએ ઉદારતા પૂર્વક યાચકોને પુષ્કળ દાન આપ્યું. પુત્રને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા અંગીકાર કરી. માત્ર બાવીસ દિવસની દીક્ષા પર્યાય પાળી, અનશન કરી બીજા **ઈશાન** દેવલોકમાં ઉત્પન્ન થયાં.

દાન ધર્મનું સ્વરૂપ સમજાવતા કલ્યાણમિત્ર સમાન સ્વયંબુદ્ધ મંત્રીએ નાસ્તિક મહાબલ રાજાને આસ્તિક બનાવી સર્વવિરતિધરની પંગતમાં બેસાડયા!

**મહાચંદ્ર** : (શ્રી સુખવિપાક, અ. ૯)

**ચંપાનગરી**ના મહારાજા **દત્ત** અને રાણી **રક્તવતી**નો પુત્ર યુવરાજ **મહાચંદ્ર** હતો. યુવાવસ્થા પ્રાપ્ત થતાં **શ્રીકાન્તા** આદિ પાંચસો સ્વરૂપવાન રાજકન્યાઓએ તેની સાથે વિવાહ કર્યા. એકવાર ચંપાનગરીના **પૂર્ણભદ્ર** નામના ઉદ્યાનમાં સર્વજ્ઞ તીર્થંકર **પ્રભુ મહાવીર**નું આગમન થયું. યુવરાજ મહાચંદ્રે તેમના દર્શન કરી

તેમના મુખેથી દેશના સાંભળી. શ્રમણ ધર્મ સ્વીકારવાનું સામર્થ્ય ન જણાતાં તેમણે શ્રાવકના બાર વ્રતો ગ્રહણ કર્યાં.

**ગણધર ગૌતમ સ્વામી**ના પ્રશ્નનો ઉત્તર આપતાં પ્રભુ મહાવીરે યુવરાજ મહાચંદ્રનો પૂર્વ ભવ પ્રકાશિત કર્યો. ''મહાચંદ્રનો આત્મા પોતાના પૂર્વ ભવમાં **ચિકિત્સકા** નામની નગરીનો રાજા **જિતશત્રુ** હતો. તેણે **ધર્મવીર્ય** નામના શ્રેષ્ઠ અણગારને ઉત્તમ ભાવનાઓ સાથે પ્રાસુક - એષણીય નિર્દોષ આહાર પ્રદાન કરી ઉત્તમ મનુષ્યભવનું આયુષ્ય બાંધ્યું. પરિણામ સ્વરૂપે તે આ ભવમાં ચંપાનગરીના રાજાને ત્યાં મહાચંદ્ર નામનો યુવરાજ થયો છે. યાવત્ શ્રામણ્ય ધર્મનું વિધિવત્ પાલન કરી મહાચંદ્ર મુનિ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરશે.''

હિરાતના શેખ અબ્દુલા અન્સારે પોતાના શિષ્યોને કહ્યું, ''શિષ્યો! આકાશમાં ઉડવું એ કોઈ ચમત્કાર નથી કારણકે ગંદી માખીઓ પણ આકાશમાં ઉડી શકે છે. પુલ અથવા નાવ વિના નદી પાર કરી લેવી એ ચમત્કાર નથી કારણકે સાધારણ કૂતરો પણ એવું કરી શકે છે પરંતુ જરૂરતમંદોને દાન આપી સહાયતા કરવી (શાતા પહોંચાડવી) એ એક ચમત્કાર છે, જેને (મહાચંદ્ર જેવા) પવિત્ર આત્મા જ કરી શકે છે.

**મંગલ કલશ** : (શાંતિનાથ ચરિત્ર)

**ઉજ્જયિની નગરી**માં રાજવી **વૈરસિંહ** અને રાણી **સોમચંદ્ર** રહેતાં હતાં. તે નગરીમાં **શ્રેષ્ઠી ધનદત્ત** અને તેની પત્ની **સત્યભામા** સુખેથી રહેતાં હતાં. તેઓ ધર્મપ્રિય અને પરોપકારી હતાં પરંતુ સંતાન સુખથી વર્જિત હતાં. પુત્રનાં અભાવમાં સતત ચિંતા ગ્રસ્ત રહેતા પતિને એકવાર પત્નીએ કહ્યું, ''નાથ ! આ લોકમાં કે પરલોકમાં માણસને ઈચ્છિત અર્થની પ્રાપ્તિ કરાવનાર જો કોઈ પરિબળ હોય તો એ ધર્મ છે. નાથ! પ્રભુ ભક્તિ, સદ્ગુરુની ભક્તિ, સુપાત્રદાન, સિદ્ધાંત લેખન, વગેરે ધર્મ આરાધના શીઘ્ર શરૂ કરી દો. જે પણ શુભ અને સુંદર બનશે એ ધર્મ આરાધનાથી જ બનશે.'' ધનદત્તે કહ્યું,''પ્રિયે! તેં જે વાત કરી છે એ સત્ય છે. ધર્મ તો ન ઈચ્છિયું હોય કે ન કલ્પ્યું હોય એવું પણ આપીને રહે છે. હું આજથી જ ધર્મ આરાધનામાં જોડાઉં છું.'' બીજે દિવસે વહેલી સવારે ધનદત્તે પ્રભુ ભક્તિ કરી. પ્રભુ ભક્તિ કર્યા પછી મુનિ ભગવંતો પાસે જઈ તેમને વંદન આદિ કરી યથાશક્ય પ્રત્યાખ્યાન લઈ ઘરે પાછો આવ્યો. મુનિ ભગવંતોને સુપાત્રદાન આપતો.

ધનદત્તની ભાવોલ્લાસપૂર્વકની ધર્મારાધનાથી શાસનદેવીએ પ્રસન્ન થઈ ધનદત્તને વરદાન માંગવાનું કહ્યું. ધનદત્તે કહ્યું, ''દેવી! આમ તો હું શું માંગું ? પુણ્યના પ્રભાવે ઘણું બધું છે, છતાં પુત્રનાં અભાવથી મારું મન ખિન્ન રહ્યાં કરે છે. આપ જો વરદાન આપતા હો તો મારી ઈચ્છા છે, પુત્રરત્નની પ્રાપ્તિ!'' તથાસ્તુ કહી દેવી અંતર્ધાન થઈ. ધનદત્તની પ્રસન્નતાનો પાર ન રહ્યો અને સત્યભામા પણ રાજીની રેડ થઈ ગઈ. એક રાત્રિએ સત્યભામાએ સ્વપ્નમાં સરસ મજાનો સુવર્ણ કળશ જોયો. સ્વપ્નનાં ગર્ભમાં ઉત્તમ કોટિનો પુણ્યાત્મા પધાર્યો હોય એની પ્રતીતિ હતી. એક શુભ દિવસે, મંગળ પળે સત્યભામાએ પુત્રરત્નને જન્મ આપ્યો. ધનદત્તે પુત્રજન્મની ખુશાલીમાં પ્રભુ ભક્તિનો ભવ્ય મહોત્સવ જમાવ્યો. દીન-દુઃખી વગેરેને સુવર્ણ-રત્ન વગેરેનું પુષ્કળ દાન કર્યું. સ્વપ્નમાં આવેલ મંગળ કળશને આંખ સામે રાખીને પુત્રનું નામ **'મંગલ કલશ'** રાખ્યું. તે આઠ વર્ષનો થયો ત્યારથી પિતાની સાથે પુષ્પો લેવા બગીચામાં જતો.

ભરતક્ષેત્રની ચંપાનગરીમાં રાજા **સુરસુંદર** અને રાણી **ગુણાવલી** સુરાલયના સુખો ભોગવતાં હતાં. એક દિવસ રાત્રિના સમયે નિદ્રામાં ગુણાવલીએ સ્વપ્નમાં પોતાના ખોળામાં કલ્પવૃક્ષની લતા જોઈ.

તેણીએ રાજવી સુરસુંદરને સ્વપ્નની વાત કરી. રાજાએ બે પળ વિચાર કરીને ગુણાવલીને કહ્યું, " આ સ્વપ્નનાં પ્રભાવથી તમે સર્વલક્ષણ સંપન્ના એવી પુત્રીને જન્મ આપશો." નવ મહિનાનો સમય પસાર થયો. ગુણાવલીએ રૂપ રૂપના અંબાર સમી પુત્રીને જન્મ આપ્યો. ખરેખર ! ત્રણે લોકમાં એના જેવી રૂપવાન સુંદરી મળે જ નહીં, તેથી તેનું ગુણનિષ્પન્ન નામ 'ત્રૈલોક્યસુંદરી' રાખી દીધું. સમયનું વહેણ નદીના વહેણથી પણ વધુ વેગવાન અને અવિરત છે. ત્રૈલોક્યસુંદરીએ યૌવનનાં ઉંબરે ડગ દીધાં. તેણી આખા અંતઃપુરને હૈયાના હાર જેવી પ્રિય હતી. રાજા અને રાણીએ પુત્રીનાં લગ્ન સુબુદ્ધિમંત્રીના પુત્ર સાથે કરવાનો નિશ્ચય કર્યો. જેથી ત્રૈલોક્યસુંદરીનો લગ્નજીવનમાં પ્રવેશ પણ થાય અને એનો વિરહ વેઠવો જ ન પડે.

એક દિવસ સુરસુંદરે મંત્રીને પોતાના આવાસે બોલાવી પોતાની ઈચ્છા પ્રદર્શિત કરી. રાજાનો સંદેશ પામીને મંત્રી પળભર ચિંતિત થઈ ગયો. તેણે કહ્યું, "રાજન ! મિત્રતા અને વિવાહ સમાન કુળમાં જ શોભે. ત્રૈલોક્યસુંદરીનો સંબંધ કોઈક રાજકુમાર સાથે નક્કી કરવો જોઈએ, મારા પુત્ર સાથે નહીં." રાજાએ કહ્યું, "મેં ખૂબ સમજીને આ નિર્ણય કર્યો છે. એની પાછળનું કારણ એક જ છે કે ત્રૈલોક્યસુંદરી અમારા સહુની આંખ સમક્ષ જ રહે. તમારે એમાં સમ્મતિ આપી જ દેવાની છે." રાજવીની આ વાત મંત્રીશ્વરને સર્વથા અનિષ્ટ હતી. છતાં રાજાનાં અતિશય આગ્રહ આગળ એણે નમતું જોખ્યું. મંત્રીશ્વરને મનમાં વસવસો હતો કારણ પોતાનો પુત્ર કુષ્ટરોગથી વ્યાપ્ત હતો. સંબંધ બંધાયાના બીજે જ દિવસે જો આ રહસ્ય ખૂલે તો શી હાલત થાય ? એની કલ્પનાથી એ થરથર કંપી રહ્યો. મંત્રીનાં મનમાં જાતજાતનાં વિચારો આંટા મારવા લાગ્યાં. ત્યાં અચાનક એક વિચાર ઝબૂક્યો. 'મારી કુળદેવી અત્યંત પ્રભાવશાળી છે. તેની આરાધના કરી તેને પ્રસન્ન કરું. તેની કૃપાથી બધું જ સાંગોપાંગ પાર પડી જશે. મંત્રી કુળદેવીની આરાધનામાં એકાગ્ર બન્યાં. તેમના પ્રચંડ સત્વથી કુળદેવી પ્રસન્ન થઈ. મંત્રીએ કહ્યું, "દેવી ! હું તમને એક પ્રાર્થના કરું છું. મારો પુત્ર જે કુષ્ટરોગથી ગ્રસ્ત છે, આપ એવું કંઈક કરો કે જેનાથી તે રોગમુક્ત થાય." દેવીએ કહ્યું, "તારી આ પ્રાર્થના નિરર્થક છે. ભૂતકાલીન અશુભ કર્મના યોગે તારા પુત્રના શરીરમાં વ્યાધિ ઉત્પન્ન થઈ છે. એને દૂર કરવાની તાકાત મારામાં નથી. તારે બીજું કંઈ માંગવું હોય તો માંગ." મંત્રીએ કહ્યું, "જો મારા પુત્રને આપ રોગ મુક્ત ન કરી શકતા હો તો ત્રૈલોક્યસુંદરી સુંદરી જેવા જ અન્ય કોઈ નિરામય અને રૂપવાન યુવાનને ગમે ત્યાંથી લાવીને હાજર કરો. હું ત્રૈલોક્યસુંદરીનાં લગ્ન તેની સાથે કરાવીશ. ત્યાર પછી એ ત્રૈલોક્યસુંદરી મારા દીકરાને અપાવી દઈશ." કુળદેવી વચનથી બંધાઈ ચૂકી હતી. તેણીએ કહ્યું, "મંત્રીશ્વર ! નગરનાં દરવાજે એક બાળકને હું લાવીને મૂકીશ." એમ કહી દેવી અદશ્ય થઈ ગઈ. સુબુદ્ધિ મંત્રીએ પોતાના વિશ્વાસુ અશ્વરક્ષકને બોલાવીને સૂચના આપી કે, 'કોઈ રૂપવાન બાળક નગરના દરવાજે આવશે. તેને તરત જ મારી પાસે લઈ આવવો.'

કુળદેવીએ અદશ્ય થઈ પોતાના જ્ઞાનમાં જોયું કે, 'ત્રૈલોક્યસુંદરીનો ભાવિનો ભરથાર તો ઉજ્જયિની નગરીનો શ્રેષ્ઠી ધનદત્તનો સુપુત્ર મંગલકલશ જ થવાનો છે. નિયતિ જ્યારે આજ છે ત્યારે મારે એને સાર્થક કરવી જ રહી.' કુળદેવી ઉજ્જયિનીમાં આવી. તે સમયે મંગલકલશ પુષ્પો લેવા બગીચામાં આવ્યો હતો. તેણે આકાશવાણી સાંભળી. 'પુષ્પો લેવા બગીચામાં આવેલો યુવક ભાડેથી રાજકુમારીને પરણશે.' આવા શબ્દો સાંભળી મંગલકલશ સ્તબ્ધ બની ગયો. ત્યાં અચાનક ભયંકર વાવઝોડું ફૂંકાયું. મંગલકલશ કોઈક અજાણી ધરતી પર પટકાયો. તરસથી એનું ગળું સૂકાતું હતું. તે સરોવર પાસે પહોંચ્યો. ત્યાં પાણી પીધું.

નજીકના વટવૃક્ષ પર ચડી ગયો. ઠંડીના કારણે તેનું શરીર થર થર ધ્રૂજતું હતું. મંગલકલશ વૃક્ષ પરથી નીચે ઉતર્યો. થોડે દૂર તાપણું હતું, ત્યાં પહોંચી ગયો. તાપણાં પાસે અશ્વપાલક સહિત કેટલાક લોકો ઠંડી ઉડાડી રહ્યાં હતાં. એકે કહ્યું, ''ચંપાનગરીનો હોય એવું નથી લાગતું.'' અશ્વપાલકને મંત્રીશ્વરની સૂચના યાદ આવી ગઈ. મંકલકલશ સાથે સ્નેહસભર શબ્દો બોલી એનું દિલ જીતીલીધું. પ્રભાતે મંગલકલશને મંત્રીશ્વર સમક્ષ હાજર કર્યો. સુબુદ્ધિએ આગંતુક બાળકની ખૂબ સરભરા કરી. મંગલકલશ વિચારમાં પડી ગયો. તેણે કહ્યું, ''મારા જેવાં અજાણ્યાનો આટલો સત્કાર કેમ ?'' મંત્રી એ કહ્યું,'' સાંભળ. અહીંના રાજાએ મારી ઈચ્છા અનિચ્છાને જાણ્યા વગર પોતાની પુત્રી ત્રૈલોક્યસુંદરીના વિવાહ મારા પુત્ર સાથે કરવાનો નિર્ણય કરી લીધો છે. હકીકતમાં મારો પુત્ર કુષ્ટરોગથી વ્યાપ્ત છે, માટે તારે ત્રૈલોક્યસુંદરી સાથે પરણવાનું છે. પરણતાંની સાથે જ તારે અહીંથી ચાલ્યા જવું.'' મંગલકલશે કહ્યું, ''ભોળી રાજકુમારી સાથે આવી છેતરપીંડી ? મારાથી આ અકાર્ય નહીં થઈ શકે.'' મંત્રીએ મ્યાનમાંથી તલવાર કાઢી કહ્યું, ''બોલ, તારો આખરી નિર્ણય શું છે ?'' મંગલકલશે મંત્રીશ્વરના પ્રસ્તાવને સ્વીકારી લેતાં કહ્યું. મારી એક શરત છે. ત્રૈલોક્યસુંદરીને છોડીને રાજા લગ્નમાં જે જે વસ્તુઓ આપે તે સર્વ વસ્તુઓ તમારે મને આપી દેવાની. લગ્ન સમાપ્ત થતાં જ હું ઉજ્જયિની તરફ નીકળું ત્યારે આ તમામ વસ્તુઓને મારી સાથે રવાના કરવાનો પ્રબંધ તમારે કરવો પડશે.'' મંગલકલશની વાત મંત્રીશ્વરે વિના વિલંબે સ્વીકારી લીધી.

મંગલકલશ અને ત્રૈલોક્યસુંદરીનાં વિવાહ સંપન્ન થયાં પરંતુ મંગલકલશે ત્રૈલોક્યસુંદરીનો હાથ ન છોડયો ત્યારે રાજાએ મંગલકલશને પૂછયું. ''હજી કંઈ જોઈએ છે ?'' મંગલકલશે કહ્યું, ''મને પાંચ જાત્યરત્ન અશ્વો આપો.'' રાજાએ ખુશ થઈને પાંચ અશ્વો આપ્યાં.

મંગલકલશ અને ત્રૈલોક્યસુંદરી પોતાના મહેલે આવ્યાં. ત્રૈલોક્યસુંદરીને મંગલકલશના મુખ ઉપર વ્યગ્રતાના ભાવ દેખાયા તેથી મંગલકલશની સાથે જ બેસવા ઉઠવા લાગી. મંગલકલશ ત્યાંથી ભાગી જવા માંગતો હતો પરંતુ ત્રૈલોક્યસુંદરી તેને છોડતી જ ન હતી. દેહચિંતાનું બહાનું કરીને મંગલકલશ ત્યાંથી છટકવા માંગતો હતો પણ ત્રૈલોક્યસુંદરી પાણી લઈને તેની પાછળ પાછળ ગઈ. મંગલકલશ દેહચિંતા પતાવીને પુનઃ સ્વસ્થાને આવ્યો. ત્રૈલોક્યસુંદરીએ ખાવા માટે લાડવો આપ્યો. મંગલકલશે લાડવો ખાતાં કહ્યું, 'લાડવો ભલે ચંપાપુરીનો હોય, પણ જો એ લાડવા પર ઉજ્જયિની નગરીની સીપ્રાનદીનું પાણી પીવામાં આવે તો પરમ તૃપ્તિનો અનુભવ થાય.'' એવામાં મંત્રીનો એક વિશ્વાસુ માણસ ઓરડામાં આવ્યો અને તેણે મંગલકલશના કાનમાં કહ્યું, ''તમે અહીંથી શીઘ્ર નીકળો.'' ફરી દેહચિંતાનું બહાનું કાઢી મંગલકલશ મંત્રી સમક્ષ હાજર થયો. લગ્નમાં મળેલી તમામ વસ્તુઓ રથમાં નાંખી, રથની આગળ ચાર ઘોડા ગોઠવી, એક ઘોડાને રથની પાછળ બાંધી મંગલકલશ ઉજ્જયિની તરફ રવાના થયો.

પુષ્પ લેવા ગયેલ મંગલકલશ ઘરે પાછો ન આવ્યો ત્યારે માતા-પિતાનું મન શંકા-કુશંકાઓથી ઘેરાઈ ગયું. તેમણે ચારે બાજુ શોધખોળ કરી પરંતુ કોઈ સમાચાર ન આવ્યાં. દિવસો પર દિવસો પસાર થયાં. મંગલકલશના ગૃહાગમનની સંભાવના પર પૂર્ણવિરામ મૂકી દઈને ધનદત્ત અને સત્યભામાએ સ્વીકારી લીધું કે, 'આપણા નસીબમાં પુત્રસુખ છે જ નહીં.'

એક દિવસ વિશાળ ઘરના પ્રાંગણમાં ચાર ઘોડાવાળો રથ ઊભો રહ્યો. તેમાંથી મંગલકલશને નીચે ઉતરતો જોઈ ધનદત્ત અને સત્યભામાની આંખોમાંથી ગંગા-જમનાનાં પૂર વહેવા લાગ્યા. ધનદત્તે તેને

બાહુપાશમાં જકડી લીધો. માતા સત્યભામાનું તો પૂછવું જ શું? શેઠના ઘરે મહોત્સવનું વાતાવરણ સર્જાયું. મંગલકલશ હેમખેમ ઘરે પાછો ફર્યો. તેના સમાચાર ઉજ્જયિની નગરીમાં વાયુની જેમ પ્રસરી ગયા.

બીજીબાજુ ત્રૈલોક્યસુંદરીએ મંગલકલશના બહાર નીકળી ગયા પછી મંત્રી દ્વારા ઓરડામાં મોકલાયેલ એના કુષ્ટ રોગથી પીડાતા દીકરાને જોઈ ચીસ પાડી. મંત્રી પુત્ર ત્રૈલોક્યસુંદરીના હાથનો સ્પર્શ કરવા જરાક આગળ વધ્યો ત્યાં ત્રૈલોક્યસુંદરી શય્યા પરથી ઊભી થઈ ઓરડાની બહાર ચાલી ગઈ. જ્યાં દાસીઓ વગેરે સૂતી હતી ત્યાં પહોંચી ગઈ. દાસીઓએ પૂછયું, "બેન બા! આટલા ભયભીત કેમ છો?" ત્રૈલોક્યસુંદરીએ કહ્યું, "એ મારા પતિ નથી. એ તો કોઢિયો છે." આ સાંભળીને દાસીઓ સ્તબ્ધ થઈ ગઈ. બીજે દિવસે સવારે દાસીઓ સહિત ત્રૈલોક્યસુંદરી પિતૃગૃહે પહોંચી ગઈ. તે પિતાને મળીને સર્વ હકીકત કહે તે પૂર્વે સુબુદ્ધિ મંત્રી નિરાશ વદને, ચિંતિત ચહેરે રાજા પાસે પહોંચ્યો. તેણે બનાવટી નાટક કરતાં કહ્યું, "રાજન્! આપની પુત્રી ત્રૈલોક્યસુંદરીએ મારા અરમાનોની હોળી સળગાવી દીધી છે. મારો પુત્ર રૂપરૂપના અંબાર સમાન હતો. તે આપની પુત્રીના સ્પર્શથી કુષ્ટરોગી બની ગયો છે." આટલું બોલતાં મંત્રીની આંખમાંથી બોર બોર જેવડાં આંસું ખરવા લાગ્યાં.

મંત્રીશ્વરે સિફતપૂર્વક જૂઠ બોલી રાજાને વશમાં કરી લીધાં. રાજાએ કહ્યું, "મંત્રીશ્વર! મને ક્ષમા કરો. મેં જ મારી પુત્રીના વિવાહ તમારા પુત્ર સાથે કરાવવાનો આગ્રહ કર્યો હતો. પરંતુ તમારા રૂપરૂપના અંબાર જેવા પુત્રને મારી દીકરીએ કોઢી બનાવી દીધો, એ બદ્લ હું ક્ષમા માંગુ છું." ભારે વ્યથિત હૈયે રાજાએ મંત્રીને વિદાય આપી.

ત્યારબાદ રાજવી સુરસુંદરે ઉશ્કેરાઈ પોતાની રાણી ગુણાવલીને બોલાવીને કહ્યું, "આ શ્રાપિત કન્યાનું મુખ પણ હું જોવા માંગતો નથી." 'ત્રૈલોક્યસુંદરી શ્વસુર ગૃહેથી પિયરમાં આવી ગઈ છે,' એ સમાચાર ધીરે ધીરે સર્વત્ર પ્રસરતા ગયા અને ત્રૈલોક્યસુંદરી સૌની નજરમાંથી ઉતરતી ચાલી. જેમ રણપ્રદેશમાં આંસું લૂછનાર કોઈ મળતું નથી તેમ ત્રૈલોક્યસુંદરીના આંસુને લૂછનાર કોઈ હાજર ન હતું. થોડાં દિવસ બાદ ત્રૈલોક્યસુંદરીના મનમાં અચાનક એક વિચાર ઝબૂક્યો, 'આ લાડવા પર પાણી જો ઉજ્જયિનીનું પીવા મળ્યું હોત તો લાડવાની મીઠાશ કંઈક અનેરી જ અનુભવવા મળત. ચોક્કસ એ ઉજ્જયિનીનો જ હશે. જો હું ઉજ્જયિની પહોંચું તો કદાચ એની સાથેનો મારો મેળાપ શક્ય બની શકે.' ત્રૈલોક્યસુંદરીએ આ કાર્ય માટે માતાની મદદ માંગી.

માતાએ એની મુલાકાત પિતા સાથે ગોઠવી દેવામાં નનૈયો ભણ્યો. ત્રૈલોક્યસુંદરીએ ચંપાપુરીમાં વસતા **સિંહ** નામના સામંતને બોલાવીને અથથી ઈતિ સુધીની બધી જ વિગતો રજૂ કરી. એક દિવસ રાજવી સુરસુંદર પાસે અલકમલકની વાતો કરી રહેલા સિંહ સામંતે રાજવીની પ્રસન્નતા જોઈ વાત વહેતી મૂકી દીધી. "મેં સાંભળ્યું છે કે, આપની પુત્રી ત્રૈલોક્યસુંદરી શ્વસુર ગૃહેથી પાછી આવી ગઈ છે. તમે એને ક્યારે શાંતિથી સાંભળી ખરી." રાજાએ કહ્યું, "ના!" સામંતે કહ્યું, "છોરુ -કછોરુ થાય પણ માવતર કમાવતર ન થાય." એક બાપ પાસે વાત્સલ્યસભર હૈયું હોવું જોઈએ. એ વાત્સલ્યસભર હૈયું રાજા પાસે પણ હતું. તેમણે કહ્યું, "ત્રૈલોક્યસુંદરી કોઈક ભવનાં પાપકર્મ ભોગવી રહી છે. આમ છતાં તારો જ્યારે આગ્રહ છે તો હું એને એકવાર મળીશ. તું અત્યારે જ એને અત્રે બોલાવી લાવ. તારી સમક્ષ જ હું એની સાથે વાત કરીશ."

સિંહ સામંતના આનંદનો પાર ન રહ્યો. ત્રૈલોક્યસુંદરીના આવાસે જઈ તેણીને પોતાની સાથે લઈ

આવ્યો. પિતા-પુત્રીની આંખ મળી. સિંહ સામંતે ત્રૈલોક્યસુંદરીને કહ્યું, ''બેટા ! તારા મનમાં જે હોય તે તું બોલી દે.'' ત્રૈલોક્યસુંદરીએ પિતાને કહ્યું, ''મને રાજકુમારનો ઉચિત વેશ આપો. આ વેશ પરિધાન કરી ઉજ્જયિની જવા માંગુ છું. મારું ઈચ્છિત કાર્ય સમાપ્ત થતાં હું અત્રે પાછી આવીશ. એ વખતે ઉજ્જયિની જવાનું કારણ તમને જણાવીશ. પિતાજી ! કુળને કલંક લાગે એવું અકાર્ય મારાથી નહીં સેવાય તેની ખાતરી આપું છું. હું તમારા કુળનું ગૌરવ વધારીશ. એવી આપ શ્રદ્ધા રાખજો.''

ત્રૈલોક્યસુંદરી વેશપરિવર્તન કરી ઉજ્જયિની નગરીમાં આવી. ત્યાનાં રાજા વૈરસિંહે તેનો દબદબાપૂર્વક પ્રવેશ કરાવ્યો. રાજા વૈરસિંહે ત્રૈલોક્યસુંદરીને પૂછયું, ''આ નગરીમાં આવવાનું પ્રયોજન શું છે ?'' રાજકુમારના વેશમાં રહેલ ત્રૈલોક્યસુંદરીએ કહ્યું, ''મારે સગી આંખે આ નગરીને નિહાળવી છે.'' ત્યારપછી સિંહ સામંત મારફતે સીપ્રા નદી કઈ કઈ દિશામાંથી વહે છે, તેની જાણકારી મેળવી. સુભટો દ્વારા સમાચાર મળ્યા કે, 'નગરીની પૂર્વ દિશામાં સીપ્રા નદી છે, જેના પાણીની સ્વાદિષ્ટતાનો કોઈ જોટો નથી.' હવે ત્રૈલોક્યસુંદરીએ રાજવી વૈરસિંહ પાસેથી તે દિશામાં પોતાનો આવાસ કરાવ્યો.

એકવાર સાંજના સમયે ત્રૈલોક્યસુંદરી આવાસના ગવાક્ષમાં બેઠી હતી ત્યારે રસ્તા પર ચહલપહલ નિહાળી રહી હતી. ત્યાં તેની નજર નદી કાંઠે ફરી રહેલા અશ્વો પર પડી. એની નજર અશ્વો પર ચોંટી જ ગઈ. 'ઓહ ! આ અશ્વો તો એ જ છે, જે લગ્ન સમયે પિતાજી તરફથી મારા પતિદેવને ભેટમાં મળ્યા હતા.' તેની છાતી પ્રસન્નતાથી ફાટફાટ થવા લાગી. તેણે તરત જ સિંહ સામંતને બોલાવી અશ્વના માલિકનું નામ જાણી લાવવા કહ્યું.' સમાચાર પાકા મળ્યા કે, 'આ ઘોડાઓ મંગલકલશને ત્યાં જ રહે છે અને મંગલકલશ અત્યારે કોઈક કલાચાર્ય પાસે અનેક છાત્રો સાથે કલાભ્યાસ કરી રહ્યો છે.'

ત્રૈલોક્યસુંદરીએ તમામ છાત્રો સહિત કલાચાર્યને ભોજન માટે આમંત્રણ આપ્યું. આ છાત્રોમાં મંગલકલશને જોઈને ત્રૈલોક્યસુંદરી એને ઓળખી ગઈ. સર્વ છાત્રોનું ગૌરવ કર્યું. ત્યારપછી મંગલકલશનો વારો આવ્યો, ત્યારે ત્રૈલોક્યસુંદરીએ પોતાનું આસન એને આપ્યું અને પોતાના શરીરે પહેરેલાં સુંદર બે વસ્ત્રો આપ્યાં. અન્ય છાત્રો મંગલકલશના આ વિશેષ ગૌરવને જોઈને ઈર્ષાથી બળવા લાગ્યાં. ત્યારપછી ત્રૈલોક્યસુંદરીએ કલાચાર્યને કહ્યું, ''એકાદ છાત્ર કો'ક સુંદર કથા અમને સહુને સંભળાવે.'' કલાચાર્ય તરફથી કથા માટે મંગલકલશ ઉપર પસંદગી ઉતરી. મંગલકલશે પ્રશ્ન કર્યો, ''કથા કાલ્પનિક કરું કે અનુભવેલી કરું ?'' ત્રૈલોક્યસુંદરીએ કહ્યું, ''અનુભવેલી કથા જ કહોને !''

મંગલકલશે શરૂઆતથી માંડીને સુબુદ્ધિ મંત્રી વડે પોતાની એના ઘરમાંથી હકાલપટ્ટી કરાઈ ત્યાં સુધીનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્રૈલોક્યસુંદરીએ બનાવટી ગુસ્સો કરતાં ત્રાડ પાડી કે, ''પકડો... પકડો... આ જૂઠ્ઠાબોલા છોકરાને !'' સૈનિકો મંગલકલશને પકડવા દોડયા. ત્યાં ત્રૈલોક્યસુંદરીએ સહુને રોક્યા અને મંગલકલશને એક સૈનિક મારફતે પોતાના ઓરડામાં મોકલાવી દીધો. ત્યારપછી સિંહ સામંતને લઈ તે અંદર આવી. મંગલકલશને આસન પર બેસાડી સિંહ સામંતને કહ્યું, ''આને ઓળખો છો ?'' સિંહ સામંતે કહ્યું, ''ના !'' તેણીએ કહ્યું, ''આ એ જ વ્યક્તિ છે જેની સાથે મારાં લગ્ન થયાં છે. જો તમારા મનમાં એ અંગે સંશય હોય તો મંગલકલશના ઘરે જાઓ. પિતાજીએ ભેટમાં આપેલ સંખ્યાબંધ ચીજો તમને જોવા મળશે. તો માનજો કે આ છાત્ર જ મારો પતિ છે.'' ત્રૈલોક્યસુંદરીના આદેશથી સિંહ સામંત મંગલકલશના પિતાને ત્યાં પહોંચ્યો. સિંહ સામંતે અથથી માંડીને ઈતિ સુધીની બધી વાતો ધનદત્તને જણાવી. ધનદત્તના આશ્ચર્યનો પાર ન

રહ્યો. 'ચંપાપુરીનો રાજકુમાર એ જ મારી પુત્રવધૂ છે!' પુરુષ વેશનો ત્યાગ કરીને ત્રૈલોક્યસુંદરીએ સ્ત્રી વેશ પરિધાન કર્યો. તેણે સસરાના આશીર્વાદ લીધાં. ત્યારપછી સિંહ સામંત શીઘ્ર ચંપાપુરીમાં ગયો. ત્યાં જઈને રાજાને સર્વ વાતથી વાકેફ કર્યાં. રાજા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા તો બીજી બાજુ સુબુદ્ધિ મંત્રી પ્રત્યે દ્વેષ થયો.

સુબુદ્ધિ મંત્રીનું ધન જપ્ત કરી, ગધેડા પર બેસાડી, નગરના રાજમાર્ગ પર ફેરવી, ફાંસીનાં માંચડે ચડાવવાનો હુકમ કર્યો. ત્યારે મંગલકલશે વચ્ચે પડી સુબુદ્ધિ મંત્રીને અભયદાન અપાવ્યું. તેણે કહ્યું, ''આખરે ત્રૈલોક્યસુંદરી સાથે મારો મેળાપ કરાવી આપનાર આ સુબુદ્ધિ મંત્રી છે. મારા ઉપકારી છે તેથી એમને ફાંસીની સજામાંથી મુક્ત કરો.'' રાજાએ મંગલકલશના આગ્રહથી સુબુદ્ધિ મંત્રીને જીવતો છોડી દેશનિકાલની સજા આપી.

એકદિવસ નગરમાં **યશોભદ્રસૂરિ** નામના મુનિવર પધાર્યા. ત્યારે રાજવી સુરસુંદરે તેમની પાસે સંયમ જીવન અંગીકાર કર્યું. ઘણાં વર્ષો પછી ચંપાનગરીના ઉદ્યાનમાં **જયસિંહસૂરિ** નામના આચાર્ય પધાર્યા. મંગલકલશે પૂછ્યું, ''ભગવંત્! ગત જન્મોમાં એવા કયા કર્મો કર્યા કે જેના દુષ્પ્રભાવે વિવાહ સમયે વિડંબના થઈ અને ત્રૈલોક્યસુંદરીના શિરે કલંક આવ્યું?'' જયસિંહસૂરિએ તેમનો પૂર્વભવ જણાવ્યો.

''**ભરતક્ષેત્રના ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સોમચંદ્ર** નામનો કુલપતિ રહેતો હતો. તેની **શ્રીદેવી** નામે પત્ની હતી. **જિનદેવ** નામના શ્રાવક સાથે સોમચંદ્રની ભારે મૈત્રી હતી. એક દિવસ જિનદેવે કહ્યું, 'હું પૈસા કમાવા પરદેશ જાઉં છું. મારી પાસે દશ હજાર સોનામહોર છે. તે તને આપીને જાઉં છું. તે ધન સાત ક્ષેત્રમાં વાપરજે.' સોમચંદ્રએ યાદ રાખીને જિનદેવે આપેલ દશ હજાર સોનામહોરનો સાત ક્ષેત્રમાં સદ્વ્યય કર્યો. તેની સાથે સાથે કેટલીક પોતાની રકમ પણ એમાં ઉમેરી. આ રીતે એણે ઘણું પુણ્યોપાર્જન કર્યું. પત્નીએ પણ સુકૃત્યની અનુમોદન કરી.

એજ નગરમાં **દેવદત્ત શેઠ** અને તેમની પત્ની **ભદ્રા શેઠાણી** પણ રહેતાં હતાં. શ્રીદેવી અને ભદ્રા સખી હતાં. એક દિવસ દેવદત્તને કુષ્ટ રોગ થયો. રસ્તામાં શ્રીદેવી મળી ગઈ. શ્રીદેવીએ કહ્યું, ''કેમ, કાંઈ ચિંતામાં છે?'' ભદ્રાએ કહ્યું, ''પતિને કોઢનો રોગ થયો છે.'' શ્રીદેવીએ કહ્યું, ''તેં જ દેવદત્તને કુષ્ટ રોગ આપ્યો લાગે છે. તારા સ્પર્શથી તે કોઢિયો બન્યો છે. તું પાપિણી છે. મારે તારું મોઢું જોવું પણ નથી.'' ભદ્રાની આંખમાં આંસુ આવી ગયાં. થોડી વાર રહીને શ્રીદેવીએ કહ્યું, ''એ તો મેં મશ્કરીમાં કહ્યું છે.'' મંગલકલશ! એ સોમચન્દ્રે અને તેની પત્ની શ્રીદેવીએ સાધુ ભગવંતોના સત્સંગમાં આવી જિનધર્મ અંગીકાર કરી તેનું સુંદર પાલન કર્યું, તેથી કાળ કરીને પ્રથમ દેવલોકમાં પાંચ પલ્યોપમના આયુષ્યવાળા દેવ બન્યાં. સોમચન્દ્રનો આત્મા દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરીને તું (મંગલકલશ) થયો અને શ્રીદેવીનો આત્મા ત્રૈલોક્યસુંદરી તરીકે જન્મ્યો. તારા મિત્ર જિનદેવની સોનામહોરો સત્કાર્યમાં વાપરી, એ પુણ્યના પ્રભાવે તને રાજપુત્રી સાથે પરણવા તો મળ્યું પણ ભાડેથી!

શ્રીદેવીએ ભદ્રા ઉપર મશ્કરીમાં આળ ચડાવ્યું એ અશુભ કર્મના કારણે આ ભવમાં ત્રૈલોક્યસુંદરીના માથે આળ ચડયું! પૂર્વભવના કર્મની દાસ્તાનો સાંભળી રાજા-રાણી બન્નેએ પુત્ર **યશશેખરને** રાજ્ય સોંપી સંયમ જીવન સ્વીકાર્યો.

પ્રાન્તે, અત્યંત સમાધિ સાથે કાળધર્મ પામી પાંચમા બ્રહ્મલોક નામના દેવલોકમાં ઉત્પન્ન થયાં.

ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પામી, ઘાતી કર્મોનો ક્ષય કરી, મોક્ષ પદને પામ્યાં.

ત્રૈલોક્યસુંદરીએ કલાચાર્ય સહિત છાત્રોને અન્નદાન આપી પોતાના પતિ મંગલકલશની શોધ કરી. મંગલકલશે રાજકુમારી ત્રૈલોક્યસુંદરી સાથે છળકપટ કર્યું તેથી રાજકોપ ઉતરતાં તેને ફાંસીની સજા થઈ ત્યારે દયાળુ કથાનાયકે વચ્ચે પડી તેને અભયદાન આપવાની અરજી કરી તેને બચાવી લીધો. મંગલકલશે પૂર્વ ભવમાં મિત્રની સોનામહોરો સત્કાર્યમાં વાપરી રાજપુત્રી સાથે સંપત્તિ કરિયાવરમાં મેળવી. આમ, દાનથી જ સર્વ કાર્યો સિદ્ધ થાય છે.

**મુનિપતિ ચરિત્ર** : (જૈન કથાઓ - ૨૮)

**જંબુદ્વીપ**નાં **ભરતક્ષેત્ર**માં **સુવ્રતા** નામે નગરી હતી. ત્યાં **મુનિપતિ** નામનાં રાજા રાજ્ય કરતાં હતાં. તેમને **પૃથ્વી** નામની રાણી અને **મણિચંદ્ર** નામનો પુત્ર હતો.

એકવાર રાણી રાજાના મસ્તકમાં વાળ જોતી હતી. તે વખતે તેણે એક ધોળો વાળ જોયો. તેણે રાજાને કહ્યું, ''સ્વામીનાથ! તમારા શરીરરૂપી ભવનમાં જરા (ઘડપણ) નામના રાજાએ દૂત મોકલ્યો છે.'' રાજા શ્વેત વાળને જોઈ વિચારે ચડયા, 'અહો! ધિક્કાર છે મને! મારા પિતા અને પિતામહ વગેરે પૂર્વજોએ જરા અવસ્થા આવ્યા પૂર્વે જ સંસારનો ત્યાગ કર્યો હતો. તેમણે દીક્ષા લઈ પોતાનું જીવન ઉજમાળ કર્યું હતું. હું મૂર્ખ છું તેથી વૃદ્ધાવસ્થા આવ્યા છતાં સંસાર પકડીને બેઠો છું. કોઈ જ્ઞાની ગુરુ મળે તો પુત્રને રાજ્ય સોંપી સંયમ ગ્રહણ કરું.' એવો વિચાર કરતાં રાજા રાજસભામાં આવ્યા.

ત્યારે વનપાલકે વધામણી આપી કે, ''**અશોકવન**માં **ધર્મઘોષ સૂરિ** પધાર્યા છે.'' રાજાએ ખુશ થઈ વનપાલકને વસ્ત્ર, આભૂષણ, પાત્ર, મણિ, માણેક વગેરે દાનમાં આપ્યાં. રાજા ચતુરંગી સેના સહિત સૂરિને વંદન કરવા ગયાં. ગુરુને જોઈ હર્ષ પામી દેશના સાંભળવા બેઠાં. મુનિએ ઉપદેશમાં દાનનું માહાત્મ્ય સમજાવ્યું. 'સત્પાત્રને વિશેષ દાન આપવું,' એવો દેશનાનો સાર સાંભળી મુનિપતિ રાજા પ્રતિબોધ પામ્યાં. તેઓ પોતાના પુત્ર **મણિચંદ્ર**ને રાજ્ય સોંપી સુકૃત્યમાં જોડાયાં.

રાજાએ અઠ્ઠાઈ મહોત્સવ કરાવી યાચકોને જમાડી ઘણું દાન આપ્યું. ત્યાર પછી દીક્ષા ગ્રહણ કરી. સંયમ પર્યાયમાં શીત વગેરે આકરા પરિષહને સમભાવે સહન કરવા લાગ્યાં.

એકવાર શીત ઋતુમાં **ઉજ્જયિની** નગરીની **ક્ષીપ્રા** નદીના કાંઠે સંધ્યાના સમયે મુનિપતિ શ્રમણ ખુલ્લી જગ્યામાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઊભાં રહ્યાં. ઠંડો પવન ફૂંકાતો હતો. તે સમયે કોઈ એક **ગોવાળ** ગાયોનું ધણ લઈ ચરાવીને પાછો આવતો હતો. તેણે મુનિને જોયા. તેને વિચાર આવ્યો, 'આવી કડકડતી ઠંડીમાં આ મુનિ ઉઘાડે શરીરે આતાપના લઈ રહ્યા છે. હાડ ગાળી નાંખે એવી કકડતી ટાઢને તેઓ શી રીતે સહન કરશે?' એમ વિચારી ભદ્રક સ્વભાવવાળા ગોવાળે પોતાના શરીર પરથી કાંબળી ઉતારી મુનિના દેહ ઉપર ઓઢાળી ચાલ્યો ગયો.

બન્યું એવું કે ઉજ્જયિની નગરી પાસેના કોઈ ગામમાં **તિલભટ્ટ** નામનો બ્રાહ્મણ વસતો હતો. તેને તલ પ્રિય હતા. તે ઘરમાં તલનો સંગ્રહ કરતો હતો તેથી તે **તિલભટ્ટ**ના નામથી પ્રખ્યાત થયો. તેની **ધનશ્રી** નામની સ્વચ્છંદી અને અસદાચારી પત્ની હતી. તિલભટ્ટ મૂર્ખ હતો તેથી સ્ત્રીના ચરિત્રને જાણતો ન હતો. વિષયાસક્ત ધનશ્રીએ પરપુરુષ સાથે ક્રીડા કરતા તલ વાપરી નાંખ્યા. હવે પતિ તલ વિશે ન પૂછે તે હેતુથી

ધનશ્રીએ એક પ્રપંચ રચ્યું. તેણે ડાકણ (દેવી)નું રૂપ લીધું. આખા શરીરને પક્ષીઓના પીંછા વડે ઢાંકી દીધું. રાતાં નેત્ર કરી, એક હાથમાં ખપ્પર લઈ અને બીજા હાથમાં ડમરુ ધારણ કરી, ખેરના અંગારાથી ભરેલી સગડી માથે લઈ ખળખળ હસતી, હાથનાં ચૂડાને ખખડાવતી, ચૌદસની રાત્રિએ પોતાના પતિ પાસે ખળામાં આવી નૃત્ય કરવા લાગી. અંગારા પાડતી, મસ્તક ધૂણાવતી હાકોટા પાડતી બોલી, ''તલ ખાઉં કે તિલભટ્ટને ખાઉં ? જલ્દી બોલ નહીં તો શસ્ત્ર વડે ધડથી મસ્તક અલગ કરી નાંખીશ. હું તિલભટ્ટ દેવી છું. મને સર્વ તલ ભક્ષણની રજા આપ, જેથી તારા શરીરે કોઈ રોગ ન થાય.''

તિલભટ્ટે કબૂલ કર્યું ત્યારે તેણીએ કહ્યું, ''તારી પત્ની પર રીસ ન કરીશ.'' એમ કહી માયાવી દેવી (ધનશ્રી) ચાલી ગઈ. તિલભટ્ટ અત્યંત ડરી ગયો. તે ભયથી અકસ્માતે મૃત્યુ પામ્યો. ઘરે આવેલા ઝાર (રખાત) પુરુષે જ્યાં મુનિપતિ રાજશ્રી કાયોત્સર્ગ કરી રહ્યા હતા, ત્યાં તેમની પાસે જ શબને બાળ્યો.

વાયુ ફૂંકાવાથી ચિતાના તણખા ઉડવાને કારણે ગોવાળિયાએ ઓઢાળેલું વસ્ત્ર સળગ્યું, મુનિરાજ દાઝયાં. બીજે દિવસે ગોવાળે મુનિનું દગ્ધ શરીર જોયું. 'મેં મોટું પાપ કર્યું છે તેથી સંસારમાં પરિભ્રમણ કરવું પડશે.' એમ વિચારી પશ્ચાતાપ કરતાં ગોવાળે **કુંચિક** શ્રેષ્ઠીના ઘરે જઈ ઔષધ માટે નિવેદન કર્યું. શેઠ મુનિને ઘરે લાવ્યા. તેમણે ઈલાજ માટે વૈદ્યને બોલાવ્યો. વૈદ્યે ઈલાજ માટે લક્ષપાક તેલ મંગાવ્યું. શ્રાવકોએ કહ્યું, ''આ તેલ **અચ્ચંકારી ભટ્ટા**ને ત્યાંથી મળશે.'' બે સાધુઓ તેલ લેવા ગયા. મુનિને પોતાને ત્યાં આવતાં જોઈ અચ્ચંકારી ભટ્ટા આસન પરથી ઉભી થઈ તેણે વંદન કરી પૂછયું, ''મુનિરાજ! મારા ઘરે પધારી મારું આંગણું પવિત્ર કર્યું છે. મને શી આજ્ઞા છે ?'' મુનિઓ પાસેથી સર્વ હકીકત જાણી દાસીને લક્ષપાક તેલ લાવવાનું કહ્યું. તે સમયે **સૌધર્મેન્દ્રે** પોતાની સભામાં અચ્ચંકારી ભટ્ટાની દાન અને ક્ષમાની દેવો સમક્ષ પ્રશંસા કરી. ઈન્દ્રની વાતની અશ્રદ્ધાથી કોઈ મિથ્યાત્વી દેવ અચ્ચંકારી ભટ્ટાની પરીક્ષા લેવા તેના આવાસે આવ્યો. મુનિને વહોરાવવા જતી દાસીના હાથમાંથી લક્ષપાક તેલના ત્રણ કુંભ તે દેવે અદશ્યપણે રહી ભાંગી નાંખ્યા. અચ્ચંકારી ભટ્ટા મૌન રહી. હવે તે સ્વયં કુંભ લઈ સાધુને વહોરાવવા આવી. તેના સમ્યક્ત્વ અને શિયળના પ્રભાવથી દેવતા કુંભને ભાંગી શક્યો નહીં. તેણે સાધુને તેલ વહોરાવ્યું.

દેવે પ્રગટ થઈ અચ્ચંકારી ભટ્ટાને પૂછયું, ''ત્રણ ત્રણ કુંભ ભાંગવા છતાં તમે દાસી પ્રત્યે અંશમાત્ર ક્રોધિત કેમ ન થયા ?'' અચ્ચંકારી ભટ્ટાએ ક્રોધના ફળનો પોતાને થયેલો અનુભવ સવિસ્તાર જણાવ્યો. દેવ ખુશ થયો. તેણે આવવાનું પ્રયોજન જણાવી તેણીની ક્ષમા માંગી. દેવે ભાંગેલા કુંભો સાજા કરી આપ્યાં. દેવે સ્વર્ગગમન કર્યું. શ્રાવકો લક્ષપાક તેલ લઈ કુંચિક શ્રેષ્ઠી પાસે આવ્યાં. શ્રેષ્ઠીએ તે તેલ વડે ઉપચાર કરી સાધુને સ્વસ્થ કર્યા. સાધુ રોગ રહિત થયા. કુંચિક શ્રેષ્ઠીએ આગ્રહ કરી તે મુનિનું ચાતુર્માસ પોતાને ત્યાં કરાવ્યું.

કાળક્રમે મુનિ સમાધિપૂર્વક મૃત્યુ પામી પ્રથમ દેવલોકમાં દેવ થયાં. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં મનુષ્ય થઈ મોક્ષે જશે.

**'ધમ્મપદ'**માં દાનધર્મની (૨૫/૨૧) શ્રેષ્ઠતા બતાવતાં કહ્યું છે કે - **'सव्वं दानं धम्म दानं जिनाति, सव्वं रसं धम्म रसो जिनाति।'** સર્વ દાનોમાં ધર્મદાન ચઢિયાતો છે, સર્વ રસોમાં ધર્મરસ શ્રેષ્ઠ છે. દાન ધર્મ ત્રણ પ્રકારના છે. અભયદાન, સંયતિ (સુપાત્ર) દાન અને જ્ઞાનદાન. ઔષધદાનનો સમાવેશ અનુકંપા દાનમાં પણ થઈ શકે છે.

**મૂળદેવ રાજા :** (ભરતેશ્વર બાહુબલીની વૃત્તિ)

**અવંતી દેશ**માં **ઉજ્જયિની નગરી**માં **દેવદત્તા** નામની ગણિકા રહેતી હતી. તે નગરીમાં **મૂળદેવ** નામનો યુવાન આમ તો રાજકુળમાં જન્મેલો, સાધન સંપન્ન હતો પણ ધૂર્ત આદિ ઉન્માર્ગે ચડી ગયો હતો. તે દેવદત્તા ગણિકાને ત્યાં જઈ વિશેષ સુખો ભોગવી આનંદથી રહેવા લાગ્યો. એ જ ગામમાં **અચલ** નામના બીજા સ્વરૂપવાન અને ધનવાન યુવાને દેવદત્તા ગણિકાને જોઈ તેને ભેટ-સોગાદો મોકલી દેવદત્તાની માતા (અક્કા)ને વશ કરી પ્રભુત્વ જમાવ્યું. અક્કાના કહેવાથી અચલ પણ હવે દેવદત્તા પાસે આવવા માંડયો. દેવદત્તા હૃદયથી મૂળદેવને જ ચાહતી હતી. મૂળદેવ પૈસેટકે ખુવાર થયો. અક્કા નિર્ધન મૂળદેવને દેવદત્તા પાસે જવા દેતી ન હતી અને પુત્રીને પણ મૂળદેવની નિર્ધનતાનું કારણ આપી મળવાનું ટાળતી. દેવદત્તાએ કહ્યું, ''મૂળદેવ ભલે નિર્ધન થયો પરંતુ તે વિવેકી અને ગુણ સંપન્ન છે.'' અક્કા તો અચલનો જ પક્ષ લેતી રહી ત્યારે તેમણે બન્નેની પરીક્ષા કરવાનું નક્કી કર્યું.

દેવદત્તાએ દાસી મારફતે અચલને સંદેશો મોકલાવ્યો કે, 'તારી વલ્લભાને શેરડી ખાવાનો મનોરથ જાગ્યો છે.' આ સાંભળી અચલે શેરડીથી ભરેલાં ગાડાં મોકલાવ્યાં. માતાએ કહ્યું, ''જો અચલ કેટલો ઉદાર છે.'' દેવદત્તાએ કહ્યું, ''શું હું હાથણી છું કે પાંદડા સમેત છોલ્યા વિના સાંઠાઓ એણે મોકલાવી આપ્યાં ? જાણે પશુનો આહાર!'' હવે દેવદત્તાએ દાસી દ્વારા મૂળદેવને એવો જ સંદેશો મોકલાવ્યો. મૂળદેવે શેરડી ખરીદી, છરીથી છોલી, સમારી, રસભર ટુકડાઓ ઉપર, તજ-એલચી-ચારોળી વગેરે સુગંધી વસ્તુઓ ભભરાવી, કોડિયામાં ગોઠવી, ઢાંકીને દાસી સાથે ગંડેરી મોકલાવી. દેવદત્તાએ અક્કાને કહ્યું, ''મૂળદેવનું સૌજન્ય અને ચતુરાઈ તું જો!''

ગુસ્સે થયેલી અક્કાએ કહ્યું, ''પુત્રી! તું જુગારીની પત્ની બની દુઃખી થઈ બીજાના ઘરોમાં ભિક્ષા માટે ફરતી રહીશ.'' મા-દીકરી વચ્ચે ચડસાચડસી ચાલતી હતી. ત્યાં મૂળદેવ આવ્યો. તેની સાથે દેવદત્તા શય્યામાં બેઠી. અક્કાએ ગુપ્ત રીતે અચલ પાસે દાસીને મોકલી કહેવડાવ્યું કે, 'તું જલ્દી આવ, મૂળદેવ આવી તારા ઘરમાં બેસી ગયો છે.' ત્યાં થોડી વારમાં અચલ પણ આવી ચડયો. દેવદત્તાએ મૂળદેવને પલંગની નીચે સંતાડયો. દેવદત્તાએ અચલનું સ્વાગત કર્યું. અચલે દેવદત્તાના પલંગ પર બેસી સ્નાન કર્યું. શય્યા ભીની થવાથી બગડી ગઈ. પલંગની નીચે બેઠેલો મૂળદેવ સ્નાનના ગંદા પાણીથી ખરડાયો. દેવદત્તાને આ જોઈ ખેદ થયો. અચલે બદલો લેવા આ વ્યૂહ રચ્યો હતો. તેણે નોકરો મારફતે મૂળદેવને બહાર ખેંચી કાઢયો. લજ્જિત થયેલો મૂળદેવ ત્યાંથી ચાલ્યો ગયો.

મૂળદેવ ઉજ્જયિની નગરી ત્યજી **બેનાતટ નગર** તરફ જવા નીકળ્યો. સાથે રસ્તામાં ખાવા કાંઈ ભાતું ન હતું. વન પ્રદેશમાં એક પ્રવાસીનો ભેટો થયો. એની પાસે ભાતું પણ હતું. રસ્તે એક જળાશય આવ્યું. ત્યાં વિશ્રામ કરવા માટે બન્ને થોભ્યા. પ્રવાસીએ ભાતું કાઢી એકલાએ જ આહાર કર્યો. ગુણ સંપન્ન મૂળદેવે વિચાર્યું, 'આજે એ ભલે મને ભૂલી ગયો પરંતુ કાલે તો જરૂર આહાર માટે બોલાવશે.' બીજે અને ત્રીજે દિવસે પણ પ્રવાસીએ કોઈ શિષ્ટાચાર કર્યો નહીં. મૂળદેવે તો એની સૌજન્યશીલતાને કારણે એમ જ વિચાર્યું કે, 'આનો મને સથવારો મળ્યો તેથી એ મારો વિશેષ ઉપકારી છે.'

વસ્તીવાળા પ્રદેશમાં આવી બન્ને જણા છૂટા પડયાં. મૂળદેવ ભિક્ષા માટે પલાશના પાંદડાનું પડીયું બનાવી નગરમાં પ્રવેશ્યો. બાફેલાં અડદના બાકુળાથી એનો પડીયો ભરાઈ ગયો. ભૂખ બરાબરની લાગી

હતી. ત્રણ દિવસના ઉપવાસ થયા હતા. ભોજન અર્થે તે એક તળાવના કિનારે ભોજન કરવા બેઠો. ત્યારે માસક્ષમણનાં તપસ્વી મુનિરાજ ત્યાં પધાર્યા. તેમને જોઈ મૂળદેવ અત્યંત હર્ષિત થયો. તેણે મનોમન વિચાર કર્યો કે, 'અહો! મારાં સુકૃત્યના ઉદયથી સંસારને વિશે પ્રવહણ સમાન સુપાત્રનો મને યોગ થયો છે! આ મુનિને અડદનાં બાકુળાથી સંતોષ પમાડું.' એમ વિચારીને પડીયું ઉંધું કરી મૂળદેવે તપસ્વી મુનિને અડદનાં બાકુળા વહોરાવતાં વિચાર્યું કે, 'તેમને ધન્ય છે કે જેનાં બાકુળા આ તપસ્વી સાધુના ખપમાં આવ્યા.'

હર્ષના અતિરેકથી મૂળદેવ બોલ્યો કે - "**धण्णाणं खु नराणं कु म्मासा हौंति साहुपारणगे।** - ધન્ય જીવોને જ સાધુના પારણામાં અડદ મળે છે." મૂળદેવની ઉત્કૃષ્ટ ભક્તિથી આકાશમાં રહેલી દેવી બોલી, "હે ભદ્ર! તું અર્ધ શ્લોકમાં વરદાન માંગ." તે સાંભળી મૂળદેવ બોલ્યો - "**गणिया य देवदत्ता हत्थि सहस्सं च रज्जं च।** - દેવદત્તા ગણિકા સહિત હજાર હાથી અને રાજ્યની માંગણી કરું છું." "સાત દિવસમાં તને રાજ્ય મળશે" એવું કહી દેવી અદશ્ય થઈ ગઈ.

મૂળદેવ વધેલા બાકુળાથી ઉપવાસનું પારણું કર્યું. જાણે અમૃત ભોજન કર્યું હોય એવી તૃપ્તિ અનુભવી. એક સાંજે બેનાતટથી ધર્મશાળામાં પહોંચ્યો. હવે બન્યું એવું કે તે નગરનો રાજા શૂળ-વેદનાથી અપુત્ર મરણ પામ્યો. નવો રાજા શોધવા માટે ફરતો ફરતો હાથી મૂળદેવની નજીક આવ્યો. હાથીએ કળશ ગ્રહણ કરી મૂળદેવનો અભિષેક કર્યો. મૂળદેવ રાજા બનીને સિંહાસને બિરાજમાન થયો. મૂળદેવને રાજ્ય મળ્યું, હજાર હાથી મળ્યા પણ હજુ દેવદત્તા બાકી રહી. મૂળદેવે ઉજ્જયિનીનાં રાજાને દાન-માનથી વશ કર્યાં. અંતે રાજાએ દેવદત્તા એને સમર્પિત કરી. તે મૂળદેવની અગ્ર પટ્ટરાણી થઈ.

વનપ્રદેશના પ્રવાસીએ જાણ્યું કે મૂળદેવ રાજા બન્યો છે. એટલે તે રાજભવનમાં મૂળદેવને મળવા આવ્યો. મૂળદેવે પ્રત્યુપકાર નિમિત્તે એક સારું ગામ ભેટમાં આપ્યું. અચલ ધન ઉપાર્જન અર્થે દેશાંતર ગયો. ત્યાંથી પાછાં ફરતાં તે બેનાતટ નગરે આવ્યો. દાણાચોરીમાં પકડાઈ જતાં એને રાજા સમક્ષ લઈ જવામાં આવ્યો. ભયભીત અચલે મૂળદેવને ઓળખ્યો. પોતાને ઉજ્જયિની છોડાવવામાં નિમિત્ત બનનાર આ દુષ્ટ અચલ પ્રત્યે મૂળદેવના મનમાં કોઈ વૈરભાવ કે દુર્ભાવ ન જાગ્યો. તેને માનભેર વિદાય કર્યો. અચલે ઉજ્જયિનીમાં આવી નગરજનો સમક્ષ મૂળદેવની સાલસતાની ભરપેટ પ્રશંસા કરી.

સુપાત્ર દાનનું અનંતર ફળ મોક્ષ છે. મૂળદેવે સુપાત્ર દાન કર્યું, છતાં ઐહિક સુખ માટે વેચી નાંખ્યું તેથી તેને રાજ્ય સુખનું ફળ મળ્યું.

**મેઘનાદ-મદનમંજરી :** (કથાસંગ્રહ પ્રત)

**રંગાવતી** નગરીના **લક્ષ્મીપતિ** નૃપતિની **કમલા** રાણીના પુત્ર **મેઘનાદે** યૌવનના ઉંબરે પગ મૂક્યો. દેશ-વિદેશની ધરતી ખૂંદતા એક પ્રવાસીએ કહ્યું કે, '**ચંપાપુરી**ના **મદનસુંદર** રાજાની **પ્રિયંગુમંજરી** રાણીની પુત્રી **મદનમંજરી** એટલે સાક્ષાત દેવ કન્યા! તેણીએ પ્રતિજ્ઞા કરી કે 'સર્વ શિલ્પકલા અને સર્વ પક્ષીઓની ભાષા જાણકારને જ પરણવું.' મેઘનાદ આ સાંભળી કન્યાને મેળવવા રાત્રિના સમયે એકાકી નીકળ્યો. રસ્તામાં રાક્ષસ મળ્યો. તેને કહ્યું, "હું પાછો ફરું ત્યારે મને ખાજે. હમણાં મને જવા દે." આ બાજુ મદનસુંદર રાજાએ સ્વયંવર રચ્યો. તે પૂર્વે જ કોઈ વડે કન્યાનું અપહરણ થયું. રાજાએ ચારે તરફ શોધખોળ કરી પરંતુ રાજકુમારી મદનમંજરીના કોઈ સમાચાર ન મળ્યાં.

મેઘનાદ ચંપાપુરી નગરીમાં આવ્યો. રાજાને મળ્યો. રાજાએ રાજકુમારીના અપહરણની વાત કરી ઉપાય બતાવતાં કહ્યું,''**હેમાંગદ વિદ્યાધર** વડે કન્યાનું અપહરણ થયું છે. ૧૦૦૦ યોજન દૂર **રત્નસાનુ** પર્વત ઉપર લઈ ગયો છે. તેની રક્ષા માટે વિદ્યાધરે માયા વિદ્યાથી ગીધપક્ષીનું રૂપ ધારણ કરાવી તેને *સ્થાપન કરી છે.* તે વિવિધ અવાજ કરે છે. જ્યારે તે પક્ષિણી 'આવો, કુશળ છો ?'એમ બોલે ત્યારે સુંદર પરંતુ 'તમે ભાગો, ભાગો' એમ બોલે ત્યારે પુરુષ લોહી વમતો ભૂમિ ઉપર પડી મૃત્યુ પામે છે. જો કોઈ શબ્દવેધી પક્ષિણીના મુખને બાણથી ભરી દે તો માયાવી પક્ષી ભાગી જાય અને કન્યા પ્રાપ્ત થાય.

કુમાર કુશળ બાણાવળી હતો. તેણે કાષ્ટનું ગરુડ બનાવ્યું. જેવું પક્ષિણીએ 'તમે ભાગો' એવું બોલવાનું શરૂ કર્યું ત્યારે કુમારે શબ્દવેધી બાણથી પક્ષિણીનું મુખ ભરી દીધું. પક્ષિણી નાસી ગઈ. કન્યા સાથે ગાંધર્વ વિવાહ કર્યા. લગ્ન કરી બન્ને પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે માર્ગમાં પેલો રાક્ષસ મળ્યો. રાક્ષસ કુમારને ભક્ષણ કરવા તૈયાર થયો. ત્યારે કુંવરીએ રાક્ષસ સમક્ષ હાથ જોડી પતિને છોડી દેવાની વિનંતી કરી. ત્યારે રાક્ષસ એક મણિમય કચોળું લઈ આવ્યો. ''મહામાંસ વિના બધી વસ્તુ આ કચોળું આપે છે. તું આ કચોળું લઈ જા પરંતુ મને માંસ ખાવાની ટેવ છે તેથી તારા પતિનું ભક્ષણ કરવા દે.'' મદનમંજરીએ કહ્યું, ''તમે કચોળું આપ્યું તે સારું કર્યું પરંતુ આ કચોળાની પરીક્ષા કરીને પછી હું લઈશ.'' મદનમંજરી હોંશિયાર હતી. હાથમાં કચોળું લઈ બોલી, ''હે અધિષ્ઠાયક નાગેન્દ્ર દેવ ! મને મારો પતિ ભિક્ષામાં આપો. નાગેન્દ્ર દેવે રાક્ષસને મારી નાંખ્યો. કુમાર બચી ગયો.

નાગેન્દ્ર દેવે કહ્યું, ''તમને પુણ્યથી તપ-જપ વિના આ કચોળું મળ્યું છે તેને સાચવી રાખજો. સંકટ સમયે યાદ કરશો ત્યારે હું આવીશ.''

એકવાર મધ્યાહ્નના સમયે ભોજનખંડમાં બે મદનમંજરી દેખાણી. કુમારને આશ્ચર્ય થયું. તેણે નગરમાં પડહો વગડાવ્યો કે, 'જે આનો ભેદ ઉકેલશે તેને કોડી સુવર્ણ મળશે.' છ મહિના સુધી બંને કન્યાને પેટીમાં પૂરી રાખી. ત્યાર પછી કુમારને યાદ આવ્યું કે તેનો ઉકેલ કચોળા પાસેથી માંગું. કચોળાને કહ્યું, ''મારો વિવાદ ભાંગો.'' નાગેન્દ્રે માયાવી સ્ત્રીને હાંકી કાઢી. મદનમંજરીનું સ્વાભાવિક રૂપ થયું. માયાવી સ્ત્રીએ જતાં જતાં કહ્યું, ''હું **ભ્રમરશીલા** નામની વિદ્યાધરી છું. રાક્ષસની બહેન છું. મારા ભાઈના મૃત્યુના કોપથી મેઘનાદને મારવા આવી હતી પરંતુ તેના રૂપમાં મોહિત થઈ તેથી મદનમંજરીનું આબેહૂબ રૂપ મેં કર્યું.'' મેઘનાદની શીલદઢતાથી ખુશ થઈને નાગેન્દ્રે હાર ભેટમાં આપ્યો.

એકવાર **ધર્મઘોષ મુનિ** પધાર્યા. તેમની દેશના સાંભળી મેઘનાદે શ્રાવક ધર્મ આદર્યો. કચોળાના પ્રભાવથી મળતી ઋદ્ધિથી મેઘનાદ હંમેશા ગરીબોને સો ક્રોડ સુવર્ણનું દાન આપતો. તેણે હજારો ઉપાશ્રયો કરાવ્યાં. મુનિ ભગવંત પાસેથી મેઘનાદે પોતાનો પૂર્વભવ સાંભળ્યો. પૂર્વે **સૂર્યપુર**માં **ભીમ** નામે ગરીબ વણિક રહેતો હતો. પોટકા (ગાંસડી) ઉંચકતો હતો. તેને ધર્મ બિલકુલ ગમતો ન હતો. અંત સમયે પુત્રને પણ તેવી જ શિખામણ આપી. પુત્ર **ધનરાજ**ના લગ્ન ધર્મિષ્ઠ કન્યા **ધન્યા** સાથે થયાં. ધન્યાના સંગે ધનરાજ ધર્મ માર્ગે વળ્યો. તેણે નિયમ કર્યો કે 'સાધુ દર્શન કરીને પછી જ ખાવું.' એક વાર ખૂબ ભૂખ લાગવાથી નિયમ ભૂલાઈ ગયો. તે જમવા બેઠો. જમતાં જમતાં અચાનક નિયમ યાદ આવ્યો અને તરત જ ઉભા થઈ પ્રથમ સાધુ દર્શન કરવા ગયો.

એકવાર તેણે તુંબડાનું પાત્ર ગુરુ ભગવંતને વહોરાવયું. ધન્યાએ તેની ખૂબ અનુમોદના કરી તેથી

સાંપ્રાત ભવમાં મેઘનાદ અને મદનમંજરી પતિ-પત્ની થયા. તેમને સુપાત્રદાનથી દૈવી કચોળું મળ્યું હતું.

**યક્ષદેવી** : (પુણ્યાશ્રવકથા કોશમ્, પૃ. ૩૧૦)

**જંબુદ્વીપ**ના **ભરત ક્ષેત્ર**માં **સુરાષ્ટ્ર દેશ**માં **દ્વારવતી નગરી**નાં **પદ્મ** અને **કૃષ્ણ** નામના અનુક્રમે બળદેવ અને **વાસુદેવ** રાજ્ય કરતાં હતાં. તેમાં કૃષ્ણની **સત્યભામા**, **રુકિમણી**, **જાંબુવતી**, **લક્ષ્મણા**, **સુસીસા**, **ગૌરી**, **ગાંધારી** અને **પદ્માવતી** નામની આઠ પટરાણીઓ હતી.

એકવાર બળદેવ અને વાસુદેવ પોતાના પરિવાર સાથે **શ્રી નેમિનાથ** ભગવાનના વંદન કરવા ગયા. પ્રભુને વંદન કરી ધર્મશ્રવણ કરવા બેઠાં. ત્યારે અવસર જોઈ સુસીમા રાણીએ **વરદત્ત ગણધર**ને વંદન કરી પોતાના પૂર્વ અને ભાવીના ભવો વિષે પૂછ્યું.

ગણધર ભગવંતે કહ્યું, ''**ધાતકીખંડ દ્વીપ**ના **પૂર્વ વિદેહ**માં **મંગલાવતી દેશ** છે. આ દેશનાં **રત્નસંચયપુર**માં પ્રજાપાલક **વિશ્વસેન રાજા** અને **અનુંધરી** નામની રાણી હતી. તેમના મંત્રીનું નામ **સુમતિ** હતું. **અયોધ્યા** નરેશ **પદ્મસેન** દ્વારા વિશ્વસેન રાજાનું યુદ્ધમાં મૃત્યુ થયું. સુમતિ મંત્રીના કહેવાથી અનુંધરી રાણીએ વ્રત ગ્રહણ કર્યા. રાણી મૃત્યુ પામી વિજય દ્વારા પર રહેલ યક્ષની **જ્વલનવેગા** નામની દેવી થઈ.

ત્યારપછી અનેક યોનિઓમાં પરિભ્રમણ કરી જંબુદ્વીપના પૂર્વમહાવિદેહમાં **શાલિગ્રામ**માં ગ્રામ પ્રમુખ **યક્ષિલ** અને **દેવસેના** દંપતીની **યક્ષદેવી** નામની પુત્રી થઈ. એકવાર યક્ષપૂજા માટે જતી હતી ત્યાં **ધર્મસેન મુનિ**ની દેશના સાંભળી. મુનિને ભાવપૂર્વક આહારદાન આપ્યું. એકવાર સખીઓ સાથે ક્રીડા કરવા **વિમલ પર્વત** પર આવી. અકાળે વર્ષાના ભયથી તે એક ગુફામાં પ્રવેશી. ત્યાં સિંહે તેનું ભક્ષણ કર્યું. તે મૃત્યુ પામી **હરિવર્ષ ક્ષેત્ર**માં ઉત્પન્ન થઈ. ત્યાંથી જ્યોતિષી દેવ બની.

ત્યાંથી ચ્યવી **પુષ્પકલાવતી** વિજયમાં **વીતશોકપુર**માં **રાજા અશોક** અને **રાણી શ્રીમતી**ની **શ્રીકાંતા** નામની પુત્રી થઈ. તેણે યૌવનવયમાં જ **જિનદત્તા** આર્યાજી પાસે દીક્ષા લીધી. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી ચોથા **માહેન્દ્ર** ઈન્દ્રની વલ્લભા બની. ત્યાંથી ચ્યવી તું **સુસીમા** (કૃષ્ણની પટરાણી) થઈ. આ ભવમાં તું તપ કરી, આગામી ભવે **કલ્પવાસી દેવ** બનીશ. ત્યાંથી ચ્યવી મંડલેશ્વર થઈ, તપશ્ચર્યા કરી મુક્તિ મેળવીશ.'' વરદત્ત ગણધર દ્વારા સુસીમાએ પૂર્વ અને ભાવીના ભવો જાણ્યા. તે અત્યંત ખુશ થઈ ગઈ.

લોકમાં ક્રૂર, યક્ષિલ, ગ્રામકૂટની દીકરી **યક્ષદેવી** મુનિને ભાવપૂર્વક આહારદાન આપી કુરુક્ષેત્ર (યુગલિક)માં, સ્વર્ગમાં અને પૃથ્વી ઉપર ઉત્તમ ભોગો ભોગવી કૃષ્ણની પટ્ટરાણી બની.

[1]**રતિસાર** : (વાસુપૂજ્ય ચરિત્ર)

**હસ્તિનાપુર નગર**માં સુમિત્ર નામે પરાક્રમી રાજાનો ગુણવાન અને કલાપ્રિય **વિશ્વસેન** નામે પુત્ર હતો. તે ખૂબ કરુણાશીલ હતો. તેના ચાર મિત્રો હતાં. મંત્રી પુત્ર **કલાસાર**, ક્ષત્રિય પુત્ર **શૂર**, વણિક પુત્ર **વીર** અને વૈદ્ય પુત્ર **જય**. આ પાંચે મિત્રો વચ્ચે ખૂબ ભાઈબંધી હતી.

એકવાર રાણીના આભૂષણોની ચોરી કરનાર ચોરને ચાંડાળો શૂળી પર ચડાવવા લઈ જતાં હતાં. વિશ્વસેને આ દશ્ય જોયું. તેણે ચોરને બોલાવી શિખામણ આપી કે, ''હવેથી ચોરી ન કરવી.'' ચોર તેની સલાહથી સહમત થયો. ચોરને વસ્ત્રદાન આપી સંતુષ્ટ કર્યો. કુમારે ચોરને અભયદાન આપ્યું.

---

૧. આવી જ કથા રત્નસાર ચરિત્રમાં જોવા મળે છે, જે પાછળ છે.

**તામ્રલિપ્તી નગરી**નો **વિક્રમસેન** નામે રાજા હતો. તેને **વીરસેન** નામના સેનાપતિએ કપટ-બાજી રચીને પકડયો. 'એ રાજા ગુપ્તપણે પુરુષો દ્વારા ઝેર આપીને આપણા હાથીને મરાવી નાંખે છે,' એવું જાણી તેને વધ માટે સુમિત્ર રાજા પાસે લાવવામાં આવ્યો. રાજાએ કહ્યું, ''આને મૃત્યુદંડ મારો રાજકુમાર આપશે.'' કુમારને દયા આવી તેથી શત્રુ રાજાને છોડી મૂક્યો. આ રીતે શત્રુને પણ અભયદાન આપ્યું.

વિશ્વસેન કુમારની આવી ભલાઈથી રાજા ગુસ્સે થયા અને કહ્યું, ''તું દેશદ્રોહી છે તેથી તને દેશનિકાલ કરવામાં આવે છે.'' અપમાનિત થયેલ કુમાર રાજ્ય છોડી ચાલ્યો ગયો. ચારે મિત્રો તેની સાથે હતાં. તેઓ વનપ્રદેશમાંથી પસાર થઈ કોઈક ગામમાં આવ્યાં.

કલાસાર અને શૂર ગામમાંથી અન્ન લાવ્યાં. તે ભોજન કરવા બેઠાં ત્યારે વિશ્વસેન કુમાર ચારે બાજુ અતિથિની તપાસ કરવા લાગ્યો. ત્યાં માસોપવાસી મુનિને જોયાં. પારણા માટે મુનિને અન્ન આપવાની ઈચ્છાથી ચાર મિત્રોને વહોરાવવા માટે પૂછ્યું. ક્ષુધાર્ત થયેલા વણિક, વૈદ્ય, મંત્રી પુત્રોએ દાક્ષિણ્યથી અને માયાભાવથી કહ્યું, ''ભલે આપો.'' દાન આપવામાં ઉત્સાહી એવા કલાસારે કહ્યું, ''આવું સુપાત્ર ભાગ્યહીનને ન મળે માટે સત્વરે દાન આપો.'' કુમારે આનંદથી આહાર વહોરાવ્યો. નિર્દોષ આહાર જાણી મુનિએ આહાર વહોર્યો.

તે વખતે કલાસાર ઈરાદાપૂર્વક બોલ્યો, ''હે કુમાર! ક્ષુધાથી તપ્ત થયેલાં જનોમાં તારા જેવો બીજો કોઈ દયાળુ નહીં હોય અર્થાત્ તું બધું મુનિને ન વહોરાવી દેતો, અમે પણ ભૂખ્યા છીએ.'' તેના અભિપ્રાયને જાણી સાધુએ આહારનો નિષેધ કર્યો. કુમારે ભાવપૂર્વક પુરુષ પ્રમાણ (એક મનુષ્યને ભોજન થાય તેટલો) આહાર વહોરાવ્યો.

કુમારે પાછા વળતાં મુનિના શરીર ઉપર દાદરનું ચાંદુ (ચાઠું) જોયું. મિત્રોની સાથે ભોજન કર્યા પછી વૈદ્યપુત્ર જયને સાધુની સારવાર કરવા ઉત્સાહી કર્યો. જય સાધુની ચિકિત્સા કરવા અત્યંત ઉત્સુક થયો. વિશ્વસેન અને કલાસારે પણ મુનિની શુશ્રૂષા કરી. શૂર અને વીર મુનિ માટે ઔષધની સામગ્રી લાવ્યાં. જયે ઔષધ તૈયાર કર્યું. મુનિ થોડા સમયમાં નિરોગી થયા.

રાત્રિના સમયે ચોકી પહેરો ભરતાં મિત્રોની વચ્ચે રાજપુત્ર સૂઈ ગયો. ત્યાં જયનો વારો આવ્યો. તે પ્રમાદથી સૂઈ ગયો. જંગલમાં આગ લાગી ત્યારે રાજપુત્ર જાગી ગયો. મિત્રોને ઉઠાડી બધા નાસવા લાગ્યા. આગ ચારે બાજુ લાગી હતી. અગાઉ જે ચોરને અભયદાન આપેલ તે ચોર મૃત્યુ પામી દેવ થયો. તેણે ઉપકાર

---

**રત્નસાર - શ્રીસાર** : (પલપલ પલટે પાંખ, રત્નસાર ચરિત્ર)

**ભરતક્ષેત્રમાં રાજપુર નગર** હતું. ત્યાં **જિતશત્રુ રાજા** રાજ્ય કરતો હતો. તેનો **શ્રીસાર** નામે પુત્ર હતો. શ્રીસારના ત્રણ મિત્રો હતાં. એક ક્ષત્રિયનો પુત્ર, બીજો પ્રધાનનો પુત્ર અને ત્રીજો શ્રેષ્ઠી પુત્ર. એકવાર રાજમહેલમાં ચોરી થઈ. ચોર પકડાઈ જતાં તેને શૂળી ઉપર ચઢાવવા લઈ જવામાં આવ્યો. ત્યાં **રત્નસારે** તેને જોયો. તેને ચોરી ન કરવી તેવી કબૂલાત સાથે રત્નસારે છોડાવ્યો. રાજા ક્રોધે ભરાયો. રત્નસારને નગરમાંથી હાંકી કાઢયો.

શ્રીસાર અને તેના ત્રણ મિત્રો પરદેશ જવા નીકળ્યાં. તેઓ જંગલમાં ભૂલા પડયાં. જંગલમાં રખડતાં એક જિનકલ્પી મુનિ પાસે આવ્યાં. રાજકુમાર શ્રીસારે જિનકલ્પી મુનિને પોતાની પાસે રહેલું આહારદાન આપ્યું. પ્રધાન પુત્ર અને શ્રેષ્ઠી પુત્રએ દાનની અનુમોદના કરી. ક્ષત્રિયપુત્રે હીન પુણ્યના કારણે કહ્યું, ''અમને ભૂખ લાગી છે તેથી બધું ન આપી દેતા.'' આમ કહી ક્ષત્રિયપુત્રે દાનાંતરાય અને ભોગાંતરાય કર્મ બાંધ્યું.

જિતશત્રુ રાજાએ ચારેને પાછાં બોલાવ્યાં. શ્રીસારને રાજ્ય સોંપ્યું. ક્ષત્રિયપુત્રને સેનાપતિ પદ, પ્રધાનપુત્રને પ્રધાન પદ અને શ્રેષ્ઠીપુત્રને નગરશેઠનું પદ આપ્યું. સમય જતાં મૃત્યુ પામી શ્રીસાર **વસુસાર શ્રેષ્ઠી**નો પુત્ર **રત્નસાર** થયો. મંત્રીપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર બન્ને જણા રત્નસારની સ્ત્રીઓ થઈ. ક્ષત્રિય પુત્ર **પોપટ** થયો. ચોરને છોડાવેલ તે **ચંદ્રચૂડ દેવ** થયો. રત્નસાર વિવિધ ભોગો ભોગવી **અચ્યુત દેવલોકે દેવ** થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ **સિદ્ધિપદ**ને પ્રાપ્ત કરશે.

કરવાનાં હેતુથી બધાંને બચાવ્યાં.

પુત્રના આવાં સુંદર કાર્યો સાંભળીને સુમિત્ર રાજા હર્ષિત થયાં. તેમણે પુત્રને રાજ્યમાં પાછો બોલાવી રાજા બનાવ્યો. પાંચે મિત્રો તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી **આણત દેવલોક**માં ગયાં. ત્યાંથી વિશ્વસેનનો જીવ **રતિસાર** થયો. ક્ષત્રિય પુત્ર **સુબંધુ** થયો. જય, વીર અને શૂરનો આત્મા માયાપૂર્વક મુનિદાનની અનુમતિ આપવાથી અનુક્રમે **સૌભાગ્યમંજરી, પ્રિયંવદા, સુતારા** નામે કન્યા થઈ સ્ત્રીપણું પામ્યાં. તે ત્રણેના હ્રદયને ન જાણતાં અન્નદાન આપનાર રતિસાર આહારનાં અંતરાયથી ત્રણ દિવસ ભૂખથી દુ:ખી થયો. મુનિના અંગને નિરોગી બનાવ્યું તેથી ચારે મિત્રો રૂપ-સંપત્તિ પામ્યાં. અંતે રતિસાર કેવળી બની મોક્ષમાં ગયાં.

**રેવતી શ્રાવિકા :** ( દાનપ્રકાશ)

**મહાવીર** ભગવાન **શ્રાવસ્તિ** નગરીમાં પધાર્યા. તેમણે પર્ષદાને કહ્યું કે, ''**ગોશાલક** તીર્થંકર નથી.'' આવું સાંભળી કુશિષ્ય એવા ગોશાલકે ક્રોધિત બની પ્રભુ ઉપર તેજોલેશ્યા મૂકી. તેના પ્રભાવથી પ્રભુને જ્વરની સાથે અતિસાર થયો. પ્રભુ વિહાર કરી **મીઢી** ગ્રામમાં આવ્યા. તેઓ **ધ્યાન કોષ્ટક** નામના ઉદ્યાનમાં પધાર્યા. શ્રી વીર પ્રભુને પ્રણામ કરી આકાશમાર્ગે ગમનાગમન કરતાં દેવતાઓ અત્યંત ખેદપૂર્વક કહેતાં કે, ''થોડા દિવસોમાં શ્રી વીરપ્રભુ કાળ કરી જશે કારણકે તેઓ રોગની શાંતિ માટે કોઈ ઔષધ લેતાં નથી.''

**માલુકા** નદીના કાંઠા પર કાર્યોત્સર્ગમાં ઉભેલા ભગવાનના શિષ્ય **ઉત્તમસિંહ** નામના સાધુએ દેવવચનો સાંભળ્યા. તેમણે વિચાર કર્યો કે, 'આ દેવતાઓ સત્ય કહે છે કારણકે ગોશાલાએ પહેલા જ કહ્યું હતું કે તેજોલેશ્યાના પ્રભાવથી છદ્મસ્થ અવસ્થામાં જ અકાળે વર્ધમાન! તું મરણ પામીશ.'' પૂર્વ કથિત વચનનું સ્મરણ થતાં ઉત્તમસિંહ મુનિ ગુરુ સ્નેહથી જોરથી રડવા લાગ્યા.

પ્રભુ મહાવીરે પોતાના જ્ઞાનથી જાણીને (ઉત્તમ) **સિંહમુનિ**ને પોતાની પાસે બોલાવવા એક સાધુને મોકલ્યા. સિંહમુનિએ પ્રભુ પાસે આવી તેમના ચરણોમાં માથું નમાવી જોરથી રુદન કર્યું. પ્રભુએ કહ્યું, ''સિંહ મુનિ! વૃથા રુદન શા માટે કરો છો ? હજી કેવળી પર્યાયમાં હું સોળ વર્ષ વિચરીશ. કાળે કરીને રોગ પણ પોતાની મેળે શાંત થઈ જશે.''

સિંહ મુનિ બોલ્યા, ''ભગવન્! આપ કહો છો તે સત્ય છે પરંતુ રોગના નિવારણનો ઉપાય બતાવો.'' પ્રભુએ કહ્યું, ''તમે શ્રેષ્ઠી પુત્રી **રેવતી** શ્રાવિકાને ત્યાં જાવ. ત્યાં અતિસારની શાંતિ માટે અનેક ઔષધ મિશ્રિત, સુંદર અને મનોહર કોળાપાક કરેલો છે. તે આધા કર્મથી દૂષિત આહાર તમારે લાવવો નહીં પરંતુ બીજો બીજોરાપાક, જેમાં અતિસારની ઔષધિ છે. જે તેણે પોતાના કુટુંબ માટે તૈયાર કરેલ છે તે તમે લાવો.'' ''તથાસ્તુ'' કહી સિંહ મુનિ રેવતીના ઘરે આવ્યા.

રેવતીએ બે હાથ જોડી વંદન કરી આગમનનું કારણ પૂછ્યું. સિંહ મુનિએ કહ્યું, ''ભગવાનની રોગની શાંતિ માટે ઔષધ નિમિત્તે હું તમારા ઘરે આવ્યો છું. જે ઔષધિ વીર પ્રભુના નિમિત્તે કરી છે તે આપવી નહીં પરંતુ તમારા કુટુંબ માટે બનાવેલી ઔષધિ આપવી.'' રેવતીએ સાશ્ચર્ય પૂછ્યું, ''ભગવાન માટે મેં ઔષધિ બનાવી છે તે કઈ રીતે જાણ્યું ?'' મુનિએ કહ્યું, ''ભગવાનના મુખેથી'' રેવતી પોતાની જાતને ધન્ય માનતી ઉભી થઈ. તેણીએ અત્યંત અહોભાવથી, પુલકિત હૈયે ઔષધ વહોરાવ્યું. તેણે સુપાત્રદાનના પ્રભાવથી, શુભ ભાવનાથી, શુભ કર્મના બંધરૂપ તીર્થંકર નામ કર્મ બાંધ્યું. દેવતાઓએ ૧૨ાા ક્રોડ સોનૈયાની વૃષ્ટિ કરી.

આકાશમાં અહોદાન, અહોદાનની દેવતાઓએ ઘોષણા કરી. રેવતી શ્રાવિકા સમાધિ મરણે કાળ કરી સ્વર્ગમાં ગઈ. ઔષધિના પ્રભાવથી પ્રભુવીરનો રોગ ઉપશાંત થયો.

આ ભરતક્ષેત્રમાં ઔષધદાન કરી રેવતીનો આત્મા ઉત્સર્પિણી કાળમાં આવતી ચોવીશીના સત્તરમાં **સમાધિ** નામના તીર્થંકર થશે.

નીતિકાર કહે છે - **''दानेन पाणिर्न तु कंकणेन।''** - સ્ત્રીના હાથની સાર્થક્તા (શોભા) દાનથી છે, સોનાના કંગણથી નહીં.

**લક્ષ્મીધર શેઠ** : (જૈન કથા રત્ન કોશ)

**લક્ષ્મીપુર** નગરમાં **લક્ષ્મીધર** શેઠ નામના દાનવીર શ્રેષ્ઠી રહેતા હતા. તેમની કમલા નામની પત્ની હતી. એકવાર તેમણે રાત્રિના સમયે ઉજ્જવલ વસ્ત્રવાળી સ્ત્રીને ઓરડામાં જોઇ. શેઠે પૂછયું, ''તું કોણ છે ?'' તે સ્ત્રીએ કહ્યું, ''હું લક્ષ્મી દેવી છું. હું તારા ઘરમાંથી વિદાય લઉં છું.'' શેઠે લાકડી મારી કહ્યું, ''જવું હોય તો હમણાં જ જા.'' તે સ્ત્રી ચાલી ગઈ. હવે શેઠ મહેનત કરી કમાવવા લાગ્યા. તે સ્ત્રી કોઈ કૃપણના ઘરે ગઈ. ત્યાં લક્ષ્મીનો કંઈ જ સદુપયોગ ન થવાથી તે કંટાળી.

હવે તે પુનઃ લક્ષ્મીધર શેઠની પાસે આવી. તેણે શેઠના પગમાં પડીને કહ્યું, ''મારે તમારી પાસે આવવું છે.'' શેઠે કહ્યું, ''હું તારી પર કઈ રીતે વિશ્વાસ કરું ? તું અત્યંત ચંચળ છે. તારે આવવું હોય તો આવજે પણ જ્યારે તને બીજે જવાની ઈચ્છા થાય ત્યારે એક વર્ષ પહેલાં મને કહી દેજે.'' દેવીએ કહ્યું, ''સારું.''

એકવાર લક્ષ્મી દેવીને બીજે જવાની ઈચ્છા થઈ. તેમણે શેઠને કહ્યું, ''હું એક વર્ષ પછી જઈશ.'' શેઠે તેમને 'હા' પાડી. બીજા દિવસે પ્રભાતે શેઠે શિલ્પીઓને બોલાવ્યાં. તેમને ઘણું દ્રવ્ય આપી ઉપાશ્રય બંધાવ્યો. ત્યાર પછી સાધુઓને વસ્ત્ર, આસન, પાત્ર વગેરે આપી ખૂબ દાન કર્યું. વળી તેમણે આગમો લખાવ્યા. દુ:ખીજનોને દાન આપ્યું. આમ, સાતે ક્ષેત્રમાં લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. ત્યારે લક્ષ્મીએ કહ્યું, ''તેં તો મને નાગી (ખાલી) કરી. હવે હું ક્યાંય નહીં જાઉં.'' શેઠ ધર્મકાર્ય કરી મોક્ષે જશે.

માનવની દાનવૃત્તિ વર્ધમાન બને છે ત્યારે તેનામાં દેવત્વનું નિર્માણ થાય છે. દેવનો અર્થ છે, નિરંતર આપવાવાળો !

**લલિતાંગ દેવ** : (પુણ્યાસ્રવકથાકોષમ્, પૃ. ૨૩૮)

**ભરતક્ષેત્ર**ના **જંબુદ્વીપ**ના પશ્ચિમ **મહાવિદેહ**માં **ગન્ધિલા નગરી**ના **વિજયાર્ધ પર્વત**ની ઉત્તરે **અલકાપુરી** નામની નગરીમાં **અતિબલ રાજા**નું શાસન હતું. તેમની **મનોહરી** નામની રાણી હતી. તેમનો **મહાબલ** નામનો પુત્ર હતો. અતિબલ રાજા પુત્રને રાજ્ય સોંપી કેવળજ્ઞાની બની મોક્ષે ગયા. મહાબલ વિદ્યાધરોનો ચક્રવર્તી થયો. તે **મહામતી, સંભિન્નમતિ, શતમતિ** અને **સ્વયંબુદ્ધ** નામના ચાર મંત્રીઓની સહાયતાથી રાજ્યનું કાર્ય કરતો હતો.

એકવાર સ્વયંબુદ્ધ મંત્રીએ રાજાને કહ્યું, ''રાજન્! તમને સૌંદર્ય, ઐશ્વર્ય આદિ ધર્મના પ્રભાવથી મળ્યું છે માટે ધર્મ કરવો જોઈએ.'' ત્યાં બીજા શૂન્યવાદી મંત્રીએ કહ્યું, ''પ્રથમ જીવ સિદ્ધિ થવી જોઈએ ત્યાર પછી સુખ-દુ:ખનો વિચાર કરવો જોઈએ.'' સ્વયંબુદ્ધ મંત્રીએ જીવના અસ્તિત્વને સિદ્ધ કરતી કથાઓ કહી.

મહાબલ રાજાના વંશનાં **અરવિંદ** નામના રાજા અને **વિજ્યા** નામે રાણી થયાં. તેમના **હરિશ્ચંદ્ર અને કુરુવિંદ** નામના બે પુત્રો થયાં. એકવાર અરવિંદને દાહજ્વર થયો. હરિશ્ચંદ્ર દ્વારા જલવર્ષિણી વિદ્યાનો પ્રયોગ થયો છતાં દાહજ્વર શાંત ન થયો. અરવિંદ દુઃખથી કણસતો હતો ત્યાં બે છીપકલીઓ પરસ્પર લડવા લાગી. એમાંથી એક ઘાયલ થતાં તેના લોહીની બૂંદ અરવિંદના શરીરે પડી અને રોગ શાંત થઈ ગયો. ત્યાર પછી પિતાની ઈચ્છાથી પુત્રએ વનમાં જઈ મૃગલાઓને પકડી તેમને મારી, તેમનું લોહી ભરવા એક વાપિકા બનાવવાનો નિશ્ચય કર્યો, જેથી તેમાં સ્નાન કરી પિતાને શાંતિ મળે. તેવા સમયે એક મુનિએ તેવું કરતાં અટકાવી કહ્યું, ''પિતાજીનું આયુષ્ય અતિશય અલ્પ છે. તેઓ મૃત્યુ પામી નરકમાં જશે કારણકે તેઓ એકાંત પાપને જાણે છે, પુણ્યને નહીં.'' હવે પુત્રએ વાપિકામાં લોહીના સ્થાને લાખનો રસ ભરાવ્યો. અરવિંદ ક્રીડા કરવા વાપિકામાં ગયો. તેને ખબર પડી કે, 'અહીં લોહીની જગ્યાએ લાખ ભરી પુત્રએ મારી સાથે છેતરપીંડી કરી છે.' એવું વિચારી તે પુત્રને છરો લઈ મારવા દોડયો પરંતુ લપસીને પડવાથી પોતાના હાથમાં રહેલો છરો પોતાને જ વાગ્યો અને અરવિંદ મૃત્યુ પામી નરકમાં ગયો. મુનિના જ્ઞાન દાને રાજકુમાર અહિંસક થયો.

આ ઉપરાંત તેમની વંશપરંપરાની બીજી કથા કહી. **દંડક રાજા** અને **સુંદરી રાણી**નો પુત્ર **મણિમાલી** નામે રાજકુમાર હતો. દંડક મરીને સર્પ થયો. તે ફક્ત મણિમાલીને ખજાનાની ભીતર પ્રવેશવા દેતો. બીજાને ડંખ દઈ મારી નાંખતો. મણિમાલીએ આ ઘટનાના સંદર્ભમાં **રતિચારણ** નામના અવધિજ્ઞાની મુનિને પૂછયું. મુનિએ પૂર્વોક્ત વિગત કહી. આ સાંભળી મણિમાલીએ સર્પને પ્રતિબોધિત કરી અણુવ્રતી બનાવ્યો હતો તેથી તે સર્પ મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં દેવ બન્યો. તેણે અવધિજ્ઞાનથી પૂર્વભવનો પોતાનો ઉપકારક જાણી મણિમાલીને દિવ્ય વસ્ત્ર, આભૂષણો આપ્યાં.

આમ, સ્વયંબુદ્ધ મંત્રીએ અનેક યુક્તિઓ દ્વારા જીવ સિદ્ધિ કરી છતાં મહાબલ ધર્મમાં દઢ થયો નહીં. તે વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યો. એકવાર સ્વયંબુદ્ધ મંદાર  પર્વત પર ગયો. ત્યાં **આદિત્યગતિ** અને **અરિંજય** નામના બે ચારણ મુનિઓ મળ્યાં. સ્વયંબુદ્ધ મંત્રીએ પૂછયું, ''હે પ્રભો ! મહાબલ ધર્મને ગ્રહણ નથી કરતો એનું કારણ શું છે ?'' મુનિએ પૂર્વભવનો વૃત્તાંત કહ્યો.

''જંબુદ્વીપના ભરત ક્ષેત્રમાં **સિંહપુર** ગામમાં **શ્રીષેણ રાજા** અને **સુંદરી રાણી** થયાં. તેમના **જયવર્મા** અને **શ્રીવર્મા** નામે બે પુત્રો હતાં. શ્રીષેણે દીક્ષા લેતાં પૂર્વે મોટાપુત્ર જયવર્માને રાજા ન બનાવતાં નાનાપુત્ર શ્રીવર્માને રાજા બનાવ્યો. સ્વાર્થી સંસારનું સ્વરૂપ નિહાળી જયવર્મા દીક્ષિત થયો. વાળને બિલમાં રાખતી વખતે સર્પે ડંખ માર્યો. તે સમયે **મહીધર** નામનો વિદ્યાધર ત્યાંથી પસાર થયો. તેની ઋદ્ધિ જોઈને જયવર્માએ નિદાન કર્યું કે, ''તપના પ્રભાવે હું આગામી કાળે વિદ્યાધર બનું.' આ નિદાનના કારણે મહાબલ વિદ્યાધરોનો ચક્રવર્તી થઈ ભોગ સુખોમાં આસક્ત બન્યો છે પરંતુ આજ રાત્રિએ તેણે સ્વપ્નમાં જોયું છે કે મહામતિ આદિ ત્રણ મંત્રીઓ તેને દુર્ગંધયુક્ત કાદવમાં ડૂબાડી રહ્યાં છે જ્યારે તું (સ્વયંબુદ્ધ મંત્રી) તેને કાદવમાંથી બહાર કાઢી, સ્નાન કરાવી, સિંહાસન પર બેસાડી તેની ભક્તિ કરે છે. સ્વપ્નનો અર્થ જાણવા તે તારી પ્રતીક્ષા કરી રહ્યો છે. એ સ્વપ્ન કહે તે પૂર્વે જ તું સ્વપ્નનો અર્થ કહી દેજે, જેથી તે દઢતાપૂર્વક ધર્મને ગ્રહણ કરશે. હવે તેની આયુષ્યની અવધિ માત્ર એક માસ છે.''

સ્વયંબુદ્ધ મુનિઓને નમસ્કાર કરી નગરમાં આવ્યો. તેણે મહાબલ રાજા પાસે જઈ સ્વપ્નનો

વૃત્તાંત કહ્યો. મહાબલ રાજાને અતિશય વૈરાગ્ય ઉત્પન્ન થયો. પુત્રને રાજપાટ સોંપી, કેશ લુંચન કરી સ્વયં દીક્ષા લીધી. બાવીસ દિવસની દીક્ષા પર્યાય પાળી અનશન કરી બીજા દેવલોકમાં ઈન્દ્રનો **દઢવર્મા** નામે સામાનિક દેવ થયો. સ્વયંબુદ્ધ મંત્રી દીક્ષા લઈ કાળ કરી બીજા ઈશાન દેવલોકમાં **લલિતાંગ દેવ** થયો.

તેની **સ્વયંપ્રભા, કનકમાલા, કનકલતા** અને **વિદ્યુતલતા** આ ચાર મહાદેવીઓ હતી. તેની આયુ બે સાગરોપમની હતી. આ વચ્ચે પાંચ પાંચ પલ્યના આયુષ્યવાળી ઘણી દેવીઓ મૃત્યુ પામી. અંતમાં તેનું પાંચ પલ્ય આયુષ્ય શેષ રહ્યું ત્યારે સ્વયંપ્રભા નામની દેવી ઉત્પન્ન થઈ જે અતિશય પ્યારી હતી. તત્પશ્ચાત્ શેષ છ માસ આયુષ્ય બાકી રહ્યું ત્યારે મરણ ચિહ્ન જોઈ તે દુઃખી થયો. ત્યારે દઢવર્મા નામના દેવે તેને સંબોધિત કર્યા. હવે વિષાદ છોડી તેણે શાશ્વત જિન પ્રતિમાઓની પૂજા કરી, મંગળ સ્તોત્રો વડે જિનભક્તિ કરી. જ્ઞાનદીપક પુસ્તકો વાંચ્યાં, મંડપના સ્તંભ પર ડાબલામાં રહેલી અરિહંતની અસ્થિનું અર્ચન કર્યું. આમ, ધર્મધ્યાનપૂર્વક સમભાવમાં મૃત્યુ પામી પૂર્વ મહાવિદેહની **પુષ્પકલાવતી** નગરીમાં (લોહાર્ગલ) **ઉત્પલખેટપુર**ના રાજા **વજબાહુ (સુવર્ણજંઘ)** અને **વસુંધરી ('લક્ષ્મી)**નો **વજજંઘ** નામે પુત્ર થયો. સ્વયંપ્રભા દેવી **પુંડરીકિણી** નગરીના રાજા **વજદંત** અને **રાણી લક્ષ્મીમતીની શ્રીમતી** નામે પુત્રી થઈ.

સ્વયંબુદ્ધ મંત્રીના લોકોત્તર જ્ઞાનદાનથી મહાબલ રાજા ધાર્મિક વૃત્તિવાળો થયો. દેવપર્યાયમાં પણ બન્ને આત્માઓ બીજા દેવલોકમાં ઉત્પન્ન થયા. વિષાદની વેળાએ સમભાવમાં સ્થિત કરી દઢવર્માએ (સ્વયંબુદ્ધનો આત્મા) જ્ઞાનદાન દ્વારા પ્રતિબોધ પમાડી લલિતાંગ દેવને સદ્ગતિ પ્રાપ્ત કરાવી.

**વજજંઘ (શ્રી ઋષભદેવ સ્વામીનો ચોથો ભવ)** : (ત્રિષષ્ઠી શલાકા પુરુષ ચરિત્ર - ૧)

**જંબુદ્વીપ**ના **પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર**ની **સીતા નદી**ના તટ પર **પુષ્કલાવતી** નામની બૃહદ નગરી છે. આ નગરીના રાજા **સ્વર્ણધ્વજ** અને તેમની રાણી **લક્ષ્મી**ની કુક્ષિમાં **લલિતાંગ દેવ** (ભગવાન ઋષભદેવનો જીવ) પુત્રના રૂપમાં ઉત્પન્ન થયો. આ પુત્રને અતિશય આનંદથી માતા-પિતાએ બાળકનું નામ **વજજંઘ** રાખ્યું.

લલિતાંગ દેવના વિરહથી તેની દેવી **સ્વયંપ્રભા** દુઃખી થતી ધર્મકાર્યમાં દિવસ વ્યતીત કરતી હતી. ત્યાંથી ચ્યવી તેણી **પુંડરીકિણી** નગરીમાં રાજા **વજસેન**ની પત્ની **ગુણવતી**ની કુક્ષિમાં પુત્રીપણે ઉત્પન્ન થઈ. એ અત્યંત સ્વરૂપવાન હતી તેથી માતા-પિતાએ તેનું નામ **શ્રીમતી** રાખ્યું.

શ્રીમતી અનુક્રમે યૌવનાવસ્થા પામી. તેણે એકવાર દેવવિમાનને પ્રત્યક્ષ જોયું. તેને જોઈ શ્રીમતી ઊંડા વિચારોમાં ખોવાઈ ગઈ. તેને પૂર્વ જન્મનું સ્મરણ થયું. 'પૂર્વ ભવમાં લલિતાંગ દેવ મારા પતિ હતા. તેઓ સ્વર્ગમાંથી ચ્યુત થયા છે. હમણાં ક્યાં હશે ? એ હું જાણતી નથી. એ જ મારા પ્રાણેશ્વર છે. જો હું મારા પ્રાણપ્રિય સાથે વાર્તાલાપ ન કરી શકું તો અન્ય સાથે વાત કરવાનો શું અર્થ ?' એમ વિચારી શ્રીમતીએ મૌન ધારણ કર્યું. મંત્ર-તંત્ર, ઉપચાર, ઔષધિ અને સખીઓ શ્રીમતીનું મૌન તોડાવી ન શક્યા.

એકવાર શ્રીમતી ઉદ્યાનમાં ગઈ. ત્યાં **પંડિતા** નામની પરિચારિકા આવી. તેના અતિ આગ્રહથી શ્રીમતીએ પોતાનો પૂર્વભવ કહ્યો. પંડિતાએ રાજકુમારીના મનોગત ભાવોને પ્રગટ કરતું તદનુરૂપ ચિત્રપટ અંકિત કર્યું. તે ચિત્રપટ રાજપદ પર મૂક્યું. ચક્રવર્તી વજસેન રાજાનો જન્મદિવસ હોવાથી ઘણાં રાજા અને રાજકુમારો ત્યાં આવ્યા. ત્યાં વજજંઘ કુમાર પણ આવ્યો. તે ચિત્રપટ જોઈ મૂર્છિત થયો. તેને ઉપચારો દ્વારા

---

૧. પુણ્યાશ્રવક કથાકોશમ્ અનુસાર નામમાં ફેરફાર છે.

સચેતન કર્યો. તેણે પંડિતાના પૂછવાથી ચિત્રપટના દૃશ્યોનું આબેહૂબ વર્ણન કર્યું. વજ્રજંઘ અને શ્રીમતી પૂર્વ જન્મના પતિ-પત્ની હતા, એવું જાણી વજ્રસેન રાજાએ પોતાની પુત્રી શ્રીમતીના વિવાહ વજ્રજંઘ સાથે કરાવ્યાં. ચક્રવર્તી વજ્રસેને પોતાના પુત્ર **પુષ્કરપાલ**ને રાજ્ય સોંપી દીક્ષા લીધી અને તીર્થંકર બન્યા.

વજ્રજંઘ અને શ્રીમતીનો એક પુત્ર હતો. એકદા પુષ્કરપાલ રાજાનો કોઈ સામંત રાજાએ વિરોધ કર્યો. પુષ્કરપાલ રાજાએ મદદ માટે વજ્રજંઘ રાજાને બોલાવ્યા. વજ્રજંઘ અને શ્રીમતી એ અમાવસ્યાની રાત્રિએ માર્ગમાં એક વિસ્તૃત કાશવન જોયું. પથિકોએ કહ્યું કે, ''અહીં દૃષ્ટિવિષ સર્પ રહે છે.'' રાજા બીજે રસ્તેથી પુંડરીકિણી નગરીમાં આવ્યા. પુષ્કરપાલ રાજાએ વજ્રજંઘ રાજાનું ખૂબ સન્માન કર્યું. થોડા દિવસ પછી તેમણે ત્યાંથી વિદાય લીધી.

**શત્રુનાશકારી** રાજા વજ્રજંઘ પાછા ફરતાં જ્યારે કાશવનની નજીક આવ્યા ત્યારે ચતુર પથદર્શકે કહ્યું, ''આ ઉદ્યાનમાં **સાગરસેન** અને **મુનિસેન** નામના બે મુનિઓને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે તેથી દેવતાગણ તેમનો કેવળ મહોત્સવ મનાવવા આવ્યા છે. તેમની દ્યુતિથી દૃષ્ટિવિષ સર્પ નિર્વિષ થયો છે.'' વજ્રજંઘ રાજાને આનંદ થયો. દેવતાઓથી પરિવૃત અને ધર્મોપદેશ દાન રત બનેલા બન્ને મુનિઓને રાજા અને રાણીએ વંદન કર્યા. ઉપદેશના અંતે તેમણે મુનિઓને અહોભાવથી અન્ન-વસ્ત્રાદિ દાન આપ્યું. મુનિઓની પ્રશંસા કરતાં તેઓ વિચારવા લાગ્યા કે, 'ધન્ય છે આ મુનિ યુગલને! જેઓ સહોદર હોવા છતાં કષાયરહિત, મમતારહિત અને પરિગ્રહરહિત છે. હું અધમ છું. વ્રતગ્રહણકારી પિતાના માર્ગને અનુસરનારા પુત્ર જ સાચા પુત્ર કહેવાય છે. જો હું વ્રત ગ્રહણ ન કરું તો ઉચિત ન ગણાય. હું મારી રાજધાનીમાં પહોંચી પુત્રને રાજ્ય સોંપી પિતાના પદચિન્હોનું અનુસરણ કરીશ.'

વજ્રજંઘ અને શ્રીમતી લોહાર્ગલ પહોંચ્યા. તે પૂર્વે રાજ્ય લોભી પુત્રએ મંત્રીઓને ધન આપી પોતાના વશમાં કર્યા. શ્રીમતી અને વજ્રજંઘ 'બીજે દિવસે સવારે પુત્રને રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરશું' એવા વિચારમાં નિદ્રાધીન થયા. તે સમયે રાજ્ય લોભથી પ્રેરાઈ રાજકુમારે દંપતીના શયનખંડમાં વિષાક્ત ધૂમાડાનો પ્રયોગ કર્યો. ધૂમાડો દંપતીના નાકમાં પ્રવેશ્યો. ત્યાં જ ગુંગળાઈને તેમનો દેહાંત થયો. અંતિમ પળોમાં પણ નિજ કર્મનો જ દોષ ગણ્યો.

આમ, સુપાત્ર દાન અને શુભ ભાવનાના બળે દંપતી યુગલ ત્યાંથી મૃત્યુ પામી પાંચમાં ભવમાં **ઉત્તર કુરુક્ષેત્ર**માં યુગલિકપણે ઉત્પન્ન થયાં.

**વજ્રનાભ ચક્રવર્તી** : (જૈન કથારત્નકોષ, ભા.૩)

સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી અગિયારમાં ભવમાં **શ્રી ઋષભદેવ સ્વામી વજ્રનાભ** ચક્રવર્તી થયા. એમના પિતા **વજ્રસેન** રાજા રાજપાટ છોડી મુનિ બન્યા. તેઓ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તીર્થંકર થયા. આ વજ્રસેન રાજાના પાંચ પુત્રો હતાં. **બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ** અને **વજ્રનાભ.**

**મહાવિદેહ ક્ષેત્ર**માં વજ્રનાભ રાજાએ ચક્રવર્તીની પદવી ભોગવી વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેઓ ચૌદ પૂર્વ ભણ્યા. તેમને આચાર્યની પદવી મળી. તેમના બાહુ, સુબાહુ, પીઠ, મહાપીઠ આ ચાર નાના ભાઈઓએ પણ દીક્ષા લીધી હતી. તેઓ અગિયાર અંગ ભણ્યા.

આ ચારમાંથી બાહુ મુનિવર નિત્ય પાંચસો સાધુઓની વૈયાવચ્ચ કરતા હતા. તેઓ ગૃહસ્થના

ઘરેથી શુદ્ધ અશનાદિક લાવી આપતા હતાં. આ કાર્ય કરતાં અંશમાત્ર ખેદ, કંટાળો કે રીસ ન કરતા. વળી, અભિમાન કે પશ્ચાતાપ પણ ન કરતા. પાંચસો મુનિઓને મીઠા વેણે બોલાવી ભાત-પાણી આપી સંતોષ પમાડતા. સુબાહુ મુનિ મહાભક્તિપૂર્વક પાંચસો સાધુઓની વિશ્રામણા કરતા હતાં.

પીઠ અને મહાપીઠ સાધુ સ્વાધ્યાય, ધ્યાન, કાઉસગ્ગ આદિ ક્રિયાઓ કરી સુખેથી ચારિત્ર પાળતાં હતાં. એકવાર વજનાભ આચાર્ય બાહુ અને સુબાહુ મુનિની પ્રશંસા કરતાં કહ્યું, ''આ બે સાધુઓ મારા ગચ્છની ધોરી છે કારણ કે બાહુ મુનિ પાંચસો સાધુઓનું આહારથી પોષણ કરે છે અને સુબાહુ મુનિ પાંચસો સાધુઓની સેવા કરે છે.'' ગુરુના મુખેથી થતી પ્રશંસા સાંભળી પીઠ અને મહાપીઠ મુનિને ન ગમ્યું. તેમણે વિચાર્યું, 'આપણા ગુરુ આ બે મુનિઓનાં જ વખાણ કરે છે.' તેઓ ઈર્ષા અને માયા કપટથી વધુ તપ કરવા લાગ્યા. અંતે અનશન કરી **સર્વાર્થસિદ્ધ** વિમાનમાં ગયા.

ત્યાંથી ચ્યવી વજનાભનો જીવ **ભરત ક્ષેત્ર**માં **શ્રી આદિનાથ** નામે પ્રથમ તીર્થંકર થયા. બાહુનો જીવ ત્યાંથી ચ્યવી **ભરત ચક્રવર્તી** થયો. સુબાહુનો જીવ **બાહુબલી** થયો. પીઠનો જીવ ભરત ચક્રવર્તીની **સુંદરી** નામની ભગિની થઈ. મહાપીઠનો જીવ બાહુબલીની **બ્રાહ્મી** નામે ભગિની થઈ.

**જીવાનંદ** વૈદ્યના ભવમાં એક સાધુની વૈયાવચ્ચ કરી પાંચે આત્માએ ઉત્તરોત્તર ઉચ્ચ કુળ, ઉચ્ચ ગતિમાં જન્મ લીધો અને નરોત્તમની પદવી મળી.

ભરતનો જીવ પાંચસો સાધુની ભક્તિ કરવાથી ચક્રવર્તીની પદવી પામ્યો. બાહુબલી ચતુર પરાક્રમી બન્યો. સંગ્રામ કરતાં તેણે ભરત ચક્રવર્તીને હરાવ્યા. અંતે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. બ્રાહ્મીએ દીક્ષા લીધી. સુંદરીએ ચક્રવર્તીનું સ્ત્રી રત્ન ન બનતાં સાઠ હજાર વર્ષ સુધી આયંબિલ તપની આરાધના કરી. અંતે દીક્ષાની મહેચ્છા જાણી ભરત ચક્રવર્તીએ સુંદરીને દીક્ષા આપી. તેઓ **વૈતાઢ્ય**થી સ્ત્રી રત્ન લાવ્યા.

**વત્સરાજ** : (જૈન કથા રત્ન કોષ, ભા.૮)

**વત્સરાજે** જૈન મુનિ પાસેથી શ્રાવકનાં બાર વ્રતો ઉચ્ચર્યા. હવે પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવવા તેમણે વિવિધ સ્થાનોનાં ધનનું વાવેતર કર્યું. તેઓ નિત્ય સુપાત્રમાં દાન આપી કર પવિત્ર કરવા લાગ્યા. આ રીતે તેમણે માનવ ભવ સાર્થક કર્યો. એકવાર જે મુનિ પાસેથી તેણે વ્રત ઉચ્ચરેલ તે વિચરતાં વિચરતાં તે નગરમાં આવ્યાં.

વત્સરાજને સમાચાર મળતાં તેઓ વંદન કરવા માટે ગયાં. તેમની દેશના સાંભળી વત્સરાજ પ્રભાવિત થયા. તેમણે મુનિને વંદન કરી વિવેકપૂર્વક પોતાનો પૂર્વભવ પૂછયો, ''મને આપદા આવીને ટળી ગઈ અને અઢળક સંપદા પ્રાપ્ત થઈ તેનું મુખ્ય કારણ શું?'' ગુરુ મહારાજે કહ્યું, ''**જંબુદ્વીપ**નાં **ભરતક્ષેત્ર**માં **વસંતપુર** નામનાં નગરમાં **શૂર** નામે રાજા હતો. તે સરળ, નિર્લોભી, દેવ-ગુરુનો ભક્ત હતો. તે હંમેશાં દીન-દુ:ખીઓને તેમની જરૂરિયાત અનુસાર દાન આપતો. દાનથી તેની કીર્તિ ચારે બાજુ પ્રસરી. તેને **શૂરવેગા** નામે એક પત્ની હતી, જે વિદ્યાધર કુળની હતી. તે પતિવ્રતા હતી. શૂર રાજાને બીજી **રતિચૂલા** નામની રાણી હતી. જેના રૂપ પાછળ તે ઘેલો હતો તેથી તેણે બીજી રાણીઓને છોડી દીધી. તે શૂર રાજા મૃત્યુ પામીને તું વત્સરાજ થયો. દાનાદિ શુભ કાર્ય કરવાથી તેં અઢળક ઋદ્ધિ-બળ આદિ પ્રાપ્ત કર્યું. શૂર રાજાના ભવમાં તેં વચ્ચે વચ્ચે સત્તાપૂર્વક અંતરાય કર્મ બાંધેલ તેના કારણે તું રાજ્ય ભ્રષ્ટ થયો.''

ગુરુવચન સાંભળી વત્સરાજને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વૈરાગ્ય પામ્યાં. **શ્રીશેખર** નામનાં પુત્રને રાજ્ય સોંપી. તેમણે પત્નીઓ સાથે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. સંયમનું શુદ્ધપણે પાલન કરી તેઓ દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ મુક્તિ મેળવશે. મુનિ દાનનું કેવું અલૌકિક વળતર!

**વરદત્ત :** (શ્રી સુખવિપાક સૂત્ર, અ.૧૦)

**જંબુસ્વામી**એ પૃચ્છા કરવાથી આર્ય **સુધર્મા સ્વામી**એ **વરદત્ત**નો જીવન વૃત્તાંત પ્રસ્તુત કર્યો છે.

"તે કાળે, તે સમયે **સાકેતપુર** નામના નગરમાં **મિત્રનંદી** રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી **શ્રીકાંતા**એ એક સુંદર, ઉત્તમ લક્ષણવાળા પુત્રને જન્મ આપ્યો. આ બાળશિશુનું નામ રાખ્યું '**વરદત્ત**!' યોગ્ય વયનો થતાં વરદત્ત કુમારના પરિણય **વરસેના** આદિ ૫૦૦ સુંદર રાજકન્યાઓ સાથે થયાં.

એકવાર સાકેતપુરના **ઉત્તરકુરુ** ઉદ્યાનમાં **તીર્થંકર પ્રભુ મહાવીર** પધાર્યા. ઉદ્યાનમાં સ્થિત **પાશમૃગ** યક્ષના યક્ષાયતનમાં બિરાજમાન થયાં. વરદત્ત પણ સર્વજ્ઞ પ્રભુના પાવન દર્શન માટે ગયાં અને તેમના મુખેથી આત્મકલ્યાણની વાણી સાંભળી પ્રભાવિત થયાં. તેમણે શ્રાવક ધર્મરૂપ બાર વ્રતો અંગીકાર કર્યા."

**ગણધર ગૌતમ સ્વામીની** જીજ્ઞાસાને સંતોષવા ભગવાન મહાવીરે વરદત્તનો પૂર્વભવ ઉજાગર કર્યો. "વરદત્ત પોતાના પૂર્વભવમાં **શતદ્વાર** નગરનો રાજા **વિમલવાહન** હતો. એકવાર તેણે **ધર્મરૂચિ** નામના તપસ્વી અણગારને ઉત્કૃષ્ટ ભક્તિભાવથી નિર્દોષ આહાર વહોરાવ્યો. તેના ફળ સ્વરૂપે તેણે શુભોત્તમ મનુષ્યાયુનો બંધ કર્યો. ત્યાંની ભવ સ્થિતિ પૂર્ણ કરી તે સાકેતનગરના રાજા મિત્રનંદીના ઘરે વરદત્તના રૂપમાં ઉત્પન્ન થયો છે."

વરદત્તનું શેષ જીવન સુબાહુકુમારની જેમ જાણવું. પૌષધશાળામાં પૌષધોપવાસ કરવા, ભગવાન પાસે દીક્ષિત થવું. સંયમ વ્રતનું પાલન કરતાં વરદત્ત મુનિ માનવભવથી દેવલોક અને દેવલોકથી પુનઃ માનવ ભવ. આમ, સુબાહુકુમારની જેમ સ્વર્ગીય અને માનવીય ભવોમાં ગમનાગમન કરી અંતે સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયાં. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ** ક્ષેત્રમાં જન્મ, ચારિત્ર ગ્રહણ કરી, દૃઢ સંયમવ્રતી બની, કર્મરહિત થઈ મોક્ષ ગમન કરશે.

આ કથાનો જીવનાદર્શ એક જ છે - 'ઉત્તમ સુખોની પ્રાપ્તિ માટે સુપાત્ર દાન સર્વશ્રેષ્ઠ છે.

તેરમા ગુણસ્થાનકવાળા કેવળી ભગવંતો પાસે આપવા યોગ્ય કોઈ વસ્તુ નથી હોતી કારણકે તેઓ નિષ્પરિગ્રહી છે પરંતુ આવશ્યક નિર્યુક્તિ (૧૧૦૩)માં કહ્યું છે કે તેઓ દાનરૂપે દર્શન, જ્ઞાન અને ચારિત્રનો ઉપદેશ આપ છે માટે શક્રસ્તવ (નમોત્થુણં)માં અભયદયાણં, ચક્ખુદયાણં, મગ્ગદયાણં, બોહિદયાણં (સમ્યગ્દર્શન), ધમ્મદયાણંના દાતા કહ્યા છે.

**વર (શ્રેષ્ઠ) શ્રાવક :** (કથાકોષ પ્રકરણમ્, પૃ. ૯૪)

**સુવ્રતાચાર્ય** વિહાર કરીને **ચંપાનગરી**માં પધાર્યા. તેમણે સાધુઓને ધર્મ કહ્યો. અન્યદા તે ચંપાનગરીમાં ઉત્સવ હતો ત્યારે એક **ખેમર્ષિ** નામના સાધુએ વિચાર્યું કે, 'ચંપાનગરી મોટી છે, લોકો ધનવાન છે. વળી, સાધુ લોકો માટે પૂજનીય છે. આજે મારું પારણું છે અને લોકમાં ઉત્સવ હોવાથી શ્રાવકોના ઘરેથી સિંહ

કેસરિયા લાડવા મારે ગોચરીમાં વહોરી લાવવા.'

ભિક્ષાકાળ થતાં કેટલાક સાધુઓ ભિક્ષા માટે જુદી જુદી દિશામાં ગયા. બધા ગોચરી વહોરી ઉપાશ્રયમાં આવ્યા. ખેમર્ષિ ગોચરી માટે ઘરે ઘરે ગયા. ક્યાંક ખાખરા, ક્યાંક પૂરી, ક્યાંક ઘેબર અને ક્યાંક લાડવાઓ હતા પરંતુ તેઓ બધી વસ્તુની ના પાડવા લાગ્યાં. લોકોને થયું કે 'મુનિનો કંઈક અભિગ્રહ વિશેષ હશે તેથી તે પૂર્ણ થતો ન હોવાના કારણે મહાત્મા કંઈ લેતાં નથી.' આ રીતે ફરતાં ફરતાં પોતે ઉપયોગ શૂન્ય થયા. તે પણ તેમને ખબર ન પડી.

અધૃતિના કારણે ચિત્ત વિક્ષેપ થયો. આખો દિવસ ગોચરી માટે ફરતાં પસાર થઈ ગયો. હવે દિવસ છે કે રાત્રિ એ પણ ખ્યાલ ન રહ્યો. સાધુઓ ઘણાં હતાં. તેથી આચાર્ય ભગવંતને પણ ખ્યાલ ન આવ્યો કે, 'ખેમર્ષિ મુનિ ઉપાશ્રયમાં આવ્યા નથી.' જો ખ્યાલ આવ્યો હોત તો તપાસ કરાવીને લાવ્યા હોત.

અડધી રાત્રે ખેમર્ષિ મુનિ ઉઠયાં. **સાગર શ્રેષ્ઠી**ને ત્યાં પહોંચ્યા. આહાર સંજ્ઞાનું જોર વધતાં 'ધર્મલાભ'ની જગ્યાએ 'સિંહકેસરિયા...' એવા શબ્દો મુખમાંથી સરી પડયાં. સાગર શ્રેષ્ઠીએ વિચાર્યું, 'આ કાળે ગોચરી માટે સાધુ ભગવંત પધારે? તેમનું ચિત્ત ચલિત થઈ ગયું લાગે છે. તેઓ આવ્યા ત્યારે પણ 'સિંહકેસરિયા' એ પ્રમાણે બોલ્યા તેથી સિંહકેસર લાડવા માટે ચિત્તની ચંચળતા નહીં થઈ હોય ને! તે લાડવા જ હું તેમને બતાવું. કદાચ લાડવા બતાવવાથી ચિત્ત ઠેકાણે આવી જાય.'

આમ, વિચારી નામ પ્રમાણે ગુણ ધરાવવા, વિચક્ષણ એવા સાગર શ્રેષ્ઠી મોદકનો થાળ ભરી લાવ્યા અને કહ્યું, ''ભગવન્! મારી ઉપર અનુગ્રહ કરો.'' સિંહકેસરિયા લાડુ જોઈ મુનિની દૃષ્ટિ ઠરી ગઈ. તેમણે પાતરું ધર્યું. શ્રાવકે પાતરું લાડુથી ભરી દીધું પછી પૂછયું, ''ભગવન્! બાજુના ઘરમાંથી વધુ મોદક લાવીને વહોરાવું? મને લાભ આપો.'' સાધુએ કહ્યું, ''ના, આટલા બસ.'' હવે શ્રાવકે કહ્યું, ''મેં હજુ પચ્ચખાણ કર્યા નથી. મને નવકારશીના પ્રત્યાખ્યાન કરાવો.''

ખેમર્ષિના ચિત્તમાં ચમકારો ઉઠયો. તેમની ચેતના જાગૃત થઈ ગઈ. તેમણે ઉપયોગ મૂકી આકાશ સામે નજર કરી. પૂર્ણિમાની અર્ધરાત્રિ હતી. ચંદ્ર તારાના સમુદાયથી ઘેરાયેલો હતો. સાધુને સંવેગ જાગ્યો. તેમણે કહ્યું, ''તમે મને ચેતવ્યો તે સારું થયું.'' રાત્રિએ લીધેલો આહાર અકલ્પનીય હોવાથી ખેમર્ષિ શુદ્ધ ભૂમિમાં મોદક પરઠવા લાગ્યાં. ઢંઢણ મુનિની જેમ લાડવા પરઠતાં પરઠતાં શુભ અધ્યવસાયની શ્રેણીએ ચડતાં તેઓ કેવળી બન્યા. દેવોએ કેવળ મહોત્સવ ઉજવ્યો. દેવોએ અને લોકોએ સાગર શ્રાવકની ખૂબ અનુમોદના - ઉપબૃંહણા કરી. 'તું ધન્ય છે, કે જેથી વિષમ અવસ્થા પામેલા મહાત્માને તેં સ્વસ્થ કર્યા. તને જૈન ધર્મની અને સુવિશુદ્ધ પરિણતિની પ્રાપ્તિ થશે.'

ખેમર્ષિ કેવળી ગુરુ પાસે આવ્યા. ગુરુ ભગવંતે કહ્યું, ''અહો! ભવિતવ્યતા કેવી? ભિક્ષા લેવા જતાં કેવળજ્ઞાન!'' પછી બધાં સાધુઓએ ખેમર્ષિ કેવળીને વંદન કર્યા. તેઓએ આચાર્ય ભગવંત પાસે આવી સર્વ વૃત્તાંત કહ્યો. આ ભવિતવ્યતાનો વિલાસ સમજી બધાએ તેમને વંદન કર્યા.

આમ, અયોગ્ય અને અવિધિમાં પ્રવૃત્ત થયેલા સુવ્રતાચાર્યના શિષ્ય ખેમર્ષિ મુનિને ભક્તિભાવ પૂર્વક દાન આપી સાગર શ્રેષ્ઠીએ ધર્મમાં સ્થિર કર્યા.

ગૃહસ્થવર્ગના ખાનપાનને આધીન સાધુવર્ગ છે. ગૃહસ્થ જેવો આહાર બનાવે તેવો આહાર પ્રાયઃ તેમને લેવો પડે છે. શ્રાવકે વિવેક રાખી પથ્યોચિત આહાર બનાવવો જોઈએ, જે સુપાચ્ય અને હલકો ખોરાક

હોય. ગૃહસ્થ ભક્તિવશ આગ્રહપૂર્વક મિઠાઈઓ, તળેલી વસ્તુઓ, ગરિષ્ઠ ભોજન વધુ પડતાં વહોરાવે છે તેથી ભોજન પર સંયમ રહેતો નથી. રસનેન્દ્રિય વશમાં ન રહેતાં ક્યારેક ખેમર્ષિ ઋષિની જેમ માનસિક સ્વસ્થતા ગુમાવે છે. કાળ-અકાળનો વિવેક ભૂલાય છે. છીછરા મનના શ્રાવકો સાધુવર્ગની નિંદા કરે છે પરંતુ સાગર શ્રેષ્ઠી જેવા કાંઈક ધીર-ગંભીર અને સેવાભાવી શ્રાવક જૈન ધર્મની હીલના થવા દેતા નથી.

**વસ્ત્રદાન :** ( કથાકોષ પ્રકરણમ્, પૃ. ૯૨)

એક નગરમાં **તચ્ચણિક** નામનો બૌદ્ધ શ્રાવક હતો. તે ધનાઢય હોવાથી તેનું **ધનદેવ** નામ પડયું. એકદા તે નગરમાં વિહાર કરતાં **ધર્મશીલ સૂરિ** પધાર્યા. તેમની સાથે રહેલાં તરૂણ મુનિ ભગવંતો પરસ્પર કહેવા લાગ્યાં કે, ''તમને ખબર છે ? આ ધનાઢય એવો ધનદેવ જ્ઞાન, વિદ્યા, વિજ્ઞાન જાણે છે પણ સાધુને ભાત-વસ્ત્ર-કંબલ આપતો નથી.'' ત્યારે વિદ્યાના જાણકાર એવા એક સાધુએ કહ્યું, ''મારી પાસે એવી વિદ્યા છે તેનાથી હું તેની પાસેથી વસ્તુઓ અપાવીશ પરંતુ આ વસ્તુઓ વિદ્યાપિંડ હોવાથી સાધુને અકલ્પ્ય ગણાય, તેનાથી સંયમમાં દોષ લાગે.' છતાં કોઈ સાધુએ પરીક્ષા કરવા કહ્યું, ''અપાવો.'' ત્યારે વિદ્યાસિદ્ધ સાધુએ બે મુનિઓને ધનદેવના ઘરે મોકલ્યા અને સ્વયં ઘરનાં ખૂણે એકાંતમાં ઊભા રહ્યાં. મુનિએ વિદ્યાને આહ્વાન કર્યું. વિદ્યાથી અધિષ્ઠિત થયેલ ધનદેવ સાધુને જોઈ ઊભો થયો અને કહ્યું, ''ભગવન્! આજ્ઞા કરો કે હું શું કરું ?'' ત્યારે સાધુએ કહ્યું, ''અમે વસ્ત્રની યાચના કરીએ છીએ.'' ધનદેવ પરમ ભક્તિથી વસ્ત્ર આપવા લાગ્યો. તેણે સાધુને કિંમતી વસ્ત્રો પણ આપ્યાં. સાધુએ નિષેધ કર્યો છતાં તે અટક્યો નહીં. ધનદેવે કહ્યું, ''મારા ઉપર કૃપા કરી બીજું પણ ગ્રહણ કરો.'' આ રીતે ધનદેવે સાધુઓને ઘણાં વસ્ત્રો, કંબલ, ઘી, ગોળ વગેરે આપ્યાં. પેલા એકાંતમાં ઊભેલા સાધુ વડે પછી વિદ્યાનો ઉપસંહાર (સંહરણ) થયો ત્યારે ધનદેવે સ્વસ્થ થઈ બૂમ પાડી, ''અરે ! ખોટું થયું ! અરે ! ખોટું થયું !'' લોકો ભેગાં થઈ ગયાં. લોકોએ પૂછયું, ''કેમ શું થયું ?'' ધનદેવે કહ્યું, ''હું જાણતો નથી પરંતુ કોઈ શ્વેતાંબર સાધુઓ મારા ઘરમાં ઘૂસીને ઉત્તમ વસ્તુઓ લઈ ગયા.'' લોકોએ કહ્યું, ''તેં આપ્યું એ જ સાધુએ લીધું છે તેથી એમાં સાધુનો જરા પણ વાંક નથી. સાધુ તો નિર્દોષ છે. આપીને પશ્ચાતાપ કરીશ તો દાનનાં ફળને ચૂકી જઈશ. દાન આપ્યા પછી આવો હીન ભાવ ન લાવવો જોઈએ.''

આમ, ધનદેવની જેમ દાન આપી ભાવથી પતિત બને છે, તેની નથી નિર્જરા થતી નથી પુણ્ય ઉપાર્જન થતું. તેને અપકીર્તિ મળે છે.

**વસતિ દાન :** (કથાકોષ પ્રકરણમ્, પૃ. નં. ૯૨)

**ઉજ્જયિની**માં **બલમિત્ર** નામના રાજાનો **ભાનુમિત્ર** નામનો નાનો ભાઈ, જે યુવરાજ હતો. તેની **ભાનુશ્રી** નામની બહેન હતી અને તેણીનો **ભાનુદત્ત** નામનો પુત્ર હતો. **કાલકાચાર્ય** વસતિની યાચના કરતા ઉજ્જયિનીમાં રાજા પાસે આવ્યા. રાજાએ પોતાના ઘરમાં સ્થાન આપ્યું. તેઓ ઉજ્જયિનીમાં ચાતુર્માસ રહ્યા. તેમની દેશના સાંભળી રાજા અને યુવરાજ વૈરાગ્યવાસિત થયા. તેમને એવી ભાવના થઈ કે, 'ભાણેજ ભાનુદત્તને રાજ્ય સોંપી પિતા-પુત્રએ દીક્ષા લેવી.' ભાનુદત્તને આ વાતનો અણસાર થતાં તેણે વિચાર્યું કે, 'રાજેશ્વરી એ નરકેશ્વરી.' આવો ઉત્તમ વિચાર આવતાં ભાનુદત્ત કોઈને પણ પૂછયા વિના રાજ્ય છોડી આચાર્ય ભગવંતને કહ્યું, ''મને દીક્ષા આપો.'' 'આ શાસનની પરંપરાને આગળ વધારનારો થશે,' એમ સમજી

આચાર્ય દેવે રાજાને કે માત-પિતાને પૂછયા વિના ભાનુદત્તને દીક્ષા આપી દીધી.

ભાનુદત્તે દીક્ષા લીધી ત્યારે બળમિત્ર રાજાને ખોટું લાગ્યું. તેમણે વિચાર્યું કે, 'સાધુને વસતિદાન આપવાથી જ અનર્થ સર્જાયો છે.' તેથી રાજાએ કાલકાચાર્યને વિહાર કરાવી નગર બહાર કર્યા. આચાર્ય પોતાના સમુદાય સાથે **પ્રતિષ્ઠાનપુર**માં ગયા. ત્યાં **શાલિવાહન રાજા**એ તેમનું સ્વાગત કરી બહુમાનપૂર્વક રાખ્યા. આચાર્યએ કહ્યું, ''તે જ નિશ્ચે તથાવિધ નિર્જરાનાં ભાગી થાય છે, જેઓ સાધુને વસતિદાન આપે છે, બીજા નહીં.'' ત્યારે શાલિવાહને પૂછયું, ''વસતિ દાનથી શું નિર્જરા થાય ?'' કાલકાચાર્યે કહ્યું, ''સાધુને કોઈ ગોચરી, પાણી, વસ્ત્ર, પાત્ર વગેરે આપે, ઔષધ દ્વારા ગ્લાન-રોગીની સેવા કરે તો તે ભવ્ય જીવ બોધિબીજની પ્રાપ્તિ કરે છે. વળી, કોઈ જીવ દેશવિરતિધર તો કોઈ સર્વવિરતિધર ધર્મ પામી સર્વ જીવોને અભયદાન આપી પરમગતિને પ્રાપ્ત કરે છે. આ સર્વમાં વસતિદાતા નિમિત્તરૂપ બને છે.''

આમ, વસતિદાન આપનાર ત્રણે લોકમાં અભય (અમારિ) ઘોષણા કરાવે છે. બલમિત્ર રાજા નિર્જરાનું આવું ઉત્તમ નિમિત્ત મળવા છતાં કૃપણતાના કારણે નિર્જરા ન કરી શક્યા.

દાતાને વર્ણ, સુખ, બળ અને આયુષ્યની સાથે સાથે તેનું સુફળ તે જ રૂપમાં એટલે કે દિવ્ય વર્ણ, દિવ્ય સુખ, દિવ્ય બળ અને દેવાયુ મળે છે.

**વસુદેવ-સુદેવ :** (પુણ્યાશ્રાવક કથાકોશમ્, પૃ. ૩૦૫)

**અયોધ્યા**માં **રામ** અને **લક્ષ્મણ** અનુક્રમે બળભદ્ર અને નારાયણ પદના ધારક હતા. રામચંદ્રની ભાર્યા **સીતા** ગર્ભવતી થઈ તે પૂર્વે રામ અને લક્ષ્મણે પિતાના વચનની અખંડતા રહે તે હેતુથી ભરતને રાજ્ય સોંપી વનવાસ સ્વીકાર્યો. વનમાં સીતાનું રાવણ દ્વારા અપહરણ થયું. લક્ષ્મણે રાવણને માર્યો. સીતાને લઈ અયોધ્યામાં આવ્યા. લોકનિંદા સાંભળી રામચંદ્રે ગર્ભવતી સીતાનો ત્યાગ કરી તેને વનમાં મોકલી આપી. **પુંડરીકિણી નગરી**ના રાજા **વજ્રજંઘ** હાથી પકડવા વનમાં આવ્યા. તેમણે સીતાને જોઈ. વજ્રજંઘ રાજાએ સીતાને ધર્મભગિની બનાવી. વજ્રજંઘ રાજા સીતાને પોતાના નગરમાં લાવ્યા. ત્યાં **લવ** અને **અંકુશ** નામના પુત્રો જન્મ્યાં. બંને પુત્રો યુવાન થયાં ત્યારે વજ્રજંઘ રાજાએ તેમના વિવાહ કરાવ્યા. આ બંને શૂરવીર પુત્રોએ અનેક રાજાઓને પરાજિત કર્યા. બન્ને મંત્રી બન્યાં. **નારદમુનિ** દ્વારા પોતાના પિતા રામચંદ્ર અને કાકા લક્ષ્મણનો પરિચય પામી અયોધ્યા આવ્યાં. ત્યાં તેમણે પિતા અને કાકા સાથે યુદ્ધ કરી વિજય મેળવ્યો. તેમના પરાક્રમથી રામ-લક્ષ્મણ આશ્ચર્યચકિત બન્યાં. નારદે જ્યારે રામને કહ્યું કે, ''આ તમારા જ પુત્રો છે.'' ત્યારે લવ અને અંકુશને નગરમાં લઈ ગયાં. ત્યાં યુવરાજ બની સુખપૂર્વક રહેવા લાગ્યાં.

પછી **વિભીષણ** આદિ પ્રધાન પુરુષોના કહેવાથી રામચંદ્રે સીતાને પોતાની નિર્દોષતા પ્રમાણિત કરવા માટે અગ્નિપ્રવેશ કરી વિશેષ શુદ્ધિનો આદેશ આપ્યો. સીતાએ અગ્નિપ્રવેશ કરી પોતાની નિર્દોષતા પ્રગટ કરી. હવે, સીતાએ **મહેન્દ્ર ઉદ્યાન**માં રહેલા **પૃથ્વીમતી આર્યાજી** પાસે દીક્ષા લીધી. રામચંદ્ર સીતાને પાછા લેવા ગયા પરંતુ **સકલભૂષણ** જિનના દર્શન માત્રથી સીતા પ્રત્યેનો મોહ દૂર થયો. ત્યારે વિભીષણે તેમને રામચંદ્રનો પૂર્વ ભવ તથા લવ અને અંકુશનો પુણ્યાતિશય પૂછયો.

કેવળી ભગવંતે પ્રથમ લવ અને અંકુશના પુણ્યાતિશયનું કારણ દર્શાવ્યું. **જંબુદ્વીપ**ની **કાકંદી નગરી**માં **રતિવર્ધન રાજા** અને **સુદર્શના રાણી**ના **પ્રીતિંકર** અને **હિતંકર** નામના બે પુત્રો હતાં. તે નગરમાં

રાજપુરોહિત **સર્વગુપ્ત** અને તેની પત્ની **વિજ્યાવલી** રહેતાં હતાં. એકવાર રાજાએ કોઈ કારણે પુરોહિતને પકડી જેલમાં પૂર્યો. પુરોહિત પત્ની વિજ્યાવલી પતિને છોડાવવા રાજા પાસે આવી. તેણી રાજાની સુંદરતાથી મુગ્ધ બની. તેણે રાજાને કહ્યું, 'મારો સ્વીકાર કરો.' રાજાએ કહ્યું, "તું મારી ધર્મ ભગિની છે. તારો હું કઈ રીતે સ્વીકાર કરું ?" પુરોહિત પત્ની પગ પછાડતી ચાલી ગઈ. રાજાએ સર્વગુપ્તને છોડી દીધો. પુરોહિત પદ પાછું આપ્યું. વિજ્યાવલીએ હવે પતિ સમક્ષ જૂઠાણું ચલાવ્યું કે, "નાથ ! રાજા સ્વયં મારો શીલભંગ કરવા ઉદ્યત થયો છે. તે લંપટ છે." આ સાંભળી પુરોહિતને વિચાર આવ્યો કે, 'એટલે જ રાજાએ પ્રથમ મને બંદીવાન બનાવ્યો હતો જેથી મારી પત્ની સાથે અસદાચાર સેવી શકે. આમ, રાજાએ બે અપરાધ કર્યા છે.' પુરોહિતે નગરવાસીઓમાં જૂઠાણું ચલાવી પોતાની તરફ કરી રાત્રિના સમયે રાજભવનને ઘેરો ઘાલ્યો. રાજા અને તેના બન્ને પુત્રો તલવારના બળે બહાર નીકળી ગયાં. તેઓ **કાશીપુર**ના રાજા **કાશિપુ**ને મળ્યા. કાશીપુરના સૈન્યની મદદથી રતિવર્ધને પુરોહિતને યુદ્ધમાં હરાવી પોતાનું પદ પાછું મેળવ્યું. થોડા સમય પછી રતિવર્ધન રાજાએ પોતાના બન્ને પુત્રો સાથે દીક્ષા લીધી. બન્ને પુત્રો ઉગ્ર તપ કરી ઉપરિમ ગ્રૈવેયકમાં ગયા. ત્યાંથી ચ્યવી બન્ને **શાલ્મલીપુર**માં રામદેવ બ્રાહ્મણના પુત્ર **વસુદેવ** અને **સુદેવ** થયા. ત્યારપછી આ બન્ને બ્રાહ્મણ પુત્રો સુપાત્રદાનના પ્રભાવથી યુગલિક ક્ષેત્રમાં અવતર્યા. ત્યાંથી ઈશાન દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી લવ અને અંકુશ બન્યા.

આમ, એકવાર સત્પાત્ર દાનના પ્રભાવથી વસુદેવ અને સુદેવ બ્રાહ્મણ અલ્પ સંસારી બન્યા.

આચાર્ય વસુનંદીએ '**વસુનંદી શ્રાવકાચાર**'માં કહ્યું છે -

**'असणं पाणं खाइमं साइयमिदि चउविहोवराहारो ।**
**पुव्वुत्तणवविहाणेहिं तिविहपत्तस्स दायव्वो ।।'**

અશન, પાન, ખાદ્ય, સ્વાદ્ય આ ચારે પ્રકારનો આહાર નવધા ભક્તિથી ત્રણે પ્રકારનાં પાત્રોને આપવો જોઈએ.

**વંકચૂલ** : (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર; શીલોપદેશ માલા)

**રથનૂપુર** નગરમાં **વિમલયશ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની **સુમંગલા** નામે પટ્ટરાણી હતી. તેની કૂખે બે સંતાનોએ જન્મ લીધો. પુત્રીનું નામ **પુષ્પચૂલા (વંકચૂલા)** અને પુત્રનું નામ **પુષ્પચૂલ** હતું. પુષ્પચૂલ યુવાન વયે ગુણિયલ કન્યા સાથે લગ્ન ગ્રંથિથી જોડાયો. તે ઉદ્ધત અને નિર્ગુણી હતો તેથી તે વંકચૂલ નામે પંકાયો. તેને ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો. બાળવૈધવ્યને પામેલી બહેન પુષ્પચૂલા પણ ભાઈની સાથે ચાલી નીકળી. વંકચૂલ રખડતો રખડતો મોટા જંગલમાં આવી ચડયો. ત્યાં ભીલોની વસ્તી હતી. વંકચૂલે ભીલોને નમસ્કાર કરી પોતાની આત્મકથની જણાવી. તે સમયમાં ભીલોનો સરદાર મૃત્યુ પામ્યો હતો. તેથી વંકચૂલને સ્વામીપદ આપવામાં આવ્યું. વંકચૂલ પલ્લીપતિ બન્યો. ભીલોની સાથે રહી નામચીન લૂંટારો બન્યો.

એક વખત **ચંદ્રયશ** નામે આચાર્ય ભગવંત સાત સાધુઓ સાથે વિહારમાં ભૂલા પડીને ભમતાં ભમતાં ભીલોની પલ્લી પાસે આવી ચડયાં. ચોમાસું નજીકમાં જ હતું. આકાશ વાદળોથી ઘેરાયેલું હતું. ધરતી પર નવા તૃણાંકુરો ફૂટી નીકળ્યા હતાં. નાના જીવોના સંચારથી રસ્તાઓ ઉભરાવા લાગ્યા હતા. આગળ વિહાર કરવો યોગ્ય નથી, એવું જાણી આચાર્ય ભગવંત ભીલોની પલ્લીમાં આવી પહોંચ્યાં. વંકચૂલે મહાત્માઓને વંદન કર્યાં. સાધુઓએ 'ધર્મલાભ' કહી વસતિ (રહેઠાણ) માટે યાચના કરી. વંકચૂલે એક શરત મૂકી. 'અમને

ક્યારેય ધર્મનો ઉપદેશ આપવો નહીં, કેમકે અમારો લૂંટફાટનો ધંધો એ અમારા પેટગુજારાનું સાધન છે.'

સાધુએ શરત કબૂલ રાખી. તેઓ યોગ્ય સ્થળ શોધી ધર્મક્રિયાઓમાં દિવસો વીતાવવા લાગ્યા. ચાર માસ પૂરા થયાં. સાધુ સમુદાય વિહાર માટે પ્રસ્થાન કરી રહ્યો ત્યારે વંકચૂલ તેમને પલ્લી પ્રદેશનાં સીમાડા સુધી વળાવવા ગયો. જે સ્થાનેથી વંકચૂલ પાછો ફરવાનો હતો. તે સ્થાને ઊભા રહીને આચાર્ય ભગવંતે મધુર વાણીથી કહ્યું કે, ''તેં અમને ચોમાસાના સ્થિરવાસની સગવડ કરી આપી તેથી તારા માટે મારા મનમાં એક ઈચ્છા જાગે છે.'' વંકચૂલને પણ ઈચ્છા જાણવાનું કુતૂહલ જાગ્યું. ત્યારે આચાર્યએ કહ્યું, ''તારો આલોક અને પરલોક સફળ બને તે માટે કંઈક નિયમ ગ્રહણ કર.'' વંકચૂલે લાચારી દર્શાવતાં કહ્યું, ''મારાથી નિયમ નહીં પળાય.'' ત્યારે મહાત્માએ કહ્યું, ''શક્તિ અનુસાર નિયમ ધારણ કર. (૧) અજાણ્યું ફળ ખાવું નહીં. (૨) કોઈની હિંસા કે વધ કરતાં પહેલા સાત ડગલાં પાછા હટીને પછી એનો અમલ કરવો. (૩) રાજાની પટ્ટરાણીને માતા સમાન ગણવી. (૪) કદી કાગડાનો માંસ ખાવો નહીં.'' વંકચૂલે આ ચારે નિયમો પ્રસાદ રૂપે સ્વીકાર કર્યાં.

એકવાર ઉનાળાની ઋતુમાં વંકચૂલ સાથીઓ સાથે લૂંટ કરવા નીકળ્યો. બપોરની વેળાએ તેઓ ભૂખ્યાં તરસ્યાં થયાં. સાથીઓએ એક વૃક્ષ જોયું આ વૃક્ષ પર સુંદર ફળો લટકતાં હતાં. વંકચૂલ ભૂખ્યો હતો. સાથીઓએ ફળ લાવી વંકચૂલ સમક્ષ મૂક્યાં. વંકચૂલને મહાત્મા સમક્ષ લીધેલો સંકલ્પ યાદ આવ્યો. તેણે સાથીઓને ફળનું નામ પૂછ્યું પણ કોઈને ફળનું નામ ખબર ન હતું. વંકચૂલે કહ્યું, ''હું અજાણ્યો ફળ ખાતો નથી.'' બાકીના બધાં સાથીઓએ ફળ ખાધાં. સાથીઓ મૃત્યુ પામ્યાં. મહાત્મા પાસે લીધેલાં સંકલ્પથી પોતે આજે જીવતો છે. એનો અનેરો આનંદ થયો.

તે ઘેર પહોંચ્યો. ઘરના દ્વાર બંધ હતાં. તેણે નાના છિદ્રમાંથી અંદર ડોકિયું કર્યું. દીવો બળતો હતો. એણે પોતાની સ્ત્રીને કોઈ પુરુષ સાથે સૂતેલી દીઠી. તલવાર ઉગામી ઘા કરવા ગયો ત્યાં મહાત્માનો બીજો નિયમ યાદ આવવાથી તે સાત - આઠ ડગલાં પાછળ હટયો. તેના હાથમાં રહેલી તલવાર બારણા સાથે અથડાઈ. એનો અવાજ થયો. એ અવાજથી વંકચૂલાએ બૂમ પાડી. ''કોણ છે ? કેમ આવ્યો છે ?'' વંકચૂલે બહેનનો અવાજ ઓળખ્યો. વંકચૂલની બહેન પુરુષ વેશ ધારણ કરી ભાભી સાથે સૂઈ ગઈ હતી. વંકચૂલે નિયમ આપનાર મહાત્મા પ્રત્યે ઉપકારવશતાની લાગણી અનુભવી. 'જો આ નિયમ ન હોત તો મારા હાથે સ્ત્રીહત્યા થાત.'

વંકચૂલનાં સાથીદારો મૃત્યુ પામ્યા તેથી વંકચૂલ એકલો પડયો. પલ્લીનો ત્યાગ કરી તે **ઉજ્જયિની** નગરીમાં આવ્યો. કોઈ શેઠને ત્યાં બહેન અને પત્નીને કામે મૂકીને પોતે ચોરીનો ધંધો કરવા માંડયો. તેણે રાજમહેલમાં ચોરી કરવાનો નિર્ણય કર્યો. રાજાના ઓરડા સુધી પહોંચ્યો ત્યાં રાજાની પટ્ટરાણી હતી. તેણે વંકચૂલને પૂછ્યું, ''તું કોણ છે ?'' વંકચૂલે ઉત્તર આપ્યો, ''હું ચોર છું.'' રાણીએ કહ્યું, ''તેં મારા ચિત્તને ચોરી લીધું છે.'' વંકચૂલે પૂછ્યું, ''તું કોણ છે ?'' સ્ત્રીએ કહ્યું, ''હું રાજાની પટ્ટરાણી છું. રાજા મારા ઉપર ખફા છે. તું મારો અંગીકાર કર.'' વંકચૂલને આવી નાજુક ક્ષણમાં મહાત્માનો ત્રીજો નિયમ યાદ આવ્યો. તેણે રાણીને કહ્યું, ''રાજાની રાણી એ મારા માટે માતા સમાન છે.'' રાણીએ જીદ કરી પણ વંકચૂલ ડગ્યો નહીં. જોગાનુજોગ આ બધી વાત મેડી પર રહેલા રાજા સાંભળતાં હતાં. રાણીએ નખ વડે ઉઝરડા કરી બૂમરાણ મચાવી. ''ચોરને પકડો.'' સુભટો દોડી આવ્યા. ત્યાં રાજાએ સુભટોને આજ્ઞા કરી કે, ''તેને મારશો નહીં, માત્ર બાંધી રાખો.'' બીજે દિવસે વંકચૂલને રાજસભામાં લાવવામાં આવ્યો. રાજાએ કહ્યું, ''હું તારા પર પ્રસન્ન થયો છું. મારી

પટ્ટરાણી તને આપું છું.'' વંકચૂલે કહ્યું, ''આપની પટ્ટરાણી મારે માતા સમાન છે.'' રાજાએ તેની પરીક્ષા કરવા ફાંસીને માંચડે ચડાવવાનો હુકમ કર્યો પણ વંકચૂલ એના નિયમને વળગી રહ્યો. રાજાએ પ્રસન્ન થઈ એને પુત્ર સમાન માની યુવરાજ પદવી આપી.

વંકચૂલને હવે મહાત્માને મળી ઉત્તમ ધર્મ આદરવાની અભિલાષા થઈ. યોગાનુયોગ તે મહાત્મા વિહાર કરતા નગરીમાં આવ્યા. ત્યારે વંકચૂલે જૈન ધર્મથી પ્રભાવિત થઈ શ્રાવક વ્રત અંગીકાર કર્યું. વળી, વંકચૂલને ઉજ્જયિની નગરીમાં રહેતા **જિનદાસ** નામના ધર્મી શ્રાવક સાથે મિત્રતા થઈ. ધર્મની ગહનતા તેને સ્પર્શી ગઈ. એક વખત કોઈ શક્તિશાળી પલ્લીપતિ સાથે વંકચૂલનું યુદ્ધ થયું. તે જખમી થયો. ઘણાં ઔષધો કર્યાં, પણ ઘા રુઝાતા ન હતાં. વૈદ્યોએ યુવરાજને કાગડાનું માંસ ખાવાનો ઉપાય બતાવ્યો. વંકચૂલે કહ્યું, ''આવી બાલિશતા કરશો નહીં કારણકે કાગડાનું માંસ ન ખાવાનો મારે સંકલ્પ છે.'' રાજાએ વંકચૂલના જીગરી સાગરિત જિનદાસને બોલાવ્યો. જિનદાસ યુવરાજને મળવા નીકળ્યો ત્યારે રસ્તામાં એક વૃક્ષ નીચે બે સ્ત્રીઓ રડતી હતી. જિનદાસે રડવાનું કારણ પૂછયું. પહેલી સ્ત્રીએ વલવલતાં કહ્યું, ''અમે દેવલોકની દેવી છીએ. તમારો મિત્ર વંકચૂલ કાગડાનું માંસ ખાધા વિના મરશે તો જ અમારો પતિ થશે. જો માંસભક્ષણ કરશે તો અમારો પતિ નહીં થાય.'' જિનદાસ સ્ત્રીઓને ખાતરી આપી રાજા પાસે આવ્યો. રાજાએ જિનદાસને સમજાવવા માટે ફરજ પાડી ત્યારે જિનદાસે અભિપ્રાય આપ્યો કે, ''યુવરાજને માટે તમામ ઔષધ નિરર્થક છે. એકમાત્ર ધર્મરૂપ ઔષધ જ યોગ્ય છે.'' વંકચૂલ ધર્મની આરાધના કરતો મૃત્યુ પામી દેવલોકમાં ગયો.

વસતિ દાન આપીને તસ્કર એવા વંકચૂલનું જીવન તો આમૂલચૂલ પરિવર્તન થયું જ પણ સાથે સાથે પોતાની જાતને દેવ પર્યાય બનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

**વિનચંધર** : ( ઉપદેશપદ, ભા.૨, પૃ.૨૮૯)

**ભરતક્ષેત્ર**માં **ગજશીર્ષ** નગરમાં **વિચારધવલ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેના રાજ્યમાં ખૂબ ઉદારદિલ, દયાવાન અને પરોપકારી એવો એક શ્રેષ્ઠ સ્તુતિપાઠક હતો. તે હંમેશાં નિયમપૂર્વક ઉચિત પાત્રને અશનાદિકનું દાન આપીને પછી જ ભોજન કરતો. એક દિવસ તેણે **તિંદુક** નામના ઉદ્યાનમાં અવસર્પિણી કાળનાં નવમા **જિનેશ્વર શ્રી સુવિધિનાથ**ને કાઉસગ્ગ મુદ્રામાં ઊભેલા જોયા. તેમને જોઈ સ્તુતિપાઠક ખૂબ આનંદિત થઈ તેમની સ્તવના કરવા લાગ્યો.

**''શો તારો અંગ વિન્યાસ છે ! શી તારી લોચનની લાવણ્યતા છે !**
**શો તારો વિશાળ ભાલ છે ! શી તારા મુખકમળની પ્રસન્નતા છે !**
**અહો, તારી ભુજાઓ કેવી સરળ છે ! અહો, તારા શ્રી વત્સની કેવી સુંદરતા છે !**
**અહો, તારા ચરણ કેવા ભવહરણ છે ! અહો, તારા સર્વે અંગ કેવા મનોહર છે !**

સમતા, અમૃતના કુંડ સમાન, સર્વ દેવોના મુકુટ જેવા પ્રભુને પુનઃ પુનઃ નિરખીને લોકો તમે તમારાં નેત્રોને પવિત્ર અને તૃપ્ત કરો, જેથી ત્રિભુવનપતિ દેવાધિદેવ તમને જલ્દીથી જલ્દી પરમપદ આપે.''

આ પ્રમાણે જિનેશ્વરની સ્તવના કરી, મનમાં અત્યંત અહોભાવ ધારણ કરી વિનચંધર પોતાના ઘરે આવ્યો. તેના સૌભાગ્યની ઉત્કૃષ્ટતાથી ત્રણ લોકના નાથ ભોજનની વેળાએ તેના ઘરે ગોચરી માટે પધાર્યા. તેણે પુલકિત બની ભગવાનને ઉત્તમ આહારથી પ્રતિલાભી ખૂબ અનુમોદના કરી. પરમાત્માને દાન

આપવાથી આકાશમાં દેવદુંદુભિ વાગી અને પંચદિવ્ય પ્રગટ થયાં. સ્તુતિપાઠકને વંદન કરવા માટે દેવેન્દ્ર, નરેન્દ્ર અને અસુરેન્દ્ર આવ્યા.

આવી રીતે સુપાત્ર દાન આપવાથી કર્મ ગાંઠને ભેદી તે સ્તુતિપાઠક સમ્યગ્દ્દષ્ટિ શ્રાવક બન્યો. તે ભવનું આયખું પૂર્ણ કરી પ્રથમ દેવલોકમાં ગયાં. ત્યાંથી ચ્યવી મનુષ્યલોકમાં મનુષ્યપણે અવતર્યાં. આ ભવમાં તે પુણ્યશ્લોકી **વિનયંધર** શેઠ થયો. સુપાત્રદાનનાં પ્રભાવે વિનયંધર અઢળક રત્નનો માલિક થયો. દાનનાં પ્રતાપે તેને ચાર સ્ત્રીઓ મળી. રૂપ, કળા, લક્ષ્મી, કીર્તિ સર્વ સુપાત્રદાનનું ફળ છે.

આ ભવમાં વિનયંધરે ઘણાં લોકોને ધર્મમાર્ગે વાળ્યા. ત્યાર પછી ચારે સ્ત્રીઓ સાથે ધામધૂમથી દીક્ષા લીધી. અણિશુદ્ધ ચારિત્ર પાળી મુક્તિસુખ પામ્યા. દાનનું ખરું ફળ તો હવે પ્રાપ્ત થયું!

**વિનયશ્રી (રુદ્રાસની પત્ની)** : (પુણ્યાશ્રાવક કથાકોશમ્, પૃ. ૩૧૨)

**કૃષ્ણ**ની પત્ની **સુસીમા**ની જેમ **ગાંધારી**એ પણ **વરદત્ત ગણધર**ને પોતાના પૂર્વ અને ભવિષ્યના ભવોના સંબંધમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે ગણધર ભગવંતે કહ્યું, "**અયોધ્યા નગરી**ના **રાજા રુદ્રદાસ**ની **વિનયશ્રી** નામની રાણી હતી. એકવાર રાજા અને રાણીએ **શ્રીધર** નામના મુનિને આહારદાન આપ્યું. તેના પ્રભાવે રાણી મરીને ઉત્તરકુરુ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી કાળ કરી જ્યોતિષી દેવમાં ચંદ્રની દેવી થઈ. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી **ગગનવલ્લભપુર**ના રાજા **વિદ્યુત્વેગ** અને રાણી **વિદ્યુન્મતિ**ની **વિનયશ્રી** નામની પુત્રી થઈ. તેના વિવાહ **મહેન્દ્રવિક્રમ રાજા** સાથે થયા. મહેન્દ્રવિક્રમ રાજાએ **ચારણ મુનિ** દ્વારા જિનવાણી સાંભળી પોતાના પુત્ર **હરિવાહન**ને રાજ્ય સોંપી દીક્ષા લીધી. વિનયશ્રીએ દીક્ષા લઈ સર્વભદ્ર તપ કર્યો. જેના પ્રભાવે **સૌધર્મેન્દ્ર**ની દેવી થઈ. ત્યાંથી ચ્યવી તું અહીં ઉત્પન્ન થઈ છે. તું સુસીમાની જેમ ત્રીજા ભવે મોક્ષમાં જશે." આ સાંભળી ગાંધારી બેહદ ખુશ થઈ.

આમ, રુદ્રદાસની પત્ની વિનયશ્રી શુદ્ધ ભાવે મુનિને આહારદાન વહોરાવી દેવ અને મનુષ્યનાં સુખો ભોગવી ક્ષત્રિય કુળમાં કૃષ્ણની પત્ની ગાંધારી બની.

**વિપુલવાહન નૃપ (શ્રી સંભવનાથનો પૂર્વભવ)** : (શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રમ્; ઉપદેશ પ્રાસાદ, ભા.૩)

**ધાતકી ખંડ દ્વીપ**ના **ઐરાવત ક્ષેત્ર**માં **ક્ષેમપુરી** નામનું પ્રસિદ્ધ નગર હતું. ત્યાં **વિપુલવાહન** નામનો દયાળુ, પરોપકારી અને શૂરવીર રાજા રાજ્ય કરતા હતા. તે પ્રજાવત્સલ હતા. પ્રજાને સદા પ્રફુલ્લિત રાખતા હતા. તે અનુશાસન પ્રિય હતા. અપરાધીઓને કઠોર શિક્ષા કરવામાં આવતી, તેથી ગુનાઓ અલ્પ પ્રમાણમાં થતાં. જ્ઞાનીઓને પુરસ્કાર આપી તેમની કદર કરવામાં આવતી. રાજા જેમ રાજનીતિમાં કુશળ હતા, તેમ ધાર્મિક વૃત્તિમાં મોખરે હતા. તેઓ સદા પંચપરમેષ્ઠીના ચરણોમાં મસ્તક નમાવી વંદના કરતા હતા. આ ઉપરાંત નવરાશના પળોમાં શાસ્ત્રનો અભ્યાસ કરતા, દેવ-ગુરુની ભક્તિ કરતા. તેમણે શ્રાવકના બાર વ્રતો સ્વીકાર્યા હતાં. તેમણે સાતે ક્ષેત્રમાં ભરપૂર દાન આપ્યું હતું. તેમના દ્વારે આવેલો યાચક કદી ખાલી હાથે પાછો ન જતો. દરિદ્રી અને અનાથના તેઓ બેલી હતા. તે અહંકાર રહિત થઈ દાન આપતા.

એકવાર રાજ્યમાં ભયંકર દુકાળ પડયો. વર્ષાઋતુ પણ ગ્રીષ્મઋતુ જેવી દુઃખદાયક લાગતી હતી. નૈઋત્ય દિશાનો પ્રચંડ વાયરો વાયો. આ વાવાઝોડાએ સમૂળ વૃક્ષો ઉખાડી નાંખ્યાં. સમસ્ત જળાશયો

સૂકાઈ ગયાં. આકાશમાં વાદળનું નામોનિશાન ન હતું. લોકો અનાજ ખૂંટતાં વૃક્ષની છાલ, કંદ-મૂળ અને ફળો ખાઈ દિવસો પસાર કરવા લાગ્યા પરંતુ વરસાદના અભાવમાં વૃક્ષની ક્ષુધા શાંત થતી ન હતી.

આહારની વ્યાકુળતાથી માતા-પિતા, પુત્રના સંબંધો વિસરાયાં. તેઓ એકબીજાનો ત્યાગ કરવા લાગ્યા. ભૂખના દુઃખે માતા-પિતા પોતાના સંતાનોનો વિક્રય કરવા લાગ્યા. મૂંગા પશુઓ અન્ન માટે વલખાં મારી રહ્યાં હતાં. આખો દિવસ ભટકતાં અને થોડું અન્ન મળે તો લોકો પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. અન્નના અભાવમાં લોક જીવનમાં ચહલપહલ બંધ થઈ ગઈ. રાજમાર્ગ સૂનો ભેંકાર બન્યો. આવા ભયંકર દુકાળમાં ચતુર્વિધ સંઘની કફોડી સ્થિતિ થઈ. મહામના રાજાના દિલમાં દાનનો દીપક પ્રગટયો. તેમના હૃદયમાં કર્તવ્યની રોશની થઈ. તેઓ વિચારમાં પડયા કે, 'હું પૃથ્વીપાલક કહેવાઉં છું. પૃથ્વીનું રક્ષણ કરવું એ મારું પરમ કર્તવ્ય છે પરંતુ અન્નના અભાવમાં હું શું કરું ? મારે કોઈ પણ સંજોગમાં મુક્ત હસ્તે સંઘની રક્ષા કરવી જોઈએ.' એવું વિચારી ઉદારદિલના રાજાએ રસોઈયાને બોલાવી કહ્યું, "આજે સંઘનું ભોજન થઈ ગયા પછી જે બચશે તે જ હું ગ્રહણ કરીશ. મારા માટે બનાવેલું ભોજન સાધુ-સંતોને આપજે." રાજાની આજ્ઞા થતાં રસોઈઓ વિવિધ ભોજન બનાવવામાં પરોવાયો. રાજા સ્વયં દેખરેખ રાખતા હતા. સુગંધી ચોખા, વટાણા, સૂપ, તળેલા ખાદ્ય, સાકર મિશ્રિત ખાજા, મીઠાઈ, સુકામેવા, પાપડ, પૂરી, છાશ, દૂધ, શ્રીખંડ આદિ રાજાના આહારની જેમ શ્રાવકો માટે આહાર થવા લાગ્યો. પરોપકારી રાજાએ સ્વહસ્તે નિર્દોષ અને એષણીય આહાર મુનિઓને વહોરાવ્યો. ત્યાર પછી સકલ સંઘને ભોજન કરાવી સાધર્મિકોની સંભાળ લીધી. સમગ્ર સંઘની ઉલ્લસિત ભાવે ચીવટપૂર્વક ભક્તિ કરી રાજાએ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું.

એકવાર રાજા મહેલની અટારીમાં બેઠા હતા. એકાએક આકાશમાં વાદળ ઉદિત થયું. તેણે આકાશને આવૃત કર્યું. ત્યાં અચાનક જોરદાર તોફાન આવ્યું. વાદળ ક્ષણવારમાં છિન્ન ભિન્ન થઈ ગયું. આ દશ્ય જોઈ રાજા વિચારે ચડયા. 'સંસારની સમસ્ત સ્થિતિ આ વાદળ સમાન ક્ષણિક છે. આજે આનંદિત દેખાતો મનુષ્ય વિવિધ ચિંતાઓથી ઘેરાઈ ક્ષણવારમાં નિરાશ બની જાય છે. દુસાધ્ય વિવિધ રોગો તેને ઘેરી વળે છે. મૃત્યુ તેને ભરખી જાય છે; છતાં મનુષ્ય સ્વયંને અમર સમજી સંસારની વ્યાધિઓ અને સંબંધોને સુધારવા સતત મથતો રહે છે. ભવ સમુદ્ર તેના ગળામાં બાંધેલા પથ્થર સમાન છે, તેવું મૂર્ખ મનુષ્ય કદી વિચારતો નથી. આ સંસાર મરુભૂમિ જેવો છે. અહીં પારાવાર દુઃખ છે; છતાં માનવી પોતાને સુખી માને છે. હું આજથી રાજ્યસંપદા પુત્રને સોંપી નિર્વાણ પ્રાપ્તિનો પ્રયાસ કરીશ.' આમ, રાજા સ્વયંબુદ્ધ થયા.

રાજાએ પોતાના પુત્ર **વિમલકીર્તિ**ને યોગ્ય ભલામણ કરી. પછી તેઓ સ્વયં **પ્રભસૂરિ** પાસે દીક્ષિત થયા. તેમણે વીસ સ્થાનક તપની આરાધના કરી. અંત સમયે અનશન કરી **આણત** નામના નવમા દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી આ ભરતક્ષેત્રના અવસર્પિણી કાળના ત્રીજા **શ્રી સંભવનાથ** નામના તીર્થંકર થયા. ખરેખર ! જેનું હૃદય સહાનુભૂતિપૂર્ણ હોય છે, તેના હૃદયમાં દાનની સરવાણી સહજ ફૂટી નીકળે છે.

**વિપ્ર ઈંધક - પલ્લક** : (પુણ્યાશ્રાવક કથાકોષમ્, પૃ. ૩૦૩; પઉમચરિયમ્, પૃ.૨૮૯)

**કિષ્કિન્ધ પર્વત** ઉપર રહેલ **કષ્કિન્ધપુર**માં વાનરવંશી **સુગ્રીવ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેના **નલ** અને **નીલ** નામના બે ભાઈઓ હતા. સુગ્રીવ આદિ **રામચંદ્ર**ના સેવક હતા. સીતાહરણના કારણે રામ અને **રાવણ** વચ્ચે યુદ્ધ થયું. આ યુદ્ધમાં નલ અને નીલ રામચંદ્રના સેનાપતિ થયાં. તેમણે રાવણના સેનાપતિ **હસ્ત**

અને **પ્રહસ્ત**નો વધ કર્યો.

"તેમણે આ ભવની દુશ્મનાવટથી કે જન્માન્તરની દુશ્મનાવટથી વધ કર્યો હતો?" એવા પૂછાયેલા પ્રશ્નના ઉત્તરમાં જન્માન્તરની શત્રુતા મુખ્ય હતી. જે કથા આ પ્રમાણે છે -

**ભરતક્ષેત્ર**માં **કુશસ્થલ ગામ**માં **ઈંધક** અને **પલ્લક** નામના બે મૂર્ખ સહોદર બ્રાહ્મણો રહેતાં હતાં. તેઓ ભિક્ષા દાનમાં ઉદ્યત, વિનીત અને સાધુનિંદાથી મુક્ત હતા. તેઓ જૈન સાધુ - શ્રાવકોના સત્સંગી હતા. તેમણે કોઈ જૈનના સંસર્ગમાં આવી મુનિને આહારદાન આપ્યું.

તે ગામમાં અન્ય બે સહોદર ખેડૂત ભાઈઓ પણ હતાં. તે ક્રૂર, નિર્દયી, પાપ શાસ્ત્રોના રસિક અને સાધુના નિંદક હતાં.

ઈંધક અને પલ્લકે તેમની સાથે ખેતી આરંભ કરી. તેમાં તેઓને રાજાને કરવેરો આપવાના સંદર્ભમાં ઝઘડો થયો. પાપી ખેડૂતોએ ઈંધક અને પલ્લકને મારી નાંખ્યાં. તેઓ મુનિદાનના પ્રભાવથી **હરિવર્ષ** નામના **યુગલિક ક્ષેત્ર** (ભોગભૂમિ)માં ઉત્પન્ન થયા. ત્યાંથી સ્વર્ગમાં **વૈમાનિક** દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી **નલ** અને **નીલ** નામના બાંધવ બન્યા. બંને પાપી કૃષક ભાઈઓ મૃત્યુ પામી **કાલિંજર વન**માં જંગલી ઘો, સસલા આદિ તિર્યંચ ગતિનાં ભવો કરી મનુષ્ય ગતિમાં બાલ તપના પ્રભાવે તાપસ થઈ **જ્યોતિષી દેવ** બન્યા. ત્યાંથી ચ્યવી **વિજ્યાર્ધ પર્વત**ની દક્ષિણ શ્રેણીમાં **અગ્નિકુમાર** અને **અશ્વિની**ના પુત્ર **હસ્ત** અને **પ્રહસ્ત** થયા, જેઓ **લંકેશપતિ રાવણ**ના સેવક હતાં. હસ્ત અને પ્રહસ્ત, નલ અને નીલનાં હાથે યુદ્ધમાં શહીદ થયાં.

આમ, સમ્યક્ત્વ રહિત બંને મૂર્ખ બ્રાહ્મણો સુપાત્રદાનના પ્રભાવે મનુષ્ય અને દેવ ગતિઓનાં સુખો ભોગવી ચરમશરીરી થઈ મુક્તિપદ પામ્યા.

**વિશાખાદત્ત** : (ઉપદેશ સપ્તતિકા (નવ્યા), પૃ.૧૬૩)

**કૌશંબી નગરી**માં શ્રેષ્ઠી **વિશાખાદત્ત** રહેતો હતો. તેમણે **શ્રી ધર્મઘોષસૂરિ** પાસે બાર વ્રત ગ્રહણ કર્યા. એકવાર પાછલી રાત્રિ જાગરણ કરતાં પંચપરમેષ્ઠીનું સ્મરણ કરતાં હતાં ત્યારે તેમના ઘરમાંથી **કર્કેતન** વગેરે ઘણાં રત્નો ચોરોએ લૂટયાં. વિશાખાદત્ત ચોરોનું પગેરું કાઢવા નગરમાં અહીં તહીં ભમવા લાગ્યો. તે સમયે તેને **કાપાલિક**નો ભેટો થયો. કાપાલિકે કહ્યું, "મારી સાથે ચાલ. હું તને રત્નો અપાવીશ." વિશાખાદત્ત સરળ ચિત્તવાળો અને ભદ્રિક હતો. કાપાલિક પર વિશ્વાસ રાખી તેની સાથે ગયો. કાપાલિક તેને **કાલિકા દેવી**નાં મદિરમાં લઈ ગયો. તેણે કહ્યું, "આ દેવીને નમસ્કાર કર." વિશાખાદત્ત જૈન ધર્મી અને શુદ્ધ સમકિતી હતો. તેણે કહ્યું, "હું જિનેશ્વર સિવાય અન્ય કોઈ દેવ-દેવીને નમતો નથી." કાપાલિકે ગુસ્સે થઈ કહ્યું, "જો તું નમન નહીં કરે તો તારું મસ્તક ઉતારીને દેવીની અર્ચના કરીશ."

કાપાલિકના શબ્દોની વિશાખાદત્ત ઉપર કોઈ અસર ન થઈ. કાપાલિક તલવાર ખેંચી વિશાખાદત્તનું માથું ધડથી અલગ કરવા જતો હતો એટલામાં મંદિરના ખૂણામાં સૂતેલો વિદ્યાસિદ્ધ જાગૃત થયો. તેણે કાપાલિકનો હાથ પકડી લીધો. આ વિદ્યાસિદ્ધ તે **ધન** નામનો શ્રાવક હતો. તેણે કાપાલિકને પ્રેમથી કહ્યું, "આને છોડી દે." તે માન્યો નહીં ત્યારે ધન શ્રાવકે વિદ્યાના બળે તેનો દેહ થંભાવી દીધો. આથી કાપાલિક ભયભીત થયો. તેણે ધન શ્રાવકની માફી માંગી. ધન શ્રાવકે અનુકંપાથી પ્રેરાઈ તેને છોડી મૂક્યો. વિશાખાદત્તને જીવનદાન મળતાં તે ખુશ થયો. ધન શ્રાવકે વિશાખાદત્તને રત્ન પરીક્ષા કરતાં શીખાડયું. સમય જતાં

વિશાખાદત્તે ઘણાં અમૂલ્ય રત્નો મેળવ્યાં. હવે તે શ્રીમંત બન્યો.

સાધર્મિકોને જમાડીને પછી જ જમવું એવો વિશાખાદત્તે અભિગ્રહ કર્યો. હવે તે પ્રતિદિન સાધર્મિક ભક્તિ કરવા લાગ્યો. તેની ભક્તિ અને દાનવીરતાનાં વખાણ દેવલોકના દેવો પણ કરવા લાગ્યાં. એક દેવ નૂતન શ્રાવક બનીને તેમની પરીક્ષા કરવા આવ્યો. દેવ શ્રાવકે વિશાખાદત્તના ઘરમાં પ્રવેશ કર્યો. વિશાખાદત્તે સાધર્મિક સમજી તેની ખૂબ આવભગત કરી. તેને ભોજન કરવા બેસાડયો. તેણે વિશાખાદત્તને ત્યાં બનેલું બધું જ ભોજન ખાધું તેમજ સઘળું જળ પીધું. અન્ન-પાણી ખૂટયાં તો પણ વિશાખાદત્ત શ્રેષ્ઠીના મુખની રેખા અંશમાત્ર ન બદલાઈ. દેવ શ્રાવક પ્રત્યે અભાવ કે દુર્ભાવ ન થયો. તેમણે વિચાર્યું, 'અહો ! મારો સાધર્મિક કેટલો ભૂખ્યો-તરસ્યો છે ! તેણે કેટલા દિવસથી ભોજન પાણીનાં દર્શન કર્યા જ નથી.' હવે દેવે અવધિજ્ઞાનથી જોયું કે શેઠની સાધર્મિક ભક્તિની પ્રશંસા દેવલોકમાં થઈ હતી તે અક્ષરસઃ સત્ય જ હતી. દેવ પ્રત્યક્ષ થયો. વિશાખાદત્ત શેઠે જીવન પર્યંત શ્રેષ્ઠ સાધર્મિક ભક્તિ કરી. તેઓ આયુષ્ય પૂર્ણ કરી **મહાવિદેહ ક્ષેત્ર**માં મનુષ્ય બની મોક્ષે જશે.

**વિસેમિરા** : (કથાકોશ, પૃ.૭૫; વિક્રમ ચરિત્ર, સર્ગ ૪૦)

**વસંતપુર**માં **વૈરસિંહ રાજા** રાજ્ય કરતો હતો. તેની **ભાનુમતી** નામની પટરાણી હતી. તેમનો **વિજયપાલ** નામે પુત્ર હતો. તેનો એક **મતિસાગર** નામનો મંત્રી હતો. **યુવરાજ વૈજયંત** સુખપૂર્વક રાજ્યનું સંચાલન કરી રહ્યો હતો. આ નગરમાં **શારદાનંદન** નામના રાજગુરુ હતા. જેને દૈવી કૃપાથી અંગ લાક્ષણિકતાઓની જબરી જાણકારી હતી.

રાજ વૈરસિંહ સ્વરૂપવાન રાણીમાં ઘેલો બનેલો હોવાથી રાજસભામાં પણ પટરાણીને સાથે લઈને આવતો. નીતિ નિયમના જાણકાર મંત્રીએ કહ્યું, "ભૂપાલ ! આવું કરવાથી આપની હાંસી-મશ્કરી થાય છે તેથી ચિત્રપટમાં રાણીનું રૂપ ચીતરાવી તે છબી લઈ રાજસભામાં બેસો." રાજાએ ચિત્રકાર પાસે ચિત્ર દોરાવ્યું. આ ચિત્ર **શારદાનંદ બ્રાહ્મણને** બતાવ્યું. બ્રાહ્મણે કહ્યું, "આબેહૂબ રાણીનું જ ચિત્ર છે પરંતુ રાણીના ગુહ્યસ્થાને તલનું ચિહ્ન છે તે દોરવાનું રહી ગયું છે."

રાજાએ શંકાથી વિચાર્યું, 'પટરાણીની ગુપ્ત વાતો આ બ્રાહ્મણ ક્યાંથી જાણે? જરૂર આ બ્રાહ્મણનો પટરાણી સાથે આડો સંબંધ લાગે છે.' વાત્સવમાં બ્રાહ્મણ સરસ્વતીની કૃપાથી શરીરનાં લક્ષણો જાણતો હતો એ વાતથી રાજા અજાણ હતા. રાજાએ ક્રોધિત થઈ વગર વિચાર્યે મંત્રીને ખાનગીમાં બોલાવી આદેશ આપ્યો કે, "આ બ્રાહ્મણને મારી નાંખો." મંત્રીએ અભય દાનના હેતુથી વિચાર્યું કે, 'બ્રાહ્મણને મારા ઘરે લઈ જઈ હું એની રક્ષા કરું.' મંત્રીએ બ્રાહ્મણને કેટલોક સમય ગુપ્તપણે પોતાના ઘરે ભોંયરામાં રાખ્યો.

એકવાર યુવરાજ અશિક્ષિત ઘોડા ઉપર સવાર થઈ અટવીમાં મૃગલાના શિકાર માટે ગયો. સેવકો પાછળ રહી ગયા. ઘણું દોડવાથી ઘોડો મૃત્યુ પામ્યો. અટવીમાં વિકરાળ સિંહને જોઈ યુવરાજ ભયભીત બની વૃક્ષ ઉપર ચડયો. તે વૃક્ષ પર વ્યંતરાધિષ્ટ વાંદરી બેઠી હતી. તેની સાથે મૈત્રી કરી તેના ખોળામાં યુવરાજ સૂઈ ગયો. વૃક્ષની નીચે ઉભેલો સિંહ બન્નેનું ભક્ષણ કરવા ઈચ્છતો હતો. સિંહે વાંદરી પાસેથી પોતાના ભક્ષણ માટે યુવરાજની માંગણી કરી ત્યારે વાંદરીએ પોતાનો આશ્રિત હોવાથી ના પાડી. યુવરાજ જાગી ગયો.

હવે વાંદરી યુવરાજના ખોળામાં સૂઈ ગઈ. જ્યારે સિંહે પોતાના ભક્ષણ માટે વાંદરીની યાચના કરી ત્યારે સ્વાર્થી યુવરાજે તેને નીચે ફેંકી. સિંહે વાંદરીને પકડી લીધી. વાંદરીએ હસીને છલાંગ મારી ઉપર મિત્ર

પાસે જઈ રડવાનું શરૂ કર્યું. સિંહે વાંદરીને કહ્યું, ''નીચે પડતાં તું હસતી હતી અને કુમાર તરફ જતાં તું કેમ રડે છે?'' વાંદરીએ કહ્યું, ''વિશ્વાસઘાતના પાપથી મારો મિત્ર કુમાર નરકમાં જશે તેથી રડું છું.'' સિંહે કહ્યું, ''તારી વાત ખરેખર સાચી છે.''

વાંદરીએ કુમારને કહ્યું, ''ડરીશ નહીં, હું તારા જેવી કૃતઘ્ની નથી. હું તારું અનિષ્ટ નહીં કરું પરંતુ **'વિસેમિરા'** એનો પરમાર્થ જાણીને ભોજન કરજે.'' આમ, વાંદરીએ રાજકુમારને વિસેમિરા શબ્દ બોલતાં શીખવ્યું. સિંહ જતો રહ્યો. યુવરાજ ગાંડો થઈ ગયો. તે ''વિ... સે... મિ... રા...'' બોલતો જાત જાતના ચાળા કરતો વનમાં ફરવા લાગ્યો.

રાજાની સેના યુવરાજને શોધતી અટવીમાં આવી. યુવરાજ ''વિસેમિરા'' એટલા ચાર શબ્દો જપવા લાગ્યો. સેવકો રાજકુમારને રાજાની સમક્ષ લાવ્યા. રાજકુમાર વારંવાર એક જ શબ્દ બોલવા લાગ્યો. માતા-પિતા આ સાંભળી દુ:ખી થયા.

અનેક ઉપચારો કરાવ્યા છતાં રાજકુમારને કોઈ લાભ ન થયો. ત્યારે રાજાએ વિચાર્યું, 'જો શારદાનંદન ગુરુનો વધ ન કરાવ્યો હોત તો જરૂર મારા પુત્રને તે સ્વસ્થ કરત.' રાજા પોતાના અવિચારી કૃત્ય બદ્દલ પશ્ચાતાપ કરવા લાગ્યા. મંત્રીએ ગુપ્તપણે રહેલા શારદાનંદન ગુરુને વૃત્તાંત જણાવ્યો.

રાજાએ નગરમાં પડહો વગડાવ્યો, ''જે રાજપુત્રને સાજો કરશે તેને અડધું રાજ્ય આપીશ.'' ગુપ્તપણે રહેલા શારદાનંદને મંત્રી દ્વારા રાજાને કહેડાવ્યું કે, ''મહારાજ! મારે ત્યાં પુત્રી છે, તે સર્વ શાસ્ત્રમાં પારંગત છે. તે મંત્રથી યુવરાજને સાજો કરશે.'' ત્યારપછી પડદાની અંદર એકબાજુ કન્યા વેશધારી શારદાનંદન ગુરુ બેઠાં અને બીજી બાજુ રાજા તેમજ મંત્રીઓ બેઠાં. રાજાએ કહ્યું, ''હે પુત્રી! મારા પુત્રને સ્વસ્થ કર.'' ત્યારે કન્યા વેશધારી શારદાનંદને યુવરાજ સમક્ષ **ચાર શ્લોકો** કહ્યાં.

**''विश्वास प्रतिपन्नानां, वञ्चने का विदग्धता ?**
**अङ्क मारुह्य सुप्तानां, हन्तु किं नाम पौरुषम् ।।१।।**

આપણાં વિશ્વાસે જે રહેલા છે તેને ઠગવામાં ભલા શી ચતુરાઈ? અને ખોળામાં સૂતેલાને મારી નાખવામાં કેવું પરાક્રમ?''

આ સાંભળી કુમારે 'વિ' શબ્દ બોલવો છોડી દીધો. હવે તે 'સેમિરા' શબ્દ રટવા લાગ્યો. ત્યારે કન્યા વેષધારી ગુરુએ પુન: બીજો શ્લોક કહ્યો.

**''सेतुं गत्वा समुद्रस्य गङ्गासागरङ्गमें ।**
**ब्रह्मघ्नो मुच्यते पापै र्मित्र द्रोही न मुच्यते ।।२।।**

સમુદ્ર સેતુ અથવા ગંગા સંગમ (તીર્થ) પર જઈ બ્રહ્મ હત્યા કરવાવાળો પાપમુક્ત થઈ શકે છે પરંતુ મિત્રદ્રોહી માટે પાપમુક્તિનું કોઈ સ્થાન નથી.''

આ શ્લોક સાંભળી કુમારે 'સે' શબ્દ બોલવો છોડી દીધો. હવે 'મિરા-મિરા' શબ્દ બોલાવા લાગ્યો. રાજાને વિશ્વાસ બેઠો કે, 'કુમાર! ચારે અક્ષર છોડી ડાહ્યો થઈ જશે.'

કન્યારૂપધારી શારદાનંદને ત્રીજો શ્લોક કહ્યો.

**''मित्रद्रोही कृतघ्नश्च स्तेयी विश्वासघातकः ।**
**चत्वारो नरकं यान्ति, यावच्चन्द्र दिवाकरौ ।।३।।**

જ્યાં સુધી સંસારમાં સૂર્ય, ચંદ્રનું અસ્તિત્વ છે ત્યાંસુધી મિત્ર દ્રોહી, કૃતઘ્ન, ચોર, વિશ્વાસઘાતક આ ચાર પ્રકારના જીવો નરકમાં વાસ કરશે.''

આ સાંભળી કુમાર માત્ર 'રા-રા' બોલવા લાગ્યો. ત્યાં પડદામાંથી પુન: એક શ્લોક સંભળાયો.

**''राजन्! त्वं राजपुत्रस्य यदि कल्याण मिच्छसि।**

**देहि दानं सुपात्रेषु, गृही दानेन शुद्धयति।।४।।**

હે રાજન્! તું તારા પુત્રનું કલ્યાણ ઈચ્છતો હોય તો, સુપાત્રમાં દાન આપ. કેમકે ગૃહસ્થ દાન આપવાથી પવિત્ર બને છે.''

આ સાંભળતા રાજકુમાર પૂર્ણ સ્વસ્થ થયો. સૌની સમક્ષ વનમાં બનેલો વૃત્તાંત કહ્યો અને પોતે કરેલા વિશ્વાસઘાતનો ખેદ અનુભવ્યો. આ સાંભળી ચકિત થયેલા રાજાએ પૂછ્યું, ''હે પુત્રી! તેં ગામમાં રહીને અરણ્યમાં બનેલી ઘટના કઈ રીતે જાણી?'' ત્યારે શારદાનંદને શ્લોકમાં મૂળવાત જણાવી.

**''देवगुरु प्रसादेन जिह्वाग्रे मे सरस्वती।**

**तेनाहं नृप! जानामि भानुमत्यास्तिलं यथा।।**

હે રાજન્! દેવ, ગુરુની કૃપાથી મારી જીભના અગ્રભાગમાં સરસ્વતીનો વાસ છે તેથી હું ભાનુમતીના જાંઘના (સાથળના) તલની જેમ (પ્રત્યક્ષ ન જોયા છતાં) બધું જાણી શકું છું.''

રાજાને વિશ્વાસ થયો કે, આ શારદાનંદ જ છે. રાજાએ પડદો હટાવ્યો. પડદા પાછળ રહેલા શારદાનંદનને જોઈ રાજા ભેટી પડયા. રાજાએ પોતાની ભૂલની ક્ષમા માંગી. સન્માનપૂર્વ તેમને મહેલમાં લાવ્યા. રાજાએ ગુરુને ઘણું ધન આપી પ્રસન્ન કર્યા.

દાન આપવાથી આપત્તિઓનું નિરાહરણ થાય છે. વ્યવહારિક જગતમાં નિહાળીએ તો મૃત્યુની શય્યા પર સૂતેલો માનવ દુ:ખી થતો હોય ત્યારે સ્વજનો તેને ધરમ (દાન) સંભળાવે છે એટલે કે તેની પાછળ દાન-પુણ્ય કરે છે; જેથી અંતિમ પળોમાં જીવ સદ્ગતિને પામે. પ્રસ્તુત કથાનકમાં શારદાનંદન ગુરુએ રાજકુમારની સ્વસ્થતા માટે રાજાને દાનની સૂચના - સલાહ આપી. કહેવત છે કે, 'પુણ્યથી પાપ નાસે છે.'

**વીરભદ્ર** : (ત્રિષષ્ઠી શ. પર્વ- ૬; શ્રી અરનાથ ચરિત્ર)

**ભગવાન અરનાથ** ગ્રામાનુગ્રામ વિચરણ કરી **પદ્મિનીખંડ** નગરના ઉદાનમાં ઉપસ્થિત થયાં. ત્યાં સમવસરણયાં ભગવાને દેશના આપી. તેમની દેશના પૂર્ણ થયા પછી **ગણધર કુંભ સ્વામી**એ સંદેહોનું નિરાકરણ કરવાવાળી દેશના આપી. દેશનાના સમયે એક વામન વ્યકિત સાથે **શ્રેષ્ઠી સાગરદત્ત** આવ્યા અને દેશના શ્રવણ કરવા લાગ્યા. દેશનાના અંતે સાગરદત્ત શ્રેષ્ઠીએ બે હાથ જોડી ગણધર ભગવંતને પ્રણામ કરી પૂછ્યું, ''ભગવન્! આ સંસાર દુ:ખથી ભરેલો છે. અહીં એક પણ જણ સુખી નથી, વિશેષ કરીને હું. મને કોઈ સુખ નથી. મારી પત્ની **જિનમતિ**એ **પ્રિયદર્શના** નામની કન્યાને જન્મ આપ્યો. તે દેવલોકની દેવી જેવી સુંદર હતી. તે સર્વ કલાઓમાં નિપુણ હતી.

યૌવન વયે મેં **તામ્રલિપ્તિ**ના ધનિક વણિક **ઋષભદત્ત**ના સુંદર, સુશીલ અને તરુણ પુત્ર **વીરભદ્ર** સાથે મારી પુત્રીના વિવાહ કર્યા. આ વીરભદ્ર કલાપ્રેમી હતો. તે કાવ્ય રચનામાં શુક, વાગ્મિતામાં બૃહસ્પતિ, શિષ્યમાં વર્દ્ધકી, સંગીત અને વીણાવાદનમાં પારંગત હતો. તે દેવોની જેમ ગુટિકા ભક્ષણ કરી રૂપ પરિવર્તન

કરી શકતો હતો. તે સર્વ કલાઓમાં પાવરધો હતો.

કેટલોક કાળ શ્વસુર ગૃહે રહી સ્વાભિમાની વીરભદ્ર પોતાની પત્ની સાથે સ્વદેશ જતો રહ્યો. એક દિવસ મેં સાંભળ્યું કે, તે રાત્રિના શેષ કાળમાં મારી નિદ્રિત કન્યાનો ત્યાગ કરી અન્યત્ર ચાલ્યો ગયો. હું તે દુ:ખથી દુ:ખી છું. આ વામન કંઈક સમાચાર લઈને આવ્યો છે પરંતુ તે ઠીકથી મને સમજાવી શકતો નથી. હે ભગવન્! યથાર્થ સ્થિતિ શું છે ? તે સમજાવો.''

અનુકંપાના અવતાર કુંભ ગણધરે સાગરદત્ત શ્રેષ્ઠીને કહ્યું, ''એ રાત્રિએ તમારા જમાઈએ વિચાર્યું કે, 'હું કલાવિદ અને મંત્રવિદ છું. આશ્ચર્યકારક દિવ્ય ગુટિકાઓનો પ્રયોગ જાણું છું અને સર્વ શિલ્પકળાઓમાં પારંગત છું પરંતુ તેનું પ્રદર્શન અહીં કરી શકતો નથી અને મારા પરાક્રમને વ્યક્ત કરી શકતો નથી તેથી મને ધિક્કાર છે ! હું કૂપમંડૂકની જેમ સીમિત સ્થાનમાં અહીં રહું છું. અત: હું અન્યત્ર જઈ મારું પરાક્રમ દેખાડું.' આવો વિચાર કરી તે બેઠો થયો. ત્યાં વિચાર્યું, 'જો મારી પત્ની ઢોંગ કરી નિદ્રા સૂતેલીમાં હશે તો મને અટકાવશે' તેથી તેને જગાડી પરંતુ તે બોલી, 'મારું માથું દુ:ખે છે, મને હેરાન ન કરો.' વીરભદ્રે કહ્યું, 'તારું માથું દુ:ખે છે એમાં કોનો દોષ છે ?' પ્રિયદર્શનાએ કહ્યું, 'તમારો. રાત્રિના અંતિમ પ્રહરમાં તમે જે કંઈ બોલો છો. તેના કારણે માથું દુ:ખે છે.'' વીરભદ્રે કહ્યું, 'હવે હું તને ક્યારેય દુ:ખી નહીં કરું.' પ્રિયદર્શના પુન: સૂઈ ગઈ.

ઉદ્દેશ્યમૂલક ભાવથી તેમ કહી વીરભદ્ર ઘર છોડી ચાલ્યો ગયો. તેણે ગુટિકા ભક્ષણ કરી સ્વયંને કૃષ્ણવર્ણીય બનાવ્યો. તેનું રૂપ બદલાઈ ગયું. તે ગ્રામાનુગ્રામ ભમવા લાગ્યો. પોતાના કલા-કૌશલથી સ્વયંને શ્રેષ્ઠ પ્રતિપાદિત કરવા લાગ્યો. પ્રિયદર્શના સાસરેથી પિયર આવી કારણકે સ્વામી વિના અન્યત્ર રહેવું કુળવાન સ્ત્રી માટે ઉચિત ન હતું.

વીરભદ્ર ફરતો ફરતો **સિંહલદ્વીપ**ના **રત્નપુર** નગરમાં આવ્યો. ત્યાં **રત્નાકર** નામના રાજા રાજ્ય કરતા હતા. તે નગરના **શંખ** શ્રેષ્ઠીની દુકાને જઈ વીરભદ્ર બેઠો. શ્રેષ્ઠીએ પરદેશી જાણી પૂછતાછ કરી. તેણે પોતાની કથની કહી. દયાળુ શંખ શ્રેષ્ઠીએ તેને પોતાના પુત્ર જેવો ગણી પોતાના ઘરે આસરો આપ્યો. તેને કહ્યું, 'મારો કોઈ પુત્ર નથી. આજથી તું જ મારો પુત્ર છે. મારી અતુલ સંપત્તિનો આજથી તું અધિકારી છે.' વીરભદ્રે કહ્યું, 'આજથી હું આપનો ધર્મપુત્ર છું.' વીરભદ્ર શ્રેષ્ઠીને ત્યાં સુખેથી રહેવા લાગ્યો. થોડા જ દિવસોમાં તેણે પોતાની કલા અને શિલ્પથી નગરજનોનાં હૃદય જીતી લીધાં. તે લોકપ્રિય બન્યો.

રાજા રત્નાકરની **અનંગસુંદરી** નામની એક માત્ર કન્યા હતી. તે પુરુષ દ્વેષી હતી. શંખ શ્રેષ્ઠીની પણ **વિનયવતી** નામની સુશીલ કન્યા હતી. તે પ્રતિદિન અનંગસુંદરીના મહેલે જતી. અનંગસુંદરી તેની સખી હતી. એક દિવસ વીરભદ્રે વિનયવતી પાસેથી અનંગસુંદરીનો પરિચય જાણ્યો. અનંગસુંદરીએ વીણાવાદન અને સંગીતનો જબરો શોખ છે, તેવું જાણી વીરભદ્રએ કહ્યું, 'હું પણ તમારી સાથે તમારી સખી પાસે આવીશ.' વિનયવતીએ કહ્યું, 'ત્યાં પુરુષોનો નિષેધ છે.' વીરભદ્રએ કહ્યું, 'હું સ્ત્રીવેશમાં આવીશ.' કુશળ નટની જેમ વીરભદ્રે સ્ત્રીવેશ ધારણ કર્યો. વિનયવતી તેને અનંગસુંદરી પાસે લઈ ગઈ. અનંગસુંદરીએ તેને જોઈ પૂછ્યું, 'સખી ! તારી સાથે કોણ આવ્યું છે ?' વિનયવતીએ કહ્યું, 'મારી બહેન છે.'

અનંગસુંદરી ચિત્રપટ પર હંસીનું ચિત્ર અંકિત કરી રહી હતી. આ ચિત્ર જોઈ વીરભદ્રે કહ્યું, 'તમે વિરહણીની વેદના ચિત્રમાં ઉપસાવવા માંગો છો પરંતુ તેની આંખોમાં તેવા ભાવ નથી.' આ સાંભળી અનંગસુંદરીએ પટ, રંગ, તૂલિકા વીરભદ્રને સોંપતાં કહ્યું, 'તો તમે જ આંકિત કરીને બતાવો.' વીરભદ્રએ

ભાવાભિવ્યક્તિ સહિત અલ્પ સમયમાં ચિત્ર દોરી અનંગસુંદરીને આપ્યું.

ચિત્ર જોઈ અનંગસુંદરી ખુશ થઈ ગઈ. આબેહૂબ વિરહણી હંસીનું ચિત્ર હતું. તે ચિત્ર જોઈ વર્ણન કરવાની આવશ્યક્તા પણ ન હતી. તેણીએ પૂછયું, 'સખી ! તારી બહેનને કેમ અહીં ક્યારેય નથી લાવી ? તેની કલાને કેમ ઘરમાં જ છુપાવીને રાખી છે ?' વીરભદ્રે કહ્યું, 'ગુરુજનોનાં ભયથી મારી બહેન મને અહીં નથી લાવી.' અનંગસુંદરીએ સખીને કહ્યું, 'તારી બહેન સાથે તું રોજ અહીં આવજે.' વીરભદ્રએ રાજકુમારીને પોતાનું નામ **વીરમતી** જણાવ્યું.

બીજે દિવસે વીરભદ્રએ અનંગસુંદરીને વીણાવાદનથી પ્રભાવિત કરી. રાજકુમારીની વીણાના મધ્ય-ભાગમાં વાળ ભરાઈ જવાથી શુદ્ધ સ્વર નીકળતો ન હતો. વીરભદ્રએ વીણાના તાર ખોલી વાળ દૂર કર્યો. હવે અધિક સુંદર રાગ સાંભળાવા લાગ્યો. અનંગસુંદરી અને તેની પરિચારિકા મુગ્ધ બની ગઈ. આમ, વીરભદ્રએ સમયે સમયે અન્ય કલાઓનો પરિચય આપી રાજકુંવરીના હૃદય પર આધિપત્ય જમાવ્યું.

જ્યારે વીરભદ્રને વિશ્વાસ બેઠો કે, અનંગસુંદરી નિશ્ચિત રૂપથી પોતાના પર આસક્ત બની ચૂકી છે ત્યારે તેણે એક દિવસ શ્રેષ્ઠીને ગુપ્ત રીતે કહ્યું કે, ''હું વિનયવતી સાથે સ્ત્રી વેશમાં અનંગસુંદરીના રાજમહેલમાં ઘણી વાર ગયો છું પરંતુ મેં કોઈ અનુચિત કાર્ય કર્યું નથી. રાજા જો પોતાની કન્યા મને આપવા ઈચ્છતા હોય, તો તમે તરત હા ન પાડજો.' શેઠે કહ્યું, 'હું રાજાને વાત કરું અને તું ક્યાંક વિપદામાં ન પડે તેનો મને ભય છે.' વીરભદ્રએ કહ્યું, 'પિતાજી ! મારી યોગ્યતાનો શીઘ્ર તમને પરિચય થશે. તમે નિશ્ચિંત રહો.'

રાજા રત્નાકરની સભામાં લોકમુખે શંખ શ્રેષ્ઠીના ઘરે આવેલા નવયુવકની વાતો થઈ રહી હતી. લોકો તેની કલાની પ્રશંસા કરતાં થાકતાં ન હતાં. તેના રૂપ અને ગુણ જોઈ લોકો તેને ઉચ્ચકુળનો નબીરો ધારતા હતા. રાજાએ આ વાત સાંભળી મનોમન વિચાર્યું, 'મારી કન્યા સાથે આ સુશીલ કુમારના લગ્ન થઈ જાય તો સારું.'

અહીં યોગ્ય અવસર મળતાં વીરભદ્રએ અનંગસુંદરીને કહ્યું, 'તું શા માટે વિવાહ નથી કરતી ?' તેણીએ કહ્યું, 'કલાહીન અને દુર્ગુણ પતિથી તો યુવતી અવિવાહિત રહે તે જ વધુ યોગ્ય છે. સખી ! હું અત્યાર સુધી મારા માટે યોગ્ય વર શોધી શકી નથી.કલાહિન સાથે વિવાહ કરી શા માટે જગતમાં હાસ્યાસ્પદ બનવું જોઈએ ?' વીરભદ્રએ કહ્યું, 'બહુ રત્ના વસુંધરા ! શું આ પૃથ્વી પર રત્નોનો અભાવ છે ? ના. તો તારાથી વધુ કલાવિદ વર આ પૃથ્વી પર નથી; તેવું કહેવું અયોગ્ય છે. હું આજે જ તારા માટે યોગ્ય વરને શોધી લાવીશ.' અનંગસુંદરીએ કહ્યું, 'કોણ છે, જે મારી કલા, યૌવન અને સૌંદર્યને તૃપ્ત કરી શકે ?' હવે વીરભદ્રએ પોતાનો અસલ પરિચય આપ્યો. અનંગસુંદરીએ કહ્યું, 'તમે જ મારા સ્વામી છો.' વીરભદ્રએ ભલામણ કરતાં કહ્યું, 'હું હવે અહીં નહીં આવીશ. તું તારા પિતાને વિનંતી કર કે , શંખ શ્રેષ્ઠીને બોલાવી કહો કે વીરભદ્રને હું અનંગ-સુંદરીનો હાથ આપવા માંગું છું.' અનંગસુંદરી સમ્મત થઈ ગઈ. વીરભદ્ર સ્વસ્થાને આવ્યો.

અનંગસુંદરીએ પોતાની માતાને સર્વ હકીકત જણાવી. રાણીએ ખુશ થઈ રાજાને સમાચાર આપ્યા. શંખ શ્રેષ્ઠીના પુત્ર સમાન વીરભદ્ર અને અનંગસુંદરીના ધામધૂમથી વિવાહ થયા. જૈન ધર્મનું જ્ઞાન આપી વીરભદ્રે અનંગસુંદરીને જૈન શ્રાવિકા બનાવી દીધી.

એક દિવસ અનંગસુંદરીની પરીક્ષા કરવા વીરભદ્રે કહ્યું, 'તારાથી અધિક પ્રિય મને કોઈ નથી પરંતુ તને છોડી મારે એકવાર સ્વદેશ જવું પડશે. મારા માતા-પિતાનો મને લાંબા સમયથી વિયોગ થયો છે. તું

અહીં જ રહે. હું થોડા દિવસમાં પાછો આવીશ.' અનંગસુંદરી બેબાકળી બની બોલી, 'વિયોગ શબ્દ સાંભળવા માત્રથી મારા પ્રાણ ચાલ્યા જશે. તમે અત્યંત કઠોર થઈ ગયા છો.' વીરભદ્રએ તેને શાંત કરતાં કહ્યું, 'પ્રિયે ! તને સાથે લઈ જવા માટે મેં આ વાત કરી હતી. હું તને ચકાસી રહ્યો હતો.'

વીરભદ્ર અનંગસુંદરીને લઈને સમુદ્રમાર્ગે સ્વદેશ જવા નીકળ્યો. તેઓ જહાજમાં બેઠાં. જહાજ દ્રુત ગતિથી આગળ જઈ રહ્યું હતું. ત્યાં દરિયામાં ભયંકર તોફાન આવ્યું. જહાજ પહાડ સાથે ટકરાઈને ચૂર ચૂર થઈ ગયું. અનંગસુંદરીને લાકડાનું પાટિયું હાથવગું થયું. તે પાંચ દિવસ અને પાંચ રાત્રિ સમુદ્રમાં પ્રવાહિત થઈ કિનારે પહોંચી. ત્યાં અરણ્ય હતું. અન્ન-પાણી વિના તે મૂર્છિત થઈ. કોઈ દયાળુ તરુણ તાપસ તેને પોતાના આશ્રમમાં લઈ આવ્યો. તાપસોની પરિચર્યાથી તેણી શીઘ્ર સ્વસ્થ થઈ. તેનું રૂપ તરુણ તાપસોમાં બાધક ન બને તે હેતુથી કુલપતિએ તેને પદ્મિનીખંડમાં મોકલી. વૃદ્ધ તાપસ સાથે તે પદ્મિનીખંડમાં આવી. તાપસ તેને મૂકી જતો રહ્યો.

તેણીએ નગર પ્રવેશ કર્યો. **સુવ્રતા** સાધ્વીજીને સ્થંડિલ ભૂમિમાં જતાં જોયાં. તેમને પૂજ્ય સમજી તે ત્યાં ગઈ. પછી તેમની સાથે ઉપાશ્રયમાં આવી. ત્યાં તમારી પુત્રી પ્રિયદર્શના પણ હતી. તેણે પોતાનો સમસ્ત ઈતિવૃત્ત સંભળાવ્યો. પ્રિયદર્શનાએ કહ્યું, 'સુશ્રી, કલા સંબંધી જે વાતો સાંભળી તેથી એવું લાગે છે કે, 'તે મારા પતિ વીરભદ્ર જ છે પરંતુ તમે તેમના શરીરનો કૃષ્ણ વર્ણ કહ્યો, તે મારા સ્વામીથી મળતો નથી.' હવે સાધ્વીજીના કહેવાથી પ્રિયદર્શના અને અનંગસુંદરી સ્વધર્મી હોવાથી સાથે રહેવા લાગી.

આ બાજુ વીરભદ્રને કાષ્ટ ફલક મળ્યું. તે સમુદ્રમાં તરવા લાગ્યો ત્યારે **રતિવલ્લભ** નામના વિદ્યાધરે તેને જોયો. તેને **વૈતાઢ્ય** પર્વત પર લઈ ગયો. સ્વયં પુત્રહીન હતો. તેણે પોતાની પત્ની **રત્ન-મંજૂષાને** પુત્રના રૂપમાં સોંપ્યો. વીરભદ્રએ પોતાનો વૃત્તાંત જણાવી કહ્યું, 'આ સમુદ્રના તોફાનમાં અનંગસુંદરીનું શું થયું હશે ?' વિદ્યાધરે આભોગિની વિદ્યા દ્વારા સમસ્ત તથ્ય અવગત કરી કહ્યું, 'તારી બન્ને પત્નીઓ સુવ્રતા સાધ્વીજી પાસે ઉપાશ્રયમાં ધર્મારાધના કરી રહી છે.' બન્ને પત્નીઓની કુશળતા સાંભળી તેને હૃદયમાં ધરપત થઈ. વીરભદ્ર પુનઃ ગુટિકાના માધ્યમે ગૌરવર્ણ થયો. વેદવતી અને રતિવલ્લભની કન્યા **રત્નપ્રભા** સાથે વિવાહ કર્યા. વીરભદ્રે પોતાનું અસલ નામ છુપાવી **બુદ્ધદાસ** રાખ્યું હતું. રત્નપ્રભા સાથે સાંસારિક સુખો ભોગવવા લાગ્યો.

એક દિવસ બુદ્ધદાસ પત્ની સાથે ફરવા ગયો. વિદ્યાના બળે તે સુવ્રતા સાધ્વીજીના ઉપાશ્રયની સન્મુખ ઉપસ્થિત થયો. વીરભદ્રે કહ્યું, 'હું પાણી પીને આવું છું.' એમ કહી તેને છોડી થોડા આગળ જઈ આડો ઉભો રહી ગુપ્તચરની જેમ તેની ઉપર નજર રાખી. ઘણો સમય પસાર થવા છતાં બુદ્ધદાસ ન આવ્યો ત્યારે તે જોરજોરથી રડવા લાગી. તેનું કરુણ આક્રંદ સાંભળી સાધ્વી પ્રમુખા સુવ્રતાજી બહાર આવ્યા. તેમણે રત્નપ્રભાને રડવાનું કારણ પૂછયું. રત્નપ્રભાએ સર્વ હકીકત જણાવી.

સુવ્રતા સાધ્વીજીએ તેને કહ્યું, 'જ્યાં સુધી તમારા પતિ પાણી પીને આવે નહીં ત્યાં સુધી આ ઉપાશ્રયમાં રહો.' તે સાધ્વીજી સાથે ઉપાશ્રયમાં ગઈ. વીરભદ્રએ આ જોયું. તે નિશ્ચિંત બની ગયો. હવે તે વામનનું રૂપ બનાવી કલાનું પ્રદર્શન કરતો નગરમાં ફરવા લાગ્યો. રાજા **ઈશાનચંદ્ર** તેની કલા ઉપર આફરીન થયો.

અહીં અનંગસુંદરી અને પ્રિયદર્શનાએ રત્નપ્રભાને પૂછયું, 'તારો પતિ દેખાવમાં કેવો છે ?'

રત્નપ્રભાએ કહ્યું, 'તેઓ સિંહલદ્વીપના રહેવાસી છે. ગૌરવર્ણીય, સમસ્ત કલાના નિધાન અને રૂપમાં કામદેવ જેવા છે. તેમનું નામ બુદ્ધદાસ છે.' પ્રિયદર્શના અને અનંગસુંદરીએ કહ્યું, 'મારો પતિ પણ એવો જ છે. ફક્ત નામ અને વર્ણ જુદા છે.' પોતાના પતિનો કોઈ પત્તો ન લાગતાં ત્રણે બહેનોની જેમ ઉપાશ્રયમાં તપ અને સ્વાધ્યાયમાં સમય વ્યતીત કરવા લાગી. છદ્મવેશી વામન પ્રતિદિન ત્યાં આવી પોતાની પત્નીઓને જોઈ જતો. તેમને શીલવાન જોઈને તે આનંદિત થતો.

રાજા ઈશાનેન્દ્રને કાને સમાચાર મળ્યા કે, 'સાધ્વી સુવ્રતાજી સાથે સુંદર અને સુશીલ સ્ત્રીઓ રહે છે. તેઓ કોઈની સાથે વાતો કરતી નથી.' રાજસભામાં રહેલા વામને કહ્યું, 'હું તેમને બોલતી કરીશ.' કુતૂહલપ્રિય રાજાએ મંજૂરી આપી.

તે મંત્રી, રાજકર્મચારી તથા કેટલાક નગરજનો સાથે ઉપાશ્રયમાં આવ્યો. તે પૂર્વે તેણે મિત્રોને કહ્યું કે, 'તમે મને કથા-વાર્તા સંભળાવવાનું કહેજો.' તદુપરાંત મિત્રો સાથે સાધ્વીજી પાસે ગયો. વંદન કરી ઉપાશ્રયમાં બેઠા. ત્યાં ત્રણે પત્નીઓ તેને જોવા આવી. મિત્રોએ સ્વાનુભવ સંબંધી કથા સંભળાવવાનું કહ્યું.

વામને કહ્યું, 'સાંભળો. આ ભરતક્ષેત્રમાં તામ્રલિપ્ત નગરીમાં ઋષભદત્ત નામનો ગુણવાન વણિક રહે છે. એકવાર તે પદ્મિનીખંડ નગરમાં ગયા. ત્યાં સાગરદત્ત શેઠની કન્યા પ્રિયદર્શનાને જોઈ. તેની સાથે પોતાના પુત્ર વીરભદ્રના વિવાહ કરાવ્યા. એક રાત્રિએ વીરભદ્રે સૂતેલી પ્રિયદર્શનાને જગાડી. તેણે ગુસ્સામાં કહ્યું, મારું માથું દુઃખે છે, મને હેરાન ન કરો. વીરભદ્રએ કહ્યું, સારું! હવેથી હું તને અધિક હેરાન નહીં કરું. એમ કહી વીરભદ્ર નગર છોડી અન્યત્ર ચાલ્યો ગયો.'

આમ કહી વામન ઝડપથી ઊભો થયો. તેણે કહ્યું, 'અરે! રાજસભામાં જવાનો સમય થઈ ગયો છે.' ત્યાં પ્રિયદર્શનાએ પૂછ્યું, 'એ વીરભદ્ર હમણાં ક્યાં છે? તમે તો એને જરૂરથી જાણતા જ હશો?' વામને કહ્યું, 'હું પરસ્ત્રી સાથે વાત કરતો નથી.' પ્રિયદર્શનાએ કહ્યું, 'કુલીન વ્યક્તિઓ નમ્રભાવે ઉત્તર આપે છે.' વામને કહ્યું, 'હું તમને ઉત્તર કાલે આપીશ.' આટલી વાત રાજપુરુષોએ રાજાને કહી.

બીજે દિવસે પુનઃ વામને ઉત્સુક જનોની જિજ્ઞાસા સંતોષવા આગળની કથા કહી. 'વીરભદ્રએ ગુટિકાથી પોતાનું રૂપ પરિવર્તન કર્યું. તે કૃષ્ણ વર્ણનો થયો. વિભિન્ન દેશોમાં પરિભ્રમણ કરી સિંહલદ્વીપ પહોંચ્યો. વીરભદ્ર શંખ શ્રેષ્ઠીને ત્યાં રહ્યો. શ્રેષ્ઠી પુત્રીથી રાજકન્યા અનંગસુંદરી સાથે પરિચય થયો. તેની કલાથી અનંગસુંદરી મુગ્ધ બની. તેના કહેવાથી રાજાએ વીરભદ્ર સાથે તેના વિવાહ કરાવ્યા. ત્યાં ઘણાં દિવસો સુખપૂર્વક પસાર કરી તામ્રલિપ્ત પાછા ફરતા હતા. ત્યાં વહાણ તૂટયું.' આટલી કથા કહી વામન 'રાજસભામાં જવાનો સમય થઈ ગયો છે,' એમ કહી ઊભો થયો. ત્યાં અનંગસુંદરીએ પૂછ્યું, 'વીરભદ્ર હમણાં ક્યાં છે?' 'કાલે કહીશ,' એમ કહી વામન રાજપ્રાસાદ છોડી ચાલ્યો ગયો.

ત્રીજા દિવસે પુનઃ ઉપાશ્રયમાં તે આવ્યો. તેણે કથાનો દોર આગળ ધપાવતાં કહ્યું, 'જહાજ તૂટયું એટલે વીરભદ્ર સમુદ્રમાં પડયો. ત્યાં લાકડાનું પાટિયું તેને મળ્યું. તેના સહારે સમુદ્ર તરતો હતો ત્યાં વિદ્યાધરપતિ રતિવલ્લભે તેને જોયો. તેને બહાર કાઢી પોતાના આવાસે વૈતાઢય પર્વત પર લઈ ગયો. વીરભદ્ર ગુટિકાની મદદથી કૃષ્ણવર્ણ છોડી ગૌરવર્ણ બન્યો. તેણે પોતાનું નામ બદલી બુદ્ધદાસ રાખ્યું. રતિવલ્લભે તેની કલાથી ખુશ થઈ પોતાની બહેન રત્નપ્રભાના વિવાહ તેની સાથે કર્યા. એક દિવસ બુદ્ધદાસ રત્નપ્રભાને લઈ પદ્મિનીખંડ તરફ ફરવા નીકળ્યો. ત્યાં પાણી પીને આવું છું; એમ કહી પત્નીને ઉપાશ્રયની સામે મૂકી અન્યત્ર

ચાલ્યો ગયો.' આટલું કહી વામન ઊભો થઈ ગયો ત્યાં રત્નપ્રભાએ કહ્યું, 'વામનજી ! બુદ્ધદાસ ક્યાં છે ?' 'કાલે જણાવીશ;' એમ કહી તે ચાલ્યો ગયો.

આ કથા સાંભળી પ્રિયદર્શના, અનંગસુંદરી અને રત્નપ્રભા ખૂબ પ્રસન્ન થઈ કેમકે, એમનો પતિ એક જ છે, એવી ખબર પડી.''

ત્યાં ગણધર કુંભે સાગર શ્રેષ્ઠીને કહ્યું, ''શ્રેષ્ઠી ! આ વામન જ તમારો જમાઈ છે; ત્રણે કન્યાઓનો પતિ છે. કુતૂહલવશ તે તેમને છોડી ચાલ્યો ગયો હતો.''

હવે શ્રેષ્ઠી સાગરદત્ત વામનને લઈ ઉપાશ્રયમાં આવ્યા. તેમણે કહ્યું, ''આ તમારા ત્રણેનો પતિ છે.'' વામને પોતાનું વામન રૂપ ત્યાગી દીધું. અનંગસુંદરીએ તેને ઓળખી લીધો પછી કૃષ્ણરંગનો ત્યાગ કર્યો એટલે પ્રિયદર્શનાને પતિનો પરિચય થયો. ત્રણે પત્નીઓને મળ્યો.

સુવ્રતા સાધ્વીજીએ વીરભદ્રને પૂછયું, ''તમે આમ શા માટે કર્યું ?'' વીરભદ્રે કહ્યું, 'કૌતુક માટે.' સાધ્વજીએ કહ્યું, ''પુણ્યવાન વિદેશમાં પણ સુખી થાય છે કારણકે આ સુખ સુપાત્રદાનનું ફળ છે. શ્રી અરનાથ સ્વામી જ બતાવી શકશે કે વીરભદ્રે કયા સત્પાત્રને દાન આપ્યું હતું ?''

વીરભદ્ર પોતાની પત્નીઓ અને સુવ્રતા સાધ્વી સાથે શ્રી અરનાથ સ્વામી પાસે આવ્યા. સુવ્રતા સાધ્વીએ પૂછયું, ''ભગવન્! વીરભદ્રએ પૂર્વભવમાં શું સુકૃત્ય કર્યું હતું, જેથી આ જન્મમાં તેને સુખ મળ્યું ?'' શ્રી અરનાથ પ્રભુએ કહ્યું, ''આ ભવથી આગળના ત્રીજા ભવમાં હું **વિદેહ**ના **રત્નપુર** રાજ્યનો ત્યાગ કરી દીક્ષિત થયો ત્યારે તે સમયે **જિનદાસ** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેણે માસક્ષમણના પારણે પધારેલા તપસ્વી મુનિરાજને વર્ધમાન પરિણામે પરમાન્ન (ખીર)નું દાન આપ્યું હતું તેથી રિદ્ધિ-સિદ્ધિનો સ્વામી બન્યો છે. તે મુનિરાજ હું પોતે જ છું. તે પુણ્યના ફળ સ્વરૂપે **બ્રહ્મ દેવલોક**માં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી **જંબુદ્વીપ**ના **ઐરાવત ક્ષેત્ર**માં એક વણિક શ્રાવકના રૂપમાં જન્મ્યો. વ્રતોનું નિષ્ઠાપૂર્વક પાલન કરી ત્યાંનું આયુષ્ય શેષ થતાં વર્તમાનમાં વીરભદ્રના રૂપમાં જન્મ ગ્રહણ કર્યું છે.પુણ્યાનુબંધી પુણ્યના કારણે તેણે આ જન્મમાં અપાર સંપત્તિ પ્રાપ્ત કરી છે. અહીંનું આયુષ્ય પૂર્ણ કરી તે દેવલોકમાં જશે.''

**વીરમતિ - મમ્મણ :** (અમમ ચરિત્ર; દમયંતી ચરિત્ર)

**દમયંતી**એ **યશોભદ્ર** કેવળીને પૂછયું, ''ભગવન્! કયા કર્મથી મને રાજકુળમાં જન્મ મળ્યો અને કયા કર્મથી વિરહ વેઠવો પડયો ?'' યશોભદ્ર સૂરિએ દમયંતીના પૂર્વ જન્મની વીતક કથા કહી ત્યારે કાન સરવા કરી તેણી સાંભળવા બેઠી.

**ભરતક્ષેત્ર**માં **સંગરપુર** નામનું નગર હતું. ત્યાં **મમ્મણ** (નળનો જીવ) નામના રાજા અને તેની **વીરમતિ** (દમયંતીનો જીવ) નામની રાણી હતી. રાજા-રાણીને શિકાર પ્રત્યે ભારે પ્રીતિ હતી. તેમનું જીવન પાપથી ખરડાયેલું હોવાથી ભાવિ અંધકારમય બની ચૂક્યું હતું, છતાં ભાગ્યની એક ઉજળી બાજુ એ હતી કે, અષ્ટાપદ તીર્થની નજીકના પ્રદેશમાં તેઓ જન્મ્યા હતા. એથી યાત્રાળુઓના દર્શનનો લાભ એમને સહેજે મળતો રહેતો.

રાજા મમ્મણ અને રાણી વીરમતિ એક દિવસ શિકાર ખેલવા નીકળ્યાં. તેઓ થોડે દૂર ગયાં, ત્યાં એક જૈન મુનિનાં દર્શન થયા. મુનિદર્શન સારામાં સારું શકુન હોવા છતાં મિથ્યાદષ્ટિ રાજા-રાણીએ મુનિઓને

અપશુકન દષ્ટિથી જોયા. એમનું ભાવિ જ વાંકું હોવાથી એમને એવી દુર્બુદ્ધિ સૂઝી. અવળી મતિવાળા રાજા-રાણીએ મુનિ દર્શન અપશુકન તો ગણ્યું જ,તદુપરાંત વધારામાં એ મુનિઓને મશ્કરીનું પાત્ર બનાવવાની ગોઝારી દુર્બુદ્ધિએ એમને ભાન ભૂલાવ્યું. શિકારની લતને બાજુએ મૂકી તેમણે મુનિને પકડયા. મુનિને મહેલમાં લાવ્યા. તેમને મૂંડિયા ગણતાં આતતાયી રાજા-રાણીએ બાર ઘડી સુધી અધર્મમાં આળોટી મુનિને રમકડું ગણી એવી રમત રમ્યા કે, એ મુનિ જૈન શ્રમણ ન હોત, તો શ્રાપ આપ્યા વિના ન રહેત ! તેમને ભોંયભેગા કરત !

ભારે કનડગત કર્યા પછી પણ ધર્માત્મા મુનિનો ધર્મપાલનનો અતિરેક (શાંત-પ્રશાંત) જોઈ રાજા-રાણી કંઈક વિચારમગ્ન બન્યાં. એમને વિચાર આવ્યો કે, 'જેની શીતલતા સર્વત્ર સુપ્રસિદ્ધ છે, એવું ચંદનકાષ્ટ પણ ઘર્ષણની પળોમાં અગ્નિનાં તણખા વેર્યા વિના રહેતું નથી પરંતુ આ મુનિની શીતલતા ચંદનથી પણ ચડિયાતી ગણાય. ઓહ! મારાથી મોટી ભૂલ થઈ ગઈ કે, આવા શ્રમણને મેં મશ્કરીના પાત્ર બનાવ્યા. રાજા રાણીની આંખ પશ્ચાતાપથી ભીની બની.

તેમણે નમ્ર બનીને મુનિને પૂછયું, "આપ ક્યાંથી આવ્યા છો ? અને કઈ બાજુ જવાનું હતું ? અમે ખરેખર! ચાતરીને આપની સાથે રમકડા જેવો દુર્વ્યવહાર કર્યો, એ અમારા અંતરને લોહશલ્ય બનીને ડંખે છે." ક્ષમાનિધિ મુનિએ શાંતિથી કહ્યું, "રાજન્! રોહિતકપુરથી અષ્ટાપદ તરફ જતાં સાર્થ સાથે હું જોડાયો હતો. ભાગ્ય હીનતાથી હું સાર્થથી છૂટો પડયો. એમાં વચ્ચે આટલું વિઘ્ન (કષ્ટ) આવ્યું, એનું મને દુઃખ નથી પરંતુ તમને મારા નિમિત્તે કર્મ બંધ થયો, એ બદલ દિલ જરૂર ડંખ અનુભવે છે."

રાજા-રાણી ધ્રૂસકે ધ્રૂસકે રડતાં મુનિ સમક્ષ ક્ષમા યાચના કરવા લાગ્યાં. એમને સાંત્વના આપતાં મુનિએ કહ્યું, "રાજન્! જો તમારું દિલ ખરેખર આઘાત જ અનુભવતું હોય અને તમે મને સંતોષ પમાડવા ઈચ્છતા હો તો જીવનમાં ધર્મની ગૂઢ ગૂંથણી કરો. અધર્મનો બહિષ્કાર કરો. સ્ત્રીસંગ, જુગાર, શિકારની ટેવ, મદિરાપાન આ ચાર વ્યસનો કામવૃત્તિથી પેદા થાય છે. એનાથી રાજા અને રાજ્યલક્ષ્મી નષ્ટ થાય છે."

રાજા-રાણીએ બાળકની અદાથી પૂછયું, "ભગવંત્! ધર્મ અને અધર્મ કોને કહેવાય ?" મુનિએ કહ્યું, "પોતાની જાત માટે માણસ સામેથી જેવા વર્તાવની ઈચ્છા રાખે એ ધર્મ અને જેવી વર્તણૂક ન ઈચ્છે એ અધર્મ! અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ એ ધર્મ છે." રાજા-રાણીને વિસ્તારથી મુનિરાજે ધર્મ સંભળાવ્યો. રાજા-રાણીનું ભાવિ ભવ્ય હશે તેથી મુનિનું ધર્મદાન લઈ તેમનું જીવન પ્રસન્નતામાં પલટાઈ ગયું. પાપી જીવનને તિલાંજલિ આપી પ્રતિજ્ઞાબદ્ધ બનાવવાની રાજા-રાણીની તૈયારી જોઈ મુનિરાજની પ્રસન્નતા ચાર ગણી વધી ગઈ. રાજા-રાણીએ સમ્યક્ત્વ સહિત શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. મુનિરાજો સાર્થ સાથે ચાલ્યા ગયા.

હવે દંપતી નખ-શિખ શ્રાવક બન્યા. રાજા-રાણી સમાધિપૂર્વક મૃત્યુ પામી દેવલોકમાં દેવ-દેવી તરીકે ઉત્પન્ન થયાં. દેવાયુ પૂર્ણ કરી મમ્મણનો જીવ જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા **બહલીદેશ**ના **પોતન** નામના નગરમાં **ધન્ય** નામનો ભરવાડ બન્યો. વીરમતિ પણ દેવાયુ પૂર્ણ થતાં ભરવાડ કન્યા બની. ભાગ્યયોગે એ ધન્ય સાથે લગ્નનાં બંધને બંધાઈ. એનું નામ **ધૂસરી** હતું. ભવ ભરવાડ તરીકેનો મળ્યો પણ એમનું આત્મબળ ઉચ્ચકોટીનું હતું. એ ઉચ્ચતા ભરવાડના ભવમાં પણ ઝળકી ઉઠે એવો એક પ્રસંગ બનવા પામ્યો.

આહિર બાળ ધન્ય પશુઓ ચરાવવા જંગલમાં ગયો હતો, ત્યાં એકાએક જ વરસાદની ઝડી વરસવાની શરૂઆત થઈ ગઈ. ધન્ય પાસે છત્ર હાજર હતું. તેણે એ છત્ર પહોળું કરીને વર્ષાથી જાતને બચાવવાનો પ્રયાસ કર્યો. ત્યાં એની નજર નજીકમાં કાયોત્સર્ગ ધ્યાનમાં ઉભેલા મુનિ પર સ્થિર થઈ.

વરસાદની ઝંઝા-ઝડી જોરદાર વરસી રહી હતી. આહિરને જવાહિરમાં પલટાવનારી આ પુણ્ય-પળ હોવાથી એને વિચાર આવ્યો કે, 'મારે મારો વિચાર કર્યા વિના આ મુનિનો વિચાર કરવો જોઈએ. હું તો જંગલથી ટેવાયેલો છું. એથી આ વરસાદને હું તો ખમી શકીશ પણ મુનિરાજ વરસાદને કઈ રીતે સહન કરી શકશે !'

ધન્યે પોતાની ચિંતા ટાળી. મુશળધાર વરસતા વરસાદમાં જાતે ભીંજાતા રહીને પણ મુનિ પર છત્ર ધરી રાખી પોતાની ઉચ્ચતાને ઊર્ધ્વમાર્ગે વાળી. વરસાદ વરસતો બંધ થયો. મુનિએ કાયોત્સર્ગ પૂર્ણ કર્યું. ત્યાં સુધી ધન્યે છત્ર ધારણ કરવાનું કર્તવ્ય કષ્ટ વેઠીને પણ અચળપણે અમલમાં મૂક્યું.

મુનિએ કાયોત્સર્ગ પૂર્ણ કર્યો ત્યારે બાળ-ધન્યે મુનિને નમસ્કાર કરી પૂછયું, ''આપ આવા પંકિલ દેશમાં ક્યાંથી આવી ચડયા ? આપને કઈ તરફ જવાનું છે ?'' મુનિએ કહ્યું, ''હું **પાંડુ** દેશથી આવું છું અને **લંકાનગરી** તરફ ગુરુદેવને વંદનાર્થે મારે આગળ જવાનું છે પરંતુ વર્ષાના કારણે શાસ્ત્ર નિષેધ હોવાથી ગમનાગમન કરી શકતા નથી. જ્યાં સુધી વરસાદ અટકે નહીં ત્યાં સુધી અહીં જ ધ્યાનસ્થ અવસ્થામાં રહેવાનો મેં નિશ્ચય કર્યો હતો. મારો અભિગ્રહ પૂર્ણ થયો છે. હવે કોઈક ગામમાં જઈશ.'' ધન્યે દૂધ દોહીને લાભ આપવા મુનિને વિનંતી કરી. એની યોગ્યતા અને ભાવના જોઈને મુનિવરે એને લાભ આપ્યો અને તપનું પારણું કર્યું.

ભરવાડે પશુ પર બેસવાની વિનંતી કરતાં કહ્યું કે, ''આપ મને આટલો લાભ આપો. આપને જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચાડવા હું આવીશ.'' મુનિએ જવાબમાં જણાવ્યું કે, ''શ્રમણની જીવન યાત્રા એવી હોય છે કે, એથી કોઈ પણ જીવને પીડા ન પહોંચે. હું જૈન શ્રમણ છું અને અહિંસા મારું જીવન વ્રત છે, માટે તારી વિનંતી હું કઈ રીતે સ્વીકારી શકું ?''

આટલો પ્રશ્ન રજુ કરીને મુનિએ શ્રમણ-ચર્યાનું સ્વરૂપ સમજાવ્યું. ધન્ય મુનિચરણે અહોભાવપૂર્વક નમી પડયો.

ધન્ય ધર્મપ્રેમી બન્યો. એટલું જ નહીં, પત્ની ધૂસરીને પણ એણે નેક ધર્મ સમજાવ્યો. ધીમે ધીમે પરમાર્હત્-પરમ શ્રાવક તરીકેનું ધન્ય જીવન જીવતાં જીવતાં જૈન સાધુત્વનો સ્વીકાર કરીને ધન્ય અને ધૂસરીએ પાવક પથ પર આગેકૂચ કરી.

મુનિ તરીકેનું ઉજ્જવળ જીવન પૂર્ણ થયા બાદ ધન્ય અને ધૂસરી સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાં. તેઓ હેમવંત ક્ષેત્રમાં યુગલિક તરીકે ઉત્પન્ન થયાં. યુગલિક તરીકેનો આયુષ્યકાળ પૂર્ણ થતાં બન્ને મૃત્યુ પામીને **ક્ષીર** અને **ડિંડીરા** તરીકે અલગ અલગ દેશમાં જન્મ પામ્યાં. આગળ જતાં આ બન્ને પતિ-પત્ની તરીકે સ્નેહી સંબંધથી બંધાયાં.

આ સંબંધ પણ એક દહાડો પૂર્ણ થયો. મૃત્યુ પામ્યા બાદ ક્ષીર **કોશલા** નગરીમાં રાજવી **નિષધ**ના પુત્ર **નળ** તરીકે અને ડિંડીરા **કુંડિન** નગરમાં રાજા **ભીમરથ**ની પુત્રી **દવદંતી-દમયંતી** તરીકે અલગ અલગ દેશકાળમાં જન્મ પામ્યા. એ જોડાણ પુનઃ શક્ય બન્યું. તેઓ નળ-દમયંતી તરીકે વિશ્વવિખ્યાત બન્યા.

આપનાર કરતાં લેનાર જ્યારે આપણી દષ્ટિમાં ઊંચો બનીજાય છે ત્યારે દાન એ ધર્મ બની જાય છે. ધન વિના શુભેચ્છાના ભાવો દૂરસુદૂર પહોંચાડવા એ પણ દાન છે.

**વૃષભસેના** : (રત્નકંડક ગૌરવ, પૃ.૧૮૦)

પ્રાચીન કાળમાં **કાવેરી** નદીનાં કાંઠે એક ઉપાશ્રય હતું. ત્યાં **નાગશ્રી** નામની કન્યા પ્રતિદિન

કચરો વાળવા આવતી. એક દિવસ **મુનિદત્ત** નામના દિગંબર જૈન સંત ઉપાશ્રયમાં પધાર્યા. તેઓ કાયોત્સર્ગમાં લીન બન્યા. નાગશ્રી કચરો વાળવા આવી. તેણે ધ્યાનમાં રહેલા મુનિને કહ્યું, "અહીંથી હટી જાઓ, જેથી હું કચરો વાળી લઉં." મુનિરાજ નિરુત્તર રહ્યા. કન્યાએ વારંવાર મુનિને તે સ્થાનેથી ઉઠવા માટે નિવેદન કર્યું. કાયોત્સર્ગમાં રહેલા મુનિ તરફથી કોઈ પ્રત્યુત્તર ન મળતાં નાગશ્રી ગુસ્સે થઈ ગઈ. તેણે ગુસ્સામાં ઉપાશ્રયમાંથી બધો કચરો વાળી મુનિરાજ જ્યાં ધ્યાનમાં બેઠા હતા ત્યાં તેમના આસનની સામે જ કચરાનો ઢગલો જમા કર્યો.

થોડી વાર પછી કાવેરીના અધિપતિ રાજવી **ઉગ્રસેન** મુનિના દર્શન કરવા ઉપાશ્રયમાં આવ્યા. તેમની દૃષ્ટિ મુનિરાજ પર પડી. તેમણે પ્રસન્નતાપૂર્વક મુનિરાજના દર્શન અને વંદન કર્યા. ત્યાં તેમની દૃષ્ટિ મુનિના આસનની બાજુમાં એકઠા કરેલા કચરા પર પડી. રાજાએ સ્વહસ્તે કચરો ઉપાડી ફેંકી દીધો અને ઝાડૂ પણ લગાવ્યું. નાગશ્રી આ દૃશ્યને જોઈ રહી. તેણે વિચાર્યું, 'રાજા જેમની સેવા ભક્તિ કરી રહ્યા છે, તે કોઈ મોટા મહાત્મા લાગે છે.' હવે તે મનોમન પોતાના અકૃત્ય બદ્દલ ભયભીત બની. ત્યાં મુનિનું ધ્યાન પૂર્ણ થયું. કન્યાને થયું કે, 'હમણાં મુનિશ્રી રાજા પાસે મારી ફરિયાદ કરશે.' પરંતુ દયાવાન મુનિશ્રીએ એવું કાંઈ ન કર્યું.

સંધ્યા સમયે કન્યા પુનઃ કાજો કાઢવા ઉપાશ્રય પહોંચી. તેણી મુનિરાજની સમીપ પહોંચી ખૂબ જ સાવધાનથી કચરો વાળવા લાગી જેથી મુનિને કોઈ બાધા ન થાય. સફાઈ પશ્ચાત કન્યાએ મુનિ પાસે જઈ તેમને ભાવથી નમસ્કાર કર્યા. ત્યાં તેની દૃષ્ટિ મુનિરાજના ચરણો પર પડી. કીડીઓનાં ચટકાથી મુનિરાજનો પગ સૂઝી ગયો હતો. પગ પર લાલ રંગના ચકામા થઈ ગયા હતાં. કોઈક જગ્યાએ આ ચકામાંમાંથી લોહી પણ નીકળતું હતું. આ જોઈ કન્યા તરત જ ઘરે ગઈ. ઘરેથી જલ્દીથી ઔષધ લાવી મુનિના પગ પર લેપ કરાવ્યો. જેનાથી મુનિશ્રીની બળતરા અને ખણજની પીડા શાંત થઈ ગઈ. જ્યાં સુધી મુનિરાજનો જખમ ભરાયો નહીં ત્યાં સુધી તેણી એ ઔષધનો પ્રયોગ નિત્ય કર્યો. તેણી એ પોતાનું વ્યક્તિત્વ સેવાલક્ષી બનાવી દીધું.

મુનિરાજની સેવા અને ઔષધદાન દ્વારા નાગશ્રીએ પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું. તેના પ્રભાવથી ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી તે **ધનપતિ** શ્રેષ્ઠીને ત્યાં કન્યારૂપે જન્મી. આ કન્યાનું નામ **વૃષભસેના** રાખવામાં આવ્યું. તે અત્યંત સ્વરૂપવાન અને ગુણવાનની સાથે સાથે સુસંસ્કારોથી સંસ્કૃત થઈ ધર્મપરાયણ બની. એક દિવસ વૃષભસેના સ્નાન કરી રહી હતી. તેના નાવણનું જળ શેરીમાં એક ખાડામાં ભરાતું હતું. શેરીમાં ફરતો ફરતો એક કુષ્ટ રોગી શ્વાન ત્યાં આવ્યો. પોતાના દેહની પીડા શાંત કરવા તે શ્વાન પાણીથી ભરેલા ખાડામાં પડયો. જળના સંસર્ગથી શ્વાનની પીડા ઉપશાંત થઈ ગઈ. તેના શરીરના જખમ પણ ભરાઈ ગયા. શ્વાન સંપૂર્ણ નિરોગી બન્યો.

શ્વાનની આવી દશા જોઈ વૃષભસેનાની દાસીના મનમાં વિચાર આવ્યો કે, 'ખાડાના પાણીમાં જરૂર કોઈ મહાન ગુણ છે, જેથી શ્વાન પૂર્ણ સ્વસ્થ બન્યો છે.' તેણે ખાડામાંથી પાણી લઈ એક ઘડામાં ભર્યો. આ પાણી તેણે પોતાની વૃદ્ધ માતાના પગે ચોપડયો. તેનાથી માતાના પગની ફાટેલી એડીઓ ભરાઈ ગઈ અને પીડા શાંત થઈ ગઈ. ત્યારે માતાએ તેને ઔષધનું નામ પૂછયું. દાસીએ કહ્યું, "માતા! આ કોઈ મલમ કે દવા નથી પરંતુ વૃષભસેનાના સ્નાનનું પવિત્ર જળ છે." આ વાત વાયુવેગે નગરમાં પ્રસરી ગઈ. શ્રેષ્ઠી પુત્રીના નાવણ જળથી અનેક રોગી નિરોગી થવા લાગ્યા.

એકવાર રાજાના સૈનિકો વિષજન્ય પાણી પીવાથી મૂર્છિત થયા ત્યારે નાવણના જળથી તેમને સ્વસ્થ કરવામાં આવ્યા. રાજાએ પણ પોતાની અસ્વસ્થતા નાવણ જળથી જ દૂર કરી. આ નાવણ જળની

વિશેષતા અને પુણ્યથી આકર્ષિત થઈ રાજાએ ધનપતિ શેઠની પુત્રી સાથે વિવાહ કરવાનો પ્રસ્તાવ શેઠ સમક્ષ મૂક્યો. શેઠે પ્રસન્નતાથી પોતાની પુત્રીના વિવાહ રાજા સાથે કરાવી તેને મહારાણીનું પદ પ્રદાન કરાવ્યું.

હવે વૃષભસેના ધર્મ પ્રભાવનાના કાર્યમાં સવિશેષ પ્રવૃત્તિ કરવા લાગી. અંતમાં આર્યાજી બની તપશ્ચર્યા કરી સમાધિ મરણે મૃત્યુ પામી સ્વર્ગમાં ગઈ.

પૂર્વ ભવમાં થોડા ઔષધ દાનનાં પ્રભાવે નાગશ્રીને ઉત્તમ ફળ પ્રદાન થયું. જેઓ નિરંતર રોગીઓની સેવા અને ઔષધદાન કરવામાં તત્પર રહે છે, તેના ફળનું તો શું કહેવું ? દાન મહાન પવિત્ર કાર્ય છે અને પુણ્યનું કારણ છે.

**શાંતિમતી - પદ્મલોચના** : (વિમલનાથ ચારિત્ર, પૃ.૩૧૫)

**ભરતક્ષેત્ર**ના **વિશાળ** નામના નગરમાં **સાધારણ** નામનો ધર્મપ્રેમી શ્રાવક રહેતો હતો. તેની બે પુત્રીઓ હતી. **શાંતિમતી** અને **પદ્મલોચના**. તેમાં શાંતિમતી બાલ્યાવસ્થામાં જ વિધવા બની હતી અને પદ્મલોચના સૌભાગ્યવંતી હતી. એક વખત બન્ને ભગિનીએ કોઈ સાધુ મહાત્મા પાસે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. તેમાં અતિથિ સંવિભાગ વિશેષપણે ગ્રહણ કર્યો. તેઓ સુંદર રીતે વ્રતનું પાલન કરી રહી હતી. તેવામાં એકદા વર્ષા ઋતુ આવી. તેમાં નિરંતર વરસાદના કારણે અપકાય જીવોની હિંસા થવાના ભયથી મુનિઓ ભિક્ષાટન કરવા નીકળ્યા નહીં. સુપાત્રને દાન આપી પછી ભોજન કરવું એવો બન્ને ભગિનીનો નિયમ હોવાથી તેમના પાંચ દિવસના ઉપવાસ થયા. પાંચમાં દિવસની રાત્રિના અંતિમ ભાગમાં પદ્મલોચનાને નબળો વિચાર આવ્યો કે, 'શાંતિમતી સાથે હું ભૂખનું કષ્ટ શા માટે વેઠું ?' એમ વિચારી તેણીએ સૂર્યોદય પૂર્વે (પ્રભાતકાળે) છૂપી રીતે અકરાંતિયાની પેઠે ઘણું ભોજન કર્યું. ખરેખર ! ક્ષુધા જેવી બીજી વેદના નથી. **ગાંધારી**એ પણ કહ્યું છે કે, "હે વાસુદેવ ! જરાવસ્થા, નિર્ધનતા, વિધવાપણું અને પુત્રનો શોક આ બધા કષ્ટોમાં ક્ષુધાનો કષ્ટ પારાવાર છે."

માતા-પિતાએ અતિશય પ્રિય, શાંત સ્વભાવી અને દાનની વૃત્તિવાળી પોતાની પુત્રી શાંતિમતીને પૂછ્યું, "હે વત્સે ! તું ભોજન કેમ કરતી નથી ? અન્ન વિના તારા પ્રાણ ચાલ્યા જશે." શાંતિમતીએ સમાધિભાવે કહ્યું, "માતા-પિતા ! મેં બારમું અતિથિસંવિભાગ વ્રત કર્યું છે તેથી અતિથિને કાંઈક આપીને પછી જ હું જમું છું. સાંપ્રાત કાળે વરસાદના સતત આગમનથી સંતો ગોચરી માટે ઘરે આવી શકતા નથી તેથી હું ઉપવાસ કરું છું."

માતા-પિતાએ કહ્યું, "પુત્રી ! તો તું ઘરેથી ભોજન લઈ ઉપાશ્રયમાં બિરાજમાન સાધુને આપી આવ." શાંતિમતી જૈનાચારથી પરિચિત હતી. તેણે કહ્યું, "સામે લાવેલો આહાર સાધુઓ ગ્રહણ કરતાં નથી." માતા-પિતાએ કહ્યું, "પુત્રી અન્ન વિના તારું જીવન કઈ રીતે રહેશે ?" શાંતિમતીએ કહ્યું, "તમારી કૃપાથી આ જ દિવસ સુધી મેં અખંડ વ્રતનું પાલન કર્યું છે, તો હવે વ્રતનું ખંડન શા માટે કરું ? પોતાના જીવન માટે વ્રતોનું ખંડન કરનાર સ્વર્ગમાં જાય તો પણ શું કામનું ? મારા પ્રાણ જાય તો ભલે જાય પરંતુ હું વ્રતને છોડીશ નહીં."

આમ શાંતિમતી પોતાના નિયમમાં અચલ રહી. પદ્મલોચનાને અતિભોજન કરવાથી વિસૂચિકા (કોલેરા) થયો. તે મૃત્યુ પામી વ્યંતરી બની. બે દિવસ પછી મેઘવૃષ્ટિ શાંત થતાં સાત દિવસના ઉપવાસને અંતે સાધુઓ વિહાર કરતાં શાંતિમતીને ત્યાં ગોચરી માટે પધાર્યા. તેમને ઉલ્લસિત ભાવે ભિક્ષા આપી શાંતિમતીએ

સાત ઉપવાસનું પારણું કર્યું.

આ પ્રમાણે નિરતિચાર અતિથિસંવિભાગ વ્રતને ભાવથી આરાધી, અંતે અનશન કરી શાંતિમતી બીજા દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવી મહાવિદેહમાં જન્મી હર્ષથી વ્રત આદરી અંત કાળે શાશ્વત મોક્ષને પામશે.

દાનની ભાવના હૃદયથી થાય છે, દાનની યોજના કે ઉત્સાહ મસ્તિષ્કથી થાય છે પરંતુ દાનનું સક્રિય આચરણ હાથથી જ થાય છે. એક પાશ્ચાત્ય વિચારકે કહ્યું છે કે, 'મંદિરમાં જઈ પ્રભુ પ્રાર્થના માટે સો વાર હાથ જોડવા કરતાં દાન માટે એક વાર હાથ ખોલવો અધિક મહત્ત્વપૂર્ણ છે.

**શિવકુમાર :** (પરિશિષ્ટ પર્વ, પૃ.૨૯,૩૦)

**જંબુ સ્વામી**નો પૂર્વભવ **ભવદેવ**નો હતો. તે ભવમાં મુનિ પર્યાયમાં શુદ્ધ સંયમ પાળી ભવદેવનો જીવ સ્વર્ગમાં ગયો. ત્યાંથી ચ્યવી **વીતશોકા** નગરીમાં **પદ્મરથ રાજા**ની રાણી **વનમાળા**ની કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેનું નામ **શિવકુમાર** પાડયું. અનુક્રમે યૌવનવય થતાં ઉચ્ચકુળની રાજ- કન્યાઓની સાથે તેના વિવાહ થયા.

એકવાર પોતાની સ્ત્રીઓ સાથે મહેલના ઝરુખામાં બેઠો હતો ત્યારે ઉપવનમાં વિશિષ્ટ જ્ઞાની એવા **સાગરદત્ત** નામના મુનિ પધાર્યાની વધામણી મળી. તે નગરીમાં **કામસમૃદ્ધ** નામનો સાર્થવાહ રહેતો હતો. તેણે માસક્ષમણના પારણે ભક્તિથી મહાત્માને પડિલાભ્યા. સુપાત્રદાનના પ્રભાવે કામસમૃદ્ધના આવાસે આકાશમાંથી વસુધારાની વૃષ્ટિ થઈ.

શિવકુમારે આ અદ્‌ભુત વૃત્તાંત સાંભળ્યો. તે મુનિ પાસે આવ્યો. વંદન કરી બેઠો. ત્યારે ચૌદપૂર્વધારી આ મુનિએ તેને ધર્મનો સંદેશ આપ્યો. સંસારની અસારતા સમજાવી. શિવકુમારે મુનિને પૂછયું, ''હે પ્રભુ! તમને જોઈને મને અતિશય આનંદ થાય છે. શું આ પૂર્વ ભવનો સ્નેહ સંબંધ છે?'' અવધિજ્ઞાની મુનિએ કહ્યું, ''હે રાજપુત્ર! તું પૂર્વ જન્મમાં મારો અતિ પ્રિય નાનો ભાઈ હતો. મેં દીક્ષા લીધી. તારી ઈચ્છા દીક્ષા લેવાની ન હોવા છતાં પરલોકના હિત માટે મેં તને કોઈક ઉપાયથી વ્રત ગ્રહણ કરાવ્યું હતું. ત્યાંથી મૃત્યુ પામી આપણે બન્ને **સૌધર્મ દેવલોક**માં **મહર્દ્ધિક દેવ** થયાં. ત્યાં આપણી વચ્ચે અખંડ પ્રીતિ રહી. આ ભવમાં હું રાગ રહિત છું પરંતુ તું હજી મારા પ્રત્યે સ્નેહ ધરાવે છે.'' શિવકુમારે પ્રતિબોધ પામી કહ્યું, ''પૂર્વે મને તમે વ્રત ગ્રહણ કરાવ્યું તેથી હું દેવ થયો, તો આ ભવમાં પણ પ્રથમની જેમ મને વ્રત આપો.''

શિવકુમારને માતા-પિતાએ સંયમની અનુજ્ઞા ન આપી. ત્યારે તેમણે મૌન ધારણ કર્યું. ખાવ-પીવાનું છોડી દીધું. મા-બાપે **દઢધર્મ** નામના શ્રેષ્ઠી પુત્રને બોલાવ્યો. તેણે શિવકુમારને સમજાવતાં કહ્યું, ''મિત્ર! ધર્મ શરીરને આધીન છે અને શરીર આહારથી જ ટકી શકે છે. મહર્ષિઓ પણ નિરવદ્ય આહાર ગ્રહણ કરે છે માટે તું ભોજન કર'' શિવકુમારે કહ્યું, ''હું પણ સાધુની જેમ નિરવદ્ય આહાર મળશે તો જ ભોજન કરીશ, અન્યથા ઉપવાસ કરીશ'' શ્રેષ્ઠી પુત્રએ કહ્યું, ''આજથી તમે મારા ગુરુ અને હું તમારો શિષ્ય છું. તમને જોઈએ એવું નિરવદ્ય ભોજન હું તમને સંપાદન કરી આપીશ.''

શિવકુમાર બારવ્રતધારી શ્રાવક બન્યા. તે નિરંતર છઠ્ઠ તપ કરી પારણામાં આયંબિલ કરતાં. તપશ્ચર્યા કરતાં બાર વર્ષ પસાર થયાં. માતા-પિતાએ મોહવશ દીક્ષાની રજા ન આપી. છેવટે શિવકુમાર મૃત્યુ પામી પાંચમા **બ્રહ્મ દેવલોકે** ઈંદ્રના સમાનિક દેવ થયા. ત્યાંથી ચ્યવી ઋષભદત્ત શ્રેષ્ઠીના પુત્ર જંબુ નામે ચરમ કેવળી થયા.

નદીના પ્રવાહની જેમ દાનની પરંપરા અખંડપણે પ્રવાહિત રહેવાથી દાનાંતરાય કર્મ તૂટે છે.

**શીતલાચાર્ય :** ( ઉપદેશપદ ભા.૨; ઋષિમંડલ પ્રકરણ)

**શીતલવિહારીદેવ** નામના એક સાધુ હતા. ચારિત્ર મોહનીય કર્મનો પ્રબળ ઉદય થતાં તેઓ શિથિલાચારી બન્યા તેથી સંસારમાં પરિભ્રમણ કરવા લાગ્યા. ત્યારપછી બ્રાહ્મણપુત્ર થયા. તે ભવમાં દીક્ષા લીધી. તેણે ભગવાનને પૂછ્યું, ''હું કેમ સર્વત્ર તિરસ્કાર પામું છું?'' પ્રભુએ કહ્યું, ''શિથિલ આચારના કારણે તું અપમાનિત થાય છે.'' હવે, તે મુનિ નિરતિચાર સંયમનું પાલન કરવા લાગ્યા.

એકદા સુધર્મા સભામાં ઈન્દ્રે શીતલવિહારી સાધુના આચારની ખૂબ પ્રશંસા કરી. ઈન્દ્રની વાતમાં શંકા કરનાર દેવે હાથીનું રૂપ વિકુર્વી પ્રથમ ઈર્યાસમિતિની પરીક્ષા કરવાનું શરૂ કર્યું. સાધુ સાડાત્રણ હાથ જમીનને જોઈ યત્નાપૂર્વક વિહાર કરી રહ્યા હતાં. તેમનું ચિત્ત માર્ગમાં ચાલતા જીવ-જંતુઓની રક્ષામાં પરોવાયેલું હતું. હાથી બનેલા દેવે સૂંઢ વડે મુનિને ઊંચકી આકાશમાં ઉછાળી અદ્ધરથી ફેંક્યા. સાધુએ પોતાની વેદનાને ગણકાર્યા વિના દેવે વિકુર્વેલી કીડીઓના રક્ષણની ચિંતા કરતાં વિચાર્યું, 'અહો ! મારા નિમિત્તે આ નિર્દોષ કીડીઓ મૃત્યુ પામશે. મારી કાયાથી નિર્દોષ જીવ-જંતુઓનો ઉપદ્રવ થશે.' આમ પોતાની પરવાહ કર્યા વિના શીતલવિહારી સાધુએ જીવિતથી નિરપેક્ષ બની વારંવાર તે કીડી આદિ જીવોની સાથે ખમતખામણા કર્યા. તેમના આવા સંવેગજન્ય પરિણામોની વૃદ્ધિ થતાં તેમણે નરક અને તિર્યંચ જેવી બે અશુભ ગતિનાં પાપ કર્મોનો ઉચ્છેદ કર્યો. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી **સૌધર્મ** નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યારપછી સાત કે આઠ ભવમાં ચક્રવર્તી થઈ મોક્ષે ગયા. તેમને જ્યાં જ્યાં મનુષ્ય ભવ મળ્યો ત્યાં ત્યાં દાનાદિ શુદ્ધ ધર્મ પાળ્યો.

જે નાશવંત ધનનો ત્યાગ કરે છે, તે અવિનાશી આત્માને પામે છે.

**[1]શૂરપાલ :** (જૈન કથા રત્ન કોષ - ૮)

**ભરતક્ષેત્રમાં કંચનપુર** નગરમાં પ્રજાપાલક **જિતરિપુ** રાજા અને **સુલોચના** રાણી રહેતા હતા. એ નગરમાં એક **મહીપાલ** નામનો ઉદાર ક્ષત્રિય પોતાની પત્ની **ધારિણી** સાથે સુખેથી રહેતો હતો. તેનો ખેતીનો વ્યવસાય હતો. તેમના **ધીરપાલ, પૃથ્વીપાલ, દેવપાલ** અને **શૂરપાળ** નામના ચાર સ્વરૂપવાન અને ચતુર પુત્રો હતા. આ ચારે પુત્રોની અનુક્રમે **ચંદ્રમતી, કીર્તિમતી, શાંતિમતી** અને **શીલમતી** નામની ભાર્યા હતી. તેઓ સંપીને ઘરકાર્ય કરતી. દેરાણી-જેઠાણી વચ્ચે સારો મેળ હતો. મહીપાલનો ખેતીનો વ્યવસાય હતો.

એકવાર વર્ષાઋતુનો સમય હતો. ત્યારે મહીપાલના ચારે પુત્રો ખેતરમાં વાવણી કરવા વહેલી પરોઢે ઉઠી ખેતરે ગયા. તેમનું શિરામણનું ભાતું લઈ તેમની પાછળ તેમની સ્ત્રીઓ થોડા સમય પછી ગઈ. તેઓ ભતાર દેવા જઈ રહી હતી ત્યાં અચાનક આકાશ કાળાં વાદળોથી ઘેરાઈ ગયું. વીજળીના ચમકારા થયા અને ગાજવીજ સાથે મેઘરાજાન પધરામણી થઈ. ચારે સ્ત્રીઓ વરસાદથી બચવા એક મોટા ઘટાદાર વટવૃક્ષની નીચે ઊભી રહી ગઈ. તેઓ મોકળાશ અને નિર્જન સ્થાન જોઈ પોતપોતાના મનગમતા ભોજન સંબંધી દિલ ખોલીને વાતો કરવા લાગી. તેવા સમયે તેમની પાછળ તેમનો સસરો મહીપાલ આવ્યો. પુત્રવધૂઓ હસીહસીને શું વાતો કરી રહી છે ? તે વાર્તાલાપ સાંભળવા મહીપાલે વૃક્ષની ઓથે ઊભા રહી કાન માંડયા.

---

૧. પ્રબંધ પંચશતી (પૃ.૫૮) સાંતલ ખેડૂત

પ્રથમ ચંદ્રમતી નામની મોટી વહુએ કહ્યું, ''સખીઓ! પોતપોતાને ઈષ્ટ હોય તે કહો.'' શીલમતીએ કહ્યું, ''અહીં બોલવું ઉચિત નથી કારણકે દિવાલને પણ કાન હોય છે.'' ત્રીજીએ કહ્યું, ''શીલમતી! તું ડર નહીં, અહીં કોઈ નથી.'' ત્યારે નાની વહુએ કહ્યું, ''બધા ક્રમસર પોતાની ઈચ્છા વ્યક્ત કરીએ.''

ચંદ્રમતીએ કહ્યું, ''મને ગરમાગરમ ખીચડીમાં તરતનું તાજું ઘી મળે તો હું પ્રેમથી જમું. વળી, તેની સાથે દહીં અથવા ગરમ રાબ અને કેરીનું અથાણું મળે તો તો કહેવું જ શું?'' કીર્તિમતીએ કહ્યું, ''મને દૂધ, સાકરની બનાવેલી ખીર, માંડા અને ઘી સહિત દાળ-ભાત સાથે ખાટા-મીઠાં શાક જમવાના કોડ થયાં છે.'' ત્યાં ત્રીજી શાંતિમતીએ કહ્યું, ''મને તો મોદક અને પકવાન અતિ પ્રિય છે.'' ત્યાં શીલમતિએ પોતાનો અભિપ્રાય જણાવતાં કહ્યું, ''મને ભોજન પ્રત્યે વધુ પ્રીતિ નથી કારણકે ખાધું કોઈનું નિરંતર રહેતું નથી. લોક કહેવત છે કે, પેટ ભાડું માંગે છે, પકવાન માંગતું નથી. મને ઉત્તમ સુગંધી જળ વડે સ્નાન કરી ચંદન આદિનું શરીરે વિલેપન કરી, કિંમતી વસ્ત્રો અને વિશિષ્ટ અભૂષણો પહેરી, શરીરનો શૃંગાર કરવો ગમે છે. વળી, જમવાની વેળાએ સુંદર મોટી થાળીમાં, સુવર્ણનાં કચોળા ગોઠવી તેમાં શ્વસુર, જેઠ, પતિને ભોજન પીરસવું, સર્વ દીન દુ:ખીને દાન આપવું અને ઘરનાં સભ્યોને જમાડીને જમવામાં મને વધુ રુચિ છે.'' મહીપાલ સઘળું સાંભળી રહ્યો હતો. ત્રણે જેઠાણીઓએ ટકોર કરતાં કહ્યું, ''શીલમતી! તારી ઈચ્છા યોગ્ય નથી. કણબીના ઘરે સારું અનાજ મળવું દુર્લભ છે. ત્યાં ઉત્તમ વસ્ત્ર, આભૂષણની ઈચ્છા કેવી? જેવું આપણું ભાગ્ય હોય તેવી ઈચ્છા કરીએ તો ફલિત થાય. ખેતીવાડીના ધંધામાંથી કિંમતી વસ્ત્રો કે આભૂષણો ક્યાંથી મળે?'' આ પ્રમાણે ચારે પુત્રવધૂઓ વાર્તાલાપ કરતી હતી ત્યાં વરસાદ બંધ થયો.

મહીપાલે પુત્રવધૂઓની વાત સાંભળી વિચાર્યું, 'ચારે પુત્રવધૂઓમાંથી ત્રણ કેવળ ભોજનની જ ઈચ્છા કરે છે. ખરેખર! તેમની સાસુ વહુઓને સારું ભોજન આપતી નહીં હોય તેથી તેમના મનની આશા પૂર્ણ થતી નથી. હું ઘરે જઈ મારી પત્નીને કહી ત્રણે વહુઓની ઈચ્છાપૂર્તિ કરું અને અસંભવિત વાત કરનારી નાની વહુને જેવું-તેવું ખાવાની ઈચ્છા છે, તે પણ પૂર્ણ કરું.'' મહીપાલે ઘરે આવી ધણિયાણીને સઘળો વૃત્તાંત કહ્યો. પત્નીને ભલામણ આપી કે, ''ત્રણે મોટી વહુઓને તેમનું મનગમતું ભોજન આપી તેમનાં કોડ પૂરા કરજે પરંતુ નાની વહુને તુચ્છ ભોજન આપજે જેથી તેની મતિ ઠેકાણે આવે.'' આવું કહી મહીપાલ ખેતરે ગયો.

ત્યાર પછી જમવાની વેળાએ પુત્રો સાથે ઘરે આવ્યા ત્યારે ધારિણીએ સર્વ પ્રકારનું ભોજન તૈયાર રાખ્યું હતું. તેણે પ્રથમ પતિ અને ચાર પુત્રોને સાથે ભોજન કરાવ્યું. ત્યારપછી ત્રણે પુત્રવધૂઓને તેમનું મનગમતું ભોજન આપ્યું અને શીલમતીને વધેલું-ઘટેલું, લૂખ્ખું-સૂકું (ઉખરાળા) ભોજન આપ્યું. તે સમયે સર્વને આશ્ચર્ય થયું. તેઓ એકબીજા સામે જોઈ વિચારવા લાગી કે, 'કોઈ કારણથી આપણને ઈચ્છિત ભોજન મળ્યું છે પરંતુ નાની વહુને તુચ્છ ભોજન મળ્યું તેનું શું કારણ હશે?' એમ વિચારી ભોજન કરી ત્રણે વહુઓ ઉભી થઈ.

શીલમતીએ વિચાર્યું, 'સાસુ દ્વારા આવો પક્ષપાત શાથી? મેં કાંઈ કોઈનું બગાડ્યું નથી?' ત્રણે પુત્રવધૂઓ પણ વિચારવા લાગી કે, 'સાસુ ખોટું કરે છે.' ચારે જમીને પુન: ખેતરે ગઈ. માર્ગમાં મોટી ત્રણ વહુઓએ કહ્યું, ''આજે આપણા મનોરથ પૂર્ણ થયા છે પરંતુ શીલમતીએ જેવું વિચારેલું તેવું જ તેને મળ્યું છે માટે બુદ્ધિમાને કદી હલકું વિચારવું ન જોઈએ.'' શીલમતીએ કહ્યું, ''બહેન! સાર-અસાર બન્ને પ્રકારના ભોજનનું પરિણામ તો આખરે એક જ છે. તેમાં અભિમાન કરવા જેવું નથી. મારાં મનોરથ પૂર્ણ થશે ત્યારે જ હું મારા આત્માને કૃતાર્થ માનીશ.'' એમ કહી તે મૌન રહી.

પ્રતિદિન સાસુ મોટી ત્રણ પુત્રવધૂને ઈચ્છિત રસવતી પીરસતી અને નાની પુત્રવધૂને નીરસ આહાર આપતી. એક દિવસ ત્રણે પુત્રવધૂએ હિમ્મત કરી સાસુને પૂછ્યું, ''સાસુજી! અમને હંમેશાં મહેમાનને આપો છો તેવું ઉત્તમ ભોજન આપો છો અને શીલવતીને તુચ્છ ભોજન કેમ આપો છો?'' સાસુએ વટવૃક્ષ નીચે થયેલી સઘળી વાત પુત્રવધૂઓને જણાવી. શીલમતી રસ-કસ વિનાના આહારથી કાંતિરહિત અને દુર્બળ બની. રાત્રિના એકાંતમાં શ્યામ મુખવાળી પત્નીને જોઈને તેના પતિએ પૂછ્યું, ''ભામિની! તું કેમ દુર્બળ દેખાય છે? તને શેની ચિંતા છે? તને જોઈને મારું મન દુ:ખી થાય છે.'' આ સાંભળી શીલમતીની આંખોમાં અશ્રુ ધસી આવ્યાં. પતિના આગ્રહથી તેણે મનોરથની બધી હકીકત જણાવી. શૂરપાળે કહ્યું, ''આવી રત્ન જેવી ગુણવાન સ્ત્રી પ્રત્યે આવો અનાદર? મારા માતા-પિતા નિર્ગુણ અને વિપરીત સ્વભાવવાળા થયા છે. મારી પત્નીનો મનોરથ સર્વશ્રેષ્ઠ છે. હું પરદેશમાં જઈ ધન કમાઈને મારી પ્રિયાના મનોરથ પૂર્ણ કરીશ.'' એમ વિચારી પત્નીને કહી શૂરપાળ પરદેશ કમાવા અને ઘમરોળવા નીકળ્યો. શીલવતીએ કહ્યું, ''સ્વામી! વહેલા પધારજો. તમારી સંભાળ રાખજો. મારા પ્રાણ તમારી પાસે જ હશે. મને વીસરી ન જતાં.'' શૂરપાળે પોતાના હાથે શીલમતીની વેણી ગૂંથી કહ્યું, ''મારાં આવ્યા વિના વેણી ન છોડવી અને કંચૂક ન ઉતારવું.'' શીલમતીને ઘરે મૂકી શૂરપાળ હાથમાં ખડગ લઈ પરદેશ જવા નીકળ્યો.

સવાર પડતાં શૂરપાળને ઘરમાં ન જોતાં માતા-પિતાએ મોટા પુત્રોને પૂછ્યું પરંતુ કોઈને તેની ખબર ન હતી. ચારે બાજુ શોધ કરાવી પરંતુ શૂરપાળ ન મળ્યો. અંતે થાકીને શીલમતીને પૂછ્યું, ''હે ભદ્રે! શૂરપાળ ક્યાં છે?'' તેણીએ કહ્યું, ''મને કંચૂક પહેરાવીને મારી વેણી ગૂંથીને હું ન આવું ત્યાં સુધી વેણી ન છોડવી(અર્થાત્ મારે હાથે જ વેણી છોડીશ) એવું કહીને કંત ક્યાંક જતા રહ્યા છે. આ સિવાય હું બીજું કાંઈ જાણતી નથી.''

માતા-પિતા અને ભાઈઓ સમજી ગયા કે તેની પત્નીનું અપમાન થયું છે તેથી તે ઘર છોડી ચાલ્યો ગયો છે કારણકે શૂરપાળ સ્વમાની છે. તે કોઈનું અપમાન સહન કરે એવો નથી. તેની ચારે બાજુ શોધ કરાવી પરંતુ કોઈ સમાચાર ન મળ્યા.

શૂરપાળ પર્વતો અને જંગલો પાર કરતો **મહાશાલ** નામના નગરમાં આવ્યો. ત્યાં **જંબુતરુ**ની છાયામાં વિશ્રામ લેવા બેઠો. તે થાકેલો હોવાથી તરત જ નિદ્રાધીન થયો. તે નગરનો રાજા અપુત્રિયો મૃત્યુ પામ્યો હતો. શૂરપાળને જોઈ હાથીએ તેનાં ઉપર કળશ ઢોળ્યો. ચામર, છત્ર ઢળાયા. હાથી ઉપર બેસાડી, બિરુદાવલી બોલતાં સર્વ સામંતો સાથે તેણે નગર પ્રવેશ કર્યો. તેનો રાજ્યાભિષેક થયો. પુણ્યશ્લોકી શૂરપાળ રાજા બન્યો. તેનો યશ ચારે બાજુ પ્રસર્યો. એક દિવસ તેને પોતાની સ્ત્રી શીલમતીની યાદ આવી. તેણે પત્ર લખી સેવક દ્વારા કંચનપુર મોકલ્યો પરંતુ મહીપાળ ન મળ્યો. દેશમાં દુકાળ પડતાં આજીવિકા માટે મહીપાળ પરિવાર સાથે પરદેશ ચાલ્યો ગયો. તેઓ ફરતાં ફરતાં મહાશાલ નગરમાં આવ્યાં.

અહીં શૂરપાળ રાજાએ પરોપકારના કાર્ય હેતુથી નગરમાં એક જળાશય બનાવવાનું કાર્ય પ્રારંભ કર્યું. અહીં નિર્ધન લોકો કામ કરવા આવતા. તેમને કાર્યના બદલામાં વેતન મળતું. પુરુષ મૂજરને બે આના અને સ્ત્રી મજૂરને એક આનો મજૂરી પ્રતિદિન મળતી. મહીપાલનું કુટુંબ કામ કરવા રોકાયું.

એક દિવસ શૂરપાળ રાજા ઘોડા પર સવાર થઈ મજૂરોનું કાર્ય નિરીક્ષણ કરવા આવ્યો. ત્યાં પિતા મહીપાળને જોયો. દુબળી કાયામાં, કોઈ પરપુરુષ તરફ દૃષ્ટિ ન કરતી અને પોતાના કાર્યમાં વ્યસ્ત એવી

પોતાની પત્ની શીલમતીને પણ જોઈ. ત્યાર પછી ભાઈઓ અને માતાને મજૂરી કરતાં જોયાં.

રાજાએ મહીપાળને બોલાવી પૂછયું, ''તમારા કેટલા પુત્રો છે ?'' મહિપાલે કહ્યું, ''મારે ચાર પુત્રો છે. તેમની ચાર વહુઓ છે. નાનો પુત્ર રીસાઈને પરદેશ ચાલ્યો ગયો છે. તેની વહુ અમારી સાથે છે. નાના પુત્રના ઘર છોડયા પછી અમે દુઃખી થઈ ગયાં છીએ. અમે ઘર છોડી તમારા ગામમાં તમારા આસરે આવ્યાં છીએ.'' રાજાએ કહ્યું, ''નાની વહુને છાશ લેવા રાજમહેલમાં મૂકજો. કોઈ સંદેહ ન કરતા.'' રાજા શૂરપાળ ચાલ્યો ગયો. લોકોએ આપસમાં વાર્તાલાપ કરતાં કહ્યું, ''આપણા રાજા કદી કોઈની સાથે બોલતા નથી. આજે આ મજૂર ઉપર પ્રસન્ન થઈ ગયા, તે આશ્ચર્ય છે !''

ઘરે આવી મહીપાલે શીલમતીને કહ્યું, ''જીર્ણ કંચૂક ઉતારી નવું પહેરો. રાજાની કૃપા ઉતરી છે. તેઓ મહેરબાન થયા છે. તમને રાજમહેલમાં બોલાવ્યા છે.'' પ્રભાત થતાં જૂનું કંચૂક પહેરી શીલમતી રાજમહેલમાં આવી. શૂરપાળે પૂછયું, ''આવું જૂનું કંચૂક શા માટે પહેર્યું છે ? તને શરમ નથી આવતી ?'' શીલમતી મૌન રહી. નજર ઢળેલી હતી. તે છાશ લઈ જતી રહી. શૂરપાળે શીલમતીના સતીત્વના પારખા કર્યા પરંતુ શીલમતી તેમાં અંશપાત્ર ઊણી ન ઉતરી. રાજાએ કહ્યું, ''હું તારો ભરતાર છું.'' શીલમતીએ નીચું જોઈ કહ્યું, ''તમે તો પ્રજાપાલક છો. તમે પ્રજાના રક્ષક છો. રક્ષક જો ભક્ષક બને તો આ પૃથ્વી રસાતાલ થશે. મારું તન, મન મારા કંતને સોંપ્યું છે.'' ત્યારે શૂરપાળે પોતાની આપવીતી જણાવી. શીલમતીએ પતિને ઓળખ્યો. તેનું અંગ રોમાંચિત થયું. દાસીને તેડાવી રાજાએ શીલમતીની સેવા કરવાનું ફરમાન કર્યું. શીલમતીએ સ્નાન કરી, સુંદર વસ્ત્રો અને આભૂષણો ધારણ કર્યા. તેને રાજાએ અર્ધાસન પર બેસાડી. શાંતિમતીની સાથે આવેલી સ્ત્રીએ ઘરે જઈ મહીપાળને કહ્યું કે, ''શાંતિમતીને કારાગૃહમાં પૂરી છે.'' મહીપાળે કહ્યું, ''તે હઠીલી સ્ત્રી છે, તેનું નામ ન લેશો. પોતાના સ્વભાવના કારણે તે દુઃખ પામી છે.''

એક દિવસ મહીપાલને રાજમહેલમાં સહકુટુંબ ભોજનનું નિમંત્રણ આપવામાં આવ્યું. તેમને સુંદર આસનો પર બેસાડયાં, સુંદર થાળ મંડાવી, કનક કચોળાં મૂકાયાં. શૂરપાળે પીરસવાનો આદેશ આપ્યો ત્યારે શીલમતી સોળે શણગાર સજી ભોજન પીરસવા આવી. તેણે પ્રેમથી ભોજન પીરસી બધાંને જમાડયાં. શૂરપાળે ભોજન પછી મહીપાળને નમસ્કાર કરી કહ્યું, ''હું તમારો પુત્ર શૂરપાળ છું. તમે મારા માવિત્ર છો. મારો અપરાધ ક્ષમા કરજો.'' શીલવતીએ કહ્યું, ''પિતાજી ! ક્ષમા કરજો, મેં તમને રીસ ચડાવી છે. તમે કહ્યું છતાં મેં જીર્ણ કંચૂક ન બદલ્યો પરંતુ તે મારા પતિનો આદેશ હતો. હું પતિની આજ્ઞા કઈ રીતે ઓળંગી શકું ?'' આખો પરિવાર હર્ષથી ભેગો થયો.

શીલમતીના અરમાન પૂર્ણ થયા. શીલમતીના જીવનમાં કર્તવ્યનું પ્રથમ અને મનસ્વીપણાનું છેલ્લું સ્થાન હતું. તેને જમાડીને જમવાની સર્વોત્તમ ભાવના હતી. આ ભાવનાથી ભવિષ્યમાં તેને અઢળક સંપત્તિ પ્રાપ્ત થઈ. તે રાજરાણી બની. તે ગરીબગુરબાંને દાન આપતી.

એકવાર નગરમાં **શ્રુતસાગર મુનિ** પધાર્યા. તેમની દેશના સાંભળી શૂરપાળે પોતાનો પૂર્વભવ પૂછયો. મુનિએ કહ્યું, ''પૂર્વભવમાં તમે દંપતીએ અતિથિ સંવિભાગ નામે વ્રત કર્યું હતું. **ભૂમિ પ્રતિષ્ઠિત** નગરમાં **વીરદેવ** નામે શ્રાવક અને **સુવ્રતા** નામે શ્રાવિકા હતી. તમે આઠમના દિવસે પૌષધ કર્યો હતો. વીરદેવે વિચાર્યું કે, 'પૌષધને પારણે મુનિવરને શુદ્ધ અન્ન વહોરાવી પછી પારણું કરવું.' તે ચારે દિશામાં મુનિવરને જોવા લાગ્યો. તેટલામાં મુનિ યુગલ ત્યાં આવ્યું. વીરદેવે સામે જઈ મુનિને ભાવથી વહોરાવ્યું. તેની પત્નીએ સુપાત્ર દાનની

અનુમોદના કરી. બન્ને દંપતી શ્રાવક વ્રત પાળી, અનશન કરી બીજા ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યાંથી વીરદેવનો આત્મા ચ્યવીને તું શૂરપાળ થયો. પૂર્વભવની તારી સ્ત્રી આ ભવે શીલમતી થઈ.''

શૂરપાળ રાજાએ પોતાનો પૂર્વભવ સાંભળી **ચંદ્રપાલ** નામના પુત્રને રાજ્ય સોંપી પિતા અને ભાર્યા સહિત ત્રણેએ દીક્ષા લીધી. વિશુદ્ધ ચારિત્ર પાળી, કેવળજ્ઞાન પામી તેઓ મુક્તે ગયાં.

**શ્રીકૃષ્ણ - જીવક વૈદ્ય :** (આરાધના કથા કોષ ૩, પૃ.૩૬૧)

**સૌરાષ્ટ્ર**ની ધરા ઉપર **દ્વારકા** નામની સુંદર નગરી હતી. ત્યાં **શ્રીકૃષ્ણ** વાસુદેવનો જન્મ થયો હતો. શ્રીકૃષ્ણની ઘણી રાણીઓ હતી. તેમાં **સત્યભામા** સૌભાગ્યશાળી હતી. શ્રીકૃષ્ણને સૌથી અધિક પ્રેમ તેના ઉપર હતો. શ્રીકૃષ્ણ અર્ધચક્રી હતા, ત્રણ ખંડના અધિપતિ હતા. હજારો રાજાઓ તેમની સેવામાં સદા ઉપસ્થિત રહેતા હતા.

એક દિવસ શ્રીકૃષ્ણ **નેમિનાથ ભગવાન**ના દર્શનાર્થ સમવસરણમાં જઈ રહ્યા હતા. રસ્તામાં તેમણે તપસ્વી **શ્રી સુવ્રત મુનિરાજ**ને રોગિષ્ટ અવસ્થામાં જોયા. મુનિરાજનું આખું શરીર રોગથી ઘેરાયું હોવાથી તેઓ ભારે વેદના અનુભવી રહ્યા હતા. તેમની આ દયનીય અવસ્થા જોઈ ધર્મપ્રેમી શ્રીકૃષ્ણનું હૃદય કરુણાથી છલકાઈ ગયું. તેમણે એક **જીવક** નામના પ્રસિદ્ધ અને જાણકાર વૈદ્યને તરત જ બોલાવી ઈલાજ પૂછયો. વૈદ્યે કહ્યું તે અનુસાર તેમણે શ્રાવકોના ઘરે ઔષધ મિશ્રિત લાડુ બનાવવાની સૂચના આપી. થોડા દિવસોમાં જ આમ કરતાં મુનિને ઘણું સારું થઈ ગયું. તેઓ પહેલાંની જેમ સ્વસ્થ થઈ ગયા. આ ઔષધદાનના પ્રભાવથી શ્રી કૃષ્ણએ તીર્થંકર નામકર્મનો બંધ કર્યો.

સુવ્રત મુનિરાજને નિરોગી અવસ્થામાં જોઈ એક દિવસ શ્રીકૃષ્ણ ખુશ થયા. કેમ કે તેમને પોતાના કાર્યમાં સફળતા પ્રાપ્ત થઈ હતી. તેમણે મુનિરાજને પૂછયું, ''ભગવન્! તમે ઠીક તો છો ને ?'' મુનિરાજે ઉત્તર આપતાં કહ્યું, ''રાજન્! જીવ અને દેહ જુદો છે. એમને એક જ ભવનો સંબંધ છે. શરીરનો મોહ કેવો ? શરીર સ્વભાવથી અપવિત્ર નષ્ટ થવાવાળું અને ક્ષણ ક્ષણમાં અનેક અવસ્થાઓમાં બદલવાવાળું એવું પરિવર્તનશીલ છે. તેમાં સારું અને ખરાબ શું ? પદાર્થોનો જેવો પરિવર્તન સ્વભાવ છે, તેમ આ શરીર પણ ક્યારેક નિરોગી અને ક્યારેક સરોગી થઈ જાય છે. હા, મને રોગીપણામાં ખેદ નથી અને નિરોગીપણામાં હર્ષ નથી. ધર્મને કારણે મોક્ષ નિમિત્તે મહાત્મા શરીર છાંડે છે.''

સુવ્રત મુનિરાજની શરીર પ્રત્યેની નિઃસ્પૃહતા જોઈ શ્રીકૃષ્ણને અત્યંત આનંદ થયો. તેમણે મુનિરાજને નમસ્કાર કરી તેમની ખૂબ પ્રશંસા કરી.

મુનિરાજની આ નિસ્પૃહતા કાનોકાન જીવક વૈદ્ય સુધી પહોંચી. જીવક વૈદ્યને માઠું લાગ્યું. એટલું જ નહીં મુનિરાજ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ. તેને થયું કે, 'મેં ઈલાજ બતાવી ઉપકાર કર્યો, જેનાથી મુનિરાજ સંપૂર્ણ સ્વસ્થ થયા છતાં મારા વખાણનો એક પણ શબ્દ ન કહ્યો ?' આવો વિચાર આવતાં વૈદ્ય મુનિને કૃતઘ્ન સમજવા માંડયો. હવે તે નગરમાં મુનિરાજની નિંદા કરવા લાગ્યો. આ મુનિ નિંદાના ફળ સ્વરૂપે તેણે ઘણું પાપકર્મ બાંધ્યું. તેનું મૃત્યુ થયું. તે નર્મદા નદીના કિનારે વાંદરા તરીકે ઉત્પન્ન થયો. ખરેખર! અજ્ઞાનીઓ સાધુના આચાર-વિચાર, વ્રત-નિયમોને જાણતા નથી તેથી વ્યર્થ નિંદા કરી સ્વનું અહિત કરે છે.

એક દિવસ વાંદરો જે વૃક્ષ ઉપર બેઠો હતો. તેની નીચે સુવ્રત મુનિરાજ ધ્યાન ધરીને ઊભા રહ્યા.

તે સમયે તે વૃક્ષની એક તીક્ષ્ણ ડાળ તૂટી મુનિ ઉપર પડી. તેની તીક્ષ્ણધાર મુનિના પેટમાં ઘૂસી ગઈ. લોહી વહેવા લાગ્યું. વાંદરાની દૃષ્ટિ મુનિરાજ પર પડી. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વ જન્મની શત્રુતા ભૂલી તેજ સમયે તે જંગલમાં દોડયો. પોતાના જાતિભાઈઓને બોલાવી લાવ્યો. તે સર્વેએ મળી ખૂબ જ સાવધાનીથી તીક્ષ્ણ ધારને ખેંચી લીધી. વૈદ્યના જીવને પૂર્વ જન્મના સંસ્કારથી જંગલની જડીબૂટીની જાણ હતી. તે લાવી મુનિના ઘા ઉપર ચોપડી દીધી. મુનિને અપાર શાંતિ થઈ. આ વાંદરાએ મુનિનો ઉપચાર કરી પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું. ખરેખર! પૂર્વ જન્મના **સંસ્કાર** બીજા જન્મમાં પણ જીવંત રહે છે.

વાંદરો એક પશુ હોવા છતાં તેમાં દયા-અનુકંપાનો સ્તોત્ર વહેતો હતો. મુનિરાજે અવધિજ્ઞાન દ્વારા જાણ્યું કે, 'આ વાંદરો તે પૂર્વ જન્મનો જીવક વૈદ્ય છે, જેણે મને સ્વસ્થ કર્યો હતો.' પરોપકારી મુનિરાજે તેને ભવ્ય જાણી તારવા માટે પૂર્વ જન્મનો વૃત્તાંત તેને કહ્યો. તેને ધર્મોપદેશ આપ્યો. મુનિની કૃપાથી તે ધર્મામૃત સાંભળી દઢ શ્રદ્ધાવાન થયો. તેણે સમકિત પ્રાપ્ત કર્યું. હવે તેણે અણુવ્રતો ગ્રહણ કર્યા. તેનું સમ્યક્ પ્રકારે પાલન કર્યું. અંતે તે સાત દિવસનું અનશન કરી મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં દેવ થયો.

ખરેખર! સુપાત્રથી ઉત્તમ આ સંસારમાં સુખનું કારણ બીજું એકે નથી. જીવક વૈદ્યના આત્માએ તે ભવમાં અને તત્પશ્ચાત કપિ બની સુપાત્રને ઔષધદાન કરી તિર્યંચ યોનિનો ઉચ્છેદ કરી દેવ પર્યાય ધારણ કર્યો. આમ, દાનથી જ સદ્ગતિ પ્રાપ્ત થાય છે.

દ્વાત્રિંદ્-દ્વાત્રિંશિકા (ગા.૧)માં યશોવિજયજી કહે છે -

**'एन्द्रामप्रद दानमनुकम्पासमन्वितम् ।**
**भकत्या सुपात्रदानं तु मोक्षदं देशितं जिनैः ।।'**

અનુકંપાયુક્ત દાન ઈન્દ્ર સંબંધી સુખ પ્રદાન કરે છે. ભક્તિયુક્ત સુપાત્ર દાન મોક્ષ પ્રદાન કરે છે; એવું જિનેશ્વર ભગવંતોએ કહ્યું છે. અર્થાત્ જેના હૃદયાં અનુકંપા-દયા હોય તેને સહાયતા કરવાની ઉત્કંઠા જાગે છે.

**શ્રીધર ભૂપ** : (પ્રબંધ પંચશતી, ક.૨૪૨)

કોઈક ગામમાં ૫૦૦ ધોબીઓ હતા. બધા સમૃદ્ધ હતા. તેઓ ૫૦૦ ગામના ધણી હતા. બધા ઘોડા ઉપર ચડીને ફરવા નીકળ્યા પરંતુ તેઓ સ્વછંદી હોવાથી કોઈ કોઈની આજ્ઞા માનતા ન હતા. એકવાર **શ્રીપુરથી શ્રીધર** રાજાનું સૈન્ય તેઓને જીતવા માટે આવ્યું. ત્યારે સર્વ ધોબીઓ બખ્તર પહેરી સજ્જ થઈ બહાર નીકળ્યા. બહાર ધોબીઓ પોતપોતાના ઉતારે રહ્યા. તે વખતે ત્યાં શત્રુ રાજાએ આડંબરપૂર્વક પોતાના મંત્રીઓને ત્યાં મોકલ્યા. મંત્રીએ ધોબીના ઉતારે જઈ શોરબકોર મચાવ્યો કે, "આ બધામાં હું જ મુખ્ય છું, હું જ મુખ્ય છું." અભિમાની ધોબીઓ આ વેણ સાંખી ન શક્યા. મંત્રીએ જાણ્યું કે, 'ધોબીએ ધોબીએ સરદાર છે.' તે મંત્રીઓએ રાજા પાસે જઈ તે સમાચાર આપ્યા. ત્યારે શત્રુ રાજાએ ધોબીની સાથે યુદ્ધ કર્યું. તેમાં કેટલાક ડરપોક ધોબીઓ નાઠા તો કેટલાક યુદ્ધમાં હોમાઈ ગયા. શ્રીધરે વિજયની વરમાળા પહેરી. હવે શ્રીધર રાજા એક છત્રી રાજ્ય કરવા લાગ્યા. તેમની પાસે પશુધનમાં ૩૦૦ હાથી અને ૮ લાખ ઘોડાઓ થયા.

એકવાર **ચંદ્રસૂરીશ્વરજી** નામના મહાત્મા નગરમાં પધાર્યા. રાજાએ તેમને વંદન કરી પોતાનો પૂર્વભવ પૂછયો કે, "મેં પૂર્વે શું પુણ્ય કર્યું છે?" આચાર્યએ કહ્યું, "હે રાજન્! તું પૂર્વભવમાં **મહેન્દ્રપુર** નગરમાં

**મેઘ** નામનો નિર્ધન વણિક હતો. તારે ત્યાં અચાનક બે સાધુ મહાત્મા જિર્ણ વસ્ત્ર પહેરીને આવ્યા. જાણે ગરીબના ખોળામાં અચાનક આવી પડેલું સુવર્ણનું ચોસલું! તેં બન્નેને શુદ્ધ ભાવે વસ્ત્ર વહોરાવ્યાં. તે પુણ્યના પ્રભાવે મૃત્યુ પામી તું શ્રીધર નામે રાજા થયો છે. આ સાંભળી રાજાએ અત્યંત બહુમાનપૂર્વક સાધુઓને શુદ્ધ ભાવથી અન્ન-વસ્ત્ર આદિ દાનમાં આપ્યાં.

ત્યાંથી કાળ કરીને શ્રીધર રાજા ચોથા દેવલોકે ગયા. ત્યાંથી ચ્યવી પુનઃ રાજા થઈ સર્વ કર્મ ક્ષય કરી મુક્તિપદને પામશે.

**શ્રીદત્ત** : (મનોરમા કહા, પ્રાકૃત, પૃ.પર)

**વચ્છદેશ**ના **સુપ્રતિષ્ઠિત** નગરમાં **અરિમર્દન** રાજા રાજ્ય કરતા હતા. તેમનો **શ્રીદત્ત** નામનો સરળ સ્વભાવનો એક સેવક હતો.

એકવાર માસક્ષમણને પારણે **ગુણંધર** નામના મુનિ વહોરવા પધાર્યા. મુનિનું મ્લાન મુખ જોઈ શ્રીદત્તને થયું કે, ' જરૂર મુનિ ભગવંત કોઈ વ્યાધિથી પીડાય છે.' તેણે મુનિ ભગવંતને સુખ શાતા પૂછી ચિકિત્સા માટે વિનંતી કરી. મુનિએ કહ્યું, ''દેવાનુપ્રિય ! મારે જાવજીવ સુધી અઠ્ઠમ તપનો અભિગ્રહ છે. અઠ્ઠમના પારણે એક દિવસ કોઈક પામર(અબુધ કે નિર્ધન)ને ત્યાંથી કંગુકૂર(ખરાબ ચોખા), તેલ, ગોરસ મળ્યું. તે વાપર્યું. તેના કારણે પિત્તજવર થયો છે. શરીરમાં તીવ્ર દાહની વેદના ઉત્પન્ન થઈ છે. આખા શરીરે ખૂબ જ ખણજ આવે છે.

શ્રીદત્ત દયાળુ હતો. મુનિ ભગવંતનું દુઃખ જોઈ તેનો આત્મા દ્રવી ઉઠયો. તેણે શાતા ઉપજાવવા માટે તરત જ વૈદ્યને બોલાવી મુનિનો યોગ્ય ઉપચાર કરાવ્યો. તપસ્વી મુનિરાજને સુખ-શાંતિ પહોંચાડીને શ્રીદત્તે જીવાનંદ વૈદ્યની જેમ પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી શ્રીદત્તનો આત્મા બીજા ભવમાં **સુભદ્રા**ની કુક્ષિએ આવ્યો. ત્યારે દશ ક્રોડ સુવર્ણનું નિધાન મળ્યું. સુભદ્રામાતા અને **સુમંગલ** પિતાનો આ પુત્ર એટલે **શ્રીધર્મ**!

એક દિવસ નગરમાં મહામારી (મરકી)નો રોગચાળો ફેલાયો. નગરનાં લોકો ટપોટપ મરવા લાગ્યાં. ત્યારે સુમંગલ શ્રેષ્ઠીના ઘરે કોઈ ઉપદ્રવ (રોગ) ન નડયો કારણ કે શ્રીધર્મે પૂર્વે શ્રીદત્તના ભવમાં રોગીષ્ટ મુનિ ભગવંતને ઔષધ દાન કરી નિરોગી કર્યા હતાં. તેમને શાતા પમાડી હતી તેથી તે સુખી થયો. ઔષધ દાનના કારણે તે સાતમા ભવે મોક્ષમાં જશે.

આરોગ્ય પરમ સુખ છે. જેનું સાધન છે ઔષધ. ઔષધ દાન એ એક પ્રકારે જીવનદાન છે. સંયમ જીવનની પુષ્ટિ માટે નિરોગી શરીર આવશ્યક છે. બીમારને અન્નથી વધુ ચિકિત્સાની આવશ્યક્તા હોય છે, જે તેને સ્વસ્થ અને રોગમુક્ત બનાવે છે.

**શ્રીપાલ અને મયણાસુંદરી** : (જૈન કથા સંગ્રહ)

**ચંપાનગરી**ના રાજા **સિંહરથ** અને રાણી **કમલપ્રભા**ને **શ્રીપાલ** નામે એક દીકરો હતો. શ્રીપાલ પાંચ વર્ષનો થયો ત્યારે રાજાનું અવસાન થયું. રાજા સિંહરથનો ભાઈ **અજિતસેન** મહત્ત્વાકાંક્ષી હતો તેથી આ તકનો લાભ લઈ રાજ્ય આંચકી લીધું. પોતાના રાજ્યપદ માટે શ્રીપાલ કાંટા બરાબર હતો. માતા કમલપ્રભાને

અજિતસેનના ખરાબ ઈરાદાની જાણ થઈ એટલે કુંવરને લઈને રાજ છોડી જતી રહી. આ વાતની જાણ અજિતસેનને થઈ એટલે તેના વિશ્વાસુ સિપાઈઓને તેમની પાછળ દોડાવ્યા. એક સ્ત્રી બાળકને ઊંચકી દોડતી કેટલે દૂર જઈ શકે ? સિપાઈઓ તેની નજીક આવી ગયા જાણીએ એક કોઢીયાનું ટોળું જતું હતું તેમાં તેમની સાથે જોડાઈ ગઈ. તેઓએ બાળકને કોઢના રોગનો ચેપ લાગશે તેવી ચેતવણી આપી પણ બાળકને બચાવવા આટલું જોખમ તો ઉઠાવવું પડે તેમ હતું.

શ્રીપાલ ઘણો ચતુર અને દેખાવડો હતો. તેથી કોઢીયાઓ તેની ખૂબ કાળજી રાખતા હતા. છતાં શ્રીપાલને પણ આખા શરીરે કોઢ ફૂટી નીકળ્યો. શ્રીપાલ યુવાન થયો એટલે તેને પોતાનો નેતા બનાવ્યો અને તેને **ઉંમરરાણા** નામે ઓળખવા લાગ્યા. ફરતાં ફરતાં એક દિવસ તેઓ **માળવાની** રાજધાની **ઉજ્જયિની (અવંતિ)**માં આવી ચઢયા.

ઉજ્જયિનીમાં પ્રજાવત્સલ એવો **પ્રજાપાલ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેને **સૌભાગ્યસુંદરી** તથા **રૂપસુંદરી** નામની બે રાણી હતી. સૌભાગ્યસુંદરી મિથ્યાત્વી હતી જ્યારે રૂપસુંદરી સમકિતી હતી. સૌભાગ્યસુંદરી વૈદિક મતની હતી અને રૂપસુંદરી જૈનદર્શનથી પ્રભાવિત હતી. સૌભાગ્યસુંદરીને **સુરસુંદરી** અને રૂપસુંદરીને **મયણાસુંદરી** નામે દીકરી હતી. તે બંને ખૂબ સુંદર અને ચતુર હતી.

રાજાને બંને દીકરીઓ ખૂબ જ વહાલી હતી. બંનેના યોગ્ય અને ઉત્તમ ઘડતર માટે અલગ અલગ ગુરુઓની ખાસ સગવડ કરી હતી. સુરસુંદરી બ્રાહ્મણ ગુરુ પાસે ભણી જ્યારે મયણાસુંદરી જૈન મુનિ પાસે ભણી. મયણાસુંદરીએ અનેક વિદ્યામાં દક્ષતા મેળવી અને અનેક ભાષાઓ શીખી. તેણે અલંકાર આદિનું બહોળું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

બંને દીકરીઓ બધી કળામાં પારંગત થઈ ગઈ એટલે રાજાએ તેમની પરીક્ષા લેવાનું વિચાર્યું. બંનેને દરબારમાં બોલાવી રાજાએ જે કાંઈ પ્રશ્નો પૂછયા તેના સરસ જવાબો આપ્યા. અંતે છેલ્લા પ્રશ્નરૂપે રાજાએ પૂછયું કે, ''આ બધી સાહ્યબી તથા સગવડો તમને કોના પ્રતાપે મળી ?'' ખૂબ જ નમ્રતાપૂર્વક સુરસુંદરીએ ''રાજાની મહેરબાનીથી મળ્યું છે'' તેમ જણાવ્યું. રાજા ખૂબ જ પ્રસન્ન થયા. પછી રાજાએ મયણાસુંદરીને પણ પ્રશ્નો પૂછી જ્ઞાનની ચકાસણી કરી અંતમાં તેને પણ પૂછયું કે, ''તને કોના પ્રતાપથી આ બધું મળ્યું છે ?'' એવા પ્રશ્નના જવાબમાં મયણાસુંદરીએ જણાવ્યું, ''પિતાજી ! આપને પ્રણામ ! પણ મને મળેલ આ રાજવી વૈભવ મારા પૂર્વ જન્મોના પુણ્ય કર્મનું જ ફળ છે. દરેકને પોતાના ભાગ્યમાં નિર્માયેલું જ મળે છે. કોઈ કોઈને કંઈ આપી કે લઈ શકતા નથી.''

રાજા તો મયણાસુંદરીનો જવાબ સાંભળીને ડઘાઈ જ ગયા. ફરી ફરી મયણાને એ સવાલ પૂછયો પણ મયણાએ તો નમ્રતાપૂર્વક પોતાના કર્મોનું જ ફળ છે તેમ જણાવ્યું. રાજકુંવરી તરીકેનો જન્મ પણ કર્મના પરિણામે છે તેમાં કોઈ મેખ મારી ન શકે.

આ સાંભળી રાજા ક્રોધિત થયા. કર્મ વિશે તેઓ કંઈ પણ માનવા તૈયાર જ ન હતા. તેથી મયણાને પાઠ ભણાવવા નક્કી કર્યું. રાજાએ સેવકોને તદ્દન કદરૂપો ગરીબ માણસ શોધી લાવવાનું કહ્યું. સેવકો કોઢિયા ઉંમરરાણાને લઈ આવ્યા અને અભિમાની રાજાએ વિચાર્યા વગર જ મયણાને તેની સાથે પરણાવી દીધી. જરૂરી સાધન સામગ્રીથી સજ્જ નાનું સરખું ઘર આપી મયણાને કર્મના સહારે મોકલી દીધી. તેની માતા રૂપસુંદરી રાજાના નિર્ણયથી ખૂબ દુ:ખી થયાં. બીજી બાજુ સુરસુંદરીને **શંખપુર**ના રાજકુંવર **અરિદમન** સાથે પરણાવી.

લગ્નમાં અશ્વ, ગજ અને સુવર્ણ આપી કરિયાવર કર્યો.

મયણા ખૂબ જ ધાર્મિક પ્રકૃતિની હતી. ઉંમરરાણાના વેશમાં રહેલા શ્રીપાલને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધો અને તેની સેવા કરવા લાગી. પતિ સાથે તે ઉપાશ્રયમાં જતી. સાધુના મુખેથી પવિત્ર ઉપદેશ સાંભળતી. એક દિવસ મયણા અને તેનો પતિ વિદ્વાન **આચાર્ય મુનિચંદ્ર**ને વંદન કરવા ગયાં અને પોતાના પ્રશ્નો તથા પતિના કોઢની પૃચ્છા કરી. તેમણે અગમોક્ત વિધિ દર્શાવતાં નવપદની આયંબિલની ઓળીની આરાધના કરવા કહ્યું. સાડાચાર વર્ષ એટલે કે નવ ઓળી કરવી પડે. ઓળીના નવ દિવસ હોય છે અને તે સમય દરમિયાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ (પંચપરમેષ્ઠી) જ્ઞાન, દર્શન (શ્રદ્ધા), ચરિત્ર અને તપ એમ નવપદની આરાધના કરવી પડે. આયંબિલ એટલે દિવસમાં એક જ વાર એકદમ સાદું-મરી-મસાલા, ઘી-દૂધ, તેલ, મીઠું વગેરેનો ત્યાગ કરી લુખ્ખું જમવાનું. વર્ષમાં ચૈત્ર અને આસો એમ બે વાર ઓળી આવે.

મયણા અને શ્રીપાલે ખૂબ જ શ્રદ્ધા અને ભક્તિથી ઓળીનું તપ શરૂ કર્યું. ઓળીમાં સળંગ નવ દિવસ સુધી એક ટાઈમ લુક્ખો આહાર લેવાનો પરિણામ આશ્ચર્ય પમાડે તેવું હતું. શ્રીપાલની ચામડી પરથી ડાઘ ધીરે ધીરે દૂર થવા લાગ્યા. એમ કરતાં પહેલા જેવી કાંતિમય ચામડી થઈ ગઈ. ચામડી પરના સમગ્ર ડાઘ નિરાપદ થયા. તેના પાંચ કરોડ, અડસઠ લાખ, નવ્વાણુ હજાર, પાંચસો ચોર્યાસી રોગો શાંત થઈ ગયાં. હવે તે રાજકુમાર જેવો સુંદર દેખાતો હતો. મયણા પોતાના કર્મને ધન્યવાદ આપવા લાગી. નવપદની ઓળી નવ વાર થઈ જવા છતાં તેઓએ ચાલુ જ રાખી. સાતસો કોઢિયાઓ પણ વિધિપૂર્વક નવપદની ઓળી કરી નિરોગી થયા.

એકવાર તેઓ ઉપાશ્રયમાં હતાં ત્યાં મયણાની માતા રૂપસુંદરી તેમને અચાનક મળ્યાં. મયણાને કોઈ કોઢિયાને બદલે સુંદર રાજકુમાર સાથે જોઈને ધ્રાસ્કો પડયો. મયણાએ વિગતવાર બધી વાત કરી. રૂપસુંદરી વાત જાણી ખૂબ જ પ્રસન્ન થયાં. તેમણે જઈને રાજાને વાત કરી કે મયણાની કર્મ વિશેની વાત સાચી ઠરી છે. રાજાએ પણ સત્ય જોયું. મનમાં ને મનમાં પોતાની જાતને ધિક્કારવા લાગ્યાં કે મેં મારી લાડકી દીકરીને દુઃખી કરી. હવે તેમણે દીકરી-જમાઈને પોતાના ઘરે આવવા તેડું મોકલ્યું. શ્રીપાલ વાસ્તવમાં કોણ છે તેની બધાંને જાણ થઈ. નસીબજોગે શ્રીપાલની માતા પણ મહેલમાં આવીને સાથે રહેવા લાગ્યાં.

એકવાર રાજાની સવારી નીકળી હતી તે સમયે શ્રીપાલ પ્રજાપાલ રાજા સાથે હાથી પર બેઠો હતો. કોઈએ શ્રીપાલ તરફ આંગળી ચીંધીને પૂછ્યું, ''તે રાજાનો શું સગો છે ?'' 'તે રાજાનો જમાઈ છે,' તેવો જવાબ મળ્યો, જે શ્રીપાલે સાંભળ્યું. સસરાના નામથી ઓળખાવું શ્રીપાલને ગમ્યું નહિ. 'હું મારી જાતે મારી ઓળખ ઊભી કરું,' એવું વિચારી સહુની પરવાનગી લઈ તે નીકળી પડયો.

ચારે બાજુ દૂર સુદૂર ફર્યો. ઘણાં સ્થળોની મુલાકાત લીધી. ગમે તેવી અગવડો વચ્ચે પણ નવપદની આરાધના ભૂલ્યો ન હતો. એ સમયના રિવાજ મુજબ પોતાના બુદ્ધિબળે ઘણી સ્ત્રીઓ સાથે લગ્ન કર્યાં. અઢળક સંપત્તિ પ્રાપ્ત કરી. ઘણાં તેના વિચારોને અનુસરી તેના અનુયાયીઓ બન્યા. પાછા ફરીને ઉજ્જયિનીની બહાર પડાવ નાંખ્યો. સૈન્ય વિશાળ હોવાને લીધે જાણે આખા શહેરને ઘેરો ઘાલ્યો હોય તેવું લાગ્યું. રાજા પ્રજાપાલે વિચાર્યું કે, 'કોઈ દુશ્મન ચઢી આવ્યો છે.' પણ જ્યારે જાણ્યું કે તે પોતાના જમાઈ છે ત્યારે તે તેને મળવા તંબુમાં ગયા. કોઈ મહાન સન્માન સાથે તે ગામમાં પ્રવેશ્યા. તેમને જોઈને તેમની માતા તથા મયણા ખૂબ જ પ્રસન્ન થઈ ગયાં.

શ્રીપાલે પોતાની અતિપ્રિય પત્ની મયણા સાથે લાંબો સમય વીતાવ્યો. હવે તેમણે પોતાનું અસલ

રાજ્ય ચંપાનગર પાછું મેળવવાનો વિચાર કર્યો. એમણે કાકા અજિતસેનને રાજ્ય પાછું સોંપી દેવાનો સંદેશો મોકલ્યો. અજિતસેને રાજ્ય પાછું સોંપવાની ના પાડી. શ્રીપાલે પોતાના વિશાળ સૈન્યની મદદથી અજિતસેનને બંદીવાન બનાવી ચંપાનગર પર વિજય મેળવ્યો. અજિતસેનને માફ કર્યો. અજિતસેન સમજી ગયા કે પોતાના દિવસો ભરાઈ ગયા છે. તેમણે સંસાર છોડવાનો નિશ્ચય કર્યો. ચંપાનગરનો રાજા બનીને શ્રીપાલે પોતાનો રાજવહીવટ સરસ રીતે ચલાવ્યો. શ્રીપાલ રાજા અને મયણાસુંદરીએ જીવનભર નવપદની આરાધના કરી સુપાત્ર દાન આપી જીવનને ધન્ય બનાવ્યું.

વિધિના ખેલ જુઓ કે ! આ બાજુ સુરસુંદરીને નર્તકી બનવું પડયું. એકવાર અવધિજ્ઞાની **મુનિ અજિતસેન** ચંપાપુરીમાં પધાર્યા. શ્રીપાળે વર્તમાન જીવનની સફળતા અને વિફળતાના વિષયમાં મુનિવરને પૂછયું. મુનિએ ઉત્તરમાં કહ્યું, ''પૂર્વે **હિરણ્યપુર**ના રાજા **શ્રીકાંત** અને તેમની રાણી **શ્રીમતી** હતી. શિકારના વ્યસની રાજાએ પશુઓનો વધ કરાવ્યો. કાયોત્સર્ગમાં ઉભેલા રોગી મુનિને રંજાડયા. મુનિને નદીમાં ફેંક્યા. ગોચરીએ જતાં મુનિને અપશબ્દો કહ્યાં. સમય જતાં રાજાને મુનિનાં ઉપદેશથી પશ્ચાતાપ થતાં તેમને ભોજન પાણી વહોરાવી શાતા પહોંચાડી. સિદ્ધચક્ર વિધાન કર્યું. તેને સાતસો સેવકોના રાજા **સિંહ**નો ઉપદ્રવ થયો. રાજા સિંહ દ્વારા તેની હત્યા થઈ. પૂર્વકૃત અકૃત્યના કારણે કર્મના વિપાકથી શ્રીપાળને દુઃખ સહન કરવું પડયું. રાજા સિંહ જ મુનિ અજિતસેન બન્યા તે હું પોતે જ છું. જે સખીઓએ સિદ્ધચક્રનું સમર્થન કર્યું તે તારી પત્નીઓ થઈ છે. તારે હજી કર્મના ફળ ભોગવવાનાં છે. તું નવમા ભવમાં મોક્ષમાં જઈશ.'

**શ્રીષેણ રાજા** : (શાંતિનાથ ચરિત્ર; પુણ્યાશ્રાવક કથાકોશમ્)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**ના આર્ય ખંડમાં અતિપ્રસિદ્ધ **મલય દેશ**ની રાજધાની **રત્નસંચયપુર** નામના નગરમાં જૈન ધર્મનો ખૂબ જ પ્રચાર હતો. ત્યાં **શ્રીષેણ રાજા** રાજ્ય કરતા હતા. તેઓ અત્યંત ઉદાર, દાનશીલ, પ્રજાપાલક અને ધર્મપરાયણ હતા. પુણ્યથી પ્રાપ્ત પ્રાયઃ સર્વ સારા ગુણો તેમનામાં હતા. તેમનો કોઈ પ્રતિદ્વંદ્વી ન હતો. સદાચારમાં તેઓ સહુથી શ્રેષ્ઠ હતા.

તેમની **સિંહનંદિતા** અને **અનંદિતા** નામની બે રાણીઓ હતી. બન્ને સુંદરતામાં અદ્વિતીય, વિદુષી અને સતી હતી. તેમનાથી અનુક્રમે **ઈન્દ્રસેન** અને **ઉપેન્દ્રસેન** નામના પુત્રો થયાં. બન્ને ભાઈઓ સુંદર, ગુણીયલ, શૂરવીર હતા. તેમણે કલાચાર્ય પાસે વિદ્યાઓ સંપાદન કરી.

રત્નસંચયપુરની બાજુમાં **બલ** નામના ગામમાં **ધરણીજટ** નામનો વેદ-વેદાંગમાં નિપુણ બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ **યશોભદ્રા** હતું. તેના **નંદિભૂતિ** અને **શિવભૂતિ** નામના બે પુત્રો હતાં. તેમણે પિતા પાસેથી વેદશાસ્ત્રોનો અભ્યાસ કર્યો. આ બ્રાહ્મણની **કપિલા** નામની દાસીનો **કપિલ** નામનો સ્વરૂપવાન દાસીપુત્ર પણ ત્યાં રહેતો હતો, જે સુસંસ્કારોથી રહિત હોવા છતાં અતિશય બુદ્ધિમાન અને ચાલાક હતો.

બ્રાહ્મણ ન્યાય, વ્યાકરણ, નીતિ શાસ્ત્રમાં પારંગત હતો. તે જ્યારે પોતાના પુત્રોને વેદ ભણાવતો ત્યારે સમાન વયનો કપિલ છુપાઈને તે ધ્યાનપૂર્વક સાંભળતો. તેનાથી તેને શિક્ષાપ્રદ નીતિનાં ઘણાં શ્લોકો યાદ રહી ગયાં. યદ્યપિ બ્રાહ્મણ તેને પૂરેપૂરો વિદ્વાન બનાવવા માંગતો હતો પરંતુ બ્રાહ્મણો ધરણીજટ પર નારાજ થયા. તેને ડરાવવા લાગ્યા કે, 'જો તું શુદ્ર એવા દાસીપુત્રને વિદ્વાન બનાવીશ તો ભારે અન્યાય કરીશ. તેનું ફળ તને બુરી રીતે ભોગવવું પડશે.' પોતાના જ્ઞાતિ ભાઈઓથી ધરણીજટ ગભરાયો. તેણે ભયથી કપિલને

ઘરમાંથી કાઢી મૂક્યો.

હવે તે બે યજ્ઞોપવિત ધારણ કરી બ્રાહ્મણ બની **રત્નસંચયપુર**માં રાજા શ્રીષેણના દરબારમાં આવ્યો. ત્યાં તેણે પોતાના મુખપાઠ કરેલા શ્લોકો સંભળાવી રાજાને પ્રસન્ન કર્યા. રાજાએ તેને ઉચ્ચ, કુલીન, સંસ્કૃત વિદ્વાન જાણી રાજપુરોહિત બનાવ્યો.

એ જ નગરમાં એક **સાત્યકિ** નામે બ્રાહ્મણ ઉપાધ્યાય રહેતો હતો. જે સ્વભાવે સરળ હતો પરંતુ નિર્ધન હતો. તેની **જંબૂ** નામે પત્ની હતી. તેને **સત્યભામા** નામની વિદુષી અને ચતુર કન્યા હતી. સત્યકિ પાઠશાળામાં છાત્રોને વેદશાસ્ત્ર ભણાવતો હતો. કપિલ ત્યાં આવ્યો. તેણે પોતાની નિપુણતા દર્શાવવા કોઈ છાત્રને વેદના એક પદનો અર્થ પૂછયો. સત્યકિએ તેને મહાપંડિત માની પુરાણ કહેવા રાખી લીધો. તેની સાથે પોતાની સ્વરૂપવાન પુત્રી સત્યભામાના વિવાહ કરાવ્યા.

કપિલ હવે બ્રાહ્મણને યોગ્ય ક્રિયાકાંડમાં શિથિલ થઈ કામમાં લુબ્ધ બન્યો તેથી સત્યભામા તેના હાવભાવથી સંતુષ્ટ ન હોવાથી પરેશાન રહેવા લાગી. તેણી ધાર્મિક સંસ્કારવાળી, સુસંસ્કૃત કુલીન નારી હતી. કપિલ હીનાચાર વિચારવાળો વ્યક્તિ હતો તેથી તેણીને તેના કુળના વિષયમાં સંદેહ ઉત્પન્ન થયો.

આ બાજુ પૂર્વમાં કપિલનો ગુરુ અને સ્વામી ધરણીજટ, જેની પાપનો ઉદય થતાં સર્વ સંપત્તિ ચાલી ગઈ. તે ભિક્ષુક જેવો બની ગયો. તેને સમાચાર મળ્યાં કે, 'કપિલ રત્નસંચયપુરમાં સુખી છે. તેને રાજા દ્વારા ખૂબ માન-પાન મળે છે.' કપિલની ખ્યાતિ સાંભળી ધરણીજટ ધનની ઈચ્છાથી કપિલને શોધતો તેની પાસે આવ્યો.

કપિલને ધરણીજટને જોઈ ગુસ્સો આવ્યો. તેને ધરણીજટનું આગમન 'પોતાની માન-મર્યાદામાં બાધક બનશે;' એવું જાણી ખટક્યું. તેણે પરાણે હસતું મોઢું રાખી ધરણીજટને નમસ્કાર કર્યા. પોતાની પોલ ખુલી જવાના ભયથી પ્રથમ તે ગભરાયો પરંતુ તરત જ સ્વસ્થ થઈ ધરણીજટની સેવામાં જોડાઈ ગયો.

ધરણીજટને (સસરાને) ઉત્તમોત્તમ ભોજન કરાવી સત્યભામા દ્વારા દરેક પ્રકારની સુખ-સગવડ કરી દેખરેખ કરવાની કપિલે આજ્ઞા આપી. પછી તે પોતાના કામમાં જોડાયો. સત્યભામાએ આગંતુકનો પરિચય પૂછયો. ત્યારે તેણે પોતાના પિતાના રૂપમાં પરિચય આપ્યો. ઘણું માનપાન મળતાં ધરણીજટ ત્યાં સુખેથી રહેવા લાગ્યો. કપિલે લોકોને તેનો પરિચય કરાવ્યો કે, 'આ મારા પિતા છે.'

એક દિવસ પતિ જ્યારે બહાર ગયા ત્યારે સત્યભામાએ ઘણું ધન આપી સસરાને પૂછ્યું, ''કપિલની જાતિ કઈ છે ?'' કપિલે ભરીસભામાં ધરણીજટને પોતાના પિતા કહી પોતાનું અપમાન કર્યું હતું તેનો ગુસ્સો તો હતો જ અને ધનની આવશ્યક્તા હતી. તે ધન સત્યભામાએ આપ્યું તેથી ધરણીજટે કપિલનો સાચો પરિચય આપ્યો. તે ધન લઈ ત્યાંથી પોતાના ઘરે આવ્યો.

સત્યભામાને ઘણું દુઃખ થયું. તેણી કપિલ પ્રત્યે વિરક્ત બની રાજા પાસે ગઈ. તેણીએ રાજાને કપિલની ધૂર્તતા અને છેતરપીંડીનું જ્ઞાન કરાવ્યું.

રાજાએ કપિલને બોલાવ્યો અને કહ્યું, ''તું તારી પત્નીને છોડી દે. તે તને પ્રેમ કરતી નથી. તેને તેના પિતાના ઘરે જવા દે, જેથી શિયળનું પાલન કરી શકે.'' કપિલે કહ્યું, ''હું તેના વિના એક ક્ષણ રહી શકું નહીં.'' સત્યભામાએ કહ્યું, ''અકુલીન સાથે રહેવું, તે કરતાં પ્રાણ ત્યાગ કરવો શ્રેષ્ઠ છે.'' રાજાએ કપિલને સમજાવી કહ્યું, ''જો તું તેને પરાણે રાખવાનો પ્રયત્ન કરીશ, તો તે આપઘાત કરશે. તને સ્ત્રી હત્યાનું મહાપાપ

લાગશે.''

કપિલ માન્યો નહીં ત્યારે રાજાએ આ ઘટના પર વિચાર કરી કપિલનું મુખ કાળું કરી, ગધેડા ઉપર બેસાડી, નગરમાં ફેરવ્યો અને દેશનિકાલ કર્યો. સત્યભામાને લોક દૃષ્ટિથી પડતી બચાવવા માટે રાજાએ તેને પુત્રી સમાન બનાવી રાજભવનમાં રાખી. આમ,રાજાએ સત્યભામા પ્રતિ સહાનુભૂતિ અને ઉચિત ન્યાય પ્રદાન કર્યો.

એકવાર **આદિત્યગતિ** અને **અરિંજય** નામના બે ચારણમુનિઓનું ચર્યા નિમિત્તે રાજમહેલમાં શુભાગમન થયું. રાજા શ્રીષેણ અને ધર્મનિષ્ઠ રાણીઓએ વિશુદ્ધ ભાવે મુનિરાજને આહારદાન આપ્યું. સત્યભામાએ પણ આહારદાનની હાર્દિક અનુમોદના કરી. સુપાત્રદાનથી દેવોએ રત્નોની વર્ષા કરી.

એકવાર ઈન્દ્ર અને ઉપેન્દ્ર આ બન્ને રાજકુમારો **અનંતમતી** નામની વેશ્યાના નિમિત્તથી પરસ્પર લડવા લાગ્યા ત્યારે રાજાએ પુત્રોને સમજાવ્યા પરંતુ તેમણે પોતાની હઠ ન છોડી. બન્ને વચ્ચે યુદ્ધ થયું. ત્યારે રાજા, બન્ને રાણીઓ અને સત્યભામાએ વિષપુષ્પ સૂંઘી પ્રાણત્યાગ કર્યો.

સુપાત્રદાનના પ્રભાવે રાજા, રાણી અને પુત્રી સમાન સત્યભામા મરણોપરાન્ત **ધાતકીખંડ** દ્વીપમાં ઉત્તમ ભોગભૂમિ (યુગલિક ક્ષેત્ર)માં ઉત્પન્ન થયા. દાનની અનુમોદના કરવાથી **સિંહનંદિતા** તે આર્યની આર્યા થઈ. અનંદિતાનો જીવ ભોગભૂમિમાં આર્ય અને સત્યભામાનો જીવ આર્યની આર્યા તરીકે ઉત્પન્ન થયો. તેઓ દસ પ્રકારના કલ્પવૃક્ષ દ્વારા દિવ્ય સુખો ભોગવવા લાગ્યા. તેમનું આયુષ્ય ત્રણ પલ્યનું હતું.

આયુષ્ય પૂર્ણ કરી દાનવીર આત્મા બાકી બચેલું પુણ્ય ભોગવવા સ્વર્ગલોકમાં જાય છે, તેમ શ્રીષેણ રાજાનો જીવ મરીને **સૌધર્મ** સ્વર્ગમાં **શ્રીપ્રભ વિમાન**માં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં દિવ્ય સુખો ભોગવી ત્યાંથી ચ્યવી વિજયાર્ધ પર્વતની દક્ષિણ શ્રેણિમાં સ્થિત **રથનુપૂર**ના રાજા **અર્કકીર્તિ** અને **રશ્મિમાલા** રાણીનો પુત્ર **અમિતતેજ** થયો, જે વિદ્યાધરોનો ચક્રવર્તી થયો.

તત્પશ્ચાત્ તપના પ્રભાવે નવમા **આણત દેવલોક**માં **મણિચૂડ** નામનો દેવ થયો. ત્યાંથી ચ્યવી **જંબૂદ્વીપ**ના પૂર્વ **મહાવિદેહ**ની વત્સ નગરીમાં **સ્મિતસાગર અને વસુંધરીનો અપરાજિત** નામે પુત્ર થયો; જે બળદેવ બન્યો. તે મૃત્યુ પામી બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો. ત્યાંથી નીકળી રત્નપુરના રાજા **ક્ષેમંધર** અને **હેમચિત્રા**નો પુત્ર **વજ્રાયુધ** થયો. ક્ષેમંકર તીર્થંકર થયા. વજ્રાયુધ ચક્રવર્તી થયો.

ત્યાંથી મૃત્યુ પામી ગ્રૈવેયકમાં અહમેન્દ્ર બન્યો. ત્યાંથી ચ્યવી જંબુદ્વીપના પૂર્વ મહાવિદેહ ક્ષેત્રમાં રહેલી પુષ્પકલાવતી વિજયમાં **પુંડરીકિણી નગરીમાં અમ્રરથ (ધનરથ)** રાજા અને **મનોહરી** રાણીનો પુત્ર **મેઘરથ** થયો. તે ભવમાં તપ કરી **સર્વાર્થસિદ્ધ** વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો.

ત્યાંથી ચ્યવી **કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુર**ના **રાજા વિશ્વસેન** અને **રાણી ઐરાકા**નો પુત્ર **શાંતિનાથ** થયો જે સોળમા તીર્થંકર તરીકે વિશ્વવિખ્યાત થયા.

આમ, એકવાર સુપાત્રને થોડું પણ દાન આપનારા મિથ્યાદૃષ્ટિ શ્રીષેણ રાજા અનંતગણું ફળ પામી દેવ અને મનુષ્યના ભવો કરી મુક્તિને આંબી ગયા.

**ભર્તૃહરિ**એ કહ્યું છે - લક્ષ્મીનું ઉપાર્જન જો તમે સ્વયં કર્યું હોય તો તે પુત્રી સમાન કહેવાય છે. આ લક્ષ્મીને પિતાએ ઉપાર્જન ન કરી હોય કે વારસામાં મળી હોય તો બહેન સામન છે અને જે લક્ષ્મી અન્ય દ્વારા ઉપાર્જિત હોય તો તે પરસ્ત્રી સમાન છે. પુત્રી અને બહેન પ્રતિ અપાર વાત્સલ્ય અને સ્નેહ હોય છે પરંતુ તેને

લાંબો સમય ઘરમાં રાખતા નથી. તેથી આ ત્રણેમાંથી કોઈપણ સ્વરૂપે મેળવેલી લક્ષ્મીનો સંગ્રહ કરવો યોગ્ય નથી.

**શ્રેણિક નૃપ - દુર્ગંધા :** (મુનિ અનાદાર; જૈન કથા રત્નકોશ - ૪)

એક વાર **ભગવાન મહાવીર રાજગૃહી** નગરીના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા ત્યારે મહારાજા **શ્રેણિક** પોતાની ચતુરંગી સેના સાથે પ્રભુનાં દર્શન કરવા ગયા. મહારાજાએ માર્ગમાં એક બાળકીને રડતી જોઈ. સૈનિકોએ વિચાર્યું કે, 'કોઈ અપરાધી માતાએ જન્મતાં જ પોતાની પુત્રીનો ત્યાગ કર્યો છે. આવી નોધારી બાળકીને બચાવવી જોઈએ.' સૈનિકોએ તેને ઉપાડી લીધી. તે બાળકી વધુ જોરથી રડવા લાગી. આ બાળકી અતિ ભયંકર દુર્ગંધથી ગંધાતી હતી. ભગવાનના સમવસરણમાં આવી પ્રભુને વંદન કરી શ્રેણિક મહારાજાએ જિજ્ઞાસાવશ પ્રભુને પૂછ્યું, ''પ્રભો ! માર્ગમાં અતિ ભયંકર દુર્ગંધ યુક્ત નવજાત બાળકીને રડતી જોઈ. તેણે પૂર્વ જન્મમાં એવાં કયાં પાપો કર્યા હશે કે આવું દુર્ગંધયુક્ત શરીર મળ્યું ?''

પ્રભુએ કહ્યું રાજવી! રાજગૃહી નગરીના પાર્શ્વવર્તી પ્રદેશમાં **શાલિગ્રામ** નામનો દેશ છે. ત્યાં **ધનમિત્ર** નામના શેઠ રહેતા હતા. તેમને **ધનશ્રી** નામની કન્યા હતી. ગ્રીષ્મઋતુ હતી. સૂર્ય આકાશમાં આકરો તપતો હતો. તેવા સમયે કેટલાક સાધુઓ ઉગ્ર વિહાર કરી શાલિગ્રામમાં પધાર્યા. તેઓ ધનમિત્ર શેઠને ત્યાં ગોચરી માટે ગયા. શેઠે પોતાની દીકરી ધનશ્રીને ગોચરી વહોરાવવાનું કહ્યું. ધનશ્રી સ્વચ્છતા પ્રિય અને શોભાપ્રિય હતી. ગ્રીષ્મઋતુમાં પરસેવાના કારણે મુનિઓના શરીરમાંથી અને વસ્ત્રમાંથી થોડી દુર્ગંધ આવતી હતી. મુનિનાં વસ્ત્રો મલિન હતાં. દુર્ગંધના કારણે ધનશ્રીને સૂગ ચડી. તેણે મોઢું મચકોડ્યું. પૂર્વભવમાં આ બાલિકા દાન, શીલ, તપ ધર્મનું આરાધન કરી પોતાના આત્માને ભાવિત કરતી હતી પરંતુ તેણે મુનિઓ પ્રત્યે સૂગ દર્શાવી જુગુપ્સા મોહનીય કર્મ બાંધ્યું. તે મરીને રાજગૃહી નગરીની એક વેશ્યાને ઘરે જન્મી. જન્મતાંની સાથે જ કર્મ ઉદયમાં આવતાં તેનું શરીર ગંધાવા લાગ્યું. તેના શરીરની દુર્ગંધથી આખું ઘરનું વાતાવરણ અતિ દુર્ગંધમય બન્યું તેથી વેશ્યાએ પોતાની નવજાત પુત્રીનો ત્યાગ કર્યો.''

મહારાજા શ્રેણિકે હૃદયદ્રાવક ભૂતકાળ સાંભળ્યો. તેનું ભાવિ કેવું હશે ? તે સંબંધી જાણવાની તાલાવેલી જાગી. તે સબંધી પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ કહ્યું, ''રાજવી! આ કન્યા અશુભ કર્મોને ખપાવી યુવાવસ્થામાં તમારી રાણી થશે. આ કન્યા ક્રીડા કરતાં પીઠ પર ચડી લીલા કરશે ત્યારે જાણજો કે આ તે જ બાળકી છે.'' આવી કુતૂહલજનક વાતો સાંભળી મહારાજા શ્રેણિક વિસ્મિત થતાં રાજમહેલમાં પધાર્યા.

દુર્ગંધાની ધીમે ધીમે શરીરની દુર્ગંધ દૂર થઈ ગઈ. એક રબારણે તેનું પાલન પોષણ કર્યું. તે કન્યાનું યૌવનવયે રૂપ સોળેકળાએ ખીલી ઉઠ્યું. એકવાર રાજગૃહી નગરીમાં કૌમુદી મહોત્સવનું આયોજન થયું ત્યારે મહારાજા શ્રેણિક પોતાની રાણીઓ સાથે ઉદ્યાનમાં ગયા. નગરજનોની સાથે દુર્ગંધા પણ પોતાની પાલક માતા સાથે ત્યાં આવી. મહારાજા શ્રેણિક દુર્ગંધાના સૌંદર્યને જોઈ તેના પ્રત્યે અનુરાગી થયા. મહારાજાએ ચતુરાઈપૂર્વક પોતાની અમૂલ્ય મુદ્રિકા કન્યાના વસ્ત્રના છેડે બાંધી દીધી. રાજાએ અભયકુમારને કહ્યું, ''મારી મુદ્રિકા કોઈએ ચોરી લીધી છે. તેની તપાસ કરાવો.'' ઉદ્યાનના દ્વારો બંધ કરાવ્યા. તપાસ કરતાં કન્યાના વસ્ત્રના છેડે મુદ્રિકા બાંધેલી હતી તે મળી. કન્યાએ નિર્દોષભાવે કહ્યું, ''આ મુદ્રિકા મારા વસ્ત્રમાં કોણે બાંધી તે હું જાણતી નથી.'' કન્યા ગભરાઈ ગઈ. તેને જોઈ મહારાજા હસવા લાગ્યા. અભયકુમારે

પિતાના હૃદયના ભાવો વાંચ્યા. યુવતી સાથે વિવાહ કરવા મહારાજાએ આ કાવત્રું રચ્યું છે એવું જાણી બુદ્ધિનિધાન અભયકુમારે રબારણને કહ્યું, ''તમારી પુત્રીએ રાજાની મુદ્રિકા લઈ લીધી છે. તેને શું દંડ આપું ? જો તમે તમારી પુત્રીનું કન્યાદાન કરી તેને રાજા સાથે પરણાવશો તો તમારી આબરૂ રહી જશે.'' રબારણે ખુશ થઈ સહમતિ આપી. રાજા સાથે યુવતીના વિવાહ થયાં.

એકવાર શતરંજની રમત મંડાણી. તેમાં શરત હતી કે, 'જે જીતે તે હારવાવાળાની પીઠ ઉપર ચડે.' જે રાણીઓ જીતી તેમણે રાજાની પીઠ ઉપર પોતાનું વસ્ત્ર મૂકી શરત પૂર્ણ કરી. મહારાજા જીત્યા ત્યારે રાણીઓની પીઠ ઉપર હળવેથી બેઠા. રમતાં રમતાં વેશ્યાપુત્રી દુર્ગંધા જીતી ગઈ. તે રાજાની પીઠ ઉપર બેસી ક્રીડા કરી ફરવા લાગી. મહારાજાને પ્રભુનાં વચનો યાદ આવ્યાં. મહારાજા હસી પડ્યા. રાણીએ પૂછ્યું, ''પ્રાણનાથ ! આપ અચાનક કેમ હસ્યા ?'' મહારાજાએ તેની પૂર્વજન્મની ઘટના સંભળાવી. પોતાના દુષ્કૃત્ય ઉપર ગ્લાની થતાં તેણી આત્મચિંતન કરવા લાગી. તેને વૈરાગ્ય ઉત્પન્ન થતાં સાધ્વી બની.

ધનશ્રીએ સુપાત્ર દાનથી પુણ્ય ઉપાર્જન કર્યું તેથી વેશ્યાના ઘરે જન્મી હોવા છતાં મહારાજા શ્રેણિકની રાણી બની.

**સકડાલપુત્ર** : (શ્રી ઉપાસકદશાંગ સૂત્ર, અ.૭)

**પોલાસપુરમાં** રહેતા **સકડાલપુત્ર** નિયતિવાદના પ્રરૂપક એવા ગોશાલકના અનુયાયી હતા. તે મોટો વ્યાપારી તેમજ સમૃદ્ધ અને સંપન્ન ગૃહસ્થ હતા. તેણે એક કરોડ સોનામહોર સુરક્ષિત ખજાનામાં, એક કરોડ સોનામહોર વ્યાપારમાં, એક કરોડ સોનામહોર ઘરના વૈભવ અને સાધન સામગ્રીમાં રાખી હતી. તેને દસ હજાર ગાયોનું એક ગોકુળ હતું. તેમનો માટીનાં વાસણ બનાવવા તથા વેચવાનો વ્યાપાર કરતા હતા. પોલાસપુર નગરની બહાર તેની પાંચસો કુંભાર કર્મશાળા હતી, જ્યાં અનેક પગારદાર માણસો સવારથી સાંજ સુધી વાસણો બનાવવાનું અને વેચવાનું કાર્ય કરતા હતા.

સકડાલપુત્રની પત્નીનું નામ **અગ્નિમિત્રા** હતું. તે ગૃહકાર્યમાં કુશળ અને પોતાના પતિના સુખ-દુઃખમાં સહભાગી હતી. સકડાલપુત્ર ધાર્મિક વૃત્તિવાળા હતા. ધર્મ ઉપશનમાં સમય વ્યતીત કરતા હતા.

એકદા બપોરના સમયે તેઓ અશોકવાટિકામાં ગયા. ત્યાં ધર્મારાધનામાં પરોવાયા. તે સમયે એક દેવે આકાશમાં અદશ્ય રહી કહ્યું, ''કાલ સવારે અહીં મહામાહણ, અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક, અરિહંત, જિન, કેવળી પધારશે. તમે તેમને વંદન નમસ્કાર કરી પર્યુપાસના કરજો. તેમને સ્થાન, પાટ, બાજોઠ વગેરે માટે આમંત્રણ આપજો.'' સકડાલપુત્રે વિચાર્યું કે, 'દેવે શ્રેષ્ઠ વધામણી આપી છે. મારા ધર્માચાર્ય **મંખલીપુત્ર** ગોશાલક જિન, અર્હત્ અને કેવળી છે. તેઓ કાલે અહીં પધારશે માટે હું તેમને વંદન કરવા જઈશ. તેમના ઉપયોગની વસ્તુઓ માટે આમંત્રણ આપી સુપાત્રનો લાભ લઈશ.'

બીજે દિવસે પ્રાતઃકાળે **ભગવાન મહાવીરનું** પદાર્પણ થયું. તેઓ સહસામ્રવનમાં પધાર્યા. સકડાલપુત્ર તેમના આચાર્ય ગોશાલકના પદાર્પણને સમજીને દર્શન કરવા ગયા.

ભગવાન મહાવીરે ધર્મદેશના આપી. અન્ય લોકોની સાથે સકડાલપુત્રએ જિનવાણીનું શ્રવણ કર્યું. 'સકડાપુત્ર સુલભબોધિ છે' એવું ભગવાન મહાવીર જાણતા હતા તેથી સદ્ધર્મની પ્રેરણા કરતાં કહ્યું, ''કાલે બપોરે અશોકવાટિકામાં દેવે તમને જે વધામણી આપી હતી, તેમાં દેવનો આશય ગોશાલકના

આગમનનો ન હતો.'' સકડાલપુત્ર પ્રભુના જ્ઞાન પર વારી ગયા. ભગવાનને વિધિવત્ વંદન કરી કહ્યું, ''હે ભગવન્! નગરની બહાર મારી પાંચસો કુંભકાર કર્મશાળા છે. આપ ત્યાં પ્રાતિહારિક, પીઠ, ફલક, શય્યા, સંસ્તારક ગ્રહણ કરી બિરાજો.'' પ્રભુ સકડાલપુત્રની કર્મશાળામાં પધાર્યા. પ્રાસુક, શુદ્ધ પ્રાતિહારિક, પીઠ, ફલક (શય્યા), સંસ્તારક ગ્રહણ કરી ત્યાં બિરાજમાન થયા.

એક દિવસ અજીવિકોપાસક સકડાલપુત્રે હવાથી સૂકાઈ ગયેલાં માટીનાં વાસણો કુંભકાર-શાળામાંથી બહાર લાવી તાપમાં મૂક્યાં. ભગવાને પૂછયું, ''હે સકડાલપુત્ર! આ માટીનાં વાસણો કેવી રીતે બનાવ્યા ?'' સકડાલપુત્રે કહ્યું, ''હે ભગવન્! પ્રથમ માટીને પલાળી તેમાં રાખ અને છાણ મેળવ્યાં, પછી તેને પગ વડે ખૂંદવામાં આવે છે. પછી ભીની માટીને ચાક ઉપર ચડાવી વિવિધ વાસણો બનાવવામાં આવે છે.'' ભગવાને પૂછયું, ''હે સકડાલપુત્ર! આ માટીનાં વાસણો પુરુષાર્થ, ઉદ્યમથી બને છે કે ઉદ્યમ વિના જ બને છે ?'' સકડાલપુત્રે કહ્યું, ''હે ભગવન્! અપ્રયત્ન, અપુરુષાર્થ અને અનુદ્યમથી બન્યા છે. ઉદ્યમનું કોઈ મહત્વ નથી. જે કંઈ થાય છે તે સર્વ નિયત જ છે.''

ભગવાન મહાવીરે કહ્યું, ''કોઈ વ્યક્તિ સૂકાઈ ગયેલાં તમારાં વાસણો ચોરી જાય, તેને વિખેરી નાંખે, તોડી-ફોડી દે અથવા તમારી પત્ની અગ્નિમિત્રા સાથે બળાત્કાર કરે તો તમે તેને શો દંડ આપશો ?'' સકડાપુત્રે કહ્યું, ''હું તેને ઘણો માર મારીશ. એને જીવતો પણ છોડીશ નહીં.'' ભગવાન મહાવીરે કહ્યું, ''સકડાલપુત્ર! આવું કેમ ? તમે તો પ્રયત્ન અને પુરુષાર્થને સ્વીકારતા જ નથી, સર્વ ભાવોને નિયત માનો છો, તો પછી જે પુરુષે આ દુષ્કૃત્ય કર્યું, તેમાં તેનું શું કર્તાપણું છે ? તેને દોષિત શા માટે માનો છો ? જે થવાનું હતું તે થયું. વળી, તમે કહો છો તે પ્રયત્નપૂર્વક થાય છે અને તમે તો પુરુષાર્થ - ઉદ્યમનો નિષેધ કરો છો તેથી તમારો સિદ્ધાંત સંગત નથી પરંતુ મિથ્યા - અસત્ય છે.''

સકડાલપુત્ર એક મેધાવી અને પ્રાજ્ઞ પુરુષ હતા. પ્રભુના સાનિધ્યથી સિદ્ધાંતની વાસ્તવિકતા સમજી સમ્યગ્બોધિ થયા. તેમણે શ્રાવકધર્મ સ્વીકાર્યો. તેમની પત્ની અગ્નિમિત્રા પણ પતિની આજ્ઞા થતાં પ્રભુનો ઉપદેશ સાંભળી બાર વ્રત સ્વીકારી શ્રાવિકા બની.

સકડાલપુત્રએ વસતિ-શય્યાદિનું સુપાત્રને દાન આપી સત્ય ધર્મ આત્મસાત કર્યો.

**સગાળશા શેઠ :** (કવિ રતનદાસ વિરચિત સગાળશા આખ્યાન; કવિ ભોજલ કૃત ચેલૈયા આખ્યાન)

**બંગાળશા** નામના શ્રીમંત અને સદ્ગુણી શેઠ હતા. પવિત્ર **નર્મદા** નદીના કાંઠે એક ગામમાં તેમનો નિવાસ હતો. શેઠના ધર્મપત્ની **રતનવતી** પણ શેઠની જેમ જ ઉદાર મનના હતા.

બન્ને પતિ-પત્ની ધર્મની કમાઈ ખાતાં. અધર્મના પૈસાને અડકતાં સુદ્ધાં નહિ. આમ છતાં ભાગ્યયોગે તેમની પાસે વાડી અને વજીફા, પૈસો ટકો ભરપૂર હતો. આ દંપતી બધી વાતે સુખી હતા પણ ભર્યાભાદર્યા જીવનમાં શેર માટીની ખોટ હતી તેનો જીવનમાં ખાલીપો અને વસવસો હતો.

આ ધાર્મિક દંપતીએ પ્રભુ ભક્તિમાં ચિત્ત પરોવ્યું અને ધર્મના પ્રતાપે ભોળાં દિલનાં શેઠ-શેઠાણીને ત્યાં ખુશીનો પ્રસંગ આવ્યો. રત્નવતી શેઠાણીને ગર્ભ રહ્યો. શેઠાણી વધુને વધુ પ્રભુ ભક્તિ, ધર્મારાધનામાં દિવસો પસાર કરવા લાગ્યાં. તેઓ દીન-દુખીયાં તથા ભૂખ્યાં-તરસ્યાંને દાન આપવા લાગ્યાં. આમ કરતાં નવ માસે એક દેવ જેવો સ્વરૂપવાન બાળક અવતર્યો. રાશિ જોઈને બાળકનું નામ પાડવામાં આવ્યું **સગાળશા.** જોષીએ જોષ જોઈ ભાખ્યું, ''આ બાળક કર્ણ જેવો દાનેશ્વરી થશે. જાણે **કર્ણ**નો બીજો અવતાર જ જોઈ લ્યો!

બાળપણમાં જ સગાળશામાં સંસ્કારી માતા-પિતાના સારા સંસ્કારો પડયા હતા. તેમાં વળી સગાળશા તેના જમાનાની કેળવણી પામ્યો એટલે જાણે સોનામાં સુગંધ ભળી! સગાળશા ભણી ગણીને કુશળ બન્યો. પિતાએ તેને વેપાર વણજમાં હોંશિયાર બનાવ્યો. તેના હાથમાં પાવલી મૂકતાં સગાળશા શેઠે કહ્યું, ''વત્સ! આ પાવલીમાંથી તને સૂઝે તો વેપાર કર. મારી એક વિનંતી હૃદયે ધરજે કે, તું ધર્મની કમાણી કરજે. ભૂખ્યાંને અન્ન આપજે અને ગરીબની આંતરડી ઠારજે.''

પિતાની આજ્ઞા માથે ચડાવી આજ્ઞાંકિત સગાળશાએ પાવલી મૂડીમાં પોતાનો વ્યાપાર શરૂ કર્યો. અનાજની એક નાની હાટડી માંડી. પહેલે દિવસે બધું અનાજ વેચાઈ ગયું અને થોડો ઘણો નફો થયો, ઉપરાંત બશેર અનાજ વધ્યું. એવામાં એક વૃદ્ધ બ્રાહ્મણે આવી ભિક્ષાની માંગણી કરી એટલે દયાળુ સગાળશાએ વધેલું બશેર અનાજ તેને આપી દીધું. બીજે દિવસે વકરામાંથી નવું અનાજ ખરીદ્યું. તેના મીઠા અને સાલસ સ્વભાવને કારણે ધીમે ધીમે ઘરાકી જામી. તોલમાપમાં કદી તે ઓછું આપતો નહિ. તેની પ્રમાણિકતાની લોકોમાં અમીટ છાપ પડી ગઈ.

હવે દિવસે દિવસે સગાળશાની ઘરાકી વધવા માંડી. જોતજોતામાં તેનો વેપાર ખૂબ વધી ગયો. કમાણીમાં બરકત જણાવા લાગી અને તે શ્રીમંત બની ગયો. હવે 'શેઠ સગાળશા'ના લાડીલા નામથી લોકોમાં ઓળખાવા લાગ્યા. લોકવાયકા એવી પણ સાંભળવા મળતી કે, ભગવાન (દેવ) પોતે વૃદ્ધ બ્રાહ્મણોનું રૂપ લઈને સગાળશાની દુકાને તેની પરીક્ષા કરવા માટે આવતા હતા. પ્રભુની પરીક્ષામાં દાનવીર સગાળશા ઉત્તિર્ણ થયા છે એટલે પ્રભુની તેમના ઉપર મહેર છે.'

ઉંમરલાયક થતાં સગાળશાએ તેની જ જ્ઞાતિના સુશીલ કન્યા **ચંગાવતી** સાથે લગ્ન કર્યા. ચંગ એટલે પવિત્ર. ચંગાવતીનું મન ગંગા જેવું પવિત્ર હતું.

વર્ષો જતાં શેઠ સગાળશાની દાનની ભાવનાની ચારે કોર નામના થવા લાગી. ભૂખ્યો તેમના આંગણેથી અચૂક રોટલો પામતો. દાનવીર શેઠ તરીકે સમગ્ર મલકમાં તેમનું નામ મશહૂર થયું. ચંગાવતી પણ શેઠની જેવી જ દયાળુ નીવડી. તેનો આખો દિવસ દાન અને ધર્મધ્યાનમાં વ્યતીત થતો. બન્ને પુણ્યશાળી આત્માઓ હતા. તેમનો એક સુંદર અને સદ્‌ગુણી દીકરો કેલૈયા કુંવર જેવો હતો. એટલે લાડમાં તેનું નામ પાડયું **ચેલૈયો**. તે પણ મા-બાપથી સવાયો હતો. દુઃખિયારાનું દુઃખ જોઈ તેનું કોમળ દિલ દયાથી દ્રવી ઉઠતું હતું.

એક દિવસ શેઠ સગાળશા અને ચંગાવતીને સદ્વિચાર સૂઝ્યો, 'આમ તો આપણે કોઈ ને કોઈને તો જમાડીએ છીએ જ. તે કરતાં એક વ્રત લઈએ તો કેવું સારું! '**અતિથિ દેવો ભવ**' આ વ્રત લઈ આપણું આંગણું પાવન કરીએ.' આવો સદ્વિચાર આવતાં તેમણે નિયમ કર્યો કે, 'દરરોજ પ્રથમ એક સાધુને જમાડવો અને પછી જ પોતે જમવું.'

ધાર્મિક હૃદયના પતિ-પત્નીને વ્રત પાલનમાં મુશ્કેલીઓ નડતી. કોઈવાર સાધુને મેળવવામાં વિલંબ પણ થતો, કોઈ વાર સાધુ પોતાના ભોજન માટે શું નું શું માંગી બેસતો પરંતુ વ્રતધારી દંપતી હસતા મુખે સહન કરી વ્રતનું અખંડપણે પાલન કરતા.

એક દિવસ તેમના માટે આકરી કસોટીનો ઉગ્યો. ચોમાસાના દિવસો હતાં. તેમાં બરાબર સાત દિવસની હેલી થઈ. બારે મેઘ ખાંગા થયા હતા. વરસાદ મુશળધાર વરસતો હતો. ચોમેર જાણે લીલો દુકાળ પડયા જેવું લાગતું હતું. આવા વરસાદમાં ગામમાં સાધુ પણ ક્યાંથી આવે ? અને સાધુને જમાડયા વિના શેઠ સગાળશા અને ચંગાવતી જમે પણ શી રીતે ?

વરસતા વરસાદમાં શેઠ સગાળશા આખું ગામ ખૂંદી વળ્યા પરંતુ કોઈ મળ્યું નહીં. એમ શેઠ-

શેઠાણીના લાગલગાટ સાત દિવસની લાંઘણ થઈ. આઠમે દિવસે મેઘરાજાની મહેર થઈ અને વરસાદે ઉઘાડ કાઢ્યો. એટલે ધીરે રહીને ચંગાવતીએ બે હાથ જોડીને કહ્યું, ''શેઠ! આપણને સાત સાત દિવસની લાંઘણ થઈ છે. મારું તો ઠીક પરંતુ આપનું દુ:ખ મારાથી જોવાતું નથી. તમે ગમે તેમ કરીને સાધુને શોધી કાઢો. કોઈ અભ્યાગતને લઈ આવો. આજે વરસાદે ઉઘાડ કાઢ્યો છે એટલે કોઈ ને કોઈ સાધુ જરૂર મળી રહેશે.''

સગાળશા શેઠ સાધુની શોધમાં ઉપડ્યા. ચોરે-ચૌટે, બજારમાં, દેવળો અને ધર્મશાળામાં તપાસ કરી પરંતુ સાધુનો પત્તો લાગ્યો નહીં. છેવટે ગામને છેક છેવાળે આવાવર દેવળમાં એક સાધુને દીઠો ખરો. તેના આખા અંગે કોઢનો રોગ થયો હતો. તેનું નાક ચૂતું હતું અને આંખો ગળતી હતી. તેના આખા શરીરે પાટા બાંધેલા હતા. બિચારો સાધુ પોતાના જ દુ:ખમાં પૂરેપૂરો ડૂબી ગયેલો જણાતો હતો.

પરંતુ સગાળશાને તો દરેકમાં પ્રભુનાં દર્શન થતાં હતાં. અતિથિ તેમને મન દેવ સમાન હતો. આટલા દિવસે અતિથિનાં દર્શન થયાં એટલે સગાળશાના દિલમાં અત્યંત હર્ષ થયો.

સગાળશાએ સાધુને પ્રણામ કર્યા, ત્યાં સાધુનો મિજાજ ગયો. જાણે **દુર્વાસા**નો અવતાર! તે તાડૂકી ઉઠ્યો, ''અલ્યા, કેમ અહીં આવ્યો છે ? હું મારા દુ:ખમાં ડૂબી એકાંત દેવળમાં બેસી રહ્યો છું ત્યાં શું તું મને બાળવા આવ્યો છે ? તું કોણ છે ?'' શેઠે નમ્ર વાણીમાં કહ્યું, ''સાધુ મહારાજ! હું આ ગામનો એક વણિક છું. હું આપની સેવા માટે અહીં આવ્યો છું. મારે અને મારી પત્નીને એક વ્રત છે. દરરોજ સાધુને જમાડીને પછી જમવું. સાત દિવસ સતત વરસાદ હોવાથી કોઈ સાધુ મળ્યા નહીં. આજે વરસાદના ઉઘાડમાં તપાસ કરતાં આપનાં દર્શન મને થયાં. તેને હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. અમારા ઘરે ચાલો અને અમારું આતિથ્ય સ્વીકારો. આપનાં ભોજન લીધા પછી જ અમે પતિ-પત્ની ભોજન લઈ શકશું. આપનાં દર્શનથી આજે અમારે સોનાનો સૂરજ ઉગ્યો છે.''

સગાળશાનાં આવાં આજીજીભર્યા વચનોથી સાધુ કંઈક પલળ્યો. તે બોલ્યો, ''ભાઈ! તારી મુશ્કેલી હું સમજી ગયો છું પરંતુ તું કોઈ બીજો સાધુ શોધી લે તો સારું કેમકે મારાથી એક ડગલું પણ ચલાતું નથી. છતાં તું અને તારી સ્ત્રી મને તારા ઘરે લઈ જવા માંગતા હો, તો મારી ના નથી. તે માટે તમારે સગવડ ઊભી કરવી પડશે.''

સાધુ પોતાના ઘરે આવવા તૈયાર થયા, એ જ સગાળશાને મન મોટી વાત હતી. તેણે કહ્યું, ''આપ મારા અતિથિ છો. આપ ચિંતા ન કરશો. આપ મારા માટે દેવ સમાન છો. હું આપની માટે ડોળીની સગવડ કરું છું. ડોળીમાં આપને અગવડ ન પડે તે રીતે બેસાડીશું.'' સાધુએ કહ્યું, ''ભાઈ! એ બધું હું કંઈ ન જાણું. મને સહેજપણ અગવડ પડી તો તારી વાત તું જાણજે!'' સગાળશાએ વિવેકી વાણીમાં કહ્યું, ''મહારાજ! આપ નચિંત રહો. હું ડોળી અને મારા માણસોને લઈને આ આવ્યો.''

સગાળશા આટલે દિવસે અભ્યાગત પોતાના આંગણે પધારશે એ વિચારે રાજી થતા ઘરે આવ્યા. ચંગાવતીને વાત કરી. તે અતિથિના સત્કારની તૈયારીમાં પડી ગઈ. સગાળશા ડોળી ને માણસોને લઈ સાધુ પાસે આવ્યા. સાધુના તુંડ મિજાજથી તે પરિચિત હતા. તે કંઈ પણ વાંકુ પડે તે પહેલાં સાધુને જમાડી પાછા દેવળમાં મૂકી અવાય તેવી પેરવીમાં હતા.

ડોળી ઊંચકીને સગાળશા અને તેમના માણસો ચાલતા થયા ત્યાં રંગમાં ભંગ પડવા જેવું થયું. સાત દિવસે અટકેલો વરસાદ પુન: શરૂ થયો. રક્તપિત્તિયા સાધુના ડિલમાંથી અતિશય દુર્ગંધ મારતું પાચ-પરુ ડોળીમાંથી શેઠના મોઢા ઉપર અવારનવાર ટપકતું હતું. છતાં સગાળશાએ બધું પ્રસન્ન ચિત્તે સહન કરી લીધું. જાણે પોતે ગંગા સ્નાન કરતા હોય એવો આનંદ તેમના મુખ પર હતો. સાધુ ડોળીમાં હતા, એટલે વરસાદનું એક

ટીપું સરખું પાણી તેમના પર પડતું નહોતું. સાધુની સવારી ઘરે પહોંચી આવી. સાધુને ઘરની અંદર લઈ ગયા.

સગાળશાની પત્ની ચંગાવતીએ સાધુના પગ પખાડયા. તેમનું ભક્તિભાવથી પૂજન કર્યું. ચંગાવતીએ ભોજનની તૈયારી કરી. સગાળશાએ પત્નીને કહ્યું, ''બત્રીસાં ભોજન અને તેત્રીસાં શાક બનાવી આપણા આ મોંઘેરા મહેમાનને જમાડો.''

જ્યાં બત્રીસાં ભોજન અને તેત્રીસાં શાકની વાત સાધુએ સાંભળી ત્યાં તરત જ બોલી ઉઠ્યા, ''સગાળશા ! પહેલાં તમે મારી વાત સાંભળો. હું સામાન્ય સાધુ નથી. હું અઘોર પંથનો સંન્યાસી છું. હું અઘોરી બાવો છું. મને અન્નનો આહાર ખપતો નથી. હું તો માત્ર માંસાહાર જ કરું છું.''

સાધુના મુખેથી આવી વાત સાંભળીને સનાતન વૈષ્ણવ ધર્મ પાળતા અને માંસના નામથી ભળકતા સગાડશાના હૃદયમાં ફાળ પડી પરંતુ તરત જ સ્વસ્થ થઈ અતિથિ ધર્મ વિચારી સગાળશા હિંમત ન હાર્યા. તેમને થયું, 'અતિથિ એટલે યજમાન દેવ ! દેવ જે માંગે તે યજમાને હાજર કરવાની ફરજ છે.' પોતાનો આવો ઉચ્ચ કોટિનો અતિથિ ધર્મ વિચારી સગાળશા ખટકા વિના અઘોરી સાધુ માટે માંસ લેવા કસાઈવાડે ચાલ્યા !

લોકોએ તેમને માંસ ખરીદતા જોયા, ત્યારે તેમના અચંબાનો પાર ન રહ્યો. લોકોની નજરમાં શેઠ થૂ થૂ થઈ ગયા. કોઈ બટકબોલાએ મોઢે ચોપડાવી દીધું કે, 'શેઠ ! તમારી બુદ્ધિ નાઠી છે કે શું ? સનાતન વૈષ્ણવ થઈ હાથમાં ઝોળી લઈ કસાઈવાડે જવાતું હશે ? તમે કલાલના દારૂપીઠામાં જઈ દૂધ પીઓ તો શું કોઈ સાચું માને ખરું ? તમને આ જરાય શોભતું નથી. ભલા થઈ પાછા વળો.'' સગાળશા શેઠે કહ્યું, ''ભાઈ ! હું ધર્મ મુજબ જ વર્તું છું. યજમાનનો ધર્મ શું છે ? અતિથિ જે માંગે તે તેની સેવામાં હાજર કરવું. મારા ઘરે અતિથિ પધાર્યા છે. તેમણે મારી પાસેથી માંસની માંગણી કરી છે. તે પૂરી પાડવાનો મારો ધર્મ છે.''

બટકબોલાને શેઠની વાત સાંભળી આશ્ચર્ય થયું પરંતુ તેના ગળે કાંઈ વાત ઉતરી નહીં. તે ધર્મના જડ સંસ્કારોના કારણે સગાળશાની ધર્મભાવના સહી શક્યો નહીં. ''શેઠ ! અતિથિ તો તમારા દીકરાનું માંસ માંગશે ! શું તેને દીકરાનું માંસ આપશો ?'' શેઠે ગંભીરતાથી કહ્યું, ''ભાઈ ! અતિથિ કહે તો યજમાને તેના દીકરાનું માંસ પણ ધરવું જોઈએ. તો જ અતિથિધર્મ સાચો.'' શેઠ ! તમારો આ અતિથિધર્મ ભારે આકરો !'' એમ કહી બટકબોલો ત્યાંથી ચાલ્યો ગયો.

શેઠે કસાઈવાડામાંથી મૃત બકરીનું માંસ ખરીદ્યું. લોકો રસ્તામાં તિરસ્કૃત નજરે જોવા લાગ્યા. સગાળશા માંસની ઝોળી સાથે ઘરમાં પ્રવેશ્યા. આ દરમિયાન માંસ પકાવવાની વિધિ ચંગાવતી પોતાના ગામના એક માંસાહારી કુટુંબ પાસેથી જાણી આવી. ચંગાવતીએ માંસ પકાવ્યું. થાળ ભરીને સાધુ સમક્ષ મૂક્યો. ત્યાં સાધુ બોલી ઉઠ્યો, ''મારું આવું અપમાન કરવું હતું તો મને અહીં લાવ્યા શા માટે ? મને પાછો દેવળમાં મૂકી આવો. પ્રભુ, પ્રભુ, હું ક્યાં અહીં આવી ચડયો !'' ચંગાવતી અને સગાળશા ઓશિયાળાં બની બોલી ઉઠયાં, ''મહારાજ ! શું થયું ? અમારા અતિથિ ધર્મમાં કાંઈ ઉણપ જણાઈ ? આપ કહો તે વસ્તુ આપતાં અમે નહીં અચકાઈએ. એ અમારો પરમ ધર્મ છે.''

સાધુ ક્રોધમાં તાડૂક્યો, ''આ તમારો કેવો અતિથિ ધર્મ ? અતિથિને બરાબર સમજી લે તેનું નામ યજમાન. મારે કયું ભોજન ખપે છે તેની તમને કાંઈ ખબર પડતી નથી ! મારે તમારી સાથે કેટલાં માથાં ફૂટવા ? એ કરતાં મને મારે ઠેકાણે મૂકી આવો, એટલે થયું !'' ચુસ્ત અતિથિ ધર્મને વરેલાં આ ધાર્મિક દંપતીએ કહ્યું, ''તમે માંસ માંગ્યું, એટલે અમે માંસાહાર તૈયાર કરીને આપના ચરણમાં રજૂ કર્યો.'' સાધુએ તેમને બોલતાં અટકાવી કહ્યું, ''હું અઘોરી સાધુઓમાં પણ અનોખા પંથનો છું. અમે મુડદાલ માંસ ખાતા નથી. અમને જીવતા માનવીનું તાજું માંસ જ ખપે છે ! તમારાથી એ ન બને તો મને પાછો હતો ત્યાં મૂકી આવો.''

સગાળશા શેઠ બોલ્યાં, ''સાધુવર્ય! આંગણે આવેલાં અતિથિ પાછા વળે તો તો અમારા ગૃહસ્થાશ્રમમાં ધૂળ પડે! આપની ઈચ્છા અમે જરૂર પૂરી કરશું.'' વાતાવરણમાં એક જાતની ગમગીની ફેલાઈ ગઈ. સાધુ ઉપર આની કોઈ અસર ન થઈ. તેણે કહ્યું, ''જો તમારી દાનત ખરેખર મને જમાડવાની જ હોય, તો મારી પૂરેપૂરી વાત સાંભળી લો. મનુષ્યમાં કોમળ બચ્ચાનું માંસ મને વધુ રુચે છે. મેં સાંભળ્યું છે કે તમારો એક નાનકડો દીકરો છે. તેનું માંસ રાંધી આપો. તો હું ખુશીથી આહાર કરીશ.''

શેઠ-શેઠાણી અભ્યાગતની આવી આકરી માંગણી સંતોષવા તૈયાર થયાં. તેમણે સાધુ આગળ પોતાની ભાવના પ્રગટ કરી. સાધુએ કહ્યું, ''તમે બાળકને મારી નાંખવા તૈયાર થયાં છો પરંતુ શું તમારા બાળકની આ બાબતમાં સંમતિ છે? અન્યથા આવું ભોજન હું ન લઈ શકું. તમે પ્રથમ તમારા બાળકને પૂછી જુઓ.'' પતિ-પત્ની નિશાળે ગયા. ચેલૈયાને બોલાવી તેને પ્રાણ હરણથી પરોણાગતિ કરવાની હકીકત જણાવી.

ચેલૈયાના મિત્રો આ વાત સાંભળી ડઘાઈ ગયા. ઘણાં મિત્રોએ ચેલૈયાને અહીંથી પોબારા ભણી જવાની સલાહ પણ આપી. તેના માતા-પિતાની ગાંડીઘેલી ધર્મ ભાવનાને વશ ન થવાનું પણ સમજાવ્યું પરંતુ ચેલૈયો તે ચેલૈયો જ હતો. માતા-પિતાની આજ્ઞા જ તેને મન સર્વસ્વ હતું. માતા-પિતા પોતાનું કદાપિ ભૂંડું કરે જ નહિ, એવી તેને પાકી ખાતરી હતી. ચેલૈયાએ ભાઈબંધોને કહ્યું, ''પરમાર્થમાં પ્રીતિ એ જ સાચી વિદ્યા છે. મોતની બીકે નાસી જવું, તેવા જીવતરને ધિક્કાર છે! માતા-પિતાના વચનને ઉથાપનાર નરકનો અધિકારી બને છે.'' ચેલૈયાના શિક્ષકે આ સાંભળી પિતૃ ભક્ત વિદ્યાર્થીને આર્શીવાદ આપ્યા કે, ''જા ભાઈ જા! પ્રભુ તારું કલ્યાણ કરે!''

ચેલૈયો પિતા સાથે ઘરે આવ્યો. તે માતાને અત્યંત પ્રેમથી ભેટી પડયો. માતાએ પોતાના લાડીલાનાં ઓવારણા લીધાં. પુત્રને બધી પરિસ્થિતિ સમજાવી કહ્યું, 'બેટા! અઘોરી સાધુ તારું માંસ ખાવા માંગે છે!!'' માતાની આંખમાંથી દડદડ આંસુ સરવા માંડયાં. ચેલૈયાએ માતાનાં આંસુ લૂછતાં કહ્યું, ''મા! એથી રૂડું શું? મારો દેહ પરમાર્થના કામમાં આવે એ તો અતિ ઉત્તમ કહેવાય. મારો દેહ માતા-પિતાના ખપમાં આવે એનાથી ધન્ય અવસર બીજો કયો? આ તુચ્છ દેહ સાધુ પુરુષના આહાર નિમિત્તે ઉપયોગમાં આવે તેથી હું મારી જાતને ધન્ય માનું છું.'' પોતાના વહાલસોયા પુત્રના ઉમદા વચનો સાંભળી ચંગાવતીનું હૃદય ગળગળું થઈ ગયું. તેણે કહ્યું, ''પુત્ર! અમે મા-બાપ આજે ચાંડાળનું કામ...'' ચેલૈયાએ માતાને રોકીને કહ્યું, ''હવે ઝટ કરો. મારું શીશ વધેરી નાંખો અને આંગણે આવેલા ભૂખ્યા અતિથિને ભાવથી મારું માંસ જમાડો.'' સગાળશાનું દિલ આવા કહ્યાગરા પુત્રને જોઈ ઘડીભર દ્રવી ઉઠયું. માતા-પિતા વારંવાર પોતાના પુત્રને અનિમેષ નયને નિહાળવા લાગ્યાં. આ જોઈ ચેલૈયો સમજી ગયો કે, 'પોતા પ્રત્યેના સ્નેહના લીધે માતા-પિતા તેમનો ભવ્ય અતિથિધર્મ ભૂલશે.' તેણે નીરવ શાંતિનો ભંગ કરતાં કહ્યું, ''મારાં વહાલાં માતા-પિતા! તમારા ધર્મની આડે મારા પ્રત્યેનું હેત ન આવે એવું હું ઈચ્છુ છું માટે તમે ઝટ કરો. ધર્મના કામમાં ઢીલ શી?''

ચેલૈયાના આવાં વેણથી માતા-પિતાના ભવ્ય અતિથિ ધર્મ ઉપર જામેલું પુત્રવાત્સલ્યનું પડળ દૂર થયું. કઠણ હૃદય કરી બન્ને પોતાનો ધર્મ સંભાળવા તત્પર બન્યા. વધુ વાર લગાડયા વિના માતાએ પોતાના પુત્રને સાહ્યો અને સગાળશાએ બત્રીસલક્ષણા પુત્રનું ડોકું ઘડ ઉપરથી ઉતારી લીધું! આમ કરીને સગાળશાએ અતિથિધર્મની જાણે ટોચ બતાવી દીધી! બન્ને દંપતીએ વિચાર કર્યો કે, 'આપણે આપણા પુત્રના હત્યારા છીએ. આપણું કાળું મુખ લઈને વધુ વાર જીવવાનું શું કામ છે? સાધુ જમી લે એટલે આપણે પ્રાણત્યાગ કરશું.'

ચેલૈયાનું માથું શીકમાં મૂકી બાકીના અંગનું માંસ પકાવી અઘોરી સાધુને આપ્યું પરંતુ અજબ

નીકળ્યો. પોતાની આગળ પીરસેલા થાળની વાનગી સાધુ જાણે કળી ગયો એ તરત જ બોલી ઉઠયો, ''અલ્યા તમે બે પતિ-પત્ની પાકાં વાણિયા છો ! પુત્રના માથાને શીકે મૂકી મળમૂત્ર ભરેલો દેહ મારા માટે રાંધી લાવ્યા ?'' લાચાર પતિ-પત્ની સાધુની વાત સાંભળી અત્યંત દુઃખી થયા. તેમણે કહ્યું, ''સાધુવર્ય ! આખરે તમારે શું જોઈએ છે ? આપ તો મોટા મુનિવર જણાવ છો. અમે અબુધ છીએ. તમારી માંગણી સ્પષ્ટપણે જણાવો.'' સાધુએ કહ્યું, ''માનવીના દેહમાં મસ્તક મુખ્ય છે. અમે અઘોરી બાવા મસ્તકનું માંસ જ ખાઈએ છીએ. બાળકની માતા પોતે બાળકના માથાને ખાંડણિયામાં ખાંડે, ખાંડતી વખતે કશી રોકડ ન જોઈએ. આનંદથી માતા પુત્રને હેતનાં હાલરડાં ગાતી, લગ્નનું મંગલ ટાણું હોય એ રીતે સોળે શણગાર સજી પુત્રનું માથું ખાંડે. એક પણ શોકનું આંસુ સરે તો એ ભોજન મને ન ખપે. મારી આ શરત મંજૂર હોય તો જ હું ભોજન લેવા તૈયાર છું. અન્યથા મને વિદાય કરો.''

અતિથિને ભૂખ્યા પેટે વિદાય કરવાની વાત સાંભળી આદર્શ દંપતીએ હૃદયમાં અરેરાટી અનુભવી. ચંગાવતીએ કહ્યું, ''આપને સંતોષવા એ અમારો પરમ ધર્મ છે. આપની ઈચ્છા મુજબ ચેલૈયાનું માથું શીકા ઉપરથી હું લઈ આવું છું. હેતથી મારા લાડીલાનું માથું હું ખાંડણિયામાં ખાંડું છું પછી ?'' સાધુએ હરખાઈને કહ્યું, ''તો તો મને કોઈ વાંધો નથી ?'' ચંગાવતીએ સોળે શણગાર સજ્યા. પોતાના વ્રતનો એક મંગળ ઉત્સવ જ હતો ને ! મુખ હસતું રાખી, સાધુના દેખતાં જ ખાંડણિયામાં ચંગાવતી ચેલૈયાના માથાને ખાંડવા લાગી ! તે પોતાના વ્હાલસોયા પુત્રના હાલરડાં ગાવા લાગી. અંતરના ઊંડાણમાંથી, અંતરની અકથ્ય વેદનામાંથી જન્મેલા એ હાલરડાં કેવાં હોય ?

**''હાંરે તારે હાલરડે પડી રે હડતાળ, ચેલૈયા રે, ખમ્મા ખમ્મા તુંને...**
**હાંરે મારા નોધારાના આધાર, કુંવર ચેલૈયા, ચેલૈયા રે, ખમ્મા ખમ્મા તુંને...**
**જળ વિના જેમ માછલી રે, અને ટોળા વિછોઈ ગાય;**
**હરણ વિછોઈ મૃગલી રે, એમ પુત્ર વિછોઈ માય, કુંવર ચેલૈયા રે, ખમ્મા ખમ્મા તુંને...**

આમ, ચેલૈયાનું માથું ખાંડીને ભોજનનો થાળ સાધુ આગળ પીરસ્યો. એ જ વખતે સાધુએ દૂધમાંથી પોરા કાઢવા જેવું કર્યું. તે બોલ્યો, ''હું વાંઝિયાનું અન્ન ખાતો નથી ! તમારે હવે એકેય છોકરું છૈયું રહ્યું નથી. આ વાતની મને પહેલાં ખબર રહી નહિ !''

સગાળશાએ સાધુની આવી અજબ વાતથી ક્ષોભ અનુભવ્યો. 'વાઢો તો લોહી ન નીકળે' તેવી સ્થિતિ સર્જાઈ. આરે આવેલું નાવ જાણે ડૂબતું જણાયું. અત્યંત દીન વદને ચંગાવતી સામે જોવા લાગ્યા. તેમને થયું, 'નક્કી મારાં પૂર્વ જન્મનાં પાપ પ્રગટયાં છે. મેં કાં ગુરુને દૂભાવ્યા હશે, કાં સ્ત્રી-ગૌ કે બ્રાહ્મણની હત્યા કરી હશે અથવા માતા-પિતાને દુભવ્યા અને ડુંગરે દવ દીધાં હશે !'

આ વેળાએ ચંગાવતીના ચહેરા પર દિવ્ય આનંદ છવાયો. ''સાધુ મહારાજ ! અમે વાંઝિયાં હરગિજ નથી ! મારા પેટમાં પાંચ માસનો જીવતો જાગતો ગર્ભ મોજૂદ છે. પ્રત્યક્ષ પુરાવો જોઈતો હોય તો મારું પેટ ચીરીને બતાવું.'' સાધુ પણ જાણે ભક્તોની પૂરી કસોટી કરવાનો દૃઢ નિર્ધાર કરીને આવેલો જણાયો. તેણે કહ્યું, ''હા, પ્રત્યક્ષ પુરાવા વિના હું કંઈ ન માનું !'' ચંગાવતી હાથમાં છરી લઈ પેટ ચીરવા ગઈ ત્યાં સાધુના રૂપમાંથી દેવ પ્રગટ થયાં. ''હાં, હાં રાખો, રાખો !'' કહીને દેવે ચંગાવતીને પેટ ચીરતાં અટકાવી પ્રત્યક્ષ દર્શન આપ્યાં. જોતજોતામાં ચેલૈયો જીવતો જાગતો નિશાળેથી આવતો જણાયો. માતા-પિતા પોતાના આજ્ઞાંકિત પુત્રને જોઈ ભેટી પડયાં.

દેવે કહ્યું, ''હું તમારા વ્રતની પરીક્ષા કરવા આવ્યો હતો. તેમાં તમે સાંગોપાંગ પાર ઉતરી ગયા છો.

હું તમારા ઉપર અતિ પ્રસન્ન થયો છું. તમે માંગો એ વરદાન હું તમને આપું.'' તેમણે કહ્યું, ''અમને જન્મોજન્મ તમારી ભક્તિ મળે.'' ''તથાસ્તુ!'' કહી દેવ અદશ્ય થયા.

આમ, સુપાત્ર દાન કરી ભક્ત ત્રિપુટી તરીકે આ મૃત્યુ લોકમાં અનોખાં પિતા-માતા-પુત્રનાં નામ અમર થઈ ગયાં. (આ કથા વૈદિક દર્શનની છે.)

**સત્પાત્રદાન** : (પ્રબંધ પંચશતી, ક.૭૭)

**''दानं धर्मेषु रोचिष्णु, तच्च पात्रे प्रतिष्ठितम् ।**
**मौक्तिकं जायते स्वाति - वारि शुक्तिगतं यथा ।।**

**અર્થ :** જેમ સ્વાતિ નક્ષત્રમાં પડેલ પાણી મોતી થાય છે, તેમ સુપાત્રથી પ્રતિષ્ઠિત દાન ધર્મોમાં પ્રકાશવાન છે.

**''केसिं च होई वितं, चित्तं केसिं उभयमन्नेसिं ।**
**वित्तं चित्तं पत्तं तिण्णि पुण्णेहिं लब्भंति ।।''**

**અર્થ :** કોઈની પાસે ધન હોય છે, કોઈકની પાસે ચિત્ત હોય છે અને કોઈકની પાસે બંને હોય છે. પરંતુ ધન, ચિત્ત અને સુપાત્ર એ ત્રણે ઘણાં પુણ્યો વડે મળે છે.

કોઈ એક નગરમાં દાનમાં પરાઙ્મુખ એવો રાજા છે. તે એક વખત મોટી અટવીમાં ગયો. પોતાના પરિવાર સાથે અટવી જોતો જોતો રાજા મહુડાના વૃક્ષ નીચે ઉભો રહ્યો. તે સમયે મહુડા ઉપરથી બિન્દુ ટપકે છે. પોતાની સાથે રહેલા એક પંડિતને રાજાએ પૂછ્યું કે, ''હે પંડિત ! આ મહુડો કેમ રૂદન કરે છે ?'' ત્યારે રાજાને પ્રતિબોધવા પંડિતે કહ્યું કે,

**''यस्यास्ति पात्री न तस्यास्ति वित्तं यस्यास्तिवित्तं न तस्यास्ति पात्रम् ।**
**एवं हि चिन्तापतितो मधूको, मन्येऽश्रुपातै रुदनं करोति ।।''**

**અર્થ :** જેની પાસે સુપાત્ર છે તેની પાસે ધન નથી અને જેની પાસે ધન છે તેની પાસે સુપાત્ર નથી. આ રીતે ચિંતામાં પડેલો મહુડો આંસુ પાડી રડે છે. એ પ્રમાણે હું માનું છું. એ સાંભળી રાજા પ્રતિબોધ પામી સુપાત્રમાં દાન દેવા તત્પર થયો.

**સ્થાવર - વૃદ્ધા** : (વિમલનાથ ચરિત્ર)

**નંદીગ્રામ**માં પૂર્વે એક ડોશી રહેતી હતી. તે ખૂબ ગરીબ હતી. પર્વના દિવસે તેના પુત્ર **સ્થાવરે** સારા ભોજનની માંગણી કરી. વૃદ્ધા રૂદન કરવા લાગી. બે પાડોશણે એની પાસે આવી કહ્યું, ''હે શુભે! મારા ઘેર ઊંચી જાતનું અન્ન છે. તે તમે ગ્રહણ કરો.'' બીજી બોલી, ''મારે ઘેર ઘી ઘણું છે, તે લ્યો.'' આ રીતે સામગ્રી મળતાં વૃદ્ધાએ પુત્ર માટે પકવાન બનાવ્યા.

પુત્ર સ્થાવર જમવા બેસતો હતો ત્યાં કોઈ માસોપવાસી મુનિ પારણાને માટે તેને ઘેર આવી ચડયાં. સ્થાવર હર્ષિત થયો. મુનિને પકવાનનું દાન આપ્યું. શુદ્ધ અન્ન જાણી મુનિએ તે ગ્રહણ કર્યું. પેલી બે પાડોશણોએ અન્ન દાનની અનુમોદનાથી પુણ્ય ઉપાર્જન કર્યું. પણ એક વખત તે બન્નેએ જાતિ મદ કર્યો. દાનના પ્રભાવથી સ્થાવરના ઘરમાં દ્રવ્ય વગેરેની પ્રાપ્તિ થઈ. ફરીવાર સ્થાવરે મુનિઓને ભાવથી દાન આપ્યું.

તે ભવનું આયુષ્ય ક્ષય થતાં સ્થાવર મૃત્યુ પામી **રત્નાકર શેઠ**નો **રત્નચૂડ** નામે પુત્ર થયો. તેને ત્યાં સંપત્તિની રેલમછેલ થઈ ગઈ. પૂર્વભવમાં બે પાડોશણોએ જાતિ મદ કર્યો તેના પરિણામે બીજા ભવમાં બન્ને વેશ્યા

બની.

**સંપ્રતિ રાજા** : (ઉપદેશતરંગિણી; દાનાદિ કુલક; કથા સંગ્રહ)

ઈ.સ. પૂર્વેની સદીના પાછલા ભાગમાં અને બીજી સદીની શરૂઆતમાં ભારતીય ઈતિહાસમાં વૈશ્વિક, વિરાટ પ્રતિભાવંત મહાન **જૈન રાજા સંપ્રતિ** થયા. તે પરાક્રમી **સમ્રાટ અશોક**ના પૌત્ર તેમજ **રાજા કુણાલ** અને રાણી **કંચનમાલા (કમળા)**ના પુત્ર હતા. માતા-પિતા પાસેથી ઉમદા ધાર્મિક સંસ્કારો સાંપડયા હતા.

રાજા સંપ્રતિનો ઉછેર અને અભ્યાસ **અવંતિ** નગરીમાં થયો હતો. ઈ.સ. પૂર્વે ૨૩૨માં તેઓ અવંતિના રાજવી થયા. રાજકારભારની અનુકૂળતા રહે તે હેતુથી મગધને બદલે **અવંતિ**ને રાજધાની બનાવી. રાજકુમાર હતા ત્યારે સુવિખ્યાત **આચાર્ય સુહસ્તિ સૂરિજી**થી દોરવાતો જૈન વરઘોડો જોયો. રાજા સંપ્રતિ આચાર્યને એકીટશે જોવા લાગ્યા. રાજા સંપ્રતિને લાગ્યું કે, 'આ મહાન પ્રભાવી મહાત્માને વર્ષોથી હું ઓળખું છું. મેં ક્યાંક એમને જોયાં છે.' બહુ વિચારને અંતે તેમને પૂર્વજન્મનું સંસ્મરણ થતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. 'આ મારા પૂર્વ ભવનાં આચાર્ય ગુરુ છે. હું ભિખારી હતો. તેમણે મને મનુષ્ય જન્મનું મહત્ત્વ બતાવી સંસારથી વૈરાગ્ય પમાડી બોધ આપ્યો હતો. તેમની કૃપાથી હું રાજવી કુળમાં ઉત્પન્ન થયો છું.' તેમને વંદન કરી પૂછયું, ''આપ મારા પૂર્વ ભવમાં ગુરુ છો અને હું આપનો શિષ્ય છું. તે તમે જાણો છો ?'' થોડીવાર વિચારીને આચાર્યે ''હા'' કહી પૂર્વ ભવની વાત જણાવી.

''એકવાર આચાર્ય સુહસ્તિ જ્યારે **કૌશંબી**માં હતા ત્યારે ભયંકર દુકાળ પડયો. દુકાળ દરમિયાન જૈન સાધુને ગોચરી મેળવવામાં મુશ્કેલી પડવા લાગી. જૈન ગૃહસ્થો સાધુને ગોચરી મળી રહે તેનું ખાસ ધ્યાન રાખી ઉત્સાહભેર વૈયાવચ્ચ કરતા હતાં. તે સમયે ખૂબ જ ગરીબ અવસ્થા ધરાવતા તમને બટકો રોટલોય મળતો ન હતો. એ સમયે તમે જોયું કે, આવા ભયંકર દુકાળમાં પણ સાધુને પૂરતું ખાવાનું મળી રહે છે. તમે પેટની આગ ઠારવા ભોજન માટે આચાર્યને વિનંતી કરી. જ્ઞાની આચાર્યએ જ્ઞાનથી જાણ્યું કે, 'આ માણસ પછીના ભવમાં બહુ મોટો જૈન શ્રાવક થશે.' એવું જાણતાં તેને કહ્યું કે, ''જો તું સાધુ થાય તો તને ગોચરીમાંથી મળેલું ભોજન આપી શકાય.'' ગરીબ માણસ તરત જ તૈયાર થઈ ગયો.

નિયમ પ્રમાણે તને દીક્ષા આપી ખાવાનું આપ્યું. કેટલાય દિવસનો ભૂખ્યો હોવાથી તેં ભૂખ કરતાં વધારે ખાધું. અકરાંતિયાની જેમ વધુ આહાર કરવાથી તારા પેટમાં દુઃખાવો ઉપડયો. તું પોતાની જાતને શાપવા લાગ્યો. બીજા સાધુઓએ તેની ખૂબ ચાકરી કરી પણ પેટનું શૂળ મટયું નહીં, બલ્કે વધતું જ ગયું. અંતે આચાર્યે નવકાર મંત્ર સંભળાવ્યો. તું નવદીક્ષિત સાધુ તારું સમાધિમરણ થયું. તું દેવલોકમાં ગયો. સાધુત્વને કારણે તેં પોતાની જાત પર સંયમ રાખ્યું. દર્દ શાંતિથી સહન કર્યું તેથી તું સમ્રાટ અશોકના પૌત્ર તરીકે જન્મ્યો. આ કારણે મારા દર્શન તને પરિચિત લાગે છે.''

આચાર્ય પાસેથી પોતાનો પૂર્વભવ સાંભળી સંપ્રતિ રાજા ખુશ થયાં. થોડા સમય માટે પણ જૈન ધર્મ સ્વીકારવાથી કેટલો મોટો લાભ થયો! તે સમજી શક્યા. એમણે શ્રદ્ધાથી આચાર્યને ગુરુ બનાવી જૈન ધર્મ સ્વીકાર્યો. જ્યારે તે રાજા થયા ત્યારે તેમણે આખું રાજ્ય ગુરુને ચરણે ધર્યું પરંતુ નિઃસ્પૃહી જૈન સાધુ અકિંચન અને વૈરાગી હોવાથી કંચન અને કામિનીનો સ્વીકાર ન કરે. આચાર્યશ્રીએ ધર્મોપદેશ આપ્યો. સમ્રાટ સંપ્રતિ ધર્મના આરાધક અને મહાપ્રભાવક બન્યા. ભારતની સરહદોને પાર જૈન ધર્મનો પ્રસાર કર્યો. ગુરુદેવના પૂર્વ જન્મના અને આ જન્મના ઉપકારોને સમ્રાટ સંપ્રતિએ માથે ચડાવ્યાં.

એકવાર **ભરતક્ષેત્ર**નાં ત્રણ ખંડ જીતીને સંપ્રતિ રાજા **ઉજ્જયિની** નગરીમાં આવ્યાં. તેઓ સૌ પ્રથમ

માતાને પગે લાગવા મહેલમાં ગયાં. ત્યારે માતાનું નિરાશ વદન જોઈને બોલ્યાં, ''હે માતા! મારા જેવા પરાક્રમી પુત્રનું આગમન થવા છતાં ચહેરા પર દિલગીરી શા માટે ?'' **કમળા માતાએ** ગંભીર સ્વરે ટકોર કરતાં કહ્યું, ''વત્સ! નરકમાં લઈ જનારા એવા રાજ્યની વૃદ્ધિથી શું ? જો તું જિનાલય નિર્માણના સમાચાર આપે તો મને અનહદ્ આનંદ થાય!'' સંપ્રતિ રાજા માતાની ટકોરથી જાગૃત થયા. તેમણે માતાના પડકારને ઝીલી લીધો. તેમણે નિમિત્તિયાને બોલાવીને પોતાનાં આયુષ્યની અવધિ પૂછી. પોતાનું સો વર્ષનું આયુષ્ય જાણ્યું. ત્યારે એક વર્ષના ૩૬૦ દિવસ લેખે ૧૦૦ વર્ષના ૩૬૦૦૦ દિવસો પ્રમાણે જિનાલયો બંધાવવાનો નિર્ણય કર્યો. હવે સંપ્રતિ રાજા નિત્ય માતાને નમસ્કાર કરવા જતાં ત્યારે એક એક જિનાલય પૂર્ણ કર્યાના સમાચાર આપતા. માતા આનંદવિભોર બની પુત્રને કપાળે કુમકુમનું તિલક કરતી.

સંપ્રતિ રાજાએ રાજ્યકાળના પ્રથમ વર્ષે જ અનેક કલ્યાણકારી કાર્યો કર્યા. પ્રજાની સુખાકારી માટે નવા રસ્તાઓ બંધાવ્યા. જૂના રસ્તાઓની મરામત કરાવી. વાવ, કુવા, તળાવ આદિ લોકોપયોગી કાર્યો કર્યા. તૂટેલી નિશાળોની મરામત કરાવી. ઔષધશાળાઓ ખોલાવી. પાંજરાપોળમાં વૃદ્ધ પશુઓને સાચવ્યાં. પ્રવાસીઓને વિશ્રાંતિ મળે તે હેતુથી રસ્તાની બન્ને બાજુ ઘટાદાર વૃક્ષો રોપાવ્યાં.

પોતાના આગલા ભવનો ભૂખમરો યાદ હોવાથી તેઓ ગરીબો પ્રત્યે સહાનુભૂતિ રાખતા અને તેમને ભૂખ્યા ન રહેવું પડે તે માટે દાનશાળાઓ બંધાવી. તેમણે કુલ એક લાખ, પચ્ચીસ હજાર, સાતસો દાનશાળાઓ ખોલાવી, જેમાં ધર્મ કે જ્ઞાતિના ભેદભાવ વિના લોકોને મફત ખાવાનું મળતું. જૈન વિહારોનું નિર્માણ કર્યું. સુપાત્ર દાન વડે માતા અને ગુરુદેવ આર્યસુહસ્તિ સૂરિજીના આશીર્વાદ પામી આદર્શ જૈન રાજવી બની શાસન પ્રભાવકોમાં અગ્રેસર બન્યા.

જૈન ધર્મનો પ્રચાર અને પ્રસાર કરવામાં તેમનો મહત્ત્વનો ફાળો છે. તેમણે સુભટોને સાધુ સમાચારી શીખવી અફઘાનિસ્તાન, નેપાળ, શ્રીલંકા, બર્મા અને ચીન જેવા અનાર્ય દેશમાં જૈન ધર્મનો પ્રચાર કરવા મોકલ્યા. થોડા સમયમાં સર્વ પ્રાંત સાધુઓના વિહાર યોગ્ય અને સુલભ બન્યા. સાધુઓએ ત્યાં જઈ ધર્મ પ્રભાવના કરી. તેમણે કરોડો રૂપિયા ધર્મ પ્રચારમાં વાપર્યા તેથી ઈતિહાસકાર **વિન્સેન્ટ સ્મિથ** સંપ્રતિ રાજાને **'જૈન અશોક'** કહે છે.

એમની ધર્મભાવના વિશે **'કલ્પસૂત્ર'** પર ટીકા લખનારા **શ્રી વિનયવિજયજી** ઉપાધ્યાયે એમના અનેક ગુણો દર્શાવ્યા છે. શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે **'પરિશિષ્ટ પર્વ'**માં તેમની ધર્મભાવનાનું હૃદયસ્પર્શી ચિત્રણ કરતાં લખ્યું છે કે - **'અરિહંત મારા દેવ છે, સુસાધુ મારા ગુરુ છે અને અરિહંત વચન મને માન્ય છે.'** આમ, સમ્યક્ત્વ વ્રત ધારણ કરી તેઓ બારવ્રતધારી શ્રાવક થયા. જૈનેત્તર ગ્રંથ જેવા કે મત્સ્ય પુરાણ (હિંદુ) અને દિવ્યાવદાન (બૌદ્ધ) ગ્રંથમાં તેમનું વર્ણન જોવા મળે છે.

સંપ્રતિ રાજાને કોઈ સંતાન ન હતું. જૈન ધર્મનાં બધા જ સિદ્ધાંતોને અનુસરી ત્રેપન વર્ષ વિશાળ રાજ્ય પર રાજ કર્યા બાદ ઈ.સ. પૂર્વે ૧૭૯માં તેમનું અવસાન થયું. તે સ્વર્ગલોકમાં ગયા. ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવમાં મોક્ષે જશે.

**સાતવાહન** : (જૈન ધર્મમેં દાન કા સ્વરૂપ)

**પ્રતિષ્ઠાનપુર**ના રાજા **સાતવાહન** એકવાર શિકાર માટે જંગલમાં ગયા. તેમની સાથે આવેલા સૈનિકો ઘણાં આગળ નીકળી ગયા. રાજા માર્ગ ભૂલી જવાથી ઘણા પાછળ રહી ગયા. રાજાને જંગલમાં આમતેમ ફરતાં ભીલની ઝૂપડી મળી. ભીલે રાજાને ઓળખ્યા નહીં. તેણે અતિથિ સમજી રાજાનું સ્વાગત કર્યું.

નિર્મળ અને શીતળ જળ તથા સત્તૂ જે કંઈ પોતાની પાસે હતું તે ભીલે રાજાને આપી દીધું. રાજા અત્યંત ક્ષુધાતુર થયા હતા, તેથી સત્તૂ ખાઈ તૃપ્ત થયા. ભીલની ઝૂંપડી ઘણી નાની હતી. શિયાળાના દિવસો હતા. જંગલમાં કડકડતી ઠંડી પડતી હતી. ભીલે કાતિલ ઠંડીમાં રાજાને ઝૂંપડીમાં સૂવડાવ્યા અને સ્વયં ઠંડીમાં ઠૂઠવાઈ ઝૂંપડીની બહાર બેસી રહ્યો. ભયંકર ઠંડીના કારણે ભીલનું મૃત્યુ થયું. પ્રાતઃકાળે સૈનિકો રાજાને શોધતા શોધતા ભીલની ઝૂંપડીમાં આવી પહોંચ્યા. રાજાએ પોતાના ઉપકારી ભીલનું મૃતદેહ જોઈ તેની સન્માનપૂર્વક અંત્યેષ્ટિ ક્રિયા કરી. ભીલની પત્નીની શોધ કરી તેને જીવન નિર્વાહ માટે ઘણું ધન આપ્યું. રાજા સાતવાહન નગરમાં આવ્યા પરંતુ મનમાં ખૂબ પશ્ચાતાપ થતો હતો કે, 'મારા કારણે ઉદારદિલ ભીલનું મૃત્યુ થયું છે.' રાજાને ચિંતાતુર જોઈ મહાપંડિત, જ્યોતિર્વિદ **વરરુચિ** તેને લઈ નગરશેઠને ત્યાં પહોંચ્યાં. નગર શેઠનો નવજાત પુત્ર રાજાની સામે લાવવામાં આવ્યો, તો પંડિતજીના આદેશથી તે બોલવા લાગ્યો કે, ''હું આપનો આભારી છું. આપને સત્તૂ આપવાથી અને આપનો આતિથ્ય સત્કાર કરવાથી મૃત્યુ પામી હું અહીં નગર શ્રેષ્ઠીનો પુત્ર થયો છું. મને તે પુણ્યથી જ પૂર્વ ભવનું સ્મરણ (જ્ઞાન) થયું છે[1].

**સાતવાહન રાજવી :** (કથા સાહિત્ય માલા, પૃ.૫૯, સંસ્કૃત; પ્રબંધચિંતામણિ; પુરાતન પ્રબંધ; પ્રબંધકોશ.)

**પ્રતિષ્ઠાનપુર** નામના નગરમાં બે બ્રાહ્મણો તેની ભગિની સાથે કોઈ ભાંડશાળામાં વિદેશમાંથી આવીને વસ્યાં. તેની બહેન **ગોદાવરી** નદીમાં પાણી ભરવા ગઈ ત્યાં શેષનાગે મનુષ્યરૂપ ધારણ કરી શીલ ખંડન કર્યું. બ્રાહ્મણ ભગિની ગર્ભવતી થઈ. તેણે ભયથી પોતાના ભાઈઓને કોઈ વાત ન કરી. ગર્ભવૃદ્ધિ થતાં ભાઈઓએ તેને દુરાચારી માની કોઈ બ્રાહ્મણને ત્યાં મૂકી. તેઓ પરદેશ ચાલ્યા ગયાં.

બહેન હવે જીવન નિર્વાહ માટે લોકોના ઘરોમાં કામ કરવા લાગી. તેણે એક પુત્રને જન્મ આપ્યો. આ બાળક પોતાની સમાન વયના બાળકો સાથે રાજાની રમત રમવા લાગ્યો. તે માટીનાં હાથી, ઘોડા, સેના ઈત્યાદિ બનાવી સમાન વયના બાળકોને સેવક બનાવી પોતે રાજા બની નિરંતર તેમને આપવા લાગ્યો. ધાતુમાં ધન્ ધાતુનો અર્થ દાન હોવાથી લોકોએ તે બાળકનું નામ **સાતવાહન** આપ્યું.

શાસ્ત્રજ્ઞ માતા નિત્ય તેને અભ્યાસ શીખવતી. આમ, સાતવાહન માતા પાસેથી ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરી તીવ્ર બુદ્ધિશાળી બન્યો.

આ બાજુ **ઉજ્જયિની** નગરીમાં **વિક્રમાદિત્ય** રાજા રાજ્ય કરતો હતો. ત્યાં **કૃષ્ણ** નામનો કોઈ વિપ્ર વૃદ્ધાવસ્થાને આરે પહોંચતાં તેણે પોતાના ચારે પુત્રોને અંતિમ ઈચ્છા જણાવી. તેણે કહ્યું, ''મારા મૃત્યુ પછી ચારે ભાઈઓએ સંપીને રહેવું. મિલકત માટે કજીયો કરવો નહીં. આ ઘરના ચારે ખૂણામાં તમારા માટે ચાર કુંભ રાખ્યા છે. તેમાં પ્રત્યેકના નામની ચીઠ્ઠી છે. તે પ્રમાણે પોતાનો ઘડો સૌએ ગ્રહણ કરવો.''

મૃત્યુશય્યા પર સૂતેલા પિતાની શિખામણ ચારે પુત્રોએ સ્વીકારી લીધી એટલે પિતા સુખેથી સ્વર્ગે સીધાવ્યા. પુત્રોએ પિતાનાં અંતિમ સંસ્કાર કર્યા. પિતાનું પ્રેત કાર્ય પૂર્ણ કરી પુત્રોએ ચારે ઘડાઓ બહાર કાઢ્યા. પ્રથમ ઘડામાં સુવર્ણ અને બાકીના ઘડામાં અનુક્રમે તુષ (છોતરાં), કાળી માટી અને હાડકાં હતાં. 'પિતાએ પક્ષપાત કર્યો છે' એવું માની ચારે ભાઈઓમાં મિલકત અંગે આપસમાં ઝઘડો શરૂ થયો. ઝઘડાએ મોટું સ્વરૂપ લીધું.

હવે બ્રાહ્મણ પુત્રો વચ્ચે નિત્ય તકરાર થતી તેથી નગરના લોકો કંટાળી ગયાં. કોઈ સુલેહ કરવા

---

૧. આવી જ ઘટના રાજા વિક્રમાદિત્યના પૂર્વભવના વિષયમાં પ્રસિદ્ધ છે.

વચ્ચે પડતું નહીં તેથી ચારે ભાઈઓએ નગર છોડયું. તેઓ પ્રતિષ્ઠાનપુરમાં આવ્યા. 'અહીં કોઈ બુદ્ધિશાળી અને બળવાન માનવી ઝઘડો મટાડશે' એવું માની ત્યાં રહ્યા. સમય જતાં મંત્રીને ખબર પડતાં તેણે પૂછયું, ''તમારે કઈ બાબતમાં ઝઘડો છે?'' તેઓએ કહ્યું, ''હે મંત્રીશ્વર! મૃત્યુશય્યા પર પોઢેલા અમારા પિતાએ અમને ચારેને બોલાવી કહ્યું હતું કે, ચારે કળશમાં જે જે વસ્તુ છે તે દરેકની પોતપોતાની છે. પ્રથમ કળશમાં સુવર્ણ, બીજા કળશમાં કાળી માટી, ત્રીજા કળશમાં છોતરાં અને ચોથા કળશમાં હાડકાં છે. પિતાએ અમારી સાથે અન્યાય કર્યો છે. અમારો આ વિવાદનો સુલેહ આજ દિવસ સુધી કોઈ કરી શક્યું નથી તેથી અમે પરેશાન છીએ.'' મંત્રી પણ મૂંઝાયો.

ત્યારે સાતવાહને તેનો માર્ગ કાઢતાં કહ્યું, ''ખરેખર! તમારા પિતા બુદ્ધિશાળી હતા. તેમણે કોઈ અન્યાય કર્યો નથી. જુઓ! જેના કળશામાં સોનું નીકળ્યું તે સુવર્ણનો માલિક છે. જેના ઘડામાં માટી હતી તેના હિસ્સામાં બધાં ખેતરો આવશે. જેના કળશા-કુંભમાં છોતરાં હતાં તે નિશ્ચે ઘરમાં રહેલા સર્વ પ્રકારનાં ધાન્યનો અધિકારી છે અને જેના ઘડામાં હાડકાં છે તે દ્વિપદ અને ચતુષ્પદ પ્રાણીઓનો માલિક છે.''

આ સાંભળી ચારે ભાઈઓ ખુશ થઈ ગયાં. તેમની વચ્ચે પુનઃ ભાઈચારો સ્થપાયો. સાતવાહનની કુશાગ્રબુદ્ધિના કારણે તેની લોકમાં ખૂબ પ્રસિદ્ધિ થઈ. અનુક્રમે તે પ્રતિષ્ઠાનપુરનો રાજવી બન્યો. તેણે પોતાના હાથની કરામત અને શૌર્યથી ઘણા રાજાઓને પરાજિત કર્યા. તેના **હંસ** અને **વત્સ** નામના બે વહાલસોયા પુત્રો હતાં.

એકદા સાતવાહન પ્રતિષ્ઠાનપુરમાં **રયવાડી**માં જતો હતો ત્યારે નદીના વહેણનાં મોજામાંથી ઉછળીને એક માછલું કાંઠે આવેલું તેણે જોયું. તે માછલું હસતું હતું. પ્રકૃતિનો આવો ઉત્પાત જોઈ ભયથી રાજાએ વિદ્વાનોને તેનું કારણ પૂછયું.

**જ્ઞાનસાગર** નામે મુનિ બોલ્યા, ''એકદા પૂર્વે **રમા** નગરીમાં **સોમ** અને **ભીમ** નામના બે સગા ભાઈઓ હતા. તેઓ ગરીબ હતા. તેઓ જંગલમાંથી લાકડાં લાવીને, તે લાકડાં વેચી જીવનનિર્વાહ કરતા હતાં. આ જ નદીના કિનારે ભોજનની વેળાએ શિલા ઉપર બેસી તું રોજ સકતૂ (દૂધમાં લોટ હલાવીને બનાવેલી વાનગી) ખાતો હતો.

કોઈક દિવસે માસખમણનાં પારણે નગરમાં જતાં જૈન મુનિને તેં જોયાં. તેમને જોઈને તને વિચાર આવ્યો કે, 'પૂર્વ ભવમાં મારા વડે મુનિને દાન અપાયું નથી તેથી હું દરિદ્ર બન્યો છું.' એવું વિચારી તેં જૈન મુનિને ભોજનનો લાભ આપવા બોલાવી ભાવથી સકતૂપિંડ વહોરાવ્યો. તે સુપાત્રદાનના પ્રભાવથી તું સાતવાહન રાજા થયો છે. મુનિ પણ કાળધર્મ પામી દેવગતિમાં ઉત્પન્ન થયાં. તે દેવે તને ઓળખી માછલામાં પ્રવેશ કર્યો. લાકડાનો ભાર વહન કરનારો તું કઠિયારો મટી રાજવી થયો છે; એવું જાણી તને ઓળખીને આનંદથી દૈવી માછલું હસ્યું.''

આવું સાંભળી સાતવાહન રાજાએ પૂછયું, ''હે મત્સ્ય! તને મારી ચિંતા કેમ થઈ?'' માછલાએ કહ્યું, ''પૂર્વે તેં જ્યારે સુપાત્ર દાન આપ્યું હતું ત્યારે મેં એ દાનની અનુમોદના કરી હતી. આથી હું દેવ થઈ સુપાત્રદાનનું ફળ તને જણાવવા આવ્યો છું.'' રાજાએ કહ્યું, ''મારી પાસે સુવર્ણ કે ધન નથી તો હું કઈ રીતે દાન કરું?'' દેવે કહ્યું, ''નદીના સ્થાને દ્રહની પાસે સોનાનો રસ છે. તે તું ગ્રહણ કર. પૂર્વભવના સ્નેહથી મેં તને આ જણાવ્યું છે.''

તે પછી રાજાએ તે રસમાંથી ઘણું સુવર્ણ બનાવી યાચકોની ઈચ્છાપૂર્તિ મુજબ હર્ષથી છૂટે હાથે દાન આપ્યું. સાતવાહન રાજાએ દાનની ગંગા વહાવી જિન શાસનની ખૂબ સેવા કરી. રેંટ સમાન સતત પરિભ્રમણ કરતા આ ચંચળ જીવનમાં સુપાત્રનો સમાગમ થવો એ મહાન સૌભાગ્ય છે!

**સાંતૂ મંત્રી :** (ઉપદેશપ્રાસાદ-૩, પૃ.૧૨૭)

**આચાર્ય બપ્પભટ્ટ સૂરિજી**ની પ્રેરણાથી આમ રાજાએ પોતાના નગરમાં એક દિવ્ય અને ભવ્ય પૌષધશાળા બંધાવી, તેવી જ રીતે **સિદ્ધરાજ જયસિંહ**ના ધર્મપ્રેમી મંત્રી **સાંતૂ**ની વાત પણ જગ વિખ્યાત છે.

શ્રીમાળી જ્ઞાતિના આ સાંતૂ મંત્રી પાસે પુષ્કળ ધન હતું. તેમણે એકવાર '**શ્રી સ્યાદ્વાદ રત્નાકર ગ્રંથ**'ના રચયિતા **શ્રી વાદિ-દેવસૂરિજી**ને આવાસ-ભવન જોવા નિમંત્રણ આપ્યું. મંત્રીનું અપૂર્વ અને આલિશાન ભવન જોઈ વાદિદેવસૂરિજી સિવાય સૌએ એકમતે પ્રશંસા કરી. વાદિદેવસૂરિજી મૌન રહ્યા તેથી સાંતૂ મંત્રીએ તેનું કારણ પૂછ્યું ત્યારે **સૌભાગ્યનિધાન** નામના ક્ષુલ્લક મુનિએ કહ્યું -

**''खंडनि पेषणी चूलह, जलकुंभः प्रमार्जनी।**
**पंचैते यत्र विद्यन्ते, तेन नो वर्ण्यते गृहम्।।''**

''જે ઘરમાં ખંડણ, ઘંટી, ચૂલો, પાણિયારું અને સાવરણી એ પાંચ સાવદ્ય (પાપકારી) વસ્તુઓ હોય તેવા ઘરની પ્રશંસા કરવી નહીં. ઘર એ જીવ હિંસાનું કતલખાનું છે. ઘર બંધાવવાથી પુણ્ય થતું નથી પરંતુ જો અપૂર્વ પૌષધશાળા બંધાવો તો ઉત્તમ કહેવાય કારણકે પૌષધશાળા એ ધર્મ કરવાનું સ્થાન છે, જ્યારે ઘર એ તો પાપ બંધનું કારખાનું છે તેથી ગુરુ મૌન રહ્યા છે.''

સાંતૂ મંત્રીએ વિચાર્યું, ''સાધુને વસતિદાન આપવાથી ઘણું ઊંચું પુણ્ય બંધાય છે. **જયંતિ શ્રાવિકા, વંકચૂલ, અવંતિસુકુમાલે** વસતિદાન આપી મહાન પુણ્ય ઉપાર્જન કર્યું છે. **મેઘકુમારે** પૂર્વના ભવમાં સસલાને જગ્યાનું દાન આપ્યું તેના બદલામાં તેને રાજસુખ મળ્યું. મુનિ તો સર્વ જીવોને અભયદાન આપનારા છે. નિઃસંક તેમને વસતિદાન આપવાથી ઘણું મોટું ફળ પ્રાપ્ત થાય છે.' આવો શુભ વિચાર આવતાં સાંતૂ મંત્રીએ પોતાના માટે બનાવેલું વિશાળ ભવન સંયમીઓને પૌષધશાળા રૂપે અર્પણ કર્યું. આ ઉપરાંત તેમણે યાત્રિકો માટે બીજી ધર્મશાળા પણ બંધાવી હતી.

અમિતગતિ શ્રાવકાચાર (પરિ૰૧૧)માં કહ્યું છે, 'જે અસંયતાત્માને દાન આપી પુણ્યફળની અભિલાષા રાખે છે, તે પ્રજ્વલિત અગ્નિમાં બી નાંખી ધાન્ય ઉત્પન્ન કરવાની સ્પૃહા કરે છે.

**સીતા :** (ત્રિષષ્ઠી શલાકા પુરુષ, પર્વ ૭, સર્ગ ૯, શ્લોક-૪૦; પઉમચરિયં, પર્વ-૪૧, જટાયુ ઉપાખ્યાન)

રામ, લક્ષ્મણ અને સીતા **કર્ણરવા** નદીના આગળ દુર્ગમ એવા **દંડકારણ્ય**માં આવી પહોંચ્યા. તેમણે નદીના નિર્મળ જળમાં સ્નાન કરી, વૃક્ષોનાં ફળોનું ભોજન કર્યું. લક્ષ્મણે વાંસ અને વિવિધ પત્રોમાંથી ઉપકરણો તૈયાર કર્યા તેમજ જંગલમાંથી ધાન્ય અને ફળો લાવ્યા.

એક દિવસ મધ્યાહ્નના સમયે **સુગુપ્ત** નામના તપસ્વી મુનિરાજ આકાશમાર્ગેથી નીચે ઉતર્યા. સીતાએ રામને કહ્યું, ''આર્યપુત્ર! પાપરહિત, નિર્મળ શ્રમણનાં દર્શન કરો.'' રામ અને સીતાએ આદરપૂર્વક ત્રણ પ્રદક્ષિણા આપી વંદન કર્યા. સીતાએ તે મુનિને ગાયના દૂધમાંથી બનાવેલ ખીર અને વન્ય ફળો તૈયાર કરી

પ્રાસુક, એષણીય દાન આપ્યું. તે સમયે તપસ્વી મુનિરાજનું પારણું હતું. આકાશમાંથી રત્નવૃષ્ટિ, સુગંધીજળ અને પુષ્પવૃષ્ટિ થઈ. અહો ! દાનમ્, અહો ! દાનમ્ ! એ શબ્દોની ઉદ્ઘોષણા અને દેવદુંદુભિનો નાદ વિસ્તાર પામ્યો.

તે સમયે અરણ્યમાં રહેલા **જટાયુ** પક્ષીએ મુનિને જોયાં. એટલે અચાનક જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વિચારવા લાગ્યો કે, 'મારાં દુર્ભાગ્ય છે કે મનુષ્ય જન્મ મળ્યો ત્યારે બીજાના બહેકાવામાં આવી ધર્મ છોડી દીધો તેથી તિર્યંચ ગતિમાં જન્મ થયો છે.' પક્ષી મુનિના ચરણોમાં આળોટવા લાગ્યો. તેણે મુનિને વંદન કર્યા. તેના પ્રભાવથી તે પક્ષી રત્નરાશિ જેવો કાંતિવાળો, દેદીપ્યમાન થયો.

મુનિએ તેને દેશના આપતાં કહ્યું, "હે પક્ષી ! તું પાપકર્મનો ત્યાગ કર, નહીં તો લાંબા કાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરીશ." આ સાંભળી જટાયુ પક્ષી સમકિત સહિત શ્રાવક ધર્મમાં ઉધમી બન્યો. મુનિએ સીતાને કહ્યું, "હે ભદ્રે ! સમ્યગ્દૃષ્ટિ એવા આ પક્ષીનું સાવધાનીપૂર્વક આ અરણ્યમાં રક્ષણ કરજે." સીતા જટાયુને પંપાળવા લાગી. જટાયુ સીતા વડે સદા રક્ષાતો, જિનેશ્વરના ગીતોનું શ્રવણ કરતો, ધર્મમાં અનુરક્ત બની નૃત્ય કરવા લાગ્યો.

સુપાત્રદાનના પ્રભાવથી સીતાએ રત્નવૃષ્ટિની પ્રાપ્તિ અને વિપુલ પુણ્ય ઉપાર્જન કર્યું અને જટાયુ જેવો પક્ષી સમકિત પામી શ્રાવક બન્યો.

**લવ** અને **કુશ વજ્જંઘ રાજા**ને ત્યાં મોટા થયાં. બન્ને પુત્રો કલાગ્રહણને યોગ્ય થયાં. એક દિવસ **સિદ્ધાર્થ** નામના અણુવ્રતી **સિદ્ધપુત્ર** કે, જે વિદ્યા-બળ-ઋદ્ધિથી સંપન્ન હતાં. તે ત્યાં આવ્યાં. તેઓ સંધ્યાએ **મેરૂ પર્વત** તરફ આકાશ માર્ગે જતાં હતાં. એકવાર તેઓ સીતાના ઘરે આવ્યાં. સીતાએ તેમને શ્રદ્ધાપૂર્વક ભક્તિભાવથી ભોજન-પાણી આપી જમાડયાં. તેમને સુખ શાતા પૂછી. ત્યાર પછી સીતાએ સિદ્ધપુત્રનાં પૂછવાથી પોતાનો વૃત્તાંત કહ્યો.

અષ્ટાંગ નિમિત્તનાં જાણકાર સિદ્ધપુત્રે કહ્યું, "બેન ! તમે શા માટે ખેદ કરો છો ? આ બન્ને પુત્રો સાક્ષાત **રામ-લક્ષ્મણ** જેવા છે. તમારા બધાં મનોરથ તેઓ પૂર્ણ કરશે." સિદ્ધપુત્ર વડે આશ્વાસન અપાયેલ સીતાએ આગ્રહપૂર્વક પુત્રને અધ્યાપન કરાવવા માટે સિદ્ધપુત્રને પોતાને ત્યાં રોક્યાં. સિદ્ધપુત્રોએ જ્ઞાનદાન આપી બન્ને પુત્રોને સકળ વિદ્યા શીખવી.

**સુકેતુ શેઠ** : (પુણ્યાશ્રાવક કથાકોશમ્, પૃ. ૨૯૫)

**જંબુદ્વીપ**ના **મહાવિદેહ ક્ષેત્ર**ની **પુષ્પકલાવતી વિજય**માં **પુંડરીકિણી નગરી**ના **વસુપાલ રાજા** હતા. ત્યાં **સુકેતુ** નામનો વણિક હતો. જે ચુસ્ત જૈનધર્મી હતો. તેની **ધારિણી** નામે પત્ની હતી.

એકવાર વ્યાપાર માટે જતો પડાવ **નાગદત્ત શેઠ**ના બનાવેલા નાગભવનની સમીપમાં રોકાયો. તેની સાથે સુકેતુ જોડાયો. ત્યારે ઉધાનમાં તેની પત્ની ઘરેથી ભોજન આપવા આવી. શેઠ અતિથિ સંવિભાગ વ્રતધારી હતા તેથી મુનિની પ્રતિક્ષા કરવા લાગ્યા. ત્યાં **ગુણસાગર** નામના મહાત્મા પ્રતિજ્ઞા પૂર્ણ કરવા ગોચરી માટે આવ્યા. શેઠે વિધિપૂર્વક નિર્દોષ આહાર વહોરાવ્યો. પંચવૃષ્ટિ થઈ. શેઠની અતિશય નિર્મળ ભાવધારાના પરિણામે સાડા ત્રણ, કરોડ રત્નોની વૃષ્ટિ થઈ. નાગદત્તે 'આ પડાવ મારા ભવનની સામે છે.' એમ કહી રત્નો લઈ લીધાં પરંતુ આ રત્નો પુનઃ પોતાના સ્થાને આવી ગયાં. લોભી નાગદત્તે ફરીથી રત્નો ઉઠાવ્યાં. પુનઃ રત્નો ઉધાનમાં આવ્યાં. આથી નાગદત્તે ક્રોધિત થઈ રત્નોને શિલા ઉપર અફાળ્યાં. રત્નો શિલા સાથે ટકરાઈ

નાગદત્તના લમણે ઝીંકાયાં. દેવોએ આ દશ્ય જોઈ ઉપહાસ કરતાં શેઠનું નામ '**મણિનાગદત્ત**' પાડયું. હવે નાગદત્ત રાવ લઈ વસુપાલ રાજા પાસે પહોંચ્યો. રાજાને કહ્યું કે, 'મેં બનાવેલા નાગભવનની આગળ રત્નોની વર્ષા થઈ છે તેથી તે રત્નો મંગાવી ભંડારઘરમાં રાખો.' નાગદત્તે અતિશય આગ્રહ કર્યો તેથી રાજાએ રત્નો મંગાવી ખજાનામાં રખાવ્યા પરંતુ ત્યાંથી રત્નો પુનઃ એ જ સ્થાન પર પહોંચ્યાં. રાજાએ રત્નવૃષ્ટિનું કારણ જાણ્યું ત્યારે ખબર પડી કે સુકેતુ શેઠ દ્વારા ગુણસાગર મુનિને આહારદાન આપતાં, દાનના પ્રભાવે આકાશમાંથી રત્નોની વૃષ્ટિ થઈ છે. રાજાને પોતાની લોભવૃત્તિ માટે પારાવાર પસ્તાવો થયો. દરિયાદિલ શેઠે કહ્યું, 'રાજન્! તમે આ રત્નોના જ સ્વામી નથી પરંતુ મારા પણ સ્વામી છો. આવશ્યક્તા હોય તો આ રત્નો લઈ લો.'' રાજાએ કહ્યું, ''આ રત્નો મારાં નથી. મને રત્નોની આવશ્યક્તા હશે ત્યારે મંગાવી લઈશ.'' સુકેતુ શેઠ ઘરે પાછા ફર્યા. તેમની ચારે બાજુ પ્રશંસા થવા લાગી. આ જોઈ મણિનાગદત્ત ઈર્ષાની અગ્નિમાં બળવા લાગ્યો.

એકવાર રાજાએ રાજસભામાં સુકેતુ શેઠના રૂપ, ગુણ અને લક્ષ્મીની પ્રશંસા કરી. **જિનદેવ શેઠ**થી આ સહન ન થયું. સુકેતુ શેઠ અને જિનદેવ શેઠ વચ્ચે ધન વિષયક વિવાદ થયો. પ્રથમ તો સુકેતુએ કહ્યું કે, ''જૈન વ્યક્તિએ એવું કરવું યોગ્ય નથી.'' પરંતુ જિનદેવે પોતાનો દુરાગ્રહ ન છોડયો. ત્યારે સુકેતુ શેઠ વાદ માટે તૈયાર થયાં. 'જે વિવાદમાં વિજયી બને તે બીજાની સમસ્ત સંપત્તિનો સ્વામી થશે.' એવું પ્રતિજ્ઞાપત્ર લખી રાજાના હાથમાં આપ્યું. બન્નેએ પોતાનું ધન લાવી ચોકમાં મૂક્યું. વાદમાં સુકેતુનો વિજય થયો. જિનદેવે દીક્ષા લીધી. વ્રતધારી સુકેતુ શેઠે જિનદેવનું ધન તેના પુત્રને સોંપી દીધું. આ બાજુ મણિનાગદત્ત પણ સુકેતુના પ્રભાવને સાંખી ન શક્યો. નાગભવનમાં જઈ નાગ દેવતાની આરાધના કરી. નાગદેવતા પ્રસન્ન થયો. તેણે સુકેતુ ઉપર દોષારોપણ કરી મારી નાંખવાનું વચન આપ્યું.

નાગદત્ત નાગદેવતાને વાંદરાના વેષમાં સુકેતુ શેઠ પાસે લાવ્યો. ત્યારે વાંદરાએ કહ્યું, 'હું પુણ્ય દેવતા છું. મારા સ્વામીની પ્રત્યેક આજ્ઞાને શિરોધાર્ય કરું છું. જો આજ્ઞા ન આપે તો હું તેને મારી નાંખું છું. મણિનાગદત્તના કહેવાથી હું તમારી પાસે આવ્યો છું. મને આજ્ઞા આપવામાં સમર્થ હો તો ગ્રહણ કરો, અન્યથા છોડી મૂકો.'' સુકેતુએ તેનો સ્વીકાર કર્યો. વાંદરાને સૌ પ્રથમ રત્નમય નગરના નિર્માણની આજ્ઞા આપી. ત્યાર પછી રાજા પાસે જઈ વિનંતી કરી કે, 'પુણ્યના ઉદયથી નવી નગરીનું નિર્માણ થયું છે ત્યાં રાજ્ય કરો.'' રાજાએ ના પાડી. સુકેતુ પાછો ફર્યો. વાંદરાએ આજ્ઞા માંગી. ''સમસ્ત નગરજનો સાથે નવનિર્મિત નગરમાં પ્રવેશ કરાવ.'' વાંદરાએ તેમ કર્યું. સુકેતુ શેઠ અને ધારિણી ભદ્રાસન પર બેઠાં. વાંદરાએ આજ્ઞા માંગી. શેઠે તેને ગંગાજળ લાવી રાજ્યાભિષેક કરાવવાની આજ્ઞા આપી. વાંદરાએ કાર્ય પૂર્ણ કર્યું પછી નાગદત્ત આદિ સર્વ નગરજનોનાં ઘરમાં ધન-ધાન્યાદિક અપાવ્યાં. ત્યારપછી શેઠે રાજભવનની સામે મોટો થાંભલો બનાવી તેના મૂળમાં સાંકળ બનાવવાનું કહ્યું. આ સાંકળના અંતમાં ગોળ કડું બનાવી તેમાં વાંદરાનું માથું નાખી તેને વારંવાર થાંભલા ઉપર ચઢ-ઉતર કરવાની આજ્ઞા આપી. 'બસ રહેવા દે' એવું ન કહેવાય ત્યાં સુધી આ પ્રક્રિયા ચાલુ રાખવી.'' વાંદરાએ બે-ત્રણ દિવસ તેમ કર્યું. સુકેતુ શેઠે 'રહેવા દો ? એમ ન કહ્યું ત્યારે વાંદરાના વેષમાં રહેલો **ઉત્પલ** નામનો નાગ દેવતા ભાગી ગયો.

સુકેતુએ ઘણો સમય રાજ્યનું સંચાલન કર્યું. સફેદ વાળ જોઈ વૈરાગ્ય જાગ્યો. પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. અંતમાં તપ કરી મુક્તિ પ્રાપ્ત કરી. ધારિણી તપના પ્રભાવથી અચ્યુત દેવલોકમાં દેવ થઈ. જે દિવસે

સુકેતુ શેઠ નગરમાંથી બહાર નીકળ્યા, તે દિવસે જ નગર અદશ્ય થઈ ગયું.

ફક્ત એક વાર મુનિને આહાર દાન આપી દેવોથી અજેય બની સુકેતુ શેઠ મોક્ષ પ્રાપ્ત કરી અનુપમ સુખના ભાગી બન્યા.

**સુજય રાજર્ષિ :** (કથા રત્નકોષ - પૃ. ૨૫૭ થી ૨૭૨)

**અયોધ્યા** નગરીમાં **સંગમક** નામનો વણિક દેશદેશાંતરમાં વહાણ દ્વારા વેપાર ખેડતો હતો. સમય જતાં તે નિર્ધન થયો ત્યારે પુનઃ વહાણવટાનો વ્યવસાય શરૂ કર્યો. નસીબયોગે તેને સારી કમાણી થઈ. પરંતુ અચાનક મધદરિયે તોફાન આવ્યું. હિમપ્રપાત સાથે અફડાતાં વહાણ ભાંગી પડયું. સંગમકના હાથમાં એક પાટિયું આવ્યું તેના સહારે તે **સુવેલાચલ** પર્વત પર પહોંચ્યો. તેને અત્યંત ક્ષુધા લાગી હતી. વન્ય ફળો ખાવા બેસતો જ હતો ત્યાં જ વિચાર આવ્યો. ''કોઈ અતિથિને આપ્યા પછી વધે તે હું ખાઉં.'' સંગમકની ઉત્તમ ભાવનાના કારણે કોઈ મહાતપસ્વી મુનિનો યોગ મળ્યો. આ મુનિરાજ ચાર માસના ઉપવાસી હતા. તેમને નિર્દોષ ફળો આપી પ્રતિલાભ્યા. ત્યાર પછી પોતે ખાધું. હવે સંગમકને કાચા કંદમૂળ અને ફળો ખાવાથી પેટમાં શૂળ ઉપડયું અને જીવનલીલા સમાપ્ત થઈ ગઈ.

**અયોધ્યા**ના **વિજયરાજ**ની પટરાણી **સીતાદેવી**ની કુક્ષિમાં સંગમક પુત્રપણે અવતર્યો. તેનો જન્મ થતાં શત્રુ રાજાઓ હારી ગયા તેથી તેનું **'સુજય'** એવું નામાભિધાન રાખ્યું.

સુજય ત્યાગ, દાન, વિદ્યા, નીતિ અને વિનયમાં સર્વ શ્રેષ્ઠ હોવાથી તેને યુવરાજ પદે નિયુક્ત કરી પિતાએ દીક્ષા સ્વીકારી.

સુજય રાજા દાનનો વ્યસની હતો. સમય જતાં પ્રજા પાસેથી કરવેરો ન લેતાં ધનભંડારો ખાલી થઈ ગયાં. સુજય રાજાએ **ભાનુદત્ત** નામના રાજભંડારીને બોલાવી કહ્યું, ''મેં આ વર્ષે કેટલું ધન દાનમાં આપ્યું છે ? તેની યાદી આપો.'' રાજભંડારીએ પૂરો હિસાબ બતાવ્યો. કુલ પંચ્યાસી ક્રોડ સોનૈયાનો એક વર્ષમાં ખર્ચ થયો હતો.

રાજા ખેદ કરવા લાગ્યો, ''મેં પૂર્વે દાન ધર્મ નથી કર્યું, તેથી આજે ધનભંડારો ખાલી થઈ ગયાં છે.'' રાજાએ નાચગાન બંધ કર્યા. સાંજનું દેવપૂજન કર્યું. ત્યાં વધામણી મળી કે, 'રાજભંડારો ધનથી છલકાઈ ગયાં છે.' હવે રાજા અખંડપણે દાનની ગંગા વહાવા લાગ્યો.

એકવાર ચારણ મુનિને જોઈ રાજાને પૂર્વભવ યાદ આવ્યો. જે ચોમાસી તપ કરનારા મુનિ હતા તે જ અહીં આવ્યા હતા. તે સમયે તે મુનિવરનું માસક્ષમણનું પારણું હતું. રાજા સુજયે નિર્દોષ આહાર વડે તેમની ઉપાસના કરી. તેમની પાસેથી ધર્મદેશના સાંભળી. પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લીધી. **પોતનપુર**માં કાળધર્મ પામી મુનિ બારમા **અચ્યુત દેવલોક**માં દેવપણે ઉત્પન્ન થયાં. યતિને સંયમ સાધક દાન આપવા બદલ તે જીવ જે જે સ્થાને ગયો, તે ક્ષેત્રની આસપાસ રહેતા દેવોએ 'આ મુનિએ સંયમની સારી આરાધના કરી છે;' એવું કહી, નિર્વાણ મહોત્સવ ઉજવ્યો.

**સુજાતકુમાર :** (શ્રી સુખવિપાક સૂત્ર, અ.૩)

**સુજાતકુમાર વીરપુર નગર**ના **મહારાજા વીરકૃષ્ણ** મિત્ર તથા **મહારાણી શ્રીદેવી**ના પુત્ર હતા.

**બલશ્રી** પ્રમુખ ૫૦૦ રાજકન્યાઓ સાથે તેમનું પાણિગ્રહણ થયું. **પ્રભુ મહાવીર સ્વામી** પાસે શ્રાવકધર્મ સ્વીકાર્યો.

પોતાના પૂર્વભવમાં સુજાતકુમાર **ઈક્ષુકાસાર નગરના** ગાથાપતિના પુત્ર હતા. તેમના પિતાનું નામ **ઋષભદત્ત** ગાથાપતિ હતું. સુજાતકુમારે **પુષ્પદત્ત** નામના તપસ્વી અણગારને નિર્દોષ આહારદાન આપ્યું હતું.

આઠ ભવ મનુષ્ય અને સાત દેવલોકના ભવ કરી મહાવિદેહ ક્ષેત્રમાં જઈ સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થશે.

**સુજાત કુમાર** : (શ્રી ધર્મરત્ન પ્રકરણ, પૃ.૭૪)

**ચંપા નગરી**માં **મિત્રપ્રભ** નામના પ્રતાપી રાજા હતા. તેમની **ધારણી** નામની રાણી હતી. તે નગરીમાં ધર્મપરાયણ **ધનમિત્ર** નામના શ્રેષ્ઠીવર્ય હતા. તેમની **લક્ષ્મી** નામની સૌંદર્યવાન પત્ની હતી. તેમનો સ્વરૂપવાન પુત્ર હતો. તે શ્રીમંત કુળમાં જન્મ્યો હતો. તેથી લોકો કહેવા લાગ્યા કે, 'બાળકનો જન્મ સુજાત છે.' તેથી બાળકનું નામ **સુજાત** પાડવામાં આવ્યું. અનુક્રમે સુજાત યૌવનવયે પહોંચ્યો.

તે જ નગરમાં **ધર્મઘોષ** મંત્રીની **પ્રિયંગુ** નામની પત્નીની દાસી દળણું દળાવવા ગઈ હતી. તે બહુ મોડી આવી તેથી તેને મંત્રી પત્નીએ ઠપકો આપ્યો. દાસીએ કહ્યું, "હું સુજાતનું રૂપ જોવા રહી તેથી મને મોડું થયું છે." એકદા સુજાત કુમાર મિત્રો સાથે રાજમાર્ગેથી જઈ રહ્યો હતો ત્યારે પ્રિયંગુએ તેને જોયો. કામદેવ જેવા સુજાતને જોઈ શોક્યોને કહેવા લાગી કે, "તે જ સ્ત્રી નસીબદાર છે જેનો વર આવો રૂડો-રૂપાળો હોય." એકવાર તે સુજાતનો વેશ ધારણ કરી તેની નકલ (ચાળા) કરવા લાગી. મંત્રીએ બંધ કમાડના બાકોરામાંથી દૃશ્ય જોયું. તેને થયું કે, 'જો લોકોમાં ખબર પડશે તો મારી આબરુ જશે.'

મંત્રીએ એક ખોટો લેખ લખ્યો. 'હે સુજાત ! દશ દિવસમાં મિત્રપ્રભ રાજાને બાંધી લાવીશ એવું તેં કહ્યું હતું છતાં હજુ તે કાર્ય કર્યું નથી.' આ લેખ રાજાને આપ્યો. રાજાએ સુજાતને મારવાનો વિચાર કર્યો. તેમણે લેખ લખી **અરરકુરી** નગરીના **ચંદ્રધ્વજ** રાજા પાસે મોકલ્યો. ચંદ્રધ્વજ રાજાએ સુજાતનું રૂપ જોઈ વિચાર્યું, 'આ વ્યક્તિ રાજ વિરુદ્ધ કાર્ય કરી શકે જ નહીં.' ચંદ્રધ્વજ રાજાએ સુજાતને એકાંતમાં બોલાવી લેખની વાત કહી. સુજાતે કહ્યું, "તમારા રાજાની જે આજ્ઞા હોય તે પ્રમાણે કરો." ચંદ્રધ્વજ રાજા પ્રસન્ન થયો. તેણે પોતાની બહેન **ચંદ્રશયા** (કોઢ રોગવાળી હતી)ને સુજાત સાથે પરણાવી.

સુજાતની સોબતથી ચંદ્રશયા દૃઢધર્મી બની. તેણે અંતિમ સમયે અનશન સ્વીકાર્યું. સુજાતે નિર્યામણ કરાવ્યા. તેણી મૃત્યુ પામી **સૌધર્મ** દેવલોકમાં દેવતા બની. દેવે અવધિજ્ઞાનથી પૂર્વભવ જાણી સુજાતને નમન કરી કહ્યું, "હું તમારી શું સેવા કરું ?" સુજાતે વિચાર્યું, 'પ્રથમ માતા-પિતાને મળું પછી પ્રવ્રજ્યા અંગીકાર કરું.'

દેવે આ જાણી ચંપાપુરી પર સંકટ પાડયું. મોટી શિલા વિકુર્વી. તે જોઈને રાજા અને પ્રજા ભયભીત બન્યા. લોકો દેવને હાથ જોડી કહેવા લાગ્યા કે, "હે દેવ ! અમે કોઈનું માઠું કર્યું હોય તો અમને માફ કરો." દેવે કહ્યું, "પાપી મંત્રીએ સુશ્રાવક ઉપર અકાર્યનો આરોપ મૂકી અનર્થ કર્યું છે. તેથી તમને બધાને શિલાની નીચે ચગદી દઈશ ! જો તમે તે ઉત્તમ નરવરને ખમાવો તો જ હું છોડીશ." લોકોએ પૂછયું, "તે ક્યાં છે ?" દેવે કહ્યું, "આ નગરના ઉદ્યાનમાં છે."

રાજા અને પ્રજાએ ત્યાં જઈ સુજાતની માફી માંગી. હવે સુજાત શેઠ લોકોને ધારવા કરતાં અધિક ધન આપવા લાગ્યા. જિન-શાસનની ઉત્તમ પ્રભાવના કરવા લાગ્યા. રાજા ધર્મઘોષ મંત્રીને મારવા તૈયાર થયા ત્યારે દયાપ્રેમી સુજાતે છોડાવ્યો પરંતુ રાજાએ મંત્રીને દેશનિકાલ કર્યો. સુજાતે માતા-પિતા સાથે દીક્ષા લીધી.

ત્રણે તપશ્ચર્યા કરી, નિર્મળ ચારિત્ર પાળી, કેવળજ્ઞાન પામી મોક્ષપદ પામ્યા.

દેશનિકાલ થયેલા ધર્મઘોષ મંત્રીએ રાજગૃહી નગરીમાં વૈરાગ્ય પામી ગુરુ પાસે દીક્ષા લઈ સાધુની બાર પ્રતિમાઓ ગ્રહણ કરી. તે **વરદત્ત પુરમાં વરદત્ત** નામના મંત્રીને ત્યાં વહોરવા ગયા. ત્યાં ખીર વહોરાવતાં એક ટીપું જમીન પર પડ્યું એટલે ગોચરી લીધા વિના મુનિ ચાલ્યા ગયા. તે ટીપા ઉપર માંખી બેઠી. તે માખીને ગરોળી જોવા લાગી. ગરોળીને સરડો જોવા લાગ્યો. સરડાને બિલાડી અને બિલાડીને કૂતરો જોવા લાગ્યો. અર્થાત્ તેઓ પોતાના શિકારને જોઈ રહ્યાં હતાં. તે સમયે તે શેરીનો કૂતરો ત્યાં આવ્યો. તેમની વચ્ચે ઝપાઝપી થઈ.

મંત્રીએ વિચાર કર્યો કે, 'જીવ હિંસાના નિમિત્તથી મુનિએ ઢોળાતી ભિક્ષા ગ્રહણ કરી નથી.' વિશુદ્ધ ભાવના ભાવતાં મંત્રીને જાતિસ્મરણ જ્ઞાન થયું. વરદત્ત મંત્રીએ દીક્ષા લીધી. તેઓ તે જ ભવમાં મોક્ષમાં ગયા.

છકાયના રક્ષક એવા મુનિ ભગવંતને આહાર દાન આપતાં વરદત્ત મંત્રી આશ્રવ ભાવનાના ચિંતને ચડયા. આ દાન કેવળજ્ઞાન પ્રાપ્તિનું નિમિત્ત કારણ બની ગયું!

**સુદત્ત કુમાર** : (ગૌતમ કુલક)

**સાકેતપુરમાં સુદત્ત** નામે નોકર હતો. તે નિર્ધન હતો પણ તેને દાનની ઘણી ઈચ્છા રહેતી હતી. એકવાર કાષ્ટ લેવા જંગલમાં ગયો ત્યારે ભોજન સાથે લઈને ગયો. તેને દાનનું વ્યસન હોવાથી દાન આપીને ભોજન કરતો. એકવાર જંગલમાં કાઉસગ્ગ ધ્યાને રહેલા મુનિને જોયાં. મુનિને આહાર માટે નિમંત્રણ કર્યું. મુનિએ ઉપયોગ પૂર્વક જોઈ નિર્દોષ ગોચરી વહોરી. સુદત્ત ખૂબ આનંદિત થયો. તેની સ્ત્રીએ પણ સુપાત્ર દાન આપી હર્ષ પામી સુકૃત્યની અનુમોદના કરી.

સુદત્ત મૃત્યુ પામી સાકેતપુરમાં **શ્રીતેજ** નામે રાજાની **ભાનુમતી** નામની રાણીની કુક્ષિએ આવ્યો. ગર્ભમાં આવતાં ત્રણ માસે માતાને દાનનો દોહદ થયો કે, 'હું રાજા સાથે નદીને કાંઠે દાન દેતી ક્રીડા કરું.' ક્રીડા કરતાં ભીંત પડી અને તેમાંથી રત્નનાં કળશ નીકળ્યાં. ગર્ભના પ્રભાવે રાજાને ત્યાં સંપત્તિનો સૂર્યોદય થતાં પુત્રનું નામ **વસુતેજ** પાળ્યું.

તેની પૂર્વભવની સ્ત્રી **જુગબાહુ રાજા** અને **વિમલમતી રાણી**ની કૂખે પુત્રીરૂપે જન્મી. તેનું નામ **મદનમંજરી** રાખવામાં આવ્યું. વસુતેજ અને મદનમંજરીનાં યૌવનવયે વિવાહ થયાં. વસુતેજે ઘણાં વર્ષ રાજગાદી ભોગવી રાણી સાથે દીક્ષા લીધી. સંયમનું પાલન કરી બન્ને સ્વર્ગે ગયાં. તેઓ દેવ, મનુષ્ય ગતિનાં સુખો ભોગવી સાતમે ભવે મનુષ્ય થઈ શિવગતિ પામ્યાં.

સંક્ષેપમાં દાન કામધેનુ અને અમૃતફળ છે, જેનાથી સર્વ પ્રકારના મનોવાંછિત ફળે છે.

**સુદર્શન શ્રેષ્ઠીનો પૂર્વભવ** : (પ્રબંધ પંચશતી)

**ચંપાપુરી**માં મહાધર્મિષ્ઠ **જિનદાસ** નામના શ્રેષ્ઠી રહેતા હતા. તેમના ગૃહવાસે પશુપાલન માટે **સુભગ** નામનો એક ભરવાડ નિયુક્ત થયેલો હતો. સુભગ નિત્ય ભેંશોને ચરાવવા માટે વન-વગડામાં લઈ જતો. સાંજે ઢોરો ચારીને પાછો આવતો.

એકવાર શિશિર ઋતુની કડકડતી ઠંડીમાં વગડામાં કોઈ પણ વૃક્ષની ઓથ ન લેતાં ખુલ્લી જગ્યામાં એક મહાત્માને કાઉસગ્ગ મુદ્રામાં શીત આતાપના લેતા તેણે જોયા. સુભગના હૃદયમાં અનુકંપાનો

ધોધ પ્રવાહિત થયો. તેને ઘરબાર વિનાના મહાત્મા પ્રત્યે દયા આવી. તેણે દયાભાવથી પ્રેરાઈ તરત જ પોતાના અંગ પર ઓઢેલી કાંબળી કાઢી મહાત્માના શરીરે વીંટાળી દીધી.

આમ, શીત પરિષહને સહેતા મહાત્માને વસ્ત્રદાન આપી સુભગ ભરવાડે પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું. આ પ્રચુર પુણ્યથી તે ભરવાડનો આત્મા બીજા ભવમાં સુદર્શન શ્રેષ્ઠી બન્યો. ત્યાં શીલના પ્રભાવે સૂડીમાંથી સિંહાસન બન્યું.

**મનોરમા** નામની શ્રેષ્ઠી પુત્રી સાથે તેના વિવાહ થયાં. શીલવ્રતમાં તે ઘણો જ દઢ હતો. તે વ્રતથી તેને ચલાયમાન કરવામાં દેવો પણ અસમર્થ હતા. અનુક્રમે પુરોહિત સ્ત્રી **કપિલા** અને રાજરાણી **અભયા**એ તેને ડગાવવા માટે ઘણા પ્રયત્નો કર્યા છતાં તે ચલાયમાન ન થયો. ત્યારે અભયા રાણીએ તેના ઉપર ખોટું કલંક ચઢાવ્યું. સુદર્શનને શૂળી પર ચડાવવામાં આવ્યો. તેના શિયળ વ્રતના પ્રભાવે શૂળી પણ સુવર્ણમય સિંહાસન બની ગઈ. આમ સુપાત્ર દાન અને શિયળવ્રતના પ્રતાપે સુદર્શન શેઠ સ્વર્ગ સુખના ભોક્તા બન્યા.

**સુધાસેનભૂપ - ધરાપાલ રાજા :** (શત્રુંજય કલ્પ વૃત્તિ, પૃ.૧૪૫)

એક વખત **ભરત મહારાજા**એ **શ્રી ઋષભદેવ ભગવાન**ને પૂછયું કે, ''હે પ્રભુ! હમણાં સિદ્ધગિરિ ઉપર કોણ નિર્વાણ પામ્યા છે?'' તે વખતે પ્રભુએ કહ્યું, ''**પદ્મપુર** નગરમાં **ધરાપાલ** રાજા **શત્રુંજય** ઉપર વનમાં ક્રીડા કરવા ગયો હતો. ત્યાં તપસ્વી એવા **સુધાસેન** નામના સાધુને જોઈ રાજાને મનમાં અચાનક દ્વેષ પ્રગટયો. તેણે મુનિને વારંવાર શિલા સાથે પછાડયા.

મુનિ સમતામાં ઝીલતાં હતાં. તેમણે વિચાર્યું, 'મેં પૂર્વે તે જીવને ઘણો માર મારી પાપ કર્યું છે. તે પાપ મને ઉદયમાં આવ્યું છે. નિમિત્ત નિર્દોષ છે તેથી મારે તેના પ્રત્યે રોષ ન રાખવો જોઈએ. રોષ કરવાથી ભવભ્રમણ વધે છે.' આ પ્રમાણે વિચારતાં ક્ષમાવાન મુનિને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

દેવો કેવળજ્ઞાનનો મહોત્સવ ઉજવવા આવ્યાં. આ જોઈ રાજાને આશ્ચર્ય થયું. તેણે દેવોને પૂછયું, ''આ સાધુનો ભવ્ય મહોત્સવ શા માટે કરો છો?'' દેવોએ કહ્યું, ''આ સાધુ દેવોને પણ પૂજ્ય છે.'' તે જોઈ રાજાએ માફી માંગતાં કહ્યું, ''કેવળી ભગવંત! મેં આપને ખૂબ દુઃખ, સંકટ આપ્યું છે.'' કેવળીએ કહ્યું, ''દેવાનુપ્રિય! તું દુઃખી ન થા. તું પૂર્વભવમાં મારા વડે દંડથી હણાયો હતો તેથી આ ભવમાં હું તારા વડે હણાયો.'' રાજાએ પૂછયું, ''ભગવન્! કઈ રીતે?''

કેવળી ભગવંતે કહ્યું, ''ચંદ્ર નામના નગરમાં **ચંદ્ર** નામે ક્ષત્રિય અને **કુંતલ** ગામમાં **કમલ** નામે વણિક રહેતો હતો. એકવાર ચંદ્રએ કમલ પર નકામો લાકડીનો પ્રહાર કર્યો. કમલે કહ્યું, 'તું મને વ્યર્થ કેમ મારે છે?' કમલે ચંદ્રને અહિંસા ધર્મ સંભળાવ્યો. ક્ષત્રિય એવા તેં ધર્મ સાંભળ્યા પછી પ્રભુની ભક્તિ કરી.

ચંદ્ર મૃત્યુ પામી **વીરપુર નગરમાં વીર** વણિકનો પુત્ર સુધાસેન થયો. તે સર્વ કળામાં કુશળ થયો. તેણે ધર્મ શ્રવણ કરી આદરથી સંયમ ગ્રહણ કર્યો. તે હું જ અહીં આવ્યો. કમલ મૃત્યુ પામી સુપાત્ર-દાનના પ્રભાવથી ઘણી લક્ષ્મી સહિત ધરાપાલ રાજા થયો.

હે રાજન્! તું મારા વડે પૂર્વભવમાં હણાયો હતો તેથી હું તપોધન આ જ ભવમાં તારા વડે હણાયો. મારું સર્વ કર્મ ક્ષીણ થતાં મને તારી કૃપાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થયું છે.''

પોતાનો પૂર્વભવ સાંભળી ધરાપાલ રાજા દીક્ષિત થયાં. તે ભવમાં આકરી તપશ્ચર્યા કરી મોક્ષમાં

ગયાં.

સરળતા, નમ્રતા, મૃદુતા આ ત્રણ ગુણોનું ઉદ્‌ગમ સ્થાન દાન છે. આખી જિંદગીનું ચાલાક બળ દાન છે.

**સુભદ્રા** : (કથાકોશ પ્રકરણ ૧, પૃ.૨૭૯)

**ચંપાનગરી**માં **ધનસાર્થવાહ**ની **સુલસા** નામની પત્ની હતી. તેઓ જૈન ધર્મના ચુસ્ત શ્રાવક-શ્રાવિકા હતા. તેમની સંસાર વેલ પર ચાર પુત્ર અને એક પુત્રીરૂપ પુષ્પો હતાં. પુત્ર જન્મની જેમ વહાલી પુત્રીનો સાર્થવાહે જન્મોત્સવ મનાવ્યો. બારમાં દિવસે તે પુત્રીનું નામ **સુભદ્રા** રાખ્યું. ક્રમશઃ તે આઠ વર્ષની થઈ. ઉપાધ્યાયને ઘરે બોલવી તેમની પાસેથી સ્ત્રીની ચોસઠ કળાઓ શીખી. ત્યારપછી **પ્રવર્તિની** સાધ્વીજી પાસે જૈન ધર્મનો તત્ત્વજ્ઞાન શીખી. સુભદ્રાએ સમ્યક્ત્વ સહિત અણુવ્રતો ગ્રહણ કર્યા. તેણે યૌવનના પ્રાંગણમાં પગ મૂક્યો. તેનું રૂપ સોળે કળાએ ખીલી ઉઠ્યું. પુત્રીને અનુરૂપ વર મળે એ હેતુથી પિતા સારું કુળ જોવા લાગ્યા.

એ જ નગરમાં **સુદર્શન** શ્રેષ્ઠી નામના બૌદ્ધ શ્રાવક રહેતા હતા. તેમની પત્નીનું નામ **ધનશ્રી** હતું. તેમનો **સાગરદત્ત** નામનો પુત્ર હતો. એક વખત તેણે દાસીઓ સાથે ઉપાશ્રય જતી સુભદ્રાને જોઈ. તરુણ સાગરદત્ત નવયૌવના સુભદ્રાનું રૂપ જોઈ તેની પાછળ આસક્ત બન્યો. તેણે દાસી મારફતે કન્યાના માતા-પિતા ઈત્યાદિની માહિતી મેળવી. દાસીએ કહ્યું, ''ચંપા નગરીના ધનસાર્થવાહ અને સુલસા શેઠાણીની આત્મજા છે.''

સાગરદત્ત ઘરે ગયો. સુભદ્રાની છબી તેના હૃદયમાં કંડારાઈ ગઈ હતી તેથી તેને તે ભૂલી ન શક્યો. તે માછલીની જેમ સુભદ્રાની યાદમાં તરફડવા લાગ્યો. પુત્રની આવી હાલત જોઈ પિતાએ વૈદ્યને બોલાવ્યો પરંતુ કંઈ ન સર્યું. છેવટે શેઠે તેના જીગરજાન દોસ્ત **વસુનંદન**ને બોલાવી પુત્રની સ્થિતિ વિષે પૂછ્યું. વસુનંદને કહ્યું, ''મને ખબર છે ત્યાં સુધી, ધન શેઠની પુત્રીને જોઈ તે કામબાણથી વીંધાયો છે તેથી તેની સાથે તેના કરમોચન કરાવો. પિતાએ પુત્રને સમજાવતાં કહ્યું, ''તું ભોજન કરી લે. ધન શેઠની પુત્રી સાથે તારા વિવાહ હું કરાવી આપીશ.'' સાગરદત્તને આશ્વાસન મળ્યું.

સુદર્શન શેઠે અંગત માણસ દ્વારા ધન શેઠની દીકરીના સગપણ વિશે વાત મૂકી. ધન સાર્થવાહે કહ્યું, ''પિતા ઈહલોકના નિર્વાહની ચિંતા કરે તેમ પરલોકના સ્થાનની પણ ચિંતા કરે જ છે. પરલોકમાં ધર્મ વિના નિર્વાહ થતો નથી. જિનમત જેવો અજોડ આચાર સંપન્ન ધર્મ બીજો કોઈ નથી. તમારા શેઠ ધર્મી છે, પરંતુ મહામિથ્યાત્વી છે તેથી ભિન્ન ધર્મવાળા સાથે સંબંધ કરવાથી શું વળે ? હું મારી દીકરી જૈન ધર્મીને જ આપીશ કારણકે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે, શ્રાવકના ઘરમાં દાસ થવું સારું પરંતુ મિથ્યાત્વીને ત્યાં રાજા કે ચક્રવર્તી થવું સારું નહીં માટે તમારા શેઠને કહેજો કે, ધન શેઠ પોતાની પુત્રી શ્રાવકને જ આપશે, અન્યને નહીં.''

સાગરદત્ત શ્રાવક બનવા સાધુનો સત્સંગ કરવા લાગ્યો. સાધુઓને વસ્ત્ર, પાત્ર આદિ દાન કરવા લાગ્યો. તેને ઉપાશ્રયમાં જતાં ધન શેઠે જોયો. સાધુના સંગથી સાગરદત્તની મોહની ગ્રંથિ ભેદાઈ ગઈ. તે સમકિતી બન્યો. તેણે સાધુ ભગવંતોને સાચી હકીકત જણાવી. 'પોતે સુભદ્રાની પ્રાપ્તિ માટે ઠગ શ્રાવક બન્યો છે' એવો તેણે એકરાર કર્યો. પછી તેણે શ્રાવકના બાર વ્રત અંગીકાર કર્યા. હવે તે સાચો શ્રાવક બન્યો.

ધન શેઠે વંદન કરવા જતાં સાધુ પાસેથી જાણ્યું કે, 'સાગરદત્ત શ્રાવક બન્યો છે.' ધનશેઠે તેને ઘરે

બોલાવી કહ્યું, ''બેટા ! તારા પિતાએ સુભદ્રા નિમિત્તે તારા માટે માંગું મોકલ્યું હતું પરંતુ તમે અન્ય ધર્મી હોવાથી મેં ઈન્કાર કર્યો હતો પરંતુ હવે તું સાધર્મિક થયો છે માટે તું સુભદ્રાને પરણી મારા ઘરે રહે.'' સાગરદત્તે કહ્યું, ''કુલીન પુત્ર કદી શ્વસુરગૃહે રહેવું પસંદ ન કરે. તમારી દીકરી પરમ ઉપકારી છે કારણકે તેને પ્રાપ્ત કરવા મેં કપટથી શ્રાવકપણું સ્વીકાર્યું હતું પરંતુ એમ કરતાં મને ખરેખર સમ્યક્ત્વ પ્રગટ થયું માટે તે મારા માટે સન્માનને પાત્ર છે.''

સુભદ્રા અને સાગરદત્તના ઠાઠમાઠ પૂર્વક વિવાહ થયા. કેટલા દિવસ સાથે રહી તે અલગ રહેવા ગયા. એકવાર બૌદ્ધ ભિક્ષુએ સુદર્શન શેઠને કહ્યું, ''સાગરદત્ત કેમ અહીં આવતો નથી ?'' શેઠે કડવાશથી કહ્યું, ''કામણટૂમણ કરનારી પત્ની નચાવે તેમ નાચે છે. અમારું સાંભળતો નથી. આપ તેને સમજાવો.''

એક દિવસ પિતાના આગ્રહથી સાગરદત્ત ભિક્ષુ પાસે આવ્યો. તેમણે મંત્રિત બીજોરું આપ્યું. તેણે તે સ્વીકાર્યું. તે જ ક્ષણે તે જૈન ધર્મથી ભ્રષ્ટ થયો. તેનું સમ્યક્ત્વ પડિવાઈ થયું. તેણે ભિક્ષુઓને ભોજન માટે આમંત્રણ આપ્યું. સુભદ્રાએ પતિની આજ્ઞાથી ભોજન તૈયાર કરાવ્યું. તેણીએ **પદ્મપ્રભ સૂરિજી** પાસે જઈ સઘળો વૃત્તાંત જણાવી કહ્યું, ''ભગવંત્! મારું સમ્યગ્દર્શન સુરક્ષિત રહે તેવો ઉપાય બતાવો.'' આચાર્યશ્રી એ કહ્યું, ''મને સોપારી લાવી આપ.'' આચાર્યએ સુભદ્રાએ આપેલી સોપારી અભિમંત્રિત કરી તેને આપતાં કહ્યું, ''મુખવાસ તરીકે આ સોપારી આપજે જેથી હલકી વિદ્યાનો પ્રભાવ નષ્ટ થઈ જશે.''

સુભદ્રાએ ઘરે જઈ તેમ કર્યું અને સાગરદત્ત સ્વાભાવિક થઈ ગયો. તેણે આશ્ચર્યપૂર્વક પત્નીને કહ્યું, ''આજે આટલો બધો આરંભ-સમારંભ શા માટે ? કોણ આવવાનું છે ?'' સુભદ્રાએ ભિક્ષુકોના ભોજનનાં સમાચાર આપ્યાં. સાગરદત્તે કહ્યું, ''શું હું મિથ્યાદષ્ટિને ભોજન આપીશ ? તેં મને સમજાવ્યું કેમ નહીં ?'' સુભદ્રાએ કહ્યું, ''નાથ ! મારાથી તમારા વચનનું ઉથાપન કઈ રીતે થઈ શકે ?''

સાગરદત્ત ઉપાશ્રયે ગયો. સાધુ ભગવંતને વિનંતી કરી કે, ''મારા ઘરે ધર્મલાભ આપજો.'' સાધુ ભગવંત પધાર્યા ત્યારે તેમને નિર્દોષ બધી ગોચરી વહોરાવી દીધી. બુદ્ધ ભિક્ષુક કંઈ ન મળવાથી અપમાનિત થયા. સુભદ્રાના આવા વલણથી સાગરદત્તની માતા અને બહેન રોષે ભરાયા. એમણે સુભદ્રાની ખૂબ નિંદા કરી. પરંતુ સુભદ્રા મૌન રહી.

અન્યદા સાગરદત્ત પોતાની માતા-પિતા અને બહેન સાથે બેઠો હતો ત્યારે ત્યાં ઉગ્ર વિહાર કરીને આવેલા, તાજો લોચ કરેલા જિનકલ્પી સાધુ ભગવંત ગોચરી માટે પધાર્યા. ધનશ્રીએ જાકારો આપી કટાક્ષમાં કહ્યું, ''ત્યાં સામે તમારી ભક્તાણી છે, તેના ઘરે જાવ.'' સાધુ સુભદ્રાના ઘરે આવ્યા. તેમની આંખમાં ધૂળ (તરણું) જવાથી પાણી ઝરતાં હતાં. સુભદ્રાએ કહ્યું, ''ભગવંત્! ઈરિયા સમિતિના પાલન માટે આંખનું જતન કરવું આવશ્યક છે.'' ભક્તિથી પ્રેરાયેલી સુભદ્રાએ જીભ વડે આંખનો કણિયો કાઢી લીધો. આ અવસરે બન્નેના લલાટનો સ્પર્શ થતાં સાધુના લલાટે તેણીનું કંકુ સંક્રાન્ત થયું.

ધનશ્રીએ સાગરદત્તને ઉશ્કેરતાં કહ્યું, ''જો, તારી સ્ત્રીના ચરિત્ર કેવાં છે? સાધુના લલાટે સુભદ્રાના કપાળનું તિલક ક્યાંથી લાગ્યું? આ સુભદ્રા બદ્ચલન છે.'' મુનિના કપાળમાં ચાંદલો જોઈ સાગરદત્તનો સંશય મજબૂત બન્યો. હવે તેને સુભદ્રા પ્રત્યે દુર્ભાવ થયો. હવે તેણે પત્નીનાં હાથનું રાંધેલું ભોજન ખાવાનું બંધ કર્યું. પરિવારજનો દ્વારા સુભદ્રા પર કુલટાનો આળ ચડાવવામાં આવ્યો. સુભદ્રાએ કાયોત્સર્ગ કરી સંકલ્પ કર્યો કે, 'જો શાસન દેવતા સહાય કરે તો જ કાયોત્સર્ગ પાળીશ.' અંતે શીલના પ્રભાવથી શાસન

દેવતા પ્રસન્ન થયા. તેમણે કહ્યું, ''પૂર્વ ભવના અશુભ કર્મના ઉદયથી તને અપયશ અને કલંક લાગ્યું છે. સવારે નગરીના દરવાજા બંધ થઈ જશે. લોકો વ્યાકુળ થશે ત્યારે આકાશવાણી થશે કે, 'જે અખંડ શીલવ્રતા સ્ત્રી ચારણીમાં પાણી સીંચી એ પાણી ચંપા નગરીના દ્વાર ઉપર છાંટશે તો દ્વારા ખૂલી જશે.' નગરની સર્વ સ્ત્રીઓ આ પ્રયોગ કરે ત્યાર પછી તું જઈ દ્વાર ઉઘાડજે. મારા પ્રભાવથી તું દ્વાર ખોલી શકીશ.'' એવું કહી દેવતા અદશ્ય થયા.

પ્રાત:કાળે નગરીના દ્વારા ખૂલ્યા નહીં. ત્યારે આકાશવાણી થઈ, 'જે મહાસતી હોય, તે ચારણીમાં રાખેલ પાણીથી દરવાજા ઉપર છંટકાવ કરે, જેથી દ્વાર ખૂલી જશે.' સેંકડો સ્ત્રીઓ દ્વાર ઉઘાડવા ઉમટી પરંતુ દ્વાર ખૂલ્યા નહીં. 'મારા નગરમાં કોઈ સતી સ્ત્રી નથી' એ વિચારથી રાજા ખિન્ન થયા.

એટલામાં સુભદ્રાએ સાસુની રજા માંગી. સાસુએ કડવા વેણ કહી તેનું અપમાન કર્યું. પોતાના શીલની નિર્દોષતા સિદ્ધ કરવા સુભદ્રા ચંપા નગરીના દ્વાર પાસે ગઈ. તેણે નગરજનોને કહ્યું, ''જો મેં મારા પતિ સાગરદત્ત સિવાય અન્ય પુરુષને મનથી પણ ઈચ્છયો હોય તો ચારણીમાં પાણી ન રહો. જો હું પતિવ્રતા હોઉં તો ચારણીમાં પાણી રહો.'' એ પ્રમાણે બોલી નવકાર મંત્રનું સ્મરણ કરી ચારણી કૂવામાં નાંખી. ચારણી પાણીથી છલોછલ ભરાઈ ગઈ. કાચા સુતરના તાંતણા વડે ચારણી ખેંચી બહાર કાઢી. એક ટીપું પણ નીચે પડયું નહીં. તેણીએ ચારણીમાંથી પાણી લઈ ચંપાનગરીનાં દ્વાર પર છાંટયું. આશ્ચર્ય વચ્ચે દ્વારા ખૂલી ગયાં. જૈનધર્મનો જય જય કાર થયો. સુભદ્રાની ચારે બાજુ પ્રશંસા થઈ. તેણીએ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ દિશાના દ્વાર ખોલ્યાં. ઉત્તર દિશાના દ્વારે પહોંચી કહ્યું, ''જે સ્ત્રી પોતાના હાથે દ્વાર ઉઘાડવા ઈચ્છે તે ઉઘાડી શકે છે.'' આજે પણ ચંપા નગરીનો એ દરવાજો બંધ છે.

સુભદ્રા ઘરે આવી. પત્નીને નિર્દોષ જાણી સાગરદત્ત હર્ષિત થયો. તેણે સતી સુભદ્રાની માફી માંગી. સાગરદત્તના માતા-પિતાએ જૈનધર્મ અંગીકાર કર્યો. તેમણે સાધુઓની સેવા ભક્તિ કરી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું. આમ, શીલ અને સુપાત્ર દાનની ભક્તિના પુણ્યથી દેવો પણ પ્રસન્ન થઈ સંકટ ટાળે છે.

**સુમતિ** : (ઉપદેશ રત્નાકર)

**શ્રીપુર** નગરમાં **શ્રીષેણ** નામના રાજા રાજ્ય કરતાં હતાં. આ નગરમાં રાજમાન્ય **સોમ** નામનો પુરોહિત હતો. એકવાર રાજાએ પુરોહિતને કહ્યું, ''તમારે કોઈ સંતાન નથી. તેનું મને ખૂબ દુ:ખ થાય છે કારણકે તમારા પછી આ રાજ્યનો પુરોહિત કોણ થશે.''

સોમ પુરોહિતે કુળદેવીની આરાધના કરી. કુળદેવીએ પ્રસન્ન થઈ કહ્યું, ''તને પુત્ર અવશ્ય થશે પરંતુ તે લંપટ હશે.'' પુરોહિતે આ વાત રાજાને જણાવી. રાજાએ શીખવાડયું કે, ''તું જઈને દેવીને કહેજે કે, ગમે તેવો પણ વિવેક સહિતનો પુત્ર આપજે.'' કોઈ ધૂર્ત નારીની કુક્ષિએ પુરોહિતને પુત્ર થયો. તે કોઈ વ્યસનમાં ન ભેરવાય તે માટે તેને ભૂગર્ભમાં રાખ્યો. હવે પુરોહિત વિદ્યાર્થીઓને ઉપર ભણાવતો ત્યારે તે બાળક ભૂગર્ભમાં બેસીને અભ્યાસ કરવા લાગ્યો. પુરોહિતે તેને કહ્યું કે, ''તને અભ્યાસ કરતાં સંદેહ પડે ત્યારે દોરી ખેંચજે.''

એકવાર પુરોહિત વિદ્યાર્થીઓને નીતિશાસ્ત્ર ભણાવી રહ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, ''ધનની દાન, ભોગ અને નાશ આ ત્રણ ગતિ છે.'' તે સમયે આ વાત સાંભળી ભૂગર્ભમાં રહેલા પુત્રએ દોરી ખેંચી તેનો અર્થ પૂછયો. પુરોહિતે તેને ઘણી રીતે સમજાવ્યો છતાં તેનો સંશય દૂર ન થયો.

બધા વિદ્યાર્થીઓ ગયા પછી પુત્રને કહ્યું કે, ''સમુદ્ર જેટલાં શાસ્ત્રોનો પાર પામનાર એવો તું

ખાબોચિયાને પાર કેમ નથી પામતો ?'' ત્યારે પુત્રએ કહ્યું, ''ધનની ત્રણ ગતિ નથી પરંતુ એક જ ગતિ છે અને એ છે '**દાન.**' તેમાં પણ સુપાત્ર દાન સર્વશ્રેષ્ઠ છે.'' આવું જાણીને સોમ પુરોહિત અને તેના પુત્રને સુપાત્ર દાનની પ્રેરણા મળતાં તેઓ દાનમાં જોડાયાં.

રાજાએ પુરોહિત પુત્રને વિવેકી જાણી તેનું '**સુમતિ**' નામ પાડયું.

**સુમુખ (સુબાહુ કુમારનો પૂર્વભવ)** : (શ્રી સુખવિપાક સૂત્ર; ધર્મકથાનુયોગ - ૧)

**હસ્તિશીર્ષ નગરમાં અદીનશત્રુ રાજા** અને તેમની પટ્ટરાણી **ધારિણીદેવી** સુખેથી રહેતાં હતાં. એક વાર ધારિણી દેવીએ સ્વપ્નમાં સફેદ, સાત હાથ ઊંચો ગજરાજ પોતાના મુખમાં પ્રવેશતો જોયો. સ્વપ્નપાઠકોએ કહ્યું, કે, ''તમને અર્થલાભ, પુત્રલાભ, રાજ્યલાભ અને ભોગસૌખ્ય લાભ થશે. સવા નવ માસે રાણી કુળદીપકને જન્મ આપશે. આ પુત્ર કાં તો રાજ્યનો સ્વામી થશે અથવા આત્મોદ્ધારક સાધુ થશે.''

રાજાએ આ સાંભળી સ્વપ્નપાઠકોને ધન-ધાન્યાદિ આપી ખુશ કર્યા. રાણીએ સવાનવ માસે મધરાતે સર્વાંગસુંદર બાળકને જન્મ આપ્યો. રાજાએ પુત્ર જન્મની ખુશાલીમાં દશ દિવસનો મહોત્સવ જાહેર કર્યો, સર્વ કેદીઓને છોડી મૂક્યા. તમામ પ્રજા આનંદથી રહે તે માટે દાણ, મહેસૂલ, કર, દંડ વગેરેની માફી જાહેર કરવામાં આવી. આખા નગરમાં સંગીત, નૃત્ય, વાજિંત્ર, ખેલ, નાટક અને ખાનપાન દ્વારા આનંદની હેલીઓ ચડી.

બારમે દિવસે '**સુબાહુકુમાર**' એવું નામ પાડવામાં આવ્યું. આઠ વર્ષે કલાચાર્યો પાસે ૭૨ કલાઓ શીખવા મોકલવામાં આવ્યો. યુવાન વયે પાંચસો રાજકુમારીઓ સાથે વિવાહ થયા.

રાજાએ સુબાહુકુમારની પ્રત્યેક પત્ની માટે જુદા જુદા સુંદર મહેલો બનાવ્યાં. તેમને પુષ્કળ સુવર્ણ, વાહનો તથા દાસ-દાસી પ્રીતિ દાનમાં આપ્યાં. સુબાહુકુમાર ઉત્તમ માનુષી ભોગો ભોગવવા લાગ્યા.

એકવાર **ભગવાન મહાવીર** તે નગરમાં પધાર્યા. આ સમાચાર સાંભળી સુબાહુકુમાર પણ તેમનાં દર્શને જવા ઉત્સુક થયા. પોતાનો ચાર ઘંટવાળો અશ્વ રથ તૈયાર કરાવી પ્રભુના દર્શન કરવા ગયા. તેમને વંદન કરી ભગવાનનો ઉપદેશ સાંભળી સુબાહુકુમારનું અંતર ઉઘડી ગયું. ''હે ભગવાન ! તમારું કથન મને ગમ્યું છે. તમારા સિદ્ધાંતમાં મને શ્રદ્ધા, પ્રીતિ, રુચિ ઉત્પન્ન થઈ છે. હું ઘરબાર છોડી સાધુપણાની દીક્ષા લઈ શકું એવી મારી શક્તિ નથી પરંતુ મને પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રતવાળી ગૃહસ્થધર્મની દીક્ષા આપો.'' ભગવાને કહ્યું, ''હે દેવાનુપ્રિય ! તને જેમ સુખ થાય તેમ કર.'' સુબાહુકુમારે બાર વ્રત ધારણ કર્યા. સુબાહુકુમાર પોતાના રથમાં બેસી મહેલમાં આવ્યા.

**ગૌતમસ્વામી**એ ભગવાનને પૂછયું, ''હે ભગવાન ! મને આ સુબાહુકુમાર ઈષ્ટ, કાંત, પ્રિય, મનને ગમે તેવો, મન ચિંતવ્યા કરે તેવો, સૌમ્ય, વલ્લભ, પ્રિયદર્શન લાગે છે. બીજા લોકો પણ એવું જ માને છે. આવી માનુષી સંપત્તિ સુબાહુકુમારે કેવી રીતે પ્રાપ્ત કરી છે ?'' ત્યારે ભગવાને સુબાહુકુમારનો પૂર્વભવ કહ્યો.

''હે ગૌતમ ! પૂર્વે **ભારત**માં **હસ્તિનાપુર નગર** હતું. ત્યાં **સુમુખ** નામે ગૃહસ્થ રહેતો હતો. એકવાર શુદ્ધ ચારિત્રધારી **ધર્મઘોષ** સ્થવીર પોતાના પાંચસો સાધુઓ સાથે વિચારતા તે નગરમાં આવ્યા. ધર્મઘોષ સ્થવીરના શિષ્ય ઉગ્ર તપસ્વી **સુદત્ત મુનિ** માસક્ષમણના પારણે માસક્ષમણની તપશ્ચર્યા કરતા તેમની સાથે જ વિચરતા હતા. પારણાના દિવસે ગુરુની આજ્ઞા લઈ તે ભિક્ષા માટે નીકળ્યા.

ગોચરી માટે ફરતાં ફરતાં **સુમુખ**ના ઘરે આવ્યા. તેમને જોઈને સુમુખ અત્યંત પ્રસન્ન થયો. આસન પરથી ઝડપથી ઉઠયો. પાદપીઠ પરથી નીચે ઉતરી, પાદુકા કાઢી, ખેસને જનોઈની જેમ વીંટી, સાત-આઠ પગલાં સામે જઈ, વિધિપૂર્વક ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કાર કર્યા.

ત્યારબાદ તેમને પુષ્કળ અન્ન-પાનથી તૃપ્ત કરવાનો પ્રસંગ મળતાં હર્ષિત થતો રસોઈ ઘરની અંદર ગયો. નિર્દોષ અને પ્રાસુક અન્ન-પાણી લાવી, ત્રણે યોગની વિશુદ્ધિપૂર્વક મુનિને ઉત્કૃષ્ટ ભાવથી ચારે પ્રકારનો આહાર આપ્યો. આહાર આપવા પૂર્વે, આહાર આપતી વખતે અને આહાર આપ્યા પછી ત્રણે સમયે સુમુખ ગાથાપતિનું ચિત્ત અતિપ્રસન્ન અને સંતુષ્ટ હતું. તે પુણ્ય કર્મથી સુમુખનો સંસાર કાળ પરિમિત થઈ ગયો. તેણે મનુષ્યાયુ બાંધ્યું. વળી, તેના ઘરમાં પાંચ દિવ્ય વસ્તુઓ પ્રગટ થઈ. ધનની વૃષ્ટિ, પંચવર્ણ પુષ્પની વૃષ્ટિ, ધ્વજારૂપ વસ્ત્રની વૃષ્ટિ, દેવદુંદુભિનું ગડગડવું અને આકાશમાં અહોદાન! અહોદાન! ની ઘોષણા થઈ. નગરજનો પુણ્યશાળી સુમુખને અભિનંદવા લાગ્યા. સુમુખ આયુષ્ય પૂર્ણ કરી **ધારિણી** રાણીની કૂખે પુત્રપણે ઉત્પન્ન થયો.''

આ આદર્શ શ્રમણોપાસક સુબાહુકુમારે જૈન ગૃહસ્થના આચાર-વિચાર શુદ્ધપણે પાળી, નવતત્ત્વ, કર્મ પ્રકૃતિ, આદિ જૈન સિદ્ધાંતોનું જ્ઞાન મેળવ્યું. તે ધર્મમાં દઢ શ્રદ્ધાવાન અને ચુસ્ત બન્યો. જૈન ધર્મ પ્રત્યે તેને અવિહડ શ્રદ્ધા હતી. સાધર્મિક ભક્તિથી તેનું આંગણું સદા એંઠવાડવાળું રહેતું. તે સદાચારી હોવાથી કોઈના પણ અંતઃપુરમાં રોકટોક વિના જઈ શકતો. ચૌદશ, આઠમ, અમાવસ્યા અને પૂર્ણિમાને દિવસે તે પૌષધ કરતો હતો.

એકવાર પૌષધવ્રત દરમ્યાન ધર્મ જાગરણ કરતાં એવો સંકલ્પ થયો કે, 'જો ભગવાન મહાવીર આ નગરમાં પધારે તો હું ઘરબાર છોડી સર્વવિરતિ ધર્મ અંગીકાર કરું.' સુબાહુકુમારનો સંકલ્પ જાણી ભગવાન નગરમાં પધાર્યા. સુબાહુ કુમારે માતા-પિતાની સંમતિ મેળવી દીક્ષા લીધી. સામાયિક આદિ અગિયાર અંગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઘણાં વર્ષ સુધી શ્રમણધર્મનું પાલન કરી, શરીર કૃશ થવાથી અંતે સંલેખના વ્રત સ્વીકાર્યું. એક માસનો સંથારો કરી સમાધિપૂર્વક મૃત્યુ પામી સૌધર્મ કલ્પમાં દેવ તરીકે ઉત્પન્ન થયા. મનુષ્ય અને દેવના એમ પંદર ભવ પૂરા કરી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થશે.

શ્રી ભગવતી સૂત્ર (શ.૧૪)માં વિધિપૂર્વક દાનનું નિરુપણ થયું છે. **'द्रव्यसुद्धेणं दायगसुद्धेणं पडिग्गह सुधेणं तिविहेणं तिकरणसुद्धेणं दाणेणं...'** - દ્રવ્ય (દેય વસ્તુ)ની પવિત્રતાથી, દાતાની પવિત્રતાથી અને પાત્ર (દાન લેવાવાળા)ની પવિત્રતાથી, મન-વચન-કાયાના યોગપૂર્વક ત્રિકરણ શુદ્ધિપૂર્વક દાન આપવાથી દાનમાં વિશેષતા ઉત્પન્ન થાય છે.

વિધિ, દેયવસ્તુ, દાતા અને પાત્ર આ ચારની શુદ્ધિપૂર્વક આપેલું **'મહાદાન'** કહેવાય છે.

**સુમિત્રા** : (વાસુપૂજ્ય ચરિત્ર, સર્ગ-૪, પૃ.૨૦૮)

**કૌશાંબી** નગરીમાં **દત્ત** નામનો માતૃભક્ત વણિક હતો. તેની માતાનું નામ **સુમિત્રા** અને પત્નીનું નામ **જયા** હતું. 'દાન એ ગૃહસ્થનો શ્રેષ્ઠ ધર્મ છે. આપવાથી દાનની વેલ પાંગરે છે;' એવું સુમિત્રાએ ગુરુ પાસેથી જાણી દત્તને જણાવ્યું. દત્તે કહ્યું, ''માતા! સુપાત્રોમાં, અનુકંપામાં યથાવિધિ દાન આપ. તારી કૃપાથી ઘરમાં ઘણું ધન-ધાન્ય છે.'' સુમિત્રાએ કહ્યું કે, 'નિત્ય દાન આપીને પછી જ ભોજન કરીશ; એવો હું નિયમ કરું

છું.' પુત્ર અને પુત્રવધૂએ સહર્ષ અનુજ્ઞા આપી. હવે સુમિત્રા પ્રતિદિન સ્વેચ્છાએ દાન આપવા લાગી.

અન્યદા જ્યોતિષીઓએ આગાહી કરતાં કહ્યું કે, 'આ પૃથ્વી ઉપર દારુણ દુકાળ પડશે.' દુકાળના ઓળા ધરતી પર ઉતર્યા. ત્યાં જયાએ દત્તને કહ્યું, "ભયંકર દુકાળ છે. ચારે તરફ લોકો અન્ન માટે વલખાં મારી રહ્યાં છે. આપણું ઘર છોકરા-છૈયાથી ભરેલું છે. આ રીતે જો તમારી માતા દાન આપતાં રહેશે તો ભંડાર ખાલી થઈ જશે તેથી તેમને રોકો."

દત્તે માતાને દાન આપતી વારી. સુમિત્રાએ પોતાના નિયમને યાદ કરી ચિત્તમાં નિશ્ચય કર્યો કે, 'એક જણને જમાડી શકું એટલું અન્ન દાન ન આપી શકું ત્યાં સુધી ભોજન નહીં કરું.' સુમિત્રાના આઠ ઉપવાસ થયા. જયાએ આ વૃત્તાંત પોતાના પતિને કહ્યો. ભાઈઓની સાથે દત્તે માતાને ભોજન કરવા અતિ આગ્રહ કર્યો.

નવમા દિવસે ભોજન કરવા બેઠેલી સુમિત્રાએ વિચાર્યું કે, 'મારો પુત્ર મારા ભોજન ત્યાગનું કારણ જાણતો હોવા છતાં મને કંઈ પણ દાન આપવા દેતો નથી. મારા પાપોદયને ધિક્કાર છે! મારું પીરસાયેલું ભાણું કોઈકને આપું જેથી મારો નિયમ અકબંધ રહે અને મારો પુત્ર નિંદનીય ન બને.' એમ વિચારે છે ત્યાં એકાએક મુનિરાજ ઘરે આવ્યા. સાક્ષાત જાણે પુણ્યરાશિ ન હોય એમ સુમિત્રાએ મુનિને જાણ્યા. "હે મુનિવર! વિશુદ્ધ આહાર ગ્રહણ કરી મારા ઉપર અનુગ્રહ કરો." એમ બોલી સુમિત્રાએ હર્ષાશ્રુ સહિત સુપાત્ર દાન આપ્યું.

શાસન દેવતાએ કહ્યું, "હે ધન્યા! તેં માસોપવાસી મુનિને પારણું કરાવ્યું છે. તારા સત્ત્વશાળી દાનથી દુષ્કાળ દૂર થયો છે." આ સમયે ગર્જારવ સાથે મેઘ વરસ્યો. લોકોએ સુમિત્રાને અક્ષતથી વધાવી. આયુષ્ય પૂર્ણ કરી સુમિત્રાનો જીવ **વસંતપુર**નો રાજા થયો. દત્તનો આત્મા **જિનદાસ** શેઠ થયો. જયાનો આત્મા **રત્નવતી** થઈ. દાનના અવરોધથી જિનદાસને એકવાર અંતરાય થયો. પૂર્વ ભવ સાંભળી રાજા ધર્મધ્યાનમાં વધુ રત બન્યા. અંતે મોક્ષ પામ્યા.

નાનકડું વાવેલું બીજ મોટા વટવૃક્ષના રૂપમાં ફલિભૂત થાય છે, તેમ સુપાત્રને વિધિપૂર્વક આપેલું થોડું પણ દાન સત્ફળ પ્રાપ્ત કરાવે છે.

**સુરત રાજા :** (આરાધના કથા કોશ ૨, પૃ.૧૮૮)

**અયોધ્યા**ના રાજવી **સુરત** હતા. તેમની પાંચસો રાણીઓ હતી. તેમાંથી મહાદેવી **સતી**ને પટ્ટરાણીપદ પ્રાપ્ત થયું હતું. રાજાને સતી અતિશય પ્રિય હતી. રાજા રાત-દિવસ ભોગોમાં આસક્ત રહેતો હતો તેથી રાજ્ય કાર્યની ચિંતા છોડી દીધી. અંતઃપુરના દ્વારે ચોકીદારને સૂચના આપવામાં આવી કે, 'કોઈ મહત્ત્વનું કાર્ય હોય અથવા સાધુ-સંત પધારે તો જ સમાચાર આપવા. તે સિવાય રાજાને ખલેલ પહોંચાડવી નહીં.'

એક દિવસ પુણ્યોદયથી માસક્ષમણના તપસ્વી **દમદત્ત મુનિરાજ** અને **ધર્મરુચિ મુનિરાજ** આહાર માટે રાજમહેલમાં પધાર્યા. તેમને જોઈને દ્વારપાળ રાજા પાસે ગયો અને મુનિરાજના આગમનની વધામણી આપી. રાજા એ સમયે પોતાની પ્રાણપ્રિયા પટ્ટરાણી સતીના મુખકમળ ઉપર તિલકની રચના કરતો હતો. તેણે સતીને કહ્યું, "પ્રિયે! જ્યાં સુધી તારું તિલક ન સૂકાય, હું મુનિરાજને આહાર વહોરાવી ઝડપથી આવું છું." આમ, કહી રાજા ચાલ્યો ગયો. તેણે મુનિરાજને ઊંચા આસને બેસાડી નવધા ભક્તિ સહિત પવિત્ર આહાર કરાવ્યો. જે દાન ઉત્તમ સુખો પ્રાપ્ત કરાવનાર હોય છે. ખરેખર! દાન શ્રાવકની શોભા છે. દાન વિનાનો માનવી ફળ-ફૂલ વિનાના વૃક્ષ સમાન નિરર્થક છે.

આ બાજુ રાજાએ મુનિઓને દાન આપી પુણ્ય ઉપાર્જન કર્યું. બીજી બાજુ રાજાની પ્રાણપ્રિયાને મુનિના આવવાથી વિષય સુખમાં અંતરાય પડતાં તેણીએ નારાજ થઈ અપશબ્દો બોલી મુનિની ભરપેટ નિંદા કરવા માંડી. તેના કારણે તેણીએ તીવ્ર પાપ કર્મનો બંધ કર્યો. આ કર્મ તેને તરત ઉદયમાં આવ્યું. તેણીના આખા શરીરે કોઢનો રોગ ફૂટી નીકળ્યો. તેનું આખું શરીર કાળું પડી ગયું. તેણીના શરીરમાંથી દુર્ગંધ વછૂટી રહી હતી.

રાજા મુનિને આહાર દાન આપી પોતાની પ્રિયા પાસે પાછા આવ્યો. ત્યારે તેણે રાણીનો શ્યામ વર્ણ જોયો અને શરીરમાંથી દુર્ગંધ આવતી અનુભવી. તે અચંબામાં પડી ગયો. રાજાએ પૂછતાછ કરી. તેનું કારણ સાંભળતા રાજા ખેદ પામ્યો. સંસાર, શરીર, ભોગ તેને અપ્રિય થઈ પડયાં. એને રાણીનું મુનિ નિંદા રુપ અપકૃત્યનું ઘૃણિત કર્મ જોઈ વૈરાગ્ય જાગ્યો. તે એ જ સમયે રાજપાટ છોડી યોગી થયા. હવે સ્વ અને પરનું હિત કરવામાં ઉદ્યમી બન્યા. સમય જતાં સતી મૃત્યુ પામી. પાપકર્મનું ફળ ભોગવતી સંસારરૂપી વનમાં ભટકવા લાગી.

આમ, સુપાત્રદાન સ્વર્ગ અને મોક્ષ સુખનું પ્રધાન કારણ છે. તેવું સુરત રાજાના દૃષ્ટાંત પરથી તારવી શકાય છે.

**સુંદર શ્રેષ્ઠી** : (ચંદ્રપ્રભ સ્વામી ચરિત્ર)

**ઉજ્જયિની** નગરીમાં **વિક્રમ** નામનો તેજસ્વી રાજા રાજ્ય કરતો હતો. તે નગરીમાં **સુંદર** નામના શ્રેષ્ઠી અને **યશોમતી** નામના શેઠાણી રહેતાં હતાં. તેમનો **પ્રિયવર્ધન** નામે પુત્ર હતો. દૈવ યોગે શેઠ દરિદ્રી બન્યાં. તેઓ ધન ખૂટતાં પરદેશ કમાવવા માટે ગયાં. રસ્તામાં તેમને અલ્પ સંખ્યાવાળો નાનો સંઘ મળ્યો.

એકવાર તેઓ બપોરના સમયે સરોવર પાળે ભોજન કરવા બેઠાં. ત્યારે સંઘમાંથી કોઈએ કહ્યું, "સાધુ મહાત્મા ભિક્ષા માટે આવે છે. કોઈક આત્માનો પુણ્યોદય દેખાય છે." લોકોએ મુનિને નમસ્કાર કરી સ્વેચ્છાએ ભિક્ષા આપી. ત્યારે કોઈના કહેવાથી મિથ્યાદૃષ્ટિ એવા સુંદર શ્રેષ્ઠીએ પણ ભિક્ષા આપી. સંઘના સહુ લોકો ભોજન કરી પોતપોતાનાં સ્થાને ગયાં.

સુંદર શેઠ કુટુંબ સહિત અજાણ્યા નગરમાં રહ્યા. ત્યાંના લોકો અપરિચિત હોવા છતાં પરિચિત જેવાં થયાં. હવે સુંદર શેઠનો વ્યાપાર પણ ધીકતો ચાલવા માંડયો.

એવામાં એકવાર યશોમતીએ ખિન્ન હૃદયે કહ્યું, "સ્વામીનાથ! આપનો વફાદાર અને સૈનિકની જેમ રક્ષણ કરનારો **મોતીયો** કૂતરો મૃત્યુ પામ્યો છે. માટે તેના શોકમાં આજે ભોજનનો ત્યાગ કરીએ. એ આપણા માટે પુત્ર સમાન હતો." શેઠે કહ્યું, "તમારી વાત સત્ય છે. તે આપણને માર્ગમાં ભેળો થયો હતો પરંતુ જે દિવસથી આપણે મુનિને દાન આપ્યું છે તે દિવસથી મને ખૂબ લાભ થયો છે. આ કૂતરો અકાળે મૃત્યુ પામ્યો તે પણ સારું થયું." એમ કહી શેઠે શેઠાણીને પરાણે ભોજન કરાવ્યું.

ત્યારપછી ખડકી ખંડિત થઈ ત્યારે શેઠે કહ્યું, "બારણું ખડી ગયું તે સારું થયું." એવામાં પુત્રવધૂ કહ્યા વિના પિયર ચાલી ગઈ. ત્યારે શેઠે કહ્યું, "જે થાય તે સારા માટે." એવામાં ઘણાં બળદો શેરીએથી નીકળ્યા.

પાછળથી હાંકતાં બધાં બળદો સાથે ચલાવવા છતાં એક બળદ ગોવાળિયાની નજર ચૂકવી

અચાનક શેઠનાં ઘરમાં પ્રવેશ્યો. આ બળદની પીઠ ઉપર કિંમતી રત્નની ગુણ હતી. શેઠે ચારે તરફ જોયું. તેમણે ઝડપથી બળદના પીઠ પર રહેલી ગુણ ઉતારી લીધી અને બળદને હાંકી કાઢયો. જમીનમાં ખાડો ખોદી તરત જ ગુણ દાટી દીધી. જમીન ઉપરથી લીપી નાંખી. ત્યાં નિશાનીરૂપે સ્વસ્તિકનું ચિહ્ન કર્યું. ઘણાં દિવસો પછી જમીનમાંથી ગુણ બહાર કાઢી. એમાં કિંમતી રત્નો જોઈ શેઠ અનહદ્ ખુશ થયા.

તેમણે શેઠાણીને કહ્યું, ''જો કૂતરો જીવતો હોત તો ભસ્યા વિના ન રહેત અને તેના ભસવાનો અવાજ સાંભળી બળદ આપણા ઘરમાં પ્રવેશત નહીં. વળી, દ્વાર પણ ભાંગ્યું ન હોત તો બળદ ગુણ સહિત અંદર પ્રવેશત કઈ રીતે ? વળી, પુત્રવધૂ પિયર ચાલી ગઈ તે પણ સારું થયું કારણકે જો તે ઘરમાં હોત તો ઘરની વાત બહાર ગયા વિના રહેત નહીં. મને આજે જે ધન મળ્યું છે, તેનો લાભ પણ થાત નહીં. મેં દરિદ્ર અવસ્થામાં મુનિને દાન આપ્યું. તેનું જ આ મહાફળ છે.'' શેઠ હવે મિથ્યાત્વ છોડી સુપાત્ર દાન આપવા તત્પર બની ગયા.

એકવાર નગરના રાજાને પેટમાં શૂળની પીડા ઉપડી. અનેક ઉપચારો કર્યા પરંતુ નિષ્ફળ ગયા. વૈદ્યો લાચાર બન્યા. મંત્રીએ નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે, 'ઔષધ કે મંત્ર ઈત્યાદિથી રાજાની શૂળ વેદના ટાળશે, તેને રાજા ઉચિત ઈનામ આપશે.'' સુંદર શેઠ રત્નના મૂલ્યને જાણતા હતાં. તેમણે પડહનો સ્પર્શ કર્યો. તેમણે માનવ મેદની સમક્ષ રત્ન મુદ્રિકા પાણીમાં ઝબોળી તે પાણી રાજાને પીવડાવ્યું. રાજાની શૂળ પીડા ગાયબ થઈ ગઈ. રાજાએ શેઠને ઈચ્છા પ્રમાણે માંગવાનું કહ્યું. શેઠે કહ્યું, ''રાજન્! તમારી પીડા દૂર થઈ ગઈ તેથી વધુ મને શું જોઈએ ?'' રાજાએ ખુશ થઈ ઉચિત વસ્ત્રાદિ આપી શેઠને નગરશેઠ બનાવ્યા.

સુંદર શેઠ સર્વ વણિકોમાં મુખ્ય બન્યા. તેમણે ઘણાં વર્ષો સુધી નગરશેઠની પદવી શોભાવી. અંતે પ્રવ્રજિત થયા. સંયમ લઈ તીવ્ર તપ કરી તેઓ સ્વર્ગે ગયા.

આમ, સુંદર શેઠે સુપાત્ર દાનથી આ લોકમાં માન, મોભો અને સંપત્તિ મેળવી તેમજ પરલોકમાં પણ સદ્ગતિ મેળવી.

**સુંદરી** : (કથાકોષ પ્રકરણમ્, પુ.નં. ૭૬)

**ભરતક્ષેત્રમાં સાકેત નગરમાં વસુ** નામે સાર્થવાહ રહેતો હતો. તેની **સુંદરી** નામે ભાર્યા હતી. વસુને જૈનધર્મ પ્રિય હતો. સુંદરી ભારે કર્મી હોવાથી તેણીને જૈન ધર્મ પ્રત્યે અંશમાત્ર શ્રદ્ધા ન હતી. તેમની વચ્ચે છાશવારે ધર્મ સંબંધી વિવાદ થતો.

એકવાર સુંદરીએ કહ્યું, ''શું જગતમાં જૈન ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ જ નથી ?'' વસુએ કહ્યું, ''સંસાર પાર ઉતારે, મોક્ષ સુખ આપે તે ધર્મ. જિનધર્મ સંસારનો ઉચ્છેદ કરાવનાર છે. વળી, ઘણાં લોકો કરે તે ધર્મ.''

ત્યારે સુંદરીએ કહ્યું, ''જૈન ધર્મ તો સીમિત લોકો જ કરે છે.'' વસુએ કહ્યું, ''હીન લોકો, માછીમારો કરે તે કંઈ ધર્મ કહેવાય ? ઉત્તમ લોકો કે દેવો કરે તે ધર્મ કહેવાય. પ્રભુના સમવસરણનું નિર્માણ દેવો જ કરે છે. **અશોક** વૃક્ષ, મણિમય પીઠ, દિવ્ય સિંહાસન, ત્રણ છત્ર, બન્ને બાજુ ચામર ધારણ કરનારા સ્વયં દેવો જ હોય છે. પ્રભુને વંદન કરવા નગર શ્રેષ્ઠીઓ, રાજા, મંત્રીઓ ઠાઠમાઠપૂર્વક આવે છે. પ્રભુની યોજનગામી વાણી સાંભળી અતીત, અનાગત અને વર્તમાનના સંશયો છેદાય છે.''

સુંદરીએ કહ્યું, ''એમાં આશ્ચર્ય પામવા જેવું શું છે ? અષ્ટાંગ નિમિત્તના બળે બધું જ બની શકે

છે.'' વસુએ પૂછયું, ''તને સમ્મત દેવો, લોકોનાં સંશયો કેમ દૂર કરતાં નથી ?'' સુંદરીએ કહ્યું, ''તેની જરૂર પડતી નથી માટે.'' વસુએ કહ્યું, ''આ દેવો પરોપકાર કેમ કરતા નથી ?'' સુંદરીએ કહ્યું, '' આત્મોદ્ધાર કરવો એ મુખ્ય છે, બીજાને તારવાથી શું ?'' વસુએ કહ્યું, ''ધર્મની પ્રરૂપણા શા માટે ? સ્વયંના આત્માને જ તારવો જોઈએ.''

સુંદરીએ કહ્યું, ''કેવા મૂઢ અને ઝઘડાળુ છો.'' વસુએ કહ્યું, ''સમાન ધર્મી હોય તો જ પ્રીતિ વધે. લગ્ન પણ યોગ્ય અને સારા સાથે થાય તો સારું કારણકે તો જ પ્રીતિ વધે છે.'' ત્યારે સુંદરીએ કહ્યું, ''શું મારું ચિત્ત બીજા ધર્મમાં છે ?'' વસુએ કહ્યું, ''તું અન્ય ધર્મને ઈચ્છે છે અને હું જૈન ધર્મને ઈચ્છું છું. એમાં સાચી પ્રીત કહેવાય ખરી ?'' સુંદરીએ માયાપૂર્વક કહ્યું, ''હું તો મશ્કરી કરું છું.'' ભોળા વસુએ તેની વાત સાચી માની લીધી.

એકવાર રોષે ભરાયેલ વ્યંતરે સુંદરીના શરીરમાં પ્રવેશ કર્યો તેથી સુંદરીએ બૂમો પાડતાં કહ્યું, ''મારું શરીર બળે છે. મારી સ્મરણ શક્તિ કમજોર થઈ ગઈ છે તેથી વસ્તુ ક્યાંથી લીધી અને ક્યાં મૂકી તે યાદ રહેતું નથી, માટે જલ્દી વૈદ્યને બોલાવો.'' વૈદ્યે દવા કરી પરંતુ વ્યંતરના પ્રભાવથી તેને સારું થયું નહીં.

એકવાર **મહાવીર પ્રભુ** વિહાર કરી સાકેતપુર નગરમાં આવ્યા. વસુએ સુંદરીને કહ્યું, ''પ્રિયે! વંદન કરવા જઈએ.'' સુંદરીએ કહ્યું, ''તમે જાવ, મારી શક્તિ નથી.'' વસુ એકલો દર્શન કરવા ગયો. તેણે દેશના સાંભળી. તેનું ચિત્ત ભાવિત થયું. તે ઘરે આવ્યો.

**ગૌતમસ્વામી** છઠ્ઠના પારણે વસુને ત્યાં ભિક્ષા વહોરવા આવ્યા. વસુએ સુંદરીને કહ્યું, ''ગોયમ! પ્રભુને વંદન કર!'' સુંદરીએ કહ્યું, ''મારી શક્તિ નથી.'' વસુ હાથ પકડી તેણીને ત્યાં લઈ ગયો. ત્યારે તેણે દ્રવ્યથી વંદન કર્યા પણ ભાવથી નહીં. વસુ ખાજા વગેરે અન્નનો થાળ ભરીને લાવ્યો. તેણે સુંદરીને કહ્યું, ''વહોરાવ.'' સુંદરી વસુના દબાણથી દાન દેવા તૈયાર થઈ ત્યારે તેના શરીરમાં પ્રવેશેલ વ્યંતર રાડ પાડીને નાઠો.

ભગવાનને દાન આપવાના પુણ્યથી તે વ્યંતર પરાજિત થયો. ભગવાને ઉપયોગ મૂકીને આહાર ગ્રહણ કર્યો. વસુએ આપેલું દાન ભાવદાન હોવાથી તેને મોક્ષનું ફળ મળ્યું જ્યારે સુંદરીને દ્રવ્યદાનથી શરીરનું આરોગ્ય મળ્યું.

**સુરસુંદર** : (પૃથ્વીચંદ્ર ચરિત્ર પદ્ય)

**રત્નપુર** નગરમાં **સુધન** નામનો શેઠ હતો. તેને સાક્ષાત લક્ષ્મી જેવી **લક્ષ્મી** નામે સ્ત્રી હતી. તે દંપતીને **સુરસુંદર** નામનો પુત્ર થયો. પિતાએ તેને યૌવન વયમાં બત્રીસ કન્યાઓ પરણાવી. સમય જતાં માતા-પિતા મૃત્યુ પામ્યા. ઘરનો કારભાર સુરસુંદરના માથે આવ્યો.

ધનનો કોઈ તોટો ન હતો અને કોઈ જાતનું દુ:ખ પણ ન હતું પરંતુ સુરસુંદરે જાતે જ દુ:ખ ઉભું કર્યું. રૂપ રૂપના અંબાર સમી સ્ત્રીઓને જોઈ તેમના જીવન વિશે શંકા કુશંકા થવા લાગી તેથી તે એકપણ સ્ત્રીને ઘરની બહાર નીકળવા દેતો નહીં. કોઈ સ્ત્રી ભૂલેચૂકે કોઈ પરપુરુષની વાત કરે તો તે સહન કરી શકતો નહીં. તે ઘરેથી પેઢીએ જાય ત્યારે પણ ઘરની ખડકીને તાળું મારતો. તેને એવો ભય હતો કે, 'રખેને સ્ત્રીઓમાંની કોઈ આઘીપાછી થઈ મારી ગેરહાજરીમાં કોઈ પરપુરુષ સાથે સંસર્ગ સાધે !'

આનું પરિણામ એ આવ્યું કે, સુરસુંદરના શકીલા સ્વભાવને કારણે સજ્જન માણસોએ તેના ઘરનો ત્યાગ કર્યો. તે અટુલો બન્યો. સાધુ સંત પણ આવતા બંધ થયા. સૌને એમ થયું કે, 'આવા શંકાશીલવાળાના ઘરે ન જવું, કેમકે તેના ઘરે જવાથી કોઈ વખત નાહકની ઉપાધિ પણ સર્જાઈ શકે.'

દૈવાનુયોગ એકવાર તે ડહેલીને તાળું દીધા વિના બહાર ગયો. રત્નપુરમાં એ વખતે અજાણ્યા મુનિરાજ આવી ચડયા. તેઓ 'ધર્મલાભ' કહી ઘરે આવ્યા. તેની પત્નીઓ મુનિને જોઈ આનંદ પામી. તેમણે મુનિને નિર્દોષ આહાર દાન આપી પડિલાભ્યા અને કહ્યું, ''ભગવંત્! અમને ધર્મનું પાન કરાવી અમારો જન્મારો સફળ બનાવો.'' મુનિએ સ્ત્રીઓની ધર્મ જિજ્ઞાસા દેખી ઉપદેશ (જ્ઞાનદાન) આપવા માંડયો.

તે સમયે સુરસુંદર ઘરે આવ્યો. તેણે જોયું કે તેજસ્વી યુવાન સાધુ આસન પર બેસી સ્ત્રીઓને ઉપદેશ આપતા હતા અને સ્ત્રીઓ ધ્યાનથી સાંભળતી હતી. દ્વારમાં પેસતાં જ તેને ક્રોધ ચડયો કે, 'આ સાધુને પાંચ લાકડીઓથી માર મારીશ જેથી ફરી મારા ઘરે આવવાનું ભૂલી જાય.' ક્રોધમાં ધમધમતો તે ઘરના ઓરડામાં દાખલ થવા જતો હતો ત્યાં તેને વિચાર આવ્યો કે, 'આ સાધુ મારી સ્ત્રીઓને શું શીખવાડી રહ્યા છે, તે હું કાન માંડીને સાંભળું.'

તે ઓરડાની બહાર ઊભો રહ્યો. સાધુએ કહ્યું, ''હે ભાગ્યવંતી સ્ત્રીઓ! હિંસા ભૂંડી છે. હિંસા કરવાથી પરભવમાં પાંગળા, લૂલા, બોબડા અને બહેરાપણું આવે છે. હિંસા કરનાર ભવોભવ નિર્ધન, દુર્ભાગી અને ઠેર ઠેર તિરસ્કૃત થાય છે. માટે હિંસાનો ત્યાગ કરો.'' એમ કહી મહાત્માએ **શત્રુંજય** અને **શુર** નામના પિતા-પુત્રની કથા કહી. સ્ત્રીઓએ પ્રતિબોધ પામી **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત** સ્વીકાર્યું.

સુરસુંદરનો ક્રોધ થોડો શાંત થયો અને મનનો વહેમ સહેજ હળવો થયો. તેણે વિચાર્યું કે, 'મારી સાથે અણબનાવ થશે તો મારી પત્નીઓ ઉશ્કેરાઈને પણ કોઈ ખોટું કાર્ય નહીં કરે.' તેણે મનથી નિશ્ચય કર્યો કે, 'હવે સાધુને હું પાંચ નહીં ચાર લાકડી મારીશ.'

મુનિનો ઉપદેશ આગળ ચાલ્યો. તેમણે કહ્યું, ''હે કુળવાન સ્ત્રીઓ! આ જીવનમાં સત્ય અત્યુત્તમ છે.સત્યથી માણસનો વિશ્વાસ જીતાય છે. સાચો માણસ સર્વત્ર પૂજાય છે તેથી કોઈ પણ ઠેકાણે જૂઠું બોલવું નહીં. જૂઠું બોલવાથી પરભવમાં જીભ છેદાય છે. જૂઠું બોલનારો લુચ્ચો અને ખડ કહેવાય છે. તેનો કોઈ ભરોસો કરતું નથી.'' આમ કહી તેમણે **ધન શ્રેષ્ઠી**નું દષ્ટાંત આપ્યું. બધી સ્ત્રીઓએ **સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત** સ્વીકાર્યું.

બહાર ઉભેલો સુરસુંદર મનોમન ખુશ થયો. 'આ વ્રત સ્વીકારીને સ્ત્રીઓએ સારું કર્યું છે. હવે તેઓ ઘરમાં કોણ આવ્યું હતું? એવું પૂછતાં સાચો જવાબ આપશે. ખોટી કે બનાવટી વાતોથી મને ઠગશે નહીં. હવે હું મુનિને ત્રણ લાકડી મારીશ.'

મુનિએ કહેવા માંડયું, ''ભાગ્યશાળી શ્રેષ્ઠીવધૂઓ! જીવને દશ પ્રાણ છે. મૂર્ચ્છાવશ લોકો ધનને અગિયારમો પ્રાણ ગણે છે. ધન જતાં મૂર્ચ્છાથી પ્રાણ ચાલ્યા જાય છે, માટે કોઈ દિવસ કોઈની વસ્તુ લેવી નહીં. ચોરી એ મહાભયંકર ગુનો છે. ચોરી કરવાથી આ ભવમાં રાજા દંડે છે અને પરભવમાં કર્મ રાજા દંડે છે. ચોરી કરનારો સર્વત્ર હડધૂત થાય છે. **સિદ્ધદત્તે** ચોરી નહીં કરવાનો નિયમ રાખેલો તેથી ઠેર ઠેર માન પામ્યો અને **કપિલ** ચોરી કરી ઠેર ઠેર દંડાયો.'' સુરસુંદરની સ્ત્રીઓને મુનિનો આ ઉપદેશ ગમ્યો. તેમણે **સ્થૂલ અદત્તાદાન વિરમણ** વ્રતના પ્રત્યાખ્યાન લીધા.

તે જોઈને સુરસુંદરે વિચાર્યું, 'મારે હવે તાળાં મારવાની કે અવિશ્વાસ રાખવાની પંચાત મટી. ગમે

ત્યાં પડેલી વસ્તુ મારા ઘરમાંથી ક્યાંય જશે નહીં. આ સાધુએ સારો ઉપદેશ આપ્યો છે તેથી બેથી વધુ દંડને લાયક નથી.'

આ પછી મુનિ બોલ્યા, "સૌથી ઉત્તમ વ્રત શીલ છે. બ્રહ્મચારીને દેવતાઓ પણ વશ થાય છે. પ્રભાતે શીયળવાનનું સૌ કોઈ સ્મરણ કરે છે." મુનિએ **શીલસુંદરી**નું દૃષ્ટાંત આપી તેમને **સ્વપતિ સંતોષ** નામનું ચોથું અણુવ્રત આપ્યું.

સુરસુંદરના હર્ષનો કોઈ પાર ન રહ્યો. તે બહાર ઊભો ઊભો ખૂબ નાચ્યો. તેણે વિચાર્યું, 'આજ સુધી મને સ્ત્રીઓ પ્રત્યે વ્યભિચારની કે પરપુરુષ પ્રત્યેના રાગની શંકા રહેતી હતી, તે હવે ટળી. વાહ મુનિરાજ વાહ ! તમે ખૂબ સરસ કર્યું. મારું આખું ઘર સુધાર્યું. આજથી મારા દ્વાર સાધુ સંત માટે ખુલ્લાં રહેશે. હવે તો મુનિને એક જ લાકડી મારીશ.'

મુનિએ આગળ ચલાવ્યું, "હે સતી સ્ત્રીઓ ! માણસને ખાવા પરિમિત જોઈએ છે અને પહેરવા ઓઢવા પણ પરિમિત જોઈએ છીએ; છતાં તે સંગ્રહ અમાપ રાખે છે. આ સંગ્રહશીલ સ્વભાવ વસ્તુ પ્રત્યે મૂર્છા ઉત્પન્ન કરાવે છે. તેના જીવનને બરબાદ કરે છે. **ગુણાકરે પરિગ્રહ પરિમાણ વ્રત** લઈ કલ્યાણ સાધ્યું તેમ તમે પણ તે વ્રત સ્વીકારો." સુરસુંદરની સ્ત્રીઓએ ઈચ્છાનું પરિમાણ કર્યું.

આખા ઘરની સિકલ ફેરવી નાખનાર ઉપકારી મુનિને જોઈ સુરસુંદરે વિચાર કર્યો, 'હું કેવો અધમ છું. હું તેમને મારવાનું વિચારતો હતો. તેમણે તો મારું હિત સાધ્યું છે.'

સુરસુંદરે મુનિ પાસે આવી પોતાની માઠી ચિંતવણાનો પશ્ચાતાપ રજૂ કર્યો. "આપ જેવા પરોપકારી સાધુના હાડકાં ખોખરાં કરવાનો મેં નિર્ણય કર્યો. આપની અમૃતવાણીને મેં શંકાની નજરે નીરખી. મારા અધમનો કઈ રીતે નિસ્તાર થશે ?"

મુનિએ જ્ઞાનદાન આપતાં કહ્યું, "પશ્ચાતાપ કરવાથી પાપ તૂટે છે. તેની તીવ્રતા નિર્મૂળ થાય છે. પાપ દૂર કરવાનો ઉત્તમમાં ઉત્તમ માર્ગ સાધુવ્રતનો છે." સુરસુંદરે ભર્યું ભાદર્યું ઘર અને સ્ત્રીઓ છોડી દીક્ષા લઈ પોતાનું શ્રેય કર્યું.

સુપાત્ર દાન એ હૃદયની ઉદારતાનું પાવન પ્રતીક છે, મનની વિરાટતાનું ઘોતક છે અને જીવનના માધુર્યનું પ્રતિબિંબ છે.

**સુવાસવ કુમાર :** (શ્રી સુખવિપાક સૂત્ર, અ.૪)

**વિજયપુર**ના **રાજા વાસવદત્ત** અને **રાણી કૃષ્ણાદેવી**ના પુત્ર **સુવાસવકુમાર** હતા. **ભદ્રા** પ્રમુખ ૫૦૦ શ્રેષ્ઠ રાજકન્યાઓની સાથે તેમનું પાણિગ્રહણ થયું. **પ્રભુ મહાવીર** પાસેથી ધર્મોપદેશ સાંભળી શ્રાવકધર્મ અંગીકાર કર્યો.

આ સુવાસવકુમાર પૂર્વે **કૌશંબી** નગરીના **ધનપાલ** રાજા હતા. ધનપાલ રાજાએ **વૈશ્રમણ ભદ્ર** અણગારને ભાવપૂર્વક નિર્દોષ આહાર દાન આપ્યું હતું. દાનના પ્રભાવે જ સુવાસવકુમારના રૂપમાં જન્મ થયો હતો.

**સુવિષ્ણુ** : (જૈન કથા રત્ન કોશ, ભા.૭)

**જયસ્થલ** નામે નગર હતું. તેમાં **વિષ્ણુ** અને **સુવિષ્ણુ** નામના બે વૈશ્યો રહેતાં હતાં. તે બંને ભાઈઓ હતા. તેમાં વિષ્ણુ અત્યંત લોભી હોવાથી દ્રવ્ય એકઠું કરવામાં જ તત્પર રહેતો હતો. તે કોઈ સુકૃત્ય કરતો ન હતો. લેણદાર માણસો તેની ઉપર ધિક્કાર વરસાવતાં. તેનો ભાઈ સુવિષ્ણુ તેનાથી અત્યંત અલગ હતો. તે મહાસંતોષી, દાન દેવામાં રુચિવાળો અને સદાચારી હતો.

એક દિવસ તેના ઘરે સાધુ મહાત્મા પધાર્યા. તેમને તેણે મિષ્ઠાન આપી પડિલાભ્યાં તેથી ભોગાઢય એવું મનુષ્યનું આયુષ્ય બંધાયું. તે સમયે વિષ્ણુએ મહાત્માની હાંસી ઉડાવતાં કહ્યું, ''સાધુ વ્યવસાય કરવામાં આળસુ અને હરામનું ખાનાર હોય છે.'' આવું બોલવાથી તેણે નીચ ગોત્ર કર્મ બાંધ્યું. તે કૂતરો, ચાંડાળ, નરક ઈત્યાદિ દુર્ગતિઓમાં જન્મ પામ્યો.

મુનિને આહારદાન આપી સુવિષ્ણુ મૃત્યુ પામી **ઉત્તરકુરુ ક્ષેત્ર**માં યુગલિક થયો. ત્રણ પલ્યોપમનું આયુષ્ય પૂર્ણ કરી, પ્રથમ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી **જયસ્થલ** નગરમાં **પદ્મદેવ** શેઠની **જયા** નામે ભાર્યાથી **ગુણાકર** નામે પુત્ર થશે. તે ભવમાં ધર્મમાં ધન વાપરી સ્વર્ગે જશે. ત્યાંથી મોક્ષે જશે.

**સોમશ્રેષ્ઠી અને હંસપ્રભા** : (મનોરમા કહા, પ્રાકૃત પુસ્તકમાંથી , પૃ. ૬૪)

**જંબુદ્વીપ**માં **ઉજ્જયિની** નગરીમાં **સોમશ્રેષ્ઠી** રહેતો હતો. તે જૈનધર્મી હતો. એકવાર **સીમંધર સૂરિ** નામના આચાર્ય પ્રવર વિહાર કરતા કરતા નગરમાં પધાર્યા. વર્ષાઋતુ નજીક હોવાથી સીમંધર સૂરિએ વસતિ માટે લોકોને પૂછ્યું. સૂરિએ કહ્યું, ''આ કયું ગામ છે ? ગામનાં ધણી કોણ છે ?'' લોકોએ કહ્યું, ''આ **શાલિશીર્ષ** ગામ છે. **સમરસેન** નામના ભિલ્લાધિપતિ અહીંના ધણી છે.'' સૂરિ ભગવંત ગામમાં આવ્યા. ભિલ્લની પરવાનગી લઈ, નગર પ્રવેશ કર્યો. મુનિ નિર્દોષ, પ્રાસુક, ઉપદ્રવરહિત વસતિ શોધી રહ્યા હતા તેવામાં સોમ શ્રેષ્ઠી પરિવાર સહિત વંદન કરવા આવ્યો. વંદન કરીને સોમ શ્રેષ્ઠીએ ભાવના ભાવી કે, ''આચાર્ય ભગવંત ! મને વસતિનો લાભ આપો. અમારે ત્યાં ચાતુર્માસ કરો.'' સીમંધર સૂરિ પોતાના શિષ્ય પરિવાર સાથે સોમ શ્રેષ્ઠીને ત્યાં આવ્યા.

બીજે દિવસે **પુરંદર** નામના યુવાન મુનિએ કહ્યું કે, ''હું એકલો રહીશ.'' સૂરિએ એકાંત અને સ્ત્રી પરિચય વગેરેના દોષો દર્શાવી શિષ્યને એકલા રહેવાની અનુમતિ ન આપી છતાં, ગુરુની આજ્ઞાની અવજ્ઞા કરી પુરંદર મુનિ ગામની નજીક રહેલા પર્વત પર ચાલ્યા ગયા.

હવે તે જ પલ્લીમાં **સોમિલ** નામનો બ્રાહ્મણ રહેતો હતો. તેની **નર્મદા** નામે પત્ની હતી અને **સરસ્વતી** નામની દેવાંગના જેવી સ્વરૂપવાન પુત્રી હતી. સરસ્વતીનું યૌવન પૂનમના ચંદ્રમા જેવું સોળે કળાએ ખીલ્યું હતું. બીજી બાજુ પુરંદર મુનિ પણ યુવાન વયના હતા. સરસ્વતીને પુરંદર મુનિ પ્રત્યે અનુરાગ ઉત્પન્ન થયો. તેણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. મુનિએ ના પાડી. મુનિ પ્રત્યે અત્યંત રાગ સહન ન થતાં તેણીએ નદીના જળમાં પડી આપઘાત કર્યો. કમોતે મૃત્યુ પામી તે વાણવ્યંતર જાતિની દેવી થઈ.

બીજે દિવસે કંઈક કામ હોવાથી નર્મદા સોમ શ્રેષ્ઠીના ઘરે ગઈ. સુમંગલા શેઠાણીએ સરસ્વતીના મૃત્યુની પૂછતાછ કરી. નર્મદાએ ખોટું બોલી મુનિ પર દોષારોપણ કરતાં કહ્યું, ''મુનિ પાખંડી હતા. તેમણે મારી પુત્રી સમક્ષ અનુચિત માંગણી કરી તેથી મારી પુત્રીએ લજ્જિત થઈ આપઘાત કર્યો.'' સુમંગલા શેઠાણીએ

નર્મદા સમક્ષ ખુલસો કરતાં કહ્યું, ''મુનિ ભગવંત તો શીલવાન છે.'' આ વાતનો સોમ શ્રેષ્ઠી અને સમરસેન ભિલ્લે પણ સુમંગલા શેઠાણી જેવો જ અભિપ્રાય આપ્યો. હવે સોમિલને બોલાવવામાં આવ્યો. સોમિલે કહ્યું, ''લોકો ખોટું બોલે છે.'' શ્રેષ્ઠીએ કહ્યું, ''**સૌમ્યમુખ** નામના દેવને આ બાબતમાં પૂછીએ. તે જ નિર્ણય કરશે. જે ખોટો હશે તેનું મુખ અહોરાત્રમાં સડી જશે.'' સૌમ્યમુખ દેવે નર્મદાને જૂઠી સાબિત કરી.

નર્મદા જૂઠી હોવાથી તેનું મુખ સડી ગયું. નગરજનોએ તેને કાઢી મૂકી. હવે તે એકાકી ઉજ્જૈની નગરીની બહાર રહેવા લાગી. મંત્ર સાધક વડે તે મારી નંખાઈ. નર્મદા રૌદ્ર ધ્યાનમાં કાળ કરી નરકમાં ગઈ.

બીજી બાજુ પુરંદર મુનિ પર્યુષણમાં વ્યાખ્યાનમાં ક્ષણવાર જ દેખાવા લાગ્યા તેથી સોમ શ્રેષ્ઠીને અચંભો થયો. તેમણે સીમંધર સૂરિને પોતાની શંકા જણાવી. સૂરિએ ઉપયોગ મૂકીને જાણ્યું કે, આ બધો રાગનો વિલાસ છે. તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું, ''દેવાનુપ્રિયે ! સોમિલ પુત્રી સરસ્વતી જળમાં પ્રવેશી મૃત્યુ પામી વાણવ્યંતરી થઈ છે. સ્નેહવશ તેણે પુરંદર મુનિનું અપહરણ કર્યું છે. સરસ્વતીએ પુરંદર મુનિ પાસે વિષય સુખના ભોગોની પ્રાર્થના કરી હતી પરંતુ મુનિએ તેને ન ઈચ્છી તેનું જ આ પરિણામ છે.'' ત્યાર પછી સીમંધરસૂરિએ ધર્મદેશના આપી વ્યંતરીને સમ્યક્‌બોધ પમાડયો.

સોમશ્રેષ્ઠીએ પૂછયું, ''ભગવન્‌! સરસ્વતીને પુરંદર મુનિ પ્રત્યે શા માટે સ્નેહ ઉત્પન્ન થયો ?'' સૂરિએ તેનો ઉત્તર આપતાં પૂર્વભવ કહ્યો.

પૂર્વભવમાં **હંસરાજા**ની **હંસિકાદેવી** નામની પટરાણી હતી. તેમની કુક્ષીએ પુત્રી અવતરી. આ પુત્રીનું નામ **હંસપ્રભા** હતું. એકવાર હંસપ્રભા **હયમુખ** નામના યક્ષાલયમાં ગઈ. ત્યાં **દમાસર** નામના મુનિને જોયા. મુનિનો મેલો-ઘેલો વેશ જોઈ તેણી ઉપહાસ કરવા લાગી. કર્મ અનુસાર રાજપુત્રી હોવા છતાં યૌવનવયમાં **સૂર વિક્રમ** નામના માછીમારને પરણી. સૂર વિક્રમ પ્રકૃતિથી અત્યંત સરળ હતો તેથી મૃત્યુ પામી **જયાવલી**ની કુક્ષિએ **પુરંદર** નામે પુત્ર થયો. હંસપ્રભા મૃત્યુ પામી સોમિલ બ્રાહ્મણની પુત્રી સરસ્વતી થઈ.''

સોમશ્રેષ્ઠી શ્રાવક ધર્મ પાળી બારમા દેવલોકે ગયા, ત્યાંથી ચ્યવી **ક્ષેમંકર** નગરીમાં **યુગબાહુ** રાજા અને **યુગંધરા** દેવીની કુક્ષિએ ક્ષેમંકર નામે પુત્ર થશે. આઠ વર્ષની વયે દીક્ષા લેશે. બાર વર્ષની ઉંમરે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી તે જ ભવમાં મુક્તિપુરીમાં પ્રયાણ કરશે.

વસતિમાં ન રહેનારા એકાકી પુરંદર મુનિને સરસ્વતીનો ઉપસર્ગ સહન કરવો પડયો.

**સૌભાગ્યદેવી - જિનદાસ :** ( જૈન શાસનના ચમકતા સિતારા)

**શિવશંકર** નામના જૈન ધર્મી **વસંતપુર** નગરના રહેવાસી હતા. તે નગરમાં વિહાર કરીને **ધર્મદાસ** નામના આચાર્ય ભગવંત પધાર્યા. શિવશંકર શ્રાવક આચાર્યને વંદન કરવા ગયા.

તેમણે વંદન કરી કેટલીક આલોચના લીધી. ત્યાર પછી હર્ષપૂર્વક કહ્યું, ''હે ભગવંત્‌! મને લાખ સાધર્મિક ભાઈઓને ભોજન કરાવવાની અભિલાષા છે પરંતુ મારી પાસે પૂરતું ધન નથી. જો પર્યાપ્ત ધન મળે તો મારી આંતરિક ઈચ્છા પરિપૂર્ણ થાય.'' આચાર્ય ભગવંતે કહ્યું, ''તમે વીસમા **તીર્થંકર મુનિસુવ્રત સ્વામી**ને વંદન કરવા **ભરુચ** મુકામે જાવ. ત્યાં **જિનદાસ** શ્રાવક અને તેમના ધર્મપત્ની **સૌભાગ્યદેવી** છે. તે દંપતીની હર્ષોલ્લાસ પૂર્વક ભાવથી ભોજન, વસ્ત્ર, અલંકાર ઈત્યાદિ વડે ભક્તિ કરજો. તેમની ભક્તિ કરવાથી તમને લાખ સાધર્મિકને ભોજન કરાવ્યાનો પુણ્ય મળશે.''

આચાર્યના વચનો સાંભળી શિવશંકર શ્રાવક ખુશ થયા. તેઓ ભરુચ ગયા અને તે શ્રાવક દંપતીની ખૂબ ભક્તિ કરી. હવે શિવશંકર શ્રાવકને વિચાર આવ્યો કે, 'આ યુગલ દંપતીમાં એવા કયા ગુણો હશે કે, સૂરિજીના મુખેથી તેમની ભક્તિ કરવાથી લાખ સાધર્મિકોને જમાડયા જેટલું પુણ્ય ઉપાર્જન થતું હશે ? એનું રહસ્ય જરૂર જાણવું જોઈએ.'

શિવશંકર ગામમાં ગયા. ત્યાં ગ્રામ્યજનોના મુખેથી સાંભળવા મળ્યું કે, ''હે ભાઈ ! તમે પરદેશી લાગો છે તેથી આ સદાચારી દંપતી વિશે તમને વિશેષ માહિતી નથી પરંતુ સાંભળો.

આ જિનદાસ સાત વર્ષની બાળવયમાં ઉપાશ્રયમાં ગયા હતા. ત્યાં ગુરુ મુખેથી 'શીલોપદેશ માલા' સાંભળ્યું. આ વ્યાખ્યાન તેમના હૃદય પર છવાઈ ગયું. તેમણે શીલનું માહાત્મ્ય જાણી એકાંતરે બ્રહ્મચર્ય પાળવાનું નિયમ ગ્રહણ કર્યો. એ જ પ્રમાણે સૌભાગ્યદેવીએ પણ બાલ્યાવસ્થામાં સાધ્વીજી પાસે એકાંતરે શીલ પાળવાનું વ્રત અંગીકાર કર્યું. યોગાનુયોગ યુવાન વયે બન્નેનું પરસ્પર પાણી ગ્રહણ થયું પરંતુ શીલ પાળવાના ક્રમમાં જે દિવસે જિનદાસને છુટ્ટી હતી તે દિવસે સૌભાગ્યદેવીને નિયમ હતો અને સૌભાગ્ય-દેવીને છુટ હતી તે દિવસે જિનદાસ વ્રતથી બંધાયેલો હતો. જાણે વિજય શેઠ અને વિજ્યા શેઠાણીની પ્રતિછાયા !

આ હકીકતની જાણ એક બીજાને લગ્ન પછી થઈ. સૌભાગ્યદેવીએ ઉદાર મને કહ્યું, 'સ્વામી ! હું તો નિરંતર શીલ પાળીશ. તમે ખુશીથી બીજી સ્ત્રી સાથે વિવાહ કરી ઘરસંસાર માંડો.' જિનદાસે કહ્યું, 'હું બીજા લગ્ન નહીં કરું પણ યોગ્ય સમયે દીક્ષા લઈશ.' તે દંપતીએ બ્રહ્મચર્ય વ્રતના જાવજીવના પ્રત્યાખ્યાન કર્યા. પહેરામણી વગેરે દ્વારા શ્રીસંઘનો સત્કાર કર્યો.''

બાળ બ્રહ્મચારી દંપતીનો વૃત્તાંત સાંભળી શિવશંકરે તેમની વિશેષ પ્રકારે ભક્તિ કરી. આવા શીલવાન દંપતીને ભોજન ઈત્યાદિ આપવાની પ્રેરણા કરનાર ધર્મદાસ મુનિને શ્રાવકે પરમ ઉપકારી ગણ્યા.

# પ્રકરણ ૪
# અભયદાન / અનુકંપા દાનની કથાઓ

**અભયકુમાર** : (ઉપદેશતરંગિણી, પૃ ૨૫)

એક દિવસ **મગધ દેશ**ના રાજા **શ્રેણિકે** રાજસભામાં પૂછયું કે, ''હમણાં નગરમાં કઈ વસ્તુ સસ્તી છે ? તેની ખરીદી કરો.'' ત્યારે માંસ લુબ્ધ અને નિર્દયી એવા સામંતોએ કહ્યું કે, ''માંસ સોંઘુ છે.'' ત્યારે દયાળુ અને બુદ્ધિશાળી મહામંત્રી **અભયકુમારે** વિચાર્યું કે, 'અવશ્ય મારે માંસાહારી સામંતોની પરીક્ષા કરી તેમની કાયાપલટ કરવી જોઈએ.' અભયકુમારે રાત્રિના સમયે એક સામંતના ઘરે જઈને કહ્યું કે, ''અરે! આજે મહારાજાને મહારોગ થયો છે. વૈદ્યોએ ઘણાં ઔષધો કર્યા પણ રોગ મટતો જ નથી. જો મનુષ્યના કાળજાનું બે ટંકભર માંસ મળે તો રાજાનાં પ્રાણ બચી જાય તેથી હું તમારી પાસેથી માંસ લેવા આવ્યો છું. તમે રાજાના ગરાસીયા છો. તો શું આટલું કાર્ય નહીં કરો ?'' ત્યારે સામંતે કહ્યું, ''તમારે જોઈએ તો એક હજાર સોનામહોર લઈ લો પણ મને આ કાર્યથી મુક્ત કરો.'' ત્યારે અભયકુમાર તે ધન લઈ બીજા સામંત પાસે ગયાં. તેણે પણ તેમજ કહ્યું. તેની પાસેથી પણ એક હજાર સોનામહોર મળી પણ કોઈએ માંસ આપ્યું નહીં. આ પ્રમાણે પ્રત્યેક સામંતને ત્યાં વારાફરતી મંત્રીશ્વર ગયા. અભયકુમારે આખી રાત ભમીને પ્રત્યેકને ત્યાંથી એક એક હજાર સોનામહોરો એમ કુલ લાખ સોનામહોરો એકઠી કરી.

અભયકુમારે રાજાને આખી ઘટના વર્ણવી. પ્રભાતે રાજસભામાં તે સોનામહોરો બતાવીને અભયકુમારે સામંતોને કહ્યું, ''ક્ષત્રિયો! તમે તો કહેતાં હતાં કે આજકાલ માંસ સસ્તું છે પણ તે તો ઘણું ધન આપવા છતાં પણ મળતું નથી.'' આ સાંભળીને સામંતો શાનમાં સમજી ગયાં અને તેઓ લજ્જિત થયાં. અભયકુમારે સર્વેને ઠપકો આપતાં કહ્યું કે, ''અરે! મૂર્ખો! પોતાનો દેહ સર્વ જીવોને પ્રિય છે, તેમ જે જીવનું માંસ હશે તેને પણ પોતાનો જીવ વહાલો જ હશે. તેમને મોતને ઘાટ ઉતારી દુઃખ આપીએ તો કેવું પ્રબળ પાપનું કારણ બને ? તમે માંસમાં લુબ્ધ બનીને ગમે તેમ બડબડાટ કરો છો ? વિષ્ટામાં રહેલા કીડાને અને દેવલોકમાં રહેલા ઈંદ્રને જીવવાની સમાન ઈચ્છા હોય છે અને મૃત્યુ ભય તુલ્ય જ છે. દુર્ગતિમાં ગયેલો જીવ પણ મરવા ઈચ્છતો નથી. આ જગતમાં સુવર્ણ, ગાય તથા ધનાદિકનું દાન આપનારાઓ સુલભ છે પરંતુ પ્રાણીઓને અભયદાન આપનારા મળવા દુર્લભ છે.'' અભયકુમારનું ગણિત સાચું નિવડયું. સામંતોની મેલીમુરાદ ખુલ્લી થઈ.

દયાનું બીજું નામ અનુકંપા છે. માંસાહારનો ત્યાગ, રાત્રિભોજનનો ત્યાગ, કંદમૂળનો તથા અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ કરવાથી દયા ધર્મનું પાલન થાય છે. આમ, બુદ્ધિનિધાન મંત્રીશ્વરે યુક્તિપૂર્વક રાજગૃહી નગરીમાંથી માંસાહારનો કાંટો ઉખેડી પશુઓને અભયદાન આપ્યું.

**અભયસિંહ** : (કથાકોશ)

**ભરતક્ષેત્ર**ના **કુશલસ્થલ** નગરમાં **ભદ્ર** નામનો કુલપુત્ર હતો. એકવાર ભયંકર દુકાળ પડતાં આજીવિકા માટે ઓરતો જાગતાં વિચાર્યું કે, 'મૃગાદિનો શિકાર કરી ગુજરાન ચલાવું.' તે લાકડી લઈ જંગલમાં ગયો. એક સસલાને જોઈ તેને પકડવા તેની પાછળ દોડયો. સસલાને મારવા લાકડી ફેંકી. સસલું ગભરાઈને

જીવ લઈ નાઠું. તે એક પ્રતિમાધારી ધ્યાનસ્થ મુનિના ચરણમાં જઈને ભરાઈ ગયું. મુનિના તીવ્ર તપના પ્રભાવથી વનદેવતાએ ખુશ થઈ વચ્ચે મોટી સ્ફટિક શિલા વિકુર્વી, જેથી મુનિને તાપ ન લાગે. ભદ્રએ ફેંકેલી લાકડી શિલા સાથે અફળાઈને પાછી ફરતાં ભદ્રના કપાળમાં જ વાગી. લોહીની ધારા વહેવા માંડી. તે મૂર્છિત થઈ જમીન ઉપર ઢળી પડયો. ઠંડો પવન વાતાં થોડા સમય પછી તે સચેતન થયો. ભદ્રને પારાવાર પસ્તાવો થયો. 'શિકાર માટે ફેંકેલી લાકડી મને વાગી એ તો ઠીક પણ જો તપસ્વી મુનિને વાગી હોત તો હું અવશ્ય નરકગામી થાત.' આવું વિચારી ભદ્ર ભારે પશ્ચાતાપ કરવા લાગ્યો. તપસ્વી મુનિએ કાયોત્સર્ગ પાળી ભદ્રને જીવદયાનો ઉપદેશ આપ્યો. સરળ સ્વભાવના ભદ્રએ તરત જ પ્રતિજ્ઞા કરી કે, 'નિર્દોષ પશુડાઓનો આજીવન કદી વધ કરીશ નહીં.'

ભદ્રનો આત્મા કાળ કરીને **શ્વેતાંબિકા** નગરીના **વીરસેન** રાજાની **વિપ્રા** રાણીની કુક્ષિએ અવતર્યો. પૂર્વભવમાં જીવદયાનું પાલન કર્યું હોવાથી તેનામાં નિર્ભય ગુણ પ્રગટયો હતો. તેની નિર્ભયતા જોઈ સાર્થવાહ દ્વારા તેનું નામ પાછળથી **'અભયસિંહ'** પડયું. વીરસેન રાજા **માનભંગ** રાજાના હાથે પરાજિત થઈ મૃત્યુ પામ્યાં. હવે માનભંગ રાજા બન્યા. તે સ્વભાવે ક્રૂર હતા. તેમને શિકારનું વ્યસન હતું. વિપ્રા રાણીનો જીવનખેલ ખતમ થતાં તે વ્યંતરી બની. આકાશમાં ભૂતો વાતો કરવા લાગ્યા કે, "જીવવધના કારણે માનભંગ રાજા થોડા દિવસોમાં મૃત્યુ પામશે. જે વ્યક્તિ હાથીને વશ કરશે, **કનકાવતી**ને પરણશે તેના હાથે માનભંગ રાજાનું મૃત્યુ થશે." વસંતોત્સવ હતો ત્યારે ચકોર અભયસિંહ ત્યાં ન ગયો. તેણે હાથીને વશ કરી કનકાવતી સાથે વિવાહ કર્યા. અભયસિંહના હાથે માનભંગ રાજાનું મૃત્યુ થયું. વીરસેન રાજાનો પુત્ર અભયસિંહનો રાજ્યાભિષેક થતાં તે રાજા બન્યો. **જ્ઞાનસૂરિ** નામના મહાત્મા પાસેથી તેણે પોતાનો પૂર્વભવ સાંભળ્યો.

આમ, પૂર્વે સસલા વગેરે પશુઓના વધ ન કરવાની પ્રતિજ્ઞા લેવાથી અભયસિંહ રાજવીને પુણ્યોદયે અપાર ભૌતિક સુખો પ્રાપ્ત થયાં. ખરેખર! અભયદાનથી અભયસિંહના જીવનમાં સરસતા, સજીવતા અને નંદનવનની સુષમા આવી ગઈ.

**અભયંકર :** (મુનિસુવ્રત સ્વામી ચરિત્ર અને કુમારપાળ ચરિત્ર)

**પશ્ચિમ મહાવિદેહ**માં **પુષ્પકલાવતી વિજય**માં **ક્ષેમંકર રાજા** અને તેમની પટરાણી **અમરસેના** રહેતાં હતાં. પટરાણી ગર્ભવતી થતાં તેણીએ ચૌદ સ્વપ્નો જોયાં. બાળકનો જન્મ થતાં તેનું **અભંયકર** નામ પાડયું. યુવાન વયે તેનું કોઈએ અપહરણ કરી તેને લઈ જઈ જળાશયની નજીક મૂક્યો. ત્યાં દિવ્ય દેહધારી વ્યક્તિ પ્રગટ થઈ. તેણે કહ્યું, "હે કુમાર! આશ્ચર્ય ન પામીશ. તારું અપહરણ શા માટે થયું છે તે તને થોડા સમયમાં સમજાશે." પ્રભાતે તે ફરવા ગયો ત્યારે તેણે એ ઉદ્યાનમાં એક યોગીન્દ્રને ધ્યાનસ્થ અવસ્થામાં ઉભેલાં જોયાં. ધ્યાન પૂર્ણ થતાં યોગીએ કહ્યું, "હે ભાવિના ચક્રવર્તી! તને અહીં તારા હિત માટે લાવ્યો છું પરંતુ તે વાત સમય આવશે ત્યારે જણાવીશ." ત્યાર પછી યોગીએ કુમારને ભોજન કરાવ્યું, વ્યંતરને બોલાવી નૃત્યાદિ વડે મનોરંજન કરાવ્યું. રાત્રિના સમયે યોગીએ કહ્યું, "મારી પાસે સેંકડો વિદ્યાઓ ઉપલબ્ધ હતી. મેં બધાંને વાંટી દીધી છે. હવે એક માત્ર ખડગ વિદ્યા જ બાકી છે, જે તને આપવી છે. વિદ્યા દેવીએ મને કહ્યું છે કે, 'હું જે પુરુષને તારી પાસે લઈ આવું તેને તું આ વિદ્યા સોંપજે.' તેથી હે કુમાર! તું આ વિદ્યા ગ્રહણ કર." કુમારે કહ્યું, "તમારા દર્શનથી મને આનંદ થયો છે. મને બીજી કોઈ અપેક્ષા નથી." છતાં યોગીરાજે આગ્રહ કરી

કુમારને ખડગ વિદ્યા અર્પણ કરી. હવે યોગીરાજે આરાધના બતાવી વિદ્યાની સિદ્ધિ કરાવી, કુમારને પુનઃ સ્વસ્થાને મૂક્યો.

ક્ષેમંકર રાજાએ પોતાના પુત્ર અભયંકરને રાજ્ય સોંપી પ્રવ્રજ્યા અંગીકાર કરી. હવે એકવાર **પુષ્પપુર**નાં **નૃસિંહ રાજા**એ અભયંકર રાજાને મદદ માટે વિનંતી કરતાં કહ્યું કે, ''**તગરા નગરી**ના **ધનવાહન રાજા**એ વિના કારણ મારું રાજ્ય છીનવી લીધું છે. તમારી ખડગ વિદ્યા મને આપો તો હું રાજ્ય પાછું મેળવું.'' અભયંકર રાજાની અનુમતિ મળતાં નૃસિંહ રાજા વિદ્યા મેળવવા ત્યાં આવ્યા. સેવકોએ તેમના ઉતારાની વ્યવસ્થા કરી. આ બાજુ પ્રધાને અભયંકર રાજાને સલાહ આપી કે, ''આવી વિદ્યા સિદ્ધિ જેને તેને ન અપાય.'' ત્યારે અભયંકર રાજાએ કહ્યું, ''મેં હા પાડી દીધી છે માટે ખડગ વિદ્યા નૃસિંહ રાજાને અર્પણ કરી દઈશ. કળા કે કમળા (લક્ષ્મી) જે કંઈ પ્રાપ્ત થયું હોય તે બીજાનાં કામમાં ન આવે તો શું કામની ?'' અભયંકર રાજાએ કોઈપણ વિચાર કર્યા વિના પરોપકારાર્થે નૃસિંહ રાજાને ખડગ વિદ્યા પ્રદાન કરી. નૃસિંહ રાજાએ આ વિદ્યા વડે ધનવાહન રાજાને હરાવી તેનું રાજ્ય આંચકી લીધું. હવે ધનવાહન રાજા અભયંકર રાજા પાસે દોડી આવ્યો. પોતાની દુઃખ ભરી વીતક કહી સંભળાવી. ત્યારે પરોપકારી અને દયાળુ અભયંકરે પોતાનું રાજ્ય તેને આપી દીધું. મંત્રીએ ઘણી સલાહ આપી પરંતુ અભયંકર રાજાએ કહ્યું, ''મંત્રીશ્વર! તમારી વાત સત્ય છે, છતાં તેનું રાજ્ય મારા નિમિત્તે ગયું છે માટે હું શરમિંદગી અનુભવું છું. રાજાઓનું મૂળ રાજ્યશ્રી છે અને રાજ્યશ્રીનું મૂળ સુકૃત છે. હું તો પરોપકાર કરીને ખરેખર રાજ્યશ્રી પામી રહ્યો છું.'' આ રીતે ધનવાહન રાજાને રાજ્ય સોંપી અભયંકર રાજા નગરમાં સામાન્યપણે સુખપૂર્વક રહેવા લાગ્યો.

એકવાર પ્રજાપ્રિય અભયંકર રાજાને તીર્થયાત્રાનું મન થયું. ત્યારે પ્રજા કહેવા લાગી કે, ''હે પ્રજાપાલ! રાજ્ય છોડયું હવે નગર પણ છોડો છો ? અમારી સાર-સંભાળ કોણ કરશે ? અમને પણ સાથે લઈ જાવ.'' ત્યારે અભયંકરે કહ્યું, ''પ્રજાજનો! મારી જેમ જ બીજા રાજા તમારી દેખભાળ કરશે માટે મને જવા દો, પગબંધન ન કરો. તમે અહીં સુખેથી રહો.''

તીર્થયાત્રા કરતાં એક વાર પર્વતની ગુફામાં કોઈ સ્ત્રીનો કરુણ અવાજ સંભળાયો. અભયંકરે જોયું તો કોઈ યોગી જેવો પુરુષ, હાથમાં ખડગ લઈને ઊભો હતો. તેની બાજુમાં રહેલી સ્ત્રી પોકાર કરી રહી હતી કે, ''હે વીર શિરોમણિ! મને કોઈ બચાવો.'' અભયંકર રાજાએ કહ્યું, ''યોગીરાજ! શા માટે આવું અકાર્ય કરી રહ્યાં છો ?'' યોગીએ કહ્યું, ''મારે આ કાર્ય પરાણે કરવું પડે છે. કુમાર! સાંભળ. હું **વૈતાઢય પર્વત**ના **રત્નપુર નગર**નો વિદ્યાધર **રત્નચૂડ** અને વિદ્યાધરી **રતનમંજરી**નો પુત્ર છું. મારું નામ **મણિચૂડ** છે. **અપરાજિતા** નામની અમારી વિદ્યા દેવી છે. એકવાર મેં તેની આરાધના કરી. વિદ્યાદેવી પ્રગટ થઈ. તેણે કહ્યું, ''હે વત્સ! હું પ્રસન્ન થઈ છું. તારાં મનોવાંછિત પૂર્ણ કરીશ પરંતુ તે પૂર્વે કોઈ બત્રીશ લક્ષણાં પુરુષ કે સ્ત્રીનો અગ્નિમાં હોમ કર. ત્યારપછી મારી પાસેથી વર માંગજે. હું તને ઈચ્છિત સિદ્ધિ આપીશ. જો તું આ પ્રમાણે નહીં કરે તો તારું મસ્તક ફાટી જશે તેથી આ કન્યાને હોમવા હું તૈયાર થયો છું. હે રાજન! તમે મારી સિદ્ધિને રોકો નહીં. આ સ્ત્રી તમને વ્હાલી છે તો શું હું રાજપુત્ર તમને વ્હાલો નથી ?'' અભયંકર રાજાએ કહ્યું, ''તમારું કથન સત્ય છે પરંતુ સ્ત્રી હત્યા યોગ્ય નથી. વળી, વિદ્યા સિદ્ધિ માટે ગમે તેનો હોમ કહ્યો છે તો સ્ત્રીનો જ શા માટે ? સ્ત્રીને અભયદાન આપી મારો હોમ કર. તારી પાસે ખડગ છે તે મને આપ જેથી મારું મસ્તક હવનમાં અર્પણ કરું. તું ચિરંજીવ રહેશે

અને તારી સિદ્ધિ સિદ્ધ થશે.'' વિદ્યાધરે ખડગ ન આપ્યું ત્યારે અભયંકર રાજાએ તેના હાથમાંથી ખડગ ઝૂંટવી લીધું અને પોતાના ખભા ઉપર પ્રહાર કર્યો પરંતુ અદશ્ય શક્તિથી રાજાની ભુજા થંભી ગઈ. રાજાનો પોતાના હાથે શિરચ્છેદ થયો નહીં ત્યારે તેમણે યોગીને તે માટે વિનંતી કરી પરંતુ યોગી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડયો. તે વખતે અંતરીક્ષમાંથી કોઈ દૈવી આકૃતિ ઉપસ્થિત થઈ. તેણે કહ્યું, ''રાજન્! હું અપરાજિતા દેવી છું. તું વરદાન માંગ.'' અભયંકર રાજાએ કહ્યું, ''મારી ભુજા અટકી ગઈ છે તે બરાબર કરો જેથી હું મારું મસ્તક તમને અર્પણ કરું. તમે મણિચૂડને વિદ્યા સિદ્ધિ આપો.'' દેવીએ કહ્યું, ''એ પાપીને શું હું વિદ્યાસિદ્ધિ આપું ? તેણે સ્ત્રીહત્યા કરવાનો અને તારા જેવા ભલા વ્યક્તિના પ્રાણ લેવાનો પ્રયાસ કર્યો છે.'' અભયંકર રાજાએ કહ્યું, ''દેવી ! તારે તેને વિદ્યા ન આપવી હોય તો તું પ્રસ્થાન કર. હું અગ્નિપ્રવેશ કરું છું.'' એમ કહી રાજાએ ઝડપભેર અગ્નિ કુંડમાં ઝંપલાવ્યું. આ જોઈ સ્ત્રી મૂર્છિત થઈ જમીન પર ઢળી પડી. દેવીએ અભયંકર રાજાને અગ્નિકુંડમાં પડતાં ઝીલી લીધો અને પ્રસન્ન થતાં કહ્યું, ''રાજન્! યોગી અને સ્ત્રીને હું સજીવન કરું છું અને મણિચૂડને સિદ્ધિ આપું છું.'' દેવી અદશ્ય થઈ ગઈ. સૂર્યોદય થતાં અભયંકર રાજા સમક્ષ ચતુરંગી સેના આવી. એક જણે હાથ જોડી રાજાને કહ્યું, ''**લક્ષ્મીપુર**ના **અરિકેસરી રાજા**નું નિધન થયું છે. કુળદેવી અપરાજિતાએ તમારું નામ દર્શાવ્યું છે તેથી અમે તમને લેવા આવ્યા છીએ. હું **પ્રજ્ઞાલોક** નામનો મંત્રી છું.'' ત્યાં તો દેવીએ અભયંકર રાજાને સિંહાસને બેસાડયા. રાજાએ પોતાના પરાક્રમ વડે છ ખંડ જીત્યાં. ત્યારે નવનિધાન મેળવ્યાં. અભયંકર રાજા ચક્રવર્તી બન્યા. રાજાએ ઘણું દાન આપી, યાચકોને કુબેર જેવા બનાવ્યા. ત્યારપછી તે જ ભવમાં દીક્ષા લઈ મોક્ષે ગયા.

જે જરૂરતમંદ અને દયનીય વ્યક્તિઓને અનુકંપા પાત્ર સમજી દાન આપે છે તે હજારો લોકોના હૃદયના આશીર્વાદ મેળવી જીવનમાં સુખશાંતિ પામે છે, દુઃખને હાથતાળી આપે છે.

**અભયરુચિ - અભયમતિ** : (જૈન કથાયેં, ૧૯; ઉપદેશ પ્રાસાદ, ભા.૩, પૃ.૧૮૬)

**રાજપુર નગર**માં **મારીદત્ત** નામે રાજા હતો. તે અન્ય ધર્મી હતો. તેની **ચંડમારી** નામની ગોત્ર દેવી હતી. નવરાત્રિનાં દિવસોમાં રાજા પોતાની ગોત્ર દેવીને એક લાખ બકરાં વગેરેનો ભોગ ધરાવતો હતો. એકવાર **ગુણધર** આચાર્ય નગરમાં પધાર્યા. તેમના સમુદાયમાં **અભયરુચિ** નામના સાધુ શિષ્ય અને **અભયમતિ** નામની સાધ્વી શિષ્યા હતી.

અભયરુચિ મુનિ એક દિવસ ગોચરી માટે નગરમાં ફરતાં હતાં ત્યારે રાજપુરુષોએ તેમને પકડીને રાજા પાસે હાજર કર્યા. જૈન ધર્મના દ્વેષી રાજાએ પૂછ્યું, ''બોલો, ગોત્ર દેવીની નવરાત્રિમાં પૂજા કરીએ તો શું ફળ મળે ? હોમ-હવનની ક્રિયાઓ કઈ રીતે કરવી ?'' અભયરુચિ મુનિએ કહ્યું, ''મેં પૂર્વ ભવમાં ફક્ત લોટનો કૂકડો કરીને માર્યો હતો તેથી મારે સાત ભવ સુધી વિવિધ યોનિઓમાં જન્મ લઈ ઘણું દુઃખ વેઠવું પડયું હતું. તો વિચારો કે જીવતા જીવને યજ્ઞમાં હોમવાથી શું દશા થશે ?'' આ પછી રાજાની જિજ્ઞાસા સંતોષવા અને પ્રતિબોધ પમાડવા અભયરુચિ મુનિએ પોતાના સાત ભવોનું વર્ણન કર્યું.

**અવંતિ**ના **યશોધર** રાજાની રાણીનું નામ **નયનાવલી** હતું. પુત્રનું નામ **ગુણધર** હતું. યશોધર દીક્ષા લેવા તૈયાર થયો તે જ રાત્રે સ્વપ્ન આવ્યું કે, 'પોતાની માતા **ચંદ્રવતી**એ તેને સાતમા માળેથી નીચે ફેંક્યો.' માતાએ માઠા સ્વપ્નના નિવારણ માટે **ચામુંડા** દેવીને બકરાનું બલીદાન આપવાની સેવકોને આજ્ઞા કરી.

યશોધર રાજાને આ ન ગમ્યું. તેમણે બળજબરીથી લોટનો કૂકડો બનાવી તેનો વધ કરાવ્યો. રાણી નયનાવલી બદચલન નીકળી. યશોધરે દીક્ષા લીધી તે પૂર્વે ગુણધરને રાજા બનાવ્યો. નયનાવલીએ યશોધરને વિષ આપી તત્કાલ મારી નાંખ્યો. માતા ચંદ્રાવતીનું પણ અવસાન થયું.

યશોધર મરીને મોર થયો. ચંદ્રાવતી કૂતરી થઈ. બન્નેને પકડીને શિકારીએ ગુણધર્મને ભેટમાં આપ્યાં. રાજાએ મોરને પાંજરામાં પૂર્યો. કૂતરીને બાંધી રાખી. નયનાવલીને કૂબડા સાથે ભોગવિલાસ કરતી જોઈ મોરને જાતિસ્મરણ જ્ઞાન થયું. રાણી મોરને પંપાળવા જતી ત્યારે મોર તેને ચાંચ મારી દૂર કરતો. ગુસ્સે થઈ નયનાવલીએ મોરને આભૂષણથી માર્યો તે નીચે પડયો. તે સમયે કૂતરીએ તેને ડોકથી પકડયો. રાજાએ મોરને છોડાવવા કૂતરીને સોગઠી મારી. સોગઠી વાગતાં મોર અને કૂતરીનું મૃત્યુ થયું.

કૂતરી સર્પ થઈ. મોર નોળિયો થયો. તે ભવમાં આપસમાં લડી બન્ને મૃત્યુ પામી **સિપ્રા નદી**માં મત્સ્ય તરીકે ઉત્પન્ન થયા. ચંદ્રવતી મત્સ્યને માછીમારોએ મારી નાંખ્યો અને યશોધર મત્સ્ય નયનાવલીને ભેટ ધર્યો. નયનાવલીને જોતાં મત્સ્યને જાતિસ્મરણ જ્ઞાન થયું. નયનાવલીએ મત્સ્યને રંધાવ્યો.

ચંદ્રવતી મત્સ્ય ભરવાડને ત્યાં બકરીપણે ઉત્પન્ન થયો અને યશોધર મત્સ્ય તે જ બકરીનો પુત્ર (બકરો) થયો. તરુણ વયે બકરો પોતાની જ માતા સાથે વિષયભોગમાં લુબ્ધ બન્યો. ભરવાડે તેની આ ચેષ્ઠા જોઈ તેને મારી નાંખ્યો. બકરો મૃત્યુ પામી પોતાના જ વીર્યમાં ઉત્પન્ન થયો. ગર્ભિણી બકરીને રાજાએ મંગાવી મારી નાંખી. તેના ગર્ભમાંથી બકરાને ખેંચી પોતાને ત્યાં ઉછેર્યો.

ગુણધરે પિતૃતર્પણ માટે પંદર પાડાઓ મારી બ્રાહ્મણોને જમાડયાં. બ્રાહ્મણોએ અર્શીવાદ આપ્યા કે, ''તમારા પિતા સ્વર્ગ સુખ પામો.'' આ સાંભળી યશોધર બકરાને જાતિસ્મરણ જ્ઞાન થયું. નયનાવલીને ભયંકર રોગ થયો. રાજાએ ભોજન માટે હૃષ્ટપુષ્ટ બકરાનો વધ કરાવી તેનું માંસ ગુણધરને પીરસાવ્યું.

ચંદ્રવતીનો જીવ **કલિંગ** દેશમાં પાડો થયો. સાર્થ સાથે આ પાડો ઉજ્જયિની આવ્યો. તેણે રાજાના અશ્વને મારી નાંખ્યો. એટલે રાજાએ પાડાને જીવતો ભૂંજી નાંખ્યો. છઠ્ઠા ભવમાં યશોધર - ચંદ્રાવતી (પુત્ર - માતા) કૂકડા થયાં. આ કૂકડાઓ રાજાને કોઇએ ભેટમાં આપ્યાં. રાજા કૂકડા વચ્ચે લડાઈ કરાવી ખુશ થતો. એકદા આ કૂકડાઓ રાજા સાથે વનમાં ગયા. ત્યાં મુનિને જોયા. તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. મુનિને વંદન કર્યા. મુનિએ તેમને અનશન આપ્યું. રાણી સાથે ક્રીડા કરતાં રાજાએ શબ્દવેધી બાણથી બન્ને કૂકડાને મારી નાંખ્યા.

ત્યાંથી અનશનના પ્રભાવે મૃત્યુ પામી **ગુણધર** રાજાની પત્ની **જયાવલી**ના ઉદરમાં ઉત્પન્ન થયા. યશોધરનો જીવ **અભયરુચિ** નામે પુત્ર થયો. ચંદ્રાવતીનો જીવ **અભયમતિ** નામે પુત્રી થઈ. ગુણધર રાજા સાથે મૃગયા રમવા તેઓ વનમાં ગયા. ત્યાં તપસ્વી મુનિ ધ્યાન ધરી રહ્યાં હતાં. તેમના તપનાં પ્રભાવથી શિકારી કૂતરાઓ શાંત થયાં. ત્યાં **અર્હત્ત** નામનો શ્રાવક વંદન કરવા આવ્યો. રાજા તેની સાથે મુનિ પાસે ગયો. રાજાના આગ્રહથી મુનિએ ચંદ્રાવતી અને યશોધરના સાત ભવોનું વર્ણન કર્યું. આ સાંભળી રાજા મૂર્છા પામ્યો. અભયરુચિ અને અભયમતિને જાતિસ્મરણ જ્ઞાન થયું. ગુણધર રાજાએ પુત્ર સહિત દીક્ષા લીધી. હે રાજન્! આ ગુણધર આચાર્ય તારી નગરીમાં પધાર્યા છે.''

પોતાના પૂર્વભવનો વૃત્તાંત સાંભળી મારીદત્ત રાજાએ કહ્યું, ''અહો! તે ગુણધર મારા બનેવી થાય છે અને તમે મારા ભાણેજ થાઓ છો. મેં અજ્ઞાનતાથી કેટલાક જીવોનો વધ કર્યો અને કરાવ્યો છે. હું આજથી

જીવ હિંસાથી નિવૃત્ત થાઉં છું.'' મારીદત્તે તત્ક્ષણ બલિદાન માટે લાવેલા એક લાખ જીવોને મોતમાંથી ઉગારી લેવાની પુણ્ય તક આપી અભયદાન કર્યું તેમજ નગરમાં અમારિ ઘોષણા કરાવી.

**અમરસિંહ** : (શ્રી વિમલનાથ ચરિત્ર, પૃ.૧૧૪)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં અમરાપુરી સમાન **અમરપુર** નામનું નગર હતું. આ નગરમાં **સુગ્રીમ** નામના નરેશ રાજ્ય કરતો હતો. તેના **સમરસિંહ** અને **અમરસિંહ** નામના બે પુત્રો હતા. રાજા સુગ્રીવ પરલોકવાસી થતાં તેનો જ્યેષ્ઠ પુત્ર સમરસિંહ રાજા થયો. તેને શિકારની ભારે લત હતી તેથી રાજ્ય તરફ દુર્લક્ષ્ય સેવતો હતો. બીજો રાજકુમાર અમરસિંહ તેનાથી તદ્દન વિપરીત હતો. તે દયાવાન અને પરોપકારી હતો.

એકવાર અમરસિંહ ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો ત્યાં કોઈ બ્રાહ્મણ બકરો લઈને જતો હતો. બકરો પરાણે ઘસડાઈને પાછળ જતો હતો. તે સતત બેં બેં કરતો હતો. દયાળુ અમરસિંહે આ દશ્ય જોઈ બ્રાહ્મણ પાસેથી બકરાને છોડાવી અભયદાન આપ્યું, છતાં તે બકરો બેં બેં કરતો હતો. અમરસિંહે પૂછ્યું, ''તું આ બકરાને ક્યાં લઈ જતો હતો ?'' બ્રાહ્મણે કહ્યું, ''યજ્ઞમાં હવન કરવા માટે.'' કુમારે પૂછ્યું, ''તેવું કરતાં તને શું લાભ થશે ?'' બ્રાહ્મણે કહ્યું, ''યજ્ઞ કરવાથી સ્વર્ગ મળશે.'' કુમારે પૂછ્યું, ''ઓહ ! જીવવધથી જો સ્વર્ગ મળે, તો નરક શેનાથી મળે ?'' બ્રાહ્મણે કહ્યું, ''વેદમાં કહેલી હિંસાને અનુસરનાર નરકમાં જાય છે.''

એટલામાં કોઈ મુનિવર આવ્યા. કુમારે કહ્યું, ''અમારા બન્નેના તમે નિર્ણાયક બનો.'' બ્રાહ્મણે કહ્યું, ''આ બકરો પોતે જ એંધાણ આપે તેવું જ્ઞાન કહેશો તો તમે સાચા નિર્ણાયક કહેવાશો.'' જ્ઞાની મુનિએ પ્રતિબોધની ભાવનાથી બકરાનો પૂર્વભવ જાણી કહ્યો, ''અરે ! તેં પૂર્વે જમીન ખોદાવી, વૃક્ષારોપણ કરાવ્યા અને યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે છે; તેવી વાત લોકોમાં વહેતી કરી હતી. હવે અત્યારે તું શું જોઈને બેં બેં કરે છે.'' મુનિના વચનો શ્રવણ કરી બકરો મૌન બની ગયો. અમરસિંહે પૂછ્યું, ''આ બકરો તમારા વચનો સાંભળી કેમ મૌન બની ગયો ?'' મુનિએ કહ્યું, ''કુમાર ! આ બકરો આ જ બ્રાહ્મણનો **રુદ્રશર્મા** નામે પિતા છે. તેણે આ સરોવર ખોદાવી તેની પાળ ઉપર વૃક્ષો રોપાવ્યાં હતાં અને મુગ્ધજનોને યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે છે તેવી ખોટી પ્રરૂપણા કરી હતી તેથી તે બકરો થયો છે. તેણે પૂર્વે યજ્ઞમાં બકરાની બલિ આપી છે તેથી પાંચ વખત બકરો થયો છે. આ છઠ્ઠા ભવમાં અકામ નિર્જરા થતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું છે. દુ:ખથી સંતપ્ત તે પુત્રને કહેવા માંગે છે કે, 'હે વત્સ ! તું શા માટે મારી હત્યા કરે છે ? જો તને પ્રતીતિ ન થતી હોય, તો તારી પાછળ જમીનમાં દાટેલ દ્રવ્યનિધિ તને બતાવું.'' મુનિના વચનો સાંભળી બ્રાહ્મણે જીવ હિંસાનો ત્યાગ કર્યો. તે દયાળુ શ્રાવક બન્યો. મુનિએ બકરાને કહ્યું, ''તું દ્રવ્યનો ભંડાર પુત્રને બતાવી તેની રક્ષા કર.'' બકરાએ પગ વડે સંકેત કરેલી જગ્યાએ ખોદતાં પુષ્કળ ધન મળ્યું. બકરાએ અનશન વ્રત સ્વીકાર્યું. તે મૃત્યુ પામી દેવ થયો. તે દેવ અમરસિંહનું હિત કરવા વારંવાર આવવા લાગ્યો.

એક વખત દેવે રાત્રિના સમયે આવી અમરસિંહને કહ્યું, ''તારો બાંધવ **સમરસિંહ** તને મૃત્યુદંડ દેવા ઈચ્છે છે તેથી તું આ નગર છોડી અન્યત્ર ચાલ્યો જા. સમય જતાં તને રાજ્ય મળશે પરંતુ સાંપ્રાત કાળે અહીં રહેવું ઉચિત નથી.'' અમરસિંહ તે જ સમયે **વિમલા** નામના મંત્રીપુત્રને લઈ **કુંડિનપુર** તરફ ચાલ્યો ગયો. ત્યાં નગરમાં ભયંકર રોગચાળો ફાટી નીકળ્યો હોવાથી, તેની શાંતિ માટે **ભાનુ** નામના રાજાએ કુલદેવતા સમક્ષ

બકરાં અને પાડાની હિંસા કરાવી. તે જોઈ કરુણાશીલ અમરસિંહે તે હિંસકોને પડકારતાં કહ્યું, ''તમે જીવોની હિંસા ન કરો.'' ખાટકીઓએ રોફથી કહ્યું, ''રાજાની આજ્ઞા હોવાથી અમે હિંસામાં પ્રવૃત્ત થયા છીએ.'' ખાટકીએ જેવો પશુઓનો ઘાત કરવા છરો ઉગામ્યો ત્યાં દેવતાએ બધાને સ્થંભિત કરી દીધાં. રાજાને આ વાતની ખબર પડી. રાજા ભાનુ સ્વયં દેવાલયમાં આવ્યા. ત્યાં દેવકુમાર જેવા અમરસિંહને જોઈ તે વિસ્મય પામ્યા. કુમારે રાજાને પ્રણામ કરી કહ્યું, ''રાજન્! જીવહિંસાથી શાંતિ કઈ રીતે પ્રાપ્ત થાય? રોગચાળાને નાબૂદ કરવા તમે જીવદયા કરો.'' રાજાએ કહ્યું, ''જો દેવતા સ્વયં મને તેવી પ્રરૂપણા કરે તો હું હિંસા છોડી જીવદયા કરીશ.'' અમરસિંહે એક કુંવારી કન્યાને મંડપમાં બોલાવી. તેને મંડપમાં સ્થાપિત કરી મંત્રના પ્રભાવથી તે કુમારિકા બોલી, જેના માનસમાં જીવ રક્ષા રહેલી હોય તેના ચરણના પ્રક્ષાલન જળથી શાંતિ થઈ જશે.'' રાજાએ કુમારના કહેવાથી એવા ઉચ્ચ મનુષ્યની શોધ આદરવા સર્વ દર્શનવાળાને બોલાવ્યા. પછી સમસ્યાનું પદ આપી પરીક્ષા કરી.

તેવા સમયે ભવિતવ્યતાના યોગે પેલા બકરાના પૂર્વ ભવને જાણનારા દયાળુ, ઉત્તમ મુનિ ત્યાં આવી ચડયા. તેમણે સમસ્યાની પૂર્તિ કરી. ''આ માર્ગમાં સ્થાવર જીવોની રક્ષા કરવામાં મારું હૃદય એવું આતુર બન્યું કે મારી આગળ ફરતી વારાંગનાનું વદન કુંડળવાળું છે કે નહીં, તે મારી નજરમાં આવ્યું નહીં.'' આ સાંભળી કુમારે કહ્યું, ''રાજન્! મુનિના ચરણ કમળના ધોવાણ જળથી રોગની શાંતિ થશે. તેમાં સંશય નથી.'' રાજાએ મુનિને ઉત્તમ આસન ઉપર બેસાડી પ્રાસુક જળથી બન્ને ચરણનું પ્રક્ષાલન કર્યું. તે જળના સિંચનથી નગરમાં રોગનો ઉપદ્રવ શાંત થયો. આ જોઈ રાજા વિસ્મય પામ્યો. તેણે પૂછયું, ''આ કુમાર કોણ છે?'' **વિમલકુમારે** પરિચય આપ્યો. ભાનુ રાજાએ પોતાની પુત્રી **કનકવતી**ના વિવાહ અમરસિંહ સાથે કરાવ્યાં.

કેટલોક સમય સુખેથી પસાર થયો. એકદા કેટલાક પુરુષો આવી અમરસિંહને સમાચાર આપ્યા કે, ''વ્યસનમાં ચકચૂર બનેલા સમરસિંહને પરાસ્ત કરવા શત્રુ સૈન્ય આવ્યું. શત્રુની કનડગતથી નગરની પ્રજા ત્રાહીમામ્ પોકારી ગઈ છે. વળી, સેનાપતિઓ મૃગયા રમવા ગયેલા રાજાને સેનાપતિ મૃગના બહાને પ્રહાર કર્યો છે તેથી હે પ્રભુ! તમે સત્વરે રાજ્યનો સ્વીકાર કરી દુષ્ટ લોકોનો નિગ્રહ કરો.'' અમરસિંહે ભાનુ રાજા સમક્ષ સર્વ હકીકતનું નિવેદન કર્યું. હવે અમરસિંહ ચતુરંગી સેના લઈ પોતાના નગરમાં આવ્યો. તેનો રાજ્યભિષેક થયો. તેણે રાજ્યમાં દયા ધર્મ પ્રવર્તાવ્યો. દેવતાના સાનિધ્યથી ચિરકાળ રાજ્ય કરી અખૂટ સંપત્તિ ભોગવી. પછી પુત્રને રાજ્ય સોંપી અમરસિહ સંયમી બન્યો. જીવદયા - અનુકંપાની ઉત્તમ ભાવનાથી તે કેવળજ્ઞાન પામી હેમખેમ મોક્ષે સિધાવ્યો. સમરસિંહને જીવ હિંસાના પ્રભાવથી ક્ષય રોગ થયો. તે ભવભ્રમણમાં ઘણું દુઃખ પામ્યો.

ખરેખર! જીવહિંસા કરવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

**અરિષ્ટનેમિ - રાજીમતી** : (ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર)

**અરિષ્ટનેમિ** કુમાર **જમના** નદીને કાંઠે આવેલી **શૌરીપુર**ના શૂરવીર રાજવી **સમુદ્રવિજય**ના પુત્ર હતા. તેમના નાના ભાઈનું નામ **રહનેમિ** હતું. નેમિકુમાર જ્યારે માતાની કુક્ષિમાં આવ્યા ત્યારે માતાએ અરિષ્ટ નામના કાળા હીરાના ચક્રની નેમિ (કિનારી) જોઈ તેથી તેમને **અરિષ્ટનેમિ** કહેવાય છે. મથુરાના રાજા **વાસુદેવ** સમુદ્રવિજયના નાના ભાઈ હતા. તેમને **રોહિણી** અને **દેવકી** નામે બે રાણીઓ હતી. રોહિણીએ **બલરામ**ને તથા દેવકીએ **શ્રી કૃષ્ણ**ને જન્મ આપ્યો.

જૈન પરંપરા પ્રમાણે બલરામ અને શ્રીકૃષ્ણ નવમા બલદેવ અને વાસુદેવ ગણાય છે. હિંદુ અવતાર પ્રમાણે શ્રી કૃષ્ણને વિષ્ણુનો અવતાર મનાય છે. એ સમયે શિકાર અને જુગાર રાજઘરાનામાં પ્રિય પ્રવૃત્તિ લેખાતી હતી. ધર્મના નામે પશુઓનો બલિ અપાતો હતો. રાજા **કંસ** અને મગધનો રાજા **જરાસંઘ** દુષ્ટ અને ઘાતકી સ્વભાવના હતા. જરાસંઘ જૈન પરંપરા પ્રમાણે પ્રતિવાસુદેવ તરીકે ઓળખાય છે. રાજાના ત્રાસથી બચવા સમુદ્રવિજય, વાસુદેવ, **ઉગ્રસેન**, શ્રીકૃષ્ણ અને બલરામ **ગુજરાત**ના પશ્ચિમ કિનારે આવી વસ્યા. શ્રી કૃષ્ણએ **રૈવતક (ગિરનાર)** પર્વત નજીક દરિયા કિનારે **દ્વારિકા** નગરી વસાવી. એના મજબૂત અને ભવ્ય સ્થાપત્યને કારણે તે નગરી સ્વર્ગ સમી સુંદર લાગતી હતી.

મહારાજ જરાસંઘે અપૂર્વ નરમેઘ યજ્ઞ કર્યો. તેણે આ યજ્ઞમાં સામાન્ય માનવીઓને નહીં પણ સમર્થ રાજવીઓને હોમવાનો વિચાર કર્યો હતો. તે માટે તેણે ચોર્યાશી રાજવીઓને કેદી બનાવ્યાં હતાં. શ્રીકૃષ્ણ, બલરામ અને નેમિકુમાર એ ત્રણે જરાસંઘ સામે લડવા ગયા.

એ જમાનામાં ક્ષત્રિયપુત્ર ખભે ધનુષબાણ, કમર પર કટારી કે હાથમાં પરશુ જેવું શસ્ત્ર ધારણ કરીને નીકળતા. શસ્ત્ર એ સહુનું સદાનું સંગાથી બની ગયું હતું. તેવા સમયમાં નેમિકુમાર પોતાની પાસે એક પણ શસ્ત્ર રાખતા નહોતા. નેમિકુમાર કહેતાં કે, 'શસ્ત્રની તાકાત કરતાં આત્માની તાકાત વિશેષ છે. આત્માનું શસ્ત્ર એ અભયનું પ્રતિક છે. બહારના શત્રુને જીતવા નથી પરંતુ અંતર શત્રુઓને જીતવાના છે. મને રાજાની સત્તાનું સામ્રાજ્ય નહીં, પણ પ્રજાના પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવું છે.' નેમિકુમારની વાતો લોકોને અજાયબ લાગતી.

જરાસંઘે જરાવિદ્યાનો પ્રયોગ કરી વિરોધી સૈન્યને વૃદ્ધ અને રોગિષ્ટ બનાવી દીધું. ત્યારે નેમિકુમારે કહ્યું, ''જરાસંઘે પ્રપંચ રચી વિજય મેળવવા માટે આપણા સૈન્ય પર જરાવિદ્યા અજમાવી છે. આ મહાન આફતમાંથી ઉગારવાનો એક જ ઉપાય છે નાગરાજ ધરણેન્દ્રના આવાસના જિનાલયમાં રહેલી ભાવિ તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રાચીન અને મહાપ્રભાવી મૂર્તિનું સ્નાન જળ આખા સૈન્ય પર છાંટવામાં આવે તો જરાવિદ્યા પરાસ્ત થઈને નાસી જશે. પરંતુ આને માટે અઠ્ઠમ કરવો પડશે.' આસુરી કે દાનવી બળના નાશ માટે દૈવીબળની જરૂર હતી. ઉપવાસથી દેહને તપાવીને દેહનું વિશેષ કૌવત પ્રગટાવવાનું હતું. શ્રીકૃષ્ણે કહ્યું, ''હું અઠ્ઠમ કરું ખરો, પણ સામે દુશ્મન સૈન્ય છે. આપણા સૈન્યની શી દશા થાય ? એવું રક્ષણ કોણ કરી શકે ?'' નેમિકુમારે કહ્યું, ''હું ત્રણ દિવસ સૈન્યની રક્ષા કરીશ.'' કૃષ્ણે અઠ્ઠમ તપની આરાધના કરી, ત્યારે નેમિકુમારે કરેલાં શંખનાદથી આખું શત્રુ સૈન્ય ખળભળી ઉઠ્યું. શત્રુ રાજા ધ્રૂજી ઉઠ્યો. એમની લઘુલાઘવી કળાથી હજારો બાણોનો વરસાદ વરસવા લાગ્યો. કેટલાકનાં મુગટ, કુંડળ, ચામર, કળશ, ધજા, રથનાં પૈડા છેદાઈ ગયાં. દયાળુ નેમિકુમારે મનુષ્ય કે પશુઓને કોઈ હાનિ કરી નહીં. આમ ત્રણ દિવસ સુધી શ્રીકૃષ્ણની અનુપસ્થિતિમાં નેમિકુમારે સૈન્યનું નેતૃત્વ કર્યું. ત્રણ દિવસ પછી શ્રીકૃષ્ણ પુનઃ યુદ્ધ માટે રણસંગ્રામમાં આવ્યા. નાગરાજ ધરણેન્દ્રની આરાધના અને મહાપ્રભાવિક પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિના માહાત્મ્યને કારણે સ્નાન જળથી જરાવિદ્યાનો પ્રભાવ નષ્ટ થયો. આ યુદ્ધમાં જરાસંઘના કેટલાક પુત્રો મરાયા. શ્રીકૃષ્ણનો વિજય થયો. ઉદારમના શ્રીકૃષ્ણે જરાસંઘના પુત્રો કુમુદ, સહદેવ વગેરેને બોલાવી રાજગૃહીનું રાજ્ય પરત કર્યું.

નેમિકુમારે અધર્મનો નાશ કરવા યુદ્ધમાં સાથ આપ્યો હતો પરંતુ તેમના મનમાં સતત વિચારો ઉમટતાં હતા કે, 'માણસ માણસનો સખા છે, શત્રુ નથી.'

એકલસંગી નેમિકુમાર એક વાર દ્વારિકાના મહેલમાં ઘૂમતાં ઘૂમતાં વાસુદેવ શ્રીકૃષ્ણના

શસ્ત્રાગારમાં પહોંચ્યા. ત્યાં શ્રીકૃષ્ણનો પાંચજન્ય શંખ ઉપાડી વગાડ્યો. જેના ગંભીર નાદથી દ્વારિકાનગરી ખળભળી ઉઠી. માત્ર કૃષ્ણ જ જેને વગાડી શકતા હતા એવા પાંચજન્ય શંખને નેમિકુમારે વગાડતાં એમના અતુલ્ય બળનો પરિચય શ્રીકૃષ્ણ સહિત નગરજનોને થયો. લોકોત્તર બળ શ્રીકૃષ્ણે જાણ્યું. તેમણે બલરામને વાત કરી. બલરામે કહ્યું, ''એકલસંગી નેમિ અનેરો છે. એને રાજની વાત કરીએ તો કહે છે કે મારે દ્વારિકાના રાજવી નથી થવું. મારે તો લોકોના દિલના રાજવી થવું છે. શસ્ત્રોને કારણે અત્યાચારીઓથી પીડાતી દુનિયાને એક નવો માર્ગ સૂચવવો છે. મારે તો ધર્મ અહિંસાનો, બળ સત્યનું, રાજ પ્રેમનું અને આખા વિશ્વમાં એના સીમાડા પાથરવા છે. મારી શક્તિ સર્જનમાં વાપરવી છે, સર્વનાશમાં નહીં.''

કૃષ્ણ અને બલભદ્ર નેમિકુમારની વાતો સાંભળી વિચારમાં ડૂબી જતાં ત્યાં એકાએક ભવિષ્યવાણી થઈ કે, 'હે હરિ! ચિંતા ન કરો. પૂર્વે એકવીસમાં શ્રી નમિનાથ તીર્થંકરે કહ્યું હતું કે નેમિનાથ નામના બાવીસમાં તીર્થંકર કુમાર અવસ્થામાં જ દીક્ષા લેશે.' આ વાણી સાંભળી કૃષ્ણ કંઈક અંશે નિશ્ચિંત થયા.

એ પછી તરુણ અને નિર્વિકાર નેમિકુમારને ભોગ માર્ગ તરફ આકર્ષિત કરવાનું કામ **રુક્મિણી** અને **સત્યભામાએ** માથે લીધું. જલક્રીડાનું આયોજન કરવામાં આવ્યું. શ્રીકૃષ્ણની રાણીઓએ નેમિનાથ પર વ્યંગબાણ છોડ્યાં. રાણીઓ સંસારને સારરૂપ માનતી હતી અને નેમિકુમાર સંસારને નિઃસાર ગણતા હતા. સામસામે સંવાદની પટ્ટાબાજી જામી. નેમિનાથે વિવાહ કરવાની ચોખ્ખી ના ન પાડી એટલે એમના મૌનને કબૂલ સમજીને તેમના વિવાહ માટે કન્યાની શોધ શરૂ થઈ. નેમિકુમાર વિચારવા લાગ્યા કે, 'સહુ લગ્નને સંસારનો સાર માને છે. માટે તેઓ મને લગ્ન કરવાનો આગ્રહ કરે છે' પૂર્વના ઋણાનુબંધને લીધે અવધિજ્ઞાની નેમિકુમારે જોયું કે વિવાહની તૈયારી એજ એમની દીક્ષાનું નિમિત્ત બનશે.

વાસુદેવ શ્રીકૃષ્ણ અનેક રાજકન્યાઓ વિશે વિચારવા લાગ્યા. મહારાણી સત્યભામાએ કહ્યું, ''મારી નાનીબેન **રાજીમતી** નેમિકુમાર માટે દરેક રીતે યોગ્ય છે.'' શ્રીકૃષ્ણને આ પ્રસ્તાવ ઉચિત લાગ્યો. તેમણે તત્કાલ **મથુરા** નરેશ **ઉગ્રસેન** રાજા અને **ધારિણી** રાણી પાસે જઈ તેમની પુત્રી **રાજીમતી**નું માગુ કર્યું. મહારાજા ઉગ્રસેને નેમિકુમારના ગુણો સાંભળી પોતાની પુત્રીના પાણિગ્રહણની પસંદગીની વાત સ્વીકારી લીધી. તેઓ માનવા લાગ્યા કે નેમ-રાજુલનું આદર્શ જોડું બનશે. ઉગ્રસેન રાજા ધામધૂમથી પરણાવવા તૈયારી કરવા લાગ્યા. ઉભય પક્ષે આનંદ છવાઈ ગયો.

યાદવકુળ શિરોમણિ નેમિકુમારનું રૂપ અદ્‌ભુત હતું. એમના શ્યામ સુંદર દેહમાં એવી સુશ્રી હતી કે જોતાં નયનો ન ધરાય. માથે મુગટ, બાંહે બાજુબંધ, કાને કુંડળ! આજાનબાહુમાં સુંદર ચાપ! જાણે કામદેવનો બીજો અવતાર! શુભ મુહૂર્તે નેમિ - રાજુલનું વેવિશાળ થયું, વિવાહ લેવાયા. ૫૬ કરોડ યાદવો, સાજન-માજન સાથે નેમિકુમાર જાન લઈને નીકળ્યા. જાન મથુરામાં આવી. આ માર્ગે વિશાળ પશુવાડો હતો. નેમિકુમારે સારથિને પૂછ્યું, ''આ પશુઓનો ભયમિશ્રિત ચિત્કાર કેમ સંભળાય છે?'' સારથિએ કહ્યું, ''કુમાર! આ પશુઓ આપના લગ્ન સમારંભ માટે એકઠાં કરવામાં આવ્યા છે.'' દયાસિંધુ નેમિકુમારનું હૃદય પશુઓના ચિત્કારથી કરૂણાર્દ્ર બની છલકાઈ ગયું. 'પળભરના જીભના સ્વાદ માટે આટલા બધા નિર્દોષ પશુઓનો સંહાર! આવા પાપમય સંસારમાં મારે વૃદ્ધિ નથી કરવી. આ પશુઓ કેવા બંદીવાન બની ગયા છે? તઓ મુક્તિ મેળવવા માટે કેવું આક્રંદ કરે છે? એમના ચહેરા પર અપાર દીનતા ટપકે છે. વન વગડામાં સ્વતંત્રપણે વિચરતા આ નિર્દોષ પશુડાઓ કોઈ પણ જાતના વાંક ગુના વિના કેવા બંધનમાં પડ્યાં છે!'

નેમિકુમારનો કરૂણાર્દ્ર આત્મા મૂક પશુપંખીઓના અંતરની વેદના વાંચી રહ્યો. એમને થયું કે, 'જાન મારી જોડાઈ છે અને હજારો નિર્દોષોની જાન સાથે રમત શા માટે ખેલાતી હશે?' આવા અબોલા પ્રાણીઓની વેદનાનો નેમિકુમાર અનુભવ કરે છે અને વિચારે છે, 'આ લગ્ન નથી પણ હિંસાનું તાંડવ છે. જ્યાં પશુ હત્યા હોય, તે વિવાહનો અર્થ શો?' "સારથિ! વાડો ખોલી રથ પાછો વાળ." સારથિએ નેમિકુમારની આજ્ઞાથી વાડો ખોલી દીધો. પશુઓ વાડામાંથી બહાર નીકળી હાંફળાફાફળા બની દોડવા લાગ્યા. નેમિકુમારે સારથિને રથ પાછો વાળવાનું કહ્યું. પ્રેમાવતાર નેમિકુમાર જેમ જેમ વિચારતા ગયા તેમ તેમ સહુના શ્રેય માટેના રસ્તા સમજાતા ગયાં. લગ્ન કરી સંસારમાં ઓતપ્રોત થયા પછી કદાચ તેને છોડવું અઘરું બને તેથી સત્ય અને સૂના રસ્તે પોતાને તથા અન્યને દોરી જવા માટે આ જ યોગ્ય સમય છે. તેમણે લગ્ન નહીં કરવાનું નક્કી કર્યું. નેમિકુમારે આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું. સકલ સૃષ્ટિમાં પ્રેમના બંધન રોપવાની હાકલ કરી.

રથ પાછો વળ્યો આ જોઈને સગાંવહાલાં અને મિત્રોએ તેમને સમજાવવાનો ખૂબ પ્રયત્ન કર્યો. તેમણે સૌને શાંતિથી ભેદભરમ ખુલ્લો કરી સમજાવ્યું કે, 'મારો ઉદ્દેશ્ય જીવ માત્રને દુઃખમાંથી મુક્ત કરવાનો છે. બંધન દુઃખદાયક છે, મુક્તિ સૌને પ્રિય છે. હું પણ કર્મના બંધન કાપી પરમ સુખ મેળવવા ઈચ્છું છું માટે મને રોકશો નહીં." ત્યારથી યાદવ જાતિમાં પ્રતિપડઘા રૂપે માંસાહારની કુપ્રથા નાબૂદ થઈ ગઈ. સૌરાષ્ટ્રના જેટલા પણ આહીર છે, તે પ્રાયઃ શાકાહારી છે. અભયદાનનું આ અલૌકિક દૃષ્ટાંત છે!

'નેમિકુમાર તોરણેથી પાછા વળ્યા' આ સાંભળી રાજુલના હૃદય પર વજ્રઘાત થયો. કન્યા પક્ષમાં સોંપો પડી ગયો. રંગમાં ભંગ થયો. તેણીએ મનોમન ધૂંધવાઈ ઉપાલંભ આપતાં કહ્યું, "પશુઓની કરુણા જાણનાર નાથ, તમે શું મારા ઉપર કરુણા નહીં વરસાવો?" રાજીમતીની માતા ધારિણી અને સખીઓએ તેણીને આશ્વાસન આપ્યું પરંતુ રાજીમતી તો જન્મોજન્મની પ્રીતિને કારણે મનથી જ નેમિને વરી ચૂકી હતી. નેમિકુમારનું પાછા ફરવાનું સાચું કારણ જાણી તે આશ્ચર્યાઘાતમાંથી બહાર આવી. તેણી હવે ધાર્મિક પ્રવૃત્તિમાં પોતાનો સમય વ્યતીત કરવા લાગી.

બીજી બાજુ નેમિકુમારે મહાભિનિષ્ક્રમણ કર્યું. એક વર્ષ સુધી યાચકોને દાન આપ્યું. એક વર્ષ પૂર્ણ થતાં ઉત્તમકુરુ નામની શિબિકામાં આરુઢ થયા. દ્વારિકા નગરીમાં દીક્ષા મહોત્સવ યોજાયો. શ્રાવણ સુદ છઠ્ઠના દિવસે પાલખીમાં બેસીને **દ્વારિકા**ના રાજમાર્ગેથી પસાર થઈ **ગિરનાર પર્વત**ના **સહસ્ત્રામ્ર** વનમાં પધાર્યા. ત્યાં શિબિકા નીચે મૂકી, આભૂષણો ત્યજ્યાં. પંચમુષ્ઠિ લોચ કરી એક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી.

નેમિકુમારની નિષ્ક્રમણ યાત્રામાં અપાર માનવમેદની અને ચોસઠ ઈન્દ્રો સહિત અગણિત દેવગણ સામેલ હતા. વાસુદેવ શ્રીકૃષ્ણ વયમાં નેમિનાથથી જયેષ્ઠ હતાં. એમણે આશીર્વાદ આપતાં કહ્યું, "આપ શીઘ્રાતીશીઘ્ર આપના લક્ષ્યને પ્રાપ્ત કરો. ધર્મનો આલોક વિશ્વભરમાં ફેલાવો." એક હજાર વ્યક્તિઓ સાથે નેમિકુમારે પ્રવજ્યા ગ્રહણ કરી. વાસુદેવ શ્રીકૃષ્ણ સહિત સહુ વંદન કરી મહેલમાં પાછા ફર્યા.

થાવર્ચ્ચાપુત્રની દીક્ષા પ્રસંગે કર્મયોગી દ્વારકાધીશ શ્રીકૃષ્ણે ધર્મપ્રેમી ભાઈ-બહેનોને દીક્ષા લઈ સંયમ માર્ગે જવાની દલાલી કરી. તેમણે તીર્થંકર અરિષ્ટનેમિ પ્રભુ પાસેથી ભવિષ્યમાં દ્વારકા નગરીના વિનાશની વાત સાંભળી તેમના દિલમાં અચાનક વિચાર આવ્યો કે, 'હું દ્વારકા નગરીમાં ઉદ્‌ઘોષણા કરાવું કે, જે ભાઈ-બહેનોને સંયમ લઈ શ્રમણ ધર્મનું પાલન કરવું હોય તે નિશ્ચિંત બની અરિષ્ટનેમિ પાસે દીક્ષા લે. તેમના પરિવારની પ્રતિપાલના, ભરણ-પોષણ હું મારા ધન-સંપત્તિ વડે કરીશ." આ ઉત્કૃષ્ટ વિચારણાને કારણે

તેમણે તીર્થંકર પદ પ્રાપ્તિનું પુણ્ય બાંધ્યું. તેમણે મુક્તહાથે દાન આપી હજારો ધર્માત્માઓને ધર્મ પ્રાપ્તિમાં સહયોગી થયા.

એકવાર નેમિકુમાર **રૈવતગિરિ** પર પધાર્યા. તેઓ ધ્યાનમાં ઊંડા ઉતર્યા. ચોપનમાં દિવસે એમને ઉજ્જયંત (રૈવતગિરિ) પર્વત પરના સહસ્ત્રામ્ર વનમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. તેઓ બાવીસમાં તીર્થંકર થયાં. તેમણે ચતુર્વિધ સંઘની સ્થાપના કરી પીઠ પ્રવર્તાવી. અધ્યાત્મ વિચારવાળી રાજુલ સમવસરણમાં નેમિકુમાર પાસે આવી. નેમિકુમારે રાજુલને કહ્યું, "તમે શીલ ધારણ કરી સંસારને શોભાવો." વિજોગણ રાજુલે જોગણ બની સ્વામીનો પંથ અજવાળી મૂક્યો. નેમિકુમાર કરુણાના વૈરાગ્યથી શોભી રહ્યા, તો રાજુલ વિયોગના વૈરાગ્યથી શોભી રહ્યા. રાગનો લાવારસ વિરાગના શાંત રસમાં પલટાઈને ધન્ય બની ગયો. અણનમ રાજુલ નેમિકુમારનો ઉમદા હેતુ સ્વીકારી અડીખમ સાધ્વી બન્યા. રાજીમતીને અધ્યાત્મની ઓળખ આપી નેમિકુમારે માયા, મોહ, મમત્વના જૂઠા લગ્ન છોડાવી ત્યાગ, તપ અને સંયમના સ્નેહ સધાવ્યા.

[1]એકવાર રૈવતાચલની ગુફામાં મુશળધાર વરસાદમાં આવેલી રાજીમતીને રહનેમિ મુનિ જુએ છે અને રહનેમિનો રાજીમતી પ્રત્યેનો મોહ જાગૃત થાય છે. એ સમયે રાજીમતીએ અપૂર્વ વેગથી કહ્યું કે, "રહનેમિ ! ચામડીનો આટલો મોહ ? મોહના કારણે તમારી ઉન્નતિને રોકવા ચાહો છો ? રાજીમતીમાં એવું શું ભાળ્યું કે અમૃતના કુપ જેવી સાધુતાને છેહ દેવા તૈયાર થયા છો ? જો તમને મારા મુખનો મોહ હોય તો મુખ ઉતારીને આપી દઉં. જો હાથ પ્રત્યે આસક્તિ હોય તો હાથ કાપીને આપી દઉં પરંતુ ભલા થઈને તમારી સિંહ સમી સાધુતાને શિયાળની સાધુતા ન બનાવો ! દેવરિયા મુનિવર, ધ્યાનમાં રહો !" અંતે રાજીમતી રહનેમિ મુનિને અધ્યાત્મ જ્ઞાન કરાવી મોહના બંધનથી છોડાવી યોગ્ય માર્ગેવાળે છે. લપસેલા રહનેમિ મુનિએ સ્થિર બની કહ્યું, "તમે મારા ભાભી નથી, માતા નથી પરંતુ મારા જ્ઞાનદાતા ગુરુ છો." આ છે જ્ઞાનદાન દ્વારા પરિવર્તનનું જ્વલંત દૃષ્ટાંત !

નેમિકુમારના સમયની જેમ જ રોમમાં નરબલિ પ્રથા હતી, જેને ત્યાંના **ટેલીમૈક્સ** નામના સંતે પોતાનું બલિદાન આપી બંધ કરી. બંગાળમાં 'સતીપ્રથા' હતી. પતિના મૃત્યુ બાદ તેની પાછળ પત્નીને જીવતા ચિતામાં બળીને મરવું પડતું હતું અથવા સમાજના નિર્દયી લોકો બળજબરીથી સ્ત્રીને સળગાવી દેતા હતા. **રાજા રામમોહનરાયે** બ્રિટીશ સરકારની મદદથી સ્ત્રીની તરફેણમાં કાયદો બનાવી સતીપ્રથાનો અંત આણ્યો. કાલીદેવીની આગળ ગર્ભવતી સુંદરીઓને બલિ ચડાવી દેવાની ભયંકર કુપ્રથા હતી, જેને **વારેન હેસ્ટિંગ્સે** પોતાના શાસનકાળમાં નાબૂદ કરાવી. આ પણ ઉત્તમ કોટિનું અભયદાન છે.

---

૧. દીક્ષિત બનેલા રાજીમતી સાધ્વી રૈવતાચલ પર્વત પર નિર્વાણ પધારે છે. નેમિનાથ પ્રભુએ મધ્યપ્રદેશમાં ઉત્તર દિશામાં રાજપુર વગેરે શહેરો અને અનેક મલેચ્છ દેશોમાં વિહાર કર્યો. તેમના સમુદાયમાં ૧૮,૦૦૦ સાધુઓ અને ૪૦,૦૦૦ બુદ્ધિમંત સાધ્વીઓ હતા. ૪૦૦ જેટલા ચૌદ પૂર્વધારીઓ, ૧,૫૦૦ અવધિજ્ઞાનીઓ, ૧,૫૦૦ વૈક્રિયલબ્ધિધારીઓ, ૧,૫૦૦ કેવળજ્ઞાનીઓ, ૧૦૦૦ મન:પર્યવ જ્ઞાનીઓ, ૮૦૦ વાદલબ્ધિવાળા, ૧,૬૯,૦૦૦ શ્રાવકો, ૩,૩૯,૦૦૦ શ્રાવિકાઓ હતા. પોતાનો નિર્વાણ સમય નજીક જાણીને નેમિનાથ પ્રભુ રૈવતગિરિ ઉપર પધાર્યા. ત્યાં ઈન્દ્રોએ રચેલા સમવસરણમાં બેસી પ્રભુએ સર્વ જીવોના અનુગ્રહની ઈચ્છાથી છેલ્લી દેશના આપી. તે દેશનાથી પ્રતિબોધ પામીને કેટલાકે દીક્ષા લીધી. કેટલાક શ્રાવક બન્યા, કેટલાક ભદ્રિકભાવી થયા. ૫૩૬ સાધુઓની સાથે પ્રભુએ એક મહિનાનું પાદપોપગમન અનશન કર્યું. અષાઢ માસની શુક્લ અષ્ટમીએ ચિત્રા નક્ષત્રમાં સાયંકાળે શૈલેશી ધ્યાનને પ્રાપ્ત થયેલા પ્રભુ તે મુનિઓની સાથે નિર્વાણ પધાર્યા.

**અવંતીસુકુમાલ** : (ઉપદેશ તરંગિણી - સંસ્કૃત)

**શ્રીપુર** નગરમાં કોઈ માછીમાર પોતાની દુષ્ટ સ્ત્રીનાં કર્કશ વચનો સાંભળી રાત્રિના ચોથા પ્રહરે જાળ લઈને માછલાં પકડવા ગયો. સૂર્યોદય થવાને ઘણીવાર છે અને રાત્રિ ઘણી બાકી છે એવું જાણી માછીમાર આંબાના વૃક્ષની નીચે રહેલા મહાત્મા પાસે આવ્યો. રાત્રિજાગરણ કરતા પરોપકારી મહાત્માએ માછીમારને મનુષ્ય જન્મની મહત્તા અને અહિંસા ધર્મનો ઉપદેશ આપ્યો.

માછીમાર જિનવાણીથી પ્રભાવિત થયો પરંતુ વ્યવસાયે માછીમાર હતો તેથી તેણે મહાત્માને કહ્યું.,"હું શું કરું ? આ પાપી પેટ માટે મારે હિંસા કરવી જ પડશે." મહાત્માએ કહ્યું, "તું એક નાનકડો નિયમ કર. આ નિયમ પણ તને તારશે. તારે જાળમાં આવેલું પ્રથમ માછલું છોડી દેવું." માછીમાર ખુશ થતો વંદન કરી પુન: પોતાના વ્યવસાયમાં જોડાયો. સમુદ્રકાંઠે જઈ પાણીમાં જાળ નાંખી. જાળમાં જે પ્રથમ માછલું આવ્યું તેને નિયમ મુજબ છોડી દીધું. દેવે પરીક્ષા કરવા ફરી ફરી એ જ માછલું જાળમાં મૂક્યું. માછીમારે તેને યાદ રાખવા તે માછલાની ડોકમાં નિશાની તરીકે કોડી બાંધી.

સંયોગવશાત પુન: પુન: તે જ માછલું જાળમાં આવવાથી માછીમાર હતાશ થઈ ગયો. કંઈ પણ લીધા વિના ખાલી હાથે ઘેર ગયો તેથી પત્નીએ ઝઘડો કરી તેને ઘરમાંથી બહાર કાઢયો. માછીમાર પુન: મહાત્મા પાસે આવ્યો. ત્યાં પુન: ધર્મ પૂછયો. મહાત્માએ પ્રથમ અહિંસાવ્રત સહિત શ્રાવકના પાંચ અણુવ્રતનું સ્વરૂપ દર્શાવ્યું. માછીમાર તેની સમ્યક્પણે આરાધના કરી, શુભધ્યાનમાં મૃત્યુ પામી નલિનીગુલ્મ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી તે અવંતિ નગરીના **ભદ્ર** શેઠ અને **ભદ્રા** શેઠાણીનો પુત્ર **અવંતીસુકુમાલ** તરીકે ઉત્પન્ન થયો.

તે બત્રીસ કન્યાઓનો ભરથાર થયો. ઘણી જ ઋદ્ધિવાળો તથા પરમસુખી હોવાથી જાણે શાલિભદ્રનો જ બીજો અવતાર! એકદા પોતાના મહેલની ચિત્રશાળામાં ઉતરેલા દશપૂર્વધર **શ્રી આર્યસુહસ્તિ** સૂરિના મુખેથી થતા સ્વાધ્યાયમાં **નલિનીગુલ્મ** વિમાનનું સ્વરૂપ સાંભળી તે પર ઊંડી વિચારણા કરતાં અવંતીસુકુમાલને જાતિસ્મરણ જ્ઞાન થયું. તે વિચારવા લાગ્યો કે, 'આ વિમાનમાં જે સુખ છે. તેના ક્રોડમાં ભાગનું સુખ અહીં નથી, માટે ત્યાં જવાય તો સારું.' તેણે ગુરુને પુછયું, "ભગવન્! શું આપ નલિનીગુલ્મ વિમાનમાંથી આવ્યા છો ?" ગુરુએ કહ્યું, "આ સિદ્ધાંતનું વર્ણન છે." તેણે ગુરુને પૂછયું, "ત્યાં શી રીતે જલ્દી જવાય ?" ગુરુએ કહ્યું, "સમ્યક્પણે ચારિત્રનું પાલન કરવાથી." તેણે કહ્યું, "મને ચારિત્ર આપો." ગુરુએ કહ્યું, "તારી માતાની અનુમતિ સિવાય ચારિત્ર ન અપાય." ત્યારે અવંતીસુકુમાલે સ્વયં ચારિત્ર લીધું. તેનું શરીર અતિશય કોમળ હતું. દીક્ષા લઈ સ્મશાનમાં જઈ ભિક્ષુની બારમી પડિમા અંગીકાર કરી.

મુનિ ઉઘાડા પગે વિહાર કરી સ્મશાન ભૂમિમાં ગયા. ત્યારે કોમળ પગમાં કાંકરા વગેરે વાગવાથી લોહી નીકળ્યું. તેઓ સ્મશાનમાં જઈ પંચપરમેષ્ઠીનું સ્મરણ કરી અનશન લઈ કાયોત્સર્ગમાં રહ્યાં. ત્યાં લોહી-વાળા પગલાને અનુસરતી શિયાળણી પોતાના બાળકો સાથે ત્યાં આવી. લોહીની ગંધથી પગેરું શોધતી આવેલી શિયાળણી, જે પૂર્વભવની પત્ની હતી, તે મુનિના શરીરને બચકા ભરી ખાવા લાગી. ચામડા, માંસ, હાડકા અને મજ્જાનું રાત્રિના પ્રથમ પહોરે જ શિયાળણીએ ભક્ષણ કર્યું. તેના બાળકો મુનિનો બીજો પગ ખાઈ ગયા. દઢ મનોબળવાળા મહાત્મા અંશમાત્ર ચલાયમાન ન થયાં. બીજા પ્રહરે બે સાથળો વનચરો ખાઈ ગયા, છતાં તે જીવો પ્રત્યે મહાત્માએ દયા જ ચિંતવી. ત્રીજા પ્રહરે ઉદર ખાધું ત્યારે મુનિએ એવું વિચાર્યું કે, 'તેઓ મારા પરમ

ઉપકારી છે. મારા કર્મોનો નાશ કરવામાં મદદ કરી રહ્યાં છે.'

ચોથા પ્રહરે મહાસાત્ત્વિક મુનિ ઉપર આવેલ ઉપસર્ગ સમતાભાવે સહન કરી **નલિનીગુલ્મ વિમાન**માં ઉત્પન્ન થયા. આર્ય સુહસ્તી દ્વારા સઘળો વૃત્તાંત સાંભળી ભદ્રામાતા સહિત સગર્ભા પુત્રવધૂ સિવાય બધાએ દીક્ષા લીધી. સગર્ભા વધૂએ પુત્રને જન્મ આપ્યો. આ પુત્રએ મોટા થઈ અવંતીસુકુમાલને જ્યાં ઉપસર્ગ થયો હતો તે જગ્યાએ '**મહાકાલ પ્રાસાદ**' બનાવ્યો. તે પ્રાસાદ આજે પણ ઉજ્જયિનીમાં છે.

આમ અભયદાન આપનાર માછીમાર એક નાનકડા નિયમથી દિવ્યસુખો મેળવી અંતે મુક્તિના સુખને આંબી ગયો.

**આરામશોભા** : (મુનિસુવ્રત સ્વામી ચરિત્ર)

**ભરતક્ષેત્ર**માં **કુશાવર્ત દેશ**માં **સ્થાલાશ્રય** નામે એક ગામ છે. તે ગામમાં **અગ્નિશર્મા** નામે બ્રાહ્મણ રહેતો હતો. તેને **જ્વલનશિખા** નામે પત્ની હતી. તેની **વિદ્યુત્પ્રભા** નામની રૂપવાન અને ગુણવાન પુત્રી હતી. તે આઠ વર્ષની થઈ ત્યારે માતા મૃત્યુ પામી. નાની વયમાં જ પુત્રીને માથે ઘરનાં કામકાજનો બોજ આવ્યો. સવારે ઉઠીને તે ગાયો દોહતી, ગાયોને ચરાવવા સીમમાં જતી. છાણ-વાસીંદુ કરતી, પિતાને જમાડતી.

એક દિવસ તેણે પિતા સમક્ષ માતા લાવવાની હઠ પકડી. પુત્રીની અત્યંત શ્રમિક પરિસ્થિતિ પારખીને પિતા એક સ્ત્રીને ઘરમાં લાવ્યાં. સાવકી મા પુત્રીનો બોજ હળવો કરવાને બદલે બધાં કામો વળગાવી પોતે સ્નાન-વિલેપન અને ટાપટીપમાં રચી-પચી રહેવા લાગી. પુત્રીનો સંતાપ બેવડાયો. તે ભોજન સમયે રાત્રે ઘરે આવતી ત્યારે વધ્યું ઘટયું ખાવા મળતું.

એક દિવસ ગાયો ચરાવવા ગયેલી વિદ્યુત્પ્રભા ઘાસની વચ્ચે સૂતી હતી ત્યાં એક નાગ આવ્યો. એ નાગે મનુષ્યની વાણીમાં વિદ્યુત્પ્રભાને ઉઠાડી. ''દીકરી ! ડરનો માર્યો હું અહીં આવ્યો છું. દુષ્ટ ગારુડીઓ મારી પાછળ પડયાં છે. તારી ઓઢણીથી ઢાંકીને તું મારી રક્ષા કર. તું જરાય ભય રાખીશ નહીં.'' આ બાળાએ નાગને છૂપાવી દીધો. થોડી વારમાં ગારુડીઓ નાગને શોધતા ત્યાં આવ્યાં. એમને થયું કે, 'જો બાલિકાએ નાગને જોયો હોત તો જરૂર ચીસાચીસ કરી હોત.' એમ સમજી ગારુડીઓ ત્યાંથી ચાલ્યાં ગયાં. બાળાએ નાગને બહાર આવવાનું કહ્યું. નાગ દેવ સ્વરૂપે પ્રગટ થયો. ''બેટા ! તારા પરોપકાર અને ધૈર્યયુક્ત આચરણથી હું પ્રસન્ન થયો છું. તું વરદાન માંગ !'' બાળાએ કહ્યું, ''આ વૃક્ષ વિનાની ભૂમિમાં મારી ઉપર છાંયડો કરો, જેથી હું સુખેથી ગાયોને ચરાવી શકું.'' નાગદેવે એક ઉદ્યાન (આરામ)નું નિર્માણ કર્યું. આ ઉદ્યાન અનેક વૃક્ષોથી સભર અને પુષ્પોથી સુવાસિત હતું. નાગદેવે કહ્યું, ''તું જ્યાં જ્યાં જઈશ ત્યાં ત્યાં તારા ઉપર આ ઉદ્યાન છવાયેલો રહેશે.'' ઘેર જતાં એ તારી ઈચ્છાથી સંકોચાઈને નાનો બની તારા ઘર ઉપર સ્થિર થશે. તને કોઈ આફત આવે ત્યારે તું મારું સ્મરણ કરજે.'' આમ કહી નાગદેવ અદશ્ય થયો. વિદ્યુત્પ્રભાએ વિવિધ ફળોથી પોતાની ભૂખ-તરસ છીપાવી. પછી ગાયોને લઈ ઘેર ગઈ. ઉદ્યાન ઘરની ઉપર છવાયો. સાવકી માતાએ જમવાનું કહેતાં ''ભૂખ નથી'' કહીને સૂઈ ગઈ.

રોજિંદા ક્રમ પ્રમાણે વિદ્યુત્પ્રભા એક દિવસ વગડામાં ઉદ્યાનની નીચે સૂતી હતી ત્યાં **પાટલિપુત્ર**નો **જિતશત્રુ** રાજા તેના મંત્રી અને સૈન્ય સાથે ત્યાં આવ્યો. તેણે ઉદ્યાન જોયો એટલે ત્યાં જ પડાવ નાખ્યો. સૈન્ય અને હાથીઓના અવાજથી વિદ્યુત્પ્રભા જાગી ગઈ. હાથીઓના ભયથી એની ગાયો દૂર ચાલી ગયેલી. ગાયોને પાછી વાળવા માટે એ દોડી. એના દોડવા સાથે આખું ઉદ્યાન પણ ખસવા માંડયું. રાજા, મંત્રી અને સૌ સૈનિકોને જોઈને નવાઈ લાગી. તેમને આ ઈન્દ્રજાળ જેવું લાગ્યું. મંત્રીએ કહ્યું, ''આ બાળાની સાથે ઉદ્યાન પણ ચાલી

નીકળ્યું છે માટે આ છોકરીનો કોઈ પ્રભાવ જણાય છે.'' મંત્રીએ છોકરીને બોલાવી. વિદ્યુત્પ્રભા આવી એટલે ઉદ્યાન પણ આવ્યું. રાજા આ છોકરીની દૈવી લબ્ધિ જોઈને એના પ્રત્યે અનુરક્ત થયો. મંત્રીથી આ અજાણ્યું ન રહ્યું. તેણે વિદ્યુત્પ્રભાને કહ્યું, ''આ રાજાને તું ભરતાર તરીકે સ્વીકાર.'' વિદ્યુત્પ્રભાએ કહ્યું, ''માતા-પિતાને પૂછ્યાં વિના હું નિર્ણય ન કરી શકું.'' મંત્રીએ પૂછતાછ કરી ઘરનો પરિચય મેળવ્યો. મંત્રી અગ્નિશર્માએ બ્રાહ્મણને ત્યાં જઈ રાજા માટે વિદ્યુત્પ્રભાનો હાથ માંગ્યો. બ્રાહ્મણ કબૂલ થયો. રાજાએ વિદ્યુત્પ્રભા સાથે ગાંધર્વ વિવાહ કર્યા. લગ્ન પછી એનું નામ બદલીને **'આરામશોભા'** રાખવામાં આવ્યું કેમકે, 'એની ઉપર આરામ (ઉદ્યાન) શોભાયમાન હતું.' જિતશત્રુ રાજા રાણીને લઈને પાટલીપુત્ર પહોંચ્યો. સૌએ નવી રાણીની પ્રશંસા કરી.

આ બાજુ આરામશોભાની સાવકી માતાએ એક પુત્રીને જન્મ આપ્યો. માતાએ વિચાર્યું, 'જો આરામશોભાની હયાતી ન હોય તો રાજા મારી પુત્રીને પરણે.' એમ વિચારી આરામશોભાનો કાંટો કાઢવા પ્રપંચ આદર્યો. સાવકી માએ મસાલાથી ભરપૂર સિંહ કેસર લાડુ બનાવ્યા. એમાં એણે વિષ ભેળવ્યું. પછી એક ઘડામાં મૂકી પતિને આરામશોભાને ત્યાં મોકલ્યો. સાથે એવી સૂચના આપી કે, 'આ લાડુ માત્ર આરામશોભાએ જ ખાવાના છે.' એ માટે એણે દલીલ કરી કે, 'જો રાજકુળમાં બીજા ખાય તો આપણી તુચ્છતા હાંસીપાત્ર બને.' સરળ સ્વભાવનો બ્રાહ્મણ પત્નીનો દુષ્ટ ઈરાદો કળી શક્યો નહીં. લાડુ ભરેલો ઘડો લઈ તે પાટલીપુત્ર પહોંચ્યો. થાક્યો હોવાથી નગરની બહાર એક વડના ઝાડ નીચે સૂતો. ત્યાં રહેલા પેલા નાગદેવે 'આ લાડુ વિષમય છે' એવું જાણી લીધું. આ લાડુ જો આરામશોભા ખાશે તો મૃત્યુ પામશે એટલે નાગે પોતાની દૈવી શક્તિથી વિષમય લાડુને સ્થાને અમૃતના લાડુ મૂક્યા. બ્રાહ્મણ રાજમહેલે ગયો. રાજાએ અગ્નિશર્માને મહેલમાં તેડાવ્યો. બ્રાહ્મણે આરામશોભાને ભેટ આપતાં કહ્યું, ''તારી માતાએ પ્રેમથી આ ભાતું મોકલ્યું છે. બધામાં હાંસીપાત્ર ન બનું એટલે આ ભેટ કેવળ તારા માટે જ છે.'' આરામશોભાએ ઘડો ખોલ્યો. એમાંથી મીઠી સુગંધ પ્રસરી રહી હતી. રાજા કૌતુકથી લાડુ જોવા લાગ્યો. એટલું જ નહીં પ્રેમથી લાડુ આરોગ્યા પણ ખરા. અન્ય રાણીઓને પણ એક એક લાડુ મોકલાવ્યાં. સૌએ આરામશોભાની માતાની આવડતને વખાણી. બ્રાહ્મણે પુત્રીને થોડા દિવસ માટે પિયર મોકલવાની રાજાને વિનંતી કરી. રાજાએ કહ્યું, ''રાજરાણી સૂર્યથી ઓઝલમાં રહે છે.' રાજાની ના થવાથી પિતા એકલો પાછો ફર્યો. ઘેર પહોંચીને બધો વૃત્તાંત કહ્યો ત્યારે પત્ની પોતાનું કાવતરું નિષ્ફળ જવાથી નિરાશ થઈ.

થોડાક દિવસ પછી સાવકી માએ વિષમિશ્રિત સૂતરફેણીનો કરંડિયો આરામશોભાને ભેટ ધરવા પતિ સાથે મોકલ્યો. પૂર્વની જેમ જ નાગદેવે દૈવી શક્તિથી વિષ હરણ કર્યું. પુનઃ આરામશોભાની માતાની સૌએ પ્રશંસા કરી. આ વખતે આરામશોભા સગર્ભા હતી. પતિએ આ સમાચાર પત્નીને આપ્યાં. ત્રીજીવાર માતાએ પતિને મીઠાઈ સાથે પાટલીપુત્ર મોકલ્યા. પતિને ખાસ સૂચના આપી કે, 'સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે અહીં લાવવી અને રાજા ન માને તો બ્રહ્મતેજ બતાવવું. આ વખતે પણ નાગદેવે મિઠાઈમાંથી વિષ હરી લીધું. બ્રાહ્મણે સગર્ભા પુત્રીને પ્રસૂતિ માટે પિયર મોકલવા રાજાને વિનંતી કરી. રાજાએ ના પાડી એટલે તરત જ પિતાએ પોતાના પેટ પર છરી મૂકીને કહ્યું, ''જો પુત્રીને નહીં મોકલો તો હું બ્રહ્મ હત્યા કરીશ.'' રાજાએ મંત્રીની સલાહ લઈ આરામશોભાને પરિચારિકાઓ સાથે પિયર મોકલી.

સાવકી માએ ઘરની પાછળ કૂવો ખોદાવ્યો. આરામશોભાએ સ્વરૂપવાન બાળકને જન્મ આપ્યો. એક દિવસ લાગ જોઈને માતા આરામશોભાને કુદરતી હાજતે પાછલા દરવાજેથી લઈ ગઈ. કુતૂહલવશ આરામશોભાએ કૂવામાં ડોકીયું કર્યું. માતાએ પાછળથી ધક્કો માર્યો. તે કૂવામાં પડી. તેણે નાગદેવનું સ્મરણ

કર્યું. નાગદેવે તેને હથેળીમાં ઝીલી લીધી. હવે કૂવામાં પાતાળભવન બનાવી એને ત્યાં રાખી. ઉદ્યાન પણ એની સાથે કૂવામાં પેઠો. સાવકી માતાએ સગી પુત્રીને સુવાવડીનો વેશ પહેરાવી આરામશોભાને સ્થાને ગોઠવી દીધી. નકલી રાણી અને કુમાર પાટલિપુત્ર પહોંચ્યાં. રાજાએ નવાઈ પામી પૂછયું, ''તારો દેહ મને કેમ જુદો લાગે છે ?'' નકલી રાણીએ કહ્યું, ''પ્રસૂતિ રોગને લીધે શરીર આવું થઈ ગયું છે.'' રાજાએ પૂછયું, ''ઉદ્યાન કેમ દેખાતો નથી ?'' તેણીએ કહ્યું, ''તે કૂવામાં પાણી પી રહ્યો છે.'' રાજાને કોઈ સંશય થયો નહીં.

પિયરમાં રહેલી આરામશોભાએ નાગદેવને વિનંતી કરી કે, 'પુત્રનો વિરહ ખમાતો નથી.' ત્યારે દેવે કહ્યું, ''હું તને મારી શક્તિથી ત્યાં લઈ જઈશ પરંતુ સૂર્યોદય પહેલા તું અચૂક પાછી ફરજે. નહીં તો મારું મૃત્યુ થશે. તારા કેશપાશમાંથી મરેલા નાગરૂપે તું મને જોઈશ.'' દેવના પ્રભાવથી આરામશોભા રાત્રે આવી, પુત્રને રમાડી, ફળ-ફૂલ મૂકી વિદાય થઈ. આયાએ રાજાને આ વાતની જાણ કરી. બીજે દિવસે પણ આમ જ થયું. ત્રીજી રાત્રિએ રાજા ગુપ્તપણે ઉભો રહી જોવા લાગ્યો. રાત્રે આરામશોભા આવી. રાજાને ખાત્રી થઈ કે, 'આ જ મારી સાચી પત્ની છે.' આરામશોભા પુત્રને રમાડી ચાલી ગઈ. ચોથી રાતે રાજાએ આરામશોભાનો હાથ પકડી લીધો. ત્યારે તેણે કહ્યું, ''હું કાલે આવીશ અત્યારે મને જવા દો. તમે મને બળપૂર્વક રોકશો તો ભારે પસ્તાવો થશે.'' રાજાએ તેને ન છોડી. ત્યારે આરામશોભાએ સાવકી માતાના દુર્વ્યવહારનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. ત્યાં સુધીમાં અરુણોદય થઈ જતાં એના ચોટલામાંથી મરેલો સાપ નીચે પડયો. આરામશોભા મૂર્છાવશ બની ગઈ. રાજાએ નકલી રાણીને બંધનમાં નાંખી પરંતુ આરામશોભાએ કરુણા લાવી તેને બંધન મુક્ત કરાવી. રાજાએ સાવકી માને નાક-કાન કાપી દેશનિકાલનો ફરમાન કર્યો. ત્યારે દિલદાર આરામ-શોભાએ દયાભાવે તે ફરમાન રદ્ કરાવી અભયદાન આપ્યું.

એક વખત નગરમાં **વીરચંદ્ર** નામનાં શ્રમણ પુંગવ પધાર્યા. ત્યારે આરામશોભાએ તેમને આ જન્મમાં થયેલ સુખ-દુઃખના અનુભવોનું કારણ પૂછયું. મહાત્માએ તેનો પૂર્વભવ કહ્યો. ''પૂર્વભવમાં પોતે પિતાને અણગમતી આઠમી પુત્રી હતી. પિતાએ તેના એક યુવક સાથે વિવાહ કરાવ્યાં. તે એને રસ્તામાં ત્યજી ચાલ્યો ગયો. **મણિભદ્ર** નામના એકે શેઠે તેને પોતાની દીકરી જેવી ગણી આશ્રય આપ્યો. તેણી પાલક પિતાને ત્યાં ધર્મ આરાધના કરવા લાગી. તેના શીલના પ્રભાવથી શેઠની ઉજ્જડ વાડી નવપલ્લવિત થઈ ગઈ. ઉગ્ર તપશ્ચર્યા કરી તેણી મૃત્યુ પામી. એણે જે નવો જન્મ લીધો એ આ ભવની આરામશોભા. પાલક પિતા મણિભદ્ર શેઠ તે આ ભવના નાગદેવ.''

મુનિની વાણી સાંભળી આરામશોભાનું ચિત્ત વૈરાગી બન્યું. રાજા અને રાણીએ કુમારનો રાજ્યાભિષેક કરી દીક્ષા ગ્રહણ કરી. અંતે અનશન કરી બન્ને સ્વર્ગે ગયાં.

આમ, અભયદાન મનુષ્યની જીવિત માનવતાનું સૂચક છે. આરામશોભાના હૃદયની કોમળતા અને સમ્યક્ત્વની યોગ્યતાનું માપક યંત્ર છે.

**આરામિક - ધનમાળી** : (ઉપદેશતરંગિણી, સંસ્કૃતપ્રતનું સંક્ષેપમાં ભાષાંતર)

**જયપુરમાં ધન** નામના માળી વડે પાંચ પોરા (પાણીમાં થનારા સૂક્ષ્મજીવો) જીવદયાના પરિણામથી રક્ષણ કરાયાં, સમય જતાં ધન માળીનો દેહ પંચત્વમાં વિલીન થયો. બીજા ભવમાં તે કુળપુત્ર થયો. બાલ્યાવસ્થામાં જ તેના માતા પિતાનું મૃત્યુ થયું. તે નબાપો બન્યો. તે સમજણો થયો ત્યારે પેટ ભરવા માટે વ્યવસાયની આવશ્યકતા ઊભી થતાં તે દેશાંતર જવા નીકળ્યો. રાત્રિની વેળાએ અટવીમાં એક વટવૃક્ષની નીચે રાતવાસો રહ્યો. ઠંડો પવન વાતો હતો. વળી, તે શ્રમિત થયેલો હોવાથી ક્ષણવારમાં વટવૃક્ષની નીચે સૂઈ

ગયો. આ વટવૃક્ષ પર રહેલાં પાંચ યક્ષોએ તેને જોયો. યક્ષોએ વાર્તાલાપ કરતાં કહ્યું, ''આ તો પૂર્વભવનો આપણો ઉપકારી છે. અત્યારે તે મુશ્કેલીમાં છે, તેનું નસીબ પાધરું નથી માટે આપણે તેને જરૂર મદદ કરવી જોઈએ.'' પ્રાતઃકાળ થતાં જ અદશ્ય યક્ષે કુળપુત્રને કહ્યું, ''તને પાંચમે દિવસે રાજ્ય મળશે. પોતે રાજવી થશે એવી આકાશવાણી સાંભળી કુળપુત્ર ખુશ થઈ ગયો. તેણે યક્ષદેવનો મનોમન આભાર માન્યો. હવે તેણે આગળ પ્રવાસ કર્યો.

પાંચમા દિવસે તે **વારાણસી** નગરીમાં પહોંચ્યો. યોગાનુયોગ તે નગરનો રાજા **નરપાલ** મૃત્યુ પામ્યો. તે અપુત્રીયો હતો. કુળપુત્ર વારાણસી નગરીનો રાજવી બન્યો. મંત્રીઓને સઘળો રાજ્યભાર સોંપી રાજા સુખ ભોગવવા લાગ્યો. તેને દ્યૂત ક્રીડાનું વ્યસન વળગ્યું. તેની લાપરવાહીના કારણે સીમડાનાં રાજાઓ રાજ્ય ઉચ્છેદ કરવા માટે ચઢી આવ્યાં. મહામંત્રીના મનમાં ભીતી જન્મી. તેમના વડે વારંવાર શત્રુ સેનાની ચઢાઈના સમાચાર આપવા છતાં કુળપુત્ર રાજાએ દ્યૂતક્રીડાને અળગી ન કરી. મહામંત્રી ચિંતાતુર થયા. તેમનો જીવ તાળવે ચોંટયો. તેમણે રાજરાણીને સમજાવવા માટે કહ્યું. રાજરાણીએ ઘણી રીતે કુળપુત્ર રાજાને વ્યસન છોડી રાજ્યની ધુરા સંભાળવાની શિખામણ આપી. ત્યારે કુળપુત્ર રાજાએ મર્દાનગીભર્યા સ્વરે પત્નીને કહ્યું, '' નસીબ જ્યારે પાધરું હોય છે ત્યારે કોઈની તાકાત નથી કે કોઈનું લૂંટી લે. આ વડના વૃક્ષ ઉપર રહેલાં યક્ષો જ મને ધન-સંપત્તિ આપે છે અને તેઓ જ ધનનું હરણ કરે છે માટે હે કલ્યાણી ! તું ચિંતા ન કર. તું પાશા નાંખ. જે થવાનું હશે તે થશે.''

આવું સાંભળી યક્ષોએ ખુશ થઈ સીમડાના રાજાઓને બાંધી, કુળપુત્ર રાજાને શરણે લાવી પગે પડાવ્યા. આ દશ્ય જોઈ નગરજનો આશ્ચર્યચકિત બન્યા. સૌએ હળવાશની લાગણી અનુભવી. કુળપુત્ર રાજાની ચારે તરફ પ્રશંસા થવા લાગી.

એકવાર વિશિષ્ટ જ્ઞાની ભગવંતનો સમાગમ થતાં કુળપુત્ર રાજાને પોતાનો પૂર્વભવ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેમણે મહાત્માને પૂછયું, ''ભગવન્! મારો પૂર્વભવ કહો.'' મહાત્માએ કહ્યું, ''દેવાનુપ્રિય ! પૂર્વે ધન માળીના ભવમાં તેં પાણીનાં પાંચ જીવોને અભયદાન આપ્યું હતું. આ પાંચ જીવો મૃત્યુ પામી યક્ષ બન્યા છે. એમણે જ તને પ્રસંગોપાત મદદ કરી હતી. તેઓ જ તારા રાજ્યની સુરક્ષા કરી રહ્યાં છે.'

આમ, અભય દાનરૂપી વશીકરણ મંત્રથી દેવતાઓ સ્વયં સદા સાથે રહી મનોવાંછિત સુખ-ઐશ્વર્ય અપાવે છે.

**અવિચારી મંત્રી / અમિતતેજ / વિજયરાજા** : (શાંતિનાથ ચરિત્ર)

**પોતનપુરમાં વિજયરાજા** પાસે એક નિમિત્તિયો આવ્યો. રાજાએ તેનું સ્વાગત કર્યું. ત્યારે નૈમિત્તિકે કંઈક કહેવાની ઈચ્છા બતાવી અને કહ્યું, ''મારે કંઈક કહેવું છે પણ જીભ ઉપડતી નથી.'' ત્યારે વિજયરાજે કહ્યું. 'વિદ્વાનને વળી શું વિકલ્પ ? જે કહેવું હોય તે કહો.'' આ સાંભળી નૈમિત્તિકે મહાકષ્ટથી ગભરાતાં કહ્યું, ''હે દેવ ! આજથી સાતમા દિવસે, મધ્યાહ્નને સમયે પોતનપુરના અધિપતિ ઉપર વીજળી પડશે.'' આ સાંભળી સભા સ્તબ્ધ થઈ ગઈ. તે સમયે **અવિચારી** નામનાં મંત્રીએ ક્રોધિત થઈ **નૈમિત્તિક**ને કહ્યું, ''તો તે વખતે તમારી ઉપર શું પડશે ? તે કહો.'' નૈમિત્તિકે કહ્યું, ''તે દિવસે મારાં ઉપર સુવર્ણની વૃષ્ટિ થશે. તમે ગુસ્સો ન કરો. જે થવાનું છે તેને કોઈ મિથ્યા ન કરી શકે. '' રાજાએ વારતાં કહ્યું, ''આ અમારો મંત્રી કાર્યથી પણ અવિચારી જ છે

તેથી તેનું માઠું લગાડવું નહીં.'' બધાં મંત્રી ભેગા થયા. મંત્રણાના અંતે નિર્ણય કર્યો કે, 'રાજાને બદલે યક્ષ પ્રતિમાનો રાજ્યાભિષેક કરવો.' ચતુર એવા **મતિસાર** મંત્રીની બુદ્ધિથી સાતમે દિવસે પોતનપુરનાં રાજા તરીકે યક્ષપ્રતિમાને સિંહાસન ઉપર બેસાડી અભિષેક કર્યો. વિજયરાજા તે વખતે પૌષધશાળામાં રહ્યા. સાતમા દિવસે વીજળી યક્ષપ્રતિમા પર પડી. રાજાને જીવનદાન મળ્યું. નૈમિત્તિકના વેણ સાચા પડયા તેથી લોકોએ તેનું વર્ધાપન કર્યું. તેના ઉપર સુવર્ણ વૃષ્ટિ થઈ. આ રીતે અવિચારીમંત્રીનાં વચનથી વિજયરાજા અભય પામ્યાં.

વિજયરાજાની રાણી **સુતારાનું અશનિવેગ** વિદ્યાધરે અપહરણ કર્યું. આ સમાચાર રાણીના ભાઈ **અમિતતેજ**ને મળ્યાં. તેણે જાણ્યું કે, 'મારી બહેનનું અપહરણ થયું છે' તેથી અમિતતેજ અને વિજયરાજા વિદ્યાધરને પકડવા તેની પાછળ દોડયા. અશનિવેગે પોતાનો જીવ બચાવવા **અચલ મુનિ**નું શરણું સ્વીકાર્યું. અમિતતેજ અને વિજયરાજા તેનો પીછો કરતાં અચલમુનિ પાસે પહોંચ્યાં. અશનિવેગે સાધુનું શરણું સ્વીકાર્યું હતું. વળી પોતાના ભૂલની માફી માંગી તેથી રાજાએ અશનિવેગને માફ કરી અભયદાન આપ્યું. આમ બન્ને પક્ષે વૈરભાવ - ફિટકાર વિરામ પામ્યો.

**ઈશ્વર - પાર્વતી** : (લૌકિક કથા, પંચશતી પ્રબોધ)

એકવાર **દ્વારિકા** નગરીમાં **કૃષ્ણ** મહારાજાને વંદન કરવા લાખો લોકો ઉમટયાં. તે સમયે પાર્વતી અને ઈશ્વર પણ ત્યાંથી પસાર થયા. ઈશ્વરે કહ્યું, ''આમાંથી બે કે ત્રણ પુરુષો જ પુણ્યશાળી છે.'' ત્યારે ગૌરીએ કહ્યું, ''તે કઈ રીતે જાણી શકાય ?'' ઈશ્વરે કહ્યું, ''આપણે તેમની પરીક્ષા કરીએ. તું ગાય થા અને હું મનુષ્ય થાઉં. એક કૃત્રિમ કાદવવાળું સરોવર બનાવીએ. તેમાં તું સ્વયં તારા પગ કાદવમાં ખૂંચવી દે. પછી હું યાત્રિકોને મદદ માટે બોલાવીને કહીશ કે, આ ગાય કાદવમાં ખૂંચી ગઈ છે. તેને બહાર કાઢવામાં મદદ કરો.''

ઈશ્વર અને પાર્વતીએ આ નાટક રચ્યું. લોકોને મદદ માટે વારંવાર કહેવા છતાં કોઈ આવ્યું નહીં. કરૂણાનું ઝરણું બધાનાં હૈયામાં વહેતું નથી ! દિલ તો બધાની પાસે હોય છે પણ દિલાવરતા નથી હોતી ! લોકોએ વળતો પ્રત્યુત્તર આપ્યો કે, ''ગાયને કાઢવા જતાં અમે જ ખૂંપી જઈશું અને વાઘ આવીને અમને મારી નાંખશે.'' થોડીવારે તેમાંથી કોઈ બીજો પુરુષ આવ્યો. એક ક્ષણ માટે ગાયને ખેંચી પણ ગાય નીકળી નહીં એટલે તે ચાલતો થઈ ગયો. ઈશ્વરે લોકો સમક્ષ મદદ માટે કાકલૂદી કરી ત્યારે આંગળીના વેઢે ગણાય એવો એક દયાળુ પુરુષ, જેના હૈયામાં વાત્સલ્યની ધારા ફૂટી. તેણે આપસમાં વાર્તાલાપ કરતાં કહ્યું, ''મનુષ્યનો ઉજળો અવતાર છે તેથી આપણે પુણ્યનું કાર્ય કરવા જ નીકળ્યા છીએ તો આ ગાયને બચાવી લઈએ.'' ત્યારે બાજુમાં ઊભા રહેલા બીજા માણસે કહ્યું, ''તું ગાંડો થઈ થઈ ગયો છે ? કાદવમાં ખૂંચેલી ગાયને કાઢવા જતાં નાહકની આપત્તિ મારે નથી વહોરવી.'' એમ બોલી સાંકડા મનનો મિત્ર ચાલતો થઈ ગયો.

એકલો રહેલો પરોપકારી મનુષ્ય ગાયને ખેંચવા લાગ્યો. જેમ જેમ ગાયને ખેંચતો ગયો તેમ તેમ તે કાદવમાં ઊંડે ઉતરતો ગયો. પોતાના પ્રાણોની પરવા કર્યા વિના તે ગાયને બચાવીને જ જંપ્યો. પ્રસન્ન થયેલા ઈશ્વર - પાર્વતીએ તેને વરદાન આપ્યું કે, ''અખંડ લક્ષ્મીવાળા થાવ. તમે ખૂબ પુણ્યશાળી છો.'' જીવદયા પ્રેમી વ્યક્તિ યાત્રા કરીને ઘરે આવ્યો ત્યારે તેનું ઘર સુદામાની જેમ લક્ષ્મીથી ભરાઈ ગયું હતું.

પૂજા કરતાં સેવા ચઢિયાતી છે. મંત્ર કરતાં માણસાઈ વધારે મહત્ત્વની છે, કોક દુ:ખીની વહારે ધાઈ તેના અશ્રુ લૂછવાથી માનવતાનું મહિમામંડન રચાય છે.

**કનકશ્રી :** (શ્રી વિક્રમ ચરિત્ર, ભા.૧, સ.૬, પૃ.૧૯૦)

**વિક્રમચરિત્ર સોમદત્ત બ્રાહ્મણ**ની સાથે બહાર જવા નીકળ્યો. બ્રાહ્મણે જુગાર રમવાનું કહ્યું પરંતુ વિક્રમચરિત્રે ના કહી. સોમદત્તના અતિ આગ્રહથી તે જુગાર રમવા બેઠો. જુગારમાં પોતાની બે આંખો હારી ગયો તેથી શરત અનુસાર છરી વડે આંખો કાઢીને સોમદત્તને આપીને કહ્યું, ''મિત્ર! મારા પગબંધનથી તને મુશ્કેલી પડશે માટે તું ઘરે ચાલ્યો જા.'' કૃત્રિમ સ્નેહવાળો સોમદત્ત મિત્રને છોડીને ચાલ્યો ગયો.

વિક્રમચરિત્ર એક વૃક્ષ નીચે બેઠો હતો. તે વૃક્ષ પર વૃદ્ધ **ભારંડ પક્ષી** પોતાના સો પુત્રોની સાથે રહેતો હતો. તેણે કહ્યું, ''હાલમાં અહીં કોઈ અતિથિ છે?'' ત્યારે વિક્રમચરિત્રે જવાબ આપ્યો, ''તાત! હું અતિથિ છું.'' પક્ષીએ પૂછયું, ''અહીં કેમ આવ્યો છે?''વિક્રમચરિત્રે ઉત્તર આપ્યો, ''હું મારાં કર્મે અહીં આવ્યો છું.'' ભારંડ પક્ષીએ ખુશ થઈ તેને વૃક્ષનાં ફળો આપ્યાં. વિક્રમચરિત્ર ફલાહાર કરી ખુશ થયો.

એકવાર સંધ્યાટાણે ભારંડપુત્ર થોડો મોડો આવ્યો ત્યારે વૃદ્ધ ભારંડ પક્ષીએ પૂછયું, ''આજે કેમ મોડું થયું?'' ભારંડપુત્રે કહ્યું, ''હું **કનકપુર** નગરમાં ગયો હતો. ત્યાં **કનકસેન** રાજાની **રતિ** નામની રાણીની **કનકશ્રી** નામે જે પુત્રી છે તેને જોઈ. તે સુંદર હોવા છતાં કર્મોદયે અંધ બની ગઈ છે. અંધાપાનું દુ:ખ અસહ્ય થતાં તેણી ચિતામાં બળવા જતી હતી ત્યારે કનકસેન રાજાએ તેને દસ દિવસની અવધિ માંગી રોકી રાખી છે. પિતાજી! રાજકુમારીની આંખો કઈ રીતે સારી થશે?'' અનુભવી વૃદ્ધ ભારંડ પક્ષીએ પ્રત્યુત્તર આપ્યો કે, ''વત્સ્! મહિનાનાં અંતે હું જે મલ વિસર્જન કરું છું તે અમૃતવેલનાં પાનનાં રસ સાથે મેળવી તેણીની આંખમાં કોઈ પુરુષ આંજે તો તે કન્યા દેખતી થશે.''

વિક્રમચરિત્રે આ વાર્તાલાપ સાંભળી વિદ્યાની મદદથી વૈદ્યનું રૂપ ધારણ કર્યું. તેણે રાજપુત્રીની આંખો ઠીક કરવા મલ વિસર્જનની ઘણી ગોળીઓ અને અમૃતવેલનો રસ લીધો. વૃદ્ધ ભારંડ પક્ષીની રજા લઈ કનકપુર જવા નીકળ્યો ત્યારે ભારંડપુત્રે પોતાની પાંખ ઉપર વિક્રમચરિત્રને બેસાડયો. કનકપુર જઈ કરુણાશીલ વિક્રમચરિત્રે કનકશ્રીની આંખોમાં ઔષધ આંજ્યું. જેનાથી કનકશ્રીને જીવિત દાન મળ્યું. અંતે કનકશ્રી અને વિક્રમચરિત્રના વિવાહ થયાં.

**કવિ કાલિદાસ :** (જૈન ધર્મમેં દાન; લે. પુષ્કર મુનિ)

મહારાજા **ભોજ**ની રાજસભામાં વરિષ્ઠ કવિ **કાલિદાસ** એક દિવસ વૈશાખના ધોમધખતા ખરા બપોરે કાતિલ ગરમીમાં કોઈ આવશ્યક કાર્ય માટે ઉજ્જયિની બજારમાં જવા નીકળ્યા. જ્યારે તેઓ જતા હતા ત્યારે તેમણે એક ગરીબ અને દુર્બળ વ્યક્તિને તવા સમાન તપ્ત ભૂમિ ઉપર ઉઘાડા પગે ચાલતો જોયો. તે પરસેવે રેબઝેબ થયો હતો. તેના પગ બળબળતી ધરતી પર આડાઅવળા પડતા હતા. વાતાવરણમાં સખત ગરમાટો હતો. તપ્ત લોહ સમાન ભૂમિથી પગ બળી રહ્યા હતા. તે કારણે ક્યારેક ક્યારેક દોડીને રસ્તો કાપી રહ્યો હતો. જ્યારે તે દોડતો હતો, ત્યારે હાંફી જવાથી મોં વાટે એક લાંબો શ્વાસ ભરી આહ ભરતો હતો.

તેની દયનીય સ્થિતિ જોઈ કવિનું કોમળ હૃદય કરુણાથી છલકાઈ ગયું. ગરીબી કોને કહેવાય એ નજર સામે દેખી કવિના શરીરમાં એક લખલખું પસાર થયું. તેની આવી કપરી સ્થિતિ તે વધુ વખત ન જોઈ શક્યા. કવિએ પોતાના પગના જોડા કાઢી તે ગરીબને પહેરવા આપી દીધા.

ગરીબે કવિ સામે અશ્રુભીની આંખે હાથ જોડી કહ્યું, ''મારી સમસ્યા તો હલ થઈ ગઈ પરંતુ હવે આપ અળચણમાં મૂકાશો તેનું શું ? આપના પગ પણ બળશેને ? કૃપા કરી આપ આ સમયે આ જોડા પહેરીને જ ફરો. હું મારા સ્વાર્થ માટે આપના પગ બાળવા નથી ઈચ્છતો.''

દરિદ્ર વ્યક્તિની ભદ્રિક્તા અને વિચારોની ઉચ્ચતા જોઈ કવિના હૃદયમાં તેના પ્રતિ અહોભાવ જાગ્યો. કવિએ કહ્યું, ''તું મારી ચિંતા ન કર. મારું ઘર નિકટમાં જ છે. હું થોડી ક્ષણોમાં પહોંચી જઈશ અને વળી, જો આ જોડા નહીં સ્વીકારે તો પણ હવે હું તેનો ઉપયોગ કરવાનો જ નથી. હું સ્વયં ઉઘાડા પગે ચાલી અનુભવ કરીશ કે ઉજ્જયિનીની ગરીબ જનતાને ગરમીમાં પગરખાં વિના ચાલવાથી કેવું કષ્ટ પડે છે ?'' કવિની હાર્દિક સહાનુભૂતિ અને સ્નેહસભર આગ્રહને તે ટાળી ન શક્યો. તેણે જોડા પહેર્યા. ઠંડક અને રાહતનો અનુભવ કરતાં તેણે સરળતાથી પંથ કાપ્યો.

આ બાજુ કવિ ઉઘાડા પગે ઘર તરફ વળ્યા. બળબળતી ભૂમિ ઉપર વિહાર કરવો કેટલો આકરો છે તેનો ખ્યાલ આજે પ્રથમવાર થયો. પગમાં છાલા પડી ગયા પરંતુ મન પરહિત દાનના કારણથી અનોખી પ્રસન્નતા અનુભવતું હતું. મનમાં અંશમાત્ર ખચકાટ કે ગ્લાનિ ન હતી.

રાજકવિ થોડા દૂર ગયા ત્યાં તેમણે રાજાના મહાવતને હાથી પર સવાર થયેલો જોયો. ઉઘાડા પગે ચાલતા કવિ કાલિદાસને જોઈ મહાવતને અચરજ થયું. તેણે અસહ્ય ગરમી જોઈ દયાભાવથી પ્રેરાઈ રાજકવિને હાથી પર બેસવાની પ્રાર્થના કરી. કવિએ સહજ ભાવે કહ્યું, ''તમે ચાલો. હું હમણાં પહોંચી જઈશ.'' મહાવતે આગ્રહ કરતાં કહ્યું, ''મહાકવિ ! આપના પગ બળે છે માટે હાથી પર સવારી કરો. હું આપને ઉઘાડા પગે એક કદમ આગળ ભરવા દઈશ નહીં.'' કવિએ હસતાં હસતાં કહ્યું, 'અરે ! હાથીના પણ પગ બળતા હશેને, પછી તેના પર વધુ બોજો શા માટે આણવો ?''

મહાવતે કવિની એક ન સાંભળી. તે નીચે ઉતર્યો. કવિનો હાથ પકડી તેને હાથી પર બેસાડી દીધો. જ્યારે રાજમહેલની નિકટ પહોંચ્યા ત્યારે મહેલના ઝરૂખામાં ટહેલતા મહારાજા ભોજે કાલિદાસને હાથી પર બેઠેલા જોઈ મશ્કરી કરતાં કહ્યું, ''મહાકવિ ! તમને આજ હાથી ક્યાંથી મળ્યો ?'' વિચક્ષણ કવિએ હસતાં હસતાં તેનો જવાબ આપતાં એક શ્લોક ઉચ્ચાર્યો.

**''उपांनहं मया दत्तं जीर्णं कणव्रिवर्जितम् ।**
**तत्पुण्येन गजारुढो, न दत्तं वै हि तद् वि तम् ।।''**

**અર્થ :** મેં મારા જીર્ણ અને કન્ની તૂટેલા જોડા દાનમાં આપ્યા, તેના પુણ્યથી મને હાથી પર ચઢવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.

આ છે દાનથી ગૌરવાસ્પદ ઉચ્ચ પદ પ્રાપ્ત થવાનું જ્વલંત ઉદાહરણ !

**કાન કઠિયારો :** (જૈન કથાસંગ્રહ)

**કાનો** ખૂબ ગરીબ. લાકડાં કાપીને ગુજરાન ચલાવતો હોવાથી કઠિયારો કહેવાતો. ચૌદ થીગડાંવાળો ચોરણો, માથે ફાળિયું એ એનો પોશાક. પ્રતિદિન સવાર પડેને ખભે કુહાડો લઈ જંગલમાં જાય. દિવસભર લાકડાં કાપી, ભારો બાંધી સાંજે ગામમાં આવે. લાકડાનો ભારો વેચી જે પૈસા ઉપજે તેમાંથી જાર-બાજરી લાવી પેટ ગુજારો કરે.

ગ્રીષ્મ ઋતુના દિવસો હતાં. સૂર્ય પ્રખર તપતો હતો. લૂવાળો પવન ફૂંકાતો હતો. સખત તાપમાં બધાં પ્રાણીઓ ઠંડક શોધે ત્યારે કાનો લાકડાંની શોધમાં જંગલમાં ફરતો હતો. મનમાં વિચાર કરે છે, 'અહો ! નસીબની બલિહારી છે, નહીંતર મને પશુ-પંખી જેટલોય આરામ ન મળે ! ઉનાળાના દિવસોમાં ગરમીમાં મારે પેટ ભરવા રખડવું પડે છે !

એવામાં ધખધખતી રેતી પર કોઈ મુનિરાજને ઊભેલાં જોયાં. ઉઘાડા પગ અને ઉઘાડું માથું. કાનાને ભારે આશ્ચર્ય થયું. મુનિને એકીટશે જોઈ રહ્યો. 'મુખ કમળ પર અપાર શાંતિ છે ! સહેજ પણ ઉચાટ નથી. શું તેમને તાપ આકરો નહીં લાગતો હોય ?' કાનાને કુતૂહલ થયું. તે પાસે ગયો. મુનિ ધ્યાન મુદ્રામાં ઊભા હતા. થોડી વારે ધ્યાનમાંથી જાગ્યા. તેમણે કઠિયારાને જોઈ 'ધર્મલાભ' કહ્યો. તેની લઘરવઘર દશા જોઈ હાલત પૂછી. કઠિયારાએ વિગતે વાત કરી. મુનિએ કહ્યું, ''ભાઈ ! પૂર્વ ભવનાં કર્મો તને પીડે છે. સાચો પુરુષાર્થ કરીશ તો તારું કલ્યાણ થશે. સાચા દિલથી તું પુણ્યનાં કાર્યો કર.'' કાનાએ પૂછયું, ''બાપજી ! પુણ્ય શી રીતે થાય ?'' મુનિએ કહ્યું, ''પ્રથમ વ્રતથી, સંયમથી, પરોપકારનું કાર્ય કરવાથી, બીજાને સુખી કરવાથી અને સારો નિયમ લેવાથી.'' જેમ કે - હું કોઈ જીવને મારીશ નહીં, જૂઠું બોલીશ નહીં, કોઈ પણ માણસની વસ્તુ તેની રજા વિના લઈશ નહીં, બ્રહ્મચર્ય પાળીશ. અમુક પૈસાથી સંતોષ માનીશ. પરોપકારનું કાર્ય કરીશ વગેરે.'' કાનો વિચારવા લાગ્યો, 'હું આમાંથી કાંઈ કરી શકું એવો નથી.' થોડી વારે વિચાર કરી કાનો બોલ્યો, ''બાપજી ! ગરીબ છું. મોં અને અન્નને સદાથી વેર છે. આજ ખાવા મળે તો કાલના સાંસા છે. પેટનો ખાડો પૂરવા પાપ કરતાં અચકાતો નથી પરંતુ તમને જોઈ મને અહોભાવ પ્રગટે છે. મારું દિલ નમી પડે છે. તમે કેવાં કષ્ટો વેઠો છો ! તમે ઘરબાર છોડી દુઃખ શોધવા નીકળ્યા છો.'' મુનિએ કહ્યું, ''આપણી મુલાકાતની કાંઈક યાદગીરી તો રાખ. મને કાંઈક ભાતું તો આપ !'' કાનાએ કહ્યું, '' મહારાજ ! પેટમાં ભૂખની આગ લાગી છે ત્યાં હું તમને શું ભાતું આપું !'' મુનિએ કહ્યું, ''મને ધર્મ નિયમનું ભાતું આપ.'' કાનો વિચારમાં પડી ગયો. એકાએક બોલ્યો, ''બાપજી ! દર પૂનમે હું વ્રત રાખીશ. લીલાં ઝાડ નહીં કાપું, માઠું વચન નહીં બોલું, બ્રહ્મચર્ય પાળીશ.'' મુનિરાજે પ્રત્યાખ્યાન કરાવતાં ભલામણ કરી કે, ''ભાઈ ! પ્રતિજ્ઞા પ્રાણના ભોગે પણ તૂટે નહીં તેનું ધ્યાન રાખજે.''

વર્ષાઋતુ આવી. આકાશમાં ઘનઘોર વાદળો છવાયાં. ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસ્યો. ત્રણ ત્રણ દિવસ થયાં. વરસાદ બંધ ન થયો. કાનો ટાઢે થરથરવા લાગ્યો. ટાઢ ઉડાવવા તાપણી કરી પરંતુ કાણી ઝૂંપડીમાં ઉપરથી પાણી ટપકતું હતું. પવનના સુસવાટા બોલાતા હતા. પવનથી ઝૂંપડીનું છાપરું ડોલવા માંડયું અને ક્ષણવારમાં પવનના જોરદાર ઝપાટાથી ઝૂંપડી ભોંય ભેગી થઈ ગઈ. કાનો ઘરબાર વિનાનો થયો. બપોરે વરસાદ બંધ થયો. કાનો કુહાડી લઈ ઢીંચણસમા પાણી ડોળતો નદી કિનારે આવ્યો. નદીના પૂરમાં લાકડાં તણાતાં આવતાં હતાં. કાનો નદીમાં ઉતર્યો. એક જબ્બર થડ ખેંચી કાઢયું. તેના કકડા કરી, ભારો બાંધી શહેરમાં ગયો. **શ્રીપતિ** શેઠના નોકરે ભાવતાલ કરતાં લાકડાના ભારાના બે આના કિંમત આંકી. ભૂખ ભડાકા કરતી હતી તેથી કાનાએ સોદો મંજૂર કર્યો. કાનો શેઠની હવેલીમાં લાકડાનો ભારો મૂકી આઠ પૈસા લઈ રવાનો થયો. ત્યાં શેઠ બહાર આવ્યા. ચારે તરફ સુગંધ પ્રસરેલી હતી. લાકડાનો ભારો જોઈ શેઠે કહ્યું, ''અરે આતો બાવનાચંદનની ભારી ! **ચંપક**, કઠિયારાને પાછો બોલાવ. તેં એને ફક્ત બે આના જ આપ્યા ? મને અણહકનું ન જોઈએ. એ ઊંચામાં ઊંચી જાતનું ચંદન લાવ્યો છે. મુનીમ પાસેથી ૫૦૦ની થેલી લાવ.'' કાનાને

બોલાવી શ્રીપતિ શેઠે ૫૦૦ની થેલી આપી. એ ચૌદસનો દિવસ હતો. આવતી કાલે કાનાને આણોજો હતો.

કાનાએ સ્વપ્ને પણ નહોતું ધાર્યું કે આટલું ધન મળશે ! 'સવારે શહેરમાં જઈ ખૂબ ખાવા-પીવાનું લઈ આવીશ. કદી ધરાઈને ખાધું નથી. હવે ભવ આખાની ભૂખ ભાંગીશ.' બીજે દિવસે બજારમાં ગયો. ખરીદી કરી સાંજે પાછો વળ્યો. ત્યારે મહેલાતમાં તેની નજર ગઈ. રૂપરૂપના ભંડાર સમી સુંદરી ઊભી હતી. તેને જોઈ કાનો ચમક્યો. 'આ તે પૃથ્વીની પદમડી કે સરગની અપસરા ! કેવાં રૂપ ઝરે છે !' આ સ્ત્રી તે નગરની પ્રખ્યાત વેશ્યા **કામલતા** હતી. કાનાની આંખમાં વસી ગઈ.

રૂપિયા ખખડાવતા કાનાને જોઈ વેશ્યાએ દાસી મારફતે તેને મહેલમાં બોલાવ્યો. તેને સુગંધી જળ વડે સ્નાન કરાવી, સુંદર વસ્ત્રો પરિધાન કરાવી, મેવા-મીઠાઈ જમાડયાં. કાનો મૂળ દેખાવડો, સશક્ત હોવાથી શોભવા લાગ્યો. રાતના સુંદર પલંગ ઉપર સવા હાથ ઊંચી રૂની તળાઈ પર તે સૂતો. કામલતા પ્રેમનાં વચનો બોલવા લાગી. કાનાનું હૈયું સંસારના લહાવા લેવા તલપાપડ થઈ રહ્યું. એવામાં કાનાએ બારીમાંથી જોયું. ચંદ્ર સોળે કળાએ ખીલેલો હતો. તેને નિયમ યાદ આવ્યો. 'ભલે પ્રાણ જાય પણ પ્રતિજ્ઞા ન જાય.' તેને મુનિરાજનાં વચનો યાદ આવ્યાં. 'પણ આખી જિંદગીની મૂડી ૫૦૦ રૂપિયા શી રીતે જતા કરવા ! ત્યારે કાંઈ પાછા મંગાય ! અને એ છોડીને ચાલ્યો જાઉં તો બધુંયે જાય.' કાનાનું મન ચકડોળે ચડયું. પરંતુ મનને કઠણ કર્યું. 'ધન ગઈ કાલે મારી પાસે ક્યાં હતું ? પલકમાં આવ્યું ને પલકમાં જતું રહેશે ! ધન માટે લીધેલ પ્રતિજ્ઞા તોડી નાંખવી ? નહીં નહીં.' લોટો લઈને જંગલ જવાના બહાને કાનો ત્યાંથી નીકળ્યો.

કામલતા રૂપાની ઝારી લઈ કાનાના હાથ-પગ ધોવા વાટ જોઈ રહી. કાનો ન આવ્યો ત્યારે આસપાસ તપાસ કરાવી. પત્તો લાગ્યો નહીં. કામલત્તાએ વિચાર્યું, 'આ રૂપિયા મારે માટે અણહકના થયા. પાપનો ધંધો કરું છું પણ હરામના પૈસા લેતી નથી.' દાસીને કહ્યું, ''આ ૫૦૦ રૂ. લઈ જા. પેલા માણસને તેડી આવ. ન આવે તો ૫૦૦ રૂ. એને આપી દેજે અને તે માણસ ન મળે તો આ રૂપિયા રાજાજીને આપી દેજે.'' દાસી શોધીને થાકી અંતે રૂપિયાની થેલી રાજાને ધરી બધી વાત કરી. રાજાએ નગરમાં ઢંઢેરો પિટાવ્યો, 'કામલતા ગણિકાને ત્યાં જેણે રૂપિયાની થેલી મૂકી હોય તે છતો થાય. રાજદરબારે તે થેલી સોંપાઈ છે.' કાનાએ આ ઢંઢેરો સાંભળ્યો. સિપાઈઓ સાથે રાજદરબારે આવી સઘળી હકીકત કહી. રાજાએ ખાતરી કરવા શ્રીપતિ શેઠને પણ બોલાવ્યા. કાનાની નિર્દોષતા અને સત્યતા જોઈ રાજા તેના પર ખુશ થયા. કાનાનું જીવનભરનું દળદર ફીટી ગયું. નાનો સરખો નિયમ પાળવાથી કેટલો બધો ફાયદો થયો !

એકવાર જ્ઞાની ભગવંત ત્યાં પધાર્યા. રાજાએ મુનિને વંદન કરી ચાર વાત પૂછતાં કહ્યું, ''કઠિયારાએ પોતાની ચંદનની ભારીના બે આના માંગ્યા છતાં શેઠે પાંચસો ગણી આપ્યા. ગરીબ કાનાને ૫૦૦ રૂ. મળવા છતાં નાના નિયમ ખાતર વેશ્યા પાસે રહેવા દઈ એ નાસી ગયો. ત્રીજી વાત કે વેશ્યાને રૂપિયા મળ્યા પણ કાન કઠિયારાએ તેની સેવાનો લાભ ન લીધો માટે અણહકના ગણી પાછા મોકલ્યા. ચોથી વાત કે એ રૂપિયા મારી પાસે આવ્યાં છતાં મે રાજભંડારમાં ન મૂકાવતાં એના ધણીને શોધવા ઢંઢેરો પિટાવ્યો. હે મહામુનિ ! આ ચારમાં શ્રેષ્ઠ કોણ ?'' મુનિએ કહ્યું, ''તમે બધા શ્રીમંત હતા છતાં, કાનાના સંયમ આગળ તમારો એ સંયમ હિસાબમાં ન ગણાય. તમારા બધામાં શ્રેષ્ઠ તો કાનો જ. નિર્ધન કાનાએ બધા જ નિયમો દૃઢતાથી પાળ્યા.

કાન કઠિયારાએ અનુકંપાથી પ્રેરાઈ ચૌદસના દિવસે નિયમ ગ્રહણ કરી કાયાપલટ કરી નાંખી.

**કુમારપાળ** : (ઉપદેશ પ્રાસાદ)

**શ્રી હેમચંદ્રાચાર્યજી**એ દાનનું સ્વરૂપ બતાવતાં **કુમારપાળ** રાજાને ઉપદેશ આપ્યો કે, ''દેવપૂજા (ભક્તિ), દાન, દાક્ષિણ્યતા, દમન, દક્ષતા આ છ (દકાર) વસ્તુઓ જેની પાસે હોય તે દેવાંશી પુરુષ જાણવો.'' 'જીવદયા એ સર્વોત્તમ ધર્મ છે,' એવું જાણીને કુમારપાળ રાજાએ પ્રથમ 'પ્રાણાતિપાત વિરમણ વ્રત' લઈ અઢારે દેશમાં અમારિની ઘોષણા કરાવી. કેટલીક જગ્યાએ લોકો અમુક તિથિ, પર્વ અથવા અમુક દિવસોમાં કોઈપણ જીવની હત્યા ન કરી શકતા, ન શિકાર કરી શકતા. વળી, તે દિવસોમાં માંસની દુકાનો બંધ રાખવામાં આવતી.

પોતાના અઢાર લાખ ઘોડા, અગિયારસો હાથી, એંશી હજાર ગાયો અને પચાસ હજાર ઊંટોને ગાળીને પાણી પીવડાવવાની વ્યવસ્થા કરી કેમકે 'એક બ્રાહ્મણને સમગ્ર વિશ્વનું દાન કરવાથી જેટલું પુણ્ય મળે છે તે કરતાં કરોડ ગણું પુણ્ય ગાળેલું પાણી વાપરનારને મળે છે. સાત ગામ બાળવાથી જેટલું પાપ થાય તેટલું પાપ અણગળ પાણી વાપરવાથી થાય છે. માછલાં મારનારને એક વર્ષમાં જેટલું પાપ લાગે તેટલું પાપ એક દિવસમાં ગાળ્યા વિના જળ સંગ્રહ કરનારને લાગે છે.'

કુમારપાળ રાજાએ ગુરુની પ્રેરણાથી આવી ધાર્મિક નકલો લખાવી ગામડાઓમાં અને શહેરોમાં જીવદયાનાં ઉત્કર્ષ માટે મોકલી. તેઓ ગુપ્તચરો દ્વારા લોકવ્યવહારનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં. એમનો એવો દબદબો હતો કે હિંસા કરનારને આકરી સજા કરવામાં આવતી.

એકવાર **મહેશ્વર** વણિકના વાળમાંથી જૂ કાઢી તેની પત્નીએ પતિના હાથમાં આપી. વણિકે તરત જ અંગૂઠાના બે નખ વચ્ચે પીસીને મારી નાંખી. ગુપ્તચર વણિકને રાજસભામાં લાવ્યો. વણિકે કહ્યું, ''આ જૂ મારું લોહી ચૂસે છે, માટે મેં તેને મારી નાખી. રાજાએ ક્રોધિત થઈ કહ્યું, ''દુષ્ટ ! વાળ એ જૂને રહેવાનું સ્થાન છે. એક તો એને સ્થાનભ્રષ્ટ કરી અને વળી મારી નાંખી ? તને જીવહિંસાના માઠાં પરિણામનો કે રાજાજ્ઞા ભંગનો ભય ન લાગ્યો.'' વણિક થરથર ધ્રૂજવા લાગ્યો. તેણે પોતાના પ્રાણોની ભીખ માંગી. રાજાનું અંતઃકરણ ભીંજાઈ ગયું. તેમણે કહ્યું, ''હવે પછી આવી ભૂલ ન થવી જોઈએ. પાપના પ્રાયશ્ચિત રૂપે તમારે તમારી મૂડી ખર્ચી એક પૌષધશાળા બંધાવવી પડશે.'' વણિકે બનાવેલ આ પૌષધશાળા **'યૂકા વિહાર'** તરીકે પ્રસિદ્ધ થઈ. આની પાછળનો રાજાનો આશય એ હતો કે ભવિષ્યમાં કોઈ નાનામાં નાના જીવની પણ હિંસા ન કરે.

એમના રાજ્યમાં દ્યૂતક્રીડા કે સોગઠાંબાજીની રમતમાં સોગઠી 'મારી' એવો શબ્દ બોલી શકાતો ન હતો. એકવાર રાજાએ 'હિંસાના કારણભૂત સાત વ્યસનો છે.' એવું ગુરુ પાસેથી જાણ્યું. ત્યારે તેમણે માટીના સાત પૂતળા બનાવી, મુખે મેશ ચોપડી, તેમને ગધેડા પર બેસાડી, નગરના ચૌર્યાસી ચૌટે ફેરવી, તિરસ્કાર કરી, તાડન કરી દેશનિકાલ કર્યો.

તેમણે લોકોને સમજાવ્યું કે, 'સર્વ અનર્થનું મૂળ વ્યસન છે તેથી આપણે તેમને હદ બહાર કર્યા છે.' આમ થતાં લોકો પાપથી દૂર થઈ ધર્મમાં જોડાયા.

એકવાર કુમારપાળ રાજા પૌષધશાળામાં પૌષધ કરી રહ્યાં હતાં ત્યારે મંકોડો પગ પર ચોંટી ગયો. તે લોહી ચૂસવા લાગ્યો. તેના ડંખથી અપાર વેદના થવા છતાં જીવદયા પ્રેમી કુમારપાળ રાજાએ તે મંકોડાને હાથથી દૂર ન કરતાં છરો લઈ પોતાના હાથે પગની ચામડી કાપીને મંકોડા સહિત બાજુએ મૂકી. ત્યારપછી જ્યારે કુમારપાળ રાજાએ શ્રી હેમચંદ્રાચાર્યજીના ઉપદેશથી પ્રતિબોધ પામી અહસિંક બન્યા. તેમણે આસો માસમાં અમારિ પ્રવર્તન પ્રવર્તાવ્યું ત્યારે અબોટીયા (પૂજારી)ઓએ આવીને કહ્યું કે, ''હવે મહિણીક (નવરાત્રિ)

પર્વ નજીકમાં આવે છે. ચૌલુક્ય વંશની કુળદેવીને સાતમના દિવસે સાતસો પાડા, આઠમના દિવસે આઠસો અને નોમના દિવસે નવસો પાડાનો બલિ ચઢાવવો પડશે.'' ચૌલુક્ય ક્ષત્રિય કુળદેવીના કોપથી ભયભીત હતા. કુમારપાળ રાજા 'વર્ષોથી ચાલી આવતી હિંસક કુપ્રથાનું કઈ રીતે નિવારણ કરવું?' એની અવઢવમાં હતા. રાજાએ આ વાત પોતાના ગુરુ હેમચંદ્રાચાર્યને કરી.

આસો સુદ છઠ્ઠના દિવસે સામંતોની સભામાં માર્ગદર્શન માટે આચાર્યશ્રીને નિમંત્રિત કરવામાં આવ્યા. નિર્ધારિત સમયે સભા ભરાણી. આચાર્યશ્રીએ ધીર-ગંભીર સ્વરે કહ્યું, ''સજ્જનો! માતાજીને ભોગ આપવો જ પડશે. બલિ વિના કેમ કાર્ય થશે? પશુઓની સાથે માતાજીને આ વર્ષે અધિક મીઠાઈ પણ ચડાવવી પડશે. કુળદેવીને પ્રસન્ન રાખવી છે તેથી અવશ્ય બલિકર્મ થશે.'' માંસભક્ષી પૂજારીઓ આ સાંભળીને ખુશ થયાં. ત્યાં તો આચાર્યશ્રીએ કહ્યું, ''બલિ ચડાવવો હોય તો હાથ લોહીથી રંગીને નહી પરંતુ જે જીવોની બલિ ચડાવવી છે, તેને જીવતા જ માતાજીના ચરણોમાં ચઢાવી દો. મંદિરના દ્વાર બંધ કરો. માતાજીને ઈચ્છાનુસાર ભોગ લેવા દો. આજ સુધી તમે મૃતદેહનો ભોગ ચઢાવ્યો છે, હવે જીવતા પ્રાણીને માતાજીના ચરણોમાં ચઢાવી દો. પ્રાણીના અક્ષત દેહને માતાજીના ચરણોમાં ચઢાવશો તો દેવી વિશેષ પ્રસન્ન થશે.''

આચાર્યશ્રીની વાત ઉચિત હતી, પ્રયોગ સુંદર હતો. રાત્રિના સમયે મંદિરમાં જીવિત પશુઓને ભરી દીધા. મંદિરના દ્વાર બંધ કર્યા. ભક્તજનોએ રાત્રિ જાગરણ કર્યું. તેઓ મંદિરની બહાર બેઠા રહ્યા. પ્રભાતે ગુર્જરેશ્વરની આજ્ઞા થતાં મંદિરનાં દ્વાર ખુલ્યા. મંદિરમાં કેદી બનેલા પશુઓ 'બેં-બેં' કરતાં જીવ લઈ નાઠાં.

કુમારપાળ રાજાએ લોકોને કહ્યું, ''પ્રજાજનો! બલિની જરૂર માતાજીને છે કે પૂજારીઓને? મા તો મા છે. મા કદી પોતાના નિર્દોષ અને મૂંગા બાળકના પ્રાણ હરણ ન કરે. માંસલોલુપી માનવી માતા (દેવી)ના નામથી ક્રૂર હિંસા કરી સ્વયં તેનું ભક્ષણ કરે છે. દયાળુ દેવી કદી પશુબલી ન ઈચ્છે તેથી આજથી પશુબલિ બંધ કરવામાં આવે છે.'' પ્રજા અહિંસામય વાણી સાંભળી ખુશ થઈ, પૂજારીઓ ખિન્ન થયાં. રાજાએ પૂજારીઓને ઘણું ધન આપી જીવહિંસા ન કરવાનો આદેશ આપ્યો. આ પ્રકારના ઉર્મિલ દસ્તાવેજમાં અહિંસા ટપકતી હતી.

આ છે ગુરુવર્ય હેમચંદ્રાચાર્યના જ્ઞાનદાનનો ચમત્કાર! જેનાથી વર્ષોથી પરંપરાગત ચાલી આવતી હિંસક કુપ્રથાનો અંત આવ્યો.

કુમારપાળની પાછળ **સિદ્ધરાજ જયસિંહ**ના સૈનિકો તેને શોધતા પીછો કરતા હતાં. કુમારપાળ એ દિવસોમાં ભાગેડૂ હતો. રઝળપાટથી શરીર થાક્યું હતું. એક વૃક્ષની નીચે હાથનું ઓશિકું બનાવીને સૂતો હતો. અચાનક તેની આંખ ઝબકી અને પહોળી થઈ ગઈ. એક ઉંદર વૃક્ષના દરમાંથી દોડતો બહાર આવતો હતો. તેના મુખમાં ચાંદીની મુદ્રા હતી. તે સમયે કુમારપાળને ધનની તાતી આવશ્યક્તા હતી. જીવનને ટકાવવા ધન વિના ચાલે એમ ન હતું. ઉંદરે મુદ્રા મૂકીને પાછી દરની વાટ પકડી. તે ફરી બીજી મુદ્રા લઈને દરમાંથી બહાર આવ્યો. આમ, એ એકવીસ વખત ચાંદીની મુદ્રા લઈને આવ્યો. ઉંદર જાણે રમત રમતો હતો. એ મુદ્રાની ઢગલી ઉપર ઉંદર આનંદથી નાચવા લાગ્યો. નાચીને થાક્યો એટલે એક મુદ્રા લઈને દરમાં પાછો ગયો. કુમારપાળને લાગ્યું કે, 'હવે મુદ્રાઓ ઉપાડી લેવી જોઈએ. ઉંદરને એ કોઈ કામની નથી. પોતાને એની જરૂર છે.' કુમારપાળે મુદ્રાઓ લઈ લીધી.

ઉંદર દરમાંથી પાછો આવ્યો. મુદ્રા ન જોઈ તેને ફાળ પડી. એનું હૈયું ફાટી ગયું. ઉંદર તરફડીને

મરી ગયો. કુમારપાળને તે સમયે આ વાતની કોઈ પરવા ન હતી પરંતુ વર્ષો પછી **ગુર્જર** નરેશ બન્યા, જૈન ધર્મની દયા-અનુકંપા આચરણમાં મૂકી '**પરમાર્હત**' બન્યા ત્યારે ઉંદર અને મુદ્રાની વાતનું સ્મરણ કરતાં આંખમાંથી પસ્તાવાના આંસું દદડી પડયા. તે પાપના પ્રાયશ્ચિત રૂપે અને ઉંદરની સ્મૃતિમાં પાટણમાં એક જિનાલય બંધાવ્યું, જેનું નામ '**મૂષક વિહાર**' રાખ્યું.

કુમારપાળ રાજાની જીવદયા જોઈ એક કવિએ કહ્યું,

**''पूर्वं वीरजिनेश्वरेऽपि भगवत्याख्याति धर्मं स्वयम ।**
**प्रज्ञावत्यभयेऽपि मन्त्रिणि न यां कर्तुं क्षमः श्रेणिकः ।**
**अक्लेशेन कुमारपालनृपतिस्तां जीवरक्षां व्यघात्,**
**लब्ध्वा यस्य वचःसुधां स परम श्रीहेमचन्द्रो गुरुः ।।''**

**અર્થ :** પૂર્વે વીર જિનેશ્વર ભગવંત ધર્મ કહેતા હોવા છતાં અને મહાન બુદ્ધિશાળી અભયકુમાર જેવા મંત્રી હોવા છતાં જે શ્રેણિક રાજા કરવાને શક્તિમાન ન થયા પરંતુ પરમ ગુરુ હેમચંદ્રચાર્ય મહારાજનાં અમૃત તુલ્ય વચન પામી ક્લેશ વગર કુમારપાળ મહારાજા તે જીવરક્ષા કરવાને સમર્થ થયા. કુમારપાળ રાજાએ તે કવિને લાખ રૂપિયાનું ઈનામ આપ્યું.

આમ, કુમારપાળ રાજાના જીવનમાં જીવો પ્રત્યેની દયા - અનુકંપા તાણાવાણાની જેમ વણાયેલી હતી, તે ઉપરોક્ત પ્રસંગો દ્વારા જણાય છે.

કુમારપાળ રાજાએ ઉચિત દાન પણ આપ્યું છે. જેમ કે, ૧૪ દેશમાં ધનનું દાન આપી, મૈત્રી કરી. ૧૪૪૪ નવીન જિનાલયો બનાવ્યાં. ૧૬૦૦ જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો, ૭ મોટી તીર્થયાત્રા કરી, ૨૧ જ્ઞાન ભંડારો કરાવ્યાં. ૭૨ લાખ નિઃસંતાનનું ધન લેવું એવો ખરડો (દ્રવ્યપત્ર) ફાડી નાંખ્યો. એક લાખ દ્રવ્ય ઉચિત સ્થાને વાપર્યું. ૧૦૦૦૦ સોનામહોરો પ્રત્યેક વર્ષે સાધર્મિકોને દાનમાં આપી. તેમણે એક વર્ષમાં ૧ કરોડ સોનામહોર એમ ૧૪ વર્ષ દરમ્યાન કુલ ૧૪ કરોડ સોનામહોરોનું દાન આપી સાધર્મિક ભાઈઓનું દારિદ્ર દૂર કર્યું.

'ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર' સાંભળવાની ઈચ્છાવાળા કુમારપાળ રાજાએ તે ચરિત્ર હાથી ઉપર પધરાવી મોટા મહોત્સવપૂર્વક લાખ રૂપિયા ધર્મશાળામાં ભેટ આપ્યા.

એક વખત કુમારપાળ રાજાએ અગિયાર અંગ, બાર ઉપાંગ આદિ સિદ્ધાંતોની તથા વીસ વીતરાગ સ્તોત્ર, બાર યોગશાસ્ત્ર પ્રકાશ આદિ ગ્રંથોની પ્રતો સુવર્ણ અક્ષરે લખાવી. આ ગ્રંથને લખાવવા માટે સાતસો લહિયાઓ રાખ્યા. રાજાએ ગ્રંથોનું કાર્ય પૂર્ણ ન થાય ત્યાં સુધી દહીંનો અભિગ્રહ કર્યો. તાડપત્રો પર લખાયેલા પુસ્તકો ઘણો કાળ ટકે છે; એવું જાણી પુસ્તકો તાડપત્રો પર લખાવ્યા. તાડપત્ર ખૂટી પડતાં તેમણે એવો અભિગ્રહ કર્યો કે, 'જ્યાં સુધી તાડપત્ર આવે નહીં ત્યાં સુધી ભોજનનો ત્યાગ.' ત્રણ ઉપવાસ પૂર્ણ થતાં શાસન દેવીએ ખરતાડને શ્રીતાડ તરીકે કર્યા. પ્રાતઃકાળે માળીએ શ્રીતાડોને જોઈ રાજાને વધામણી આપતાં કહ્યું, ''આપના સાહસથી સર્વે ખરતાડો શ્રીતાડો થયાં છે.'' અન્ય મિથ્યાત્વીઓ આ જોઈ આશ્ચર્યચકિત થયાં. તેમણે જૈન ધર્મની ખૂબ પ્રશંસા કરી. આ રીતે કુમારપાળ રાજાએ જ્ઞાનદાન કરી જૈન શાસનની ઘણી ઉન્નતિ કરી.

**કૂરઘટ મુનિ** : (ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ)

કોઈ ગચ્છના **શ્રી ધર્મઘોષસૂરિ** નામના આચાર્ય વિચરતા વિચરતા એકવાર **લક્ષ્મીપુર** નામના નગરમાં પધાર્યા. નગરજનો જિનવાણી શ્રવણ કરવા આવ્યા. આચાર્યે દેશના આપી કે, ''ભાવ સહિત કરેલા સામાયિક, પૌષધ આદિ વ્રત, સુપાત્રદાન, શાસ્ત્ર શ્રવણ, વૈયાવચ્ચ આદિ ધાર્મિક અનુષ્ઠાનો જીવને દેવલોકમાં પહોંચાડે છે. વળી, પ્રતિદિન દેવ-ગુરુ-ધર્મની સેવા કરવી, નિત્ય જિનવાણીનું શ્રવણ કરવું, નિરંતર સુપાત્ર દાન આપવું, શીયળ વ્રતનું પાલન કરવું, શક્તિ પ્રમાણે તપ કરવો, મૈત્રી આદિ બાર ભાવનાઓ ભાવવી આવો શ્રાવક ધર્મ જિનેશ્વરે કહ્યો છે.''

ધર્મઘોષસૂરિની ધર્મદેશના સાંભળી **ધનદત્ત શેઠ**ના લઘુવયના પુત્ર **કૂરઘટે** તેમની પાસે દીક્ષા લીધી. કૂરઘટ મુનિ સ્વભાવે ક્ષમાવંત હતા. એ જ એમનું સૌંદર્ય હતું. હવે આચાર્ય પોતાના શિષ્ય પરિવાર સાથે **શ્રીપુર નગર**માં આવ્યા. ત્યાં ચાતુર્માસ રહ્યા. તેમના સમુદાયના સાધુઓએ વિવિધ તપશ્ચર્યાઓ કરી. કોઈએ એક માસ, કોઈએ બે માસ તો કોઈએ ચાર ચાર માસના ઉપવાસ કર્યા. કેટલાક સ્વાધ્યાય, અધ્યયન અને વૈયાવચ્ચમાં રોકાયા. કૂરઘટ મુનિ બાળક હોવાથી બહુ ક્ષુધાતુર હતા તેથી વારંવાર શ્રાવકોના ઘરે ભિક્ષા લેવા જતાં. લોકો તેમના સેવાભાવનાં વખાણ કરતાં કહેતાં કે, ''આ બાળ સાધુ અન્ય મુનિઓની વૈયાવચ્ચ ખૂબ મનથી કરે છે.''

એકવાર તેઓ અભિગ્રહપૂર્વક સાધુની વૈયાવચ્ચ કર્યા વિના સવારમાં જ પારણું કરવા બેઠાં. તેવામાં એક માસના ઉપવાસી વ્યાધિગ્રસ્ત સાધુએ કહ્યું, ''અરે પાપિષ્ટ ! અધમ, ખાઉધરા સાધુ ! મેં તારી પાસે બળખા નાંખવા માટે ભસ્મ ભાજન મંગાવ્યું, તે લાવી આપ્યા વિના જ તું ઉદર ભરવા બેઠો છે ? તું સૌની નજરમાં સેવાભાવી શેનો કહેડાવે છે ? હવે તારા ભોજનના પાત્રમાં જ હું બળખા આદિ નાંખીશ.'' બાળશિષ્યે કહ્યું, ''હું મુગ્ધ થઈ ભૂલી ગયો તેથી એવું થયું. મારું ભાગ્ય જ હમણાં એવું થઈ ગયું છે. મને માફ કરો.'' વ્યાધિગ્રસ્ત કફવાળા સાધુએ ક્રોધિત થઈ ગોચરી વાપરતા કૂરઘટ મુનિના ભાતના પાત્રમાં બળખો નાંખ્યો. ઉપશમ ભાવવાળા બાળ મુનિએ તેમની સામે ક્રોધ ન કરતાં 'આજે તપસ્વી સાધુના મુખનું અમૃત મળ્યું છે તેથી હું સદ્ભાગી બન્યો છું.' એવું સવળું સમજી ઘડો ભરીને લાવેલા ભાત જાણે દૂધના પાત્રમાં સાકર હોય તેમ આરોગવા લાગ્યા. તેમણે ખાતાં-ખાતાં વિચાર્યું, 'ધન્ય છે ! આ સાધુને. તેઓ મહાન તપસ્વી હોવાથી ઉત્તમ ચારિત્રના પાત્ર છે. અભાગ્યવાન એવો હું તો એક કીડાની જેમ ક્ષણવાર પણ અન્ન વિના રહી શકતો નથી. ધિક્કાર છે મને !' આમ, આત્મનિંદા કરતાં કૂરઘટ મુનિએ કર્મરૂપી શત્રુઓના સમૂહને ક્ષમારૂપી કુહાડા વડે છેદી કેવળજ્ઞાન હાંસલ કર્યું. તત્ક્ષણ શાસન દેવી અને દેવતાઓએ આવીને તેમને વંદન કરી કેવળ મહોત્સવ મનાવ્યો.

આ કૂરઘટ મુનિ પૂર્વભવમાં દષ્ટિવિષ સર્પ હતાં. જેની દષ્ટિના ઝેરથી જોનાર મરણને શરણ થતાં. આ સર્પને જાતિસ્મરણ જ્ઞાન થવાથી દષ્ટિ વિષપણાની ભયંકરતા યાદ આવી. કોઈનો ઘાત ન થાય માટે મોઢું દરમાં અને પૂંછડી દરની બહાર રાખવા લાગ્યો. તે સમયમાં **કુંભ રાજા**ના એકના એક કુંવરને કોઈ સાપે ડંખ દીધો. રાજકુમાર મૃત્યુ પામ્યો. કોપાયમાન થયેલા રાજાએ બધા સાપને પકડી મારી નાંખવાનો આદેશ આપ્યો. મરેલો સાપ લાવનારને રાજા સાપ દીઠ એક-એક સોનામહોરનું ઈનામ આપતો. સર્પની શોધખોળ કરનાર કોઈ

વ્યક્તિને દષ્ટિવિષ સર્પની પૂંછડી દરની બહાર દેખાણી. ધનની લાલચ માટે તે પૂંછડી ખેંચવા લાગ્યો. સાપ સમજીને બહાર ન આવ્યો. ખેંચતાણમાં સાપની પૂંછડી તૂટી ગઈ. અપાર વેદના સાથે સર્પ મૃત્યુ પામ્યો.

બીજી બાજુ 'પુત્ર નથી, વારસ નથી.' એ ચિંતા કુંભ રાજાને કોરી ખાતી હતી. રાજાને સ્વપ્ન આવ્યું કે, 'તું એવી પ્રતિજ્ઞા લે કે હું કોઈને પણ સાપ મારવાની આજ્ઞા નહીં કરું. જો તું સર્પ હત્યા રોકી દઈશ તો તને પુત્ર રત્નની પ્રાપ્તિ થશે.' કુંભ રાજાએ એમ કર્યું. તેમણે સર્વ સર્પોને અભયદાન આપ્યું. દષ્ટિવિષ સર્પ કુંભ રાજાની રાણીની કુક્ષિમાં અવતર્યો. **નાગદત્ત** એનું નામ પડયું. યુવાવસ્થાએ પહોંચતા નાગદત્તે ગોખમાંથી જૈન સાધુને જોયાં. તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવ યાદ આવ્યો. સાધુને વંદન કરી દીક્ષા લેવા તૈયાર થયો. તેને માતા-પિતાએ રોક્યો, સમજાવ્યો પણ વૈરાગી નાગદત્ત દીક્ષિત થઈને જ રહ્યો. તિર્યંચ યોનિમાંથી આવેલો હોવાથી ક્ષુધા વેદનીયકર્મનો જોરદાર ઉદય હતો તેથી નાગદત્ત મુનિ ભૂખ સહન કરી શકતાં ન હતાં. તેમનાથી પોરસી માત્રનું પચ્ચક્ખાણ પણ થતું નહીં. ગુરુ મહારાજે મુનિની પ્રકૃતિ જાણી ઉપદેશ આપ્યો કે, ''જો તારાથી તપશ્ચર્યા નથી થતી તો તારે સમતા અંગીકાર કરવી જોઈએ.'' સરળ સ્વભાવી નાગદત્ત મુનિએ ગુરુની વાત મનમાં સ્થાપી સમતાની ગાંઠ બાંધી લીધી. દરરોજ સવારે એક ઘડુઓ ભરીને કૂર વહોરી લાવીને વાપરે ત્યારે જ હોંશકોશ આવે. દરરોજની આ ભૂખની પીડાએ તેમનું નાગદત્તને બદલે '**કુરઘડુ**' નામ છપાવી દીધું.

**કેસરી ચોર :** (ધર્મલોક, તા.૨૮.૦૩.૧૬)

**કામાપુર** નામના નગરમાં **સિંહદત્ત** નામના શ્રેષ્ઠી રહે. એ શ્રીમંત શ્રેષ્ઠીનો એકનો એક યુવાન પુત્ર, નામે **કેસરી**. ઘરમાં કોઈ વાતે ખોટ નહીં અને કેસરી ચોરીના રવાડે ચડી ગયો.

સવાર પડે ને વિચારવા માંડે કે, 'ક્યાં ચોરી કરુ.' સાંજ પડે ત્યાં સુધીમાં અચૂક ચોરી કરે. તેના બેહુદા વ્યવહાર બદ્દલ સિંહદત્ત શ્રેષ્ઠીએ તેને સમજાવીને ટોકયો પણ કેસરી ન માન્યો કે ન સુધર્યો. ત્યાં સિંહદત્ત શ્રેષ્ઠી કહેતા થઈ ગયા, ''આ દીકરો નથી, દી ફર્યો છે.''

સિંહદત્ત શ્રેષ્ઠીએ નગરના મહારાજા **વિજયરાજ**ને પોતાના પુત્ર માટે ફરિયાદ કરી. મહારાજા વિજયરાજે કેસરીને બોલાવીને ખખડાવ્યો અને કહ્યું કે, ''હવે ચોરી કરતો પકડાશે તો દેશપારની સજા કરીશ.'' પણ કેસરી પર તેની કોઈ અસર ન થઈ અને કેસરી ચોરી કરતાં પકડાયો.

મહારાજા વિજયરાજે તેને દેશનિકાલ કર્યો. કેસરી જંગલમાં ભટકે છે. સવારથી ખાવા-પીવા કાંઈ મળ્યું નથી. મનમાં સતત 'ચોરી ક્યાં કરવી ?' તેના વિચાર આવે છે. આ જંગલમાં તો ચોરી ક્યાં કરાય ? ભટકતો ભટકતો કેસરી જંગલમાં એક તળાવના કિનારે પહોંચ્યો. થાક્યોપાક્યો બેઠો. સરોવરનું પાણી પીધું. ભૂખને કરાણે હેરાન થઈ ગયેલો કેસરી મનમાં વિચારતો હતો કે, 'અત્યારે જંગલમાં ભટકવાના દિવસો એટલા માટે આવ્યા કે મારો બાપ હરામી છે. જો મારા બાપે રાજાને ફરિયાદ કરી ન હોત તો આ દિવસો જોવા ન પડત. મને જો શક્તિ મળશે તો સૌથી પહેલાં હું મારા બાપને મારીશ !'

એ જ સમયે એક વિદ્યાધર એ તળાવ પાસે આવ્યો. એના પગમાં મજાની મોજડી હતી. તેણે તળાવના કિનારે ઉતારી. એ મોજડીને કારણે એ વિદ્યાધર આકાશમાં ઉડી શકતો હતો. કેસરીએ તે મોજડી જોઈ. વિદ્યાધર જેવો તળાવમાં સ્નાન માટે ઉતર્યો, એટલે ઝડપથી કેસરીએ મોજડી ઉઠાવી લીધી. પગમાં પહેરી અને આકાશમાં ઊડી ગયો. વિદ્યાધર તેને ફાટી આંખે જોતો રહી ગયો.

કેસરીને મોજ પડી ગઈ. એ જ રાત્રે તે પોતાના ઘરે પહોંચ્યો. સૌથી પહેલાં પિતાની હત્યા કરી ! હવે તે નગરમાં જવા માંડયો. મીઠાઈવાળાની દુકાનેથી મીઠાઈ ચોરીને ખાવા માંડયો. સોના-ચાંદીની દુકાનમાંથી સોનું-ચાંદી ચોરી કરવા માંડયો. કપડાંની દુકાનમાંથી કાપડ ચોરવા માંડયો. જેની જરૂરત હોય તેની દુકાનમાં જાય અને ચોરી કરીને આકાશમાં ઊડી જાય ! નગરમાં હાહાકાર મચી ગયો.

નગરનાં વેપારીઓ દોડતાં દોડતાં મહારાજા વિજયરાજ પાસે પહોંચ્યા. 'ચોર આવીને બધું લૂંટી જાય છે. અમને બચાવો;' એવી ફરિયાદ કરી.

મહારાજા વિજયરાજે નગરના કોટવાળને બોલાવ્યો. ચોરને પકડી પાડવા જણાવ્યું. કોટવાળે ચારે તરફ સૈનિકો ગોઠવી દીધાં. કિંતુ ચોરી બંધ ન થઈ. નગરના વેપારીઓ ત્રાહિમામ પોકારી ગયા. વેપારીઓ પાછા મહારાજ પાસે પહોંચ્યા એટલે મહારાજાએ કોટવાલને બોલાવ્યો. કોટવાલે કહ્યું, ''ચોરને પકડવો સહેલો નથી કારણકે તેની પાસે આકાશગામિની વિદ્યા છે.'' મહારાજા વિજયરાજને થયું કે, 'આનો ઉપાય મારે જાતે જ શોધવો પડશે.' મહારાજા ચોરને પકડવા ઘોડો લઈને નીકળી પડયા.

કેસરી ચોર રોજ ચોરી કરવા નીકળે તે પહેલા જંગલમાં એક માતાજીનું મંદિર હતું ત્યાં જઈ પગે લાગી વિનંતી કરે કે, ''મા, મારી રક્ષા કરજો.'' કેસરી ચોર રોજ મંદિરમાં માતાજી પાસે કિંમતી ભેટ મૂકે. મંદિરનો પૂજારી અવનવી કિંમતી ભેટ આવતી જોઈ ખુશ થયો. ટૂંક સમયમાં પૂજારી શ્રીમંત થઈ ગયો. મહારાજા વિજયરાજ એ જ મંદિરમાં પહોંચ્યા. પૂજારીના સુંદર કપડાં અને કિંમતી દાગીના જોઈ ચમક્યા. એમને થયું કે, 'પૂજારી પાસે આટલું ઐશ્વર્ય ક્યાંથી આવ્યું ?' એમણે પૂજારીને પૂછયું. પૂજારીએ કહ્યું, ''દેવ ! મને કંઈ ખબર નથી, પણ મંદિરમાં રોજ એક મુસાફર આવે છે અને કિંમતી ભેટ મૂકી જાય છે. તે મોજડી પહેરીને આકાશમાં ઉડી જાય છે. મહારાજા આ કૌતુક જોવા એક ખૂણામાં જઈને છુપાઈ ગયાં. કેસરી ચોર એ જ ટાણે ત્યાં આવ્યો. મહારાજાએ સૌથી પહેલાં તેણે બહાર મૂકેલી મોજડી પોતાની પાસે લઈ લીધી અને ચોરને પડકાર્યો. કેસરી મહારાજને ઓળખી ગયો. પોતાની મોજડી ગઈ એટલે તે લાચાર હતો. તે પણ પોતે સમજી ગયો. કેસરી ગભરાઈને નાઠો. આગળ કેસરી અને પાછળ મહારાજા. જંગલનો ભોમિયો કેસરી લુપાછૂપી રમતો એક વળાંક લઈને અજાણી ગુફામાં ઘૂસી ગયો.

ગુફામાં એક જૈન મુનિ ધ્યાન ધરીને બેઠાં હતાં. કેસરી છેવટે તો સંસ્કારી મા-બાપનો દીકરો હતો. મુનિને જોયા અને હૃદયમાં સંસ્કાર જાગ્યા. મુનિના ચરણમાં નમીને કહ્યું, ''મહારાજ! આ જ સુધી ચોરીની આદતથી ભટક્યો અને ન કરવાના કામો કર્યા. બહાર નીકળીશ તો મોત ઊભું છે અને તમારા શરણમાં રહીશ, તો આત્માનું કલ્યાણ છે, તે હું જાણું છું. મહારાજ ! મારા અવગુણને જોયા વિના મારું કલ્યાણ કરી મને દીક્ષા આપી અભયદાન આપો.'' મુનિવરે કહ્યું, ''ભાઈ ! તું ગભરાઈશ નહીં હું તને દીક્ષા તો અત્યારે આપું પણ તું આ ક્ષણે જ ધ્યાનમાં બેસી જા. આ જગતમાં કોઈ કોઈનું નથી, એ વિચારીને અનિત્ય ભાવનાના શરણમાં ચાલ્યો જા અને જ્યારે તને પ્રતીતિ થાય કે, તારું આત્મ કલ્યાણ થયું છે ત્યારે ઉભો થજે.''

કેસરી મુનિનો વેશ પહેરી સાચા શ્રમણ બની ધ્યાનમાં બેસી ગયા. ધ્યાનના આલોકમાં તેમને કેવળજ્ઞાન થયું. ગુફામાંથી બહાર નીકળ્યા ત્યારે મહારાજા વિજયરાજ ત્યાં ઊભા હતા. તેમણે કેસરી મુનિને જોયાં અને મુનિવેશને પ્રણામ કર્યા. ત્યારે કેસરી મુનિએ કહ્યું, ''રાજન્! તમે મારા ઉપકારી છો. તમે જ મને કેવળજ્ઞાન સુધી પહોંચાડયો.'' મહારાજા વિજયરાજે કહ્યું, ''મુનિવર! અંતે તમારા સાચા પુરુષાર્થે તમને

મહાન બનાવ્યા.''

ધર્મરત્ન (ગા.૫૩)માં કહ્યું છે -

**'महतामपि दानानां कालेन क्षीयते फलम् ।**

**भीताभय-प्रदानस्य क्षय एव न विद्यते ।।'**

બીજા દાનોથી મનુષ્ય અથવા પ્રાણી અસ્થાયી સંતોષ મેળવે છે અથવા થોડો સમય તેનો લાભ મેળવી શકે છે પરંતુ અભયદાન તો જિંદગીનું દાન છે અર્થાત્ અભયદાનનું ફળ કદી ક્ષીણ થતું નથી.

**કૃષ્ણ :** (પંચશતી પ્રબોધ; ઉપદેશ તરંગિણી, પૃ.૧૦૨)

**''मिथ्यादृष्टि सहस्त्रेषु, वरमेको ह्यणुव्रती ।**

**अणुव्रति संहस्त्रेषु, वरमेको महाव्रती ।।**

**महाव्रति सहस्त्रेषु, वरमेको हि तीर्थकृत् ।**

**जिनधिपसमं पात्रं, न भूतं न भविष्यति ।।''**

**અર્થ:** હજારો મિથ્યાદષ્ટિઓ કરતાં એક અણુવ્રતી શ્રેષ્ઠ છે, હજારો અણુવ્રતીઓ કરતાં એક મહાવ્રતી શ્રેષ્ઠ છે. હજારો મહાવ્રતીઓ કરતાં એક તીર્થંકર શ્રેષ્ઠ છે. ખરેખર! જિનેશ્વર સમાન સુપાત્ર થયું નથી અને થવાનું નથી.

એક દિવસ **મથુરા**માં **નંદ** ગોવાળનો પુત્ર **કૃષ્ણ** (નારાયણ) વન-વગડામાંથી રખડીને ઘરે આવ્યો ત્યારે તેના પાલક પિતાએ પૂછયું, ''વત્સ! તેં ભોજન કર્યું કે નહીં?'' ત્યારે કૃષ્ણએ કહ્યું,

**''स्वच्छन्दतः स्वभवने स्वयमर्जितान्न, कान्ताकराग्रपतितं यतिदत्तशेषम् ।**

**ये भुञ्जते सुरपितृनपि तर्प्ययित्वा, ते भुक्तवन्त इह तेन मया न भुक्तम् ।।''**

**અર્થ :** ''સ્વપાર્જિત (સ્વતંત્રરૂપે) અન્ન હોય, પોતાનું ઘર હોય, સ્ત્રી પીરસનારી હોય, યતિઓને ભોજન અપાઈ ગયું હોય, પિતૃઓને તર્પણ કરાઈ ગયું હોય પછી શેષ રહેલ ભોજન કરે તે જ ભોજન કર્યું કહેવાય (યતિઓને ભોજન કરાવીને પછી ભોજન કરે તે જ દાન કહેવાય) તેથી મારા વડે ભોજન થયું નથી.''

**''पढमं जईण दाऊण, अप्पणा पणमिऊण पारेइ ।**

**असई सुविहियाणं भुंजेई कय दिसालोओ ।।''**

**અર્થ :** (કારણકે) પહેલાં યતિ - સાધુ ભગવંતને પ્રણામ કરી દાન આપી પછી સ્વયં પારણું કરે. સુવિહિત સાધુ ભગવંતનો યોગ ન મળે તો ચારે દિશાએ નજર નાંખી જમે (એ જ સાચો શ્રાવક કહેવાય.)

સ્વર્ગલોકમાં **સૌધર્મેન્દ્ર** સભા ભરીને બેઠાં હતાં. તેમણે સભામાં કહ્યું કે, 'હે દેવો! શ્રી કૃષ્ણ વાસુદેવ કોઈના અવગુણ બોલતાં નથી.'' કોઈની પ્રશંસા સાંભળી ન શકનારા એક દેવને શ્રી કૃષ્ણને ચકાસવાનું મન થયું. આ દેવે તેમની પરીક્ષા કરવા માટે માર્ગમાં એક કૂતરાનું શબ મૂક્યું. દેવે આ શબમાંથી મસ્તક ફાટી જાય એવી દુર્ગંધ વિકુર્વી ચારે બાજુ ફેલાવી. યોગાનુયોગ તે જ માર્ગેથી શ્રી કૃષ્ણ નીકળ્યાં. તેમણે ગંધાતા કૂતરાનું શબ જોયું. અતિશય ગંધ હોવા છતાં નાકનું ટેરવું ચડાવ્યા વિના, મુખનાં અંશમાત્ર હાવભાવ બદલાયા વિના આ સડેલા કૂતરાનાં સર્વ અવગુણો તરફ દુર્લક્ષ્ય સેવી કહ્યું, ''જાણે નીલમના થાળમાં મોતીઓ તથા નીલા આકાશમાં ટમટમતા તારલાઓ શોભે છે તેમ આ શ્યામ વર્ણવાળા શ્વાનના શરીરમાં શુભ્ર દંત

પંક્તિઓ શોભી રહી છે!'' દેવ આ સાંભળી પ્રસન્ન થયો. એણે પ્રત્યક્ષ થઈ વરદાન માંગવાનું કહ્યું. શ્રી કૃષ્ણે કહ્યું, ''જો તું મારા પર ખરેખર પ્રસન્ન થયો હોય તો એવું કર કે, જેથી નગરમાં રોગનો ઉપદ્રવ થાય નહીં.'' શ્રી કૃષ્ણનું આપખુદી વલણ ન હતું. મારું અને પરાયું એવી ગણતરી ક્ષુદ્ર માનવીને હોય છે. ઉદાર માનવી તો આખી પૃથ્વીને પોતાનું કુટુંબ માને છે. શ્રી કૃષ્ણની વિશ્વ વાત્સલ્ય ભાવના (દયા, અનુકંપા) જોઈને દેવે એક ચંદનની ભેરી આપી. ભેરીનો એવો ગુણ હતો કે, તેને વગાડવાથી છ માસ સુધી કોઈપણ જાતનો રોગ ન થાય. દેવ સ્વસ્થાને ચાલ્યો ગયો. કેટલાક સમય પછી તે દિવ્ય ભેરીની દેખરેખ રાખનાર સેવકે લોભથી પ્રેરાઈ તેના ટુકડા કરી વેચી નાંખ્યા. ત્યારે રોગની શાંતિ માટે શ્રી કૃષ્ણે **ધન્વંતરી** અને **વૈતરણી** નામના બે વૈદ્યો નિયુક્ત કર્યા.

વૈદ્ય, હકીમ, ચિકિત્સકને નિયુક્ત કરી દીન-દુ:ખીઓની ચિકિત્સા કરાવવી તે ઔષધ દાન છે. ઔષધ દાન ત્યારે થાય છે જ્યારે રોગી વ્યક્તિઓ પ્રત્યે શ્રી કૃષ્ણની જેમ મનમાં કરુણા હોય, તેમને શાતા પહોંચાડવાની ભાવના હોય. ઔષધદાન કરનાર મહાપુણ્ય ઉપાર્જન કરે છે અને ઉત્કૃષ્ટ ભાવ જાગે તો કર્મ ક્ષય કરે છે.

**ગુણસુંદરી** : (જૈન કથા રત્નકોશ-૭, સર્ગ-૨, પૃ.૬૯)

**સાકેતપુર** નગરમાં **વેદશર્મા** બ્રાહ્મણના પુત્ર **વેદરુચિ**એ રાજમાર્ગે સખીઓ સંગાથે જતી **ગુણસુંદરી**ને જોઈ. તેના રૂપના તેજથી મોહિત બની વયસહજ ઉર્મિઓ ઉઠતા વેદરુચિએ મનમાં ગાંઠ વાળી કે, 'આ સુંદરીને મારા ઘરની નાર ન બનાવું ત્યાં સુધી મારું જીવન વ્યર્થ છે.' કામાતુર વેદરુચિને તેનો મિત્ર ઘરે તેડી આવ્યો પરંતુ તેના મનમાંથી ગુણસુંદરીની છબી ખસતી ન હતી. તેને સ્નાન, ભોજન, હરવા-ફરવામાં કોઈ રસ ન રહ્યો. તેના પિતાએ તેના મિત્રને પુત્રની અવદશાનું કારણ પૂછ્યું. ત્યાં દયાળુ મિત્રનો સ્વર પડઘાયો, ''તે ગુણસુંદરી નામની કન્યાની પાછળ ઘેલો થયો છે.''

વેદશર્મા બ્રાહ્મણ પુત્ર સુખ માટે કન્યાના પિતા **સુઘોષ** નામના બ્રાહ્મણ પાસે ગયા. ત્યાં જઈ પોતાના પુત્ર માટે કન્યાની માંગણી કરી. સુઘોષે કહ્યું, ''પૂર્વે મેં **શ્રાવસ્તી** નગરીમાં રહેતાં પુરોહિત પુત્ર સાથે મારી દીકરીનું વેવિશાળ કર્યું છે. હું મારા વેણને ઉથાપી ન શકું અને મારી કન્યાને બીજે આપી ન શકું.'' આ સાંભળી ઘવાયેલો વેદશર્મા વિપ્ર નીરાશ થઈ ઘરે પાછો ફર્યો. પુત્રને હકીકત કહી પરંતુ વેદરુચિ વાસ્તવિક્તાને સ્વીકારવા તૈયાર ન થયો. તેણે કામ સિદ્ધિ માટે કુજાપ કર્યા, માનતાઓ માની પરંતુ પુણ્ય વિના ઈચ્છિત વસ્તુ ક્યાંથી પ્રાપ્ત થાય ?

શ્રાવસ્તી નગરીના પુરોહિત પુત્ર **પુણ્યશર્મા** સાથે ગુણસુંદરીના પિતાએ વિવાહ કરાવ્યા. ગુણસુંદરીને લઈ પુણ્યશર્મા પોતાના આવાસે આવ્યો. વેદરુચિને ગુણસુંદરીના લગ્નની જાણ થતાં તે અચેતન જેવો મૂઢ બન્યો. તે સારાસારનો વિવેક ભૂલી વિષયાતુર થયો. પિતાએ વાર્યો પરંતુ ઘર છોડી શ્રાવસ્તી નગરીમાં જવા નીકળ્યો. માર્ગમાં પર્વત અને જંગલ આવ્યા ત્યાં ચોર **પલ્લીપતિ**નો નાયક હતો. ત્યાં જઈને આ અધમ વિપ્ર રહ્યો. સુંદરીના સંગમ માટે તેણે પલ્લીપતિનો વિશ્વાસ જીત્યો. હવે વેદરુચિ ચોરી કરવામાં નિપુણ બન્યો. પલ્લીપતિનો તે માનીતો બન્યો.

અડીયલ વેદરુચિને શેઠની ખારાઈ ખટકી. તેણે બદલો લેવા પુરોહિતના ઘર પર છાપો મારી લૂંટવાનો વ્યૂહ બનાવી પલ્લીપતિને રાજી કર્યો. ''શ્રાવસ્તી નગરીમાં પુરોહિત મહાધનવંત છે. તેના ઘરમાંથી

લૂંટેલી સંપત્તિ તમે લઈ લેજો અને કન્યા મને આપજો.'' પલ્લીપતિએ હકાર ભણી. તેણે પોતાના સેવકો દ્વારા છૂપી રીતે પુરોહિતના ઘરની સર્વ બાતમી મેળવી. પછી નક્કી કરેલા દિવસે ચોરોને લઈ વેદરુચિએ પુરોહિતના ઘરે ધાળ પાડી. તેને ત્યાંથી ધન-માલ લૂંટી લાવી પલ્લીપતિને આપ્યાં અને ગુણસુંદરીને પોતે રાખી. ગુણસુંદરી તેના મનસૂબાથી અજાણ હતી.

વેદરુચિ એક સારી જગ્યાએ ગુણસુંદરીને લઈ ગયો. તેને પ્રેમથી આવકારતાં કહ્યું, ''હે ભદ્રે! *તારા રૂપે મારું ચિત્ત ચોરી લીધું છે. હું તારા વિના એક પળ પણ જીવતો રહી શકું એમ નથી.* તું આટલા દિવસ દૂર હતી છતાં મારા દિલની સમીપ હતી.'' ગુણસુંદરીએ પૂછ્યું, ''તમે કોણ છો ? અપરિચિત લાગો છો.'' કામી વિપ્રે કહ્યું, ''મેં તને સખીઓ સાથે રાજમાર્ગે જતાં જોઈ હતી ત્યારથી તારો અભિલાષી બન્યો છું. મારા સમણાંની પૂર્તિ થઈ છે.'' આ અજીબ વૃત્તાંત સાંભળી સતી ગુણસુંદરીએ ચિંતવ્યું કે, ''આ મારો પરમ રાગી છે. હું એક અબળા અહીં અનાથ અને અશરણ છું. પલ્લીના ભીલ પણ અનાર્ય છે. આવા કપરા સમયમાં શીલનું રક્ષણ કરવું કઠીન છે, છતાં આ પુરુષ નિર્ગુણ અને ઉદ્ધત નથી. જો એવો હોત તો બળાત્કારે શીલ ભંગ કરત માટે નમતું જોખી એને પ્રતિબોધ પમાડી શિયળ નિર્મળ રાખવું શ્રેય છે. આ પળે બગડતી બાજી સંભાળી લેવામાં જ ડહાપણ છે.'

તેણીએ સત્વરે પ્રેમથી કહ્યું, ''મને જો આ વાતની પ્રથમથી જ ખબર હોત તો હું તમારા જેવા પ્રેમીને મૂકી પરદેશી વરને પસંદ ન કરત. આંબાના વૃક્ષને મૂકી શાલ્મલી વૃક્ષનું પૂજન કોણ કરે ? તમારું અને મારું બન્ને કુળ નિર્મળ અને નિષ્કલંક છે. ખેર! જેની સાથે ભાગ્ય જોડાયું તેની નિંદા કરવાથી શું વળે ? હવે ધૈર્યવંત થઈ તમે વિચાર કરો, સજ્જન સદા વિવેકી હોય છે.'' આ સાંભળી વેદરુચિ વિચારવા લગ્યો કે, 'ગુણસુંદરી પણ મારી અનુરાગી છે! મેં તેને જો પૂર્વે મારા મનનાં ભાવો જણાવ્યા હોત તો તે નક્કી મારી થાત પરંતુ મારી જ ભૂલ છે.'

તેણે ઉમેર્યું, ''હે સુંદરી! તારી વાત સત્ય છે પરંતુ હું તારા વિનાના જીવનની કલ્પના જ કરી શકતો નથી.'' ગુણસુંદરીએ કહ્યું, ''મેં મંત્ર સિદ્ધિ માટે ચાર માસનું બ્રહ્મચર્ય વ્રત આદર્યું છે. તે માટે કેટલાક નિયમો સ્વીકાર્યા છે. જેમ કે - એકવાર જમવું, ભૂમિશયન કરવું, આભૂષણો ન પહેરવાં, પુરુષ માત્રને બાંધવ સમાન ગણવાં, એકાગ્ર ચિત્તે જાપ કરવાં.'' વેદરુચિએ ક્રોધથી અધીરા બની પૂછ્યું, ''આટલો કાળ વિલંબ ? શું તું મને છેતરે છે ? આ મંત્રથી શું સિદ્ધિ થશે. ?'' ગુણસુંદરીએ મનાવતા કહ્યું, ''આ મંત્ર સાધના અપૂર્વ છે. તેનાથી શ્રીમંત થવાશે, સંતાન પ્રાપ્તિ થશે અને જીવશું ત્યાં સુધી એક બીજાનો વિરહ નહીં થાય. (વિધવાપણું નહીં મળે)'' લંપટ વેદરુચિને પોતાનો ફાયદો-લાભ જણાતાં તેણે ગુણસુંદરીને મંત્રસિદ્ધિ માટે અનુમતિ આપી. ગુણસુંદરીની ગણતરી સાચી પડી.

હવે ગુણસુંદરી આદર્શ ગૃહિણી બની ઘરકાર્ય કરતી. વેદરુચિને પ્રતીતિ ઉપજાવવા સુંદર, સ્વાદિષ્ટ ભોજન બનાવતી. થોડા દિવસોમાં વેદરુચિને વિશ્વાસ બેસી ગયો કે, 'આ મારી સહચારિણી છે અને હું તેનો પતિ છું.' ગુણસુંદરીએ તે સમય દરમ્યાન આયંબિલ, ઉણોદરી, તપ દ્વારા કાયાને શુષ્ક બનાવી.

ચાર માસની અવધિ પૂર્ણ થતાં ચતુર ગુણસુંદરીએ એક નાટક ભજવ્યું. તેણે બૂમો પાડી વેદરુચિને કહ્યું, ''મને પેટમાં અસહ્ય દુઃખાવો થાય છે. મને મહાશૂળનો રોગ થયો છે. મારાથી આ પીડા ખમાતી નથી.'' વેદરુચિએ ઘણાં ઉપચારો કર્યા પરંતુ કોઈ અસર ન થઈ. ગુણસુંદરીએ હવે આહાર છોડયો.

વેદરુચિ ગુણસુંદરીને લઈ શ્રાવસ્તી નગરીમાં ઉપચાર માટે જવા તૈયાર થયો. ત્યારે ગુણસુંદરીએ સ્ત્રીત્વ નંદવાઈ ન જાય તે માટે ઢોંગ કરતાં કહ્યું, ''એ નગરીમાં મારા પતિ છે. તે ઈર્ષાળુ અને ક્રોધી છે. એક તો મારા શરીરમાં વ્યાધિ છે અને ઉપરથી દુર્જન પતિના પ્રહારો મારાથી સહન થશે નહીં માટે મરણ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તમે ચિતા ખડકાવો. હું અગ્નિ પ્રવેશ કરીશ.'' વેદરુચિએ કહ્યું, ''હું તને અગ્નિમાં બળતા નહીં જોઈ શકું. તું નિશંકપણે મારી સાથે ચાલ. હું તારું ઉપરાણું લઈશ.''

ગુણસુંદરી અને વેદરુચિ શ્રાસ્વતી નગરીના પાદરે આવ્યાં. વેદરુચિએ કહ્યું, ''હવે તું તારા ઘરે જા.'' ગુણસુંદરીએ કહ્યું, ''આજથી તમે મારા ભાઈ છો માટે તમે મારા ઘરે ચાલો. બહેનના ઘરે આવતાં કેવી શરમ ?'' ગુણસુંદરીના અતિ આગ્રહથી વેદરુચિ તેના ઘરે આવ્યો. સજ્જન પુણ્યશર્મા વેદરુચિ અને ગુણસુંદરીને જોઈ હર્ષ પામ્યો.

ગુણસુંદરીએ તેના પતિને કહ્યું, ''આ મારો બાંધવ છે, જેણે દુષ્ટ ભીલોના હાથમાંથી મને છોડાવી છે. મારી ગરિમા જાળવી છે. એ આપણા ગુરુ છે. એની ગૌરવપૂર્વક ભક્તિ કરીએ.'' પુણ્યશર્માએ વેદરુચિને આગ્રહ કરીને પોતાના ઘરે રાખ્યો તેમજ તેનો ઉપકાર માનતાં કહ્યું, ''તમે મારી સ્ત્રીને હેમખેમ ઘરે પાછાં લાવ્યાં તેથી તમારો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે.'' પુણ્યશર્માના મધુર વેણ અને તેની આગતા-સ્વાગતા જોઈ વેદરુચિ પલટાયો. તે વિચારવા લાગ્યો, 'આ નર રત્નને છોડી ગુણસુંદરી મારા જેવા અધમ સાથે શા માટે રહે ? હું અપરાધી છું. હંસી હંમેશાં કમલને સેવે, લિંબને કદાપિ ન સેવે.'

પુણ્યશર્માએ લાગણીપૂર્વક વેદરુચિને સ્નાન, ભોજન કર્યા બાદ આરામ કરવા શય્યા આપી. 'કપટથી દગો કરીને ગુણસુંદરી મને મરાવશે,' એવી આશંકાથી વેદરુચિ મધરાતે શય્યા છોડી ભાગ્યો. તે ઘરની બહાર નીકળ્યો ત્યાં **કૃષ્ણ સર્પ** ડસ્યો. વરરુચિએ બૂમ પાડી. પરોપકારી પુણ્યશર્મા દોડીને બહાર આવ્યો. તેણે દીપકના પ્રકાશમાં જોયું કે, વેદરુચિને સર્પે ડંખ દીધો હતો. તેણે ગારુડીઓને બોલાવ્યાં. ગારુડીઓએ કહ્યું કે, ''સર્પનું ઝેર આખા શરીરમાં પ્રસરી ગયું હોવાથી હવે એ જીવશે નહીં.'

પ્રાતઃકાળે સર્વ લોકની સમક્ષ ગુણસુંદરી હાથમાં જળનો લોટો લાવી તેણે કહ્યું, ''મેં મન-વચન-કાયાથી મારું શીલ નિષ્કલંક રાખ્યું હોય તો મારો ભાઈ નિર્વિષ થાજો.'' એમ કહી તેણે વેદરુચિ પર પાણી છાંટ્યું. આશ્ચર્યકારક ઘટના ઘટી, સર્પનું વિષ ઉતરી ગયું! નગરમાં ગુણસુંદરીના શીલનો મહિમા ચોતરફ વધ્યો. ગુણસુંદરીએ વેદરુચિને જીવિત દાન આપ્યું.

વેદરુચિએ ગુણસુંદરીનાં પગે પડી કહ્યું, ''પહેલાં તું મારી બહેન હતી. હવે જીવનદાન આપી માતા બની છે. તેં મને પરસ્ત્રીગમનના પાપથી નિવાર્યો છે તેથી તું મારી ગુરુ છે.'' ધર્મિષ્ઠ ગુણસુંદરીના કહેવાથી વેદરુચિ વિપ્રે **'પરદારાસંગ ત્યાગ'**નો નિયમ સ્વીકાર્યો. તે ચોર મટી શ્રાવક બન્યો !

ગુણસુંદરી તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી દેવલોકમાં ગઈ. ત્યાંથી ચ્યવી **પુણ્યસાર** વણિકની પત્ની **વસુશ્રી**ની કુક્ષિએ જન્મી. તેનું નામ **દેવી** પડયું. સમય જતાં તે બાર વ્રતધારી શ્રાવિકા બની.

ખરેખર! પ્રાણ અથવા જીવતરદાનની તુલના અન્ય કોઈ નાશવંત પદાર્થ અથવા સંસારની બહુમૂલ્ય પદાર્થો સાથે ન થઈ શકે.

**ચંડાલ - અભયકુમાર :** (ઉપદેશમાલા, ભાષાંતર, પૃ. ૩૫૫)

**મગધ** દેશમાં **રાજગૃહી** નામની નગરીના **શ્રેણિક** નામે રાજવી હતા. તેમની **ચેલ્લણા** નામની રાણી હતી. તેને એકવાર ગર્ભના પ્રભાવે એવો દોહદ ઉત્પન્ન થયો કે, 'ચારે તરફ દિવ્ય ઉદ્યાન હોય અને તેની વચ્ચમાં એક સ્તંભવાળો પ્રસાદ હોય તેમાં હું રહું.' તેમણે આ વાત રાજાને જણાવી.

રાજાએ **મહામંત્રી અભયકુમાર**ને બોલાવી ચેલ્લણાના મનોરથો પૂર્ણ કરવાનું નિવેદન કર્યું. અભયકુમારે આરાધના કરી દેવને પ્રસન્ન કર્યા. દેવે સર્વ ઋતુનાં ફળફૂલવાળા વૃક્ષો સહિત તથા ફરતા કિલ્લા સહિત એકદંડિયો મહેલ નિષ્પન્ન કર્યો. તે જોઈ ચેલ્લણા હર્ષ પામી. આ ઉદ્યાનમાં સર્વ ઋતુનાં ફળ અને પુષ્પો સદાકાળ મોજુદ રહેતાં હતાં. તે ઉદ્યાનને ફરતા રાજાના સુભટો રાત-દિવસ સતત ચોકીપહેરો કરતા હતા તેથી તે વાડીમાંથી એક પણ પાંદડું લેવા કોઈ સમર્થ ન હતું.

આ નગરમાં એક વિદ્યાવાન **ચંડાલ** રહેતો હતો. તેની સ્ત્રીને ગર્ભના પ્રભાવથી કાર્તિક માસમાં કમોસમે કેરી ખાવાનો દોહદ જાગ્યો. ચંડાલે વિચાર્યું કે, 'આમ્રફળ એકમાત્ર દેવ નિર્મિત રાજાના ઉદ્યાનમાં જ છે.' રાત્રિની વેળાએ આખું નગર પોઢી ગયું ત્યારે ચંડાલ ઉદ્યાન તરફ નીકળ્યો. કિલ્લાની અંદર ચોકીદારો ચોકીપહેરો ભરતાં હતાં તેથી તે કિલ્લાની બહાર જ ઉભો રહ્યો. તેણે **અવનામિની વિદ્યા**ના બળથી આમ્રવૃક્ષની ડાળી નમાવી આંબાના ફળો તોડયાં. પછી **ઉન્નામિની વિદ્યા**ના બળે ડાળી ઊંચી કરી દીધી. ફળો લઈ ઘરે આવ્યો. પોતાની પત્નીને આપી તેનો દોહદ પૂર્ણ કર્યો. પ્રાતઃકાળે સુભટે ઉદ્યાનમાં જઈ જોયું તો આમ્રવૃક્ષ ફળ વિનાનું હતું અને કિલ્લાની બહાર માણસનાં પગલાં હતાં. ઉદ્યાન રક્ષકે જઈને રાજાને હકીકત જણાવી. રાજાએ અભયકુમારને બોલાવી આમ્રફળ ચોરનારને પકડી લાવવાની આજ્ઞા કરી.

અભયકુમારે ચૌટામાં જઈ લોકસમુહ સમક્ષ એક કથા કહી. **સુંદરી** નામની કુમારિકાએ બુદ્ધિના બળથી ચોર, રાક્ષસ, માળીને વચન આપી શીલનું સંરક્ષણ કર્યું અને અંતે પતિ પાસે હેમખેમ ઘરે પહોંચી. તેનો વૃત્તાંત સાંભળી સ્ત્રી પ્રત્યે દ્વેષ ધરાવનારા કેટલાક લોકોએ અભિપ્રાય આપતાં કહ્યું કે, ''નવ પરણેતરને પતિએ બીજા પુરુષ પાસે મોકલી માટે તેનો પતિ દુષ્કર કામ કરનારો કહેવાય.'' તો કેટલાક કામી પુરુષોએ કહ્યું, ''એકાંત, રાત્રિનો સમય છતાં સામે ચાલીને આવેલી સ્ત્રીનો ત્યાગ કરનાર માળી મહાન છે.'' તો માંસાહારીઓએ રાક્ષસની પ્રશંસા કરી અને આમ્રફળ ચોરનાર ચોરે કહ્યું, ''નવવધૂ સોળે શણગાર સજી ઘરેણાં પહેરીને આવી હોવા છતાં ચોરે તેને લૂંટી નહીં માટે ચોર ધન્ય છે!'' આ સાંભળી અભયકુમારે ચંડાલને પકડી આમ્રફળ સંબંધી પૂછપરછ કરી. ચંડાલે સ્ત્રીના દોહદના અને વિદ્યા પ્રયોગના સામર્થ્યનું સ્વરૂપ યથાવત્ જણાવ્યું. અભયકુમાર ચંડાલને રાજા પાસે લાવ્યા. રાજાએ તેને દેહાંતદંડની સજા ફરમાવી ત્યારે અભયકુમારે કહ્યું, ''પિતાજી! પ્રથમ વિદ્યા શીખી લો, પછી તેને દંડ કરજો.''

રાજા સિંહાસન પર બેઠાં અને ચોર તેમની સમક્ષ ઊભો રહ્યો. ચોરે વિદ્યા શીખવવા માંડી પરંતુ એક અક્ષર ચડયો નહીં. અંતે અભયકુમારના કહેવાથી રાજાએ ચંડાલને સિંહાસન પર બેસાડયો અને પોતે તેની સમક્ષ ઊભા રહ્યા. વિનય કરવાથી વિદ્યા આવડી ગઈ. હવે વિદ્યા શીખવનાર વિદ્યાગુરુ બન્યા. ભલા, વિદ્યાગુરુને મૃત્યુદંડ કઈ રીતે દેવાય? રાજાએ ચંડાલને અભયદાન આપ્યું તેમજ ધન, વસ્ત્રાદિ આપી વિદ્યાગુરુનો સત્કાર કર્યો.

ચંડાલના જ્ઞાનદાને મહારાજા શ્રેણિકનું હૃદયપરિવર્તન થયું. તેમણે તસ્કરને અભયદાન આપ્યું.

**ચારુદત્ત** : (અમમ સ્વામી ચરિત્ર, ભા.૧; પ્રબંધ પંચશતી)

પૂર્વે **ભાનુ** નામે શ્રીમંત શ્રેષ્ઠી રહેતો હતો. તેની **સુભદ્રા** નામે પતિપરાયણ સ્ત્રી હતી. તેમને સર્વ પ્રકારની સંપત્તિ પ્રાપ્ત થઈ હતી પરંતુ નિઃસંતાન હોવાની પીડાનું દુઃખ કોરી ખાતું હતું. એક વખત ચારણ મુનિનો ભેટો થયો. શેઠ-શેઠાણીએ "પોતાના ભાગ્યમાં સંતાન સુખ છે કે નહીં?" તેવો પ્રશ્ન પૂછયો ત્યારે મુનિએ કહ્યું, "અવશ્ય પુત્ર પ્રાપ્તિ થશે." સમય જતાં પુણ્યોદયથી શ્રેષ્ઠીને ત્યાં મનોહર પુત્રની પ્રાપ્તિ થઈ. આ બાળકનું બારમા દિવસે **'ચારુદત્ત'** એવું નામાભિધાન રાખવામાં આવ્યું. ધાવ-માતાઓથી પાલન કરાતો ચારુદત્ત શાસ્ત્ર ભણ્યો. તે યૌવનાવસ્થામાં પહોંચ્યો.

ચારુદત્ત એક દિવસ મિત્રો સાથે નદી તટે ફરવા ગયો. નદીની રેતીમાં કોઈ વ્યક્તિના પગલાં જોયાં. મિત્રોની સાથે ચારુદત્ત પગલાંને અનુસરતો કેળના વનમાં પહોંચ્યો. વનના મધ્ય ભાગમાં એક ઘર જોયું. ઘરમાં પુષ્પશૈયા હતી. તેની સમીપમાં એક વૃક્ષ સાથે લોખંડની ખીલીથી જડાયેલો એક મનુષ્ય જોયો. ચારુદત્તનું હૃદય કરુણાથી છલકાઈ ગયું. તેને છોડાવવાની તીવ્ર ભાવના જાગી. ત્યાં એક તલવાર પડી હતી. ચારુદત્તે મ્યાનમાંથી તલવાર કાઢી. તેમાંથી ત્રણ ઔષધિઓ નીકળી. ઔષધિઓ અત્યંત પ્રભાવશાળી હોય છે તેમ જાણી ચારુદત્તે એક ઔષધિ ઘસીને તે પુરુષના અંગ ઉપર લગાડી, ખીલી નીકળી ગઈ. બીજી ઔષધિ લગાડવાથી ઘા રૂઝાઈ ગયો. ત્રીજી ઔષધિથી તે પુરુષ સચેતન બની ગયો. તેણે કોઈપણ જાતના સંબંધ ન હોવા છતાં પોતાના પ્રાણ બચાવનાર પરોપકારી ચારુદત્તનો ઉપકાર માની પોતાનો સઘળો વૃત્તાંત જણાવ્યો.

"મારું નામ **અમિતગતિ** છે. હું વિદ્યાધર **મહેન્દ્રવિક્રમ**નો પુત્ર છું. એકવાર **ધૂમશિખ** અને **ગૌરમુંડ** નામના મિત્રોની સાથે ક્રીડા કરતો હું **હિમવંત** પર્વત પર ગયો. ત્યાં **હિરણ્યરોમ** નામના તપસ્વી મામાની પુત્રી **સુકુમાલિકા**ને જોઈ. મને તેના પ્રત્યે અનુરાગ જાગ્યો. ઘરે આવ્યો પરંતુ ચેન ન પડયું. પિતાજીએ કારણ જાણી તેની સાથે લગ્ન કરાવી આપ્યાં. મારો મિત્ર ધૂમશિખ પણ સુકુમાલિકા પ્રત્યે સ્નેહ ધરાવતો હતો એવું મને એના વર્તન પરથી જણાયું. મેં તેને દાક્ષિણ્ય ભાવથી રોક્યો નહીં. તેની સાથે અમે કેળનાં વનમાં આવ્યા. તેણે મને કપટથી વૃક્ષ સાથે બાંધી દીધો. તે મારી પત્ની સુકુમાલિકાને લઈને ભાગી ગયો. તમે મને છોડાવ્યો. આપના ઉપકારનો કિંચિત્ બદલો વાળી શકું તે માટે મને તમારું કોઈ કાર્ય કહો." ચારુદત્તે કહ્યું, "મિત્ર! તમારા દર્શનથી હું કૃતાર્થ બન્યો છું." અમિતગતિ વિદ્યાધર પ્રત્યુપકાર કરવાનું વચન આપી સ્વસ્થાને ગયો.

પિતાના આગ્રહથી યુવાન વયે **સર્વાર્થ** નામના મામાની દીકરી **મિત્રવતી** સાથે તેના વિવાહ થયા. ચારુદત્ત નોખી માટીનો હતો. તેને સંસારમાં રસ ન હતો. વૈરાગ્યની ભાવનાથી પત્નીથી સદા દૂર રહેતો હતો. પિતાએ સંસાર રસિક બનાવવા **લલિતા** નામની એક ગણિકાને ત્યાં મોકલ્યો. તે **કલિંગસેના**ની પુત્રી **વસંતસેના** પાસે લઈ ગઈ. ગણિકાના સંગથી ચારુદત્ત કામકલા શીખ્યો. હવે વેશ્યામાં અસક્તિ વધી એટલે માતા-પિતાનું ઘર છોડયું, પત્નીને ભૂલી ગયો. બાર-બાર વર્ષ વીતી ગયાં, ઘણાં તહેવારો અને પ્રસંગો આવ્યાં. મા-બાપે તેને ઘરે બોલાવવા ઘણાં સમાચાર મોકલ્યા, છતાં તે ન આવ્યો. પિતાની માંદગી વધતી ગઈ. અંતિમ સ્થિતિના સમાચાર મોકલવા છતાં ચારુદત્ત ન આવ્યો. ત્યારે સમાચાર મોકલાવી હિતશિક્ષા આપી કે, "દીકરા! બાર વર્ષમાં તું સાવ બદલાઈ ગયો છે. તને સંકટ પડે ત્યારે નવકારનું સ્મરણ કરજે." ભાનુદત્ત શેઠનું અવસાન થયું.

બાર વર્ષમાં ચારુદત્તે સોળ કરડો સોનામહોરોનો ઉપભોગ કર્યો. પિતાની મિલકત ગણિકા પાછળ ખર્ચી નાંખી તેથી હવે ઘરમાં કાંઈ રહ્યું ન હતું. ચારુદત્તની પત્ની પિયર ચાલી ગઈ.

નિર્ધન ચારુદત્તને સ્વાર્થી અક્કાએ અપમાનિત કરી કાઢી મૂક્યો. ત્યાંથી નીકળી ચારુદત્ત સસરાને ત્યાં ગયો. ત્યાંથી થોડું ધન મેળવી સાગરમાર્ગે ધન કમાવવા ભીમપુર નગરમાં ગયો. તોફાન આવતાં વહાણ ભાંગ્યું. પાટીયાની સહાયતાથી તે કિનારે આવ્યો. મામાના ઘરે પહોંચ્યો. મામા પાસેથી કેટલુંક ધન મેળવી પરદેશ જવા ઉપડયો. ત્યાં માર્ગમાં લૂંટારા મળ્યા. તેમણે ધન લૂંટી લીધું. ચારુદત્ત હેરાન-પરેશાન થઈ ગયો. ત્યાં યોગીનો ભેટો થયો. તેને પોતાની આપવીતી કહી. યોગીએ કહ્યું, ''ધીરજ રાખ. સાહસથી બધું સુલભ થાય છે. મારી સાથે આવીશ તો તારી દરિદ્રતા દૂર થશે. સામે જે ડુંગર દેખાય છે, ત્યાં એક કૂવો છે. તેના મધ્યભાગમાં સુવર્ણ રસ ઝર્યા કરે છે. હું તને માંચીમાં બેસાડી કૂવામાં ઉતારીશ. તું બાટલો ભરી લાવજે. અડધું તારું અને અડધું મારું.''

મહાદુષ્કર કાર્ય માટે ચારુદત્તે હા પાડી. ચારુદત્ત કૂવામાં ઉતર્યો. ભયંકર દુર્ગંધ આવતી હતી. શ્વાસ લેવો દુષ્કર હોવા છતાં સુવર્ણ રસનો કુંભ ભરી લીધો. યોગીએ માંચી ખેંચી. ચારુદત્ત ઉપર આવ્યો એટલે યોગીએ રસની કૂપી તેના હાથમાંથી ઝૂંટવી લીધી અને માંચી કૂવામાં ધકેલી દીધી. ચારુદત્ત કૂવામાં પડયો. યોગી કુંભ લઈ નાઠો. ચારુદત્તની બાજુમાં એક મૃતઃપ્રાય માણસ કણસતો હતો. ચારુદત્તે તેને નવકાર સંભળાવ્યો. તે માણસે બહાર નીકળવાનો માર્ગ બતાવતાં કહ્યું, ''કોઈકવાર અહીં રસ પીવા એક મોટી ઘો આવે છે. તેની પૂંછડી પકડી લેજે. અહીંથી નીકળવાનો આ એક જ માર્ગ છે. હું ન નીકળી શક્યો પરંતુ તું સાહસ કરજે.'' પેલો માણસ નવકાર સાંભળતો મૃત્યુ પામ્યો. ચારુદત્ત ગંધાતા કૂવામાં અન્ન -પાણી વિના પડયો હતો. ત્રણ દિવસે મહાકાય ઘો આવી. ચારુદત્તે સાવધાનીપૂર્વક તેની પૂંછડી પકડી લીધી. પથ્થર સાતે ઘસાતો, છોલાતો તે મહાકષ્ટે કૂવામાંથી બહાર નીકળ્યો.

કેટલાક દિવસે તે મામાને ત્યાં આવ્યો. મામાના દીકરા **રુદ્રદત્તે** તેને ધનવાન થવાનો નવો નુસખો બતાવ્યો. રુદ્રદત્તે બે મોટાં ઘેટાં લીધા. ચારુદત્ત તેની સાથે સુવર્ણદ્વીપ તરફ ગયો. ઘેટાં ઉપર સરસામાન મૂકેલો હોવાથી ચારુદત્તને કોઈ શંકા ન થઈ. બન્ને સમુદ્ર કાંઠે આવ્યા એટલે રુદ્રદત્તે કહ્યું, ''આ ઘેટાંની આખી ચામડી ઉતારવી પડશે. ચામડીનો લોહીવાળો ભાગ બહાર રાખી તેની મશક બનાવી તેમાં આપણે બેસી રહેવાનું. થોડી વારે માંસથી આકર્ષાઈ મોટા **ભારંડ** પક્ષી માંસપીંડ સમજી આપણને ઉપાડી સુવર્ણદ્વીપમાં લઈ જશે. ત્યાંથી આપણે અઢળક સુવર્ણ લાવશું.'' નરમ દિલનાં ચારુદત્તે કહ્યું, ''આપણાથી જીવહિંસા કેમ થાય ?'' કઠોર હૈયાના રુદ્રદત્તે કહ્યું, ''વેદિયા ! જો આમ થાય.'' એમ કહી મોટા છરા વડે એક ઘેટાનું જીવન ત્યાં જ પુરું કરી નાંખ્યું. બીજો ઘેટો લાચાર નજરે ચારુદત્ત સમક્ષ નિહાળી રહ્યો હતો. ચારુદત્તે ઘેટાને કહ્યું, ''અહીં મારું જોર ચાલે એમ નથી. તારું મૃત્યુ નિશ્ચિંત છે. તું આર્ત-રૌદ્ર ધ્યાન છોડી જિનેશ્વરના ધર્મને અંગીકાર કર.'' ચારુદત્તે ઘેટાને અનશનાદિ કરાવ્યા.

રુદ્રદત્તે નિર્દય બની બીજા ઘેટાની જીવનદોરી કાપી નાંખી. માંસ જુદું પાડી, બે ધમણ બનાવી તેમાં બન્ને બેઠા. ત્યાં ભારંડ પક્ષીનું ટોળું આવ્યું. પક્ષીએ વજનવાળી માંસ ગ્રંથી જોઈ માંસ ખાવાની લાલચે ચાંચમાં ઉપાડી આકાશમાં દોટ મૂકી. કેટલેક ગયા પછી બીજા ભારંડ પક્ષી આવ્યા. માંસ પડાવી લેવા આકાશમાં ઝઘડવા લાગ્યા. એમાં ચારુદત્ત વાળી ધમણ છટકીને સરોવરમાં પડી. ચારુદત્ત ધમણમાંથી નીકળી સરોવરના

કાંઠે આવ્યો. તે દુઃખી થઈ ભટકવા લાગ્યો. ત્યાં એક ચારણ મુનિનો ભેટો થયો. મુનિએ તેને ઓળખી લીધો. તેમણે તેને પૂછ્યું, ''ભદ્ર! આવા નિર્જન સ્થાનમાં તું ક્યાંથી આવી ચડયો ?'' ચારુદત્તે પોતાની વીતક કથા કહી. મુનિએ પોતાનો પરિચય આપી લોભ પર નિયંત્રણ કરવા દિશાપરિમાણ વ્રત દર્શાવ્યું. ચારુદત્તે તે વ્રત સ્વીકાર્યું.

એટલામાં આકાશ માર્ગેથી એક દેવે આવી પ્રથમ ચારુદત્તને અને પછી મુનિને વંદન કર્યું. એ સમયે વિદ્યાધર સાધુના બે વિદ્યાધર પુત્રો પણ પિતા મુનિને વંદન કરવા માટે આવ્યા. સંયમીને છોડીને સંસારીને પ્રથમ નમસ્કાર આવો અવિવેક જોઈ તેમણે કહ્યું, ''દેવ! આપ વિબુધ-પંડિત છો. આપના વિવેકમાં કદી ઉણપ ન હોય, છતાં આપ પ્રથમ ગૃહસ્થને શા માટે નમ્યા ?'' દેવે કહ્યું, ''મેં પ્રથમ ગુરુને વંદન કર્યું છે. વિદ્યાધર પુત્રોએ પૂછ્યું, ''આ તમારા ગુરુ કઈ રીતે થયા ?''

દેવે કહ્યું, ''**વારાણસી** નગરીમાં **સુલસા** અને **સુભદ્રા** નામની બે તાપસણીઓ હતી. બંનેને વિદ્યાબળનો ગર્વ હતો. ત્યાં **યજ્ઞવલ્ક્ય** નામના તાપસ આવ્યા. તેમણે સુલસાને પોતાની દાસી બનાવી. અનુક્રમે તેમને પુત્ર થયો. લોકાપવાદના ભયથી તે પુત્રને પીપડાના ઝાડ નીચે મૂકી બંને દેશાંતર જતાં રહ્યાં. સુભદ્રાએ પ્રાતઃ કાળે પોતાની સખીને ન જોઈ પરંતુ વૃક્ષની નીચે મુખમાં પીપડાનું ફળ છે એમ સમજી લેવા ગઈ ત્યાં બાળકને જોયો. તે વિચારવા લાગી કે, 'મારી સખીએ પુત્રને જન્મ આપી લોકોપવાદના ભયથી બાળકને ત્યજી દીધો છે. સુભદ્રાએ લોકોમાં વાત વહેતી મૂકી કે, 'મને ગંગા મૈયાએ બાળક આપ્યો છે.' સુભદ્રાએ બાળકનું નામ **પિપ્પલાદ** રાખ્યું. તેણી બાળકને ઉછેરવા લાગી. તેણે વિદ્યાભ્યાસ કરાવી તેને વાદવિજેતા બનાવ્યો.

એક વખત **પિપ્પલાદ** વાદીનું નામ સાંભળી યજ્ઞવલ્ક્ય સુલસા સાથે વાદ કરવા ત્યાં આવ્યો. વારાણસીમાં પિપ્પલાદે પિતાને હરાવી દાસ બનાવ્યો. સુલસાએ સુભદ્રા પાસેથી સર્વ હકીકત જાણી પિપ્પલાદને કહ્યું, ''પુત્ર! પિતાની અવજ્ઞા ન કર.'' એમ કહી પિતા-પુત્રનો સંબંધ દર્શાવ્યો.

પિપ્પલાદ વિચારવા લાગ્યો કે, 'અગ્નિમાં હોમવાથી સ્વર્ગ મળે છે.' તેણે માતા-પિતાને સ્વર્ગ લઈ જવાના હેતુથી અશ્વમેધ, પિતૃ-માતૃમેધ જેવા હિંસક યજ્ઞો કરી માતા-પિતાની યજ્ઞમાં આહુતિ આપી.

પિપ્પલાદ હિંસામય યજ્ઞ અને પાપમય શાસ્ત્રોનો પ્રચાર કરી પાંચમી નરકમાં ગયો. ત્યારપછી પાંચભવ સુધી ઘેટાં-બકરા તરીકે જન્મી યજ્ઞમાં હોમાયો. છઠ્ઠા ભવમાં બોકડો થઈ અકાળે હણાયો પરંતુ મારા ધર્મદાતા ગુરુએ મરતાં પૂર્વે મને નવકાર અને અનશન આપ્યાં. તેના મહિમાથી હું દેવ થયો છું. ચારુદત્ત મારા ધર્મદાતા ગુરુ છે, તેમનો મારા પર અનહદ ઉપકાર હોવાથી મેં પ્રથમ તેમને નમસ્કાર કર્યા છે.''

આ સાંભળી ચારુદત્તે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. તેમની સાથે બંને વિદ્યાધરોએ જૈન ધર્મ સ્વીકાર્યો. ચારુદત્ત અને સાધુ સ્વર્ગમાં ગયા. અનુક્રમે તેઓ મુક્તિ પદ પામશે. સુલસા અને યજ્ઞવલ્ક્ય બંને ઘણો કાળ સંસારમાં ભ્રમણ કરશે.

**જગડુશા** : (ઉપદેશ તરંગિણી; જૈન કથાઓ -૧૭; ઉપદેશપ્રાસાદ ભા.૪)

**કચ્છ**ના **કંથકોટ**માં **જગડુશા**ના પિતા **ભદ્રેશ્વર**થી આવીને વસ્યા હતા. ભદ્રેશ્વર તે સમયે વ્યાપારનું બંદર હતું. બાળપણથી જ જગડુશાને અનુકંપાના સંસ્કાર વારસામાં મળ્યા હતા. એમની માતા **લક્ષ્મીબાઈ** અનુકંપાની મૂર્તિ હતી. તેઓ જૈન ધર્મી હતા. પોતાની સંપત્તિ પારકાને કાજે ખર્ચવાનો એક જ

વિચાર ! ન પ્રસિદ્ધિની ઈચ્છા કે ન નામનાની કામના !

એક સમયે જગડુશા શેઠ કરિયાણાનાં વહાણો ભરી હરીમજ (હોમરજ) નામના દ્વીપે ગયા. ત્યાં વખાર ભાડે લઈ વ્યાપાર કરવા માંડયા. એક વખત બે વખારોની વચ્ચમાં એક મોટો પથ્થર નીકળ્યો. તે પથ્થરને જમીનમાંથી બહાર કાઢી વચ્ચમાં મૂકવામાં આવ્યો. તેના ઉપર બન્ને વેપારીઓ બેસતા હતા. આ બન્ને વચ્ચે પથ્થરની માલિકી બાબતે તકરાર થઈ. આ વાદવિવાદ રાજદરબારમાં પહોંચ્યો. બીજા વ્યાપારીએ પથ્થરનું મૂલ્ય ત્રણ હજાર ટંકનું આંક્યું. જગડુશાના મુનીમે ઘણું ધન આપી તે પથ્થર ગ્રહણ કર્યો. આ પથ્થર લઈ વહાણ ચલાવ્યું. તેઓ ભદ્રેશ્વરના બંદરમાં આવ્યા. ત્યાં કોઈ ઈર્ષાળુ મનુષ્યે મશ્કરી કરતાં જગડુશાને જણાવ્યું કે, 'તમારો મુનીમ પરદેશમાંથી એક મોટો પથ્થર લાવ્યો છે, જેનાથી તમારું આખું ઘર ભરાઈ જશે.'' જગડુશાએ કહ્યું, ''મુનીમ દ્વારા થયેલો વ્યાપાર શેઠને પ્રમાણભૂત હોય છે. વ્યાપારીનું જેવું ભાગ્ય હોય તેવો લાભ થાય છે. તે બાબતમાં વિશેષ વિચાર કરવો યોગ્ય નથી.'' જગડુશા ઉઠીને સમુદ્રનાં કાંઠે ગયા. તેમણે મુનીમનો સત્કાર કર્યો અને પથ્થર ઘરે લાવ્યા. આ પથ્થરને ઘરના આંગણામાં રાખ્યો. પથ્થર પણ એવો પ્રભાવશાળી હતો કે, જગડુશા પથ્થર પર બેસતા ત્યારે એવા પ્રકારના વિચાર આવતાં કે, 'ધન અર્પણ કરી જગતના જીવોને સુખી કરું.' પૂજ્ય ગુરુદેવના કહેવાથી પત્થર તોડયો ત્યારે તેમાંથી સવાલાખ મૂલ્યવાળાં ઘણાં રત્નો નીકળ્યાં તેથી શેઠ શ્રીમંત થયા. સમય જતાં જગડુશા **પાટણ** આવ્યા.

શ્રીમાળી શાહુકાર જગડુશા શેઠ એક દિવસ ભોજન કરવા બેઠા. તે વખતે કોઈ સિદ્ધ પુરુષ તેમના બારણે આવ્યો. બપોરનો સમય થયો હતો. શેઠે આ સિદ્ધ પુરુષને ભાણે બેસાડયો. તેને ભોજન પીરસ્યું. સિદ્ધ પુરુષે ધરાઈને ખાધું, પાણી પીધું છતાં તે તૃપ્ત ન થયો ત્યારે જગડુશાને નવાઈ લાગી. તેમણે તેનું કારણ પૂછ્યું. ત્યારે સિદ્ધ પુરુષે કહ્યું, ''આજથી પાંચમા વર્ષે નવું ધાન્ય અને નવું જળ દષ્ટિગોચર થશે.'' એમ કહી સિદ્ધ પુરુષ અદશ્ય થઈ ગયો.

સુજ્ઞ જગડુશા શેઠ સમજી ગયા કે પાંચ વર્ષ પછી (વિ.સં. ૧૩૧૫-૧૩૧૭) ભયંકર દુકાળ પડવાનો છે તેથી સર્વ દ્રવ્ય ખર્ચીને સઘળા દેશોમાંથી લાખો મુકા ધાન્ય ખરીદીને કોઠારોમાં સંગ્રહ કરાવ્યું. જ્યારે ભયંકર દુષ્કાળ પડયો, લોકો ભૂખથી ટળવળવાં લાગ્યાં, '**बुभुक्षितः किं न करोति पापम्!**' મુઠ્ઠીભર જારના દાણા માટે લોકો પોતાના વહાલસોયા પુત્રને વેચવા તૈયાર થયા. આ પાપી પેટ શું ન કરાવે? ચોરી-લૂંટફાટ વધ્યાં. અનાજના ભંડારો ખાલી થયાં, તિજોરીના તળિયા દેખાવા લાગ્યા. રાજા ચિંતાતુર બન્યા. રૈયતના દુઃખ કઈ રીતે દૂર થાય ? શું કોઈ ઓલિયો-ફકીર મદદે આવશે ?

તેવા ટાણે દુકાળના એ કરાળ કાળને નાથવા આશાનું એક કિરણ દેખાયું. અસહાયના બેલી બની જગડુ શાહ આવ્યા ! તેમણે સૌને સાચવી લેવાનો દઢ સંકલ્પ કર્યો. 'આ જગતના બધા માનવીઓ મારા ભાઈ સમાન છે.' તેમને મોતના મુખમાંથી અવશ્ય બચાવવા જોઈએ. ભૂખથી ટળવળતા, વલખા મારતાં લોકોને જોઈ દયાળુ જગડુશાનું હૃદય વલોવાઈ જતું.

મુનીમોને કોઠારખાનાની કૂંચી આપી વખારોમાં ભરેલું અન્ન બહાર કઢાવ્યું. લોકોમાં પૂરતું અન્ન વિતરણ કરાવ્યું. સાડા બાર વર્ષ ચાલે એટલું ધન રાજદરબારમાં ઠાલવ્યું.

મુનીમોએ કહ્યું, ''શેઠ! શું દામ લઈને અનાજ વેંચવું છે?'' જગડુશાએ કહ્યું, ''મૂર્ખાઓ ! શું આત્માની કિંમત આંકી શકાય ? જ્યાં જીવન-મરણનો હિસાબ થતો હોય ત્યાં ભાવ-તાલ કેવા ? હૃદયનું લોહી

દેવાથી જો કોઈનો જીવ ઉગરતો હોય તો હું તેને ઉગારવા તૈયાર છું. ધનની કોઈ વિસાત નથી.'

જનસમુહના પૂર ઉભરાતાં રહેતાં હતાં. જગડુશા આંખના અમીથી અને અંતરના હેતુથી સહુને આવકારતા. ન કોઈ હિજરાતું. સહુનું દુઃખ સહુમાં વહેંચાઈ જતું હતું. જગડુશા જાણે એમનાં દુઃખમાં ભાગ પડાવતા હોય તેમ દિવસ-રાત એક કરતા! ત્રણ ત્રણ વર્ષના ભયાનક સમયકાળ પછી એક દિવસ આકાશ ઘેરાયું, વાદળ રચાયાં અને મેઘ મન મૂકીને વરસ્યો, ત્યારે તેનું બૂંદે બૂંદ ગાતું હતું, 'જગડુ, તું દાતાર! દૂજો થાવો નથી!'

દીલ્હી, ખંભાત, ધોળકા આદિ બારસો જેટલા મોટા શહેરોમાં જગડુશાએ દાનશાળાઓ ખોલાવી, મુક્ત હાથે ત્રણ વર્ષ સુધી લગાતાર અન્નાદિ દાન આપ્યું. નિષ્ઠુર મોગલ બાદશાહના ભયથી તે દરેક દાનશાળાઓ પર એવી રીતની તકતી મૂકાવી કે, 'આ દાનશાળા રંક માટેની છે.' જગડુશાએ આવા કપરા સમયમાં ઘણાં રાજાઓને ધાન્યની સહાયતા કરી.

જગડુશાએ દુકાળના સમયમાં વિસલદેવ રાજાને આઠ હજાર મૂંડા, સિંધુ દેશના હમ્મીર રાજાને બાર હજાર મૂંડા, દિલ્હીના સુલતાન ગીઝનીને એકવીસ હજાર મૂંડા, કાશીના રાજા પ્રતાપસિંહને બત્રીસ હજાર મૂંડા અને સ્કંધિલના રાજાને બાર હજાર મૂંડા અનાજ આપ્યું. તે સમયે જગડુશાએ એકસો બાર દાનશાળાઓ ખોલાવી હતી. તેમાં પાંચ લાખ માણસો લાભ લેતા હતા.

જગડુશાની નિરાભિમાનતા, નમ્રતા અને અર્પણની ભાવનાથી તેમની યશોકીર્તિ ચારેકોર પ્રસરી ગઈ. કેટલાક કૃપણો તેમને 'પાગલ' પણ કહેતાં! ભલે એ લોક નજરે પાગલ હોય પરંતુ જગડુશા 'દુકાળીયાના બેલી' બની લોકહૈયે અમર બની ગયા!!

**અણહિલપુર** પાટણના રાજા **વિસલદેવ**થી તેમની યશોકીર્તિ સહન ન થઈ. તેમણે પણ પોતાના નગરમાં એક દાનશાળા માંડી પરંતુ ધન ખૂટવાથી યાચકોને તેલ પીરસવાનું શરૂ કર્યું. છેવટે વિસલદેવ રાજાએ પોતાનો અહંકાર ત્યજી જગડુશાને નમસ્કાર કર્યા.

પ્રભાતે જે જગ્યાએ બેસી જગડુશા દાન આપતા ત્યાં આડો એક પડદો બંધાવતા તથા પડદાની પાછળ બેસી યાચકોને દાન આપતા જેથી કુલીન અને ખાનદાનોને તે દાન લેવામાં લજ્જા આવે નહીં કે ખચકાય નહીં. યાચકો પોતાનો હાથ પડદાની અંદર જગડુશા પાસે ધરતા અને તેમને તેમના ભાગ્ય પ્રમાણે મળતું. એમ કરતાં એક દિવસ વિસલદેવ રાજાને એવી ઈચ્છા થઈ કે, 'હું પણ મારા ભાગ્યની પરીક્ષા કરું.' રાજા વેશ પરિવર્તન કરી જગડુશા પાસે દાન લેવા એકાકી ગયા. પોતાનો જમણો હાથ પડદાની અંદર ધર્યો. **સામુદ્રિક શાસ્ત્ર**ના જાણકાર જગડુશાએ ખુલ્લી હથેળીની રેખાઓ જોઈ વિચાર્યું કે, 'આ કોઈ મહાભાગ્યશાળી રાજવી છે. તેના પર દુર્ભાગ્યથી સંકટ આવ્યું છે; માટે કોઈ એવી વસ્તુ દાનમાં આપું કે જેથી રાજવીની જીવનપર્યંતની ગરીબાઈ દૂર થાય. તેને પુનઃ માંગવા ન આવવું પડે;' એમ વિચારી જગડુશાએ આંગળીમાં પહેરેલી અમૂલ્ય મણિરત્નની વીંટી ઉતારી રાજાની આંગળીમાં પહેરાવી દીધી. રાજાએ થોડી વાર રહીને ડાબો હાથ ધર્યો. જગડુશાએ પુનઃ પોતાની રત્નજડિત વીંટી રાજાના હાથમાં પ્રેમથી મૂકી.

બન્ને વીંટીઓ લઈ વિસલદેવ રાજા મહેલમાં આવ્યો. બીજે દિવસે રાજાએ જગડુશાને સન્માનપૂર્વક રાજસભામાં બોલાવી વીંટીની હકીકત પ્રજાજનો સમક્ષ જાહેર કરી. ત્યારે જગડુશાએ કહ્યું -

**''सर्वत्र वायसाः कृष्णाः सर्वत्र हरिताः शुकाः ।**

**सर्वत्र सुखिनां सौख्यं दुखं सर्वत्र दुःखिनाम्।।''**

''કાગડા સર્વત્ર શ્યામ હોય છે અને પોપટ સર્વત્ર લીલા હોય છે. સુખીજનોને સર્વત્ર સુખ મળે છે અને દુઃખીજનો સર્વત્ર દુઃખ અનુભવે છે.'' આમ કહી જગડુશા રાજાને પ્રણામ કરવા ગયા પરંતુ રાજાએ તેમને અટકાવતાં કહ્યું, ''તમે ધન-ધાન્યનું દાન આપો છો, તે તો હું જાણતો હતો પરંતુ તમે કિંમતી ઘરેણાનું દાન આપો છો; એવું મારા જાણમાં આવ્યું છે! તમારા જેવા દાનેશ્વરી તો રાજનું ગૌરવ છે. તમે સમ્માનનાં અધિકારી છો.'' વિસલદેવ રાજાએ બન્ને વીંટીઓ જગડુશાને પાછી પહેરાવી. તેમને અત્યંત સમ્માનપૂર્વક હાથીની અંબાડી પર બેસાડી વિદાય કર્યા.

જગડુશાએ દેશ-વિદેશમાં પોતાનો વેપાર વધાર્યો. છેક **ઈરાન**ના **હોરમઝ બંદર**માં એમની પેઢી ચાલતી હતી. એમણે **ભદ્રેશ્વર**ના મંદિરો બંધાવ્યાં. **કચ્છ, સૌરાષ્ટ્ર** અને **ગુજરાત**ના જિનાલયો, ધર્મશાળાઓ, ઉપાશ્રયો, કૂવા અને તળાવો બનાવ્યાં. એમણે સંઘ કાઢી **શત્રુંજય** અને **ગિરનાર**ની યાત્રાઓ પણ કરાવી. ઉદાર હૃદયના જગડુશાએ મુસ્લિમો માટે **ખીમલી મસ્જિદ** પણ બંધાવી હતી.

એકવાર સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે **કોયલા પહાડી**ની નજીક જગડુશાનું જહાજ થંભી ગયું. લોકવાયકા એવી હતી કે, બપોરના સમયે પહાડ પરની દેવીની દ્રષ્ટિ જે વહાણ પર પડે, તે ભસ્મીભૂત થઈ જાય છે. જગડુશા આ લોકમાન્યતા જાણતા હતા તેથી **હરસિદ્ધિ દેવી**ના મંદિરમાં આવ્યા અને પદ્માસન લગાવીને સતત ત્રણ દિવસના ઉપવાસ કર્યા. અંતે હરસિદ્ધિ દેવી પ્રસન્ન થતાં જગડુશાએ એમને પ્રાર્થના કરી કે, ''મધ્યાહ્ને પડતી આપની દ્રષ્ટિથી જહાજો ભસ્મીભૂત થઈ જાય છે, તેવું ન થાય તેનો માર્ગ બતાવો.'' હરસિદ્ધિ દેવીએ કહ્યું કે, ''તેના બદલામાં તારે બલિ ચડાવવો પડશે. મંદિરના ૧૦૮ પગથિયા છે. એક એક પગથિયા પર એક એક પાડાને ઊભો રાખ અને એનો બલિ ચડાવીશ તો હું પ્રસન્ન થઈશ.'' જગડુશા અહિંસાના ઉપાસક હતા. એમણે ૧૦૬ પાડાઓ મંગાવ્યાં અને એ પાડાઓને પગથિયા પર ઊભા રાખ્યાં. એમાં પહેલે પગથિયે પોતે ઊભા રહ્યાં અને બીજા પગથિયા પર પોતાના દત્તક પુત્રને ઊભો રાખ્યો. એમણે જાતે હરસિદ્ધિ દેવીને પ્રસન્ન કરવા માટે બલિરૂપે પોતાની ગરદન પર તલવાર ચલાવવાનું શરૂ કર્યું કે તરત જ અદશ્ય શક્તિએ જગડુશાનો હાથ પકડી લીધો અને એમને અટકાવી દીધાં. જગડુશાની જીવદયાની ભાવના જોઈ ખુદ દેવી પણ પ્રસન્ન થયાં. આ હરસિદ્ધિ દેવીએ કહ્યું, ''મારા દક્ષિણ દિશા તરફના મંદિરને ઉત્તર દિશા તરફનું બનાવી દો, જેથી કોઈ સંહાર ન થાય.'' આજે સૈકાઓ પછી પણ કોયલા પહાડીની યાત્રામાં દેવીના દર્શન કર્યા બાદ જગડુશા અને તેમના પુત્રની અચૂક આરતી ઉતારવામાં આવે છે.

કહેવાય છે કે ઉદાર અને દાનવીર જગડુશા શેઠે 'લજ્જાપિંડ' લાડવા તૈયાર કરાવ્યા. આ લાડવામાં સોનું રૂપું મૂકવામાં આવતું. એવા ખાનદાન કુટુંબો જેઓ ગરીબીના કારણે કોઈની સામે હાથ લંબાવી શકતા ન હતા અને ભૂખે મરતા હતા, તેમને શેઠ દરરોજ વહેલી પરોઢે લજ્જાપિંડ લાડવો છુપી રીતે આપી આવતા. એવી હતી તેમની ઉદાત્ત ભાવના!

આવી જ રીતે લખનૌના નવાબ આસફુદૌલાના વિષયમાં કહેવાય છે કે - તેમણે ગુપ્તરૂપે ઘણું દાન કર્યું છે. તેઓ કોઈના પણ ઘરે જતા ત્યારે સોનાના સિક્કા થાળીમાં મૂકીને આવતા.

ચાણક્ય નીતિમાં કહ્યું છે - **'द्रारिद्रयनाशनं दानम्।'** દાન દરિદ્રતા નષ્ટ કરે છે.

મહાદાનેશ્વરી જગડુશાના મૃત્યુ સમયે સૌએ આંસુ પાડયાં પરંતુ દાને તેમને ઈતિહાસમાં ચિરંજીવ

બનાવ્યા! જગડુશાની જેમ [1]શેઠ શામળશાહ અને [2]શેઠ ખુશાલચંદની દાનવીરતા લોકમુખે પ્રશંસનીય છે.

**જય રાજર્ષિ** : (કથારત્ન કોષ, પ્રત ૧૨૬-૧૩૨, પૃ. ૨૪૫/૨૪૬)

**જંબુદ્વીપ**માં **ભારત** વર્ષમાં **વિજયવર્ધન** નામનું વૈભવશાળી નગર હતું, ત્યાં **જયસુંદર** નામે રાજા હતો. જેની **વિજયવતી** નામની સ્વરૂપવાન રાણી હતી. તેમનો એક તેજસ્વી પુત્ર હતો જેનું નામ **ભુવનચંદ્ર** હતું. શ્રેષ્ઠી પુત્ર **શંખ**, પુરોહિત પુત્ર **અર્જુન**, સેનાપતિનો પુત્ર **સોમ** અને રાજકુમાર ભુવનચંદ્ર આ ચારે વચ્ચે ઘનિષ્ઠ ભાઈબંધી હતી.

એકવાર ભુવનંચદ્ર મિત્રોને લઈને નગરની બહાર ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. ત્યાં એક મંત્ર-તંત્રમાં નિપુણ '**નાણકરંડ**' નામના કપાલિકને તેમણે જોયો. રાજકુમારે વિશેષ આદરપૂર્વક તે કપાલિકને પ્રણામ કર્યા. કપાલિકે આશીર્વાદ આપ્યા કે, 'તમે પાતાળ કન્યાના નાથ થશો.' રાજકુમારે પાતાળકન્યા વિષે પૂછપરછ કરી ત્યારે કાપાલિકે પાતાળકન્યા મેળવવાનો માર્ગ બતાવ્યો.

''વિંધ્યાચલની તળેટીમાં **વિજયકુંડ** નામે ઉદ્યાન છે. તે ઉદ્યાનમાં વચ્ચોવચ્ચ **સુવેલ** યક્ષનું મંદિર છે. યક્ષમંદિરમાં પદ્મના આકારની શિલા છે. તેને ખસેડવાથી એક **કેયૂર** નામનું ભોંયરું (વિવર) દેખાશે. તેમાં પ્રવેશ કરવો. આ ભોંયરામાં એક કોશ ચાલતાં યક્ષકન્યાઓ દૃષ્ટિગોચર થશે.''

હવે રાજપુત્રનું મન યક્ષકન્યા મેળવવા ઉત્સુક બન્યું. મિત્રોને કપાલિકની વાતો પર બિલકુલ વિશ્વાસ ન હતો, છતાં રાજકુમારનાં વચનો રાખવા મિત્રોએ તેની વાત સ્વીકારી લીધી. રાજકુમાર અને તેના મિત્રો એક દિવસ કોઈને પણ કહ્યા વિના વેશ પરિવર્તન કરી રાત્રિના સમયે કાપાલિક સાથે પાતાળયાત્રા કરવા નીકળી પડયા.

માર્ગમાં અપશુકનો થવા છતાં તેને ગણકાર્યા વિના તેઓ યક્ષમંદિર સુધી પહોંચી આવ્યા. કાપાલિક સાંજે ચાર બોકડાં શણગારીને વધ કરવા લાવ્યો. કપાલિકે યજ્ઞની તૈયારી કરીને કહ્યું, ''યક્ષની

---

૧. **સૌરાષ્ટ્ર**ના દાનપરાયણ **શામળશાહ** શેઠને ત્યાં પુત્રવધૂના સીમંતનો મહોત્સવ હતો. નગરના જ્ઞાતિજનો અને સાધર્મિક ભાઈઓને ત્યાં લાણુ મોકલવામાં આવ્યું. આ લાણામાં પ્રત્યેકને ત્યાં સુગંધીદાર લાડવા મોકલવામાં આવ્યા. શેઠનો પુત્ર સૂચી અનુસાર સગાસંબંધીઓને લાડુ મોકલવાની તૈયારી કરી રહ્યો હતો. તે વેળાએ શેઠે કહ્યું, ''વત્સ! આજના આ મંગલ પ્રસંગે વિધવા બહેનોને, ગરીબો, અનાથજનોને ભૂલીશ નહીં. તેમને યાદ કરી અચૂક લાણુ મોકલાવજે. પુત્ર! એમ કર, એમની સૂચી મને આપી દે. હું તદાનુસાર લાડુ બંધાવી દઉં.'' શેઠે સ્વયં લાડુમાં ગુપ્તપણે સુવર્ણ મુદ્રાઓ મૂકાવી દીધી. શેઠ જાણતા હતા કે, સ્વમાની એવા સાધર્મિકો કોઈની પાસે લજ્જાવશ હાથ લાંબો નહીં કરે. અતઃ મારું કર્તવ્ય છે કે હું સ્વયં એવી વ્યવસ્થા કરું કે જેથી તેમને કદી માંગવું ન પડે. આમ, સમાનકોટિના અથવા સમાન સ્થિતિના સાધર્મિકોને યથોચિત વસ્તુઓ સત્કારપૂર્વક આપવી તેને મહાપુરાણમાં '**સમાનદત્તિ**' કહેવાય છે.

૨. **અમદાવાદ**માં ઘોર વિપત્તિના સમયે દયાળુ અને પરગજુ નગરશેઠ **ખુશાલચંદે** લોકોની હેરાનગતિ દૂર કરવા બાપ-દાદાના સમયથી ઉપાર્જિત અને સંચિત ધનને વિદેશીના દ્વાર પર ઠાલવ્યું. તેમણે બળદગાડીમાં રૂપિયાની ગુણો ભરી **હમીદ ખાઁ**ની સામે ઢગલો કરી શહેરને વિનાશલીલાથી બચાવ્યું. આ વાત વાયુવેગે પ્રસરી ગઈ. શહેરના પ્રમુખ વ્યાપારી એકઠાં થયાં. સર્વેએ સર્વાનુમતે એવો ઠરાવ કર્યો કે, 'અમદાવાદની બજારમાં જેટલા માલનું તોલ-માપ થશે, તેના ઉપર ચારઆના પ્રતિશત નગરશેઠને આપવા.' પત્રિકા પત્ર લખાયું. તેના ઉપર હિજરી સં. ૧૧૩૭, ૧૦ મહાની તારીખ અંકિત થઈ. તેના પર રાજમુદ્રા લગાડવામાં આવી. કિશોરદાસ, રણછોડદાસ આદિ પ્રસિદ્ધ વ્યાપારીઓનાં આ પત્ર પર હસ્તાક્ષર થયાં. ત્યારથી નગરશેઠને નિયમિતપણે રકમ મળતી ગઈ.

સામે બોકડાઓને લઈને એક એક જણ આવો.'' કપાલિકની મેલી મુરાદની ગંધ ચારે મિત્રોને ન આવી. તેઓ કપાલિકની સૂચના અનુસાર આચરણ કરવા લાગ્યા.

શ્રેષ્ઠીપુત્રને નિર્દોષ બોકડાની બલિ ચડાવવાનું કાપાલિકનું વલણ ન ગમ્યું તેથી તેણે વેણ ઉથાપ્યું. તેણે હિંસક કાર્ય કરવાનો સાફ ઈન્કાર કર્યો એટલે કપાલિકે તેને અને તેના બોકડાને છોડી બાકીના ત્રણે મિત્રોને વારાફરતી બોલાવી વધેરી નાંખ્યાં. ત્રણે મિત્રો મૃત્યુ પામ્યા. ત્યાર પછી કપાલિક શ્રેષ્ઠી પુત્રને પકડવા દોડયો. ત્યાં યક્ષ પ્રગટ થયો. યક્ષે કહ્યું.''નિરપરાધી પુરુષ રત્નને હણી તું શું કરીશ ?'' યક્ષનાં વચનો સાંભળી ભયભીત થયેલા કપાલિકે શ્રેષ્ઠીપુત્રને છોડી દીધો. શ્રેષ્ઠીપુત્ર પોતાના મિત્રોના અકાળે મૃત્યુથી શોકમગ્ન બન્યો. સંસારની સ્વાર્થતા અને ભયાનકતા સમજાતાં તે દીક્ષા લેવા તૈયાર થયો.

માર્ગમાં તેને **સુમેહ** નામનો શ્રાવક મળ્યો. તેને સર્વ વૃત્તાંત કહ્યો. શ્રાવકે સાંત્વના આપતાં કહ્યું, ''તેં બોકડાના પ્રાણની રક્ષા કરી ઉત્તમ કાર્ય કર્યું છે તેથી જ તું આજે ઉગરી ગયો છે. જે બીજાના પ્રાણોની રક્ષા કરે છે તેની ધર્મ અવશ્ય રક્ષા કરે છે.'' સુમેહ શ્રાવકે તેને નવકારમંત્ર શીખવ્યો. નમસ્કાર મહામંત્રનું માહાત્મ્ય સમજાવતાં શ્રેષ્ઠીપુત્ર પ્રતિ સમય નવકારના ધ્યાનમાં લીન રહેવા લાગ્યો. તેણે નવકાર મંત્રના પ્રભાવે **પલ્લીપતિ**ના પુત્રનો વળગાડ દૂર કર્યો તેથી દયા ભાવથી પ્રેરાઈ ચોરોએ ચોરીનો ધંધો છોડી દીધો. આ ચોરો તેને તેના નગર વિજયવર્ધન સુધી વળાવવા આવ્યા.

શ્રેષ્ઠીપુત્ર શંખ ગૃહસ્વામી થયો. અંતે મૃત્યુ પામી એક પલ્યોપમના આયુષ્યવાળો ભવનપતિ દેવ થયો. 'અભયદાનનું જ આ ફળ છે,' એવું જાણી તેણે કેવળજ્ઞાની પાસે જઈ પોતાનો આગલો ભવ પૂછયો. અતિશય જ્ઞાની ભગવંતે તેનું ભવિષ્ય ભાખતાં કહ્યું -

''તું **વિજયસિંહ** રાજા અને **વિજયવતી** રાણીનો પુત્ર થશે. 'અભયદાન આપવું' એવો અગાઉથી પ્રબંધ કરવા માટે તું વિજયસિંહ રાજાના સ્વપ્નમાં આવી કહેશે કે, 'રાજન્! સભાભવનની ભીંત ઉપર કુશળ ચિત્રકારો દ્વારા ચિત્ર કરાવો. જેમાં રાજપુત્રો, સેનાપતિપુત્ર, પુરોહિતપુત્ર અને શ્રેષ્ઠીપુત્ર વિંધ્યાચળની ઝાડીમાં રહેલા યક્ષમંદિરમાં ઊભા હોય. વળી, આ મંદિરમાં ભોંયરાને ખોલતાં પહેલાં કાપાલિક દ્વારા પૂજાના બહાને બોકડા અને પછી ચાર જણને વધેરવાનું કરાયેલું છળ, તેમાંથી શંખ નામનો શ્રેષ્ઠીપુત્ર, જે બોકડાને અભયદાન આપતાં બચી ગયો. આ બધી વિગતો સ્પષ્ટપણે ચિત્રિત કરવામાં આવે.' રાજાએ સ્વપ્ન અનુસાર કુશળ ચિત્રકારો પાસે ચિત્રો દોરાવ્યાં.

વિજયવતી રાણીએ યોગ્ય સમયે પુત્રને જન્મ આપ્યો. તેનું **જય** નામ પાડયું. વિજયસિંહ રાજાએ પોતાનું મૃત્યુ નજીક જાણી જયને યુવરાજ પદ આપ્યું.

એક વાર જય રાજા રાજસભામાં બેઠાં હતાં. ત્યાં **ધનપાલ, ધર્મધર** અને **ધરણિધર** નામના ત્રણ મિત્રો આવ્યા. તેઓ રાજસભાની ભીંત પરના ચિત્રો જોઈ મૂર્છિત થયા. જય રાજા પણ એકીટશે અનિમેષ નયને ચિત્રો જોવા લાગ્યા. ચિત્રો જોઈ મનમાં ઉહાપોહ થતાં, જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પૂર્વ ભવના અભયદાનનું ઉત્તમ ફળ છે, એવું જાણ્યું. ત્રણે આશ્રિત મૂર્છિત થયા, તે પોતાના જ પૂર્વભવનાં મિત્રો હતાં. તેમને સચેતન કર્યા. સર્વ હકીકત સાંભળી ચારે મિત્રો એકબીજાને ભેટી પડયા.

ચારેએ સદ્ગુરુ પાસે જઈ જિનધર્મ સાંભળ્યો. કરુણાશીલ જય રાજાએ ધર્મસ્થાનો બંધાવ્યાં. દીન-અનાથ જનો માટે દાનશાળાઓ ખોલાવી. જૈન શાસનનો મહિમા ખૂબ વધાર્યો. નગરમાં અમારિ પ્રવર્તન

કરાવ્યું. અંતે દીક્ષા લઈ કેવળજ્ઞાની બન્યા.

**જિનદાસ શેઠ :** (અષ્ટાન્હુકા વ્યાખ્યાન)

**ધારાનગરી**ના **જિનદાસ** શેઠ શ્રીમંત, ઉદાર અને ધર્માત્મા હતા. પ્રકૃતિના નિયમોની જેમ માનવીની પરિસ્થિતિ સદા એક સરખી રહેતી નથી. પરિસ્થિતિ પલટાતાં જિનદાસ શેઠને વ્યાપારમાં મોટી ખોટ આવી. સર્વ માલ વેચી તે સજ્જન શેઠે સૌ પ્રથમ લેણદારોનું લેણું ચૂકવ્યું. પરિસ્થિતિએ એવો વળાંક લીધો કે વ્યાપાર ઠપ્પ થઈ ગયો. નવા વ્યાપાર માટે ધન જોઈએ, જે થઈ શકે તેમ ન હતું. ઘરખર્ચ માટે સાંસા પડવા લાગ્યા. એવા ટાણે તેમને ક્યાંય નોકરી પણ ન મળી. મનમાં ચિંતા થવા લાગી કે, 'હવે શું કરવું ?'

આર્તધ્યાન ધર્મધ્યાનને નષ્ટ કરે છે. જિનદાસ શેઠના મનમાં નબળી પળોમાં સંકલ્પ-વિકલ્પની તરંગો ઉઠવા લાગી. રાત-દિવસ તેનો ઉપાય મેળવવાના ચિંતનમાં જતો. રાતની ઊંઘ હરામ થઈ ગઈ. પતિ-પત્નીને ત્રણ ઉપવાસ થયા. નગરના કહેવાતા ધર્માત્મા અને સંપન્ન પુરુષોને શેઠની નિર્ધન અવસ્થા જોઈ અંશમાત્ર દુ:ખ ન થયું. ન કોઈએ તેને સહાય કરી. આવી સ્થિતિમાં તેની હાંસી-મજાક ઉડાડવા લાગ્યા. આખરે લાચાર બની જિનદાસ ઉપાશ્રયમાં ગયો.

તે સમયે **શાન્તનુ** નામના શેઠ સામાયિક કરવા ઉપાશ્રયમાં આવ્યા હતા. તેમણે ખમીસ ઉતારી ખીંટીએ ટાંગ્યો. સામાયિકના ઉપકરણો પહેરી સામાયિકમાં એકાગ્ર થયા. તેમણે ગળાનો રત્ન-જડિત હાર ઉતારી ખમીસના ખીસામાં મૂક્યો હતો. આ દશ્ય જિનદાસ નિહાળી રહ્યો હતો. તેણે કેટલોક સમય સુધી માળા ફેરવવાનું નાટક કર્યું. પછી સર્વની નજરથી બચી, છુપી રીતે, પગનો અવાજ કર્યા વિના શાન્તનુ શેઠના ખમીસ પાસે પહોંચ્યો. તેણે ઝડપથી હાર ચોરી લઈ પોતાના ખીસામાં મૂક્યો. હવે ઉપાશ્રયમાંથી નીકળી તે ઉતાવળે પગલે સીધો પોતાના ઘરે આવ્યો.

આ બાજુ શાન્તનુ શેઠ સામાયિક પૂર્ણ થતાં ઊભા થયા. પોતાનું ખમીસ પહેરવા લાગ્યા. ખમીસના ખીસામાં હાર ન જોઈ તેઓ સહેજ વિચારમાં પડયા. તેમને જિનદાસ પ્રત્યે થોડો વહેમ ગયો પરંતુ બીજી જ ક્ષણે તેઓ મનને શાંત કરી પોતાના ઘરે આવ્યા. જાણે કંઈ બન્યું જ નથી તેમ વાત વિસરી ગયા.

એક સપ્તાહ પૂર્ણ થયો. જિનદાસ સ્વયં શાન્તનુ શેઠની દુકાને તે જ હાર લઈ ગિરવે મૂકવા માટે પહોંચ્યો. શેઠે તેનો ઉદાસ ચહેરો જોયો. શેઠે મનમાં કંઈક વિચારી પછી તેનું સ્વાગત કરતાં કહ્યું, "આવો આવો, જિનદાસ શેઠ ! ઘણાં દિવસો પછી આજ આવવાનું થયું ! તમારો ચહેરો ચિંતાતુર દેખાય છે. કહો, મારા યોગ્ય કોઈ સેવા હોય તો."

જિનદાસ મનોમન આશંકિત હતો કે, 'ક્યાંક શાન્તનુ શેઠ પોતાનો હાર જોઈ મને પોલીસના હવાલે ન કરી દે. અથવા મને બેઆબરૂ ન કરે. આવું થશે તો હું નગરમાં કોઈને મોં દેખાડવા જેવો નહીં રહું.'

શાન્તનુ શેઠે તેનો ભયભીત ચહેરો જોઈ આશ્વાસન આપતાં કહ્યું, "કોઈ સહાયતાની જરૂરત હોય તો કહો, હું કોઈની સમક્ષ તમારી ગુપ્તવાત પ્રગટ કરીશ નહીં. તમે નિ:શંક રહો." જિનદાસે હામ ભીડી ગજવામાંથી શાન્તનુ શેઠનો ચોરેલો હાર કાઢી તેમને આપતાં કહ્યું, "શેઠ ! આ હાર આપની પાસે થાપણ રાખી મને દશ હજાર રૂપિયા આપો." શેઠે કહ્યું, "અરે ભાઈ ! રૂપિયા જોઈએ છે, તેમાં હાર લાવવાની શી આવશ્યક્તા છે ? એ તમારી પાસે જ રહેવા દો. તમે દશ હજાર રૂપિયા વિના વ્યાજે લઈ જાઓ." જિનદાસે વિશ્વાસ બેસાડતાં

કહ્યું, "નહીં, નહીં, શેઠજી ! આ હાર તમે રાખો. કદાચિત મારી નિયત ખરાબ થઈ જાય તો !"

શાન્તનુ શેઠ મનમાં વિચારવા લાગ્યા કે, 'આ હાર તો તે જ છે, જે હું ઉપાશ્રયમાં પહેરીને ગયો હતો. પરંતુ જિનદાસ સાધર્મિક છે. તેની નિર્ધનતાને લક્ષમાં ન લઈ તેને અર્થ સહયોગ ન કર્યો માટે તેને ચોરી જેવું અકૃત્ય કરવું પડયું છે. આ મારી મોટી ભૂલ છે. મારા દુર્લક્ષ્યથી તે અપરાધી બન્યો છે. મારે તેને ચૂપચાપ દશ હજાર રૂપિયા આપવા જોઈએ.'

શાન્તનુ શેઠે હાર લઈ તિજોરીમાં મૂક્યો અને દશ હજાર રૂપિયા આપતાં કહ્યું, "જિનદાસ વધુ રૂપિયા જોઈએ તો લઈ જાઓ. પાંચ હજાર રૂપિયા વધુ આપું ?" જિનદાસે કહ્યું, "શેઠજી ! આટલા રૂપિયા બહુ થઈ ગયા. હું તેમાંથી વ્યાપાર કરીશ. વ્યાપાર કરતાં કમાણી થશે તો હું તરત જ તમને રૂપિયા પાછા આપીશ."

જિનદાસ રૂપિયા લઈ ઘર તરફ નીકળ્યો. તેના મનમાં ચોરી કરવા બદ્દલ પશ્ચાતાપ થવા લાગ્યો. 'દયાળુ શેઠે આજે મારી બાજી સાચવી લીધી. અન્યથા હું ધર્મને ત્યજી દેત. પહેલેથી જ હું ધનથી અભાવ પીડિત હતો તેથી ધર્મભ્રષ્ટ થઈ ચોરી કરવામાં પ્રવૃત્ત થયો. ખેર ! હવે ચોરી નહીં કરું અને ચોરીના પાપનું પ્રાયશ્ચિત પણ કરીશ.' તેણે ઘરે જઈ પત્નીને સઘળી હકીકત કહી.

હવે તે વ્યાપાર કરવા લાગ્યો. એક વર્ષમાં પાસા પલટાયા. વ્યાપારમાં સારો નફો થયો. તે વ્યાજ સહિત દશ હજાર લઈ શાન્તનુ શેઠ પાસે આવ્યો શાન્તનુ શેઠે કુશળતા પૂછી આવવાનું પ્રયોજન પૂછયું. જિનદાસે કહ્યું, "હું આપના દશ હજાર રૂપિયા વ્યાજ સહિત લાવ્યો છું. આપ તેનો સ્વીકાર કરો." શાન્તનુ શેઠે કહ્યું, "ભાઈ ! આટલા જલ્દી રૂપિયા પાછા આપવા કેમ આવ્યા છો ? મને અત્યારે તેની કોઈ આવશ્યક્તા નથી." જિનદાસે કહ્યું, "જિનદાસે કહ્યું, "પરંતુ મારે તો પાછા આપવાની ઉતાવળ છે. સગવડ થાય એટલે રૂપિયા ચૂકવી દેવા એ મારું કર્તવ્ય છે. આપે મને એવા સંજોગોમાં રૂપિયા આપ્યા હતા કે જેનાથી હું મારા ધર્મથી ચ્યુત ન થયો. આપના રૂપિયાએ મને સહારો આપ્યો છે." શાન્તનુ શેઠે કહ્યું, "હું તો મૂળ મૂળી પણ લેવા ઈચ્છતો નથી પરંતુ તમારો અત્યંત આગ્રહ છે માટે લઈ લઉં છું પરંતુ વ્યાજ તો હરગિજ નહીં લઉં." જિનદાસે કહ્યું, "વાહ શેઠજી ! વ્યાજ તો તમારા હકનું છે. એ તો લેવું જ પડશે."

શાન્તનુ શેઠ અને જિનદાસ વચ્ચે વ્યાજ બાબતે રકઝક ચાલી પરંતુ શાન્તનુ શેઠે વ્યાજ ન જ લીધું. તેમણે તિજોરીમાંથી હાર લાવી જિનદાસને આપ્યો ત્યારે જિનદાસે કહ્યું, "આ તો આપનો જ છે ! આપ મને લજ્જિત ન કરો. આપે મારી ઈજ્જત રાખી છે, અન્યથા મારું પતન થાત. ધર્મનું એક સોપાન તો હું ચોરી કરીને ચૂકી ગયો છું. શેઠજી ! આપનો હાર આપની પાસે જ રાખો." શાન્તનુ શેઠે કહ્યું, "આ હાર તમારો જ છે જિનદાસ ! એના પર મારો કોઈ અધિકાર નથી. મેં તમારા પ્રત્યે ઉપેક્ષા કરી છે તેથી પ્રાયશ્ચિત રૂપે આ હાર તમને આપવાનો મેં સંકલ્પ કર્યો છે. આ હાર તમારો છે. તમે તેને સંભાળો ! મારા તરફથી તમને ભેટ છે, એવું સમજી સ્વીકારી લો." જિનદાસે કહ્યું, "આ હાર મારો હતો જ નહીં. આ હાર આપનો છે. મારે આ હાર લેવો હરામ છે." એમ કહી જિનદાસ ચાલતો થયો. શાન્તનુ શેઠે તે હાર અને રૂપિયાનું વ્યાજ પોતાની પાસે ન રાખતાં ધર્મકાર્યમાં ખર્ચ કરવાનો નિશ્ચય કર્યો. આ પ્રમાણે ધર્માત્મા શાન્તનુ શેઠે દાન (સહયોગ) ધર્મથી ચ્યુત થતા જિનદાસ શેઠનું હૃદય પરિવર્તન કરી તેને બચાવી લઈ ધર્મમાં સ્થિર કર્યો.

ખરેખર ! દાનરૂપી અમૃતે શાન્તનુ શેઠની અમીરાત દ્વારા જિનદાસ શેઠની પાશવિક વૃત્તિઓને ડામી દઈ સુસંસ્કારોને ચિરંજીવ બનાવ્યા. પદ્મપુરાણમાં કહ્યું છે - **'शत्रावपि गृहाऽऽयाते नास्तदेयं तु कि ञ्चन'**

શત્રુપણ ઘરે આવે તો એને કંઈ ન કંઈ તો જરૂર અર્પણ કરો. તેનો મલાજો જાળવી, સન્માન કરો. આવું કરવાથી મૈત્રીના પુષ્પખીલી ઉઠે છે !

**જિનદાસ શ્રેષ્ઠી** : (જૈન પ્રેરક કથાઓ)

એક નગરમાં **લોહખુર** નામનો ચોર હતો. તેની પાસે ચમત્કારિક અંજન હતું. જ્યારે પોતાની આંખમાં આંજે ત્યારે તે અદશ્ય થઈ જાય. એ સૌને જોઈ શકે, એને કોઈ ન જોઈ શકે.

લોહખુર અદશ્ય બની રાજમહેલમાં પહોંચી ગયો. તે સમયે મહારાજા **શ્રેણિક** ભોજન કરતા હતા. લોહખુરે એ ભોજન ચાખ્યું. તેને ખૂબ સ્વાદિષ્ટ લાગ્યું. આજ દિવસ સુધી ફક્ત લૂખાસૂકા રોટલા ખાધા હતાં ત્યાં આવું મસાલેદાર, સુગંધી અને ચટાકેદાર ભોજન જોઈ તેના મુખમાં પાણી આવ્યું. લોહખુર ભોજનનો લટ્ટુ બની ગયો. તે રોજ સમયસર રાજમહેલમાં પહોંચી જતો અદશ્યપણે રહી મહારાજાનું ભોજન જમી જતો. લજ્જાના માર્યા મહારાજા વધુ ભોજન લેતા શરમાતા. એ ભૂખ્યા રહેવા લાગ્યા તેથી સૂકાતા ગયા. શરીર કૃશ થયું. લોહખુર નિત્ય આરામથી ભોજન કરવા લાગ્યો.

મહારાજાનું શરીર નબળું થયેલું જોઈ બુદ્ધિશાળી **અભયકુમારે** પિતાને પૂછપરછ કરી. મહારાજાએ કહ્યું, ''હું ઘણું ભોજન કરું છું, છતાં મારી કાયા કેમ કૃશ બની છે તે સમજાતું નથી.'' અભયકુમારે વિચાર્યું, 'નક્કી મહારાજાનું ભોજન કોઈ અદશ્યપણે કરતું હોવું જોઈએ.' તેમણે એક ઉપાય યોજ્યો.

તેમણે મહેલની બહાર લીમડાનો ધૂમાડો કરાવ્યો. ભોજનની વેળા થતાં લોહખુર આંખમાં આંજન આંજી અદશ્યપણે આવ્યો. ધૂમાડાથી તેની આંખો બળવા લાગી. એણે આંખ ચોળી એટલે અંજન ઝરી ગયું. એ પ્રત્યક્ષ થયો. મંત્રીએ તેને જોયો. લોહખુર પકડાઈ ગયો. રાજાના સૈનિકોએ તેને અનહદ માર્યો. ભૂખ્યો ને તરસ્યો ઝાડ ઉપર લટકાવી દીધો. લોહખુર પાણી માટે વલખાં મારવા લાગ્યો. તેનું ગળું સૂકાતું હતું. તે ચીસો પાડવા લાગ્યો.

એ જ નગરમાં એક શ્રેષ્ઠી રહેતા હતા. તેમનું નામ હતું **જિનદાસ**.તેઓ ધાર્મિક અને દયાળુ હતા. તેમને લોહખુરની દયા આવી. 'લોહખુર ચોરને કોઈએ મદદ ન કરવી,' એવી રાજાની કડક આજ્ઞા હોવા છતાં દયાળુ શેઠે લોહખુર પાસે જઈ કુંજામાંથી પાણી ધર્યું ને કહ્યું, ''લોહખુર ! તને પાણી જરૂર આપીશ પરંતુ મારી એક શરત છે.'' લોહખુરે કહ્યું, ''મને તમારી શરત જે હોય તે મંજૂર છે પણ પહેલાં પાણી આપો.'' જિનદાસે તૃષાતુર લોહખુરને પાણી પીવડાવી તેની તૃષા છીપાવી. પાણી પીને તૃપ્ત થયેલા પ્રતિજ્ઞા બદ્ધ લોહખુરે કહ્યું, ''શેઠ ! શરત કહો. જે કહેશો તે કરીશ ! તમે મારા પ્રાણ બચાવ્યા છે.'' શેઠની વાણીમાં એકલી કરુણા હતી, ''લોહખુર ! તારે પ્રાયશ્ચિત કરવાનું છે. તેં જે પાપો કર્યા હોય, તેનો એકરાર કર. તેની નિંદા કર. તેની માફી માંગ. ફરીથી આવા ખોટા કામ નહિ કરવાની પ્રતિજ્ઞા કર. **શ્રી નવકાર મહામંત્ર**નું રટણ કર. તારું ભલું થશે ભાઈ !'' લોહખુર ચોરે એમ જ કર્યું. એ મૃત્યુ પામી દેવ થયો. ચોરને મદદ કરવા માટે મહારાજાએ જિનદાસ શેઠને શૂળીએ ચડાવ્યા ત્યારે દેવ બનેલા લોહખુરે શેઠને બચાવ્યા. ખરેખર ! કરેલું સુકૃત્ય ફળ અપાવ્યા વિના રહેતું જ નથી.

ભારતીય સંસ્કૃતિનો મૂર્ધન્ય ગ્રંથ **મહાભારત**માં કહ્યું છે -

**'मरुस्थलां यथावृष्टिः सुधार्ते भोजन यथा।**

**दरिद्रे दीयते दानं, सफले पाण्डुनन्दन ।।'**

**અર્થ :** જેમ મરૂભૂમિમાં વર્ષા સાર્થક છે, જે ભૂખ્યો છે તેને ભોજન દેવું સાર્થક છે, તેમ જે દીન દુઃખી, પીડિત અથવા દરિદ્રીને દાન આપવું (તેની આંતરડી ઠારવી) ઉચિત છે.

**દાનશીલ શ્રેષ્ઠી :**

કોઇ એક નગરમાં દાનશીલ શેઠ અને લક્ષ્મીમતી શેઠાણી રહેતા હતા. તેઓ શ્રીમંત હતા. પરંતુ તેમના જીવનમાં સંતાનની ઊણપ હતી. એકવાર શેઠાણીએ ગુરુના મુખેથી જિનવાણી સાંભળી કે, 'પૈસાનો સાર દાનમાં છે અને ભોગો પણ દાનથી મળે છે.'' શેઠાણીની પ્રેરણાથી શેઠ હવે નિત્ય પ્રભાતથી માંડીને મધ્યાહ્ન સુધી ઘરની નીચે જ દુકાન માંડી નોકરના હાથે યાચકોને દાન આપવા લાગ્યા.

આ જ નગરનો એક વણિક પુત્ર પોતાની પત્ની અને બે પુત્રો સાથે રહેતો હતો. તે નિર્ધન હોવાથી ખૂબ દુઃખી હતો. તેની પત્ની હંમેશાં બીજા પાસે ધન-ધાન્યાદિ માંગવાની સલાહ આપતી પરંતુ સ્વાભિમાની વણિક પુત્રને લજ્જાવશ બીજા પાસે માંગવાની હિમ્મત થતી ન હતી. એકવાર સંતાનોનું ભૂખનું દુઃખ જોઈ ન શકવાથી સ્ત્રીએ પોતાના પતિને કહ્યું, ''સ્વામી! તમે પુત્રના દુઃખને કેમ ગણકારતા નથી ? તેઓ ભૂખ્યા હોવાથી વારંવાર ભોજન માંગે છે. તેમની અવદશા તો જુઓ. ભૂખની પીડાથી મૃત્યુ થશે તો તેનું પાપ તમારા લલાટે ચોંટશે. તમે કૃપા કરી નગરના શ્રેષ્ઠી પાસે જઈ પ્રાર્થના કરો અથવા દાનશીલ શ્રેષ્ઠીવર્ય પાસે જાઓ. શેઠ ખૂબ દયાળુ છે, તમને ખાલી હાથે પાછા નહીં વાળે. તેઓ નિત્ય બપોર સુધી યાચકોને દાન આપે છે.'' કમને વણિક પુત્રના પગ શેઠના ઘર તરફ વળ્યા. ત્યારે શેઠનો નોકર દુકાન બંધ કરી રહ્યો હતો. વણિક પુત્ર તેને જોઈ મૌન રહ્યો. તેણે કાંઈ ન માંગ્યું. તે નિરાશ થઈ પાછો જતો હતો ત્યાં નોકરે તેને બોલાવી આવવાનું કારણ પૂછ્યું. પ્રથમ તો કદી માંગ્યું ન હતું. એટલે તેનાથી એકપણ શબ્દ બોલાયો નહીં. નોકરે બીજીવાર પૂછ્યું ત્યારે તે સંકોચ અનુભવતો નીચી નજર ઢાળી ઊભો રહ્યો એટલે નોકરે ત્રીજીવાર પૂછ્યું ત્યારે વણિક પુત્રએ કહ્યું, ''ભૂખ્યા પરિવાર માટે ધાન્ય આદિ માંગવા આવ્યો છું.'' નોકરે કહ્યું, ''આવતી કાલે આવજો. હમણાં સમય પૂર્ણ થઈ ગયો છે.'' નોકર જતો રહ્યો. વણિક પુત્રને સતત ચિંતા કોરી ખાતી હતી કે, 'પરિવારનો આજનો દિવસ કઈ રીતે નીકળશે ?' તેની વિટંબણાથી આંખમાંથી ગરમ ગરમ આંસુ સરી પડયાં. શેઠાણીએ બારીમાંથી આ દશ્ય નિહાળ્યું. તેણીએ દયાભાવથી પ્રેરાઈ દુઃખી વણિક પુત્રને બોલાવી રડવાનું કારણ પૂછ્યું. શેઠાણીએ વારંવાર પૂછ્યું ત્યારે વણિક પુત્રએ પોતાની આપવીતી કહી.

અનુકંપાથી પ્રેરાઈ શેઠાણીએ નોકરને બોલાવી ઠપકો આપી વણિક પુત્રને પુષ્કળ ધન-ધાન્ય અપાવ્યું અને કહ્યું, ''મારા ઘરને પોતાના ઘર જેવું સમજી વિના સંકોચે ગમે ત્યારે ઈચ્છિત વસ્તુ લેવા જરૂર આવજો.'' વણિક પુત્ર શેઠાણીના પગે પડયો. આંખમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં હતાં. વણિક પત્ની પતિના હાથમાં વસ્ત્ર અને ધન-ધાન્ય જોઈ અત્યંત ખુશ થઈ. ક્યાંથી, કેવી રીતે મળ્યું ઈત્યાદિ વૃત્તાંત સાંભળી વણિક પત્નીએ અંતરનાં આશીર્વાદ આપતાં કહ્યું, ''શેઠાણીને કલ્યાણની સુખ પરંપરા અને વાંછિત સિદ્ધિઓ પ્રાપ્ત થાઓ. અમારું પેટ ઠાર્યું છે, તેમનું પણ ઠરો.'' ખરેખર! શુભાશીષ ફળ્યા અને શેઠાણીને ત્યાં સ્વરૂપવાન પુત્રનો જન્મ થયો.

જરૂરિયાતમંદને ધુત્કારી અપમાનિત કરીને કાઢી મૂકવાથી ક્યારેક તેઓ સ્વાભિમાન વશ

આત્માહત્યા પણ કરી બેસે છે. આવી આત્મહત્યાના નિમિત્ત તેઓ બને છે, જેઓ શક્તિ હોવા છતાં યોગ્ય પાત્રને કંઈ પણ આપતા નથી. લક્ષ્મીવતી શેઠાણીએ દયાપાત્ર વણિકપુત્રની મનઃસ્થિતિ જાણી ઉદારતા બતાવી તેનું ફળ તરત જ મળ્યું. તેને ત્યાં શેર માટીની ખોટ હતી તે પૂર્ણ થઈ !

**દામનકનો પૂર્વભવ (નંદક)** : (અમમ ચરિત્ર, ભા.૧)

**ગંગા નદી**ના કાંઠે આવેલી **કાશી**ની **વારાણસી** નગરી ઈંદ્રાપુરી જેવી શોભતી હતી. હેમંત ઋતુમાં **નંદક** નામનો માછીમાર જાળ લઈ ઘરે જઈ રહ્યો હતો. તેણે માર્ગમાં ઉર્ધ્વમુખ કરીને આતાપનામાં લીન મુનિને જોયા. તે મુનિના તપની અનુમોદના કરવા લાગ્યો. ત્યાં અચાનક વિચાર આવ્યો કે, 'સંધ્યાના સમયે હીમથી કમલિની કરમાઈ જાય, તેમ અતિશય ઠંડા પવનથી મુનિ ઠૂઠવાઈ જશે. મારી પાસે ફક્ત એક કપડું બચ્યું છે, તે હું મુનિના શરીરે ઓઢાડી દઉં, જેથી મુનિની આખી રાત શાંતિથી પસાર થશે.' નંદકે જાળ વડે મુનિનું શરીર ઢાંકી દીધું. મુનિને ઠંડીમાં જાળ ઉપયોગી બની.

માછીમાર મુનિના વિચાર કરતો સૂઈ ગયો પરંતુ ઊંઘ ન આવી. તે વિચારે ચડયો. 'મારી પાસે ખાટલો, રજાઈ, અગ્નિ આદિ હોવા છતાં હું ઠંડીથી ધ્રૂજું છું તો ઠંડીમાં ઊભેલા તે મુનિશ્વરનું શું થતું હશે ? અરે ! મારા પુણ્યનો પરિપાક અદ્‌ભુત છે. મત્સ્ય હિંસામાં વપરાતી જાળને મેં ધર્મનું ઉપકરણ બનાવ્યું.' આવું વિચારતો માછીમાર નિદ્રાધીન થયો.

તે પ્રાતઃકાળે નદી કિનારે ગયો. સૂર્યોદય પછી મુનિએ ધ્યાન પાળ્યું. ત્યારે નંદક મુનિ પાસે આવ્યો. તેમને વંદન કરી ધર્મોપદેશ સાંભળ્યો. નંદકે પશ્ચાતાપ કરતાં કહ્યું, ''હે ભગવન્ ! હું પેટ ભરવા કરોડો જીવોની હિંસા કરું છું. હું પાપી છું. આજથી મને જીવહિંસા ન કરવાનો અભિગ્રહ આપો.'' મુનિએ કહ્યું, ''મહાભાગ ! તારા માટે આ અભિગ્રહ પાલન નહીં થઈ શકે.'' નંદકે કહ્યું, ''હું પ્રાણાંતે પણ નિયમ નહીં છોડું.'' માછીમારે ભાવાવેશમાં જીવહિંસા ન કરી અભયદાન આપવાની તેણે પ્રતિજ્ઞા કરી. તે જાળ ફાળી નાંખી.

નંદક ઘરે આવ્યો. પતિ ખાલી હાથે ઘરે આવ્યો એટલે પત્નીએ કકળાટ કર્યો. તે મોટે મોટેથી જેમ તેમ બબડવા લાગી. આજુબાજુના માછીમારો ભેગાં થઈ ગયાં. માછીમારોએ કહ્યું, ''હે ભદ્ર ! તેં તારો સ્વભાવ છોડયો તે ઉચિત નથી. નીચ પાખંડી મુનિએ આજીવિકા બંધ કરાવી તને ધર્મની અવળી શિખામણ આપી છે. આપણો કુલાચાર માછલાં પકડવાનો છે. એ જ આપણો ધર્મ છે, માટે ઉઠ. ચાલ નદી કિનારે જઈએ.'' નંદકે કહ્યું, ''શું પાપાચાર વિના બીજી કોઈ રીતે આજીવિકા નહીં ચાલે ? તમે પણ પાપનો વ્યવસાય છોડી દો. હિંસાનાં ફળ માઠાં છે.''

માછીમારો ઉવર્યા. તેઓ બાળકની જેમ નંદકને ઉઠાવી નદી કિનારે લઈ ગયા. તેના હાથમાં બળજબરીથી જાળ પકડાવી નદીમાં ફેંકાવી. જાળમાં પકડાયેલી માછલીઓને તરફડતી જોઈ નંદકનું હૃદય ચીરાઈ ગયું. તેની આંખમાંથી આંસુ વરસવા લાગ્યાં. નંદકે માછલીઓને છોડી દીધી. ઝપાઝપીમાં એક માછલીની પાંખ તૂટી ગઈ. લાચાર નંદક ભારે દુઃખી થયો. પુનઃ માછીમારોએ નંદકને પકડી પાણીમાં જાળ નંખાવી અને નંદકે પ્રથમની જેમ માછલીઓને પાણીમાં છોડી મૂકી. અંતે માછીમારો કંટાળ્યા. તેને મૂર્ખ સમજી ચાલ્યા ગયાં. નંદક નિર્દોષપણે વ્રતનું પાલન કરવા લાગ્યો. તેણે જીવનના અંત સુધી નિયમનું પાલન કર્યું. અંતે અનશન કરી તે મૃત્યુ પામ્યો.

**મગધ** દેશમાં **તારાચંદ** નામે રાજા રાજ્ય કરતો હતો. તેના **સમુદ્રદત્ત** અને **મણિભદ્ર** નામે બે શ્રેષ્ઠી મિત્રો હતા. મણિભદ્રની પત્ની **રોહિણી**ની કુક્ષિએ નંદકનો જીવ અવતર્યો. પૂર્વે કરેલી જીવહિંસાના પરિણામે જન્મતાં જ માતાનું મૃત્યુ થયું. ત્રણ વર્ષનો થયો ત્યારે નગરમાં મહામારીનો રોગ ફેલાયો. તેમાં પિતાનું મૃત્યુ થયું. પૂર્વે આપેલ અભયદાનથી બાળક બચી ગયો. સંધ્યા સમયે તે બાળક એક વેપારીની દુકાને પહોંચ્યો. તે વખતે સમુદ્રદત્ત શ્રેષ્ઠીએ તેને જોયો. નોકર દ્વારા બાળકનો પરિચય મેળવ્યો. 'મણિભદ્ર શ્રેષ્ઠીનો પુત્ર છે;' એવું સાંભળી સમુદ્રદત્તને પોતાનો પરમ મિત્ર યાદ આવી ગયો. મિત્રના પુત્રને પોતાના ઘરે લાવ્યો. આ બાળક સ્વભાવથી ચંચળ હોવાથી ઘરમાં બધાને ત્રાસરૂપ લાગવા માંડયો. પરિવારજનો તેને દોરડાથી બાંધીને રાખતા. લોકો તેને '**દામનક**' કહેતા. હવે બાળક ધીમે ધીમે નોકરી કરીને આજીવિકા રળવા લાગ્યો. તે ઉંમર વધતાં વિનય અને વિવેકવાન બન્યો તેથી સ્વજનોમાં પ્રિય બન્યો.

એક વખત બે મુનિઓ ગોચરી માટે ઘરે પધાર્યા. મુનિએ દામનકને જોયો. અવધિજ્ઞાનથી મુનિએ નાના મુનિને ધીમેથી કહ્યું, ''દાસપણાનું કામ કરનાર આ માણસ ભવિષ્યમાં આ ઘરનો માલિક થશે.'' બીજા ઓરડામાં બેઠેલા સમુદ્રદત્તે મુનિના વચનો સાંભળ્યાં. શેઠને વજ્રપાત થયો હોય તેવો ખેદ થયો. તેમણે વિચાર્યું, ''મેં સાપને દૂધ પીવડાવ્યું છે. મેં સ્વયં બાળકને મોટો કરી શત્રુ ઊભો કર્યો છે. આનો અવશ્ય વધ કરવો જોઈએ.'

**યમદાસ** નામના ચાંડાલને એકાંતમાં બોલાવી ઉઘરાણીના રૂપિયા લેવાના બહાને વધ કરવા બાળકને તેને ત્યાં મોકલાવ્યો પરંતુ યમદાસને મૃગલાના બચ્ચા જેવા સ્વરૂપવાન, નિર્દોષ અને ભોળા બાળક પ્રત્યે દયા આવી. તેણે પાછળના રસ્તેથી દામનકને ભગાડી મૂક્યો. દામનક આમ તેમ ભટકતો સાગર શ્રેષ્ઠીના જ ગોકુળમાં આવીને રહ્યો. ગોકુળ રક્ષકે તેને વિનયી જાણી પુત્ર તરીકે રાખ્યો. અહીં સારી ટાવટેવથી તેમજ દહીં-દૂધ ખાઈને તે તાજોમાજો થયો. તે યુવાન થયો.

એક દિવસ સમુદ્રદત્ત પોતાના ગોકુળમાં આવ્યા. તેમણે દામનકને જોયો. શેઠે કપટપૂર્વક કહ્યું, ''વત્સ! તને ચાંડાલના ઘરે મોકલ્યો. તું ગયો તે ગયો. હું ઘણી રાહ જોતો રહ્યો.'' દામનકે વિચાર્યું, 'શેઠને મારી કેટલી ચિંતા છે. ઉઘરાણી નહીં આપવાની દાનતે ચાંડાલે મને ઠગી લીધો છે.' દામનકે ચાંડાલની સઘળી વાત શેઠને જણાવી.

હવે સમુદ્રદત્ત શેઠ દામનકની હત્યાનો પેંતરો રચવા લાગ્યો. તેણે એક ગુપ્ત પત્ર લખી દામનક સાથે પોતાના પુત્રને **સાગરદત્ત** પાસે **રાજગૃહી** નગરીમાં મોકલ્યો. ઘણું ચાલતાં થાક લાગતાં તે ત્યાંનાં ત્યાનાં પાદરે પહોંચી કામદેવના મંદિરમાં જઈ સૂઈ ગયો. યોગાનુયોગ સમુદ્રદત્તની પુત્રી **વિષા** મંદિરમાં આવી. વિષા મનગમતા પતિની કામના માટે આ મંદિરમાં આવી હતી. ત્યાં તેણે રૂપાળા દામનકને જોયો. વિષાએ સૂતેલા યુવાનના વસ્ત્રના છેડે ગાંઠ જોઈ. કૌતુક વશ ગાંઠ છોડી તે પત્ર વાંચ્યો. 'સ્વસ્તિ શ્રી ગોકુલથી લિ. શ્રેષ્ઠી સમુદ્રદત્ત સાગરદત્તને સ્નેહપૂર્વક ફરમાવે છે કે, મોકલાવેલ માણસને આવતાંની સાથે તરત જ જરૂરથી વિષ આપજે.'

દયાળુ વિષા વિષાદથી બોલી કે, ''વૃદ્ધાવસ્થામાં પિતાની બુદ્ધિ બગડી ગઈ છે.'' તેણે 'વિષ'ની જગ્યાએ પોતાની આંખના મેષથી 'વિષા' કરી લેખ (પત્ર)નો અર્થ બદલી નાંખ્યો. પત્ર પુન: બંધ કરી જેમ હતો તેમ મૂકી દીધો.

દામનકે જાગૃત થઈ સાગરદત્ત શ્રેષ્ઠીને ત્યાં જઈ પત્ર આપ્યો. પછી શુભ મુહૂર્ત ન હોવાથી તે રાત્રિએ જ ખૂબ ધામધૂમથી દામનક અને વિષાના લગ્ન થયાં. બન્ને સંસારના સુખો માણવા લાગ્યા. સવારે સમુદ્રદત્ત ઘરે આવ્યો. દામનકના લગ્નની વાત જાણી ખેદ પામ્યો. તેમણે વિવાહિત યુગલને કુળદેવીના મંદિરે મોકલી દામનકને મારી નાંખવાનો પુનઃ એક પ્રયાસ કર્યો. તેમાં જમાઈને બદલે પુત્ર મંદિરમાં પ્રથમ પહોંચ્યો અને તે ચાંડાળ વડે દેવીને બલિ દેવાયો. આખરે હોનારને કોણ રોકી શકે છે ?

પુત્રના મૃત્યુના આઘાતને સમુદ્રદત્તનું હૃદય જીરવી ન શક્યું. તેનું પણ મૃત્યુ થયું. હવે દામનક ઘરનો સ્વામી થયો.

રાજા **તારાચંદે** દામનકને સમુદ્રદત્તના સ્થાને બેસાડયો. તેનું ધન, ભવન અને ગોકુળ બધું જ દામનકને અર્પણ કરવામાં આવ્યું. ઘણાં વખત પહેલાં શેઠના વહાણો સફરે ગયા હતા તેની અચાનક ભાળ મળી. પુણ્યશાળી દામનકને અપાર વૈભવ-સુખ મળ્યું. હવે તે ધર્મનો રાગી થયો. તે પરોપકારમાં લીન રહેવા લાગ્યો.

એકવાર રાત્રિના પાછલા પહોરે પોતાની ભૂતકાળનો વૃત્તાંત પ્રગટ કરતી ગાથાઓ ભાટચારણના મુખેથી સાંભળી. દામનકે ભાટચારણને બોલાવી પ્રસન્ન થઈ ત્રણ લાખ રૂપિયા દાનમાં આપ્યાં. તેનો ભાવાર્થ એવો હતો કે, નિરાપરાધીને સંતાપમાં ઝોંસવા માટે અનેક પ્રયત્નો કરે, છતાં તે ઉપાયો સુખમાં પરિવર્તિત થાય છે.

જીવહિંસાથી દામનકના વંશનો નાશ થયો. મુનિ પ્રત્યેના વાત્સલ્યભાવ, અનુકંપાથી તે શ્રેષ્ઠીના ઘરે ઉછર્યો. બે-ત્રણ વખત માછલાંને ગ્રહણ કર્યા અને જળમાં છોડી અભયદાન આપ્યું તેથી દામનક ત્રણ વખત મૃત્યુના મુખમાંથી બચ્યો.

જીવદયાનો અભિગ્રહ હોવાથી તે કુલીન, નિરોગી, કલાવાન, આયુષ્યમાન, યશસ્વી, રૂપવાન થયો. તે મૃત્યુ પામી દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં ઉત્પન્ન થઈ સિદ્ધપદને પામશે.

**ધનદેવ** : (રત્નકરંડ ગૌરવ, પૃ. ૧૬૪)

પ્રાચીન કાળમાં **પુંડરીક** નામની નગરીમાં બે શેઠ રહેતા હતાં. તેઓ પરસ્પર પરમ સ્નેહી અને નિષ્કપટ મિત્રતા ધરાવતા હતાં. એકવાર તેમણે પરદેશ જઈ વ્યાપાર કરવાનો મનસૂબો ઘડયો. વ્યાપારમાં જે લાભ થશે તે બન્નેએ સરખા ભાગે વહેંચી લેવું એવો નિર્ણય કર્યો.

શુભ મુહૂર્તે તેઓ પ્રવાસ ખેડવા નીકળ્યાં. તેમણે અથાગ પરિશ્રમ અને બુદ્ધિના બળે ઘણું ધન ઉપાર્જન કર્યું. સદ્ભાગ્યથી તેમની આવક ધાર્યા કરતાં વધુ થઈ. એક દિવસ તેમને પોતાના વતનની યાદ આવી. બાળકોનું સ્મરણ થતાં વ્યાપાર સમેટી સ્વદેશ જવા રવાના થયાં. જ્યારે તેઓ સકુશલ પાછા ફર્યા ત્યારે બન્ને પરિવારોમાં સ્વજનના મિલનનો આનંદ છવાઈ ગયો.

ઘરે પાછા ફરતી વખતે સઘળું ધન **જિનદેવ** પાસે હતું, જે તેણે લોભવશ પોતાની પાસે જ રાખી લીધું હતું. બે-ચાર દિવસ પછી **ધનદેવે** પોતાનો હિસ્સો મિત્ર પાસે માંગ્યો. જિનદેવના મનમાં ખોટ હતી. તેણે ધનદેવની મૂળ પૂંજી સાથે થોડું ધન આપી મિત્ર સાથે કપટ રમવાનું પ્રથમથી જ નક્કી કરી લીધું હતું. એકવાર ધનદેવે કહ્યું, ''મિત્ર ! આપણને વ્યાપારમાં ઘણો સારો નફો થયો છે તેથી મારા ભાગનું ધન મને પાછું આપ.''

ત્યારે જિનદેવે કહ્યું, ''આટલું જ મળશે, જોઈતું હોય તો લઈ લે.'' ધનદેવે તેને ઘણો સમજાવ્યો પરંતુ જિનદેવ એકનો બે ન થયો.

ધનદેવ વિવશ બની નછૂટકે ન્યાય માટે રાજ દરબારમાં ગયો. રાજાએ બન્ને શ્રેષ્ઠીઓને બોલાવી આપસમાં સમજી લેવાનું કહ્યું પરંતુ જિનદેવ ટસનો મસ ન થયો. ત્યારે રાજાએ દરબારમાં કોતવાલને આજ્ઞા કરી કે, ''બન્નેની હથેળીઓ પર બળતા અંગારા મૂકવામાં આવે. જે સાચો હશે તેના હાથ બળશે નહીં અને જે જૂઠ્ઠો હશે તેના હાથ બળી જશે.'' આ અગ્નિ પરીક્ષામાં ધનદેવ સફળ થયો. સત્યના પ્રભાવથી તેના હાથ પર મૂકેલા બળતા અંગારા કમળના ફૂલ જેવા કોમળ અને મુલાયમ બની ગયાં. તેને અંશમાત્ર કષ્ટ ન થયું. જ્યારે જિનદેવના હાથ બળતા અંગારાથી દાઝવા લાગ્યા ત્યારે તેણે ઝટકાથી અંગારા ફેંકી દીધાં. તે ઝંખવાણો થયો. તેણે પોતાનો ગૂનો કબૂલ કર્યો. તેણે ધનદેવને ધનમાંથી અડધો હિસ્સો આપી મિત્રની ક્ષમાયાચના કરી. પછી રાજાએ ધનદેવને પૂછયું, ''જિનદેવને આ બેઈમાનીનું શું દંડ આપવું જોઈએ ?'' વિશાલ દિલના ધનદેવે કહ્યું, ''સ્વામિન્! જિનદેવ મારો મિત્ર છે. તેને ક્ષમા કરો. તેણે તુચ્છ લોભથી વશીભૂત થઈ અસત્યનો સહારો લીધો છે પરંતુ હવેથી તે એવું નહીં કરે.'' ત્યારે રાજાએ જિનદેવને માફ કર્યો.

ધનદેવની ઉદારતા, દાનવીરતા અને સત્ય પરાયણતા દેશ-દેશાંતરમાં સવર્ત્ર પ્રસરી ગઈ.

**ધનશ્રેષ્ઠી** : (પ્રબંધ પચંશતી, ક.૨૬)

ચંદ્રપુર નામના નગરમાં ધન નામના એક શ્રીમંત રહેતા હતા. તે ચાર ક્રોડ સોનૈયાના માલિક હતા. તે શેઠ હંમેશાં ગુરુ ભક્તિ, સામાયિક, પૌષધ અને સંઘભક્તિનાં સુકૃત્યો કરી તેમજ પાંચે ઈન્દ્રિયોના ભોગ સુખો ભોગવતાં આનંદથી સમય પસાર કરતા હતા. પરોપકારનાં કાર્યો કરવાથી તેમનું નગરમાં ઘણું જ સન્માન હતું. તે ચાર ક્રોડ સોનૈયાના માલિક હતા તેથી જ તે સમયની પરંપરાનુસાર તેમના પ્રાસાદ પર ચાર ધ્વજો ફરકી રહ્યા હતા.

એક વખત નગરના રાજા રથમાં બેસી રયવાડી જવા નીકળ્યા. તેમણે ધન શેઠની હવેલી ઉપર ચાર ધ્વજો જોઈ મંત્રીને તેનું કારણ પૂછયું. પ્રત્યુત્તરમાં મંત્રીએ કહ્યું કે, ''સ્વામિન્! ધન શેઠ ચાર ક્રોડ સોનૈયાના માલિક હોવાથી તેમની હવેલી ઉપર ચાર ધ્વજાઓ ફરકે છે.'' રાજાને શેઠની લક્ષ્મી આંચકી લેવાની સ્પૃહા થઈ પરંતુ તે સમયે તો રાજા રયવાડી તરફ ચાલ્યા ગયા.

બીજી બાજુ તે જ સમયે શેઠને અચાનક ખોળ ખાવાની અભિલાષા જાગી. શેઠને ભારે આશ્ચર્ય થયું કે, 'મને આવી ખોળ ખાવાની તુચ્છ અભિલાષા કેમ જાગી ? જરૂર મારું ભાગ્ય રૂઠયું લાગે છે અથવા રાજા મારું ધન પડાવી લેવાની પેરવીમાં હશે, કાં તો ચોરો કે અગ્નિ દ્વારા ધન નષ્ટ થવાનું હશે.' પૂર્વજોએ સાચું જ કહ્યું છે

**''दायादाः स्पृह्यन्ति तस्करगणा मुष्णन्ति भूमिभुजौ।**
**गृह्यन्तिच्छलमाकलय्य हुतभुग्भस्मी करोति क्षणात्।।**
**अम्भः प्लावयति क्षितौ विनिहितं यक्षा हरन्ते हठात्।**
**दुवृत्तास्तनया नयन्ति निधनं धिग्बह्वधीनं धनम्।।''**

**અર્થ :** સ્વજનો ધનની સ્પૃહા કરે છે, ચોરો ચોરી કરે છે, રાજા છળથી ગ્રહણ કરે છે, અગ્નિ ક્ષણવારમાં

બધું ભસ્મ કરે છે, પાણી ડૂબાડી દે છે, પૃથ્વીમાં દાટેલ ધનને યક્ષો હરણ કરી જાય છે અને દુરાચારી પુત્રો (ધનનો) નાશ કરે છે. એમ, ઘણાં પ્રકારે વિચારતાં ઘણાંને આધિન એવા ધનને ધિક્કાર હો.

ઉપરોક્ત સુંદર વિચાર કરી શેઠે ધાર્મિક કાર્યોમાં અને દીન-દુ:ખીઓના ઉદ્ધારમાં ધનનો સદુપયોગ કર્યો. થોડા દિવસો પછી બહારગામથી પાછા ફરેલા રાજાએ શેઠની હવેલી ઉપર ધ્વજાઓ નહીં જોઈ. વળી, 'શેઠે લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે;' એવું લોક મુખેથી સાંભળી રાજાના ચિત્તમાં ચમત્કાર થયો. તેમણે શેઠને પોતાની પાસે બોલાવી પૂછ્યું, "તમે લક્ષ્મીનો વ્યય શા માટે કર્યો?" શેઠે કહ્યું, "મને ખોળ ખાવાની તુચ્છ ઈચ્છા થઈ તેથી મેં જાણ્યું કે, મારું ભાગ્ય બદલાયું છે. તેનો આ સંકેત છે. લક્ષ્મી મને છોડીને ચાલી જવાની છે, તે પૂર્વે હું જ ધનનો સદ્વ્યય કેમ ન કરું? રાજન્! એમ વિચારી મેં જૈન ધર્મના પ્રચાર અને પ્રસારમાં તેનો સદુપયોગ કર્યો છે." રાજા શેઠની વિચક્ષણતા પર ઓવારી ગયા. તેમણે ખુશ થઈ ભંડારી પાસેથી ચાર ક્રોડ સોનૈયા મંગાવી શેઠને અર્પણ કર્યા. શેઠનું પુણ્ય પાધરું હતું તેથી જેટલું ધન વાપર્યું હતું તેટલું પુનઃ થઈ ગયું. લક્ષ્મીની અચાનક વૃદ્ધિ થઈ. ધનશેઠે પોતાની લક્ષ્મીને દાન આપી મહાલક્ષ્મી બનાવી.

ખરેખર! ધનની સુરક્ષાનો સરળ ઉપાય દાન છે.

**ધમ્મિલ કુમાર** : (ધર્મી ધમ્મિલકુમાર, લે. મુનિશ્રી રત્નપ્રભ વિ.)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં **મગધ** દેશ છે. તેમાં **ઈંદ્રપુરી**ને ઝાંખી પાડી દે એવી **કુશાગ્રપુર** નામની નગરી છે. આ નગરમાં તેજસ્વી, બળવાન અને ગુણવાન રાજા હતો. રાજા દાનવીર અને સ્વભાવે ભલો હતો તેથી લક્ષ્મી સદા ત્યાં રહેતી હતી. તે શત્રુઓને મારતો નહીં પરંતુ સહૃદયથી અભયદાન આપતો. તેની કીર્તિ સમગ્ર ખંડમાં પ્રસરેલી હતી.

આ રાજાની શીલવાન, ગુણવાન અને રૂપમાં **રંભા** સમાન **ધારિણી** નામની રાણી હતી. તેમનો કામદેવ સમાન અને પિતાની પ્રતિકૃતિ જેવો જ દાનવીર પુત્ર હતો.

તે નગરમાં **સમુદ્રદત્ત** નામનો ધર્મવાન, દયાવાન અને ધનવાન શ્રેષ્ઠી હતો. તે અનેક ભિક્ષુકોને પ્રતિદિન દાન આપતો. દેવ-ગુરુની સેવામાં મોખરે હતો. શેઠની પત્નીનું નામ **સુભદ્રા** હતું. તે સરળ અને ધર્મિષ્ઠ હતી. સુભદ્રાને સ્વપ્નમાં સફેદ હસ્તી ઉપર બેઠેલા ઈંદ્રના દર્શન થયાં. દેવે કહ્યું, "હે પતિવ્રતા! તને લક્ષ્મીવાન અને ગુણવાન પુત્ર થશે." સુભદ્રા જાગૃત થઈ. નવકાર મંત્રનું સ્મરણ કરવા લાગી. તેણે પતિને સ્વપ્નની વાત કરી. પતિએ કહ્યું, "હે પ્રિયે! તારી કુક્ષિએ મહાતેજસ્વી પુત્ર રત્ન સાંપડશે." સુભદ્રા આ સાંભળી રાજી થઈ. તે ધર્મધ્યાનમાં દિવસો વિતાવવા લાગી. સુભદ્રાએ સાતે ક્ષેત્રમાં વિપુલ દાન આપ્યું. સુભદ્રાએ સમય જતાં પુત્ર રત્નને જન્મ આપ્યો. પુત્રની નાળ જમીનમાં દાટવા જતાં જમીન ખોદતાં ધનનાં ભરેલા ચરુઓ મળ્યાં. આ ભંડારમાંથી એક મોટો મણિ અને તેની સાથે શ્લોક લખેલો પત્ર મળ્યો. તેમાં લખ્યું હતું કે, 'મણિના સ્પર્શથી પવિત્ર બનેલ પાણી પીવાથી બુદ્ધિ વિનાનો પણ મહા વિદ્વાન બને છે.' નવજાત શિશુના પગલે લક્ષ્મીનો ભંડાર મળ્યો તેથી શેઠે પાણીની માફક દાનમાં પૈસા વાપર્યા. જ્ઞાનશાળામાં, દાન શાળામાં, બાલ શાળામાં તેમજ ગરીબ ભિક્ષુકોને જમાડયાં. નગરનાં રાજાને મોતીનો થાળ નજરાણામાં આપ્યો. નગરમાં ઘરે ઘરે મીઠાઈઓ વહેંચાણી. સાધર્મિક ભક્તિ કરી.

નવજાત શિશુનું નામ **સુરેન્દ્રદત્ત** રાખ્યું. તે પાંચ વર્ષનો થયો. **વિશ્વભૂતિ** નામના મહાવિદ્વાન પાસે

અભ્યાસાર્થે મૂક્યો. સુરેન્દ્રદત્ત મહાબુદ્ધિશાળી હતો. ટૂંક સમયમાં જ વિનય, વિવેક અને બુદ્ધિ બળથી અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરી તે પારંગત બન્યો. ત્યાં રાજાનો પુત્ર **અમિત્રદમન** પણ અભ્યાસ કરતો હતો. તે નગરમાં **સાગર** નામે શ્રીમંત શ્રેષ્ઠી હતો. તેની **સત્યભામા** નામે પત્ની હતી. આ દંપતીની **સુભદ્રા** નામની અત્યંત સુંદર પુત્રી હતી. તે પણ વિશ્વભૂતિ પાસે જ અભ્યાસ કરતી હતી.

સુરેન્દ્રદત્ત અને સુભદ્રા ભણવામાં હોંશિયાર હતા. રાજકુમાર અલ્પ બુદ્ધિવાળો હોવાથી તે અભ્યાસમાં પાછળ રહી ગયો. ગુરુજી તેને ખૂબ કાળજીપૂર્વક ભણાવતા અને સમજાવતા. એકદા વિદ્યાર્થીઓની પરીક્ષા હતી. ગુરુએ પૂછ્યું, ''કોઈ વ્યક્તિ બે પગ વડે મારે તો શું શિક્ષા કરવી જોઈએ ?'' પ્રાયઃ અલ્પ બુદ્ધિવાળા વિદ્યાર્થીઓએ એવું જ કહ્યું કે, 'તેને મારી નાંખવો જોઈ.' સુરેન્દ્રદત્તે ઉત્તર આપતાં કહ્યું, ''તેની પૂજા કરવી જોઈએ. ફણીધર નાગની ફેણ ઉપર રહેલો મણિ લેવાની ઈચ્છા કોણ કરે ? સિંહની કેશવાળી ખેંચવાની હિમ્મત કોણ કરે ? તેમ રાજાને મારવાની ઈચ્છા કોઈ મૂર્ખ તો ન જ કરે. રાજાના ખોળામાં પ્રેમપૂર્વક બે પગ વડે કૂદાકૂદ કરતો રાજકુમાર મૂછના વાળ ખેંચે, લાત મારે તેને શું શિક્ષા કરાય ? તેને મારવો જોઈએ કે પૂજવો જોઈએ ?'' સૌ બોલી ઉઠયાં, 'તેને પૂજવો જોઈએ.' સુરેન્દ્રદત્તની કુશાગ્ર બુદ્ધિથી ગુરુ પ્રભાવિત થઈ ગયાં. પોતાનો શ્રમ લેખે લાગ્યો એવું ગુરુને થયું. રાજકુમાર શરમથી નીચું જોઈ રહ્યો. સુભદ્રાથી હાંસી પામેલા રાજપુત્રે વિચાર્યું કે, 'પૂર્વ જન્મમાં મેં શું પાપ કર્યા હશે કે લોકો મારી હાંસી ઉડાડે છે ? મારી સાથે ભણનારા શાસ્ત્રજ્ઞ થયા અને હું કોરી પાટી જેવો રહ્યો ! હે સરસ્વતી દેવી ! મારા પ્રત્યે તુષ્ટ કેમ નથી ? આવો પક્ષપાત કેમ ? શું તું મારી માતા નથી ? માતાને મન સર્વ બાળક સમાન હોય છે.' રાજકુમાર વિચારોમાં ડૂબેલો હતો. તે ઉદાસ હતો. તેને જોઈ સુરેન્દ્રદત્તે તેનું કારણ પૂછ્યું. રાજકુમારે સઘળો વૃત્તાંત જણાવ્યો. સુરેન્દ્રદત્તે મણિના સ્પર્શવાળું પાણી કુમારને આપી જળપાન કરાવ્યું. તેને માનસિક સંતોષ થયો. સર્વ વિદ્યાઓ હૃદયમાં આપોઆપ પ્રગટી. કુમાર આનંદ વિભોર બન્યો. સુરેન્દ્રદત્તનો પરમ ઉપકાર માનતાં તેણે કહ્યું, ''હું રાજા બનીશ ત્યારે તને અવશ્ય યાદ કરીશ. તને નગરશેઠની પદવી આપી ઋણ અદા કરીશ.''

સમય જતાં સૌ વિદ્યા સંપાદન કરી પોતપોતાનાં ઘરે ગયાં. સુભદ્રા યૌવનાવસ્થાને પામી. શેઠ તેણી માટે યોગ્ય વરની શોધમાં હતાં. એટલામાં વસંતઋતુ આવી. નગરજનો ક્રીડા કરવા વનમાં ગયાં. સુરેન્દ્રદત્ત મિત્રો સાથે અને સુભદ્રા સખીઓ સાથે ત્યાં આવી.

સુભદ્રાની સખીઓએ મશ્કરી કરતાં કહ્યું, ''તારે કેવો વર જોઈએ છે ? તું કુંવારી કેમ છે ?'' સુભદ્રાએ કહ્યું, ''મારા ચાર સવાલનો સંતોષકારક અને સાચો જવાબ આપે તેને હું પરણીશ. (૧) જગતમાં પુણ્યનો સાર શું છે ? (૨) મનુષ્ય જન્મનો સાર શું છે ? (૩) વિદ્યાનો સાર શું છે ? (૪) સુખનો સાર શું છે ?'' કન્યાઓનો આ વાર્તાલાપ ઝાડની ઓથે ઊભા રહી સાગરદત્તના મિત્રે સાંભળ્યો. તેણે સાગરદત્તને આ વાત કહી. બુદ્ધિશાળી સાગરદત્તે એક પત્ર લખી સુભદ્રાના ઘર પાસે રહેલા વૃક્ષની ડાળીએ તરત નજર પડે તેમ લટકાવી દીધો. પોતે અદશ્ય થઈ ગયો. સુભદ્રા સંધ્યા સમયે સખીઓ સાથે ઘર ભણી જતી હતી ત્યાં મોટા વૃક્ષની ડાળી ઉપર પત્ર લટકતો જોયો. સખીએ તે પત્ર લઈ સુભદ્રાને આપ્યો. મહાવિદુષી સુભદ્રાને ચારે પ્રશ્નોના ઉત્તર મળી ગયાં હતાં. 'પુણ્યનો સાર છે દયા, મનુષ્ય જન્મનો સાર છે સત્કાર્ય, વિદ્યાનો સાર છે તત્ત્વબુદ્ધિ અને સુખનો સાર છે સંતોષ.'

સુભદ્રા પત્રને બારીકાઈથી જોવા લાગી. અક્ષરો પરિચિત લાગ્યાં. આ અક્ષરો સાગરદત્ત શેઠના

સુપુત્ર સુરેન્દ્રદત્તના છે. સુભદ્રાએ સુરેન્દ્રદત્તને પતિ તરીકે હૃદયમાં સ્થાપિત કર્યો. સખીઓએ સાગરદત્ત શેઠને જણાવ્યું. સાગરદત્ત શેઠે સમુદ્રદત્ત શેઠને ત્યાં કહેણ મોકલ્યું કે, 'સુભદ્રા નામની વિદ્વાન પુત્રી સુરેન્દ્રદત્તને આપવા માંગે છે.' સમુદ્રદત્તે તો સારું પાત્ર મળ્યું તેથી રાજી થયો પરંતુ સુરેન્દ્રદત્તે કહ્યું, ''પિતાજી! ઉતાવળ ન કરો. મારા સવાલનો જવાબ મળશે તો જ કન્યા સાથે હું લગ્ન કરીશ. ઉતાવળમાં કરેલા નિર્ણયો ખોટાં ઠરે છે.'' બારણા પાછળ ઊભેલી સુભદ્રા સાંભળતી હતી. તેણે ચાર પ્રશ્નો સાંભળ્યા. દૈવી સહાયતાથી સુરેન્દ્રદત્તના પ્રશ્નોના જવાબરૂપ શ્લોક લખ્યો. ''નિશ્ચલ સ્નેહવાળો તો ધર્મ જ છે. નિરંતર પ્રકાશ કરનારું જ્ઞાન જ છે. સર્વોત્તમ લાભ તો વિદ્યાથી જ છે. અવિનશ્વર રૂપ તો શીલ જ છે.'' આ પત્ર લખી દાસી મારફતે પોતાના પિતાજીને મોકલ્યો. સાગરદત્ત શેઠે સમુદ્રદત્ત શેઠને પત્ર પહોંચાડયો. પિતા પાસેથી સુરેન્દ્રદત્તે તે શ્લોક વાંચ્યો. તે રાજી રાજી થઈ ગયો.

સુભદ્રા અને સુરેન્દ્રદત્તના વિવાહ થયા. સાગર શેઠે ખૂબ મોટો કરિયાવર કર્યો. અઢળક ધન આપ્યું. આનંદ વિનોદ અને મોજમજામાં નવપરિણિત દંપતીના દિવસો પસાર થઈ રહ્યાં હતાં. સંસાર સુખોમાં સુભદ્રાએ દેવ-ગુરુના વંદનની પ્રતિજ્ઞા કરી હતી તે ભૂલી ગઈ. આ બાજુ સમુદ્રદત્ત શેઠે વ્યાપારનો કારોબાર અને ઘરની જવાબદારી પુત્રને આર્પણ કરી ભાગવતી દીક્ષા અંગીકાર કરી. રાજપુત્ર અમિત્રદમન પિતાના મૃત્યુ બાદ રાજગાદીએ આવ્યો. તેણે પોતાના વચનાનુસાર સુરેન્દ્રદત્તને બોલાવી નગરશેઠની પદવી આપી.

એકદા જિનાલયના વ્યંતર દેવે વિચાર્યું, 'સુભદ્રા કેવી સ્વર્થી નીવડી ? જે દેવની કૃપાથી તેણીનું કામ થયું તેમને જ તે સુખમાં વિસરી ગઈ! એની શાન ઠેકાણે લાવવા તે ગર્ભધારણ ન કરી શકે તેવું કરીશ.'

સુભદ્રાના ઘરમાં એક બાળકની ખોટ હતી. શેરીમાં કચરો વાળનારી બાઈના ખભે એક બાળક, કેડમાં એક બાળક, આંગળીએ ત્રીજું બાળક જોઈ સુભદ્રાએ ઉના ઉના નિશ્વાસો નાંખ્યા. 'ખાવાનું છે ત્યાં ખાનાર નથી અને ખાવાનું નથી ત્યાં ખાનાર ઢગલાબંધ છે.' આવું વિચારી તે મનમાં બળબળવા લાગી. સુભદ્રાની હૈયાવરાળ સાંભળી શેઠ પણ દુઃખી થયાં.

એવામાં **યુગંધર** નામના મહાજ્ઞાની મહાત્મા પધાર્યા. સુરેન્દ્રદત્ત અને સુભદ્રા પણ વંદન કરવા ગયાં. મુનિરાજે અમૃત જેવી શીતળ દેશના આપી. 'કલ્પવૃક્ષ સમાન જૈન ધર્મ છે. સમ્યગ્દર્શન તેનું મૂળ છે. દયા એ થડ છે. દાનરૂપી ડાળીઓ છે. સંપદારૂપી પાંદડા છે. કીર્તિરૂપી ફૂલ છે અને મોક્ષરૂપી ફળ છે. ધર્મ રત્ન પ્રત્યેક વિરલ જીવોને લાભદાયી બને છે.' મુનિરાજનું વ્યાખ્યાન સાંભળી સૌ વિદાય થયાં. સુરેન્દ્રદત્તે વંદન કરી મુનિને પૂછ્યું, 'ભગવન્! મારે ત્યાં પુત્રની ખામી છે. મુજ દુઃખીયાનું દુઃખ દૂર કરો.'' મુનિએ કહ્યું, ''શેઠજી! સંસાર વૃદ્ધિની વાત કરવી મહાપાપ છે. અમે તો ધર્મ વૃદ્ધિની જ વાત કરીએ. અમે તમને સાંત્વના આપી દુઃખોમાંથી મુક્ત કરાવી શકીએ. શેઠજી! જીવનમાં ધર્મને પ્રાથમિક્તા આપો. ધર્મથી આ ભવ અને પરભવ બન્ને સુધરી જાય છે. પૂર્વ જન્મના પુણ્યને ભોગવી નાંખશો તો પરિણામ શું આવશે ? નવું પુણ્ય ઉપાર્જન કરતાં શીખો. જે કાર્યમાં દેવ-દેવીનું કાંઈ ન ચાલે, ઉદ્યમો નિષ્ફળ જાય, મંત્ર-તંત્રથી સાધી ન શકાય ત્યાં એક માત્ર ધર્મ જ સર્વસ્વ પૂરવાર થાય છે. દેવ-ગુરુની ભક્તિ, દાન, જપ-તપએ દુઃખોને તોડી નાખનારા છે, માટે ધર્મને સમર્પિત બનો. ધર્મથી જ કાર્ય સિદ્ધિ થશે.''

સુભદ્રાને મુનિરાજની વાણીથી કન્યાપણામાં લીધેલી જિનદર્શનની પ્રતિજ્ઞાનું સ્મરણ થયું. મનમાં ભારે પસ્તાવો થયો. 'જિનેશ્વરની અવજ્ઞા કરવાથી મારી કૂખ ખાલી રહી છે. હવેથી હું પ્રથમ દેવ-ગુરુના દર્શન

કરીશ, તે પહેલાં જમીશ નહીં.'

હવે શેઠ-શેઠાણી નિત્ય દેવ-ગુરુના દર્શન કરતા, માળા ગણતા, પર્વ તિથિએ આયંબીલ તપ કરતા. આમ બન્ને જીવાત્મા ધર્મના રાગી બન્યા. સમય જતાં સુભદ્રાએ ધર્મના પ્રભાવે ગર્ભ ધારણ કર્યો. 'ધર્મના પ્રભાવે મારી મનોકામના પૂર્ણ થઈ છે;' એમ સમજી સુભદ્રા વધુ ધર્મમય જીવન પસાર કરવા લાગી. પુત્ર જન્મની ખુશાલીમાં શેઠે ગરીબોને દાન દીધું, ભિક્ષુકોને અન્ન આપ્યું, બાળકોને મીઠાઈ વહેંચી, સાધુ-સંતોને ભોજનાદિ આપ્યું. લોકોએ બાળકને 'દીર્ઘાયુ'ના આશીર્વાદ આપ્યા. મુનિરાજના ઉપદેશથી, દેવ-ગુરુના આશીર્વાદથી, ધર્મના પ્રભાવે આ બાળકનો જન્મ થયો હોવાથી શેઠે બાળકનું નામ **'ધમ્મિલ'** રાખ્યું. પાંચ પાંચ ધાવમાત્રીઓથી પોષાતો આ બાળક ધીરે ધીરે મોટો થયો. તે અત્યંત લાડકોડમાં ઊછેરાયો. તે પાંચ વર્ષનો થયો. એક વિદ્વાન ગુરુ પાસે અલ્પ સમયમાં બધી કળાઓમાં પારંગત થયો. જૈન મુનિ પાસે શાસ્ત્રોના અભ્યાસ માટે ગયો. તેમાં પ્રવીણ થયો. સાધુઓની માફક સૂક્ષ્મ વિચારોમાં તે બાહોશ બન્યો. ધમ્મિલ યૌવનાવસ્થામાં પહોંચ્યો. સંસારના રંગરાગથી તે અળગો રહ્યો. વિકાર તેનામાં પ્રવેશી શકતો જ ન હતો. માતા-પિતાએ પરણાવવાનો વિચાર કર્યો. તેમણે કુળવાન અને ધર્મિષ્ઠ કન્યાની તપાસ શરૂ કરી. ધમ્મિલે કહ્યું, ''હું સંસારના ધોંસરામાં જોડાવા માંગતો નથી. દાવાનળ જેવા સંસારમાં લગ્નની લાલસામાં લપટાવાની વાત મહેરબાની કરીને કરશો નહીં.'' સુરેન્દ્રદત્તે કહ્યું, ''માતા-પિતાના અરમાન હોય. એમના આશીર્વાદ લેવા જોઈએ. એમને નારાજ ન કરાય. યુવાનીના મદમાં મદોન્મત્ત બની છકી ન જાય તે માટે સ્ત્રીરૂપી બંધન જરૂરી છે!'' ધમ્મિલ મૌન રહ્યો. પિતાએ મૌનમાં તેની સંમતિ માની.

આ જ નગરના શ્રીમંત શ્રેષ્ઠી **ધનવસુ**ની પુત્રી **યશોમતી**, જે ચોસઠ કળામાં નિપુણ હતી. તેની સાથે ધમ્મિલના ધામધૂમથી વિવાહ થયાં. ધમ્મિલ પિતાની આજ્ઞાથી માત્ર પરણ્યો હતો. તેના હૃદયમાં કોઈ ઉમળકો કે હોંશ ન હતો. સાસરેથી મળેલું ધન તેણે રસ્તામાં યાચકોને દાનમાં આપી દીધું. ધમ્મિલ પરણ્યા પછી પણ બ્રહ્મચારી જેવો રહ્યો. તે વિષયસુખને હળાહળ ઝેર સમાન માની તેનાથી દૂર રહેતો હતો. રાત-દિવસ અભ્યાસમાં જ તેનું ચિત્ત પરોવાયેલું રહેતું હતું.

યશોમતી ચાર દિવસ પછી પિયર ગઈ. તેનું ચિંતાજનક મુખ જોઈ માતાએ પૂછયું. ત્યારે તેણીએ પતિનું વલણ અને ગૃહસ્થીની વિગતો જણાવી. યશોમતીની માતા **ધનદત્તા**ને દુઃખ થયું. તે સુભદ્રાને મળવાના બહાને વેવાણ પાસે આવી. તેણે ધમ્મિલની ફરિયાદ સુભદ્રા પાસે કરી. તે ખેદ પામી. તેણે પતિનો વાંક કાઢયો. સાંજે પતિ ઘરે આવતાં હૃદયની વેદના ઠાલવી બોલી, ''તમારો પુત્ર માત્ર ધર્મની ઘેલછામાં વેદીઓ બની ગયો છે. તેને કામાભિલાષીની સોબત કરાવો.'' શેઠે ઘણી રીતે સમજાવ્યા છતાં શેઠાણીએ સ્ત્રી હઠ ન છોડી. ન છૂટકે શેઠે વ્યભિચારીઓના હાથમાં ધમ્મિલને સોંપ્યો. 'જેવી સોબત તેવી અસર' એ યુક્તિ અનુસાર ધીમે ધીમે ધમ્મિલ વ્યભિચારી લોકોની સાથે રહી તે પ્રમાણે વર્તતો થઈ ગયો. તે **વસંતતિલકા** વારાંગનાની ભેખડે ભરાયો. તેની પાછળ લટ્ટુ બન્યો. તે નૃત્યકલામાં નિષ્ણાંત હતી. રાજાજ્ઞાથી ધમ્મિલ અને વસંતતિલકાએ નૃત્ય કર્યું. તેમના સુંદર હાવભાવ, અંગમરોડ અને અવનવી દેહભંગી જોઈ લોકો વાહવાહ બોલી ઉઠયાં. રાજાએ વારાંગનાને ઘણું ધન આપ્યું. વારાંગનાએ ધમ્મિલનો આભાર માન્યો. ધમ્મિલ કામક્રીડામાં પાવધરો થઈ ગયો છે, એવું જાણી વ્યભિચારી મિત્રો ચાલ્યા ગયાં. ધમ્મિલને વારાંગનાનું ઘેલું લાગ્યું. મિત્રો દ્વારા સર્વ વૃત્તાંત

સાંભળી ધમ્મિલના માતા-પિતા ખુશ થયાં. સુરેન્દ્ર શેઠ નિત્ય આઠ હજાર સોનામહોર વેશ્યાને ત્યાં મોકલાવતા. ઘણો સમય પસાર થઈ ગયો. નોકરને તેડવા મોકલ્યો. તે ન આવ્યો. વિરહની વેદનામાં દંપતી મૃત્યુ પામ્યા. યશોમતી એકલી બની. તે ધર્મમય જીવન જીવવા લાગી. ધમ્મિલ માતા-પિતાના મૃત્યુના સમાચાર જાણવા છતાં ગણિકામાં આસક્ત બની ત્યાં જ રહ્યો. બાર-બાર વર્ષનો સમય પસાર થયો. ધન ખૂટી ગયું. વેશ્યાએ મોકલેલી દાસી ધન વસૂલી માટે આવી. યશોમતીએ પોતાના કિંમતી ઘરેણાં આપ્યાં. દાસી ઘરેણાં લઈ ગણિકા પાસે આવી. સર્વ હકીકત જણાવી. વેશ્યાએ વિચાર્યું, 'છેલ્લા રહેલા આભૂષણો પણ આપી દીધાં. 'ધન્ય છે આવી નારીને! ક્યાં હું અને ક્યાં શીલવંતી યશોમતી!' એવું વિચારી વેશ્યાએ એક હજાર આઠ સોનામહોરો અને વસ્ત્રો-આભૂષણો દાસી મારફતે પાછા મોકલાવ્યાં. યશોમતીએ સ્વીકારી લીધું. યશોમતીએ મકાન વેચ્યું. તે પિતાને ત્યાં જતી રહી.

આ બાજુ ધમ્મિલને ત્યાંથી ધન આવતું બંધ થતાં તક શોધી અક્કાએ કપટ કરી તેને કાઢી મૂક્યો. પોતાના ઘરને બારણે આવીને ઊભો રહ્યો. અવાવરુ અને ઉજ્જડ ઘર બંધ હતું. તપાસ કરતાં લોકો દ્વારા જાણ્યું કે, 'માતા-પિતાના મૃત્યુ બાદ, ધન ખલાસ થઈ જતાં, ઘર વેચી તેની સ્ત્રી પિતાને ત્યાં ચાલી ગઈ છે.' ધમ્મિલને લોકોએ ધિક્કાર્યો. તે વનમાં આવ્યો. ધમ્મિલ પશ્ચાતાપ કરવા લાગ્યો. પોતાના કારણે ધન ગયું, માતા-પિતા ગયા, આબરૂ ગઈ. તે તલવાર ઉગામી માથું વાઢવા જતો હતો ત્યાં વનદેવીએ તલવાર પડાવી લીધી. ત્યાર બાદ બળી મરવા ચિતામાં પ્રવેશ્યો. વનદેવીએ આગ ઠારી નાંખી. આમ, મરવાના બધા ઉપાયો નિષ્ફળ ગયા. આકાશવાણી થઈ કે, 'હે ધમ્મિલ! તું મૃત્યુનું સાહસ કરીશ નહીં.'

આ બાજુ વસંતતિલકાનું મદ્યપાનનું ઘેન ઉતરતાં તે ધમ્મિલને શોધવા લાગી. તે વલોપાત કરવા લાગી. તેની માતાએ કહ્યું, "તને બીજા પુરુષો મળી રહેશે. નિર્ધન ધમ્મિલ પાછળ જીવન શા માટે વ્યર્થ ગુમાવે છે." વસંતતિલકા સમજી ગઈ કે, 'આ સર્વ માતાની કુટનીતિ છે.' તેણે પ્રતિજ્ઞા કરી કે, 'જ્યાં સુધી ધમ્મિલ નહીં મળે ત્યાં સુધી તાંબુલ ખાઈશ નહીં, આભૂષણો પહેરીશ નહીં, વેણી બંધ છોડીશ નહીં.' તે ધમ્મિલને પોતાનો પ્રિયતમ માનતી હતી તેથી તેના વિયોગમાં તે સતી સ્ત્રી જેવું જીવન જીવવા લાગી.

ધમ્મિલ એક મનોહર ઉદ્યાનમાં આવ્યો. ત્યાં એક ઝાડ નીચે ધ્યાનસ્થ સાધુ બેઠા હતા. ત્યાં જઈ તેમને વંદન કર્યા. મુનિએ અનેક દૃષ્ટાંતો દ્વારા ધર્મ સમજાવ્યો. મુનિના કહેવાથી ધમ્મિલે સાધુ વ્રત અંગીકાર કર્યું. સળંગ છ માસ સુધી આયંબીલ તપ કર્યું. ત્યારે તેણે દેવવાણી સાંભળી કે, 'તું વિદ્યાધર અને શ્રેષ્ઠીવર્યોની બત્રીસ કન્યાઓ મેળવી સંસાર સુખ પામીશ.' આ સાંભળી ધમ્મિલ રાજી થયો. તે ભૂતના મઠમાં બેઠો હતો, ત્યાં કોઈ તાપસ સ્ત્રી ધમ્મિલનું નામ લઈ આવી. ધમ્મિલને રથમાં બેસાડી **ચંપાપુરી** તરફ લઈ ગઈ. રથમાં એક સુંદર કન્યા હતી. અડધો સાધુનો અને અડધો ગૃહસ્થનો વેશ અને દેખાવમાં ન ગમે તેવા ધમ્મિલને જોઈ કન્યાએ કહ્યું, "મેં જોયો હતો તે આ ધમ્મિલ નથી." ધમ્મિલ બધું સાંભળતો હતો. આગળ જતાં ભૂખ લાગતાં તેણે રથ ઊભો રાખ્યો. તે ગામમાં ભોજન સામગ્રી લેવા ગયો. ગામના પાદરે માણસો સાથે ઠાકોરને ઊભેલા જોયા. ધમ્મિલે ચિંતાનું કારણ પૂછયું. ઠાકોરે કહ્યું, "મારો ઉત્તમ લક્ષણવાળો વછેરો સૂકાતો જાય છે. તેનો કોઈ ઉપાય કહો." ધમ્મિલે કહ્યું, "ભીની માટીનો શરીરે લેપ કરો. જે ભાગની માટી વહેલી સૂકાઈ જાય તે ભાગમાં શલ્ય-પીડા છે એવું સમજી તે ભાગમાં વાઢકાપ કરી શલ્ય શોધી કાઢી નાંખવું. પછી તેના ઉપર વ્રણ રોહિણી નામની

ઔષધિ ચોપડી ઘા રૂઝવી નાંખવો.'' એમ કરતાં વછેરો નિરોગી થયો. ઠાકોર ખુશ થયો. ઠાકોરે ધમ્મિલને ખાવા-પીવા-રહેવાની વ્યવસ્થા કરી આપી. થાક અને દુ:ખથી કંટાળેલી રાજકુમારી સૌ પ્રથમ નિદ્રાવશ થઈ ગઈ. ત્યાર પછી તાપસ સ્ત્રી ધમ્મિલ પાસે આવી. તેણે સઘળો વૃત્તાંત જણાવ્યો.

ધમ્મિલકુમાર ખૂબ સુખી અને મહાઋદ્ધિવાળો થયો. તે અનેક સ્ત્રીઓને પરણ્યો. સર્વ સ્ત્રીઓ સાથે ધમ્મિલ કુશાગ્રપુર વસંતતિલકા પાસે ગયો. સર્વત્ર આનંદ છવાયો. તે નગરના રાજા અમિત્રદમને ખૂબ માન-પાન આપી ધામધૂમથી પ્રવેશ મહોત્સવ કરાવ્યો. રાજાએ તેનું ઘર અઢળક સંપત્તિ અને સમૃદ્ધિથી ભરપૂર કરી પાછું આપ્યું. ગણિકાના રવાડે ચડેલો ધમ્મિલ શ્રેષ્ઠીવર્ય બન્યો.

વિરહિણી યશોમતીને લઈ ધનવસુ શેઠ ધમ્મિલ પાસે આવ્યા અને પોતાની પુત્રીને જમાઈને સોંપી. ધમ્મિલે ગુમાવેલી આબરુ, યશ, પ્રતિષ્ઠા અને પિતાનું ઘર પાછું મેળવ્યું. અનેક સ્થળોએ દાન આપ્યું. મોટો વૈભવશાળી અને વિશાળ મહેલ ખરીદ્યો. દાસ-દાસીઓ ત્યાં ચાકરી કરવા રહ્યાં. એક દિવસ દિવાનખાનામાં ધમ્મિલ બેઠો હતો ત્યારે વસંતતિલકાએ કહ્યું, ''સ્વામીનાથ ! મેં આપને કોઈ બીજા વેશમાં આજે જોયા હતા.'' ધમ્મિલને આશંકા થઈ કે કોઈ વ્યક્તિ મહેલમાં આવે છે. તેથી તેણે ઘરમાં અંદર-બાહર સિંધોરનો ભૂક્કો (પાવડર) પથરાવી દીધો. પછી તે સિંહની જેમ ખુલ્લી તલવાર હાથમાં રાખી સંતાઈને ઊભો રહ્યો. એવામાં અદશ્ય વિદ્યાધર ત્યાં આવ્યો. સિંધોરના પાવડરમાં પડેલા પગલાની નિશાની જોઈ ધીર વીર ધમ્મિલે હાથ ચાલાકી વાપરીને તલવારનો ઘા કર્યો. તેને જમીનમાં દાટી દીધો. વિદ્યાધરને શોધતી પ્રતિશોધની ભાવનાથી આવેલી તેની બહેન **મેઘમાલા**એ પણ ધમ્મિલ સાથે ગાંધર્વ વિવાહ કર્યા. કુલ બત્રીસ કન્યાઓ સાથે તે પરણ્યો.

કેટલાંક દિવસો પછી ચાતુર્જ્ઞાની **ધર્મરુચિ મુનિરાજ** ઉદ્યાનમાં પધાર્યા. ધમ્મિલ સપરિવાર દર્શન કરવા ગયો. તેમની દેશના સાંભળી. અંતે ધમ્મિલે નમ્રતાથી પૂછ્યું, ''પ્રભુ! મારી સંપદાના ક્ષય અને વૃદ્ધિનું કારણ કહો.'' મુનિએ કહ્યું, ''તારું પૂર્વ જન્મનું ફળ છે.

**ભરતક્ષેત્રમાં ભૃગુકચ્છ** નગરમાં એક **મહાધન** નામનો માણસ રહેતો હતો. તે ગાઢ મિથ્યાત્વી હતો. તે કુટુંબનો મોભી હતો. તેણે જીવનમાં કદી ધર્મ કર્યો ન હતો. જીવનમાં દયા કે હિંસાના ફરકને જાણતો ન હતો. તેની પત્ની પણ પાપી હતી પરંતુ તેનો પુત્ર **સુનંદ** પણ જન્મથી જ ઉત્તમ ગુણવાળો હતો.

એકવાર મહાધનને ઘરે કેટલાક મિત્રો આવ્યા. તેમની ઊંચા પ્રકારની આગતા કરી. તેણે તેમના ભોજન માટે માંસ ખરીદવા એક મહેમાન સાથે સુનંદને બજારમાં મોકલ્યો. માંસ ખલાસ થઈ જવાથી કસાઈ વાડામાંથી ન મળ્યું. પેલા મહેમાને જીવતા મત્સ્ય ખરીદ્યા. સુનંદે અનિચ્છા દર્શાવી પણ મહેમાન માન્યો નહીં. તે લઈ ઘર તરફ વળતાં તેઓ એક જળાશય પાસે આવ્યા. મહેમાન દેહ ચિંતા માટે ગયો. સુનંદના હાથમાં મત્સ્ય હતાં. તે પાણી વિના તરફડતાં હતાં. દયાળુ સુનંદે તે મત્સ્યને જળાશયમાં મૂકી દીધાં. મત્સ્ય જીવ બચી જતાં સડસડાટ પાણીમાં ચાલ્યા ગયા. સુનંદે વિચાર્યું, 'માનવી પોતાના જીભની સ્વાદ ખાતર અબોલા, નિર્દોષ જીવોની હત્યા કરે છે. અધમ માણસો શિયાળામાં ઠંડી દૂર કરવા તાપણી સળગાવે છે. દેહના ક્ષણિક સુખ ખાતર કેટલાય જીવોને રહેંસી નાંખે છે. લોકો પાપ કાર્યની પ્રેરણા કરી નરકનો માર્ગ દેખાડે છે.' સુનંદ મત્સ્યની ક્રીડા જોતો ઊભો રહ્યો. તેવામાં પેલો મહેમાન આવ્યો. તેણે સુનંદને પૂછ્યું, ''માછલાં ક્યાં ?'' સુનંદે કહ્યું, ''તે પાણી વિના તરફડી રહ્યાં હતાં તેથી મેં તેમને જળાશયમાં છોડી દીધાં.'' મહેમાને ગુસ્સામાં કહ્યું, ''નાદાન ! છોકરમતમાં તેં શું કર્યું તેનું તને ભાન છે ? ક્યાં તારા વડીલો અને ક્યાં તું ? મૂર્ખ છે. તેં વિચાર કર્યા વિના કાર્ય

કર્યું છે તેનું ફળ તારે ભોગવવું જ પડશે.'' એમ કહી ગુસ્સામાં ગાળો અને કડવાં વેણ સંભળાવતો તે ઘરે આવ્યો. સુનંદની કરતૂત તેના પિતાને જણાવી. પિતા પણ સુનંદ પર વરસી પડયાં. ''ઘરે મહેમાન આવ્યા છે. તેમને માટે ભોજનની વ્યસ્થા કરવાની છે. તેનું તને ભાન નથી ? હવે હું શું જમાડીશ ?'' સુનંદે કહ્યું, ''પ્રત્યેક પ્રાણીને પોતાનો જીવ વહાલો હોય છે. મારા હાથમાં માછલાં તરફડતાં હતાં. તે હું ન જોઈ શક્યો તેથી મેં તેમને પાણીમાં મૂક્યા. તેમને પણ તેમનો જીવ પ્રિય છે. પાણીમાં જતાં જ તેઓ આનંદથી ક્રીડા કરવા લાગ્યાં. જીવહિંસાનું ભયંકર પાપ તો આપણે જ ભોગવવું પડે છે. પિતાજી ! લોકમાં કહેવત છે કે, કરે એ ભરે !'' પિતાએ કહ્યું, ''દુષ્ટ ! શું આપણે જૈન છીએ ? શું દયા એ આપનો ધર્મ છે ? ઉત્સવ હોય ત્યારે કુલાચાર પ્રમાણે મિષ્ટ ભોજન કરવું જોઈએ. તું કુલદીપક નહીં પરંતુ અંગારો છે. તારા કારણે મારે આજે નીચું જોવું પડશે. તેં મને બે આબરૂ કર્યો છે.'' નિર્દય પિતાએ એમ કહી પુત્રને ખૂબ માર મારી ઘરમાંથી કાઢી મૂક્યો. ઘણાં લોકોએ બાળક સમજી માફ કરવા સમજાવ્યો પરંતુ પિતાનો ક્રોધ કેમે ન ઘટયો.

સુનંદને પિતાએ તરછોડયો છતાં તેણે દયાધર્મ છોડયો નહીં. તેણે આ ગુણને જીવનભર ટકાવ્યો તેથી મૃત્યુ પામી તે મનુષ્ય થયો.

કોઈ પર્વતની ગુફામાં એક પલ્લી હતી. ત્યાં નિર્દયી અને નિષ્ઠુર **મંદર** નામનો રાજા હતો. પતિના જેવી જ નિષ્ઠુર **વનમાલા** નામની તેની પત્ની હતી. સુનંદનો જીવ તેની કુક્ષિએ અવતર્યો. તેનું નામ હતું **સરભ.** તે મોટો થયો. કુળને યોગ્ય તાલીમ લીધી. તે યુવાન થયો. મંદર એકાએક માંદો પડયો. તેને જીવલેણ રોગ થયો. કોઈ પણ ઉપાય કારગત ન નીવડયો. તે મરીને નીચ ગતિમાં ગયો. તેનો પુત્ર સરભ પલ્લીપતિ બન્યો. પ્રજાનું પાલણ પોષણ કરતાં તે સૌનો પ્રિય થયો.

એકવાર હાથમાં શસ્ત્રો લઈ સપરિવાર પર્વત પર જતો હતો. ત્યાં તેણે થોડે દૂર વિચિત્ર પુરુષો જોયાં. તેને તદ્દન અલગ માણસો લાગ્યાં. 'શું તેમનું ધન ખોવાઈ ગયું હશે ? તેઓ નીચી નજર કરીને શોધતાં હશે અને તેની ચિંતામાં દુર્બળ બની ગયાં હશે ? ધન મેળવવા કોઈ દેવની બાધા રાખી હશે તેથી માથાના વાળ ઉતારેલા જણાય છે ! અહીં ભમતાં હોવા છતાં કોઈના હાથમાં શસ્ત્ર કેમ નથી ? જ્યારે મારી પલ્લીમાં હથિયાર વિનાનો કોઈ માણસ નહીં મળે.'' આમ વિચારતો તે તેઓની પાસે ગયો. તેઓએ આશીર્વાદ આપ્યાં. સરભે પૂછયું, ''તમે કોણ છો ? અહીં કેમ આવ્યા છો ?'' ત્યારે મુખ ઉપર મુહપત્તિ બાંધેલા તેમણે કહ્યું, ''અમે જૈન સાધુ છીએ. અમે એક સથવારા સાથે ચાલતાં વિહાર કરી રહ્યાં છીએ પરંતુ ધીમી ચાલ હોવાથી લોકોથી છૂટાં પડી ગયા. માર્ગથી અજાણ હોવાથી ભૂલથી અમે અહીં આવી ચડયા છીએ.'' સરભે પૂછયું, ''તમે કયો ધર્મ પાળો છો ? એનો સાર શું છે ?'' મુનિએ કહ્યું, ''વત્સ ! તને ટૂંકમાં ધર્મ સમજાવું છું. પ્રત્યેક પ્રાણીને જીવ વહાલો હોય છે. તેથી પ્રાણી માત્ર ઉપર દયા રાખવી. દુઃખ, અન્યાય, છળ, કપટથી ભયંકર પાપ કર્મ બંધાય છે. પોતાની જાતે પોતાની સુગતિનો ભંગ થાય છે. દયા વિનાનો ધર્મ કદી શોભતો નથી.'' મુનિએ દયા ધર્મ સમજાવી સરભને પુણ્યના માર્ગે ચડાવ્યો. તે ખુશ થયો. તેણે મુનિને માર્ગે ચડાવ્યા, પલ્લીની હદ સુધી મૂકી આવ્યો.

એક દિવસ સરભ ભીલ ટોળી સાથે ધાડ પાડવા ગયો. રાત પડતાં તેઓ વનમાં છૂપાઈને રહ્યાં. સરભને મુનિના વેણ યાદ આવ્યા કે, 'અજાણતાં પણ કોઈને પીડા ન આપવી. અરે ! હું શું કરી રહ્યો છું ? ધિક્કાર છે મને !' એમ વિચારી હથિયાર મૂકી, ઘર છોડી કોઈ એક જગ્યાએ સદાચારી જીવન જીવવા લાગ્યો. ધર્મના સંસ્કારોને જીવન પર્યંત ટકાવી રાખ્યાં. સમાધિપૂર્વક મૃત્યુ પામી કુશાગ્રપુરમાં સુરેન્દ્રદત્તના ઘરે ધમ્મિલ

તરીકે તું જન્મ પામ્યો.''

પોતાનો પૂર્વભવ સાંભળી ધમ્મિલ કુમાર હવે સંસારમાં ઉદાસીન ભાવે રહેવા લાગ્યો. વૈરાગ્યના ભાવો દૃઢ થતાં ધમ્મિલ કુમારે ગુરુ પાસે દીક્ષા લીધી. શ્રમણાચારનું સમ્યક્ પાલન કર્યું. અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. અંત કાળ નજીક આવ્યો જાણી અનશન ગ્રહણ કર્યું. ત્રીસ દિવસ ઉત્તમ ધ્યાનમાં રહી **અચ્યુત** દેવલોકમાં ગયા. ત્યાં બાવીસ સાગરોપમનું સુખ ભર્યું આયુષ્ય ભોગવી **મહાવિદેહ ક્ષેત્ર**માં ઉત્તમ કુળમાં જન્મી, દીક્ષા લઈ, આકરી તપશ્ચર્યા કરી **અજરામર** બની જશે.

વસુનંદી શ્રાવકાચારમાં અભયદાનનું લક્ષણ બતાવતાં કહ્યું છે,

**''जंकीरइ परिरक्खा णिच्चं मरणभय भीरुजीवाणं।**
**तं जाण अभयदाणं सिहामणिं सव्व दाणाणं।।''**

**અર્થ :** મરણના ભયથી ભયભીત જીવોનું નિત્ય પરિરક્ષણ કરે છે. તે સર્વ દાનમાં શિરોમણિ અભયદાન સમજવો જોઈએ. સાત પ્રકારના ભયમાં મરણભય મુખ્ય છે. સરભ જેવા વિરલ વિભૂતિ દ્વારા જ સર્વ પ્રાણીઓને અભયદાન આપવામાં આવે છે.

**ધર્મરુચિ અણગાર** : (જૈન શાસનના ચમકતા હીરા, પૃ.૧૭૭)

**વસંતપુર** નગરમાં **જિતશત્રુ** નામના રાજવી રાજ્ય કરતા હતા. તેમની **ધારિણી** નામની રાણી હતી. તેમનો **ધર્મરુચિ** નામે ગુણિયલ અને બુદ્ધિશાળી પુત્ર હતો.

એક વખત જિતશત્રુ રાજાને કોઈ તાપસ પાસે સંન્યાસ લેવાની ઈચ્છા થઈ. તેમણે પોતાના પુત્ર ધર્મરુચિને યુવરાજ પદે નિયુક્તિ કરી રાજગાદી સોંપવાનો નિર્ણય કર્યો. પુત્રને રાજ્યાભિષેકના વાવડ મળ્યા. તે સાંભળી ધર્મરુચિએ માતા પાસે જઈ કહ્યું, ''માતાજી! મારા પિતા શા માટે રાજ્યનો ત્યાગ કરે છે?'' માતાએ તેને શાંત કરી સમજાવતાં કહ્યું, ''વત્સ્! આ રાજ્યલક્ષ્મી ચંચળ છે. નરકમાં ઘસડી જનારી છે. પુત્ર! 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એવું શાસ્ત્રકારો ખુદ કહે છે. આ લોકમાં અભિમાન કરાવનારી અને પરલોકમાં દુઃખના પહાડો આપનારી હોવાથી તારા સુજ્ઞ પિતા આ રાજ્યલક્ષ્મી છોડવા તૈયાર થયા છે.'' ચતુર ધર્મરુચિએ કહ્યું, ''હે જનની! જો રાજ્યલક્ષ્મી દુઃખદાયી છે તો મને તેમાં શા માટે ભેરવો છો? જે મારા પિતાને અનિષ્ટ છે તે મને પણ અનિષ્ટ છે.'' આ પ્રમાણે કહી પિતાની સાથે તેણે પણ દીક્ષા લીધી. સર્વ તાપસ ક્રિયા તે બન્ને યથાર્થપણે પાળવા લાગ્યા.

એક વખત અમાવસ્યાના આગલા દિવસે (પક્ખી) એક તાપસે ઊંચા સ્વરે જાહેરાત કરી કે, 'હે તપાસો! આવતી કાલે અમાવસ્યા હોવાથી અનાકુટ્ટિ છે માટે આજે દર્ભ, પુષ્પ, સમિધ (યજ્ઞોપયોગી લાકડું), કંદ, મૂળ તથા ફળ વગેરે લાવી મૂકવાં જરૂરી છે.'' તે સાંભળી ધર્મરુચિએ જિજ્ઞાસાવશ પિતાને પૂછયું, ''પિતાજી! અનાકુટ્ટિ એટલે શું?'' પિતા ગુરુએ હ્યું, ''પુત્ર! અનાકુટ્ટિ એટલે પર્વતિથિ કહેવાય, તે દિવસે છેદન-ભેદન આદિ સાવધ ક્રિયાઓ વર્જ્ય છે.'' તે સાંભળી ધર્મરુચિ તાપસ ચિંતને ચડયા કે, 'મનુષ્યાદિકના શરીરની જેમ વનસ્પતિમાં સજીવપણું પ્રત્યક્ષપણે પ્રતીત થાય છે. તેથી સર્વથા અનાકુટ્ટિ થાય તો શ્રેષ્ઠ છે અર્થાત્ તાપસપણું છોડી સર્વથા **પ્રાણાતિપાત વિરમણ વ્રત** સ્વીકારું તે અત્યુત્તમ છે.''

આવું ચીંતવનારા ધર્મરુચિ તાપસે અમાવસ્યાના દિવસે તપોવનની નજીકની પગદંડી પર ચાલ્યા

જતાં કેટલાક સાધુઓને જોયાં. તેણે સાધુઓને ચકાસવા પૂછ્યું, ''શું તમારે આજે અનાકુષ્ટિ નથી કે જેથી આ વનમાં પ્રયાણ કરો છો ?'' તેઓએ કહ્યું, ''અમારે તો જાવજીવના છ કાયના જીવો સંબંધી અનાકુષ્ટિ છે.'' તેમ કહી જૈન સાધુઓ ચાલ્યા ગયા. તે સાંભળી ધર્મરુચિ તાપસને ઉહાપોહ થતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેને પોતાનો પૂર્વભવ નજર સમક્ષ તાદશ્ય થયો.

હું પૂર્વભવમાં દીક્ષા લઈ મૃત્યુ પામી દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાં દિવ્ય સુખો અનુભવી અહીં આવ્યો છું. પૂર્વે મેં સર્વ વનસ્પતિના જીવને અભયદાન આપ્યું હતું. તો હવે આ ભવમાં પણ તે જીવોની હિંસા કરવી યોગ્ય નથી.' આવું વિચારી તે પ્રત્યેક બુદ્ધ થયા. ત્યાર પછી તેમણે બીજા તાપસોને પણ કંદાદિકનું ભક્ષણ ન કરવાના પ્રત્યાખ્યાન કરાવ્યા.

પૂર્વે બકરા-બકરી, ગાય-ભેંશ, ઊંટ, હાથી અને બીજાં શાકાહારી પશુ વગેરેના ભવોમાં વનસ્પતિનું આ જીવે બહુ પ્રકારે ભક્ષણ કર્યું છે. હવે શ્રાવકપણાને પ્રાપ્ત કરી પર્વતિથિના દિવસે એક દિવસ પણ વનસ્પતિના જીવોને અભયદાન આપીએ જેથી ધર્મરુચિ મુનીન્દ્રની જેમ અભયદાનનું ઉત્તમ ફળ પ્રાપ્ત થાય.

**નવયુવાન ચોર :** (પ્રબંધ ચિંતામણિ, ભા.૨)

એકવાર રાત્રિના સમયે ચંદ્રને જોઈ **ભોજ રાજા** એક શ્લોક બોલ્યાં, ''જે આ ચંદ્રની અંદર રહેલ સસલું મેઘની પ્રેમલીલા કરે છે, તેથી ચંદ્રને લોકો શશાંક કહે છે પરંતુ એવી રીતે તે મારા પ્રત્યે નથી. તેવી લીલા ચંદ્ર (સસલું) મારા પ્રત્યે કરતું નથી.'' તે વખતે રાજાનાં ભોયરામાં રહેલ પંડિત એવો ચોર (નવયુવાન) રાજાએ કહેલ બે પદ સાંભળી બોલ્યો, ''હું તારા શત્રુઓનાં વિરહથી વ્યાપ્ત સ્ત્રીઓનાં કટાક્ષરૂપ ઉલ્કાપાતનાં સેંકડો વ્રણરૂપ કલંકથી અંકિત શરીરવાળા ચંદ્રને માનું છું.''

આ સાંભળી ચમત્કાર પામેલ રાજાએ તે ચોરને પકડી અભયદાન આપી પૂછયું, ''તું કોણ છે ? ચોરી કરવા શા માટે આવ્યો છે ?'' ચોરે કહ્યું, ''આ નગરનાં **કૃષ્ણ બ્રાહ્મણ**નો **ચંદ્ર** નામનો પુત્ર છું. પિતાએ સર્વ શાસ્ત્રો ભણાવ્યાં પરંતુ ખાવા માટે ઘરમાં અન્ન ન હોવાથી ઉદરપૂર્તિ માટે ચોરી કરવી અનિવાર્ય થઈ પડી છે.'' વિશાળ દિલના રાજાએ પ્રસન્ન થઈ તેને ચોરી ન કરવાનો નિયમ કરાવ્યો એટલું જ નહીં માત્ર કોરી શિખામણ ન આપતાં તેને દસ ક્રોડ સુવર્ણ અને આઠ ઐરાવત હાથી ભેટમાં આપી અભયદાન આપ્યું.

કહ્યું છે કે, સમુદ્રમાં છલોછલ પાણી ભરેલું હોય ત્યાં વૃષ્ટિ વૃથા છે. જેણે ભરપેટ ભોજન કર્યું છે. તેને ભોજન ખવડાવવું વૃથા છે. દિવસે સૂર્યપ્રકાશમાં દીપક પ્રગટાવવો વ્યર્થ છે. જે સ્વસ્થ છે, તેને ઔષધ આપવું નિરર્થક છે. તેમ જે સાધન સંપન્ન છે, તેને દાન આપવું વ્યર્થ છે.

વિદુષી રાજા ભોજે ચંદ્ર બ્રાહ્મણને વિપત્તિમાં સહાય કરી પોતાનો ધર્મ નિભાવ્યો.

**નંદિષેણ બીજા :** (જૈન કથા સંગ્રહ)

**સાધુ નંદિષેણ** મહાન જ્ઞાની અને સેવાભાવી સાધુ હતા. એમના સેવાભાવની સ્વર્ગમાં પણ પ્રશંસા થતી. એક દિવસ **ઈંદ્ર**એ પોતાની સભામાં પોતાના દેવો સમક્ષ નંદિષણની પ્રશંસા કરી. ઈંદ્ર દ્વારા કરાયેલી નંદિષેણની પ્રશંસાથી શંકાશીલ બનેલા બે દેવોએ નંદિષેણની પરીક્ષા કરવાનું નક્કી કર્યું. દૈવી શક્તિને કારણે દેવો ગમે ત્યારે ગમે તે રૂપ ધારણ કરી શકતા અને ક્ષણમાં ગમે ત્યાં પહોંચી શકતા. બે દેવો, એક ઘરડા અને એક જુવાન સાધુનું રૂપ લઈને નંદિષેણના ગામની બહારની વાડીમાં આવી પહોંચ્યા.

આજે નંદિષેણને ઉપવાસનું પારણું હતું. તેઓ હમણાં જ ગોચરી લઈને આવ્યા હતા અને પારણું કરવા બેસતા હતા. ત્યાં જ જુવાન સાધુએ આવીને કહ્યું, ''ધર્મલાભ, ત્યાં પાદરે એક ઘરડા સાધુ ભૂખ તરસથી તડપી રહ્યાં છે. તેઓ ખૂબ જ અશક્ત છે. તમારી મદદની જરૂર છે.

આ શબ્દો સાંભળતાં જ નંદિષેણ ઊભા થઈ ગયા. સ્વચ્છ પાણી લઈને વૃદ્ધ સાધુ પાસે પહોંચી ગયા. નંદિષેણને જોતાં જ વૃદ્ધ સાધુ તાડૂકી ઉઠ્યા, ''ઓ મહાનાલાયક, હું અહીં પીડાઈ રહ્યો છું અને તું મારી કોઈ દરકાર જ નથી કરતો ?''

નંદિષેણ સહનશીલ ક્ષમાવંત હોવાથી સાધુના ગુસ્સાનો કોઈ જવાબ ન આપ્યો. ખૂબ જ શાંતિથી કહ્યું, ''ગુરુવર્ય ! મને માફ કરો. હું આપના માટે પાણી લાવ્યો છું.''

નંદિષેણે વૃદ્ધ સાધુને પાણી પાયું. તેમનું મોં, કપડા વગેરે સાફ કર્યા અને બેસવા માટે મદદ કરી. વળી, પાછા વૃદ્ધ સાધુ ગુસ્સે થયા. ''હું અશક્ત છું. મારાથી બેસાતું નથી અને તું મને બેસાડે છે ?''

નંદિષેણે કહ્યું, ''હું આપને બેસવામાં મદદ કરીશ. ચિંતા ન કરશો. આપ ઈચ્છો તો હું આપને વધુ સગવડતા માટે ઉપાશ્રયમાં લઈ જાઉં.''

સાધુએ જવાબ આપ્યો, ''મને પૂછવાની શી જરૂર ? તને ઠીક લાગે તો મને લઈ જા.''

મુનિ નંદિષેણે સાચવીને વૃદ્ધ સાધુને પોતાના ખભા પર બેસાડીને ધ્યાનપૂર્વક સંભાળીને પગલાં ભરતાં ઉપાશ્રય તરફ લઈ જવાનું શરૂ કર્યું. વૃદ્ધ સાધુ નંદિષેણની વધુ પરીક્ષા કરવા ઈચ્છતા હતા તેથી તેમણે પોતાનું વજન ધીમે ધીમે વધારવા માંડયું. વજન વધવાને કારણે નંદિષેણ થાકી જવા લાગ્યા અને પડવા જેવા થઈ જતા. તેથી વૃદ્ધ સાધુએ ગુસ્સે થઈને કહ્યું, ''શું થયું છે તને ? જોઈને સંભાળપૂર્વક ચલાતું નથી ? મારું આખું શરીર હલાવી નાંખે છે. માંદા માણસને આવી રીતે લઈ જવાય ?''

સાધુના કડવા અને ગુસ્સાભર્યા શબ્દો સાંભળવા છતાં નંદિષેણ ખૂબ જ સ્વસ્થ રહ્યા અને દરગુજર કરતાં કહ્યું, ''માફ કરો, હવે હું ખૂબ જ ધ્યાનપૂર્વક માવજત કરીશ.''

સાધુની ખોટી ખોટી ટીકાઓ સાંભળવા છતાં સાગર દિલ રાખી ખૂબ જ કાળજીથી નંદિષેણે ચાલવા માંડયું અને સાધુને કેવી રીતે શાતા ઉપજે તે વિચારવા લાગ્યા.

અંતે વૃદ્ધ સાધુને લઈને મુનિ નંદિષેણ ઉપાશ્રયે આવ્યા. આખા રસ્તે વૃદ્ધ સાધુએ જોયું કે ગમે તેટલા અપમાનિત કરવા છતાં નંદિષેણ ખૂબ જ મદદરૂપ અને શાંત રહ્યા. વૃદ્ધ સાધુએ આફરીન થઈ પોતાનું અસલ રૂપ ધારણ કર્યું. મુનિ નંદિષેણને નમી પડતાં દેવે કહ્યું, ''ખરેખર ! તમે સાચા સાધુના ઉદાહરણરૂપ છો. ઈંદ્રએ તમારી જે પ્રશંસા કરી હતી તેને માટે તમે યોગ્ય જ હતા. હું પણ ખૂબ જ પ્રસન્ન છું. તમે જે ઈચ્છા ધરાવશો તે સર્વ તમે પ્રાપ્ત કરી શકશો.''

''અરે દેવ ! આ માનવ અવતાર ઘણો કિંમતી છે. માનવ અસ્તિત્વથી કિંમતી બીજું કાંઈ નથી. મને જે મળ્યું છે તેનાથી સંતોષ છે. મારે કોઈ ન ઈચ્છા નથી.'' દેવ નંદિષેણના પગમાં પડી ગયા અને પોતાના સ્થાને પાછા વળી ગયા.

જેના હૈયે અનુકંપા, કરુણા કે દયા ન હોય તે બીજાની સેવા ન કરી શકે. તપસ્વી વીરપુરુષ એવા મુનિ નંદિષેણનું હૃદય રોગિષ્ટ વૃદ્ધ સાધુને જોઈ અનુકંપાથી તરબતર થઈ ગયું. તેમને સાધુની કઠોરતા અંશમાત્ર ન સ્પર્શી શકી. અરે ! તેમાં પણ દેવત્વનાં દર્શન થયાં !

સુપાત્ર જો સંકટમાં હોય તો શ્રદ્ધાળુ, ધર્માત્માનું પ્રથમ કર્તવ્ય છે કે ઔષધોપચારનો પ્રબંધ કરી તેમની ભક્તિ કરવી. સુપાત્ર પ્રતિ અનુકંપા ફક્ત સંકટ સમયે જ કરાય છે. આમ તો તેઓ સદાને માટે ઉપાસ્ય અને આદરણીય જ હોય છે.

**પાર્શ્વનાથ ભગવાન :** (જૈન કથા સંગ્રહ, પૃ. ૩૨)

આશરે ૩૦૦૦ વર્ષ પહેલાં **ભારત**ના **ગંગા નદી**ના કિનારે આવેલા **વારાણસી**માં (બનારસ) **અશ્વસેન** રાજા રાજ્ય કરતા હતા. રાણી **વામાદેવી** સાથે અશ્વસેન રાજા શાંતિપૂર્વક જીવન જીવતા તથા પ્રજામાં પણ ખૂબ લોકપ્રિય હતા.

ચૈત્ર વદ ચોથ, વિશાખા નક્ષત્રમાં **ભગવાન પાર્શ્વનાથ**નો જીવ વામાદેવીની કુક્ષિમાં આવ્યો. જ્યારે પરમાત્મા પાર્શ્વનાથ માતાના ગર્ભમાં આવ્યા ત્યારે માતાએ ચૌદ મહા સ્વપ્નો જોયાં. માગસર વદ દસમે (લગભગ ડિસેમ્બર મહિનો) અનુરાધા નક્ષત્રમાં વામાદેવીએ રાજકુંવરને જન્મ આપ્યો.

ગર્ભાવસ્થા દરમિયાન એક દિવસ બાજુમાંથી સાપ પસાર થતો જોયો હતો, તે સાપની છાપ વામાદેવીના મન પર બહુ ઘેરી થઈ. આ ઘટના એવો ઉપદેશ આપતી હતી કે, 'હે માતા! તમારું બાળક અસાધારણ થશે.'

જેવો બાળકનો જન્મ થયો તેવા સ્વર્ગલોમાંથી ઈન્દ્ર ધરતી પર આવી તેમનો જન્મ મહોત્સવ મનાવવા દેવગણ સાથે બાળકને **મેરુ પર્વત** પર લઈ ગયાં. ત્યાં જઈ અભિષેક કર્યો. બાળકના શરીર પર નાગનું લાંછન હતું. અને શરીરનો વર્ણ નીલો હતો. વામાદેવીની નજીક (બાજુ)માંથી સર્પ પસાર થયો એ ઘટના પરથી માતાએ બાળકનું નામ **પાર્શ્વકુમાર** પાડયું. સંસ્કૃત અર્થ પ્રમાણે પાર્શ્વ એટલે નજીકનું અથવા પાડોશનું. તેમના શરીરની અવગાહના નવ હાથની હતી. તેમની દેહાકૃતિ મનોહર, સૌમ્ય અને આકર્ષક હતી. નીલોત્પલ કમળની જેમ તેમના શરીરની કાંતિ કાંઈક નીલી છબી સમાન હતી. સ્વર્ગની અપ્સરાઓ પૃથ્વી પર આવી તેમના સૌંદર્યની ખૂબ પ્રશંસા કરતી.

પાર્શ્વ કુમારની પ્રતિભા કંઈક વિલક્ષણ હતી. કોઈપણ વાતને સમજવા માટે તે તેમાં ઊંડા ઉતરતા. તેનું વિશ્લેષણ કરતા અને પોતાની બૌદ્ધિક ચેતના વડે તેનો નિર્ણય કરતા. તે નિર્ભયી અને સાહસિક હતા. અસત્યનો તેઓ ક્યારેય સ્વીકાર કરતા નહીં.

ખૂબ જ સમૃદ્ધિ વચ્ચે ઉછરતા પાર્શ્વકુમાર મોટા થતાં ખૂબ જ આકર્ષક યુવાન બન્યા. તે ખૂબ જ વિવેકી, બહાદુર તથા કુશળ યોદ્ધા હતા. આજુબાજુના રાજાઓ તેનાથી પ્રભાવિત થઈ પોતાની કન્યાને પાર્શ્વકુમાર સાથે પરણાવવા આતુર હતા. પાર્શ્વકુમારના લગ્ન પાડોશના રાજાની રાજકુંવરી **પ્રભાવતી** સાથે ખૂબ જ ધામધૂમથી થયાં. પાર્શ્વકુમાર પોતાનું પરણિત જીવન સુખેથી પસાર કરતા હતા.

તે સમયે વારાણસી તાપસોનું કેન્દ્રધામ હતું. ત્યાં હજારો તાપસો ચિત્ર-વિચિત્ર પ્રકારની સાધનાઓ, આડંબર અને માયાજાળ ફેલાવી બેઠાં હતાં. બાળપણમાં જ માતા-પિતા ગુમાવેલ અનાથ ભિક્ષુક **કમઠ** ત્યાં વારાણસીમાં પંચાગ્નિ હવન કરવા માટે આવ્યો. એ ક્રિયાકાંડી હતો. તેની પાસે કોઈ પ્રકારની મૂડી નહોતી. લોકોની દયા પર જીવતો હતો. તે પોતાની ચારે તરફ અગ્નિ પ્રગટાવી, વચ્ચે બેસી, સૂર્ય સમક્ષ મોઢું રાખી તપશ્ચર્યા (આતાપના) કરી રહ્યો હતો. તેના વિધિ-વિધાનથી લોકો ખૂબ જ પ્રભાવિત થયા અને તેની

ભક્તિ કરવા લાગ્યા.

કમઠને જોવા અને વંદન કરવાં આખું ગામ ઉમટયું. અગ્નિ ધીમો ન પડે તે માટે કમઠ વચ્ચે વચ્ચે મોટાં લાકડાં હોમી રહ્યો હતો. આંખો બંધ કરી તે મંત્રોચ્ચાર કરી રહ્યો હતો. પાર્શ્વકુમાર પણ રાજમાર્ગ પરથી પસાર થયાં. તેમણે લોકોની ભીડ જોઈ. પાસે આવી જોયું કે નગરના લોકો કમઠને ભેટ સાથે અંજલી આપી રહ્યાં હતાં. આ દશ્ય જોઈ કમઠને જોશ ચડયું. લાકડાનો મોટો ટુકડો ઉઠાવી અગ્નિમાં ઝોંક્યો. આ લાકડામાં નાગયુગલ છુપાઈને બેઠું હતું. અગ્નિની જ્વાળા લાગતાં તે તરફડવા લાગ્યું. પાર્શ્વકુમારને ભારે અનુકંપા ઉત્પન્ન થઈ. અબુધ લોકો અજ્ઞાની તાપસની દેહ દમનની ક્રિયાને તપમાં ખતવતા હતા. વાસ્તવમાં 'ઈચ્છા નિરોધ એ જ તપ છે,' એ લોકો ભૂલી ગયા હતા.

કમઠના યજ્ઞ વિશે જ્યારે પાર્શ્વકુમારે જાણ્યું ત્યારે અગ્નિથી થતી હિંસાને લીધે તેઓ તેને તેમ ન કરવા સમજાવવા લાગ્યા પણ કમઠ કોઈ હિસાબે માન્યો નહિ. અતિન્દ્રિય જ્ઞાનથી પાર્શ્વકુમારે યજ્ઞમાં બળતા લાકડામાં રહેલા નાગ યુગલને જોયો. પોતાના સેવકોને તે લાકડું બહાર કાઢી લઈ નાગ યુગલને બચાવવા કહ્યું. સેવકે અડધા બળેલા નાગ યુગલને બહાર કાઢયો. અનુકંપાથી પ્રેરાઈ પાર્શ્વકુમારે અંતિમ શ્વાસ લઈ રહેલા નાગયુગલને નવકાર મંત્ર સંભળાવ્યો. નાગયુગલ ધ્યાનપૂર્વક નવકાર મંત્ર સાંભળી ક્ષણવારમાં મૃત્યુ પામ્યાં. મૃત્યુ બાદ તે નાગે સ્વર્ગમાં રહેતા નાગકુમારોના રાજા **ધરણેન્દ્ર**ના રૂપે ફરી જન્મ લીધો અને નાગણી **પદ્માવતી** દેવી બની.

પોતાના યજ્ઞના અગ્નિથી સાપ મર્યો તેનો પસ્તાવો થવાને બદલે કમઠ ધૂંધવાઈ ઉઠયો. તેને પાર્શ્વકુમાર ઉપર ખૂબ ગુસ્સો આવ્યો. અપમાન અને પરાજયનો બદલો લેવાની ગાંઠ વાળી લીધી. હવે તક શોધ્યા કરતા કમઠે આકરી તપશ્ચર્યા કરી. તે અજ્ઞાન તપ અને દેહદંડની સાધના કરી મરીને વરસાદના દેવ **મેઘમાલી** (અસુર કુમાર) તરીકે જન્મ્યો.

પાર્શ્વકુમારે ત્રીસ વર્ષની ઉંમરે, પોષ વદ અગિયારસના દિવસે ભૌતિક ઐશ્વર્યનો ત્યાગ કરી આત્મિક ઐશ્વર્ય પ્રાપ્ત કરવા ત્રણસો રાજકુમારો સાથે ભગવતી દીક્ષા અંગીકાર કરી. દીક્ષાના દિવસે અઠ્ઠમ તપની તપશ્ચર્યા હતી. બીજા દિવસે વિહાર કરી **કૌસ્તુપ નગર**માં આવ્યાં. ત્યાં **ધન્ય** નામના શ્રેષ્ઠીને ત્યાં ખીરથી પારણું થયું. ત્યારે સુપાત્ર દાનના ફળ સ્વરૂપે ધન્ય શ્રેષ્ઠીને ત્યાં સાડા બાર ક્રોડ સોનામહોરની વર્ષા થઈ.

પાર્શ્વપ્રભુ ગ્રામાનુગ્રામ વિચરતાં જંગલમાં એક પીપડાના વૃક્ષ નીચે ધ્યાનસ્થ અવસ્થામાં ઊભાં રહ્યાં. તેવા સમયે મેઘમાળી દેવે અવધિજ્ઞાનથી જોયું કે, 'આણે પૂર્વે મારા યજ્ઞમાં દખલગીરી કરી અપમાનિત કર્યો હતો. આ મારો પૂર્વ ભવનો વેરી છે. તેણે મને જનસમુહની વચ્ચે અપમાનિત કર્યો હતો. હવે બદલો લેવાનો યોગ્ય સમય છે.' આમ, જૂનું વેર સળવળી ઉઠયું.

ગુસ્સામાં દાંત કચકચાવતો તે ત્યાં આવ્યો અને પોતાની દૈવી શક્તિથી હાથી, સિંહ, ચિત્તો તથા નાગ એમ ચાર પ્રકારે હિંસક પ્રાણીઓ પાર્શ્વકુમારને મારવા માટે મોકલ્યા. પણ પાર્શ્વપ્રભુ ધ્યાનથી વિચલિત ન થયા. તેઓ મુનિને જોઈને શાંત થઈ ગયા.

પોતાની નિષ્ફળતા જોઈ, દેવે ક્રોધમાં આવી આકાશમાં કાળાં વાદળાઓ વિકુર્વ્યાં. થોડી વારમાં ગાજવીજ સાથે મુશળધાર વરસાદ વરસાવ્યો. વરસતો વરસાદ છેક તેમના કંઠ સુધી આવી ગયો. પાર્શ્વનાથ તો

ધ્યાનમાં અડગ હતા.

ત્યાં જ નાગરાજ ધરણેન્દ્રનું આસન ચલાયમાન થયું. અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકી જોયું કે, ‘કમઠે ભગવાનને ઉપસર્ગ આપ્યો છે.’ તરત જ તેમણે કમળનું ફૂલ તેમના પગ નીચે મૂક્યું જેના કારણે પાર્શ્વનાથ પાણીની સપાટી ઉપર આવી ગયા અને મેઘના પ્રલયકાળને રોકવા દેદીપ્યમાન સાત ફણાવાળું મોટું છત્ર ભગવાનની ઉપર રચ્યું.

ધરણેન્દ્રએ મેઘમાલીને ઠપકો આપતાં કહ્યું, ‘‘હે મહાપાપી ! તું ત્રણ ભુવનના નાથને શું કરી રહ્યો છે ? તારા હિત માટે કાષ્ઠમાં રહેલા સર્પને દેખાડવા વડે પંચાગ્નિ તપનું અસારપણું બતાવ્યું, તેમાં તું વેર વાળે છે ?’’ મેઘમાલીને કડક શબ્દોમાં તેના અધમ કાર્યો તથા વરસાદને રોકવા કહ્યું. મેઘમાલીના પાર્શ્વનાથને હેરાન કરવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા. આવા દયાળુ ભગવાન જેવા માણસને પોતે હેરાન કર્યા તેનો તેને ખૂબ જ પસ્તાવો થયો. વાયરમાં પડેલી ગાંઠ વિરુદ્ધ દિશામાં વાયરને ફેરવવાથી નીકળી જાય, તેમ મેઘમાળીની પૂર્વગ્રહની ગાંઠ હકારાત્મક વલણથી છૂટી ગઈ. પોતાની તમામ દૈવી શક્તિ પાછી સંહરી લીધી અને પોતાના દુષ્કૃત્યોની માફી માંગતો તેમના પગમાં પડી ગયો. ભગવાને તેને અભયદાન આપતાં તેના તરફ અમી દૃષ્ટિ કરી.

શારીરિક યાતનાના આ સમગ્ર સમય દરમિયાન પાર્શ્વનાથ ઊંડા કાઉસગ્ગમાં જ હતા. તેથી તેમને મેઘમાલીનો ઉપદ્રવ કે ધરણેંદ્રનું રક્ષણ એ બન્ને પ્રસંગો સમાન હતા. સંપૂર્ણ સમતાનો ગુણ વિકસાવ્યો હોવાથી ધરણેંદ્ર પ્રત્યે ન હતો પક્ષપાત કે, ન હતી મેઘમાલી પ્રત્યે ઘૃણા ! આત્માની ઉત્કૃષ્ટ શુદ્ધતાને વિકસાવતા તેઓ આખરે પોતાના સંસાર ત્યાગના ચોર્યાશીમાં દિવસે કેવળજ્ઞાની એટલે સર્વજ્ઞ બન્યા. આ દિવસ ફાગણ વદ (એપ્રિલ માસ) ચોથ હતી.

તેઓએ ચતુર્વિધ જૈન સંઘની સ્થાપના કરી સાચા ધર્મનો સહુને ઉપદેશ આપ્યો. તેઓ જૈન ધર્મના ત્રેવીસમા તીર્થંકર બન્યા. તેમના ઘણાં અનુયાયીઓ હતા. દસ ગણધર હતા. તેમના માતા-પિતા તથા પત્ની પણ સંસારનો ત્યાગ કરી સાધુ-સાધ્વી થયાં. બિહારમાં આવેલા જૈનોના પવિત્ર એવા **સમેતશિખર**માં ૧૦૦ વર્ષે તેઓ નિર્વાણ પામ્યા.

પરોપકારી અને અનુકંપાના સાગર શ્રી પાર્શ્વપ્રભુએ દગ્ધ નાગ યુગલને સમકિતી બનાવી જિન શાસનના રક્ષક દેવ-દેવી બનાવ્યા.

**પુંડરીક (સર્પ)** : (પ્રબંધ પંચશતી, ક.૪૦૯)

કોઈ એક ગામમાં રહેતાં, ખેતી કરતાં બ્રાહ્મણને ધાન્ય પાકતું નથી ત્યારે ખેતરમાં રાફડામાં રહેલાં કાળા સર્પને જોઈ તેણે વિચાર્યું કે, ‘આ સર્પ ખેતરનો અધિષ્ઠાયક દેવ લાગે છે. તેને ભોગ ધર્યા વિના ધાન્યની ઉત્પત્તિ શી રીતે થાય ?’ તેથી બ્રાહ્મણે દૂધથી ભરેલું શકોરું રાત્રે સાપના રાફડા પાસે મૂક્યું. બીજે દિવસે પ્રભાતે બ્રાહ્મણે તે શરવલામાં એક સોનામહોર જોઈ. હવે પ્રતિદિન બ્રાહ્મણ શરવલામાં દૂધ આપે અને દૈવી સર્પ તે શરવલામાં સોનામહોર મૂકે છે.

એકવાર બ્રાહ્મણ પોતાના પુત્રને દૂધ મૂકવાનું કહી બહારગામ ગયો. પુત્રએ સોનામહોરની લાલચમાં પ્રભાતે રાફડા પાસે જઈ જેવો સર્પ દૂધ પીવા બહાર નીકળ્યો તેવો જ સર્પની પૂંછડી પર લાકડીનો ઘા

કર્યો. સર્પની પૂંછડી છેદાઈ ગઈ. વિફરેલો સર્પ પુત્રને ડસ્યો તેથી તેનું મૃત્યુ થયું. બહારગામથી આવેલ બ્રાહ્મણે પુત્રને મૃત્યુ પામેલો જોઈ રાફડા પાસે જઈ સર્પની સ્તુતિ કરી તેને ખુશ કર્યો. ત્યારે દૈવી સર્પ એક શ્લોક બોલ્યો,

**"चितां पश्यसि पुत्रस्य, पुच्छच्छेदं स्मराम्यहम् ।**
**अवयोस्तु कुतः प्रीतिर्नागन्तव्यं त्वयाद्विजः ।।"**

"તું તારા પુત્રની ચિતાને જુએ છે જ્યારે હું મારી પૂછડીનાં છેદનું સ્મરણ કરું છું. આપણી વિચારધારા નોખી છે તેથી આપણા બન્નેની પ્રીતિ ક્યાંથી થાય ? હે બ્રાહ્મણ ! હવે તારે અહીં ન આવવું." એમ કહી સર્પે બ્રાહ્મણને અભયદાન આપ્યું.

**બક રાક્ષસ** : (પાંડવ ચરિત્ર; શત્રુંજય માહાત્મ્ય)

**એકચક્રા** નગરીમાં પાંડવોએ બ્રાહ્મણનો, વેશ પહેરી પ્રવેશ કર્યો. તેઓ **દેવશર્મા** નામે બ્રાહ્મણને ત્યાં રહ્યાં. એક દિવસ દેવશર્માની પત્ની **સાવિત્રી**ને શોકાતુર જોઈ **કુંતી**એ તેનું કારણ પુછ્યું, 'પૂર્વે એક ચક્રાનગરીમાં આકાશમાંથી પાષાણવૃષ્ટિ વરસી હતી. આ જોઈ રાજા અને પ્રજાજનો ગભરાયાં. ત્યાં એક રાક્ષસ પ્રગટ થયો. તેણે કહ્યું, "પૂર્વે હું આ નગરમાં બ્રાહ્મણ હતો. મને ચોરીનું કલંક આપી મારી નાંખ્યો. હું મૃત્યુ પામી **બક** નામનો રાક્ષસ થયો છું. રાજદંડથી હું કોપાયમાન થયો છું. જો તમારા પ્રાણનું રક્ષણ કરવું હોય તો **ભૈરવ** નામના અરણ્યમાં પ્રતિદિન એક મનુષ્યનું બલિદાન મોકલાવો. જો એ પ્રમાણે નહીં થાય તો મોટી શીલા વડે તમારો વિનાશ થશે."

રાજાએ સંકટનું નિવારણ કરવા પ્રજાજનોને બોલાવી નગરમાં વસતાં મનુષ્યોના નામની ચિઠ્ઠી કળશમાં નંખાવી. 'જે ચિઠ્ઠી નીકળે તે પ્રમાણે બક રાક્ષસને એક મણ ભાત અને એક માણસનું બલિદાન મોકલવામાં આવે' એવો નિર્ણય લેવામાં આવ્યો. રાજા રોજ કળશમાંથી કુંવારી કન્યાના હાથે ચિઠ્ઠી ઉપડાવે છે. જેનું નામ નીકળે તેનું ભક્ષણ થાય છે. આજે મારા નામની ચિઠ્ઠી નીકળી છે તેથી મારા પુત્રનો વારો છે. હું પુત્રના વિયોગથી શોકાતુર છું." આવું બોલી સાવિત્રી ઉદાસ થઈ ગઈ.

દયાળુ કુંતીએ ધીરજ આપતાં કહ્યું, "મારા પાંચે પુત્રો બળવાન છે. તેઓમાંથી એકને હું તારા પુત્રને બદલે મોકલીશ. તે અવશ્ય રાક્ષસનો વધ કરશે અને આખા નગરને દુ:ખમાંથી મુક્ત કરાવશે."

શૂરવીર **ભીમ** આ કાર્ય માટે તૈયાર થયો. દેવશર્માએ તેને ઘણો રોક્યો પરંતુ ખંતીલો ભીમ એકનો બે ન થયો. ત્યારે દેવશર્માએ ક્યું,"પૂર્વે કેવળી ભગવંત આ નગરમાં પધાર્યા હતા ત્યારે તેમણે કહ્યું હતું કે દ્યૂતમાં પરાભવ પામી પાંડવો **હસ્તિનાપુર**થી નીકળી જ્યારે આ નગરમાં આવશે ત્યારે એકચક્રા નગરી ઉપદ્રવ રહિત થશે. રાક્ષસનો વધ પાંડવો દ્વારા થશે પરંતુ માતા ! પાંડવો તો અહીં નથી માટે મારો નાશ નિશ્ચિંત છે."

કુંતી માતાએ ભીમને આશીર્વાદ આપ્યા. એક મણ ભાતનો ઉપહાર લઈ ભીમસેન બક રાક્ષસ પાસે ભૈરવ વનમાં આવ્યો. રાક્ષસને આવતો જોઈ ભીમસેન લાંબો થઈ સૂઈ ગયો. બક રાક્ષસ ત્યાં આવી પહોંચ્યો. વિશાળકાય ભીમસેનને નિશ્ચિંત બની સૂતેલો જોઈ રાક્ષસ એકવાર વિચાર કરતો રહી ગયો. રાક્ષસે ભીમસેનને બચકું ભર્યું પણ ભીમસેનને કાંઈ ન થયું ઉલટાના બક રાક્ષસના દાંત પડી ગયાં. તે નખ વડે ભીમસેનના શરીરને વિદારણ કરવા ગયો ત્યાં તેના નખ ઉખડી ગયાં. તે ભીમના શરીરને જ્યાં ઉપાડવા ગયો, ત્યાં મુખમાંથી રૂધિર વમન થયું. શૂરવીર ભીમે મહાકાય રાક્ષસના માથે ગદાનો જોરદાર પ્રહાર કર્યો. તત્ક્ષણ

બક રાક્ષસ યમ ઘરે પહોંચ્યો. તે સમયે આકાશવાણી થઈ કે 'આ પાંચેય પાંડવ જગતમાં અજેય થશે.' દેવો દ્વારા ભીમ ઉપર પુષ્પવૃષ્ટિ થઈ. એકચક્રા નગરીના લોકો અત્યંત આનંદિત બની નૃત્ય કરવા લાગ્યા.

બક રાક્ષસનો પુત્ર **મહાબળ** પિતાના મૃત્યુ સમયે લંકામાં હતો. તે આવ્યો ત્યારે **દુર્બુદ્ધિ** મંત્રીએ સર્વ વિગત કહી. તે પણ ડઘાઈ ગયો. તે મહાપ્રતાપી પાંડવોને શરણે આવ્યો. તેણે મનુષ્યની હિંસાનો ત્યાગ કર્યો તેથી પાંડવો સહિત એકચક્રા નગરીના લોકોએ તેને અભયદાન આપ્યું.

એકચક્રા નગરીના લોકોને બક રાક્ષસના ઉપદ્રવમાંથી બચાવી ભીમસેને લોકોને ભયમુક્ત કર્યા અને બ્રાહ્મણ પરિવારના મોભીને અભયદાન આપી પરોપકારનું કાર્ય કર્યું.

**બલવીર કુમાર :** (જૈન કથાયેં - ૬૫, પૃ. ૧૧૮)

**વસંતપુર**ના **રાજા વજસેન**ની બે રાણીઓ હતી. **સુગ્રીવા** અને **પ્રિયંવદા**. સુગ્રીવા માનીતી રાણી હતી જ્યારે પ્રિયંવદા અણમાનીતી રાણી હતી. રાજાએ સુગ્રીવાને કોઈ સંતાન ન થવા પર મોટા અરમાનથી પ્રિયંવદા સાથે વિવાહ કર્યા. તેને પણ કોઈ સંતાન ન થયું ત્યારે રાજાને પ્રિયંવદા પ્રત્યે ઘૃણા થઈ ગઈ.

રાણી પ્રિયંવદા ધર્મનિષ્ઠ નારી હતી. તેણે ધર્મનું શરણું સ્વીકાર્યું. વજસેન રાજાએ આશા છોડી દીધી કે તેને ત્યાં પારણું બંધાશે પરંતુ ત્યાં મોટી રાણી સુગ્રીવા ગર્ભવતી બની. તેણે બે જોડિયા પુત્રોને જન્મ આપ્યો. વજસેન રાજાને અનહદ ખુશી થઈ. રાજકુમારોનો ધામધૂમથી જન્મોત્સવ મનાવ્યો. એકનું નામ **ધનવીર** અને બીજાનું નામ **જયવીર** રાખ્યું. ધનવીર જ્યેષ્ઠ હતો તેથી પરંપરાગત નિયમ અનુસાર રાજગાદીનો તે અધિકારી બન્યો.

ધનવીર અને જયવીરના જન્મ પછી બે વર્ષે અણમાનીતી રાણીએ પણ એક પુત્રને જન્મ આપ્યો. રાજાએ આ રાજકુમારનો જન્મોત્સવ મનાવ્યો પરંતુ તેમાં ધામધૂમ ન હતી. પ્રિયંવદા પુત્ર જન્મથી ખૂબ ખુશ થઈ. તેણે પોતાના ધનમાંથી દાસીઓને સોનાના કડા આપ્યા. પ્રિયંવદાના અંગજાતનું નામ **બલવીર** રાખવામાં આવ્યું.

રાણી પ્રિયંવદાએ બાળપણથી જ બલવીરમાં ધર્મના સંસ્કારોનું બીજારોપણ કર્યું હતું. બલવીર માતાની હિતશિક્ષાઓને ધારણ કરી સુપથ તરફ આગળ વધતો હતો.

ધનવીર, જયવીર અને બલવીર ત્રણે વિદ્યા અધ્યયન માટે **દેવસેન** નામના વિદ્વાન કલાચાર્ય પાસે પહોંચ્યા. આ જ કલાચાર્ય પાસે નગરના બાળકો પણ અભ્યાસ કરતા હતા. ધનવીર અને જયવીરને સદા અભિમાન રહેતું કે તેઓ રાજકુમાર છે તેથી ગુરુ પ્રત્યે તેમનું વલણ ઉદ્દંડ રહેતું, જ્યારે બલવીર ગુરુ પ્રત્યે અત્યંત વિનમ્ર, શ્રદ્ધાવંત અને સહપાઠીયો પ્રત્યે મિત્રભાવ રાખવાવાળો પ્રતિભાસંપન્ન હતો. ત્રણે રાજકુમારો કલાનિષ્ણાંત બની ઘરે આવ્યાં. બલવીર વિદ્યા ભણ્યો સાથે તેણે જીવનમાં ઉતારી હતી. ધનવીર - જયવીર બન્ને અણમાનતી રાણીનો પુત્ર હોવાથી બલવીર પર દ્વેષ રાખતા હતા પરંતુ બલવીર તેમને સગા ભાઈ માનતો, તેમનું સમ્માન કરતો હતો. અશ્વારોહણ, શરસંધાન, અસિચાલન આદિ પ્રતિયોગિતાઓમાં સમજુ બલવીર જાણી જોઈને મોટા ભાઈઓનું સમ્માન ઓછું ન થાય તેની કાળજી રાખતો. ધનવીર બલવીરને ઈર્ષાથી કહેતો કે, "તું અમારી સાથે ન રહેજે. હું વસંતપુરનો યુવરાજ છું. હું અહીંનો રાજા છું. તારી અને મારી કેવી બરોબરી ?" બલવીર ઉદાસ બની જતો ત્યારે ગુરુએ સમજાવતાં કહ્યું, "વત્સ ! પરંપરાથી જ્યેષ્ઠ પુત્ર રાજા બને પરંતુ

અયોગ્યતા પરંપરાને તોડી નાંખે છે. ધનવીર-જયવીર બન્ને રાજવી પદ માટે અયોગ્ય છે. મારા આશીર્વાદ છે કે તું ભવિષ્યમાં રાજા થશે.''

સમય નદીના પ્રવાહની જેમ વહેતો હતો. એક રાત્રિએ રાજા વજસેને વિચિત્ર સ્વપ્ન જોયું. 'તામ્ર ધાતુનું એક વૃક્ષ હતું. તેની ડાળીઓ ચાંદીની હતી. નીલમ રત્નનાં પાન હતાં અને મોતીના ફૂલ હતાં. તેના ઉપર એક હંસ બેઠો હતો, જે મોતી ચણી રહ્યો હતો. આવું વિચિત્ર વૃક્ષ મનોહર ઉદ્યાનમાં હતું અને ઉદ્યાન પાતાળ લોકમાં હતું.' રાજા આ વૃક્ષને નીરખી રહ્યો હતો ત્યાં અવાજ આવ્યો કે પરાક્રમી પુરુષ આ વૃક્ષને જ્યારે ઈચ્છે ત્યારે પુનઃ જોઈ શકે છે.'

રાજાએ આંખ ખોલી તો ત્યાં કાંઈ ન હતું પરંતુ સ્વપ્નની અંતિમ વાત યાદ રહી ગઈ કે, 'સાહસિક પુરુષ ગમે ત્યારે વૃક્ષને જોઈ શકે છે.' સ્નાનાદિથી નિવૃત્ત થઈ રાજા રાજસભામાં આવ્યા. સોનાની થાળીમાં પાનનું બીડું રાખ્યું. રાજાએ ઘોષણા કરી કે, ''હું રાત્રે સ્વપ્નમાં પાતાળ લોકમાં ગયો હતો ત્યાં મેં વિચિત્ર વૃક્ષ જોયું. આ વૃક્ષ ઉપર હંસ મોતીનો ચારો ચરતો હતો. અતઃ જે ધીર, વીર, પરાક્રમી મને આ વૃક્ષ પુનઃ દેખાડે તે આ બીડું ઉપાડે.'' સર્વત્ર સન્નાટો છવાઈ ગયો. રાજાએ વારંવાર ઘોષણા કરી. મંત્રીએ કહ્યું, ''રાજન્! સ્વપ્ન કદી સાકાર ન થાય.'' રાજાએ કહ્યું, ''પરંતુ આ સ્વપ્ન તો સાચું છે. ભલે, સ્વપ્નનું કોઈ અસ્તિત્વ ન હોય પરંતુ સ્વપ્ન સાચાં પણ હોય છે. મેં સ્વપ્નદષ્ટાને પૂછયું છે તેઓ પણ કહે છે કે, સ્વપ્ન સાચું હોય છે. મને એ પરાક્રમીની તલાશ છે, જે પાતાળ લોકમાં જઈ વૃક્ષ જોઈ આવે અને મને પણ દેખાડે.'' અંતે યુવરાજ ધનવીરે બીડું ઉઠાવ્યું. જયવીરે કહ્યું, ''પિતાજી! અમે બન્ને ભાઈઓ વિચિત્ર વૃક્ષની શોધમાં પાતાળ લોકમાં જઈશું. એક વર્ષની અવધિમાં મનોરથ સફળ કરી પાછા આવશું.'' પિતાના ચરણ સ્પર્શ કરી, માતા સુગ્રીવાના આશીર્વાદ લઈ બન્ને વિદાય થયા. તેઓ દ્વેષવશ માતા પ્રિયંવદા પાસે ન ગયા. પાંચ અશ્વારોહી સૈનિક અને પર્યાપ્ત ધન લઈ નીકળ્યા. બાર કોસ દૂર જઈ જયવીરે સૈનિકોને પાછાં મોકલી દીધાં.

પાંચ દિવસ પછી વનમાં એક વૃદ્ધા મળી. તેણે ગમેલામાં છાણ ભેગું કર્યું હતું. કોઈ યાત્રીની પ્રતીક્ષા કરી રહી હતી કે, 'કોઈ યાત્રી આવે તો મારો ગમેલો મારા માથે ચડાવે.' બન્નેને યુવાનોને જોઈ વૃદ્ધાએ મદદ માટે બૂમ મારી. ''ઘોડેસવારો! મારો બોજો ઉપાડી માથે મૂકી દો. તમારું કલ્યાણ થશે.'' જયવીરે ઉદ્ધતાઈથી કહ્યું, ''વસંતપુરના યુવરાજ ધનવીર શું તારું છાણ ઉપાડશે? જા, તારું કામ કર.'' ધનવીરે પણ એવો જ જવાબ આપ્યો. વૃદ્ધા અવિનયી ઘોડેસવારોને જોતી રહી. બન્ને કુમારો આગળ નીકળી ગયાં. વૃદ્ધાએ વિચાર કર્યો કે, 'કેટલા અહંકારી છે આ યુવાનો! શું રાજકુમાર બને એટલે માનવતા ન રહે? પરોપકાર કરવો એ જ ખરી માનવતા છે. આ બંને મનુષ્ય હોવા છતાં તેમનામાં માનવતા છેટી છે.'

ધનવીર - જયવીર એક ગામમાં પહોંચ્યા. ત્યાં નવ હાથ લાંબી કાકડી જોઈ. તેના બીજ તેર હાથ લાંબા હતા. જાદુઈ વાર્તાઓમાં સાંભળેલી વસ્તુને જોઈ બન્ને આશ્ચર્યચકિત થયાં. તેનું રહસ્ય જાણવા બન્ને ગામમાં પહોંચ્યા. ગામના પાદરે ચબૂતરા પર ગામના મુખી બેઠાં હતાં. તેમની આસપાસ બીજા લોકો બેઠાં હતાં. અતિથિને જોઈ લોકોએ સત્કાર કર્યો. મુખીએ ઘરે લઈ જઈ શિરામણ કરાવ્યું. ત્યાર પછી ધનવીરે મુખીને કાકડીની વાત કરી. ''નવ હાથ લાંબી અને તેર હાથના બીજવાળી આ કાકડીનું શું રહસ્ય છે?'' મુખીએ કહ્યું, ''આ અસંભવ છે. તમે કોઈ સ્વપ્ન જોયું હશે.'' જયવીરે કહ્યું, ''અમે પ્રત્યક્ષ જોયું છે. ચાલો, તમને પણ બતાવીએ.'' મુખીએ કહ્યું, ''આવી કાલ્પનીક વાતો કરવી મૂર્ખતા છે, છતાં તમારો આટલો આગ્રહ છે તો મારી

એક શરત છે - જો તમે આવી કાકડી બતાવશો તો મારી સઘળી સંપત્તિ તમને આપી દઈશ અને જો નહીં બતાવો તો તમારા અશ્વ અને તમારી સંપત્તિ હું લઈ લઈશ.'' ધનવીર - જયવીરે શરત મંજૂર કરી. મુખીની સાથે તેઓ વનમાં આવ્યા પરંતુ કાકડી ક્યાંય ન મળી. બન્ને જૂઠ્ઠા પડયા. શરત અનુસાર મુખીને ઘોડા તેમ જ શરીરના આભૂષણો અને સુવર્ણમુદ્રાઓ આપવી પડી. તેઓ આગળ ચાલ્યા ગયા. મુખીએ મૂછો પર હાથ ફેરવી ગામવાળાને કહ્યું, ''ઘણાં દિવસો પછી ઠગાઈમાં આજે સારી મિલકત મળી છે. આવા યાત્રિકો રોજ-રોજ આવે તો કેવું સારું?'' આ ઠગોનું ગામ હતું. તેઓ જુદા જુદા સ્થાને જાદુઈ કાકડી બનાવી મૂકી દેતા હતા. એક છોકરો છુપાઈને બેસતો. જેવા કોઈ યાત્રિકોને જોતો એટલે ચુપચાપ ગામમાં જઈ ખબર આપતો અને કાકડી છુપાવી દેતો. ત્યાર પછી મુખી શરત લગાવી યાત્રિકોને લૂંટી લેતો.

પાદવિહાર કરી ધનવીર-જયવીર બીજા ગામમાં પહોંચ્યા. ત્યાં સુંદર કન્યા ચરખો કાંતતી હતી. તેણે ઘરના દરવાજાની ઉપર લાકડીનો બનેલો મોર મૂક્યો હતો. આ મોર આબેહૂબ સાચા મોર જેવો દેખાતો હતો. બન્ને ભાઈઓ એકીટશે મોરને જોઈ પેલી કન્યા પાસે બેઠા. જયવીરે પૂછયું, ''આ મોર સજીવ જેવો લાગે છે. તે હમણાં બોલશે.'' ધનવીરે કહ્યું, ''ભાઈ! લાકડીનો મોર કદી બોલે ખરો ? અસંભવ.'' કન્યાએ કહ્યું, ''તો શરત લગાવો. જો મોર બોલે તો તમે બન્ને અમારા દાસ બની રહેજો અને મોર ન બોલે તો હું તમારી દાસી બનીશ.'' બન્ને ભાઈઓએ વિચાર્યું, 'સુંદરીના દાસ બનવામાં પણ લાભ જ છે.' શરત મંજૂર કરી. કન્યા છત પર ગઈ. મોરની એક કલ ફેરવી અને મોર બોલવા લાગ્યો. ધનવીર - જયવીર કન્યાને ત્યાં દાસ બની રહ્યા. તેમને નોકરનાં કપડાં પહેરવાં પડયાં. તેઓ ગાયો ચરાવવા સીમમાં જતાં, લાકડા કાપતાં, ઘાસચારો લેવા જતાં, છાણ-વાસીદું કરતાં, ગાયોને પાણી પીવડાવતાં. આ સર્વ કામ દિવસભર કરતાં ત્યારે માંડ લૂખોસૂકો રોટલો ખાવા મળતો. **હંસાવલી** નામની આ કન્યાની સેવા કરતાં અઢી વર્ષ પસાર થઈ ગયાં.

રાણી સુગ્રીવા પુત્રોની યાદમાં આંસુ સારતી રહી. રાજાએ ધનવીર - જયવીરની શોધમાં ચારે દિશામાં સેવકો મોકલ્યાં પરંતુ કોઈ સમાચાર ન મળ્યા. ત્યારે બલવીર પિતાની અનુમતિ મેળવી ભાઈઓની શોધમાં નીકળ્યો. બલવીરે બંને માતાઓના ચરણ સ્પર્શ કર્યા. પિતાના આશીર્વાદ મેળવી એક અશ્વ, તલવાર અને ધનુષ્ય-બાણ લઈ નીકળ્યો. નવકાર મંત્રનું સ્મરણ કરી તેણે પ્રસ્થાન કર્યું.

બલવીરને પણ જંગલમાં વૃદ્ધા મળી. બલવીરે વિનમ્ર ભાવે કહ્યું, ''માતા! લાવો, તમારો બોજો હું ઉપાડી લઉં. તમે પણ ઘોડા પર બેસી જાવ.'' વૃદ્ધાએ કહ્યું, ''બેટા! સુંદર ઘોડો શું છાણ ઉપાડવા માટે છે? બેટા! તું ફક્ત છાણોનો ગમેલો મારા માથા પર મૂકી દે.'' બલવીર ઘોડા પરથી નીચે ઉતર્યો. છાણના ગમેલાને હાથ લગાડી ઉંચકવા ગયો ત્યાં તો વૃદ્ધા અને છાણ બન્ને અદશ્ય થઈ ગયાં. તેની જગ્યાએ એક દિવ્ય સ્વરૂપવાન દેવી પ્રગટ થઈ. દેવીએ કહ્યું, ''વત્સ! હું આ વનની અધિષ્ઠાત્રી દેવી છું. હું તારી પરોપકારની ભાવનાથી પ્રસન્ન થઈ છું. હું તને કાંકરીઓ આપું છું. આગળ તારે ઠગો સાથે ઝઝૂમવું પડશે. આ કાંકરીઓથી ઠગોનો જાદુ નિષ્ફળ જશે.'' વનદેવીએ બલવીરને બધું જ સમજાવી દીધું.

આગળ જતાં બલવીર ઠાગોના ગામમાં પ્રવેશ્યો. તે પૂર્વે વનમાં તેને નવ હાથ લાંબી અને તેર હાથના બીજવાળી કાકડી જોવા મળી. તેણે કાકડીમાં કાંકરી મારી અને વૃક્ષની ઓથમાં છુપાઈ ગયો. ઠગોનો છોકરો ગામમાં જઈ મુખીને કહી આવ્યો કે, ''તમે પાદરે જઈ ઠાઠ જમાવો, મુસાફર આવે છે.'' આમ કહી ઠગોનો છોકરો વનમાં આવી કાકડી હટાવવા લાગ્યો ત્યારે બલવીરે તે છોકરાને પકડી એક વૃક્ષ સાથે બાંધી

દીધો. પછી બલવીર ગામમાં ગયો. પૂર્વની જેમ જ ગામના પાદરે મુખી અને કેટલાક ગામના લોકો બેઠાં હતાં. પૂર્વવત્ બલવીરનું સ્વાગત કરી મુખીએ ઘરે લઈ જઈ ભોજન કરાવ્યું. બલવીર દ્વારા કાકડીની વાત થઈ. મુખીએ પૂર્વવત્ શરત લગાવી. બલવીરે કહ્યું, ''જો નવ હાથ લાંબી કાકડી હું તમને દેખાડું તો સમસ્ત ગામનો સ્વામી બનીશ. તમારા સહિત ગામના લોકો મારા દાસ બનશે અને ત્રીસ ઘરોની સર્વ સંપત્તિનો હું માલિક બનીશ.'' મુખીએ શરત મંજૂર કરી. અંતે બલવીર જીતી ગયો. ગામના મુખીનું પદ લઈ તે આગળ ચાલ્યો.

હંસાવલી અને મોરની વાત પણ વનદેવીએ પહેલાં જ બતાવી દીધી હતી. બલવીરને ચરખો ચલાવતી હંસાવલી મળી. તેણે હંસાવલીને ખબર ન પડે તેમ એક કાંકરી લાકડીના મોરમાં મારી. પછી હંસાવલી પાસે બેસી જઈ કહ્યું, ''જો આ મોર બોલી શકતો હોત તો કેટલું સારું થાત.'' વાત આગળ વધી. શરત લાગી કે, ''જો મોર બોલે તો બલવીર હંસાવલીનો દાસ બને અને ન બોલે તો હંસાવલી બલવીરની દાસી બને.'' હંસાવલી છત પર ગઈ. મોરની કલ ફરાવવા લાગી પરંતુ કાંકરી ઠસાઈ જતાં કલ ફરી નહીં. શરત અનુસાર હંસાવલીએ બલવીર સાથે વિવાહ કર્યા. બલવીર થોડા દિવસ સાથે રહ્યો. બલવીરે આગળ જવા વિદાય માંગી ત્યારે હંસાવલીએ તેને જલકાંતમણિ આપ્યું. કેટલાક દિવસો પછી બલવીર અત્યંત મનોહર બાગમાં પહોંચ્યો. ત્યાં એક વાવડીની બાજુમાં સૂઈ ગયો. ઠંડો પવન હતો, થાક લાગ્યો હતો એટલે થોડી વારમાં બલવીર ઘસઘસાટ ઊંઘી ગયો.

**રાજા વાસુકિ**ની ચાર કન્યાઓ **તામ્રવંતી, રૂપાવંતી, નીલવંતી** અને **મુક્તાવંતી** જેઓ વાવડીના રસ્તે પાતાળ લોકમાંથી ઉદ્યાનમાં આવી. તેમણે બલવીરને જોયો. તેના રૂપ પર મોહિત થઈ વિદ્યાના બળે સૂતેલા બલવીરને પાતાળમાં લઈ ગઈ. બલવીર જાગ્યો ત્યારે તેણે પોતાને એક દિવ્ય ભવનમાં જોયો. રાજા વાસુકિએ તેનું સ્વાગત કર્યું. ત્યારપછી ચારે પુત્રીઓના વિવાહનો પ્રસ્તાવ મૂક્યો. બલવીરે તેનો અસ્વીકાર કર્યો. વાસુકિ રાજાની ચારે કન્યાઓ બલવીરને રીઝવવા પ્રયત્ન કરવા લાગી. બલવીરની ઉદાસી પ્રતિદિન વધવા લાગી. એક દિવસ ચારે કન્યાઓએ બલવીરને ઘેરી લઈ કહ્યું કે, ''તમારી ઉદાસીનું કારણ શું છે ?'' બલવીરે પિતાજીના સ્વપ્નની હકીકત કહી. પછી કહ્યું કે, ''વસંતપુરથી અહીં આવતાં મને ત્રણ મહિના થઈ ગયાં છે. એક મહિનો હંસાવલીને ત્યાં અને સાત મહિના અહીં પસાર થયાં છે. એક વર્ષમાં હવે ફક્ત એક જ મહિનો બાકી છે. મારે એક વર્ષના અંતિમ દિવસ સુધીમાં મારા પિતાજી પાસે પહોંચી જવું છે. મેં તેમને વચન આપ્યું છે. આ મારી ઉદાસીનતાનું મુખ્ય કારણ છે.''

આ વાત સાંભળી ચારે કન્યાઓ તાળી પાડી હસવા લાગી. તમારા પિતાજીના સ્વપ્નનું વૃક્ષ અમે બનાવી શકીએ છીએ પરંતુ તે માટે તમારે પ્રથમ અમારી સાથે વિવાહ કરવાનું વચન આપવું પડશે.'' બલવીરે કહ્યું, ''હું તૈયાર છું પરંતુ પ્રથમ મને વિચિત્ર વૃક્ષ બતાવો.'' ચોથી કન્યાએ બલવીરને અમૃતકુંભ આપ્યું અને કહ્યું, ''તમે એક એક કરીને અમારા ચારેનું માથું કાપી લો. તમારું ઈચ્છિત વૃક્ષ બની જશે. વૃક્ષ જોઈ લીધા પછી તમે અમારા શરીર પર અમૃત છાંટી દેજો, અમે પહેલાં જેવી જ થઈ જઈશું.''

બલવીરે પ્રથમ તામ્રવંતીનું માથું કાપ્યું એટલે તાંબાનું વૃક્ષ બની ગયું. રૂપાવંતીનું માથું કાપ્યું તો વૃક્ષની ડાળ ચાંદીની થઈ ગઈ. નીલવંતીનું માથું ધડથી અલગ કરતાં વૃક્ષના પાન નીલમના થઈ ગયા. અંતે મુક્તાવતીનું માથું કાપ્યું ત્યારે વૃક્ષના ફૂલો મોતીનાં થઈ ગયાં. બધું જ થઈ ગયું પરંતુ મોતી ચરવાવાળો હંસ ન આવ્યો. બલવીરે કિંચિત્ નિરાશ થઈ ચારે ઉપર અમૃત છાંટયું ત્યાં તો વૃક્ષ અદશ્ય થઈ ગયું અને ચારે

કન્યાઓ સજીવન થઈ ગઈ. બલવીરે હંસના વિષયમાં પૂછયું તો મુક્તાવતીએ વિસ્ફોટ કરતાં કહ્યું કે, ''હંસાવલીનું માથું કાપવાથી હંસ બનશે.'' હવે ચારે કન્યાઓના વિવાહ બલવીર સાથે થઈ ગયા. રાજા વસુકિએ દહેજમાં અનેક રત્નો, સેના આદિની સાથે ચાર વિશેષ વસ્તુઓ આપી. (૧) ઉડતો ખાટલો (૨) અમૃતકુંભ (૩) ખડ્ગ (૪) ખડાઉં (પાવડી, ચાખડી).

બલવીર ક્રમથી ચારે સ્ત્રીઓના મહેલમાં રાતવાસો કરતો. તેમના મહેલની વિશેષતા એ હતી કે તામ્રવંતીનો મહેલ તાંબાનો હતો. એવી જ રીતે અન્ય ત્રણના ક્રમશઃ તેમની પત્નીઓના ભવન ચાંદી, નીલમ અને મોતીનાં હતાં. એક વર્ષની અવધિમાં હવે માત્ર પંદર દિવસ બાકી રહ્યાં ત્યારે બલવીરે રાજા વાસુકિ પાસેથી વસંતપુર જવાની અનુમતિ માંગી.

રસ્તામાં પડાવ નાંખતો બલવીર હંસાવલીના ગામમાં આવ્યો. તેને પણ સાથે લીધી. હંસાવલીએ પોતાના બે વફાદાર સેવકોને સાથે લેવાની વિનંતી કરી. બલવીરે નોકરોને જોયા. આ તો તેના જ ભાઈઓ ધનવીર અને જયવીર હતા. બલવીરે તેમના વધેલા વાળ કપાવી, રાજસી વસ્ત્રો પહેરવા આપ્યાં. હંસાવલીએ જૂના કપડાં અને કાપેલા વાળ સંભાળીને મૂકી દીધાં. હંસાવલી સહિત પાંચે પત્નીઓને ખબર પડી કે આ પતિના ભાઈ (જેઠ) છે; જે ત્રણ વર્ષ પહેલાં સ્વપ્ન વૃક્ષ શોધવા નીકળ્યા હતા.

દુષ્ટ જયવીર અને ધનવીરે વિચાર કર્યો કે, 'જો બલવીરને મારી નાંખીએ તો આ રાજસી ઠાઠ-માઠ, ધન સંપત્તિ, પાંચે પત્નીઓ આપણી થઈ જશે. અન્યથા પિતા અને નગરજનો બલવીરને જ સન્માન આપશે.' બન્ને ભાઈઓ બલવીરને મારવા માટે પ્રપંચ કરવા લાગ્યા.

એકવાર ધનવીર - જયવીર જંગલનાં એકાંતમાં બલવીરને બાણ મારી મૃત પ્રાયઃ બનાવી પોતાના પડાવ પર આવી ગયા. બલવીરની પાંચે પત્નીઓ સદા સજાગ-સાવધાન રહેતી હતી. તામ્રવંતી ઉડતા ખાટલા પર બેસી બલવીરને લઈ આવી, અમૃત છાંટી સજીવન કર્યો. સવારે ધનવીર - જયવીરે બલવીરને જીવતો જોયો ત્યારે ભારે આશ્ચર્ય થયું. બલવીરે ખબર હોવા છતાં કોઈને કાંઈ ન કહ્યું; ન ભાઈઓને અપમાનિત કર્યા.

કૃતઘ્ન ધનવીર અને જયવીર ઈર્ષાથી સુધર્યા નહીં. બીજા પડાવ પર બલવીરની સાથે ફરવા લાગ્યા. બલવીરની સ્ત્રીઓએ રોક્યા છતાં તે ન રોકાયા. બન્ને ભાઈઓએ તલવારથી બલવીરના બે ટુકડા કરી નાંખ્યાં. તેની લાશ જંગલમાં ફેંકી દીધી. આ વખતે રૂપાવંતીએ પતિની લાશને શોધી, દેહના બે ટુકડા ભેગા કરી તેના પર અમૃત છાંટી બલવીરને સજીવન કર્યો. ત્રીજીવાર બન્ને ભાઈઓએ બલવીરને કૂવામાં નાંખ્યો. ત્યારે નીલવંતીએ ખડાઉ પહેરી, કૂવામાં જઈ અમૃત છાંટી જીવિત કર્યો. ચોથીવાર બલવીરને મારી ઘાસના ભારામાં રાખી આગ લગાડી દીધી. આ વખતે મુક્તાવંતી અને હંસાવલીએ ચીલ બનીને આકાશમાં ઉડી તેમજ ઝાપટ મારીને આગ બુઝાવી નાંખી. આ વખતે તેમણે બલવીરની લાશને પેટીમાં બંધ કરી મૂકી દીધી.

અવધિના એક દિવસ પહેલાં ધનવીર - જયવીર વસંતપુરના નજીકના ઉદ્યાનમાં પહોંચ્યા. તેમણે રાજા વજસેનને સંદેશો મોકલાવ્યો કે, 'આપના મોટા બે પુત્રો પાંચ પત્નીઓ સાથે નગર પ્રવેશ કરશે.' આ સાંભળી સુગ્રીવા રાણી હર્ષથી ઉન્મત્ત બની જ્યારે પુત્ર વિરહથી પ્રિયંવદા રાણીની આંખોમાંથી આશ્રુ સરી પડયાં.

અહીં હંસાવલીએ બલવીરને જીવતો કર્યો. બલવીર વેશ પરિવર્તન કરી પોતાના ગુરુ દેવસેન પાસે આવ્યો. પોતાની આપવીતી કહી. ગુરુએ આશ્વાસન આપ્યું કે, ''તું ફીકર ન કર. આગળની વાત હું સંભાળી

લઈશ.''

ગુરુ દેવસેન રાજા વજસેનને મળ્યા અને નગરપ્રવેશ એક દિવસ માટે સ્થગિત કરવામાં આવ્યો. નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે, ''ઉદ્યાનમાં એક પરદેશી સર્વની સામે આપણા રાજાનું સ્વપ્ન સાકાર કરશે.'' જનસમુહ ઉદ્યાનમાં એકત્રિત થયો. બલવીરે પડદાની પાછળ રહી કહ્યું, ''રાજા સાહેબ ! તમે સ્વપ્નમાં જે જોયું હતું તે કહો.'' રાજાએ સ્વપ્ન વૃક્ષનું વર્ણન કર્યું. થડ તાંબાનું હતું આટલું સાંભળતાં બલવીરે તામ્રવંતીનું માથું વાઢયું. તરત તાંબાનું વૃક્ષ થઈ ગયું. ત્યારપછી રાજાએ ચાંદી, નીલમ, મોતીઓ અને હંસ મોતી ચરતા હતા ઈત્યાદિનું ક્રમશઃ વર્ણન કર્યું ત્યારે બલવીરે અનુક્રમે રૂપાવંતી, નીલમવંતી, મુક્તાવંતી અને હંસાવતીનું માથું કાપ્યું. સ્વપ્નમાં જોયેલું વૃક્ષ આબેહૂબ થઈ ગયું. રાજા અને પ્રજા આ અદ્‌ભુત વૃક્ષને નિરખી રહ્યાં. બલવીરે થોડી વાર પછી પાંચે પત્નીઓ પર અમૃત છાંટયું. તે સજીવન બની. વૃક્ષ અદશ્ય થઈ ગયું. રાજા વજસેને અતિ પ્રસન્ન થઈ બલવીરને વચન આપ્યું કે, ''જે માંગશે, તે આપશે.''

હવે ધનવીર - જયવીર તેમની તથાકથિત પાંચ પત્નીઓ સાથે નગરપ્રવેશ કરવાના હતા. સ્વાગતની તૈયારી થઈ ગઈ. મુક્તાવંતી આદિ પાંચે સ્ત્રીઓએ પાલખીમાં બેસવાની ના પાડી. તેમણે શોકસૂચક કાળાં વસ્ત્રો પહેર્યાં. રાજા વજસેને તેનું કારણ પૂછયું ત્યારે હંસાવલીએ કહ્યું, ''અન્યાયી અને હત્યારા રાજકુમારોની સાથે અમે નગરપ્રવેશ નહીં કરીએ.'' રાજાએ પૂછયું, ''મારા પુત્રોએ કોની હત્યા કરી છે ?'' તામ્રવંતીએ કહ્યું, ''આપના બન્ને પુત્રોએ અમારા પતિની હત્યા કરી છે. અમને પોતાની પત્ની બનાવવાનો પ્રપંચ રચ્યો છે.'' ધનવીર અને જયવીરે પોતાનો બચાવ કરતાં કહ્યું કે, ''પિતાજી ! આ સ્ત્રી જૂઠ્ઠું બોલી રહી છે. જો અમારી પત્નીઓ ન હોત તો તેઓ અહીં સુધી અમારી સાથે શા માટે આવી ? એમના પિતા વાસુકિને હરાવી અમે ચારે કન્યાઓ સાથે વિવાહ કર્યા છે.'' નીલવંતીએ કહ્યું, ''જો એમની વાત સત્ય હોય તો તેઓ આપના સ્વપ્નનું વૃક્ષ પુનઃ દેખાડે. જે સ્વપ્ન વૃક્ષ પુનઃ દેખાડી શકશે એ જ અમારા પતિ છે.''

બલવીરે પુનઃ સ્વપ્ન વૃક્ષની સૃષ્ટિ સર્જી. રાજા અને પ્રજા સર્વ ચકિત થઈ ગયાં. બલવીરે વેશ પરિવર્તન કર્યો. સમસ્ત પ્રજાજનો સમક્ષ ધનવીર - જયવીરની પાપ કથા કહી સંભળાવી. હંસાવલીએ બન્ને રાજકુમારોના જૂનાં વસ્ત્રો અને જટાઓ લોકોને બતાવતાં કહ્યું કે, ''આ બન્ને ભાઈઓ મારા નોકરો હતાં.''

રાજાને ધનવીર - જયવીર ઉપર ગુસ્સો આવ્યો. તેમને બંદી બનાવ્યાં. રાજા વજસેને બલવીરને તિલક લગાવી ઉદ્‌ઘોષણા કરી કે, ''હવેથી વસંતપુરનો યુવરાજ બલવીર છે. આ બન્ને પાપીઓને દેહાંત દંડ આપવામાં આવશે.'' દયાળુ બલવીરે રાજાના ચરણ પકડતાં કહ્યું, ''પિતાજી ! આપે આપેલા વચન અનુસાર આ બન્ને ભાઈઓને અભયદાન આપો.''

ધનવીર - જયવીરને દેશનિકાલ કરવામાં આવ્યો. એકવાર વસંતપુરમાં **રત્નેન્દ્રસૂરીશ્વર** પધાર્યા. એમની દેશના સાંભળી રાજા વજસેન સહિત રાણી સુગ્રીવા અને પ્રિયંવદા રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. ત્રણેએ દીક્ષા લીધી. હવે બલવીર વસંતપુરના રાજા થયા. તેમણે જનહિત માટે પૌષધશાળા અને દાનશાળાઓ બંધાવી.

એકવાર બલવીર રાજા વેશપરિવર્તન કરી નગરચર્યા કરવા નીકળ્યા ત્યાં બાર યોજન દૂર બે ભિખારી એક વૃક્ષની નીચે બેઠાં હતાં. તેઓ ચાલી શકતાં ન હતાં. બલવીરે તેમને ઓળખ્યા. પોતાના કૃતઘ્ન ભાઈઓ ધનવીર - જયવીર હતાં. વર્ષો સુધી અપાર કષ્ટ ભોગવી, પાપોનું પ્રાયશ્ચિત કરી હવે ચિત્ત શુદ્ધ થયું

હતું. ઉદારદિલ બલવીર રાજા તેમને સમ્માનપૂર્વક વસંતપુરમાં લાવ્યા. બન્ને ભાઈઓએ પોતાના ગુનાઓની માફી માંગી.

આ દિવસોમાં **વજસેનસૂરિ** નગરમાં આવ્યા. બન્ને ભાઈઓએ દીક્ષા લીધી. ધનવીર મુનિ અને જયવીર મુનિની સાથે કલાચાર્ય પણ મુનિ બન્યા. રાજા બલવીર તથા મુક્તાવલી આદિ રાણીઓએ શ્રાવકના બાર વ્રત ગ્રહણ કર્યા.

ચાર જ્ઞાનના ધારક **દેવેન્દ્રસૂરિ** નગરમાં પધાર્યા. દેશના સાંભળી રાજા બલવીરે પૂછ્યું, ''ભગવન્! પૂર્વ ભવમાં મેં એવું શું પાપ કર્યું હતું કે મારા ભાઈઓ દ્વારા મને ચાર વાર સંકટ આવ્યું ? અને એવું શું પુણ્ય કર્યું હતું કે, ચાર વાર મૃત્યુના મુખમાંથી બચી ગયો ? તેમજ અપાર રાજસુખો શાથી મળ્યાં છે ?''

મુનિએ કહ્યું, ''પૂર્વે કોઈ નગરમાં છ મિત્રો રહેતાં હતાં. તેઓ એકવાર જંગલમાં ગયાં. એક મિત્રએ તીરથી બે પક્ષીઓને ચાર વાર પ્રહાર કર્યા પરંતુ નિશાન ચૂકી જતાં પક્ષીઓ ચાર વાર બચી ગયાં. પક્ષી ઉડીને બીજી જગ્યાએ બેઠું કે તે મિત્રે પુન: તીર છોડયું. તેના પાંચે મિત્રો આ સમયે મૌન રહ્યા. તેમણે તેને ન રોક્યો અને ન પ્રેરિત કર્યો. દૂરથી એક મુનિ મિત્રની હિંસક પ્રવૃત્તિને જોઈ રહ્યાં હતાં. તેમણે પાસે આવી છએ મિત્રોને ધર્મનો ઉપદેશ આપી સમજાવ્યાં. તેમનામાં ધર્મવૃત્તિ જાગૃત થતાં છએ મિત્રોએ પક્ષીને અભયદાન અને મુનિને સુપાત્ર દાન આપ્યું.''

દેવેન્દ્રસૂરિએ કથા સંભળાવ્યા પછી રાજા બલવીરને પૂર્વભવનાં સંબંધો દર્શાવતાં કહ્યું, ''રાજન્! પૂર્વ ભવના છ મિત્રોમાંથી એક તું છે. શેષ પાંચ તારી પત્નીઓ છે. તેં ચાર વાર પક્ષીઓને બાણ માર્યા. આ બે પક્ષી તે ધનવીર - જયવીર, જે તારા ભાઈ બન્યા છે. તેમણે પૂર્વ કર્મ બંધનો બદલો લીધો છે કેમકે, 'જે કરે, સો ભરે.' આ શાશ્વત નિયમ છે. રાજન્! તારા અન્ય પાંચ મિત્રો જે હિંસાના કાર્ય પ્રતિ તટસ્થ રહ્યાં હતાં, તે પાપના ઉદયથી પુરુષ મટી સ્ત્રીઓ બની છે. તને પૂર્વે ધર્મદેશના આપવાવાળો મુનિ તે હું સ્વયં હતો.''

હવે રાજા બલવીરને વૈરાગ્ય ઉત્પન્ન થયો. પુત્રને રાજ્યભાર સોંપી પાંચ પત્નીઓ સાથે દીક્ષા અંગીકાર કરી. તેમણે સૌએ સમ્યક્‌પણે ચારિત્રનું પાલન કરી સદ્‌ગતિ મેળવી.

**ધર્મરત્ન ગ્રંથ** (૫૪,૫૬-૬૯)માં અભયદાનનું માહાત્મ્ય બતાવતાં કહ્યું છે - અન્ય સ્થાને આપેલું દાન, તપ, તીર્થસેવા, શાસ્ત્ર શ્રવણ આ સર્વ અભયદાનની સોળમી કળાને આંબી ન શકે. એક બાજુ બધા જ યજ્ઞો અને શ્રેષ્ઠ દક્ષિણા હોય અને બીજી બાજું ભયભીત પ્રાણીઓના પ્રાણોની રક્ષા હોય તો પણ તેની બરોબરી ન કરી શકે. સર્વ વેદ, સર્વ યજ્ઞ, સમસ્ત તીર્થાભિષેક જે કાર્ય ન કરી શકે તે કાર્ય પ્રાણીઓની દયા કરી શકે છે તેથી અભયદાનથી શ્રેષ્ઠ ધર્મ આ ભૂમંડળમાં કોઈ નથી.

[1]**બિંબસાર** : (જૈનધર્મમેં દાન, લે. મધુકર મુનિ)

**રાજગૃહ**માં મહારાજા **બિંબસાર**ના મહેલના વિશાળ મેદાનમાં યજ્ઞવેદી થઈ રહી હતી. જેની ચારે તરફ બ્રાહ્મણો જોરજોરથી વેદ મંત્રોના ઉચ્ચારણ કરી રહ્યાં હતાં. નજીકમાં ઋત્વિજ (ખાટકી) ચમકતો ધારદાર છરો હાથમાં લઈ ઉભો હતો. તેની બાજુમાં નિર્દોષ ઘેટો થરથર ધ્રૂજી રહ્યો હતો. મહારાજા બિંબસાર બે હાથ જોડી ઉભા હતા અને આહુતિની ઘડીની પ્રતિક્ષા કરી રહ્યા હતા. જેવો ઋત્વિજનો છરો પકડેલો હાથ ઊંચો

---

૧. મહારાજા બિંબસાર જૈન ધર્માવલંબી ન હતા ત્યારે પશુબલિયજ્ઞ કરતા હતા.

થયો તેવી જ ઘેટાનાં મુખમાંથી તીણી ચીસ નીકળી. ત્યાં જ **તથાગત બુદ્ધ** દોડીને આવ્યા. ચાદરમાં ઘેટાને છુપાવી, છાતી સરસો ચાંપીને કહ્યું, "પુરોહિત! થોભો, થોભો." સુડોલ, કાન્તિવાળા કુમારને જોઈ સૌ આશ્ચર્ય ચકિત બન્યા. ઋત્વિજના હાથમાંથી છરો છૂટીને નીચે પડયો.

થોડીવાર પછી રાજા બિંબસારે ઉંચા સ્વરે, બુલંદ અવાજે કહ્યું, "પરંપરાથી પ્રચલિત **મગધ** રાજકુળની પ્રથા વિરુદ્ધ આંગળી ઉઠાવનાર હે માનવ! કહે, તું કોણ છે? મગધેશ્વરની ઉપસ્થિતિમાં સાહસ કરવાની બાલિશતા કરનાર પાસેથી હું પ્રશ્નનો ઉત્તર ઈચ્છું છું. કેટલા પ્રયત્નો પછી શુભ મુહૂર્ત નીકળ્યું છે, જે ઘડીમાં આહુતિની શુભ ઘડી આવી છે. આવા શુભ મુહૂર્તમાં વિક્ષેપ કરી તેં ગંભીર અપરાધ કર્યો છે. તેનું તને ભાન છે? આ અપરાધની સજા તો તું જાણતો જ હશે?"

બુદ્ધે કહ્યું, "રાજન્! મને સજાની પૂરેપૂરી જાણ છે. તેના લેખા-જોખા મેં પહેલેથી જ કરી લીધા છે. હજારો નિર્દોષ પ્રાણીઓનો ઉદ્ધાર કરવાની મારી હાર્દિક પોકારના બદલામાં તમે મારું મસ્તક જ માંગશો ને? હમણાં જ મસ્તક ઉતારીને આપું છું. રાજન્! આ બીચારા, મૂંગા પ્રાણીઓના અંતરનો અવાજ સાંભળીને તો આકાશમાં વિદ્યમાન દેવોએ પણ યજ્ઞમાં આવવાના બદલે મોં ફેરવી લીધું છે. હું તો એક સામાન્ય માણસ છું. આ બીચારા નિર્દોષ પ્રાણીઓની અપેક્ષાએ મારું આ નાનકડું મસ્તક કોઈ કિંમતી નથી."

બિંબસારે ક્રોધિત થઈ કહ્યું, "શુ કહ્યું તેં? શું આ યજ્ઞ જોઈ દેવોએ મુખ ફેરવી લીધું છે? જેમને પ્રસન્ન કરવા મેં આ યજ્ઞ માંડયો છે, શું મારા આ ધર્મ કાર્યથી દેવો પણ અસંતુષ્ટ છે?"

બુદ્ધે કહ્યું, "નહીં રાજન્! જરા વિચારો. આ સર્વ પ્રાણીઓનો કરુણ આર્તનાદ સાંભળી મારા જેવા સાધારણ મનુષ્ય પણ ધ્રૂજી ઉઠે છે, તો દયાના સાગર દેવો કઈ રીતે પ્રસન્ન થઈ શકે?"

બિંબસારે કહ્યું, "શું આ ધર્મ કાર્ય નથી? શું પ્રાચીન પરંપરા નિષ્ફળ છે?"

બુદ્ધે કહ્યું, "આપની આ પરંપરા હાનિકારક અને નકામી છે. રાજન્! જેવો આત્મા આપની અંદર રહેલો છે, તેવો જ મારી અંદર છે અને તેવો જ આત્મા આ ઘેટામાં છે. માનવ માત્રમાં જ નહીં આ વિશ્વમાં રહેલા પ્રત્યેક પ્રાણીમાં આત્મા વ્યાપ્ત છે. આ નિર્દોષ ઘેટાને મારવાથી આપ આપના આત્માની હિંસા કરો છો. રાજન્! તમને આ નિર્દોષ ઘેટાનો અવાજ સંભળાતો નથી?"

બિંબસારે હાથ જોડી વિનમ્ર બની કહ્યું, "આટલી નાની ઉંમરાં પ્રાણી માત્રમાં વિરાજમાન આત્માના નવદર્શન કરાવનાર આપના જેવા મહાન સંતના ચરણમાં મારું મસ્તક ઝૂકાવું છું. હું આપને ગુરુ પદે સ્થાપિત કરું છું. આજથી આપ મગધના રાજગુરુ છો. આપે જેમ મારું જીવનપથ આલોકિત કર્યું છે, તેમ મગધની પ્રજાને પણ આપના ઉપદેશનો લાભ આપો."

બુદ્ધે કહ્યું, "હમણાં તો હું સત્યની ખોજમાં નીકળ્યો છું. એક સામાન્ય પથિક છું. મને જો રાજકુળમાં રહેવું હોત તો હું **કપિલવસ્તુ**ની રાજગાદી શા માટે છોડત?"

બિંબસારે સાશ્ચર્ય પૂછ્યું, "હેં! તો શું આપ સ્વયં કપિલવસ્તુના ઉત્તરાધિકારી છો? શું શાક્ય-કુળના ભાવી રાજકુમાર છો?"

બુદ્ધે કહ્યું, "એક દિવસ હું ઉત્તરાધિકારી હતો પરંતુ આજે તો મારી અંતરપીડાનું નિવારણ કરવા માટે સત્યની ખોજમાં નીકળ્યો છું. તેથી એક સામાન્ય માનવી છું. એવી કોઈ શક્તિ પ્રાપ્ત કરી, સત્યદર્શન કરીશ ત્યારે હું અવશ્ય આપની પાસે આવીશ. ત્યારે આ વિરાટ આત્માના દર્શન સ્વયં કરી બીજાને પણ

કરાવીશ. રાજન્! અહિંસા ધર્મને ભૂલશો નહીં.''

બિંબસારે કહ્યું, ''દેવ ! આજથી આ હિંસક યજ્ઞનો ત્યાગ કરું છું.'' બુદ્ધે કહ્યું, ''આપનો નિર્ણય કલ્યાણકારી થાવ. આપનો શુભ સંકલ્પ શ્રેયસ્કર થાવ. આપને મૂક આત્માના આશીર્વાદ મળે.''

અભયદાનનું આ કથાનક, જેમાં મૃત્યુથી ભયભીત પ્રાણીઓની રક્ષાનો સ્વર છે.

**ભીમ કુમાર** : (શ્રી ધર્મરત્ન પ્રકરણ, પૃ.પ૨૯)

**કમળપુર** નગરનો રાજવી **હરિવાહન** શૂરવીર અને પરાક્રમી હતો. તેની **માલતી** નામની રાણી અને પરોપકારી **ભીમ** નામનો પુત્ર હતો. તે નગરના **બુદ્ધિલ** મંત્રીનો પુત્ર **બુદ્ધિમકરધ્વજ** તેનો પરમ મિત્ર હતો.

એકવાર ભીમકુમાર મિત્રની સાથે રાજા પાસે આવ્યો. રાજાએ તેને ખોળામાં બેસાડી ક્ષણવારમાં નીચે ઉતાર્યો. ત્યાં વનપાલકે **અરવિંદ મુનિ**ના આગમનની વધામણી આપી. રાજાએ વનપાલકને મોટું ઈનામ આપ્યું. રાજા કુમારને લઈ મુનિ પાસે આવ્યા. મુનિએ કહ્યું, ''મનુષ્ય ભવ પ્રાપ્ત કરી જે ધર્મથી વેગળો રહે છે, તે સોનાની થાળીમાં ધૂળ ભરે છે. જે પુરુષ પોતાના ન્યાયોપાર્જિત ધનને સુપાત્રમાં વાપરે છે. તેની હંમેશાં સદ્‌ગતિ થાય છે. ગુરુનાં વચનો સાંભળી રાજા અને કુમારે સમ્યક્ત્વ સહિત ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો.

એકદા ભીમકુમાર પોતાના મિત્ર સાથે બેઠો હતો ત્યાં એક કાપાલિક આવ્યો. તેણે એકાંતમાં કુમારને કહ્યું, 'મારી પાસે ભુવનક્ષોભિણી ઉત્તમ વિદ્યા છે. કાળી ચૌદસના દિવસે સ્મશાનમાં જઈ સાધવા ઈચ્છું છું. તું મારો ઉત્તરસાધક થા.'' પરોપકારી કુમારે હા પાડી. યોગી ત્યાં સુધી કુમારની પાસે જ રહેવા લાગ્યો.

મિત્રએ કુમારને કહ્યું, ''પાખંડીનો પરિચય કરી તું સમ્યક્ત્વ દૂષિત કરે છે.'' કુમારે કહ્યું, ''હું દાક્ષિણ્યતાથી તેની સાથે સંમત થયો છું. આપેલું વચન પુરું કરવું એ સજ્જનોનું મોટું વ્રત છે. દૃઢધર્મીનું પાખંડી શું બગાડી શકશે ?''

રાજકુમાર યોગીની પાછળ ખેંચાતો ગયો. તે ચૌદસના દિવસે કુમારને છૂપી રીતે સ્મશાનમાં લઈ આવ્યો. કાપાલિકે તલવાર ઉગામી, અટ્ટહાસ્ય કરી કહ્યું, ''તારા મસ્તકને છેદી, કુળદેવીને ભોગ ચડાવી હું કૃતાર્થ થઈશ.'' કુમારે હોંશિયારીપૂર્વક વિદ્યાના પ્રયોગથી તલવાર સાથે કાપાલિકના કાનમાં પ્રવેશ કર્યો. કાપાલિકે તેને કાનમાંથી કાઢી આકાશમાં ઉછાળ્યો. એક યક્ષિણીએ તેને ઝીલી લીધો. પોતાના ભુવનમાં લઈ સિંહાસન પર બેસાડયો.

તેણીએ કહ્યું, ''હું **કમળાક્ષા** નામની યક્ષિણી છું. **વિંધ્ય પર્વત** પર રહું છું. **અષ્ટાપદ** તરફ ગઈ હતી. ત્યાંથી પાછા ફરતાં કાપાલિકે તને ઊંચે ફેંક્યો ત્યારે મેં તને બચાવી લીધો. તું મારી સાથે સંસાર સુખો ભોગવ.'' કુમારે તેને શાંત ચિત્તે વિષયોની ભયંકરતા સમજાવી. યક્ષિણીએ ભોગોનો ત્યાગ કરી જિનેશ્વરને આરાધ્ય દેવ તરીકે સ્વીકાર્યા.

એટલામાં મધુર ધ્વનિ સાંભળી કુમારે પૂછયું, ''દેવી ! અહીં ઉત્તમ સ્વાધ્યાય કોણ કરે છે ?'' યક્ષિણીએ કહ્યું, ''ચાતુર્માસ માટે આવેલા મહામુનિઓ સ્વાધ્યાય કરે છે. તેમનો આ સ્વર છે.'' કુમારે કહ્યું, ''મને તેમની પાસે લઈ જા. હું ત્યાં જ રાત્રિ પસાર કરીશ.'' દેવી તેને મુનિઓ પાસે લઈ ગઈ.

ગુફાના દ્વારા પાસે બેઠેલા ગુરુને કુમારે વંદન કર્યા. તેમની પાસે બેઠો. તેણે પૂછયું, ''આવા ભયાનક સ્થાનમાં ભૂખ્યા-તરસ્યા, નિર્ભય બની કઈ રીતે રહો છો ?'' ગુરુ જવાબ આપે તે પૂર્વે આકાશમાંથી

લાંબી, કાળી, ભયાનક ભુજા નજીક આવતી દીઠી.

કુતૂહલ પ્રિય કુમાર છલાંગ મારી ભુજા પર બેસી ગયો. કુમારે સમુદ્ર, પર્વતો, નદીઓ પાર કરી **કાળિકાનું** મંદિર જોયું. ત્યાં પ્રથમનો કાપાલિક ડાબી ભુજાથી એક પુરુષના વાળ પકડીને ઊભો હતો. જે ભુજા ઉપર રાજકુમાર હતો, તે દુષ્ટ યોગીની જમણી ભુજા હતી. કુમાર ભુજા પરથી ઉતરીને યોગીની પાછળ ચુપચાપ ઊભો રહ્યો.

યોગીએ તે પુરુષને કહ્યું, ''તારા ઈષ્ટદેવનું સ્મરણ કર. હું તારું મસ્તક વાઢી દેવીને બલિ ચઢાવી તેની પૂજા કરીશ.'' તે પુરુષે કહ્યું, ''મારા આરાધ્ય જિનેશ્વર દેવ છે. હું બીજા કોઈને માનતો નથી. જૈનધર્મમાં શ્રદ્ધાવાન ભીમ મારો પરમ મિત્ર છે.'' યોગીએ કહ્યું, ''તારો મિત્ર મારાથી ડરીને ભાગી ગયો છે. તે નહીં મળતાં મારે તારો વધ કરવો પડશે. આ એની જ તલવાર છે.'' કુમારે વિચાર્યું, 'આ પાપી મારા મિત્ર બુદ્ધિમકરધ્વજને કનડવા માંગે છે.'

કુમારે મોટેથી યોગીને સામનો કરવાનું આહ્વાન આપ્યું. યોગી પુરુષને છોડી કુમાર સામે દોડયો. દરવાજાના કમાડ સાથે અથડાતાં યોગીના હાથમાંથી તલવાર પડી ગઈ. કુમારે યોગીના કેશ પકડયા. તેનું મસ્તક કાપવા જતો હતો ત્યાં દેવી પ્રગટ થઈ. ''તારી શૂરવીરતાથી પ્રસન્ન થઈ છું. તું વરદાન માંગ. આ યોગીને અભયદાન આપ કારણકે તે મારો પૂજારી છે.''

કુમારે કહ્યું, ''તું જીવહિંસા છોડી દે. દયા ધર્મ છે. જો તેં પૂર્વે જીવદયા પાળી હોત તો કુદેવ યોનિમાં દેવતા ન થઈ હોત.'' દેવીએ જીવહિંસા છોડી દીધી. તે સ્વસ્થાને ગઈ.

ભીમકુમારે મિત્રને ભેટીને પૂછયું, ''તું આ પાપીના હાથમાં કઈ રીતે સપડાયો ?'' મંત્રીપુત્રે કહ્યું, ''મિત્ર ! રાત્રિના સમયે તારી પત્નીએ મહેલમાં તને ન જોયો એટલે તે ગભરાઈ ગઈ. પહેરગીરોને પૂછયું, સર્વત્ર શોધ કરી પરંતુ કોઈ બાતમી ન મળી. તારા માતા-પિતાને ખબર પડતાં તેઓ વિલાપ કરવા લાગ્યાં. ત્યાં કોઈના શરીરમાં કુળદેવી આવ્યા. તેણે કહ્યું, 'તમારા પુત્રને કોઈ દુષ્ટ યોગી ઉત્તરસાધક બનાવવાના બહાને મસ્તક છેદવા લઈ ગયો છે પરંતુ યક્ષિણી તેને બચાવી પોતાના આવાસે લઈ ગઈ છે. થોડા દિવસમાં મોટી સંપત્તિ લઈ અહીં આવશે.'' હું દેવીના વચનની ખાતરી કરવા ઘરમાંથી બહાર નીકળ્યો ત્યાં યોગી મને ઉપાડી અહીં લાવ્યો.

બન્ને મિત્રો વાર્તાલાપ કરી રહ્યા હતા ત્યાં જાડી સૂંઢવાળો હાથી આવ્યો. તે મંત્રીપુત્ર અને કુમારને વિજળીની જેમ અચાનક ઉપાડી આકાશમાં ઉડવા લાગ્યો. ત્યારે કુમારે કહ્યું, ''મિત્ર ! આ કોઈ દેવતા લાગે છે.'' ત્યાં હાથીએ તે બન્નેને **શૂના** નગરના દ્વાર પાસે મૂક્યા.

કુમાર નગરમાં પ્રવેશ્યો. મિત્રને નગરની બહાર રોક્યો. નરસિંહના આકારવાળા અર્થાત્ નીચે સિંહ અને મુખમાં મનુષ્ય જેવો આકારવાળો વિચિત્ર જીવ જોયો. મુખમાં રહેલો મનુષ્ય પ્રાણની ભીખ માંગી રહ્યો હતો. દયાળુ કુમારે તેને છોડી દેવાનું કહ્યું.

ત્યારે તેણે કહ્યું, ''હું ભૂખ્યો છું. આ મારું ભક્ષ્ય છે.'' કુમારે કહ્યું, ''તેં ઉત્તરવૈક્રિય કર્યું લાગે છે. દેવતાને કવલાહાર ન હોય. તું રડતા માણસનો ઘાત કરીશ તો સંસાર ચક્રમાં ભમવું પડશે.'' તેણે કહ્યું, ''પૂર્વે તેણે મને ખૂબ સતાવ્યો છે. હું તેને સો વાર મારીશ, તો પણ મારો ક્રોધ શાંત નહીં થાય.''

કુમારે તેને સમજાવ્યો છતાં તે હઠાગ્રહી ન સમજ્યો. ત્યારે પરાક્રમી કુમારે તેને પોતાની પીઠ ઉપર

ઉપાડી લીધો. તે કુમારના સકંજામાં છૂટી અદશ્ય થઈ ગયો. કુમાર નાગરિક પુરુષની બાહુને પકડી રાજભવનમાં ગયો. સાતમા માળે પહોંચ્યો. અહીં કેટલીક સ્ત્રીઓ તેનું સ્વાગત કરવા લાગી. કુમારે પોતાના મિત્રને તેમના થકી રાજમહેલમાં બોલાવ્યો. સ્ત્રીઓએ મિત્ર સહિત ભીમ કુમારની ખૂબ ભક્તિ કરી. તેવામાં એક દેવ પ્રગટ થયો. તેણે વરદાન માંગવાનું કહ્યું. ભીમકુમારે કહ્યું, ''અમારી પ્રત્યે આટલો સ્નેહ શા માટે ? આ નગર નિર્જીવ શા માટે છે ?''

દેવતાએ કહ્યું, ''આ **કનકપુર** નામનું નગર છે. ત્યાં **કનકરથ** નામનો રાજા હતો. મેં તેને બચાવ્યો હતો. હું તેનો **ચંડ** નામનો પુરોહિત હતો. રાજા સ્વભાવે ક્રૂર અને કાચા કાનનો હતો. તે અપરાધની શંકા માત્રથી ભારે આકરી સજા કરતો.

એક દિવસ કોઈએ મારા વિરુદ્ધ રાજાનાં કાન ભંભેર્યા કે, 'હું કોઈ ચંડાળણી સાથે પ્રેમ કરી તેને ત્યાં રહું છું.' તેણે મને શણના કોથળામાં પૂરી, તેલ છાંટી બાળી નાંખ્યો. હું દુર્ધ્યાનથી મૃત્યુ પામી **સર્વગિલ** નામનો રાક્ષસ થયો. પૂર્વના વૈરનું સ્મરણ કરી મેં નગરજનોને અદશ્ય કર્યા. રાજાને નરસિંહનું રૂપ લઈ પકડયો. મેં ભક્તિવશ તારી સેવા કરી. તારા પર ખુશ થઈ મેં નગરજનોને પ્રગટ કર્યા.'' કુમારે જોયું તો બધા લોકો દેખાયા.

ત્યાં આકાશમાં **ચારણ મુનિ** જોયા. તેઓ સુવર્ણ કમળ પર બેસી દેશના આપતા હતા. સર્વગિલ, મંત્રીપુત્ર, કનકરથ તથા નગરજનો દેવને વંદન કરી દેશના સાંભળવા બેઠા. સર્વગિલે દેશના સાંભળી કનકરથ રાજા પ્રત્યેનો દ્વેષ છોડયો.

ત્યાં ગડગડાટ કરતો મોટો હાથી આકાશ માર્ગેથી આવ્યો. આ હાથીએ મુનિને પ્રદક્ષિણા આપી વંદન કર્યા. મુનિએ કહ્યું, ''આ હાથી ભીમને અનુસરી અહીં આવ્યો છે. એણે કાળીના મંદિરમાંથી રાજકુમારને પોતાના પૌત્ર કનકરથને બચાવવા અહીં મૂક્યો છે.'' હાથીએ પોતાનું અસલ સ્વરૂપ પ્રગટ કર્યું. તે દેદીપ્યમાન યક્ષ બન્યો. મુનિએ યક્ષને કહ્યું, ''પૂર્વે તેં કુલિંગીના સંપર્કથી સમ્યક્ત્વ ગુમાવ્યું તેથી તું આ વનમાં અલ્પ ઋદ્ધિવાળો યક્ષ થયો છે.''

ભીમકુમારે કુલિંગીના સંગના અતિચારની આલોચના કરી. મુનિએ સર્વને સમ્યક્ત્વ પમાડયા. ત્યાં કાપાલિક સાથે કાળકાદેવી આવી. તેણે કહ્યું, ''કુમાર! મેં તારા પિતાને વચન આપ્યું છે કે, બે દિવસમાં તારા મિત્ર સાથે તને તેમની પાસે લઈ જવો.'' ત્યાં આકાશમાં કમળ જેવા મુખવાળી દેવી તથા યક્ષિણી આવ્યાં. યક્ષે વિમાન રચ્યું. તેમાં બેસી કુમાર મિત્ર સાથે કનકપુર આવ્યો. દેવ-દેવીઓએ ભેરીના નાદ સાથે નગર પ્રવેશ કરાવ્યો.

અરવિંદ મુનિ પધાર્યા. તેમની દેશના સાંભળી ભીમકુમારને રાજ્ય સોંપી હરિવાહન રાજા દીક્ષા લઈ સિદ્ધિપદ પામ્યો. ભીમ રાજા પરોપકારનાં કાર્યો કરી પુત્રને રાજ્ય પર સ્થાપિત કરી સંયમ લઈ મુક્તિ પામ્યો.

**મનોરમા** : (કથાકોષ પ્રકરણમ્ નં. ૧૦૧)

**સાવત્થી**માં **શંખ રાજા** અને **પદ્મશ્રી દેવી** નામની રાણી હતી. તે નગરમાં **વસુ** નામે સાર્થવાહ રહેતો હતો. તેની **મનોરમા** નામની પત્ની હતી. વસુ અને મનોરમા જૈનધર્મી હતા. તેઓ શ્રાવકવ્રતનું પાલન કરતાં

હતાં. તેઓ નિત્ય ચૈત્યવંદન, પ્રતિક્રમણ, સ્વાધ્યાય, પૌષધ, તપ વગેરેથી આત્માનું પોષણ કરતાં હતાં. લોકો રતિ સ્વરૂપવાન મનોરમાના સૌંદર્યના વખાણ કરતાં થાકતા નહીં. આ વાત રાજાના કાન સુધી પહોંચી. રાજા તેણીનું રૂપ જોવા ઉત્સુક બન્યો.

એકવાર મદન ત્રયોદસીના દિવસે કામદેવની યાત્રા નિમિત્તે રાજાએ ઘોષણા કરાવી કે, 'આ ઉત્સવમાં જે લોકો કામદેવના મંદિરમાં નહીં આવે તેમને શારીરિક દંડ થશે.' રાજા સ્વયં તે દિવસે મંદિરના દ્વાર પાસે ઊભા રહ્યા. આવનાર પ્રત્યેક સ્ત્રી પર રાજાની ચાંપતી નજર હતી. ''આ કોણ છે ?'' એવું જાણકાર સેવકને પૂછતાં. ક્રમશઃ મનોરમા આવી એટલે રાજાએ પૂર્વવત્ સેવકને પૂછ્યું. સેવકે મનોરમાની ઓળખ આપી. રાજા તેના રૂપને એકીટસે નિહાળી રહ્યો. તેણે વિચાર્યું, 'લોકપ્રવાદ અક્ષરસઃ સત્ય છે. મનોરમા કામદેવની પત્ની રતિ સમાન સ્વરૂપવાન છે. તેના જેવી સ્ત્રી આ પૃથ્વી પર મળવી અસંભવ છે.'

મનોરમાને જોઈ શંખરાજા તેના ઉપર અનુરાગી થયો. તેણીને મેળવવા રાજા રાત-દિવસ મથતો રહ્યો. 'જો નિરપરાધી વસુ પાસેથી બળાત્કારે લઈ તેની પત્ની મારા અંતઃપુરમાં લાવીશ તો પ્રજામાં મારી ખોટી છાપ થશે અને અસંતોષ ફેલાશે. નાહક શા માટે પ્રજાની નારાજગી વહોરવી ? કંઈક બુદ્ધિપૂર્વકની ચાલ ચાલવી જોઈએ.'

રાજાએ એકાંતમાં એક પરિવ્રાજિકાને બોલાવીને ગપસપ કરતાં કહ્યું, ''જો તું મનોરમા રાજી કરી મેળાપ કરાવી આપે તો હું તને સો સુવર્ણમુદ્રા આપીશ.'' પરિવ્રાજિકાએ રાજાનું કથન સ્વીકાર્યું. તેણી શ્રાવિકા બની મનોરમા પાસે ગઈ. મનોરમા ઘરકામથી નિવૃત્ત થઈ ધાર્મિક અનુષ્ઠાનોમાં જોડાઈ જતી. તે મનોરમા પાસે બેસી ગઈ. મનોરમાએ તેને સંસારના જીવોનું પરિભ્રમણ શાસ્ત્રોક્ત રીતે સમજાવ્યું. એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધી પહોંચવા જીવને કેટલા કોઠા ભેદવા પડે છે, તેનું માર્મિક વર્ણન કપટી શ્રાવિકાને સમજાવ્યું.

એકવાર કથાંતર પછી એકાંત જાણી પરિવ્રાજિકાએ મોકો જોઈ મીઠાશ ઘોળતાં કહ્યું, ''શૂરવીર, વિચક્ષણ, દાનવીર અને સર્વ રતિ કળાઓમાં દક્ષ એવા શંખરાજા સાથે નવયૌવના સ્ત્રી જો રતિસુખ ન ભોગવે તો તેનું જીવન વ્યર્થ છે.'' મનોરમા તેને ચૂપ કરાવતાં ભડકીને બોલી, ''આવી નિરર્થક વાતો શા માટે કરે છે ? મને તું સ્વયં કુલીન નથી એવું લાગે છે. અન્યથા શંખ રાજાની રતિગુણમાં ચતુરાઈ તને શી રીતે ખબર પડે ? તું શ્રાવિકા નથી. આજથી તારે હવે મારા ઘરે આવવું નહી.'' મનોભાવ કળાઈ જતાં પરિવ્રાજિકાએ ચહેરો ફેરવી લીધો.

પરિવ્રાજિકા અપમાનિત થઈ રાજા પાસે આવી. તેણે રાજાને કહ્યું, ''મનોરમા તમારા માટે અયોગ્ય છે. તેણી આપની વાત કદી સ્વીકારશે નહીં.'' ખેદ પામેલો રાજા તેણીને પ્રાપ્ત કરવાના ઉપાયો વિચારવા લાગ્યો.

હવે રાજા આગ્રહ કરીને વસુને હંમેશાં રાજકુલમાં બોલાવી સત્કાર કરવા લાગ્યો. વસ્ત્ર, અલંકાર, તંબોલ આપી તેનું ઔચિત્ય જાળવતો હતો. ત્યારે મનોરમાએ કહ્યું, ''સ્વામી ! વિના કારણ રાજા સત્કાર કરે તે યોગ્ય નથી. ક્યારેક શીલભંગનો પ્રસંગ ઊભો થશે.'' વસુએ કહ્યું, ''રાજા પાસે તારાથી પણ વધુ સુંદર સ્ત્રીઓ છે માટે તું ડરીશ નહીં.'' મનોરમાએ કહ્યું, ''મને રાજાનો ઈરાકો ઠીક લાગતો નથી.''

વસુએ પત્નીની વાત ગણકારી નહીં. તે હવે નિત્ય રાજા પાસે જવા લાગ્યો. રાજાના માન-પાનથી તે લોભાયો. ધીમે ધીમે રાજાએ વસુને સર્વ અધિકારો સ્થાપિત કરી અંતેઉરમાં કોઈ રોકટોક વિના જવાની છૂટ

આપી. ભોળો વસુ રાજાની મેલી મુરાદ પારખી શક્યો નહીં.

એકવાર **વલ્લહિયા** નામના લંપટ રાજાએ અંતેઉરમાં પ્રવેશ કર્યો. વસુએ તેને પકડયો. ત્યારે વલ્લહિયા રાજાએ ઉલટો શોરબકોર કરી વસુને જ લંપટ જાહેર કરી ફસાવ્યો. વસુને શંખરાજા પાસે લઈ જવામાં આવ્યો. રાજાએ કપટભાવથી વસુને ઉપાલંભ આપતાં ક્રોધિત થઈને કહ્યું, ''તું શું ધ્યાન રાખે છે ? મેં તારા ઉપર ભરોસો કરી મારા અંતેઉરની સંભાળ માટે નિયુક્ત કર્યો અને તું જ લંપટ નીકળ્યો ? હવે તને વધસ્થાને લઈ જવાશે અને તારી પત્ની મનોરમાને મારા અંતેઉરમાં લાવવામાં આવશે.''

રાજ આજ્ઞા થતાં સેવકો મનોરમાને રાજમહેલમાં લાવ્યાં. મનોરમાએ એકાગ્રચિતે શાસન દેવનું સ્મરણ કર્યું. દેવ હાજર થયા. મનોરમાએ કહ્યું, ''મારા શીલની અને પતિદેવની રક્ષા કરો. આમ કરવાથી જિનશાસનની પ્રભાવના થશે.'' આકાશવાણી થઈ કે, 'વસુ નિર્દોષ છે, એને અભયદાન આપો.' બીજી બાજુ વસુને ગધેડા પર બેસાડી વધસ્થાને લઈ જવામાં આવ્યો. ત્યાં વસુને તીક્ષ્ણ શૂળી પર ચડાવ્યો. વસુએ નવકાર મંત્રનું સ્મરણ કર્યું. ત્યાં તો શૂળીનું સુવર્ણમય સિંહાસન થયું. આ દૃશ્ય જોઈ કોટવાલ ડરી ગયો. તેણે રાજાને જણાવ્યું. ગભરાટના કારણે રાજાને પરસેવો છૂટયો. રાજાએ વસુના પગમાં પડી માફી માંગી. દેવે પ્રત્યક્ષ થઈ રાજાને સતી સ્ત્રીને રંજાડવા બદ્દલ અને ભોળા વસુ સાથે છેતરપીંડી કરવા બદ્દલ ઠપકો આપ્યો. તેમને જિનધર્મ સ્વીકારી આત્મહિત કરવાની શિખામણ આપી. શંખરાજા સમકિત પામ્યો. તે સાચો શ્રાવક બન્યો. તેણે મનોરમાને પોતાની બહેન બનાવી.

આમ, મનોરમાની ધર્મ શ્રદ્ધાથી વસુને અભયદાન મળ્યું

**મરૂત રાજા અને રાવણ** : (ત્રિષષ્ઠિ શલાકા પુરુષ, ભા.૭)

**વરરુચિ** બ્રાહ્મણની **વરકૂર્મી** નામની પત્ની સગર્ભા થઈ ત્યારે આશ્રમમાં સાધુ ભગવંતો પધાર્યા. તેઓને આશ્રય આપ્યો. બેસવા માટે આસન આપ્યું. સાધુઓએ ધર્મની દેશના આપી. દેશના સાંભળી હળુકર્મી વરરુચિ પ્રતિબોધ પામી દીક્ષિત થયો. કૂર્મી પણ ધર્મ સાંભળી સમકિતી બની. તેણે દશ માસે પુત્રને જન્મ આપ્યો. તીવ્ર વૈરાગ્યના કારણે બાળકને અરણ્યમાં છોડી તેણીએ **લોકપુર** નગરમાં **ઈંદ્રમાલિની** નામના આર્યાજી પાસે દીક્ષા લીધી. બીજીબાજુ અરણ્યમાં એકલા રહેલા બાળકને જૃંભક દેવોએ લઈ જઈ તેનો ઉછેર કર્યો. તેને શાસ્ત્રો શીખવ્યાં તેમજ આકાશગામિની વિદ્યા આપી. તે બાળક જિનધર્મી બન્યો. પોતાની માતા સાધ્વીને જોઈ તે સમકિતી બન્યો. લોકમાં **નારદ દેવર્ષિ** તરીકે પ્રસિદ્ધ થયાં.

એકદા નારદે ગગનવિહારે જતાં જનસમુદાયની ભીડ જોઈ. તે સમયે **રાજપુર** નામના નગરમાં **મરુત** નામના રાજાને ત્યાં યજ્ઞવિધિની તૈયારી ચાલતી હતી. યજ્ઞારંભમાં લાલપીળા પીતાંબરો પહેરેલા, ભસ્મ-સિંદુરને કંકુનો ચાંદલો કરેલ, મંત્રોચ્ચારથી હોઠને ફફડાવતા ઘણાં બ્રાહ્મણો નારદે જોયાં. આ ધતીંગ બંધ કરાવવાના સંકલ્પ સાથે તેઓ યજ્ઞમાં ઉતર્યા.

યજ્ઞમાં હોમવા માટે ગરીબડા પશુઓને બાંધીને રાખ્યાં હતાં. નારદે મરુત રાજાને પૂછયું, ''આ શું થઈ રહ્યું છે ? આ બ્રાહ્મણો અહીં શું કરી રહ્યા છે ? અહીં પશુઓને કેમ બાંધીને રાખ્યા છે ?'' યજ્ઞ સંચાલક બ્રાહ્મણે કહ્યું, ''અહીં બ્રાહ્મણોનું પરમ ધર્મભૂત યજ્ઞ કાર્ય થઈ રહ્યું છે. મરુત રાજાએ મહાધર્મ યજ્ઞ કરાવ્યો છે. યજ્ઞની ભળભળતી આગમાં પશુઓને હોમવામાં આવશે. આવો હવન કરવાથી દેવો તૃપ્ત થઈ પ્રસન્ન થશે અને

પશુઓને સ્વર્ગ મળશે. યજ્ઞ કરવાથી મન આનંદિત થશે અને પરભવમાં દેવપણું મળશે.''

ચચરી ઉઠેલા નારદે આગ ઝરતી વાણીમાં કહ્યું, ''જો આવું કરવાથી સ્વર્ગ મળતું હોય તો સર્વ પ્રથમ આ ચાંડાળો (બ્રાહ્મણો) ને જ યજ્ઞમાં હોમવા જોઈએ. યજ્ઞનું સાચું સ્વરૂપ શું છે તે સાંભળો - શરીરરૂપી વેદિકામાં જ્ઞાનરૂપી ઘૃતથી મનરૂપી અગ્નિ કર્મરૂપી સમૂહને બાળે છે. ક્રોધાદિ કષાયો એ વિવિધ પશુઓ છે. ઈંદ્રિયોની સાથે કષાયોનો બલિ કરવાનો છે. સત્ય, અહિંસા, સુપાત્રદાન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, બ્રહ્મચર્ય આદિ દેવ છે. વિશેષ પ્રકારે ત્રણ યોગ સહિત યજ્ઞ કરવામાં આવે તો નિર્વાણ પ્રાપ્ત થાય છે. જ્યારે આવા હિંસાયુક્ત યજ્ઞ જીવને નરકમાં ઘસડી જાય છે.''

નારદના તીખાં વચનો બ્રાહ્મણોને ન ગમ્યા. બ્રાહ્મણો ઉશ્કેરાઈને નારદને મારવા દોડયા. નારદજી દોટ મૂકી ભાગ્યા. યજ્ઞ મંડપની બહાર આવી સીધા જ આકાશમાર્ગે ઉડયા! આકાશમાર્ગેથી **રાવણ**નો વિરાટ કાફલો પસાર થઈ રહ્યો હતો. નારદજીએ **પુષ્પક વિમાન** જોયું. તેમણે વિમાન પાસે જઈ ''બચાવો બચાવો''નો પોકાર કર્યો. રાવણે દેવર્ષિને જોઈ વિમાન થંભાવી દીધું.

રાવણે પૂછયું, ''દેવર્ષિ! કેમ બેબાકળા લાગો છો.'' દેવર્ષિએ ધ્રૂજતા અવાજે કહ્યું, ''કાળો કેર વર્તાઈ રહ્યો છે.'' રાવણે કહ્યું, ''કોના ઉપર કેર વર્તાઈ રહ્યો છે? શા માટે?'' નારદજીએ યજ્ઞનો વૃત્તાંત અથથી ઈતિ સુધીનો કહ્યો. રાવણનું દયાળુ હૃદય કંપી ઉઠયું. રાવણ રાજપુરના ઉદ્યાનમાં પોતાના વિમાન સાથે ઉતર્યો. મરુત રાજાને ખબર પડી કે, '**લંકાપતિ** રાવણ આવ્યા છે.' તે દોડીને સામે ગયો. રાવણના ચરણોમાં નમન કરી ઉચિત સ્વાગત કર્યું પરંતુ રાવણ પ્રસન્ન ન થયો. એકબાજુ પોતાના અભિપ્રાયથી વિરુદ્ધ આચરણ અને બીજી બાજુ આગતાસ્વાગતા? વિવેકી મનુષ્ય તેમાં અંજાતો નથી.

રાવણે કહ્યું, ''મરુત! આવા હિંસક યજ્ઞો કરી તારે ક્યાં જવું છે? જેમ તને તારું જીવન પ્રિય છે, તેમ આ નિર્દોષ મૂંગા જીવોને પણ પોતાનું જીવન પ્રિય છે. ધર્મના નામે ક્રૂરતા કરવાથી જો સ્વર્ગ મળતું હોય તો એવા સ્વર્ગને ધિક્કાર છે. તું હિંસક યજ્ઞ કરી ઉભય લોકનું જીવતર બગાડી રહ્યો છે. પરલોકમાં તને સ્વર્ગ તો શું મળશે પરંતુ નરકના સળીયા પાછળ પૂરાવવું પડશે.''

રાવણની આજ્ઞા એટલે વિશ્વ માટે અલંઘ્ય! રાવણની આજ્ઞા અવગણે એના માથે મોતનાં ઓળા ઉતરે. પહાડકાય પહેલવાન ભૂદેવો થરથર કંપવા લાગ્યા. તેઓ પરસેવાથી રેબઝેબ થયા.

બ્રાહ્મણો યજ્ઞ મંડપ મૂકી ઘરભેગા થઈ જવા લાગ્યાં પરંતુ ત્યાં તો કોલાહલ થઈ ગયો. **કુંભકર્ણ** અને **વિભીષણ**ની જોડી યજ્ઞ મંડપના દ્વારે પહોંચી ગઈ. ભાગતા ભૂદેવોને કુંભકર્ણે પકડી પડકાર્યા, ''ઊભા રહો! ક્યાં ભાગો છો હત્યારાઓ? આ યજ્ઞની વેદી પર વધેરીને તમને જ સ્વર્ગના દેવતા બનાવીએ!'' કોઈને ચોટલી પકડીને, કોઈને બોચી પકડીને ધૂણાવ્યા. **મેઘવાહન** અને **ઈંદ્રજીતે** પશુઓને બંધનમાંથી મુક્ત કરી અભયદાન આપ્યું. કુંભકર્ણે હૃષ્ટપુષ્ટ ભૂદેવને બે હાથે ઉપાડી યજ્ઞમાં હોમવાનો પ્રયત્ન કર્યો. ત્યાં મરુત રાજાએ દોડતાં આવી યજ્ઞ વિસર્જનની આજ્ઞા કરી. તેમણે બે હાથ જોડી બ્રાહ્મણોને મુક્ત કરવાની વિનંતી કરી ત્યારે કુંભકર્ણે કહ્યું, ''રાજન્! આ ભૂદેવોને સ્વર્ગમાં મોકલીએ. બીચારા આ મનુષ્યલોકમાં દુઃખી થઈ રહ્યાં છે.'' બ્રાહ્મણો હાથ જોડી કરગરવા લાગ્યા. કુંભકર્ણને દયા આવી. બ્રાહ્મણોને મુક્ત કર્યા.

સૌ રાજસભામાં આવ્યા. રાવણે દેવર્ષિને પૂછયું, ''આ બ્રાહ્મણોએ હિંસાત્મક યજ્ઞ ક્યારથી શરૂ કર્યો છે.'' દેવર્ષિએ તેની રોમાંચક અને રસભરી વાત કહી.

''**શાંડિલ્ય**નો આત્મા **મહાકાલ અસુર** બન્યો. તેણે વેરની વસુલાત માટે હિંસક યજ્ઞનું પ્રવર્તન કર્યું. તેની વિગતવાર કથા નારદજીએ કહી. શાંડિલ્યે આસુરી વિદ્યાથી નગરમાં રોગો ફેલાવ્યાં અને પ્રચાર કર્યો કે, 'જે **પર્વત**નો મત સ્વીકારશે તેના રોગ શાંત થઈ જશે.' જે કોઈ તેના અનુયાયી થતાં તેનો રોગ અદશ્યપણે રહી શાંડિલ્ય દૂર કરતાં. હવે પર્વતના અનુયાયીઓનો એક વિરાટ વર્ગ થયો. **સગરરાજ**ને કર્ણોપકર્ણ આ સમાચાર મળ્યા. અંત:પુર રોગોથી ઘેરાયું ત્યારે રાજાએ પર્વતના ચરણ પકડયા. શાંડિલ્યની દૈવી સહાયથી અંત:પુર રોગ રહિત થયો. સગરરાજે પર્વતના પડખાં સેવવાં શરૂ કર્યાં. 'યજ્ઞ નિમિત્તે સુરાપાન, વેશ્યાગમન, માંસાહાર કરવું એ પાપ નથી' એવું ઠસાવી પર્વતે સગરરાજને પાકો સુરાપાની, માંસાહારી અને પરસ્ત્રીગામી બનાવ્યો. માયાથી દેવવિમાન બતાવ્યા. દેવના મુખેથી 'યજ્ઞથી સ્વર્ગ મળે છે' તેવી વાણી સંભળાવી. હવે લોકો આંખ મીંચી યજ્ઞ કરવા લાગ્યા.

મેં **દિવાકર** નામના વિદ્યાધર મિત્રને યજ્ઞ માટે ભેગાં કરેલાં પશુઓના અપહરણના સમાચાર મોકલ્યા. મહાકાલે વિભંગ જ્ઞાનથી જોયું. તેણે **ઋષભદેવ**ની પ્રતિમાની સ્થાપના કરી તેથી વિદ્યાધરોની વિદ્યા પાછી પડવા લાગી. મહાકાલે સગરરાજ પાસે ઘણાં યજ્ઞો કરાવ્યાં. અંતે સગરનાં પુત્રે પિતા અને માતાને ઉપાડી યજ્ઞમાં હોમી દીધાં. હે દશમુખ ! ત્યારથી આ હિંસક યજ્ઞો ચાલી રહ્યાં છે.''

આમ, લંકેશપતિ રાવણ અને દેવર્ષિ નારદે મળીને મરુત રાજાને બોધ પમાડી યજ્ઞ બંધ કરાવી સર્વ જીવોને અભયદાન આપ્યું.

**મહાનામ** : (જૈન ધર્મમેં દાન)

**કપિલવસ્તુ**ના **મહાનામ**ના રોમરોમમાં પરોપકાર અને કરુણાની ભાવના રમી રહી હતી. **શ્રાવસ્તી**ના રાજા **વિડુડભે** કપિલવસ્તુ પર ચઢાઈ કરી છે એવી ખબર મળતાં તેનું હૃદય રડી પડયું. 'સત્તા મદાંધો દ્વારા નિર્દોષ પ્રજાજનો પર અત્યાચાર કરીને શો ફાયદો ?' આ વિચાર તેના મગજમાં ઘૂમરાવા લાગ્યો. ત્યાં તો તેને સમાચાર મળ્યા કે કપિલવસ્તુનો શાસક રણભૂમિ છોડી ભાગી ગયો છે. મહાનામ કાયર શાસકને મનોમન ધિક્કારવા લાગ્યો.

વિજયી વિડુડભે કિલ્લો તોડયો અને નગરપ્રવેશ કર્યો. તેણે સૈનિકોને આજ્ઞા કરી કે, ''આજ મારે વિશ્વાસઘાત અને અપમાનનો બદલો લેવો છે. જેટલી સંપત્તિ મળે એટલી લૂંટી લો.'' સૈનિકોને ખુલ્લી છૂટ મળતાં જ તેઓ લૂંટફાટ, હત્યા, અપહરણ અને અગ્નિકાંડમાં પ્રવૃત્ત થયા. ચારે બાજુ હાહાકાર મચી ગયો. દીન-હીન પ્રજા ભયભીત બની ચારે બાજુ નાસ-ભાગ કરવા લાગી.

મહાનામ નગરજનોની થતી વલેપાતથી ભાંગી પડયો. તેને આઘાત લાગ્યો. વેદનાથી વ્યથિત મહાનામને એક વાત યાદ આવી ગઈ. તે તરત વિજયોન્મત્ત વિડુડલ રાજા પાસે પહોંચ્યો, ''રાજન્! મને ઓળખો છો ?'' રાજાએ સિંહાસન પર બેસતાં શ્રદ્ધાપૂર્વક કહ્યું, ''તમને કોણ નથી જાણતું ? તમે જ્ઞાન, શીલ, સંસ્કાર અને સભ્યતાથી સર્વ નાગરિકોમાં જ્યેષ્ઠ અને શ્રેષ્ઠ છો, એટલે તો નગરજનો તમને મહાનામ કહે છે.''

મહાનામે કહ્યું, ''હું આવો પરિચય દર્શાવી કોઈ સ્વાર્થલાભની આશાથી અહીં નથી આવ્યો. હું એમ પૂછું છું કે મારો અને તમારો કોઈ સંબંધ છે કે નહીં ?'' મહાનામે 'સંબંધ' શબ્દ પર વિશેષ ભાર મૂકી પ્રશ્ન

કર્યો. ભરાવદાર ચહેરો, દુગ્ધવલ દાઢી, સલિલપૂર્ણ સરોવર જેવી કરુણાપૂર્ણ આંખો, સંયમથી સશક્ત દેહ મહાનામની પ્રતિભામાં વૃદ્ધિ કરી રહ્યા હતા.

આ પ્રતિભાસંપન્ન વિભૂતિના શબ્દો પર વિચાર કરતાં રાજા ભૂતકાળનાં સોપાનો પાર કરી ઠેઠ બાલ્યકાળના કિનારે પહોંચ્યા. 'શ્રાવસ્તીના રાજા પ્રસેનદિને કન્યા માંગી હતી પરંતુ અભિમાની નાગરિકોએ ઈન્કાર કર્યો તેથી વાતાવરણ યુદ્ધમાં ફેરવાયું. તે સમયે મહાનામે પોતાની દાસી પુત્રીને આપી પ્રસેનદિનને શાંત કર્યો.' એ જ દાસીપુત્રીનો પુત્ર વિડુડભ હતો. 'આ ષડ્યંત્રે સ્વયંને કલંકિત કર્યો છે,' એવું માની તે બદલો લેવા માંગતો હતો. મહાનામ તેના નાના હતા. બાલ્યાવસ્થામાં તે મોસાળ આવ્યો હતો, ત્યારે નાના પાસે તેણે એક વર્ષ સુધી વિદ્યાધ્યયન કર્યું હતું. તે દૃષ્ટિએ મહાનામ તેના વિદ્યાગુરુ પણ હતા.

વિડુડભે શાંત બની કહ્યું, ''નાના અને ગુરુદેવ!'' મહાનામે કહ્યું, ''રાજન્! હું તને એ યાદ કરાવવા આવ્યો છું કે, વિદ્યાધ્યયન પશ્ચાત તું ગુરુદક્ષિણાનો આગ્રહ કરી રહ્યો હતો ત્યારે મેં તને થાપણ રૂપે રાખવાનું કહ્યું હતું.'' વિડુડભે કહ્યું, ''હા, હું સમજી ગયો. આપ ન માંગો તો પણ દક્ષિણા આપવી એ મારો ધર્મ છે. આપનો કોઈ વાળ પણ વાંકો નહીં કરે. આપ સર્વથા નિર્ભય રહો.'' રાજાએ તત્કાલ સેનાપતિને આદેશ કર્યો કે, ''મહાનામનું ઘર સુરક્ષિત રહેવું જોઈએ. બાકી કપિલવસ્તુ સાથે મારે જૂનું વેર છે. એના અભિમાનને ચૂર કર્યા વિના હું અહીંથી હટીશ નહીં.''

મહાનામે ગંભીર સ્વરે કહ્યું, ''ઉભા રહો ! હું એવો સ્વાર્થી નથી કે ફક્ત મારી જ રક્ષા ઈચ્છું. હું તો આખી નગરીની રક્ષા ચાહું છું.'' વિડુડલે ભૂકંપની જેમ ગર્જતાં કહ્યું, ''ગુરુદેવ ! એવો આગ્રહ ન કરો. હું જે આગમાં બળી રહ્યો છું તે હજારો ઉપદેશોથી શાંત થઈ શકે એમ નથી. એ તો સર્વસ્વ ભસ્મ કરીને જ જંપશે.'' મહાનામે કહ્યું, ''મારી ખાતર માનીજા ! આ અમાનવીય કૃત્ય મારાથી ખમાતું નથી. ક્ષમા કર ભાઈ ! આ આગને ઠારી દે.'' વિડુડભે કહ્યું, ''આજ તો આગળ-પાછળનો હિસાબ પૂર્ણ કરવો છે. હા, બાલ્યકાળમાં મેં આપની જલક્રીડા જોઈ છે, તે મને બરાબર યાદ છે; માટે આ તળાવમાં આપ જ્યાં સુધી ડુબકી મારી રહેશો ત્યાં સુધી હું હિંસા બંધ કરાવીશ. જે ભાગવા ઈચ્છે છે, તેને એટલી વાર સુધી ભાગવા દઈશ.'' મહાનામે કહ્યું, ''સારું રક્તપાત જેટલો ઓછો થાય એટલું સારું.'' મહાનામની આંખમાં ચમક આવી ગઈ. કંઈક વિચાર કરી મહાનામ તળાવની પાસે આવ્યો.

વિડુડભે વિચાર્યું, 'આ વૃદ્ધ આખરે ક્યાં સુધી પોતાનો શ્વાસ રોકી રાખશે ? એટલા સમયમાં કેટલા વ્યક્તિ બચશે ? જે પણ હોય, એથી ગુરુવચન પાલન થશે અને મારી વૈર-પિપાસા પણ શાંત થશે.'' આ બાજુ નગરજનો ભયગ્રસ્ત હતાં, છતાં ખુશખબર સાંભળી આ દૃશ્ય જોવા સરોવર તટે આવી પહોંચ્યા. નગરમાં ઘોષણા થઈ રહી હતી કે મહાનામ સરોવરમાં ડુબકી લગાવી રહેશે; ત્યાં સુધી સર્વને અભય છે.'' ત્યાં સુધીમાં મહાનામે સરોવરમાં ડુબકી લગાવી દીધી હતી. તળાવની વચ્ચોવચ્ચ જે કીર્તિસ્થંભ હતો, તેની સાથે પોતાના ખભા ઉપર રહેલ ઉત્તરીય (ખેસ) દ્વારા પોતાના શરીરને તેમણે બાંધી જલસમાધિ લીધી. મહાનામના હૃદયમાં વાત્સલ્ય ભાવ, કરુણા અને સર્વકલ્યાણની ઉમદા ભાવના હતી. તેઓ પ્રાણાર્પણ ભાવનાથી સદાને માટે જળમાં પોતાને લીન કરી ચૂક્યા હતા. ક્ષણ, બે ક્ષણ, કલાક, બે કલાક થયા. પરંતુ મહાનામ પાણીની સપાટી ઉપર ન આવ્યા, તે ન જ આવ્યા. વિજયી વિડુડભ અને લૂંટની કામનાવાળા સૈનિકો પ્રતીક્ષા કરતાં થાકી ગયા, પરંતુ તેઓ ઉપર ન આવ્યા. વિડુડભ ચતુર હતો. તે આ ઘટનાનો અર્થ સમજી ગયો. તેને વજ્રઘાત જેવો

આઘાત લાગ્યો. તેની વૈરાગ્નિ શાંત થઈ ગઈ. ''નાનાએ નગરજનોની રક્ષા માટે પોતાના પ્રાણોની આહુતિ આપી ?'' આ વાત સાંભળી કપિલવસ્તુના નર-નારીઓ દોડીને ત્યાં આવ્યા. કીર્તિસ્થંભ સાથે બાંધેલ તેમના પાર્થિવ દેહને બહાર કાઢયો. નગરજનોએ રડતી આંખે શ્રદ્ધાંજલિ આપી. નગરીએ એક મહામાનવને ખોયો; જેણે કપિલવસ્તુના પ્રજાજનોને જીવિતદાન આપ્યું.

પરમ કારુણિક મહાનામનો ત્યાગ ઉચ્ચ કોટિનો હતો. તેમણે જીવોની અનુકંપા નિમિત્તે પોતાના પ્રાણોને ખોઈને કપિલવસ્તુના ભયત્રસ્ત નાગરિકોને સંકટમુક્ત અને ભયમુક્ત કર્યા તેમજ હજારોના પ્રાણ-ધન-જનની રક્ષા કરી.

**મહાવીર સ્વામી - સોમશર્મા વિપ્ર :** (આવશ્યક ચૂર્ણિ, ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર)

**વર્ધમાન કુમારે** દીક્ષિત થવા પૂર્વે નિત્ય સૂર્યોદય થી કરીને સવા પ્રહર સુધી દીન-દુઃખી, અનાથ, નિરાધાર લોકોને એક કરોડ એંસી લાખ સોનામહોરનું દાન આપ્યું. તે વખતે **શકેન્દ્ર** તેમના હાથની સંભાળ રાખતા, **ઈશાનેન્દ્ર** ભંડારમાંથી સોનામહોરો કાઢી આપતાં, **ચમરેન્દ્ર** છડી પોકારી ગિરદી થવા ન દેતાં તથા **બલીન્દ્ર** દાન લેનારનાં ભાગ્ય પ્રમાણે વધારે જાય તો ઓછું કરીને આપતાં તથા ઓછું હોય તો વધારે કરીને આપતાં, પણ કોઈને ખબર પડવા ન દેતાં. **વ્યંતર દેવો** ચોર, લૂંટારા આદિથી બચાવી લોકોને પોતાના ઈચ્છિત સ્થાને પહોંચાડતાં.

વર્ધમાન કુમારે એક વર્ષ સુધીમાં કુલ ત્રણ અબજ, અઠયાસી કરોડ અને એંસી લાખ સોનામહોરનું દાન આપ્યું. રાજા - રંક - શ્રીમંત - ગરીબ દરેકે તેમના દાનનો લાભ લીધો. ત્રીસ વર્ષની ભરયુવાન વયે વૈભવને તિલાંજલિ આપી માગસર વદ દશમના દિવસે , વિજય મુહૂર્તે રાજકુમાર **મહાવીર** આત્મજ્યોતિ પ્રજ્વલિત કરવા મોટા ભાઈ **નંદીવર્ધન**ની અનુમતિ મેળવી એકાંકી દીક્ષિત થયા. તેમણે દીક્ષા લેતાં પહેલાં વસ્ત્રાભૂષણોનો સંપૂર્ણ ત્યાગ કર્યો પરંતુ **ઈન્દ્ર મહારાજા**એ દેવદૂષ્ય તેમના ખભે નાખ્યો હતો.

પ્રવ્રજ્યા ગ્રહણ કર્યા પછી ભગવાને ત્યાંથી પ્રસ્થાન કર્યું. માર્ગમાં **સિદ્ધાર્થ** રાજાના પરિચિત મિત્ર **સોમ** નામના વિપ્ર મળ્યા.

ક્ષત્રિયકુંડમાં સોમ બ્રાહ્મણ સિદ્ધાર્થ મહારાજાનો બાળ મિત્ર હતો. તે જુગારનો વ્યસની હોવાથી બધું ગુમાવી બેઠો. ધન પ્રાપ્તિ માટે વિદેશ ગયો પરંતુ ભાગ્યહીન હોવાથી કંઈ પ્રાપ્ત ન થતાં ઘરે પાછો આવ્યો. કંઈ પણ લીધા વિના ઘરે આવ્યો તેથી બ્રાહ્મણીના ગુસ્સાનો કોઇ પાર ન રહ્યો. તેણીએ કહ્યું, ''અરે અભાગિયા ! સિદ્ધાર્થ નંદન વર્ધમાન કુમારે એક વર્ષ સુધી છૂટા હાથે દાન આપ્યું ત્યારે ક્યાં ગયા હતા ?'' બ્રાહ્મણીએ તેને હડધૂત કરી કાઢી મૂકતાં કહ્યું, ''વર્ધમાન કુમાર પાસે જાઓ. તે તો દયાના સાગર છે, જરૂર કંઈક આપશે.'' બ્રાહ્મણ પ્રભુની તપાસ કરી **કુમારગ્રામ** પહોંચ્યો. ત્યાં પ્રભુને પોતાની આપવીતી કહી.

''ભગવન્ ! હું દીન અને દરિદ્ર છું. ખાવા માટે અન્ન નથી, પહેરવા માટે પૂરતાં વસ્ત્રો નથી કે રહેવા માટે સારું ઝૂપડું પણ નથી. ભગવાન ! જે સમયે આપે સંવત્સરિક દાન આપ્યું હતું, તે વખતે હું ભૂખથી ટળવળતાં પરિવારને છોડીને ધનની આશાથી દૂર પ્રદેશમાં ભીખ માંગવા ગયો હતો. મુજ અભાગિયાને એ ખબર ન પડી કે, આપ ધનનો વરસાદ કરી રહ્યા છો. હું હતાશ અને નિરાશ થઈને ખાલી હાથે ઘરે પાછો આવ્યો. ભાગ્યની મજાક કરતાં પત્નીએ કહ્યું, 'પતિદેવ ! અહીં સોનાનો મેઘ ઉમટી ઉમટીને વરસી રહ્યો હતો. તે વખતે આપ ક્યાં

ભટકી રહ્યા હતા ? હજી પણ જલ્દી જાઓ અને મહાવીર પાસે યાચના કરો. તે દીનબંધુ આપને ન્યાલ કરી દેશે.' ભગવન્! કૃપા કરો આ દીન બ્રાહ્મણ આપની પાસે ભીખ માંગી રહેલ છે.''

મહાવીરે કહ્યું, ''ભદ્ર! અત્યારે હું એક અકિંચન ભિક્ષુ છું.'' બ્રાહ્મણે કહ્યું, ''ભગવન્! હું કલ્પવૃક્ષ સમીપ આવ્યો છતાં મારી મનોવાંછિત કામના પૂરી નહીં થાય ?'' આટલું કહેતાં તેનું ગળું રુંધાઈ ગયું. આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી. તે મહાવીરના ચરણારવિંદોમાં આળોટવા લાગ્યો.

બ્રાહ્મણની દયાજનક દશા જોઈ મહાવીરનું દયાળુ હૃદય દ્રવી ઉઠયું. પાત્ર-અપાત્રનો વિચાર કર્યા વિના વિલંબે તેમણે **ઈન્દ્રે** આપેલું દેવદૂષ્ય ચીવરનો અર્ધ ભાગ તેને આપી દીધો. બ્રાહ્મણ પોતાના ભાગ્યની પ્રશંસા કરતો ચાલ્યો ગયો. બ્રાહ્મણી તે દિવ્ય ચીવરને જોઈ ઘણી સંતુષ્ટ થઈ. તેના છેડા બરાબર કરવા માટે તેણે રફૂગરને તે કપડું આપ્યું. રફૂગર તે અમૂલ્ય કપડાની ચમક દમક જોઈ ચોંકી ઉઠયો. બ્રાહ્મણે તેનાં આશ્ચર્યનું સમાધાન કરતાં બધી હકીકત સંભળાવી દીધી. રફૂગરની પ્રેરણાથી પ્રેરિત થઈને તે ફરીથી અડધું ચીવર લેવા દોડયો. એક વર્ષને એક માસ સુધી રહ્યા પછી તે ચીવર મહાવીર સ્વામીના ખભા પરથી આપોઆપ નીચે સરી પડયું. બ્રાહ્મણે તે લઈ રફૂગરને આપ્યું. તેણે તેને ઠીક કરી આપ્યું. સોમ બ્રાહ્મણે એક લાખ સુવર્ણ મુદ્રામાં આ ચીવર નંદીવર્ધનને વેચી દીધું. બ્રાહ્મણની જીવનભરની દરિદ્રતા પ્રભુએ દૂર કરી તેને સુખી બનાવ્યો.

ભગવાન મહાવીર ધર્મચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ પામ્યા. સંસાર ત્યાગ પછી પહેલે જ પગલે અજાણ્યો ગોવાળ ગુસ્સાથી રાશનો માર મારવા દોડયો પરંતુ ઈન્દ્રે બચાવી લીધા. પછી તો કષ્ટોની પરંપરા ચાલી અને અંતે આવ્યો આ **ગોશાલક** !

ગોશાલક ભગવાન મહાવીરને પ્રતિસ્પર્ધી માની તેમને મિટાવી દેવાની પેરવીમાં હતો. શાસ્ત્ર ચર્ચાને બદલે તેણે ગાલી પ્રદાન આરંભ્યું. મુનિવર્ગમાં ઉશ્કેરણીનું મોજું ઘૂમી રહ્યું પરંતુ ભગવાને કહ્યું, ''એની પ્રકૃતિ જ એવી છે. પ્રકૃતિ અને પ્રાણ સાથે જાય તેના પ્રત્યે ક્રોધને બદલે કરુણા જ શોભે !''

ગોશાલક વધુ ગુસ્સે ભરાયો. કટુવચનો બોલવા લાગ્યો. એને શિખામણ આપવા આવેલ ભગવાનના શિષ્ય **સર્વાનુભૂતિ**ને બાળીને ખાખ કરી નાંખ્યા. એમના સ્થાને આવેલા **સુનક્ષત્ર મુનિ** પણ ગોશાલકની આંખમાંથી નીકળતી જ્વાળાઓમાં ભસ્મીભૂત થયા. સર્વત્ર ભયનું વાતાવરણ પ્રસરી ગયું. આવા સમયે ભગવાન મહાવીર આગળ આવ્યા. ગોશાલક માટે આ સૌથી મોટી ઘડી હતી. મહાવીરને મિટાવીને શિષ્યત્વનું કલંક એને દૂર કરવું હતું. તેને પોતાની સિદ્ધિમાં મહાવીર કંટક સમાન દેખાતા હતા કારણકે એ દૂર થાય તો ગોશાલક જગતમાં અપરાજેય બની જાય.

ગોશાલકના અંગેઅંગમાં ઝનૂન વ્યાપી ગયું. એ સાત-આઠ પગલાં પાછો ફર્યો. આંખમાંથી પ્રચંડ આગ નીકળી. તે આગને મહાવીર ઉપર ઠરાવી એણે ભયંકર ફુત્કાર કર્યો. સળગતી આગનું પ્રચંડ વર્તુળ ભગવાનના દેહને વિંટળાઈ વળ્યું પરંતુ ગોશાલક કંઈ વધુ વિચારે તે પહેલાં તો એ તેજ વર્તુળ મહાવીરના દેહમાં પ્રવેશવાને બદલે ધર્મ ચક્રવર્તીને પરિક્રમા કરીને ગોશાલક તરફ ધસ્યું ને ગોશાલકના દેહમાં સમાઈ ગયું. ગોશાલક પળવારમાં વિરૂપ બની ગયો ! કરુણાશીલ ભગવાને ક્ષમાદાન આપતાં એટલું જ કહ્યું, ''એક દિવસ તને મારો અંધ અનુરાગ હતો. આજે તું દ્વેષમાં અંધ બન્યો છે. રાગ અને દ્વેષ એ ઢાલની બે બાજુ છે, એને વીસરી જા! સ્વસ્થ થા! શાંત થા આત્મકલ્યાણનો વિચાર કર!'' સાતમા દિવસે કારમી વેદના અનુભવતો

ગોશાલક મૃત્યુ પામ્યો.

શ્રમણ ભગવાન મહાવીર **વૈશાલી**માં પધાર્યા. એક અનોખું અને નિર્જન સ્થાન સાધના માટે પસંદ કર્યું. એક લુહારનો એ ડેલો હતો. સાવ ખાલી અને અવાવરૂ. વૈશાલીનો જનગણ મહાવીરને અભિનંદી રહ્યો. 'વાહ પ્રભુ! હવેલી મૂકી લુહારની કોઢને આશ્રય બનાવ્યો! ધન્ય અનાસક્તિ!' થોડા દિવસ વીત્યા. લુહાર બહારગામથી પાછો આવ્યો. પોતાના મકાનમાં અજાણ્યા સાધુને જોઈ તે ચમક્યો. એને થયું કે, 'મારી ગેરહાજરીમાં મારું મકાન કોણે પચાવી પાડયું?' એણે સાધુને જોયા એટલે ગુસ્સાનો પાર ન રહ્યો. એને થયું, 'ભારે અપશુકન થયા.' એ ક્રોધથી કંપી રહ્યો. એ મોતના દરવાજે હાથ દઈને આવ્યો હતો તેથી એને અપશુકનમાં મોત દેખાયું. ક્રોધથી કંપતા લુહારે તપસ્વીને મારવા બાજુમાં પડેલો વજનદાર ઘણ ઉપાડયો. એણે નક્કી કર્યું કે, 'એવા જોરથી લગાવું કે પળવારમાં રામ રમી જાય.' કોઈએ તેને અટકાવ્યો છતાં તે ન માન્યો. યોગી મહાવીર અચળ ઊભા હતા. લુહારે ઉશ્કેરાટમાં ઘણ વીંઝ્યો. હમણાં યોગી ઢળી પડશે એવો ખેલ રચાયો! એણે ઘણને જોરથી વીંઝ્યો પણ સામે જવાને બદલે હાથમાંથી છટક્યો અને સીધો પોતાના મસ્તકે પડયો. બીજાનું બુરું કરવા જતાં પોતાનું જ બુરું થયું! બીમારીમાંથી માંડ ઉઠેલો લુહાર પોતાના જ ક્રોધનો કોળિયો બની ગયો. અનુકંપાના દરિયા સમાન પ્રભુને તેના પ્રત્યે અંશમાત્ર દ્વેષ ન પ્રગટયો.

આમ, ભગવાન મહાવીર ઉપર પારાવાર ઉપસર્ગો આવ્યાં પરંતુ તેમનો પ્રત્યેક જીવો પ્રત્યેનો દયા-કરુણાભાવ અંશમાત્ર ઓછો ન થયો.

**મહેશ્વરદત્ત**: (પરિશિષ્ટ પર્વ; પ્રબંધ પંચશતી, ક.૪૨૫)

**તામ્રલિપ્ત** નગરમાં **સમુદ્ર** નામના શ્રીમંત શ્રેષ્ઠી રહેતાં હતાં. તેમની પત્નીનું નામ **બહુલા** હતું. તે માયા, પ્રપંચી અને લોભી નારી હતી. તેમનો **મહેશ્વરદત્ત** નામે પુત્ર હતો. તેની **ગાંગિલા** નામની પ્રિયા હતી. શેઠે મૃત્યુની અંતિમ પળોમાં પુત્રને બોલાવી કહ્યું, ''વત્સ! મારી અંતિમ ઈચ્છા છે કે, આપણા રિવાજ પ્રમાણે તું મારા શ્રાદ્ધના દિવસે સર્વ કુટુંબીજનોને આમંત્રિત કરી પાડાનાં માંસનું ભોજન કરાવી તૃપ્ત કરજે. જેથી મારી સદ્‌ગતિ થાય.'' કહ્યાગરા મહેશ્વરદત્તે પિતાને વચન આપ્યું. શેઠ મૃત્યુ પામી એ જ નગરમાં પાડો થયો. બહુલા શેઠાણીને ઘર પ્રત્યે અત્યંત આસક્તિ હતી તેથી તે પણ અનુક્રમે મૃત્યુ પામી તે જ ઘરમાં કૂતરી તરીકે જન્મી, ઘરનો ચોકીપહેરો કરવા લાગી. 'જેવી મતિ તેવી ગતિ! અને જ્યાં આસક્તિ ત્યાં ઉત્પત્તિ!'

મહેશ્વરદત્ત હવે ઘરનો મોભી બન્યો. તેની પત્ની ગાંગિલા સ્વભાવે અતિશય ચંચળ હતી. સાસુ સસરાના મૃત્યુ પછી કોઈ રોકટોક કરનાર ન રહેતાં તે સ્વચ્છંદી બની ગઈ. તેણે પરપુરુષ સાથે સંબંધ બાંધ્યા. મહેશ્વરદત્ત એનાથી અજાણ હતો. એક દિવસ અચાનક મહેશ્વરદત્ત જલ્દી ઘરે આવ્યો ત્યારે એણે ગાંગિલાને વ્યભિચારી પુરુષ સાથે ભોગ ભોગવતાં જોઈ.

મહેશ્વરદત્તને અચાનક જોઈ બન્ને ભયભીત થયાં. મહેશ્વરદત્તે ગુસ્સામાં જાર (વિટ્) પુરુષના કેશ પકડી તેને પાદ પ્રહાર વડે ઢોર માર મારી અધમૂઓ કર્યો. તે જીવ લઈને નાઠો પરંતુ દોડતાં દોડતાં ઠેસ વાગવાથી તે પડી ગયો. તેનું કપાળ ફૂટી જતાં મૃતઃપ્રાય જેવો થયો ત્યારે પસ્તાવો કરવા લાગ્યો કે, 'ધિક્કાર છે મને! મેં આવું અપકૃત્ય કર્યું?' તે જાર પુરુષને ગાંગિલા પ્રત્યે અત્યંત પ્રીતિ હતી તેથી તે મૃત્યુ પામી પોતાની પ્રેયસીના જ ગર્ભમાં અવતર્યો.

સમય પૂર્ણ થતાં ગાંગિલાએ પુત્ર પ્રસવ્યો. જ્યારે તેનો જન્મ થયો ત્યારે મહેશ્વરદત્ત જાણે પોતાનો જ પુત્ર છે એમ સમજી પ્રેમ કરવા લાગ્યો. તેણે બાળકનો પ્રેમથી ઉછેર કર્યો. પુત્ર સ્નેહમાં મહેશ્વરદત્ત પોતાની પત્નીનો કુલટાપણાનો દોષ ભૂલી ગયો.

એકવાર મહેશ્વરદત્તે પિતાનાં શ્રાદ્ધના દિવસે પિતાની પ્રીતિ માટે યોગાનુયોગ પિતાનો જ જીવ જે પાડો થયો હતો તેને જ ખરીદી તેનો વધ કર્યો. પિતૃને ભોગ આપી તે ભોજન કરવા બેઠો. પોતાના પુત્રને ખોળામાં બેસાડીને મહેશ્વરદત્ત તેને પણ માંસનું ભક્ષણ કરાવવા લાગ્યો. માતા જે કૂતરી બની હતી તે ઘરના બારણે બેસી રહેતી હતી. તે પણ માંસના લોભથી ત્યાં આવી. મહેશ્વરદત્તે માંસ સહિત હાડકાંનો ટૂકડો કૂતરીને નાંખ્યો. તે પૂંછડી પટપટાવતી પોતાના પતિનાં હાડકાં ખાવા લાગી. તે વખતે માસક્ષમણનાં તપસ્વી મુનિ ભિક્ષા માટે તેને ત્યાં આવ્યાં.

મુનિએ જ્ઞાનાતિશયથી મહેશ્વરદત્તના ઘરનું સ્વરૂપ જાણ્યું. "મોહનો કેવો વિલાસ!" તેથી મુનિ પાછા વળ્યા. ત્યારે આશ્ચર્ય પામેલ મહેશ્વરદત્ત તેમની પાછળ ગયો અને પૂછયું, "હે મહાત્મા! ભિક્ષા ગ્રહણ કર્યા વિના કેમ પાછા ફર્યા?" ત્યારે મુનિએ કહ્યું, "તારા ઘરમાં બધું અસમંજસ (અનુચિત) દેખાય છે." શેઠે પૂછયું, "શું અસમંજસ દેખાય છે?" શેઠ બોધ પામશે એમ જાણી સાધુએ કહ્યું, "હું માંસાહારીનાં ઘરનું ભોજન વહોરતો નથી. તું તો તારા જ પિતાનું માંસ ખાય છે. વળી, તારા શત્રુને ખોળામાં બેસાડીને માંસ ખવડાવી રહ્યો છે તેમજ તારી માતા જે મૃત્યુ પામીને કૂતરી બની છે તે તેના પતિનું માંસ ખાય છે." ત્યારે મહેશ્વરદત્તે પૂછયું, "આ કેવી રીતે જાણ્યું? તેની શું ખાતરી છે?" મુનિએ કહ્યું, "જે પાડો મરેલો છે તે તારો પિતા છે. જે કૂતરી છે તે તારી માતા છે. જે તારો પુત્ર છે, તે તારી પત્નીનો ઉપપતિ (યાર) છે. તે તારા વડે જ પૂર્વે મરાયેલો હતો. તે જ મૃત્યુ પામી તારો પુત્ર થયો છે. પૂર્વે જે દ્રવ્ય દાટેલું છે. તે કૂતરીને પૂછ, તે તને બતાવશે." કૂતરીને જ્યારે ગુપ્ત ખજાના વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે પગથી જમીન ખોદીને નિધાન બતાવ્યું.

તે જોઈ સંસારથી ઉદ્વેગ પામેલો મહેશ્વરદત્ત શ્રાદ્ધ છોડી શ્રાવક બન્યો. સુપાત્રમાં તેણે પોતાની સંપત્તિનો વ્યય કરી પ્રવ્રજ્યા ગ્રહણ કરી.

ભિક્ષા માટે આવેલા પરોપકારી સંતે મહેશ્વરદત્તને માંસાહાર છોડાવી; સંસારની અસારતા સમજાવી; અભયદાની બનાવ્યો.

**માળી :** (જૈન કથાઓ ભાગ ૧૭, પૃ.૨૨)

**જયપુર** નામના નગરમાં **ધન** નામનો ઉદ્યાન હતો. આ ઉદ્યાનનો દેખરેખ રાખનાર માળી સ્વભાવે અત્યંત ભદ્ર અને જીવદયા પ્રેમી હતો. તે ઉદ્યાનના છોડોની પુત્રવત્ માવજત કરતો. તેણે દયાભાવથી પ્રેરાઈ વૃક્ષોને ગાળીને પાણી પીવડાવ્યું. જેનાથી પાણીમાં રહેલા પાંચ પોરાનું જતન કર્યું. આ પાંચે જીવો તિર્યંચ પંચેન્દ્રિયમાં ઉત્પન્ન થયા. ત્યાંથી કાળ કરી મનુષ્ય ભવમાં ઉત્પન્ન થયા. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી વ્યંતર જાતિના દેવમાં યક્ષ તરીકે જન્મ્યા.

માળી મરીને જીવદયાના પરિણામે કુલપુત્ર થયો. તેના માતા-પિતા બાળપણમાં મૃત્યુ પામ્યાં. તેને ધનની અવશ્યક્તા પડી. તે પરદેશ જવા નીકળ્યો. માર્ગમાં એક વડના ઝાડ નીચે વિશ્રામ કરવા બેઠો. તે વૃક્ષ ઉપર વ્યંતર જાતિના યક્ષો રહેતાં હતાં. તે પાંચે યક્ષોએ અવધિજ્ઞાનથી જાણ્યું કે, 'આ કુલપુત્ર આપણા પૂર્વ

ભવનો ઉપકારી માળીનો આત્મા છે. તે અત્યારે નિર્ધન અને દુઃખી છે, માટે આપણે તેને સુખી કરવો જોઈએ.'

આમ વિચારી યક્ષે અદશ્યપણે કહ્યું, 'કુલપુત્ર ! આજથી પાંચમે દિવસે તું રાજા બનીશ.' કુલપુત્ર આ સાંભળી પ્રસન્ન થયો. તે પાંચમે દિવસે **વારાણસી** નગરીમાં આવ્યો. તે નગરીનો રાજા સંતાનહીન હતો. રાજાનું મૃત્યુ થતાં રાજ્યની ધુરા કોના હાથમાં સોંપવી એવો પ્રશ્ન ઊભો થયો ત્યારે મંત્રીએ પાંચ દિવ્ય કર્યા. હાથણીએ ફરતાં ફરતાં વારાણસીમાં આવેલ કુલપુત્ર ઉપર કળશ ઢોળ્યો. તેનો મંત્રીએ રાજ્યાભિષેક કર્યો. કુલપુત્ર વારાણસીનો રાજા બન્યો. તેણે મંત્રીઓને રાજ્ય સોંપ્યું અને તે સ્વયં વિષયસુખોમાં મોજમાણવા લાગ્યો.

રાજ્ય વહીવટમાં દુર્લક્ષ્ય સેવવાથી સીમડાના રાજાએ નગરને ઘેરો ઘાલ્યો. મંત્રીઓએ તે વાત રાજાને જણાવી. રાણી સાથે સોગઠાબાજી રમતા રાજાએ તે વાત ગણકારી નહીં. મંત્રી બીજીવાર રાણીને કહેવા આવ્યો. ત્યારે રાણીએ રાજાને સમજાવવાની કોશિશ કરી પરંતુ રાજાએ કહ્યું, ''તું શા માટે ચિંતા કરે છે ? વટવૃક્ષ પર નિવાસ કરતા યક્ષોએ જ મને રાજ્ય અપાવ્યું છે અને તેમની મરજી થશે તો રાજ્ય લઈ લેશે, માટે જે થવાનું હશે તે થશે. તું નિશ્ચિંતપણે રમત રમ.'' એમ કહેતાંની સાથે યક્ષો કુલપુત્રને સહાય કરવા દોડી આવ્યાં. તેમણે શત્રુ રાજાને દોરડાથી બાંધી કુલપુત્ર રાજાને પગે પડાવ્યા. આ ચમત્કાર જોઈ લોકો ભારે આશ્ચર્ય પામ્યા.

એકવાર કોઈ જ્ઞાની ગુરુ નગરમાં પધાર્યા ત્યારે લોકોના પૂછવાથી તેમની જિજ્ઞાસા સંતોષવા અને અભયદાનની મહત્તા બતાવતાં તેમણે કહ્યું, ''રાજાએ પૂર્વભવમાં પાંચ પોરાઓનું રક્ષણ કર્યું હતું. આ પોરાઓ વર્તમાને યક્ષપણું પામ્યા છે. પૂર્વભવના ઉપકારનો બદલો વાળવા આ યક્ષોએ શત્રુ રાજાથી રક્ષણ કર્યું છે.''

આમ, વધ-બંધનથી ભય પામેલા જીવોને છોડાવી નિર્ભય બનાવવા તે અભયદાન છે. સમસ્ત પૃથ્વીના દાન કરતાં જીવિતદાન - અભયદાન શ્રેષ્ઠ છે.

**મેતાર્ય મુનિ :** (ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ)

**સાંકેતપુર પાટણ**માં **ચંદ્રાવતંસ** નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની બે રાણીઓ હતી. **સુદર્શના** નામની રાણીએ **સાગરચંદ્ર** અને **મુનિચંદ્ર** નામના બે પુત્રોને જન્મ આપ્યો. **પ્રિયદર્શના** નામની રાણીએ **ગુણચંદ્ર** અને **બાળચંદ્ર** નામના બે પુત્રોને જન્મ આપ્યો. રાજાનું મૃત્યુ થતાં સાગરચંદ્ર યુવરાજ બન્યો. તે ન્યાયપ્રિય હતો. સંસારના કાવાદાવાથી કંટાળી સાગરચંદ્રએ પણ દીક્ષા લીધી. મુનિચંદ્ર રાજાનો પુત્ર **સૌવસ્તિક** પાખંડી હતો. **સુતયુગ** નામના પુરોહિત પુત્ર સાથે મળી સાધુઓને હેરાન કરવા લાગ્યો. સાગરચંદ્ર મુનિને આ સમાચાર મળતાં તેઓ અવંતિમાં આવ્યા. તેમણે પુરોહિત પુત્ર સહિત સર્વને પાઠ ભણાવ્યો. જ્યારે તેઓ દીક્ષા લેવા તૈયાર થયા ત્યારે જ તેમને સ્વસ્થ કર્યા. મુનિચંદ્ર રાજાએ જૈનધર્મ અપનાવ્યો. તેમણે સર્વ ક્ષેત્રમાં ધનનો વ્યય કર્યો. મુનિની દુગંછા કરનાર રાજપુત્ર અને પુરોહિત પુત્ર દીક્ષિત થઈ શુદ્ધ ચારિત્ર પાળવા લાગ્યા. પુરોહિત પુત્ર બ્રાહ્મણ હોવાથી કોઈવાર 'સાધુના ધર્મમાં પવિત્રતા નથી' એમ કહીને મળ વગેરેને જોઈ દુગંછા કરતો. તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી દેવતા થયો. સ્વર્ગનું સુખ અનુભવતા બન્નેએ પૂર્વભવના સ્નેહના કારણે એકબીજાને કહ્યું કે, 'આપણા બે માંથી જે પ્રથમ ચ્યવીને મનુષ્ય થાય, તે બીજાને આવી પ્રતિબોધ પમાડે.' પુરોહિત પુત્રનો જીવ સ્વર્ગમાંથી ચ્યવી રાજગૃહી નગરીની ચાંડાળ સ્ત્રીની કુક્ષિએ આવ્યો. આ ચાંડાળ સ્ત્રી કોઈ શેઠને ત્યાં ઘરકામ કરતી હતી. શેઠાણીને માંસ-ભક્ષણનો દોહદ ઉત્પન્ન થયો. ચાંડાળ સ્ત્રીએ સહયોગ કરવા માંસ લાવી દોહદ

પૂર્ણ કર્યો તેથી શેઠાણીને તેના પ્રત્યે પ્રીતિ બંધાણી.

એકદા શેઠાણીએ ચાંડાળ સ્ત્રી સમક્ષ પોતાનું અસહ્ય દુઃખ પ્રગટ કરતાં કહ્યું, ''બહેન! કર્મ સંયોગે મને મરેલું બાળક જ અવતરે છે. હું શું કરું?'' પરોપકારી ચાંડાળ સ્ત્રીએ આશ્વાસન આપતાં કહ્યું, ''તમારે અને મારે એકસાથે જ ગર્ભ રહ્યો છે. આપણે બાળકોની અદલબદલ કરી લઈશું.'' પ્રસુતિની વેળા થતાં પૂર્વ નિયોજીત બાળકોની હેરાફેરી થઈ. ચાંડાલ સ્ત્રીએ પોતાનો પુત્ર શેઠાણીને આપ્યો. શેઠાણીએ તેનું **'મેતાર્ય'** નામ રાખ્યું.

શાસ્ત્રાદિનો અભ્યાસ કરી મેતાર્ય સોળ વર્ષનો થયો. સ્વર્ગમાં રહેલા બીજા દેવતાએ આવી મેતાર્યને યાદ દેવડાવ્યું કે, ''આપણે બન્ને સ્વર્ગમાં હતાં ત્યારે જે પ્રતિજ્ઞા કરી હતી તે તને યાદ છે? આ દીક્ષા ગ્રહણ કરવાનો સમય છે.'' દેવે વારંવાર પ્રતિબોધ્યો પણ મેતાર્ય વૈરાગ્ય પામ્યો નહીં. તેનું આઠ કન્યાઓ સાથે વેવિશાળ થયું. લગ્નના દિવસે મેતાર્ય શિબિકામાં બેસી રાજમાર્ગથી પસાર થતો હતો. ત્યાં મિત્ર દેવે ચાંડાળના શરીરમાં પ્રવેશ કર્યો. તે જોરથી બોલવા લાગ્યો, ''હે ભાર્યા! આપણો પુત્ર જો મૃત્યુ ન પામ્યો હોત તો હું પણ ઠાઠમાઠથી તેના લગ્ન કરત.'' ચાંડાળ સ્ત્રીએ પોતાના પતિને શાંત પાડવા સત્ય હકીકત જણાવી. પુત્ર મોહથી ચાંડાળ રોષે ભરાયો અને મેતાર્યને શિબિકામાંથી ઉતારી લોકો સમક્ષ કહ્યું, ''હે પુત્ર! તું ચાંડાળ કુળમાં ઉત્પન્ન થઈ રાજકન્યાઓ સાથે વિવાહ કરે છે? તારે તારા કુળને અનુરૂપ કન્યા પરણવી જોઈએ.'' સર્વના દેખતાં ચાંડાળ મેતાર્યને પોતાના ઘરે લાવ્યો.

ત્યાં દેવે પ્રગટ થઈ મેતાર્યને કહ્યું, ''મેં તને પ્રતિબોધ પમાડવા આ ષડ્યંત્ર રચ્યું હતું. હવે તું દીક્ષા લઈ મનુષ્ય જન્મ સફળ બનાવ.'' મેતાર્યએ કહ્યું, ''તેં મને વિષય-ભોગોથી નિવાર્યો તે ઉત્તમ છે પરંતુ તેં મને લોકોમાં વગોવ્યો તે મને ખૂંચે છે. જો તું મારું કલંક ઉતારીશ તો બાર વર્ષ સુધી સંસારમાં રહી પછી દીક્ષા લઈશ.'' દેવે પ્રસન્ન થઈ એક બોકડો આપ્યો. આ બોકડો પ્રતિદિન દિવ્ય રત્નો આપતો હતો. આ દિવ્ય રત્ન લઈ મેતાર્યના પિતા રોજ રાજાને ભેટ આપતા અને તેના બદલામાં રાજકુંવરીનો હાથ માંગતાં. ચાંડાળની આવી હરકતથી મંત્રીએ તેને હડધૂત કર્યો છતાં ચાંડાળનો આ નિત્ય ક્રમ ચાલુ જ રહ્યો.

રંગબેરંગી ચળકતાં, સર્વ દિશાઓમાં પ્રકાશ ફેલાવતાં દિવ્ય રત્નો જોઈ **અભયકુમારે** ચાંડાળને બોલાવી પૂછ્યું, ''તું આ રત્નો ક્યાંથી લાવે છે?'' ચાંડાળે દિવ્ય બોકડાનો વૃત્તાંત જણાવ્યો. અભયકુમારે તે વાત રાજાને કહી. રાજાએ બોકડાને પોતાને ત્યાં આણ્યો. બોકડો રત્નોને બદલે દુર્ગંધ કરવા લાગ્યો એટલે રાજાએ બોકડો ચાંડાળને પાછો આપ્યો. અભયકુમારે રાજાને કહ્યું, ''આ બોકડો દેવાધિષ્ઠ હોવાથી ચાંડાળના ઘરે જ રત્નોનો સમૂહ વરસાવે છે તેથી નક્કી એ કોઈ દેવતાની ચેષ્ટા છે, માટે આ મેતાર્ય ઉત્તમ પુરુષ હોવો જોઈએ. તેની પરીક્ષા કરો.''

અભયકુમારે ચાંડાળને બોલાવી કહ્યું, ''પિતાજીનું કહેવું છે કે, **મહાવીર સ્વામી વૈભારગિરિ** ઉપર છે. ત્યાંથી અહીં સુધીનો માર્ગ વિષમ હોવાથી પાકી સડક બનાવી માર્ગ સુગમ બનાવી દે.'' દેવની મદદથી તે પ્રમાણે થયું. ત્યારપછી રાજાના આદેશથી મંત્રીએ રાજગૃહીનો કિલ્લો સુવર્ણના કાંગરાવાળો બનાવડાવ્યો. વળી, અભયકુમારે કહ્યું, ''હે ચાંડાળ! તારા પુત્રને કિલ્લા સમાન ઊંચા સમુદ્ર પ્રવાહમાં સ્નાન કરાવે તો જ રાજા પોતાની પુત્રી આપશે.'' દેવતાની સહાયતાથી સમુદ્રમાં ચાંડાળે જનમેદનીનાં દેખતાં મેતાર્યને સ્નાન કરાવ્યું. છતાં રાજાએ પોતાની પુત્રી પરણાવી નહીં. ત્યારે અભયકુમારે કહ્યું, ''પૂર્વે સર્વ એક વર્ણના હતા. તે કાળે પણ

શું ઉત્તમ અને મધ્યમ સાથે વિવાહ નહોતાં થતાં ?'' અભયકુમારના કહેવાથી છેવટે રાજાએ પોતાની પુત્રી મેતાર્યને પરણાવી. પૂર્વે વળાવેલી કન્યાઓનાં પણ તેની સાથે લગ્ન થયાં. રાજાએ દહેજમાં એક મહેલ આપ્યો. મેતાર્યએ બાર વર્ષ સુધી સંસાર સુખો ભોગવ્યાં. બાર વર્ષ પછી મિત્ર દેવ પ્રતિબોધવા આવ્યો. પુત્રને ઘરનો ભાર સોંપી મેતાર્ય જિનકલ્પી સાધુ બન્યા.

મેતાર્ય મુનિ સોનીને ત્યાં ભિક્ષા માટે આવ્યા. સોની સોનાનાં જવ બનાવી રહ્યો હતો. મુનિને જોઈ તે વહોરાવવા માટે ઊભો થયો. એટલામાં ક્રૌંચ પક્ષી આવી જવ ચણી ગયું. મુનિ ભિક્ષા લઈ ચાલ્યા ગયાં. સોનીએ જવ ન જોયાં એટલે મેતાર્ય મુનિની પાછળ દોડયો. ''મારા સુવર્ણના જવ ક્યાં છે ? તમે લીધાં છે કે બીજું કોઈ લઈ ગયું ?'' મુનિએ વિચાર્યું, 'જો સત્ય કહીશ તો સોની ક્રૌંચ પક્ષીને મારી નાંખશે અને જૂઠું બોલીશ તો મહાવ્રતનો ભંગ થશે.' એવું ધારી મુનિ મૌન રહ્યાં. તેમના મૌનને સુવર્ણકારે ચોર સમજી ભીની વાધર વડે મુનિનું મસ્તક દૃઢપણે વીંટયું. ચક્ષુઓ બહાર નીકળી ગયાં. સમતા રસમાં ઝૂલતા મુનિએ જીવદયાની ચિંતવના કરતાં ક્ષપક શ્રેણી માંડી. ક્ષણવારમાં મુનિ મોક્ષે પહોંચ્યાં.

ક્રૌંચ પક્ષી ડોક હલાવતો આંગણામાં ફરતો હતો. મુનિનો દેહ ધબ દઈને જોરથી ધરતી પર પડયો. ક્રૌંચ પક્ષી ગભરાટમાં ચરકી ગયું. તેની ચરકમાંથી જવ નીકળ્યાં. આ જોઈને લોકોએ કહ્યું, ''સોનીએ રાજાના જમાઈનો વ્યર્થ ઘાત કર્યો છે તેથી રાજા સહકુટુંબનો વધ કરશે.'' રાજાનાં કાન સુધી આ સમાચાર પહોંચ્યા. રાજાએ સોનીને બોલાવી મૃત્યુદંડનો હુકમ કર્યો. સદ્‌નસીબે સોની સહકુટુંબ સાથે દીક્ષા લેવા તૈયાર થયો હતો. સુભટો રાજા પાસે આવી સર્વ વૃત્તાંત જણાવ્યો. રાજાએ ત્યાં આવી ચેતાવણી આપી કે, ''જો તમારામાંથી કોઈ પણ દીક્ષા ત્યજી દેશે તો હું એનો ઘાત કરાવીશ. તમે સંયમ માર્ગે જાઓ છો તેથી હું તમને અભયદાન આપું છું.'' પછી સુવર્ણકારે વીર પ્રભુ પાસે સપરિવાર સંયમ સ્વીકાર્યો. અનુક્રમે તે સર્વ મોક્ષપુરીમાં ગયા.

જ્ઞાનસારમાં અભયદાનનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે -

**''किं न तप्तं तपस्तेन, किं न दत्त महात्मना।**
**वितीर्णमभयं येन प्रीतिमालम्ब्य देहिनाम्।।''**

**અર્થ :** જે મહાપુરુષે જીવોને પ્રીતિથી આશ્રય આપી અભયદાન આપ્યું છે, તે મહાત્માએ કયું તપ નથી કર્યું અને કયું દાન નથી આપ્યું? અર્થાત્ તે મહાત્માએ સર્વ તપ અને સર્વ દાન આપ્યાં છે, કારણ કે અભયદાનમાં સર્વ તપ અને દાનનો સમાવેશ શાસ્ત્રકારોએ માન્યો છે.

**મેઘકુમાર - સુમેરુ હાથી :** (ઉપદેશતરંગિણી)

એકદા **પ્રભુ મહાવીર રાજગૃહી નગરી**ના ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. મેઘકુમારને પ્રભુનાં દર્શનની તીવ્ર ભાવના જાગી. તે રથમાં બેસી પ્રભુના સમવસરણમાં આવ્યાં. તેમને વંદન કરી દેશના સાંભળી મેઘકુમાર વૈરાગ્યવાસિત થયા. ''ભગવન્! હું આપની પાસે દીક્ષા લેવા ઈચ્છુ છું. આપ મને સંસાર સાગરથી તારો.'' ભગવાને કહ્યું, ''હે દેવાનુપ્રિય! તમને જેમ સુખ ઉપજે તેમ કરો, ધર્મના કામમાં ઢીલ ન કરો.'' મેઘકુમારે માતા-પિતાની આજ્ઞા મેળવી દીક્ષા લીધી. નવદીક્ષિત સાધુનો સૂવામાં છેલ્લો નંબર આવે તે વિનયધર્મની મર્યાદા અનુસાર મુનિની પથારી સૌથી છેલ્લે થઈ. તેમનો નંબર બારણા પાસે આવ્યો. સુકોમળ

શરીરધારી મેઘમુનિને કઠોર ભૂમિ અને સારી પથારી ન હોવાને કારણે જલ્દી ઊંઘ ન આવી તથા લઘુનીત આદિ કાર્યો માટે મુનિઓના આવાગમનથી કોઈકના પગની ઠેસ પણ વાગી જતી, જેથી આખી રાત તેમને જાગવું પડ્યું.

મેઘમુનિની પરિણામધારા શિથિલ થઈ ગઈ. તેમનું મન ખિન્ન થઈ ગયું. તેમને થયું કે, 'મેં દીક્ષા લીધી ન હતી ત્યારે બધા મુનિઓ કેવો આદર કરતા હતા અને હવે કેવો અનાદર કરે છે! સવાર પડે એટલે ભગવાનનો વેશ એમને પાછો આપીને ઘેર ચાલ્યો જઈશ તથા પૂર્વવત્ સંસારનાં સુખો ભોગવીશ.'

સવારે મેઘમુનિ ભગવાન પાસે આવ્યા. સર્વજ્ઞ પ્રભુએ કહ્યું, ''આવો મેઘ! પ્રથમ રાત્રિની અસુવિધાએ તમને ખિન્ન બનાવી દીધાં નહીં? તમે ઘેર જવા ઈચ્છો છો?'' મેઘમુનિ આશ્ચર્યચકિત થઈ ગયાં. તેમણે કહ્યું, ''પ્રભો! આપની વાત અક્ષરશઃ સાચી છે.'' ભગવાને કહ્યું, ''અરે મેઘ! આટલી પ્રતિકુળતાથી તમે અકળાઈ ગયા. પૂર્વના છેલ્લા બે ભવોમાં તમે જે કષ્ટ સહન કર્યા છે. તેની પાસે તો આ કષ્ટ તો કોઈ ગણતરીમાં નથી.

હે મેઘ! આનાથી પૂર્વના ત્રીજા ભવમાં તમે **વૈતાઢય પર્વત**ની તળેટીના ગાઢ જંગલમાં શ્વેત વર્ણી, ઊંચા કદાવર, એક હજાર હાથણીના ટોળાના સ્વામી, છ દાંતવાળા ઋદ્ધિમાન **સુમેરૂ** નામે યૂથપતિ હાથી હતાં. એકવાર ઉનાળામાં વૃક્ષોના ઘર્ષણથી વનમાં આગ લાગી. હવાથી આગ પ્રજ્વલિત થઈ. આગે વિસ્તૃત સ્વરૂપ પકડયું તેથી વનચરો અહીંતહીં દોડવા લાગ્યાં. તમે પણ આગથી બચવાનો કોઈ જ ઉપાય ન જડતાં નિરાપદ અને સુરક્ષિત સ્થાનમાં આશ્રય લેવા તમારા યૂથની સાથે ભાગ્યા પરંતુ વૃદ્ધાવસ્થાને કારણે યૂથથી છૂટા પડી ગયા. રસ્તામાં એક સરોવર હતું. અત્યંત તૃષાતુર થવાથી તમે પાણી પીવા એમાં પડયા અને કાદવમાં ખૂંપી ગયા. પાણી પીવા માટે સૂંઢ ફેલાવી પણ પાણી સુધી પહોંચી ન શકી. તમે કિનારે જવાનું વિચાર્યું પણ કાદવમાં ખૂંચી જવાથી બહાર નીકળી ન શક્યા. જેમ જેમ નીકળવાની કોશિશ કરી તેમ તેમ કાદવમાં વધારે ફસાયાં. એટલામાં કોઈ યુવાન હાથી ત્યાં આવ્યો. તે તમારા યૂથનો જ સભ્ય હતો પણ તમે તેને યૂથમાંથી હાંકી કાઢયો હતો. તે વેરની વસુલાત કરવા તમારા ઉપર ધસી આવ્યો. દંત પ્રહારોથી તમને ઘાયલ કર્યા. સાત દિવસ સુધી ભયંકર વેદના ભોગવી, સો વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી તમે મૃત્યુ પામ્યા.

મેઘ! ત્યાનું આયુષ્ય પૂરું કરી તમે **ગંગા નદી**ના પશ્ચિમી કિનારા પર વિંધ્યાચલ પર્વતની તળેટીમાં ચાર દાંતવાળા, રક્ત વર્ણવાળા, સાતસો હાથણીના અધિપતિ **મેરુપ્રભ** નામે હાથી થયા. એક વાર દાનાવળ પ્રગટયો. દાવાનળ જોઈને તમને જાતિસ્મરણ જ્ઞાન થયું. આગ હજી દૂર હતી. તમે તમારો પૂર્વભવ દીઠો. પૂર્વ ભવમાં દાવાનળથી થયેલા દુઃખથી ભય પામીને તથા કરૂણાભાવથી પ્રેરાઈને તમે વર્ષાઋતુમાં ઉગેલા ઘાસને એક યોજન સુધીની ખુલ્લી ભૂમિમાંથી ઉખેડી શીઘ્ર સાફ કરી માંડલો બનાવ્યો. આવું કરવા પાછળનો તમારો આશય એક જ હતો કે ઘાસ ન હોય તો આગ પ્રસરે નહીં અને જંગલના ભયભીત પ્રાણીઓ નિરાપદ સ્થાનને શોધતા આ માંડલામાં આશ્રય લઈ સુરક્ષિત રહી શકે.

એકવાર અચાનક વનમાં ફરીથી દાવાનળ પ્રગટયો. ત્યારે તમે તે મેદાનમાં પરિવાર સાથે આવ્યા. થોડીવારમાં જંગલના બીજા પશુપક્ષીઓ જીવ બચાવવા તે માંડલામાં આવીને ભરાયા. આખું માંડલું ખીચોખીચ ભરાઈ ગયું. તેવા ટાણે શરીરે ખણજ ઉપડવાથી તમે તમારો એક પગ ઊંચો કર્યો. બીજા પશુઓ દ્વારા હડસેલાતું એક નાનકડું સસલું ક્યાંય જગ્યા ન મળવાથી તમારો પગ ઊંચો થતાં જગ્યા ખાલી થવાથી ત્યાં

આવી રહ્યું. તમે પગ નીચે મૂકવા જતા હતા ત્યાં સસલાનો કોમળ સ્પર્શ થયો. તમે જોયું કે પગની ખાલી જગ્યામાં સસલું બેઠું છે. પગ નીચે મૂકતાં સસલાનાં પ્રાણ નીકળી જાય એમ હોવાથી દયા-અનુકંપાના પરિણામવાળા તમે તિર્યંચના ભવમાં અઢી દિવસ (વીસ પ્રહાર) સુધી પગ ઊંચો ધરી રાખ્યો.

ત્રીજા દિવસે દાવાનળ શાંત થતાં સૌ પ્રાણીઓ મનોનીત સ્થાને ચાલ્યાં ગયાં. તમે પગ નીચે મૂકવા ગયા પરંતુ લોહી જામી જવાથી પગ નીચે મૂકી ન શક્યા. તમે ધડામ કરી ભૂમિ પર ઢળી પડયા. તે સમયે તમે કરુણાપૂર્ણ શુભ ભાવોથી દેહ છોડયો. નાનકડા જીવની દયા-અનુકંપાથી તમે પ્રચુર પુણ્ય બાંધ્યું. આ પુણ્યના પ્રતાપે તમારો આત્મા તિર્યંચ મટી **મગધ દેશ**ના **મહારાજા શ્રેણિક**ની **ધારિણી** નામની રાણીની કુક્ષિએ પુત્ર પણે અવતર્યો. રાણીને ગર્ભના પ્રભાવે અકાળે મેઘવૃષ્ટિનો દોહદ ઉત્પન્ન થયો, જે બુદ્ધિનિધાન **અભયકુમાર** દ્વારા પૂર્ણ કરાયો. રાણીને મેઘવૃષ્ટિનો દોહદ ઉત્પન્ન થયો હોવાથી તમારું નામ **મેઘકુમાર** પાડવામાં આવ્યું.'' આ છે અભયદાનનું જ્વલંત ઉદાહરણ ! અભયદાનના પ્રતાપે પશુયોનિમાંથી છલાંગ લગાવી મનુષ્ય યોનિમાં અવતાર થયો.

મેઘમુનિને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેમણે પ્રભુના ચરણે મસ્તક ઝુકાવી કહ્યું, ''ભગવન્ ! હું મારાં બે ચક્ષુ સિવાય સમસ્ત શરીર મુનિઓની શુશ્રૂષામાં સમર્પિત કરું છું.'' મેઘમુનિએ પોતાનું જીવન સ્વાધ્યાય, સેવા અને તપમય બનાવી દીધું. શુદ્ધ સંયમની આરાધના કરી ગુણરત્ન સંવત્સર આદિ તપ કરી **વિજય** નામના વિમાનમાં એકાવતારી દેવ થયા. ત્યાંથી ચ્યવી **મહાવિદેહ ક્ષેત્ર**માં મનુષ્યોના ભવ પ્રાપ્ત કરી સંયમ લઈ મુક્તિપદને વરશે.

ઉપરોક્ત ઉદાહરણ અભયદાનની એક બારી ખોલે છે, તે છે - સંકટ સમયે જીવોની રક્ષા કરી તેમને ભયમુક્ત કરવા પોતાના પ્રાણોની કોઈ પરવા ન કરવી.

**મેઘરથ રાજા (ભગવાન શાંતિનાથનો પૂર્વ ભવ)** : (ઉપદેશ પ્રાસાદ ભા.૨, પૃ.૩૯)

**જંબુદ્વીપ**ના **પૂર્વ મહાવિદેહ**ની **મંગલવતી વિજય**માં **રત્નસંચય** નામનું સમૃદ્ધ નગર હતું. ત્યાં **શ્રી શાંતિનાથ પ્રભુ**નો આત્મા પૂર્વે **વજ્રાયુધ** નામે રાજા હતો. ત્યાં આવેલી **પુંડરીકિણી નગરી**ના **રાજા ધનરથ** અને રાણી **પ્રિયમતી**ને ત્યાં **રાજકુમાર મેઘરથ**નો જન્મ થયો. બાલ્યાવસ્થામાં કલાચાર્ય પાસે બહોંતેર કળાઓમાં કુશળ બન્યા. **નિહતારી** રાજાની **પ્રિયમિત્રા** અને **મનોરમા** નામની બે પુત્રીઓ સાથે મેઘરથ કુમારનું પાણિગ્રહણ થયું. તેમને **નંદિષેણ** અને **મેઘસેન** નામનો એક એક પુત્ર થયો. સમય જતાં રાજકુમાર મેઘરથ રાજગાદી પર આવ્યા.

એકવાર તેઓ ઉપાશ્રયમાં પૌષધવ્રત લઈને વ્યાખ્યાન શ્રવણ કરતાં હતાં, ત્યારે એકાએક એક કબૂતર એમના ખોળામાં આવીને પડયું. એ કબૂતર ભયથી કંપતું હતું. તે સામે મૃત્યુ જોતું હોય તેમ થરથરતું હતું. એની આંખોમાં અકથ્ય વેદના હતી. તે બે પગ વચ્ચે ડોક નાખીને રાજાના ખોળામાં બેઠું. કબૂતરે માનવીની ભાષામાં રાજા પાસે અભયની માંગણી કરી. રાજા મેઘરથે અભય આપતાં કહ્યું, ''રાજા જેવો રાજા હું બેઠો છું. આખી પૃથ્વીને પાળનાર એવો આ મેઘરથ જીવે છે, ત્યારે તને ભય શેનો ?'' આમ કહીને રાજાએ ભોળા કબૂતરને આશ્વાસન આપી સ્નેહથી માથે હાથ ફેરવ્યો.

રાજા પોતાના ધર્મ વિશે વિચારી રહ્યાં હતાં ત્યાં તો તીરના વેગે દોડતો, હાંફતો એક શિકારી બાજ

પક્ષી અંદર ધસી આવ્યો. એણે રાજાના ખોળામાં બેઠેલા કબૂતર પર હુમલો કર્યો. બાજે કહ્યું, "આ તો મારું ભોજન છે. મને સત્વરે તું આપી દે." રાજા મેઘરથે શિકારી બાજને સમજાવતાં કહ્યું, "હું ક્ષત્રિય રાજવી છું. આ ભોળું કબૂતર મારા શરણે આવ્યું છે. ક્ષત્રિયનો ધર્મ છે કે શરણાગતની પ્રાણના ભોગે પણ રક્ષા કરવી. વળી, તું એને તારું ભક્ષ્ય માને છે પણ વિચાર કર કે કોઈનું ભક્ષ્ય કરવાથી એને કેટલી તીવ્ર વેદના થતી હશે ? તારા પેટની એક ટંકની આગ ઠારવા આ ભોળા કબૂતરનો ભોગ લેવા વિચારે છે ?" બાજે કહ્યું, "તમે રાજા છો એટલે તમારે બધાનો વિચાર કરવો પડે. જેમ એ પક્ષી છે એમ હું પણ પક્ષી છું. મને કકડીને ભૂખ લાગી છે. તમે મારો વિચાર કેમ નથી કરતાં ? વળી, આ કબૂતર પર મારો હક છે. તમે રાજા થઈને મને કેમ ના પાડો છો." રાજાએ કહ્યું, "બાજ, જરા સમજ. હું ક્ષત્રિય છું અને ભોળા કબૂતરના જીવની વેદના જાણું છું. કોઈને મારી નાંખીએ ત્યારે એના જીવને કેટલી વેદના થતી હોય ! મારે કોઈ પણ ભોગે દયા ધર્મનું પાલન કરવાનું હોય છે." બાજે અકળાઈને કહ્યું, "તમારો ધર્મ તમારી પાસે રાખો. મારે તો તાજું-મીઠું માંસ જોઈએ છે. તમે મને કોઈપણ રીતે તાજું માંસ લાવી આપો તો હું આ કબૂતરને છોડી દઉં. પણ હા, એટલું પાકું કે આ કબૂતરના ભારોભાર માંસ મને જોઈશે." રાજા મેઘરથ વિચારમાં પડયા. આટલું તાાજું માંસ બાજને આપવું કઈ રીતે ? વળી, આટલું માંસ આપવું હોય તો ત્રાજવે તોળવું પણ પડે."

રાજાએ મનોમન નિર્ધાર કર્યો કે, 'કબૂતરના વજન જેટલું માંસ મારા દેહમાંથી કાઢીને આપીશ.' બરાબર ભારોભાર માંસ મળે તે માટે રાજાએ ત્રાજવું મંગાવ્યું. ત્રાજવાના એક પલ્લામાં કબૂતરને બેસાડીને બીજા પલ્લામાં રાજા પોતાના શરીરમાંથી માંસ કાપીને મૂકવા લાગ્યા. રાજાએ પોતાનો એક હાથ કાપ્યો, પગ કાપ્યા છતાં બન્યું એવું કે કબૂતરના વજન કરતાં એ બધાનું વજન ઓછું થાય. છેવટે રાજા પોતાનું મસ્તક કાપીને ત્રાજવામાં મૂકવા તૈયાર થયાં ત્યારે પરિવારમાં હાહાકાર મચી ગયો. ચતુર મંત્રીએ રાજાને વિનંતી કરતાં કહ્યું, "મહારાજ ! આપે તો આખા રાજ્યનું રક્ષણ કરવાનું હોય, માત્ર કબૂતરના રક્ષણ ખાતર તમારા શરીરનો ભોગ આપવાનો ન હોય. વળી, અમને આ કબૂતર પણ માયાવી લાગે છે. કોઈ પક્ષીનું વજન તમારા દેહ કરતાં તો વધુ હોય જ નહીં."

સૌના મનમાં જુદી જુદી શંકાઓ ઉભરાતી હતી. રાજાએ તલવાર લઈ પોતાના મસ્તક પર પ્રહાર કરવા હાથ ઉગામ્યો ત્યાં અચાનક કોઈએ એમનો હાથ પકડી લીધો. રાજાની સમક્ષ મુગટ, કુંડળ અને માળા ધારણ કરેલા બે દેવ પ્રગટ થયાં. ચોતરફ અજવાળું પથરાઈ ગયું. દેવે કહ્યું, "ધન્ય રાજન્ ! ધન્ય છે તમારા દયા ધર્મને ! તમે ખરેખર મેરૂ પર્વત જેવા અડગ છો." એકાએક દિવ્ય વાજિંત્રો વાગવા લાગ્યા. દિશાઓ પ્રકાશથી ભરાઈ ગઈ. હવામાં સુગંધ વહેવા લાગી. અલૌકિક તેજ ધરાવતાં દેવે કહ્યું, "અમારી ભૂલ થઈ ગઈ. અમને ક્ષમા કરો. ઈશાનેન્દ્રે એમની સભામાં તમારી પ્રશંસા કરી. અમને એ અતિશયોક્તિ લાગી. આથી અમે બન્ને દેવો તમારી પરીક્ષા કરવા આવ્યાં. તમને ઓળખ્યા નહીં અને મોટો અપરાધ કરી બેઠા. અમને ક્ષમા કરો." રાજાએ ક્ષમા આપી. દેવોએ મેઘરથ રાજાના અંગોને જોડી તેમને અગાઉ જેવા સ્વસ્થ કર્યા.

રાજા મેઘરથ નાનામાં નાના કર્તવ્યના પાલન માટે બલિદાન આપવા તૈયાર થયાં, તેથી મનુષ્ય લોક અને સ્વર્ગમાં વિખ્યાત બન્યાં. સમય જતાં ધર્માત્મા મેઘરથ રાજાએ વિરક્ત બની, પુત્રને રાજ્ય સોંપી, નાનાભાઈ દઢરથ, ૭૦૦ પુત્રો, ૪૦૦૦ રાજાઓ સહિત **શ્રી ઘનરથ** તીર્થંકર પાસે સંયમ લીધો. વીસ સ્થાનક

તપની આરાધના કરી.

અંતે મૃત્યુ પામી અનુત્તર વિમાનમાં (સર્વાર્થસિદ્ધ) દેવપણે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ કરી મેઘરથ રાજર્ષિનો જીવ **હસ્તિનાપુર** નગરના **વિશ્વસેન** રાજાની **અચિરાદેવી**ની કુક્ષિમાં અવતર્યો. રાણીએ યથા સમયે મૃગ લાંછનવાળા પુત્રને જન્મ આપ્યો. આ પુત્રના ગર્ભકાળમાં નગરીમાં મહામારીનો ઉપદ્રવ થયો હતો. તે શાંત થઈ ગયો તેથી રાજાએ બાળકનું નામ **'શાંતિનાથ'** રાખ્યું હતું.

તેઓ ૨૫ હજાર વર્ષના થયા ત્યારે રાજા વિશ્વસેને રાજ્ય સોંપી આત્મકલ્યાણ અર્થે દીક્ષા લીધી. શાંતિનાથ રાજાએ ૨૫ હજાર વર્ષ રાજ્ય કર્યું. ત્યારે આયુધ શાળામાં ચક્ર રત્ન પ્રગટ થયું. તેમણે છ ખંડ પર વિજય મેળવ્યો. ૨૫ હજાર વર્ષ ચક્રવર્તી પદે રહ્યા. પછી એક વર્ષ દાન આપી દીક્ષા લીધી. **સહસ્રામ્ર** વનમાં એક હજાર રાજાઓની સાથે દીક્ષા લીધી. એક વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. અંતે એક માસનું અનશન કરી મોક્ષે ગયા.

મેઘરથ રાજાએ જીવ સટોસટીના ખેલ ખેલી ભયભીત કબૂતરની રક્ષા કરી, તેને અભયદાન આપી તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું.

**મૃગધ્વજ :** (નેમિશ્વરરાસ, અમમચારિત્ર, ૧૩૦)

**શ્રાવસ્તી** નગરીમાં **એણીપુત્ર** નામના પરાક્રમી રાજા હતા. તેમની **પ્રિયંગુસુંદરી** નામની કન્યા હતી. તેના સ્વયંવર માટે રાજાએ ઘણાં રાજાઓને આમંત્રણ આપી બોલાવ્યા પરંતુ રાજકુંવરીએ કોઈને પસંદ ન કર્યા. રાજાઓએ ક્રોધિત થઈ એણીપુત્ર સાથે યુદ્ધ કર્યું. પરાક્રમી એણી રાજાએ એકલે હાથે સર્વ રાજાઓને હરાવ્યા. તેઓ ભાગી ગયા. કેટલાક પર્વતમાં છુપાઈ ગયા, કેટલાક અરણ્યમાં ગયા તો કેટલાક સરોવરમાં છુપાઈ ગયા. એમાંથી બે તાપસ થયા. તેમને **વસુદેવે** જૈન ધર્મનો બોધ આપ્યો તેથી તેમણે જૈન દીક્ષા લીધી. વસુદેવ શ્રાવસ્તી નગરીમાં ગયાં. ત્યાં ઉદ્યાનમાં ત્રણ દ્વારવાળો એક દેવાલય જોયો. તેના મુખ્ય દ્વાર ઉપર બત્રીસ અર્ગળા હતી. તેમાંથી પ્રવેશવું મુશ્કેલ હોવાથી સમીપના દ્વારમાંથી તેમણે અંદર પ્રવેશ કર્યો. ત્યાં એક મુનિ, એક ગૃહસ્થ અને ત્રણ પગવાળી ભેંસની પ્રતિમા જોઈ એક બ્રાહ્મણને પૂછ્યું, ''આ શું છે ?''

તેણે કહ્યું, શ્રાવસ્તી નગરીમાં **જિતશત્રુ રાજા** હતો અને તેની **કીર્તિમતી** નામની રાણી હતી. તે નગરમાં **મૃગધ્વજ** નામે રાજકુમાર અને **દંડક** નામનો ગોપાલક રહેતો હતો. દંડકે એક દિવસ રાજાને વિનંતી કરી કે, ''મારાં ગોકુળને જોવા પધારો.'' મૃગધ્વજ ઉત્સુકતાથી ગામના પાદરે ગોકુળ જોવા ગયો. તેણે એક વિચિત્ર દશ્ય જોયું. એક ભેંસ કંપતી હતી. તેની આંખમાંથી આંસુ વહેતાં હતાં. આવું દશ્ય જોઈ મૃગધ્વજને અચરજ થયો. ત્યારે હોશિયાર દંડકે ભેંસને કહ્યું, ''ડરીશ નહીં. આ તો આપણા સ્વામી છે. અહીં આવીને તેમને નમસ્કાર કર.'' આ સાંભળી ભયભીત થયેલી ભેંસે વાંકી જીભ કાઢી કોપથી નમસ્કાર કર્યા. ત્યારે મૃગધ્વજે પૂછ્યું, ''આ ભેંસ આવું કેમ કરે છે ?'' ચતુર દંડકે કહ્યું, ''તમારી દષ્ટિ તેના ઉપર પડે છે અને એ તમારાથી ડરે છે કારણકે પૂર્વે તમે સાત વખત એના પુત્રની હત્યા કરી છે. આ નવજાત મહિષ સુંદર આકૃતિવાળો અને દેખાવે રમણીય છે. તે જન્મ્યો ત્યારથી ભયથી થરથર કંપતા દીન નેત્રોંથી મારી સામે વારંવાર જોઈ મારા ચરણોમાં માથું નમાવે છે તેથી મને તેના પ્રત્યે દયા આવી. મેં તેને અભયદાન આપ્યું છે. હવે તમે પણ તેને અભયદાન આપો. આ પાડો જાતિસ્મરણ જ્ઞાનવાળો છે.''

ગોપાલકના વચનો સાંભળી દયાળુ શેઠ મહિષને શ્રાવસ્તી નગરીમાં લઈ ગયા. આ મહિષ રાજાને સોંપતા શેઠે કહ્યું, ''આ પાડાને જાતિસ્મરણ જ્ઞાન થયું છે માટે તમે તેને અભય આપો.'' રાજાએ પાડાને અભય આપતાં કહ્યું કે, ''આ પાડો પૂરી શ્રાવસ્તી નગરીમાં મનફાવે ત્યાં સ્વેચ્છાએ ફરી શકે છે.'' હવે તે રાજાનો પ્રિય બન્યો.

એક દિવસ ભૂલથી રાજકુમાર મૃગધ્વજે તે મહિષનો એક પગ છેદ્યો. રાજાને ખબર પડવાથી તેમણે મૃગધ્વજને દેશનિકાલ કર્યો. મૃગધ્વજે વૈરાગ્ય પામી દીક્ષા લીધી. મહિષ અઢારમે દિવસે મૃત્યુ પામી **લોહિતાલ** નામે અસુર થયો. બાવીસમે દિવસે મૃગધ્વજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. દેવ, અસુર, રાજા, અમાત્ય તેમને વંદન કરવા આવ્યા. પર્ષદા વખાણ સાંભળવા આવી. દેશનાના અંતે જિતશત્રુ રાજાએ પૂછયું, ''ભગવન્! આપને મહિષ સાથે કયા કારણથી વૈર હતું?''

ત્યારે મૃગધ્વજ કેવળીએ કહ્યું, ''પૂર્વભવમાં **રાજગૃહ** નગરીમાં **અશ્વગ્રીવ** નામનો આસ્તિક મતિ પ્રતિવાસુદેવ હતો. તેનો **હરિશ્મશ્રુ** નામનો નાસ્તિક મંત્રી (અમાત્ય) હતો. તે સદા ધર્મની નિંદા કરતો અને રાજા સદા ધર્મનું પ્રતિપાદન કરતો. આમ રાજા અને પ્રધાન વચ્ચે ધર્મની બાબતમાં સદા વાદવિવાદ થતો. આવું થવાથી રાજા અને પ્રધાન વચ્ચે ખટરાગ ઉત્પન્ન થયો. **ત્રિપૃષ્ઠ** વાસુદેવ અને **અચલ** બલદેવના હાથે મરી અશ્વગ્રીવ અને હરિશ્મશ્રુ સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી બન્નેએ ઘણાં ભવો કર્યા. તેમાંથી અશ્વગ્રીવ હતો તે ઘણાં ભવો પછી આપનો પુત્ર મૃગધ્વજ બન્યો તે હું છું અને હરિશ્મશ્રુ મંત્રી મહિષ બન્યો. પૂર્વ ભવની દુશ્મનાવટને કારણે મેં તેનો પગ કાપી નાંખ્યો. તે મહિષ લોહિતાક્ષ નામનો અસુર થયો છે. તે મને વંદન કરવા આવ્યો છે.''

**શ્રી આચારંગ સૂત્ર** કહે છે - 'તું જેને મારવા ઈચ્છે છે, તે અન્ય કોઈ નથી તું પોતે જ છે. તું જેને બંધનમાં જકડવા ચાહે છે, તે તું જ છે.' આવા વાક્યો અભયદાનના પ્રેરક મંત્ર છે.

[1]**મૃગસુંદરી** : (ઉપદેશ સપ્તતિકા, ભા.૨)

**શ્રીપુર નગર**ના **શ્રીષણ રાજા**નો **દેવરાજ** નામે પુત્ર હતો. દુષ્કર્મના યોગે જન્મથી જ તેનું શરીર કોઢ રોગથી વ્યાપ્ત હતું. રાજાએ પુત્રના ઈલાજ માટે સાત સાત વર્ષ સુધી સતત ઉપચારો અને ઔષધો કર્યા પરંતુ રોગ મચક આપતો ન હતો. વૈદ્યો કંટાળીને ખસી ગયાં. અંતે રાજાએ નગરમાં પડહો વગડાવ્યો, 'જે કુમારને નિરોગી કરશે તેને હું અડધું રાજ્ય આપીશ.'

ત્યાં **યશોદત્ત વ્યવહારી**ની **લક્ષ્મીવતી** નામે પુત્રી, જે શીલવાન હતી તે આવી. તેના હાથના સ્પર્શથી રાજકુમારનો રોગ આશ્ચર્યકારી રીતે મટી ગયો. હવે શ્રીષેણ રાજાએ લક્ષ્મીવતી સાથે રાજકુમાર દેવરાજના ધામધૂમથી વિવાહ કરાવ્યાં. રાજાએ દેવરાજને ગાદી આપી. શરીરની નશ્વરતા જાણી સ્વયં દીક્ષા લઈ પોતાનું શ્રેય સાધ્યું.

એકવાર નગરમાં **પોટ્ટિલાચાર્ય** શિષ્યાદિ પરિવાર સાથે પધાર્યા. દેવરાજે પૂછયું, ''હે પ્રભુ! સાત વર્ષ સુધી મને કોઢનો રોગ રહ્યો અને પછી અચાનક મટી ગયો તેનું કારણ શું?'' પોટ્ટિલાચાર્યએ કહ્યું, ''હે રાજન્! પૂર્વભવમાં **વસંતપુર** નગરમાં **દેવદત્ત** નામે શ્રેષ્ઠીને ત્યાં **ગોપા**, **દેપા**, **સિવા** અને **શૂરા** નામનાં ચાર પુત્રો હતા. આ ચારે પુત્રો મિથ્યાત્વી હતા.

---

૧. હાલરદા શેઠ અને તેમની દીકરીની કથામાં સામ્યતા જોવા મળે છે.

દેવદત્ત શેઠનો નાનો પુત્ર શૂર વ્યાપારાર્થે **મૃગપુર** આવ્યો. યોગાનુયોગ જિનધર્મી **જિનદત્ત** શેઠની દીકરી **મૃગસુંદરી**ને જોઈ એને પરણવાની ઉત્કંઠા જાગી પરંતુ નગરમાં આ વાત પ્રસિદ્ધ હતી કે, 'આ કન્યા મિથ્યાત્વીને કદી પરણશે નહીં ને કન્યાના પિતા પોતાની પુત્રી અન્ય દર્શનીને આપશે નહીં.' એમ વિચારી શૂર ઠગ શ્રાવક બન્યો. જૈનત્વની બનાવટી છાપ ઊભી કરી જિનદત્ત શેઠ ઉપર ધર્મી હોવાનો પ્રભાવ જમાવ્યો. અંતે શેઠને રાજી કરી તે મૃગસુંદરી સાથે પરણ્યો.

તેણીનો એવો અભિગ્રહ હતો કે, 'જિનદર્શન કરીને, સંયતીને વહોરાવીને એકવાર ભોજન કરવું. વળી, રાત્રિ ભોજનનો સંદતર ત્યાગ કરવો.' એકવખત ક્રોધથી નવોઢાને ઈર્ષાળુ શ્રેષ્ઠી પુત્રે કહ્યું કે, ''દાન, ભક્તિ વગેરે બધું મૂકી દે, નહીંતર અમારા ઘરમાંથી ચાલી જા.' તેણીનો નિયમ હતો કે, દર્શન કરી સુપાત્ર દાન આપી પછી જમવું. તે ન થતાં તેના ત્રણ ઉપવાસ થયાં.

ચોથા દિવસે તેને ત્યાં ગુરુ મહારાજ પધાર્યા. તેણીએ પોતાના અભિગ્રહની વાત જણાવતાં કહ્યું, '''આ નાસ્તિક લોકોની વચ્ચે હું ધર્મ કરવા સમર્થ નથી, તો હવે મારે શું કરવું ?'' ગુરુ ભગવંતે લાભાલાભનો વિચાર કરતાં કહ્યું, ''પાંચ સાધુને સુપાત્ર દાન આપવાથી જે પુણ્ય થાય તેટલું પુણ્ય ચૂલા ઉપર છિદ્ર રહિત વસ્ત્ર (ચંદરવો) બાંધવાથી મળે છે અર્થાત્ જયણા પાળવાથી પ્રચુર પુણ્ય બંધાય છે તેથી તારો અભિગ્રહ પૂર્ણ થયો માનજે.''

ત્યારથી તેણી હંમેશાં રસોડામાં ચંદરવો બાંધતી. તે જોઈ સાસુ-સસરાએ કહ્યું, ''પુત્ર ! તું કેવી પત્ની લાવ્યો છે ? તારી આ પત્ની કંઈક કામણ-ટૂમણ કરે છે.'' પિતાના શબ્દોએ અગ્નિમાં ઘી હોમવાનું કાર્ય કર્યું. શ્રેષ્ઠી પુત્રે અભિમાની બની ઈર્ષાથી ચંદરવો બાળી નાંખ્યો. તારી પત્નીએ શાંત બેસી ન રહેતાં સાત વાર ચંદરવો બાંધ્યો અને તેં અકળાઈને સાત વાર બાળી નાંખ્યો.

એકવાર સસરાએ પૂછયું, ''વહુ ! આ શું માંડયું છે ? શા માટે ઉલ્લોચ બાંધો છો ?'' ત્યારે મૃગસુંદરીએ કહ્યું, ''પિતાજી ! જીવદયા માટે ચંદરવો બાંધ્યો છે.'' સસરાએ ગુસ્સામાં કહ્યું, ''રોજ રોજ ચંદરવા લાવવા ક્યાંથી ? જો તમારે ખોટા ખર્ચા કરી ચંદરવા બાંધવા હોય તો જાઓ તમારા બાપનાં ઘરે.'' તેણીએ કહ્યું, ''પિતાજી ! જેવી આપની આજ્ઞા. તમે બધા પરિવાર સાથે મને પિયર મૂકી જાઓ. તો હું જાઉં.''

અહંકારવશ તમે ભેગા થઈ મૃગસુંદરીને મૂકવા તેના ગામ ઉપડયા. માર્ગમાં એક ગામમાં પડાવ થયો. તે ગામમાં એક સંબધીને ત્યાં ભોજન માટે નિમંત્રણ મોકલ્યું. તેમણે જાતજાતની વાનગીઓ બનાવી જમાડયા. મૃગસુંદરીને જમવા માટે ઘણો આગ્રહ કર્યો પરંતુ તેણીએ રાત્રે ન ખાધું તેથી તેની પાછળ મોઢું ચઢાવી પતિ, સાસુ-સસરાએ પણ ન ખાધું. બાકીના તે ઘરનાં સભ્યોએ રાત્રિ ભોજન કર્યું. તેમનું મૃત્યુ થયું. સવારે સસરાએ જોયું તો ભોજનમાં મૃત્યુ પામેલો વિષધર સર્પ પડયો હતો. વિષ વાળું ભોજન કરવાથી બધાનું મૃત્યુ થયું હતું.

અંતે ઉકેલ મળ્યો કે, રસોઈ ઘરના ઉપરના ભાગમાં ક્યાંક સર્પ બેઠો હતો. તે ધૂમાડાથી અકળાઈ તપેલામાં પડી બફાઈને મરી ગયો. તેનું વિષ ખાદ્ય પદાર્થમાં ભળી જવાથી ખાનાર બધાં મૃત્યુ પામ્યાં. મૃગસુંદરીએ કહ્યું, ''ચૂલા પર ચંદરવો બાંધવાનો મારો આ જ આશય હતો. હું તેથી જ રાત્રિભોજન કરતી નથી. ધર્મ એ જીવન જીવવાની કળા શીખવે છે. તમે જીદ અને રોષમાં રહ્યા તો ધર્મના પક્ષમાં રહ્યા. પરિણામે તમે બચી ગયા. જે ધર્મનું શરણ સ્વીકારે છે તેનું ધર્મ સદા રક્ષણ કરે છે.'' ચંદરવાના અભાવથી આ અનર્થ સર્જાયો. હવે, સસરાએ ભક્તિથી નમ્ર બની વહુને પ્રાણ બચાવનારી કુળદેવી (શ્રી દેવતા)ની જેમ પૂજી.

પાંચસો શિકારીઓ વડે જેટલું પાપ થાય તેટલું પાપ ચંદરવો ન બાંધવાથી બાળવાથી થાય છે.

ત્યારથી લોકો ભોજન બનાવવાની જગ્યાએ ચંદરવો બાંધવા લાગ્યાં. તેણીનો પતિ એવો તું આ ભવમાં રાજા થયો. મૃગસુંદરીનો જીવ એ તારી પત્ની થઈ. જેના જીવદયાના પ્રભાવથી તારી સાત વર્ષની વ્યાધિ મટી ગઈ. સાત વાર ચંદરવો બાળવાથી તને સાત વર્ષ સુધી કોઢનો રોગ રહ્યો.''

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી બન્નેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અંતે પોતાના પુત્રને રાજ્ય સોંપી બન્ને પોટ્ટિલાચાર્ય પાસે દીક્ષા લઈ સ્વર્ગે ગયાં.

જિનધર્મના પ્રત્યેક અનુષ્ઠાન જીવદયા - અનુકંપા દાનનું સૂચન કરે છે. જે ધર્મનિષ્ઠ શ્રાવકો જીવદયા અને અનુકંપા નિમિત્તે શયનસ્થાન, ભોજનગૃહ, પાણીઆરા આદિ જગ્યામાં ચંદરવા બાંધે છે. તેઓ ઉત્તમ દેવલોક અને ઉત્તમ સંયોગ પામે છે.

**યજ્ઞીય :** (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, ભા.૨, અ.૨૫)

**વારાણસી** નગરીમાં **જયઘોષ** અને **વિજયઘોષ** નામના બે સગા ભાઈઓ રહેતાં હતાં. બંને કાશ્યપ ગોત્રીય બ્રાહ્મણ અને સંસ્કૃતના પ્રકાંડ પંડિત હતાં. તેઓ વેદ-વેદાંતના જાણકાર હતાં.

એક દિવસ જયઘોષ ગંગા નદીએ સ્નાન કરવા ગયો. ત્યાં તેણે એક દશ્ય નિહાળ્યું. 'એક દેડકો, જેને સર્પે પકડયો હતો. તે તેને ખાઈ રહ્યો હતો. આ સર્પને એક મોરે ચાંચમાં પકડયો હતો. તે સર્પને અડધો ગળી જઈ ખાઈ રહ્યો હતો. આવી સ્થિતિમાં સાપ દેડકાને અને મયૂર સર્પને (પોતપોતાના શિકારને) છોડવા તૈયાર ન હતા. ત્યાં એક શિકારીએ મોરને મારવા સન્નદ્ધ કરતું બાણ છોડયું. એ જ સમયે સિંહ નદીમાં પાણી પીવા ત્યાં આવ્યો. તેણે શિકારીને જોયો અને તરાપ મારી આ દશ્ય જોઈ જયઘોષ ઊંડા વિચારોમાં સરકી ગયો. અહો ! આ સંસારમાં તો 'મત્સ્ય ગલાગલ ન્યાય' (મોટો નાનાનો કોળિયો કરે) ચાલી રહ્યો છે. સબળ વ્યક્તિ નિર્બળને મારવા ઈચ્છે છે પરંતુ કાળ ક્યારે તે પ્રાણીને પોતાનો કોળિયો બનાવી લેશે તેની પ્રાણીને ખબર નથી.' પરિણામે જયઘોષને સંસારની અસારતાનો અનુભવ થયો તેનું હૃદય કંપી ઉઠયું.

એ જ સમયે જૈન મુનિનો સમાગમ થયો. તેમનો ઉપદેશ સાંભળી જયઘોષને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પંચમહાવ્રત ધારણ કરી જૈન દીક્ષા અંગીકાર કરી. ત્યાર પછી તપ-સંયમમાં પુરુષાર્થ કરવા લાગ્યા. તેઓ વિચરતાં વિચરતાં એક દિવસ વારાણસી (બનારસ) નગરીમાં પધાર્યા. તે સમયે તેમની માસક્ષમણની તપશ્ચર્યા હતી. વળી, આ સમયે નાનો ભાઈ વિજયઘોષ એ જ નગરીમાં યજ્ઞ કરી રહ્યો હતો. તેને ઉપદેશ આપવા તેઓ પારણાના દિવસે યજ્ઞશાળામાં પહોંચ્યા. જયઘોષ મુનિએ જૈન સાધ્વાચાર અનુસાર ભિક્ષાની યાચના કરી પરંતુ જાતિવાદના રંગે રંગાયેલા યાજ્ઞિક વિજયઘોષે કહ્યું, ''હે ભિક્ષુ! હું તમને ભિક્ષા નહીં આપું, તમે બીજા પાસે જઈ ભિક્ષાની યાચના કરો. જ્ઞાતિએ બ્રાહ્મણ હોય, વેદોનો જાણકાર હોય, યજ્ઞ કરનાર વિપ્ર હોય, જ્યોતિષજ્ઞ હોય, ધર્મશાસ્ત્રમાં પારંગત હોય તેમના માટે આ રસવતી બનાવેલી છે. આ આહાર જૈન શ્રમણને આપવાથી અપવિત્ર બને છે.'' (તે સમયે સમાજમાં બ્રાહ્મણોનું જોરદાર વર્ચસ્વ હતું. તેઓ વિદ્યાને પોતાની જ ધરોહર માનતા હતા.)

યાજ્ઞિક વિજયઘોષ વડે સ્પષ્ટ શબ્દોમાં નિષેધ કરાયો છતાં જયઘોષ મુનિએ અંશમાત્ર ગુસ્સો ન કર્યો કારણકે તેમણે યાચના અને અલાભ પરિષહને જીત્યા હતાં.

જયઘોષ મુનિએ અન્ન-જળ કે જીવન માટે નહીં પરંતુ બ્રાહ્મણને મિથ્યા જ્ઞાન-દર્શનથી મુક્ત કરાવવા કહ્યું, ''તમે વેદ, યજ્ઞ, નક્ષત્ર કે ધર્મમાં કોની મુખ્યતા છે, તે જાણતા નથી.

જૈનમુનિ આહાર-પાણી માટે, જીવનનિર્વાહ માટે કે અનુકૂળતા પ્રાપ્ત કરવા માટે ધર્મોપદેશ

આપતા નથી પરંતુ જગતના જીવોને સંસારની આસારતાનું દર્શન કરાવી કર્મબંધથી મુક્ત કરવા માટે ધર્મોપદેશ આપે છે.''

વિજયઘોષ બ્રાહ્મણ કુળ પરંપરાથી રંગાયેલા હોવા છતાં ભદ્ર પરિણામી અને તે જ ભવે મોક્ષગામી હતા તેથી તેમણે જયઘોષ મુનિને પૂછયું, ''સત્ય શું છે તે કહો ?'' જયઘોષ મુનિએ કહ્યું, ''વેદ એટલે આત્મા. આત્માનું શુદ્ધ સ્વરૂપ અનંત જ્ઞાન-દર્શન છે. તે સ્વરૂપના પ્રગટીકરણ માટે ભાવયજ્ઞની મુખ્યતા છે. જે યજ્ઞમાં તપરૂપ અગ્નિ દ્વારા કર્મો ભસ્મીભૂત થાય, તે ભાવયજ્ઞ છે. ભાવયજ્ઞની સાધના કરનાર સંયમી પુરુષ ભાવયજ્ઞાર્થી છે.

ઋષિની અપેક્ષાએ સંપૂર્ણ જ્યોતિષી દેવોમાં **ચંદ્રદેવ** ઋદ્ધિ સંપન્ન અને અધિક સ્થિતિવાળા છે, તેમ ધર્મ પ્રવર્તકોમાં કાશ્યપગોત્રીય **ભગવાન મહાવીર સ્વામી** શ્રેષ્ઠ છે.''

યાજ્ઞિક લોકો સાચી મોક્ષવિદ્યા અને વાસ્તવિક સંપદાથી અજાણ છે, તેથી આંતરિક શુદ્ધિ થતી નથી. આમ, જયઘોષ મુનિએ યજ્ઞયાગાદિ બ્રાહ્ય ક્રિયાકાંડની ગૌણતા દર્શાવી ભાવયજ્ઞની સાર્થકતા દર્શાવી. જે યજ્ઞમાં વિષયવાસનાઓ તપાગ્નિમાં ભસ્મીભૂત થાય છે અને જીવનું બ્રહ્મ સ્વરૂપ પ્રગટ થાય છે તે જ ભાવયજ્ઞ છે. ભાવયજ્ઞથી પ્રગટ થયેલી પવિત્રતા અખંડ અને નિત્ય રહે છે. જન્મથી સર્વ જીવો એક સમાન હોય છે. જીવનમાં કરેલા કૃત્યો અનુસાર બ્રાહ્મણ આદિ થાય છે.

આ રીતે જયઘોષ મુનિ દ્વારા ઉપદિષ્ટ વાસ્તવિક્તાના દર્શન અને તપ-ત્યાગ, પવિત્રતા આદિ સદ્ગુણોથી વિજયઘોષ બ્રાહ્મણ આકર્ષિત થયા. તેમણે ભિક્ષા ગ્રહણ કરવા માટે જયઘોષમુનિને ભાવપૂર્વક વિનંતી કરી. મુનિના સદ્બોધથી વિજયઘોષને બ્રાહ્મણનું વાસ્તવિક સ્વરૂપ સમજાઈ ગયું. તેઓ સંસારથી વિરક્ત થઈ પ્રવ્રજિત થયા. જયઘોષ અને વિજયઘોષ મુનિ તે જ ભવે સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા.

સંક્ષેપમાં ભાવ યજ્ઞ દ્વારા કર્મોની આહુતિ આપવાની છે, નહીં કે જીવતા પ્રાણીઓની ! દેવી-દેવતાની માનતા માની પૂજારી-બ્રાહ્મણોને દાન આપવું અથવા સંકટનું નિવારણ કરવા યજ્ઞ-મંત્રજાપ કરી દાન દક્ષિણા આપવી અથવા શાંતિ માટે બ્રાહ્મણો કે કુંવારી કન્યાઓને ભોજન, દાન, ભેટ આપવાં તે સંગ્રહ દાન છે.

નિષ્કર્ષ એ છે કે લોક પ્રસિદ્ધિ માટે આપેલું દાન લોકોને પોતાની પકડમાં રાખવા માટે હોવાથી સંગ્રહ દાન છે. સંગ્રહ દાનમાં આકાંક્ષા, સ્વાર્થવૃત્તિ હોવાથી આ દાન મોક્ષ ફલદાયક ન બને; બહુધા પુણ્યોપાર્જન પણ ન કરે.

**ઉત્તરધ્યયન સૂત્ર** (અ.૧૨,૧૫)માં હરિકેશી મુનિ (ચાંડાલકુલોત્પન્ન) અને જયઘોષ મુનિની બ્રાહ્મણોની યજ્ઞશાળામાં જઈ ભિક્ષા યાચના કરવાનો ઉલ્લેખ છે. બન્નેને યાચનાના બદલે અપમાન, ભર્ત્સના, ધૃણા અને પ્રહાર મળ્યા ! પરંતુ તેઓ ગભરાયા નહીં. તેઓ યાચના પરિષહમાં ઉત્તીર્ણ થયા. તેનું પ્રતિફળ પણ સુંદર મળ્યું. બન્ને દાતાઓના હૃદય પરિવર્તન થયા. તેઓ મુનિ ચરણોમાં ઢળી પડયાં.

જૈન શ્રમણ ભિક્ષાજીવી છે. તેથી **ઉત્તરાધ્યયન સૂત્ર** (૨/૨૮)માં કહ્યું છે - ''**सव्वं से जाइयं होई, नत्थि किंचि अजाइयं।**'' હે ભિક્ષુ ! યાચના કરવાથી તું સંકોચાઈશ નહીં ! યાચના કરવી એ તારો ધર્મ છે. તને સર્વ ચીજો યાચનાથી જ મળશે.

યાચક દાતા પર નારાજ ન થાય, ન શ્રાપ આપે, ન દીનતા લાવે પરંતુ ધૈર્યથી પ્રતિક્ષા કરે. દાતા ઈન્કાર કરે તો શાંતિથી પાછા જતા રહે. પોતાનો લાભાંતરાય કર્મનો ઉદય સમજે.

**રાજા રતિદેવ** : (જૈન ધર્મમેં દાન)

ભયંકર દુષ્કાળમાં માનવો અન્નના એક દાણા માટે તલસી રહ્યાં હતાં. તેવા કપરા ટાણે દયાળુ **રાજા રતિદેવે** અનુકંપાથી પ્રેરાઈ પોતાનો અન્ન ભંડાર પ્રજાજનો માટે ખુલ્લો મૂક્યો. અરે! એટલું જ નહીં સ્વયંના ભાગનું અન્ન પણ પ્રજાને પ્રાપ્ત થાય તેથી તેમણે ઉપવાસ પ્રારંભ કર્યા. ૪૮ દિવસ પૂર્ણ થઈ ગયા હતા. ૪૯ મો દિવસ પ્રારંભ થયો. પ્રજાજનો અને મહામંત્રીના અત્યધિક આગ્રહથી રાજા રતિદેવ પારણા માટે બેઠા. પ્રજાની દયનીય સ્થિતિ જોઈ સ્વયંની પારણું કરવાની બિલકુલ ઈચ્છા ન હતી તથાપિ તેમના આગ્રહને માન આપી તેઓ પારણું કરવા બેઠા. મંત્રીએ અડધો રોટલીનો ટુકડો, જે છુપાવીને રાખ્યો હતો તે રાજાની સમક્ષ ધર્યો. આવા સમયે પણ પરોપકારી રાજાએ વિચાર્યું, 'કોઈ અતિથિ આવે તો હું તેમને સમર્પિત કરી પછી ભોજન કરું.' ત્યાં તો એક મહિલા દોડતી આવી, જેનો દીકરો કેટલાય દિવસથી ભૂખથી ટળવળી રહ્યો હતો. તે અંતિમ ક્ષણોમાંથી પસાર થઈ રહ્યો હતો. ઉદારદિલના મહારાજા રતિદેવે રોટલીનો ટુકડો મહિલાને આપી દીધો અને સ્વયં ભૂખ્યા રહ્યા.

રતિદેવે ૪૮ દિવસ સુધી પાણીનું એક ટીપું પીધું ન હતું. મહામંત્રીના અત્યાધિક આગ્રહથી તેઓ પાણી પીને પારણું કરવા ઈચ્છતા હતા. મહામંત્રીએ એક પ્યાલા જેટલું પાણી સંતાડીને રાખ્યું હતું તે લાવી રાજાને આપ્યું. જેવો રાજાએ પાણીનો પ્યાલો હોઠે માંડ્યો ત્યાં એકાએક એક ચાંડાલ ધસી આવ્યો. તેનો પ્રાણપ્યારો શ્વાન પાણીના અભાવમાં છટપટી રહ્યો હતો. પરહિતેચ્છુ રાજાએ તે પાણીનો પ્યાલો ચાંડાલને આપી દીધો.

લોકહિત ચિંતવનારા રાજા રતિદેવના મુખ ઉપર અંશમાત્ર ખિન્નતા ન હતી. તેઓ દિવ્ય વિચારધારાના પ્રવાહમાં લીન હતા. તેમની ઉર્ધ્વ ચિંતનની જ્યોતિ ત્યારે વિકસિત થઈ સ્વર્ગલોકમાંથી દેવે આવી તેમની ઉદારતા, કરુણા, અત્મૌપમ્ય ભાવના અને દાનવૃત્તિની પ્રશંસા કરી.

સંયોગવશાત રતિદેવની આ દાનવૃત્તિ સાત્ત્વિક અને કરુણાથી ઓતપ્રોત હોવાથી શીઘ્ર વર્ષા થઈ. થોડા જ વખતમાં દુકાળના ઓળા ઉતરી ગયાં. પ્રજાજનોએ પોતાના લાડીલા રાજાને ખોબલે ખોબલે આશીર્વાદ આપ્યાં. રાજા રતિદેવ દાનના પ્રભાવે કૃતકૃત્ય થઈ ગયા. તેઓ સંસારમાં અજર-અમર થઈ ગયા.

**સ્થાનાંગ સૂત્ર**ની ટીકામાં કહ્યું છે,

**"जे य दाणं पसंसंति, वहमिच्छंति पाणिणो।**
**जे एणं पडिसेहंति, वित्तिच्छेयं करंति ते।।"**

**અર્થ :** જે નામના, કામના, પ્રસિદ્ધિ આદિ આસક્તિ રહિત શુભાશય અને સર્વહિતની દૃષ્ટિએ કરેલા દાનનો નિષેધ કરે છે, તે અંતરાય કર્મ બાંધે છે. અનેક લોકોને મળવાવાળા દાનમાં વિઘ્ન પાડે છે, તે વૃત્તિચ્છેદ-આજીવિકા ભંગ કરે છે.

**[1]વસંતક** : (પાર્શ્વનાથ ચરિત્ર)

**વસંતપુરમાં મેઘવાહન** રાજા રાજ્ય કરતો હતો. તેને પાંચસો ઉપરાંત રાણીઓ હતી. તેમાં **પ્રિયંકરા** નામની મુખ્ય પટ્ટરાણી હતી. તેઓ દાનપુણ્યાદિક કરતાં સુખેથી જીવન વ્યતીત કરતાં હતાં.

એકવાર નગરમાં નવયુવાન ચોર ચોરીનાં મુદ્દામાલ સહિત પકડાયો. ચોરને રાજાની સમક્ષ

---

૧. શંખરાજા અને રાણી રૂપવતી (જૈન કથાયેં ૨૨, પૃ.૨૫); સૌભાગ્યવતી (ઉપદેશતરંગિણી) આ કથાઓ વસંતક સાથે સામ્યતા ધરાવે છે.

હાજર કરાયો. રાજાએ પૂછ્યું, ''આટલી નાની ઊંમરમાં ચોરી શા માટે ?'' ચોરે કહ્યું, ''હે નાથ! **વંધ્યપુર**માં **વસુદત્ત** નામે શેઠ રહે છે. તેનો હું **વસંતક** નામનો પુત્ર છું. દુર્ભાગ્યથી જુગારી થયો, સ્વજનોએ સમજાવ્યો પરંતુ હું ન અટક્યો. ચોરી વગેરેમાં પ્રવૃત્ત થયો. આવી કુટેવથી પિતાએ મને કાઢી મૂક્યો. ચોરી કરતાં કોટવાલ દ્વારા પકડાયો. તેઓ મને અહીં લાવ્યા.'' રાજાએ કોટવાળને કહ્યું, ''ચોરને શૂળીએ ચડાવો.''

રાજાજ્ઞા થતાં રાજ્યની પરંપરા અનુસાર વસંતકના ગળામાં ફૂલની બે માળાઓ પહેરાવવામાં આવી. તેને ગધેડા પર બેસાડી, ફૂટેલો ઢોલ વગાડતા આખા નગરમાં ફેરવવામાં આવ્યો. તેના બૂરા કૃત્યોની ઉદ્દ્ઘોષણા કરવામાં આવી. ચોરને જોવા નગરજનો ઉમટયાં. જાણે મોટું સરઘસ ન હોય ! આ સરઘસ ફરતાં ફરતાં રાજમહેલ પાસે આવ્યું. રાણીવાસમાં રહેલી પટ્ટરાણીએ ચોકીદાર પાસેથી ચોરની કથની સાંભળી. આ સાંભળી પટ્ટરાણીને ચોર પ્રત્યે અનુકંપા જાગી. પટ્ટરાણીએ તેને દીન-શરણરહિત જાણી તેના મનોરથ પૂર્ણ કરવા રાજાને પ્રાર્થના કરી કે, ''પ્રાણનાથ ! એક દિવસ માટે આ ચોરની મૃત્યુદંડની સજા સ્થગિત કરી મને સોંપી દો, જેથી મૃત્યુ પૂર્વે હું તેની ભક્તિ કરી શકું. હું તેને મનગમતું ખવડાવી પ્રસન્ન કરી શકું; જેથી તેનું સમાધિ મૃત્યુ થાય.'' રાણીના અત્યંત આગ્રહથી રાજાએ હા પાડી.

રાણી ચોરને એક દિવસ માટે છોડાવી મહેલમાં લાવી અગોતરી વ્યવસ્થા કરી. વસંતક ચોરને સુગંધી જળથી સ્નાન કરાવી, દિવ્ય વસ્ત્ર, અલંકાર વગેરે પહેરાવ્યાં. ભાવતાં ભોજન કરાવ્યાં. મન પ્રસન્ન કરવા નૃત્ય, સંગીત, કથા, વાર્તા અને કાવ્યરસથી તેને વિનોદ પમાડવા ઘણાં પ્રયત્નો કર્યા. સેવકોએ રાણીના હુકમથી રાજવી ઠાઠમાઠપૂર્વક ચોરને અશ્વ પર બેસાડી નગરમાં ફેરવ્યો. તેને રાત્રે મખમલી શય્યા પર સુવડાવ્યો.

રાણીએ સવારે અસલ દરવેશ પહેરાવી પાછો રાજાને સુપ્રત કર્યો. રાજાએ કોટવાલને વધ માટે સોંપ્યો. તેટલામાં બીજી રાણીએ પણ એ જ પ્રમાણે માંગણી કરી. રાજાએ તેને પણ અવસર આપ્યો. તેણે પણ પૂર્વવત્ ચોરને ઘણી સુવિધા આપી ભક્તિ કરી.

આ પ્રમાણે બીજી ઘણી રાણીઓએ પણ ચોરના મનોરથ પૂર્ણ કર્યા. પાંચસો રાણી ઉપર રાજાની એક **શીલવતી** નામની અણમાનીતી રાણી, જે ધર્મપરાયણ હતી. તેણી સહુથી વધુ ધર્મારાધના કરતી હતી પરંતુ રાજા સદા તેનાથી અપ્રસન્ન રહેતો હતો. રાજાએ માનીતી રાણીની ચડામણી અને ભંભેરણીથી વિવાહ કર્યા પછી કદી તેનું મુખ જોયું ન હતું. રાણી સદા સવળો વિચાર કરતી કે, 'આ મારા પૂર્વ કર્મનું ફળ છે. પૂર્વે મેં કોઈને વિયોગ પડાવ્યો હશે તેથી તેનું ફળ વર્તમાને ભોગવી રહી છું. મને અનાયાસ આવી પરીસ્થિતિ મળી છે, તો તેનો લાભ ઉઠાવી અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ક્ષમાદિ ધર્મનું પાલન કેમ ન કરું ?' આવો વિચાર કરી રાણી સદા દાન, શીલ, તપ અને પવિત્ર ઉચ્ચ વિચારોમાં લીન રહેતી હતી. ધર્મ કાર્યનો એક પણ મોકો હાથથી જવા ન દેતી. જ્યારે તેણે જાણ્યું કે, 'મારી શોક્યો એ મૃત્યુદંડ યોગ્ય ચોરને એક એક દિવસ પાસે રાખી તેની શુશ્રૂષા કરી છે. રાજાને પ્રાર્થના કરવાથી સંભવ છે કે મને પણ ચોરની શુશ્રૂષાનો અવસર હાથવગો થાય. મને જો એ મોકો મળશે તો હું તેની સાથે સહાનુભૂતિ રાખી તેને મૃત્યુના ભયથી છોડાવીશ. તેને નિર્ભય કરી બીજાને માટે અભયદાતા અને અહિંસક બનાવીશ.'

આમ વિચારી તેણીએ પણ સાહસ કરી રાજાને વિનંતી કરતાં કહ્યું, ''હૃદયેશ્વર ! આપની કૃપા હોય તો આ ચોરની આવભગત કરવા માંગું છું. મને પણ એક મોકો આપો.'' રાજાની અનુમતિ મળતાં રાણી

ચોરને રાજમહેલમાં લાવી. સાદું ભોજન ખવડાવી - પીવડાવી તેને આશ્વસ્ત કર્યો. પછી પૂછ્યું, ''ભાઈ! તું શું ચાહે છે?'' ચોરે કહ્યું, ''મા! મને કાંઈ નથી જોઈતું. આજથી તમે મારા ધર્મ માતા છો. મને આપનો ધર્મપુત્ર સમજજો. રાણીએ કહ્યું, ''પુત્ર! તું ચોરી શા માટે કરે છે? જેમ તને તારા પ્રાણ પ્રિય છે, તેમ અન્ય જીવોને પણ પ્રાણ પ્રિય હોય છે. તું મને ધર્મમાતા માને છે તો એ સંબંધે તું મારી વાત સ્વીકાર. તું પ્રતિજ્ઞા કર કે, હું કદી બીજાની હત્યા કરીશ નહીં, ચોરી કે લૂંટફાટ કરીશ નહીં.'' ચોરે કબૂલ કરી પ્રતિજ્ઞા લીધી.

મૃત્યુદંડના દિવસે રાજાએ સર્વ રાણી સહિત ચોરને રાજસભામાં બોલાવ્યો. રાજાએ ચોરને પૂછ્યું, ''તું આજે ખૂબ આનંદિત દેખાય છે, તેનું કારણ શું?'' ચોરે ઉકેલતાં કહ્યું, ''ત્રણે રાણીઓએ મારી સુંદર આવભગત કરી છે પરંતુ મને તેનાથી રતિભર આનંદ ન થયો કેમકે 'શૂડી' શબ્દ સાંભળી મને બધું શૂન્ય દેખાતું હતું. સ્વાદિષ્ટ અન્ન ઝેર સમાન લાગતું હતું. મખમલી શય્યા કાંટાની પથારી સમાન ખૂંચતી હતી. અશ્વ સવારી ગર્દભ સમાન વિપરીત લાગતી હતી મારા માથે મોત ફેરકુદરડી ફરતું હતું પછી કેવો આનંદ? માતા સમાન શીલમતી રાણીના હૂંફાળા ઉપદેશથી મારું જીવન પલટાઈ ગયું છે. રાજન્! તેથી હું ખુશ છું.''

શીલવતી રાણીએ ઘટનાક્રમ વર્ણવી મોકો ઝડપતાં કહ્યું, ''સ્વામી! આપના મુખેથી અભય આપો. તેને પલોટવાની એક તક આપો.'' રાજાએ રાણીનું ગુણગૌરવ જોઈ કહ્યું, ''મેં તેને અભયદાન આપ્યું. બસ! હવે બીજું કાંઈ કહેવું હોય તો નિવેદન કર?'' તે બોલી, ''હે નાથ! મને બધાં સારાં વાનાં છે. કોઈ વાતની ન્યૂનતા નથી.'' રાજાએ શીલવતી રાણીના સંતોષ અને ગાંભીર્ય ગુણથી પ્રભાવિત થઈ તેને પટ્ટરાણી બનાવી. પોતાના ગુણોથી તે સર્વત્ર પ્રખ્યાત બની.

વસંતક પણ ત્યાં જ રહી રાજસેવા કરવા લાગ્યો. તેની જુગાર, ચોરીની લત જેવી કુટેવો છૂટી ગઈ. શીલવતી રાણી અભયદાનના પ્રભાવે નવમા ગ્રૈવેયકમાં દેવત્વ પામી. ત્યાં એકત્રીસ સાગરોપમનું આયુષ્ય ભોગવી **મહાવિદેહ ક્ષેત્ર**માં સિદ્ધિપદને પામશે. વસંતક સદ્ગુરુના યોગથી શ્રાવક વ્રત અંગીકાર કરી પાંચમા દેવલોકે ગયો.

ખરેખર! અભયદાનના પ્રભાવે ચોર મટી ધર્માત્મા બનવાનું સૌભાગ્ય એક તસ્કરને મળ્યું!

**વિશલ્યા :** (પઉમચરિયં, પર્વ ૬૩, પૃ.૩૦૩)

**પુંડરીક વિજય**માં **ચક્રધ્વજ** નામના નગરમાં **અનંગશર** નામના ચક્રવર્તી હતાં. તેને **ગુણશાલિની** નામની પુત્રી હતી. તે અત્યંત સ્વરૂપવાન હતી. કોઈવાર **સુપ્રતિષ્ઠિત** નગરના **પુનર્વસુ** નામના રાજાએ તેનું અપહરણ કર્યું. ચક્રવર્તીની આજ્ઞાથી વિદ્યાધરોએ રાજા સાથે યુદ્ધ ખેલ્યું. રોષાયમાન ખેચરોએ રાજાનું વિમાન તોડી નાંખ્યું તેથી કન્યા આકાશમાંથી નીચે પડી.

તે પુનર્વસુની વિદ્યાજાળમાંથી છૂટી ભયંકર અટવીમાં પડી. ત્યાં સેંકડો માંસાહારી પ્રાણીઓ હતા. કન્યા કરુણ વિલાપ કરવા લાગી. તેણીએ ધીમે ધીમે હતાશાની ગર્તા ખંખેરી નાંખી. ભૂખ-તરસનું દુઃખ વેઠી ત્રણ-ચાર ઉપવાસ કરી એકાસણું કરતી, ફલાહાર કરતી. આ પ્રમાણે શીત ઋતુમાં ભયંકર ઠંડી સહન કરતી, ગ્રીષ્મ ઋતુમાં ભયંકર તાપ સહન કરતી અને વર્ષાઋતુમાં મેઘનો ગર્જારવ, વીજળીના ચમકારા સહન કરતી અટવીમાં એકલી અટૂલી રહેવા લાગી. આ પ્રમાણે ગુણશાલિનીએ અટવીમાં ૩૦૦૦ વર્ષ તપ કરીને પસાર કર્યાં. હવે શરીર કૃશ થતાં તેને સંલેખના કરવાનો વિચાર આવ્યો. તેણે ચારે આહારના પ્રત્યાખ્યાન કર્યાં. એક સો

હાથથી બહાર ન જવું એવો નિયમ કર્યો.

તે નિયમના છઠ્ઠા દિવસે **લબ્ધિદાસ** નામનો વિદ્યાધર **મેરૂ પર્વત** ઉપર જિનેશ્વરના દર્શન કરી પાછો જતો હતો. તેણે તપસ્વિની કન્યાને જોઈ. તે નીચે ઉતર્યો. તેણીને તેના પિતાને ત્યાં લઈ જવા નિવેદન કર્યું. ત્યારે કન્યાએ કહ્યું, ''મારો નિયમ છે. હું સો હાથની બહાર નહીં જાઉં. તું તારા દેશમાં જા. તું અહીં શા માટે આવ્યો છે ?' લબ્ધિદાસ ત્રિભુવનાનંદ ચક્રવર્તીને લઈ કન્યા પાસે આવ્યો. ચક્રવર્તીએ જોયું કે, અજગરે કન્યાને અડધી ગળી લીધી હતી, છતાં કન્યા પોતાના નિયમમાં અડગ હતી. તેણે કોઈ બાંધછોડ ન કરી કે ન ચક્રવર્તી સાથે ગઈ. ચક્રવર્તી દુઃખી થતો નગરમાં પાછો આવ્યો. તેણે બાવીશ હજાર પુત્રો સાથે દીક્ષા લીધી.

તે રાજપુત્રીને પાપી અજગર ખાઈ જતો હતો. તે કન્યા મંત્ર જાણતી હતી, છતાં અનુકંપાથી મંત્ર પ્રયોગ કરી અજગરને ન મારતાં અભયદાન આપ્યું. અજગરથી ખવાયેલી તપસ્વિની કન્યા, ધર્મધ્યાનપૂર્વક મૃત્યુ પામી દિવ્ય રૂપવાળી પુણ્યશાળી દેવી બની. પુનર્વસુ ખેચરે કન્યાનો વિરહ સહન ન થતાં **દ્રુમસેન** મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી તે ચારિત્ર અને તપની આરાધના કરી ઉત્તમ દેવ થયો.

ત્યાંથી ચ્યવી **અયોધ્યા**ના રાજા **દશરથ**નો પુત્ર **લક્ષ્મણ** થયો. ગુણશાલિની દેવલોકથી ચ્યવી **દ્રોણધન** રાજાની પુત્રી **વિશલ્યા** થઈ. તેણે પૂર્વભવમાં ઉપસર્ગો સહન કરી, સાધના કરી હતી. તેણી દાન, શીલ અને તપના પ્રભાવે અનેક પ્રકારના રોગોને જડમૂળથી નાશ કરનારી વિશલ્યા નામની રાજપુત્રી થઈ.

એક સમયે **ગજપુર**નો **વિંધ્ય** નામનો સાર્થવાહ **સાકેતપુર**માં આવ્યો. તે માલ વેચવા માટે એક માસ નગરમાં રહ્યો. તેનો એક ઉત્તમ પાડો અધિક માલ લાદવાથી મૃત્યુ પામ્યો. તે અકામનિર્જરા દ્વારા **પવનાસુર** થયો. તેણે વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવ જોયો. ક્રોધે ભરાયેલા અસુરે ઘણા રોગવાળો વાયરો નગરમાં વિકુર્વ્યો. આ રોગિષ્ટ વાયરાનો વિશલ્યાના સ્નાન જળથી ક્ષણવારમાં જડમૂળથી વિનાશ થયો.

**રાવણ** સાથે યુદ્ધ કરતાં, રાવણના બાણથી લક્ષ્મણ મૂર્છિત થયા. ત્યારે **સર્વભૂતશરણ** નામના સાધુએ વિશલ્યાના સ્નાનજળ વડે લક્ષ્મણને જીવતો કરવાનો ઉપાય બતાવ્યો. **કૈકેયી** દ્રોણધન રાજા પાસે ગઈ. રાજાએ પોતાની પુત્રીને કૈકેયી સાથે મોકલી. તેની સાથે બીજી ૧૦૦૦ કન્યાઓ પણ મોકલી. વિશલ્યા લક્ષ્મણ પાસે ગઈ. તેણીએ લક્ષ્મણના શરીરને સ્પર્શ કર્યો. લક્ષ્મણના શરીરમાંથી આસુરી શક્તિ ચાલી ગઈ. વિશલ્યાએ ચંદનના છાંટણાં કર્યા. લક્ષ્મણ સચેતન થયા. લક્ષ્મણે ઠાઠમાઠ-પૂર્વક વિશલ્યા સાથે પાણિગ્રહણ કર્યું.

આમ, અભયદાનના પુણ્યે વિશલ્યા આ અવસર્પિણી કાળના આઠમા વાસુદેવ લક્ષ્મણની ભાર્યા બની.

**વિક્રમ સંવત્સર - વિક્રમાદિત્ય :** (વિક્રમ ચરિત્ર - ૧; ઉપદેશતરંગિણી, પૃ. ૩૮)

એક દિવસ **વિક્રમાદિત્ય** રાજા હાથી પર સવાર થઈ રાજમાર્ગે જઈ રહ્યાં હતાં તેવામાં જમીન પર વેરાયેલાં ચોખાના દાણા પર દૃષ્ટિ પડી. તેઓ હાથી પરથી નીચે ઉતર્યા. ચોખાના દાણાઓને લઈ મસ્તકે અડાડ્યા. એ વખતે અન્ન અધિષ્ઠાયિકા **લક્ષ્મી દેવી** અતિ પ્રસન્ન થઈ. દેવીએ પ્રત્યક્ષ દર્શન આપી રાજાને કહ્યું, ''હે વિક્રમાદિત્ય રાજન્! તમે વરદાન માંગો. હું તમારા પર અતિ પ્રસન્ન થઈ છું.'' લોકોની અનુકંપા જેના હૈયે હતી એવા વિક્રમાદિત્ય રાજાએ પોતાના માટે કંઈ ન માંગતાં દેવીને કહ્યું, ''હે લક્ષ્મીદેવી ! તમે મને એવું વરદાન

આપો કે આ **માલવ દેશ**માં કદી પણ દુકાળ પડે નહીં.'' ''તથાસ્તુ'' કહી દેવી ચાલી ગઈ. ત્યારથી આજ દિવસ સુધી માલવામાં દુકાળ પડયો નથી.

વળી, વિક્રમાદિત્ય રાજાએ સુવર્ણપુરુષની કૃપાથી પૃથ્વી ઉપરના માનવીઓને સુવર્ણ આપી તેઓને કર્જરહિત કર્યા તેથી ત્યારથી તેમના નામથી પ્રારંભ થયેલી સંવત્સર સાંપ્રાત કાળે પણ પરંપરાગત છે.

કહેવાય છે કે વિક્રમાદિત્ય શુદ્ધ અને નિષ્પક્ષ ન્યાય કરતા હતા. તેઓ જ્યારે ન્યાયના સિંહાસને આરુઢ થાય ત્યારે કોઈનું સાહસ ન થતું કે તેમની સામે જુઠ્ઠું બોલી વાતની હેરાફેરી કરી શકે. તેઓ ગરીબ અને અન્યાય પીડિતો પ્રત્યે હમદર્દી રાખતા હતા. તેમની વાતો ધ્યાપૂર્વક સાંભળી કોઈપણ જાતની સખાવત વિના ન્યાય કરતા હતા. આવા પ્રકારનો ન્યાય એ વચનપુણ્ય છે. જેનાથી ઉન્માર્ગી, ચોર, ભ્રષ્ટાચારી, હત્યારા, વ્યસની બોધ પામી સન્માર્ગે વળે છે, તેઓ પણ મહાન પુણ્યના ભાગીદાર બને છે.

**વિક્રમસેન** : (જૈન કથાયેં ૫૦)

**સૂરપુર** નગરમાં **ચક્રયુધ** નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને **વિક્રમસેન** નામે રાજકુમાર હતો. તે સાત વ્યસનોમાં ડૂબ્યો તેથી તેનું જીવન ખોરંભે ચડયું. રાજાએ તેને નગર બહાર કર્યો. તે ભટકતો ભટકતો ચોર પલ્લીમાં ગયો. ત્યાં પલ્લીના નાયકનું મૃત્યુ થયું તેથી તેને પલ્લીપતિ બનાવવામાં આવ્યો.

આ બાજુ **કુસુમપુર**માંથી **વૈશ્રમણ** નામે સાર્થવાહે **આચાર્ય સમંતભદ્ર મુનિ** વગેરેની સાથે **કુંભ** નગર તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં ખૂબ વરસાદ થવાથી સમંતભદ્ર મુનિએ બાજુની પલ્લીમાં જઈ ઉપાશ્રયની યાચના કરવાનું વિચાર્યું. તે સમયે વિક્રમસેનના લૂંટારાઓ સાર્થ ઉપર ત્રાટક્યા. ત્યાં વિક્રમસેનના **વર્ધન** નામના અંગત માણસે કહ્યું કે, ''આ તો તમારા પિતાના ગુરુ છે.'' એ સાંભળી વિક્રમસેને લૂંટારાઓને રોકી, મુનિનું રક્ષણ કરી તેમને સ્થાન આપ્યું. ચાતુર્માસ હોવાથી આચાર્ય ભગવંત વિવિધ તપ કરતાં ત્યાં જ રહ્યા.

એક દિવસ તેમને શુક્લધ્યાન દ્વારા કેવળજ્ઞાન પ્રગટ થયું. દેવો કેવળજ્ઞાનનો મહોત્સવ કરવા આવ્યા. વિક્રમસેને પૂછ્યું, ''આ દેવો શા માટે આવ્યા છે ?'' ત્યારે વર્ધને કહ્યું, ''મુનિને કેવળજ્ઞાન થતાં કેવળ મહોત્સવ મનાવવા આ દેવો આવ્યા છે.'' આવું સાંભળી વિક્રમસેને કેવળી ભગવંતને નમસ્કાર કરી પૂછ્યું, ''આવી દેવગતિ કઈ રીતે મળે ?'' ગુરુ ભગવંતે કહ્યું, ''હે રાજપુત્ર! જીવરક્ષા, સત્ય, બ્રહ્મચર્ય, અચૌર્ય, માંસાદિના ત્યાગથી દેવગતિ મળે છે. વળી, પાપનું પ્રાયશ્ચિત કરવાથી કર્મો ક્ષય થાય છે.''

વિક્રમસેને પોતાની જીંદગીમાં કરેલાં પાપો યાદ કરી તેનું કેવળી ભગવંત પાસે પ્રાયશ્ચિત કર્યું. તેણે સાત વ્યસનોનો સર્વથા ત્યાગ કર્યો. તેણે અમારિ પ્રવર્તાવી, એટલે કે જીવોને અભયદાન આપ્યું. ચાતુર્માસ પૂર્ણ થતાં કેવળી ભગવંતનો વિયોગ થતાં તેણે હર્ષાશ્રુ વહાવ્યાં. તે વર્ધનને પિતા સમાન ગણતો હતો.

એકવાર રાજાના સેવકો પલ્લીમાં આવ્યા. તેમણે કહ્યું, ''હે રાજપુત્ર! તમારું આશ્ચર્યકારી ચરિત્ર સાંભળી પિતાએ તમને નગરમાં બોલાવ્યા છે.'' આ સાંભળી વિક્રમસેન કુમાર પિતાને મળવા ચાલ્યો. પિતાજીને જોઈ ભેટી પડયો. પિતાએ પૂછ્યું, ''વત્સ! તારો સ્વભાવ કઈ રીતે બદલાયો ? તેં વ્યસનોનો ત્યાગ કઈ રીતે કર્યો ?'' કુમારે અતથી ઈતિ સુધીનો વૃત્તાંત જણાવ્યો.

ગુરુ મહાત્માની દેશના સાંભળી તેણે દીક્ષા લીધી. સંયમનું સમ્યક્પણે પાલન કરી અગિયારમાં **પ્રાણત દેવલોક**માં દેવ થયો. ત્યાંથી ચ્યવીને **મિથિલા** નગરીમાં **નમિ** રાજાની પ્રિયા **યશોધરા**નો **વારિષેણ**

નામનો પુત્ર થયો. **પાર્શ્વનાથ પ્રભુ** પાસે દીક્ષા લઈ, ગણધર બની, કર્મ ક્ષય કરી મુક્તિપુરીમાં ગયો.

**શેઠ હઠીભાઈ** : (જૈન ધર્મમેં દાન)

પૂર્ણિમાની ચાંદની અત્ર તત્ર સર્વત્ર પોતાની શીતળતા વેરી રહી હતી. ગરીબોની વસ્તીમાં કેટલાક દુઃખી ગરીબો એકઠાં થઈ બેધડક ચર્ચા કરી રહ્યાં હતાં. તેમની ચર્ચાનો વિષય હતો કે, 'આ નગરમાં સર્વશ્રેષ્ઠ દાતા કોણ છે?'

એકે કહ્યું, ''અમુક શેઠ દાનવીરનો અવતાર છે. તેને ત્યાંથી કોઈ ખાલી હાથે પાછું ફરતું નથી. ભોજન કરનાર થાકી જાય પરંતુ શેઠના હાથ ખવડાવતાં કદી થાકતા નથી.''

બીજાએ કહ્યું, ''આ નગરના અમુક શેઠની શું વાત કરવી? જાણે કર્ણનો અવતાર! આપવા બેસે ત્યારે આગળ પાછળનો વિચાર કર્યા વિના જે મુઠ્ઠીમાં આવ્યું તે નિઃસંકોચ આપી દે છે. ધન્ય છે તેના માવિત્રોને!''

ત્રીજાએ કહ્યું, ''આ સર્વ કર્ણના અવતાર છે તે સાચું છે પરંતુ આપણા નાનકડા ગામમાં ધર્મવીર શેઠ **હઠીભાઈ** તો જાણે પારસમણિ! તેમને કોઈ લોઢું અડાડે, તે લોઢું સુવર્ણ બની જાય, એવા છે ઔઢ દાની! તેમના એકવાર દાનમાં જ યાચકનો બેડો પાર થઈ જાય. જિંદગીભરનું દરિદ્રય દૂર થઈ જાય. કળિયુગમાં આવા દાતાર થયા નથી અને થશે નહીં.''

દરિદ્રોની આ વસ્તીમાં એક **સતારા** નામની વૃદ્ધા સ્ત્રી રહેતી હતી. તે આ ચર્ચા કાન સરવા કરી સાંભળી રહી હતી. અંતિમ વાક્ય કર્ણપટલ પર પડતાં તે ચમકી. તેનો એકનો એક પુત્ર ચિકિત્સાના અભાવમાં મરણ પથારીએ તરફડી રહ્યો હતો. તેની પાસે ધન ન હતું. ધન વિના ઈલાજ ક્યાંથી થઈ શકે? વૃદ્ધા માટે આ પુત્ર જીવાદોરી સમાન હતો.

વૃદ્ધા શરીર અને મનથી ભાંગી ચૂકી હતી છતાં ઉપરોક્ત વાક્ય સાંભળી તેના દિલમાં આશાનો દીપક ટમટમવા લાગ્યો. તેણે મનને મજબૂત કરી, શક્તિ એકઠી કરી બળૂકી બની એક હાથમાં લાકડી લીધી. બીજા હાથમાં એક લોખંડનો ટુકડો લઈ હાંફતી, ધમણની જેમ શ્વાસ લેતી હઠીભાઈ શેઠની હવેલીએ આવી પહોંચી.

શેઠ વિચારમગ્ન હતા. વૃદ્ધાએ શેઠના જમણા પગે લોખંડનો ટુકડો અડાડયો. લોખંડનો સ્પર્શ થતાં શેઠ ચમકી ગયા. તેમના મુખમાંથી શબ્દો સરી પડયાં, ''માજી! શું કરો છો?'' વૃદ્ધાએ કહ્યું, ''મેં લોકમુખે સાંભળ્યું છે કે આપ પારસમણિ છો. આપના સ્પર્શ માત્રથી લોઢું પણ પરિવર્તિત થઈ સુવર્ણ બને છે. શેઠ! માફ કરજો. હું ગરીબીની રિબામણીથી રિબાવું છું. હું અભાગણી છું. જરૂરતમંદ છું, તેથી આપના દ્વારે આવી છું. આ લોઢાને સુવર્ણ બનાવી મારી દરિદ્રતા ઠેલવા માંગું છું. મારા ગુના બદ્દલ મને ક્ષમા કરજો.''

શેઠની દૃષ્ટિ વૃદ્ધાના મુખને જોઈ રહી. નિખાલસ ચહેરો, વેદના ભરી આંખો, મુખ પર વાત્સલ્ય ટપકી રહ્યું હતું. આ જોઈ શેઠના કરુણાર્દ હૃદયમાં લખલખું પ્રસરી ગયું. શેઠે વૃદ્ધાના હાથમાંથી લોખંડનો ટુકડો લઈ લેતાં કહ્યું, ''માજી! આ પટ્ટા પર બેસી જાઓ.'' વૃદ્ધાનું સાહસ ન થયું. તે શાંત ઊભી રહી. તેના મનમાં અંતર્દ્વન્દ્વ ચાલતું હતું. શેઠે મુનીમને બોલાવી લોખંડના ટુકડાનું વજન કરાવ્યું. તેનું વજન પચ્ચીસ (૨૫) તોલા થયું. શેઠ વિચારે ચડયા, 'આકાશમાં મેઘ ન હોય તો વર્ષા થતી નથી પરંતુ નદી સૂકાઈ ગયા છતાં જો તૃષાતુર તે

પટમાં ખાડો ખોદે તો થોડું પાણી પણ અવશ્ય મેળવે છે. ભલે આજે મારી સ્થિતિ તંગ છે પરંતુ મારે આ આશાભરી વૃદ્ધાને અલ્પમાંથી અલ્પ પણ આપવું જ જોઈએ. કહ્યું છે કે - **'चीडी चोंच भर ले गई, नदी न घटियो नीर।'** આ વૃદ્ધા બિચારી તૃષાતુર છે. તેને ખાલી હાથે પરત કરવી એ શોભાસ્પદ નથી. એનાથી ધર્મી અને ધર્મ બદનામ થશે.'

શેઠે મુનીમને કહ્યું, ''આ લોખંડના વજન જેટલું સોનું આ વૃદ્ધાને હમણાં જ આપો.'' શેઠના કહેવાથી વૃદ્ધાનું કાર્ય સિદ્ધ થયું. સોનાનો ટુકડો લઈ ઘર તરફ જતી સતારા વૃદ્ધાની આંખો હર્ષાશ્રુથી છલકાઈ ઉઠી. તેના હૃદયમાંથી દુવાઓ નીકળી, 'અલ્લાહ! ઈન્હેં બરકત દે! લોગ કહેત હૈ, ઉસમેં જરાભી અતિશયોક્તિ નહીં. શેઠ પારસમણિ હૈ.'

કહેવાય છે કે, આ ઘટના પછી થોડા મહિનાઓમાં શેઠને ત્યાં સંપત્તિનો પુનઃ સૂર્યોદય થયો. આમ, દયનીય કરુણાપાત્રને મુક્તહાથે દાન આપી હઠીભાઈ શેઠનું સંકટ દૂર થયું. હવે શેઠ પૂર્વવત્ દાન ધર્મમાં વધુ અગ્રેસર થયા.

આ પ્રમાણે જ મુર્શિદાબાદના **જગત શેઠ** પણ દાન પરાયણ હતા. એમના વિષયમાં એવી લોકવાયકા છે કે તેઓ જ્યાં હાથ નાંખતા, ત્યાંથી સુવર્ણરાશિ હાથવગી થતી હતી. એકવાર તેઓ નદીપાર જઈ રહ્યા હતા, ત્યારે કોઈએ તેમની પાસેથી ધન માંગ્યું. તેમણે પાણીમાં હાથ ફેલાવી મુઠ્ઠી ભરી. સૌના આશ્ચર્ય વચ્ચે આ જલધારા સુવર્ણરાશિ બની ગઈ. સંભવ છે કે આ કથનમાં અતિશયોક્તિ હોઈ શકે પરંતુ એટલું તો જરૂર છે કે તેઓ જે ક્ષેત્રમાં હાથ નાંખતા, ત્યાંથી મેળવીને જ રહેતા. આ દાનની મહત્તા હતી, જે જગત શેઠને આ પ્રકારના વરદાન રૂપે હાંસલ થઈ હતી.

**સદયવત્સ-સાવલિંગા :** (સદયવત્સ કથાનકમ્, શ્રીમતી પ્રીતમ સંઘવી)

**ઉજ્જયિની**ના **સમ્રાટ પ્રભુવત્સ** અને **મહાલક્ષ્મી** રાણીનો પુત્ર **સદયવત્સ** દાની, માની, પરાક્રમી તેમજ દ્યૂતનો જબરો વ્યસની હતો. માતા-પિતાને આ ખબર હતી પરંતુ તેઓ વિચારતા કે, 'દીકરો મોટો થશે, વિવાહ થશે એટલે રાજ્યનું ઉત્તરદાયિત્વ માથે આવતાં જરૂર સુધરી જશે.' મહામંત્રીને રાજકુમારની દ્યૂતની રમત બિલકુલ પસંદ ન હતી તેથી તેઓ સદયવત્સને ધન આપવાની આનાકાની કરતા અને કહેતા કે, ''રાજાની પરવાનગી વિના ધન નહીં મળે.'' હવે સદયવત્સ પોતાના ખીસ્સા ખર્ચમાંથી પૈસા બચાવી દ્યૂત રમવા લાગ્યો. દેવીએ તેને ચમત્કારી ડીશ અને ચક્કુ ભેટ આપ્યાં હતાં, જેનાથી તે દ્યૂતમાં વિજયી થતો હતો.

યુવાનવયે **પ્રતિષ્ઠાપુર**ના રાજા **શાલિવાહન**ની સૌંદર્યવાન પુત્રી **સાવલિંગા** સાથે તેના વિવાહ થયા. તેમનું દાંમ્પત્ય જીવન સુખેથી વ્યતીત થવા લાગ્યું.

એકવાર એક બ્રાહ્મણ પોતાની પત્નીની વિનંતીથી રાજા પાસે યાચક બની પહોંચ્યો. રાજાએ પૂછ્યું, ''તમે કઈ વિદ્યા જાણો છો ?'' બ્રાહ્મણે કહ્યું, ''હું જ્યોતિષ વિદ્યાના બળે ત્રણે ભુવનની, ત્રણે કાળની વસ્તુ જાણી શકું છું.'' રાજાએ તેની ખાતરી કરવા પૂછ્યું, ''**જયમંગલ** હાથીનું આયુષ્ય કેટલું છે ?'' જોશીએ કહ્યું, ''આવતીકાલે બપોરે તમારો હાથી ગાંડોતુર થઈને નાસભાગ કરશે અને દિવસ આથમતાં તેનું મૃત્યુ થશે.'' રાજાએ કહ્યું, ''જો તમારી ભવિષ્યવાણી સાચી પડશે, તો તમને ઈનામ આપીશ પરંતુ જો ખોટી પડશે તો જનોઈ અને તિલકને ઠેકાણે ડામ ચાંપવામાં આવશે.''

બીજે દિવસે રાજાએ હાથીને ફરતાં પાંચસો રક્ષકો અને અંકુશધારી મહાવતો ચોકીપહેરા માટે ગોઠવ્યા. હાથી સહેજ પણ ચસકી ન શકે તેવી લોઢાની સાંકળો વડે તેને બાંધ્યો પરંતુ બપોર થતાં હાથી ગાંડોતુર થયો. સાંકળ અને ખંભ છોડી, મદમત્ત બની નગરમાં રમખાણ કરતો ઘૂમી રહ્યો. હાથીએ કલાલની દુકાનેથી દારૂ ઢીંચ્યો. તેના ગાંડપણે માઝા મૂકી. તે વેળા એક બ્રાહ્મણીને તેના સીમંત પ્રસંગે શેષ ભરી પિયરથી વાજતે ગાજતે વળાવતાં હતાં. વાજિંત્રોનો અવાજ સાંભળી હાથી તે તરફ વળ્યો. તેણે બ્રાહ્મણીને સૂંઢમાં ઉપાડી. એના પતિએ બૂમાબૂમ કરી મૂકી. જુગાર રમવા ગયેલા સદયવત્સે તે સાંભળી હાથીને ખડગ પ્રહાર કરી પાડયો અને બ્રાહ્મણીને હેમખેમ બચાવી લીધી.

તેના સુકૃત્યુ અને પરાક્રમને જોઈ રાજાએ હવે તેને યુવરાજ બનાવવાનો નિર્ણય કર્યો પરંતુ મંત્રીને આ વાત ખટકી કેમકે સદયવત્સના વિવાહ પ્રસંગે ખર્ચ કરવામાં મંત્રીએ લોભ કર્યો હતો તેથી તેનો કુંવર સાથે સંબંધ બગડયો હતો તેથી મંત્રીએ વિચાર્યું, 'રખે ! સદયવત્સ યુવરાજ બને અને મને કનડે.' મંત્રીએ કાન ભંભેરણી કરતાં કહ્યું કે, ''રાજન્! સદયવત્સે જાણી જોઈને રાજ્યની શોભા સમાન ઉત્તમ હાથીને મારી નાંખ્યો છે. તેને રાજ્યની બહાર કરો, દંડ આપો. ન્યાય તો બધાં માટે સમાન હોય છે.'' આમ, રાજાનું મન ફેરવી મંત્રીએ તેને કુંવરથી તદ્દન વિરુદ્ધ કરી મૂક્યો. વળતે દિવસે સદયવત્સ પિતાને પ્રણામ કરવા ગયો ત્યારે રાજાએ તેને ધુત્કારી કડવાં વેણ કહ્યાં. તેને નગર બહાર કરવાનું ફરમાન થયું.

રાજાનું ફરમાન થતાં અપમાનિત સદયવત્સ પોતાની પતિવ્રતા પત્ની સાવલિંગા સાથે દેશ ત્યાગ કરી, પહાડ ઓળંગી અરણ્યમાં ચાલ્યો ગયો. માર્ગમાં ઘણું ચાલતાં નાજુક એવી સાવલિંગાના હોઠ અને કંઠ સૂકાવાં લાગ્યાં. સખત તરસ લાગતાં તેણી પાણી-પાણી કરવા લાગી. તપાસ કરતાં એક પરબ દીઠી. સદયવત્સ પાણી લેવા ગયો.

દ્રુમના મધ્ય ભાગમાં ઝરણામાંથી પાણી ભરવા ગયો ત્યાં ગેબી અવાજ સંભળાયો. ''સબૂર! ઊભો રહે'' એક વૃદ્ધા કહી રહી હતી.''હું આ સ્તોત્રની **અધિષ્ઠાયિકા પ્રપાલિકા** નામની દેવી છું. પાણીના બદલામાં હું તેના જેટલું જ લોહી લઈશ.'' સદયવત્સે કહ્યું, ''માતાજી! સાવલિંગાને અત્યંત તરસ લાગી છે. તેનો કંઠ સૂકાય છે. તેને પાણી પાઈને હું તમને જરૂર ખૂન આપીશ.'' વૃદ્ધાએ કહ્યું, ''ઠીક, તું પણ પાણી પી લે અને તારી પત્નીને પણ પાણી પીવડાવ.'' સદયવત્સે પાણી પીધું. દ્રોણ ભરી પાણી લઈ જઈ સાવલિંગાને પીવડાવ્યું.

ત્યાર પછી વચનાનુસાર સદયવત્સે તલવાર ખેંચી પોતાની નસ કાપી પરંતુ લોહી ન નીકળ્યું. છેવટે પોતાનો શિરચ્છેદ કરવા તલવાર ઉગામી. ત્યાં વૃદ્ધાએ તેનો હાથ પકડી લીધો. **ઉજ્જયિની** નગરીની રાજકુળની દેવી હરિસિદ્ધ માતા પ્રગટ થઈ, જે સદયવત્સની **પરીક્ષા** લેવા આવી હતી. તે સદયવત્સની સાહસિકતાથી પ્રસન્ન થઈ. તેણે વરદાન માંગવાનું કહ્યું. સદયવત્સે યુદ્ધમાં અને ધુર્તમાં વિજયી બને તેવું વરદાન માંગ્યું. દેવી પોલાદની છરી અને ધુર્તમાં જીત અપાવતી કાળી કોડી એમ બે ચમત્કારિક વસ્તુઓ સાથે આશીર્વાદ આપી અદશ્ય થઈ ગઈ.

પોતાને લીધે સદયવત્સને પ્રાણ સંકટ આવ્યું તેથી દુઃખી થઈ સાવલિંગાને પિયર મૂકવાનું વિચારી પ્રતિષ્ઠાન નગરની દિશામાં તેઓ ચાલ્યા. માર્ગમાં **સદાશિવ**નું વન આવ્યું. જ્યાં બારેમાસ વસંત રહેતી. તેઓ મહાદેવના મંદિરમાં દર્શન કરવા પ્રવેશ્યા. ત્યાં ઘણી સુંદરીઓને જોઈ. તેમાં **લીલાવતી** મુખ્ય હતી, જે **ધારા**

નગરીના **ધરવીર** રાજાની પુત્રી હતી. તેણે પરદેશી ભાટ પાસેથી રાજસભામાં સદયવત્સની ખૂબ પ્રશંસા સાંભળી હતી ત્યારથી તેણે તેની સાથે લગ્ન કરવાનો મનમાં નિશ્ચય કર્યો હતો. તે માટે છ માસથી પ્રતિદિન મંદિરમાં આવી તપ કરતી હતી. આજે તપનો છેલ્લો દિવસ હતો. 'જો રાજકુમાર નહીં મળે તો અગ્નિપ્રવેશ કરીશ.' એવો લીલાવતીએ આકરો નિયમ લીધો હતો.

આ વાત લીલાવતીએ સાવલિંગાને કહી. સાવલિંગાએ સદયવત્સ સાથે લીલાવતીનો મેળાપ કરાવી આપ્યો. સદયવત્સના લીલાવતી સાથે ધામધૂમથી લગ્ન થયા. સદયવત્સ રાજાએ જીવનકાળ દરમ્યાન ખૂબ સંપત્તિ મેળવી.

ચોર-લૂંટારા થયેલા જુગારીઓને પોતાના ભાઈ બનાવી છોડી મૂક્યા. તેમણે સંકટ સમયે સહાય કરવાનું વચન આપ્યું. એક ચોરે સદયવત્સની તલવારની મ્યાનમાં રત્નજડિત કાંચળી સંતાડી દીધી હતી.

એકવાર ગુરુ મહારાજને પોતાનો પૂર્વભવ પૂછ્યો. ગુરુએ કહ્યું, "હે સદયવત્સ ! તું પૂર્વે **ગોત્રજા નગરમાં વ્યાઘ્ર** નામે રાજા અને **ધારલદેવી** રાણીનો **ગુણસુંદર** નામે પુત્ર હતો. **'સાધુનાં દર્શનં પુણ્યં'** આ શ્લોકના વિચારોમાં રમતો હતો ત્યાં **શ્યામાચાર્ય** નામે ગુરુ આવ્યા. તેમની પાસેથી જીવદયાનો ઉપદેશ સાંભળી તેં બાર વ્રત લીધાં. ગુરુ મહારાજને ભાવપૂર્વક અન્ન-પાણી વહોરાવ્યાં.

એકવાર વનમાં ક્રીડા કરતાં તને ચાર પુરુષો મળ્યાં. તેમણે કહ્યું, 'અમે અમારા ભાગ્યથી બચીને અહીં આવ્યા છીએ.' તેં કહ્યું,'કેમ ?' તેમણે કહ્યું, "અહીંથી પાંચ યોજન દૂર **વેતાલપુર** નગર છે ત્યાં **શોણિતપ્રિયા** દેવી છે. પાડાનો વધ કરનારને તે દેવી ઈચ્છિત વસ્તુ આપે છે પરંતુ ક્યારેક માણસનું બલિદાન પણ માંગે છે.' તું ત્યાં જોવા ગયો. ત્યારે એક માણસને વધ કરવા લઈ જવાતો હતો. દયાભાવથી પ્રેરાઈને તેં તેને છોડાવી અભયદાન આપ્યું.

દેવીએ કોપાયમાન થઈ તને કહ્યું, 'માણસના બદલામાં મને તારું મસ્તક આપ !' તું તૈયાર થયો. તારા સત્ત્વથી દેવી પ્રસન્ન થઈ ગઈ. તેં વરદાનમાં દેવીને જીવહિંસા છોડી દેવાનો ઉપદેશ આપ્યો. દેવી પ્રભાવિત થઈ અહિંસક બની. તે ભવમાં અનશન કરી તું દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવી પ્રભુવત્સનો પુત્ર સદયવત્સ થયો."

**ગચ્છાચાર પયન્નામાં** કહ્યું છે, પ્રાણસંહારક, બલિદાન જેવી કુપ્રથાઓ કે કુરિવાજો દૂર કરી શાંતિનું સામ્રાજ્ય સ્થાપવું એ અભયદાનના દાયરામાં આવે છે.

**સવચંદ અને સોમચંદની ખાનદાની :** (જૈન કથા સંગ્રહ)

સોળમી સદીની વાત છે. જ્યારે મોગલ સમ્રાટ **અકબર ભારત** પર રાજ્ય કરતો હતો ત્યારે **ગુજરાત** રાજ્યમાં આવેલા **સૌરાષ્ટ્ર** પ્રાંતમાં **વંથળી** નામના નાના શહેરમાં **સચવંદ જેરામ** નામનો વેપારી રહેતો હતો. **ઈન્ડોનેશિયા** અને બીજા દેશોમાં માલની નિકાસ કરવા ઘણાં વહાણોનો ઉપયોગ કરતો. મુસાફરી દરમિયાન એક દેશમાંથી માલ ખરીદતો અને બીજા બંદરે સારા નફાથી વેચતો.

કિંમતી માલ સામાન સાથે એક વખત તેમનો બાર વહાણનો કાફલો નીકળ્યો. તેમના માણસોએ પરદેશના બંદરે બધો માલ વેચી દીધો અને કિંમતી માલ ખરીદી લીધો. દરિયા માર્ગે પાછા ફરતાં સમુદ્રના પ્રચંડ તોફાનમાં તેઓ ફસાયાં અને એક ટાપુ પર રોકાઈ જવું પડયું. એ સમય દરમિયાન ચોમાસું બેસી જવાથી તે ટાપુ

પર મહિનાઓ સુધી તેઓને રોકાઈ જવું પડયું. લાંબા સમય સુધી વહાણો પાછા ન ફરવાને લીધે સવચંદના વહાણ વિભાગના પ્રતિનિધિએ વહાણો ક્યાં અટવાયાં છે તેની તપાસ શરૂ કરી. ઘણાં પ્રયત્નો કરવા છતાં વહાણનો કાફલો ક્યાં છે તે જાણી નહિ શકવાથી તેમણે વહાણો ગુમ થયા તેની જાણ સવચંદને કરી.

સવચંદને આ ઘણું મોટું નુકસાન હતું. તેણે પરદેશના વેપાર માટે ઘણી મોટી મૂડી રોકી હતી અને વહાણો પાછા ફરતાં મોટો વેપાર કરી સારું એવું ધન મેળવીને આવશે એવી આશા હતી. વહાણોને કારણે જે નુકશાન થયું તે ઘણું મોટું હતું. તેને પૈસાની તંગી વર્તાવા લાગી. લેણદારોને પૈસા પાછા આપવાની પણ મુશ્કેલી પડવા લાગી. વહાણો ગુમ થયાના સમાચાર લોકોમાં ફેલાયા તેની સાથે લોકો સવચંદે બધું ગુમાવી દીધું છે તેવી વાતો કરવા લાગ્યા અને પોતાની મૂડી ન ડૂબે તે હેતુથી કડક ઉઘરાણી કરવા લાગ્યા.

સવચંદ ખૂબ જ પ્રમાણિક અને ધાર્મિક પ્રકૃતિનો માણસ હતો. તેની પાસે જે કંઈ બચ્યું હતું તેમાંથી શક્ય એટલાને તેમની મૂડી પાછી આપવાના પ્રયત્નો કર્યા. વંથળીની નજીક આવેલા **માંગરોળ**નો રાજકુમાર પણ તેમાંનો એક હતો. તેણે રૂ. એક લાખ સવચંદને ત્યાં મૂક્યા હતા. આ ઘણી મોટી મૂડી કહેવાય કારણકે ત્યારનો એક રૂપિયો બરાબર આજના રૂ. ૨૫૦ થાય.

જ્યારે રાજકુંવરે સવચંદના વહાણો ડૂબી ગયાનું જાણ્યું ત્યારે તે પણ અધીરો થઈ ગયો અને પોતાની મૂડી પાછી માંગી. સવચંદ આવડી મોટી રકમ તાત્કાલિક આપી શકે તેમ ન હતો. એણે રાજકુમારને પોતે પૈસા મેળવી શકે ત્યાં સુધી થોભવા કહ્યું. પણ રાજકુમારને તો તાત્કાલિક પૈસા જ જોઈતા હતા. સવચંદનું નામ અને આબરુ અત્યારે દાવ પર હતાં. પોતાની આબરુ બચાવવા એણે રાજકુમારને પૈસા આપવાનો રસ્તો શોધવાનો હતો.

તે સમયે **અમદાવાદ**માં **સોમચંદ અમીચંદ** નામનો સાધર્મિક વેપારી રહેતો હતો. સવચંદને એની સાથે કોઈ ધંધાદારી સંબંધ ન હતો. પણ તેણે સોમચંદની પેઢી વિશે અને તેની ખાનદાની વિશે સાંભળ્યું હતું. તેના મનમાં એકાએક એક વિચાર આવ્યો. રાજકુમારને સોમચંદની પેઢીના નામે એક હૂંડી લખી આપવી જેથી રાજકુમારને શાંતિ થાય. રાજકુમાર તો આ રીતે પણ પૈસા મળતા હોય તો કબૂલ હતો. સોમચંદની મંજૂરી વગર તેણે રાજકુમારને સોમચંદની પેઢીના નામે હૂંડી લખી આપી. કોઈ ધંધાદારી સંબંધ ન હોવાને કારણે સવચંદને એવો કોઈ હક્ક ન હતો તેથી તે ખૂબ ઉદાસ થયો અને તેની આંખમાંથી આંસુ નીકળીને ગાલ પર રેલાવા લાગ્યા. આંસુનાં થોડાં ટીપાં હૂંડી પર પડીને રેલાયા. ભારે હૈયે સવચંદે તે હૂંડી રાજકુમારના હાથમાં આપી અને સોમચંદની પેઢી પર જઈને વટાવવા કહ્યું.

રાજકુમાર ઘડીનો પણ સમય બગાડયા વગર પહોંચી ગયો અને સોમચંદની પેઢી પર હૂંડી વટાવવા માટે આપી. ખજાનચીએ હૂંડી હાથમાં લઈને હાથ નીચેના કારકુનને સવચંદનો હિસાબ જોવા કહ્યું. માણસે આખો ચોપડો ઉથલાવી જોયો પણ ક્યાંય સવચંદના નામનું ખાતું ન હતું. કારકુને જણાવ્યું કે સવચંદને કોઈ ધંધાદારી સંબંધ નથી. ખજાનચી સોમચંદ પાસે ગયા અને જણાવ્યું કે, ''વંથળીના સવચંદે હૂંડી લખીને વટાવવા મોકલી છે પણ આપણે તેમ કરી શકીએ તેમ નથી.

આ જાણીને સોમચંદ મૂંઝવણમાં પડી ગયો. સવચંદ વંથલીનો બહુ મોટો વેપારી છે અને તેનું નામ બહુ મોટું છે એવું તે જાણતો હતો. સવચંદને મારી પેઢી સાથે કોઈ ધંધાકીય સંબંધ ન હોવા છતાં આટલી મોટી રકમની હૂંડી કેમ લખી હશે તે તેને સમજાયું નહી. એણે હૂંડી હાથમાં લઈને જોયું તો સવચંદના આંસુથી અક્ષરો

ખરડાયેલાં હતાં. આંસુના ટીપાં પડવાથી તે સમજી ગયા કે સવચંદ કોઈ મોટી મુસીબતમાં હશે અને બહુ શરમજનક સ્થિતિમાં નિરાશ બનીને આ હૂંડી લખી હશે.

સવચંદે મારામાં આંધળો વિશ્વાસ મૂકીને આ હૂંડી લખી છે તેવું સોમચંદ સ્પષ્ટપણે સમજી ગયા. હવે મારે એ વિશ્વાસ ચરિતાર્થ કરી બતાવવાનો છે. આવી આપત્તિમાં આવી પડેલા ખાનદાન માણસને મદદ કરવા માટે મારી મૂડી કામ ન આવે તો તે મારી સંપત્તિ શા કામની ? એણે મદદ કરવાનું નક્કી કર્યું અને ખજાનચીને હૂંડીના નાણાં ચૂકવી આપવા કહ્યું. ખજાનચી મૂંઝાયો. સવચંદનું ખાતું તો હતું નહિ તો આ મૂડી કયા ખાતામાં ઉધારવી ? સોમચંદે પોતાના વ્યક્તિગત ખાતામાંથી એ ઉધરાવવા કહ્યું.

હૂંડી સ્વીકારાઈ અને રાજકુમારને પૈસા મળી ગયા. ખરેખર તો રાજકુમારને પૈસાની અત્યારે કોઈ જરૂરિયાત ન હતી પણ સવચંદની આર્થિક સદ્ધરતામાં શંકા પડવાથી જ આમ કર્યું હતું. એને સવચંદની આબરુ માટે જે શંકા કરી તેનો પસ્તાવો થવા લાગ્યો. ઘેર જતાં રસ્તામાં સવચંદની પેઢી પર જઈ પોતાની મૂડી અમદાવાદથી મળી ગઈ છે તે જણાવ્યું. સવચંદે ખરા હૃદયથી સોમચંદનો આભાર માન્યો.

આ બાજુ વર્ષાૠતુ પૂરી થતાં વહાણનો કાફલો બધા માલસામાન સાથે પાછો ફર્યો. સવચંદ ઘણો જ ખુશ થયો અને નિરાંતનો શ્વાસ લીધો. એ માલસામન વેચીને એણે મોટી મૂડી ઊભી કરી. વહાણો ગૂમ થયા પૂર્વે જે આબરુ હતી તેના કરતાં પણ તેની આબરુ અનેક ગણી વધી ગઈ. સોમચંદને પૈસા પાછા આપવાનો હવે એનો સમય હતો. આ હેતુથી તે અમદાવાદ ગયો અને એક લાખ રૂપિયા વ્યાજ સાથે પાછા વાળ્યા. સોમચંદના ચોપડામાં સવચંદના ખાતે કોઈ પણ રકમ બોલતી જ ન હતી તેથી તેણે તે પૈસા સ્વીકારવાની ના પાડી. દેવું ચૂકવ્યા વિના ઘેર પાછા પણ કેમ જવાય ? એણે સોમચંદને ખૂબ દબાણ કરીને તે જે રકમ કહેશે તે આપવાની તૈયારી બતાવી. વધુમાં કહ્યું કે જો તે આપવામાં નિષ્ફળ જશે તો હૂંડી લખ્યાનો અફસોસ થશે. સોમચંદે જવાબ આપ્યો કે, ''આંસુના બદલામાં તો હૂંડી ખરીદી હતી. એ આંસુના બે ટીપાંવાળો માણસ રૂા. બે લાખ કરતાં પણ વધુ કિંમતી હતો. મેં તો રાજકુમારને રૂા. એક લાખ જ આપ્યા હતા, બાકી રૂા. એક લાખ આપવાના તો હજુ બાકી છે.''

પણ સવચંદ એ કેમ સ્વીકારી શકે ? સોમચંદે પોતાની હૂંડી સ્વીકારી પોતાના પર કૃપા કરી છે તેથી તે તેનો ૠણી થયો. સોમચંદ કહે તેટલી રકમ તે આપવા તૈયાર હતો. રકમ સ્વીકારવાને બદલે સોમચંદ તો સામેથી રૂા. એક લાખ તેને હજુ આપવા માંગતો હતો. સવચંદ વારંવાર હૂંડીની રકમ સ્વીકારવા કાલાવાલા કરતો હતો. તો સોમચંદ કહેતો કે, ''મારા ચોપાડામાં તમારા નામની બાકી રકમ છે જ નહિ તો હું કેમ સ્વીકારું ?'' એક રીતે જોઈએ તો સોમચંદ સાચો હતો કારણ કે હૂંડીની રકમ એણે પોતાના વ્યક્તિગત ખાતામાંથી આપી હતી.

રામાયણમાં એક બહુ સરસ પ્રસંગ છે. જ્યારે રામ અને ભરત બન્નેમાંથી કોઈ રાજ્ય સ્વીકારવા તૈયાર નથી ત્યારે બંને એકબીજાને રાજ્ય સ્વીકારવા સમજાવે છે. એના જેવો જ ઘાટ અહીં સવચંદ અને સોમચંદ વચ્ચે થયો છે. બંને જણા બહુ મોટી રકમ એક બીજાને આપવા ઈચ્છે છે પણ બેમાંથી કોઈ તે સ્વીકારવા તૈયાર નથી. સવચંદે તો હૂંડીની રકમ સ્વીકારવાની વાત સતત ચાલુ રાખી તો સોમચંદે ના પાડી પણ હવે તો બાકીના એક લાખ રૂપિયા પણ સવચંદે સ્વીકારી જ લેવા જોઈએ તેવી જિદ્દ કરી. છેવટે જૈનસંઘને લવાદ તરીકે નીમી તે જેમ કહે તેમ કરવું તેવું નક્કી કર્યું.

[1]અમદાવાદના જૈન સંઘના અગ્રણીઓએ બંનેને સાથે જ બોલાવ્યા. બંનેને શાંતિથી સાંભળ્યા પછી નક્કી કર્યું કે બંનેમાંથી કોઈને તે રકમ સ્વીકારવી નથી તો તે પૈસા સારા ઉમદા કામમાં વાપરવા જોઈએ. બંને જણા સહમત થયા અને તે રકમમાં સારી એવી રકમ ઉમેરી જૈન ધર્મની પ્રભાવના કરી.

**સંજય રાજર્ષિ (સંયતિ રાજા)** : (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર, અ.૧૮)

**રાજા સંયતિ કપિલપુર નગર**ના શાસનાધીશ હતા. તેમનું નામ સંયતિ હતું પરંતુ તેમના કાર્ય અસંયતિ પૂર્વકના હતા. સંયતિ રાજા સત્તામાં મદાંધ બન્યા. પ્રજા પર અત્યાચાર કરવું, તેમના ધનને લૂંટી લેવું, જુગાર રમવો, શિકાર કરવો, દુરાચરણનું સેવન કરવું આવા અનેક દુર્ગણો તેમનામાં પ્રવેશ્યાં હતાં. એકવાર સંયતિ રાજા પોતાના રસાલા સાથે વન્ય પશુઓનો શિકાર કરવા નીકળ્યાં. તેઓ **કેસર** નામના ઉદ્યાનમાં આવ્યાં. સૈનિકોએ હરણના ઝુંડને ઘેરી લીધું. સેનાએ પશુના રસાસ્વાદમાં આસક્ત બની નગરના ઉદ્યાન (કેસરબાગ) માં હરણોનાં ટોળાને ધકેલ્યાં. રાજાએ નિર્દોષ હરણોનો શિકાર કરવા બાણ વર્ષા ચલાવી. કેટલાંક હરણો ઘાયલ થઈ પડી ગયાં, કેટલાંક મૃત્યુ પામ્યાં.

આ ઉદ્યાનમાં એક લતાકુંજની નીચે એક તપોધની **ગર્દભિલ્લ** નામના અણગાર સ્વાધ્યાય અને ધ્યાનમાં બેઠાં હતાં. એક હૃષ્ટ-પુષ્ટ હરણનો પીછો કરતાં રાજા ત્યાં પહોંચ્યાં. રાજાએ હરણને બાણથી વીંધી નાંખ્યો. ઘાયલ ભયભીત થઈ ધ્યાનસ્થ મુનિ પાસે આવી ભૂમિ પર ઢળી પડયો. મુનિની ગોદ સર્વને શરણ આપનારી અને નિર્ભય બનાવનારી છે; એવું વનચરો પણ સમજતા હતા.

રાજા અશ્વ પરથી નીચે ઉતર્યા. હરણને જોવા આગળ વધ્યા ત્યાં તેમની દૃષ્ટિ મુનિ પર પડી. એક ક્ષણ પગ થંભી ગયા. મુનિના ચહેરા પર તપ અને સંયમનું તેજ ઝળકી રહ્યું હતું. તેજસ્વી અને પ્રભાવશાળી મુનિને જોઈ રાજા ભયથી કંપી ઉઠયા. 'આ હરણ મુનિનું હોવું જોઈએ. રખે ! મુનિ ક્રોધિત થઈ શ્રાપ આપશે તો મારું શું થશે ? મેં વ્યર્થ આશ્રમના હરણને સતાવી તેનો શિકાર કર્યો. મેં નાહક મુનિને પીડા ઉપજાવી. હું બહુ મંદ ભાગ્યવાળો છું. મેં વ્યર્થ મુનિને પીડા આપી તેમનું દિલ દુભાવ્યું છે. આમ તો, સમભાવી મુનિ માટે સર્વ પ્રાણીઓ પોતાના જ હોય છે. એમનું વાત્સલ્ય ભાવ સર્વ પર ઢોળાય છે. તેઓ નિરાપદ પ્રાણીઓને સતાવવાવાળા પ્રત્યે પણ કરુણાભાવ વરસાવે છે. નિષ્ઠુર વ્યક્તિની ખરાબ કે હિંસક વૃત્તિ છોડાવી દે છે.' આમ વિચારી સંયતિ રાજા મુનિની નિકટમાં આવ્યા.

મુનિના ચરણોમાં સવિનય વંદન કરી કહ્યું, ''ભગવન્! મને ક્ષમા કરો. મેં અજાણતા બહુ પાપ કર્યા છે. મેં નિરપરાધ હરણોને દુ:ખ આપી દુષ્કર્મ કર્યું છે. એમને હતાહત કરી મેં મારા આત્માને આઘાત પહોંચાડયો છે.'' મુનિ ધ્યાનમગ્ન હતાં તેથી મૌન રહ્યા. મુનિએ જ્યારે કોઈ પ્રત્યુત્તર ન આપ્યો ત્યારે રાજાએ વિચાર્યું કે, 'મુનિ મારાથી ખૂબ કોપાયમાન થઈ ગયા છે. કંઈ પણ બોલતા નથી. ક્યાંક ક્રોધાવેશમાં આવીને મારું અનિષ્ટ ન કરે. તેઓ ધારે તો તેમની સાધના વડે મારી આખી નગરી પણ ભસ્મિભૂત કરી શકે.' ભયભીત સંયતિ રાજાએ પુનઃ કહ્યું, ''હે મુનીશ્વર! હું રાજા સંયતિ છું. આપનું મૌન છોડી કંઈક તો બોલો. હું આપની

---

૧. શત્રુંજય પર્વત પર મંદિરો બંધાવવા. વહેલામાં વહેલી તકે બાંધકામ શરૂ કરવાનું નક્કી કર્યું. મંદિરોનું કામ પૂર્ણ થતાં ઈ.સ. ૧૬૧૯માં ખૂબ ધામધૂમથી તેની પ્રતિષ્ઠા વિધિ કરવામાં આવી. તેમની સ્મૃતિમાં તે મંદિરો આજે પણ સવા-સોમની ટૂંક તરીકે ઓળખાય છે.

વાણી સાંભળવા આતુર છું.''

મુનિએ ધ્યાન પાળી કહ્યું, ''**अभओ पत्थिवा तुज्झ अभयादाया भवाहि य।** - હે પૃથ્વીપાલ ! મારા તરફથી તને અભય છે.જેમ તું અભય ચાહે છે, તેમ સંસારના સર્વ પ્રાણીઓ અભય ચાહે છે. તું પણ અભયદાતા બન. આ નિર્દોષ મૃગો બિચારા ઘાસ ખાઈ, મોંમાં તૃણ દબાવી તારી શરણમાં આવે છે, તો તું અભયદાન આપી તેમને નિર્ભય બનાવ. રાજન્ ! અભયદાન શ્રેષ્ઠદાન છે. જીવનને સર્વોચ્ચ સ્થાને પહોંચાડનાર છે. તું છ કાયનો પ્રતિપાળ, રક્ષક બન. તેં જેટલા પ્રાણીઓને માર્યા છે, તેનું માંસ શું તું એકલો ખાવાનો છે ? માંસ બધા ખાશે પરંતુ તેનું પાપકર્મ તારા એકલાના લમણે ઝીંકાશે. પાપ કોઈ નહીં વહેંચે. એક આંગળીની પીડા બીજી આંગળી લઈ શકતી નથી તો પછી આવો અધર્મ શા માટે ?'' અકુતોભય ગર્દભિલ્લ મુનિનો પ્રભાવશાળી ઉપદેશ સાંભળી સંયતિ રાજા સંવેગ અને નિર્વેદ પામ્યા. સમસ્ત રાજ્ય, ધન - વૈભવ, કુટુંબ આદિનો ત્યાગ કરી **ગર્દભિલ્લ મુનિ** પાસે પ્રવ્રજિત થયા. તેઓ અસંયતીમાંથી સંયતિ બન્યા. સર્વ પ્રાણીઓ માટે પૂર્ણ અભયદાતા બન્યા !

સંયમ લઈ ઉગ્ર તપશ્ચર્યા અને ધ્યાનની ધૂણી ધખાવી. યોગ્યતા પ્રાપ્ત થતાં ગુરુજ્ઞાથી સાધુની બાર પડિમા વહન કરી એકલા વિચરવા લાગ્યાં. તેમણે છકાય જીવોના રક્ષક બની આંતરિક કષાયોનો શિકાર કર્યો.

ગર્દભિલ્લ મુનિની જેમ અનેક પ્રાચીન આચાર્યોએ, પ્રભાવશાળી સંતોએ રાજા-મહારાજા, ઠાકુર, સામંતો અને રાજપૂતોને ઉપદેશ, પ્રેરણા, પ્રવચન આદિ દ્વારા અભયદાન કરાવ્યું છે. જૈનાચાર્ય પૂજ્ય અજરામરજી, પૂજ્ય અમરસિંહજી, જ્યોતિર્ધર આચાર્ય શ્રી જીતમલજી, જૈન દિવાકર શ્રી ચોથમલજી, પૂજ્ય શ્રી જવાહરલાલજી જેવા વિરલ વિભૂતિઓએ હિંસકને અહિંસક બનાવી અહિંસાના ઉજ્જવળ પંથે દોર્યા છે.

**સુથાર અને સિંહ** : (મ.ગુ.ક.કો., પૃ.૩૩૪; પંચાખ્યાન બાલાવબોધ)

કોઈ એક નગરમાં રહેતો સુથાર અને તેની પત્ની ભાતું લઈ સવારથી ઘરેથી નીકળી જંગલમાં જતાં. ત્યાં લાકડાંઓ કાપી તેનો ભારો બાંધી લાવી નગરમાં બળતણ વેચતા. આ તેમનો નિત્ય ક્રમ હતો.

એ જંગલમાં એક સિંહ રહેતો હતો. કાગડો અને શિયાળ તેનાં સેવકો હતાં. એકવાર સિંહે જંગલમાં આવેલા સુથારને જોયો. સુથાર સ્વભાવિક રીતે જ સિંહ જેવા હિંસક પ્રાણીને જોઈ અચકાઈને ડરી ગયો. તેણે બીજી જ ક્ષણે સમયસૂચકતા વાપરી સિંહને પ્રણામ કર્યા અને પોતાની પત્ની જમવાની વેળા થઈ હોવાથી પોતાને માટે જે ભાતું લાવી હતી તે તેણે સિંહ સમક્ષ ધર્યું. સિંહે કહ્યું, ''હું માંસાહારી પ્રાણી છું તેથી મને અન્નથી તૃપ્તિ નહીં થાય.'' તેમ છતાં સુથારનો પ્રેમ જોઈને સિંહે થોડુંક ખાધું. પછી સિંહે સુથારને અભયદાન આપ્યું. વફાદાર સિંહ અને સુથાર વચ્ચે દિલસાફ મહોબ્બત જામી.

સુથારે સિંહને નિત્ય ભોજન માટે એકલા આવવાનું આમંત્રણ આપ્યું. સિંહે તેનો સ્વીકાર કર્યો. સુથાર બપોરા કરવા બેસતો ત્યારે સિંહ રોજ આહારાર્થે તેની પાસે આવવા લાગ્યો. આ તેનો નિત્યક્રમ હતો.

એક દિવસ ભૂખથી પીડાતા સિંહના બન્ને સેવકોએ સિંહને તે રોજ ક્યાં ભક્ષ કરી આવે છે, તે વિશે પૂછ્યું. સિંહે નિખાલસ ભાવે સર્વ હકીકત કહી. આથી સ્વભાવે દુષ્ટ અને મેલી મુરાદવાળા શિયાળ અને કાગડાએ ઈર્ષાથી સુથારને મારી નાંખી તેનું જ માંસ ખાઈ મિજબાની મનાવવાનું વિચાર્યું. તેમણે પોતાની બદચાલ સિંહને જણાવી. સિંહે કહ્યું કે, ''મેં સુથારને અભયદાન આપ્યું છે. તેને છોડી દો. હું તમને વચન આપું છું કે, બીજો કોઈ સારો ભક્ષ લાવી આપીશ.'' માંસલોલુપી અને સ્વાર્થી સેવકો માન્યાં નહીં. અંતે ત્રાસીને કમને

સિંહ તેમનું વચન માની સુથાર પાસે લઈ જવા તૈયાર થયો.

સિંહને દૂરથી શિયાળ અને કાગડા સાથે આવતો જોઈને ચતુર સુથારને અવિશ્વાસની ગંધ આવી ગઈ. તે પત્નીને લઈને ઊંચા વૃક્ષ પર ચડી ગયો. સિંહે વૃક્ષ પાસે આવી કહ્યું, ''આ શું મજાક છે ? તું ઉપર કેમ ચડયો છે ? નીચે આવ.'' સુથારે કહ્યું, ''તેં જેને સેવક તરીકે પસંદ કર્યા છે. તેઓની સ્વાર્થની મનોવૃત્તિ હોવાથી વિશ્વાસપાત્ર નથી. તેમના થકી મારા પ્રાણ સંકટમાં મૂકાય એવી આશંકા મને છે તેથી હું વૃક્ષ પર ચડયો છું. હું નીચે આવવાનું જોખમ ખેડી ન શકું.'

ક્ષમાદાન એ અભયદાનનો જ એક પ્રકાર છે. પ્રભાવશાળી વ્યક્તિ કે પ્રાણીથી ભયભીત વ્યક્તિને ક્ષમાદાન આપવું તે અભયદાન છે. અભયદાન આપ્યા પછી ગમે તે પરિસ્થિતિમાં ટકાવી રાખવું અતિમહત્ત્વનું છે. **'શૂરા બોલ્યા ન ફરે'** એ ઉક્તિને મરણાંત ઉપસર્ગોમાં વળગી રહે તેનું જીવન ધન્ય બની જાય છે.

**સુરસુંદરી** : (જૈન કથાઓ, ભા.૧)

**ચંપાનગરી**ના રાજા **રિપુમર્દન** અને રાણી **રતિસુંદરી**ની પુત્રી **સુરસુંદરી** હતી. એ જ નગરના શ્રીમંત શેઠ **ધનાવહ** અને તેમની પત્ની **ધનવતી**નો પુત્ર **અમરકુમાર** હતો. સુરસુંદરી સ્વભાવે સત્યપ્રિય અને નીડર હતી જ્યારે અમરકુમાર તીક્ષ્ણ બુદ્ધિશાળી છતાં કંઈક તોફાની, કુતૂહલપ્રિય હતો. તેઓ બન્ને એક જ શાળામાં વૃદ્ધ પંડિત પાસે ભણતા હતા.

એકવાર સુરસુંદરી શાળામાં બેઠી બેઠી ઉંઘતી હતી. એ વખતે સુરસુંદરીની ઓઢણીના છેડે અમરકુમારે સાત કોડીઓ બાંધેલી હતી તે કુતૂહલથી લઈ લીધી. આ કોડીની સુખડી મંગાવી બધા વિદ્યાર્થીઓને આપી દીધી. સુરસુંદરી ઉંઘતી હોવાથી તેનો ભાગ અલગ રાખ્યો. વિદ્યાર્થીઓ સુખડી ખાઈ ભણવા બેઠા.

અમરકુમારે કહ્યું, ''રાજકુમારી! તારી સુખડીનો ભાગ ખાઈને પછી ભણવા બેસ.'' કુંવરીએ કહ્યું, ''શું આજે ઉજાણી છે ?'' અમરકુમારે કહ્યું, ''ના, તારી ઓઢણીના છેડે જે સાત કોડીઓ બાંધેલી હતી. તે મેં છોડી, તેની સુખડી મંગાવી છે. આ ભાગ તારો છે. તું ખા.''

સુરસુંદરી ખીજાઈ ગઈ. તેણે કહ્યું, ''પારકા પૈસે ઉજાણી કરવાથી, શું આબરૂ વધશે ? આવા ચોરીના ધંધા કરે છે, તેની મા-બાપને થોડી જ ખબર છે.'' અમરકુમારના હૈયે ચોટ લાગી. તેણે કહ્યું, ''તારી તો સાત જ કોડી છે ને ? એમાં આટલો રોફ શેનો ?'' સુરસુંદરીએ કહ્યું, ''મને પૂછયા વિના સાત કોડી લેનાર તું કોણ ? હું આ સાત કોડી વડે રાજ્ય લેત, સમજ્યો.''

અમરકુમાર મૌન રહ્યો પરંતુ તેણે મનમાં ગાંઠ વાળી કે સમય આવશે ત્યારે હું તેને જોઈ લઈશ. અભ્યાસ પૂરો થતાં બધાં વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી પોતપોતાના ઘરે ગયાં.

યોગાનુયોગ યુવાનવયે અમરકુમાર અને સુરસુંદરીના વિવાહ થયા. ધનાવાહ શેઠ મોટા વ્યાપારી હતા. અમરકુમારે પિતાના વ્યવસાયમાં રસ લીધો. તેને અંતઃસ્ફુરણા થઈ કે, 'પિતાની ગમે તેટલી ઋદ્ધિ હોય પરંતુ તેમાં આપણું પરાક્રમ શું ? જ્યાં સુધી સ્વયં કમાઈએ નહીં ત્યાં સુધી આ સંપત્તિનો કોઈ અર્થ નથી.' તે વ્યાપાર કરવા પરદેશ જવા નીકળ્યો. સુરસુંદરી પણ સાથે ગઈ.

**યક્ષદ્વીપ** આવ્યું ત્યારે વહાણ પાણી અને ઈંધન લેવા ત્યાં રોકાયું. સૌ વહાણમાંથી હેઠા ઉતર્યા. અમરકુમાર અને સુરસુંદરી દ્વીપના વનરાજી જોવા લાગ્યા. થોડું ફર્યા બાદ થાક લાગતાં એક વૃક્ષ નીચે

અમરકુમારના ખોળામાં સુરસુંદરી આડી પડી. ઠંડો પવન વાતો હતો તેથી તેણી નિશ્ચિંત બની તરત જ ઉંઘી ગઈ.

અમરકુમારને બાલ્યકાળની વાત યાદ આવી. એ સાથે સાત કોડી માટે સુરસુંદરીએ તેનું અપમાન કર્યું હતું, તે નજર સમક્ષ તરવરવા લાગ્યું. તેણે સાત કોડી સુરસુંદરીના પાલવે બાંધી લખ્યું કે, **''એક કોડી સાતે કરી રે, રાજ્ય ગ્રહે તું નાર રે.''**

સુરસુંદરીનું માથું હેઠું મૂકી અમરકુમાર વહાણ પાસે આવ્યો. તેણે ઢોંગપૂર્વક રડતાં રડતાં કહ્યું, ''ભાગો ! ભાગો ! યક્ષે સુરસુંદરીને મારી નાંખી છે. તે આપણી પાછળ દોડતો આવે છે.'' પ્રવાસીઓ હાંફળા-ફાંફળા બની વહાણમાં ઝડપથી ગોઠવાઈ ગયાં. વહાણ ઉપડયાં.

બીજીબાજુ થોડીવારે સુરસુંદરી જાગી. તેણે આજુબાજુ જોયું પરંતુ અમરકુમારને ન જોયો. તે ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી. તેણે આંસુ લૂંછવા પાલવ હાથમાં લીધો. ત્યાં તેની નજર પાલવમાં બાંધેલી ચીઠ્ઠી ઉપર પડી. સુરસુંદરી તેના શબ્દો વાંચી ક્ષણવારમાં બધું જ સમજી ગઈ. તેને તરત ગુરૂણી યાદ આવ્યા. તેણે નવકાર મંત્રનું સ્મરણ કરવાનું કહેલું તે સાંભર્યું. તે જાપ કરવા લાગી.

રાત્રિના સમયે ભયંકર જંગલમાં દ્વીપનો અધિપતિ યક્ષ આવ્યો. તેને એકચિત્તે જાપ કરતી જોઈ તે પ્રસન્ન થયો. તેણે કહ્યું, ''આ ભયંકર જંગલમાં તું કેમ એકલી છે ?'' સુરસુંદરીએ યક્ષને પોતાની કથની કહી. યક્ષ તેને આશ્વાસન આપી ચાલ્યો ગયો. સુરસુંદરી ફળાહાર અને નવકાર મંત્રના સ્મરણથી પોતાના દિવસો પસાર કરવા લાગી.

થોડા દિવસો પછી કોઈ એક સાર્થવાહ આ દ્વીપમાં પાણી અને ઈંધન લેવા આવ્યો. સુરસુંદરીએ તેને સિંહલદ્વીપ જવાની ઈચ્છા દર્શાવી. સાર્થવાહ સાથે તે વહાણમાં બેઠી. તેના સૌંદર્યથી આકર્ષિત બની સાર્થવાહની વૃત્તિ પલટાણી. સુરસુંદરીએ શિયળની રક્ષા માટે સમુદ્રમાં ઝંપલાવ્યું. દૈવ યોગે તેના હાથમાં એક પાટીયું આવ્યું જેના સહારે તે બેનાતટ નગરે પહોંચી. થોડી જ વારમાં દરિયામાં તોફાન આવતાં દુષ્ટ સાર્થવાહ સમુદ્રમાં પડી મૃત્યુ પામ્યો.

બેનાતટના કાંઠે મૂર્છિત પડેલી સુરસુંદરીને એક ગાંડા હાથીએ લાકડાનું બીંબ જાણી ઉપાડી આકાશમાં ઉછાળી. તે એક વહાણમાં પડી. વહાણના માલિકને તેનું રૂપ જોઈ ભોગ લાલસા જાગી. સુરસુંદરીએ પોતાનો વૃત્તાંત કહ્યો ત્યારે લોભી નાવિકે સુરસુંદરીને વેશ્યાને ત્યાં વેચી. ત્રીજા દિવસે સુરસુંદરી વેશ્યાના ઘરમાંથી નાસી ગઈ.

માર્ગમાં એક મોટો દ્રહ આવ્યો. સુરસુંદરી તેમાં પડી. તેનું આયુષ્ય બળવાન હોવાથી તે મત્સ્યના ખુલ્લા મુખમાં જઈ પડી. આ મત્સ્યને માછીમારે પકડી ચીર્યો, તો તેમાંથી સુંદર કન્યા નીકળી. માછીમારે દેવાંગના જેવી સ્ત્રી રાજાને ભેટ ધરી.

રાજાની રાણી સુરસુંદરીના સૌંદર્યને જોઈ ઈર્ષાથી સળગી ઉઠી. તેણે સુરસુંદરીને નાસી જવામાં મદદ કરી. સુરસુંદરી પલ્લીપતિના સકંજામાં આવી પડી. પલ્લીપતિ બળાત્કાર કરવા જતો હતો ત્યાં તેના હાથ થંભી ગયા. કોઈ અદશ્ય શક્તિથી તે જમીન ઉપર પડયો. તેણે 'આ કોઈ સતી સ્ત્રી છે;' એવું જાણી તેની ક્ષમા માંગી.

સુરસુંદરી ભૂખ અને તરસથી પીડાતી હતી. સરોવરના કાંઠે તેને ઉંઘ આવી ગઈ. ત્યારે એક

ભારંડ પક્ષીએ તેને મૃતક માની ઉપાડી લીધી. પક્ષીને ખબર પડી કે 'આ તો સજીવન છે,' ત્યારે તેણે આકાશમાંથી નીચે ફેંકી.

સતીનું પુણ્ય પ્રબળ હતું તેથી તે સમયે પસાર થતાં **રત્નજટી** વિદ્યાધરના વિમાનમાં જઈ પડી. તેણે વિદ્યાધરને પોતાની દુ:ખભરી કહાની સંભળાવી. વિદ્યાધર તેને પોતાની સાથે **નંદીશ્વર દ્વીપ** લઈ ગયો. ત્યાં મુનિની દેશના સાંભળી સુરસુંદરી પ્રસન્ન થઈ. વિદ્યાધર તેને પોતાની બહેન માની નગરમાં લાવ્યો. એક રાત્રે રત્નજટીને સુરસુંદરીનું રૂપ જોઈ ખરાબ વિચાર આવ્યો તેથી તેણે નિશ્ચય કર્યો કે, 'સુરસુંદરી જ્યાં કહેશે ત્યાં તેને મૂકી આવીશ.' જતી વેળાએ વિદ્યાધરે સુરસુંદરીને રૂપ પરિવર્તિની આદિ ચાર વિદ્યાઓ ભેટમાં આપી **બેનાતટ** નગરના ઉદ્યાનમાં મૂકી. સુરસુંદરીએ રૂપપરિવર્તન કરી પોતાનું નામ **વિમલયશ** રાખી એક માલણને ત્યાં રહી.

બેનાતટ નગરમાં એક ચોર આખા નગરને હંફાવતો હતો. કોઈ તેને પકડી ન શક્યા ત્યારે વિમલયશે આ બીડું ઝડપ્યું. તેણે રૂપપરિવર્તન વિદ્યા દ્વારા ચોરને પકડયો. રાજાએ તેને અડધું રાજ્ય આપ્યું અને રાજકન્યા વિમલયશને પરણાવી.

એકવાર ત્યાં એક પરદેશી વેપારી આવ્યો. તેના શરીર પર લાખોનું ઝવેરાત હતું તેથી તે દેખાવે શ્રીમંત જણાતો હતો. તેણે રાજાને કિંમતી ભેટ ધરી એટલે વિમલયશે તેને ધારીને જોયો. તેણે અમરકુમારને ઓળખ્યો. રાજાના દેખતાં વિમલયશે સેવકોને આજ્ઞા કરી કે, 'આ સાર્થવાહ દેખાવમાં શાહુકાર લાગે છે પરંતુ તે એક મહાચોર છે. એનાં ધનમાલ લૂંટી લો. એને બાંધીને મારા આવાસે લાવો.'

વિમલયશની બુદ્ધિથી પ્રભાવિત થયેલા રાજા તેનો હુકમ માન્ય કર્યો. સેવકોને અમલ કરવાની સૂચના આપી. અમરકુમારે કરગરતાં કહ્યું, "હું ચોર નથી. ચંપાનગરના ધનાવાહ શેઠનો પુત્ર અમરકુમાર છું." વિમલયશે દમામથી કહ્યું, "તમારી જીભ બંધ કરો. મેં મારી સગી આંખે તમને ચોર તરીકે જોયા છે."

અમરકુમારે કહ્યું, "મને જીવતો છોડો." વિમલયશે કહ્યું, "સવા શેર ઘી મારા પગમાં ઘસો, પછી હું તમને છોડીશ." અમરકુમાર રાજી થયો. તે ઘી લઈ વિમલયશના પગે ઘસવા લાગ્યો. થોડીવારમાં વિમલયશે નસકોરાં બોલાવવા માંડયાં. અમરકુમારે જોયું તો માત્ર બે અધોળક ઘી ઓછું થયું હતું. 'સવાશેર ઘી ક્યારે હું ચોળી લઈશ ?' એવું વિચારી તેણે તરત જ ઘી નું પાત્ર ઉપાડયું અને મોઢે માંડયું. ત્યાં વિમલયશે બેઠા થઈ અમરકુમારનો હાથ પકડી લેતાં કહ્યું, "અરે અમરકુમાર! નાનપણથી ચોરી કરવાની પડેલી ટેવ હજી ગઈ નથી ? ચોરી માટે તને શિક્ષા કરવામાં આવે છે. ત્યારે તું કહે છે કે , હું ચોર નથી. તો આ શું છે ?"

અમરકુમારને સુરસુંદરની યાદ આવી ગઈ. તેને ત્યજવાનું દુ:ખ સ્મરણ થયું. તે એકદમ રડી પડયો અને બોલ્યો, "કુમાર ! મેં મારી વહાલી પત્નીને જંગલમાં ત્યજી દીધી છે. તેણે મને બાળપણમાં સાત કોડી ચોર્યાનો ઠપકો આપ્યો હતો તેથી મેં ખોટી રીસ રાખી તેને દુ:ખ આપ્યું છે."

અમરકુમારને પશ્ચાતાપ કરતો જોઈ વિમલયશે પોતાનું રૂપ બદલ્યું. અમરકુમાર સુરસુંદરીને ભેટયો. બન્નેએ પરસ્પર **'મિચ્છામિ દુક્કડં'** દીધાં. વિમલયશને વરેલી બેનાતટની રાજપુત્રી અમરકુમારને વરી. અમરકુમાર અને સુરસુંદરી ચંપાનગરીમાં આવ્યા.

એકવાર **જ્ઞાનધર્મ** નામના મુનિવર ચંપાનગરીના ઉદ્યાનમાં પધાર્યા. મુનિની દેશના સાંભળ્યા બાદ અમરકુમારે પૂછયું, "ભગવંત્ ! સુરસુંદરીને આટલું બધું દુ:ખ કેમ પડયું ?"

મુનિએ કહ્યું, ''પૂર્વભવમાં અમરકુમારનો આત્મા **સુરરાજ** નામે રાજા હતો અને સુરસુંદરી તેની **રેવતી** નામે રાણી હતી. સુરરાજ અને રેવતીએ એકવાર ઉદ્યાનમાં ક્રીડા કરવા જતાં ધ્યાનસ્થ મુનિને જોયા. રાજાએ મુનિની ખૂબ પ્રશંસા કરી. રાણીએ પ્રશંસામાં સંમતિ આપી પરંતુ અહંકારથી કહ્યું, ''રાજન્! તમારે જોવું હોય તો તમને બતાવું કે, આ ધ્યાનસ્થ મુનિનું ધ્યાન હું પળવારમાં કેવી રીતે ચલિત કરું છું.'' રાજા મૌન રહ્યો. રાણીએ અનેક ઉપસર્ગ આપ્યા છતાં સમતાશીલ મુનિ સ્થિર રહ્યા.

રાણીએ આ ઉપસર્ગ બાર ઘડી સુધી આપ્યા. તેનું પરિણામ એ આવ્યું કે, સુરસુંદરીને બાર વર્ષ સુધી પતિનો વિયોગ થયો અને ભયંકર દુ:ખ સહેવું પડયું. બાકી તમે બન્નેએ પૂર્વભવમાં ખૂબ દાન-પુણ્ય કરેલું તેથી આ ભવે ઋદ્ધિ-સિદ્ધિ મળી છે.''

અમરકુમાર અને સુરસુંદરી પ્રતિબોધ પામ્યા. તેમણે બન્નેએ મુનિ પાસે દીક્ષા લઈ આત્મશ્રેય સાધ્યું.

**સૂઅર** : (રત્નકરંડગૌરવ, પૃ. ૧૮૩)

**માળવા** પ્રાંતના એક ગામમાં બે મિત્રો રહેતા હતાં. એકનું નામ હતું **ધર્મિલ**, જે જ્ઞાતિએ વાળંદ (હજામ) હતો અને બીજાનું નામ હતું **દેવલ**, જે કુંભાર હતો. બન્ને મિત્રો રાત-દિવસ પોતાની જીવિકાર્થ પરિશ્રમ કરતાં હતાં. સાંજે ફુરસદ મળતાં બન્ને મિત્રો એકબીજાને મળતાં. આખા દિવસની અવનવી વાતો કરતાં. આમ, વાર્તાલાપ કરી મનોરંજન કરતાં તેઓ પોતાનો સમય વ્યતીત કરતાં હતાં. આ તેઓનો નિત્ય ક્રમ હતો.

એકવાર બન્ને મિત્રોના મનમાં વિચાર આવ્યો કે, 'આ ગામમાં કોઈ ધર્મશાળા ન હોવાથી બહારગામથી આવેલા યાત્રિકોને રહેવાની ભારે આપદા પડે છે. અત: આપણે ગામમાં એક ધર્મશાળા બનાવવી જોઈએ.' આવો વિચાર કરી બંન્નેએ સ્વયં શ્રમ અને ધન પ્રદાન કરી એક નાનકડી ધર્મ-શાળાનું નિર્માણ કર્યું. આથી ગ્રામવાસીઓ પ્રસન્ન થઈ તેમની ખૂબ પ્રશંસા કરવા લાગ્યા.

એક દિવસ સંધ્યા સમયે એક મુનિરાજ વિહાર કરી ગામની સમીપ દેવલ કુંભારના કુંભાર-વાડાની સામેથી જઈ રહ્યા હતા. દેવલે મુનિરાજને જોયા. તેણે પ્રણામ કરી પોતાની નવનિર્મિત ધર્મ-શાળામાં રાત્રિના સમયે સ્થિરતા કરી વિશ્રામ કરવાનો અનુરોધ કર્યો. મુનિશ્રીએ તેની પ્રાર્થનાનો સ્વીકાર કર્યો. તેઓ ધર્મશાળામાં જઈ ધ્યાનસ્થ થયા અને મુનિરાજને ઉતારો આપી દેવલ પોતાના ઘરે ચાલ્યો ગયો.

થોડી વાર પછી ત્યાં ધર્મશાળામાં ધર્મિલ આવ્યો. મુનિશ્રીને ધર્મશાળામાં જોઈ તે ક્રોધિત થયો. તેણે મુનિને પૂછયું, ''તમે અહીં કોના કહેવાથી આવ્યા છો ? અહીંથી ચાલ્યા જાઓ.'' મુનિશ્રી ધ્યાનસ્થ હતા તેથી તેમણે કોઈ ઉત્તર ન આપ્યો. એટલામાં તે સમયે એક ઢોંગી મહાત્મા પધાર્યા, જે ચરસ-ગાંજો પીતા હતા. તેમણે પોતાની ઝોળીમાંથી ચરસ કાઢી એક દમ લગાવ્યો. તેમણે ધર્મિલને પણ દમ લગાડવા માટે કહ્યું. ધર્મિલે ચરસનો દમ લગાવ્યો. તેને ખૂબ ગમી ગઈ.

તેણે આગંતુક સાધુને ધર્મશાળામાં લઈ જઈ એ જ ઓરડામાં રાખ્યા, જે ઓરડામાં મુનિરાજ ધ્યાનસ્થ હતાં. તેણે પ્રથમ તો મુનિરાજને ત્યાંથી ચાલ્યા જવા માટે આજ્ઞા કરી પરંતુ ધ્યાનસ્થ મુનિ મૌન રહ્યા ત્યારે તેમને ઢસડીને બહાર કાઢયા. મુનિરાજનું ધ્યાન ભંગ થયું તેથી સમીપના વૃક્ષની નીચે જઈ પુન: ધ્યાનસ્થ થયા.

પ્રાત:કાળે દેવલ ધર્મશાળામાં આવ્યો ત્યારે તેણે મુનિરાજને વૃક્ષની નીચે જોયા અને ધર્મશાળામાં ચરસ-ગાંજાનું સેવન કરનારા ઠગ મુનિને જોયા. થોડીવારમાં ધર્મિલ પણ ત્યાં આવ્યો. તે બંનેમાં પરસ્પર વાર્તાલાપ કરતાં હુંસાતુંસી થઈ. ઝઘડાએ મોટું સ્વરૂપ પકડયું. મિત્રતાનું સ્થાન શત્રુતાએ લૂંટી લીધું. બંનેની નજર એકબીજાને જોઈ કતરાવા લાગી. તેમનું મન ખાટું થઈ ગયું. બંનેમાં કષાય ભાવોની તીવ્રતા એટલી હદ સુધી વધી ગઈ કે સંકલેશ ભાવની આડમાં દેવલ મૃત્યુ પામી **જંગલી સૂઅર** અને ધર્મિલ **વિકરાળ સિંહ** બન્યો. અહીં પણ દુશ્મનાવટે પીછો ન છોડયો. બંને એક જ જંગલમાં ઉત્પન્ન થયા.

દૈવયોગે **સમાધિગુપ્ત** અને **ત્રિગુપ્ત** નામના મુનિવરો એ જ જંગલમાં પર્વતની ગુફામાં ઉતર્યા, જ્યાં જંગલી સૂઅર રહેતો હતો. સૂઅરને મુનિરાજના દર્શનથી પોતાના પૂર્વભવમાં ધર્મશાળામાં ઉતારો આપનારા મુનિશ્રીનું જાતિસ્મરણ જ્ઞાન થયું. તેણે તે શ્રેષ્ઠ મુનિવરોને ભક્તિપૂર્વક વંદન કર્યા અને સ્વયં ગુફાની બહાર આવી બેસી ગયો. (અર્થાત્ સૂઅરે મુનિઓને રહેવા માટે વ્યવસ્થા કરી આપી વસતિદાન તેમજ સુરક્ષા કરી.)

થોડા સમય પછી ધર્મિલનો જીવ, જે સિંહ હતો તે મનુષ્યની ગંધને અનુસરતો ગુફામાં મુનિઓનું ભક્ષણ કરવા માટે આવ્યો. સિંહ ગુફામાં પ્રવેશવા જતો હતો ત્યારે સૂઅરે મુનિરક્ષાની ખેવનાથી તેને રોકવાનો પ્રબળ પ્રયાસ કર્યો. તે ગુફાના દ્વારા પર અડીખમ બની ઊભો રહી ગયો. આ જોઈ સિંહને વધુ ક્રોધ આવ્યો. બળવાન સિંહે સૂઅર ઉપર પંજાથી જોરદાર પ્રહાર કર્યો. સૂઅરે પણ પોતાની પૂરી શક્તિ દ્વારા તાકાતનો પરચો બતાવી તેનો સામનો કર્યો. બન્ને વચ્ચે ઘમાસાણ યુદ્ધ પ્રારંભ થયું. કોઈ એકબીજાને નમતું આપવા તૈયાર ન હતા. અંતે બન્ને ઘાયલ થઈ જમીન પર ઢળી પડયાં. અધમૂઆ થયેલા બન્ને મૃત્યુ પામ્યાં. સૂઅર મરીને દેવલોકમાં દેવ થયો અને સિંહ મરીને પાંચમી નરકે ગયો.

યદ્યપિ સિંહ અને સૂઅર બન્નેએ યુદ્ધ કર્યું અને પરસ્પર પ્રહાર પણ કર્યો છતાં, સૂઅરના મનમાં મુનિ રક્ષાની ઉચ્ચ અને પવિત્ર ભાવના હતી જ્યારે સિંહના મનમાં મુનિ ભક્ષણની ભાવના હતી. આમ બન્નેએ પોતપોતાની ભાવનાનુસાર ઉચ્ચ અને નીચ ગતિ પ્રાપ્ત કરી. સૂઅરને અભયદાનના પ્રભાવે સ્વર્ગના સુખો મળ્યાં જ્યારે સિંહને રૌદ્ર પરિણામે નરકના ભીષણ દુ:ખો મળ્યાં. આમ, દાનની પરંપરા લચીલી અને સમૃદ્ધ છે.

**સોમશ્રેષ્ઠી પુત્ર - સોમ કથા :** (ચંદ્રપ્રભ ચરિત્ર)

**ચંપા નગરી**માં **મીનકેતુ રાજા** રાજ્ય કરતાં હતાં. એ નગરમાં **ધન શેઠ** રહેતાં હતાં. તેમની **સુંદરી** નામની પત્ની હતી. તેમનો **સોમ** નામનો પુત્ર હતો. તે બહોંતેર કળામાં પ્રવીણ હતો. એકવાર તે વ્યાપાર કરવા બજારમાં ગયો. ત્યાં કોઈ શેઠની દુકાને ગયો. આ દુકાનમાં વ્યાપારની કોઈ વસ્તુ તેણે ન જોઈ તેથી તેણે શેઠને કૌતુકવશ પૂછયું, ''અહીં શું મળે છે?'' શેઠે કહ્યું, ''અહીં બુદ્ધિ મળે છે, જે બીજે ક્યાંય મળતી નથી.'' તેણે શેઠ પાસેથી કષ્ટ દૂર કરવા પાંચસો દ્રમ આપી બુદ્ધિ મેળવી. શેઠે કહ્યું, ''બે જણ પરસ્પર કંકાસ કરતાં હોય ત્યાં ઉભા ન રહેવું.''

સોમ બુદ્ધિ લઈને ઘેર આવ્યો. તેણે પિતાને દામ આપીને બુદ્ધિ ગ્રહણ કર્યાની વાત કરી. પાંચસો દ્રમનો ખર્ચ થતાં પિતાએ બળાપો ઠાલવતાં કહ્યું, ''મૂર્ખ શિરોમણિ! આટલા બધાં પૈસા વેડફી નંખાય? બાળકો પણ જાણે એવી બુદ્ધિ લાવ્યો છે. જા, વંચક શેઠને બુદ્ધિ પાછી આપી આવ.'' સોમ શ્રેષ્ઠી પિતા સાથે શેઠને ત્યાં ગયો. તેણે શેઠને કહ્યું, ''શું બાળક બુદ્ધિનું આટલું મૂલ્ય હોય? તમારી બુદ્ધિ પાછી લઈ લો. અમને અમારા

પાંચસો દ્રમ પાછા આપો.'' ત્યારે શેઠે કહ્યું, ''હવેથી તારે બે માણસ ઝઘડો કરે ત્યાં ઉભા રહેવું.'' એમ સમજાવીને શેઠે ધન પાછું આપ્યું. ધન લઈ બન્ને ઘરે આવ્યાં.

એકવાર સોમ દુકાને જતો હતો. ત્યાં માર્ગમાં બે સિપાહીઓને લડતાં જોઈ રાજાજ્ઞા ભંગનાં ભયથી તે ઊભો રહી ગયો. સિપાહીઓએ પ્રધાન આગળ પોતાના ઝઘડાની વાત કરી. પ્રધાને કહ્યું, ''આ ઝઘડાનો સાક્ષી કોણ છે ?'' સુભટે કહ્યું, ''તે વખતે સોમ નામનો વણિક પુત્ર ત્યાં હાજર હતો.'' સુભટો સોમના ઘરે તેને તેડવા આવ્યાં. ત્યારે પિતાને સાક્ષીથી છૂટવાનો તેણે ઉપાય પૂછયો. કંઈ ન સૂઝવાથી વ્યાકુળ બની બમણું ધન આપીને ધન શેઠે બુદ્ધિવાળા શેઠ પાસે જઈ તેનો ઉપાય પૂછયો.

તેમણે ધન શેઠને કહ્યું, ''તમારા પુત્રને ગાંડો બનાવી દો.'' સોમ શ્રેષ્ઠીએ કૃત્રિમ પાગલનો ઢોંગ રચ્યો. ક્યારેક તે હસતો રહેતો તો ક્યારેક રડતો રહેતો. ક્યારેક પિતાની પાછળ દોડતો તો ક્યારેક લવારો કરતો. એવામાં સોમ શ્રેષ્ઠી ખરેખર દેવ છળ લાગવાથી ઘેલો (પાગલ) બન્યો. કોઈવાર વસ્ત્ર ઉતારી નાગો બનતો તો ક્યારેક વસ્ત્ર પહેરતો.

પુત્રની આવી ચેષ્ઠા જોઇ વ્યાકુળ થયેલા શેઠ વિચારવા લાગ્યા કે, 'આ તો વ્યાજના લોભે મૂળ ખોયું.' ત્યારે સુંદરીએ પુત્ર નિમિત્તે આખડી કરી. યક્ષાદિક પણ તેનું ગાંડપણ ટાળી ન શક્યા. ત્યારે સુંદરી વિલાપ કરવા લાગી.

તેવા સમયમાં એક મુનિ ભિક્ષા માટે શેઠાણીના ઘરે આવ્યાં. તેમના દર્શનના પ્રભાવથી કંઈક દોષ ટળ્યો છે એમ જાણી સુંદરીએ તરત ઉઠી, સાધુને વંદન કરી સોમને કહ્યું, ''વત્સ ! તું મુનિને ઈચ્છા મુજબ દાન આપ, જેથી તારું ગાંડપણ દૂર થશે. જો તું દાન નહીં આપે તો પાગલ જ રહીશ.'' આ રીતે માતાએ બીક બતાવી તેથી સોમ શ્રેષ્ઠીપુત્રએ દાન આપ્યું અને તરત રોગ મુક્ત થયો.

સોમ પૂર્વવત્ લેવિશ જીવનશૈલી જીવવા લાગ્યો. આમ, વાસ્તવિકતાનો અરીસો બતાવે છે. દાનના પ્રભાવથી ભૂત-પ્રેતનો ઓછાયો પણ દૂર થાય છે !

**હરિબળ** : (શ્રી જૈન કથાસંગ્રહ ભા.૧; પ્રતિક્રમણ સૂત્રની બૃહત્ ટીકા)

**કાંચનપુર** નગરમાં **જિતારી** નામનો મહાપ્રતાપી રાજા હતો. તેની **વસંતશ્રી** નામની સ્વરૂપવાન પુત્રી હતી. આ નગરમાં ભદ્ર પ્રકૃતિનો માછલી પકડવામાં નિપુણ એવો **હરિબળ** નામનો માછીમાર રહેતો હતો. તેની **સત્યા** નામે પત્ની મહાકર્કશા હતી. હરિબળ રોજ સવારે જાળ લઈ માછલાં પકડવા જતો; છતાં ઘરમાં અછત રહેતી.

એકવાર તેણે નદી કાંઠે કોઈ મુનિવરને જોયા. મુનિવરને જોઈને એકાએક હાથ જોડાઈ ગયા, મસ્તક નમી પડયું. ત્યારે મુનિએ પૂછયું, ''ભદ્રે ! કંઈ ધર્મ જાણે છે ?'' માછીમારે કહ્યું, ''મુનિરાજ ! સ્વકુલાચાર એ જ ધર્મ છે. એટલું જ જાણું છું. આ સિવાય હું બીજો કોઈ ધર્મ જાણતો નથી.'' મુનિરાજે કહ્યું, ''વત્સ ! ધર્મ તો જીવદયાને કહેવાય. એક જીવદયા અનેક દુઃખોને ટાળનારી છે. જો તું દુઃખથી ઉદ્વેગ પામ્યો હોય, તો તું જીવદયા પાળવાનો ઉદ્યમ કર.'' માછીમારે દલીલ કરતાં કહ્યું, ''ધીવરના ભવમાં જીવદયા કેવી ?'' મુનિરાજે કહ્યું, ''તારે દયા ધર્મમાં ડગલું તો ભરવું જ જોઈએ. વધારે નહીં તો માત્ર તારી જાળમાં જે પહેલો મત્સ્ય આવે તેને તું જીવતો છોડી મૂકજે. જો તું આ નિયમ રૂડી રીતે પાળીશ તો અનંત, અતુલ્ય સુખનો સ્વામી બનીશ.''

બીજા દિવસે હરિબળે પાણીમાં જાળ નાંખી. એક મોટો મત્સ્ય જાળમાં ફસાયો. હરિબળે મત્સ્યના ગળે એક કોડી બાંધી અને નિયમાનુસાર પ્રથમ મત્સ્યને અભયદાન આપ્યું. અલગ અલગ જગ્યાએથી પાણીમાં જાળ નાંખી, છતાં પુનઃ પુનઃ તે જ મત્સ્ય જાળમાં ભરાયો. તે મત્સ્યને પાણીમાં છોડી દીધો. આમ કરતાં સાંજ થઈ ગઈ. તેને પ્રતિજ્ઞા પાલનનો અફસોસ ન હતો પરંતુ પ્રતિજ્ઞા પાલનની ધગશ હતી.

તેના ચિત્તમાં કશમકશ હતી કે, 'ઘરે ખાલી હાથે જઈશ તો કર્કશા પત્ની વિખવાદ કર્યા વિના નહીં રહે.' છેવટે તે જાળ સંકેલી ઊભો થયો. તે ક્ષેત્રના ક્ષેત્રદેવતા (**લવણ સમુદ્ર**ના દેવ) યુવાન માછીમારની ધાર્મિકતાની દઢતા જોઈ પ્રત્યક્ષ થયા. તેમણે કહ્યું, ''માછી ! હું તારા પર અત્યંત પ્રસન્ન થયો છું. તું કહે તો તારું કાર્ય કરી આપું.'' હરિબળે હતપ્રભ બની કહ્યું, ''મને આપત્તિના સમયે સહાય કરજો.'' દેવ અંતર્ધ્યાન થયા. નિષ્ઠુર પત્નીથી કંટાળેલો હરિબળ ઘરે ન જતાં ગામની બહાર રહેલા શૂન્ય દેવળમાં સૂઈ ગયો.

તે વિચારવા લગ્યો કે, 'મને એક જીવની દયા પાળવાથી દેવતાએ ખુશ થઈ વરદાન આપ્યું છે. જો હું સર્વ જીવની દયા પાળું તો કેટલો સુખી થાઉં ? ધન્યાતિધન્ય છે, જે સર્વ જીવોની દયા પાળે છે. કોઈપણ ઉપાયે મારી આજીવિકાનો નિર્વાહ થાય તો હું હિંસાનો ત્યાગ કરીશ.'

તે વખતે રાજકુંવરી **વસંતશ્રી** જેના લગ્ન શ્રેષ્ઠીપુત્ર હરિબળ સાથે થયા હતા, તે ત્યાં આવી. વસંતશ્રી શ્રેષ્ઠીપુત્ર હરિબળ (પોતાના પતિ) સાથે પરદેશ નાસી જવા માટે અશ્વ પર સવાર થઈ આવી હતી. મંદિરમાં સૂતેલા માછીમાર હરિબળને અશ્વ પર બેસાડી બન્ને પરદેશ જવા નીકળ્યા. રાત્રિના અંધકારમાં કુંવરીએ પોતાના પતિને ન ઓળખ્યો પરંતુ પ્રભાત થતાં તેને સમજાયું કે, 'આ કોઈ પરપુરુષ છે.' તેથી તે ઉદાસ થઈ ગઈ.

માછીમાર હરિબળને થયું કે, 'મેં તેને છેતરી છે. મારે સત્ય કહીં દેવું જોઈએ.' આવી અવઢવમાં હતો ત્યાં દેવે આવી કહ્યું, ''રાજપુત્રી ! ખિન્ન ન થા. આ હરિબળ પુણ્યાત્મા છે. તે તને સુખી કરશે.'' દેવની સાક્ષીએ બન્નેએ ગાંધર્વ વિવાહ કર્યા. તેઓ **વિશાલા** નગરીમાં આવ્યા. કેટલીક કિંમતી ભેટ લઈ હરિબળ રાજસભામાં ગયો. તે રાજમાન્ય થયો.

હરિબળે રાજાને પોતાના ઘરે બોલાવી ભક્તિથી જમાડયા. હરિબળની રસોઈ પીરસતી સ્વરૂપવાન પત્ની વસંતશ્રીના રૂપથી રાજા અંજાયો. તેણી પ્રત્યે લુબ્ધ થયો. આ કાર્યમાં કપટી પ્રધાને સાથ આપ્યો.

રાજાએ હરિબળનો કાંટો કાઢવા તેને **લંકા**માં **વિભીષણ**ને વિવાહ મહોત્સવનું આમંત્રણ આપવા મોકલ્યો. વસંતશ્રીના હોવા છતાં હરિબળ પ્રતિજ્ઞાભંગના ભયથી પત્નીને સમજાવી સમુદ્ર કિનારે આવ્યો. ઘૂઘવાતા અગાધ સમુદ્રને જોઈ તે મનમાં મૂંઝાયો. તેણે મન મક્કમ કરી સમુદ્રમાં ઝંપલાવ્યું. ત્યાં સમુદ્રનો અધિષ્ઠાયક દેવ વરદાનથી ખેંચાઈ તેની સહાયતા કરવા આવ્યો.

દેવે માછલાનું રૂપ લઈ વાંસા પર બેસાડી હરિબળને લંકાના ઉપવનમાં ઉતાર્યો. ત્યાં સૂની સોનાની સુંદર હવેલી જોઈ. આ હવેલીમાં સોના, રૂપા અને રત્નનાં ઢગલાઓ પડયા હતાં. તે મહેલના ઓરડામાં ગયો. ત્યાં નવયૌવના કરમાયેલા મુખવાળી કન્યા સાથે મેળાપ થયો.

હરિબળ ખેદથી આમ-તેમ ભમતો હતો ત્યાં અમૃતથી ભરેલા તુંબડાને જોઈ તે વિસ્મય પામ્યો. તેણે અમૃત લઈ કન્યાના શરીરે છાંટયું. જેમ ઉંઘમાંથી માણસ જાગૃત થાય, તેમ કન્યા બેઠી થઈ. તેણે હરિબળનો

આભાર માનતાં કહ્યું, ''તમે કોણ છો ?''

હરિબળે કહ્યું, ''હું વિશાલાનરેશ મદનવેગનો અતિ પ્રિય સેવક છું. લંકાનગરીના રાજા વિભીષણને નોતરું આપવા રાજાએ મને અહીં મોકલ્યો છે. પણ તું કોણ છે ?'' કન્યાએ કહ્યું, ''વિભીષણ રાજવીના માળી **પુષ્પબટુક**ની હું પુત્રી છું. મારું નામ **કુસુમશ્રી** છે. એક નૈમિત્તિક પાસેથી પિતાએ જાણ્યું છે કે, મને પરણનાર પ્રતાપી રાજા થશે. રાજ્ય લોભમાં મારા પિતા મને પરણવા તૈયાર થયા છે. વિદ્યાના બળે ઘર બનાવી મને અહીં રાખી છે. તે બહાર જાય ત્યારે મને મૃત શબ જેવી બનાવે છે અને પાછા આવે ત્યારે અમૃત છાંટી સાજી કરે છે. મને આ સંકટમાંથી ઉગારી મારી સાથે વિવાહ કરો.'' હરિબળે કુસુમશ્રી સાથે પાણિગ્રહણ કર્યું.

બુદ્ધિશાળી કુસુમશ્રીએ કહ્યું, ''આપણે અહીંથી જલ્દી ચાલ્યા જઈએ. વિભીષણને તમારા રાજા સાથે કોઈ સંબંધ નથી. એ ક્યાંય પોતાનું સ્થાન છોડી જતાં નથી, માટે આમંત્રણ આપવાની કોઈ જરૂર નથી. તમે અહીં આવ્યા છો, એની ખાતરી માટે અહીંનાં રાજાનું ચંદ્રહાસ ખડગ તમને આપું છું. આ ખડગ બળવાન શત્રુ પર વિજય પ્રાપ્ત કરાવે છે. તે લઈ રાજાને બતાવજો.''

દેવની સહાયતાથી બન્ને વિશાલા નગરીમાં આવ્યા. બીજી બાજુ રાજા ગુપ્ત વેશે હરિબળના ગયા પછી તેના ઘરે આવ્યો. એકલી વસંતશ્રીને જોઈ રાજાની દાનત બગડી. ચતુર વસંતશ્રી પરિસ્થિતિ પામી ગઈ. સમય પારખી, વિષાદને અંતઃકરણમાં દબાવી, ધીરજ રાખી તેણે કહ્યું, ''હું તમારે આધીન જ છું પરંતુ મારા પતિના પાકા સમાચાર મળે ત્યાં સુધી ધીરજ રાખવી પડશે.'' રાજાએ કહ્યું, ''તેનું મૃત્યુ નિશ્ચિંત છે, છતાં તમે કહો છો, તો તેમ કરીએ.''

રાજા મહેલે ગયો. હરિબળ લંકાની કન્યા કુસુમશ્રીને એક સ્થાને બેસાડી ગુપ્ત રીતે ઘરે આવ્યો. ચિંતાતુર વસંતશ્રી હરિબળને જોઈ ઘેલી બની ગઈ. બન્નેએ પોતપોતાની આપવીતી કહી. હરિબળે રાજાને સમાચાર મોકલ્યા કે, ''હું વિભીષણને આમંત્રણ આપી આવ્યો છું. મારી સાહસિકતાથી પ્રભાવિત થઈ તેમણે પોતાની પુત્રી મને પરણાવી સકુશળ અહીં પહોંચાડયો છે.'' રાજાએ સેવકને મોકલી ખાતરી કરાવી.

પ્રજાજનો સાહસિક હરિબળને જોવા ઉમટયા. રાજાએ કમને હરિબળને નગર પ્રવેશ કરાવ્યો. હરિબળે રાજાને લંકાની ઉપજાવી કાઢેલી વાતો જણાવી ચંદ્રહાસ ખડગ બતાવ્યું એટલે રાજાને વિશ્વાસ બેઠો. નગરમાં હરિબળનો યશ ફેલાયો.

એકવાર રાજા હરિબળને ત્યાં જમવા ગયો. તેની સુંદર પત્નીને જોઈ રાજાની વાસના ભભૂકી ઉઠી. મંત્રી સાથે મસલત કરી કે, 'યમરાજને આમંત્રણ આપવા કપટથી હરિબળને જીવતો બાળવો અને પત્નીઓને ઉપાડી મહેલમાં લાવવી.' એ માટે રાજાએ ચિતા તૈયાર કરાવી. ચિતા ભળભળ બળવા લાગી. હરિબળ તેમાં બેઠો. મોટી જ્વાળાઓથી હરિબળ ઘેરાઈ ગયો. ક્ષણવારમાં તે અદશ્ય થઈ ગયો. દેવે તેને ઘરે પહોંચાડયો.

રાજા હરિબળના ઘરે આવ્યો. વસંતશ્રીએ રાજાને આદર આપી બેસાડયો. છેવટે રાજાએ શય્યાભાગી થવા જણાવ્યું, ત્યારે રાજાને સમજાવવા તેણીએ પ્રયત્ન કર્યો પરંતુ રાજા ન માન્યો ત્યારે પૂર્વ નિયોજીત યુક્તિ અનુસાર બન્ને સ્ત્રીઓએ મળી રાજાને બાંધ્યો. સંતાઈને ઉભેલા હરિબળે આ તમાશો જોયો.

મળસકે એક દાસીએ રાજાને બંધનમાંથી મુક્ત કર્યા. રાજા મોઢું સંતાડી મહેલમાં ચાલ્યો ગયો. હરિબળે મંત્રીને પાઠ ભણાવવાનો નિશ્ચય કર્યો. કોઈ માણસને વિચિત્ર વેશ પહેરાવી હરિબળ રાજસભામાં

લાવ્યો. રાજાએ હરિબળને માન આપી બેસાડયો. તેને યમરાજનું તથા તેના દરબારનું સ્વરૂપ પૂછયું.

હરિબળે કહ્યું, ''યમરાજનું વર્ણન કરવું એ ગજા બહારની વસ્તુ છે. આખું જગત તેના ભયથી ત્રસ્ત છે. મેં અતિ આદરપૂર્વક આપનું આમંત્રણ યમરાજને આપ્યું ત્યારે તેમણે કહ્યું, 'આ મારા છડીદારને સાથે લઈ જાવ અને તેની સાથે રાજાના મંત્રીને અહીં જલ્દીથી મોકલી આપો. તે અહીં આવી મારી રીતભાત અને આવશ્યકતા જોઈ લે તો મારી સગવડ સારી સાચવી શકે.''

બનાવટી છડીદારે પણ મંત્રીને કહ્યું, ''ચાલો, હું તમને લેવા આવ્યો છું.'' મંત્રીને સળગતી ચિતામાં નાખવામાં આવ્યો. તે બળી ગયો. રાજા પતંગિયાની જેમ અગ્નિમાં પડવા જતા હતા ત્યાં દયાળુ હરિબળે હાથ ઝાલી અટકાવતાં કહ્યું, ''રાજન્! અણવિચાર્યું કાર્ય કરનાર આ લોકમાં અને પરલોકમાં દુ:ખી થાય છે. યમને મેળવવાની વાત અસત્ય છે. મૃત્યુ પામેલો કદી સજીવન થતો નથી. કુબુદ્ધિ મંત્રીએ ખોટી ચાલ ચાલીને તમને વારંવાર પ્રાણાંત કષ્ટમાં નાખ્યાં છે. તમને પરસ્ત્રીના લાલચુ બનાવ્યા છે તેથી મેં પ્રધાનને કપટ રચી અગ્નિમાં નાંખી હોમી દીધો છે. રાજન્! વ્યાધિ અને વૈરીને શરૂઆતથી જ ડામી દેવા જોઈએ. સ્વામી! હું તમને અગ્નિમાં કેમ પડવા દઉં ? મિત્ર, સ્વામી અને ગુરુનો દ્રોહ કરનાર મહાદુ:ખ પામે છે.

ઉદાર મનનાં હરિબળની ચતુરાઈ અને સદ્‌ભાવ જોઈ રાજા ખુશ થયો. તેણે પોતાની પુત્રી હરિબળને પરણાવી. **કંચનપુર**ના રાજા **જિતારી**એ પુત્રી-જમાઈના સમાચાર મળતાં ઠાઠમાઠથી નગરમાં તેડાવ્યાં. હરિબળને રાજ્ય સોંપી તેમણે નિવૃત્તિ લીધી. હરિબળે રાજા બની રાજ્યમાં અહિંસા ધર્મની ઉદ્‌ઘોષણા કરી. તેમણે સાતે વ્યસનોનો રાજ્યમાં ત્યાગ કરાવ્યો. અંતે દીક્ષા લઈ 'હરિબળ મુનિ' મોક્ષે ગયા.

આમ, ફક્ત જીવદયાના નાનકડા નિયમથી સમય જતાં હરિબળ પરમ સુખનો સ્વામી બન્યો.

**હલરદા શેઠ અને તેમની દીકરી** : (અભય દાન - ભગવાને ભાખ્યા ભાવીના લેખ !)

જૈન ધર્મી **હાલરદા શેઠ**ની એક દીકરી હતી. તે સ્વરૂપવાન, ગુણવાન અને ધર્મનિષ્ઠ હતી. તે જૈનાચારમાં ચુસ્ત હતી. દીકરી ઉંમરલાયક થતાં શેઠે વિચાર્યું, ''તેને લાયક જૈન યુવક મળે તો પાણિગ્રહણ કરવું, નહીંતર બ્રહ્મચર્ય પાળવું.' દીકરી ઉપાશ્રયે ગઈ. ત્યાં એક યુવકની નજરે એ ચડી. યુવકે કોઈકને પૂછયું, ''આ કોણ છે ?'' તેને જવાબ મળ્યો કે, ''હલરદા શેઠની કન્યા છે. '' તેણે પૂછયું, ''હજુ પરણી નથી ?'' પેલાએ કહ્યું, ''કન્યા ખૂબ ધર્મિષ્ઠ છે, તત્ત્વની જાણકાર છે. બે વખત આવશ્યક - પ્રતિક્રમણ કરે છે. નિયમિત સામાયિક, વ્રત, તપ, જપ ઈત્યાદિ કરે છે. એના જેવો જૈન યુવક મળશે, તો શેઠ કન્યાના વિવાહ કરશે, નહીં તો બ્રહ્મચર્ય પાળવાનો કન્યાનો નિર્ણય છે.'' યુવકે ધર્મી બનવા માટે ઉપાશ્રયે જવા માંડયું. સાધુ પાસે અભ્યાસ કરવા માંડયો. નવ તત્ત્વ શીખ્યો. ઉભયટંક આવશ્યક સામાયિક ઈત્યાદિ કરવા લાગ્યો. ત્યારપછી કન્યાના પિતાના ઘરે જ મહેમાન બની રહ્યો. તેની ધાર્મિક ક્રિયાઓ જોઈ હાલરદા શેઠને થયું કે, 'અદ્‌ભુત શ્રાવક છે! દીકરી માટે યોગ્ય છે.' થોડા દિવસોમાં લગ્ન લેવાયાં. પતિ-પત્ની પોતાને ઘેર ગયાં. જૈન કુળમાં જન્મેલી દીકરી ઘરમાં પ્રવેશતાં જ પામી ગઈ કે, 'આ જૈન કુળનું ઘર નથી.' જૈનનાં ઘરમાં ચૂલા, ખાંડણિયા, ઘંટી પર ચંદરવો જોઈએ. ભોજન ઢાંકેલા જોઈએ. અભક્ષ્ય ક્યાંય ન દેખાય.

પત્નીએ કહ્યું, ''રાત્રિ ભોજન નહીં કરું, અભક્ષ્ય નહીં ખાઉં.'' સાસુ-સસરાએ તેનો વિરોધ કર્યો. ''જો રાત્રિ ભોજન ન કરવું હોય તો જાવ બાપને ત્યાં.'' પત્ની સ્વમાની હતી. તેણે કહ્યું, ''જે રીતે લાવ્યા છો એ

રીતે મૂકવા આવો તો જાઉં કેમકે જો હું સ્વેચ્છાએ જાઉં તો મારા ધર્મ અને મા-બાપને કલંક લાગે.'' પતિએ કહ્યું, ''મારા એકલાથી ન જવાય. વડીલો તમે પણ ચાલો.'' બધાં વહુને મૂકવા નીકળ્યાં. માર્ગમાં એક સગાને ત્યાં રાતવાસો કર્યો. સગાને ત્યાં ભોજન કરવાનું સાસુ-સસરાએ કહ્યું. પુત્રવધૂએ રાત્રિ ભોજનનો ઈન્કાર કર્યો. ''પુત્રવધૂ ન જમે તો અમારાથી પણ ન જમાય,'' એવું સાસુ-સસરાએ કહ્યું. સગાએ ખૂબ આગ્રહ કર્યો. છેવટે સમાધાન પર વાત આવી કે, 'વહુ પીરસે તો અમે જમીએ.' વહુએ પીરસવાની પણ ના પાડી. છેવટે સાસુ-સસરા ન જમ્યાં પણ બીજા બધાં જમ્યાં. તે દિવસે ભોજનમાં વિષ આવી ગયું હતું. ભોજન ખાનારનું મૃત્યુ થયું. વહુએ વિચાર્યું, 'આ તો અનર્થ થયો. આનો દોષ મારા પર જ આવશે.' એણે અનશન આરંભ્યું. દેવી પ્રગટ થયાં વહુને આશ્વાસન આપ્યું કે, ''કોઈ અનર્થ નહીં થાય સૌનું ભલું થશે.'' દેવીએ વિષ હરી લીધું. સૌ ઉઠયાં. સૌએ જોયું કે ભોજનમાં ગરોળી પડી હતી તેથી ભોજન વિષમય બન્યું હતું.

કુટુંબના મોભીઓએ પુત્રવધૂનો ઉપકાર માન્યો. તેમણે કહ્યું, ''અમે તમારા કારણે જીવિત થયાં છીએ.'' હવે સાસુ-સસરાએ વહુની ખૂબ પ્રશંસા કરી. આખું કુટુંબ ચુસ્ત જૈનધર્મી બન્યું.

# પ્રકરણ ૫
# જ્ઞાન દાનની કથાઓ

**અવસન્નાચાર્ય (સાવધાચાર્ય)** : (ઉપદેશ રત્નાકર, પૃ.૨૦૮)

આ અવસર્પિણીની ચોવીશીથી થઈ ગયેલી અનંત ચોવીશીને વિશે સાત હાથની કાયાવાળા **ધર્મ** નામે છેલ્લા તીર્થંકર થયાં. તે સમયે સાત અચ્છેરા થયેલાં. તે વખતે ચૈત્યવાસી સાધુ થયાં. ત્યાં **કમલપ્રભ** નામે આચાર્ય આવ્યાં. શ્રાવકોએ વિનંતી કરતાં કહ્યું, ''આ ચોમાસું અહીં કરો તો અનેક ચૈત્યો થાય.'' ગુરુએ કહ્યું, ''આ પાપકારી વ્યાપાર છે. હું એક શબ્દ પણ આ માટે નહીં બોલું.'' પછી લોકોએ તેમનું '**સાવધાચાર્ય**' એવું નામ પાડયું, છતાં આચાર્યએ ક્રોધ ન કર્યો. ચૈત્ય (પ્રાસાદ)માં પૂજા, સત્કાર વગેરે બાબતોમાં મતભેદ ઊભો થયો. તે વખતે આગમ કુશલ કોઈ આચાર્ય ન હોવાથી અસંયતીઓએ સાવધાચાર્યને જ પ્રણામ કર્યા. તેઓ સાત મહિને વિહાર કરીને દૂરથી આવ્યાં. ત્યારે એક સાધ્વીજીએ શ્રદ્ધાને કારણે તેમને પ્રદક્ષિણા આપી. સાધ્વીજીએ અચાનક આચાર્યના પગ ઉપર મસ્તક વડે સંઘટ્ટો (સ્પર્શ) કરતાં વંદન કર્યું. આ દશ્ય અસંયતીઓએ જોયું.

એક વખત અસંયતીઓની સમક્ષ સાવધાચાર્ય શ્રુતના અર્થને કહેતાં હતાં. '**શ્રી મહાનિશીથ સૂત્ર**'નાં પાંચમાં આધ્યયનમાં આ પ્રમાણે ગાથા આવી કે, 'આંતરકારણ ઉત્પન્ન થયે છતે પણ સ્ત્રીના કરનો સ્પર્શ અરિહંત કરે તો પણ મૂલગુણથી ભ્રષ્ટ થતાં તેમનું સંયમ ચાલ્યું જાય છે.' હવે આચાર્યને શંકા થઈ કે, 'સાધ્વીજીનો સ્પર્શ થયો છે તે અસંયતીઓએ જોયું છે તેથી મને 'સાવધાચાર્ય' એવું ઉપનામ આપશે અને ખોટી પ્રરૂપણા કરીશ (અજાણતાં સ્પર્શ થાય એવી) તો આશાતના થશે.' આચાર્યએ ઘણો સમય સુધી વિચારીને કહ્યું કે, ''અયોગ્યને સૂત્રાર્થ દાન ન આપવું જોઈએ.'' ત્યારે લોકોએ હોબાળો કરતાં કહ્યું, ''આવું અસંબંધ કેમ બોલો છો ?'' ત્યારે આચાર્યએ સંસાર ભલે વધે એમ વિચારીને લોકોને બાનમાં રાખી ભ્રાન્ત ધારણા ફેલાવતાં કહ્યું, ''આગમ ઉત્સર્ગ અને અપવાદ વડે રહ્યું છે. તમે જાણતાં નથી.''

આવી ઉત્સૂત્ર પ્રરૂપણા શાસ્ત્ર વિરુદ્ધ માહોલ, જડ અભિગમો અને વિપરીત જ્ઞાનદાનના અભિયાનથી પંથદર્શક સાવધાચાર્યનો સંસાર વધ્યો કારણકે જૈન ધર્મમાં મૈથુનભાવને છોડીને ઉત્સર્ગ અને અપવાદ સર્વત્ર છે. અબ્રહ્મનું સેવન રાગ-દ્વેષનાં પરિણામ વિના થતું નથી.

**અનાથી મુનિ** : (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર; ઋષિમંડલ વૃત્તિ)

**રાજગૃહી**ના **મંડિતકુક્ષિ** ઉદ્યાનમાં તેજના અંબાર સમાન એક તરુણ સાધુ ધ્યાનમગ્ન અવસ્થામાં બેઠાં હતાં. વનના લહેરાતા વાયુથી વૃક્ષની હિંચકાતી ડાળીઓ નમન કરી તેમની સાધનાનો સત્કાર કરી રહી હતી. કિલ્લોલ કરતાં પક્ષીઓ તેમને પ્રદક્ષિણા કરતાં હતાં અને મંદ મંદ વાતા સમીર દ્વારા મુનિના શુદ્ધ ચારિત્રની ફોરમથી વનનું વાતાવરણ મહેકી ઉઠયું હતું.

આવા ટાણે **મગધ**ના રાજવી **શ્રેણિક** હાથી, ઘોડા અને પાયદળ સાથે ક્રીડા કરવા ઉદ્યાનમાં આવ્યા. આટઆટલો લશ્કરનો કોલાહલ અને ધમાલ હોવા છતાં મુનિ ધ્યાનમાં મગ્ન હતાં. બાહ્ય કોલાહલ

મુનિના ધ્યાનમાં વિક્ષેપરૂપ ન બન્યો. થોડીવારે મુનિએ ધ્યાન પાળ્યું. અર્ધ બીડાયેલાં નેત્રો ઉઘડયાં. મુનિને હાથ જોડી વંદન કર્યાં. મુનિએ ધર્મલાભ કહ્યો.

રાજવી શ્રેણિકને વનની વનરાજી, શીતળ વાતાવરણ કે મુનિના ધર્મલાભના શબ્દો ચિત્તને આકર્ષી ન શક્યા પરંતુ મુનિનું તારુણ્ય, તેજસ્વી લલાટ, ખીલતી યુવાની અને સુડોળ કાયાથી રાજા અંજાયા. 'શું આવા તેજસ્વી, સુંદર દેહધારી પણ સાધુ થઈ શકે ? આમને એવું શું દુઃખ આવી પડયું હશે કે સંસાર છોડી ભેખ લીધો હશે ? ભોગ વિલાસની આ વયમાં આકરા તપ શા માટે તપતાં હશે ? શું તેઓ કોઈ મહાદરિદ્રી હશે ? ના, તેમનો દેહ સુખથી પોષાયેલો અને સુકોમળ છે. શું સ્વાર્થી સ્વજનોથી કંટાળ્યા હશે ? ના, તેમની મુખાકૃતિની પ્રસન્નતા એવી છે કે તે અનેકને સગા-સ્નેહી બનાવે તેવું જણાય છે. વળી, તેમનું રૂપ અનુપમ છે એટલે અનેક રમણીઓને આકર્ષે તેવું છે. શું તેઓ ભયંકર રોગનો શિકાર બન્યા હશે ? ના, કલાકો સુધી પદ્માસને બેસી ધ્યાન કરી રહ્યા છે તેથી તેવું પણ સંભવ નથી. લાવ, હું તેમને પૂછું.'

વિચારોએ જિજ્ઞાસા ઉદ્‌ભવી તેઓ મુનિ પાસે આવ્યા. "મુનિવર ! આવી તરુણ વયમાં સંસાર કેમ છોડયો ? આપ યુવાન, સ્વરૂપવાન, તેજસ્વી અને સુખી સંપન્ન પરિવારના જણાવ છો. હું કલ્પના કરી શકતો નથી. આપ જ તેનો ખુલાસો કરો."

મુનિએ ગંભીર સ્વરે કહ્યું, "રાજન્ ! હું અનાથ હતો. મારો કોઈ રક્ષક ન હતો. મને કોઈ નાથ હાથવગો ન થયો એટલે મેં આ સંયમ માર્ગ સ્વીકાર્યો છે."

રાજવી શ્રેણિકના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. તેમણે ભલી લાગણી દર્શાવતાં કહ્યું, "મહારાજ ! આ શું બોલો છો. કોઈ આપને નાથ ન મળ્યો ? એવા નજીવા કારણની લઢણમાં આપે સંસાર છોડયો ! આજથી હું નાથ બનું ? આપ મારે ત્યાં પધારો. સ્ત્રી, સ્નેહી, મિત્ર સંપત્તિના સુખો ભોગવી સંસાર માંડો."

મુનિએ હસતાં હસતાં કહ્યું, "રાજન્! આ બધું તો મારી પાસે હતું. મારે બત્રીસ-બત્રીસ સ્વરૂપવાન પત્નીઓ અછોવાનાં કરતી હતી. ભાઈ, ભાઈ કહેતાં જેમનું ગળું ન સૂકાય તેવા નાના-મોટા ભાંડરડાઓ હતાં. સદા સાથે રમતાં અને એક પળ પણ અળગો ન કરતા એવા જીગરજાન મિત્રોનો કોઈ તોટો ન હતો. લાડકોડે ઉછેરનારા આંખની કીકી સમાન મને ગણનારા મારા માતા-પિતા પણ હતાં. ધન-સંપત્તિની મારે ત્યાં છોળો ઉછળતી હતી. યાચકોને દાનમાં અપાય તેટલી અઢળક સંપત્તિ હતી. રાજન્! આ બધું હોવા છતાં હું અનાથ હતો. મારો કોઈ રક્ષક ન હતો. રક્ષક વિના હું કેમ રહી શકું ? અનાથતાના કારણે મેં સંયમ લીધું."

રાજા શ્રેણિકને ભારે નવાઈ લાગી. તેમણે કહ્યું, "ભગવન્! અપાર સંપત્તિ, અનુકૂળ સ્વજનો, વહાલાં મિત્રો અને સુખની રેલમછેલ હોવા છતાં આપ કહો છો કે હું અનાથ હતો, તે કઈ રીતે સંભવે ? મને સમજાતું નથી."

મુનિએ કહ્યું, "રાજન્! હું સત્ય કહું છું. આ બધું હોવા છતાં મારો કોઈ રક્ષક ન હતો. હું તમને મારી આપવીતી કહું છું, તે સાંભળો.

એક દિવસ મને આંખમાં અસહ્ય પીડા ઉત્પન્ન થઈ. તેમાંથી આખા શરીરે દાહજ્વર પ્રગટયો. શરીર તૂટવા માંડયું. હું પીડાથી કણસતો હતો. આંખમાંથી અશ્રુધારા વહેતી હતી. વૈદ્યો, હકીમો દોડી આવ્યાં. તેમણે ઘણાં ઉપચારો કર્યાં. મને પળમાત્રની શાંતિ ન મળી. શરીરમાં સોય ભોંકાતી હોય તેવી તીક્ષ્ણ વેદના થવા

લાગી.

મેં માતાના ખોળામાં માથું મૂક્યું. માતાએ અપાર વાત્સલ્યથી મારા માથે હાથ ફેરવી મને ઘણો પંપાળ્યો પરંતુ આંસુ સાર્યા સિવાય કાંઈ ન કરી શકી. મેં પિતાના હાથમાં હાથ મૂકી કહ્યું, 'પિતાજી ! મારું રક્ષણ કરો. આ કાળી વેદના ખમાતી નથી. મને બચાવો.' પિતાએ લાખો-ક્રોડો રૂપિયા ખર્ચી વૈદ્યો, હકીમો, ભૂવાઓ અને માંત્રિકોને બોલાવ્યા પરંતુ તેઓ મારી વેદના ન ઠારી શક્યા. મુજ અનાથનો કોઈ નાથ ન બન્યો ! પાલક માતા-પિતા લાચાર બની મને ટગર ટગર જોઈ રહ્યા. એ વખતે રાજન્ ! તમે હોત તો મારા નાથ બનત ખરા ?

રાજન્ ! મારા ઢોલિયાની પાંજેઠે મારા ભાઈઓ મારા પગ ચાંપતા હતા. મેં પગ પછાડતાં કહ્યું, 'હે જ્યેષ્ઠ બંધુ ! હું વેદનાથી બળી રહ્યો છું. શું તમે મારું રક્ષણ ન કરી શકો ?' તેઓ દીન વદને મૂંગા ઊભા રહ્યા. હું આંસુ સારતો પથારીમાં આળોટતો રહ્યો. મારા બાંધવ પણ નાથપણાની ખોટ ન પૂરી શક્યા. ભાઈ, ભાઈ કહેતી આનંદ પામતી નાનકડી બેન પલંગ પકડી ઊભી હતી. તે કાલાઘેલા શબ્દોમાં કહેવા લાગી. 'વીરા ! શાંત થાવ. સારું થઈ જશે. ગભરાશો નહીં.' પરંતુ મારી ગભરામણનો પાર ન હતો.

મારા નામના સૌભાગ્યકંકણ પહેરનારી, મારી કહેવાતી અર્ધાંગનાઓએ મારી વેદનામાંથી અંશ માત્ર ભાર ન ઉપાડયો. તેમણે શણગાર છોડયાં, તાંબૂલ છોડયાં, નિદ્રા છોડી પરંતુ મને વેદનામાંથી ન છોડાવી શકી. રાજન્ ! ત્યારે મને સમજાયું કે અર્ધાંગના ખરી પરંતુ સુખની કે મોહની, દુઃખની નહીં.

મારી આસપાસ મિત્રોનાં ટોળે ટોળાં ઊભાં હતાં. રોજ હાથબેલી પકડી ફરવા લઈ જનારામાંથી એકે આગળ ન આવ્યો કે, 'ઉઠ મિત્ર ! શા માટે મૂંઝાય છે ?' રાજન્ ! એ વખતે તમે મળ્યા હોત તો મારા નાથ બની શકત ને ? મારી રક્ષા કરી શકત ને ?''

રાજા શ્રેણિક શરમાયા અને બોલ્યા, ભગવંત ! હું પણ ત્યાં તો નાથ ન બની શકત.''

મુનિએ વાત આગળ ચલાવી, ''રાજન્ ! એક ધન્ય પળે સુષુપ્ત એવું શુભત્વ જાગ્યું. મારા હૃદયમાં સુંદર વિચાર આવ્યો કે, 'હે જીવ ! મનુષ્યના ભવમાં સ્વજન, સંપત્તિ, મિત્રો હોવા છતાં જો કોઈ વેદનાનું અપહરણ ન કરી શકે તો તિર્યંચ, નારકીની યોનિમાં, જ્યાં તું બિલકુલ અસહાય હતો ત્યાં તેં કઈ રીતે દુઃખો સહન કર્યા હશે ? હે ચિત્ત ! તું સ્થિર થા.'

મેં મારું મનોબળ-ધૈર્ય ઊભું કર્યું અને બોલ્યો, 'કરોડો યુગો ચાલ્યા જાય છતાં કરેલાં કર્મોનો ક્ષય થતો નથી. કરેલાં શુભાશુભ કર્મો માનવીને અવશ્ય ભોગવવાં પડે છે. મારા દુઃખનું કારણ કર્મ છે. આ કર્મ બંધના કારણો હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મચર્ય અને પરિગ્રહ છે. આ પાપનો સર્વથા ત્યાગ સંયમમાં જ શક્ય છે તેથી સંયમ ભવ નિસ્તારનું કારણ છે. જો આ રોગ મટે તો હું સંયમ લઈ દુઃખના કારણોનો નાશ કરું.' એવો મેં નિશ્ચય કર્યો.

રાજન્ ! આ સંકલ્પે મારી આંખ ઘેરાઈ ગઈ. વેદના ધીમી પડી અને હું ઘસઘસાટ ઊંઘી ગયો. પ્રભાતે મારી આંખ ઉઘડી. મને સ્વસ્થતા જણાતી હતી. મેં સંકલ્પને તેનું કારણ માન્યું. મેં પરિવારજનો સમક્ષ મારો સંકલ્પ જણાવ્યો. મેં સંયમ માર્ગે જવા પરિવારજનોની રજા માંગી.

પિતાએ વાંસો પંપાળતા કહ્યું, 'બેટા ! તું હજી નાનો છે. દીક્ષાની વાર છે.' માતાએ કહ્યું, 'બેટા ! દીક્ષા કપરી છે.' ભાઈઓ, બહેનો, સ્ત્રીઓ ને મિત્રોએ કહ્યું, 'તમે અમને છોડો તે કેમ પાલવે ?' મેં કહ્યું, 'હું પોતે અનાથ; બીજાનો નાથ, કઈ રીતે બનું ? હું અનાથમાંથી નાથ બનવા માંગુ છું, તે જ ખરેખરો સત્ય માર્ગ છે.

રાજન્! મેં અનાથતા પારખી-ખોળી સંસાર છોડયો છે. હું આજે મારો નાથ છું. મને સુખ-દુઃખ પજવતાં નથી. હું કોઈને ઉપદ્રવ કરતો નથી. હું પશુ, પંખી, માનવ સર્વનો નાથ છું. હું સંયમ લઈ સનાથ બન્યો છું. રાજન્! તારે નાથ બનવું છે ?'' અનાથી મુનિના શબ્દોએ રાજવી પળ પૂરતા સ્થિર થયા.

શ્રેણિક રાજાએ કહ્યું, ''ભગવંત ! હું નાથનો અર્થ ન સમજ્યો. હું નહીં પણ આખું જગત અનાથ છે. છ કાયના અભયદાન દેનારા નિર્ગ્રંથ મારા નાથ છે. હું આપના ત્યાગ, સંયમ અને જ્ઞાનને ઓળખી ન શક્યો તેથી મેં આપને ભોગ પ્રત્યે પ્રેર્યા. મારા જેવા પામરને માફ કરો.''

રાજવી શ્રેણિક અનાથી મુનિના તારામૈત્રકથી સમકિત પામ્યા. અનાથી મુનિએ જ્ઞાનદાન કરી રાજવી શ્રેણિકનું મિથ્યાત્વ દૂર કર્યું. અનાથી મુનિએ તે જ ભવે શિવલક્ષ્મી મેળવી શાશ્વત સુખો મેળવ્યાં.

**ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર**માં આચાર્ય હેમચંદ્રજી કહે છે -

**''ज्ञानदानेन जानाति जन्तुः स्वस्थ हिताहितम् ।**
**वेत्ति जीवादि तत्त्वानि, विरतिंच समश्नुते ।।''**

**અર્થ :** વાસ્તવમાં જ્ઞાનદાન પ્રાપ્ત થતાં મનુષ્યને હિતાહિતનો બોધ થાય છે અને અહિત કે અકર્તવ્યથી (રાજવી શ્રેણિકની જેમ) દૂર થાય છે.

**આભૂ સંઘવી** : (પંચાચાર અને સ્વામિવાત્સલ્ય, લે. મનસુખ મહેતા, પૃ. ૧૭૭)

**થારાપદ્ર (થરાદ)**માં આભૂ નામના એક શ્રીમાળી શેઠ રહેતા હતા. તે અતિ ધનાઢય અને દાનવીર હતા તેથી તેમને પશ્ચિમ દેશનો 'માંડલિક' એવું બિરૂદ મળ્યું હતું. એક વખત **માંડવ ગઢ**માં રહેતા **ઝાંઝણ શેઠે** સાંભળ્યું કે, 'થરાદના વતની આભૂશાહ પોતાના ઘરે આવેલા સાધર્મિકોને ભોજન કરાવ્યા વિના પોતે ભોજન કરતા નથી.' તે સાંભળી ઝાંઝણ શેઠે પરીક્ષા કરવાનો નિશ્ચય કર્યો. એક દિવસ બત્રીસ હજાર સાધર્મિકોના સંઘ સહિત જુદા જુદા માર્ગેથી પૂનમની તિથિએ થરાદ ગામમાં પહોંચ્યાં. તે દિવસે આભૂ શેઠે પૌષધ કર્યો હતો. તેમના ભાઈ **જિનદાસે** ભોજનનો પ્રબંધ કરાવી સંઘને ભોજન માટે આમંત્રણ આપ્યું. એક પહોરમાં સમસ્ત સંઘને સોના-રૂપાની થાળીમાં ભોજન કરાવ્યું. વળી, સંઘમાં આવેલાં પ્રત્યેક વ્યક્તિને વસ્ત્રાદિનું દાન આપી સંઘપૂજન કર્યું. આભૂ શેઠની અપાર ભક્તિથી પ્રભાવિત થઈ ઝાંઝણ શેઠે પગે પડી માફી માંગતાં કહ્યું, ''શેઠજી ! જેવી તમારી ભક્તિની પ્રશંસા સાંભળી હતી, તેવા જ તમે છો. હું તમારી પરીક્ષા કરવા આવ્યો હતો. મારા અપરાધને ક્ષમા કરો.''

**થરાદ**ના ઈતિહાસ પ્રસિદ્ધ **શ્રેષ્ઠી આભૂ સંઘવી**એ સાધર્મિક ભક્તિ ઉપરાંત એક ક્રોડ સુવર્ણ મુદ્રા ખર્ચીને કુલ છ લાખ, ઓગણચાલીસ હજાર શ્લોક પ્રમાણ શાસ્ત્ર લેખન કરાવી અદ્‌ભૂત જ્ઞાનદાન કર્યું હતું.

**કૌંડેશ** : (રત્નકરંડ ગૌરવ, પૃ.૧૮૨)

એક ગામમાં **ગોવિંદ** નામનો ગોવાળ રહેતો હતો. તે ઘણો સરળ અને ઈમાનદાર હતો. તે પ્રતિદિન જંગલમાં જતો. એ ગાય-ભેંશ આદિ પશુઓને ચારો ચરાવી સંધ્યા ટાણે ઘરે લાવતો. આ એનો જીવન ક્રમ હતો.

એક દિવસ તેની ગાયો દૂર વનસ્થલીમાં ચાલી ગઈ. તેમની શોધમાં તે અહીં તહીં ફરતો હતો ત્યાં

અચાનક તેની દૃષ્ટિ એક વૃક્ષની બખોલમાં પર પડી. તેણે જોયું કે ત્યાં કાંઈક રાખ્યું છે. ઉત્સુકતાથી તેણે ઉઠીને ત્યાં જઈ વસ્તુને ઉપાડી. આ વસ્તુ વસ્ત્રમાં લપેટેલી હતી. તેણે વસ્ત્ર ખોલ્યું. તેમાંથી ધર્મશાસ્ત્ર મળ્યું. ગોવાળે વિચાર્યું કે, 'કોઈ મુનિરાજે આ ગ્રંથનો સ્વાધ્યાય કરી અહીં મૂકી દીધો લાગે છે.'

ગોવાળે વિનયપૂર્વક ગ્રંથને ઉપાડયો અને પોતાના ઘરમાં ઉચ્ચ સ્થાને સ્થાપિત કર્યો. તે નિત્ય ગ્રંથને વંદન કરી સંતોષ માનતો. ગોવાળ અનપઢ હતો તેથી બિચારો મનોમન વસવસો કરતો અને મન મારીને બેસી રહેતો કે, 'હું આ શાસ્ત્રને ભણીને તેનો યથેષ્ઠ લાભ લઈ શકતો નથી. જો ભણેલો હોત તો સ્વાધ્યાય કરી જ્ઞાનાર્જન કરત.' ખરેખર ! લૌકિક જ્ઞાન પણ કેટલું આવશ્યક છે ! એક દિવસ આ વિચારથી પીછો છોડાવવાનો મોકો મળી ગયો.

સૌભાગ્યથી તે જ ગ્રામમાં વિહાર કરીને **પદ્મનંદિ મહાત્મા** પધાર્યા. મુનિશ્રીનાં દર્શન, વંદન અને ધર્મશ્રવણ કરવા માટે ગ્રામવાસી ઉત્સાહપૂર્વક જવા લાગ્યા. ગોવાળ ગોવિંદ પણ મુનિદર્શન કરવા ગયો. ત્યાં તેણે મુનિશ્રી પાસેથી ધર્મોપદેશ શ્રવણ કર્યો. તે અત્યંત પ્રભાવિત થઈ ઘરે આવ્યો. તેને મુનિશ્રી પ્રત્યે અહોભાવ, અપાર શ્રદ્ધા અને ભક્તિના ભાવ ઉદ્ભવ્યા. અતઃ તેણે વિચાર કર્યો કે, 'શા માટે મુનિશ્રીને આ ગ્રંથ સમર્પિત ન કરું ?'

અત્યંત વિનમ્રતાથી તેણે બીજે દિવસે તે ગ્રંથ લઈ જઈ મુનિરાજને સમર્પણ કર્યો. તેણે ગ્રંથ પ્રાપ્તિની વિગત મુનિશ્રીને જણાવી. મુનિશ્રીએ પ્રસન્નતાથી ગ્રંથનો સ્વીકાર કર્યો. ગોવાળને શુભાશીષ આપ્યા, તેમજ ધર્મોપદેશ આપી આત્મકલ્યાણ કરવાની પ્રેરણા આપી. ત્યારથી ગોવાળ પોતાનું સાત્ત્વિક અને ધાર્મિક જીવન સાનંદ વ્યતીત કરવા લાગ્યો.

આ ગોવાળ મરણોપરાન્ત ભવાંતરમાં શ્રુતદાન કરવાના પ્રસાદથી **કૌંડેશ** નામના શ્રુત-કેવળીના પદ પર પ્રતિષ્ઠિત થયાં.

જ્ઞાનદાનના ઉજળા વિચારોની જબરી મહત્તા છે. તેનાથી જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ક્ષય થઈ અંતે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

કેટલાક વિદ્વાન કે ધર્મશ્રદ્ધાળુ શ્રાવક પર્યુષણ પર્વ અથવા કોઈ વિશિષ્ટ અવસરે શાસ્ત્ર વાંચન કરે છે. વળી, જ્યાં સાધુ-સાધ્વીજીનું પદાર્પણ ન હોય અથવા અત્યંત કઠિનતાથી તેમનો સહયોગ પ્રાપ્ત થતો હોય તેવા ક્ષેત્રમાં વિદ્વાન શ્રાવક જઈને શાસ્ત્રવાંચન કરે છે, વ્યાખ્યાન આપે છે.

દિગંબર જૈનોમાં મુનિવરોની સંખ્યા અલ્પ હોવાથી **દશલક્ષણપર્વ** અથવા વિશિષ્ટ અવસરે પંડિત કે બ્રહ્મચારી વ્યાખ્યાન આપે છે. શ્વેતાંબરોમાં યતિ અથવા સ્વાધ્યાયી શ્રાવક વ્યાખ્યાન માટે જાય છે. પાઠશાળામાં ધાર્મિક શિક્ષણ કરાવે છે, થોકડા વગેરે શીખવાડે છે. આ સર્વનો જ્ઞાનદાનમાં સમાવેશ થાય છે.

**મહાત્મા ગાંધીજી** વિલાયતમાં ગયા ત્યારે ખ્રિસ્તી અને પાદરી ગૃહસ્થોના સંપર્કમાં આવ્યા. તેમની રુગ્ણ સેવા જોઈ તેમનું મન એટલું પ્રભાવિત થઈ ગયું કે, હિંદુ ધર્મ છોડી ઈસાઈ ધર્મ સ્વીકારવા તત્પર બન્યા. સદ્ભાગ્યે તેમને અંતઃસ્ફુર્ણા થઈ કે, 'ખ્રિસ્તી ધર્મ સ્વીકારવા પૂર્વે એકવાર ગુજરાતના વિદ્વાન વિચારક અને કવિ **શ્રી. રાયચંદભાઈ**નો મત-અભિપ્રાય જાણી લઉં.' ફલતઃ તેમણે ૨૭ પ્રશ્નો લખી પત્ર શ્રીમદ્જીને મોકલ્યો .આ પ્રશ્નોના સમુચિત સમાધાન મેળવી ગાંધીજીનો ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનો વિચાર બદલાઈ ગયો.

શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા અપાયેલ જ્ઞાનદાનથી મહાત્મા ગાંધીજી ધર્માંતરણ કરતાં અટકી ગયાં.

**ચતુર્વેદ બ્રાહ્મણ** : (કથાકોશ પ્રકરણ)

એક નગરમાં ચાર વેદ ભણેલ **ચતુર્વેદી બ્રાહ્મણ** હતો. તે છાત્રોને વિદ્યા ભણાવતો હતો. એકવાર છાત્રોની પરીક્ષા લેવા માટે તેણે કહ્યું, ''વિદ્યાર્થીઓ! કાળીચૌદસની રાત્રિએ શ્વેત બોકળો એવી રીતે છાનોમાનો મારવો કે તેને કોઈ જુએ નહીં. પછી તેનું માંસ પકાવીને ખાવું. જે આવું કરશે તે જ વેદનું અધ્યયન કરવાને યોગ્ય ગણાશે.''

ગુરુનું વચન સાંભળી એક છાત્ર બોકળો લઈ શૂન્ય અરણ્યમાં ગયો. ત્યાં તેને વિચાર આવ્યો કે, 'અહીં ભલે આજુબાજુ કોઈ નથી પરંતુ આકાશનાં તારાઓ હયાત છે. જે મને જોઈ રહ્યાં છે.' ત્યારપછી તે દેવકુળમાં ગયો. ત્યાં જઈ બોકળાનો વધ કરવાનો વિચાર કર્યો. તેણે આસપાસ જોયું. આસપાસ જોયું કોઈ હતું નહીં પરંતુ દેવની મૂર્તિ જોઈ તેણે વિચાર્યું, 'આ દેવ મને જુએ છે માટે આ જગ્યા પણ વધ કરવા માટે યોગ્ય નથી.' ત્યારપછી તે શૂન્ય ઘરમાં ગયો ત્યાં કોઈ ન હતું. એટલામાં વિચાર આવ્યો કે, 'અહીં હું બોકળાને જોઉં છું અને બોકળો મને જુએ છે. વળી, અતિશય જ્ઞાની લોકાલોકને જુએ છે માટે આ વિશ્વમાં એવી એકપણ જગ્યા નથી જ્યાં હું બોકળાનો વધ કરી શકું. તેથી મને ગુરુની શરતનો કોઈ નિવેડો મળવો અસંભવ છે.'

આમ, તે છાત્રને કોઈ નિર્જીવ જગ્યા ન મળી તેથી બોકળાનો વધ કર્યા વિના જ ગુરુ પાસે પાછો આવ્યો. તેણે ગુરુને માર્મિક વાત જણાવતાં કહ્યું, ''ગુરુદેવ! આ બ્રહ્માંડમાં કોઈ નિર્જીવ જગ્યા નથી તેથી મેં બોકડાનો વધ કર્યો નથી. હું તેને અભયદાન આપું છું.'' ગુરુ તેની નોખી બુદ્ધિચાતુર્યતા અને અનુકંપા જોઈ ઘરપત થઈ. તેની યોગ્યતા જોઈ ગુરુએ વેદનું જ્ઞાન આપ્યું. હવે છાત્ર જ્ઞાનના મહાસાગરમાં ફેવાઈ ગયો.

જે જ્ઞાન દ્વારા આત્મદર્શન કે આત્મદૃષ્ટિ પ્રાપ્ત થાય તે અલૌકિક જ્ઞાન છે અને જે જ્ઞાનથી વ્યવહારિક બુદ્ધિનો વિકાસ કે વિસ્તાર થાય, હિતાહિતનો વિવેક આવે તે લૌકિક જ્ઞાન છે.

**જનક રાજા - અષ્ટાવક્ર** : (જૈન રામાયણ)

સ્વર્ગથી પણ સોહામણી **મિથિલા** નગરી, જેમાં રાજા **જનક** રાજ્ય કરતા હતાં પણ પ્રસંગ એવો બન્યો કે રાજા જનકે તેણે બધા ઋષિ-મુનિઓને-જ્ઞાનીઓને ભેગા કરી પ્રશ્ન પૂછયો. કોઈથી યોગ્ય જવાબ ન મળતાં બધાને નજરકેદ કર્યા હતા. તપસ્વીઓના સમૂહમાં તપોવનમાં રહેતા મુનિઓમાં આ વાત ફેલાઈ ગઈ. ત્યારે **અષ્ટાવક્ર** નામે નાની ઉંમરના પણ મહાજ્ઞાની અને જડબાતોડ જવાબ આપનારા તેમણે કહ્યું, ''હું જાઉં જનકની સભામાં અને બધા ઋષિ મુનિઓને છોડાવી લાવું. જનક રાજા મનમાં શું સમજે છે?''

પહેલાં સંદેશો મોકલ્યો કે જવાબ આપવા કાલે સવારમાં આવીશ. બધા સભાજનોને તૈયાર રાખજો.

અને સવારમાં મુનિ આવ્યાં. આઠે અંગે વાંકું શરીર વળી લાકડાને ટેકે ચાલતાં ચાલતાં પણ ગબડી પડતા તેથી બધા તેમની હાલત જોઈ હસી પડયાં. એટલે બધાને ઉદ્દેશી મુનિએ જનક રાજાને કહ્યું, ''એલા તમે કેમ હસ્યા? સાચું કહેજો! નહિં તો પરિણામ સારું નહિં આવે.'' મુનિની તેજદાર ભાષા જોઈ, જનક રાજા બોલ્યા, ''મહારાજ! મોટા મોટા વિદ્વાનો, ઋષિમુનિઓ જવાબ આપવામાં ઉણા ઉતર્યા તે તમે શી રીતે આપશો?''

અષ્ટાવક્ર મુનિએ સંયમ ગુમાવતાં કહ્યું, ''એલા મુરખ ! તારા જેવા આ સભામાં બેસી પ્રજાનું હિત શું કરતાં હશે ? કોઈ નદીએ પાણી પીવા ગયો હોય તેને નદી વાંકીચૂંકીથી નિસ્બત છે કે પાણી પીવાથી ? તેમ તારે જવાબથી નિસ્બત છે કે મારા શરીરથી ? ઘણાં માણસો દેખાવમાં રૂપાળાં-સુંદર હોય પણ કોઈ કાર્ય નિપજતું નથી, પણ જેને સરસ્વતી વશ હોય તે દેખાવ વગરના માણસ મોટી સિદ્ધિ હાંસલ કરે છે. બોલ હવે તારો પ્રશ્ન ? તેં છ છ મહિનાથી ઋષિઓને પૂરી રાખ્યા છે. કેવોક છે એ પ્રશ્ન ?''

જનકે કહ્યું, ''આ સત્ય કે તે સત્ય ?'' મુનિએ કહ્યું, ''બસ આ જ પ્રશ્ન ને ? મૂર્ખા ! પહેલાં તેં વાત વિગતે કરી હોય તો બધા જવાબ આપત. હવે ચાલ, હું જવાબ આપું છું. જેવું તે - તેવું જ આ અથવા જેવું આ - તેવું જ તે.''

વાહ-વાહ, વાહ-વાહ કહી ભર સભામાં જનક રાજા મુનિના પગમાં પડયાં. સભાજનો અને જ્ઞાનીઓએ કહ્યું, ''મહારાજ ! અમે તેનું રહસ્ય સમજ્યા નથી તો વિગત કહો.''

અષ્ટાવક્ર મુનિએ મક્કમતાથી કહ્યું, ''સાંભળો ! રાજા જનકને સ્વપ્ન આવ્યું, જેમાં પરદેશી રાજા ચડી આવ્યો અને રાજ્ય લઈ લીધું અને જનકને કાઢી મૂક્યો. ભૂખ્યો અને તરસ્યો શહેરમાં રખડયો પણ કોઈ ખાવાનો ભાવ પણ ન પૂછે. આથી બહુ ફર્યો ત્યારે અર્ધો શેર કાચી ખીચડી મળી. બે-ત્રણ દિવસની ભૂખ તેમાં આટલી મળી તો રાજીના રેડ થઈ ગયો અને તળાવ કિનારે અગ્નિ પેટાવી એક હાંડલીમાં ખીચડી ચડવા મૂકી. ત્યાં તો ન જાણે ક્યાંથી બે સાંઢ લડતા આવ્યા અને હાંડલીને ઢેબે ચડાવી ફોડી નાંખી. ખીચડી બધી અગ્નિમાં પડી ગઈ અને મુખેથી બોલાઈ ગયું, ''હાય હાય ! હવે હું શું ખાઈશ ?'' અને આંખ ઉઘડી ગઈ. ત્યાં તો બહાર છડી પોકારાઈ. મહારાજા જનકને ઘણી ખમ્મા. 'અરે ! આ શું, અર્ધો શેર ખીચડી માટે વલોપાત કરતો રાજા જનક અને આ રાજનો ધણીજનક ?'

હવે આ બે માં સત્ય શું ? એ એનો પ્રશ્ન હતો - તો મુનિ કહે છે, ''જે પેલું તેવું જ આ અને જેવું આ તેવું પેલું. યાને કે સંસાર પણ સ્વપ્ન છે, એય સાચું અને આ પણ સાચું.''

સભામાં તાળીઓ પડી. બધાને છોડી મૂક્યા. અષ્ટવક્ર કહે, ''હે રાજન્ ! તેં પ્રથમથી વાત કરી હોત તો આ ઉત્તર જ તને મળત પણ સંકોચના કારણે તું બોલ્યો નહીં.''

જનક કહે, ''હવે મારે શું કરવું ?'' જવાબમાં કહ્યું, ''સંસાર સ્વપ્ન છે, રહેવું ખોટું, ખાવું ખોટું, જવું આવવું બધું જ સ્વપ્ન છે. ડાહ્યા મનુષ્યે દેહ મળ્યો છે તો તે પરમાર્થના કામે લગાડી જીવન પૂરું કરવું કેમકે જે દેખાય છે, તે બધું મિથ્યા છે. તેને સાચું કેવી રીતે મનાય ? તમારા ઋણાનુબંધે બધા મળ્યા છે. જ્યાં સુધી તેમની મુદ્દત રહે છે ત્યાં સુધી રહેશે, પછી ચાલ્યા જશે. મનુષ્યના આયુષ્યની મુદ્દત છે, ત્યાં સુધી રહેશે પછી ચાલ્યું જવાશે. એટલે ડાહ્યા માણસે મોક્ષ માર્ગનો ઉપાય કરી સત્સંગમાં જીવને જોડવો જોઈએ.''

અષ્ટાવક્ર મુનિનું જ્ઞાન જનકને સ્પર્શી ગયું. જનકે એ પ્રમાણે જ કર્યું આથી જનક **'વિદેહી'** કહેવાયા. પેલું નાનું સ્વપ્ન, જાગ્યા પછી આ મોટું સ્વપ્ન. હવે સ્વપ્નને ખરું માની હવાઈ કિલ્લા કે પાણીમાં મહેલો બાંધવા તે કેટલું ડહાપણ સમજવું ? સૌ સભાજનોને કહ્યું, ''સોહામણી સ્વર્ગની વાટે એક દિન સોહાવજો. જવું પડશે તે નક્કી જ છે, તો પછી અત્યારથી પગલાં ભરો.'

અષ્ટાવક્ર મુનિના ધર્મજ્ઞાનદાનના લહાવાથી રાજા જનકના કોઠે જ્ઞાનનો દીપક પ્રગટયો !

**ધનદત્ત** : (કથારત્નકોષ પ્રત નં ૧૨૪, દેવભદ્રાચાર્ય)

**શ્રી વિજયચંદ્ર સૂરિ** દેશ-વિદેશની ધરતી પર વિહાર કરતાં ફરે છે. શિષ્યોને શાસ્ત્રોની સુંદર વાચના આપી સંયમમાં દઢ બનાવે છે. સમય જતાં આચાર્ય સ્વયં ભગ્ન પરિણામ થવાથી શિષ્યોને કહે છે કે, ''કંઠ શોષ (સ્વાધ્યાય) કરવાથી શું ફાયદો ? તેના કરતાં ક્રિયાની ફાવટમાં ઉદ્યમશીલ બનો.'' 'જે ક્રિયાવાન તે પંડિત' એવું શાસ્ત્ર વચન છે. એકાંત ક્રિયાવાદને પકડી આચાર્ય જ્ઞાન-અભ્યાસને અવગણી ક્રિયામાં સમય વીતાવવા લાગ્યા. કાળક્રમે તેઓ મૃત્યુ પામી સૌધર્મ નામના પ્રથમ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયાં.

દેવ પર્યાયનું આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવી **પદ્મખંડ પુરમાં ધનંજય** શ્રેષ્ઠીની **શિવાદેવી** નામની પત્નીની કુક્ષિએ ઉપજ્યા. શિવાદેવીએ સવા નવ માસે પુત્રને જન્મ આપ્યો. તેનું નામ **ધનશર્મ** પાડયું. આઠ વર્ષની વયે ધનશર્મને ભણવા માટે મોકલ્યો, પરંતુ એકેય અક્ષર ચડયો નહીં. અભ્યાસ પ્રત્યેની અરુચિ અને અણગમો કરવાથી તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બંધાયું હતું. કર્મના તીવ્ર ઉદયથી ધનશર્મને એક પણ અક્ષર યાદ રહેતો ન હતો. શેઠે બ્રાહ્મી આદિ ઘણી ઔષધિ દ્વારા બુદ્ધિ ખીલવવાના ઘણાં પ્રયત્નો કર્યાં પરંતુ અંશમાત્ર ફરક પડયો નહીં.

એકવાર જ્ઞાની ગુરુ ભગવંત પધાર્યા ત્યારે ધનંજય શેઠ પુત્રને લઈ વંદન કરવા આવ્યા. શેઠે નમ્રતાથી પૂછયું, ''ભગવંત ! મારો આ પુત્ર જડ (અક્ષરજ્ઞાન વિનાનો, ઠોઠ) કેમ છે ?'' ગુરુ ભગવંતે દુઃખનું સમાપન કરતાં કહ્યું, ''શ્રેષ્ઠીવર્ય ! તેણે પૂર્વભવમાં જ્ઞાનની આશાતના કરી છે.'' તે સાંભળી ધનશર્મ વિચારોમાં ઊંડો ઉતર્યો. તેને ઉહાપોહ થતાં જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. પોતાનો પૂર્વભવ ચલચિત્રની જેમ નજર સમક્ષ દેખાયો. હવે તે જ્ઞાન અને જ્ઞાનની ભક્તિ કરવા લાગ્યો.

તે ભવનું આયખું પૂર્ણ થતાં ધનશર્મનો આત્મા **સૌધર્મ** દેવલોકે ગયો. ત્યાંથી ચ્યવી **ધનદત્ત** થયો. આ ભવમાં હજુ અલ્પ અશુભ કર્મ બાકી હતું તેથી જ્ઞાન ચડતું ન હતું. ધનદત્તે ફરી પ્રયત્ન કર્યો. તેણે જ્ઞાન અને જ્ઞાનીઓની ભાવપૂર્વક સેવા-ભક્તિ શરૂ કરી. નિત્ય ભણવાનો અદમ્ય પુરુષાર્થ આરંભ્યો. ધીરે ધીરે પઠન-પાઠનની પ્રવૃત્તિ પ્રારંભ કરી. તેણે દીક્ષા લીધી. મુનિ બની શિષ્યોને ભણાવવા લાગ્યા. અંતે કેવળજ્ઞાન પામ્યા. પ્રથમ ઉપદેશમાં તેમણે પર્ષદા સમક્ષ જ્ઞાનની મહત્તા દર્શાવી જ્ઞાનનો જ ઉપદેશ આપ્યો.

ખરેખર ! ધનદત્ત મુનિએ પ્રારંભેલો જ્ઞાનયજ્ઞ તેમને અપૂર્ણમાંથી પૂર્ણ બનાવીને જ રહ્યો ! સંપૂર્ણ બન્યા પછી તેમણે જ્ઞાનદાનનો યજ્ઞ માંડી અનેક જીવાત્માનું કલ્યાણ કર્યું.

ભારત વર્ષમાં જૈન સમાજ દ્વારા સ્થાપિત ગુરુકુળ, બ્રહ્મચર્યાશ્રમ અને છાત્રાવાસ આદિમાં શ્રીમંત દાતાઓ અર્થ-સહયોગ કરી જ્ઞાનદાનનું પુણ્યોપાર્જન કરે છે.

**ધનસાર શ્રેષ્ઠી** : ( પાર્શ્વનાથ ચરિત્ર, પૃ.૧૫૪)

**જંબુદ્વીપ**ના **ભરતક્ષેત્ર**માં મથુરા નામની નગરીમાં **ધનસાર** શ્રેષ્ઠી રહેતો હતો. તેની પાસે ૬૬ ક્રોડ સોનામહોરો હતી. તેણે બાવીસ ક્રોડ જમીનમાં, બાવીસ ક્રોડ પરદેશ વ્યાપારમાં અને બાવીસ ક્રોડ વ્યવહારમાં રોકેલાં હતાં. કરોડપતિ હોવા છતાં સદા અતૃપ્ત રહેવાથી જીવનમાં શાંતિ ન હતી. ભિક્ષુકોને ઘરનાં સભ્યો ભિક્ષા આપે અને શેઠ જોઈ જાય તો તેમને મૂર્છા આવતી. કોઇને આપવાની વાત તો દૂર રહી, સારું અને પૌષ્ટિક ભોજન કે ઘી આદિનો ઉપયોગ કરતો નહીં. જાણે **મમ્મણ**નો અવતાર! દાન આપતાં પડોશીને પણ તે જોઈ

શકતો નહીં. કોઈ દેવાદિ કાર્યો માટે પ્રેરણા કરે તો મૌન બની બેસી રહેતો. ઘરનાં સભ્યો પણ ધનસાર શેઠ બહાર જાય પછી જ ભોજન કરતાં. દાન શબ્દમાંથી 'દા' અક્ષર છોડી તેણે 'ન' અક્ષર પકડી રાખ્યો હતો. તેના કૃપણપણાથી લોકોએ તેનું નામ **'મહાકૃપણ શેઠ'** પાડયું. કોઈ વાર તે તુચ્છ (હલકું) તેલ, તુવેર અને વાલથી ભોજન કરતો. કોઈવાર ગરમ તો કોઈવાર વાસી ભોજન કરતો.

એકવાર જમીનમાં દાટેલું ધન કાઢી એકાંતમાં બેસી જુએ છે તો ત્યાં અંગારા દીઠાં. એણે બીજી જગ્યાએ દાટેલું ધન ખોદીને જોયું તો ત્યાં મંકોડા, સર્પ, વીંછી વગેરેને જોઈ આઘાતથી છાતી કૂટી તે જમીન પર પડયો. તે દુ:ખી થતો વિલાપ કરવા લાગ્યો. તેવામાં સમુદ્રમાર્ગે ગયેલાં વિમાનો ભાંગી પડવાના માઠાં સમાચાર મળ્યાં, તેમજ પગ રસ્તે ગયેલાં ગાડાઓ ચોર, લૂંટારાઓ દ્વારા લૂંટાવવાનાં વાવડ મળ્યાં. આમ, જળ અને સ્થળ માર્ગમાં રહેલું ધન સર્વથા નષ્ટ થઈ ગયું. બાકી રહેલું ધન તેમાંથી કેટલુંક વણિક પુત્રો (વાણોત્તરો) હજમ કરી ગયાં. ધનસાર શ્રેષ્ઠી વારંવાર પોતાના ધનને યાદ કરી પાગલની જેમ શૂન્ય ચિત્તે ઘરમાં ભમવા લાગ્યાં. ધનસારે વિચાર કર્યું કે, 'લોકો મને મહાકૃપણ કહે છે અને અધૂરામાં પૂરું હવે નિર્ધન અવસ્થામાં જો આ નગરીમાં રહીશ તો હાસ્યાસ્પદ બનીશ. હજી મારે સમુદ્ર માર્ગે વેપાર કરવા જવું જોઈએ, જેનાથી મને લાભ થશે.' આમ, વિચારી માપીને વેચાય, કાપીને વેચાય, ગણીને વેચાય અને તોળીને વેચાય એવા ચારે જાતના દશ લાખ રૂપિયાના કરિયાણા સાથે લઈ નાવમાં બેસી નાવિક સાથે સમુદ્ર માર્ગે પ્રયાણ કર્યું. પાપોદયથી ત્યાં પણ અચાનક આકાશમાં વરસાદ ચડી આવ્યો, પ્રચંડ વાયુ ફૂંકાણો, ભયંકર વીજળી થવા લાગી, સમુદ્રમાં તોફાન આવ્યું, નાવ ઉછળવા લાગી. નાવિકો પોતપોતાના દેવતાને સંભારવા લાગ્યાં. કોઈક 'બચાવો, બચાવો'ની બૂમો પાડવા લાગ્યાં. એવામાં નાવના સો ટુકડા થઈ ગયા. ધનસારને સદ્ભાગ્યે એક પાટીયું હાથ લાગતાં સમુદ્રની તરંગોથી ઘસડાઈ કિનારે આવ્યો. હવે તે લાચાર બની અટવીમાં ફરવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે, 'મારું ધન, પરિવાર ક્યાં હશે ? આકડાના રૂને પવન ગમે તે દિશામાં લઈ જાય છે, તેમ મારું દુર્ભાગ્ય મને અહીંતહીં ભમાડે છે. અહો ! મને ધિક્કાર છે. મેં માત્ર ધન એકઠું કર્યું. ન ભોગવ્યું, ન ધર્મમાં વાપર્યુ!' આ પ્રમાણે ભાવના ભાવતાં આમ તેમ ભટકતો હતો, ત્યાં કેવળજ્ઞાની ભગવંતને જોયાં. તેઓ દેવો દ્વારા રચિત સુવર્ણ કમળ પર બિરાજમાન હતાં.

ધનસાર તેમને વંદન કરી તેમની પાસે બેઠો. કેવળી ભગવંતને પૂછયું, "ભગવન્! હું કૃપણ કેમ થયો ?" કેવળી ભગવંતે કહ્યું, "**ધાતકી ખંડના ભરતક્ષેત્ર**માં કોઈ શ્રીમંત શ્રેષ્ઠીના બે પુત્રો હતાં. પિતાનું મૃત્યુ થતાં મોટો ભાઈ ઘરનો કારભાર સંભાળવા લાગ્યો. તે સરળ, દાનવીર અને ગંભીર હતો. નાનોભાઈ કૃપણ અને લોભી હતો. મોટોભાઈ દાન આપતો ત્યારે નાના ભાઈને તેના પ્રત્યે દ્વેષ થતો. તે દાન આપતાં અટકવાતો. છતાં મોટો ભાઈ અટક્યો નહીં. એટલે નાનો ભાઈ પોતાનો હિસ્સો લઈ જુદો થઈ ગયો. મોટા ભાઈની લક્ષ્મી દાન-પુણ્યથી પોષણ પામી વધતી જ ગઈ. નાનો ભાઈ દરિદ્રી બન્યો. નાના ભાઈએ ઈર્ષાથી રાજા પાસે જઈ મોટા ભાઈ વિરુદ્ધ ચાડીચુગલી કરી. રાજા દ્વારા મોટા ભાઈનું ધન છીનવી લેવામાં આવ્યું. આ સંસારના સ્વાર્થના સંબંધો જોઈ મોટા ભાઈને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેણે પ્રવ્રજ્યા અંગીકાર કરી. તે નિરતિચાર સંયમ વ્રત પાળી **સૌધર્મ** દેવલોકમાં શ્રેષ્ઠ દેવતા થયો. નાનો ભાઈ લોકનિંદા પામી, અજ્ઞાન તપ કરી અસુર થયો. તું અસુર યોનિમાંથી નીકળી અહીં જન્મ્યો છે. મોટો ભાઈ સૌધર્મ દેવલોકમાંથી ચ્યવી **તામ્રલિપ્ત** નગરીમાં શ્રીમંત શેઠનો

પુત્ર થયો. યોગ્ય અવસરે દીક્ષિત થઈ કેવળજ્ઞાન પામી આ ધરતી પર વિચરે છે. તે હું પોતે જ છું. તેં દાનનો દ્વેષ કરી અંતરાય કર્મ બાંધ્યું તેથી તને કૃપણત્વ પ્રાપ્ત થયું છે. તેં ખોટી ચાડી કરી મોટાભાઈની સમૃદ્ધિ લૂંટાવી દીધી હતી, તેના કારણે તારું ધન નષ્ટ થયું છે. હવે દુષ્કૃત્યની ગર્હણા કરી જે ધન પ્રાપ્ત થાય તેની મૂર્છા ત્યજી સુપાત્રમાં આપવાનું શરૂ કર.'' કેવળી ભગવંતના જ્ઞાનદાનથી ધનસારની કૃપણતા ભૂંસાઈ ગઈ.

ધનસારે નિયમ કર્યો કે, 'જે ધન ઉપાર્જન થશે તેમાંથી અડધું ધર્મકાર્યમાં વાપરીશ.' કેવળી ભગવંતને પૂર્વભવમાં કરેલા અપરાધ બદ્દલ વારંવાર ખમાવ્યા. નસીબનું પાંદડું ફર્યું અને ધનસાર શેઠ પુનઃ ૬૬ ક્રોડ સોનામહોરના માલિક બન્યા. સાધર્મિક વાત્સલ્ય, સ્વજનોનો સત્કાર, સાધુઓને અન્ન-વસ્ત્ર તથા સાત ક્ષેત્રમાં પોતાનું ધન વાપરી લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી. અંતે અનશન કરી આયુષ્ય પૂર્ણ કરી સૌધર્મ દેવલોકમાં **અરુણપ્રભ** નામના ચાર પલ્યોપમવાળા દેવ થયાં.

અતિ લોલુપતા અનર્થની પરંપરા સર્જે છે. જે માનવી લક્ષ્મીને પુણ્યમાં ખર્ચે છે, સૌભાગ્ય તેની સેવા કરે છે. તેને સ્વર્ગનો ઉપભોગ વરે છે અને મુક્તિ તેને ઈચ્છે છે.

**પુરંદર ચરિત્ર** : (ઉપદેશ માલા)

**વારાણસી નગરી**માં **વિજયસેન રાજા** અને **કમલાવતી રાણી** રહેતા હતાં. તેમનો **પુરંદર** નામનો કામદેવ જેવો રૂપાળો પુત્ર હતો. તેની અપરમાતા **માલતીરાણી** તેનાં પર અનુરાગી થઈ. કામને આધીન થઈ દાસીને કુમાર પાસે મોકલી. પુરંદરે વિચાર્યું કે, 'અહીં આ નગરમાં રહેતાં અમારાં બન્નેનું અહિત થશે' તેથી પુરંદર દેશાતન કરવા નીકળ્યો.

રસ્તામાં બ્રાહ્મણ મિત્રનો મેળાપ થયો. બન્ને મિત્રો **નંદીપુર નગર**માં આવ્યાં. ત્યાં એક પુરુષ તેમની સામે આવ્યો. કુમારે તેનું સ્વાગત કરી કહ્યું કે, ''આપ કોણ છો ? આપની ઓળખ આપો.'' ત્યારે તે પુરુષ બોલ્યો, ''**સિદ્ધકૂટ પર્વત** પર રહું છું. અનેક સારભૂત સિદ્ધિ પ્રાપ્ત કરનાર **ભૂતાનંદ** નામે વિદ્યાધર છું. મારું આયુષ્ય અલ્પ છે. હું કોઈ યોગ્ય પાત્રની શોધમાં હતો ત્યારે વિદ્યાદેવીએ કહ્યું, 'પુરંદર નામનો રાજપુત્ર વિદ્યા માટે યોગ્ય છે.' તે વિદ્યાદેવીના કહેવાથી, હે સર્વ ગુણના આધાર ! હું વિદ્યાદાન કરવા તારી પાસે આવ્યો છું. તું તેનો સ્વીકાર કર. હે રાજપુત્ર ! વિધિપૂર્વક સાધેલી આ વિદ્યા દરરોજ એક હજાર સોનામહોરો આપે છે. વળી, વિદ્યાના પ્રભાવથી યુદ્ધમાં વિજયી થવાય છે.''

ત્યારે પુરંદરે કહ્યું, ''મારી એવી શું યોગ્યતા છે ? હું તો બાળ અને તુચ્છ મતિવાળો છું. મારામાં જ્ઞાન-વિજ્ઞાન નથી. આપ જેવા મહાપુરુષ મારા જેવા લઘુજનોને આગળ કરો તો કંઈ કાર્ય કરી શકે.'' પુરંદરને વિનયવાળો જાણી વિદ્યાધરે બહુમાનપૂર્વક શુભ મુહૂર્તે પોતાની પાસે રહેલી વિદ્યા આપી ત્યારે પુરંદરે પોતાની પાસે રહેલ વિદ્યા બ્રાહ્મણ મિત્રને પણ આપવા કહ્યું. વિદ્યાધરે વાચાળ, તુચ્છ અને નિંદાખોર મિત્રને વિદ્યા આપવાની ના પાડી, છતાં પુરંદરના અતિ આગ્રહથી વિદ્યાધરે બ્રાહ્મણ મિત્રને પણ વિદ્યા આપી. વિદ્યાની સાધના કરતાં તે સિદ્ધ થઈ.

વિદ્યાથી મળેલી સોનામહોરો દ્વારા પુરંદર દાન અને ભોગ ભોગવવા લાગ્યો. ત્યાં **શ્રીનંદન** નામના મંત્રીપુત્ર સાથે મૈત્રી બંધાણી. તે નગરના રાજા **શ્રીશૂર**ની પુત્રી **બંધુમતી**નું અપહરણ અદશ્ય પુરુષ દ્વારા થયું. પુત્રીના વિરહથી રાજા વારંવાર કલ્પાંત કરી મૂર્છિત થતો. તિલક મંત્રીએ પોતાના પુત્ર શ્રીનંદનને રાજકુમારીને શોધી લાવવાનો ઉપાય પૂછયો.

શ્રીનંદને કહ્યું, "મારો મિત્ર પુરંદર વારાણસી નગરીથી અહીં આવ્યો છે. તેની ચેષ્ટા પરથી તે વિદ્યા સિદ્ધ હોય તેવું જણાય છે. તે બંધુમતીને અવશ્ય શોધી લાવશે." શ્રીનંદને પુરંદરને સર્વ હકીકત કહી, રાજદરબારમાં લાવ્યો. રાજા શ્રીશૂર પુરંદરના પિતાના મિત્ર હતા. તેમણે ઓળખ આપી આપવીતી કહી. પરગાજુ પુરંદરે વિદ્યાનું સ્મરણ કર્યું. વિદ્યા દેવીએ પ્રગટ થઈ કહ્યું, "**વૈતાઢય** પર્વતમાં **ગંધસમૃદ્ધ** નગરનો **મણિકિરીટ** નામનો વિદ્યાધર બંધુમતીને **ધવલકૂટ** પર્વત પર લઈ ગયો છે. તે તેની સાથે જબરદસ્તી વિવાહ કરવા માંગે છે. વિદ્યાના બળે પુરંદરે ત્યાં જઈ વિદ્યાધર સાથે યુદ્ધ કરી તેને પરાજિત કર્યો. તે બંધુમતીને લઈ નંદીપુર આવ્યો.

બંધુમતીએ તેની શૌર્યતા અને દાક્ષિણ્યતાથી પ્રભાવિત થઈ પુરંદર સાથે વિવાહ કર્યા. ત્યારપછી બંધુમતિને લઈ તે પોતાના નગરે આવ્યો. એ અવસરે **શ્રી વિમલબોધ** નામના આચાર્ય ત્યાં પધાર્યા. તેમની ધર્મદેશના શ્રવણ કરી પુરંદર કુમારને રાજ્ય સોંપી વિજયસેન રાજા અને કમળાવતી રાણી દિક્ષિત થયા. હવે પુરંદર રાજા બન્યો. તેણે શાસન પ્રભાવનાના અનેક કાર્યો કર્યાં.

એકવાર રાજા રાણી ગોખમાં બેઠા હતા. ત્યાં રાજમાર્ગ પરથી જતા એક કોઢિયાને જોયો. નગરના બાળકો તેની ઉપર ધૂળ ઉડાડતાં હતાં. માખીઓ બણબણતી હતી. પુરંદરે પોતાના બ્રાહ્મણ મિત્રને ઓળખી લીધો. મિત્રની આવી અવદશા જોઈ પુરંદરને આશ્ચર્ય થયું. તેણે વિદ્યાદેવીને પૂછયું, "આવી દશા કેમ થઈ હશે ?" વિદ્યાદેવીએ કહ્યું, "તારાં વિનયથી પ્રભાવિત થઈ મેં તેને માર્યો નહીં બાકી એણે વિદ્યાનો ઉપહાસ - અવહેલના કરી છે." પુરંદરે કહ્યું, "તેને માફ કરી સાજો કરો." પુરંદરના આગ્રહથી દેવીએ બ્રાહ્મણને સાજો કર્યો. દેવી અદશ્ય થઈ ગઈ.

વિજયસેન મુનિ મોક્ષે પહોંચ્યા. પુરંદર રાજાએ પોતાના પુત્ર **શ્રીગુપ્ત**ને રાજા બનાવી શ્રી વિમલબોધ કેવળી પાસે દીક્ષા લીધી. તેઓ **કુરૂ** દેશના **અસ્થિક** ગામની બહાર આતાપના લેતા ધ્યાનમાં સ્થિર બન્યા ત્યારે પલ્લીપતિ **વજભુજે** તેમને જોયા. તેણે દ્વેષ ભાવથી મુનિની ચારે બાજુ આગ સળગાવી. પુરંદર મુનિ **ગજસુકુમાર** મુનિની જેમ શુભધ્યાનની શ્રેણિએ ચડયા. કર્મને બાળી કેવળી બન્યા. દેવોએ કેવળ મહોત્સવ ઉજવ્યો. બંધુમતી સાધ્વી બની પરમાનંદ પદને પામ્યા. વજભુજ મૃત્યુ પામી સાતમી નરકે ગયો.

જ્ઞાન દાન આપનાર પુરંદર મુનિ પ્રત્યે દ્વેષ રાખી તેમનું અનિષ્ટ કરનારા વજભુજે સ્વયંનું અનિષ્ટ કર્યું.

**પેથડ શાહ** : (ઉપદેશ તરંગિણી)

**શ્રી ધર્મઘોષસૂરિ**ના ઉપદેશથી **માંડવગઢ**નાં મંત્રીશ્વર **પેથડશાહે** ધર્માભિમુખ થઈ ગુરુગમથી અગિયાર અંગ સૂત્ર સાંભળ્યાં. તેમાં શ્રી ભગવતીસૂત્રમાં જ્યાં જ્યાં **'ગોયમ'** શબ્દ આવતો હતો. ત્યાં પેથડશાહે એક એક સોનામહોરો મૂકી સૂત્રની ભક્તિ કરી. પેથડશાહે કુલ છત્રીસ હજાર સુવર્ણ મુદ્રાઓ દ્વારા જ્ઞાનનું પૂજન કર્યું. તેમણે આગમ ગ્રંથો લખાવ્યાં. **ભરૂચ** આદિ ગ્રંથાલયોમાં આ ગ્રંથો રખાવ્યાં. આ ઉપરાંત સાત કરોડની સંપત્તિનો સદ્વ્યય કરી કુલ ત્રણ વિરાટ જ્ઞાન ભંડારો રચાવ્યાં.

આ પેથડશાહ કાંકરેજની સમીપમાં કોઈ ગામના વતની હતા. તેઓ ઓશવાળ જ્ઞાતિના હતા. તેઓ **દેદા શાહ**ના સુપુત્ર હતા. તેમની પત્નીનું નામ **પદ્મિ**ની હતું અને પુત્રનું નામ **ડંડાણ** (ઝાંઝણ) હતું. પેથડ શાહ પૂર્વે અતિશય ગરીબ હતા.

એકવાર **ધર્મઘોષ સૂરિ** નામના આચાર્ય ત્યાં પધાર્યા. તેમને વંદન કરી પેથડ શાહે દેશના સાંભળી.

ત્યાર પછી 'પરિગ્રહ પરિમાણ વ્રત' સ્વીકાર્યું. પાંચ લાખ રૂપિયાનો નિયમ કરી તેથી વધુ ધન મળે તો ધર્મકાર્યમાં વાપરવાનો નિશ્ચય કર્યો. આ નિયમ કર્યા પછી ધીમે ધીમે તેમની તાસીર બદલાઈ ગઈ. દરિદ્રતા ગાયબ થઈ ગઈ. પેથડ શાહની ચતુરાઈથી રાજા આકર્ષાયા. રાજ્યમાં તેમને નોકરી મળી ગઈ.

હવે પેથડ શાહ માંડવગઢનાં માનીતા મંત્રી બન્યા. થોડા સમયમાં તેમની પાસે પાંચ લાખ મુદ્રાની સંપત્તિ થઈ ગઈ. પછી તો અચિંત્ય લાભ થવા લાગ્યો. પેથડ શાહે છૂટ્ટે હાથે સંપત્તિનો વ્યય કર્યો. આ સંપત્તિમાંથી ચોવીસ તીર્થંકરોના ચોર્યાસી જિનાલયો બનાવ્યાં. પોતાના ધર્મગુરુ જ્યારે વતનમાં પધાર્યા ત્યારે તેમની વધામણી આપનારને સોનાની જીભ ભેટમાં આપતાં. તેમણે ગુરુના સામૈયામાં બહોંતેર હજાર દ્રવ્યનો વ્યય કર્યો. સાધર્મિકની ભક્તિ કરવા તેઓ સ્વામીવાત્સલ્ય કરતા, ત્યારે આવેલા શ્રાવકોને સુવર્ણના પેચવાળી એવી ચોર્યાસી હજાર પહેરામણીઓ આપતા. અનેકવાર વસ્ત્રો આપતા.

તેમણે બત્રીસ વર્ષની ભરયુવાનીમાં બ્રહ્મચર્ય વ્રત ગ્રહણ કર્યું. **શ્રી શત્રુંજયથી ગિરનાર** સુધી સોનેરી - રૂપેરી ધ્વજા ચડાવી. બાવન ઘડી સોનું દેવદ્રવ્યમાં આપી ઈન્દ્રમાળા પહેરી. શત્રુંજય પર **શ્રી ઋષભદેવ ભગવાન**ના દહેરાને એકવીસ ઘડી સોનની મઢી સુવર્ણમય કર્યું. આમ, તેમણે ઘણું દ્રવ્ય ધર્મ માર્ગે વાપર્યું.

ઘોર મિથ્યાત્વીઓની નગરી **દેવગિરિ**માં જૈન ધર્મના દ્વેષી રાજા અને મંત્રી **હેમળ**ને વશ કરવા હેમળ મંત્રીના નામની **ઓંકારપુરી**માં સ્વયંના ખર્ચે (પ્રતિદિન એક હજાર સોનૈયા, કુલ વાર્ષિક સવા કરોડ ખર્ચ) ભોજનશાળા ખોલાવી. હેમળને સઘળી વાતની બાતમી મળી. એણે પ્રસન્ન થઈ પેથડ શાહને દેવગિરિમાં મનગમતી જગા અપાવી અઢળક દાન બ્રાહ્મણોને અપાવ્યું. એમના મિથ્યાત્વના ધરખમ પાયા હલબલાવી નાંખ્યા.

જેવા હતા પેથડ, તેવા જ હતા તેમનાં ધર્મપત્ની. ઉપાશ્રયે જતાં રસ્તામાં રોજ સવાશેર સોનું દાન કરી દીન દુઃખીઓને મદદ કરતાં. તેમના દર્શનથી લોકોની ચિંતા ટળતી. યાચકો ધન મેળવી જૈન ધર્મની ભારોભાર પ્રશંસા કરતા.

મંત્રીશ્વર પેથડને રાજ્ય તરફથી પગાર પેટે દર વર્ષે એકસો સુડતાલીસ મણ સુવર્ણ મળતું. પોતાની પાસે પણ સુવર્ણસિદ્ધિ હતી. એ સઘળી સંપત્તિનો સદ્‌વ્યય કરવામાં જ એ જીવનનું સાફલ્ય માનતા. એમના હૃદયમાં અગણિત જીવો પ્રત્યે દયાભાવ હતો. ધર્મવિહોણા જીવોને વીતરાગના સેવક બનાવવા તેમણે લક્ષ્મી છૂટા હાથે વાપરી.

પેથડશાના પિતાશ્રી દેદાશા પણ ખૂબ દાનવીર હતાં. રાજાએ તેમને ખોટી રીતે બંદી ખાનામાં નાંખ્યાં હતાં. બંદીખાનામાંથી મુક્ત થયા. એક વખત દેવગિરિ નગરીમાં આવ્યા. તેઓ આચાર્ય દેવના વંદન કરવા ગયા. ત્યાં વંદન કરી દેશના સાંભળવા બેઠાં. તે વખતે સંઘનું મહાજન એકઠું થઈ પૌષધશાળા બાંધવાની ચર્ચા કરી રહ્યું હતું. બહારગામથી આવેલા દેદાશા એમાં સામેલ થયા. પૌષધશાળાનો જિર્ણોદ્ધાર કરવો - ન કરવો, કરવો તો કેવી રીતે કરવો, આવી વિચારણાનું ઘમ્મર વલોણું કલાકો સુધી ચાલ્યું. અધિકારીઓને વિનંતી કરતાં દેદાશાએ કહ્યું, ''આ લાભ મને આપો તો હું પૌષધશાળા બંધાવું.'' સંઘના એક અધિકારીએ કહ્યું, ''એક ધણીની બંધાવેલી પૌષધશાળા હોય તો તે શય્યાતર ન થાય. તેના આહાર - પાણી મુનિઓને ન ખપે. સંઘની પૌષધશાળા હોય તો દરરોજ એક એક ઘરે વારાફરતી શય્યાતર થાય.'' બીજા અધિકારીએ મશ્કરી કરતાં કહ્યું, ''અમારા ગામમાં પૌષધશાળા બંધાવનાર કોઈ ન હોય અને તમે કહો તો વ્યાજબી છે, છતાં

તમે જો સુવર્ણની ઈંટોથી પૌષધશાળા બંધાવી આપો તો અમે વિચાર કરીએ''

દેદાશાએ તરત જ તક ઝડપી લીધી. તેમણે સોનાની પૌષધશાળા બંધાવવાની હામ ભીડી. આ વાત આચાર્યના કાને પડી. આચાર્ય ભગવંતે દેદાશાને કહ્યું, ''દેદાશા, તમારી દાનવીરતાને ખૂબ ખૂબ ધન્યવાદ! પરંતુ સોનાની પૌષધશાળા બંધાવવાથી એક મુશ્કેલી ઉભી થશે. ધનના લોભી ચોર, લૂંટારા કે દુષ્ટજનો સોનાના લોભથી તેનો વિનાશ કરશે.'' દેદાશાએ કહ્યું, ''ગુરુ ભગવંત! તો હું માટીની ઈંટોથી પૌષધશાળા બંધાવી તેને સોનાના પતરાથી મઢાવીશ, પછી તો કોઈ મુશ્કેલી નહીં થાય ને ?'' આચાર્ય ભગવંતે ભાવિ ભાવને જોઈને તેની પણ ના પાડી.

તે સમયે એક સાર્થવાહ કેસરની પચાસ પોઠો લઈને વેચવા આવ્યો. આ પોઠો ક્યાંય ન વેચાણી. તે દેદાશા પાસે આવ્યો. દેદાશાએ બધી જ પોઠો ખરીદી લીધી. અંતે દેદાશાએ સુવર્ણ જેટલું કેસર ચૂનામાં ઘૂંટાવી પૌષધશાળા બંધાવી. તે પૌષધશાળા '**કંકુલોલ શાળા**'ના નામથી જગપ્રસિદ્ધ થઈ.

બપ્પભટ્ટસૂરિના ઉપદેશથી દેદાશાની જેમ જ એક હજાર સ્થંભવાળી પૌષધશાળા **આમ રાજાએ** ગોપગિરિમાં બંધાવી. તેમાં ત્રણ લાખ સોનામહોર ખર્ચી વ્યાખ્યાન મંડપ કરાવ્યો. આ વ્યાખ્યાન મંડપમાં રાત્રે સાધુ ભગવંતો પુસ્તકો વાંચી શકે તે માટે તેજસ્વી ચંદ્રકાંત આદિ રત્નો જડાવ્યાં હતાં.

દાનવીર **દેદાશા**ની ધર્મ પત્ની **વિમલશ્રી**નું નામ જૈન ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું છે. તેના દાનની સુવાસ તેના મૃત્યુ પછી પણ અકબંધ રહી. કહેવાય છે કે, જ્યારે પણ યાચકોને દાન મળતું ત્યારે તેઓ ''**વિમલશ્રી સુપ્રભાતમ્**'' નો અચૂક ઉદ્‌ઘોષ કરતાં.

પેથડના પુત્ર **ઝાંઝણે** અદ્‌ભુત સ્વામીવાત્સલ્ય કર્યું હતું. એકવાર **સારંગ દેવે** કહ્યું હતું કે, ''હે મંત્રીશ્વર! તમારા સંઘમાં અસંખ્ય માણસો છે. તેમાંથી સારાં સારાં પાંચ હજાર માણસોને લઈ તમે અમારે ત્યાં જમવા પધારો.'' ત્યારે ઝાંઝણે કહ્યું, ''મારા સંઘમાં બધાં જ સારાં છે તેથી ફક્ત પાંચ હજારને લઈને હું ન જમી શકું. મારે બધાંને જમાડવાં પડે.'' રાજાએ પરીક્ષા કરવા કહ્યું, ''એ જમાડવાનું કામ તમે કરો.'' ત્યારે દાનવીર ઝાંઝણ મંત્રીએ રાજાને નગરજનો સહિત જમવાનું આમંત્રણ આપ્યું. કર્ણાવતીમાં મોટાં મંડપો બાંધાવ્યાં. એક એક મંડપમાં પાંચ હજાર માણસો બેસી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી. બધાં જમી રહ્યાં પછી પણ ગુજરાતના પાંચ લાખ માણસ જમે એટલું વધેલું અન્ન, પકવાન વગેરે રાજાને દેખાડ્યું. રાજા આ જોઈને આશ્ચર્ય પામ્યા. વધેલું અન્ન તેમાંથી શ્રાવકો પોતાના ઘરે લઈ ગયાં. વિક્રમ સંવત ૧૩૪૦માં તેમણે સંઘ કઢાવ્યો.

પ્રતાપી વડવા દેદાશાનો દાનનો વરસો તેમના પુત્ર પેથડ શાહ અને તેમના પૌત્ર ઝાંઝણમાં ઉતર્યો હતો. જે આજે પણ જૈનોના હૃદયમાં ગુંજી રહ્યો છે.

પેથડશાહનું જીવન જ્ઞાન દાન, સુપાત્ર દાન, અનુકંપા દાન અને ઉચિત દાનની સુવાસથી મહેકતું હતું.

**ભદ્રબાહુ સ્વામી** : (ઋષિમંડલ પ્રકરણ)

**પ્રતિષ્ઠાનપુર**માં **ભદ્રબાહુ** અને **વરાહમિહિર** નામનાં બે ભાઈઓ રહેતાં હતાં. તેમાંથી ભદ્રબાહુએ જૈન દીક્ષા સ્વીકારી. તેઓ ચૌદપૂર્વધર થયાં. ભદ્રબાહુ સ્વામીએ દશ ગ્રંથોની નિર્યુક્તિ રચી. મહાપ્રભાવક '**ઉવસગ્ગહરં સ્તોત્ર**'ની રચના કરી.

સાધુઓનો સંઘ ગુરુ પાસે આવ્યો. ''ગુરુદેવ! અત્યારે વિષમકાળ ચાલે છે. બાર બાર વર્ષનો દુકાળ પડયો છે. સાધુઓ ક્ષુધાથી પીડાતા, ભણતા-ગણતા બંધ થયા છે. સૌ સિદ્ધાંતો વિસરી જશે માટે શ્રુતની રક્ષા માટે કેટલાક સાધુઓને જ્ઞાનદાન આપો.'' ત્યારે ભદ્રબાહુ સ્વામીને મહાપ્રાણ ધ્યાન ચાલતું હતું. શ્રી સંઘની વિનંતીને માન આપી ભદ્રબાહુ સ્વામીએ સ્થૂલિભદ્ર આદિ ૫૦૦ સાધુઓને સૂત્રની રોજની સાત વાચનાઓ આપી જ્ઞાનદાન કર્યું. (એક વાચના ગોચરીએથી આવીને, બીજી મધ્યાહને, ત્રીજી બહારની ભૂમિથી પાછા આવીને, ચોથી સંધ્યા સમયે અને ત્રણ વાચના પ્રતિક્રમણ વખતે.)

**સ્થૂલિભદ્રજી**એ વીરનિર્વાણ સં. ૧૪૬માં દીક્ષા ગ્રહણ કરી. ત્રીસ વર્ષની ભર યુવાન વયે સંયમનાં તપ-જપ શરૂ કર્યા. મહાજ્ઞાની **આચાર્ય શ્રી સંભૂતિવિજયજી** પાસે અભ્યાસ કર્યો. બારમું દૃષ્ટિવાદ સૂત્ર આચાર્યશ્રી ભદ્રબાહુજી પાસે એકલા ભણ્યા. સહપાઠી સાધુઓ થોડું થોડું ભણી ચાલ્યા ગયા. બુદ્ધિવંત સ્થૂલિભદ્રજી ચૌદ પૂર્વમાં દશ પૂર્વ અર્થ સહિત અને ચાર પૂર્વ મૂળથી વિદ્યાગુરુ ભદ્રબાહુજી સ્વામી પાસે ભણ્યા. તેમની પાસેથી શીખેલા પાઠના સમયે શ્રી ભદ્રબાહુજી એ વાચનાઓ આપી હોઈ, વીરનિર્વાણ સં. ૧૬૦ની આસપાસ સર્વે મહત્ત્વપૂર્ણ વાચનાઓ થઈ તેમ ગણી શકાય.

શ્રી ભદ્રબાહુ સ્વામી જેવા જ્ઞાનદાતા સ્થૂલિભદ્રજી જેવા જ્ઞાનપિપાસુ શિષ્યને જ્ઞાનદાન આપી, ઉત્તરદાયિત્વ નિભાવી વિદ્યાપ્રાપ્તિના ઋણમાંથી ઋણમુક્ત (ઉરણિયું) બને છે.

**મદનરેખા :** (શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર)

**સુદર્શનપુર** નગરના **મણિરથ** રાજાના નાનાભાઈ **યુગબાહુ**ની પત્ની **મદનરેખા** અત્યંત સૌંદર્યવાન હતી. એના સૌંદર્ય પાછળ મુગ્ધ બનેલા મણિરથ રાજાએ કીંમતી આભૂષણો, વસ્ત્રો અને સુગંધિત પુષ્પો મોકલીને મદનરેખાને કામક્રીડા માટેનો સંદેશો મોકલાવ્યો, ત્યારે મદનરેખાએ રાજાને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, ''નાનાભાઈની પત્ની વિશે આવો વિચાર કરવો આપને શોભતો નથી.'' રાજા મણિરથનો કામવાસનાનો અગ્નિ વધુને વધુ પ્રદીપ્ત થતો રહ્યો. કામી માનવીની વિષયલાલસા એના વિવેકના દીપકને ઓલાવી નાખે છે. રાજા મણિરથે મદનરેખાને પ્રાપ્ત કરવા માટે પોતાના લઘુબંધુ યુગબાહુની હત્યા કરવાનો નિમ્ન વિચાર કર્યો.

**વસંતપુર** નગરમાં આવેલા કદલીગૃહમાં એક વખત યુગબાહુ નિંદ્રાધીન હતો, ત્યારે એકાએક મણિરથે તલવારથી પ્રાણઘાતક હુમલો કર્યો. વ્યાકુળ મદનરેખાની ચીસો સાંભળીને દોડી આવેલા સુભટોએ રાજાને ઝડપ્યો તો ખરો પરંતુ ક્ષમામૂર્તિ યુગબાહુએ સુભટોને કહ્યું કે મારા મોટાભાઈનો વધ કરશો નહીં. આ તો મારા પૂર્વજન્મનું ફળ છે. આમ મોતના મુખમાંથી ઉગરી ગયેલો મણિરથ રાજા મનોમન આનંદભેર વિચારવા લાગ્યો કે, 'પોતે યુગબાહુની હત્યા કરવામાં કેવો સફળ થયો!' કિંતુ કર્મની ગતિ અનેરી છે. વનમાંથી પસાર થઈ રહેલા મણિરથ રાજાને સર્પદંશ થતાં એનું મૃત્યુ થયું.

યુગબાહુ અંતિમ શ્વાસ લઈ રહ્યા હતા ત્યારે તેમનો પુત્ર **ચંદ્રયથા** ત્યાં આવી પહોંચ્યો. મદનરેખાએ પતિને સર્વ જીવોને ખમાવીને અંતિમ સમયની આરાધનાથી અમૃતવાણી સંભળાવી. આ ધર્મવાણીનું શ્રવણ કરતાં શુભ ધ્યાનમાં લીન બનેલા યુગબાહુ બ્રહ્મદેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. બીજી બાજુ પૃથ્વી પર મદનરેખા અત્યંત વ્યથિત બની ગઈ. પોતે પતિના મૃત્યુનું નિમિત્ત બની તે માટે પોતાની જાત પ્રત્યે ધિક્કારનો ભાવ અનુભવતી એકાંત જંગલમાં ગુપ્તવાસ કરવા લાગી. આ જંગલમાં એને બીજા પુત્રનો જન્મ થયો. એના

હાથ પર યુગબાહુના નામની અંકિત વીંટી પહેરાવીને એ નવજાત શિશુને રત્નકંબલમાં વીંટાળીને વૃક્ષની છાયામાં મૂકીને એ સ્નાન કરવા જળાશય તરફ ગઈ.

જળાશયમાં સ્નાન કરતી મદનરેખાને જળહસ્તિએ સૂંઢથી વીંટાળીને આકાશમાં ઉછાળી. આકાશમાંથી પસાર થતા વિદ્યાધરે એનું રક્ષણ કર્યું. વિદ્યાધર પણ મદનરેખાના રૂપ પર મોહિત બન્યો. કામાસક્ત વિદ્યાધરને એના પિતા મુનિરાજ **મણિચૂડે** સંસારની અસારતા, સૌંદર્યની ક્ષણભંગુરતા અને પરસ્ત્રીગમનના પાપનું જ્ઞાન દાન કરતા વિદ્યાધરના હૃદયની ચોપાસ જામેલા વિષયના વાદળો દૂર થયાં. કાદવમાં કમળ ઊગે તેમ એણે મદનરેખાની ક્ષમાયાચના કરીને એને પોતાની ભગિની બનાવી.

**મિથિલાનગરી**માં આવેલી મદનરેખાને જાણ થઈ કે ભરતખંડના સુદર્શનપુર નગરના રાજા ચંદ્રયથા અને મિથિલાના રાજવી બનેલા **નમિકુમાર** એકબીજા સામે યુદ્ધે ચડયા છે. એ સમયે મદનરેખા દીક્ષા લઈને સુવ્રતા સાધ્વી બની હતી. એણે ગુરુણીની આજ્ઞા લઈને યુદ્ધનો મહાસંહાર રોકવા માટે રણભૂમિ પર પ્રયાણ કર્યું. યુદ્ધનું કારણ એટલું જ હતું કે નમિરાજાનો નાસી છૂટેલો શ્વેત હાથી ચંદ્રયથાએ બળપૂર્વક પકડીને પોતાની પાસે રાખ્યો હતો. યુદ્ધભૂમિ પર મદનરેખાએ ધર્મોપદેશ આપ્યો અને પછી એકાંતમાં બંને રાજવીઓને એમનો પૂર્વવૃત્તાંત કહેતાં બંને સગા ભાઈઓ એકબીજા ભેટી પડયા. સાધ્વી મદનરેખાના જ્ઞાનદાનના પરિણામે યુદ્ધના મહાસંહારને બદલે વિખૂટા પડેલા ભાઈઓના મિલનનો મહોત્સવ રચાઈ ગયો.

**મુંજ - ભોજ** : (શ્રી જૈનકથારત્ન મંજૂષા, પૃ.૪૩૯)

માળવ દેશના રાજા **સિંહભટ** એકવાર નગરચર્યા કરવા નીકળ્યા. ફરતાં ફરતાં તે **મુંજ વન**માં આવ્યા. ત્યાં નવજાત તેજસ્વી શિશુને જોયો. નિ:સંતાન રાજા બાળકને મહેલમાં લાવ્યા. તેનું નામ **મુંજ** પાડયું.

સમય જતાં રાજાને ત્યાં પારણું બંધાયું. આ બાળકનું નામ **સિંહલ** પાડયું. સિંહલ સગો પુત્ર અને મુંજ પાલિત પુત્ર હોવા છતાં રાજાએ તેમની વચ્ચે કદી પક્ષપાત ન કર્યો. બન્ને પુત્રો આંખની કીકી સમાન પ્રિય હતાં.

સમય જતાં રાજ્ય શિક્ષણ અને વૈભવથી ઉછરતો મુંજ પરાક્રમી અને વિદ્યાવ્યાસંગી થયો. સિંહભટ રાજા વૃદ્ધાવસ્થાને આરે પહોંચ્યા. એક દિવસ રાજ્યાધિકારીની નિમણૂક કરતા રાજા સ્વયં મુંજના આવાસે આવ્યા, ત્યારે મુંજ એક સ્ત્રી સાથે ક્રીડા કરતો હતો. પિતાના આગમનની જાણ થતાં તરત જ તેણે સ્ત્રીને નેતરની સંદૂકમાં સંતાડી દીધી.

રાજાએ છેલ્લો સંદેશો કહેતાં કહ્યું, ''મુંજ ! મેં આજ દિવસ સુધી તારાથી એક વાત છુપાવી છે. તું મને વનમાંથી મળ્યો હતો. તારા માતા-પિતા અજ્ઞાત છે. મેં તને પુત્રની જેમ ઉછેર્યો છે. તારું પરાક્રમ અને બુદ્ધિ ચાતુર્ય જોઈ આ રાજ્યની ધુરા તને સોંપું છું. તું ભાઈ સિંહલને સાચવજે. બન્ને ભાઈઓ રામ-લક્ષ્મણની જેમ પ્રેમથી રહેજો.'' સિંહભટ રાજા આ પ્રમાણે કહી રાજમહેલમાં આવ્યા. મુંજને રાજગાદીએ બેસાડી રાજ્યાભિષેક કર્યો. થોડા સમયમાં સિંહભટ રાજા સ્વર્ગવાસી થયા. મુંજ ધારાનગરીનો રાજા બન્યો.

મુંજના મનમાંથી 'પોતે સિંહભટ રાજાનો પુત્ર નથી' એ વાત ખસતી ન હતી. તેને થયું કે, 'રખે ! આ સંદૂકમાં છુપાયેલી સ્ત્રી પોતાની એબ ખુલ્લી પાડે અને લોકોમાં પોતે બેઆબરૂ થાય કારણ કે સ્ત્રીઓનાં પેટમાં કદી વાત રહેતી નથી.' એવું ધારી મુંજે સંદૂકમાં પૂરેલી સ્ત્રીને મારી નાંખી.

મુંજને પિતાની નિખાલસતા વિપરીતરૂપે પરિણમી. હવે તે સિંહલને 'ભાઈ નથી' એમ માની રંજાડવા લાગ્યો. તેણે એક ઉસ્તાદ દ્વારા સિંહલને માલીસ કરવાના બહાના હેઠળ તેના અંગોપાંગ ઉતારી નંખાવ્યાં. તેની આંખો ફોડાવી જેલમાં પૂર્યો.

આ સિંહલનો **ભોજ** નામનો પુત્ર હતો. તે કલાકુશળ અને ખૂબ તેજસ્વી હતો. તેની કુંડલીના ગ્રહો જોઈ જ્યોતિષીએ કહ્યું, ''આ બાળક પંચાવન વર્ષ, સાત માસ અને ત્રણ દિવસે ગૌડ અને દક્ષિણા પથનો રાજા થશે.''

આ વાત મુંજે સાંભળી એટલે તેને ભોજનો ડર લાગ્યો કે, 'રખે, તે મોટો થઈ મારું રાજ્ય હડપ ન કરી જાય !' માટે રાજા મુંજે ભોજને ચંડાળોના હાથમાં સોંપ્યો. બાળકને મારી નાંખવાનો આદેશ આપ્યો. મરતાં પહેલાં બાળકે કહ્યું, ''મારો એક સંદેશો મારા કાકાને પહોંચાડજો.'' તેણે સંદેશમાં લખ્યું કે, 'રાજા યુધિષ્ઠિર જેવા મહારથીઓ આ વસુંધરા છોડી ચાલ્યા ગયા. આ ધરા કોઈની સાથે આવી નથી પણ રાજન્! મને લાગે છે કે તમારાં સુકૃત્યોને સંભારીને પૃથ્વી જરૂર તમારી સાથે આવશે.'

ચંડાલોને વિદ્વાન બાળકની દયા આવી. તેને છોડી મૂક્યો અને તેનો સંદેશો - ખત મુંજને આપ્યો. પત્ર વાંચી મુંજ વિલખો પડયો. તેને થયું કે, 'આવા વિદ્વાન અને મારા પ્રત્યે આત્મિયતા ધરાવતા બાળકને મેં માર્યો તે ઠીક ન કર્યું.' તે પશ્ચાતાપના આંસુ સારવા લાગ્યો. તેણે ચંડાલોને સત્ય હકીકત કહેવાનો આગ્રહ કર્યો ત્યારે તેઓએ કહ્યું, ''રાજન્! તે બાળકનો દયામણો ચહેરો અને તેની બાળવય જોઈ અમારું હૈયું ફફડી ઉઠયું. અમે તેનો વધ ન કરી શક્યા. વળી, મારવાની આજ્ઞા આપનાર કાકાની પણ અંતિમ વેળાએ તેણે પ્રશંસા કરી તેથી અમે થંભી ગયા. અમે તેને જંગલમાં છોડી મૂક્યો.''

મુંજે સૈનિકોને મોકલ્યાં. સૈનિકો ભોજને શોધી રાજ્યમાં લાવ્યા. નિખાલસ અને નિર્દોષ ભોજનો ચહેરો જોઈ મુંજનો રોષ ઉતરી ગયો. તેણે ભોજને યુવરાજ પદે સ્થાપ્યો.

યુવરાજ ભોજના શાસ્ત્રજ્ઞ વચનો (જ્ઞાનદાન)થી મુંજની પ્રકૃતિ અને વલણ બદલાઈ ગયાં !

**યવ રાજર્ષિ** : (ઉપદેશ પ્રાસાદ)

**વિશાલાનગરી**ના **યવ** રાજવીના બે સંતાન હતાં. તેમનો **ગર્દભભિલ્લ** નામનો પુત્ર અને **અણુલ્લિકા** નામની પુત્રી હતી. તેમનો રાજનીતિમાં કુશળ **દીર્ઘપૃષ્ઠ** નામનો મુખ્યમંત્રી હતો.

યવ રાજર્ષિ શાંત, ધીર, ગંભીર અને પરગજુ હતા. તેમનો પુત્ર ગર્દભભિલ્લ અને મુખ્યમંત્રી દીર્ઘપૃષ્ઠ રાજ્યનો કારભાર સંભાળતા હતા. એકદા યવરાજાને વિચાર આવ્યો કે, 'આ સંસારમાં વિવિધતા અને ચિવિત્રતા દેખાય છે. તેનું એક માત્ર કારણ કર્મ છે. જગતના જીવો પુણ્યથી સુખ અને પાપથી દુ:ખ અનુભવે છે. મેં પૂર્વ ભવમાં કોઈ સુકૃત્ય કર્યું હશે તેથી રાજ્ય, સંપત્તિ સારો વિનીત પરિવાર અને તંદુરસ્ત શરીર મળ્યું છે. હું અત્યારે પૂર્વ પુણ્યાઈ ખર્ચી રહ્યો છું પરંતુ નવું પુણ્ય ઉપાર્જન કરતો નથી તો પરભવમાં મારી શું સ્થિતિ થશે ?' આવો વિચાર આવતાં પ્રાત:કાળે પુત્રને બોલાવી રાજ્યાભિષેક કર્યો. ત્યાર પછી સંયમ લેવા તૈયાર થયા. મંત્રીએ રાજાને સમજાવ્યા પરંતુ વૈરાગ્ય પ્રબળ હોવાથી રાજા એકના બે ન થયા.

દીક્ષા લઈ યવ રાજર્ષિ વૃદ્ધ, ગ્લાન મુનિઓની વૈયાવચ્ચ અને તપ કરવા લાગ્યા. તેમનો સ્વાધ્યાયમાં જીવ પરોવાયો નહીં. ગુરુએ શાસ્ત્રાભ્યાસ માટે ઘણી પ્રેરણા કરી પરંતુ યવ રાજર્ષિએ કહ્યું,

''ભગવંત્! હું વૃદ્ધ થયો છું. અભ્યાસ નહીં કરી શકું પરંતુ વૈયાવચ્ચ મારા માટે યોગ્ય છે.'' ગુરુ મૌન રહ્યા.

એકવાર ગુરુએ કહ્યું, ''યવમુનિ! તમે વિશાલા નગરીમાં જાવ. ત્યાં જવાથી તમારો પુત્ર ગર્દભભિલ્લ પ્રતિબોધ પામશે અને પ્રજાજનો પણ રાજવી મુનિને જોઈ ધર્મ તરફ પ્રેરાશે.'' યવ મુનિએ શાસ્ત્રાભ્યાસ કર્યો ન હતો તેથી તેમણે કહ્યું, ''ગુરુદેવ ! મને ઉપદેશ આપતાં ક્યાં આવડે છે ?''

ગુરુના આગ્રહથી યવમુનિએ વિહાર કર્યો પરંતુ હૃદયમાં ચિંતાનો ભાર વધ્યો. મનમાં વસવસો હતો કે, 'મને નથી કોઈ શ્લોક આવડતો કે નથી કોઈ યુક્તિ પ્રયુક્તિવાળી કથા આવડતી. જો રાજા અને પ્રધાન દેશના આપવાનું કહેશે તો શું કહીશ ?'

યવમુનિ આવી આવઢવમાં એક જવના ખેતરની છીંડીએ ચાલ્યા. ત્યાં એક ગર્દભ જવ ખાવાની ઈચ્છાથી આમ તેમ ડાફેરાં મારતો હતો. મુનિએ તેને જોયો. ત્યાં તો ખેતરનો માલિક ડાંગ લઈને આવ્યો અને બોલ્યો -

**''ओहवसि पहावसि ममं चेव निरिक्खसि ।**
**लक्खिओ ते अभिप्पाओ, जवं भक्खेसि गद्दहा ।।''**

હે ગર્દભ ! તું ઉતાવળો આવે છે અને મને જુએ છે પરંતુ તારો ઈરાદો હું જાણી ગયો છું. તારે જવનું ભક્ષણ કરવું છે.

આ સાંભળી ગધેડો ભૂંકતો નાશી ગયો. યવમુનિ વિહાર કરતાં માર્ગમાં તે શ્લોક ગોખતા હતા ત્યાં ગામના પાદરે પહોંચ્યા. ત્યાં કેટલાક છોકરાઓ ગેંડીદડો રમતા હતાં. મુનિ વચ્ચેથી નીકળ્યા. છોકરાઓ મોઈને આમતેમ શોધવા લાગ્યા. મોઈ મળી નહીં તેથી એક છોકરાએ પૂછયું, ''મોઈ ક્યાં ગઈ ?'' ત્યાં બીજાએ કહ્યું -

**अओ गया तओ गया जोइज्जंति न दीसइ ।**
**अम्हे न दिठि तुम्हे न दिठि, अगडं छुढ्ढा अणुल्लिया ।।''**

અહીંથી ગઈ કે ત્યાંથી ગઈ તેની ખબર નથી. શોધવા છતાં તે દેખાતી નથી. અમે જોઈ નથી તેમ તમે પણ જોઈ નથી પરંતુ તે મોઈ ખાડામાં પડી છે.

યવ મુનિએ બીજી ગાથા કંઠસ્થ કરી. તેઓ વિશાલાનગરીના પાસેના પરામાં એક કુંભારશાળામાં રાતવાસો રહ્યાં. કુભારના ઘરમાં માટીનાં વાસણોનો ઊંચો ઢગલો હતો. યવ રાજર્ષિએ સંથારો પાથર્યો. મુનિથી થોડે દૂર કુંભાર પણ સૂઈ ગયો. રાતના ઊંદરો ખખડાટ કરવા લાગ્યાં ત્યારે કુંભારે કહ્યું -

**''सुकुमालय कोमलं मद्दलया तुम्हे त्ति हिंडणसीलया ।**
**अम्ह पसाओ नत्थि ते भयं, दूह पिट्ठाओ तुम्ह भयं ।।''**

સુકોમળ અંગવાળા (ઉંદર) તારો રાત્રિના ચાલવાનો સ્વભાવ છે તો ભલે રહ્યો. તારે અમારો ભય બિલકુલ ન રાખવો. તને ભય તો દીર્ઘપૃષ્ઠ (સર્પ)થી છે. (કેમકે અવાવર સ્થાનમાં તને સર્પ કરડશે.)

યવ રાજર્ષિ જાગતા હતા. તેમણે આ શ્લોક સાંભળી તે પણ કંઠસ્થ કર્યો. યવમુનિને આ ત્રણ શ્લોક કલ્પવૃક્ષ, કામધેનુ અને ચિંતામણિરત્ન સમાન કિંમતી લાગ્યા. હવે તેઓ હતાશા કે નિરાશાના ચક્રવ્યૂહમાંથી બહાર આવ્યા.

વિશાલા નગરીમાં રાજકુમારી અણુલ્લિકાનું અપહરણ થયું. રાજાએ ઠેર ઠેર શોધ કરાવી પરંતુ

રાજકુમારી ક્યાંય ન મળી. રાજા નિરાશ થયો. વાસ્તવમાં રાજકુમારીને દીર્ઘપૃષ્ઠ મંત્રીએ પોતાના ઘરના ભોંયરામાં સંતાડી દીધી હતી. મંત્રીનો ઈરાદો એવો હતો કે, 'ગર્દભભિલ્લ રાજાને મારી પોતાના પુત્રને વિશાલાની ગાદી પર બેસાડી તેની સાથે અણુલ્લિકાના વિવાહ કરવા.' કોઈને મંત્રી પર શક ન ગયો. મંત્રી રાજાનો કાંટો કાઢવાનો મોકો શોધતો હતો.

યવ રાજર્ષિ વિશાલામં પધારે છે એવા શબ્દો મંત્રીના કાને પડયાં. મંત્રી મૂંઝાયો. તેને થયું કે, 'યવ રાજર્ષિ તપસ્વી છે. તેઓ જૈન મુનિ છે. તેમને તપના બળે વિદ્યા સિદ્ધ થઈ હશે તો અણુલ્લિકાની વાતને જ્ઞાનથી જાણી લેશે. આ વાત પ્રગટ થાય તે પહેલાં મુનિનો ઘાટ ઘડવો જોઈએ.'

મંત્રીએ ગર્દભભિલ્લ રાજાને ભડકાવતાં કહ્યું, ''રાજેન્દ્ર! યવ રાજર્ષિ સંયમથી કંટાળી રાજ્ય પાછું લેવા આવે છે.'' રાજાએ ઠંડે કલેજે કહ્યું, ''મંત્રી! આ રાજ્ય એમનું છે. એમણે જ મને આપ્યું હતું. તેઓ જવાબદારી સંભાળશે તો મને ચિંતા નહીં.''

મંત્રીએ કહ્યું, ''રાજન્! રાજ્યની પ્રાપ્તિ દુષ્કર છે. આ રાજ્ય માટે તો કેટલાય પુત્રોએ પિતાની જાનહાનિ કરી છે. હું આપના હિત માટે કહું છું.'' મંત્રીથી ભરમાયેલો ગર્દભભિલ્લ પિતા મુનિનાં પ્રાણ લેવા સમશેર લઈ, વેશ પરિવર્તન કરી કુંભારને ત્યાં આવ્યો. કુંભારનું ઘર નાનું હતું. બારણાં બંધ હતાં. દૂર એક ઝીણો દીવો ટમટમતો હતો. રાજાએ બારણાની તિરાડમાંથી નજર કરી તો તરત જ યવ મુનિએ બેઠા થઈ **'ओहावसि पहावसि'** શ્લોક કહ્યો. આ સાંભળી ગર્દભભિલ્લે વિચાર્યું, 'પિતાજી મહા જ્ઞાની છે.' યવ મુનિ બોલ્યા, ''ગર્દભભિલ્લ! તું ઉતાવળો આવી મને જુવે છે. તેની મને ખબર પડી ગઈ છે. તું યવનો (મારો) નાશ કરવા આવ્યો છે.''

ગર્દભભિલ્લે વિચાર્યું, 'પિતાજી મારો અભિપ્રાય જાણી ગયા છે. તેઓ સાવધાન થયા છે. તેમને હણવામાં સાર નથી. હું જ તેમની પાસે જઈ મારી ભૂલની ક્ષમા માંગું અને અણુલ્લિકા ક્યાં છે તે પૂછું.' એમ વિચાર કરતો હતો ત્યાં મુનિએ બીજો શ્લોક કહ્યો.

ગર્દભભિલ્લે તેનો અર્થ એવો કર્યો કે, 'જ્ઞાની મુનિ કહે છે કે તારી બહેન ભોંયરામાં કોઈએ સંતાડી છે.' ગર્દભભિલ્લે વિચાર્યું, 'કોણે ક્યાં સંતાડી છે એવું મુનિ જો ખુલાસો કરે તો ઉપાય થાય ને?' ત્યાં મુનિએ ત્રીજો શ્લોક ઉચ્ચાર્યો.

ગર્દભભિલ્લ આ શ્લોક સાંભળી ક્રોધથી રાતોપીળો થઈ ગયો. મુનિએ શ્લોકમાં કહ્યું, ''ગર્દભ! મારે તારું રાજ્ય જોઈતું નથી. તું મારો ભય રાખીશ નહીં. તને માત્ર દીર્ઘપૃષ્ઠનો ભય છે. એ જ તારું રાજ્ય લેવા ઈચ્છે છે, તને મારવા તારી આસપાસ ફરે છે.''

ગર્દભભિલ્લે બારણું ઠેલ્યું. કુંભારે દ્વાર ઉઘાડયાં. ગર્દભભિલ્લ મુનિને પગે પડયો. તેણે રડતાં રડતાં પોતાના અપરાધની ક્ષમા માંગી. યવ રાજર્ષિ મૌન રહ્યા.

સવારે દીર્ઘપૃષ્ઠને રાજાએ સભામાં બોલાવ્યો. તેને સૈનિકો દ્વારા પકડાવી કારાવાસમાં પૂર્યો. તેનાં ઘરબાર જપ્ત કર્યાં. ઘરની તપાસ કરતાં ભોંયરામાંથી પોતાની બહેન મળી. યવ રાજર્ષિના જ્ઞાનદાનથી ગર્દભભિલ્લ રાજા પ્રતિબોધ પામ્યા. પ્રજાજનો પણ ધર્મપ્રેમી બન્યા.

ગર્દભભિલ્લ ગુરુ પાસે પાછા આવ્યા. ''ભગવંત્! મેં વગર સમજે ત્રણ શ્લોક કહ્યા તેથી મારો ઘાત થતો અટક્યો અને અનેકનો ઉપકાર થયો.'' ત્યારથી યવ રાજર્ષિનો શ્રુતાભ્યાસ પ્રત્યેનો અણગમો દૂર થયો.

હવે શાસ્ત્રાભ્યાસમાં ચિત્ત પરોવી પોતાનું શ્રેય સાધ્યું.

આમ, યવ રાજર્ષિની જ્ઞાનદાન (ગાથા, શ્લોક)થી ચિત્તશુદ્ધિ થતાં પુત્રની પિતા માટેની ગેર સમજ દૂર થઈ. પુત્રના હાથે પિતૃહત્યાનું પાપ થતાં અટકી ગયું.

**વરદત્તકુમાર** : (જૈન કથાયેં ૩૬, પૃ. ૧૧૭)

**પદ્મપુર**ના રાજા **અજિતસેન** અને મહારાણી **યશોમતી**ને કોઈ સંતાન હતું. અંતે ઘણાં સમય પછી યશોમતી રાણીએ વૃષભ રાશિમાં એક બાળકને જન્મ આપ્યો તેથી પંડિતોએ બાળકનું નામ **વરદત્ત** રાખવા માટે કહ્યું.

વરદત્ત આઠ વર્ષનો થયો ત્યારે વિદ્યાભ્યાસ માટે નિપુણ કલાચાર્ય પાસે મોકલવામાં આવ્યો પરંતુ વરદત્ત એક અક્ષર ન શીખ્યો. કલાચાર્ય ચિંતિત થયાં. 'જે વિદ્યાર્થી વર્ણમાળા શીખી ન શકે તે આગળ જઈને ગ્રંથોનો અધ્યયન કઈ રીતે કરશે ?' આચાર્ય પ્રતિદિન અભ્યાસ કરાવવા મથતાં. રાજકુમાર પણ લગનપૂર્વક અભ્યાસ કરવાની કોશિશ કરતો પરંતુ બુદ્ધિજડતાને કારણે કોરો જ રહેતો. સતત પરિશ્રમ કરવા છતાં એક વર્ષમાં વરદત્ત કંઈ ન શીખ્યો ત્યારે કલાચાર્યે રાજાને કહ્યું, ''સાક્ષાત સરસ્વતી પણ વરદત્તને સાક્ષર કે કલાવિદ્ નહીં બનાવી શકે.'' રાજાએ કહ્યું, ''**વરદત્ત** પદ્મપુરની આશા છે. ભાવિનો શાસક છે. શું કોઈ ઉપાય નથી ?'' કલાચાર્યે કહ્યું, ''પૃથ્વીનાથ ! કોઈ મહાજ્ઞાની પધારે તો આ વાત પર પ્રકાશ પાડી પૂર્વ ભવમાં રાજકુમારે કેવું કર્મ બાંધ્યું છે, કે જેથી બુદ્ધિ જડત્વ પ્રાપ્ત થયું છે. તેઓ જ અવશ્ય કોઈ ઉપાય બતાવી શકે.''

દેવકુમાર જેવો વરદત્ત અનપઢ રહ્યો. રાજકુમાર વરદત્ત યુવાન બન્યો. પૂર્વકર્મ બંધે નવો ખેલ બતાવ્યો. તેનાં શરીરે કોઢ થયો. કંચનવર્ણી કાયા કદરૂપી બની ગઈ. રાજકુમારને નિરોગી બનાવવા માટે ખૂબ ચિકિત્સા થઈ. જેમ જેમ ચિકિત્સા થતી તેમ તેમ કોઢનો રોગ વધુ વકરવા લાગ્યો. રાજાએ કોઈ કસર ન છોડી પરંતુ વરદત્ત સાજો ન થયો. કોઢથી તેનું શરીર સૂકાતું ગયું.

એક વૃદ્ધ વૈદ્યે રાજાને કહ્યું, ''રાજન્! હું અનુભવી વૈદ્ય છું. મારું ઔષધ રોગને ઠીક કરી શકે, પરંતુ કર્મોને નહીં. કર્માનુસાર રોગીનો ભોગ્યકાળ સમાપ્ત થશે ત્યારે રોગ અવશ્ય ઠીક થશે. રાજપુત્રને પૂર્વકર્મના ગાઢ બંધનો ઉદય છે.'' રાજાએ મન વાળી લીધું.

એક દિવસ રાજા રાજસભામાં બેઠાં હતાં ત્યારે ઉદ્યાનપાલકે આવી વધામણી આપી કે, ''ચાર જ્ઞાનના ધણી મહામુનિ **વિનયસેન** તેમના પાંચસો શિષ્યો સાથે પદ્મપુરના **શ્રીવન** ઉદ્યાનમાં પધાર્યા છે. મહારાણી યશોમતી અને પુત્ર વરદત્ત સાથે રાજા મુનિનાં દર્શન કરવા ગયાં. જિનવાણીનું શ્રવણ કરી રાજાએ પૂછ્યું, ''ગુરુદેવ ! રાજકુમાર વરદત્ત કેમ અનપઢ છે ? તેને કોઢનો રોગ કેમ થયો છે ?'' વિનયસેન મુનિએ કહ્યું, ''રાજન્ ! પૂર્વકૃત કર્મોનો ઉદય છે. વરદત્તે પૂર્વે ગહન જ્ઞાનાવરણીય કર્મ બાંધ્યું છે તેથી બુદ્ધિ જડ છે. તેનો પૂર્વ ભવ સાંભળો.

**શ્રીપુર નગર**માં **વસુ** નામનો શ્રેષ્ઠી રહેતો હતો. તેના **વસુસાર** અને **વસુદેવ** નામના બે પુત્રો હતાં. બન્ને ભાઈઓ વિનયી હતાં. એકવાર શ્રીપુર નગરમાં પધાર્યા. વસુસાર અને વસુદેવે તેમની દેશના સાંભળી વૈરાગ્ય પામી માતા-પિતાની અનુજ્ઞા અને આશીર્વાદ મેળવી દીક્ષા અંગીકાર કરી. વસુસાર મુનિ સરળ ઢંગથી સંયમનું પાલન કરતાં હતાં. જ્ઞાનાર્જન, અધ્યયન-મનનથી દૂર રહી શાંત ભાવે તપ-જપ કરતાં હતાં. વસુદેવ

મુનિ મેધાવી હતાં. થોડા વર્ષોમાં અતિ ઉત્સાહપૂર્વક આગમોનો અભ્યાસ પૂર્ણ કર્યો. તેઓ તત્ત્વની એવી મીમાંસા કરતાં કે શ્રોતાઓ સાંભળીને મુગ્ધ બની જતાં. પ્રશ્નકર્તાને સચોટ ઉત્તર આપતાં. વસુદેવ મુનિની અનુપમ જ્ઞાન સાધના જોઈ તેમને આચાર્યની પદવી મળી. મુનિએ પણ આચાર્ય પદનાં ગુરુત્તર ભારનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું. દરરોજ પાંચસો શિષ્યોને ભણાવવા લાગ્યાં. તેમની શિષ્ય સંપદા વધવા લાગી. તેમણે જિનશાસનની ગરિમામાં ચાર ચાંદ લગાવ્યાં. સૂર્યની સામે અંધકાર ન ટકે તેમ અજ્ઞાની અને મિથ્યાત્વીઓ આચાર્યની સામેથી તિરોહિત થઈ જતાં. તેમના જ્ઞાનનો ડંકો ચારે બાજુ ફેલાયો.

એકવાર આચાર્ય વસુદેવ રાત્રિનાં સમયે વિશ્રામ કરી રહ્યાં હતાં ત્યારે કેટલાક શ્રાવકો ત્યાં આવ્યાં. મુનિવરે શ્રાવકોની શંકાનું સમાધાન કર્યું. એમના ગયા પછી વિભિન્ન અનુયોગોની શંકા લઈને શિષ્યગણ આવ્યું. તેમની શંકાનું પણ સમાધાન થયું કે તરત જ કેટલાક મિથ્યાવાદી આવી પહોંચ્યાં. આચાર્યએ તેમની સાથે વાદ-વિવાદ કરી તેમને પરાસ્ત કર્યા. આ સર્વ આટોપતાં રાત્રિ પૂર્ણ થઈ ગઈ.

રાત્રિ જાગરણ થવાથી આચાર્યનું મન ક્ષુબ્ધ બન્યું. તે મનોમન ધૂંધવાયા. તેમને અહંકાર જાગૃત થયો કે, 'હું બહુ જ્ઞાની છું. વિપુલ જ્ઞાનાર્જન કરીને મેં ઉપાધિ વહોરી છે. જો પ્રથમથી જ જ્ઞાનનો વિસ્તાર ન કર્યો હોત તો આજે આવો દિવસ ન આવત. મારા મોટા ભાઈ મુનિરાજ વસુસાર કેટલા સુખી છે. તેઓ નથી કોઈની સાથે શાસ્ત્રાર્થ કે નથી કોઈના પ્રશ્નનો ઉત્તર દેવાની ઝંઝટ કરતાં. કેવું આરામનું જીવન છે! આ જ્ઞાને મારી નિદ્રા હરામ કરી નાંખી છે. આખરે જ્ઞાની અને અજ્ઞાની બન્નેનો અંત એક જ છે, માટે હવેથી હું જ્ઞાનની ખટપટમાં નહીં પડું.'

આવું વિચારી આચાર્ય વસુદેવે સાત પ્રતિજ્ઞાઓ લીધી. '(૧) હવેથી હું મારાં શિષ્યોને કદી નહીં ભણાવું. (૨) કોઈના પ્રશ્નોનો ઉત્તર નહીં આપું. (૩) કોઈની સાથે પ્રતિવાદ નહીં કરું. (૪) જ્ઞાન અને જ્ઞાનીની સ્તુતિ નહીં કરું. (૫) જેટલું મને યાદ છે, તેનું પુનરાવર્તન કે સ્વાધ્યાય નહીં કરું. (૬) ધર્મદેશના નહીં આપું. (૭) જ્ઞાન અને જ્ઞાનીની અનુમોદના નહીં કરું.'' જુઓ મોહ શું કરાવે છે!!

આ પ્રમાણે આચાર્ય વસુદેવ કઠોર જ્ઞાનાવર્ણીય કર્મ પથ પર અગ્રેસર થયાં. હસ્તલિખિત ગ્રંથો ફાડી નાંખ્યાં. તેમણે ભારે પાપકર્મ બાંધ્યું. બાર દિવસનું મૌનવ્રત ધારણ કર્યું, જેથી કોઈ કંઈક પૂછે તો એનો ઉત્તર આપવો ન પડે. મુનિ આલોચના લીધા વિના જ રૌદ્ર ધ્યાનમાં તે ભવનું આયુષ્ય પૂર્ણ કરી બીજા જન્મમાં હંસ પક્ષી થયાં. હંસનો ભવ પૂર્ણ કરી મુનિ વસુદેવનો આત્મા હે રાજન્! તારો પુત્ર વરદત્ત થયો. કર્મ પડછાયાની જેમ કર્તાની પાછળ રહે છે. મનથી જ્ઞાનની વિરાધના કરવાથી તે જ્ઞાનશૂન્ય અને મૂંગો બન્યો છે અને કાયાથી જ્ઞાનની વિરાધના કરવાથી તે કોઢી થયો છે.

રાજન્! હવે દુ:ખ મુક્તિનો ઉપાય બતાવું છું. વરદત્ત શુદ્ધ ભાવ પૂર્વક કાર્તિક શુક્લ પંચમીના દિવસે નિરાહાર રહી સાધના પ્રારંભ કરે. પ્રત્યેક માસની શુક્લ પક્ષીય પંચમીનો ઉપવાસ રાખે. તે દિવસે દેવસી અને રાયસી પ્રતિક્રમણ કરે, પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરે, ભૂમિ શયન કરે, ઉત્તર તથા પૂર્વ દિશા તરફ મુખ કરી **'નમો નાણસ્સ'** મંત્રની એકવીસ માળા ગણે. એકાવન લોગસ્સનો કાઉસગ્ગ કરે. ત્યારપછી ડાબો પગ ઊભો રાખી **'નમોત્થુણં'**ના પાઠથી અરિહંતની સ્તુતિ કરે સાથે ગુરુવંદનના પાઠથી પાંચ પદોને ત્રણ-ત્રણ વાર વંદના કરે.

રાજન્! તે દિવસે વરદત્ત કુમાર જ્ઞાનપંચમીનો વૃત્તાંત ભણે અથવા સાંભળે. જો કોઈ કારણે

જ્ઞાનપંચમીની વિધિ પૂર્ણ ન થાય તો બીજા દિવસે પારણું કરવા પહેલાં વિધિ પૂર્ણ કરે. સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાથી લાભાવિંત થઈ પારણું કરે. આ વિધિ પાંચ વર્ષ, પાંચ મહિના સુધી કરે. એવું કરવાથી અશુભ કર્મની નિર્જરા થશે.

શ્રોતાઓ! જ્ઞાન કામધેનુ અને કલ્પવૃક્ષથી પણ શ્રેષ્ઠ છે. કલ્પવૃક્ષ ભૌતિકસુખોનો દાતા છે જ્યારે જ્ઞાન એ તો મોક્ષ સુખ પ્રદાતા છે, માટે જ્ઞાન પ્રાપ્તિમાં પ્રમાદ ન કરો.''

દેશના સમાપ્ત થતાં જનસમુદાય જ્ઞાનનો મહિમા ગાતાં છૂટો પડયો. વરદત્ત કુમારે કાર્તિક શુક્લ પંચમીથી જ્ઞાનપંચમીની આરાધના શરૂ કરી. પાંચ વર્ષ, પાંચ માસે પૂર્ણ થઈ. વરદત્ત કુમારનું શરીર ઔષધ વિના જ ચમત્કારિક રીતે સ્વસ્થ અને નિરોગી બન્યું. તેના બુદ્ધિના દરવાજા ખુલી ગયાં. વરદત્ત કુમારે મોટી ઉંમરે પુનઃ વિદ્યાભ્યાસ શરૂ કર્યો. અલ્પકાળમાં ૭૨ કળામાં પારંગત થયાં. એક હજાર રાજકન્યાઓ સાથે વિવાહ થયાં. અજિતસેન રાજાએ પદ્મપુરના રાજા તરીકે વરદત્તકુમારને નિયુક્ત કર્યા.

અંતે પોતાના પુત્રને રાજગાદી સોંપી વરદત્ત રાજાએ દીક્ષા લીધી. કાળ કરી મુનિ **વૈજયંત** નામના અનુત્તર વિમાનમાં ગયા. દેવલોકનું આયુષ્ય પૂર્ણ કરી વરદત્તનો જીવ **મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરીકિણી** નગરીમાં **અમરસેન** રાજાની રાણી **ગુણવતી**ની કુક્ષિએ **શૂરસેન** નામે પુત્રરૂપે જન્મ્યો. યુવાનવયે અનેક રાજકન્યાઓને પરણ્યો. તે રાજા બન્યો.

એક દિવસ નગરના ઉદ્યાનમાં **શ્રી સીમંધર સ્વામી** ભગવંત સમોસર્યા. તેમણે દેશનામાં જ્ઞાન પંચમીનો માહાત્મ્ય વર્ણવ્યો અને કહ્યું કે, ''ભવ્ય જીવોએ વરદત્તની જેમ આ વ્રતનું આરાધન કરવું જોઈએ.'' આ સાંભળી શૂરસેન રાજાએ કહ્યું, ''હે ભગવન્! આ વરદત્ત કોણ હતો.'' તેમના મુખેથી ભગવંતે વરદત્તની કથા કહી. પોતાનો પૂર્વભવ જાણી શૂરસેન રાજાએ આ ભવે પણ જ્ઞાનપંચમીની આરાધના કરી. તેણે દશ હજાર વર્ષ સુધી રાજ્યની જવાબદારી સંભાળી પછી સીમંધર સ્વામી પાસે દીક્ષા લીધી. એક હજાર વર્ષ સુધી ઉત્કૃષ્ટપણે ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામી મોક્ષે ગયા.

**શાન્તુ મહેતા** : (જૈન ધર્મમેં દાન, પુષ્કર મુનિ)

**ગુજરાતના** દીવાન **શ્રી શાન્તુ મહેતા** ગુણજ્ઞ પુરુષ હતા. એકવાર તેઓ કોઈ એક ગામડામાં પહોંચ્યા. લોકોને પૂછયું, ''અહીં કોઈ જૈન મુનિ છે?'' લોકોએ ઉપહાસ કરતાં કહ્યું કે, ''અમુક ઉપાશ્રયમાં એક જૈન મુનિ છે. દીવાનજી એકલા જ ઉપાશ્રયમાં પહોંચ્યા. ત્યાં જઈ જોયું તો મુનિ તખ્ત (સિંહાસન, રાજગાદી) પર બેઠાં હતાં. તેમની પડખે એક યુવતી ઉભી હતી. જેના ખભા ઉપર મુનિનો હાથ હતો. શાન્તુ મહેતાને જોઈ મુનિ ચોંકી ગયા. તેમણે ઝડપથી યુવતીના ખભા પરથી પોતાનો હાથ હટાવી દીધો. શાન્તુ મહેતાએ જોયું કે, 'આ જૈન શ્રમણના આચાર વિરુદ્ધ છે. જો તેમને આ સમયે ઉપાલંભ આપીશ તો તેઓ સુધરવાને બદલે ઢીઢસ (સાવ ઢીલા) થઈ જશે.' એવું વિચારી એક પણ શબ્દ ન બોલ્યા.

વિધિવત્ વંદના કરી, સુખ-શાતા પૂછી, મંગલ પાઠ સાંભળી ચાલ્યા ગયા પરંતુ ઉક્ત મુનિજીના હૃદયમાં ઉથલપાથલ મચી ગઈ. તેઓ પશ્ચાતાપના સાગરમાં ડૂબી ગયા. તે જ સમયે સ્વયં આલોચના કરી પ્રાયશ્ચિત લઈ શુદ્ધિ મેળવી. તેમણે તે જ દિવસે વિહાર કર્યો. તે દિવસથી મુનિજી પોતાની સાધુત્વની મર્યાદા અને સાધના પ્રતિ જાગૃત રહેવા લાગ્યા.

એકવાર તેઓ **પાલીતાણા** ગયા. ત્યાં અકસ્માત તેઓ જ્યારે પહાડ પરથી નીચે ઉતરી રહ્યા હતા ત્યારે સામે શાન્તુ મહેતાનો ભેટો થઈ ગયો. મુનિજી તેમને ઓળખી ગયા. શાન્તુ મહેતાએ તેમનું નામ જાણી પૂછયું, ''મહારાજશ્રી ! આપના ગુરુ કોણ છે ?'' મુનિજીએ કહ્યું, ''મારા ગુરુ શાન્તુ મહેતા છે.'' શાન્તુ મહેતાએ કહ્યું, ''મહારાજ ! આપ ત્યાગી છો. ગૃહસ્થ અઅપના ગુરુ કઈ રીતે હોઈ શકે ? આપ આપના દીક્ષાગુરુનું નામ કહો.'' મુનિજીએ કહ્યું, ''મારા દીક્ષાગુરુ **હેમચંદ્રાચાર્ય** છે પરંતુ સાચું જ્ઞાન કરાવનાર તો આપ જ છો. યદ્યપિ આપે તે દિવસે મારી કુત્સિત વૃત્તિ જોઈ એક શબ્દ ન કહ્યો પરંતુ આપના આચરણથી આપે મને પ્રતિબોધિત કર્યો છે કે તું ઈન્દ્રિયોથી પૂજિત, ત્યાગી, વંદનીય નિર્ગ્રંથ શ્રમણસિંહ થઈ આવી કૂતરીથી શા માટે આવી આસક્તિ રાખે છે ? બસ એ જ ક્ષણે આપના મૂક જ્ઞાન દાનથી પ્રેરિત થઈ મેં મારી જીવનચર્યા બદલી નાંખી છે. માટે હું આપને મારા ગુરુ માનું છું.''

**ગોસ્વામી તુલસીદાસજી**ને તેમની પત્ની **રત્નાવલી**એ અદ્‌ભુત જ્ઞાનદાનનું અંજન આંજ્યું. જેથી તેમનો સ્ત્રી પ્રત્યેનો મોહ બિલકુલ શાંત થઈ ગયો. તેઓ તે બોધથી પ્રેરિત થઈ સંત થઈ ગયા. તેમના થકી જગતને **'રામચરિત માનસ'** જેવું અનુપમ ભક્તિ પ્રધાન ગ્રંથ ભેટમાં મળ્યું.

**બિલ્વમંગલ** એક સંત હતા. એક સદ્‌ગૃહસ્થની પત્નીના રૂપમાં મુગ્ધ બન્યા. પાણી ભરીને જતી તે મહિલાની પાછળ પાછળ તેના ઘરે ગયા. ભક્તિ અને શ્રદ્ધાવશ તેનો પતિ સંત પાસે આવ્યો. બિલ્વમંગલે ભક્તને કહ્યું, ''તું મારી સેવા કરવા ઈચ્છતો હોય તો તારી પત્નીને થોડા સમય માટે મારી પાસે મોકલ.'' આ વિચિત્ર માંગણી સાંભળી ગૃહસ્થ ભડક્યો પરંતુ તેને પોતાની સ્ત્રી પ્રત્યે પૂરો વિશ્વાસ હતો. તેથી તેણે પત્નીને સ્વામીજી પાસે મોકલી. સ્ત્રી સમજી ગઈ કે સંત કામવિકારવશ મારા રૂપ પ્રતિ મુગ્ધ બન્યા છે. તેણીએ રેશમી સાડી પહેરી, તેના ઉપર માટી અને છાણનો લેપ કર્યો. બિલ્વ મંગલે તેનું કારણ પૂછયું ત્યારે સ્ત્રીએ કહ્યું, ''મારો આત્મા ગંદો થવા જઈ રહ્યો છે, મારું શરીર ગંદુ થઈ રહ્યું છે, ત્યારે કપડાં ગંદા થવાની ચિંતા કરું ?''

આટલાં જ વેણ બિલ્વમંગલના હૃદયપટ પર અંકિત થઈ ગયાં. તે મનોમન પસ્તાવો કરવા લાગ્યા. તે ઘણી વાર સુધી શૂન્યમનસ્ક બેસી રહ્યા. ત્યારે તે મહિલાએ કહ્યું, ''શું આજ્ઞા છે ? કહો મારા પતિદેવે આપની સેવામાં મને મોકલી છે ?'' બિલ્વમંગલે કહ્યું, ''લોખંડના બે સળીયા ગરમ કરીને લાવો.'' સ્ત્રી સ્વામીજીનો આશય ન સમજી. તે સળીયા ગરમ કરી લાવી. બિલ્વમંગલે તે ગરમાગરમ સળીયા આંખોમાં ભોંક્યા. લોહીની ધારા વહી. આંખો જતી રહી. સ્ત્રીએ કહ્યું, ''મહારાજ ! આ તમે શું કર્યું ? મારા માથે કેમ પાપ ચઢાવ્યું ?'' સંતે કહ્યું, ''બહેન ! આ આંખોએ પાપ કર્યું હતું, તેનો દંડ આપ્યો છે. તમારા દ્વારા જ મને જ્ઞાન મળ્યું છે. તમારો મહાન ઉપકાર છે કે તમે મને જ્ઞાનદાન આપ્યું. આ બિલ્વમંગલ ત્યારથી **'સૂરદાસ'** થયા. જગતમાં ભક્ત કવિ સૂરદાસના નામે જગપ્રસિદ્ધ થયા.

**શીલવતી** : (પ્રાકૃત વિજ્ઞાન કથા, પૃ.૩૪)

કોઈ એક નગરીમાં **લક્ષ્મીદાસ** નામના શ્રીમંત અને વિલાસી શેઠ રહેતા હતા. તે ભોગોમાં ગળાડૂબ હોવાથી સ્વાભાવિક રીતે જ ધર્મથી છેટાં રહેતાં હતાં. બાપ જેવો જ બેટો હતો. યુવાનવયે શેઠે ધર્મદાસ શેઠની નામ પ્રમાણે ગુણ ધરાવતી એવી **શીલવતી** નામની કન્યા સાથે પુત્રના વિવાહ કરાવ્યાં. આ કન્યાએ આઠ વર્ષની વયે જ જિનવાણી સાંભળી સમ્યક્ત્વ સહિત શ્રાવકના વ્રતો ગ્રહણ કર્યાં હતાં. જૈન ધર્મમાં તે નિપુણ

હતી. કર્મ સંયોગે તેને શ્વસુર પક્ષ તદ્દન વિરોધી મળ્યું. પોતાના પરિવારના સભ્યોને ધર્મ વિમુખ જોઈ તેણીનાં હૈયામાં વિષાદ રહેતો. પોતાના લીધેલાં વ્રતોનું સમ્યક્‌પણે પાલન થાય અને ઘરનાં સભ્યો ધર્મમાર્ગે વળે તેની તક શોધી રહી હતી.

શીલવતીએ તેના પિતાને પણ સમ્યક્ બોધ આપી ધર્મનિષ્ઠ કર્યા હતાં. એકવાર તેણે સાસુને પણ તેવો જ ઉપદેશ આપ્યો. ''આ સંસાર અસાર છે, લક્ષ્મી અસાર છે, શરીર નાશવંત છે. એક ધર્મ જ પરલોક જનાર જીવને આધાર છે.'' આવા ઉપદેશથી સાસુ પણ જિનેન્દ્ર ધર્મથી યુક્ત થયાં. હવે તેણી સસરાને પ્રતિબોધવાનો મોકો શોધવા લાગી.

એકવાર તેના ગૃહાંગણે શાંત, દાંત, પાંચ મહાવ્રતધારી યુવાન સાધુ ભિક્ષાર્થે પધાર્યા. તેણીએ ભોજન હોવા છતાં વિચાર્યું, 'આવા કપરા કાળમાં, યુવાવસ્થામાં, મહાવ્રતનું પાલન અતિ દુષ્કર છે.' તેમની પરીક્ષા કરવા સમસ્યાથી પૂછયું, ''હમણાં સમય નથી, કેમ વહેલા નીકળ્યા ?' તેણીના મનોગત ભાવોને જાણી સાધુએ કહ્યું, ''સમય જ્ઞાન (મારું મૃત્યુ ક્યારે થશે એ સમયનું જ્ઞાન મને નથી) વિના નીકળ્યો.'' શીલવતી આવો ઉત્તર સાંભળી ખુશ થઈ.

મુનિએ પૂછયું, ''તમને કેટલા વર્ષ થયા ?'' શીલવતી વીસ વર્ષની હતી છતાં તેણે કહ્યું, ''બાર વર્ષ.'' મુનિએ પૂછયું, ''તમારા પતિને કેટલા વર્ષ થયા ?'' ચતુર શીલવતીએ જવાબ આપ્યો, ''પાંચ વર્ષ'' (પતિને પચ્ચીસ વર્ષ થયા હતા.) એ પ્રમાણે સાસુના છ મહિના કહ્યા અને સસરા વિશે પૂછયું ત્યારે કહ્યું કે, ''તે હજી જન્મ્યા જ નથી.'' આમ પુત્રવધૂ અને સાધુ વચ્ચે ચાલતી વાગ્દત્તા ઓરડામાં બેઠેલા સસરાએ સાંભળી. શીલવતીએ સાધુને ભિક્ષા વહોરાવી. સાધુ ભિક્ષા લઈ ચાલ્યા ગયા. સસરાના હૈયામાં પુત્રવધૂના જવાબો સાંભળી હલચલ મચી ગઈ. તેઓ ક્રોધિત થઈ પેઢીએ જવા નીકળ્યા. ત્યારે તેણીએ કહ્યું, ''સસરાજી જમીને જાવ.'' સસરાએ કટાક્ષમાં કહ્યું, ''હું જન્મ્યો જ નથી તો ભોજન કઈ રીતે કરું ?'' સસરો ધૂંવાપૂંવા થતો પેઢીએ આવ્યો. પુત્રની પાસે ચાડી ખાતાં કહ્યું, ''તારી પત્ની દુરાચારી, જૂઠ્ઠી અને અસત્ય વચન બોલનારી છે. તેને ઘરમાંથી કાઢી મૂક.'' પતિ ઘરે આવ્યો. તેણે પૂછયું, ''તેં શા માટે માતા-પિતાનું અપમાન કર્યું ? મુનિને કેમ ખોટા જવાબ આપ્યા ?'' શીલવતીએ સસરાને સાધુ પાસે ઉપાશ્રયમાં મોકલ્યા. ઉપાશ્રયમાં આવી સસરાએ વંદન કર્યા વિના જ અહંકાર સહિત પૂછયું, ''હે મુનિ ! આજે તમે મારા ઘરે ભિક્ષા માટે આવ્યા હતા ? મારા ઘરે મારી પુત્રવધૂ સાથે વાતચીત કરી હતી ?'' સાધુએ કહ્યું, ''હા ! તેણી જિનધર્મમાં હોંશિયાર હતી. તે મારી પરીક્ષા કરી રહી હતી. તેણીએ મને પૂછયું કે સમય વિના કેમ વહેલા નીકળ્યા છો ? મેં કહ્યું મને મરણ સમયનું જ્ઞાન નથી, તેથી યુવાનવયમાં જ ઘર છોડી નીકળ્યો છું. મેં પણ સસરા-સાસુ-પતિ વગેરેના વર્ષો પૂછયાં. તેણીએ યોગ્ય ઉત્તર આપ્યાં.'' સસરાએ કહ્યું, ''પરંતુ તેણીએ સસરો ઉત્પન્ન થયો નથી એવું શા માટે કહ્યું ?'' સાધુએ કહ્યું, ''તે વિદુષી સ્ત્રીને જ પૂછજો. તેનો બરાબર ઉત્તર આપશે.'' સસરાએ ઘરે આવી પુત્રવધૂને એ જ પ્રશ્ન પૂછયો. શીલવતીએ કહ્યું, ''ધર્મ વિના માનવભવ મળવા છતાં, ન મળવા બરાબર છે. સુકૃત્ય વડે જન્મારો સફળ ન કર્યો તો મનુષ્યભવ નિષ્ફળ જ છે. તમારામાં ધર્મના બીજાંકુર ફૂટયાં નથી તેથી મેં કહ્યું કે, મારા સસરાની ઉત્પત્તિ જ થઈ નથી.'' માર્મિક સત્ય જાણી મહિપાલ સસરા ખુશ થઈ ધર્માભિમુખ થયા.

હવે શીલવતીએ સસરા સમક્ષ સાસુ-પતિ ઈત્યાદિના વર્ષોનો ખુલાસો કર્યો. સાસુને જૈન ધર્મ અંગીકાર કર્યે છ મહિના જ થયાં હતાં. શેઠાણી છ મહિના અગાઉ કોઈને ત્યાં મરણ પ્રસંગે ગયાં હતાં ત્યારે ત્યાં

સ્ત્રીઓના ગુણ-દોષની ચર્ચા ચાલતી હતી. તે સમયે એક વૃદ્ધ, અનુભવી ડોશીએ કહ્યું, ''સ્ત્રીઓમાં આની પુત્રવધૂ (શીલવતી) શ્રેષ્ઠ છે. યુવાવસ્થામાં પણ સાસુની ભક્તિમાં તત્પર રહે છે. અપ્રમત્તપણે ધર્મારાધના કરે છે, ઘરકામમાં કુશળ છે તેથી તેની સાસુ બડભાગી છે.'' પોતાની પુત્રવધૂના લોકમુખે વખાણ સાંભળી સાસુ ધર્મ પામી હતી તેને છ મહિના થયા હતા. શેઠાણીએ આ વાત કબૂલ કરી.

શીલવતી રાત્રિના સમયે પ્રતિદિન પોતાના પતિને ધર્મોપદેશ આપતી, સંસારની અસારતા અને ભોગવિલાસનું દુઃખદાયી પરિણામ, જીવનની ક્ષણભંગુરતા જણાવતી. જગતમાં એક માત્ર સાર રૂપ ધર્મ જ છે એવું જાણી શીલવતીનો પતિ જૈન ધર્મનો આરાધક બન્યો. તેને પાંચ વર્ષ થયા તેથી શીલવતીએ પતિને ઉદ્દેશીને પાંચ વર્ષ કહ્યા.

વિદુષી શીલવતીના માર્મિક ઉપદેશ (જ્ઞાનદાન)થી કુટુંબીજનો ધાર્મિક વૃત્તિવાળા થયા. દાન એ બરફ જેવું છે. સંજોગો તડકા જેવા છે. બરફ પાણી બનીને વહી ન જાય, એ પૂર્વે દાનમાં સદુપયોગ કરી લેવામાં જ ડહાપણ છે; એવું લક્ષ્મીદાસ શેઠના પરિવારને સમજાઈ ગયું. આખો પરિવાર સદ્ગતિ પામ્યો.

**સિદ્ધસેન દિવાકર - વૃદ્ધવાદી :** (પંચશતી પ્રબંધ)

જૈન જગતના જ્યોતિર્ધર આચાર્ય **શ્રી સિદ્ધસેન દિવાકર**ને પોતાની વિદ્યાનો ભારે ગર્વ હતો. તેમાં પાંડિત્ય ઉપર ઓવારી જઈ **ઉજ્જૈન** નરેશે તેમના સન્માન માટે પાલખી અને પાલખીને ઉપાડનારા કહાર મોકલાવ્યા. સિદ્ધસેનસૂરિએ વિચાર્યું, 'રાજા સહજ ભાવે મોકલે છે તો શું બૂરૂં છે?' તેમણે સાધુ જીવનની મર્યાદાનો વિચાર ન કર્યો. હવે તેઓ વિહાર કરવાને બદલે પાલખીમાં બેસી ફરવા લાગ્યા. તેમના ગુરુ આચાર્ય **શ્રી વૃદ્ધવાદી**ને જાણ થઈ. તેમને શિષ્યની સ્વછંદતા પ્રત્યે દુઃખ થયું. 'વિદ્વાન શિષ્યને કઈ રીતે સમજાવવો?' ગુરુને તેની ચિંતા થવા લાગી.

એક દિવસ પાલખી ઉપાડનારો એક કહાર અનુપસ્થિત હતો. વૃદ્ધવાદી સૂરિ સામાન્ય મજૂરના વેશમાં જઈ કહારોને મળ્યા. પાલખી પોતાને ઉપાડવા દેવાની અનુમતિ માંગી. કહારોએ 'હા' પાડી. પાલખીના ચાર પાયામાંથી આગળના જમણા પાયાની નીચે તેમણે પોતાનો ખભો લગાડયો. થોડું ચાલ્યા એટલે સિદ્ધસેન સૂરિએ વૃદ્ધ કહારને જોઈ વિશ્રામ લેવા માટે કહ્યું - **''स्कन्धस्ते यदि बाधति...!''** જો તમારો ખભો દુઃખતો હોય તો... વૃદ્ધવાદી આચાર્ય તરત બોલ્યા **''स्कन्धो मे नहि बाधते, किंतु बाधति तव बाधते।''** મારો ખભો નથી દુઃખતો પરંતુ તમારો 'બાધતિ' શબ્દ પ્રયોગ અશુદ્ધ હોવાથી મને પીડા આપે છે.

આ સાંભળી સિદ્ધસેનસૂરિ વિચારમાં પડયાં કે, 'આવી ભાષાની અશુદ્ધિ શોધી આપનાર મારા ગુરુદેવ સિવાય બીજું કોણ હોઈ શકે?' તેમણે વાંકા વળી, વૃદ્ધ કહારના મુખ સામે જોયું. તેઓ તરત જ પોતાના ગુરુને ઓળખી ગયા. પાલખી ઊભી રખાવી નીચે ઉતરી ગુરુના ચરણમાં ઢળી પડયા. ''ગુરુદેવ! મને ક્ષમા કરો. મેં આપને ખૂબ જ દુઃખી કર્યા છે.'' ગુરુએ કહ્યું, ''વત્સ! મને કોઈ તકલીફ થઈ નથી પરંતુ બીચારા કહારોને કેટલી પીડા થઈ હશે, જેના ખભા પર બેસી તું રોજ અવરજવર કરતો હતો. અહિંસક સાધુને આ ન છાજે.'' સિદ્ધસેન સૂરિને પ્રતિબોધની જબરી અસર થઈ. તેમણે સદાને માટે પાલખીનો ત્યાગ કર્યો. કહારોને મુક્ત કર્યા. ગુરુદેવ દ્વારા મળેલા જ્ઞાનદાન માટે સિદ્ધસેન સૂરિ સદાને માટે આભારી રહ્યા.

જૈનાગમ અનુસાર કેટલાક સાધુઓ અને ગૃહસ્થોને વૃક્ષથી, ઠૂંઠાથી, વાદળથી, બળદથી, સ્ત્રીથી, વૃદ્ધથી, સ્મશાન યાત્રાથી, રોગીને જોઈ જ્ઞાન અને વૈરાગ્ય પ્રાપ્ત થયો છે. તેઓ સ્વયંબુદ્ધ કે પ્રત્યેક-બુદ્ધ કહેવાય છે. તેવા જીવો ઘણાં ઓછા છે. અધિકાંશ સાધુ-સાધ્વી, ગુરુ, શાસ્ત્ર કે કોઈના ઉપદેશથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે.

**સિંહગિરિ :** (પરિશિષ્ટ પર્વ; ભરતેશ્વર બાહુબલી વૃત્તિ)

**જંબુદ્વીપ**ના **અવંતિ** નામના દેશમાં **તુંબવન** નામનું ગામ હતું. ત્યાં **ધનગિરિ** નામનો ધર્મ પ્રેમી અને શ્રીમંત શ્રેષ્ઠી રહેતો હતો. તે બાળપણથી જ વૈરાગી હતો. યૌવનવયે માતા-પિતાએ તેના વિવાહ માટે કન્યા શોધવા માંડી ત્યારે તેણે સાફ સાફ શબ્દોમાં કહ્યું, ''હું સંસાર રસિક નથી, દીક્ષા લેવાનો છું. પરણેલી કન્યાને છોડી દઉં તો મને દોષ ન દેશો.'' આવું જાણવા છતાં તે જ ગામનાં **ધનપાલ** શેઠની પુત્રી **સુનંદા**એ દઢ નિશ્ચય કર્યો કે, ''ધનગિરિને પરણીને જ રહીશ.'' અંતે સુનંદા ધનગિરિને પરણીને જ જંપી. કર્મના ઉદયથી સંસાર સુખો ભોગવતાં સુનંદાની કુક્ષિમાં **જૃંભક (અષ્ટાપદ પર્વત** પર **ગૌતમ સ્વામી** પાસે પુંડરિક અધ્યયન શ્રવણ કરનાર આત્મા) દેવ અવતર્યો. ધનગિરિએ સુનંદાને કહ્યું, ''હું તારા ભાઈ મુનિ **આર્યસમિત**ના ગુરુ **સિંહગિરિ** પાસે પ્રવ્રજ્યા અંગીકાર કરીશ.'' ધનગિરિએ સંયમ સ્વીકાર્યું. હવે તીવ્ર તપશ્ચર્યા દ્વારા સિદ્ધાંતનું સુધાપાન કરવા લાગ્યા.

સુનંદાએ સૂર્ય જેવા તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. સુનંદાની સખીઓ બાળકને કહેવા લાગી કે, ''જો તારા પિતાએ દીક્ષા ન લીધી હોત તો, ધામધૂમથી જન્મોત્સવ થાત.'' **'દીક્ષા'** શબ્દ સાંભળી બાળકને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. બાળક દીક્ષા લેવા આતુર બન્યો. તેથી તેણે રડવાનું શરૂ કર્યું. કારણકે રડયા વિના માતા મારો ત્યાગ કરશે નહીં. બાળકને છાનો રાખવાના માતાએ ઘણાં પ્રયત્ન કર્યા પરંતુ બાળક કોઈ રીતે શાંત થયો નહીં. છ મહિના સુધી બાળક રડતો જ રહ્યો. અંતે કંટાળીને માતાએ વિચાર્યું, 'જો એના પિતા મુનિ અહીં આવે તો આ બાળક તેમને આપી હું સુખી થાઉં.'

એકદા આચાર્ય સિંહગિરિ પોતાના સમુદાય સાથે નગરમાં આ પધાર્યા. આર્યસમિત સહિત ધનગિરિ સાધુએ ગુરુને કહ્યું, ''હે ભગવન્! આજ્ઞા આપો તો ગોચરીની વેળાએ નગરમાં ભિક્ષા વહોરવા જઈએ.'' સિંહગિરિએ જ્ઞાનાતિશયથી જોઈ કહ્યું, ''આજે તમને મહાલાભ થશે. તમારે સચિત્ત અચિત્તનો વિચાર કરવો નહીં.'' બન્ને સાધુઓ ગુરુની આજ્ઞા લઈ નગરમાં ફરતાં ફરતાં સુનંદાને ત્યાં આવ્યા. દુઃખી સુનંદાએ મુનિને કહ્યું, ''આ પુત્રે મને શૂન્ય હૃદયની કરી નાંખી છે. હું દુઃખી થઈ ગઈ છું. આપનો પુત્ર છે તો આપ લઈ જાઓ. એ મને કાળ જેવો લાગે છે. આપ નિઃસ્પૃહી છો છતાં આપનો જ અંગજાત છે માટે કૃપા કરી લઈ જાઈ માર પર દયા કરો.'' ધનગિરિએ કહ્યું, ''જેમ તમને ગમે કરો પરંતુ પાછળથી પસ્તાવો કરશો નહીં. અમને આપી દીધા પછી એ બાળક પાછો મળશે નહીં.'' સુનંદાએ કહ્યું, ''હું એ બાળકને પાછો માંગીશ નહીં.'' સુનંદાએ બાળકને ઝોળીમાં વહોરાવી દીધો.

બાળકને લઈને ધનગિરિ મુનિ પોતાના ગુરુ પાસે આવ્યાં. બાળકના ભારથી ધનગિરિનો હાથ નમી જતો જોઈ સિંહગિરિએ બાળકનું નામ વજ્ર જેવો હોવાથી **'વજ'** રાખ્યું. સિંહગિરિના ખોળામાં જતાં જ બાળક હસવા લાગ્યો. તેનાં લાલનપાલન માટે શ્રાવિકાઓને સોંપ્યો. સાધ્વીજીઓ અગિયાર અંગનો સ્વાધ્યાય

કરતી ત્યારે મેઘાવી વજ્રકુમાર તેનું શ્રવણ કરી તે તે શીખ્યો. ધર્મના ઉપકરણો તેના રમકડાં બન્યાં. સુનંદા વંદન કરવાના બહાને પોતાના પુત્રને સ્તનપાન કરાવવા આવવા લાગી. તેને ધીરે ધીરે પુત્ર પ્રત્યે માયા બંધાણી.

વજ્ર કુમાર ત્રણ વર્ષનો થયો. ધનગિરિ વગેરે સાધુઓ પુનઃ એ જ નગરીમાં આવ્યા. સુનંદાએ મુનિ પાસેથી વજ્ર કુમારને માંગ્યો. મુનિએ ના પાડી. સુનંદાએ કહ્યું, ''મેં પૂર્ણ વિચાર કર્યા વિના પુત્ર આપી દીધો હતો. મેં ખોટું કર્યું છે પરંતુ પુત્રને પાછો માંગવો એ અયોગ્ય નથી.'' સંઘે કહ્યું, ''સુનંદા ! તેં નિશ્ચય કરીને તારો પુત્ર મુનિને સોંપ્યો હતો. જે વિક્રય કર્યું હોય તે પાછું કઈ રીતે મંગાય ?''

શ્રી સંઘ અને સુનંદાનો વિવાદ રાજા સુધી પહોંચ્યો. રાજાએ કહ્યું, ''બાળક જેની પાસે જવા ઈચ્છે તેને સોંપીશ.'' સુનંદાએ બાળકને લોભાવવા વિવિધ મીઠાઈઓ અને રમકડાં લઈ જવાનું વિચાર્યું. રાજાની આજ્ઞા લઈ બાળકને રમકડાં અને મીઠાઈ બતાવી સુનંદાએ કહ્યું, ''પુત્ર ! અહીં આવ. તું જ મારો પ્રાણાધાર છે. મેં તને નવ માસ ગર્ભમાં સાચવ્યો છે .તે ઋણમાંથી તું મુક્ત થા.'' વજ્રકુમારે વિચાર્યું, 'માતા-પિતા તીર્થ છે, એ સત્ય છે પરંતુ તેઓ આ લોકમાં સુખ આપનાર છે, જ્યારે ગુરુ પરલોકમાં સુખ આપનાર છે. માતાનું વચન અધોગતિ કરાવશે જ્યારે ગુરુનું વચન સંસારને પરિત કરાવશે.' હવે ધનગિરિ મુનિએ બાળકને રજોહરણ બતાવતાં કહ્યું, ''હે વજ્ર ! કર્મરજ દૂર કરનાર આ ધર્મ ધ્વજ સમાન રજોહરણ તું શીઘ્ર ગ્રહણ કર.''

શ્રીસંઘ અને સિંહગિરિ મુનિએ રજોહરણ અને મુખવસ્ત્રિકા વજ્ર કુમાર સમક્ષ મૂકી કહ્યું, ''હે વજ્ર ! દીક્ષા લેવી હોય તો સંયમના ઉપકરણો ગ્રહણ કર, નહીં તો તારી માતાએ મૂકેલી વસ્તુઓ ગ્રહણ કર.'' વજ્રકુમાર ઓઘો લઈ પિતાના ખોળામાં બેસી ગયાં. વજ્રકુમારે આઠ વર્ષની ઉંમરે સિંહગિરિ આચાર્ય પાસે દીક્ષા લીધી. સુનંદાએ પણ સંસારની અસારતા જાણી સંયમ ગ્રહણ કર્યો.

એકદા સિંહગિરિ સાથે વજ્રમુનિએ **અવંતિ** નગરી તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં વરસાદ વરસવા માંડયો. વજ્રમુનિના સત્ત્વની પરીક્ષા કરવા તેમના પૂર્વભવનો મિત્ર **જૂંભક દેવ** સાર્થવાહનું રૂપ લઈ તંબુ બાંધીને રહ્યો. વરસાદ બંધ થવાથી વજ્રમુનિ આહાર લેવા નીકળ્યાં. દેવતાએ સૂક્ષ્મ જળબિંદુ વિકુર્વ્યાં. વજ્રમુનિ એક પર્ણકૂટીમાં ઊભા રહ્યાં. દેવ આહાર વહોરાવવાં લાગ્યો. ત્યારે વજ્રમુનિએ કહ્યું, ''અમને દેવપિંડ ન ખપે.'' વજ્રમુનિનાં સત્ત્વથી પ્રભાવિત થઈ દેવે **વૈક્રિય લબ્ધિ** અને **આકાશગામિની વિદ્યા** ભેટમાં આપી. વજ્રમુનિનાં જ્ઞાનગુણને જાણીને સિંહગિરિ આચાર્યે તેમને બાર અંગના જ્ઞાતા બનાવ્યાં. હવે વજ્રમુનિ શિષ્ય સમુદાયને વાચના આપતાં. એમની વાચના સરળ અને મધુર હતી.

સિંહગિરિ આચાર્યે વજ્રમુનિના ક્ષયોપશમને જાણી તેમને દૃષ્ટિવાદ સૂત્ર સહિત સર્વ શાસ્ત્રોમાં પારંગત બનાવ્યા. ત્યારપછી આચાર્યે બે સાધુઓ સાથે વજ્રમુનિને દશ પૂર્વનો અભ્યાસ કરવા **ઉજ્જયિની**માં બિરાજમાન **ભદ્રગુપ્ત આચાર્ય** પાસે મોકલ્યાં. વજ્રમુનિએ આચાર્યને પ્રદક્ષિણા કરી તેમની પાસેથી દશ પૂર્વનો અભ્યાસ કર્યો. અંતે સિંહગિરિ આચાર્યે વજ્રસ્વામીની યોગ્યતા જોઈ તેમને આચાર્યની પદવી આપી ગચ્છનો ભાર તેમના ખભે મૂક્યો. સિંહગિરિ આચાર્ય અંતિમ સમયે અનશન કરી સ્વર્ગે ગયાં.

રમકડાંથી રમવાની ઉંમરે સિંહગિરિ મુનિએ આપેલાં જ્ઞાનદાનના વિનિયોગથી સુજ્ઞ વજ્રકુમારનો આત્મા વિદ્વાન બન્યો.

**હરિવેગ વિદ્યાધર :** (જૈન કથા રત્નકોષ, ભા.૭, સર્ગ.૭)

**પૃથ્વીચંદ્ર** અગિયારમે ભવે **સુરસેન** નામનો રાજા થયો અને તેનો મિત્ર **ગુણસાગર** તેની પત્ની **મુક્તાવલી** થઈ. આ મુક્તાવલીનો જીવ સમય જતાં **હરિવેગ વિદ્યાધર** થયો.

**વૈતાઢય પર્વત** ઉપર **સાર્વભૌમપુર** નામે નગર હતું. વિદ્યાધર કુળમાં **તરવેગ** નામે રાજા હતો. તેની **કમલમાલા** નામની રાણી હતી. તેણીએ એકવાર સ્વપ્નમાં સિંહનો શિશુ જોયો તેથી પુત્રનું નામ હરિવેગ પાડયું. **સુરપતિ રાજા**ના પુત્ર **પદ્મોત્તર કુમાર**ને હરિવેગે રાજગાદી ઉપર બેસાડયો. પદ્મોત્તર રાજા બન્યો. બન્ને વચ્ચે ગાઢ મિત્રતા હતી. પદ્મોત્તરે હરિવેગને કહ્યું, ''તેં દુર્લભ એવા જૈન ધર્મનો બોધ પમાડી મને મોક્ષનું રાજ્ય દેખાડયું છે ત્યાં આ લૌકિક રાજ્યથી શું ? આપણને રાજ્ય વહન કરવા યોગ્ય પુત્રો થાય કે તરત જ તે રાજ્ય પુત્રોને સોંપી દીક્ષા ગ્રહણ કરીશું.'' મિત્રની વાત સાંભળી હરિવેગ ખુશ થયો. બન્ને મિત્રો અરિહંત પરમાત્માની ભક્તિ કરવા લાગ્યાં.

એકવાર રસ્તામાં જુગારીઓની વચ્ચે એક બંધનગ્રસ્ત જુગારીને જોયો. ત્યારે પદ્મોત્તરે પૂછ્યું, ''આ જુગારીને કેમ મારો છો.'' જુગારીઓએ કહ્યું, ''નવ ક્રોડ દ્રવ્યના સ્વામી **વરૂણ શ્રેષ્ઠી**નો આ પુત્ર છે. તે પિતાની સઘળી મિલકત જુગારમાં હારી ગયો છે.'' લાખ દીનાર આપી તે જુગારીને પદ્મોત્તરે છોડાવ્યો. ત્યારપછી હરિવેગે પદ્મોત્તરને કહ્યું, ''જેમ આ જુગારીને જુગારનું વ્યસન છે, તેમ આપણા માટે વિષયો પણ વ્યસન સમાન છે. આપણે સંસારની અસારતા જાણીએ છીએ છતાં ભોગો પ્રત્યે પ્રીતિ કરી બેઠાં છીએ. આપણે નરકમાં જઈ દુ:ખી થશું''

એમ વિચારી બન્ને પાપભીરુ મિત્રોએ સંયમની અભિલાષા કરી. તેવા અરસામાં **ગુણરત્નાકર સૂરિ**નાં શિષ્ય **રત્નાકર સૂરિ** પધાર્યા. બન્ને મિત્રોએ તેમની દેશના સાંભળી સંસારનું સ્વરૂપ જાણ્યું. બન્ને મિત્રો વૈરાગ્યવાસિત બની પુત્રોને રાજ્ય સોંપી દીક્ષિત થવા ઉદ્યત થયાં. દીક્ષા પૂર્વે તેમણે ચતુર્વિધ સંઘની યથાયોગ્ય ભક્તિ કરી, જ્ઞાન ભંડાર કરાવી જ્ઞાન વૃદ્ધિદાયક ગ્રંથો લખાવ્યાં, પૌષધ શાળામાં દાન આપ્યું. દીન-દુ:ખીઓને અનુકંપા દાન આપ્યું. ત્યારપછી બન્ને મિત્રો દીક્ષા લઈ, તપ કરી, **મધ્યમ ગ્રૈવેયક**માં દેવપણે ઉત્પન્ન થયાં.

**સ્વામી વિવેકાનંદે** એક પત્ર **સ્વામી શ્રદ્ધાનંદ**ને લખ્યો; જેમાં જણાવ્યું કે, ''માત્ર કેટલાક ગરીબોને ચોખા આપી દેવાથી કામ પૂર્ણ થતું નથી. ચિરકાળ આપણે ત્યાં દાન અપાય છે, છતાં સહાયતા માંગવાવાળા ઓછા થતા નથી. આપશ્રી સહાયતાની સાથે શિક્ષા આપો છો કે નહીં ? જ્યાં સુધી કમાઈને સ્વાવલંબી નહીં બને ત્યાં સુધી ભૂખમરો ખતમ નહીં થાય. તે સિવાય ઠગ, ધુતારાઓ પણ ઓછા નહીં થાય.''

આમ અન્ન દાનથી એક દિવસની ભૂખ દૂર થાય પરંતુ વિદ્યા દાનથી જિંદગીભરનું દુ:ખ ટળે છે.

ચૌદસો ચુમ્માલીશ ગ્રંથના સર્જક સૂરિપુરંદર **શ્રીમાન હરિભદ્રસૂરિજી**એ અષ્ટપ્રકરણ ગ્રંથના અંતે સુંદર ભાવના વ્યક્ત કરતો શ્લોક રચ્યો છે -

**''अष्टकाख्य प्रकरणं, कृत्वा यत्पुण्यमर्जितम्।**
**विरहात्तेन पापस्य, भवन्तु सुखिनो जन्घः।।''**

**અર્થ :** આ અષ્ટપ્રકરણ ગ્રંથ રચીને મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું હોય, એનાથી જગતના જીવો પાપમુક્ત-દુ:ખમુક્ત થઈ સુખી સુખી થાઓ.

અહીં એમના કથનનો આશય એવો ઘટાવી શકાય કે, ગ્રંથ સર્જન (જ્ઞાનદાન)નાં શુભ પુણ્યકર્મથી તેઓ એવી શક્તિ વરે કે એનાથી તેઓ જીવોને પાપમુક્ત-દુઃખમુક્ત કરી સુખી બનાવી શકે. કેવી ઉચ્ચતમ ભાવના !

# પ્રકરણ ૬
# કીર્તિ દાનની કથાઓ

**આમ્ર રાજા :** (ઉચિત દાન - પ્રબંધ પંચશતી, ક. ૨૭૩)

**"यस्तनोति वरपौषधशालां, सर्वसिद्धिललनावरमालाम्।**
**सर्वदैव लभते सुविशालां, बोधिबीजकमलां विमलां सः॥"**

**અર્થ :** જે મનુષ્ય સર્વસિદ્ધિરૂપી સ્ત્રીની વરમાળા રૂપ પૌષધશાળાને કરાવે છે, તે હંમેશાં સુવિશાળ નિર્મળ બોધિબીજ રૂપ કમલાને પ્રાપ્ત કરે છે.

ગોપગિરિમાં **બપ્પભટ્ટસૂરિ** મહારાજથી પ્રતિબોધિત **આમ્ર** રાજાએ હજાર થાંભલાવાળી સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સુખે પ્રવેશ અને ગમન થઈ શકે એવા શ્રેષ્ઠ ત્રણ દરવાજાથી સુશોભિત, દૂર દૂર પટ્ટશાળામાં બેઠેલા સાધુઓને પડિલેહણ, સ્વાધ્યાય, આદિ સાત માંડલીને જણાવનાર મધ્ય થાંભલે બાંધેલ મહાઘંટાનો ટંકરાવ કરનારથી યુક્ત પૌષધશાળા કરાવી.

તેનો વ્યાખ્યાન મંડપ ત્રણ લાખ સોનામહોરના ખર્ચથી કરાવ્યો. તે મંડપ જ્યોતિરૂપ મણિની શિલાઓથી છવાયેલો હતો. તેજસ્વી ચંદ્રકાંતમણિથી જેનું ભોંયતળીયું બનેલું હતું. જેથી સૂર્યની જેમ રાત્રે પણ અંધકારનો સર્વથા નાશ થતો. રાત્રિના સમયે પણ શ્રમણો છ કાયની વિરાધના વિના પુસ્તક પઠન કરી શકતાં. વળી, સૂક્ષ્મબાદર જીવની દયા પણ પડતી. આવી ભવ્ય પૌષધશાળા બંધાવી **આમરાજાએ** પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું હતું.

**ઉદયસિંહ રાજા :** (ઉપદેશ તરંગિણી, પૃ.૫૩)

એક દિવસ **યોગિની** નામના નગરમાંથી **જલાલુદ્દીન** નામનાં મોગલ બાદશાહે મોટું લશ્કર લઈને **ગુજરાત** પર ચઢાઈ કરી. તે વિજય મેળવી પાછો વળ્યો ત્યારે **ગોપગિરિના** રાજા **ઉદયસિંહે** તેના પર હુમલો કર્યો. તેણે બાદશાહને હરાવી તેનો સઘળો અસબાબ લૂંટી લીધો. તેની આવી જ્વલંત વિજયને બિરદાવવા એક ચારણે સુંદર દૂહો લલકાર્યો.

**"सुंदरसरिअसुरहंदतली जलपिधउं वयजेहिं॥**
**उदयनरिंदहिं कड्डीउं तीहं नारीनयणेहिं॥१॥**

આ ગાથા સાંભળીને ઉદયસિંહ રાજા અત્યંત ખુશ થયો. તેમણે પોતે મેળવેલો સર્વ અસબાબ (ગરાસ) ચારણને નજરાણામાં આપ્યો.

**ઉદાયી રાજર્ષિ :** (દાનાદિકુલક સંગ્રહ)

**જીવિત સ્વામી (મહાવીર સ્વામી)**ની ભક્તિ માટે રાજ્યનો ગરાસ આપીને ઉદાયી નામના છેલ્લા રાજર્ષિ દીક્ષિત થયાં અને મોક્ષ ગતિ પામ્યા.

**કુમારપાળ** : (ઉપદેશતરંગિણી, પૃ.૫૦; પ્રબંધ પંચશતી, ક.૨૬૬)

**કુમારપાળ રાજા**એ **સપાદલક્ષ**ના **અર્ણાધિપ** પર ચઢાઈ કરી. ત્યારે શત્રુ પક્ષનાં સામંતોએ કુમારપાળની હાંસી ઉડાવતાં કહ્યું, ''આ વણિકની જેમ જૈન ધર્મ પાળનારા છે. એ હિંસાથી ડરી શત્રુઓને શી રીતે જીતશે ?'' આ વાત કુમારપાળ રાજાએ સાંભળી. સામંતોને પોતાનું બળ દેખાડવા તેમણે માર્ગમાં પડેલી સોપારીની આખી ગુણ ભાલાથી ઊંચકી લીધી અને ધોબીના સાત કડાયાં ભાલાથી વીંધી નાખ્યાં. **આમ્રભટ કવિ**એ ઉચિત સમય જોઈ રાજાની પ્રશંસા કરી એટલે કુમારપાળ રાજાએ ખુશ થઈ પ્રત્યેક અક્ષર પ્રમાણે ઘોડાઓ ગણીને આપ્યાં.

**અર્ણ રાજા**એ કેટલુંક ધન આપી કુમારપાળ રાજાના સામંતોને ફોડી નાંખ્યાં. ત્યારે કુમારપાળ રાજા ગમગીન બન્યાં. તેવા સમયે એક ચારણે નીચે પ્રમાણે સુંદર પ્રશસ્તિ ગાતાં કહ્યું -

**''कुमारपाल मम चिंत करेइ, चिंतिउं किंपि न होइ ।**
**जिणें तुज राज समप्पिउं, चिंत करेसिइ सोइ ।।''**

યુદ્ધમાં કુમારપાળ રાજાનો વિજય થયો ત્યારે આમ્રભટ્ટ કવિએ કહ્યું, ''હે કીર્તિરૂપી વેલડીના ક્યારા સમાન અને સૂર્ય જેવા તેજસ્વી કુમારપાળ રાજા તમો સદાય જય પામો ! તમારા શૌર્યથી વનમાં રહેલા શત્રુઓને પણ ભયથી સ્વેદબિંદુ ટપકે છે. (પરેશાની, ચિંતા થાય છે)'' કુમારપાળ રાજાએ ખુશ થઈ આમ્રભટ્ટ કવિને ઘણું કીર્તિદાન આપ્યું.

એકવાર કુમારપાળ રાજા પોતાના ગુરુ **શ્રી હેમચંદ્રાચાર્ય** સાથે **શત્રુંજય** દર્શન કરવા નીકળ્યા ત્યારે રાજાએ ગુરુનો હાથ ઝાલી લીધો. તે જોઈ **કપર્દિક કવિ**એ પ્રશસ્તિમાં શ્લોક રચતાં કહ્યું,

**''श्री चौलुक्य सदक्षिणस्तव करः पूर्व समासूत्रित,**
**प्राणि प्राण विघात पातक सखः शुद्धो जिनेन्द्रार्चनात् ।**
**वामोऽप्येष तथैव पातकसखः शुद्धिं कथं प्राप्नुयात्,**
**न स्पर्शेत करेण चेद्यतिपतेः श्री हेमचंद्र प्रभोः ।।''**

**અર્થ :** ''હે ચૌલુક્ય વંશના રાજા કુમારપાળ ! પૂર્વે કરેલી પ્રાણી હિંસાના પાપથી અપવિત્ર થયેલો તમારો જમણો હાથ જિનેશ્વર દેવની આરાધનાથી શુદ્ધ થયો છે. તમારો ડાબો હાથ, જે અપવિત્ર હતો તેને યતિપતિએ સ્પર્શ કર્યો ન હોત તો ક્યાંથી શુદ્ધ થાત ? માટે શ્રી હેમચંદ્રાચાર્યે તમારો ડાબો હાથ પકડયો છે.''

વિશેષણોથી મઢી દીધેલા શ્લોકમાં કુમારપાળ રાજાએ ખુશામત સાંભળી કપર્દિક કવિને એક લાખ ટંક આપી ખુશ કર્યો.

**કુમારપાળ રાજા** : (પ્રબંધ પંચશતી, ક.૧૦૪)

એક સમયે **પાટણ**માં પરમાર્હત્ **કુમારપાળ** ભૂપાળ રાજ્ય કરે છે ત્યારે એક પરદેશી ભાટચારણ કોપીન પહેરી સંધ્યા સમયે આવ્યો. લાકડી ઘરાણે મૂકી, વેશ્યાના ઘરે રાતવાસો રહ્યો. 'પ્રાતઃકાલે રાજા જ્યારે ઘણું ધન આપશે, ત્યારે લાકડી છોડાવીશ,' એમ વિચારી તે રાજસભામાં ગયો. રાજાએ તેને પૂછયું, ''ક્યાંથી આવ્યા છો ?'' ત્યારે તે ભાટચારણ બોલ્યો, ''હે રાજન્ ! તમને જોવા માટે સ્વર્ગથી આવેલ છું. તમારા વિના ત્યાં સ્વર્ગમાં સુનકાર છવાઈ ગયો છે.

**"अपच्छर नच्च न पिक्खणई, सुरतरु गंध न देइ।**
**भेर न वज्जइं सुरभवणि, तुह सिरि कुमर! सुणेइ ।।"**

**અર્થ :** હે રાજા કુમારપાળ! તમારા વિના સ્વર્ગમાં અપ્સરાઓ નાચતી નથી. કલ્પવૃક્ષ સુગંધ આપતાં નથી અને ભેરી વાગતી નથી કારણ કે તમારી શોભાને જ તેઓ સંભારે છે."

રાજાએ ખુશ થઇ તેને એક હજાર સોનામહોર આપી. પુનઃ ભાટ બોલ્યો.

**"कोडि टंकक लक्खहयसहसतिमत्तगयंद।**
**कुण अप्पइ पट्टणट्ठिउ, विणु सिरि कुमरनरिंद!।।"**

**અર્થ :** પાટણશહેરમાં રહેલા ઉદારમના રાજા કુમારપાળ સિવાય બીજો કોણ એક ક્રોડ ટંક, એક લાખ ઘોડા અને ત્રણ હજાર હાથીઓને નાહક (વ્યર્થ) આપે ?

તે સાંભળી દાનવીર કુમારપાળ રાજાએ પૂર્વે આપેલ ધન કરતાં બમણું ધન તે ભાટચારણને આપ્યું. ભાટ પોતાના સ્થાને ગયો. અનુક્રમે તે લક્ષ્મી ભોગવી. એકદા રાજમાર્ગમાં ઉભેલા તે નિર્ધન ભાટ ચારણને જોઈ રાજાએ પૂછ્યું, તારું ધન ક્યાં ગયું ? ત્યારે તેણે કહ્યું -

**"उर अंतर वाहलया थणपव्वयरोमराइवणगहणं।**
**सुरनरगणगंधव्वा, नग्गविआ मयणचोरेण ।।"**

**અર્થ :** સ્ત્રીના ઉદર રૂપ અટવીને વિષે, સ્તનરૂપી પર્વતની રોમરાજી રૂપ ગહનવનમાં છૂપાયેલા મદન-કામરૂપ ચોરવડે દેવો-મનુષ્યો અને ગાન્ધર્વો નગ્ન-નિર્વસ્ત્ર કરાયા છે.

ત્યારપછી નિર્ધન ભાટચારણને ફરીથી ધન આપી, પોતાની પાસે રાખી જૈન ધર્મી બનાવ્યો.

**કર્ણ રાજા :** (પંચશતી પ્રબોધ)

**પાટણમાં ભીમ** રાજાની **પદ્મિની** નામની રાણી સગર્ભા હોવાથી જ્યોતિષની પાસે જઈ પૂછ્યું, "તેજસ્વી પુત્રને જન્મ આપું તેવી શુભ ક્ષણ બતાવો." ત્યારે પરમોચ્ચ ગ્રહનો સંબંધ બતાવતાં જ્યોતિષીએ કહેલ ક્ષણે તેવા પ્રકારના ઔષધના ગ્રહણથી તેણીએ શિશુને કાનથી જન્મ આપ્યો તેથી '**કર્ણ**' નામ પડયું. બાળકને જન્મ આપીને માતા સુવાવડના રોગથી મૃત્યુ પામી. રાજા પણ યુવાન પુત્રને રાજ્યભાર સોંપી મૃત્યુ પામ્યા.

દાન આપવું એ કર્ણ રાજાની તાસીર હતી. તે સમયે ઉજ્જયિનીમાં **ભોજ** રાજા તેમની સાથે દાનમાં પ્રતિસ્પર્ધી બન્યાં. તે બન્ને રાજવીએ પરસ્પર જણાવી નક્કી કર્યું કે, 'એક દિવસમાં જે સંપૂર્ણ પ્રાસાદ કરાવશે તેની જીત થશે.' ત્યારે કર્ણ રાજા વડે ચાર પહોરમાં આખો પ્રાસાદ તૈયાર થયો. તેમાં ભોજરાજા વડે શિવલિંગની સ્થાપના થઈ. ત્યારથી તે પ્રાસાદનું નામ '**કર્ણમેરૂ**' (મંદિર ઉપર શિખર-લિંગ-કળશ ચડાવ્યું માટે કર્ણમેરૂ) પડયું.

**જાનુદઘ્નં :** (પંચશતી પ્રબોધ)

એકવાર **ભોજ** રાજા રયવાડીમાં ક્રીડા કરવા માટે નદીકાંઠે ગયા. ત્યારે એક બ્રાહ્મણ મસ્તક ઉપર લાકડાનો ભારો વહન કરીને નદી ઉતરતો હતો. તેને જોઈ ભોજ રાજાએ પૂછ્યું, "નદીનાં જળનું ઊંડાણ કેટલું

છે ?'' બ્રાહ્મણે ઉત્તર આપ્યો, ''હે રાજન્! **જાનુદઘ્નં** અર્થાત્ ઢીંચણ પ્રમાણ'' રાજાએ પૂછ્યું, ''તારી આવી પરિસ્થિતિ કેમ થઈ ?'' બ્રાહ્મણે કહ્યું, ''તમારા જેવા (દાનવીર) રાજા સર્વત્ર હોતા નથી'' આવું ચાતુર્ય અને ખુશામતભર્યું વચન સાંભળી રાજા ખુશ થયા ત્યારે બ્રાહ્મણે એક શ્લોક કહ્યો.

**''लक्षं लक्षं पुनर्लक्षं, मताश्च दश दन्तिनः।**
**दत्तं (श्री भोजराजेन) भोजेन तुष्टेन, जानुदघ्नप्रभाषिणे।।''**

**અર્થ :** તુષ્ટમાન થયેલા રાજાએ ઢીંચણ પ્રમાણ જળ કહેનારને, ત્રણ લાખ સોનામહોર અને મદોન્મત્ત દશ હાથીઓ આપ્યાં. આ રીતે ફક્ત 'જાનુદઘ્નં' એ ચાર શબ્દ બોલનારને દાનવીર ભોજરાજા વડે ઘણું દાન અપાયું.

**ધનપાળ પંડિત :** (પ્રબંધ પંચશતી, ક.૩૮૪)

એક વખત ભોજ રાજાએ માર્ગમાં જતાં એક સ્વરૂપવાન સ્ત્રીને જોઈ હાથમાં રહેલ નાગરવેલનું પાનબીડું તેણીની પાસે ફેંક્યું. ત્યારે તેણીએ તે બીડું દૂર ફેંકી દીધું. ત્યારે રાજાને એક સમસ્યા પદ ઉદ્ભવ્યું કે - **'किणि कारणि ए लंखइ लंखइ'** રાજાએ આ સમસ્યાપદ ધનપાળ કવિની સમક્ષ રાજાએ પૂછ્યું તેથી પંડિતે તે સમસ્યાપદ ત્રણ પદ વડે પૂર્ણ કરતાં ઉત્તર આપ્યો કે -

**''सकुलीणी नइ शीलवंती, रायदृष्टि पडी भमंती।**
**अंग नयण प्रिय कारणि राखइं, तिणि कारणिए लंखइं लंखइ।।''**

**અર્થ :** કુલીન અને શીલવતી નારી ઉપર રાજાની ભમતી દષ્ટિ પડી. તે સ્ત્રી પોતાનું અંગ અને આંખ પ્રિયતમ માટે રાખે છે માટે પાનબીડું ફેંકી દે છે. એ સાંભળી રાજાએ ધનપાળ કવિને ત્રણ લાખ રૂપીયા આપ્યા.

**પદ્મ - મહાપદ્મ કુમાર :** ( ધર્મકથાનુયોગ, દ્વિતીયસ્કંધ)

**મગધ નરેશ શ્રેણિકની કાલી** નામની રાણીથી **કાલ** નામનો પુત્ર જન્મ્યો. યૌવનવયે તેના વિવાહ **પદ્માવતી** રાણી સાથે થયાં. એકદિવસ સુખ શય્યા પર નિંદ્રિત પદ્માવતી રાણીએ સ્વપ્નમાં સિંહ જોયો. નિમિત્તજ્ઞ દ્વારા જ્ઞાત થયું કે તેના ગર્ભમાં એક તેજસ્વી બાળક અવતર્યો છે. ગર્ભકાળ પૂર્ણ થતાં પદ્માવતી રાણીએ અતિસુંદર, સુકુમાર પુત્રને જન્મ આપ્યો. જેનું નામ રાખ્યું **પદ્મ** ! રાજસી ઠાઠમાઠ પૂર્વક પદ્મકુમારનું પાલન-પોષણ થવા લાગ્યું. આઠ વર્ષની ઉંમરે વિદ્યાભ્યાસ માટે કલાચાર્ય પાસે મોકલવામાં આવ્યો. પદ્મકુમાર બહોંતેર કળામાં પ્રવીણ બન્યો. યૌવનનાં ઉંમરે પગ મૂકતાં અનેક રાજકુંવરીઓ સાથે લગ્ન થયા. ત્યારે પ્રીતિદાનમાં કન્યાને આઠ - આઠ પ્રકારની સામગ્રીઓ દહેજમાં મળી. ૮ કોટિ હિરણ્ય, ૮ કોટિ સુવર્ણ, ૮ મુગટ, ૮ હાર, ૮ કડાની જોડી, ૮ રત્નમય તાડવૃક્ષ, ૮ ઘોડા, ૮-૮ વાસણો વગેરે.

**સુકાલી** રાણીનો **સુકાલ** નામે પુત્ર થયો. સુકાલની **મહાપદ્મા** નામની રાણીથી **મહાપદ્મ** નામનો પુત્ર થયો. તેના વિવાહ રાજકન્યાઓ સાથે થયાં. તેમના માતા-પિતાએ પણ ઉપર પ્રમાણે જ પ્રીતિદાન આપ્યું હતું.

**ભોજરાજા અને ધનપાલ :** (ઉપદેશ તરંગિણી, પૃ. ૪૬)

**સર્વદેવ બ્રાહ્મણ**ના પુત્ર **ધનપાલ** પોતાના ભાઈ **શોભનાચાર્ય મુનિ**ના ઉપદેશથી પ્રતિબોધ પામી

જૈન શ્રાવક બન્યા. તે દયાળુ અને શાંત હતા. મહારાજા ભોજના દરબારમાં નવરત્નોમાંથી તે એક હતા.

એકવાર **ભોજ રાજા** પાંચસો પંડિતો સાથે શિકાર કરવા જતાં હતાં ત્યારે ધનપાલની મરજી ન હોવા છતાં તેને આગ્રહ કરીને પોતાની સાથે શિકાર માટે લઈ ગયા. શિકારના શોખીન ભોજ રાજાએ વનમાં દોડતી નિર્દોષ હરણીને બાણથી વીંધી નાંખી. હરણી જમીન પર ઢળી પડી. અસહ્ય વેદનાથી પૂંછડી પટપટાવવા લાગી. ત્યારે બીજા કવિઓએ રાજાની પ્રશંસા કરતાં કવિતાઓ રચી. મહાકવિ ધનપાલ ચૂપચાપ જોઈ રહ્યા. આખરે ભોજરાજાએ સ્વયં ધનપાલ કવિને પ્રસંગોચિત વર્ણન માટે કહ્યું. મહાકવિ ધનપાલે રાજાને પ્રતિબોધવા તત્કાલીન પ્રસંગનો નિર્ભયતાપૂર્વક જવાબ આપતાં કહ્યું, ''હે રાજન્! તે હરણી પૂંછડી ફફડાવીને એમ સૂચવે છે કે -

**''रसातलं यातु यदत्र पौरुषं, दुर्नीतिरेषाशरणो त्यदोषवान्।**
**निहन्यते यद्बलिनाऽपि(ति) दुर्बलो, हहा महाकष्टमराजकं जगत्।।''**

**અર્થ :** શરણ વિનાના નિર્દોષ અને દુર્બળ એવા પ્રાણીઓ બળવાન વડે હણાય એ કુનીતિ છે. એવું વીરત્વ (પૌરુષ) રસાતળ (પાતાળ)માં જાઓ. ખરેખર! સંસારમાં અરાજકતા છવાયેલી છે કે એક બળવાન અત્યંત દુર્બળને મારી નાંખે છે, તે જોઈ મહાકષ્ટ થાય છે.

ધનપાલની સચોટ અને માર્મિક વાણી સાંભળી ભોજરાજા મનમાં ક્રોધાતુર થયો. તેણે પંડિતની દૃષ્ટિમાં નજર ફેંકી. પછી આગળ જતાં રાજા પોતે બનાવેલા એક તળાવ પાસે આવ્યો. રાજાએ ધનપાલને તળાવનું વર્ણન કરવા માટે કહ્યું ત્યારે ધનપાલ કવીશ્વરે એક શ્લોક કહ્યો -

**''एषा तटाकमिषतो वरदान शाला, मत्स्यादयो रसवती प्रगुणा सदैव।**
**पात्राणि यत्र बक-सारस-चक्रवाकाः, पुण्यं कियद्भवति तत्र वयं न विद्मः।।''**

**અર્થ :** આ તળાવના બહાનાથી શ્રેષ્ઠ દાનશાળા છે કારણકે અહીં મત્સ્યાદિકરૂપ રસોઈ હંમેશાં તૈયાર હોય છે. તેમાં બગલા, સારસ, ચક્રવાક આદિ પક્ષીઓ અતિથિ બની આવે છે (અને મત્સ્યનું ભોજન કરે છે) તેથી આ તળાવ બાંધવાથી કેટલું પુણ્ય ઉપાર્જન થશે તે અમે જાણતાં નથી.

ભોજરાજા પોતાની ભર્ત્સના સાંભળી ક્રોધિત થયા. તેમણે પંડિતની બીજી આંખ ઉપર દૃષ્ટિ સ્થાપી. બન્ને નગરમાં આવ્યાં. યજ્ઞમાં હોમવા માટે લાવેલા બકરાની ''બેં બેં'' બૂમો સાંભળી બધા પંડિતોએ વર્ણન કર્યું. રાજાએ ધનપાલ કવિને પૂછ્યું, ''આ બકરો શું બોલે છે ?'' ધનપાલ કવિએ દૃઢતાથી કહ્યું,

**''नाहं स्वर्ग फलोपभोग रसिको, नाभ्यर्थितस्त्वं मया।**
**संतुष्टस्तृण भक्षणेन सततं, साधो! न युक्तं तव।**
**स्वर्गं यांति यदि त्वया विनिहता यज्ञे ध्रुवं प्राणिनो।**
**यज्ञं किं न करोषि, मातृपितृभिः पुत्रैस्तथा बांधवैः।।''**

**અર્થ :** ''હે રાજન્! તે બોકડો એમ કહે છે કે, મને સ્વર્ગનાં ફળો ભોગવવાની કોઈ અભિલાષા નથી. મેં તમારી પાસેથી કંઈ પણ યાચના પણ કરી નથી. હું ઘાસચારાથી સંતુષ્ટ છું માટે હે સાધુ! (સજ્જન) તમે મને મારો એ યોગ્ય નથી. જો યજ્ઞમાં હોમાયેલાં પ્રાણીઓ નિશ્ચે સ્વર્ગમાં જતાં હોય તો હે રાજન્! તમારા માતા-પિતા, પુત્રો અને બાંધવોને યજ્ઞમાં કેમ નથી હોમતાં ?''

ભોજરાજા આ સાંભળી અત્યંત ક્રોધે ભરાયો. ધનપાલ કવિની આંખો ફોડી નાંખવાનો વિચાર

કર્યો. ચતુર ધનપાલ કવિએ રાજાની ચેષ્ટા ઉપરથી તેનું મન જાણી લીધું. પછી ચાલતાં ચાલતાં બંને મહેલના દ્વાર પાસે આવ્યાં ત્યારે કોઈ આંધળી વૃદ્ધા બાલિકાનો હાથ પકડી ધ્રૂજતી સામી આવી. રાજાએ કહ્યું, ''અરે પંડિતો! આ ઘરડી નારીનું વર્ણન કરો.'' પોતપોતાની બુદ્ધિ વડે પંડિતોએ તે સ્ત્રીનું વર્ણન કર્યું. ત્યાર પછી રાજાના કહેવાથી ધનપાલ કવિએ કહ્યું, ''એક અંધ વૃદ્ધા પૂછે છે અને બાલિકા તેનો પ્રત્યુત્તર આપે છે.'' રાજાએ પૂછ્યું, ''વૃદ્ધા શું પૂછે છે અને બાલિકા શું ઉત્તર આપે છે ?'' એટલે ધનપાલ કવિએ કહ્યું,-

**''किं नन्दी किं मुरारी, किमु रतिरमणः किं नलः किं कुबेरः**
**किं वा विद्याधरोऽसौ किमुत सुरपतिः किं विधुः किं विधाता**
**नायं नायं न चायं न खलु नहि नवा नापि नाऽसौ न वैषः**
**क्रीडां कर्तुं प्रवृतः स्वयमपि च हले भूपति र्भोजदेवः''**

**અર્થ :** ''રાજન્! આ ડોશીને મુગ્ધ બાલિકા નીચે પ્રમાણે પૂછી રહી છે અને ડોશી તેનો નિષેધ કરી રહી છે. 'શું આ મહાદેવ છે? વિષ્ણુ છે? ઈંદ્ર છે? નળ-કુબેર છે? વિદ્યાધર કે કામદેવ છે? ચંદ્ર છે? બ્રહ્મા (વિધાતા) છે? તો પછી આ કોણ છે?'' ત્યારે તે બાલિકાએ કહ્યું, ''અરે મુગ્ધે! તેઓમાંથી તે કોઈ પણ નથી. આ તો ભોજરાજા પોતે ક્રીડા કરવા પ્રવર્તેલા છે.'' આ કાવ્ય સાંભળી ભોજરાજાએ કહ્યું, ''હે કવીશ્વર! મને વિષ્ણુ આદિક ઉપમા શી રીતે ઘટી શકે ?'' ધનપાલ કવિએ કહ્યું,

**''अभ्युद्धृता वसुमती दलितं रिपूरः, क्रोडि कृता बलवता बलिराजलक्ष्मीः ।**
**एकत्र जन्मनि कृतं तदनेन यूना, जन्मत्रये यदकरोत्पुरुषः पुराणः ।।''**

**અર્થ :** ''હે રાજન્! બળવાન એવા તમોએ આ પૃથ્વીને ધરી (રક્ષા) રાખી છે, શત્રુઓને હણ્યા છે અને બળવાન રાજાઓની અપાર લક્ષ્મીને વશ કરી છે. આમ, તમે વિષ્ણુ જેવાં જ ત્રણે પરાક્રમી કાર્યો કર્યાં છે.''

આ સાંભળી ભોજરાજાએ પ્રસન્ન થઈ ધનપાલ કવિને વરદાન માંગવાનું કહ્યું. ત્યારે ધનપાલ કવિએ કહ્યું,''મને મારી બન્ને આંખો પાછી આપો.'' રાજાએ કહ્યું, ''તારી દ્રષ્ટિ (આંખ) તો પ્રથમથી જ તારી પાસે છે.'' ત્યારે ધનપાલ કવિએ કહ્યું, ''તે દ્રષ્ટિ છે પણ નહીં હોવા સમાન હતી કેમકે આપે હરિણવધ અને સરોવર વર્ણન પ્રસંગે મારી દ્રષ્ટિ ખેંચવાની ઈચ્છા કરી હતી.'' રાજાએ પૂછ્યું, ''તમે તે કઈ રીતે જાણ્યું?'' કવિએ કહ્યું,

**''आकारै रिङ्गितैर्गत्या, चेष्टया भाषणेन च ।**
**नेत्र वक्र विकारैश्च, लक्ष्यतेऽंतर्गतं मनः ।।''**

**અર્થ :** '' આકાર, ઈંગિત, ગતિ, ચેષ્ઠા, વચન, નેત્ર અને મુખના વિકાર(ભાવ)થી પ્રાણીઓનું અંતરંગ મન જણાય છે.''

તે સાંભળી રાજાએ કહ્યું, ''કવિરાજ! શાંત થાવ, તમને તમારાં ચક્ષુઓ આપ્યાં.'' આ સાથે ભોજરાજાએ ક્રોડ ધન પણ આપ્યું. આમ, ભોજરાજાએ ઘણાં કીર્તિદાનો આપ્યાં છે. વળી, રાજા ભોજને સત્યોપદેશની જબરી ચોંટ પહોંચી. તેઓ જાગૃત થયા અને શિકારના વ્યસનનો ત્યાગ કર્યો.

**વસ્તુપાળ** : (પંચશતી પ્રબોધ)

એકવાર મહામંત્રી **વસ્તુપાળ** સંઘ સાથે શત્રુંજયની યાત્રા કરીને **દેવક પાટણ** (પ્રભાસ-પાટણ)માં

આવ્યા. ત્યાં શ્રી સંઘને સારા અન્ન પાણીથી સન્માન કરીને વસ્તુપાળ મંત્રીએ સંઘપૂજન કર્યું. તે વખતે ત્યાં અનેક આચાર્યો બેઠાં હતાં. ત્યારે ગુરુઓની પહેરામણી કરી. તે સમયે **સોમેશ્વર પંડિતે** એક કાવ્ય વસ્તુપાળ મંત્રી પ્રત્યે લલકાર્યું.

**''लक्ष्मिन प्रेयसी ! केयमास्य शितता वैकुण्ठ ! कुण्ठोऽसि किं ?**
**नो जानासि पितुर्विना शमसमं सङ्घोत्थितैः पांसुभिः**
**मा भै(षीः)ऽभीरु गंभीर एष भविताम्भोधिश्चिरं नन्दतात् ।**
**सङ्घेशो ललितापतिर्जिनपतेः स्नात्राम्बुकुल्यां सृजन् ।।''**

**અર્થ :** હું આજે **વિષ્ણુ**ના મંદિરે ગયો. ત્યારે વિષ્ણુ અને તેની પત્ની **લક્ષ્મી** પરસ્પર વાર્તાલાપ કરતાં હતાં. પ્રથમ વિષ્ણુએ લક્ષ્મીને પૂછ્યું કે, ''આજે તારા મુખ ઉપર કાળાશ કેમ છે ?'' લક્ષ્મીએ કહ્યું કે, ''હે વૈકુંઠ ! તમે શું ખરેખર ! વૈકુંઠ મટી કુંઠ (મૂર્ખ) થયા છો. એટલે તમે મારા પિતાના થનારા અસામાન્ય વિનાશને જાણતા નથી કારણકે વસ્તુપાળ મંત્રીના વિશાળ સંઘની રજ ઉડવાથી મારા પિતા એવા સમુદ્ર પૂરાઈ જવાથી તેમનો નાશ થશે.'' ત્યારે વિષ્ણુએ કહ્યું, ''તું ભય ન રાખીશ ! આ ગંભીર સંઘપતિ એવા વસ્તુપાળ મંત્રી વડે જિનેશ્વર ભગવાનના સ્નાત્ર જળની નીકનું સર્જન કરતાં થયેલ સમુદ્ર ક્ષીર જળસમુદ્રમાં રૂપાંતરિત થઈ જશે, માટે તું વિષાદ છોડી આનંદ પામ.'' ત્યારે વસ્તુપાળ મંત્રીએ ખુશ થઈને સોમેશ્વર પંડિતને લાખ સોનામહોરો દાનમાં આપી.

વસ્તુપાળ મંત્રી પ્રતિવર્ષ ત્રણ વાર સાધર્મિક ભક્તિ કરતાં અને પુષ્કળ દાન આપતાં હતાં. એકવાર કોઈ નિર્ધન બ્રાહ્મણે દાન માટે યાચના કરી ત્યારે મંત્રીએ સેવકોને કહ્યું, ''આને કંઈક વસ્ત્ર આપો. સેવકોએ એક જાડી ચાદર આપી. મંત્રીને આ જોઈને હસવું આવ્યું ત્યારે બ્રાહ્મણ એક શ્લોક બોલ્યો -

**''क्वचित्सूत्रं क्वचित् तूलं, कार्पासास्थि क्वचित् क्वचित् ।**
**देवत्व दरिनारीणां, कुटी तुल्या पटी मम ।।''**

**અર્થ :** આ વસ્ત્રમાં કોઈક જગ્યાએ સૂતર છે તો કોઈક જગ્યાએ રૂ છે. ક્યાંક ક્યાંક તો વળી કપાસિયા પણ વળગેલાં છે, માટે હે દેવ ! આ મારું વસ્ત્ર તો આપના શત્રુઓની કુટી (ઝૂંપડી - સોગઠી) જેવું છે.

વસ્તુપાળ મંત્રીએ બ્રાહ્મણ પાસેથી આ શ્લોક સત્તર વાર બોલાવી સત્તરસો સોનામહોરો દાનમાં આપી.

એક દિવસ **બાલચંદ્ર સાધુ**એ મંત્રીની પ્રશંસા કરી ત્યારે મંત્રીએ તેમના માટે પાદોવેશન બનાવ્યું.

એકવાર વસ્તુપાળ મંત્રી **શત્રુંજય પર્વત** ઉપર જઈ **શ્રી યુગાદીશ પ્રભુ**ની ભક્તિ કરતાં હતાં તે વખતે યાચકો દાન માટે પડાપડી કરવા લાગ્યાં ત્યારે સોમેશ્વર કવિએ કહ્યું કે, ''કલ્પવૃક્ષો ઈચ્છાસિદ્ધિ વાળા દેવો પાસે ગયા, મહાદાનેશ્વરી **બલિ રાજા** પાતાળમાં ગયાં, કામધેનુઓ વિરાગી મુનિઓ પાસે ગઈ અને ચિંતામણિ રત્ન કોણ જાણે ક્યાં ચાલ્યું ગયું છે, માટે આ પૃથ્વી પર યાચકોની પીડા વસ્તુપાળને જ સહન કરવી રહી.'' મંત્રીશ્રીએ સોમેશ્વર કવિને એક હજાર સોનામહોરો આપી. પુનઃ કવિએ કહ્યું, ''હે વસ્તુપાળ મંત્રી ! આ પૃથ્વી ઉપર ધનને છોડીને યમલોકમાં કોણ ગયાં નથી ? પરંતુ તમે તો તે ધનને માટે દશે દિશાઓમાં દોડતાં એવા ક્ષુધાતુર માણસને આપતાં આનંદ અનુભવો છો.'' પુનઃ મંત્રીશ્વરે એક હજાર સોનામહોરો આપી.

**અરિસિંહ કવિરાજે** મંત્રીશ્વરની પ્રશસ્તિ કરતાં કહ્યું, ''લક્ષ્મીને નિવાસ કરવા માટે કમળ સમાન

વસ્તુપાળનું મુખ છે. પાંચ જાતનાં કલ્પવૃક્ષો સ્વાધીન થયેલાં હોય સમાન પાંચ આંગળીઓ છે. લોકોનાં મનોવાંછિત પૂર્ણ કરનારી ચિંતામણિ રત્ન સમાન જિવ્હા છે. આમ, મંત્રીશ્વરનું એકપણ અંગ એવું નથી જે પ્રશંસા લાયક ન હોય.'' આ સાંભળી મંત્રીશ્વરે બે હજાર સોનામહોરો દાનમાં આપી.

એકવાર **વીરધવલ રાજા**એ ખુશ થઈ વસ્તુપાળ મંત્રીને દશ લાખ સોનામહોરો ઈનામમાં આપી. મંત્રીશ્વરે સઘળી સોનામહોરો યાચકોમાં વહેંચી નાંખી ત્યારે કોઈ કવિએ કહ્યું

**''श्रीमंति दृष्टाव द्विजराजमेकं, पद्मानि संकोचमवामुवंति।**
**समागतेऽपि द्विजराजलक्षे, सदा विकाशी तव पाणिपद्मम्।।''**

**અર્થ :** લક્ષ્મીવાન એવા કમળો ફક્ત એક જ ચંદ્રને જોઈ સંકોચાઈ જાય છે પરંતુ હે મંત્રીશ્વર! લાખો બ્રાહ્મણો આવવા છતાં આપના હસ્તકમળ સદા પ્રફુલ્લિત રહે છે.''

આવી સ્તુતિ સાંભળી મંત્રીશ્વર લજ્જાથી નીચું જોવા લાગ્યાં ત્યારે **નાના** નામના કવિએ કહ્યું, ''આપ એક જ જગતના ઉપકારી છો.' એવી સજ્જનોની વાણી સાંભળીને લજ્જાથી મસ્તક ઝુકાવી નીચું જુઓ છો તેનું કારણ હું જાણું છું. સરસ્વતીના મુખ ઉપર તિલક સમાન વસ્તુપાળ મંત્રી! ખરેખર તમે પાતાળમાંથી બલિ રાજાને ખેંચી કાઢવાની યુક્તિ શોધો છો.'' આ સાંભળી મંત્રીશ્વરે નાના કવિને સુવર્ણની જીભ આપી.

એકવાર **પ્રભાસ પાટણ**થી **સોમનાથ મહાદેવ**ના પૂજારીઓ આવ્યા. મંત્રીશ્વરે પૂછયું, ''ત્યાં સેવા-પૂજા તો બરાબર થાય છે ને?'' પૂજારીએ મંત્રીશ્વરના શાસનકાળની ખૂબ પ્રશંસા કરી, દશ હજાર સોનામહોરો મેળવી. આવી રીતે સેંકડો લોકોને વસ્તુપાળ મંત્રીએ કીર્તિદાન આપ્યું હતું.

**વિક્રમનૃપ :** (ઉપદેશ તરંગિણી, પૃ. ૪૨)

એક દિવસ **વિક્રમ રાજા** રાજસભામાં બેઠા હતા ત્યારે તરસ લાગવાથી નીચે પ્રમાણે કાવ્ય બોલીને જળ માંગ્યું -

**''स्वच्छं सज्जनचित्त वल्लघुतरं दीनार्थिवच्छीतलं।**
**पुत्रालिंगनव तथा च मधूरं बालस्य संजल्पवत्।**
**एलोसीरलवंग चंदन लसत्कर्पूर पालीमिलत्।**
**पाङल्युत्पलकेतकी सूरभि तत्पानीयमानीयताम्।।''**

સજ્જનોના ચિત્તની જેમ નિર્મળ (સ્વચ્છ), દીન અને યાચકોની જેમ હલકું, પુત્ર આલિંગનની પેઠે શીતલ, બાળકના વચનની જેમ મધુર, એલચી-લવિંગ-ચંદનથી શીતળ તથા કપૂરની શ્રેણીથી મળેલા ગુલાબ, કમળ અને કેતકીથી મનોહર એવું પાણી લાવો.

મંત્રી સુવર્ણના પ્યાલામાં રાજા માટે નિર્મળ, ઠંડુ, સુગંધી પાણી લાવ્યા ત્યારે ત્યાં બેઠેલા કવિએ પણ કાવ્ય પંક્તિઓ ઉચ્ચારી.

કવિની કાવ્ય પંક્તિઓ સાંભળી ખુશ થયેલા વિક્રમ રાજાએ **પાંડય રાજા** પાસેથી દંડ નિમિત્તે આવેલી વસ્તુઓ આઠ કરોડ સોનામહોરો, ત્રાણું મોતીઓના હારો, પચાસ હાથીઓ, દશ હજાર ઘોડા તથા ચારસો નાટકો દાનમાં આપી દીધાં.

એકવાર વિક્રમ રાજાની ધોબણ વસ્ત્રો ધોઈને આપવા આવી. વસ્ત્રો બરાબર ધોવાયાં ન હોવાથી

રાજાએ તેનું કારણ પૂછયું. ચતુર ધોબણે કહ્યું, ''રાજન્! વર્ષાકાળ વીતી ગયો છતાં આપના રાજહસ્તીઓ (સ્નાન કરવા) નદી કિનારા પર આવી એટલી બધી ધૂળ ઉડાડે છે કે તેથી નદીનું પાણી સ્વચ્છ રહેતું નથી.'' ધોબણના વચનોથી ખુશ થઈને વિક્રમ રાજાએ વસ્ત્રો તથા એક ક્રોડ સોનામહોરો તેને ઈનામમાં આપ્યાં.

**વિશલદેવ** : (ઉપદેશતરંગિણી)

એકદા **વિશલદેવ** રાજાએ ભોજન કર્યા બાદ હાથમાં એક તણખલું લઈને **અરિસિંહ** કવિને કહ્યું કે, ''તમો આ તૃણનું વર્ણન કરો. જો તમે ચમત્કારી ભંગીઓથી વર્ણન કરશો તો હું તમને બેવડો ગરાસ આપીશ અને જો તેમ નહીં કરો તો તમારો જે ગરાસ છે, તે પણ આંચકી લઈશ'' તે સાંભળી કવિરાજે કહ્યું,

**''क्षारोऽब्धिः शिखिनोमखा विषमयं श्वभ्रं क्षयीदुर्मुधा।**
**प्राहुस्तत्र सुधामियं तु दनुजस्तत्रैव लीनातृणे।।**
**पीयूष प्रसवो गवां यद्दशनाद्दत्वा यदासोनिजे।**
**देव त्वत्करवालका लमुखतो निर्याति जाति द्विषाम्।।१।।''**

આવું ચમત્કારિક વર્ણન સાંભળી વિશલદેવ રાજાએ તે કવિરાજને બમણો ગરાસ આપ્યો.

**સમરશાહ** : (ઉપદેશતરંગિણી, પૃ. ૬૪, ૧૧૨)

વિ.સં. ૧૩૭૧માં **સમરશાહે શત્રુંજય તીર્થ**નો ઉદ્ધાર કરાવ્યો ત્યારે **મલ્લભટ્ટ** નામના ભાટને તેમણે ભૂલથી લાખની વીંટી આપી.

જ્યારે તેમણે સર્વને ભોજન કરાવવા બેસાડયા ત્યારે મલ્લભટ્ટે પોતાના હાથમાંથી વીંટી ઉતારી નીચે મૂકી. શેઠે તેનું કારણ પૂછયું ત્યારે મલ્લભટ્ટે કહ્યું, ''ઉષ્ણ ભોજનથી તમારી આપેલી લાખની વીંટી ઓગળી જશે, તો હું મારા દેશમાં જઈ લોકોને તમારા તરફથી મળેલી ભેટ કઈ રીતે બતાવીશ ?'' તે સાંભળી શેઠે વીંટી હાથમાં લઈ તપાસી. લાખની વીંટી હતી, તે જાણી કવિની માફી માંગી. શેઠે મલ્લભટ્ટની દશે આંગળીઓમાં રત્નજડીત સુવર્ણની વીંટીઓ પહેરાવી. ત્યારે મલ્લભટ્ટ કવિએ પ્રશંસાના શબ્દો શ્લોક દ્વારા વ્યક્ત કર્યા.

**''अधिकं रेखया मन्ये, समरं सगरादपि।**
**कलौ म्लेच्छबलाकीर्णे, येन तीर्थं समुद्धृतम्''।।१।।**

**અર્થ** : હું તો **સગર ચક્રવર્તી**થી પણ સમરા શાહને (રેખાથી) અધિક પરાક્રમી માનું છું કેમ કે, આ કળિયુગમાં તેણે મ્લેચ્છના બળથી વ્યાપ્ત લશ્કરથી ભરેલા એવા હીન સમયમાં તીર્થનો ઉદ્ધાર કરાવ્યો છે. સગર ના 'સ'માં માત્ર એક લીટી-રેખા ઉમેરવાથી 'સાગર' શબ્દ બને છે.

તે સાંભળી પ્રસન્ન થયેલા સમરા શાહે તે કવિને સુવર્ણની જીભ આપી તેમજ એવી જ રીતે ભાટ આદિને ચૌદસો સોનાની વીંટીઓ પહેરાવી કીર્તિદાન કર્યું.

સારંગ, સંગ્રામ સોની, જગશી મોણશી, પેથડ, ઝાંઝણ આદિના કીર્તિદાનો જૈન ઈતિહાસમાં પ્રસિદ્ધ છે.

**સાલિગ રાજા :** (ઉપદેશતરંગિણી, પૃ.૬૩)

અનેક તીર્થનો ઉદ્ધારક રાજા **દેસલ**નો પુત્ર **સાલિગ,** તેની સભામાં એક દિવસ કોઈ એક કૈલાસવાસી બ્રાહ્મણ આવ્યો. સાલિગે પૂછ્યું, ''તું ક્યાંથી આવ્યો છે?'' બ્રાહ્મણે કહ્યું, ''કૈલાસ તીર્થમાંથી.'' રાજાએ પુનઃ પૂછ્યું કે, ''ત્યાં શું છે?'' ત્યારે બ્રાહ્મણે તીર્થનું વર્ણન કરતાં દેવાધિદેવ આદિનાથ ભગવાનની પ્રશસ્તિપૂર્વકનો સુંદર શ્લોક કહ્યો.

**ब्राह्मी वीक्ष्य शरस्यकारणशिरोमालां मरालाशय।**
**कंठे काल तवाधिकंठलुठितां वैरस्य शुद्धौ कुल।।**
**आधत्ते भवदालयस्य नितरां मूलोपलोन्मूलनं।**
**का भीतिः परमस्य लक्षणविधौ श्री शालिगो गर्जीति।।**

તીર્થનું ભવ્ય વર્ણન સાંભળી ખુશ થયેલા સાલિગ રાજાએ એક હજાર સોનામહોરો બ્રાહ્મણને ભેટમાં આપી.

**સિદ્ધભૂપાલ :** ( ઉપદેશ તરંગિણી)

**સિદ્ધરાજ જયસિંહ** ગ્રીષ્મઋતુમાં વનવિહાર કરવા ગયા. ત્યાં માર્ગમાં તેમને **રામચંદ્ર મુનિ** મળ્યા. રાજાએ પૂછ્યું, ''ઉનાળામાં દિવસો લાંબા કેમ હોય છે?'' મુનિએ કહ્યું, ''હે રાજન્! તમારાં દિગ્વિજય સમયે દોડતાં એવાં સુભટોના ઘોડાઓની ખરીઓનાં પ્રહારથી ખોદાયેલી પૃથ્વી પરથી પવને કરીને ઉડેલી રજથી આકાશગંગામાં કાદવ થયો અને તેથી તેમાં ઉગેલી ધ્રોળ(ઘાસ)ને ખાવાની ઈચ્છાથી સૂર્યનાં ઘોડાઓ થોભ્યાં છે, તેથી દિવસો લાંબા(મોટા) થયાં છે.'' આ સાંભળી રાજાએ તેને 'કવિ કટ્ટારમલ'ની પદવી આપી. એવી જ રીતે સિદ્ધરાજ ભૂપાલે શ્રીપાલ આદિ કવિઓને પણ ઘણું કીર્તિદાન આપ્યું.

# પ્રકરણ ૭
# ઉચિત દાનની કથાઓ

**અષ્ટ મહાસિદ્ધિ** : (સિંહાસન બત્રીસી, ભા.૧, મધ્ય. ગુ.ક.કો. ભા.૧, પૃ.૩૨૭)

**વિક્રમાદિત્ય** રાજવીના **બુદ્ધિસાગર** નામના મંત્રી હતા. આ મંત્રીનો **મતિશેખર** નામનો પુત્ર હતો. તે વિદ્યા પ્રાપ્ત કરવા પરદેશ ગયો હતો. વિદ્યાભ્યાસ પૂર્ણ થતાં તે સ્વદેશ આવતો હતો ત્યારે માર્ગમાં એક દેવળ જોયું. પ્રવાસનો થાક અને રાત્રિનો સમય થતાં તેણે દેવાલયમાં રાતવાસો કરવાનો નિશ્ચય કર્યો. તે દેવાલયના એક ખૂણામાં પથારીમાં આડો પડયો. થોડી વારમાં થાકના કારણે ઘસઘાસટ ઊંઘી ગયો. રાતનો ત્રીજો પ્રહર શરૂ થયો. દેવાલયની પાસેના સરોવરમાં રહેનારી દેવાંગના તેની સખીઓ સાથે મધ્યરાત્રિએ ત્યાં આવી. તેમણે નૃત્ય શરૂ કર્યું. મતિશેખર જાગૃત થયો. આઠ અપ્સરાઓ નૃત્ય કરતી હતી. મતિશેખર શાંત ચિત્તે સ્વસ્થ બની નૃત્ય નિહાળી રહ્યો.

નૃત્ય પૂર્ણ થતાં અપ્સરાઓ સ્વસ્થાને જવા લાગી ત્યારે એમાંની એક અપ્સરાએ સંકેત કરી મતિશેખરને આમંત્રણ આપ્યું. કુતૂહલપ્રિય મતિશેખર તેની પાછળ ગયો.

અપ્સરાઓ સરોવર પાસે આવી. સરોવરનો એક ભાગ ધખધખતા ગરમ પાણીથી ઉકળતો હતો. તેમાંથી વરાળો નીકળતી હતી. તેવા પાણીમાં તેઓએ ઝંપલાવ્યું. મતિશેખરની ગરમાગરમ પાણીને જોઈ અંદર કૂદવાની હિમ્મત ન ચાલી. તે પોતાના વતનમાં પાછો આવ્યો. મતિશેખર રાત્રિની આ ઘટનાને ભૂલી ન શક્યો. તેણે **ઉજ્જયિની**માં આવી પરાક્રમી રાજવી વિક્રમને હકીકત જણાવી.

પરાક્રમી વિક્રમ રાજાએ તે સ્થળે જઈ ઉકળતા પાણીમાં ઝંપલાવ્યું. રાજા તરતાં તરતાં પાતાળ લોકમાં પહોંચ્યા. ત્યાં એક વિશાળ નગર હતું. તે નગરના રાજા, શૌર્ય પ્રેમી વિક્રમ રાજાને જોઈ ખુશ થયા. તેમણે રાજાને પોતાને ત્યાં જ રહી જવાની વિનંતી કરી. વિક્રમ રાજા અપ્સરાઓને મળ્યા. તેમણે અપ્સરાઓને પૂછ્યું, ''તમે કોણ છો ? અહીં શા માટે રહો છો ?'' એમ પૂછતાં તેમણે કહ્યું, ''અમે અષ્ટ મહાસિદ્ધિ છીએ.''

મહાપુણ્યશાળી રાજાએ પ્રત્યેક પાસેથી એક એક એમ આઠ આઠ રત્ન લીધાં. માર્ગમાં પાછા ફરતાં યાચકોને તે રત્નો નિઃસ્પૃહી વિક્રમ રાજાએ દાનમાં આપી દીધાં.

**અંબડ દેવ (આમ્રદેવ મંત્રી)** : (પ્રબંધ પંચશતી, કથા-૯૦; ઉપદેશ તરંગિણી, પૃ.૫૩)

**ગુજરાત**ના ચાલુક્યવંશી રાજા **કુમારપાળે** કોઈ ભાટચારણના મુખેથી **કોંકણ**ના રાજા **મલ્લિકાર્જુન**ની 'રાજપિતામહ' બિરૂદ વડે પ્રશંસા સાંભળી તેથી તેમને રીસ ચડી. કુમારપાળે પોતાના મંત્રી **આમ્રદેવ**ને બળવાન સૈન્ય સાથે મલ્લિકાર્જુન રાજાને જીતવા માટે કોંકણ દેશમાં મોકલ્યો. યુદ્ધમાં આમ્રદેવ મંત્રીએ મલ્લિકાર્જુનનો વધ કર્યો. વળી, ત્યાં રહેતા માછીમારોની આજીવિકાનો બંદોબસ્ત કરાવી તેમની પાસેની માછલાં પકડવાની ત્રણસો જાળો બાળી નંખાવી. કોંકણમાં કુમારપાળ રાજાની અમારિ આજ્ઞા પ્રવર્તાવી. ત્યાંથી પાછાં ફરતાં **સોપારક** નગરમાં **જીવંત સ્વામી** તથા **શ્રી યુગાદિ પ્રભુ**ના જિનાલયોમાં અઠ્ઠાઈ મહોત્સવ કર્યો.

ત્યાંથી મેળવેલી અમૂલ્ય વસ્તુઓ લઈ તે **પાટણ**માં આવ્યો. કરોડો સોનામહોરો, સાડીઓ, માણેકની પછેડી, પાપક્ષયંકર હાર, સંયોગસિદ્ધિ શીપ્રા (ધૂળ વિશેષ), બત્રીસ હેમકુંભ, છ મુડા મુક્તાફળ,

સફેદ ચાર દાંતવાળા હાથીઓ, ૧૨૦ પાત્રોની સાથે સાડી ચૌદ ક્રોડ રૂપાના ટાંક લાવીને રાજાને સમર્પિત કર્યા.

તે જોઈને પ્રસન્ન થયેલા પરમાર્હત્ રાજા કુમારપાળે મંત્રી આમ્રદેવને 'રાજપિતામહ'નું બિરૂદ આપી નવાજ્યા. રાજાએ એક ક્રોડ સોનામહોર, ત્રણ સોનાના કળશો અને ચોવીસ ઉત્તમ જાતિના ઘોડાઓ મંત્રીને ભેટમાં આપ્યાં. દાનવીર મંત્રી આમ્રદેવે ભેટમાં મળેલા ત્રણ કળશોને **ભૃગુ કચ્છાદિક**ના જિનાલયોના જિર્ણોદ્ધાર માટે અલગ રાખ્યાં. ત્યાર પછી રાજસભામાંથી નીકળી ઘરે પહોંચ્યા. પહેલા જ અસીમ વિચાર કર્યા વિના જ રાજાએ આપેલું દ્રવ્ય તથા પોતાના ઘરમાં રહેલું ધન તેણે ભાટ, ચારણને આપી દીધું. અહીં ઈનામ મેળવ્યું અને ત્યાં દાનમાં આપી દીધું. આમ્રદેવની ચારે બાજુ પ્રશંસા થવા લાગી. દૂરસુદૂરના પ્રદેશોમાં લોકો તેના ગુણગાન ગાવા લાગ્યા. દીન-દુ:ખીઓના હૃદયમાં તેનું ગૌરવ અંકિત થઈ ગયું.

રાજ્યમાં કેટલાક વિઘ્નસંતોષી લોકો હતાં. તેમણે ઈર્ષાવશ રાજા કુમારપાળના કાનમાં ઝેર ભર્યું. 'પૃથ્વીનાથ! આ આમ્રદેવે રાજસભામાં તમારી સમક્ષ એક લાખ દાનમાં આપ્યાં. શું આ ઉચિત છે? આવું કરવાથી મંત્રી પોતાનું નામ વધારી આપનું ગૌરવ ઘટાડે છે.' રાજાએ ક્રોધિત થઈ મંત્રીને બોલાવ્યો. ઉક્ત વાતની યથાર્થતા પૂછી. આમ્રદેવ સમજી ગયા કે 'કોઈએ ઈર્ષાથી રાજાના કાન ભંભેર્યા છે. તેણે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું, "હે સ્વામી ! મારું દાન ઘણું જ ઓછું છે. તમે એટલું દાન આપી શકતા નથી કારણકે તમે બાર ગામના સ્વામીના પુત્ર છો જ્યારે હું અઢાર દેશના સ્વામી કુમારપાળ રાજાનો પુત્ર છું, માટે આપથી અધિક દાન હું કેમ ન આપી શકું?" એ આડકતરી રીતે પોતાની પ્રશંસા સાંભળી સાંભળી કુમારપાળ રાજા સંતુષ્ટ થયા.

મહાદાનેશ્વરી અને દૃઢ સમકિતી એવા આમ્રદેવ મંત્રીએ ભરૂચમાં પ્રભુના ગુણકીર્તન કરનારા ભોજક આદિને બત્રીસ લાખ દ્રમ્મ આપ્યા હતાં. ખરેખર! નિ:સ્વાર્થ દાતાને ગૌરવ પ્રાપ્ત કરવાની કે ઉદાર કહેવડાવવાની બિલકુલ ઈચ્છા હોતી નથી. લોકો જ તેની ઉદારતાના ગીતો આપોઆપ ગાય છે.

**આભડ વસાહ** : (પ્રબંધ પંચશતી, ક.૯૨; ઉપદેશતરંગિણી)

**અણહિલપુર પાટણ**માં શ્રીમાળી જાતિનો એક ઉચ્છિન્ન વંશનો **નાગરાજ શ્રેષ્ઠી** અને તેની પ્રિયા **લીલાદેવી** રહેતાં હતાં. 'શ્રેષ્ઠી અપુત્રીયો જ મૃત્યુ પામ્યો છે.' એવું જાણી રાજાએ તેનું બધું ધન રાજભંડારમાં ઠાલવ્યું. લીલાદેવી ધોળકા (પિયર) માં ગઈ. સમય જતાં લીલાદેવીને સગર્ભા હોવાની જાણ થઈ. ગર્ભાવસ્થામાં અમારિનો દોહદ થયેલ હોવાથી પુત્રનું નામ **'આભડ'** રાખ્યું. આભડના વિવાહ **લાછલદેવી** સાથે થયાં. દુર્ભાગ્યે સમય જતાં લક્ષ્મીનો ક્ષય થયો.

વણિક પુત્ર આભાડ કંસારાની દુકાને (ઘુઘરા) વાસણ ઘસવાનું કામ કરી નિત્ય પાંચ વિંશોપકા (એક જાતના હલકો સિક્કો) મેળવી પોતાની આજીવિકા ચલાવતો હતો. તે **શ્રી હેમચંદ્રસૂરિ**ને નિત્ય બે વખત વંદન કરવા જતો. તેમની પાસે પ્રતિક્રમણ કરતો. તે સ્વભાવે ચતુર અને બુદ્ધિશાળી હતો. તે કુશળ રત્ન પારખુ હતો. તેણે બૌદ્ધ ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો. આભડે એકવાર પૂજ્યપાદ શ્રી હેમચંદ્રાચાર્ય પાસે ધનના અભાવના કારણે સાતસો સોનામહોરનું પરિગ્રહ પરિમાણ વ્રત લેવાની ઈચ્છા જાહેર કરી. પોતાની પાસે હાલ ધન ન હોવાથી થોડા ધનની છૂટ રાખી નિયમ લેવા તૈયાર થયો. ત્યારે સામુદ્રિક લક્ષણના જ્ઞાતા શ્રી હેમચંદ્રાચાર્યે 'આગળ જતાં આભડનું ભાગ્ય ખીલવાનું છે,' એવું જાણી [1]ત્રણ લાખ દ્રમકની છૂટ રાખી બાકીનું

---

૧. પુરાતન પ્રબંધ અનુસાર - નવ લાખ દ્રમક)

દ્રવ્ય ધર્મમાં વાપરવું એવો નિયમ લેવડાવ્યો. ત્યારપછી આભડ સંતોષપૂર્વક વ્યાપાર કરવા લાગ્યો.

અનુક્રમે આભડને ત્યાં પુત્રનો જન્મ થયો. બાળક માટે દૂધની આવશ્યક્તા ઊભી થતાં બકરી વેચાતી લેવા તે બીજે ગામ નીકળ્યો. ત્યાં માર્ગમાં એક બકરીઓના ટોળાંને જતું જોયું. આ ટોળામાં એક બકરીના કંઠમાં એક પથ્થરનો કટકો (મણિ) બાંધેલો હતો. આ બકરી હવાડામાં પાણી પીતી હતી. તેના કંઠમાં રહેલા નીલમણિના અડવાથી પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું. આભડ જાતે રત્ન પરીક્ષક હોવાથી 'આ પથ્થર નથી પણ **ઈન્દ્ર નીલમણિ રત્ન** છે.' એમ જાણીને તેણે ભરવાડ પાસેથી તુચ્છ મૂલ્ય આપી બકરીને ખરીદી લીધી. મણિકાર પાસે જઈ રત્નનો કસ કઢાવીને તે મણિને ઉજ્જવળ બનાવ્યું. 'ઊંચી જાતનું નીલમણિ રત્ન છે' એમ જાણી રાજા **સિદ્ધરાજ જયસિંહ**ને બતાવ્યું. રાજાએ પોતાના મુગટમાં રત્ન અંકિત કરવા માટે સવા લાખ ટાંક આભડને આપી ખરીદી લીધું. આ ધનથી તેણે વ્યાપાર શરૂ કર્યો.

તેમાં એક વખત પરદેશથી મજીઠનાં ગાડાં વેચવા માટે આવેલ. તેણે તે ખરીદી લીધાં. વણિકે વેચવા ટાણે ગુણો ખોલીને જોઈ તો વહાણવટીઓએ ચાંચિયાના ભયથી ગુણોમાં સોનાના કોશો (મૂળ શબ્દ 'કમ્બિકા' એટલે લાંબી લાકડીઓ, કાંબી-લાટા) છુપાવ્યા હતાં. સદ્‌ભાગ્યે તેની દિવસે દિવસે લક્ષ્મી વધતી ગઈ. તે કરોડપતિ બની ગયો. સિદ્ધરાજના શાસન કાળમાં હવે નગરશેઠ આભડ શ્રીમંત, સમ્માનીય અને જિનશાસનનાં પ્રભાવક શ્રાવક લેખાવા લાગ્યાં.

આભડ શેઠે પોતાના પરિગ્રહ પરિમાણ વ્રતને યાદ રાખી લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો. તેઓ પ્રતિ વર્ષે જૈન મુનિઓને અન્ન-પાન-વસ્ત્રાદિ સંયમના ઉપકરણો આપતાં. તેમણે નવાં નવાં ધર્મસ્થાનો બંધાવ્યાં અને જીર્ણ થયેલાં ધર્મસ્થાનોનો જિર્ણોદ્ધાર કરાવ્યો પરંતુ ક્યાંય પોતાની પ્રશસ્તિ લખાવી નથી. તેમણે સાતે ક્ષેત્રોમાં નેવું લાખ સોનામહોરો વાપરી. તેમણે ભોજનશાળા ખોલાવી, સાધર્મિક વાત્સલ્યાદિ ઘણાં સુકૃત્યો કર્યાં. તેઓ નિત્ય સાધુ મહાત્માને એક ઘડો ઘીનો વહોરાવતાં હતાં. તેમણે ગુપ્તદાન કરી ઘણું પુણ્ય ઉપાર્જન કર્યું.

તેમણે અંતિમ સમયે પુત્રને બોલાવી દશ લાખ સોનામહોરો સાત ક્ષેત્રમાં અને આઠ લાખ સોનામહોરો ધર્મમાં વાપરવાની ભલામણ કરી, પોતાના જન્મ સફળ કર્યો. કહ્યું છે કે -

**''छलिछन्नद्रुम इव, मृत्स्नाऽऽच्छादित समस्तबीजमिव ।**
**प्रायः प्रच्छन्नकृतं सुकृतं, शतशाखतामेति ।।''**

**અર્થ :** છાલથી ઢંકાયેલ વૃક્ષની જેમ, માટીથી ઢંકાયેલ સઘળા બીજની જેમ પ્રાયઃ ગુપ્ત રીતે કરેલ સુકૃત સેંકડો શાખાને પામે છે.

આમ, આભડ શ્રાવક પ્રચુર પુણ્ય ઉપાર્જન કરી સ્વર્ગમાં ગયા.

**આંબડ અને બાહડ** : (જૈન કથા સંગ્રહ, પૃ.૧૩૦)

**ઉદયન**ને ચાર દિકરા હતા. **આંબડ, બાહડ, ચાહડ** અને **સોલ્લક**. આંબડ કવિ અને બહાદુર યોદ્ધો હતો. તે રાજા **કુમારપાળ**નો અમલદાર બન્યો. એણે **શત્રુંજય**ની ટેકરીના પશ્ચિમ વિભાગે પગથી (રસ્તો) બનાવી, જે આજે **ઘેટીની પાગ** તરીકે ઓળખાય છે. એણે **ધોળકા**માં આવેલા **ઉદાવસહી દેરાસર**નો વિસ્તાર કર્યો અને **ભરુચ**માં આવેલા **શુકનિકા વિહાર**નો જીર્ણોદ્ધાર કર્યો. આંબડે રાજા કુમારપાળને વચન આપ્યું હતું કે, ''રાજ્યની સેવા નિષ્ઠા અને નીતિથી કરીશ.'' રાજા પછી તેના વારસદાર રાજા **અજયપાલ** ગાદી પર

આવ્યા. તેણે રાજા કુમારપાળની તમામ નીતિઓ બદલી નાંખી. અજયપાલે આંબડને તાબે કરવા ટુકડી મોકલી. આંબડ અજયપાલને તાબે ન થયો અને લડતાં લડતાં મૃત્યુ પામ્યો.

બીજો દીકરો બાહડ (જે **વાહદ** તરીકે પણ ઓળખાતો) મુત્સદ્દી અને રાજકારણી હતો. તેણે પહેલાં રાજા સિદ્ધરાજ સાથે કામ કર્યું અને રાજા કુમારપાળના અમલ દરમિયાન તેમનો વિશ્વાસુ જમણો હાથ બનીને રહ્યો. જ્યારે રાજા કુમારપાળે **સોમનાથ**ના મંદિરના જીર્ણોદ્ધારનું કામ શરૂ કર્યું તો આખું કામ બાહડને સોંપવામાં આવ્યું જે એણે ખૂબ સીફતપૂર્વક પાર પાડયું.

પિતાએ આપેલી પ્રતિજ્ઞાનું પાલન કરવા તેણે શત્રુંજય પર્વત પર દેરાસર બંધાવવાનું કામ ઈ.સ. ૧૫૫૫ માં શરૂ કર્યું. એકવાર તીવ્ર વંટોળિયાને કારણે દેરાસરનો એક ભાગ તૂટી પડયો. બાહડે ભવિષ્યમાં ગમે તેવો વંટોળ આવે તો પણ તૂટી ન પડે તે પ્રમાણે મંદિરનું સમારકામ કરાવ્યું.

મંદિરના બાંધકામ પાછળ એક રસિક ટૂંકી વાર્તા સંકળાયેલી છે. બાહડે જ્યારે મંદિરનું કામ હાથમાં લીધું ત્યારે ઘણાં લોકો તેમનો ફાળો આ કામમાં આપવા માંગતા હતા. સખાવત કરનારની યાદી તૈયાર કરવામાં આવી. એ સમયે [1]**ભીમ** નામનો ઘી વેચતો ગરીબ માણસ તે ગામમાં રહેતો હતો. જ્યાં યાદી બનતી હતી તે જગ્યાએ એક દિવસ તે પહોંચી ગયો. તેને પણ આ કામમાં ફાળો આપવાની તીવ્ર ઈચ્છા હતી, પણ એ દિવસે તેને ફક્ત એક જ સિક્કો મળ્યો હતો. લોકો જ્યાં લાખો સિક્કા આપતા હોય ત્યાં પોતાના એક સિક્કાની કિંમત શું ? ચકોર બાહડ તેની ઉત્કંઠા જાણી ગયો. તેને એક બાજુ બોલાવ્યો. એણે ખૂબ જ નમ્રતાથી એ જે કાંઈ આપવા ઈચ્છે તે આપવા કહ્યું. ભીમને ખૂબ જ સંકોચ થયો. છતાં તેણે કહ્યું, ''આજના દિવસે એ જે સિક્કો કમાયો છે તે ફાળામાં આપવા ઈચ્છે છે.''

બાહડે સિક્કો સ્વીકાર્યો એટલું જ નહિ પણ ભીમનું નામ દાતારની યાદીમાં ટોચ પર લખ્યું. બીજા બધાને તેમ કરવાનો ખુલાસો માંગ્યો તો બાહડે જણાવ્યું કે, ''બીજા ફાળો આપનાર (પોતે સુદ્ધાં) પોતાની મૂડીમાંથી થોડો ભાગ આપે છે જ્યારે ભીમે તો એની સમગ્ર મૂડી દાનમાં આપી છે.''

ભીમ ઘરે ગયો ત્યારે તેની પત્નીએ ગાયને બાંધવા માટે લાકડાનો થાંભલો લગાવવા કહ્યું. તે ગમાણમાં ખોદી રહ્યો હતો ત્યાંથી જમીનમાંથી દાટેલી લાકડાની પેટી મળી. તેણે પેટી ખોલી તો તેમાં સોનાના સિક્કા અને બીજી કિંમતી વસ્તુઓ હતી. તેણે વિચાર્યું કે, 'મેં મંદિરમાં ફાળો આપ્યો તેનું પરિણામ છે. તે ખજાનો ભરેલી પેટી બાહડ પાસે લઈ ગયો અને મંદિરના નિર્માણમાં આપી દીધી.

મંદિરના નિર્માણનું કામ ઈ.સ. ૧૧૫૭માં ૨ કરોડ ૯૭ લાખ દ્રવ્યના ખર્ચે પૂર્ણ થયું અને તેનો ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ **આચાર્યશ્રી હેમચંદ્રજી**ની હાજરીમાં ઉજવવામાં આવ્યો.

**ઈન્દ્રજાલિક** : (મધ્યકાલીન ગુજરાતી કથા કોષ, ભા.૧, પૃ.૩૨૯; પ્રબંધ પંચશતી, ક.૫૩૨)

એક હાથમાં લાંબી તલવાર રાખી, ડાબે હાથે દેવાંગના જેવી સુંદરીને દોરતો એક ઈંદ્રજાલિક (વૈતાલિક) ''બ્રહ્માયુ, બ્રહ્માયુ'' બોલતો **વિક્રમાદિત્ય**ની રાજસભામાં પોતાની કલાનું પ્રદર્શન કરવા આવ્યો. તેણે કહ્યું,

**''राजन्! सारं द्वयं मन्ये , रमारामे अहं स्फुटम् ।**
**भारती केऽपि मन्यन्ते, तन्मे न रोचते मनाग ।।''**

---

૧. આવી જ કથા (પંચશતી પ્રબોધમાં) દુર્ગતની છે.

**અર્થ** ''હે રાજન્! હું લક્ષ્મી અને સ્ત્રી એ બન્ને વસ્તુઓને સાર રૂપ માનું છું. કેટલાક સરસ્વતીને માને છે પરંતુ તેમાં મને રુચિ નથી. બીજા કેટલાંક માણસ લક્ષ્મી અને સ્ત્રીને જુએ છે કે તરત જ તેને ગ્રહણ કરવા મથે છે પરંતુ હે સદાચારી રાજન્! તું તો પરસ્ત્રી પરાઙ્મુખ છે. એવી તારી ખ્યાતિ સાંભળી હું મારી પત્નીને તારી પાસે મૂકવા આવ્યો છું. સ્વર્ગમાં દેવ અને દાનવોનું યુદ્ધ થશે. તેમાં મને નિમંત્રણ પાઠવેલ છે તેથી હું સ્વર્ગમાં જઈશ. હું દેવ અને દાનવના સંગ્રામમાં **ઈન્દ્ર**ને પડખે રહી તેમને સહાય કરી પાછો આવું ત્યાં સુધી મારી આ પત્નીને બહેનની જેમ સાચવજે.'' એવું કહી તે અંતરીક્ષમાં ઉડી ગયો. રાજાએ તેણીને અંતઃપુરમાં રાખી.

થોડીવારે અંતરીક્ષમાંથી રણ વાજિંત્રોના નાદ તેમજ હોકારા, પડકારા સંભળાયા. થોડીવાર બાદ ઇંદ્રજાલિકના શરીરના અંગો પડવા લાગ્યા. એક હાથ પડયો. ત્યાર બાદ થોડી થોડી વારે બીજો હાથ, બે પગના ટુકડા, માથાનું ધડ અને છેલ્લે મસ્તક નીચે પડયું. ત્યારે સ્ત્રીએ સભામાં આવીને પતિના અંગોપાંગને ઓળખી લીધાં. તેણીએ કહ્યું, ''આ મારા પતિના આંગો છે. મારા પતિ યુદ્ધ કરતાં શહીદ થયા છે. પતિ વિના મારે જીવીને શું કરવું છે? હું પણ એમની સાથે અગ્નિ પ્રવેશ કરીશ.'' એમ કહી તે સ્ત્રી રાજાના સમજાવવા છતાં માની નહીં અને અંતે તેણીએ એકાએક ચિતામાં પ્રવેશ કર્યો.

થોડી વારમાં વૈતાલિક રાજસભામાં આવ્યો. તેણે પોતાની સ્ત્રીની માંગણી કરતાં કહ્યું, ''મારી પત્ની ક્યાં છે? હું યુદ્ધમાં ગયો ત્યારે અહીં જ મૂકીને ગયો હતો. તેને જલ્દીથી બોલાવો.'' વિક્રમાદિત્યે કહ્યું, ''તમારી પત્નીએ તમારાં ખંડિત દેહને જોઈ બેબાકળી બની ચિતામાં પ્રવેશ કર્યો છે.'' પરંતુ વૈતાલિક સાંભળવા તૈયાર ન હતો. તેણે પોતાની સ્ત્રી પર અધિકાર જમાવવાનો વિક્રમાદિત્ય રાજા ઉપર આરોપ મૂક્યો.

ત્યાર પછી વૈતાલિક મોટે મોટેથી બૂમો પાડી પોતાની પત્નીને બોલાવવા લાગ્યો. પતિનો અવાજ સાંભળી તે સ્ત્રી ઉપસ્થિત થઈ. વિક્રમાદિત્ય આશ્ચર્યચકિત નજરે આ નાટક નિહાળવા લાગ્યા. તેમણે વૈતાલિકને પૂછયું, ''આ શું છે?'' વેતાળે કહ્યું, ''રાજન્! આ ઈન્દ્રજાળ છે.'' વૈતાલિકની કલાથી રાજા ખુશ થયા. તેમણે વૈતાલિકને પાણી પીવાની ઈચ્છા દર્શાવી. વૈતાલિકે વિવિધ દ્રવ્યોથી સુગંધિત પાણી પોતાની ચમત્કારિક કલાથી પ્રગટાવીને પાયું.

એટલામાં એક ચારણે આવીને કહ્યું, ''દક્ષિણ દિશાના પાંડય રાજાએ આઠ કોટિ સુવર્ણ, ૯૩ તોલા મુક્તાફળ (સાચા મોતી), પચાસ હાથી, દશ હજાર ઘોડા અને સો વારાંગનાઓ દંડમાં આપેલ છે.'' વિક્રમાદિત્યે તે સર્વ વૈતાલિકને ભેટમાં અર્પણ કર્યું. વૈતાલિકે તે ભેટ પોતે જે ગણિકાને ત્યાં રહ્યો હતો તે ગણિકાને દાન કરી દીધી. ગણિકાએ તેને નિરંતર સુખ આપ્યું.

એ પછી વૈતાલિક ખાલી હાથે વિક્રમાદિત્ય પાસે પાછો ફર્યો અને કહ્યું કે, ''મારું મેળવેલું ધન વપરાઈ ગયું છે. હવે પુનઃ દાન આપો તો કામ સિદ્ધ થાય.'' દાનવીર વિક્રમાદિત્યે તેને ફરી ઉચિત દાન આપ્યું.

દાનથી વિષમતા દૂર થાય છે. દાન ન આપવાથી ગરીબો, પીડિતોના મનમાં વિદ્રોહની ભાવના જન્મે છે.

**કાલવણિક** : (શ્રી શત્રુંજય કલ્પવૃત્તિ, પૃ. ૮૯)

**કુંતપુરી**માં **કાલવણિક** કરીયાણાંનો વ્યાપાર કરતો હતો. તેને સારો લાભ થતો હતો. તેની પત્ની **રમા** ધર્મમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવા સમજાવતી પરંતુ કાલવણિકના ગળે આ વાત ન ઉતરતી. એક વખત

વણિક સૂતો હતો ત્યારે લક્ષ્મી દેવીએ કહ્યું, ''તારું પુણ્ય ખૂટવાથી હું હવે અહીંથી જઈશ. તેં આ આયખામાં થોડું પણ દાન-પુણ્ય કર્યું નથી. હું પુણ્યહીનના ઘરમાં વસવાટ કરતી નથી. જ્યાં ગુરુ પૂજન હોય, ન્યાયોપાર્જિત ધન હોય, સંપ હોય ત્યાં રહું છું. જુગારી, દ્વેષી, ધાતુવાદી, આળસુ, આવક જાવકના વિવેક વિનાનો હોય ત્યાં હું રહેતી નથી.'' કાલવણિકે રાત્રિનો બનાવ પત્ની સમક્ષ કહ્યો. સમજુ અને ઠરેલ બુદ્ધિની પત્નીએ કહ્યું, ''પતિદેવ ! હજી મોડું થયું નથી. હમણાં પણ જો દાન ધર્મમાં ધનનો ઉપયોગ કરવામાં આવે તો લક્ષ્મી સ્થિર થશે કારણકે લક્ષ્મી પુણ્ય વડે બંધાયેલી છે.'' કાલવણિકે પોતાની બધી લક્ષ્મી સાત ક્ષેત્રમાં વાપરી અનુક્રમે રાત્રિના સમયે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરી સુખેથી ઘસઘસાટ સૂઈ ગયો.

કાલવણિકે સર્વ લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે; એવું જાણી લક્ષ્મીદેવીએ કહ્યું, ''વણિક ! તારું ઘર લક્ષ્મીથી ભરાઈ ગયું છે.'' કાલવણિક હવે રોજ પુષ્કળ ધન દાનમાં આપવા લાગ્યો છતાં ધન ખૂટ્યું નહીં. સવાર પડે ને ઘર ધનથી ભરેલું રહેવા માંડયું. વીસ દિવસ સુધી આ ક્રમ નિયમિત ચાલુ રહ્યો.

વીસ દિવસ પછી કાલવણિક ગુરુ પાસે ગયો. તેણે ગુરુ પાસેથી પરિગ્રહ પરિમાણ વ્રત સ્વીકાર્યું. તેણે વીસ હજાર ટંક (રોકડ નાણું), દશ મકાન, આઠ ભેંસ, એક સ્ત્રી, દશ ગાય, વીસ ઘોડા, સીત્તેર પલ સોનું-રૂપું રાખી બાકીની સંપત્તિનો ત્યાગ કર્યો.

યોગાનુયોગ અમુક વખત પછી તે નગરના રાજા અચાનક મૃત્યુ પામ્યા. તેમનો કોઈ વારસદાર ન હતો. મંત્રીશ્વરોએ પ્રમાણિક એવા કાલવણિકને બળાત્કારે રાજા બનાવ્યા. કાલ રાજાએ (જિન રાજાના) ધન વડે ઘણાં સુકૃત્યો કર્યા. કાલે પોતાના પદ પર પોતાના પુત્ર **ભીમ**ને સ્થાપિત કરી આઠ હજાર વણિકપુત્રો સાથે દીક્ષા લીધી. આગમોનો અભ્યાસ કરી અનુક્રમે આચાર્યપદ પામી લાખો લોકોને પ્રતિબોધી જૈન ધર્મી બનાવ્યા. તેઓ સર્વ કર્મનો ક્ષય કરી ઘણાં સાધુઓ સાથે મુક્તિપુરીમાં ગયા.

એક પાશ્ચાત્ય વિચારકે સુંદર પ્રેરણાત્મક વાક્ય કહ્યું છે, ''મંદિરમાં જઈ પ્રાર્થના માટે સો વાર હાથ જોડવાને બદલે દાન માટે એક વાર હાથ ખોલવો અધિક મહત્ત્વપૂર્ણ છે. One Hand Opened in Charity in Worth a Hundred in Prayer. આ બતાવે છે કે, માંગવા કરતાં આપવું અધિક ઉત્તમ છે.

**કૃપણ શેઠ** : (પ્રાકૃત વિજ્ઞાન કથાઓ, પૃ. ૭૯)

કોઈક નગરમાં એક શ્રેષ્ઠી પુત્ર રહેતો હતો. ભવિતવ્યતાથી તે અત્યંત નિર્ધન બન્યો. પોતે ઉત્તમકુળમાં જન્મ્યો હોવાથી કોઈની પાસે હાથ લાંબો કરી શકતો ન હતો. તેના પરિવારજનો ભોજનનાં અભાવમાં દુઃખી હતા. એકવાર પુત્રોની ભૂખની પીડા ન સહેવાતાં પત્નીએ કહ્યું, ''સ્વામીનાથ ! ભોજનના અભાવમાં બાળકો મૃત્યુ પામશે. શું તમને આ બાળકોની દયા નથી આવતી ? બાળકો માટે કોઈની પાસેથી યાચના કરી કંઈક લાવી આપો. અન્યથા બાળકો મૃત્યુ પામશે. તેમની હત્યાનું પાપ તમને લાગશે.'' શ્રેષ્ઠી પુત્રે કહ્યું, ''પ્રિયે ! તારી વાત સત્ય છે પરંતુ મેં આજ દિવસ સુધી કોઈની પાસે કશું માંગ્યું નથી. હું ક્યાં જાઉં ? કોને પ્રાર્થના કરું ?'' સ્ત્રીએ કહ્યું, ''તમારા પિતાના મિત્રના ઘરે જાઓ. તે જરૂર કંઈક આપશે.'' સ્ત્રીના અતિ આગ્રહથી તે પિતાના મિત્રના ઘરે ગયો. ત્યારે શેઠ આસન ઉપર બેસી આવક-જાવકનું નામું કરી રહ્યાં હતાં. તેમને નમન કરી શ્રેષ્ઠીપુત્ર બેઠો. શેઠે વિચાર્યું, 'ધન વિનાનો નિર્ધન થઈ ગયો છે તેથી જરૂર કંઈક માંગવા આવ્યો છે.' એમ વિચારી શેઠ લખવામાં તલ્લીન બન્યા. તેમણે શ્રેષ્ઠીપુત્ર સાથે કોઈ ઔપચારિક વાર્તાલાપ પણ

ન કર્યો. શ્રેષ્ઠીપુત્રએ વિચાર કર્યો કે, 'શેઠ કામમાં વ્યસ્ત છે. કામ પૂર્ણ થશે એટલે વાર્તાલાપ કરશે.' એમ વિચારી શ્રેષ્ઠીપુત્ર ત્યાં જ બેસી રહ્યો. બપોર થવા આવી. શેઠે વિચાર્યું, 'આને અહીંથી રવાનો કરવા કંઈક ઉપાય કરું.' શેઠ આસન પર જ પગથી માથા સુધી વસ્ત્ર ઢાંકી સૂઈ ગયા. શ્રેષ્ઠીપુત્રને લાગ્યું કે, 'શેઠ થાક્યા છે તેથી વિશ્રામ કરે છે. હું તેમની પગચંપી કરી આપું.'' શેઠની પગચંપી કરવા લાગ્યો ત્યારે શેઠને થયું 'મારો નોકર પગચંપી કરે છે.' શેઠે કહ્યું, ''અરે! બલા ગઈ કે નહીં ?'' શ્રેષ્ઠીપુત્રએ વિચાર કર્યો કે, 'શેઠ કાંઈ પૂછતા નથી, ધન આપતા નથી પરંતુ ગાળ આપે છે તેથી તેમને વળતો પ્રત્યુત્તર સારો આપવો જોઈએ.' શ્રેષ્ઠીપુત્રે કહ્યું, ''બલા ગઈ નથી પરંતુ તમારા ગળે વળગી છે. લીધા વિના અહીંથી નહીં જાય.'' શેઠ બેઠા થયા. મુનીમને કહ્યું, ''આને કંઈ પણ આપી અહીંથી બહાર કાઢ.''

મુનીમે એક રૂપિયો આપી શ્રેષ્ઠીપુત્રને કાઢી મૂક્યો. શ્રેષ્ઠીપુત્ર ઘરે ગયો. પોતાની પત્નીને કહ્યું, ''સુખમાં સહાય કરનારા ઘણાં હોય છે, દુઃખમાં વિરલા જ હોય છે તેથી મેં અપમાન સહન કરી એક રૂપિયો મેળવ્યો છે.''

કેટલાક કંજૂસો ગરીબોને મદદ ન કરતાં શેઠની જેમ ગાળો આપે છે. માટે નીતિકાર કહે છે ,

**''हस्तस्य भूषणं दानं, सत्यं कण्ठस्य भूषणम् ।**
**श्रोतस्य भूषणं शास्त्रं, भूषणैःकिं प्रयोजनम् ?''**

**અર્થ :** હાથનું આભૂષણ દાન છે, કંઠનું આભૂષણ સત્ય છે, કાનનું આભૂષણ શાસ્ત્ર છે; પછી બનાવટી આભૂષણોની શી જરૂર છે ?

સૌંદર્ય પ્રદર્શન માટે આભૂષણોની જરૂર નથી પરંતુ મધુરતાપૂર્વક આપેલા દાનની જરૂર છે.

**ખેંગાર નૃપ** : (ઉપદેશતરંગિણી, પૃ. ૩૯)

**જૂનાગઢનો રાજા ખેંગાર** એક દિવસ શિકાર કરવા જંગલમાં ગયો. એક **દુંદળ** નામનો ચારણ, જે ફળ તોડવા વૃક્ષ પર ચડયો હતો. તેણે રાજાને કોઈ હરણની પાછળ ઘોડા દોડાવતા જોયો. તેનું હૃદય વ્યથિત થયું. તે રાજાને ઉપદેશ આપવા ઈચ્છતો હતો પરંતુ શિકારના મૂડમાં રહેલ રાજા ઉપદેશ સાંભળવા તૈયાર ન હતો. જંગલનો રસ્તો સૂમસામ હોવાથી આગળ જતાં પગદંડીના રૂપમાં પરિણત થઈ ગયો. થોડા આગળ જતાં પગદંડી પણ બંધ થઈ ગઈ. રાજા આમતેમ જોવા લાગ્યો. ઉપર જોયું તો એક વ્યક્તિ વૃક્ષ પર દેખાયો. રાજાએ તેને (ચારણને) ગામમાં જવાનો માર્ગ પૂછ્યો. ચારણે અવસર જોઈ નિમ્નોક્ત દોહામાં વક્રોક્તિપૂર્વક કહ્યું કે -

**''જીવ વધંતા નરગ ગઈ, અવધંતા ગઈ સગ્ગ;**
**હું જાણું દો વાટડી, જિણ ભાવે તિણ લગ્ગ.''**

''જીવ હિંસા કરનાર નરકમાં જાય છે અને દયા પાળનાર સ્વર્ગે જાય છે. મને તો માત્ર આ બે રસ્તાઓની જ ખબર છે. તો ભલા ! તને જે ગમે તે રસ્તો તું પસંદ કર.''

ચારણની માર્મિક વાણી સાંભળી રાજા ખેંગાર સાવધાન થયો. સાચો માર્ગ અપનાવવા તેણે જીવન પર્યંત જીવહિંસાનો ત્યાગ કર્યો. રાજાએ ચારણને રાજસભામાં બોલાવી તેનું ઉચિત સન્માન કર્યું. તેને અશ્વો તથા એક ગામનો ગરાસ ભેટમાં આપ્યો.

**ઘાંચણ અને વિક્રમાદિત્ય કથા :** (પ્રબંધ પંચશતી, ક.૧૫૨)

એક વખત **વિક્રમાદિત્ય** રાજાની સભામાં ઘણા પંડિતો બેઠેલા સાંભળી એક પરદેશી પંડિતે એક ગાથા મોકલાવી. તે ગાથા બધા પંડિતોએ વાંચી, પરંતુ તેના પરમાર્થને નહિ જાણતા તેઓ કહેવા લાગ્યા કે, ''આ ગાથા નિર્જીવ છે માટે તેનો અગ્નિસંસ્કાર કરવો જોઈએ.'' તેથી ચાર પંડિતો કાંધીયા થયા. તે ગાથા ઠાઠડીમાં રાખવામાં આવી. ભાંગેલ વાસણમાં અગ્નિ નાંખી કેટલાક આગળ ચાલવા લાગ્યા. કેટલાક પંડિતો નગર બહાર જઈ લાકડાં લઈ ચિતા તૈયાર કરવા લાગ્યા.

આ બાજુ માર્ગમાં એ ગાથાને આ રીતે વહન કરતા પંડિતોને જોઈ ગામની ઘાંચણે તેમને પૂછયું, ''કોણ મરણ પામ્યું છે ?'' તેઓએ કહ્યું, ''એક ગાથા અહીં આવેલ તે મરણ પામી છે.'' તેણીએ કહ્યું, ''કઈ ગાથા છે ? તે મને બતાવો.'' તેઓએ તે ગાથા બતાવી. તેણીએ તે ગાથા વાંચી, જેનો અગ્નિસંસ્કાર કરવાનો હતો. તેણીએ કહ્યું, ''આ ગાથા તો સજીવ છે. તેનો અગ્નિસંસ્કાર કેમ કરો છો ?'' તેઓએ કહ્યું, ''આ ગાથા મરેલી છે.'' પરસ્પર વાદવિવાદ વધ્યો. અંતે સર્વેએ નિર્ણય કરતાં કહ્યું, ''સજીવ કે નિર્જીવની પરીક્ષા રાજદરબારમાં કરાય.'' ત્યારબાદ સર્વે રાજસભામાં આવ્યા. ઘાંચણે કહ્યું, ''આ ગાથા સજીવ છે.'' પંડિતોએ કહ્યું, ''નિર્જીવ છે.'' ત્યારબાદ ઘાંચણે કહ્યું, ''આ ગાથા લાવો.'' ત્યાં ગાથા લાવવામાં આવી અને વંચાઈ તે આ પ્રમાણે :

**''अपया तह पयमुक्का, श्वेताय कृष्णाय च ।**
**सद्दासद्दविहूणा, अमग्गा वाहं मग्गंति ।।''**

ઘાંચણ બોલી, ''મેઘપક્ષમાં (ગાથાનો) આવો અર્થ થાય છે. પગ વગરના મેઘો પાણી મૂકે છે. પાણી મૂક્યા બાદ તે સફેદ બને છે એટલે કે શરદઋતુમાં મેઘ સફેદ હોય છે. વર્ષાઋતુમાં મેઘ પાણીથી ભરેલા હોવાથી કાળા હોય છે. કેટલાક મેઘો ગર્જના કરે છે અને કેટલાક ગર્જના કર્યા વિના વરસે છે. આમ, મેઘ શબ્દ અને અશબ્દવાળા ગણાય છે. અમગ્ગા એટલે બપૈયા, જેઓ મેઘની પાસે પાણીની માંગણી કરે છે. (કારણકે)

**''कप्पीउ तं जलपीयइ, जं घण गज्जिअ देइ ।**
**माणविवज्जिअ अप्पणइं, मरइ न चंचु भरइ ।।''**

**ગાથાર્થ :** (कप्पीउ ના બદલે पप्पीउ જોઈએ) - બપૈયા ગર્જિત મેઘનું પાણી જ પીએ છે પરંતુ માન વગર અલ્પ પાણી પણ પીતા નથી. તેઓ મરી જાય પણ ચાંચ પણ ન ભરે.

**સ્ત્રીપક્ષે ગાથા અર્થ :** અપયા એટલે સગર્ભા સ્ત્રી પય એટલે દૂધ રહિત હોય છે અને બાળકને જન્મ આપનાર સ્ત્રી પોતાના બચ્ચાંને દૂધ આપે છે. ગર્ભાવસ્થામાં સ્ત્રી સફેદ હોય છે અને જન્મ આપ્યા બાદ કૃષ્ણવર્ણી થાય છે. સ્ત્રી ભોગ અવસ્થામાં સશબ્દવાળી હોય છે અને બીજી અવસ્થામાં શબ્દરહિત હોય છે. (બપૈયાની જેમ) જન્મેલાં બાળકો માતા પાસે દૂધ માંગે છે.

**પાસાના પક્ષે :** પગરહિત હોવાથી પાસા અપદ છે, અને મોર પાસો અષ્ટાપદવાળા પાટીયા ઉપર મૂકાય છે, માટે પગવાળો છે. મોર પયમુક્કા, જે હાથી દાંતનાં હોવાથી સફેદ હોય છે. મુખ ઉપર મસીનું બિંદુ કરેલ હોવાથી કાળાં હોય છે. (ચોપાટ રમતાં દાવ) પડવાના અવસરે પાસાઓ શબ્દ (અવાજ) કરે છે. તે સિવાયના સમયમાં શબ્દરહિત હોય છે. અમગ્ગા-અયાચકો વચનરહિત (જેને માંગવાનું નથી તેણે બોલવાની જરૂર નથી.) હોવાથી તેઓ માત્ર દાવને (દાતાને) જુએ છે.''

આ પ્રમાણે ગાથાના ત્રણ અર્થોનો ઉકેલ-ભેદ સાંભળી રાજા વિસ્મય પામી બોલ્યો ''આ ગાથા તો સજીવ છે.'' રાજાએ બુદ્ધિશાળી ઘાંચણને સ્વમાનભેર સવા લાખ સોનામહોરો ઈનામમાં આપી. નગરજનોએ પંડિતોની વિદ્વત્તાની હાંસી ઉડાવી. તેઓ સમસમી ગયાં.

**ચાહડ** : (પ્રબંધ ચિંતામણિ, મેરૂતુંગાચાર્ય, નં. ૭૧)

**શ્રી સિદ્ધરાજ જયસિંહે** સ્વીકારે પુત્ર **ચાહડ, વાગ્ભટ્ટ** મંત્રીનો નાનો ભાઈ હતો. તે અત્યાધિક દાનવીર તાસીરનો હતો. રાજા **કુમારપાળ**ની આજ્ઞાને નહીં માનતો **સપાદલક્ષ**ના રાજાનો સેનાપતિ થઈને રહ્યો. બે-ત્રણ પડાવ દૂર ગયા હતાં ત્યાં ઘણાં યાચકો માંગવા આવ્યા. તેમણે ખજાનચી પાસેથી એક લાખ સુવર્ણ મુદ્રા માંગી. રાજાની આજ્ઞા ન હોવાથી ખજાનચીએ ન આપી. ચાહડ મંત્રીએ ખજાનચીને ચાબુકથી માર મારી સેનામાંથી કાઢી મૂક્યો. હવે ચાહડે સ્વયં દાન આપી યાચકોને પ્રસન્ન કર્યા. ચૌદસો સાંઢણીઓ પર સવાર થયેલા અઠ્ઠાવીસો સુભટો સાથે **બંબેરા** નગરના કિલ્લાને ઘેર્યો. ત્યાંના નાગરિકો દ્વારા સાંભળ્યું કે, 'આજે રાતનાં સાતસો કન્યાઓના વિવાહ થવાના છે.' એ રાત્રિએ કિલ્લા પર હુમલો ન કર્યો. બીજે દિવસે કિલ્લામાં પ્રવેશ કર્યો. ત્યાંથી સાત કરોડ સુવર્ણ અને અગિયારસો ઘોડીઓની પ્રાપ્તિ થઈ. જેના વાવડ શીઘ્ર રાજાને પહોંચાડયા. તે દેશમાં કુમારપાળ રાજાની આણ ફેરવી. ત્યાં અધિકારીઓને નિયુક્ત કરી ચાહડ **પાટણ**માં આવ્યો. રાજાએ તેની દાનવીરતાના વખાણ કરતાં કહ્યું, ''તમારા જીવનધોરણમાં રહેલો દાનનો દોષ એક પ્રકારે તમારું રક્ષણ કરે છે. તમે જે વ્યય કરો છો, તે તમે જ કરી શકો. હું કરવાને સમર્થ નથી.'' રાજાની વાત સાંભળી ચાહડે સ્પષ્ટપણે કહ્યું, ''તે યથાર્થ છે કારણકે પિતૃ પરંપરાથી આપ રાજાના પુત્ર નથી અને હું ખુદ રાજાનો પુત્ર છું તેથી અધિક ધન વ્યય કરી શકું છું.'' રાજાની ખુશી-નાખુશીની પરવા કર્યા વિના ચાહડે વિદાય લીધી.

એકવાર **ચઉલિંગ** નામનો પટ્ટહસ્તિ અંકુશ તોડીને ભાગ્યો ત્યારે તેને ચાહડે વશ કર્યો તેથી **સામલ** નામના મહામાત્યે ઉત્તમ દુકૂલ (વસ્ત્ર) અને ઘણું ધન દાનમાં આપી તેને મહામાત્યના પદે સ્થાપિત કર્યો.

વિક્રમની તેરમી શતાબ્દીનો ઉષાકાળ હતો, ત્યારે **ગુજરાત**ના રાજકીય ગગનાંગણે સમ્રાટ કુમારપાળનો સત્તા સૂર્ય સહસ્ર કિરણે પ્રતાપી રહ્યો હતો. એમના જમણા હાથ સમા ઈતિહાસ પ્રસિદ્ધ મંત્રીશ્વર **ઉદાયન**, જેઓ શ્રીમાળી વંશના હતાં.

એકદા સૌરાષ્ટ્રના સામંત રાજવી **સમરસિંહે** કુમારપાળ સમક્ષ બળવાનું બ્યુગલ બજાવ્યું. મંત્રીશ્વર ઉદાયન ૮૦ વર્ષની જૈફ વયે સૈન્યનું નેતૃત્વ લઈને સમરસિંહ સામે યુદ્ધ યાત્રાએ સંચર્યા. માર્ગમાં શત્રુંજય તીર્થાધિરાજની યાત્રા કરી. પ્રભુદર્શન કરતાં એમણે એક ઉંદરને દીપકની પ્રજ્વલિત વાટ લઈને દોડતો નિહાળ્યો. તરત જ વિચાર આવ્યો, 'કાષ્ટના જિનાલય માટે આ ઘટના જોખમકારક નીવડી શકે માટે યુદ્ધ જીતીને પરત આવીશ તો સૌ પ્રથમ શત્રુંજય ગિરિરાજનું આ જિનાલય પાષાણનું રચાવીશ.'

પણ... રે નસીબ ! માનવી ધારે છે કંઈક અને કુદરત કરે છે કંઈક. ઉદાયન મંત્રીએ યુદ્ધમાં સિંહ સમાન શૌર્ય દાખવી જ્વલંત વિજય મેળવ્યો પરંતુ સ્વયં શસ્ત્રોના ઘાથી નખશિખ ઘવાયા. એમને પોતાનું મૃત્યુ નજર સમક્ષ દેખાતું હતું. અંતિમ ક્ષણોમાં ચાર ભાવના દર્શાવી. (૧) શત્રુંજય તીર્થ પર આરસનું જિનાલય નિર્માણ કરવું (૨) ગિરનાર તીર્થ પર સોપાન શ્રેણી રચાવી (૩) નાના પુત્ર અંબડને સેનાપતિ બનાવવો

(૪) મૃત્યુ પૂર્વે સમાધિ મરણ માટે જૈન મુનિનો યોગ કરાવવો.

એમના જ્યેષ્ઠ પુત્ર બાહડ શાહ બાહોશ અને પિતૃભક્ત હતા. છેલ્લી ત્રણ ઈચ્છાઓ તરત જ પૂર્ણ કરી. હવે શત્રુંજય ગિરિરાજના ઉદ્ધાર પર લક્ષ્ય કેન્દ્રિત કર્યું. શુભ મુહૂર્તે, શુભ ઘડીએ શિલ્પીએ મંદિરનું નિર્માણ આરંભ્યું. સતત બે વર્ષ પર્યંત નિર્માણ કાર્ય જારી રહ્યું. ત્યાં સુધી બાહડ મંત્રી પાલીતાણાની તળેટીમાં જ રોકાયા. દેવવિમાન સદશ્ય જિનાલય તૈયાર થયું. પાટણમાં જઈને અશ્વારોહી દૂતે મંત્રીશ્વરને જ્યારે શુભ સમાચાર આપ્યા ત્યારે બત્રીસ તોલા વજનની શુદ્ધ સુવર્ણની જીભ ભેટ આપી. જે જીભ દ્વારા શુભ સમાચાર મળ્યા તે જીભને સુવર્ણથી અલંકૃત કરવી જોઈએ, એવો એમનો આશય હતો.

થોડા સમયમાં અણધારી ઘટના બની. પરોઢે અશ્વારોહી દૂત અશુભ સમાચાર લાવ્યો. ''જિનાલય ભગ્ન થઈ ગયું છે.'' મંત્રીશ્વર બાહડે દૂતને ચોસઠ તોલા વજનની સુવર્ણની જીભ દાનમાં આપી કારણકે એમનું માનવું હતું કે, 'પુનઃ જિર્ણોદ્ધારનો પ્રસંગ પોતાની હયાતીમાં જ આવ્યો. એનો લાભ પોતાને મળશે. પોતાની સંપત્તિ ધર્મમાં વપરાશે.' દૂત આનંદવિભોર બની ગયો. શિલ્પીઓને બોલાવી મંદિરના નુકશાનનું કારણ પૂછ્યું. શિલ્પીઓએ કહ્યું, ''દેવ! મંદિર ભમતી (પ્રદક્ષિણાનો વિસ્તાર) યુક્ત છે. શિખર એટલી ઊંચાઈ પર છે કે ત્યાં પવનના વાવાઝોડા જબરદસ્ત વાય છે. પવન ભમતી વચ્ચે ભરાય છે તેથી પવનના દબાણના કારણે મંદિરને નુકશાન થાય છે. ભમતી રહિત મંદિર બને તો ટકી રહે અને ભમતી રહિત મંદિર બનાવનારનો વંશ નિર્વંશ થાય છે.''

બાહડ મંત્રીએ સંતતિને પ્રાથમિકતા ન આપતાં ભમતી રહિત મંદિર બનાવવાનો સત્વરે નિર્ણય કર્યો. મંત્રી બાહડની આ અનોખી ભક્તિ કથા ગુજરાત, સૌરાષ્ટ્રમાં ઘર ઘર ગવાઈ રહી.

સં. ૧૨૧૧માં શુભ મુહૂર્તે બાહડ મંત્રીએ શત્રુંજય ગિરિ ઉપર ભાવોલ્લાસપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

**તેજપાળ** : (પ્રબંધ પંચશતી)

એકવાર **ગુજરાત**ના મંત્રી **તેજપાળ ભરૂચ** ગયાં. ત્યાં **સમડી (શકુનિકા)** વિહારમાં જિર્ણોદ્ધાર ચાલતો હતો. એ વખતે **આંબડ** મંત્રીએ સ્નાત્ર પૂજા ભણાવી. ત્યારે આ પ્રમાણે કાવ્ય સાંભળવામાં આવ્યું કે 'કૃપાળુ એવા તેજપાળ! પ્રાગ્વટ્ વંશના ધ્વજ સમાન શ્રીમાન આંબડની કીર્તિ તમારી સન્મુખ આવી રહી છે. અત્યાર સુધી હું એકાકીની, વાંસની લાકડીથી યુક્ત ફરતી હતી પરંતુ હમણાં તો પુણ્યના પુંજ સમાન તેજપાળ મંત્રી છે તેથી શું હું સોનાના દંડની ઈચ્છા ન રાખી શકું?'' તે સાંભળીને આંબડે સમડી વિહાર પ્રાસાદ ઉપર ૭૨ દેવકુલિકા સહિત સોનાના ધ્વજદંડક કરાવ્યાં.

વ્યાજમાં રોકેલું ધન બમણું થાય, ધંધામાં રોકલું ધન ચાર ગણું થાય, ખેતરમાં રોકેલું ધન સો ગણું થાય અને ધર્મમાં આપેલું ધન અનંત ગણું થાય છે.

**દશાર્ણભદ્ર રાજર્ષિ** : (પ્રત-૧૧૪, ઋષિમંડલ પ્રકરણ)

આ **ભરતક્ષેત્ર**માં **દશાર્ણપુર નગર**માં જૈન ધર્મી **દશાર્ણભદ્ર રાજા** રાજ્ય કરતા હતા. દશાર્ણપુર નગરની નજીક **દર્શાણગિરિ** ઉપર **શ્રી વીર પ્રભુ**નું સમવસરણ રચાયું. ત્યારે બાર પ્રકારની પર્ષદા ત્યાં વખાણવાણી સાંભળવા આવી. નગરના ઉદ્યાનપાલકે રાજાને વીર પ્રભુના આગમનની વધામણી આપી. તે

સાંભળી દશાર્ણભદ્ર રાજાએ અત્યંત ખુશ થઈ ઉદ્યાનપાલકને અઢળક ધન આપી તેનું દારિદ્રય દૂર કર્યું.

**દાના શેઠ :** (ભારતીય સંસ્કૃતિ દાન ભાવના)

પૂર્ણિમાના ચંદ્રએ અવની પરથી વિદાય લીધી અને પરોઢના સૂર્યના આગમનની કૂકડાએ બાંગ પોકારી. **દાના શેઠ** આંખ ચોળી બેઠાં થયાં. તેમણે જોયું કે, સોળે શણગાર સજેલી કોઈ સ્ત્રી હવેલીના મુખ્ય દ્વાર તરફ જઈ રહી હતી. 'આ સ્વપ્ન છે કે સત્ય ! ના, છે તો સત્ય. કોઈ દૈવી સ્ત્રી લાગે છે.' દાના શેઠ વિચારમાં પડયા.

દાના શેઠ મૂળ ધાર્મિક વૃત્તિનાં હતાં. તેમણે બે હાથ જોડી વિનમ્રતાથી પૂછયું, ''દેવી ! આપ કોણ છો ? પ્રાત: કાળે અહીં કેમ પધાર્યા અને પાછા ક્યાં જઈ રહ્યાં છો ?'' ''હું લક્ષ્મી છું. તારા પુણ્યનો ઉદય હતો ત્યાં સુધી તારી હવેલીમાં રહી, હવે તારા પુણ્યનો અસ્તાચળ થયો છે. તું માત્ર ત્રેવીસ કલાક સુધી જ આ ઐશ્વર્યનો માલિક છે. હું આ સ્થળ છોડી અન્યત્ર જાઉં છું.''

દાના શેઠના પિતા **માધવરાય**નો ઘીનો મોટો વ્યવસાય હતો પરંતુ શેર માટીની ખોટ હતી. તેમણે **'દાન બાપુ'**ની માનતા માની. તેના થકી માધવરાયને ત્યાં પુત્રરત્નનો જન્મ થયો તેથી પુત્રનું નામ 'દાનો' રાખ્યું. દાનો પ્રતિષ્ઠિત વેપારી બન્યા.

દાના શેઠ વિચારે છે કે, 'શું મારું પુણ્ય પરવારી ગયું ? કંઈ વાંધો નહીં.' શેઠનું પરિગ્રહ પ્રત્યેનું મમત્વ તૂટયું. દાનની ભાવનાના પૂર ઉમટયાં. સુપાત્ર દાનની શૃંખલા રચવા શેઠના પગ ઉપડયા. પત્નીને કહ્યું, ''તમારી પાસે જે જર-ઝવેરાત, દર-દાગીના હોય તે મને આપો.'' શેઠાણીએ સસ્મિત દાગીનનાં દાભડા પતિને ધર્યા. શેઠે મુનિમને તેડું મોકલ્યું. મુનિમને સૂચના આપી કે, ''આજે તમામ વ્યાપાર બંધ રહેશે. લેતી-દેતીના હિસાબ તૈયાર કરી મને જણાવો. રોકડ રકમમાંથી અડધી રકમ મને આપો.'' શેઠ રોકડ રકમ અને દાગીનાનાં દાભડા લઈ ગામમાં નીકળી પડયાં. જે ઘરમાં પરણવા લાયક યુવાન કન્યા હતી તેમના માવિત્રોના હાથમાં રૂપિયા અને દાગીના મૂકતાં કહ્યું, ''તમારી દીકરીના લગ્ન પ્રસંગે મારા તરફથી આ ભેટ આપજો.'' શેઠે રોગીઓને ઔષધ અને ઉપચાર માટે રોકડ રકમ આપી. પોતે જે શાળામાં ભણ્યા તે શાળામાં જઈ ગરીબ વિદ્યાર્થીઓને વસ્ત્ર અને પુસ્તક માટે દાનરાશિ આપી. ગૌશાળા - પાંજરાપોળમાં ઘાસ માટે, પાણીની પરબ માટે વધેલી રકમ આપી શેઠ પેઢીએ પાછા ફર્યા. મુનિમે વખારોમાં પડેલા અનાજની વિગતો આપી. શેઠે લેણદારોને ચૂકવવાની જોગવાઈ જેટલું અનાજ રાખી બાકીનું તમામ ગરીબોમાં વહેંચી દીધું. બધા અનુચરો અને ગુમાસ્તાઓને બોલાવી તેમની જરૂરિયાત અનુસાર રકમ આપી, છ મહિનાનો વધારાનો પગાર આપ્યો.

દાના શેઠે ઘરે આવી શેઠાણીને બધી વાત કરી. ''કાલે સવારે આ વિશાળ હવેલીનો ત્યાગ કરવાનો છે.'' શેઠાણી સાચા અર્થમાં સહધર્મચારિણી હતાં. તેમણે બહેનો, દીકરીઓ, સગાવહાલા અને મિત્રોને બોલાવી ઘરનું રાચરચીલું આપી દીધું. ગાયો ગુરુકુળમાં મોકલાવી દીધી. સાંજે મહાજનને બોલાવી શેઠે હવેલી સોંપરત કરી. તેમણે આ હવેલીના સ્થાને સાધુ - સંતોનું વિહારધામ કે ધર્મસ્થાનક બને તેવી ભાવના મહાજનને જણાવી.

પરિગ્રહનું વિસર્જન કરી શેઠ - શેઠાણી વિશાળ ખાલી હવેલીમાં ચટ્ટાઈ પર શાંતિથી નિદ્રાધીન થયાં. વહેલી સવારે શેઠ ઝબકીને જાગી ગયાં. પ્રકાશપુંજમાં એક આકૃતિ હવેલીમાં પ્રવેશી રહી હતી. શેઠે

આંખો ચોળી જોયું તો લક્ષ્મી દેવી હવેલીમાં આવી રહ્યાં છે. દાના શેઠે બે હાથ જોડી દેવીના પુનઃ આગમનનું કારણ પૂછયું. દેવીએ કહ્યું, ''શેઠ! હવે તમે જ્યાં નિવાસ કરશો ત્યાં મારે રહેવું પડશે. તમારા ત્યાગ અને દાનથી પુનઃ પુણ્યોદય થયો છે, જેથી હું પાછી આવી છું.''

દાના શેઠ વિચાર કરતા હતા ત્યાં રાજાના અનુચરે આવી કહ્યું કે, ''રાજ્ય તરફથી તમારા દાવાની પતા પરત કરવામાં આવી છે. તમને વળતર રૂપે રાજાએ એક હવેલી અને સોનું-રૂપું ભરેલા ગાડાઓ મોકલ્યા છે, જેનો આપ સ્વીકાર કરો.''

દાના શેઠ જીવનના પલટાતા પ્રવાહને નીરખી રહ્યા. એમના પુણ્યનો સૂર્ય મધ્યાન્હે ઝગારા મારી રહ્યો હતો. દાન એક પ્રકારનું સુવર્ણ છે. તે સ્વયં મલિન નથી પરંતુ ફૂવડપણાથી, અનાદરથી, અવિધિથી કે અનવસર દાન આપવાથી ઉક્ત દાન પર દોષની કાલિમા ચડે છે પરંતુ નિપુણતાથી, સુઘડપણાથી, સત્કારપૂર્વક, અવસરે વિધિપૂર્વક દાન આપવાથી કાલિમા ધોવાઈ જાય છે.

**દુર્ગત** : (પ્રબંધ પંચશતી, ક.૮૩)

એક વખત **ઉદયન** મંત્રીના પુત્ર **બાહડ** મંત્રીએ **શત્રુંજયતીર્થ**નો જિર્ણોદ્ધાર કરવાનો પ્રારંભ કર્યો. તે વખતે તેમણે સર્વ વ્યાપારીઓને તેમાં લાભ લેવા જણાવ્યું. દરેકે પોતપોતાની શક્તિ અને ભાવના મુજબ આંકડા લખાવ્યા. તેમાં યાત્રાએ આવેલ એક સામાન્ય સ્થિતિના મારવાડીએ પોતાની બધી મૂડીરૂપ પાંચ દ્રમ આ તીર્થના ઉદ્ધાર માટે મંત્રીને આપ્યા. એટલે મંત્રીએ પાંચદ્રમ આપનાર એ **દુર્ગત**નું નામ સૌ પ્રથમ લખ્યું તેથી લાખો અને હજારો લખાવનાર વ્યાપારીઓ નારાજ થયા. તેમને દિલગીર થયેલા જોઈ બાહડ મંત્રીએ કહ્યું કે, ''તમે બધાએ તો તમારી મૂડીનો ઘણો ભાગ રાખી થોડો ભાગ જ લખાવ્યો છે. જ્યારે એણે પોતાની આજીવિકારૂપ સર્વમૂડી ભાવપૂર્વક અર્પણ કરી છે તેથી તેનું નામ મોખરે લખ્યું છે. બધા વ્યાપારીઓ ખુશ થયા અને તેને પગે પડી નમસ્કાર કર્યો.

હવે દુર્ગત પોતે પોતાના ગામ **પાલીતાણા** ગયો. ત્યાં રાંધવા માટે બળતણ લેવા જતાં દ્રમ ભરેલો લોટો મળ્યો. તે લોટો પોતે ન રાખતાં પારણું કર્યા બાદ મંત્રીની પાસે જઈ મૂક્યો. મંત્રીએ કહ્યું કે, ''આ લોટો તારા ભાગ્યથી તને મળ્યો છે માટે તું જ તેનો ઉપયોગ કર.'' છેવટે તેણે તે ધનનો અર્ધભાગ તીર્થના ઉદ્ધારમાં વાપર્યો તેથી મંત્રીએ તેનું સન્માન કર્યું. અનુક્રમે તે પ્રાસાદ તૈયાર થયો તેમાં મંત્રીએ ઘણા ધનનો સદ્વ્યય કર્યો. તે આ પ્રમાણે :

**''लक्षयत्रीविरहिता द्रविणस्य कोटीस्तिस्त्रो विविच्च किल वाग्भटमन्त्रिराजः।**
**यस्मिन् युगादिजिनमन्दिरमुद्दधार श्रीमानसौ विजयतां गिरिपुण्डरीकः।।''**

જેમાં ત્રણ ક્રોડમાં ત્રણ લાખ ઓછું - (૨,૯૭,૦૦,૦૦૦) ધન ખર્ચીને વાગભટ્ટ મંત્રીરાજે યુગાદિ જિનમંદિરનો ઉદ્ધાર કર્યો છે, તે શ્રી પુંડરીક ગિરિરાજ વિજય પામો.

માનવીએ હંમેશાં ધનનો સદ્માર્ગે વ્યય કરી ધનની સફળતા પ્રાપ્ત કરવી જોઈએ. અલ્પ-શક્તિવાળો થોડું ધન પણ સન્માર્ગે વાપરે તો પણ તેને દુર્ગતની જેમ ઘણો લાભ થાય છે.

**નૃપ અને યાચક :** (પ્રબંધ પંચશતી )

એકવાર એક રાજા વડે યાચકને પૂછાયું કે, "**તત્તન્ન**(તે તે નથી) તે પ્રમાણે તું ગીત કેમ ગાયા કરે છે ?" યાચકે કહ્યું, "તેનો અર્થ એવો થાય છે કે જે દાનવીર વડે દાન ન અપાય ત્યાં લક્ષ્મી ચિરકાળ રહેતી નથી." યાચકનું વચન સાંભળી રાજા વડે નિત્ય ઘણું ધન દાનમાં અપાવા લાગ્યું. રાજાને જોઈને તે નગરનાં શ્રેષ્ઠીએ પણ તે પ્રમાણે કર્યું તેથી તેમને સ્વર્ગનાં સુખો મળ્યાં. ક્રમે કરીને તેઓ મોક્ષે જશે.

**પંકપ્રિય કુંભાર :** (ધન્ય ચરિત્ર; ઉપદેશ તરંગિણી, પૃ. ૩૮)

**અયોધ્યા**નો રાજા [1]**જિતારિ** મૃગલાના ટોળા પાછળ દોડતે ઘોડે પડયો પરંતુ ચપળ મૃગલા રાજાને ઊંડી અટવીમાં લઈ ક્યાંક અદશ્ય થઈ ગયાં. બપોર તપ્યો. રાજા ભૂખ્યો અને તરસ્યો થયો. તેણે આગળ પાછળ જોયું પરંતુ કોઈ સેવક ન જણાયો. રાજાએ અહીં તહીં નજર નાંખી. તો સરોવરની પાળે એક ઝૂંપડી જોઈ. એક વૃદ્ધ પુરુષ નજરે ચડયો. રાજા ત્યાં ગયો. વૃદ્ધ રાજાને પગે પડયો. પોતાની ઝૂંપડીએ લઈ જઈ તેને શીતલ પાણી પાયું. રાજા કંઈક સ્વસ્થ થયો એટલે ભોજન કરી રાજાને જમાડયો.

રાજાએ પૂછયું, "વૃદ્ધ ! તમે ભગવાં કપડાં પહેર્યાં નથી તેથી તમે તાપસ તો નથી જણાતાં ! તો આ ગૃહસ્થવેશે તમારે શા માટે જંગલમાં રહેવું પડે છે ?" વૃદ્ધે કહ્યું, "રાજન્ ! મારું નામ **પંકપ્રિય** છે. હું આપની અયોધ્યા નગરીનો કુંભાર છું. મારે બહોળો પરિવાર છે. મારા ઘરે છોકરાં છૈયાં વગેરે સારો કુટુંબ કબીલો છે. મેં મારી પ્રકૃત્તિને બદલવા ઘણો પ્રયત્ન કર્યો પણ બદલાઈ નહીં. મારી પ્રકૃતિ એ છે કે, કોઈપણ વધારીને વાત કરે તે મને બિલકુલ ન ગમે જેમ કે - કેટલીક ભૂંડી ભમરાળી સ્ત્રીઓ હોય અને લોકો એના વખાણ કરે કે, તેનું મુખ તો ચંદ્રમાં જેવું છે; કુડા, કુરુપ છોકરાને ઊંચકીને રહેલો યુવાન એમ કહે આ તો કનૈયા કુંવર જેવો છે; લગ્નમાં ખર્ચ પાંચસો રૂપિયાનો કરે અને બડાઈ હાંકે કે મેં પાંચ હજારનો ખર્ચ કર્યો છે. રાજન્ ! આવી ખોટી વાતો મારાથી બિલકુલ ખમાતી નથી. તે બાબતે હું લોકો સાથે વઢી પડું છું અને એમાં ન ફાવું ત્યારે મારું માથું કૂટું. માથું કૂટતાં માથે મોટાં ઢીમડાં થયાં. સંતાનોએ કહ્યું, 'પિતાજી ! આ દુનિયા વાયડી છે. તેને બડાઈ હાંક્યા વિના ન ચાલે. એ એના મોઢે ભલે બોલે. તમે શા માટે ચીડાવ છો ?' પરંતુ મારાથી ન સહેવાયું તેથી હું જંગલમાં ઝૂંપડી બાંધી રહું છું. ઘટે વધે તે સંતાનો પૂરું કરે છે. રાજન્ ! મને અહીં પરમ શાંતિ છે."

રાજાએ કહ્યું, "પંકપ્રિય ! તમે મારા ઉપકારી છો. તમે મારી સાથે શહેરમાં ચાલો. કોઈ વધુ પડતું બોલશે, તો હું એની જીભ ખેંચી લઈશ." વૃદ્ધે કહ્યું, "રાજન્ ! આગ્રહ ન કરો. હું અહીં સુખેથી રહીશ. મને અહીં કોઈ વાતની આપદા નથી." રાજાએ કહ્યું, "તમારી અહીં સારસંભાળ કોણ લેશે ? તમારું દુઃખ હું જાણી ગયો છું. તમને રાજમહેલમાં એવું કંઈ નહીં થાય." રાજાએ રક્ષાની પૂરી બાંહ્યધરી આપી. રાજાએ પંકપ્રિયને નગરમાં લાવી ધન અને ગરાસ આપ્યો.

પંકપ્રિય અને જિતારિ રાજા વાર્તાલાપ કરતાં થોડે દૂર ચાલ્યા ત્યાં એક બોરડી પાસે પંદર વર્ષની સ્વરૂપવાન કન્યા બોર વીણતી હતી. તેનાં કપડાં મેલાં હતાં પરંતુ મુખનું લાવણ્ય ઝબકતું હતું. રાજાએ પૂછયું, "તું કોણ છે ? તારું નામ શું છે ?" કન્યાએ કહ્યું, "હું ક્ષત્રિય કન્યા છું. મારું નામ **ખક્ખા** છે." રાજા હસ્યો એટલે કન્યા શરમાઈને ચાલી ગઈ. તે રાજાના દિલમાં વસી ગઈ. રાજાએ તેના પિતાની સંમતિથી કન્યા સાથે

---

૧. તા.ક. ઉપદેશતરંગિણી અનુસાર **પાટલિપુત્ર**ના નરેશ **નરવાહન** રાજા હતા.

વિવાહ કર્યા.

રાજાએ નગરમાં આવી ઢંઢેરો પીટાવ્યો કે, ''કોઈએ પણ પંકપ્રિય કુંભકાર આગળ વધુ પડતું કે અસંબદ્ધ બોલવું નહીં, અન્યથા કડક શિક્ષા થશે.'' રાજાજ્ઞાથી સહુ કોઈ પંકપ્રિય સામે સમજીને બોલવા લાગ્યા.

શરદ ઋતુ આવી. રાજા ખક્ખા અને પંકપ્રિય સાથે ફરતાં ફરતાં જ્યાં તેણી બોર વીણતી હતી તે બોરડી પાસે આવ્યા. રાજાએ પૂછ્યું, ''દેવી ! આ ઝાડ શેનું છે ?'' રાણીએ કહ્યું, ''મને ખબર નથી.'' પંકપ્રિય મુઠ્ઠીઓ વાળી માથું કૂટવા લાગ્યો. રાજાએ તેનું કારણ પૂછ્યું. વૃદ્ધે કહ્યું, ''ગઈકાલની રખડતી ખક્ખા આ બોરડીના બોર વીણતી હતી અને આજે કહે છે કે આ ઝાડ કયું છે તેની મને ખબર નથી. રાજન્ ! મારે મહેલમાં કે તમારી સાથે નથી રહેવું. મારે માટે તો ભલી મારી અટવીની ઝૂંપડી !''

રાજાએ વિચાર્યું, 'રાણી પોતાના વર્તમાન સુખમાં પોતાની પૂર્વ અવસ્થાને ભૂલી ગઈ છે તેથી તે સાચી સુખી કહેવાય. તેમાં એનો કોઈ દોષ નથી. પંકપ્રિયની પ્રકૃતિ દુઃસ્તયજ છે.' રાજાએ કહ્યું, ''પંકપ્રિય ! તમારે જવું હોય તો વનમાં ભલે જાવ પરંતુ માણસ પોતાના સુખ કે દુઃખના અતિરેકમાં તન્મય થઈ કાંઈ બોલે તેટલા માત્રથી માથું ન ફોડાય.''

પંકપ્રિય મૌન રહ્યો પરંતુ બીજે દિવસે રાજમહેલમાં ન દેખાયો. તે જંગલમાં ઝૂંપડી બનાવી જીવનના અંત સુધી અનાથ બની રહ્યો. મરતાં મરતાં તે બોલ્યો, ''**महवयणेंण पावज्जेज्ज पुत्तय अणक्खे । -** હે પુત્રો ! મારી જેમ ઈર્ષા ન કરશો. ઈર્ષા કરવાથી સામેવાળાનું કંઈ બગડતું નથી પરંતુ આપણું જ લોહી, બળ અને હૃદય બગડે છે.''

અવસરે ઘરે આવેલા યજમાનનું આતિથ્ય સત્કાર કરી તેને દાન આપવું એ ઉચિતદાન છે. રાજાની સરભરા કરનાર પંકપ્રિય કુંભકારને રાજા તરફથી સન્માનમાં અપાયેલું ધન એ ઉચિત દાન છે.

**પંચદંડ છત્ર** : (વિક્રમ ચરિત્ર, ભા.૨, પૃ.૧૬૦)

**ચંદ્રચૂડ** નામના નાગકુમારે પોતાની પુત્રી **કમલાવતી**ના વિવાહ **વિક્રમ રાજા** સાથે કર્યા. નાગકુમારના પિતાએ પોતાની પુત્રી **સુરસુંદરી**ને પરણાવી ત્યારે દાયજામાં **મણિદંડ** આપ્યો હતો. વિક્રમ રાજાએ વિષાપહાર, ભૂમિવિસ્ફોટ અને મણિદંડ રૂપ ત્રણેય મનોહર દિવ્ય દંડો મેળવ્યાં તેમજ પાંચ પ્રિયાઓ સાથે ત્યાંથી પ્રયાણ કર્યું. ભૂમિસ્ફોટ દંડના પ્રભાવથી વિક્રમ રાજા પાતાળ નગરીમાંથી **અવંતી નગરી**માં આવ્યા.

વિક્રમ રાજાએ ત્રણે દંડો **નાગદમની** નામની સ્ત્રીને આપ્યાં. તેણીએ અત્યંત મનોહર એવા પંચદંડ છત્રનું નિર્માણ કર્યું તેમજ દિવ્ય મણિઓ વડે છત્રને સુશોભિત કર્યું. તેના ઉપર મણિરત્નનું ઝુમખું બાંધ્યું. આ પંચદંડછત્ર વડે તેણીએ રાજાના મહેલ પાસેના ઉદ્યાનમાં જઈ તરત ફળ આપનારા આંબાનાં બીજોનું વાવેતર કરી આંબાવાડી બનાવી. ત્યારપછી દંડ વડે સ્ફટિકની શિલા વડે શોભતું અદ્‌ભુત સિંહાસન બનાવ્યું. શુભ મુહૂર્તે આ દિવ્ય સિંહાસન ઉપર વિક્રમ રાજા બિરાજમાન થયાં. તેમના મસ્તક પર પંચદંડમય છત્ર પોતે ધારણ કર્યું.

આ સિંહાસન ઉપર બેસી રાજા વિક્રમે યાચકોને પુષ્કળ દાન આપ્યું તેથી યાચકો તત્કાલ શ્રીમંત જેવા થયાં. આ ઉપરાંત રાજાએ લોકોનો કરવેરો માફ કર્યો.

**પ્રજાપાલક નૃપ** : (પ્રબંધ પંચશતી , ઓઘ નિર્યુક્તિ)

દુકાળને કારણે સર્વ પ્રજા ધાન્ય વિના મરવા લાગી ત્યારે રાજાએ વિચાર્યું કે, 'હું પ્રજાપાલક છું માટે મારે પ્રજાને ઉગારવી જોઈએ. પ્રજા હશે તો જ રાજા રાજ્ય કરી શકે.' રાજાએ તરત જ કોઠારમાંથી ધાન્ય કાઢીને પ્રજામાં વહેંચ્યું. અવસરે રાજાની ઉચિત દાનવીરતા જોઈ પ્રજા ખુશ થઈ ગઈ.

**બુધસિંહ શ્રમણોપાસક** : (જૈન ધર્મમેં દાન)

**પંજાબ** રાજ્યના **અમૃતસર** શહેરમાં **બુધસિંહ** નામના એક ઓસવાળ જ્ઞાતિના શ્રાવક હતા. લોકો તેમને **'લાલા બુધસિંહ જૌહરી'**ના નામથી બોલાવતા હતા. તેઓ જવેરાતનો વ્યાપાર સચ્ચાઈ અને પ્રમાણિકતાથી કરતા હતા. બુધસિંહજી પોતાની જ્ઞાતિના ગરીબ ભાઈઓને ગુપ્ત રીતે સહાયતા કરતા હતા. તેઓ એ ઢંગથી કોઈને પણ મદદ કરતા કે જેની કોઈને ખબર ન પડતી. જે મોહલ્લામાં તેમનું મકાન હતું તે મહોલ્લામાં જૈન, સીખ, બ્રાહ્મણ, ખત્રી અથવા કોઈ પણ ધર્મના વ્યક્તિની તંગ દશામાં કે બીમારીમાં જેવી જરૂરિયાત હોય તે પ્રમાણે ચૂપચાપ સ્વયં તેમના ઘરે જઈ મદદ કરતા હતા.

તેઓ પરોઢે ચાર વાગે ઉઠતા અપને પોતાની પરોપકારિણી દયાળુ ગૃહલક્ષ્મીને પૂછતા, "કોણ ગરીબ ભાઈ બીમાર છે, જે પોતાનો ઈલાજ કરાવી શકતો નથી ? કોની આર્થિક હાલત નબળી છે ? કોઈ બહેન દુઃખી છે ?" એની ખબર મળતાં જ તેઓ સૂર્યોદય પહેલાં જ અર્ક, મુરબ્બો, દૂધ, દવા અને પથ્ય વગેરે લઈ સ્વયં આપી આવતા.

તેમની દષ્ટિમાં ધર્મ કે જ્ઞાતિના કોઈ વાડા ન હતા. સર્વને ભાઈ-ભગીની માનતા હતા. આ સેવા પાછળ પણ નામના, કીર્તિ, ખ્યાતિ કે પ્રસિદ્ધિની કોઈ મહેચ્છા ન હતી. તેમની દાન ભાવના માત્ર મનુષ્ય સુધી પણ સીમિત ન હતી, પશુ-પક્ષીઓને પણ અનાજ, ઘાસચારો નાખતા. બીમાર જાનવરોનો પોતાના ખર્ચે ઈલાજ કરાવતા. પ્રતિદિન ઉપાશ્રયમાં જઈ સામાયિક કરતા, પંચપરમેષ્ઠીનો જાપ કરતા અને વ્યાખ્યાન શ્રવણ કરતા હતા. તેઓ સાધુ-સાધ્વીને અત્યંત ભાવથી આહાર, વસ્ત્ર, પાણી, પાત્ર, શાસ્ત્ર આદિ ધર્મોપકરણ વહોરાવતા હતા.

આમ, ગુપ્તદાનમાં શ્રમણોપાસક બુધસિંહનું ઉચિત દાન ઉત્કૃષ્ટ નમૂનો છે.

**બુદ્ધિશાળી ખેડૂત** : (પ્રા.જૈ.ક.)

એકવાર રાજા નગરચર્યા કરવા નીકળ્યા. ત્યાં તેમણે ખેતરમાં હળવટ (ખેતી) કરતા કૃષિવલને જોયો. તેને પૂછ્યું, "તારી રોજની આવક કેટલી ?" ખેડૂતે કહ્યું, "એક રૂપિયો" રાજાએ પૂછ્યું, "આટલી ઓછી આવકમાંથી તું કઈ રીતે જીવન નિર્વાહ કરે છે ?" ખેડૂતે કહ્યું, "એક રૂપિયાના ચાર ભાગ કરું છું. એક ભાગ હું ખાઉં છું. બીજો ભાગ ઉધાર આપું છું. ત્રીજો ભાગ કર્જમાંથી છૂટવા વાપરું છું અને ચોથો ભાગ કૂવામાં નાખું છું." રાજાએ કહ્યું, "કૃષિવલ ! મને સમજાયું નહીં. એનું રહસ્ય શું છે ?"

ખેડૂતે કહ્યું, "પહેલા ભાગથી હું મારું અને મારી પત્નીનું ભરણ પોષણ કરું છું. બીજા ભાગ વડે પુત્રોનું ભરણપોષણ કરું છું જેથી તેઓ વૃદ્ધાવસ્થામાં અમારી સારસંભાળ રાખે. અર્થાત્ બીજો ભાગ ઉધાર

આપું છું. ત્રીજો ભાગ મા-બાપ માટે વાપરું છું કારણકે તેમનો પરમ ઉપકાર છે. અમને સુખ-દુ:ખ વેઠી મોટા કર્યા છે તેથી ત્રીજો ભાગ તેમના ઋણમાંથી છૂટવા વાપરું છું. ચોથો ભાગ પરલોકના સુખ માટે દાનમાં આપી પુણ્ય ઉપાર્જન કરું છું તેથી ચોથો ભાગ કૂવામાં ફેંકું છું.''

રાજા આ સાંભળી આશ્ચર્ય પામ્યો. ખેડૂતને શાબાશી આપતાં કહ્યું, ''હે બુદ્ધિમાન ! તમારા જેવા પુરુષથી જ મારું રાજ્ય શોભે છે. હે ધરતીપુત્ર ! જ્યાં સુધી તું સો વાર મારું મુખ ન જુવે ત્યાં સુધી તારે આ વાત કોઈને ન કહેવી.'' ખેડૂતે હકારમાં માથું ધુણાવ્યું.

એકવાર રાજસભામાં રાજાએ પોતાના મંત્રીમંડળ સમક્ષ ખેડૂતના ગૂઢ રહસ્યભર્યા પ્રશ્નો પૂછયાં. ''એક ભાગ ખાય છે, બીજો ભાગ ઉધાર આપે છે, ત્રીજો દેવામાંથી છૂટવા વાપરે છે અને ચોથો કૂવામાં નાંખે છે. તેનો ભાવ કહો.'' મંત્રી મંડળ એકબીજાની સામે જોવા લાગ્યું. કોઈ જવાબ આપવાને સમર્થ ન થયા ત્યારે રાજાએ કહ્યું, ''પંદર દિવસમાં તમારે જવાબ આપવાનો રહેશે, અન્યથા દંડ કરીશ.'' સભા બરખાસ્ત થઈ.

એક વિચક્ષણ પ્રધાને પરંપરાથી રાજા અને ખેડૂતના મિલનનો પ્રસંગ જાણીને, તે ખેડૂતના ઘરે પહોંચી ગયો. ખેડૂતે પ્રશ્નોના ઉત્તર જણાવવા કહ્યું. ખેડૂતે કહ્યું, ''હે પ્રધાનજી ! જ્યાં સુધી સો વાર રાજાનું મુખ ન જોઉં ત્યાં સુધી હું પ્રશ્નોનાં રહસ્યને ઉકેલી ન શકું કારણકે હું વચનથી બંધાયેલો છું.'' ચતુર પ્રધાને ખેડૂત સમક્ષ રાજાની આકૃતિવાળી સો સુવર્ણમુદ્રાઓ મૂકી. ખેડૂતે પ્રશ્નોનું રહસ્ય જણાવ્યું.

પંદર દિવસે રાજસભામાં રાજાએ પ્રશ્ન પૂછયાં. ત્યારે બાકીના પ્રધાનો મૌન રહ્યા. વિચક્ષણ પ્રધાને તેના સચોટ-યથાર્થ ઉત્તર આપ્યાં. રાજાએ અનુમાન કર્યું કે, 'આ પ્રધાને ખેડૂત સાથે મશલત કરી છે.' રાજાએ ખેડૂતને રાજદરબારમાં બોલાવ્યો. રાજાએ કહ્યું, ''હે કૃષિવલ! તેં વચનભંગ કર્યો છે.'' ખેડૂતે કહ્યું, ''મહારાજ ! મેં શરત અનુસાર આપશ્રીનું સો વાર મુખ જોયું છે.'' રાજાએ કહ્યું, ''કૃષિવલ ! તું મને ક્યારે મળ્યો હતો ?'' ત્યારે ખેડૂતે રાજાના મુખથી મુદ્રિત થયેલી સુવર્ણમુદ્રાઓ રાજાને બતાવતાં કહ્યું, ''આ સોનામહોરોમાં મેં આપનું મુખદર્શન કર્યું છે.'' ખેડૂતની કુશળ બુદ્ધિ પ્રતિભાથી પ્રભાવિત થયેલા રાજાએ તે સો સોનામહોરો તેને બક્ષિસરૂપે આપી. તેનું ઉચિત દાન આપી સન્માન કર્યું. હવે ખેડૂત રાજમાન્ય બન્યો.

આ માર્મિક કથાનક ભૂત, ભવિષ્ય અને વર્તમાન જીવનમાં સુખની ચાવી દર્શાવી દિશા ચીંધનાર બની રહે તેવું છે.

**ભડવીર ભામાશા :** (આત્મવીરની કથાઓ, પૃ.૫૦-૫૧)

યવનો સાથે **હલદી ઘાટી**નું યુદ્ધ લડી દુશ્મનોને ત્રાહી ત્રાહી પોકરાવનાર, સ્વમાનને ખાતર માથું આપનાર, **મેવાળ**ના **મહારાણા પ્રતાપ** આજે નિર્જન પહાડોની ગુફામાં, ખાડા-ટેકરાવાળી જમીનમાં અને ભયાનક જંગલમાં રખડી રહ્યાં હતાં. અનેક યુદ્ધો ખેલાયાં, આશાના સાગરો નિહાળ્યાં પરંતુ આજે નિરાશ વદને બેઠાં હતાં. મેવાળની ભૂમિને છેલ્લી સલામ ભરી ત્યાંથી નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

ભારતવર્ષનો એક બહાદુર હિંમતબાજ પ્રતાપ હિંમત ખોઈ બેસવાની તૈયારીમાં હતો, સિસોદીયા કુળ રસાતાળ થવાનું હતું. તેવા ટાણે ધીરજ બંધાવવા એક મજબૂત બાંધાનો, લક્ષ્મીનો લાડીલો સરદાર દંડવત્ પ્રણામ કરી બોલ્યો, ''પ્રજાપાલક આ શું ? કયા સાધનોની કમી પડી કે સાંપ્રત કાળે હતાશા અનુભવો છો ? આપની સાથે જીવના જોખમે અમે મરતાં સુધી લડીશું. શું દર્દ છે ? અંતર ખોલીને જણાવો.'' પ્રતાપે ડુસકાં ભરતાં કહ્યું, ''શો ફાયદો ? લડવા માટે લશ્કર નથી, ખાવા માટે અન્ન નથી અને સૈન્યને આપવા માટે ધન નથી.

શું કરવું ?''

**ભામાશા** બોલ્યા, ''કૃપાનિધાન ! આ ભામાશાનો ધન ભંડાર આપના દેશના ઉદ્ધારાર્થે સમર્પણ છે. સ્વીકારો મારી આ તુચ્છ ભેટ ! આ પચ્ચીસ લાખ રૂપિયાની થેલી અને વીસ હજાર સોનામહોરો સ્વીકારો. તેમાંથી ૨૫૦૦૦ સૈનિકોનો બાર વર્ષ સુધી નિર્વાહ થઈ શકશે. પિતૃઓના પિતૃએ ઉત્તરોત્તર દિવાનગીરીમાંથી સંગ્રહી રાખેલો આ પૈસો છે. આપનો જ છે, આપ સ્વીકારો. અમે જૈનો સંપત્તિનો આધાર સંગ્રહ કરવામાં નહિ પરંતુ ત્યજવામાં જ માનીએ છીએ. ધન તો મને ફરી મળી રહેશે પરંતુ ખોઈ બેઠેલી મેવાડ ભૂમિની સ્વતંત્રતા પુનઃ મળવી કઠીન છે.'' પ્રતાપની આંખોમાં હર્ષના અશ્રુ ધસી આવ્યાં. ભામાશાની રાજભક્તિ જોઈ પ્રતાપના મુખમાંથી શબ્દો સહજ સરી પડયાં, ''ધન્ય છે દાનવીર ભામાશાને ! ધન્ય છે તારી દેશ ભક્તિને !'

મહારાણા પ્રતાપે ભામાશાને વિશ્વાસ અપાવ્યો કે, 'હવે હું તનતોડ મહેનત કરી મેવાડની સ્વતંત્રતા માટે યુદ્ધ કરીશ.' આ હતો દાનવીર ભામાશાના દાનનો અદ્‌ભુત પ્રભાવ ! એક દુઃખી હૃદયને દાન આપી સહાયતા કરવી એ એક એવો ચમત્કાર છે, જેને પવિત્રાત્મા જ કરી શકે.

**ભીમ વણિક :** (ઉપદેશ તરંગિણી, પૃ.૧૦૭-૧૦૮)

**ખંભાતમાં ભીમ** નામે એક શ્રાવક હતો, જેણે ઘણું ધન ખર્ચી ચંદનના લાકડા અને હાથીદાંતની પૌષધશાળા બંધાવી હતી. સંઘે તેની ઉપેક્ષા કરતાં કહ્યું, ''નગરનાં છેવાડે આવેલી આવી પૌષધશાળામાં તો ભીલ લોકો જ કબ્જો કરીને રહેશે.'' ત્યારે ભીમે કહ્યું, ''દૂરથી વિહાર કરીને આવેલા શ્રમિત શ્રમણ ત્યાં રાત્રિવાસો રહેશે અને પૌષધ, ધ્યાનાદિ કરશે તો મારી લક્ષ્મી લેખે લાગી, તેનો સદુપયોગ થયો એવું માનીશ.'' સમય જતાં નગરનો વિસ્તાર વધ્યો અને પૌષધશાળા બરાબર ગામની વચ્ચોવચ થઈ ગઈ.

**ભોજ રાજા :** (પ્રબંધ પંચશતી, ક.૫૦૬)

એક વખત ભોજરાજાની સભાની નજીક રહેલ વડની શાખા ઉપર રહેલ પોપટ બોલ્યો ''**नष्टं नष्टं नष्टं नष्टं.**'' આ પદનો અર્થ રાજાએ બધા પંડિતોને પૂછયો. પરંતુ કોઈ પંડિતે ઘણું વિચાર્યા છતાં જાણ્યો નહિ. કોઈ વિદ્વાન કુટુંબે તેનો અર્થ આ પ્રમાણે કહ્યો. ઘરના વડીલ બ્રાહ્મણે કહ્યું, ''**कुभोजनात् दिनं नष्टं**'' અર્થાત્ ખરાબ ભોજનથી દિવસ બગડયો. સ્ત્રીએ કહ્યું, ''**भार्या नष्टा कुशालिनी**'' અર્થાત્ અસદાચારી નારી નાશ પામ્યા સમાન (જીવતર બગડે) છે. પુત્ર બોલ્યો, ''**कुपुत्रेण कुलं नष्टं**'' અર્થાત્ ખરાબ પુત્રથી કુળ નાશ પામે છે. પુત્રવધૂ બોલી, ''**तन्नष्टं यन्न दीयते**'' અર્થાત્ જે (ધન) દાનમાં ન અપાય તે નાશ પામેલું છે.

'નષ્ટં' પદનો સાચો જવાબ સાંભળી ખુશ થયેલ રાજાએ વિદ્વાન કુટુંબને લાખ રૂપિયા દાનમાં આપ્યા.

**ભોજરાજા અને કમલ :** (પ્રબંધ પંચશતી, ક. ૫૧૨)

રાજા **ભોજ**ના રાજ્યમાં **કમલ** નામનો ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તે નિર્ધન હતો પરંતુ સ્વાભિમાની અને સંતોષી હતો. ધનસંગ્રહ કરવાની અભિલાષાથી તે કદી કોઈની પાસે હાથ લાંબો કરતો ન હતો; ન અપમાનિત થઈ ભિક્ષા લેતો હતો. પ્રાયઃ ભિક્ષા પર તેનું જીવન નભતું હતું. તેના ઘરમાં પત્ની અને માતા એમ ત્રણ જણ રહેતા હતા. ક્યારેક પર્યાપ્ત ભિક્ષા ન મળતી તો ભૂખ્યા પેટે સૂવું પડતું હતું.

એક દિવસ તે નગરમાં ઘણું ભમ્યો પરંતુ ક્યાંયથી ભિક્ષા ન મળી. અતઃ તે ખાલી હાથે પાછો ફર્યો. બ્રાહ્મણે વિચાર્યું, 'આજે ખૂબ જોરથી ભૂખ લાગી છે. પત્નીએ કંઈ બચાવીને રાખ્યું હશે તે ખવડાવશે.' એવું વિચારી તે ઘરે આવ્યો. આ બાજુ માતા અને પત્ની પણ તેની પ્રતીક્ષા કરી રહી હતી. બ્રાહ્મણને ખાલી હાથે આવેલો જોઈ બન્ને નિરાશ થઈ ગઈ. બ્રાહ્મણે ઘરમાં પગ મૂક્યો અને પત્નીને કહ્યું, "**શંખિની** ! કંઈ હોય તો ખાવા આપ." પત્નીએ કહ્યું, "કંઈ લાવ્યા હો તો આપો, તો ભોજન બનાવી આપું. ઘરમાં તો કંઈ જ નથી." બ્રાહ્મણે કહ્યું, "હું તો રોજ લાવું છું. આજ ન મળ્યું તો હું શું કરું ? શું તું પત્ની થઈને એક દિવસનું પણ ભોજન ન આપી શકે."

બ્રાહ્મણીએ ગુસ્સે થતાં કહ્યું, "ક્યારેય એક દિવસથી વધુ ભિક્ષા લાવ્યા છો કે મને સાચવીને કેમ ન રાખ્યું એવું પૂછો છો. એક તો લાવીને આપવું નહીં, માંગવું અને ઉપરથી કજિયો કરવો ? જો પરિવારનું પાલન કરવાની ત્રેવડ ન હોય તો વિવાહ શા માટે કર્યા ?" બ્રાહ્મણ લાલપીળો થઈ ગયો. તેણે ગુસ્સો ઠાલવતાં કહ્યું, "શંખિની ! મારા ઘરમાં તારા જેવી આવી તો ખાવાનું ક્યાંથી મળે ? કોઈ સુલક્ષણી આવી હોત તો કમાવીને લાવત પરંતુ તું અભાગણી એવી મળી કે હું ભટકી ભટકીને થાક્યો પણ અન્નનો દાણો ન મળ્યો. તું અર્ધાંગિની છે, તારે કંઈ તો કરવું જોઈએ. કદાચિત્ કોઈ અતિથિ આવી જાય તો !" બ્રાહ્મણીનો પારો સાતમાં આસમાને પહોંચ્યો. તેણે કહ્યું, "ધિક્કાર છે, આ સાસુજીને ! જેમણે તમારા જેવા નમાલા પુત્રને જન્મ આપ્યો છે. હું અભાગણી છું પરંતુ તમારી માતા તો ભાગ્ય શાલિની છે. તો તેમના ભાગ્યથી જ કંઈક મળવું જોઈએ ને ? વાસ્તવમાં તે જ અભાગણી છે, તેથી તમારા જેવા કપૂતને જન્મ આપ્યો છે. હું કંટાળી ગઈ છું."

બ્રાહ્મણે અત્યંત ક્રોધિત થઈ કહ્યું, "તારા માતા-પિતાએ આવા સંસ્કાર આપ્યા છે કે તું સાસુ માટે અપશબ્દ બોલે છે ? નિર્લજ્જ તને શરમ નથી આવતી ?" આમ કહી બ્રહ્મણે પત્ની પર હાથ ઉગામ્યો. બ્રાહ્મણી, "બચાવો, બચાવો"ની બૂમો મારવા લાગી. તેને માથામાંથી લોહીની ધાર વહેતી હતી. સ્ત્રીનો અવાજ સાંભળી સૈનિકો આવ્યા. તેમણે પૂછતાછ કરી. બ્રાહ્મણીએએ કહ્યું, "આમણે મને ખૂબ માર માર્યો છે. મારું માથું ફોડી નાખ્યું છે. ઘરમાં ખાવાનું નથી છતાં મારી પાસેથી ખાવાનું માંગે છે. આ રાજ્યમાં એવા પણ લોકો છે, જેઓ હોંશેથી વિવાહ તો કરે છે પણ પત્નીને પાળવાની ત્રેવડ નથી. તમે પૂછો તેમને."

સૈનિકોએ બન્ને તરફની તપાસ કરી કહ્યું, "તમે નિર્દોષ સ્ત્રી ઉપર અત્યાચાર કર્યો છે માટે તમને ગિરફ્તાર કરવામાં આવે છે." સૈનિકોએ બ્રાહ્મણને બંદી બનાવી કોટવાલને સોંપ્યો. બ્રાહ્મણે વિચાર્યું, 'મેં ક્રોધમાં આવી પત્ની ઉપર અત્યાચાર કર્યો છે પરંતુ હું શું કહીશ ? સૈનિક અને કોટવાલ સમક્ષ મારી કષ્ટ કથા કહીને લજ્જિત થવા સિવાય કોઈ વિશેષ લાભ નહીં થાય માટે હું રાજા સિવાય કોઈની સમક્ષ હરફ સુદ્ધાં નહીં ઉચ્ચારું.' કોટવાલે તેને ડરાવ્યો, ધમકાવ્યો પણ તે ટસનો મસ ન થયો. ત્યારે તેને મહારાજા સમક્ષ હાજર કરવામાં આવ્યો. રાજાએ સરકારી કર્મચારીને પૂછપરછ કરી બ્રાહ્મણનો મામલો જાણી લીધો હતો. રાજાએ બ્રાહ્મણને પૂછયું, "શું આ વાત સાચી છે ?" બ્રાહ્મણે કહ્યું, "હા" રાજાએ કહ્યું, "તેં અપરાધ કર્યો છે તો અવશ્ય દંડ મળશે. રાજન્ ! મારી વાત સાંભળી પછી મને દંડ આપજો." રાજાએ કહ્યું, "શું કહેવા માંગે છે ?" ત્યારે બ્રાહ્મણે કહ્યું -

**"अंबा तुष्यति न मया न स्नुषया साऽपि नांबया न मया।**
**अहमपि न तया न तया वद राजन् कस्ये दोषोऽयं।।"**

**અર્થ :** મારાથી અને મારી પત્નીથી મારી માતા ખુશ નથી. વળી, તે પુત્રવધૂ પણ મારા વડે અને માતા વડે ખુશ થતી નથી અને હું પણ તેઓ બન્નેથી ખુશ નથી. હે રાજન્ ! તમે જ કહો કે આમાં દોષ કોનો છે ?

ત્યાર બાદ રાજાએ કજીયાનું સ્વરૂપ પૂછયું, ત્યારે તે બોલ્યો, **ભીમ** નામનો બ્રાહ્મણ અને **ભીમા** નામની બ્રાહ્મણીનો **કમલ** નામનો હું પુત્ર છું. **પ્રભા** નામની મારી પત્ની છે પરંતુ ઘરમાં દરિદ્રતાએ ધામા નાખ્યાં તેથી ધનના અભાવે હંમેશાં કજીયો થાય છે. એટલે જ મારા વડે સ્ત્રી ખુશ નથી. માતા વડે હું ખુશ થતો નથી. તે સાંભળી રાજાએ પરિવારની શાંતિ માટે **'आंबा तुष्यति'** શ્લોક કહેનારને હજાર સુવર્ણ મુદ્રાનું ઉચિત દાન આપ્યું.

ભંડારીને આશ્ચર્ય થયું કે, 'સ્ત્રીને મારનારને દંડને બદલે સોનામહોરનું દાન ?' રાજા ભંડારીના મનોગત ભાવ પામી ગયા. તેમણે કહ્યું, ''અપરાધ બ્રાહ્મણ કે તેની પત્નીનો નથી પરંતુ અપરાધ દરિદ્રતાનો છે. એનો દંડ હું સુવર્ણ મુદ્રાઓ આપી આપું છું.'' ભંડારીનો ભ્રમ દૂર થયો. તેણે રાજાની પ્રશંસા કરી.

બ્રાહ્મણ થેલી લઈ ઘરે આવ્યો. સાસુ અને વહુ વચ્ચે પૂર્વોક્ત બાબતે ઝઘડો થતો હતો. સુવર્ણની થેલી જોઈ બન્ને શાંત થઈ ગઈ. બન્ને થેલી લેવા દોડી. ત્રણેએ પોતાની ભૂલની ક્ષમાપના કરી. આમ, બ્રાહ્મણ કુટુંબ શીઘ્ર સુધરી ગયું.

આમ, દાન એ કંકાસ નિવારણનું કારણ હોવાથી શાંતિનું પ્રતીક છે.

**ભોજરાજા - માઘકવિ** : (જૈન કથા રત્ન કોશ, ભા.૫)

**શ્રીમાળપુર** નામના નગરમાં **મુકુંદ** નામના પંડિતને ત્યાં શુભ સમયે પુત્રનો જન્મ થયો. તેનું નામ **માઘ** પાડવામાં આવ્યું. તેનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો. તેનું સો વર્ષનું આયુષ્ય જાણી તેનાં છત્રીસ હજાર દિવસો મુજબ તેટલી સંખ્યા પ્રમાણમાં ધન વ્યય કરવા માટે તેના પિતાએ નાણાનાં હાર બનાવીને રાખ્યાં. પિતા મૃત્યુ પામતાં તે ઘરનો મોભી બન્યો. દાનવીરતાના કારણે સમય પહેલાં જ સર્વ હારનો વ્યય થઈ જતાં માઘ દરિદ્રી થયો. અપાર સમૃદ્ધિમાં આળોટતા માઘ કવિની સંપત્તિ ચાલી ગઈ.

માઘ પંડિતે એક કાવ્ય બનાવી **ભોજ રાજા**ને મોકલ્યું.

**''कुमुदवनम पश्रि श्रीमदम्भोजखण्डं, त्यजति मुदमूलूक: प्रीतिमांश्चक्रवाक:।**
**उदयमहिमरश्मिर्याति शीतांशुरस्तं, हतविधिललितानां ही विचित्रो विपाक:।।''**

**અર્થ :** પોયણા મુસ્મય છે - કુમુદવન શોભા વિનાનું બને છે, કમળો કરમાય છે. ઘુવડ દીન બને છે (હર્ષને ત્યજે છે), ચક્રવાક પ્રસન્ન બને છે. સૂરજ ઉગે છે અને ચંદ્ર આથમે છે. ખરેખર! વિધિથી (કરામત) હણાયેલાના ખેલનો વિપાક વિચિત્ર છે. (અર્થાત્ સુખ-દુઃખની ઘટમાળ ચાલ્યા કરે છે પરંતુ લક્ષ્મી હોય ત્યારે શોભા હોય છે. નિર્ધનને કોઈ પૂછતું નથી.)

આ શ્લોક સાંભળી ભોજ રાજાએ માઘ કવિને નવ્વાણુ લાખ સોનામહોરો દાનમાં આપી પરંતુ માઘ કવિએ ઔદાર્યપણાથી તે પણ પોતાની પાસે ન રાખતાં ગરીબોમાં વહેંચી દીધી.

જન્મના સમયે સૌ કોઈ ખાલી હાથે આવે છે અને મૃત્યુ સમયે ખાલી હાથે જાય છે. જીવન યાત્રામાં જે ધન પર ભરોસો રાખે છે. તે સુકૃત્યથી વંચિત રહે છે. લક્ષ્મીના સદ્ભાવમાં દાન આપવાનો પુરુષાર્થ કરનાર લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવે છે.

**ભોજ શેઠ** : ( પ્રબંધ પંચશતી, ક.૨૮૩)

**શ્રીપુર** નગરમાં **ભોજ** નામના શેઠને **પદ્મ** નામની વિચક્ષણ પુત્રી હતી. શેઠ દાનવીર હતા અને પુત્રી પણ તેવા જ પ્રકારની હતી. શેઠે પદ્મપુર નગરમાં **વીર** નામના શ્રીમંત શેઠના **ધન** નામના પુત્રને તે પુત્રી આપી. તે પોતાના સાસરે આવી. સાંજના સમયે તેણીએ દીવો કર્યો. ત્યારે તેલનાં સાત-આઠ ટીપાં જમીન ઉપર પડ્યાં. તે સમયે વીરશેઠ ઘરે આવ્યા. તેલનાં ટીપાં જમીન ઉપર જોઈ બંને પગનાં જોડાં ઉતારી તેના ઉપર લૂંછવા લાગ્યા.

તે જોઈ પુત્રવધૂએ વિચાર્યું કે, 'આ શેઠ તો કૃપણ છે. આ ઘરમાં મારો જન્મારો કઈ રીતે જશે ? તેઓ નીચે પડેલા તેલનાં ટીપાંને ગ્રહણ કરે છે, તેથી ઘણાં મક્ખીચૂસ છે.' તેણીએ કસોટી કરવાનો વિચાર કર્યો. બીજા દિવસે ઢોંગ કરી તેણી શય્યામાં સૂતી રહી. સસરાએ પુત્રવધૂને પૂછ્યું, ''તમે કેમ સૂતા છો ? શું તબીયત સારી નથી ?'' પુત્રવધૂ બોલી, ''મને માથામાં શૂળ ઉપડ્યું છે. મારું માથું ફાટી જશે.'' શેઠે અનેક પ્રકારના ઔષધ કરાવ્યાં, પરંતુ કોઈ ફાયદો ન થયો. ત્યારે પુત્રવધૂ બોલી, ''આવા પ્રકારનાં ઔષધો વડે મારી માથાની બીમારી મટશે નહીં. જેનાથી પીડા મટે તે ઔષધ કરવાને આપ સમર્થ નથી.'' ત્યારે શેઠ બોલ્યા, ''તમે કહો તે ઔષધ કરવા હું તૈયાર છું.''

પુત્રવધૂ બોલી, ''પિતાજી ! મેં આપના ઉદારતા ગુણની પરીક્ષા કરી છે. મને માફ કરો.'' ત્યાર પછી પુત્રવધૂએ સસરા સમક્ષ આખો પ્રસંગ વર્ણવ્યો. શેઠ બોલ્યા, ''પ્રયોજન વિના એક તેલનું ટીપું પણ નકામું ન જવું જોઈએ તેથી તે ભૂમિ ઉપર પડેલ તેલનાં ટીપાં જોડાંને લૂંછ્યા. હું ધર્મકૃત્ય અને ઘરકામમાં ઘણું ધન વાપરું છું પરંતુ નિરર્થક એક ઢબુડી (કોડી)નો પણ વ્યય ન કરું.'' ત્યારબાદ શેઠે ઘણું ધન ધર્મ કાર્યમાં વાપર્યું.

**માઘ પત્ની** : (શતદલ)

ઈ.સ.ની સાતમી સદીમાં સંસ્કૃત ભાષામાં કવિ માઘે **'શિશુપાલવધ'** નામનું મહાકાવ્ય રચ્યું. તેઓ રાજા ભોજના દરબારમાં રાજકવિ હતા. રાજકવિ માઘ ગર્ભ શ્રીમંત કવિ હતાં. તેમના દાદા પાસે કરોડો સોનામહોરો હતી. દાનવીર તરીકે કવિ માઘની ખ્યાતિ બધે વ્યાપેલી હતી. રોજની અસંખ્ય સોનામહોરોનું એ દાન કરતા હતા. એકવાર રાત્રિના સમયે દીપકના પ્રકાશમાં લેખન કાર્ય કરી રહ્યાં હતાં ત્યારે કોઈએ ઘરનું બારણું ખખડાવ્યું. કવિ માઘે દરવાજો ખોલ્યો. સામે એક ગરીબ માણસ બે હાથ જોડી યાચના કરતો ઊભો હતો. એણે કહ્યું, ''કવિરાજ ! મારો દીકરો અત્યંત બીમાર છે. જો એને હું તાત્કાલિક ઔષધ લાવીને આપું, તો એ જીવે તેમ છે. આપ દાનવીર છો; એવું મેં સાંભળ્યું છે. ઘણી મોટી આશાએ આવ્યો છું''

આ સમયે માઘ કવિ પાસે કોઈ રકમ ન હતી. માઘ કવિની નજર બાજુમાં ઊભેલી પોતાની પત્ની પર પડી. એના હાથમાં સોનાની બંગડીઓ હતી. એમણે પત્નીના એક હાથની બંગડી ઉતારીને પેલા ગરીબને આપતાં કહ્યું, ''ભાઈ આ બંગડી વેચીને જે રકમ મળે એમાંથી તારા દીકરા માટે ઔષધ લઈ આવજે. પ્રભુ એને જલ્દી સ્વસ્થ કરે.'' ત્યાં તો માઘની પત્નીના હૃદયમાં દાનનો ચિરાગ પ્રગટ્યો. તેણીએ બહાર જતા ગરીબને રોકીને કહ્યું, ''ભાઈ ! કવિરાજને દુનિયાદારીની ખબર ન હોય અને ઔષધની કિંમતની જાણ પણ ન હોય. મારી એક બંગડીથી તારા દીકરાને માટે જરૂરી ઔષધ નહીં આવે, માટે બીજી બંગડી પણ લેતો જા. તારા દીકરાની યોગ્ય ચિકિત્સા કરાવ.'' કવિ માઘ પોતાની પત્નીની આવી ઉદારતા અને દાનપરાયણતા જોઇ

સ્તબ્ધ બન્યા ! ગરીબ માણસે દંપતીને ખોબલે ખોબલે આશીર્વાદ આપ્યા.

આધુનિક કાળમાં ચાર્વાકદર્શનનો પ્રભાવ જામ્યો છે. ખાઓ-પીઓ અને મોજ કરોની ભાવના વિસ્તરતી જાય છે, પરિણામે આતિથ્ય ભાવના લુપ્ત થતી જાય છે. વાસ્તવમાં નૈતિક મૂલ્યો ઘસાતાં માનવી પુણ્યોપાર્જન કરવાના માર્ગથી છેટો ધકેલાતો જાય છે.

**યુધિષ્ઠિર - ભીમ** : (પ્રબંધ પંચશતી, ક.૧૧૯ અને ૨૬૦)

એકવાર **યુધિષ્ઠિર રાજા**ને કોઈ કવિએ આશીર્વાદ આપ્યા કે,

**''द्वाभ्यां सहोदराभ्यां त्वं सुभक्ताभ्यां युधिष्ठिर !**
**जीयाच्च पृथ्वीं न्याय-मार्गेण पालयंश्चिरम् ।।''**

**અર્થ :** હે યુધિષ્ઠિર ! તું ભક્ત એવા બે સગા ભાઈઓ સાથે ન્યાય માર્ગથી પૃથ્વીનું પાલન કરતો લાંબો કાળ જય પામે.

ત્યારે યુધિષ્ઠિર કહ્યું, ''તમારા વડે ખોટું કહેવાયું છે કારણકે મારે તો બધા ભાઈઓ સરખા છે. નીતિકારોએ કહ્યું છે કે,

**'चेतः सार्द्रतरं वचः समधुरं दृष्टिः प्रसन्नो ज्जवला ।**
**शक्तिः क्षान्तियुता मतिः श्रितनया श्री र्दानदैन्यापहा ।**
**रुपं शीलयुतं श्रुतं गतमदं स्वामित्वमुत्सेकता ।**
**निर्मुक्तं प्रक्टान्यहो नव सुधा कूण्डान्यमून्युत्तमे ।।'**

**અર્થ :** 'જેનું ચિત્ત ભીનું (આર્દ્ર) હોય, વચન સુમધુર હોય, દ્રષ્ટિ પ્રસન્ન હોય, શક્તિ સમતા(ક્ષમા)થી યુક્ત હોય, બુદ્ધિ ન્યાયસંપન્ન હોય, દાનવાળી અને દૈન્ય કરનારી લક્ષ્મી હોય, શીલથી યુક્ત રૂપ હોય, માન વગરનું જ્ઞાન હોય, અહંકાર વગરનું સ્વામીપણું હોય.' ખરેખર ! આ બધી વસ્તુઓ આ પૃથ્વી ઉપરના ઉત્તમ પુરુષો વિષે નવ અમૃતકુંડો છે. મારા બધા જ ભાઈઓની અંદર ઉપરોક્ત સત્ત્વ, પરોપકાર, દાન, દયા વગેરે ગુણો રહેલાં છે.'' ત્યારે કવિએ સુંદર પ્રશસ્તિ કરતાં કહ્યું,

**''पञ्चभिः सौदरैर्भीमार्जुनादि भिर्लसद्धलैः ।**
**जीयास्तवं पृथिवीं न्यायात् पालयन् श्री युधिष्ठिर ।।''**

**અર્થ :** ''હે યુધિષ્ઠિર તું શ્રેષ્ઠ બળવાળા ભીમ, અર્જુન વગેરે પાંચ ભાઈઓની સાથે ન્યાયપૂર્વક પૃથ્વીનું પાલન કરતો ચિરકાળ જય પામ !''

ત્યારે યુધિષ્ઠિર રાજાએ તેને જીંદગી સુધી ચાલે એટલું દાન આપ્યું જેથી કવિની જીવન પર્યંતની દરિદ્રતા દૂર થઈ. આમ, પ્રાચીનકાળમાં સમાજ માટે સમર્પિત કરવામાં માણસને અંશમાત્ર ખચકાટનો અનુભવ થતો ન હતો.

**લલિતાદેવી** : (પ્રબંધ પંચશતી )

**લલિતાદેવી**એ બનાવેલા લલિતા સરોવરનું વર્ણન કરતાં એક **સોમેશ્વર** નામના ભાટ ચારણે કહ્યું, ''જે સરોવરની અંદર ઉજ્જવળ એવા હંસો ક્રીડા કરી રહ્યાં છે, જેનું અંતઃસ્થળ (ઊંડાણ) ગંભીર છે અર્થાત્

સરોવર નીરથી છલોછલ ભરેલું છે, માછલાઓ પોતાનો ગ્રાસ મેળવવા ડૂબેલા (મગ્ન) છે, પાળ ઉપર વૃક્ષોની શ્રેણીઓ શોભી રહી છે, સ્ત્રીઓથી ગવાતાં મધુર ગીતોથી એ પાળી ઉપર સુખે કરીને શયન કરાય છે. જેવું આ સરોવર શોભી રહ્યું છે, એવી રીતે મંત્રીઓના સમુહથી હે દેવી, ખરેખર! તમે શોભી રહ્યાં છો!''આવું સાંભળી લલિતાદેવીએ પ્રસન્ન થઈ ૧૬૦૦૦ સોનામહોરો ભાટચારણને ભેટમાં આપી.

**વસ્તુપાળ**ની પત્ની લલિતાદેવી જાણે ધર્મ ભક્તિનો ભાવભર્યો ભંડાર! તેઓ **ગિરિરાજ શત્રુંજય**ની સકળ સંઘ સહિત યાત્રાર્થે આવ્યા. તે સમયે **તેજપાળ** અને **અનુપમા દેવી** તથા વસ્તુપાળ અને લલિતાદેવીએ પ્રભુ ચરણે મહામૂલી ભેટ ધરી. લલિતાદેવીની દાસી **ભૂપલા** ઊભી ઊભી તેમની પ્રભુ ભક્તિને જોઈ રહી હતી. એના હૃદયમાં ભાવની ભક્તિ જાગી ઉઠી. 'જ્યાં મહામાત્ય અને લલિતાદેવી જેવા ભક્તજનો કિંમતી ભેટ ધરતાં હોય ત્યાં વળી પોતે શી ભેટ મૂકી શકે ?' ભૂપલા જિનદર્શનમાં આસપાસની સૃષ્ટિ ભૂલી ગઈ. પોતાની પામરતા વિસરી ગઈ. દાસી ભૂપલાએ બે કર જોડી, પ્રભુને વંદન કરી પોતાના કંઠમાંથી બહુમૂલો હાર કાઢી પ્રભુને ચરણે ધરી દીધો. આમ, લલિતાદેવીનો દાનનો વારસો તેમની દાસી ભૂપલામાં ઉતર્યો.

તળાવ જ્યારે છલોછલ ભરાઈ જાય ત્યારે ઝરણાં બનીને વહેવા માંડે છે, તેમ લલિતાદેવીના સ્નેહથી સભર બનેલી ભૂપલા દાસીમાં દાનની બળવત્તર ભાવના જાગતાં ધર્મ પ્રત્યેનું આંશિક ઋણ ચૂકવવા તત્પર બની.

**લીલાવૈદ્ય** : (પ્રબંધ ચિંતામણિ, મેરૂતુંગાચાર્ય, નં. ૮૮)

**શ્રી કર્ણ રાજા** સ્વર્ગે ગયા ત્યારે **ઉદયમતિ દેવી**નો ભાઈ **મદનપાલ** ત્યાં રહેવા લાગ્યો. તે નગરમાં **લીલા** નામનો એક વૈદ્ય રહેતો હતો. જેને દૈવી વરદાન પ્રાપ્ત થયું હોવાથી તેની દવાથી ગમે તેવો વકરેલો દરેક રોગ નાબૂદ થઈ જતો હતો. નિરોગી થયેલા વ્યક્તિઓ બદલામાં લીલા વૈદ્યને સોનું વગેરે કિંમતી વસ્તુઓ ભેટ ધરતા. આમ, લીલા વૈદ્યને ત્યાં ઘણું સોનું અને ધન એકઠું થયું. આ જાણી લોભી મદનપાલે વૈદ્યને બોલાવી નાડી બતાવી. નાડી બરાબર હતી તેથી વૈદ્યે કહ્યું, ''તમને કોઈ રોગ નથી પરંતુ સારું એવું પથ્ય દાન આપીને તમે ભૂખ સંતોષી શકો.'' આવું કહ્યું તેથી મદનપાલે ખુશ થઈને વૈદ્યને ઉચિત દાન આપી ૩૨૦૦૦ સોનામહોર ભેટ આપી, વૈદ્યને બંદી તરીકે રાખી અભિગ્રહ કરાવ્યો કે, 'આજથી રોગની ચિકિત્સા નિમિત્તે રાજમહેલ છોડી અન્યત્ર ક્યાંય જવું નહીં.' વૈદ્ય હવે ખૂબ રોગી હોય તેની ચિકિત્સા કરતો. એક માયાવીએ તે વૈદ્યની પરીક્ષા કરવા માટે એક ભૂખ્યા બળદનું મૂત્ર (શીશીમાં ભરીને) વૈદ્યને બતાવ્યું. તે જોઈને વૈદ્યે માથું ધૂણાવી કહ્યું, ''આને જલ્દીથી તેલની નાળ પીવડાવો. તેને ઘણું ખાવાથી અજીર્ણ થયું છે તેથી તે મૃત્યુ પામશે.'' આ સાંભળી માયાવીના ચિત્તમાં ચમત્કાર થયો (કેમકે નાળ વડે તેલ બળદને પીવડાવાય.)

એકવાર રાજાની ડોક દુઃખવા લાગી ત્યારે વૈદ્યને પૂછ્યું, ''શું કરવું ?'' વૈદ્યે કહ્યું, ''બે પલ પ્રમાણ કસ્તુરીનો લેપ કરવો.'' તેવું કરતાં ડોક મટી ગઈ. પછી એક દિવસ રાજાની પાલખી ઉપાડનાર માણસની ડોક દુઃખવા લાગી. તેનો ઈલાજ બતાવતાં વૈદ્યે કહ્યું, ''બકરીની લીંડી તેના મૂત્રમાં ઘસીને તેનો માટી સહિત લેપ કરવો.'' રાજાએ પૂછ્યું, ''અમારા બન્નેનું દર્દ એક જ હોવા છતાં ઈલાજ કેમ અલગ અલગ બતાવ્યો ?'' વૈદ્યે કહ્યું, ''બળ, શરીર પ્રકૃતિ વગેરે જોઈને દવા થાય.'' વૈદ્યનો મહિમા વધી ગયો. તે જોઈ કોઈ ઈર્ષાળુ ધૂતારાએ વૈદ્યને મારવા તરકીબ રચી. વૈદ્ય રાજમાર્ગ પરથી પસાર થયા ત્યારે ધૂતારાના કહેવાથી બે બે માણસોની

જોડમાં, ચોકમાં વિવિધ સ્થાને ઉભા રહી તેમણે વૈદ્યને પૂછયું, ''કેમ તમને શરીરમાં કોઈ રોગ થયો છે ?'' ત્યાર પછી બે માણસોએ મંજુલ રાજાના મહેલના બીજા દ્વાર પાસે ઊભા રહી પૂછયું, ''કેમ તમને શરીરમાં કોઈ રોગ થયો છે ? તમે ખિન્ન કેમ દેખાય છો ?'' થોડા આગળ ગયાં ત્યારે ત્રીજા રાજદ્વારે ઊભેલા બે માણસોએ ફરી એજ પ્રશ્ન પૂછયો. ત્યારપછી આગળ જતાં દ્વારના તોરણે ઊભેલા બે માણસોએ પણ એવો જ પ્રશ્ન કર્યો. વારંવાર એકનો એક પ્રશ્ન પૂછવાથી વૈદ્યને શંકા થઈ કે, 'શું હું ખરેખર બીમાર છું ? મને રોગ થયો છે ?' આમ, શંકાના ઝેરથી વૈદ્યને માહેન્દ્ર જ્વર થયો. તેર દિવસમાં તેઓ મૃત્યુ પામ્યા.

**વસ્તુપાળ મંત્રી** : (પ્રબંધ પંચશતી, ક.૩૨૩)

**વસ્તુપાળ**મંત્રીએ સોનામય લાખટંક આરતીના અવસરે યાચકોને દાન આપ્યું. ખીજના-વધાઈના અવસરે **સોમેશ્વરે** આ કાવ્ય કહેલું -

**''इच्छामि द्विसमन्विते सुरगणे कल्पद्रुमैः स्थीयते,**
**पाताले पवमानभोजनजने, कष्टं प्रणष्टो बलिः।**
**नीरागानगमन्मुनीन् सुरगवी चिंतामणिः क्वाप्यगात्,**
**तस्मादर्थिकदर्थनां विषहतां श्रीवस्तुपालः क्षितौ ।।''**

બે દેવલોકના દેવસમૂહમાં કલ્પવૃક્ષ રહેવા લાગ્યા, નાગોથી ભોગ્ય પાતાલમાં મુશ્કેલીથી બલી નાશી ગયો, કામધેનુ નીરાગી મુનિઓ પાસે જતી રહી, ચિંતામણિ રત્ન પણ ક્યાંય જતું રહ્યું, તેથી પૃથ્વી ઉપર યાચકોની પીડાને વસ્તુપાલ સહન કરો અર્થાત્ પૃથ્વી પરથી ઉત્તમ વસ્તુઓ ચાલી જવાથી હવે તો અર્થીની પીડા મંત્રી વસ્તુપાળ જ ટાળવા સમર્થ છે.

આ કાવ્ય સાંભળી વસ્તુપાળ મંત્રીએ એક લાખ રૂપીયા આપ્યા.

**વસ્તુપાળ - તેજપાળ** : (પ્રબંધ પંચશતી, ક.૪૪૫)

**ધોળકા**માં **લુણિગ, માલદેવ, વસ્તુપાળ** અને **તેજપાળ** આ ચાર સગા ભાઈઓ રહેતાં હતાં. તેઓ નિર્ધન સ્થિતિવાળા હતા. સમય જતાં વ્યાપાર કરીને ધનવાન બન્યા તેમજ વસ્તુપાળ અને તેજપાળ **ગુજરાત**ના મહામંત્રી બન્યા.

એકવાર વસ્તુપાળ અને તેજપાળે ધોળકાથી **હડાલા** તરફ પ્રયાણ કર્યું ત્યારે એવી બાતમી મળી કે, 'માર્ગમાં લૂંટારાઓની મોટી ધાડ છે.' બન્ને ભાઈઓએ પોતાની પાસે રહેલું ધન ત્રાંબાના કળશાઓમાં ભરીને એક તળાવના કાંઠે આવેલા ઘઉંના ખેતરમાં ખેજડાના વૃક્ષની નીચે દાટવા માંડયું. જમીન ખોદતાં બીજું સુવર્ણ નિધાન મળ્યું. આ જોઈને તેમને ભારે આશ્ચર્ય થયું. તે બધું ધન જમીનમાં દાટી દીધું. તેઓ ચિંતાતુર મુખે પાછા ફર્યા. ત્યારે **અનુપમા દેવી**એ ચિંતાનું કારણ પૂછયું, બન્ને ભાઈઓએ એકાંતમાં સર્વ હકીકત જણાવી. બુદ્ધિશાળી અનુપમા દેવીએ કહ્યું, ''હે સ્વામી ! ધન આ રીતે ગુપ્ત ન રાખી શકાય. ધન રાખવું હોય તો એવી રીતે રાખવું કે જે ધનને સર્વ લોકો જોઈ શકે પરંતુ ચોરી ન શકે. આ ઉત્તમ પુરુષોનો આચાર છે.''

અનુપમા દેવીની અનુપમ વાણી સાંભળી વસ્તુપાળ - તેજપાળે તે ધનને સત્કાર્યોમાં વાપરવાનો નિર્ણય કર્યો. તેમણે **શત્રુંજય** આદિ પર પાવન જિનાલયો બાંધવામાં ઘણું ધન વાપર્યું. તેમણે ૧૩૧૩ નવા

જિનાલયો બંધાવ્યાં અને ૩૩૦૦ જિનાલયોના જિર્ણોદ્ધાર કરાવ્યાં. આમ, આત્મામાંથી ઉગેલી કલ્યાણમયી ભાવનાનાં બળમાંથી સર્જાયાં ગિરિવર **આબુ** પરના વિશ્વવિખ્યાત **'દેલવાડાનાં દેરાં!'**

ભાઈ લુણિગનો અંતિમ સમય આવ્યો ત્યારે તેણે પુણ્ય કરવાની ઈચ્છાથી ભાઈઓને કહ્યું કે, "**અર્બુદ** પર્વત ઉપર વિમલવસહિમાં એક જિનાલય બનાવવું છે." વસ્તુપાળે હા પાડી. પુણ્યની શ્રદ્ધા રાખતો લુણિગ સ્વર્ગમાં ગયો. વ્યાપારમાં ધનની વૃદ્ધિ થતાં **આબુતીર્થે** આવી ભાઈનો મનોરથ પૂર્ણ કરવા વસ્તુપાળ-તેજપાળે યોગ્ય ભૂમિ જોઈને **ચંદ્રાવતી**ના **ધારાવર્ષ** નામના રાજા પાસેથી વીસ લાખ સોનામહોરો પાથરીને (ગોળના ચોરસ સોનાનાં સિક્કા બનાવીને) જમીન ખરીદી. તેમણે ૩૬ દ્રવ્ય મૂઢક વિસ્તારવાળી ભૂમિને ખરીદી જિનાલય બનાવ્યું. તેમાં બાર કરોડ, ત્રેપન લાખ સોનામહોરો ખર્ચી. આ જમીન ઉપર વિમલવસહી જિનાલય બનાવી વસ્તુપાળ-તેજપાળે પોતાના મોટા ભાઈના મનોરથ પૂર્ણ કર્યા.

'આ જિનાલયના પાયામાં સુવર્ણની ઈંટો પૂરાવો' એવું **શોભન** શિલ્પીના કહેવાથી તેમણે સુવર્ણની ઈંટો મંગાવી. ત્યારે શિલ્પીએ કહ્યું, "હું તો તમારી પરીક્ષા કરી રહ્યો હતો. આ ઈંટો આપના રાજભંડારમાં રહેવા દો." સાતસો કારીગરો માટે મંત્રીએ પર્વત પર ઠેકઠેકાણે લાડવાનાં રસોડાં, દાનશાળા ખોલાવ્યાં. બળદો માટે ઘાસની ગંજીઓ અને ધાન્યના કોઠારો સ્થાપ્યાં. ૧૫૦૦ સલાટો જિનાલયનું કામ કરી રહ્યાં હતાં. તેમના ભોજનનો પ્રબંધ મંત્રીશ્વરે કર્યો.

ઈ.સ. ૧૨૮૩માં પ્રારંભ થયેલું આ કાર્ય ઈ.સ. ૧૨૯૨માં પૂર્ણ થયું. તે પ્રાસાદનું નામ **'લુણિગ વસહી'** પડયું. લોકમાં તે **'તેજલ વસહી'**ના નામથી પ્રસિદ્ધ થયું.

**વિમલશાહ શ્રેષ્ઠી** : (પ્રબંધ પંચશતી , ક.૬૬૨; ઉપદેશ તરંગિણી, પૃ.૫૬,૯૧)

એકવાર **શ્રીમાતા**એ (અંબિકા દેવીની સખીએ) અંબિકા દેવીને આમંત્રણ આપ્યું. આમંત્રિત અંબિકા દેવી આબુ પર્વત ઉપર ગઈ. **અંબિકા માતા**એ કહ્યું કે, "જિનપ્રાસાદ વિના હું અહીં રહું તે મને શોભતું નથી." એવું સાંભળીને અંબિકાની સખી શ્રીમાતાએ બકુલ અને ચંપક વૃક્ષની નીચે ૭૨ લાખ દ્રમ્મ સહિતની ભૂમિ અર્પણ કરી. અંબિકાના વચનથી જીર્ણ છતાં આકર્ષક એવી **શ્રી ઋષભદેવ ભગવાનની** પ્રતિમા ભૂમિના મધ્ય ભાગમાંથી બહાર નીકળી. અંબિકાની પ્રેરણાથી આ મૂર્તિ સમક્ષ **ચંદ્રાવતી**ના **ભીમ રાજા**ના માનીતા દંડનાયક **વિમલશાહે** ત્રણ ઉપવાસ કરીને દેવીની આરાધના કરી. દેવીએ પુત્ર અથવા જિનપ્રાસાદ બે માંથી એક માંગવાનું કહ્યું. ત્યારે વિમલશાહે પુત્રને બદલે જિનપ્રાસાદનું વરદાન માંગ્યું. જ્યાં આગળ કંકુની ગહુલીનું ચિહ્ન હતું ત્યાં પ્રાસાદ બનાવવાનું શરૂ કર્યું પરંતુ દિવસે પ્રાસાદનું ચણતર થતું અને રાત્રિના સમયે તેટલો ભાગ પડી જતો. આવું છ માસ ચાલ્યું.

વિમલશાહે અંબિકા દેવીનું સ્મરણ કર્યું. દેવીએ પ્રસન્ન થઈ કહ્યું કે, "અહીંનો સ્વામી **વાલિનાથ** નામનો નાગ છે. તેને પ્રસન્ન કરવા તું અઠ્ઠમ તપની આરાધના કરજે, તેને નિરવદ્ય એવું નૈવેદ્ય ચડાવજે. જો તે મદ્ય-મદીરા માંગે તો ન આપીશ. તેમ છતાં જો એ સામો થાય તો ખડગ ખેંચીને તેને બીક બતાવજે. તે ભાગી જશે." વિમલશાહે દેવીની સૂચના પ્રમાણે કર્યું. વાલિનાથ નાગ ડરીને ભાગી ગયો. છેવટે અંબિકા-દેવીના વચનથી ક્ષેત્રપાલ થઈને રહ્યો. આ પ્રાસાદમાં વિમલમંત્રીએ **શ્રી ઋષભદેવ પ્રભુનું** ૧૦૮ અંગુલ પ્રમાણ બિંબ સ્થાપન કર્યું. પ્રાસાદ નિર્વિઘ્નપણે પૂર્ણ થયું ત્યારે એક ચારણે વિમલશાહ શેઠની પ્રશંસા કરતાં કહ્યું -

''मुंडीमुरकीरई करह छंडिम सग्गाह।
विमल डिरवाडउं कद्वीउं नाठउ वालिनाहा।।''

**અર્થ :** શિરો વસ્ત્રનું વેષ્ટન કરી - માથે વસ્ત્ર વીંટી ગુપ્ત રીતે સદ્યોગ કરે છે, તે વિમલ મંત્રીશ્વરે તલવાર કાઢીને દેખાડી તો વાલિનાથ નાસી ગયો.

આ સાંભળી વિમશાહ શેઠે તે ચારણને એક લાખ સોનામહોરો દાનમાં આપી.

પ્રાસાદનું કાર્ય પૂર્ણ થતાં, શેઠે ભક્તિભાવ પૂર્વક સંઘજમણ કરી ભિક્ષુકોને અન્નદાન આપી સંતુષ્ટ કર્યા. સાંપ્રત કાળે પણ '**વિમલશ્રી સુપ્રભાત**'ની એવી લોકવાણી પરંપરાગત છે. યાચક પોતાના યજમાનને ઉપરોક્ત વચન દ્વારા આશીર્વાદ આપે છે. તેનો અર્થ એવો થાય છે કે, 'જેમ વિમલશાહ શેઠ અને તેમની પત્ની શ્રીમાતા શેઠાણીની સુપ્રભાત દાન-ધર્મથી ઉગતી હતી, તેમ તમારાં જીવનમાં એવી જ મંગળ પ્રભાત ઉગો.'

પાટણના અધિપતિ ભીમ રાજાએ હર્ષિત થઈ વિમલશાહને છત્ર, ચામર આદિ રાજચિહ્નો આપીને રાજા તરીકે ઘોષિત કર્યા. તેના પુત્ર ચાહિલેત્યાં રંગમંડપ કરાવ્યો.

**વિક્રમ નૃપ :** (ઉપદેશ તરંગિણી, પૃ. ૪૧)

એકવાર **વિક્રમ રાજા** વસંતઋતુમાં ક્રીડા કરવા ગયા. ત્યાં સુંદર કેળાનાં વૃક્ષોના મંડપમાં સુવર્ણના સિંહાસન પર બેઠા હતા ત્યારે ત્યાં છત્રીસ જાતના વાજિંત્રો વાગી રહ્યાં હતાં, મનોહર નૃત્ય થઈ રહ્યું હતું. અનેક પ્રકારનાં સાંસારિક સુખો ભોગવતાં રાજાને ઉદ્દેશીને મંત્રી નીચેનું કાવ્ય વારંવાર બોલતા હતા -

''क्वचिद्दृहीणावेणु प्रवण रमणी मीतभणितिः।
कवचिद् भट्ट श्रेणिः पठति बिरुदावलीम विरतिः।।
सहर्षं हेषंते क्वचिदपि हया दंतिनिवहाः।
नदंति क्ष्मांतर्न प्रवरमपरं राज्यसद्दशम्।।''

સંસાર સુખમાં લુબ્ધ બનેલા રાજાને ધર્માધિકારી મંત્રીએ કહ્યું, ''હે રાજન્! જો આ આત્માને સંસારરૂપી કેદખાનામાંથી આપણે છોડાવીએ નહીં તો પછી રાજ્ય, ધન, ધાન્ય, આભૂષણો, ઉત્તમ જાતિ, કુળ, ઉત્તમ ગુણો શા કામના ? જ્યાં ભોગ છે ત્યાં રોગનો ભય છે. સુખમાં ક્ષયનો ભય છે. ધનને અગ્નિ આદિનો ભય છે. દાસપણામાં સ્વામીનો ભય છે. કુળમાં બદચલન સ્ત્રીનો ભય છે. માનમાં મ્લાનનો (અપમાનીત થવાનો) ભય છે. ગુણો પ્રતિ દુર્જનનો ભય છે. શરીરને યમનો ભય છે પરંતુ હે રાજન્! વૈરાગ્યને કોઈનો ભય નથી.''

આ સાંભળી રાજા વિક્રમ વૈરાગ્યવાસિત થયા. તેમણે મંત્રીનો ઉપકાર માનતાં કહ્યું, ''અહો! આ ધર્માધિકારીએ યોગ્ય વાત કહી. કારણકે આ શરીર રૂપી તળાવમાંથી હંમેશા તૃષાતુર એવો કાળ આયુષ્યરૂપી જળ પી રહ્યો છે. (આયુષ્ય પ્રતિપાળ ઘટતું જાય છે) આ આયુષ્ય પાણીના પરપોટા જેવો ક્ષણભંગુર છે. લક્ષ્મી સ્વપ્ન સમાન નશ્વર છે. યૌવન વાદળોની જેમ અસ્થિર છે. ખરેખર! આ સંસાર વૈરાગ્યરૂપ છે.'' આમ, સંસારની અસારતા સમજાવનાર ધર્માધિકારીને વિક્રમ રાજાએ આઠ કરોડ સોનામહોરો ઈનામ તરીકે ભેટમાં આપી.

**વિક્રમ રાજા અને સમુદ્રદેવ** : (મધ્યકાલીન ગુજ. કથા કોશ, ભા.૧)

એકવાર રાજસભામાં પંડિતોને પૂછવામાં આવ્યું કે, ''જેનાથી જશ થાય, સઘળું સુખ મળે, દુઃખ જાય અને સૌ વશ થાય તેવું શું ?'' પંડિતોએ એકી અવાજે કહ્યું, ''રાજન્! લક્ષ્મીથી જ જશ મળે, દુઃખ જાય અને સૌ કોઈ વશ થાય છે તેથી વિશ્વમાં લક્ષ્મીનું પદ એ રીતે સૌથી ઊંચું છે.'' રાજાએ પૂછયું, ''અખૂટ લક્ષ્મી પામવાનો ઉપાય શું છે ?'' પંડિતોએ કહ્યું, ''વિષ્ણુયાગ એ લક્ષ્મી પ્રાપ્તિનો અમોઘ ઉપાય છે. તેમાં પ્રારંભે સાગર દેવને નોતરું આપવું પડે અને પછી સાગરને દાન કરવું પડે.'' રાજાએ પૂછયું, ''સાગરદાન એટલે શુ ?'' પંડિતોએ કહ્યું, ''નરનારી શરીરે એક શુદ્ધ વસ્ત્ર પહેરી ઘરમાંથી બહાર નીકળી જઈ સર્વસ્વ શિવાર્પણ કરી દે તેનું નામ સાગરદાન. આ સાગરદાન કર્યા પછી સાગરના દેવ પ્રગટ થતાં, મનવાંછિત લક્ષ્મી મળે.''

આ વાત જાણી વિક્રમે વિષ્ણુયજ્ઞ કરવા માંડયો. સાગરને આમંત્રિત કરવા એક બ્રાહ્મણને મોકલ્યો. બ્રાહ્મણે સમુદ્રકાંઠે જઈ સાગરની પૂજા કરી રાજા વિક્રમ તરફથી સાગરને નોંતરું દીધું. સમુદ્રદેવે પ્રગટ થઈ દર્શન આપ્યાં અને બોલાવવાનું કારણ પૂછયું. બ્રાહ્મણે વિષ્ણુયજ્ઞની વાત કરી. સાગરદેવે કહ્યું કે, ''વિપ્રવર્ય! હું રાજા વિક્રમ પાસે જાઉં તે કરતાં તે સ્વયં મને મળવા આવે તો મારી અંદર રહેલાં સૌ જળચર પ્રાણીઓને પુણ્યશાળી એવા વિક્રમ રાજાના દર્શન થાય.'' બ્રાહ્મણે કહ્યું, ''વિક્રમ રાજાને મળવાની તો સૌ આશા રાખે છે, તો એ સમુદ્રની પાસે ક્યાંથી આવે ?'' સમુદ્ર દેવે ગુસ્સે થઈ કહ્યું, ''વિક્રમ ગમે તેટલો મોટો હોય, પણ એક માનવી છે, જ્યારે હું દેવ છું. મારી તોલે તે ન આવે. જા હું એના યજ્ઞમાં નહીં આવું. એનો યજ્ઞ એળે ગયો.'' ક્રોધિત સમુદ્ર દેવે વિક્રમ રાજાને અને બ્રાહ્મણને અપશબ્દો કહ્યાં.

આ બાજુ યજ્ઞ પૂરો કરી, સર્વસ્વ દાન કરી વિક્રમ રાજા પહેરેલ વસ્ત્રે બહાર નીકળ્યા. એટલે રાજાને ત્યાં પાંચ રાત સુધી સોનાનો વરસાદ વરસ્યો.

એટલામાં બ્રાહ્મણે આવી સમુદ્રદેવે કરેલા અપમાનની ફરિયાદ કરી. વિક્રમ રાજા પોતાના પ્રધાનને રાજ્ય સોંપી સાગર કાંઠે આવ્યા અને સાગરદેવને આહ્‌વાન દીધું. સાગર દેવ ઉપસ્થિત થયા. બન્ને વચ્ચે દ્વંદ્વ યુદ્ધ થયું. સાગર દેવ અલોપ થઈ ગયા. તેમણે વિક્રમ રાજાને અદશ્ય રહી પાણીમાં ખેંચ્યા. વિક્રમ રાજાએ તરત જ વરુણમંત્રનું સ્મરણ કર્યું. એટલે પાણી તેમના અંગથી આઘું રહ્યું. સમુદ્રદેવની આજ્ઞાથી જળચર પ્રાણીઓ વિક્રમ રાજાને દુઃખ આપવા લાગ્યાં ત્યારે વિક્રમ રાજાએ **હરિસિદ્ધિ** માતાની સ્તવના કરી. દેવી કોપાયમાન થઈ. તેણે પ્રચંડ વાયુ વિકુર્વ્યો. સમુદ્રનું જળ આકાશમાં ઉછળ્યું. જળચર પ્રાણીઓ ઉછળવા લાગ્યાં. પછી દેવીએ બળવાન અગ્નિદેવને આજ્ઞા કરી. હવે અગ્નિથી જળચરો શેકાવા લાગ્યા અને વધારામાં આ જળચરો **આગિયા વેતાળ** દ્વારા દંડાવા લાગ્યાં.

સમુદ્રદેવ મૂંઝાયા. તેમણે વાયુ અને અગ્નિ દેવને વેરનું કારણ પૂછયું. તેમણે હરિસિદ્ધ દેવીના પ્રકોપની વાત કરી અને સલાહ આપી કે, ''તમે અહંકાર ત્યજી વિક્રમ રાજાને શરણે જાવ.'' સમુદ્ર દેવે તેમના માર્ગદર્શન અનુસાર ગર્વનો ત્યાગ કરી વિક્રમ રાજાને વિનંતી કરી કે, ''આ જળચર પ્રાણીઓને અભયદાન આપો. વેરની વસુલાતની આગ ઠારો.'' વિક્રમ રાજાએ કહ્યું, ''સાગર દેવ! જો તમે ઉજ્જયિની નગરીમાં આવીને મારા વિષ્ણુ યજ્ઞને સફળ બનાવો તો તમને હું માફ કરીશ.'' સાગરદેવે કહ્યું, ''હું જો સ્થળાંતર કરું તો મારી અંદર રહેલાં જીવજંતુઓ પાણી વિના તરફડવા લાગશે. તેમની હત્યા થશે. તેનું પાપ મને ચોંટશે એટલે તેના બદલે તમને હું પાંચ અમૂલ્ય રત્નો આપું છું. આ લાભદાયી રત્નો હાથમાં રાખી ચિંતવવાથી એક રત્ન ધન આપશે, બીજું સેના આપશે, ત્રીજું વસ્ત્રાભૂષણ આપશે, ચોથું ભોજન અને પાંચમું મોક્ષ (સ્વર્ગ) પદ આપશે.''

વિક્રમ રાજાએ વાયુ અને અગ્નિ દેવને શાંત કરી વિદાય આપી. સાગરદેવની આજ્ઞા લઈ તે

**ઉજ્જયિની** નગરીમાં આવ્યા.

સમુદ્રને નોતરવા જનાર બ્રાહ્મણે પોતે એકલો જ દક્ષિણા વિનાનો રહી ગયાની ફરિયાદ કરી ત્યારે વિક્રમ રાજાએ સમુદ્રદેવે આપેલાં પાંચ રત્નોમાંથી ગમે તે એક લઈ લેવા કહ્યું. બ્રાહ્મણે કહ્યું, ''પરિવારને પૂછીને પછી રત્ન લઈશ.'' બ્રાહ્મણના પરિવારમાં પાંચ વ્યક્તિઓ હતાં. પોતે, પત્ની, પુત્ર, પુત્રવધૂ અને પિતા. તેણ ઘરે આવી રત્નનો વૃત્તાંત સ્વજનો સમક્ષ કહ્યો. કયું રત્ન લેવું એ બાબતમાં સૌનો અભિપ્રાય જુદો જુદો પડયો. બ્રાહ્મણે દ્રવ્ય રત્ન, પત્નીએ ભોજન રત્ન, પુત્રએ સેના રત્ન, પુત્રવધૂએ વસ્ત્રાભૂષણ રત્ન અને પિતાએ મોક્ષ રત્નને ઈષ્ટ ગણ્યું. એ કારણે પરિવારમાં અંદરોઅંદર વિખવાદ શરૂ થયો. બ્રાહ્મણને રીસ ચડી. તે રાજા વિક્રમ પાસે આવ્યો. તેણે પોતાના ઘરના સભ્યોનું મંતવ્ય જણાવ્યું અને અશાંતિનું કારણ દર્શાવ્યું.

મહાન વિક્રમ રાજાએ તરત જ પાંચે રત્નો વિપ્રને દાનમાં આપી પરિવાર જનોને શાંત કર્યા. ત્યારે બ્રાહ્મણે ખોબલે ખોબલે આશીર્વાદ આપ્યા.

આમ, દાનેશ્વરી વિક્રમ રાજાએ પોતાને મળેલ અમૂલ્ય સર્વ રત્નો બ્રાહ્મણને આપી તેની નિર્ધનતા ભાંગી.

**વિક્રમરાજા અને બલિરાજા :** (મધ્યકાલીન ગુજરાતી કથા કોશ)

ચતુર્દિશામાં વિજય મેળવીને, દુશ્મનોનો નાશ કરીને, સદાચાર અને સદ્‌વૃત્તિથી રાજ્યનું સંચાલન કરનારા **વિક્રમ** રાજવી પાસે એકવાર વનરક્ષકે ફરિયાદ કરતાં કહ્યું, ''એક જંગલી સૂવર ઉદ્યાનનો નાશ કરે છે.''

રાજા અશ્વ પર સવાર થઈ સૂવરની પાછળ દોડયા. આગળ સૂવર ને પાછળ રાજા. સૂવર ઝડપભેર દોડતો એક પર્વતની વનરાઈમાં ચાલ્યો ગયો. રાજા તેની પાછળ પાછળ પર્વતની તળેટીમાં આવ્યા. ત્યાં બારણું જોઈ રાજા સાવધાન થયા. અશ્વ પરથી ઉતરી, તેને એક વૃક્ષના થળે બાંધી બારણું ખસેડી તે અંદર ગયા. ભૂગર્ભ સુધી જતાં તેમણે સુવર્ણ કળશોથી ઝળહળતું, વિશાળ ભવનોથી શોભતું **બલિ રાજા**નું નગર જોયું. વિક્રમ રાજા નગરનું સૌંદર્ય નિહાળતાં રાજભવનમાં ગયા. દાનવ રાજ બલિને મળ્યા. બલિરાજાએ વિક્રમ રાજાનો આદર સત્કાર કર્યો. બન્ને વચ્ચે મૈત્રી બંધાણી. વિક્રમ રાજા વિદાય લેવા ગયો ત્યારે બલિ રાજાએ રસસિદ્ધિ અને સુવર્ણ સિદ્ધિ ભેટરૂપે આપી. રાજા વિક્રમ એ લઈને જતા હતા ત્યારે માર્ગમાં એક ગરીબ બ્રાહ્મણ અને તેનો પુત્ર મળ્યા.

બ્રાહ્મણે સ્વભાવગત દાનની યાચના કરી. વિક્રમ રાજાએ બ્રાહ્મણને પોતાના હાથમાં રહેલી રસસિદ્ધિ આપી પરંતુ બ્રાહ્મણ પુત્રે સુવર્ણસિદ્ધિમાં વધુ રસ છે એવું દર્શાવ્યું. આ બાબતે પિતા-પુત્ર વચ્ચે કજિયો થતો જોઈ વિક્રમ રાજાએ તત્ક્ષણ બન્ને સિદ્ધિઓ તેમને આપી દીધી.

વિનોબાજીએ ઉચિત કહ્યું છે કે, દુર્ગુણ એ ભીંત છે, સદ્‌ગુણ એ દ્વાર છે. આજનો માનવી દ્વારને બદલે ભીંત તરફ વળેલો છે. પરિણામે તેના જીવનમાં ઉદારતાને બદલે સંકીર્ણતા જોવા મળે છે. રાજા વિક્રમ જેવા આખી પૃથ્વીના જીવોને પોતાનો પરિવાર ગણનાર વ્યક્તિ આંગળીને વેઢે ગણી શકાય તેટલા છે.

**વૈદ્ય :** (પ્રબંધ પંચશતી, ક.૫૩)

**લક્ષ્મીપુર** નામનાં નગરે **ચંદ્રભૂપ** નામનો રાજા રાજ્ય કરે છે. તે અત્યંત કૃપાળુ છે. એક વખત કોઈ પોતાનો નોકર લાકડાં લાવ્યો. તે નોકરની એક આંખમાં ફૂલ્લુ પડેલું છે. તે જોઈ દયા આવવાથી રાજાએ

પાંચસો વૈદ્યોને બોલાવી કહ્યું કે - ''આ નિર્ધન મનુષ્યના આંખમાં પડેલ ફૂલ્લાને દૂર કરો.'' રાજાના કહેવાથી તે વૈદ્યે જીર્ણ ઝૂંપડીમાં રહેલ જીર્ણ ઘાસને સળગાવીને તેની ભસ્મ કરી તેનું આંખમાં અંજન કર્યું. એવી રીતે બે-ત્રણવાર અંજન કરવાથી આંખમાંથી ફૂલ્લું નષ્ટ થયું.

એક વખત રાજાએ કૃત્રિમ ફૂલ્લાવાળી પોતાની આંખ કરી વૈદ્યને કહ્યું કે, ''મારા આંખનું ફુલ્લું પણ દૂર કરો.'' વૈદ્યે જાતિ મુક્તાફળ રત્ન વિગેરે મંગાવી તેની ભસ્મ બનાવી આંખમાં અંજન કરવાની તૈયારી કરી એટલે રાજાએ વૈદ્યને પ્રશ્ન કર્યો કે, ''તેં નિર્ધનને તો ભસ્મનું અંજન કરી આંખમાંથી ફૂલ્લું દૂર કર્યું, અને મારા માટે મોતી આદિ બહુમૂલ્યવાળા અંજનની ચિકિત્સા કરવાનું કારણ શું?'' ચતુર વૈદ્યે તરત જ રાજાને પ્રત્યુત્તર આપ્યો કે, ''હે રાજન્! આપ રાજા છો; માટે બહુમૂલ્ય ઔષધની આવશ્યક્તા હોય છે અને નિર્ધન માટે નિર્મૂલ્ય પ્રકારનું જ અંજન યોગ્ય છે. હંમેશાં મોટા માણસોને કિંમતી ઔષધ હોય તો જ શ્રદ્ધા રહે છે અને સામાન્યને થોડા ખર્ચથી કામ થાય તો જ અનુકૂળ રહે છે.'' ત્યારબાદ રાજાએ પોતાની આંખ યથાયોગ્ય કરી વૈદ્યને કહ્યું કે, ''હે વૈદ્યરાજ! તેં સારૂ કર્યું છે. તું ઉચિતનો જાણકાર છે.'' એમ કહી રાજાએ વૈદ્યને શ્રેષ્ઠ વસ્ત્ર અને આભરણો દાનમાં આપી યોગ્ય સન્માન કર્યું.

આજના તરુણ કે યુવાનો 'મારે શું?' એવી મનોવૃત્તિ તરફ ઢળેલા છે. માણસાઈની વિમુખતાના રવાડે ચડેલા હોવાથી કોઈનું સાંભળવા (દુ:ખ દૂર કરવા) તૈયાર નથી પરંતુ સંભળાવી દેવા ઉત્સુક છે.

**રામચંદ્રજી** : (ઉપદેશતરંગિણી, પૃ. ૩૫)

મર્યાદા પુરુષોત્તમ **રામચંદ્રજી** વનવાસમાંથી પાછા ફર્યા. રાજ્યાભિષેકના શુભ અવસરે એક દાનશાળાનું નિર્માણ કર્યું. તે સમયે તેમણે પ્રજાને પૂછયું કે, ''અહીં ધાન્યની સુલભતા છે ને?'' લોકોએ વિચાર કર્યો કે, 'રામચંદ્રજીને વનવાસમાં અન્ન મળ્યું લાગતું નથી તેથી તેઓ આવો પ્રશ્ન પૂછે છે.' એમ વિચારી લોકો હસવા લાગ્યાં.

કેટલાક દિવસો પછી રામચંદ્રજીએ પ્રજાને ભોજન માટે નિમંત્રણ આપ્યું. નગરજનો ભોજન કરવા બેઠાં ત્યારે રામચંદ્રજીએ રત્નોથી ભરેલી થાળીઓ સેવકો દ્વારા પીરસાવી. લોકોએ કહ્યું, ''હે સ્વામી! આવી નવી જાતની વાનગી અમે ખાઈ શકતા નથી.'' રામચંદ્રજીએ દલીલ કરતાં કહ્યું, ''કેમ તમે તો હાંસી-મજાક કરતા હતાં ને? તમને શ્રેષ્ઠ વસ્તુઓ આપી છે. હવે તેનો આહાર કરો. નગરજનો! રત્નોનો કદી આહાર ન થાય. આહાર માટે ધાન્ય જ જોઈએ. ધાન્યની ઉત્પત્તિ દુર્લભ છે. ધાન્ય એ તો સર્વ રત્નોમાં ઉત્તમ રત્ન છે. કેમ કે પ્રાણીના પ્રાણ અન્ન પર નભે છે માટે અન્ન સમાન એક પણ રત્ન આ પૃથ્વી ઉપર નથી. આ પૃથ્વીમાં જળ, ધાન્ય અને મિષ્ટ વચન એ ઉત્તમ રત્નો છે. તમને થાળીમાં પીરસાયેલાં રત્નો એ તો પાષાણરૂપ છે. ઉત્તમ ગાયનો, સ્ત્રી, કપૂર, કસ્તૂરી, ચંદન, અગર, સુવર્ણ, રત્નો વગેરે ઉપભોગ વખતે ઉત્તમ લાગે છે પરંતુ તેનો વિયોગ થતાં તે દુ:ખદાયક લાગે છે, જ્યારે અન્ન સદા પ્રીતિદાયક, બળવર્ધક છે. પ્રજાજનો! મારા પ્રશ્નનો હેતુ તમે સમજી ગયાં હશો.''

**શીતોદ્ઘુષિત દાન** : (પ્રબંધ પંચશતી)

એકવાર **ભોજ રાજા**એ રાત્રે ઠંડીથી થરથરતા એક મનુષ્યને જોઈ પૂછયું કે, ''કેમ ધ્રૂજે છે?''

ત્યારે તેણે શ્લોક બોલી તેનો ઉત્તર આપ્યો. આ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે.

'ઠંડીથી રૂવાંટી ઊભી થઈ ગઈ છે. અડદની ભાંડભુંજામાં ભુંજાતા અડદના દાણાની જેમ ચિત્તરૂપી સાગરમાં જે શીતરૂપી અગ્નિ તૂટી રહ્યો છે. આ અગ્નિથી જેનાં હોઠ ફાટી ગયાં છે. ભૂખથી પેટ જેનું પાતળું પડી (ઊંડું ઉતરી) ગયું છે અને ધમ્મણની જેમ મોટા મોટા શ્વાસોશ્વાસ લઈ રહેલાં એવા મારી ઊંઘ અપમાનિત પત્નીની જેમ મને ત્યજીને દૂર ભાગી ગઈ છે. એથી કરીને સત્પાત્રે વપરાતી લક્ષ્મીની જેમ મારી રાત ખૂટતી નથી.'

આ સાંભળી રાજાએ તેને દસ કરોડ અપાવ્યાં. ત્યારે તે મનુષ્ય રાજાની ખુશામત કરતાં બોલ્યો, "ત્યાગરૂપી ધનવાળા હે રાજવી! તેં તારા આત્માને બાન તરીકે મૂકી **બલિ-કર્ણ** વગેરે દાનેશ્વરીને સજ્જનનાં ચિત્તરૂપી કેદખાનામાંથી છોડાવ્યાં છે.

**શ્રેણિક અને પથિક** : (જૈન પ્રકાશ, ૫ નવેમ્બર, ૨૦૧૫)

તપાવેલા તાંબા જેવી ધરતી ધખી રહી હતી. પશુ-પંખી-માનવી તાપથી બચવા યોગ્ય રક્ષણ શોધી છુપાઈ ગયાં હતાં. **મગધરાજ શ્રેણિક** આ તીવ્ર ઉષ્ણતામાંથી વિશ્રાંતી પામવા માટે આમ્ર વાટિકમાં ગયાં. આંબાવાડી આમ્રફળોથી લચી રહી હતી. ધીમેથી ક્યારેક ક્યારેક આવતી હવાની મીઠી લહેરકીથી મગધરાજ પ્રસન્ન થતા હતા. સમીપ રહેલો તેમનો પરિવાર તેમના ચિત્તને આહ્લાદિત કરતો હતો. મગધનરેશને શીતળ ઉપચારો વડે શાતા આપતા હતાં.

એ વેળા, ત્યાંથી એક **પથિક** પસાર થયો. ન જાણે ક્યાંથી મજલ ખેડતો આવતો હશે. ધૂળથી દેહ લથબથ હતો. ભૂખ અને તૃષા એને પીડતાં હતાં. એ આમ્રવાટિકાની બહાર વૃક્ષની છાયામાં બેઠો. મનોહર વૃક્ષોની શીતળ છાયામાં એના પ્રવાસના શ્રમથી થાકેલા દેહ અને દિલને શાંતિ લાધી. ક્ષણિક વારની મધુર શાંતિએ તેને વધુ વેળા બેસવા રોક્યો. એણે કેરીઓથી ભર્યાં ભર્યાં આમ્ર વૃક્ષો જોયાં ને તેનું મન મોહી પડયું. એની ક્ષુધાએ એને આમ્રફળ તોડવા લલચાવ્યો. તેણે એક પથ્થર લઈ આંબા પર ઝીંક્યો. પણ એ પથ્થર આંબાને ન વાગતાં મગધરાજ શ્રેણિકની પીઠ પર પડયો. "રે! કોણ છે આ નરાધમ?" મગધનાથે સિંહ ગર્જના કરી. ચારે બાજુ ખળભળાટ મચી ગયો. અંગરક્ષકોએ પથિકને પકડી મગધરાજ સમક્ષ ખડો કર્યો. પથિક થરથર ધ્રૂજવા લાગ્યો.

મગધરાજે કહ્યું, "તેં શું કર્યું તે જાણે છે?" નરેશના પ્રતાપી અવાજથી પથિક તો ગરમીથી બરફ ઓગળે તેમ પીગળી ગયો. એનો ડર આંસુ બની આંખમાંથી વહેવા માંડયો. એણે રાજાના પગ પકડી માંફી માંગતાં કહ્યું, "રાજન્! મેં જાણી જોઈને આ કુકર્મ નથી કર્યું. ભૂખના દુઃખે મેં આંબા પરથી એકાદ કેરી પામવા પથ્થરનો ઘા કર્યો હતો. એ આશાએ કે, 'એક કેરીથી મારી ક્ષુધા શમશે.' નાથ! મને ક્ષમા આપો. હું નિર્દોષ છું." શ્રેણિકના અંતરમાં તોફાન જાગ્યું. મુસાફરના વચનથી ચિત્તમાં ચિરાગ પ્રગટયો. 'ઓહ! આ વૃક્ષ કેવું પરોપકારી છે. એને કાપનારને છાયા આપે, પથ્થર મારનારને ફળ! સંસારમાં દયાળુ અને નિઃસ્વાર્થ ગણાતા માનવો કરતાં આ શીતળ છાયા દેનારા વૃક્ષો, જળ વરસાવતો મેઘ, મુસાફરને શીતળ જળ પાઈ તૃપ્ત કરતાં સરોવરો સાચાં સેવકો છે. રે! આપણે તેના કરતાંય ઉણા? આ પથિકે ઝાડને પથ્થર માર્યો, એને એ લાગ્યો હોત તો ફળ પામત અને મને લાગ્યો ત્યારે શું સજા પામશે? ના... ના... તો તો ઈતિહાસ આંસુના અક્ષરે નોંધે કે,

મનુષ્યના હૈયામાંથી માનવતા નાશ પામી છે.' એમણે તત્કાલ સેવકોને આજ્ઞા કરી કે, "ભાંડાગારિક! આ પથિકને એક શત સોનામહોરો આપી ભોજન કરાવો." ભયાર્ત પથિક આભો બની જોઈ રહ્યો.

**શ્રેષ્ઠી માધવ** : (પ્રબંધ પંચશતી)

કોઈ ગામમાં રાજાને રાજ્યમાં શાંતિ આદિ વિધાન કરનારો **માધવ** નામનો પુરોહિત રહેતો હતો. તેને એક પુત્ર અને પાંચ કન્યાઓ હતી. તેણે ચાર કન્યાઓ વિદ્વાન બ્રાહ્મ પુત્રોને પરણાવી હતી. એક વખત પાંચમી કન્યાનો લગ્ન મહોત્સવ શરૂ થયો. લગ્નમાં ચારે જમાઈઓ આવી પહોંચ્યા. લગ્ન પૂર્ણ થતાં સઘળા સંબંધીઓ વિદાય થયા પરંતુ ભોજનમાં લુબ્ધ ચારે જમાઈઓ શ્વસુરગૃહે જ રહ્યા. તેઓ બિલકુલ ઘરે જવા ઈચ્છતા ન હતા.

ચારે જમાઈઓએ વિચાર્યું કે, 'શ્વસુર ગૃહે રહેવું સ્વર્ગતુલ્ય છે. ખરેખર! આ કહેવત સાચી છે.' એમ વિચાર કરીએ એક તેમણે એક ભીંત ઉપર આ કહેવત લખી. આ કહેવત વાંચીને સસરાએ વિચાર કર્યો કે, રસનામાં આસક્ત બનેલા આ ચારે જમાઈઓ કદાપી પોતાના ઘરે જવાના નથી તેથી તેઓને પાઠ ભણાવવો જોઈએ.' એમ વિચાર કરીને તે શ્લોકના પદની નીચે ત્રણ પદ લખ્યા - 'જો વિવેકી હોય તો તે પાંચ-છ દિવસ રહે પણ દહીં-દૂધ-ગોળમાં આસક્ત જો એક મહિનો રહે તો તે વ્યક્તિ ગધેડા જેવો માનપાન વિનાનો થાય છે. આ પદ વાંચ્યા છતાં જમાઈઓ પર તેની કોઈ અસર થઈ નહીં.

સસરાએ વિચાર્યું કે, 'સ્વાદિષ્ટ ભોજનમાં આસક્ત થયેલા આ ગધેડા જેવા માન વિનાના જમાઈઓ છે. તે સહુને યુક્તિથી કાઢવા પડશે.' પુરોહિતે પોતાની પત્નીને પૂછયું, "આ જમાઈઓને તું ભોજનમાં શું આપે છે?" તેણીએ કહ્યું, "અતિ વહાલા જમાઈઓને સવાર, બપોર અને સાંજ ત્રણે સમયે દહીં, ઘી, ગોળ મિશ્રિત ભોજન અને પકવાન હંમેશાં આપું છું." પુરોહિતે પત્નીને કહ્યું, "આજથી તારે જમાઈઓને વજ્ર જેવો કઠણ, જાડો રોટલો ઘી સહિત આપવો."

પતિની આજ્ઞા ન ઓળંગી શકાય એમ વિચારી બ્રાહ્મણીએ ભોજન સમયે ઘી સહિત જાડો રોટલો થાળીમાં પીરસ્યો. તે જોઈ પહેલા **મણીરામ** જમાઈએ મિત્રોને કહ્યું, "હવે અહીં રહેવું યોગ્ય નથી. પોતાના ઘરે આના કરતાં પણ સ્વાદિષ્ટ ભોજન મળે છે તેથી અહીંથી જવું જ શ્રેષ્ઠ છે. સવારે સસરાને કહી હું જઈશ." બીજા જમાઈઓએ કહ્યું, "અરે મિત્ર! મફતનું ભોજન ક્યાં મળે? આ વજ્ર જેવો કઠણ રોટલો સ્વાદિષ્ટ ગણીને ખાવો જોઈએ કારણકે લોકમાં પારકું અન્ન દુર્લભ છે. એવી કહેવત શું તેં સાંભળી નથી? તારી ઈચ્છા હોય તો તું જા. અમે તો સસરા કહેશે ત્યારે જ જઈશું." એમ મિત્રોનું વચન સાંભળી પ્રભાત થતાં સસરાની આગળ જઈને મણીરામ જમાઈએ શીખ અને રજા માંગી. સસરાએ પણ તેને શીખ આપીને ફરી પણ આવજો. એમ કહી થોડે સુધી મૂકવા ગયા. ત્યાર પછી રજા આપી. એ પ્રમાણે પહેલો જમાઈ મણીરામ, જેને વજ્રકુટ જેવો રોટલો આપી માધવ પુરોહિતે કાઢી મૂક્યો.

ત્યાર પછી તેણે પોતાની પત્નીને કહ્યું, "આવતી કાલથી જમાઈઓને તલના તેલથી યુક્ત રોટલો આપવો." પત્નીએ તે પ્રમાણે ભોજન વેળાએ જમાઈઓને તેલયુક્ત રોટલો પીરસ્યો. તે જોઈને **માધવ** નામના જમાઈએ વિચાર્યું, 'ઘરે પણ આવું જ મળે છે તેથી અહીંથી જવું યોગ્ય છે.' તેણે મિત્રોને કહ્યું, "હું આવતીકાલે મારા ઘરે જઈશ કારણકે હવે તો ભોજનમાં તેલ મળે છે." મિત્રોએ કહ્યું, "આપણા સાસુ વિદુષી છે. શિયાળામાં

તલનું તેલ જઠરાગ્નિ પ્રદીપ્ત કરવા માટે ઉત્તમ છે. ઘી નહીં હોય એથી તેલ આપે છે. અમે તો અહીં રહેશું.'' ત્યારે માધવ નામના બીજા જમાઈએ સસરા પાસે જઈ શીખ અને રજા માંગી. ત્યારે સસરાએ પણ ''જાવ, સંભાળીને જજો,'' એમ કહી શીખ આપી રજા આપી. આમ, તલના તેલથી માધવ નામના બીજો જમાઈએ શ્વસુરગૃહ છોડયું.

ત્રીજા અને ચોથા જમાઈઓ શ્વસુરગૃહે અડ્ડો જમાવ્યો ત્યારે સસરાએ પત્નીને કહ્યું, ''આ જમાઈઓ રાત્રે સૂવા માટે ક્યારે આવે છે?'' બ્રાહ્મણીએ કહ્યું, ''ક્યારેક રાત્રે દશ વાગ્યે તો ક્યારેક બાર-એક વાગ્યે તેઓ સૂવે છે.'' પુરોહિતે કહ્યું, ''આજે રાત્રે તું બારણું ખોલીશ નહીં, હું જાગીશ.''

તે બન્ને જમાઈઓ સંધ્યા સમયે ગામમાં ફરવા નીકળ્યા. જુદી જુદી ક્રીડાઓ અને નાટકો જોતાં મધરાતે ઘરને બારણે આવી પહોંચ્યા. બંધ બારણું જોઈને બારણું ઉઘાડવા માટે બૂમ પાડી. ત્યારે બારણાની નજીક પથારીમાં જાગતા સૂતેલા પુરોહિતે કહ્યું, ''મધરાત સુધી તમે ક્યાં રખડતા હતા? હમણાં હું બારણું ઉઘાડીશ નહીં. જ્યાં બારણું ઉઘાડું હોય ત્યાં તમે જાવ.'' પુરોહિતે બારણું ખોલ્યું નહીં. તે સૂઈ ગયો. બન્ને જમાઈઓ નજીકના ઘોડાના તબેલામાં ગયા. ત્યાં ઓઢવા અને પાથરવાના ઉપકરણોના અભાવે થંડીથી ધ્રૂજવા લાગ્યા. ત્યાં પડેલા ઘોડાની પીઠ ઢાંકવાના વસ્ત્રને ભૂમિ પર પાથરી ટૂંટિયું વાળીને સૂતાં. સંપૂર્ણ રાત્રિ ઊંઘ ન આવી.

ત્યારે **વિજયરામ** જમાઈએ વિચાર કર્યો, 'આવી અપમાનિત સ્થિતિમાં શ્વસુર ગૃહે રહેવું ઉચિત નથી.' તેણે કહ્યું, ''મિત્ર! ક્યાં આપણી સુખશય્યા અને ક્યાં આ જમીન પર આળોટવાનું? આથી અહીંથી જવું જ શ્રેષ્ઠ છે.'' ત્યારે મિત્રએ કહ્યું, ''આવા પ્રકારના દુઃખમાં પણ મફતનું પારકું અન્ન ક્યાંથી મળે? હું તો અહીં જ રહીશ. તું જવાને ઈચ્છતો હોય તો જા.'' વિજયરામે પ્રભાતે પુરોહિત પાસે શીખ અને રજા માંગી. ત્યારે પુરોહિતે ''સારું'' એમ કહ્યું. આમ, જમીન પર શય્યા મળવાથી ત્રીજા જમાઈ વિજયરામે શ્વસુરગૃહ છોડયું.

હવે ફક્ત **કેશવ** જમાઈ શ્વસુર ગૃહે રહ્યો. પુરોહિત પણ કેશવ જમાઈને ઘરમાંથી કાઢવાની યુક્તિ વિચારી રહ્યો હતો. તેણે પોતાના પુત્રના કાનમાં કંઈક કહ્યું. કેશવ જ્યારે જમવા બેઠો ત્યારે પુરોહિતનો પુત્ર તેની પાસે ઊભો રહ્યો. ત્યારે પુરોહિત પૂછયું, ''પુત્ર! મેં અહીં રૂપિયો મૂક્યો હતો, તે કોણે લીધો છે?'' પુત્રએ કહ્યું, ''પિતાજી હું જાણતો નથી.'' પુરોહિતે કહ્યું, ''તેં જ લીધો છે. હે અસત્યવાદી, જુઠ્ઠાબોલા, પાપી અને નિર્લજ્જ મને રૂપિયો આપી દે, નહીં તો તને મારીશ.'' એમ કહીને જોડો લઈને પુત્રને મારવા દોડયો. ત્યારે પુત્ર પણ મુઠ્ઠી વાળીને દોડવા લાગ્યો. બન્નેને લડતા જોઈ કેશવ તેમની વચ્ચે પડયો. ''લડો નહીં, લડો નહીં'' એમ બોલી કેશવ ઊભો થયો ત્યારે પુરોહિતે ગુસ્સામાં કહ્યું, ''જમાઈ! ખસી જા, ખસી જા.'' એમ કહીને જોડાનો પ્રહાર કર્યો, તે કેશવને લાગ્યો. પુત્ર પણ ''કેશવ! આઘો જા, આઘો જા.'' એમ કહીને મુઠ્ઠીઓ વાળી કેશવને મારવા લાગ્યો. પિતા-પુત્રનો માર ખાતો કેશવ ત્યાંથી ભાગી ગયો.

તે દિવસે પુરોહિત રાજસભામાં મોડો પડયો. રાજાએ તેને પૂછ્યું, ''પુરોહિતજી! કેમ મોડું થયું?'' પુરોહિતે કહ્યું, ''રાજન્! દીકરીના લગ્ન મહોત્સવમાં પધારેલા અને રસમાં લોલુપ્ત થયેલા જમાઈઓ લાંબા સમય સુધી પોતાના ઘરે જવાને ઈચ્છતા ન હતા તેથી યુક્તિથી સર્વના કાઢયા, તે આ પ્રમાણે છે. મણીરામ કઠણ વજ્ર જેવા રોટલાથી, માધવ તલના તેલથી, વિજયરામ ભોંયપથારીથી અને કેશવ ધક્કામુકીથી તેમના ઘરે ગયા.'' એમ બધી વાત રાજા સમક્ષ કહી. રાજા પણ પુરોહિતની બુદ્ધિથી ખુશ થયા.

આમ, પુરોહિતે ચારે જમાઈઓને શ્વસુર ગૃહેથી ઉચિત યુક્તિ/દંડ (ઉચિત દાન) દ્વારા બહાર કાઢયા. પારકું ભોજન કરવાની અતિ આસક્તિ દુઃખજનક છે. ચારે જમાઈઓનો પરાભવ સાંભળી સસરાના ઘરે સમ્માન જળવાય ત્યાં સુધી જ રહેવું ઉચિત છે.

**સજ્જન કોટવાલ** : (ઉપદેશ તરંગિણી, પૃ. ૯૨)

**સિદ્ધરાજ રાજા**નો **સજ્જન** નામે કોટવાલ હતો. તેની યોગ્યતા જોઈને રાજાએ તેને **સૌરાષ્ટ્ર**નો દંડનાયક બનાવ્યો. તેણે ત્રણ વર્ષની ઉપજ ભેગી કરી રાજાની અનુજ્ઞા લીધા વિના ૭૨ લાખ સોનામહોર ખર્ચી **ગિરનાર તીર્થ**નો જિર્ણોદ્ધાર કરાવ્યો કારણ કે **નેમિશ્વર પ્રભુ**નું જિનાલય પૂર્વે કાષ્ટનું હતું. તેના પર વીજળી પડવાથી જિનાલયને નુકશાન થયું હતું.

કોઈ ઈર્ષાળુએ રાજાની પાસે ચાપલુસી કરતાં કહ્યું કે, ''સજ્જન તો રાજ દ્રવ્યનો ગેર ઉપયોગ કરે છે.'' ત્યારે રાજા સિદ્ધરાજ **સોમનાથ**ની યાત્રાના બહાને **પાટણ**થી સૌરાષ્ટ્રમાં આવ્યા. સોમનાથને નમન કરી તેઓ **સંકલી** નગરીમાં આવ્યા. આ સમાચાર સજ્જનને મળતાં તે રાજાને મળવા ગયો. તેણે રાજાને પ્રણામ કર્યા પરંતુ રાજાએ મોઢું ફેરવી લીધું. સજ્જને વિચાર્યું કે, 'રાજા મારા ઉપર ક્રોધિત થયા છે.' તેથી સજ્જને **વણથલી** જઈ શેઠિયાઓ પાસેથી ૭૨ લાખ સોનામહોર એકઠી કરી. આ બાજુ રાજાએ પ્રધાનને પૂછયું, ''આ પર્વત કયો છે ? અહીં કયું તીર્થ છે ?'' પ્રધાને ઉત્તર આપ્યો ''આ ગિરનાર પર્વત છે. તેનાં દર્શન કર્યા વિના જવું ઉચિત નથી.''

સિદ્ધરાજ જયસિંહ ગિરનાર પર્વત ઉપર ચડયા. પર્વતની રમણીયતા અને ભવ્ય જિનાલયોની બાંધણી જોઈ રાજાના મુખમાંથી શબ્દો સરી પડયાં. ''આ જિનાલય બંધાવનારની માતાને ધન્ય છે.'' તે સમયે પાછળ રહેલા સજ્જને જવાબ આપ્યો કે, ''ધન્ય છે **મીનલ દેવી** માતાને ! જેમણે તમારા જેવા પુરુષ રત્નને જન્મ આપ્યો છે.''

આવા વેણ સાંભળી સિદ્ધરાજે સજ્જનની સામે જોયું. મંત્રીએ પૂછયું, ''આ શું છે ?'' **આલિંગ** મંત્રીએ કહ્યું, ''સ્વામી ! એક બાજુ શ્રી ગિરનાર તીર્થના જિર્ણોદ્ધારનું પુણ્ય છે તો બીજી બાજુ આ તીર્થનાં ઉદ્ધારમાં જેટલું ધન ખર્ચાયું છે તેટલું ધન સંઘ આપને અર્પણ કરે છે. આ બંનેમાંથી જે લેવાની ઈચ્છા હોય તે ફરમાવો.''

આમ કહી સજ્જન ૭૨ લાખ સોનામહોરો સિદ્ધરાજને પરત કરવા લાગ્યો. ત્યારે સિદ્ધરાજે તેના પર ખુશ થઈ તેનો અસ્વીકાર કરતાં કહ્યું, ''મારે તીર્થોદ્ધારના પુણ્યની જરૂર છે, ધનની નહીં!'' રાજાએ સજ્જનને તીર્થની રક્ષા માટે બાર ગામ ભેટમાં આપ્યાં.

**સાલિગ સાધુ** : (પ્રબંધ પંચશતી )

અનેક તીર્થનો ઉદ્ધાર કરનાર એવા **સાલિગ**ની સભામાં કોઈ એક બ્રાહ્મણ આવ્યો. સાલિગે પૂછયું, ''તું ક્યાંથી આવ્યો છે ?'' બ્રાહ્મણે ઉત્તર આપ્યો,''તીર્થમાંથી.'' સાલિગે પુનઃ પૂછયું, ''ત્યાં શું છે ?'' ત્યારે બ્રાહ્મણે તીર્થનું વર્ણન કરતાં સર્વશ્રેષ્ઠ **આદિનાથ ભગવાન**નું સુંદર વર્ણન કર્યું. સાલિગે ખુશ થઈ ૧૦૦૦ સોનાહોરો બ્રાહ્મણને ભેટ કરી ઉચિત દાન આપ્યું.

**સિદ્ધરાજ અને કવિ શ્રીપાલ** : (ઉપદેશ તરંગિણી, પૃ. ૩૯)

સિદ્ધરાજ જયસિંહે પોતાની સમસ્યા પૂર્તિ કરવા બદ્દલ ખુશ થઈ પોતાના શરીર પરનો સર્વ શણગાર કાઢી શ્રીપાલ કવિને આપ્યો.

**સિદ્ધસેન દિવાકર - વિક્રમાદિત્ય** : (વિક્રમચરિત્ર ભા-૧, સર્ગ-૫, પૃ-૧૪૬; જૈન કથા રત્ન કોષ)

**ઉજ્જયિની** નગરીના રાજા **વિક્રમાદિત્યના** પ્રધાન **દેવઋષિ** બ્રાહ્મણની **દેવસિખા** નામની સ્ત્રી હતી. તેમનો **સિદ્ધસેન** નામે પુત્ર હતો. તે સર્વ વિદ્યામાં પારંગત હતો. તેને તેની વિદ્યાનું ખૂબ અભિમાન હતું. તેણે પ્રતિજ્ઞા કરી હતી કે, 'મને જે જિતે તેનો હું શિષ્ય બનીશ.'

તેણે ખ્યાતિ પ્રાપ્ત **વૃદ્ધવાદી સૂરિ** સાથે વાદ કરવાનું વિચાર્યું. તે ઘણાં છાત્રો સાથે **ભૃગુ કચ્છે** આવ્યો. તેમની સાથે વાદમાં ઉતર્યો. બન્ને પક્ષે સાક્ષી તરીકે ગોવાળિયાઓને નીમ્યા. સિદ્ધસેનનો વારો આવતાં તેણે સંસ્કૃત શ્લોકો કાવ્ય રૂપે ઉચ્ચર્યા. અભણ ગોવાળિયાઓ કંઈ સમજ્યા નહીં. હવે વૃદ્ધવાદીનો વારો આવ્યો. તેઓ 'ધીહીણી છંદ'ની રાશિ ભણી નાચવા લાગ્યા. દેશી ભાષાના શબ્દો હોવાથી ગોવાળિયાઓ સમજી ગયા અને તેમની સાથે નૃત્ય કરવા લાગ્યા. આમ, પર્ષદા અનુસાર ભાષણ કરનાર વૃદ્ધવાદીનો વિજય થયો. સિદ્ધસેને શરત અનુસાર વૃદ્ધવાદીને ગુરુ તરીકે સ્વીકાર્યા.

**વૃદ્ધવાદી** ગુરુના શિષ્ય **સિદ્ધસેનસૂરિએ 'સર્વજ્ઞ'**નું બિરુદ ધારણ કર્યું હતું. તેઓ ઉજ્જયિનીમાં આવ્યા. બંદીજનો બિરૂદાવલી બોલવા લાગ્યા ત્યારે વિક્રમાદિત્ય રાજા ઘોડા ખેલવવા નીકળ્યા હતા. તે સામા મળ્યા. શ્રાવકોએ રાજાને કહ્યું, "સામેથી સર્વજ્ઞ પુત્ર આવે છે."

રાજાએ આચાર્યની પરીક્ષા કરવા માટે તેમને મનથી નમસ્કાર કર્યા. આચાર્યએ હાથ ઊંચો કરો કરી મોટેથી 'ધર્મલાભ' આપ્યો. રાજા સમજ્યા કે, 'મને મોટો જાણી આચાર્યએ ધર્મલાભ દીધો હશે.' એમ વિચારી પૂછયું, "મેં તો તમને વંદન નથી કર્યા છતાં તમે ન નમે તેને પણ ધર્મલાભ આપો છો ? શું તમારો ધર્મલાભ આટલો સસ્તો છે."

આચાર્યે કહ્યું, "રાજન્! ધર્મલાભ ચિંતામણિ રત્નથી પણ અધિક મૂલ્યવાન છે. વંદન મન, વચન અને કાયા એમ ત્રણ પ્રકારે થાય છે. તેમાં ભાવથી નમસ્કાર સર્વશ્રેષ્ઠ છે." રાજાએ ફરી પૂછયું, "ધર્મલાભ શા માટે કહ્યો, તેથી શું લાભ થાય ?" આચાર્યે કહ્યું, "એ આશિષથી મહાન ઘોડાઓ, હાથીઓ, રથો, સ્ત્રી, રાજ્ય આદિ ભૌતિક સંપત્તિ મળે છે. જો દીર્ઘાયુના આશિષ આપું તો તે નારકીના જીવો પાસે પણ મોટું આયુષ્ય હોય છે. ધનના આશિષ આપું તો મલેચ્છો પાસે ક્યાં તોટો છે ? પુત્રના આશિષ આપું તો કૂતરીઓને પણ ઘણાં પુત્રો હોય છે. માટે ધર્મલાભ સર્વ શ્રેષ્ઠ છે."

આ સાંભળી આનંદિત થયેલા રાજાએ હાથી ઉપરથી નીચે ઉતરી વંદન કરી કોટિ સોનામહોરનું ભેટણું ગુરુ સમક્ષ ધર્યું. સૂરિએ કહ્યું, "જૈન સાધુ કંચન-કામિનીના ત્યાગી અને નિર્લોભી હોય છે. તેઓ નિર્ગ્રંથ હોય છે." આચાર્યે સોનું ગ્રહણ ન કર્યું. આ દ્રવ્ય આચાર્યની અનુજ્ઞાથી શ્રાવકો દ્વારા જિનાલયના જિર્ણોદ્ધારમાં વાપરવામાં આવ્યું. રાજા વિક્રમ આચાર્યનો પરમ ભક્ત થયો.

ફરી એકવાર સિદ્ધસેનસૂરિ રાજસભામાં આવ્યા. તેઓ રાજાની પ્રશંસા કરતાં શ્લોક બોલ્યાં. 'હે રાજન્! સરસ્વતીદેવી તમારા મુખમાં વસે છે, લક્ષ્મીદેવી તમારા કરકમળમાં વસે છે તો શું કીર્તિ દેવી કુપિત થઈ

ગઈ છે કે જેથી દેશાંતરમાં જઈને વસી છે ?''

શ્લોકનો અર્થ જાણી રાજાએ આસન પરથી ઊભાં થઈ રાજ્ય સૂરિને આપવા માટે કહ્યું. ત્યારે આચાર્યે કહ્યું, ''મેં માતા-પિતા, સર્વ સંપત્તિનો ત્યાગ કર્યો છે. માટીનું ઢેફું અને સુવર્ણ મારે મન સમાન છે. અમે ભિક્ષાથી મેળવેલું ભોજન લઈએ છીએ. જીર્ણ આવાસોમાં વસીએ અને પૃથ્વી ઉપર શયન કરીએ છીએ માટે આ ઐશ્વર્યને અમે શું કરીએ ?''

રાજા વિક્રમાદિત્ય જૈન ધર્મ પામ્યો. જૈન સંતોના જીવનચર્યાની ખૂબ પ્રશંસા કરી. આચાર્યના કહેવાથી રાજાએ **ઔકાર** નગરમાં ઊંચુ જિનાલય બનાવ્યું. તેની પ્રતિષ્ઠા સિદ્ધસેન સૂરિના હાથે થઈ.

રાજા વિક્રમાદિત્યે જૈન મુનિનું નિ:પરિગ્રહી સ્વરૂપ જાણી પ્રભાવિત થઈ ગહુલી પેટે ગુરુને એક કરોડ સોનામહોરો ચરણે ધરી ઉચિત ધર્મદાન કર્યું.

**સૌવર્ણકાર :** (પ્રબંધ પંચશતી )

કોઈ નગરમાં એક સોની રહેતો હતો. તે બહુ દુર્બળ હતો. એકવાર રાજાએ પૂછ્યું, ''તું દુર્બળ કેમ છે ?'' સોનીએ કહ્યું, ''મારી પાસે સોનું નથી તેના સેષામાં હું દુર્બળ છું.'' રાજાએ કહ્યું, ''હું તને સોનું આપું પછી તું જાડો થઈશ ?'' સોનીએ કહ્યું, ''રાજન્! હું સોનું જોઈશ એટલે પુષ્ટ થઈશ.'' રાજાએ સોનીને બાવન પલ પ્રમાણ થાળી બતાવી. સોનીએ તેમાં તપેલી ભરી ગરમાગરમ રેતી નાંખી ઢાંકી દીધી. ત્યારપછી તે રેતીને ગાળીને તેણે એક સુવર્ણ સંકુલ બનાવ્યું. હવે તે પુષ્ટ થયો. રાજાએ પૂછ્યું, ''આ સુવર્ણ સંકુલ કોને ભેટ આપીશ ?'' સોનીએ કહ્યું, ''રાજા તુષ્ટ થાય તો...'' રાજા બોલ્યાં, ''હું કેવી રીતે તુષ્ટ થાઉં ?'' સોનીએ કહ્યું, ''સ્વામી ! તમે બાવન પલ પ્રમાણ સોનાની થાળી મને બતાવી હતી તે તોલી લો.'' રાજાએ થાળીનો તોલ કરાવ્યો તો ચુમ્માલીસ પલ પ્રમાણ થયો. ત્યારે રાજાએ સોનીને દાનમાં સંતોષ થાય એટલું ધન પારિતોષિકરૂપે આપ્યું. (સોનીએ રાજાનાં દેખતાં ચોરી કરી. થાળીમાં તપેલી ભરીને ગરમાગરમ રેતી નાંખી સોનું ગાળી લીધું. તેની આ કળાથી ખુશ થઈ દાન આપ્યું. કેમકે તે સોનાનું સંકુલ સોની પાછું રાજાને જ ભેટ આપવા આવ્યો.)

**હરિષેણ ચક્રી :** (પ્રબંધ પંચશતી, ક.૩૨૪)

એક વખત **હરિષેણ** ચક્રવર્તી **ધર્મઘોષ** નામના ગુરુદેવની પાસે વંદન નિમિત્તે ગયા. ગુરુએ ધર્મદેશના આપી.

**''जिणभवण बिम्बपुत्थयसंघसरुवाइं सत्तखित्तेसु ।**
**ववीअं धणं पि जायइ, सिवफल इम हो अणंतगुणं ।।''**

**અર્થ :** જિનમંદિર, જિન પ્રતિમા, પુસ્તક અને ચતુર્વિધ સંઘ રૂપ એ સાત ક્ષેત્રમાં વાવેલું ધન પણ અહો અનંતગણું થાય છે, એટલે કે શિવફળ આપે છે.

**''सर्वज्ञो हृदि वाचि तद्गुणगणः कायेन देशव्रतम्,**
**धर्मे तत्परतारः परिणतो बोधो बुधश्लाध्यता ।**
**प्रीतिः साधुषु बन्धुता बुधजने जैने रतिः शासने,**
**यस्वैवं भवभेदको गुणगणः स श्रावकः पुण्यभाक् ।।''**

**અર્થ :** જેના હૃદયમાં સર્વજ્ઞ પરમાત્મા હોય, વાણીમાં વીતરાગના ગુણનો સમુહ હોય, કાયામાં દેશવિરતિ હોય, ધર્મમાં તત્પરતા હોય, પરિણત બોધ હોય, પંડિતોની પ્રશંસા હોય, સાધુઓ ઉપર પ્રીતિભાવ હોય, વિદ્વાન પુરુષોની સાથે બંધુતા હોય, જૈન શાસનમાં પ્રેમ-રુચિ હોય, ભવનો નાશ કરનાર આવા પ્રકારના ગુણનો સમૂહ જેની પાસે હોય તે પુણ્યશાળી શ્રાવક કહેવાય છે.

એ ધર્મોપદેશ સાંભળી ચક્રવર્તી કહેવા લાગ્યો કે, ''મારે સર્વ પૃથ્વી જિનમંદિરથી અલંકૃત કરાવવી જોઈએ.'' તેણે પોતાના પ્રધાનોને કહ્યું, ''તમે ગામે ગામ, નગરે નગર સર્વસ્થળે જિનમંદિરો કરાવો. તે માટે જોઈએ તેટલું ધન ભંડારમાંથી ગ્રહણ કરો. જરાપણ વિલંબ કરશો નહિ. કારણકે ધર્મની ગતિ ઉતાવળી છે **યतः** -

**''अवाप्य धर्मावसइविवेकी, कुर्याद्विलम्बं न हि विस्तराय।**
**ततो जिनस्तक्षशिलाधिपेन, रात्रिं व्यतिक्रम्य पुनर्न मेने ।।**

**અર્થ :** **બાહુબલી**એ રાત્રિનું ઉલ્લંઘન કરી વિસ્તારથી સામૈયું કરવામાં વિલંબ કરવાથી જિનેશ્વર - **ઋષભદેવ**ને પ્રાપ્ત ન કર્યા. માટે ધર્મનો અવસર પ્રાપ્ત કરી વિવેકીએ વિસ્તાર માટે વિલંબ ન કરવો જોઈએ.

ચક્રવર્તીનો આદેશ પામી ખુશ થયેલા મંત્રીઓએ ગામેગામ, નગરેનગર જિનમંદિરો કરાવ્યાં. ત્યાં પોતે જાતે જઈ ગુરુદેવને બોલાવી પ્રતિષ્ઠાદિ સર્વ કાર્ય વિસ્તાર પૂર્વક કરાવ્યું. એ પ્રમાણે ચક્રવર્તી હરિષેણ પુણ્યકાર્ય કરી અંતે રાજ્યનો ત્યાગ કરી ચારિત્ર લઈ કેવળજ્ઞાન પામી મુક્તિપુરીમાં ગયો.

**હર્ષ કવિ :** (પ્રબંધ કોશ, રાજશેખર સૂરિ, પૃ. ૩૧૫)

**વારાણસી**માં **ગોવિંદચંદ્ર રાજા** રાજ્યનું સુંદર રીતે સંચાલન કરી રહ્યાં હતાં. આ રાજ્યમાં **હીર** નામનો એક બ્રાહ્મણ હતો. તેનો પુત્ર **શ્રીહર્ષ** તીવ્ર બુદ્ધિશાળી હતો. પિતાએ અંતિમ વેળાએ પુત્રને બોલાવી કહ્યું, ''વત્સ! તું સત્પુત્ર છે. વાક્ચાતુર્યના અભાવમાં હું અન્ય રાજાથી પરાભવ પામ્યો છું. તેને તું હવે પરાજિત કરજે.'' પિતાનું મૃત્યુ થયું. કુટુંબનું ભરણપોષણ કરવાનું બીજા ભાઈઓને સોંપી શ્રીહર્ષ વિદેશ ગયો. ત્યાં જઈ તર્ક, અલંકાર શાસ્ત્ર, ન્યાય શાસ્ત્ર વગેરે ભણી પંડિત બન્યો. તેણે **'નરભારતી'**નું બિરૂદ મેળવ્યું. શ્રીહર્ષ કવિએ **'નૈષધ મહાકાવ્ય'**ની રચના કરી. તેની પંડિતાઈ જોઈને રાજા ખુશ થયો. તેણે શ્રીહર્ષ કવિને ઘણું દાન આપતાં કહ્યું, ''તમે કાશ્મીર જઈ **સરસ્વતી**ના હાથમાં પુસ્તક આપજો.'' શ્રીહર્ષ કવિ કાશ્મીર ગયા. ત્યાં સરસ્વતી દેવીના હાથમાં પુસ્તક મૂક્યું. સરસ્વતી દેવીએ તે પુસ્તક ફેંકી દીધું કેમકે તેમાં 'વિષ્ણુપત્ની = સરસ્વતી' એવું લખ્યું હતું. શ્રીહર્ષ કવિએ કહ્યું, ''દેવી ! ક્રોધિત શા માટે થાવ છે ? પુરાણમાં પણ તે રીતે જ કહેલ છે.'' દેવી શ્રીહર્ષ કવિના અગાધ જ્ઞાનથી ખુશ થઈ ગઈ અને પુસ્તક હાથમાં લીધું.

આમ હર્ષ જેવા ઉત્તમ કવિ સાંપડયા, તેનાં મૂળમાં ઉચિત દાન પૂર્વકનું સન્માન છે.

।। दानामृतं यस्य करारविन्दे,
वाचामृतं यस्य मुखारविन्दे।
दयामृतं यस्य मनोऽरविन्दे,
त्रिलोकवन्द्योहि नरो वरोऽसौ।।

જેના કરકમળમાં દાનરૂપી અમૃત છે, જેના મુખારવિંદમાં
વાણીની મધુર સુધા છે, જેના હૃદયકમળમાં દયાનું
ઝરણું વહે છે તે શ્રેષ્ઠ માનવી ત્રણે લોકમાં વંદનીય છે.